મઆરિફુલ કુર્આન – ભાગ – 5

Scanned & PDF : November - 10 - 2013 Sun


:: 5 - Muharram - 1435 ::

પ્રકરણ (૮)

સૂરએ અન્ફાલ

સૂરએ અન્ફાલ મદીનામાં નાઝિલ થઈ, તેમાં ૭૫ આયતો અને ૧૦ રુકૂઅ્ છે.

આયત : (સૂરએ અન્ફાલ : આયત નં. ૧)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

(હે નબી ﷺ !) તમને ગનીમતનો હુકમ પૂછે છે, તમે કહી આપો કે ગનીમતનો માલ અલ્લાહનો છે અને રસૂલનો, બસ અલ્લાહથી ડરો અને પરસ્પર સુલેહ કરો અને અલ્લાહનો અને તેના રસૂલનો હુકમ માનો જો ઈમાન ધરાવતા હોય. (૧)

સૂરતના વિષયો :

સૂરએ અન્ફાલ જે હવે શરૂ થઈ રહી છે તે મદની સૂરત છે, તેનાથી અગાઉની સૂરત એટલે કે સૂરએ અઅ્રાફમાં મુશ્રિકો અને અહ્લે કિતાબની અજ્ઞાનતા, તેમની દુશ્મની, કુફ્ર તથા ફસાદનું વર્ણન અને એ સંદર્ભે ચર્ચા હતી.

આ સૂરતના વધારે પડતા વિષયોમાં ગઝ્વએ બદ્રની પરિસ્થિતિ ઉપર કાફિર લોકોના ખરાબ પરિણામ, તેમની નિષ્ફળતા તથા હાર અને તેમના

VISIT…

LANZAROTE
Caliente.COM

મુકાબલામાં મુસલમાનોની સફળતા અને તેમના વિજય વિશે વર્ણન છે, આ વિજય મુસલમાનો માટે અહેસાન અને ઇનામ છે જ્યારે કાફિરોનો પરાજય એ તેમના માટે અઝાબ અને બદલો છે.

આ ઇનામનું સૌથી મોટું કારણ મુસલમાનોનો ઇખ્લાસ અને લિલ્લાહિયત (માત્ર અલ્લાહ ખાતર કરેલ કાર્ય) છે અને એથી વિશેષ તેઓનું પરસ્પર સંગઠિત હોવું છે અને આ નિખાલસતા તથા એકતાનું પરિણામ અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺનું સંપૂર્ણ અનુસરણ છે, એટલા માટે શરૂઆતની સૂરતમાં તકવા, સત્યના અનુસરણ અને અલ્લાહના ઝિક્ર વિશે તથા તેના ઉપર ભરોસો રાખવા વિશે વગેરે બાબતોની તા'લીમ આપવામાં આવી છે.

તફસીર :

(હે નબી ﷺ !) આ લોકો તમને ગનીમતનો હુકમ પૂછે છે, તમે કહી આપો ! આ ગનીમત અલ્લાહની છે (એટલે કે તે અલ્લાહની મિલકત છે અને તેના વિશે તેનો જ અધિકાર છે, તે જે ઇચ્છે હુકમ આપે) અને રસૂલની છે (તેનો અર્થ એ છે કે અલ્લાહ તઆલાનો હુકમ મેળવીને રસૂલે કરીમ ﷺ તે હુકમને લાગુ પાડશે, ખુલાસો એ છે કે ગનીમતના માલ વિશે તમારી સલાહ અને યોજનાની કોઈ દખલગીરી નથી, બલકે તેનો ફેંસલો શરીઅતના હુકમ પ્રમાણે થશે) માટે તમે (દુનિયાની લાલચમાં ન પડો અને આખિરતના તલબગાર રહો એ પ્રમાણે કે) અલ્લાહ તઆલાથી ડરો, પોતાના પરસ્પરના સંબંધોની સુધારણા કરો (કે પરસ્પર અદેખાઈ અને અદાવત ન રાખો) અને અલ્લાહ તથા તેના રસૂલની ઇતાઅત (આજ્ઞાપાલન) કરો જો તમે ઈમાનવાળા છો.

મસ્અલા અને બોધપાઠ :

આ આયત ગઝ્વએ બદ્રમાં ઉપસ્થિત થનાર એક ઘટના સંદર્ભે છે. આયતની વિગતવાર તફસીર પહેલાં જો તે ઘટના નજર સમક્ષ રાખવામાં આવે તો તફસીર સમજવી સરળ થઈ જશે.

ઘટના એમ છે કે, ગઝ્વએ બદ્ર જે કાફિરો અને ઇસ્લામની સૌ પ્રથમ લડાઈ હતી, જ્યારે તેમાં મુસલમાનોનો વિજય થયો અને અમુક ગનીમતનો માલ હાથ લાગ્યો તો સહાબએ કિરામ (રદિ.) વચ્ચે તેની વહેંચણી વિશે એક એવી

ઘટના બની જે ઈખ્લાસ અને એકતાના તે સ્થાનને યોગ્ય ન હતી જે ઈખ્લાસ અને સંગઠનશક્તિના બીબામાં સહાબએ કિરામ (રદિ.)ની સમગ્ર જિંદગી ઢળેલી હતી, એટલા માટે સૌ પ્રથમ આયતમાં તેનો ફેંસલો કરવામાં આવ્યો જેથી આ પવિત્ર સમૂહના દિલોમાં સચ્ચાઈ, નિખાલસતા, એકતા તથા લાગણી સિવાય કંઈ જ ન રહે.

આ ઘટનાની વિગત ગઝ્વએ બદ્રમાં ભાગ લેનાર હઝરત ઉબાદહ (રદિ.)ના મુખે મુસ્નદે અહમદ, તિરમિઝી, ઈબ્ને માજહ, મુસ્તદરક, હાકિમ વગેરેમાં આ પ્રમાણે નકલ થઈ છે કે, "હઝરત ઉબાદહ બિન સામિતે કોઈને પ્રસ્તુત આયતમાં શબ્દ اَنْفَال (અન્ફાલ)નો અર્થ પૂછ્યો તો તેમણે ફરમાવ્યું કે, આ આયત અમારા એટલે કે બદ્રી સહાબા (રદિ.) વિશે નાઝિલ થઈ છે, જેની ઘટના એમ હતી કે ગનીમતના માલની વહેંચણીના વિષયમાં અમારા વચ્ચે અમુક વિવાદ ઉપસ્થિત થઈ ગયો હતો, જેણે અમારા અખ્લાક (વર્તન) ઉપર ખરાબ અસર પાડી હતી. અલ્લાહ તઆલાએ આ આયત દ્વારા ગનીમતના માલને અમારા હાથોમાંથી લઈને રસૂલે કરીમ ﷺને સોંપી દીધો અને રસૂલુલ્લાહ ﷺએ બદ્રમાં હાજર રહેનાર બધા લોકોમાં તેને સરખી રીતે વહેંચી દીધો.

પરિસ્થિતિ એવી ઊભી થઈ હતી કે, અમે બધા ગઝ્વએ બદ્રમાં રસૂલુલ્લાહ ﷺની સાથે નીકળ્યા અને બંને જૂથોમાં ઘમાસાણ યુદ્ધ પછી અલ્લાહ તઆલાએ દુશ્મનોને પરાજય આપ્યો તો હવે અમારા લશ્કરના ત્રણ વિભાગો પડી ગયા. અમુક લોકોએ દુશ્મનોનો પીછો કર્યો જેથી તેઓ ફરી પાછા ન આવી શકે, અમુક લોકો કાફિરોને છોડીને ગનીમતનો માલ ભેગો કરવામાં લાગી ગયા અને અમુક લોકો રસૂલુલ્લાહ ﷺની આસપાસ ભેગા થયા કે કોઈપણ તરફથી છૂપાયેલો દુશ્મન રસૂલે કરીમ ﷺ ઉપર હુમલો ન કરી શકે. જ્યારે યુદ્ધ સમાપ્ત થયું અને રાત્રે દરેક વ્યક્તિ પોતાના ઠેકાણા ઉપર પહોંચ્યો તો જે લોકોએ ગનીમતનો માલ ભેગો કર્યો હતો તેઓ કહેવા લાગ્યા કે આ માલ તો અમે ભેગો કર્યો છે એટલા માટે તેમાં અમારા સિવાય કોઈનો ભાગ નથી અને જે લોકો દુશ્મનોનો પીછો કરવા ગયા હતા તેમણે કહ્યું કે, તમે લોકો અમારાથી વધારે તેના હકદાર નથી, કારણ કે અમે જ દુશ્મનોને હરાવીને ભગાડયા અને તમારા માટે એવી તક ઉપસ્થિત કરી કે તમે નચિંત થઈને ગનીમતનો માલ એકઠો કરો અને જે

લોકો રસૂલે કરીમ ﷺની સુરક્ષા માટે તેમની આસપાસ રહ્યા હતા તેમણે કહ્યું કે, અમે ઈચ્છયું હોત તો અમે પણ ગનીમતનો માલ ભેગો કરવામાં તમારી સાથે સામેલ થયઃ હોત, પરંતુ રસૂલે કરીમ ﷺની સુરક્ષા જે જિહાદનું સૌથી મહત્ત્વનું કાર્ય હતું, અમે તેમાં પ્રવૃત્ત રહ્યા એટલા માટે અમે પણ તેના હકદાર છે.

સહાબએ કિરામ (રદિ.)ની આ વાતચીત રસૂલુલ્લાહ ﷺ સુધી પહોંચી તેના ઉપર આ પ્રસ્તુત આયત નાઝિલ થઈ, જેણે સ્પષ્ટ કરી આપ્યું કે આ માલ અલ્લાહનો છે, તેનો કોઈ માલિક અને હકદાર નથી માત્ર એ વ્યક્તિ સિવાય કે જેને રસૂલુલ્લાહ ﷺ આપે. રસૂલે કરીમ ﷺએ અલ્લાહના હુકમને આધીન આ માલ જિહાદમાં સામેલ સૌ લોકોમાં સરખા ભાગે વહેંચી દીધો. (ઈબ્ને કષીર) અને બધા જ સહાબા (રદિ.) અલ્લાહ અને રસૂલ ﷺના ફેંસલા ઉપર રાજી થઈ ગયા અને તેમના દરમિયાન પરસ્પર એકબીજા કરતા વધારે હકદાર હોવાનો અભિપ્રાય બાંધવાની જે પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી તેનાથી પસ્તાયા.''

મુસ્નદે અહમદમાં છે કે, આ આયતના શા'ને નુઝૂલ (ઊતરવાની પૂર્વભૂમિકા)ની એક બીજી ઘટના હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ (રદિ.)થી પણ નકલ થયેલ છે. ''તેઓ ફરમાવે છે કે, ગઝ્વએ બદ્રમાં મારા ભાઈ ઉમૈર (રદિ.) શહીદ થઈ ગયા, મેં તેના બદલામાં મુશ્રિકોમાંથી સઈદ બિન આસને કતલ કરી નાંખ્યો અને તેની તલવાર લઈને રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો, હું ઈચ્છતો હતો કે આ તલવાર મને મળી જાય પરંતુ રસૂલે કરીમ ﷺએ હુકમ આપ્યો કે તેને ગનીમતના માલમાં જમા કરાવી દો. હું હુકમ માનવાથી મજબૂર હતો પરંતુ મારું દિલ તેનો સખત આઘાત અનુભવી રહ્યું હતું કે મારો ભાઈ શહીદ થયો અને મેં તેના બદલામાં એક દુશ્મનને મારીને તેની તલવાર પ્રાપ્ત કરી તે પણ મારી પાસેથી લઈ લેવામાં આવી, પરંતુ હું હુકમનો અમલ કરવા માટે માલે ગનીમતમાં તે તલવાર જમા કરાવવા આગળ વધ્યો તો હજુ થોડે દૂર પણ ન ગયો હતો કે રસૂલુલ્લાહ ﷺ ઉપર સૂરએ અન્ફાલની આ આયત નાઝિલ થઈ અને રસૂલે કરીમ ﷺએ મને પાછો બોલાવીને તે તલવાર મને આપી દીધી.'' અમુક રિવાયતોમાં એવું પણ છે કે, હઝરત સઅદ (રદિ.)એ એવી વિનંતી પણ કરી હતી કે આ તલવાર મને આપવામાં આવે, પરંતુ આપ ﷺએ ફરમાવ્યું કે, ''ન તો તે મારી વસ્તુ છે કે હું કોઈને આપી દઉં અને ન જ તે તમારી

મિલકત છે, તેને સંપૂર્ણ રીતે ગનીમતના માલમાં જમા કરાવી દો, તેનો ફેંસલો જે કંઈ અલ્લાહ તઆલા કરશે તે પ્રમાણે કરવામાં આવશે.'' *(ઈબ્ને કસીર)*

શક્ય છે કે આ બંને ઘટનાઓ બની હોય અને બંનેના જવાબમાં આ આયત નાઝિલ થઈ હોય.

આયતની સંપૂર્ણ તફસીર આ પ્રમાણે છે :

તેમાં શબ્દ اَنْفَال (અન્ફાલ) એ نَفَل (નફલ)નું બહુવચન છે, જેનો અર્થ ''કૃપા'' અથવા ''ઈનામ'' થાય છે. નફલ નમાઝો, નફલ રોઝહ, નફલ સદકહને પણ નફલ એટલા માટે કહેવામાં આવે છે કે, તે કોઈના માથે જરૂરી અથવા વાજિબ નથી. આવી ઈબાદત કરનારા પોતાની ખુશીથી ઈબાદત કરે છે. કુર્આન અને સુન્નતની પરિભાષામાં શબ્દ نَفَل (નફલ) અને اَنْفَال (અન્ફાલ) માલે ગનીમત માટે પણ બોલવામાં આવે છે જે કાફિરો પાસેથી જિહાદના સમયે પ્રાપ્ત કરવામાં આવ્યો છે, પરંતુ કુર્આને કરીમમાં આ અર્થ માટે ત્રણ શબ્દોનો ઉપયોગ થયો છે. اَنْفَال (અન્ફાલ) غَنِيْمَة (ગનીમહ) અને فَيْئ (ફઈ) તેમાં અન્ફાલ શબ્દ તો આ જ આયતમાં આવ્યો છે અને શબ્દ ''ગનીમહ'' તથા તેની વિગત આ સૂરતની ૪૧ નંબરની આયતમાં આવશે અને શબ્દ ''ફઈ'' તથા તેના વિશે ખુલાસો સૂરએ હશ્રમાં વર્ણન થશે. ....وَمَآ اَفَآءَ اللّٰهُ (૫૯:૬) અને આ ત્રણેના અર્થમાં થોડો–થોડો તફાવત અને ભિન્નતા છે. જો કે ફરક અને તફાવત મા'મૂલી અને નાનો હોવાના કારણે અમુક સમયે એક શબ્દ બીજાના સ્થાને સમૂળગા માલે ગનીમત માટે પણ ઉપયોગ કરી લેવામાં આવે છે. ગનીમહ સામાન્ય રીતે તે માલને કહેવામાં આવે છે જે યુદ્ધ અને જિહાદ દ્વારા વિરોધી પક્ષ પાસેથી પ્રાપ્ત થાય અને ''ફઈ'' તે માલને કહેવામાં આવે છે, જે યુદ્ધ કર્યા વિના કે લડ્યા વિના કાફિરો પાસેથી મળે, ભલે તે માલ તેઓ પોતે છોડીને ભાગી જાય અથવા રાજી–ખુશીથી આપવાનો સ્વીકાર કરે અને નફલ તથા અન્ફાલના શબ્દો મોટે ભાગે તે ઈનામ માટે બોલવામાં આવે છે જે જિહાદના અમીર (કમાન્ડર ઈન ચીફ) કોઈ ખાસ મુજાહિદને તેની બહાદુરીના બદલામાં ગનીમતના હિસ્સા ઉપરાંત ઈનામ સ્વરૂપે આપે. આ અર્થ તફસીર ઈબ્ને જરીરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કરવામાં આવ્યો છે. *(ઈબ્ને કસીર)*

અને ક્યારેક સમૂળગા માલે ગનીમતને પણ ''નફલ'' અથવા ''અન્ફાલ''ના શબ્દથી ઓળખાવવામાં આવે છે. આ આયતમાં મોટા ભાગના તફસીરકારોએ આ જ સામાન્ય અર્થ લીધો છે. સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ જ સામાન્ય અર્થ નકલ થયો છે અને વાસ્તવિકતા પણ એ જ છે કે આ શબ્દ સામાન્ય અને ખાસ બંને અર્થ માટે બોલવામાં આવે છે. એટલા માટે તેમાં કોઈ મતભેદ નથી અને તેનો શ્રેષ્ઠ ખુલાસો તથા સંશોધન એ છે જે ઈમામ અબૂ ઉબયદ (રહ.)એ પોતાની કિતાબ ''અલ-અમવાલ''માં વર્ણન કર્યું છે. તેઓ ફરમાવે છે કે, વાસ્તવમાં શબ્દકોષમાં 'નફલ', 'કૃપા' અને 'ઈનામ'ને કહેવામાં આવે છે અને આ સન્માનનીય ઉમ્મત ઉપર અલ્લાહ તઆલાનું એ વિશિષ્ટ ઈનામ છે કે જિહાદ અને લડાઈ દ્વારા જે માલ કાફિરો પાસેથી પ્રાપ્ત થાય તેને મુસલમાનો માટે હલાલ કરવામાં આવ્યો, નહિતર પાછલી ઉમ્મતોમાં એવો રિવાજ ન હતો બલકે ગનીમતના માલ માટે નિયમ એવો હતો કે તે કોઈના માટે હલાલ ન હતો, સઘળા માલે ગનીમતને એક સ્થળે ભેગો કરવામાં આવતો હતો અને આસમાન ઉપરથી કુદરતી રીતે એક આગ (વીજળી) આવતી હતી અને તેને સળગાવીને રાખ કરી દેતી હતી, જિહાદ અલ્લાહ નજીક સ્વીકૃત હોવાની આ એક નિશાની હતી અને જો કોઈ માલે ગનીમત ભેગો કરવામાં આવ્યો હોય અને આસમાનથી વીજળી આવીને તેને ન સળગાવે તો તે એ બાબતની નિશાની ગણાતી હતી કે આ જિહાદ અલ્લાહ તઆલા સમીપ સ્વીકૃત નથી, એટલા માટે તે માલે ગનીમતને પણ મરદૂદ (ધિક્કારપાત્ર) અને મન્હૂસ (અપશુકનિયાળ) સમજવામાં આવતો હતો અને તેનો કોઈપણ ઉપયોગ કરતું ન હતું.

રસૂલે કરીમ ﷺથી હઝરત જાબિર (રદિ.)ની રિવાયત બુખારી અને મુસ્લિમમાં નકલ થઈ છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "મને પાંચ વસ્તુઓ એવી અર્પણ થઈ છે જે મારાથી અગાઉ કોઈ પયગમ્બર અને તેમની ઉમ્મતને નથી મળી, આ પાંચ વસ્તુઓમાંથી એક આ છે اُحِلَّتْ لِیَ الْغَنَائِمُ وَلَمْ تُحَلَّ لِاَحَدٍ قَبْلِی એટલે કે, મારા માટે ગનીમતના માલને હલાલ કરવામાં આવ્યો છે, જ્યારે કે મારા અગાઉ તે કોઈના માટે પણ હલાલ ન હતો."

પ્રસ્તુત આયતમાં ''અન્ફાલ''નો હુકમ બતાવવામાં આવ્યો છે કે, તે

અલ્લાહનો અને રસૂલે કરીમ ﷺનો છે ! તેનો ભાવાર્થ એ છે કે, વાસ્તવમાં માલિકી તો અલ્લાહ તઆલાની જ છે અને તેનો સંપૂર્ણ ભોગવટો અલ્લાહના રસૂલે કરીમ ﷺનો છે. તેઓ અલ્લાહના હુકમ પ્રમાણે પોતાની વિવેકબુદ્ધિથી તેને વહેંચી આપે છે.

એટલા માટે વિવરણકાર ઈમામોના એક સમૂહે જેમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.), મુજાહિદ, ઈકરિમા, સુદ્દી વગેરે સામેલ છે. એવું ફરમાવ્યું કે આ હુકમ ઈસ્લામની શરૂઆતનો હતો જ્યાં સુધી કે ગનીમતના માલની વહેંચણીનો તે કાનૂન નાઝિલ ન થયો હતો જે આ જ સૂરતના પાંચમાં રુકૂઅ્માં આવી રહ્યો છે, જેમાં સંપૂર્ણ માલે ગનીમતને રસૂલે કરીમ ﷺની વિવેકબુદ્ધિ ઉપર છોડવામાં આવ્યો છે કે, જે પ્રમાણે ઈચ્છે ઉપયોગ કરે અને આગળ જે વિગત અને હુકમો આવે છે તેમાં એવું છે કે કુલ ગનીમતના માલનો પાંચમો ભાગ બયતુલ માલમાં સામાન્ય મુસલમાનોની જરૂરિયાતો માટે સુરક્ષિત રાખવામાં આવશે અને ચાર ભાગ જિહાદમાં સામેલ મુજાહિદોને એક ખાસ કાનૂન હેઠળ વહેંચી દેવામાં આવશે, જેની વિગત સહીહ હદીષોમાં પ્રસ્તુત છે. આ વિગતવારના વર્ણનથી સૂરએ અન્ફાલની પ્રથમ આયતને મન્સૂખ કરી દેવામાં આવી અને અમુક લોકોએ ફરમાવ્યું કે, અહીંયાં કોઈ નાસિખ-મન્સૂખ નથી. બલકે, વિગત અને ખુલાસાનો તફાવત છે. સૂરએ અન્ફાલની પ્રથમ આયત સર્વસામાન્ય છે અને ૪૧મી આયતમાં તેની વિગત અને ખુલાસો ઉપસ્થિત છે. અલબત્ત, "ફઈ"ના માલના હુકમો સૂરએ હશ્રમાં વર્ણન થયા છે, તે સંપૂર્ણ રસૂલે કરીમ ﷺની કોઠાસૂઝ પ્રમાણે આપ ﷺની વિવેકબુદ્ધિ ઉપર છોડી દેવામાં આવ્યું છે, તેઓ તેમાં જે પ્રમાણે ઈચ્છે અમલ કરે. એટલા માટે આ સ્થળે હુકમો વર્ણન કર્યા પછી ઈરશાદ ફરમાવ્યો છે وَمَآ اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا એટલે કે, "જે કંઈ તમને અમારા રસૂલ આપી દે તેને લઈ લો અને જેનાથી રોકે તેનાથી અટકી જાઓ." (૫૯ : ૭)

આ ખુલાસાથી જાણ થઈ કે, ગનીમતનો માલ તે છે જે યુદ્ધ અને જિહાદ દ્વારા હાથ લાગે અને "ફઈ"નો માલ તે છે જે યુદ્ધ કે જિહાદ વિના હાથમાં આવે અને શબ્દ "અન્ફાલ" બંને માટે સામાન્ય રીતે બોલવામાં આવે છે તથા ખાસ તે ઈનામો માટે પણ બોલવામાં આવે છે જે કોઈ ગાઝી બહાદુર (વિજેતા)ને

જિહાદના અમીર (કમાંડર ઈન ચીફ) દ્વારા ઈનામમાં આપવામાં આવે.

આ ક્રમમાં ગાઝીઓને ઈનામ આપવાના ચાર સ્વરૂપો રસૂલે કરીમ ﷺના સમયકાળમાં પ્રચલિત હતા. એક એ કે, એવું એ'લાન કરવામાં આવતું હતું કે જે વ્યક્તિ કોઈ વિરોધીને કતલ કરે, તો જે સામાન કતલ થયેલા સિપાહી પાસેથી પ્રાપ્ત થાય તે તેનો જ છે જેણે તેને કતલ કર્યો. આ સામાન માલે ગનીમતમાં ભેગો કરવામાં જ નહીં આવે. બીજું એ કે, મોટા લશ્કરમાંથી કોઈ ટૂકડીને અલગ કરી કોઈ ખાસ દિશાએ જિહાદ માટે મોકલવામાં આવે અને એવો હુકમ આપવામાં આવે કે, તે યુદ્ધમાં જે ગનીમતનો માલ પ્રાપ્ત થાય તે, તે જ ખાસ ટૂકડીનો હશે જે ત્યાં ગઈ છે, ફક્ત એટલું કરવું પડશે કે તે માલમાંથી પાંચમો ભાગ સામાન્ય મુસલમાનોની જરૂરિયાત માટે બયતુલ માલ (ઈસ્લામી રાજ્યની તિજોરી)માં જમા કરાવવાનો રહેશે. ત્રીજું એ કે, આ પાંચમો ભાગ જે બયતુલ માલમાં જમા કરાવાવમાં આવે છે તેમાંથી કોઈ ખાસ ગાઝીને તેની વિશિષ્ટ કામગીરીના બદલામાં લશ્કરના વડાની વિવેકબુદ્ધિ મુજબ આપવામાં આવે. ચોથું એ કે, સંપૂર્ણ માલે ગનીમતમાંથી અમુક ભાગ અલગ કરીને સેવાકીય પ્રવૃત્તિઓમાં લાગેલા લોકોને ઈનામ સ્વરૂપે આપવામાં આવે, જેઓ મુજાહિદો ઘોડા વગેરેની દેખરેખ રાખે છે અને તેમના કાર્યોમાં મદદરૂપ બને છે. *(ઈબ્ને કષીર)*

આ આયતના વિષયનો ખુલાસો એવો થયો કે, રસૂલુલ્લાહ ﷺને સંબોધન કરીને ફરમાવ્યું કે, લોકો તમને અન્ફાલ વિશે સવાલ કરે છે. તમે તેમને કહી આપો કે, "અન્ફાલ" બધો અલ્લાહનો છે અને તેના રસૂલ ﷺનો છે, એટલે કે કોઈ વ્યક્તિ તેનો પોતે હકદાર કે માલિક નથી. અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે તેમાં રસૂલે કરીમ ﷺ જે કંઈ ફેસલો કરશે તે જ લાગુ પડશે.

લોકોની પરસ્પર એકતા અને સંગઠિતતાનો આધાર તકવો તથા અલ્લાહનો ડર છે :

આ આયતના અંતિમ શબ્દોમાં ઈરશાદ છે, فَاتَّقُوا اللّٰهَ وَاَصْلِحُوْا ذَاتَ بَيْنِكُمْ وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗٓ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ જેમાં સહાબએ કિરામ (રદિ.)ને સંબોધન કરીને ઈરશાદ થયો છે કે, અલ્લાહ તઆલાથી ડરો અને પરસ્પરના સંબંધોને ઠીકઠાક રાખો અને તેમાં ઈશારો એ ઘટના તરફ છે જે ગઝ્વએ બદ્રમાં

ગનીમતના માલની વહેંચણી બાબતે સહાબએ કિરામ (રદિ.)માં પરસ્પર ઉપસ્થિત થઈ હતી. જેમાં અંદર-અંદર તણાવ અને મનદુઃખ થવાનો ભય ઊભો થયો હતો. અલ્લાહ તઆલાએ ગનીમતની વહેંચણીનો કજિયો પોતે આ આયત દ્વારા સમાપ્ત કરી દીધો. હવે, તેમના દિલોની સુધારણા અને પરસ્પરના સંબંધોને મજબૂત અને સંગઠિત બનાવવાની યુક્તિ બતાવવામાં આવી છે, જેનું કેન્દ્રબિંદુ તકવા અને અલ્લાહનો ડર છે.

અનુભવ સાક્ષી છે કે જ્યારે તકવા, અલ્લાહ અને આખિરતનો ડર છવાયેલો હોય છે તો મોટા-મોટા ઝઘડાઓ ક્ષણવારમાં સમાપ્ત થઈ જાય છે, પરસ્પર નફરત અને અણગમાના પહાડ ધૂળ બની ઊડી જાય છે, તકવો ધરાવનારની પરિસ્થિતિ મવલાના રૂમીના મતે આ પ્રમાણે છે,

خود چہ جائے جنگ وجدل نیک وبد   کیں الم از صلحہا ہم میرمد

સારા-નરસાની લડાઈ, ઝઘડાની શક્યતા નથી હોઈ શકતી,
કે જ્યાં સુલેહ-સમાધાન હોય છે ઝઘડાઓ આપોઆપ સમાપ્ત થઈ જાય છે.

એટલે કે તે લોકોને યુદ્ધ અથવા ઝઘડા-ફસાદથી કોઈ દિલચસ્પી હોતી નથી, તેમને તો અલ્લાહના સર્જનની સુધારણા અને દુરુસ્તી માટે પણ ફુરસદ નથી મળતી, કારણ કે જેનું દિલ અલ્લાહ તઆલાની મહોબ્બત, ડર અને તેની યાદમાં રચ્યું-પચ્યું હોય તેને અન્યો સાથે સંબંધ વધારવાની ફુરસદ જ ક્યાં મળે છે ?!

بسودائے جاناں زجاں مشتغل   بذکر حبیب از جہاں مشتغل

પોતાની પ્રિયતમ્ (માશૂકા)માં ગળાડૂબ આશિક પોતાની જાતથી બેખબર હોય છે,
અલ્લાહ તઆલા (હબીબની ઉપમા આપેલ છે)નો ઝિક્ર દુનિયાથી બેખબર કરી દે છે.

આ આયતમાં તકવાની યુક્તિ બતાવવામાં આવી છે, اَصۡلِحُوۡا ذَاتَ بَيۡنِكُمۡ એટલે કે, તકવા દ્વારા પરસ્પરના સંબંધોની સુધારણા કરો. તેની વધારે સ્પષ્ટતા આ પ્રમાણે કરવામાં આવી, وَاَطِيۡعُوا اللّٰهَ وَرَسُوۡلَهٗۤ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ એટલે કે, અલ્લાહ અને રસૂલ ﷺની સંપૂર્ણ ઈતાઅત કરો જો તમે મો'મિન છો. એટલે કે, ઈમાનનો તકાદો છે ઈતાઅત (અનુસરણ); અને તે ઈતાઅત પરિણામ છે તકવાનું! જ્યારે આ વસ્તુઓ લોકોને પ્રાપ્ત થઈ જાય તો તેમના પરસ્પરના

ઝઘડાઓ આપોઆપ સમાપ્ત થઈ જશે અને દુશ્મનીની જગ્યાએ દિલોમાં પ્રેમ અને મહોબ્બત પેદા થઈ જશે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૨-૩-૪)

إِنَّمَا الْمُؤْمِنُونَ الَّذِينَ إِذَا ذُكِرَ اللَّهُ وَجِلَتْ قُلُوبُهُمْ وَإِذَا تُلِيَتْ عَلَيْهِمْ آيَاتُهُ

زَادَتْهُمْ إِيمَانًا وَعَلَىٰ رَبِّهِمْ يَتَوَكَّلُونَ ﴿٢﴾ الَّذِينَ يُقِيمُونَ الصَّلَاةَ وَمِمَّا رَزَقْنَاهُمْ

يُنفِقُونَ ﴿٣﴾ أُولَٰئِكَ هُمُ الْمُؤْمِنُونَ حَقًّا ۚ لَّهُمْ دَرَجَاتٌ عِندَ رَبِّهِمْ وَمَغْفِرَةٌ وَرِزْقٌ كَرِيمٌ ﴿٤﴾

તરજુમો :

ઈમાનવાળા તે જ છે કે જ્યારે અલ્લાહનું નામ આવે તો તેમના દિલ ડરી જાય અને જ્યારે તેમના ઉપર તેનું કલામ પઢવામાં આવે તો તેમનું ઈમાન વધી જાય છે અને તેઓ પોતાના પરવરદિગાર ઉપર ભરોસો રાખે છે. (૨) તે લોકો કે જેઓ નમાઝને કાયમ રાખે છે અને અમે જે તેમને રોજી આપી છે તેમાંથી ખર્ચ કરે છે. (૩) તે જ છે સાચા ઈમાનવાળા, તેમના માટે પોતાના પરવરદિગારની પાસે દરજ્જાઓ છે અને મા'ફી અને ઈજ્જતની રોજી. (૪)

તફસીર :

બસ ઈમાનવાળા તો તે જ લોકો હોય છે કે જ્યારે (તેમની સામે) અલ્લાહનો ઉલ્લેખ થાય છે તો (તેની મોટાઈ અને ભયના કારણે) તેમના દિલો ડરી જાય છે અને જ્યારે અલ્લાહની આયતો તેમને પઢીને સંભળાવવામાં આવે છે તો તે આયતો તેમના ઈમાનને ઔર વધારે (મજબૂત) કરી આપે છે અને તે લોકો પોતાના પરવરદિગાર ઉપર ભરોસો કરે છે (અને) જેઓ નમાઝ કાયમ કરે છે અને અમે તેમને જે કંઈ આપ્યું છે તેઓ તેમાંથી ખર્ચ કરે છે (બસ) સાચા ઈમાનવાળા આ જ લોકો છે તેમના માટે તેમના પરવરદિગાર પાસે મોટા-મોટા દરજ્જાઓ છે અને (તેમના માટે) મા'ફી અને ઈજ્જતવાળી રોજી છે.

મસ્અલા અને બોધપાઠ :

મો'મિનના વિશિષ્ટ લક્ષણો (સિફતો) :

પ્રસ્તુત આયતોમાં તે ખાસ લક્ષણોનું વર્ણન છે જે દરેક મો'મિનમાં હોવા જોઈએ, એમાં ઈશારો છે કે દરેક મો'મિન પોતાના જાહેર અને બાતિન (માહ્યલા)ની પરિસ્થિતિની સમીક્ષા કરતો રહે. જો આ સિફતો તેનામાં ઉપસ્થિત છે તો અલ્લાહ તઆલાનો આભાર માને કે તેણે તેને મો'મિન તરીકેના આ લક્ષણો અર્પણ કર્યા અને જો તેનામાં આ સિફતોમાંથી કોઈ સિફત ઉપસ્થિત ન હોય અથવા કમજોર કે ઉણપયુક્ત હોય તો તે સિફતોને પ્રાપ્ત કરવા માટે અથવા મજબૂત કરવા માટેની ચિંતામાં લાગી જાય.

પ્રથમ લક્ષણ; અલ્લાહનો ડર :

પ્રથમ લક્ષણ આ વર્ણન કર્યું, اَلَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ એટલે કે, "જ્યારે તેમની સામે અલ્લાહના નામનો ઉલ્લેખ કરવામાં આવે તો તેમના દિલો અલ્લાહના ભયથી ધ્રૂજી ઉઠે છે." મતલબ એ છે કે, અલ્લાહ તઆલાની શ્રેષ્ઠતા અને પ્રેમ તેમના દિલોમાં ભારો-ભાર પડેલો હોય છે જેનો એક તકાદો પ્રભાવ અને ડર છે. કુર્આને કરીમની એક બીજી આયતમાં એનું વર્ણન કરી અલ્લાહથી મહોબ્બત કરનાર લોકોને ખુશખબરી આપવામાં આવી છે, وَبَشِّرِ الْمُخْبِتِيْنَ الَّذِيْنَ اِذَا ذُكِرَ اللّٰهُ وَجِلَتْ قُلُوْبُهُمْ એટલે કે, "ખુશખબરી આપી દો તે વિનમ્ર અને આજિઝી કરનાર અને નરમ સ્વભાવના લોકોને જેમના દિલો ડરી જાય છે જ્યારે (પણ) તેમની સામે અલ્લાહનો ઉલ્લેખ કરવામાં આવે છે." (૨૨ : ૩૪) બંને આયતોમાં અલ્લાહ તઆલાનો ઉલ્લેખ અને તેને યાદ કરવાના એક ખાસ તકાદાનું વર્ણન છે, એટલે કે અલ્લાહનો પ્રભાવ અને ડર; તથા બીજી આયતમાં અલ્લાહના ઉલ્લેખની એ ખાસિયત પણ વર્ણન કરવામાં આવી છે કે, તેનાથી તેમના દિલો સંતોષિત થઈ જાય છે. اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ એટલે કે, "અલ્લાહની યાદથી જ દિલોને સંતોષ (ઈત્મિનાન) પ્રાપ્ત થાય છે." (૧૩:૨૮)

આથી જાણ થઈ કે આ આયતમાં જે ડર અને પ્રભાવનો ઉલ્લેખ છે તે દિલની શાંતિ અને સંતોષથી વિપરીત નથી. જેમકે કોઈ જંગલી પશુ અથવા દુશ્મનનો ભય દિલોની શાંતિને છિન્ન-ભિન્ન કરી નાંખે છે અલ્લાહના ઝિક્રથી

દિલમાં પેદા થનાર ડર તેનાથી બિલકુલ વિરુદ્ધ પ્રકારનો છે. એટલા માટે અત્રે "ખૌફ" શબ્દનો ઉપયોગ કરવામાં નથી આવ્યો. બલકે, તેને وَجَل (વજલ)થી ઓળખવામાં આવ્યો છે. જેનો તરજુમો "સમૂળગો ભય" નથી બલકે તે એક એવો પ્રભાવ છે જે મોટાઓની શા'નના કારણે દિલોમાં ઉપસ્થિત થાય છે. અમુક વિવરણકારોએ નોંધ્યું છે કે આ સ્થળે અલ્લાહના ઝિક્ર અને યાદનો અર્થ એ છે કે, જો કોઈ વ્યક્તિ કોઈ ગુનાહ કરવાનો ઈરાદો અથવા નિર્ધાર કરી રહ્યો હોય એવી જ હાલતમાં તેને અલ્લાહ તઆલાની યાદ આવી ગઈ તો તે અલ્લાહના અઝાબથી ડરી ગયો અને ગુનાહથી અટકી ગયો, આવી પરિસ્થિતિમાં ડરનો અર્થ અઝાબનો ડર (ભય) જ કહેવાય છે. *(બહરે મુહીત)*

બીજું લક્ષણ; ઈમાનમાં પ્રગતિ અને વધારો :

મો'મિનની બીજી ખાસિયત એ બતાવવામાં આવી છે કે, "જ્યારે તેની સામે અલ્લાહ તઆલાની આયતો તિલાવત કરવામાં આવે છે તો તેનું ઈમાન વધી જાય છે." ઈમાન વધવાનો એવો અર્થ જેના ઉપર બધા મુફસ્સિર, મુહદ્દિષ ઉલમાની સહમતિ છે તે એ છે કે ઈમાનની શક્તિ અને સ્વરૂપ તથા ઈમાનના નૂર (પ્રકાશ)માં પ્રગતિ થતી જાય છે અને આ અનુભવસિદ્ધ બાબત છે કે, નેક અમલો કરવાથી ઈમાનમાં શક્તિ અને એવો આત્મવિશ્વાસ પેદા થાય છે કે, નેક અમલો તેની સ્વાભાવિક ટેવ બની જાય છે જેને છોડવાથી તેને તકલીફ થાય છે અને તેને ગુનાહોથી એવી સ્વાભાવિક નફરત થવા લાગે છે કે, તે વ્યક્તિ તેની પાસે પણ જતો નથી. ઈમાનના આ જ સ્થાનને હદીષમાં حَلاوَتِ اِيمَان (હલાવતે ઈમાન)ના શબ્દથી ઓળખાવવામાં આવ્યું છે જેને કોઈએ આ પ્રમાણે કહ્યું છે,

وَاِذَاحَلَّتِ الْحَلَاوَةُ قَلْبًا   نَشَطَتْ فِى الْعِبَادَةِ الْاَعْضَاءُ

એટલે કે, જ્યારે કોઈના દિલમાં ઈમાનના મૂળિયાં મજબૂત રીતે સ્થાપિત થાય છે તો તેના હાથ-પગ અને બધા જ અવયવો અલ્લાહની ઈબાદતમાં રાહત અને લિજ્જતની અનુભૂતિ કરવા લાગે છે.

એટલા માટે આયતના વિષયનો ખુલાસો એવો થયો કે, પાકા મો'મિનની એવી સિફત હોવી જોઈએ કે, જ્યારે તેની સામે અલ્લાહની આયતો પઢવામાં આવે તો તેના ઈમાનમાં પ્રગતિ અને મજબૂતી તથા નેક અમલો કરવાનું આકર્ષણ

અને વલણ વધે. આથી એ પણ જાણ થઈ કે જે રીતે અમુક મુસલમાનો કુર્આન પઢે છે અને સાંભળે છે કે ન તો કુર્આનના અદબ અને સન્માનની કોઈ કાળજી રાખે છે અને ન જ અલ્લાહ જલ્લ શા'નુહૂની શ્રેષ્ઠતા અને બુઝુર્ગી ઉપર દૃષ્ટિપાત કરે છે, આવી તિલાવતનો કોઈ અર્થ નથી. તેનાથી શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરી શકાતા નથી અથવા કોઈ હેતુ સરતો નથી, ભલે તે સવાબથી ખાલી ન પણ હોય !

ત્રીજું લક્ષણ; અલ્લાહ ઉપર ભરોસો :

મો'મિનનું ત્રીજું લક્ષણ એ વર્ણન કરવામાં આવ્યું કે, "તે અલ્લાહ ઉપર 'તવક્કુલ' કરે." "તવક્કુલ"નો અર્થ "ભરોસો કરવો" થાય છે. ભાવાર્થ એ છે કે પોતાની બધી જ પ્રવૃત્તિઓ અને પરિસ્થિતિઓમાં તે વ્યક્તિનો સંપૂર્ણ ભરોસો ફક્ત એકમાત્ર અલ્લાહ તઆલાની જાત ઉપર હોય. સહીહ હદીષમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે એનો એ અર્થ નથી કે પોતાની જરૂરિયાતો માટે ભૌતિક સરસામાન અને યુક્તિઓને છોડીને બેસી જાય, બલકે અર્થ એ છે કે ભૌતિક સર-સામાન અને યંત્રોને વાસ્તવિક સફળતા માટે પૂરતું ન સમજે, બલકે પોતાની શક્તિ અને હિંમત પ્રમાણે ભૌતિક સર-સામાન અને યોજનાઓ બનાવીને તથા તેનો ઉપયોગ કર્યા પછી સમગ્ર મા'મલાને અલ્લાહ તઆલાને સોંપે અને સમજે કે, આ સર-સામાન પણ તેણે જ પેદા કર્યો છે અને આ સર-સામાન પ્રાપ્ત કરવાના સબબો પણ તે જ ઊભા કરે છે અને થશે તે જ; જે તે ઈચ્છે છે ! એક હદીષમાં છે કે, اَجْمِلُوْا فِى الطَّلَبِ وَتَوَكَّلُوْا عَلَيْهِ એટલે કે, "રિઝ્ક" અને પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે મધ્યમ કક્ષાની મહેનત અને શોધખોળ દ્વારા અને ભૌતિક સર-સામાન દ્વારા પ્રયત્ન કરી લો, પછી મા'મલો અલ્લાહને સોંપી દો, પોતાના દિલ અને દિમાગને માત્ર ભૌતિક યુક્તિઓ અને સામાનમાં જ ઉલઝાવેલું ન રાખો.

ચોથું લક્ષણ; નમાઝ કાયમ કરવી :

મો'મિનની ચોથી સિફત નમાઝ કાયમ કરવાને બતાવી છે. તેમાં એ બાબત યાદ રાખવાપાત્ર છે કે, અત્રે નમાઝ પઢવા માટેનો નહીં પરંતુ નમાઝ કાયમ કરવા માટેનો ઉલ્લેખ છે. اِقَامَتُ (ઈકામત)નો શાબ્દિક અર્થ "કોઈ વસ્તુ સીધી ઊભી થવાનો" થાય છે. 'ઈકામતે સલાત'નો અર્થ એ છે કે નમાઝને સંપૂર્ણ

અદબો, નિયમો અને શરતો પ્રમાણે એ રીતે સ્થાપિત કરો જે રીતે રસૂલે કરીમ ﷺના ઉપદેશ દ્વારા અને અમલથી સાબિત થયું છે. અદબ અને શરતોમાં ઉણપ હોય તો નમાઝ પઢવી તો કહી શકાય છે પરંતુ "ઈકામતે સલાત" નથી કહી શકાતું. કુર્આન મજીદમાં નમાઝના જે ફાયદાઓ, નિશાનીઓ તથા બરકતોનું વર્ણન કરવામાં આવ્યું છે અને ફરમાવ્યું છે اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ (૨૯ : ૪૫) એટલે કે, નમાઝ બધી જ નિર્લજ્જતાઓ અને દરેક ગુનાહોથી રોકે છે, આ પણ ઈકામતે સલાત ઉપર જ અવલંબિત બાબત છે. જ્યારે નમાઝના અદબોમાં ઉણપ હોય તો ભલે ફતવાની દષ્ટિએ તેની નમાઝને તો જાઈઝ કહેવામાં આવશે પરંતુ નમાઝની બરકતોમાં ઉણપના પ્રમાણના કારણે તફાવત ઉત્પન્ન થઈ જશે અને અમુક પરિસ્થિતિઓમાં એવી બરકતોથી સંપૂર્ણ રીતે વંચિત થઈ જશે.

પાંચમું લક્ષણ; અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવો :

મો'મિનનું પાંચમું લક્ષણ એ વર્ણન કરવામાં આવ્યું છે કે, જે કંઈ તેને અલ્લાહ તઆલાએ રિઝ્ક (રોજી) આપ્યું છે તે તેમાંથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે. અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવામાં બધા જ સદકહ, ખયરાત, વક્ફ અને કોઈની સાથે સારો વર્તાવ જેમાં ઝકાત, સદકતુલ ફિત્ર વગેરે શરઈ રીતે વાજિબ ખર્ચ પણ સામેલ છે અને નફલ સદકાઓ તથા અન્ય ખર્ચ દાખલા તરીકે, મહેમાનો, મિત્રો અને અલ્લાહના વલીઓ કે બુઝૂર્ગોની આર્થિક મદદ કરવી પણ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં સામેલ છે. મો'મિનના આ પાંચ લક્ષણો વર્ણન કર્યા પછી ઈરશાદ ફરમાવ્યો, اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا એટલે કે, એવા જ લોકો સાચા મો'મિન છે જેમનું જાહેર જીવન અને અંગત જીવન સરખું છે તથા તેમની જીભ અને દિલ એક છે, નહિતર જેમનામાં આ સિફતો નથી તેઓ જીભથી તો اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ કહે છે પરંતુ તેમના દિલોમાં ન તો તવહીદનો રંગ ચઢેલો છે, ન જ તેઓ રસૂલુલ્લાહ ﷺનું અનુસરણ કરે છે, તેમનું વર્તન તેમની વાણીની વિરુદ્ધ છે. આ આયતમાં એ તરફ પણ ઈશારો છે કે દરેક સત્યની એક વાસ્તવિકતા હોય છે, જ્યારે તે પ્રાપ્ત ન થાય તો સત્ય પ્રાપ્ત થતું નથી.

એક વ્યક્તિએ હઝરત હસન બસરી (રહ.)એ પૂછ્યું કે, "હે અબૂ સઈદ !

શું તમે મો'મિન છો ?'' તો તેમણે જવાબ આપ્યો, ''ભાઈ ! ઈમાન બે પ્રકારના હોય છે, તમારા સવાલનો મતલબ જો એવો છે કે હું અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓ, કિતાબો તથા તેના રસૂલો ઉપર તથા જન્નત-દોઝખ, કયામત અને હિસાબ-કિતાબ ઉપર ઈમાન ધરાવું છું તો જવાબ એ છે કે, બેશક ! હું મો'મિન છું અને જો તમારા સવાલનો અર્થ એવો છે કે, હું કામિલ (સંપૂર્ણ) મો'મિન છું ? જેનું વર્ણન સૂરએ અન્ફાલની આયતોમાં છે તો મને કંઈ જ ખબર નથી કે હું તેમાં સામેલ છું કે નહીં ?'' સૂરએ અન્ફાલની આયતોથી આ જ આયતોનો ઉલ્લેખ છે જે હમણા ઈરશાદ ફરમાવવામાં આવી لَهُمۡ دَرَجٰتٌ عِنۡدَ رَبِّهِمۡ وَمَغۡفِرَةٌ وَّرِزۡقٌ كَرِيۡمٌ

તેમાં સાચા મો'મિનો માટે ત્રણ વસ્તુઓનો વાયદો કરવામાં આવ્યો છે; એક ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ, બીજી મા'ફી અને ત્રીજું શ્રેષ્ઠ રોજી (રિઝ્ક).

તફસીરે બહરે મુહીતમાં છે કે, એનાથી આગળની આયતોમાં સાચા મો'મિનોના જે લક્ષણો વર્ણન થયા છે, તે ત્રણ પ્રકારના છે. એક તે જેનો સંબંધ હૃદય અને માહ્યલા (બાતિન) સાથે છે, જેમકે ઈમાન, અલ્લાહનો ડર, અલ્લાહ ઉપર ભરોસો. બીજા તે છે, જેનો સંબંધ શારીરિક અમલો અને પ્રવૃત્તિઓ સાથે છે, જેમકે નમાઝ વગેરે અને ત્રીજો તે જેનો સંબંધ મનુષ્યના માલ સાથે છે, જેમકે અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવો.

આ ત્રણે પ્રકારોના બદલામાં ત્રણ ઈનામોનું વર્ણન આવ્યું છે. એક ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ હૃદય અને બાતિનના લક્ષણોના બદલામાં; તથા મા'ફી તે અમલોના બદલામાં જે મનુષ્યના શરીર સાથે સંબંધ ધરાવે છે જેમકે નમાઝ, રોઝા વગેરે. જેમકે હદીષમાં આવ્યું છે કે, નમાઝ ગુનાહોનો કફ્ફારો થઈ જાય છે અને શ્રેષ્ઠ ઉમદા રિઝ્ક અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાના બદલામાં મળે છે, જે કંઈ ખર્ચ કર્યો તેનાથી ઘણું વધારે ઘણું ઉત્તમ તેને આખિરતમાં મળશે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૫-૬)

كَمَآ اَخۡرَجَكَ رَبُّكَ مِنۡۢ بَيۡتِكَ بِالۡحَقِّ وَاِنَّ فَرِيۡقًا مِّنَ الۡمُؤۡمِنِيۡنَ لَكٰرِهُوۡنَ ۝٥

يُجَادِلُوۡنَكَ فِى الۡحَقِّ بَعۡدَ مَا تَبَيَّنَ كَاَنَّمَا يُسَاقُوۡنَ اِلَى الۡمَوۡتِ وَهُمۡ يَنۡظُرُوۡنَ ۝٦

તરજુમો :

જેવી રીતે તમને તમારા પરવરદિગારે સત્ય કામના માટે તમારા ઘરેથી કાઢયા અને તે ઈમાનવાળાઓનું એક જૂથ રાજી ન હતું. (૫) તેઓ હક વાતમાં તમારી સાથે તેના જાહેર થઈ ચૂક્યા પછી વિવાદ કરતા હતા, જાણે તેઓ મોત તરફ હાંકવામાં આવી રહ્યા છે અને તેને આંખોથી જોઈ રહ્યા છે. (૬)

તફસીર :

(ગનીમતના માલની લોકોની મરજી પ્રમાણે વહેંચણી ન કરવામાં બલકે અલ્લાહ તરફથી તેની વહેંચણી થવામાં જો કે અમુક લોકોને સ્વાભાવિક રીતે ખૂબ બળ પડ્યું પરંતુ સામૂહિક હિતના કારણે તેમાં જ ભલાઈ અને બરકત છે અને આ મા'મલો સ્વભાવ વિરુદ્ધ હોવા છતાં સામૂહિક હિતના સંદર્ભે એવો જ છે) જેમકે તમને તમારા પરવરદિગારે ઘર (અને વસ્તી)માંથી મસ્લિહત સાથે (બદ્ર તરફ) રવાના કર્યા અને મુસલમાનોનું એક જૂથ (પોતાની સંખ્યા અને યુદ્ધનો શસ્ત્ર-સરંજામ ઓછો હોવાના કારણે સ્વાભાવિક રીતે) તેને ભારે સમજતું હતું અને તે મસ્લિહત(ના કામ)માં (એટલે કે જિહાદ અને લશ્કરના મુકાબલાના મા'મલામાં) એ પછી કે તેના પ્રત્યક્ષ દર્શન થઈ ચૂક્યા હતા (પોતાના બચાવ માટે મશ્વરા સ્વરૂપે) તમારી સાથે એવી રીતે વિવાદ કરી રહ્યા હતા કે જાણે કોઈ તેમને મોત તરફ હાંકીને લઈ જાય છે અને તેઓ (જાણે કે મોતને) જોઈ રહ્યા છે (પરંતુ અંતે તેનું પરિણામ પણ સારું આવ્યું કે ઇસ્લામનો વિજય થયો અને કાફિરો પરાજિત થઈ ગયા).

મસ્અલા અને બોધપાઠ :

સૂરતની શરૂઆતમાં આ વર્ણન આવી ચૂક્યું છે કે, સૂરએ અન્ફાલમાં મોટા ભાગના વિષયો કાફિરો અને મુશ્રિકો ઉપર અઝાબ તથા બદલો અને મુસલમાનો ઉપર અહેસાન અને ઇનામ વિશે છે, તેના સંદર્ભમાં બંને પક્ષો માટે બોધપાઠ અને શિખામણના હુકમોનું વર્ણન થયું છે અને આ મા'મલામાં સૌ પ્રથમ અને સૌથી મહત્ત્વની ઘટના ગઝ્વએ બદ્રની હતી જેમાં ઘણા માલ-સામાન અને સંખ્યા તથા શક્તિ હોવા છતાં મુશ્રિકોની જાની અને આર્થિક નુકસાનની સાથે-સાથે હાર થઈ

તથા મુસલમાનોને દરેક પ્રકારે ઓછા શસ્ત્ર-સરંજામ અને ઓછા સામાન સાથે હોવા છતાં મહાન વિજય પ્રાપ્ત થયો. આ સૂરતમાં બદ્રની ઘટનાનું વિગતવાર વર્ણન છે જે પ્રસ્તુત આયતોથી શરૂ થઈ રહ્યું છે.

પ્રથમ આયતમાં એ વાતનું વર્ણન છે કે, અમુક મુસલમાનોને બદ્રના જિહાદના સમયે જિહાદ માટેની યોજના નાપસંદ હતી પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના ખાસ હુકમ દ્વારા પોતાના રસૂલે કરીમ ﷺને જિહાદનો હુકમ આપ્યો તો નાપસંદ કરનારા પણ સાથે થઈ ગયા. આ વાતને વર્ણન કરવા માટે કુર્આને કરીમે જે શબ્દો અપનાવ્યા છે તે ઘણા પ્રકારે ચિંતન માંગી લે છે.

પ્રથમ આ આયતની શરૂઆત كَمَآ اَخْرَجَكَ رَبُّكَ થી થાય છે, તેનો શબ્દ كَمَا (કમા) એક એવો શબ્દ છે જેનો સરખામણી કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે, અત્રે ચિંતન કરવા યોગ્ય બાબત એ છે કે પ્રથમ સરખામણી કઈ વસ્તુની અને કઈ વસ્તુ સાથે કરવામાં આવી રહી છે ? વિવરણકાર ઉલમાએ તેના વિવિધ ખુલાસાઓ વર્ણન કર્યા છે. તફસીરના ઈમામ અબૂ હય્યાને આ પ્રમાણેના પંદર નિવેદનો નોંધ્યા છે તેમાંથી વધારે મહત્ત્વની ત્રણ સંભાવનાઓ છે.

પ્રથમ એ કે, આ સરખામણીનો હેતુ એવો ઉલ્લેખ કરવાનો છે કે જે પ્રમાણે ગઝ્વએ બદ્રમાં ગનીમતનો માલ વહેંચવાના સમયે સહાબએ કિરામ (રદિ.)ના અભિપ્રાયમાં પરસ્પર મતભેદ ઉપસ્થિત થયા હતા, પછી અલ્લાહના હુકમ હેઠળ બધાએ આપ ﷺના હુકમનું પાલન કર્યું અને તેની બરકતો અને સારા પરિણામો સામે આવી ગયા, એ જ પ્રમાણે આ જિહાદની શરૂઆતમાં અમુક લોકો તરફથી નાપસંદગીની શરૂઆત થઈ, પછી અલ્લાહના હુકમ હેઠળ બધાએ અનુસરણ કર્યું અને તેના ફાયદાકારક પરિણામો તથા ઉચ્ચ કક્ષાના લાભોનો જાત અનુભવ કર્યો. આ ખુલાસો فَرَّاءُ (ફર્રાઅ્) અને مُبَرِّدٌ (મુબર્રદ) સાથે જોડાયેલો છે. (બહરે મુહીત) આ કથનને બયાનુલ કુર્આનમાં અગ્રિમતા આપવામાં આવી છે, જેમકે તફસીરના ખુલાસાથી જાણ થઈ ચૂકી.

બીજી સંભાવના એ છે કે, પાછલી આયતોમાં સાચા મો'મિનો માટે આખિરતમાં ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ, મગફિરત તથા સન્માનનીય રોજીનો વાયદો કરવામાં આવ્યો હતો. આ આયતોમાં આ વાયદો બિલકુલ સાચો હોવાનું વર્ણન એ રીતે કરવામાં આવ્યું છે કે, આખિરતનો વાયદો જો કે, હજુ આંખો સામે

નથી પરંતુ અલ્લાહ તઆલાનો વાયદો મદદ અને વિજય સ્વરૂપે ગઝ્વએ બદ્રમાં દષ્ટિ સમક્ષ આવી ચૂક્યો છે, તેનાથી શિખામણ પ્રાપ્ત કરો અને શ્રદ્ધા રાખો કે જે પ્રમાણે આ વાયદો દુનિયામાં જ પૂર્ણ થઈ ચૂક્યો છે એ જ પ્રમાણે આખિરતનો વાયદો પણ અવશ્ય પૂરો થશે. *(તફસીરે કુર્તુબી બ હવાલએ નહ્હાસ)*

ત્રીજી સંભાવના એ છે કે, જ્યારે અબૂ હય્યાને વિવરણકારોના પંદર નિવેદનો નોંધ્યા પછી લખ્યું છે કે મને તેમાં કોઈ નિવેદન ઉપર સંતોષ ન હતો, એક દિવસે હું આ જ આયત ઉપર ચિંતન અને મનન કરીને સૂઈ ગયો તો મેં સ્વપ્નમાં જોયું કે, હું કોઈ જગ્યાએ જઈ રહ્યો છું અને એક વ્યક્તિ મારી સાથે છે, હું આ જ આયત વિશે તેની સાથે ચર્ચા કરી રહ્યો છું અને એવું કહી રહ્યો છું કે, મને કોઈ એવી મુશ્કેલી સામે નથી આવી જેવી આ આયતના શબ્દોમાં આવી છે, એવું લાગે છે કે અત્રે કોઈ શબ્દ સુષુપ્ત છે પછી અચાનક સ્વપ્નમાં જ મારા દિલમાં પડ્યું કે, અહીંયાં શબ્દ نَصَرَكَ (નસરક) સુષુપ્ત છે, તેને મેં પોતે પણ પસંદ કર્યું અને જે વ્યક્તિ સાથે ચર્ચા કરી રહ્યો હતો તેણે પણ પસંદ કર્યું. ઊંઘમાંથી ઊઠી વિચાર કર્યો તો મારી શંકા સમાપ્ત થઈ ગઈ. કારણ કે, આ સૂરતમાં શબ્દ كَمَا (કમા) સરખામણી માટે નથી બલકે કારણ વર્ણન કરવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે અને આયતનો ભાવાર્થ એ થઈ ગયો કે, ગઝ્વએ બદ્રમાં અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી તમારી જે ખાસ મદદ અને સહાય થઈ તેનું કારણ એ હતું કે, આ જિહાદમાં તમે જે કંઈ કર્યું તે કંઈ પોતાની ઇચ્છાથી અને અભિપ્રાયથી નથી કર્યું બલકે, માત્ર અલ્લાહ તઆલાના હુકમ અને અલ્લાહ તઆલાની તાબે'દારી માટે કર્યું છે, તેના જ હુકમ ઉપર તમે પોતાના ઘરેથી નીકળ્યા અને સત્યના અનુસરણનું આવું જ પરિણામ હોય છે કે અલ્લાહ તઆલાની મદદ અને સહાય તેની સાથે થઈ જાય છે.

અલબત્ત આયતના આ વાક્યમાં આ ત્રણે અર્થની સંભાવના સાચી હોઈ શકે છે. ત્યારબાદ એના ઉપર દષ્ટિ નાંખો કે કુર્આને કરીમે આ જિહાદ માટે રસૂલે કરીમ ﷺનું પોતે નીકળવાનું વર્ણન નથી કર્યું બલકે, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ આપને કાઢ્યા. તેમાં રસૂલે કરીમ ﷺની બંદા તરીકેની ખાસિયત અને તેમના અનુસરણ તરફ ઈશારો છે કે, આપનું કાર્ય વાસ્તવમાં અલ્લાહ તઆલાનું કાર્ય હોય છે જે આપના શરીરના અવયવો દ્વારા

જાહેર થાય છે, જેમકે એક હદીષે કુદ્સીમાં છે કે રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો કે, "બંદો જ્યારે અનુસરણ (ફરમાંબરદારી) અને અબ્દિય્યત (બંદગી) દ્વારા અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરી લે છે તો અલ્લાહ તઆલા તેના વિશે એવું ફરમાવે છે કે હું તેની આંખ બની જાઉં છું, તે જે કંઈ જૂએ છે મારા દ્વારા જૂએ છે; હું તેના કાન બની જાઉં છું, તે જે કંઈ સાંભળે છે મારા દ્વારા સાંભળે છે; હું તેના હાથ-પગ બની જાઉં છું, તે જે કંઈ પકડે છે મારા દ્વારા પકડે છે; જે તરફ ચાલે છે, મારા દ્વારા ચાલે છે." તેનો ખુલાસો એ જ છે કે, અલ્લાહ તઆલાની ખાસ મદદ અને સહાય તેની સાથે જ હોય છે જેની પ્રવૃત્તિઓ દેખીતી રીતે તેની આંખો, કાન, અથવા હાથ-પગથી થાય છે પરંતુ વાસ્તવમાં તે અલ્લાહ તઆલાની કુદરત દ્વારા જ અસ્તિત્વમાં આવતી હોય છે.

رشتہ در گردنم افگندہ دوست   میبرد ہر جا کہ خاطر خواہِ اوست

મારા ગળામાં મારા મિત્રએ સગાઈ-સંબંધ(નો હાર) નાંખી દીધો છે,
તે મને તે જગ્યાએ લઈ જાય છે જ્યાં સુધી એના દિલને પસંદ હોય છે.

ખુલાસો એ છે કે, اَخْــــرَجَکَ (અખ્રજક) શબ્દમાં એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, રસૂલે કરીમ ﷺનું જિહાદ માટે નીકળવું વાસ્તવમાં અલ્લાહ તઆલાનું કાઢવાનું હતું જે રસૂલે કરીમ ﷺની જાત દ્વારા જાહેર થયું.

અત્રે એ બાબત પણ ધ્યાન આપવાપાત્ર છે કે, اَخْــــرَجَکَ رَبُّکَ ફરમાવ્યું, જેમાં અલ્લાહ જલ્લ શા'નુહૂનું વર્ણન પરવરદિગારની સિફત સાથે કરીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે, આ જિહાદ માટે આપનું નીકળવું અલ્લાહની માલિકીપણાની શા'ન અને તેની કેળવણીના તકાદાના કારણે હતું. કારણ કે, તેના દ્વારા મઝલૂમ અને કચડાયેલા મુસલમાનો માટે વિજય તથા અભિમાની, અત્યાચારી કાફિરો માટે અઝાબનું પ્રથમ દર્શન હતું.

مِنْ بَیْتِکَ (મિમ્બ્યતિક)નો અર્થ એ છે, "આપના ઘરેથી" (મતલબ એ થયો કે 'કાઢ્યા આપને આપના રબે આપના ઘરેથી') જમહૂર મુફસ્સિરોના મતે આ "ઘર"નો અર્થ મદીના તય્યિબહનું ઘર અથવા પોતે મદીનહ તય્યિબહ છે, જેમાં હિજરત પછી રસૂલે કરીમ ﷺ નિવાસ કરતા હતા. કારણ કે, બદ્રની ઘટના હિજરતના બીજા વર્ષે બની છે, તેની સાથે શબ્દ بِــالْحَقِّ (બિલ્ હક્કિ)નો વધારો

કરીને બતાવવામાં આવ્યું કે આ સમગ્ર કાર્યવાહી اِحْقَاقِ حَقّ અને اِبْطَالِ بَاطِل (સચ્ચાઈને વેગ આપવા માટે અને ખોટાનું નિકંદન કાઢવા) માટે અમલમાં આવી છે. બીજી હુકૂમતોની જેમ માત્ર પ્રદેશ પ્રાપ્ત કરવાની લાલસા અથવા બાદશાહોના ક્રોધના કારણે નથી.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَاِنَّ فَرِيْقًا مِّنَ الْمُؤْمِنِيْنَ لَكٰرِهُوْنَ એટલે કે, "એક જમાઅત મુસલમાનોની આ જિહાદને બોજારૂપે સમજતી હતી અને નાપસંદ કરતી હતી." સહાબએ કિરામ (રદિ.)ની આ દિલગીરી કઈ રીતે અને કેમ સામે આવી તેને સમજવા માટે, વળી આવનારી બીજી આયતોને સંપૂર્ણ રીતે સમજવા માટે ગઝ્વએ બદ્રની શરૂઆતની પરિસ્થિતિઓ અને કારણોને પ્રથમથી જાણી લેવું યોગ્ય છે, એટલા માટે પ્રથમ ગઝ્વએ બદ્રની સંપૂર્ણ ઘટના અત્રે પ્રસ્તુત છે.

ઈબ્ને ઉકબા અને ઈબ્ને આમીરના વર્ણન પ્રમાણે ઘટના એ પ્રમાણે ઘટી કે, રસૂલે કરીમ ﷺને મદીના તય્યિબહમાં એવી ખબર મળી કે, અબૂ સુફિયાન એક વેપારી કાફલા સાથે સિરીયાથી વેપારનો માલ લઈને મક્કએ મુઅઝ્ઝમહ તરફ જઈ રહ્યા છે અને તે વેપારમાં મક્કાના બધા જ કુરૈશીઓ સામેલ છે. ઈબ્ને ઉકબહના વર્ણન પ્રમાણે મક્કામાં કોઈ કુરૈશી સ્ત્રી અને પુરુષ બાકી ન હતા જેનો તેમાં ભાગ ન હોય. જો કોઈની પાસે ફક્ત એક મિષ્કાલ (વજનનું એક માપ) સોનું પણ હતું તો તેણે તેમાં પોતાના ભાગ તરીકે મૂડી રોકાણ કર્યું હતું. આ કાફલાની સંપૂર્ણ મૂડી ઈબ્ને ઉકબહની રિવાયત પ્રમાણે પચાર હજાર દીનાર હતી. દીનાર સોનાનો સિક્કો છે જે સાડા ચાર ગ્રામ (૧૯૭૦ની સાલના માપ પ્રમાણે) હોય છે. સોનાના સન ઈસ્વી ૧૯૭૦ના ભાવના હિસાબથી તેની કિંમત બાવન રૂપિયા અને સંપૂર્ણ મૂડીની કિંમત ૨૬ લાખ રૂપિયા હતી અને તે આ પણ આજના સમયના નહીં બલકે, આજથી ૧૪૦૦ વર્ષ પહેલાંના ૨૬ લાખ રૂપિયા હતી, જે આજના હિસાબે ૨૬ કરોડ રૂપિયા કરતાં પણ વધારે ગણી શકાય છે. આ વેપારી કાફલાની સુરક્ષા અને કારોબાર માટે કુરૈશના સિત્તેર યુવાનો અને સરદારો સાથે હતા, જેનાથી જાણ થાય છે કે આ વેપારી કાફલો વાસ્તવમાં મક્કાના કુરૈશીઓની એક વેપારી કંપની હતી.

બગવીએ ઈબ્ને અબ્બાસ (રદિ.) વગેરેની રિવાયતથી નકલ કર્યું છે કે, આ કાફલામાં ચાલીસ સવારો કુરૈશના સરદારોમાંથી હતા, જેમાં અમ્ર બિન આસ, મુહઝમા બિન નવફલ વગેરે ખાસ વર્ણનપાત્ર છે અને એ પણ ખબર છે કે, કુરૈશની સૌથી મોટી શક્તિ તેમનો આ જ વેપાર અને વેપારી મૂડી હતી, જેના બળથી તેમણે રસૂલે કરીમ ﷺ અને તેમના સાથીઓને ત્રાસ આપી મક્કા છોડવા માટે મજબૂર કરી દીધા હતા. તે સમયે જ્યારે રસૂલુલ્લાહ ﷺને સિરીયાની મુસાફરીએથી આ કાફલાના પાછા ફરવાની ખબર મળી તો રસૂલે કરીમ ﷺનો અભિપ્રાય એ હતો કે, હમણા આ કાફલાનો મુકાબલો કરીને કુરૈશની શક્તિને તોડી નાંખવાની તક છે, સહાબએ કિરામ (રદિ.) સાથે મશવરો કર્યો, રમઝાનનો સમય હતો, પ્રથમથી યુદ્ધની કોઈ તૈયારી ન હતી, અમુક લોકોએ તો ઉત્સાહ અને હિંમત દેખાડી પરંતુ અમુક લોકો ખચકાટ અનુભવતા હતા. રસૂલે કરીમ ﷺએ પણ સૌના ઉપર આ જિહાદમાં ભાગ લેવાને જરૂરી ન ઠરાવ્યું, બલકે એવો હુકમ આપ્યો કે જે લોકોની પાસે સવારીઓ મોજૂદ છે તે અમારી સાથે ચાલે, તે સમયે ઘણા બધા લોકો જિહાદમાં જવાથી અટકી ગયા અને જે લોકો જવા ઈચ્છતા હતા અને તેમની સવારીઓ ગામડાંઓમાં હતી તેમણે રજા માંગી કે અમે પોતાની સવારીઓ લઈ આવીએ જેથી સાથે ચાલીએ, પરંતુ એટલી રાહ જોઈ શકાય એટલો સમય ન હતો, એટલા માટે એવો હુકમ થયો કે જે લોકોની સવારીઓ તેમની પાસે મોજૂદ છે અને જિહાદમાં જવા ઈચ્છે છે તે જ લોકો આવે, બહારથી સવારીઓ મંગાવવાનો સમય નથી, એટલા માટે સાથે જવાનો ઈરાદો રાખનારાઓમાંથી પણ થોડા જ લોકો તૈયાર થઈ શક્યા અને જે લોકોએ આ જિહાદમાં સાથે જવાનો ઈરાદો જ ન કર્યો તેનું કારણ પણ એ હતું કે, રસૂલે કરીમ ﷺએ સૌના માટે આ જિહાદમાં ભાગ લેવાનું વાજિબ ઠરાવ્યું ન હતું અને તે લોકોને એવો પણ સંતોષ હતો કે આ વેપારી કાફલો છે, કોઈ યુદ્ધનું લશ્કર નથી જેના મુકાબલામાં રસૂલુલ્લાહ ﷺ અને આપ ﷺના સાથીઓને વધારે લશ્કર કે મુજાહિદોની આવશ્યકતા હોય. એટલા માટે સહાબએ કિરામ (રદિ.)ની ઘણી મોટી સંખ્યા આ જિહાદમાં સામેલ ન થઈ. રસૂલે કરીમ ﷺએ بِيْرِ سُقْيَا (બીરેસુકયા) પર પહોંચીને કૈસ બિન સઅ્સઆ (રદિ.)ને હુકમ આપ્યો કે લશ્કરની ગણતરી કરે તો તેમણે ગણતરી કરીને ખબર આપી કે ૩૧૩ સહાબીઓ

છે. રસૂલે કરીમ ﷺ સાંભળીને ખુશ થયા અને ફરમાવ્યું કે, આ સંખ્યા "અસ્હાબે તાલૂત"ની છે એટલા માટે આ ભલી નિશાની છે, વિજય અને સફળતાની ઉમ્મીદ છે. સહાબએ કિરામ (રદિ.)ની સાથે કુલ સિત્તેર ઊંટો હતા, દરેક ત્રણ વ્યક્તિ માટે એક ઊંટ હતું જેના ઉપર તેઓ વારાફરતી સવાર થતા હતા, પોતે રસૂલે કરીમ ﷺની સાથે પણ બે વ્યક્તિઓ એક ઊંટમાં ભાગીદાર હતા, અબૂ લુબાબા (રદિ.) અને હઝરત અલી (રદિ.); જ્યારે આપ ﷺનો વારો પગે ચાલવાનો આવતો ત્યારે આ સાથીઓ વિનંતી કરતા હતા કે તમે સવારી ઉપર બેસી રહો અમે આપના બદલે પગે ચાલીશું. રહમતુલ્લિલ્ આલમીન ﷺ તરફથી એવો જવાબ મળતો કે ન તો તમે મારાથી વધારે મજબૂત છો અને ન જ હું આખિરતના સવાબથી બેપરવા છું કે હું આ સવાબની તક તમને આપી દઉં, એટલા માટે પોતાના વારામાં રસૂલે કરીમ ﷺ પણ પગપાળા જ ચાલતા હતા.

બીજી બાજુ કોઈ વ્યક્તિએ સિરીયાના મશહૂર સ્થળ عَيـــنِ زَرْقَـــــا (ઐનેઝરકા) ઉપર પહોંચીને કાફલાના સરદાર અબૂ સુફિયાનને એવી ખબર પહોંચાડી કે, રસૂલુલ્લાહ ﷺ આ કાફલાના ઈન્તેઝારમાં છે અને તમારો પીછો કરશે, અબૂ સુફિયાને કાળજીપૂર્વક યુક્તિ અપનાવી, જ્યારે આ કાફલો હિજાજની સીમાઓમાં દાખલ થયો તો એક હોશિયાર અને બુદ્ધિશાળી વ્યક્તિ ઝમઝમ બિન ઉમરને ૨૦ મિષ્કાલ સોનું એટલે લગભગ બે હજાર રૂપિયા મજૂરી આપીને એ બાબત ઉપર રાજી કરી લીધો કે તે ખૂબ તેજ ગતિએ દોડનારી સાંઢણી ઉપર સવાર થઈને જલદી-જલદી મક્કા મુકર્રમહમાં પહોંચીને એવી ખબર પહોંચાડી આપે કે તેમના કાફલાને સહાબએ કિરામ (રદિ.)થી ખતરો છે.

ઝમઝમ બિન ઉમરે તે સમયના ખાસ રિવાજ પ્રમાણે ખતરાનું એ'લાન કરવા માટે પોતાની ઊંટણીના નાક-કાન કાપી નાંખ્યા અને પોતાના કપડાં આગળ-પાછળથી કાપી નાંખ્યા અને ઊંટણીનું કાથિયું ઊંલટું કરીને ઊંટણીની પીઠ ઉપર મૂક્યું. તે સમયના રિવાજ પ્રમાણે આવી નિશાનીને ભયની જાહેરાત સમજવામાં આવતી હતી. જ્યારે તે આ પ્રમાણે મક્કામાં દાખલ થયો તો આખા મક્કામાં કોલાહલ મચી ગયો અને બધા જ કુરૈશ મુકાબલા માટે તૈયાર થઈ ગયા, જે લોકો યુદ્ધ માટે નીકળી શકતા હતા પોતે નીકળ્યા અને જેઓ કોઈ કારણસર પોતે જવાથી માઅ્ઝૂર હતા તેમણે પોતાના બદલે કોઈ બીજાને યુદ્ધ માટે તૈયાર કર્યો

અને ફક્ત ત્રણ દિવસમાં એક લશ્કર સંપૂર્ણ શસ્ત્ર-સરંજામ સાથે તૈયાર થઈ ગયું.

અને જે લોકો આ યુદ્ધમાં ભાગ લેવાથી ખચકાતા હતા તેમને આ લોકો શંકાની નજરોથી જોતા હતા અને મુસલમાનોની વિચારસરણીને વરેલા સમજતા હતા, એટલા માટે તે લોકોને ખાસ કરીને યુદ્ધ માટે નીકળવા મજબૂર કરવામાં આવ્યા, જે લોકો ખુલ્લમ-ખુલ્લા મુસલમાન ન હતા અને હજુ સુધી પોતાના વ્યક્તિગત કારણોના લીધે હિજરત કરી શકતા ન હતા બલકે, મક્કામાં વસી રહ્યા હતા તેમના અને બનુ હાશિમના કુટુંબમાં; તેમના ઉપર પણ એવું અનુમાન થતું હતું કે, આ લોકો મુસલમાનો સાથે હમદર્દી રાખે છે, આથી તેમને પણ આ યુદ્ધમાં નીકળવા માટે મજબૂર કરવામાં આવ્યા, આ જ મજબૂર લોકોમાં રસૂલે કરીમ ﷺના કાકા હઝરત અબ્બાસ (રદિ.) અને અબૂ તાલિબના બે પુત્રો તાલિબ અને અકીલ પણ હતા.

આ બાજુ આ લશ્કરમાં એક હજાર યુવાનો ૨૦૦ ઘોડા, ૬૦૦ બખ્તર તથા ૯૩ ગાનારી લોંડીઓ તેમના તબલા (વાજિંત્રો) વગેરે લઈને બદ્ર તરફ નીકળી ગયા, દરેક મંઝિલ ઉપર દશ ઊંટ તે લોકોના ભોજન માટે ઝબહ કરવામાં આવતા હતા.

બીજી બાજુ રસૂલે કરીમ ﷺ ફક્ત એક વેપારી કાફલાના અંદાજાથી મુકાબલાની તૈયારી કરીને ૧૨ રમઝાન શનિવારના દિવસે મદિનહ તય્યિબહથી નીકળ્યા અને કેટલીક મંઝિલો પસાર કર્યા પછી બદ્ર પાસે પહોંચીને બે વ્યક્તિઓને આગળ મોકલ્યા કે તે અબૂ સુફિયાનના કાફલાની ખબર લાવે. *(મઝહરી)*

મુખબિરો (જાસૂસો)એ એવી ખબર પહોંચાડી કે, અબૂ સુફિયાનનો કાફલો રસૂલે કરીમ ﷺનો પીછો કરવાની ખબર સાંભળી દરિયાના કિનારે-કિનારે પસાર થઈ ગયો અને તેના રક્ષણ અને મુસલમાનોના મુકાબલા માટે મક્કાએ મુકર્રમહમાંથી એક હજાર જવાનોનું લશ્કર આવી રહ્યું છે.

દેખીતું છે કે આ ખબરે પરિસ્થિતિનો નકશો ઊલટાવી દીધો. તે સમયે રસૂલુલ્લાહ ﷺએ પોતાના સાથી સહાબએ કિરામ (રદિ.) સાથે મશવરો કર્યો કે, આ આવનારા લશ્કર સાથે યુદ્ધ કરવું જોઈએ અથવા નહીં ? હઝરત અબૂ અન્સારી (રદિ.) અને અમુક બીજા સાથીઓએ વિનંતી કરી કે, અમારામાં તેમનો

મુકાબલો કરવાની શક્તિ નથી અને ન જ અમે એવા ઈરાદાથી આવ્યા હતા, આવું સાંભળી હઝરત સિદ્દીકે અકબર (રદિ.) ઊભા થયા અને હુકમ પૂરો કરવા માટે પોતાની જાતને રજૂ કરી, પછી હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) ઊભા થયા અને તેમણે એ જ પ્રમાણે હુકમનું પાલન અને જિહાદ માટે તૈયાર હોવાની જાહેરાત કરી, પછી હઝરત મિકદાદ (રદિ.) ઊભા થયા અને વિનંતી કરી કે,

"યા રસૂલુલ્લાહ ﷺ ! જે કંઈ આપને અલ્લાહ તઆલાનો હુકમ મળ્યો છે તમે તેને લાગુ પાડો અમે તમારી સાથે છે, ખરેખર અમે તમને તે જવાબ નહીં આપીએ જે બની ઈસ્રાઈલે હઝરત મૂસા (અલૈ.)ને આપ્યો હતો, فَاذْهَبْ اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَآ اِنَّا هٰهُنَا قٰعِدُوْنَ *(૫ : ૨૪) એટલે કે, જાઓ ! તમે અને તમારો પરવરદિગાર લડી લો ! અમે તો અહીંયાં બેઠા છે, કસમ છે તે પાક જાતની જેણે તમને સત્ય દીન સાથે મોકલ્યા છે, જો તમે અમને હબશા દેશના બરકુલ ગમ્માદ પ્રદેશ સુધી પણ લઈ જશો તો પણ અમે આપ ﷺની સાથે-સાથે રહી યુદ્ધ માટે ચાલીશું."*

રસૂલે કરીમ ﷺ ખુશ થયા અને તેમને દુઆઓ આપી પરંતુ હજુ સુધી અન્સાર તરફથી તરફેણમાં કોઈ અવાજ ન આવ્યો અને એવી સંભાવના હતી કે, અન્સારોએ જે મદદ અને સહાયનો કરાર રસૂલે કરીમ ﷺ સાથે કર્યો હતો તે મદીનાના અંદર માટે હતો મદીનાના બહાર મદદ કરવાના તેઓ બંધાયેલા નથી, એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરી ભેગા થયેલા લોકોને સંબોધન કરીને ફરમાવ્યું કે, "લોકો ! મને મશ્વરો આપો કે આ જિહાદનું પગલું ભરવું જોઈએ અથવા નહીં ?" આ સંબોધનનું રૂખ અન્સાર તરફ હતું. હઝરત સઅદ બિન મઆઝ અન્સારી (રદિ.) સમજી ગયા અને વિનંતી કરી કે, "યા રસૂલુલ્લાહ ﷺ! તમે અમને પૂછવા માંગો છો ?" રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "હા !" સઅદ બિન મઆઝ (રદિ.)એ વિનંતી કરી,

"યા રસૂલુલ્લાહ ﷺ ! અમે તમારા ઉપર ઈમાન લાવ્યા અને તમારી ગવાહી આપી કે જે કંઈ તમે ફરમાવી રહ્યા છો બધું સત્ય છે અને અમે તમારી સાથે કરાર અને વાયદો કર્યો છે કે, દરેક પરિસ્થિતિમાં તમારું અનુસરણ કરીશું, એટલા માટે તમને જે કંઈ અલ્લાહ તઆલાનો હુકમ મળ્યો છે તેને લાગુ કરો, કસમ છે તે જાતની ! જેણે તમને સત્ય દીન સાથે મોકલ્યા છે, જો તમે અમને

સમંદરમાં લઈ જાઓ તો અમે તમારી સાથે દરિયામાં ઘૂસી જઈશું, અમારામાંથી એક વ્યક્તિ પણ તમારાથી પાછળ ન રહેશે, તે કોઈ કઠણ વાત નથી કે તમે કાલે જ અમને દુશ્મન સાથે ભિડાવી આપો, અમને આશા છે કે અલ્લાહ તઆલા તમને અમારા કાર્યથી એવી પરિસ્થિતિનો સાક્ષાત્કાર (જાત અનુભવ) કરાવશે જેનાથી તમારી આંખો ઠંડી થઈ જશે, અમને અલ્લાહના નામ ઉપર જ્યાં ઈચ્છો ત્યાં લઈ જાઓ."

રસૂલુલ્લાહ ﷺને આ સાંભળીને ખૂબ ખુશી થઈ, તેમણે કાફલાને હુકમ આપ્યો કે અલ્લાહના નામ ઉપર કૂચ કરો અને આ ખુશખબરી સંભળાવી કે, "મને અલ્લાહ તઆલાએ એવો વાયદો કર્યો છે કે, બંને જૂથોમાંથી એક જૂથ ઉપર અમારો વિજય થશે." બંને જૂથોનો અર્થ એક અબૂ સુફિયાનનો વેપારી કાફલો અને બીજો આ મક્કાથી આવનાર લશ્કર છે. પછી ફરમાવ્યું કે, "અલ્લાહની કસમ ! હું જાણે પોતાની આંખોથી મુશ્રિકોની કતલ થવાની જગ્યા જોઈ રહ્યો છું." આ સંપૂર્ણ ઘટના ઈબ્ને કષીર અને મઝહરીમાંથી લેવામાં આવી છે.

ઘટનાની વિગત સાંભળ્યા પછી પ્રસ્તુત આયતોને જૂઓ. પ્રથમ આયતમાં જે એવો ઈરશાદ થયો છે, وَاِنَّ فَرِيْقًا مِّنَ الْمُؤْمِنِيْنَ لَكٰرِهُوْنَ એટલે કે, "મુસલમાનોની એક જમાઅત, તે જિહાદને ભારે સમજી રહી હતી." તેનાથી ઈશારો તે પરિસ્થિતિ તરફ છે, જે સહાબએ કિરામ (રદિ.) પાસેથી મશવરો લેવાના સમયે અમુક સહાબા (રદિ.) તરફથી પ્રગટ થઈ કે તેમણે જિહાદથી કમહિમ્મતી બતાવી.

અને આ જ ઘટનાનું વર્ણન બીજી આયતમાં છે, يُجَادِلُوْنَكَ فِى الْحَقِّ بَعْدَ مَا تَبَيَّنَ كَاَنَّمَا يُسَاقُوْنَ اِلَى الْمَوْتِ وَهُمْ يَنْظُرُوْنَ એટલે કે, "આ લોકો રસૂલે કરીમ ﷺ સાથે સત્યના મા'મલામાં "મુજાદલા" (વિવાદ) અને "મતભેદ" કરે છે, જાણે કે તેમને મોતની તરફ ખેંચવામાં આવી રહ્યા છે જેને તેઓ પોતાની આંખોથી જૂએ છે."

સહાબએ કિરામ (રદિ.)એ જો કે, હુકમનો અનાદર કર્યો ન હતો, બલકે, મશવરાના જવાબમાં પોતાની કમજોરી અને કમહિમ્મતી બતાવી હતી પરંતુ રસૂલુલ્લાહ ﷺના સાથીઓના આવા મશવરાની જાહેરાતને પણ તેમના ઉચ્ચ

કક્ષાના સ્થાનના સંદર્ભમાં અલ્લાહ તઆલાએ પસંદ ન કરી, એટલા માટે નારાજગીના શબ્દોથી તેને વર્ણન કરવામાં આવ્યું.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૭ થી ૧૦)

وَ اِذْ يَعِدُكُمُ اللّٰهُ اِحْدَى الطَّآئِفَتَيْنِ اَنَّهَا لَكُمْ وَتَوَدُّوْنَ اَنَّ غَيْرَ ذَاتِ الشَّوْكَةِ
تَكُوْنُ لَكُمْ وَيُرِيْدُ اللّٰهُ اَنْ يُّحِقَّ الْحَقَّ بِكَلِمٰتِهٖ وَ يَقْطَعَ دَابِرَ الْكٰفِرِيْنَ ﴿٧﴾
لِيُحِقَّ الْحَقَّ وَيُبْطِلَ الْبَاطِلَ وَلَوْ كَرِهَ الْمُجْرِمُوْنَ ﴿٨﴾ اِذْ تَسْتَغِيْثُوْنَ رَبَّكُمْ
فَاسْتَجَابَ لَكُمْ اَنِّيْ مُمِدُّكُمْ بِاَلْفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُرْدِفِيْنَ ﴿٩﴾ وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا بُشْرٰى
وَلِتَطْمَئِنَّ بِهٖ قُلُوْبُكُمْ وَمَا النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿١٠﴾ ع

તરજુમો :

અને જે સમયે અલ્લાહ તમને બે સમૂહોમાંથી એકનો વાયદો કરતો હતો કે તે તમારા હાથ લાગશે અને તમે ઈચ્છતા હતા કે જેમાં કાંટો ન વાગે તે તમને મળે અને અલ્લાહ ઈચ્છતો હતો કે પોતાના કલામોથી સત્યને સાચું કરી દે અને કાફિરોના મૂળિયાં કાપી નાંખે. (૭) જેથી સત્યને સાચું કરે અને જૂઠને જૂઠું કરી દે અને ભલે મુજરિમો નારાજ થાય. (૮) જ્યારે તમે પોતાના પરવરદિગારને ફરિયાદ કરવા લાગ્યા તો તે તમારી ફરિયાદે પહોંચ્યો કે હું તમારી મદદે લગાતાર આવનારા એક હજાર ફરિશ્તાઓ મોકલીશ. (૯) અને આ તો અલ્લાહે ફક્ત ખુશખબરી આપી અને જેથી તેનાથી તમારા દિલ સંતોષિત થઈ જાય અને મદદ નથી પરંતુ અલ્લાહના તરફથી જ, બેશક ! અલ્લાહ મહાબળવાન હિકમતવાળો છે. (૧૦)

તફસીર :

અને તમે લોકો તે વખતને યાદ કરો જ્યારે કે અલ્લાહ તઆલા તમને બે જૂથો (એટલે કે વેપારી કાફલો અથવા લશ્કર)માંથી એક (જૂથ)નો વાયદો કરી રહ્યો હતો કે તે (જૂથ) તમારા હાથ લાગશે (એટલે કે પરાજિત થઈ જશે, આ

વાયદો મુસલમાનોને રસૂલે કરીમ ﷺ દ્વારા વહી મારફતે આપવામાં આવ્યો હતો) અને તમે એવી ઈચ્છા કરતા હતા કે શસ્ત્ર-સરંજામ વિનાનું જૂથ (એટલે કે વેપારી કાફલો) તમારા હાથ લાગી જાય અને અલ્લાહને એ મંજૂર હતું કે પોતાના હુકમોથી સત્યનું સત્ય હોવું (દુશ્મનો ઉપર વિજય અપાવીને) સાબિત કરી આપે અને (એ મંજૂર હતું કે) તે કાફિરોના મૂળિયાં કાપી નાંખે જેથી સત્યનું સત્ય હોવું અને બાતિલનું બાતિલ હોવું (સ્પષ્ટ રીતે) સાબિત કરી આપે ભલે આ પાપી લોકો (એટલે કે ભલે પરાજિત થનારા કાફિરો તેને કેટલુંય) નાપસંદ કરે; તે સમયને યાદ કરો જ્યારે કે તમે પોતાના પરવરદિગાર પાસે (પોતાની સંખ્યા અને યુદ્ધના શસ્ત્ર-સરંજામ અને સામગ્રી ઓછી હોવાના કારણે અને દુશ્મનોની સંખ્યા વધારે જોઈને) ફરિયાદ કરી રહ્યા હતા તો અલ્લાહ તઆલાએ તમારી ફરિયાદ સાંભળી લીધી (અને વાયદો કર્યો) કે તમારી એક હજાર ફરિશ્તાઓ દ્વારા મદદ કરીશ જે ક્રમશઃ ચાલ્યા આવશે અને અલ્લાહ તઆલાએ આ મદદ ફક્ત એ (હિકમત)ને લઈને કરી કે (તમને વિજય મળવાની) ખુશખબરી મળે અને જેથી તમારા દિલોને સંતોષ થઈ જાય (એટલે કે મનુષ્યને સ્વાભાવિક સંતોષ સામાન અને ભૌતિક સાધનોથી થાય છે, એટલા માટે તે પણ ભેગું કરી દેવામાં આવ્યું) અને (વાસ્તવમાં તો) મદદ (અને વિજય) ફક્ત અલ્લાહ તઆલા તરફથી જ છે જે જબરદસ્ત હિકમતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં ગઝ્વએ બદ્રની ઘટના અને તેમાં અલ્લાહ તઆલા તરફથી જે સહાય અને મદદ તથા ખાસ ઈનામો મુસલમાનો ઉપર નાઝિલ થયા તેનું વર્ણન છે.

પ્રથમ અને બીજી આયતમાં એવું વર્ણન કરવામાં આવ્યું છે કે, જે સમયે રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ને એવી ખબર મળી કે, કુરૈશીઓનું એક મોટું લશ્કર વેપારી કાફલા અને સુરક્ષા માટે મક્કાથી નીકળી ચૂક્યું છે, તો હવે મુસલમાનો સામે બે જૂથો હતા. એક વેપારી કાફલો, જેને રિવાયતોમાં عِیر (ઈર)થી ઓળખાવવામાં આવ્યું છે અને બીજું તે શસ્ત્રધારી લશ્કર જેણે મક્કાથી કૂચ આદરી હતી. જેને نَفِیر (નફીર)ના નામથી

ઓળખાવવામાં આવ્યું. આ આયતમાં એ બતાવવામાં આવ્યું કે, તે સમયે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺ અને આપ ﷺ મારફતે બધા મુસલમાનોને એવો વાયદો આપ્યો હતો કે, આ બંને જમાઅતોમાંથી કોઈ એક જૂથ ઉપર તમારો સંપૂર્ણ કબજો થઈ જશે કે તેમના વિશે તમે જે કંઈ ઇચ્છશો તે કરી શકશો.

હવે, એ દેખીતું છે કે વેપારી કાફલા ઉપર કબજો કરવો સરળ વાત હતી તથા તેમાં કોઈ ભય પણ ન હતો, જ્યારે શસ્ત્રસજ્જ લશ્કર ઉપર આવો કબજો મુશ્કેલ તથા ભયથી ભરેલો હતો, એટલા માટે આ સંદિગ્ધ વાયદાને સાંભળીને ઘણા સહાબએ કિરામ (રદિ.)ની તમન્ના અને ઇચ્છા એવી થઈ કે તે જૂથ કે જેના ઉપર મુસલમાનોનો કબજો થવાનો વાયદો અલ્લાહ તઆલા તરફથી થયો છે જે શસ્ત્રસજ્જ નથી તે વેપારી કાફલો હોય, પરંતુ રસૂલે કરીમ ﷺ અને ઘણા બધા આગેવાન સહાબા (રદિ.)ને અલ્લાહ તઆલા તરફથી પ્રેરણા સ્વરૂપે એવો ઇરાદો થયો કે શસ્ત્રસજ્જ લશ્કર ઉપર કબજો થઈ જાય તો સારું !

આ આયતમાં શસ્ત્રસજ્જ ન હતું એવા જૂથ ઉપર કબજો ઇચ્છનાર મુસલમાનોને ચેતવવામાં આવ્યા કે તમારી પોતાની સહૂલતને પસંદ કરવાની વૃત્તિના લીધે અને ભયથી ગભરાવાના કારણે એવી પસંદગી હતી કે શસ્ત્રસજ્જ નથી એવા વેપારી કાફલા ઉપર તમારો કબજો થઈ જાય, પરંતુ અલ્લાહ તઆલાનો ઇરાદો એવો હતો કે ઇસ્લામનો વાસ્તવિક ઉદ્દેશ્ય પ્રાપ્ત થાય, એટલે કે સત્યનું સત્ય હોવું સ્પષ્ટ થઈ જાય અને કાફિરોના મૂળિયાં કપાઈ જાય અને દેખીતું છે કે, આ કામ તે જ સમયે થઈ શકતું હતું જ્યારે કે શસ્ત્રસજ્જ લશ્કર સાથે મુકાબલો થાય અને તેના ઉપર મુસલમાનોને સંપૂર્ણ વિજય અને કબજો મળે.

તેના ખુલાસા સ્વરૂપે મુસલમાનોને એ બાબતની ચેતવણી છે કે, તમે જે સ્વરૂપ પસંદ કર્યું તે અત્યંત કમહિમ્મતી, સહૂલત પસંદી તથા કામચલાઉ લાભની વસ્તુ હતી અને અલ્લાહ તઆલાએ જે ઇરાદો કર્યો તે ઊંચી નૈતિક હિમ્મત તથા ઉચ્ચ કક્ષાના ઉદ્દેશ્યોની પરિપૂર્ણતા અને સંપૂર્ણ તથા કાયમી લાભો ઉપર આધારિત હતો. પછી બીજી આયતમાં તેને વધારે સ્પષ્ટ કર્યું કે, અલ્લાહ તઆલાના કાબૂ બહાર કોઈ વસ્તુ ન હતી, જો તેણે ઇચ્છયું હોત તો વેપારી કાફલા

ઉપર મુસલમાનોનો વિજય અને કબજો થઈ ગયો હોત પરંતુ તેણે રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ની શા'ન અનુરૂપ એ જ યોગ્ય સમજ્યું કે, શસ્ત્રસજ્જ લશ્કર સાથે મુકાબલો થાય અને તેના ઉપર સંપૂર્ણ કબજો પ્રાપ્ત થાય જેથી સત્યનું સત્ય હોવું અને જૂઠનું જૂઠ હોવું સ્પષ્ટ થઈ જાય.

અત્રે એ વાત વિચારપાત્ર છે કે અલ્લાહ તઆલા તો સર્વજ્ઞાની અને સર્વવ્યાપી છે, દરેક કામની શરૂઆત તથા પરિણામને જાણે છે, તેના તરફથી આવો સંદિગ્ધ (અસ્પષ્ટ) વાયદો કરવાની મસ્લિહત શું હતી કે તે બે જૂથોમાંથી કોઈ એક જૂથ ઉપર મુસલમાનોને વિજય અને કબજો પ્રાપ્ત થશે, તે તેમાંથી કોઈ એકને નક્કી કરીને પણ કહી શકતો હતો કે ફલાણા જૂથ ઉપર કબજો થશે.

અત્રે આવા સંદિગ્ધ વાયદાનું કારણ (વલ્લાહુ અઅ્લમુ) એવું લાગે છે કે, તેમાં સહાબએ કિરામ (રદિ.)ની કસોટી કરવાનો હેતુ હતો કે તેઓ સરળ કામને પસંદ કરે છે અથવા તો મુશ્કેલ કાર્યને અને તેમની નૈતિક કેળવણી કરવાનો પણ હેતુ હતો જેના દ્વારા તેમને ઉચ્ચ કક્ષાની નૈતિક હિમ્મત અને ઉચ્ચ હેતુઓ માટે સંઘર્ષ કરવાની તથા ખતરાઓથી ન ડરવાની કે ગભરાવાની શિખામણ આપવામાં આવી.

ત્રીજી અને ચોથી આયતોમાં એ ઘટનાનું વર્ણન છે જે શસ્ત્રસજ્જ ફૌજ સાથે મુકાબલો થયા પછી ઉપસ્થિત થઈ કે, રસૂલે કરીમ ﷺએ જ્યારે એવું જોયું કે પોતાના સાથીદારો ફક્ત ૩૧૩ છે અને તે પણ મોટા ભાગના શસ્ત્રવિહોણા છે અને મુકાબલામાં સામે પક્ષે લગભગ એક હજાર શસ્ત્રધારી સૈનિકોનું લશ્કર છે તો અલ્લાહ જલ્લ શા'નુહૂની બારગાહમાં મદદ અને સહાયની દુઆ કરવા માટે હાથ ઉઠાવ્યા. રસૂલે કરીમ ﷺ દુઆ માંગતા હતા અને સહાબએ કિરામ (રદિ.) તેમની સાથે "આમીન" કહેતા હતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ રસૂલે કરીમ ﷺના દુઆના જે શબ્દો હતા તેને આ પ્રમાણે વર્ણન કર્યા છે.

"યા અલ્લાહ ! મને તેં જે વાયદો કર્યો છે તેને જલદી પૂર્ણ કરી આપ, યા અલ્લાહ ! જો આ નાનો સરખો મુસલમાનોનો સમૂહ નષ્ટ થઈ ગયો તો પછી જમીનમાં કોઈ તારી ઈબાદત કરનારું બાકી ન રહેશે (કારણ કે સમગ્ર પૃથ્વી કુફ્ર

અને શિર્કથી ભરેલી છે, આ જ અમુક થોડા મુસલમાનો છે જે સાચી ઈબાદત કરે છે).''

રસૂલે કરીમ ﷺ બરાબર આ જ પ્રમાણે અજિજી અને વિનંતી સાથે દુઆમાં પ્રવૃત્ત રહ્યા, એટલે સુધી કે તેમના ખભા ઉપરથી ચાદર પણ નીચે સરકી ગઈ. હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ આગળ વધીને ચાદર ઓઢાડી અને વિનંતી કરી, ''યા રસૂલુલ્લાહ ﷺ ! તમે વધારે ચિંતા ન કરો, અલ્લાહ તઆલા તમારી દુઆ અવશ્ય કબૂલ કરશે અને પોતાનો વાયદો પૂરો કરશે.''

આ આયતમાં اِذْتَسْتَغِيْثُوْنَ رَبَّكُمْ ના શબ્દોથી જે ઘટનાનું વર્ણન છે જેનો અર્થ એ છે કે, ''તે સમયને યાદ રાખવા પાત્ર છે જ્યારે તમે પોતાના પરવરદિગારથી ફરિયાદ કરી રહ્યા હતા અને સહાય માંગી રહ્યા હતા.'' આ ફરિયાદ જો કે, વાસ્તવમાં રસૂલે કરીમ ﷺ તરફથી થઈ હતી પરંતુ બધા જ સહાબા (રદિ.) "આમીન" કહી રહ્યા હતા, એટલા માટે તેને સમગ્ર સમૂહના સંદર્ભમાં કહેવામાં આવ્યું.

ત્યારબાદ આ દુઆની સ્વીકૃતિનું વર્ણન આ રીતે કર્યું, فَاسْتَجَابَ لَكُمْ اَنِّى مُمِدُّكُمْ بِاَلْفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُرْدِفِيْنَ એટલે કે, ''અલ્લાહ તઆલાએ તમારી ફરિયાદ સાંભળી લીધી અને ફરમાવ્યું કે, એક હજાર ફરિશ્તાઓથી તમારી મદદ કરીશ જે એક પછી એક હરોળ સ્વરૂપે આવતા હશે.''

ફરિશ્તાઓને અલ્લાહ તઆલાએ જે અલૌકિક (અસામાન્ય-દિવ્ય) શક્તિ અને તાકાત અર્પણ કરી છે તેનો અંદાજો એ ઘટનાથી થઈ શકે છે, જ્યારે કૌમે લૂત (અલૈ.)ના ભૂ ભાગનો તખ્તો પલટાવવાના સમયે બન્યું હતું કે, હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)એ એક પાંખ દ્વારા આ ભૂ ભાગનો તખ્તો ઉલટાવી દીધો. આવી, અનન્ય (અજોડ) શક્તિશાળી ફરિશ્તાઓની આટલી મોટી સંખ્યા મુકાબલામાં મોકલવાની આવશ્યકતા ન હતી, એક પણ પૂરતો હતો પરંતુ અલ્લાહ તઆલા પોતાના બંદાઓના સ્વભાવથી પરિચિત છે કે તે સંખ્યાથી પણ પ્રભાવિત થાય છે એટલા માટે વિરોધી પક્ષની સંખ્યા પ્રમાણે ફરિશ્તાઓની સંખ્યાનો વાયદો કર્યો જેથી તેમના દિલો સંપૂર્ણ રીતે સંતોષિત થઈ જાય.

ચોથી આયતમાં પણ આ જ વિષય ઈરશાદ ફરમાવ્યો, وَمَا جَعَلَهُ اللّٰهُ اِلَّا

بُشْرٰى وَلِتَطْمَئِنَّ بِهٖ قُلُوْبُكُمْ એટલે કે, "અલ્લાહ તઆલાએ આ ફક્ત એટલા માટે કર્યું કે, તમને ખુશખબરી મળે અને જેથી તમારા દિલો તેનાથી સંતોષિત થઈ જાય."

ગઝ્વએ બદ્રમાં અલ્લાહ તઆલાએ જે ફરિશ્તાઓને મદદ માટે મોકલ્યા તેમની સંખ્યા આ સ્થળે એક હજાર છે અને સૂરએ આલિ ઈમ્રાનમાં ત્રણ હજાર તથા પાંચ હજાર વર્ણન કરવામાં આવી છે, તેનું કારણ વાસ્તવમાં ત્રણ જુદા-જુદા વાયદાઓ છે જે વિવિધ પરિસ્થિતિઓમાં કરવામાં આવ્યા છે. પ્રથમ વાયદો એક હજાર ફરિશ્તાઓનો થયો જેનું કારણ રસૂલે કરીમ ﷺની દુઆ અને સામાન્ય મુસલમાનોની ફરિયાદ હતી, બીજો વાયદો જે ત્રણ હજાર ફરિશ્તાઓનો સૂરએ આલિ ઈમ્રાનમાં આ અગાઉ પ્રસ્તુત છે તે એ સમયે કરવામાં આવ્યો જ્યારે મુસલમાનોને એવી ખબર મળી કે કુરૈશી લશ્કર માટે વધારાની કુમક (ટૂકડી) આવી રહી છે. રૂહુલ મઆનીમાં ઈબ્ને અબી શઈબા અને ઈબ્નુલ મંજર વગેરેથી શુઅ્બીની રિવાયત નકલ થઈ છે કે, મુસલમાનોને બદ્રના દિવસે એવી ખબર પહોંચી કે કર્ઝ બિન જાબિર મહારીબી મુશ્રિકોની મદદ માટે કુમક લઈને આવી રહ્યો છે, આ ખબરથી મુસલમાનોમાં બેચેની પેદા થઈ, તેના ઉપર આલિ ઈમ્રાનની આયત اَلَنْ يَّكْفِيَكُمْ اَنْ يُّمِدَّكُمْ رَبُّكُمْ بِثَلٰثَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُنْزَلِيْنَ (૩:૧૨૪) નાઝિલ થઈ, જેમાં ત્રણ હજાર ફરિશ્તાઓ મદદ માટે આસમાનથી નાઝિલ કરવાના વાયદાનું વર્ણન કરવામાં આવ્યું.

અને ત્રીજો વાયદો પાંચ હજાર ફરિશ્તાઓનો એ શરત સાથે કરવામાં આવ્યો હતો કે જો વિરોધી પક્ષ અચાનક હુમલાની કાર્યવાહી કરે તો પાંચ હજાર ફરિશ્તાઓની મદદ મોકલવામાં આવશે, તે આલિ ઈમ્રાનની પ્રસ્તુત આયત પછીની આયતમાં આ રીતે આવેલ છે. بَلٰٓى اِنْ تَصْبِرُوْا وَتَتَّقُوْا وَيَاْتُوْكُمْ مِّنْ فَوْرِهِمْ هٰذَا يُمْدِدْكُمْ رَبُّكُمْ بِخَمْسَةِ اٰلٰفٍ مِّنَ الْمَلٰٓئِكَةِ مُسَوِّمِيْنَ એટલે કે, "તમે અડગ રહો અને તકવા ઉપર કાયમ રહો તથા વિરોધી લશ્કર અચાનક એકી સાથે તમારા ઉપર તૂટી પડે તો તમારો પરવરદિગાર તમારી સહાય પાંચ હજાર ફરિશ્તાઓ દ્વારા કરશે જે ખાસ નિશાનીવાળા (એટલે કે ચોક્કસ વર્દીધારી) હશે." (૩ : ૧૨૫)

અમુક વિવરણકાર વિદ્વાનોએ નોંધ્યું છે કે આ વાયદામાં ત્રણ શરતો હતી,

એક "અડગ રહેવું", બીજું "તકવો" અને ત્રીજું "વિરોધી પક્ષ દ્વારા અચાનક એકી સાથે હુમલો થવો." પ્રથમ બે શરતો તો સહાબએ કિરામ (રદિ.)માં મોજૂદ હતી અને તેઓ મેદાનમાં પ્રથમથી અંત સુધી ડટેલા રહ્યા પરંતુ ત્રીજી શરત કાફિરો તરફથી અચાનક એકી સાથે હુમલાની ઘટના ઉપસ્થિત ન થઈ એટલા માટે પાંચ હજાર ફરિશ્તાઓ મોકલવાની નોબત ન આવી.

આથી આ મા'મલો એક હજાર અને ત્રણ હજારના વર્તુળમાં રહ્યો જેમાં એ પણ સંભાવના છે કે ત્રણ હજારનો અર્થ એવો હોય કે એક હજાર પ્રથમ મોકલવામાં આવ્યા તેમની સાથે વધારાના બે હજાર સામેલ કરીને ત્રણ હજારની સંખ્યા પૂર્ણ કરવામાં આવી અને એ પણ શક્યતા છે કે એ ત્રણ હજાર તે પ્રથમ એક હજાર સિવાયના હોય.

અત્રે એ બાબત પણ દષ્ટિપાત કરવા યોગ્ય છે કે આ ત્રણ આયતોમાં ફરિશ્તાઓના ત્રણ સમૂહોને મોકલવાનો વાયદો છે અને દરેક સમૂહ સાથે એક ખાસ સિફત (લક્ષણ)નું વર્ણન છે. સૂરએ અન્ફાલની આયત જેમાં એક હજારનો વાયદો છે તેમાં તો આ ફરિશ્તાઓની સિફતમાં مُرْدِفِيْنَ (મુરદિફીન) ફરમાવ્યું છે, જેનો અર્થ છે "ક્રમાનુસાર પાછળ લાગનારા" તેમાં કદાચ એ તરફ પ્રથમથી જ ઈશારો કરવામાં આવ્યો કે, આ ફરિશ્તાઓની પાછળ બીજા ફરિશ્તાઓ પણ આવનારા છે અને સૂરએ આલિ ઈમ્રાનની પ્રથમ આયતમાં ફરિશ્તાઓની સિફત مُنْزَلِيْنَ (મુન્ઝલીન) બતાવવામાં આવી છે, એટલે કે આ ફરિશ્તાઓ આસમાનથી ઉતારવામાં આવશે એમાં ખાસ તે અગત્યતા તરફ ઈશારો છે કે, પૃથ્વી ઉપર જે ફરિશ્તાઓ પ્રથમથી મોજૂદ છે તેમનાથી કામ લેવાના બદલે ખાસ કાળજીપૂર્વક આ ફરિશ્તાઓ આસમાનમાંથી આ જ કામ માટે મોકલવામાં આવશે અને આલિ ઈમ્રાનની બીજી આયત જેમાં પાંચ હજારનું વર્ણન છે તેમાં ફરિશ્તાઓની સિફત مُسَوِّمِيْنَ (મુસવ્વિમીન) ઈરશાદ ફરમાવી છે કે, તે એક ખાસ પોશાક અને નિશાનીવાળા હશે, જેમકે હદીષની રિવાયતોમાં છે કે બદ્રમાં ઊતરનારા ફરિશ્તાઓના અમામા (પાઘડી) સફેદ રંગના અને ગઝ્વએ હુનૈનમાં મદદ માટે આવનાર ફરિશ્તાઓના અમામા લાલ રંગના હતા.

અંતિમ આયતમાં وَمَا النَّصْرُ اِلَّا مِنْ عِنْدِ اللّٰهِ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ઈરશાદ ફરમાવ્યો, એમાં મુસલમાનોને ચેતવણી આપવામાં આવી કે, જે પણ મદદ

જ્યાંથી મળે છે ભલે દેખીતા સ્વરૂપમાં હોય અથવા ગુપ્ત રીતે બધી જ અલ્લાહ તઆલા તરફથી છે, તે તેના કબજામાં છે, ફરિશ્તાઓની મદદ પણ તેની જ આજ્ઞાને આધીન છે, એટલા માટે તમારી દૃષ્ટિ ફક્ત તે વહ્દહુ લા શરીક લહુ એકમાત્ર જાત તરફ રહેવી જોઈએ, કારણ કે તે મહાન શક્તિવાળો અને હિકમતવાળો છે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૧૧ થી ૧૪)

إِذْ يُغَشِّيكُمُ النُّعَاسَ أَمَنَةً مِّنْهُ وَيُنَزِّلُ عَلَيْكُم مِّنَ السَّمَاءِ مَاءً لِّيُطَهِّرَكُم بِهِ
وَيُذْهِبَ عَنكُمْ رِجْزَ الشَّيْطَانِ وَلِيَرْبِطَ عَلَىٰ قُلُوبِكُمْ وَيُثَبِّتَ بِهِ الْأَقْدَامَ ﴿١١﴾ إِذْ
يُوحِي رَبُّكَ إِلَى الْمَلَائِكَةِ أَنِّي مَعَكُمْ فَثَبِّتُوا الَّذِينَ آمَنُوا ۚ سَأُلْقِي فِي قُلُوبِ
الَّذِينَ كَفَرُوا الرُّعْبَ فَاضْرِبُوا فَوْقَ الْأَعْنَاقِ وَاضْرِبُوا مِنْهُمْ كُلَّ بَنَانٍ ﴿١٢﴾ ذَٰلِكَ
بِأَنَّهُمْ شَاقُّوا اللَّهَ وَرَسُولَهُ ۚ وَمَن يُشَاقِقِ اللَّهَ وَرَسُولَهُ فَإِنَّ اللَّهَ شَدِيدُ
الْعِقَابِ ﴿١٣﴾ ذَٰلِكُمْ فَذُوقُوهُ وَأَنَّ لِلْكَافِرِينَ عَذَابَ النَّارِ ﴿١٤﴾

તરજુમો :

જે સમયે કે તેણે તમરા ઉપર પોતાના તરફથી તસ્કીન (મનની શાંતિ) માટે ઊંઘ નાંખી દીધી અને તમારા ઉપર આસમાનેથી પાણી ઉતાર્યું કે તેનાથી તમને પાક કરી દે અને તમારાથી શયતાનની ગંદકી દૂર કરી દે અને તમારા દિલોને મજબૂત કરી દે અને તેનાથી તમારા કદમ જમાવી દે. (૧૧) જ્યારે તમારા પરવરદિગારે ફરિશ્તાઓને હુકમ મોકલ્યો કે હું તમારી સાથે છું, બસ તમે મુસલમાનોના દિલોને અડગ રાખો હું કાફિરોના દિલોમાં દહેશત નાંખી દઈશ, બસ ગરદનો ઉપર મારો અને તેમના (આંગળાના) સાંધે-સાંધા કાપો. (૧૨) આ એટલા માટે કે તેઓ અલ્લાહના અને તેના રસૂલના વિરોધી થયા અને જે કોઈ અલ્લાહનો અને તેના રસૂલનો વિરોધી થયો તો બેશક ! અલ્લાહનો અઝાબ કઠોર છે. (૧૩) આ તો તમે ચાખી લો ! અને જાણી રાખો કે કાફિરો માટે દોઝખનો અઝાબ છે. (૧૪)

તફસીર :

તે સમયને યાદ કરો જ્યારે અલ્લાહ તઆલા તમારા ઉપર ઊંઘ નાંખી રહ્યો હતો પોતાના તરફથી સંતોષ આપવા માટે; અને તમારા ઉપર આસમાનથી પાણી વરસાવી રહ્યો હતો જેથી તે પાણી દ્વારા તમને (વિના વુઝૂ અથવા વિના ગુસ્લની પરિસ્થિતિથી) પાક કરી આપે અને (જેથી તેના દ્વારા) તમારાથી શયતાનનો વસવસો દૂર કરે અને (જેથી) તમારા દિલોને મજબૂત કરી આપે અને (જેથી) તમારા પગ જમાવી આપે (એટલે કે તમે રેતીમાં કે દલદલમાં ધસી ન જાઓ); તે સમયને યાદ કરો જ્યારે કે તમારો પરવરદિગાર (તે) ફરિશ્તાઓને (જેઓ મદદ માટે નાઝિલ થયા હતા) હુકમ આપતો હતો કે બસ તમે કાફિરોની ગરદનો ઉપર (હથિયાર) મારો અને તેમના સાંધે-સાંધાને ઘા કરો, આ તે વાતની સજા છે કે તેમણે અલ્લાહ તઆલાનો અને તેના રસૂલનો વિરોધ કર્યો અને જે અલ્લાહ અને તેના રસૂલ (ﷺ)નો વિરોધ કરે છે તો અલ્લાહ તઆલા (તેને) સખત સજા આપે છે, (ભલે દુનિયામાં કોઈ હિકમતથી અથવા આખિરતમાં અથવા બંને જહાનમાં) બસ (પ્રત્યક્ષ) આ સજા ચાખો અને જાણી લો કે કાફિરો માટે જહન્નમનો અઝાબ નક્કી જ છે.

મસ્અલા અને બોધપાઠ :

શરૂઆતની સૂરએ અન્ફાલમાં અલ્લાહ તઆલાના જે ઈનામોનું વર્ણન થઈ રહ્યું છે તે તેના ફરમાંબરદાર બંદાઓ ઉપર નાઝિલ થયું, ગઝ્વએ બદ્રની ઘટનાઓ પણ આ જ ક્રમની કડીઓ છે. ગઝ્વએ બદ્રમાં અલ્લાહ તઆલા તરફથી જે ઈનામો અર્પણ થયા તેમાંથી પ્રથમ ઈનામ તો પોતે મુસલમાનોનું આ જિહાદ માટે નીકળવું છે, જેનું વર્ણન આયત إِذْ أَخْرَجَكَ رَبُّكَ માં થયું છે. બીજું ઈનામ ફરિશ્તાઓની મદદનો વાયદો છે જેનું વર્ણન આયત إِذْ يَعِدُكُمُ اللّٰهُ માં આવ્યું છે. ત્રીજું ઈનામ દુઆ કબૂલ થવી અને મદદના વાયદાને પૂરો કરવાનું છે' જેનું વર્ણન આયત إِذْ تَسْتَغِيثُونَ رَبَّكُمْ માં થયું છે. પ્રસ્તુત ઉપરોક્ત આયતોમાંથી પ્રથમ આયતમાં ચોથા ઈનામનું વર્ણન છે જેમાં મુસલમાનો માટે બે નેઅ્મતોનો ઉલ્લેખ છે, એક બધા ઉપર ઊંઘ છવાઈ ગઈ જેનાથી પરેશાની, થકાવટ દૂર થઈ ગઈ અને બીજું વરસાદ દ્વારા તેમના માટે પાણીનો પૂરવઠો પૂરો પાડવામાં આવ્યો

અને યુદ્ધના મેદાનને તેમના માટે સમથળ તથા દુશ્મનો માટે કાદવ-કીચડવાળું બનાવી દીધું.

આ ઘટનાની વિગત એવી છે કે, જે સમયે કુફ્ર અને ઈસ્લામનો આ પ્રથમ મુકાબલો થયો તો મક્કાના કાફિરોનું લશ્કર પહેલાં પહોંચીને એક એવા સ્થળ ઉપર પડાવ નાંખી ચૂક્યું હતું જે ઊંચાઈ ઉપર હતું, પાણી તેમનાથી નજીક હતું, રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) જ્યારે એ સ્થળે પહોંચ્યા તો ખીણની નીચેના ભાગમાં જગ્યા મળી. કુર્આને કરીમે આ યુદ્ધના મેદાનનો નકશો આ જ સૂરતની ૪૨મી આયતમાં આ પ્રમાણે ખેંચ્યો છે, اِذْ اَنْتُمْ بِالْعُدْوَةِ الدُّنْيَا وَهُمْ بِالْعُدْوَةِ الْقُصْوٰى (૮ : ૪૨) જેનું વિસ્તૃત વર્ણન આગળ આવશે.

જે સ્થળે પહોંચીને રસૂલે કરીમ ﷺએ પ્રથમ પડાવ નાંખ્યો તે સ્થળના જાણકાર હઝરત હબ્બાબ બિન મંઝર (રદિ.)એ તેને યુદ્ધના દષ્ટિકોણથી અયોગ્ય સમજીને વિનંતી કરી કે, "યા રસૂલુલ્લાહ ﷺ ! જે સ્થળને તમે અપનાવ્યું છે શું તે અલ્લાહ તઆલાના હુકમથી છે જેમાં અમને કોઈ અધિકાર નથી ? કે પછી આ ફક્ત અમારા અભિપ્રાય અને મસ્લિહતને આધીન અપનાવવામાં આવ્યું છે ?" રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, "ના ! આ કોઈ અલ્લાહના હુકમથી નથી તેમાં ફેરફાર કરી શકાય છે" તો હઝરત હબ્બાબ બિન મંઝર (રદિ.)એ વિનંતી કરી કે, "પછી તો શ્રેષ્ઠ એ જ છે કે આ સ્થળેથી થોડા આગળ કૂચ કરીને મક્કાના સરદારોના લશ્કરની પાસે એક પાણીની જગ્યા છે તેના ઉપર કબજો કરવામાં આવે, ત્યાં આપને છૂટથી પાણી મળી જશે." રસૂલે કરીમ ﷺએ તેમની સલાહ સ્વીકારી લીધી અને ત્યાં જઈને પાણી ઉપર કબજો કર્યો, એક હોજ પાણી માટે બનાવ્યો, તેમાં પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો.

તેનાથી સંતોષિત થયા પછી હઝરત સઅદ ઈબ્ને મઆઝ (રદિ.)એ વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! અમારું માનવું એવું છે કે અમે તમારા માટે કોઈ સુરક્ષિત જગ્યાએ એક તંબુ બનાવી આપીએ, જ્યાં આપ રહો અને સવારી પણ તમારી પાસે રહે.

એનો હેતુ એ છે કે અમે દુશ્મનોના મુકાબલામાં જિહાદ કરીશું, જો અલ્લાહ તઆલા અમને વિજય આપશે તો મકસદ એ જ છે અને જો

ખુદા-ન-ખ્વાસ્તા કોઈ બીજી પરિસ્થિતિ સામે આવે તો આપ ﷺ પોતાની સવારીઓ ઉપર સવાર થઈને તે સહાબએ કિરામ (રદિ.)ની સાથે જઈને મળી જાઓ જેઓ મદીના તય્યિબહમાં રહી ગયા છે, કારણ કે મારું અનુમાન એ છે કે તે લોકો પણ તમારી મહોબ્બત અને તમારી વફાદારીમાં અમારાથી ઓછા નથી અને જો તેમને તમારા નીકળતી વખતે એવી કલ્પના હોત કે તમારો સશસ્ત્ર લશ્કર સાથે મુકાબલો થવાનો છે તો તેમનામાંથી કોઈપણ પાછળ ન રહ્યું હોત. તમે મદીનામાં પહોંચી જશો તો તેઓ તમારા સાથીદાર રહેશે.'' રસૂલે કરીમ ﷺએ તેમની આ બહાદુરીપૂર્વકની ભલામણ ઉપર દુઆઓ આપી અને એક નાનો તંબુ આપ ﷺ માટે બનાવવામાં આવ્યો જેમાં રસૂલે કરીમ ﷺ અને હઝરત સિદ્દિકે અકબર (રદિ.) સિવાય કોઈ ન હતું, હઝરત મઆઝ (રદિ.) દરવાજા ઉપર સુરક્ષા માટે તલવાર લઈને ઊભા હતા.

યુદ્ધની પહેલી રાત હતી, ૩૧૩ શસ્ત્ર-સરંજામથી વંચિત લોકોનો મુકાબલો પોતાનાથી ત્રણ ઘણી સંખ્યા એટલે કે, એક હજાર સશસ્ત્ર સેના સાથે હતો, યુદ્ધના મેદાનમાં પણ સારું સ્થળ તેમના કબજામાં આવી ચૂક્યું હતું, નીચાણવાળો વિસ્તાર તે પણ સખત રેતીવાળો જેમાં ચાલવું પણ મુશ્કેલ હતું મુસલમાનોના ફાળે આવ્યો હતો. સ્વભાવિક ચિંતા અને પરેશાનીથી બધા લોકોના દિલમાં શયતાને એવો વસવસો નાંખવાની શરૂઆત પણ કરી હતી કે તમે લોકો પોતાની જાતને સત્ય ઉપર હોવાનું કહો છો અને આવા સમયે પણ આરામ કરવાના બદલે તહજ્જુદ, નમાઝ વગેરેમાં મશ્ગૂલ રહો છો પરંતુ પરિસ્થિતિ તો એવી છે કે દુશ્મન દરેક ક્ષેત્રમાં તમારા ઉપર ભારે અને તમારાથી વધારે મજબૂત છે, આવી પરિસ્થિતિમાં અલ્લાહ તઆલાએ મુસલમાનો ઉપર એક ખાસ પ્રકારની ઊંઘ નાંખી દીધી જેનાથી દરેક મુસલમાનને ભલે તેનો ઈરાદો સૂવાનો હોય કે ન હોય તે સૌને ઊંઘાડી દીધા.

હદીષ કંઠસ્થ કરનાર અબૂ યઅ્લીએ નકલ કર્યું છે કે, ''હઝરત અલી મુર્તઝા (રદિ.)એ ફરમાવ્યું કે ગઝ્વએ બદ્રની તે રાતમાં અમારામાંથી કોઈ બાકી રહ્યું ન હતું કે જેઓ સૂઈ ન ગયા હોય. ફક્ત રસૂલે કરીમ ﷺ આખી રાત જાગતા રહીને સવાર સુધી તહજ્જુદની નમાઝમાં પ્રવૃત્ત હતા.''

ઈબ્ને કષીર (રહ.)એ સહીહ હવાલાથી નકલ કર્યું છે કે, ''રસૂલુલ્લાહ

ﷺ એ રાત્રે જ્યારે કે પોતાના તંબુમાં તહજ્જુદની નમાઝમાં મશ્ગૂલ હતા, આપ ﷺને પણ કોઈ રીતે ઊંઘ આવી પરંતુ તરત જ હસતા-હસતા જાગીને ફરમાવ્યું, હે અબૂબક્ર (રદિ.) ! ખુશખબરી સાંભળો, આ જિબ્રઈલ ટેકરી પાસે ઊભા છે અને એવું કહીને રસૂલે કરીમ ﷺ તંબુની બહાર આ આયત પઢતા-પઢતા નીકળ્યા. سَيُهْزَمُ الْجَمْعُ وَيُوَلُّوْنَ الدُّبُرَ (૫૪ : ૪૫) એટલે કે, નિકટમાં જ દુશ્મનનું લશ્કર હારી જશે અને પીઠ ફેરવીને નાસી છૂટશે." અમુક રિવાયતોમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ બહાર નીકળીને વિવિધ સ્થળો તરફ ઈશારો કરીને ફરમાવ્યું, આ અબૂ જહલની કતલ થવાની જગ્યા છે, આ ફલાણાની, આ ફલાણાની અને પછી બરાબર એ જ પ્રમાણે તે ઘટનાઓ ઘટી. *(તફસીરે મઝહરી)*

ગઝ્વએ બદ્રમાં થાક અને પરેશાની દૂર કરવા માટે અલ્લાહ તઆલાએ બધા જ સહાબએ કિરામ (રદિ.) ઉપર એક ખાસ પ્રકારની ઊંઘ નાંખી દીધી હતી એ જ પ્રમાણે ગઝ્વએ ઉહદમાં પણ એવી જ ઘટના ઘટી.

[સુફિયાન થૌરી (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયત નકલ કરી છે કે, "યુદ્ધની પરિસ્થિતિમાં ઊંઘ આવવી અલ્લાહ તઆલા તરફથી શાંતિ અને સંતોષની નિશાની હોય છે અને નમાઝમાં ઊંઘ આવવી શયતાન તરફથી હોય છે."] - આમ *(ઈબ્ને કષીર)*

બીજી નેઅ્મત મુસલમાનોને આ રાત્રિમાં એ મળી કે વરસાદ થયો, જેનાથી યુદ્ધના મેદાનનો નકશો બિલકુલ પલટાઈ ગયો, કુરૈશી લશ્કરે જે સ્થળે કબજો કર્યો હતો ત્યાં ખૂબ મૂશળધાર વરસાદ પડ્યો, જેનાથી મેદાનમાં કાદવ-કીચડ થઈ ગયો, હરવું-ફરવું પણ મુશ્કેલ થઈ ગયું અને જે સ્થળે રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ની છાવણી હતી ત્યાં રેતીના કારણે જે વરસાદ પહેલાં ચાલવું, ફરવું મુશ્કેલ હતું ત્યાં હળવો વરસાદ થવાથી બધી જ રેતી જામી ગઈ અને મેદાન બિલકુલ સમથળ અને અનુકૂળ થઈ ગયું.

પ્રસ્તુત આયતોમાં આ જ બે નેઅ્મતોનું વર્ણન છે, "ઊંઘ" અને "વરસાદ"; જેણે યુદ્ધના મેદાનનો નકશો ઉલટાવી નાંખીને તે શયતાની વસવસાઓને ધોઈ નાંખ્યા જે અમુક કમજોર લોકોને સતાવી રહ્યા હતા કે, અમે સત્ય ઉપર હોવા છતાં પરેશાની અને પરાજિત થતા હોય એવું લાગે છે અને

દુશ્મન અસત્ય ઉપર હોવા છતાં શક્તિ અને દબદબા તથા સંતોષપૂર્વકની પરિસ્થિતિમાં છે.

પ્રસ્તુત આયતમાં ફરમાવ્યું કે, "તે સમયને યાદ કરો જ્યારે કે અલ્લાહ તઆલા તમારા ઉપર ઊંઘ નાંખી રહ્યો હતો સંતોષ આપવા માટે અને તમારા ઉપર પાણી વરસાવી રહ્યો હતો, જેથી તે પાણીથી તમને પાક કરી આપે અને તમારાથી શયતાની વસવસાઓને દૂર કરી આપે અને તમારા દિલોને મજબૂત કરી આપે અને તમારા કદમ જમાવી દે."

બીજી આયતમાં પાંચમા ઈનામનું વર્ણન છે, જે આ ગઝ્વએ બદ્રના યુદ્ધના મેદાનમાં મુસલમાનો ઉપર ઉતારવામાં આવ્યું, તે એ કે અલ્લાહ તઆલાના જે ફરિશ્તાઓ મુસલમાનોની સહાય માટે મોકલવામાં આવ્યા હતા તેમને સંબોધન કરીને ફરમાવ્યું કે હું તમારી સાથે છું, તમે ઈમાનવાળાઓની હિમ્મત વધારો, હું હમણા કાફિરોના દિલોમાં ધાક નાંખી દઉં છું, બસ તમે કાફિરોની ગરદનો ઉપર હથિયાર મારો અને તેમના સાંધે-સાંધા ઉપર મારો.

તેમાં ફરિશ્તાઓને બે કામ સોંપવામાં આવ્યા, એક એ કે મુસલમાનોની હિમ્મત વધારો, આ એ પ્રમાણે પણ હોઈ શકે છે કે ફરિશ્તાઓ મેદાનમાં આવીને તેમની સંખ્યાને વધારે અને તેમની સાથે મળીને યુદ્ધમાં ભાગ લે અને એ પ્રમાણે પણ હોઈ શકે છે કે પોતાની શક્તિથી મુસલમાનોના દિલોને મજબૂત કરી દે અને તેમનામાં તાકાત પેદા કરી આપે, બીજું કામ એ પણ તેમને સોંપવામાં આવ્યું હતું કે ફરિશ્તાઓ પોતે પણ યુદ્ધમાં ભાગ લે અને કાફિરો ઉપર આક્રમણ કરે. આ આયતથી જાહેર એ જ થાય છે કે ફરિશ્તાઓએ બંને કામો પૂર્ણ કર્યા. મુસલમાનોના દિલોમાં હિમ્મત અને શક્તિ વધારી અને યુદ્ધમાં પણ ભાગ લીધો અને તેનું સમર્થન અમુક હદીષોની રિવાયતોથી પણ થાય છે જે તફસીરે દૂર્રે મન્સૂર અને મઝહરીમાં વિગતવાર વર્ણન કરવામાં આવી છે અને ફરિશ્તાઓના યુદ્ધની પ્રત્યક્ષ સાબિતીઓ અને ગવાહીઓ સહાબએ કિરામ (રદિ.) દ્વારા નકલ કરવામાં આવી છે.

ત્રીજી આયતમાં એ ઈરશાદ ફરમાવ્યો કે, "કુફ્ર અને ઈસ્લામના આ યુદ્ધમાં જે કંઈ પણ થયું તેનું કારણ એ હતું કે તે કાફિરોએ અલ્લાહ તઆલાનો

અને તેના રસૂલે કરીમ ﷺનો વિરોધ કર્યો અને જે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺનો વિરોધ કરે છે તેમના માટે અલ્લાહ તઆલાનો અઝાબ કઠોર અને સખત હોય છે.'' આથી જાણ થઈ કે ગઝ્વએ બદ્રમાં એક બાજુ તો મુસલમાનો ઉપર ઇનામો નાઝિલ કરવામાં આવ્યા, વિજય અને મદદ તેમને જ પ્રાપ્ત થઈ અને બીજી બાજુ કાફિરો ઉપર મુસલમાનોના હાથે અઝાબ નાઝિલ ફરમાવીને તેમને તેમની દુષ્ટતાની થોડી સજા પણ આપી દીધી અને તેનાથી વધારે ભારે સજા આખિરતમાં થવાની છે જેને ચોથી આયતમાં વર્ણન કરવામાં આવી,

ذٰلِكُمْ فَذُوْقُوْهُ وَاَنَّ لِلْكٰفِرِيْنَ عَذَابَ النَّارِ

એટલે કે આ અમારો થોડો અઝાબ છે, તેને ચાખો અને સમજી લો કે ત્યારબાદ કાફિરો માટે જહન્નમનો અઝાબ આવનારો છે, જે અત્યંત સખત અને અકલ્પનીય તકલીફવાળો છે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૧૫ થી ૧૯)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا زَحْفًا فَلَا تُوَلُّوْهُمُ الْاَدْبَارَ ﴿۱۵﴾
وَمَنْ يُّوَلِّهِمْ يَوْمَئِذٍ دُبُرَهٗۤ اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ اَوْ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ فَقَدْ بَآءَ
بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰىهُ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۱۶﴾ فَلَمْ تَقْتُلُوْهُمْ وَلٰكِنَّ اللّٰهَ
قَتَلَهُمْ ۪ وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى ۚ وَلِيُبْلِيَ الْمُؤْمِنِيْنَ مِنْهُ
بَلَآءً حَسَنًا ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۱۷﴾ ذٰلِكُمْ وَاَنَّ اللّٰهَ مُوْهِنُ كَيْدِ الْكٰفِرِيْنَ ﴿۱۸﴾ اِنْ
تَسْتَفْتِحُوْا فَقَدْ جَآءَكُمُ الْفَتْحُ ۚ وَاِنْ تَنْتَهُوْا فَهُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَاِنْ تَعُوْدُوْا نَعُدْ ۚ
وَلَنْ تُغْنِيَ عَنْكُمْ فِئَتُكُمْ شَيْـًٔا وَّلَوْ كَثُرَتْ ۙ وَاَنَّ اللّٰهَ مَعَ الْمُؤْمِنِيْنَ ﴿۱۹﴾ ع

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે કાફિરો સાથે યુદ્ધના મેદાનમાં ભિડાઓ તો તેમનાથી પીઠ ન ફેરવો. (૧૫) અને જે કોઈ તે દિવસે તેમનાથી પીઠ ફેરવે

પરંતુ એ કે લડાઈનો પેંતરો બદલતો હોય અથવા પોતાની કુમકમાં ભળી જતો હોય, બસ (એ હેતુ સિવાય જે પીઠ ફેરવશે) તે અલ્લાહનો ક્રોધ લઈને પાછો ફર્યો અને તેનું ઠેકાણું દોઝખ છે અને તે કેટલું ખરાબ ઠેકાણું છે ! (૧૬) બસ તમે તેમને નથી માર્યા પરંતુ અલ્લાહે તેમને માર્યા અને તમે માટીની મુઠ્ઠી નથી ફેંકી જે વખતે કે ફેંકી હતી પરંતુ અલ્લાહે ફેંકી અને જેથી ઈમાનવાળાઓ ઉપર પોતાના તરફથી ખૂબ અહેસાન કરે, બેશક ! અલ્લાહ સઘળું સાંભળનાર સઘળું જાણનાર છે. (૧૭) આ તો થઈ ચૂક્યું; અને જાણી રાખો કે અલ્લાહ કાફિરોની યુક્તિ (ચાલબાજી)ને મંદ પાડી (નિષ્ફળ કરી) દેશે. (૧૮) અને જો તમે ફેંસલો ઈચ્છતા હોય તો તમારી પાસે ફેંસલો પહોંચી ચૂક્યો અને જો પાછા વળો તો તમારા માટે ઉત્તમ છે અને જો આવું જ કરશો તો અમે પણ ફરી એવું જ કરીશું અને તમારો જથ્થો તમારા કંઈ કામ આવશે નહીં ભલે ઘણો હોય અને જાણી લો કે અલ્લાહ ઈમાનવાળાઓની સાથે છે. (૧૯)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમારો કાફિરો સાથે (જિહાદમાં) સામ-સામે મુકાબલો થઈ જાય તો તેમનાથી પીઠ ન ફેરવશો (એટલે કે જિહાદથી નાસી ન છૂટશો) અને જે વ્યક્તિ તેમનાથી એ સ્થળ ઉપર (એટલે કે મુકાબલાના સમયે) પીઠ ફેરવશે પરંતુ હા ! જો લડાઈના માટે પેંતરો બદલતો હોય અથવા પોતાની ફૌજમાં ભળી જવા માંગતો હોય તો તે અપવાદ છે, અન્યથા જો એવું કરશે તો તે અલ્લાહના ક્રોધનો ભોગ બનશે અને તેનું ઠેકાણું જહન્નમ હશે અને તે ઘણી જ ખરાબ જગ્યા છે (فَلَمْ تَقْتُلُوْهُمْ.... ની અંદર પણ એક કિસ્સા તરફ ઈશારો છે તે એ કે રસૂલે કરીમ ﷺએ બદ્રના દિવસે કાંકરીઓની એક મુઠ્ઠી ઉઠાવીને કાફિરો તરફ ફેંકી જેની રજકણો સૌ કાફિરોની આંખોમાં જઈને પડી અને તેમની હાર થઈ, એ જ પ્રમાણે ફરિશ્તાઓનું મદદ માટે આવવું ઉપર વર્ણન થઈ ચૂક્યું છે, તેના ઉપર વધારે પ્રકાશ પાડવામાં આવે છે કે જ્યારે આવી આશ્ચર્યજનક ઘટનાઓ થઈ કે જે બિલકુલ તમારા અધિકારક્ષેત્રની બહાર છે) બસ, (તેનાથી ખબર પડે છે કે વાસ્તવમાં) તેઓને (એટલે કે કાફિરોને) તમે કતલ નથી કર્યા પરંતુ (હા ! નિઃશંક !) અલ્લાહ તઆલાએ જ તેમને કતલ કર્યા (કારણ કે

કોઈપણ વસ્તુને સાચી રીતે પ્રભાવી કરવી તેની જ કુદરત છે) અને (આ પ્રમાણે વાસ્તવિક પ્રભાવની રૂએ હે નબી ﷺ !) માટીની મુઠ્ઠી (તેમના તરફ) તમે નથી ફેંકી પરંતુ (એની જ કુદરતના પ્રભાવની રૂએ વાસ્તવમાં) અલ્લાહ તઆલાએ તે ફેંકી અને (વાસ્તવિક રીતે દરેક બાબત પ્રભાવી કરનાર અલ્લાહ તઆલા જ છે પછી જે કતલ કરવાની પ્રવૃત્તિઓ વગેરેને બંદાના અમલ પર આધારિત કર્યું છે તો તેમાં તેની હિકમત એ છે કે) જેથી મુસલમાનોને પોતાના તરફથી (તેમના અમલનો) ખૂબ સારો બદલો આપે (અને બદલો આપવાની અલ્લાહની સુન્નત એ વાત પર અવલંબિત છે કે કોઈ પ્રવૃત્તિ માત્ર તેના જ ઈરાદા અને અધિકારથી થઈ હોય) નિઃશંક ! અલ્લાહ તઆલા (તે મો'મિનોના નિવેદનોને) ખૂબ સાંભળનારો (અને તેમની પ્રવૃત્તિઓ અને અહેવાલોને) સારી પેઠે જાણનારો છે (અને આ યુદ્ધની પરિસ્થિતિમાં જે તમને સંઘર્ષ કરવો પડ્યો અને તકલીફ પડી તેની અમને જાણ છે અને અમે તેના ઉપર તમને સારો બદલો આપીશું); એક વાત તો આ થઈ અને બીજી વાત એ છે કે અલ્લાહ તઆલા કાફિરોની યુક્તિઓને કમજોર કરવા માંગતો હતો (અને વધારે કમજોરી તે સમયે જાહેર થાય છે, જ્યારે પોતાના સમકક્ષ બલકે પોતાનાથી કમજોર અને અશક્તના હાથે પરાજિત થઈ જાય અને આ પણ એ બાબત ઉપર અવલંબિત છે કે તે કામો મો'મિનો દ્વારા જાહેર થાય, નહિતર તેઓ એવું કહી શકતા હતા કે અમારી યોજનાઓ અને યુક્તિઓ મજબૂત હતી પરંતુ મજબૂત લોકોની સામે અલ્લાહની યુક્તિઓ હતી તેથી અમારી કાફિરોની યુક્તિઓ ન ચાલી શકી માટે તેનાથી આવનારા સમયમાં મુસલમાનોના મુકાબલામાં તેમની હિમ્મત તૂટી ગઈ ન હોત, કારણ કે તેઓ તેમને કમજોર જ સમજતા હતા), જો તમે લોકો ફેંસલો ઈચ્છતા હોય તો આ ફેંસલો તમારી પાસે આવી ચૂક્યો (કે જે સત્ય ઉપર હતા તેઓ વિજયી થયા) અને જો (હવે સત્ય વધારે સ્પષ્ટ થયા પછી રસૂલે કરીમ ﷺનો વિરોધ કરવાથી) અટકી જાઓ તો એ તમારા માટે અત્યંત સારું છે અને જો (હજુ પણ ન અટક્યા બલકે) તમે ફરી તે જ કામ કરશો (એટલે કે વિરોધ કરશો) તો અમે પણ ફરી આવું જ કામ કરીશું (એટલે કે તમને પરાજિત કરીશું અને મુસલમાનોને વિજયી બનાવીશું) અને (જો તમને પોતાની વધારે સંખ્યા ઉપર ઘમંડ હોય કે હવે પછી આનાથી વધારે સંખ્યા ભેગી કરીશું તો યાદ રાખો કે) તમારું સંખ્યાબળ જરા પણ કામ ન આવશે, ભલે

સંખ્યા કેટલીય વધારે હોય અને સાચી વાત તો એ છે કે અલ્લાહ તઆલા (વાસ્તવમાં) ઈમાનવાળાઓની સાથે છે (એટલે કે તેમનો સહાયક છે, ભલે કોઈ કારણસર કોઈ સમયે તેઓ વિજયી ન થઈ શકે પરંતુ વિજયનું સાચું કારણ આ ઈમાન જ છે, એટલા માટે તેમની સામે મુકાબલો કરવો પોતાનું જ નુકસાન કરવા સમાન છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ બે આયતોમાં ઈસ્લામનો યુદ્ધ વિશેનો એક કાયદો બતાવવામાં આવ્યો છે, પ્રથમ આયતમાં શબ્દ زَحْف (ઝહ્ફ)નો અર્થ બંને લશ્કરોનું મુકાબલા માટે સામ-સામે ભિડાઈ જવું થાય છે, તેનો અર્થ એ છે કે આવું ઘમસાણ યુદ્ધ ચાલુ થયા પછી પીઠ ફેરવવી અને મેદાનમાંથી નાસવું મુસલમાનો માટે જાઇઝ નથી.

બીજી આયતમાં આ હુકમનો એક અપવાદ વર્ણન કર્યો અને નાજાઇઝ પદ્ધતિથી નાસનારાઓ માટે સખત અઝાબનો ઉલ્લેખ છે.

અપવાદ બે પરિસ્થિતિઓમાં છે, اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ اَوْ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ એટલે કે, યુદ્ધના સમયે પીઠ ફેરવવી ફક્ત બે પરિસ્થિતિઓમાં જાઇઝ છે, એક તો એ કે મેદાનમાંથી પીઠ ફેરવવી ફક્ત યુદ્ધના એક દાવપેચ અને પેંતરા સ્વરૂપે માત્ર દુશ્મનને બતાવવા માટે હોય, વાસ્તવમાં મેદાનમાંથી પીછેહઠ કરવાનો હેતુ ન હોય બલકે વિરોધીઓને ગફલતમાં નાંખવા અને ફરીવાર સંગઠિત થઈ એકીસાથે હુમલો કરવા માટેની યોજના હેઠળ હોય. اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ નો આ જ ભાવાર્થ છે, કારણ કે تَحَرُّف (તહર્રુફ)નો અર્થ "કોઈ એક સ્થળે કેન્દ્રિત થઈ જવાનો" થાય છે.

(રૂહૂલ મઆની)

બીજા અપવાદની પરિસ્થિતિ કે જેમાં મેદાનમાંથી પીઠ ફેરવવાની પરવાનગી છે કે, પોતાના ઉપસ્થિત લશ્કરની કમજોરીની અનુભૂતિ (અનુભવ) કરીને એટલા માટે પીછેહઠ કરે કે મુજાહિદોની વધારે કુમક પ્રાપ્ત કરી ફરી આક્રમણ કરવામાં આવે. اَوْ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ નો એ જ અર્થ છે, કારણ કે تَحَيُّز (તહય્યુઝ)નો શાબ્દિક અર્થ "ભળી જવું" અથવા "ભેગા થઈ જવું" થાય છે અને فِئَة (ફિઅહ)નો અર્થ "સમૂહ" થાય છે. મતલબ એ છે કે, પોતાના સમૂહ સાથે

ભળી જઈ શક્તિ પ્રાપ્ત કરવા માટે અને ફરી એકવાર હુમલો કરવાની નિય્યતથી મેદાનમાંથી પીછેહઠ કરે તો તે જાઇઝ છે.

આ અપવાદોનું વર્ણન કર્યા પછી તે લોકોની સજાનું વર્ણન છે જે લોકોએ કોઈ અપવાદજનક પરિસ્થિતિ વિના નાજાઇઝ રીતે મેદાન છોડયું અથવા પીઠ ફેરવી, ઇરશાદ છે, فَقَدْ بَآءَ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَمَاْوٰهُ جَهَنَّمُ وَبِئْسَ الْمَصِيْرُ એટલે કે, "મેદાનેથી ભાગનારા અલ્લાહ તઆલાના ક્રોધ સાથે પાછા ફર્યા અને તેમનું ઠેકાણું જહન્નમ છે અને તે બુરું ઠેકાણું છે."

આ બંને આયતોથી એ હુકમની જાણ થઈ કે, વિરોધી પક્ષ મુકાબલામાં ગમે તેટલી મોટી સંખ્યા, શક્તિ અને શસ્ત્રધારી હોય મુસલમાનોએ તેમના મુકાબલાથી પીઠ ફેરવવી હરામ છે, ફક્ત બે અપવાદરૂપ પરિસ્થિતિઓમાં; તે એ કે પીઠ ફેરવવી યુદ્ધથી ભાગવા માટે ન હોય બલકે કોઈ યોજના હેઠળ પેંતરો બદલવા માટે હોય અથવા વધારે કુમક-પૂરવઠો પ્રાપ્ત કરીને ફરી એકવાર હુમલો કરવાનો ઇરાદાથી હોય.

ગઝ્વએ બદ્રમાં આ આયતો નાઝિલ થઈ તે સમયે એ જ હુકમ સામાન્ય હતો કે, ભલે ગમે તેટલી મોટી સંખ્યા સાથે મુકાબલો થઈ જાય પોતાની સંખ્યા સામે તેની કોઈ સરખામણી ન કરે અને આ મુકાબલાથી પીઠ ફેરવવી અને યુદ્ધનું મેદાન છોડવું જાઇઝ નથી. બદ્રના મેદાનમાં એવી જ પરિસ્થિતિ હતી કે ૩૧૩ના મુકાબલામાં ત્રણ ઘણી સંખ્યા એટલે કે એક હજાર સૈનિકો હતા, પાછળથી ઘટાડાના હુકમો સૂરએ અન્ફાલની ૬૫ અને ૬૬ નંબરની આયતમાં નાઝિલ થયા. ૬૫ નંબરની આયતમાં ૨૦ મુસલમાનોને ૨૦૦ કાફિરોના અને ૧૦૦ મુસલમાનોને એક હજાર કાફિરોના મુકાબલામાં યુદ્ધ કરવાનો હુકમ છે અને આયત નંબર ૬૬માં વધારે ઘટાડાનો કાયદો નાઝિલ થયો. اَلْاٰنَ خَفَّفَ اللّٰهُ عَنْكُمْ وَعَلِمَ اَنَّ فِيْكُمْ ضَعْفًا ۚ فَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ صَابِرَةٌ يَّغْلِبُوْا مِائَتَيْنِ..... એટલે કે, "અલ્લાહ તઆલાએ તમારા માટે સરળતા કરી આપી અને તમારી અશક્તિને દૃષ્ટિ સમક્ષ રાખી એ કાયદો લાગુ પાડયો કે જો મુસલમાનોમાં સો વ્યક્તિ અડગ હોય તો ૨૦૦ કાફિરો ઉપર વિજયી થઈ શકશે." તેમાં ઇશારો કરવામાં આવ્યો કે પોતાનાથી બમણી સંખ્યા સુધી તો મુસલમાનો જ વિજયી રહેવાનું અનુમાન છે, એટલા માટે પીઠ ફેરવવી જાઇઝ નથી. હા ! વિરોધી પક્ષની સંખ્યા બમણા કરતા

વધારે થઈ જાય તો એવા સમયે મેદાનમાંથી પીછેહઠ કરવી જાઈઝ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "જે વ્યક્તિ એકલો ત્રણ વ્યક્તિઓના મુકાબલાથી ભાગે તેને નાસી છૂટલો ન કહેવાશે. હા ! જે એક વ્યક્તિ બે વ્યક્તિઓના મુકાબલાથી ભાગે તો તે ભાગેડુ છે, એટલે કે તેણે ગુનાહે કબીરહ (જઘન્ય અપરાધ) આચર્યો." (રૂહુલ બયાન) હવે આ જ હુકમ કયામત સુધી ચાલુ રહેશે. જમહૂર ઉમ્મત અને ચારે ઈમામોના મતે શરીઅતનો હુકમ એ જ છે કે, જ્યાં સુધી વિરોધી પક્ષની સંખ્યા બમણાથી વધારે ન થઈ જાય તે સમય સુધી યુદ્ધના મેદાનમાંથી નાસવું હરામ અને ગુનાહે કબીરહ છે.

સહીહૈનમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત નકલ થઈ છે કે, રસૂલે કરીમ ﷺએ સાત કાર્યોને મનુષ્યો માટે ખૂબ નુકસાનકર્તા બતાવ્યા. તેમાંથી યુદ્ધના મેદાનમાંથી નાસી છૂટવું પણ સામેલ છે અને ગઝ્વએ હુનૈનની ઘટનામાં સહાબએ કિરામ (રદિ.)ની શરૂઆતની પીછેહઠને કુર્આને કરીમે એક શયતાની ભૂલ ઠરાવી છે, જે તેમનો મહાન ગુનાહ હોવાની દલીલ છે.

ફરમાવ્યું اِنَّمَا اسۡتَزَلَّهُمُ الشَّيۡطٰنُ (શયતાને તેમને સૂવાડી દીધા. ૩:૧૫૫)

તિરમિઝી અને અબૂ દાવુદની એક રિવાયતમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)નો એક કિસ્સો નકલ થયો છે કે, એક સમયે યુદ્ધથી ભાગીને તેમણે મદીનામાં શરણ લીધું અને રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થઈને પોતાના ગુનાહનો સ્વીકાર કર્યો કે, અમે યુદ્ધના મેદાનમાંથી ભાગનારા અપરાધી છીએ. રસૂલે કરીમ ﷺએ તેમનાથી નારાજગી બતાવવાના બદલે તેમને દિલાસો આપ્યો અને ફરમાવ્યું, بَلۡ اَنۡتُمُ الۡعَكَّارُوۡنَ وَاَنَا فِئَتُكُمۡ એટલે કે, "તમે ભાગનારાઓમાંથી નથી બલકે, કુમક પ્રાપ્ત કરીને ફરીવાર હુમલો કરનારા છો અને હું તમારા માટે કુમક છું," તેમાં રસૂલે કરીમ ﷺએ તે વાસ્તવિકતાને સ્પષ્ટ કરી દીધી કે તે લોકોએ ભાગીને મદીનામાં શરણ લીધું તે આ અપવાદમાં સામેલ છે જેમાં કુમક-પૂરવઠો પ્રાપ્ત કરવા માટે મેદાનમાંથી પીછેહઠ કરવાની પરવાનગી આપવામાં આવી છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ને અલ્લાહ તઆલાનો ડર, તેની ધાક અને તેની મોટાઈનું તે ખાસ સ્થાન પ્રાપ્ત હતું જેની બીના ઉપર તેઓ આ દેખીતી પીછેહઠથી પણ ગભરાયા અને પોતાની જાતને અપરાધીના સ્વરૂપમાં રસૂલે કરીમ ﷺની સેવામાં રજૂ કરી દીધી.

ત્રીજી આયતમાં ગઝ્‌વએ બદ્રના બાકી કિસ્સાનો ઉલ્લેખ કરવાની સાથે-સાથે મુસલમાનોને એવી સૂચના આપવામાં આવી છે કે, ગઝ્‌વએ બદ્રના ચમત્કારિક વિજયમાં સંખ્યાની બહુમતી અથવા લઘુમતી અથવા કમજોરના શક્તિશાળી ઉપર વિજયી થઈ જવાને પોતાના પ્રયત્નો અને પ્રવૃત્તિનું પરિણામ ન સમજો બલકે, તે પાક જાત તરફ જૂઓ જેની મદદ અને સહાય દ્વારા યુદ્ધનો નકશો પલટાઈ ગયો.

આ આયતમાં જે કિસ્સો વર્ણન થયો તેની વિગત ઈબ્ને જરીર તબરી (રહ.) અને બયહકી વગેરેએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એવી નકલ કરી છે કે, “બદ્રના યુદ્ધના દિવસે જ્યારે મક્કના એક હજાર સૈનિકોનું લશ્કર ટેકરી પાછળથી મેદાનમાં આવ્યું તો મુસલમાનોની ઓછી સંખ્યા અને કમજોરીને તથા પોતાની શક્તિ અને વધારે સંખ્યા ઉપર ગર્વ કરીને અભિમાની શૈલીમાં સામે આવ્યું, તે સમયે રસૂલે કરીમ ﷺએ દુઆ કરી કે, “યા અલ્લાહ ! આ તને જૂઠાડનારા કુરૈશ ગર્વ અને તકબ્બુર કરતા-કરતા આવી રહ્યા છે, તેં જે વિજયનો વાયદો મને કર્યો હતો તેને જલદી પૂરો કરી આપ.” (રૂહુલ બયાન) તો હઝરત જિબ્રઈલ (અલૈ.) આવ્યા અને વિનંતી કરી કે, તમે માટીની એક મુઠ્ઠી લઈને દુશ્મનોના લશ્કર ઉપર ફેંકી દો, આપ ﷺએ એવું જ કર્યું અને ઈબ્ને અબી હાતિમની રિવાયત જે ઈબ્ને ઝૈદથી નકલ થઈ છે કે, રસૂલે કરીમ ﷺએ ત્રણ વખતે માટી અને કાંકરીઓની મુઠ્ઠી ભરી એક લશ્કરના જમણા ભાગ ઉપર, બીજી ડાબા ભાગ ઉપર અને ત્રીજી સામે ફેંકી, જેનું પરિણામ એ આવ્યું કે તે એક અથવા ત્રણ મુઠ્ઠી કાંકરીઓની શક્તિ ચમત્કારિક રીતે મોઅ્‌જિઝા સ્વરૂપે એ રીતે ફેલાઈ ગઈ કે વિરોધી લશ્કરનો કોઈ વ્યક્તિ બાકી ન રહ્યો જેની આંખોમાં અને ચહેરા ઉપર આ ધૂળ અને કાંકરીઓ ન પહોંચી હોય, જેની અસર એવી થઈ કે સમગ્ર લશ્કરમાં ભાગદોડ મચી ગઈ અને મુસલમાનોએ તેમનો પીછો કર્યો અને ફરિશ્તાઓ તેમની સાથે યુદ્ધમાં સામેલ હતા તે તો અલગ !

(મઝહરી અને રૂહુલ મઆની)

અંતે વિરોધી પક્ષના અમુક લોકો કતલ થયા, અમુકને કેદ કરી લેવામાં આવ્યા અને બાકીના નાસી છૂટયા અને મેદાન મુસલમાનોના કબજામાં આવી ગયું.

બિલકુલ નિરાશા અને નાઉમ્મીદીની પરિસ્થિતિમાં આ મહાન વિજય મુસલમાનોને પ્રાપ્ત થયો. યુદ્ધના મેદાનમાંથી પાછા આવ્યા બાદ ચર્ચા શરૂ થઈ, સહાબએ કિરામ (રદિ.) પોત–પોતાના કારનામાઓ એકબીજાને કહેવા લાગ્યા તેના ઉપર આ આયત નાઝિલ થઈ. فَلَمْ تَقْتُلُوْهُمْ وَلٰكِنَّ اللّٰهَ قَتَلَهُمْ જેમાં તેમને એ સૂચના આપવામાં આવી કે, "પોતાની કોશીશ અને અમલ ઉપર ગર્વ ન કરો જે કંઈ થયું તે ફક્ત તમારી મહેનત અને કોશિશનું પરિણામ નથી, બલકે માત્ર અલ્લાહ તઆલાની મદદ અને સહાયનું ફળ છે, જે દુશ્મનો તમારા હાથે કતલ થયા તેઓને વાસ્તવમાં તમે કતલ નથી કર્યા બલકે તેમને અલ્લાહ તઆલાએ કતલ કર્યા છે."

એ જ પ્રમાણે રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ઈરશાદ થયો, وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى એટલે કે, "આ કાંકરીઓની મુટ્ઠી જે તમે ફેંકી તે વાસ્તવમાં તમે નથી ફેંકી બલકે અલ્લાહ તઆલાએ ફેંકી છે." ભાવાર્થ એ છે કે કાંકરીઓ ફેંકવાના પરિણામે તે કાંકરીઓ દુશ્મનના લશ્કરમાં દરેક વ્યક્તિની આંખોમાં પહોંચી અને બધાને આકુળ–વ્યાકુળ કરી દીધા તે આપ ﷺની કાંકરીઓ ફેંકવાની અસર ન હતી બલકે અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરત વડે એ પરિસ્થિતિ ઉપસ્થિત કરી હતી.

مَارَمَيْتَ اِذْ رَمَيْتَ گفت حق کار ما بر کارہا دارد سبق

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, દુશ્મન પર કાંકરીઓ તમે નથી ફેંકી,
અમારું કામ તમારા કામની પ્રસ્તાવના રૂપે હોય છે.

વિચાર કરવામાં આવે તો મુસલમાનો માટે જિહાદના વિજય અને સફળતાથી વધારે કીંમતી ઉપરોક્ત સૂચના હતી જેણે તેમના માનસને ભૌતિકતા તરફથી પલટાવીને કાર્ય અને કારણના માલિક પરવરદિગારે આલમ તરફ કેન્દ્રિત કરી દીધું અને તેના દ્વારા તે ગર્વ અને મિથ્યાભિમાનની ખરાબીથી બચાવી લેવામાં આવ્યા જેના નશામાં મોટે–ભાગે વિજયી કોમ સપડાય જતી હોય છે અને ત્યારબાદ એ બતાવ્યું કે, વિજય અને પરાજય અમારી આજ્ઞાને આધીન છે અને અમારો વિજય તથા મદદ તે લોકોની સાથે હોય છે જેઓ આજ્ઞાપાલક હોય છે. وَلِيُبْلِىَ الْمُؤْمِنِيْنَ مِنْهُ بَلَآءً حَسَنًا એટલે કે, "આ મહાન વિજય અમે એટલા માટે

આપ્યો છે કે, મો'મિનોને તેમની મહેનતનો સંપૂર્ણ બદલો આપી દેવામાં આવે." بَلَآءً (બલાઅ્)નો શાબ્દિક અર્થ "કસોટી" થાય છે અને અલ્લાહ તઆલાની કસોટી ક્યારેક મુસીબત અને તકલીફમાં સપડાવીને થાય છે અને ક્યારેક રાહત તથા દોલત આપીને. بَلَآءٍ حَسَنٌ (બલાએ હસન) તે કસોટીને કહેવામાં આવે છે જે રાહત, દોલત, વિજય તથા સહાય આપીને કરવામાં આવે છે કે આ લોકો તેને અમારું ઈનામ સમજીને શુક્ર અદા કરે છે કે પછી તેને તેમની પોતાની વ્યક્તિગત શક્તિ અને સામર્થ્યનો પ્રભાવ સમજીને અભિમાન અને ગર્વમાં સપડાઈને પોતાના અમલોને બરબાદ કરી નાંખે છે ? કારણ કે અલ્લાહ તઆલાના દરબારમાં કોઈને ફખ્ર અને ગર્વ કરવાની કોઈ જ છૂટ નથી. મવલાના રૂમીએ કહ્યું છે,

فہم وخاطر تیز کردن نیست راہ   جز شکستہ می نگیرد فضل شاہ

દિલો-દિમાગની હોશિયારી અને ચપળતા એ કાંઈ કામ આપતી નથી,
આજિજી, વિનમ્રતા સિવાય તેની (અલ્લાહની) મહેરબાની મળતી જ નથી.

ચોથી આયતમાં તેનાથી વિપરીત આ વિજયનો એક બીજો ફાયદો પણ આ બતાવવામાં આવ્યો કે, ذٰلِكُمْ وَاَنَّ اللّٰهَ مُوْهِنُ كَيْدِ الْكٰفِرِيْنَ એટલે કે, "આ વિજય અને સહાય એટલા માટે પણ મુસલમાનોને આપવામાં આવી કે, તેના દ્વારા કાફિરોની યુક્તિઓને નિષ્ફળ અને બિનઅસરકારક બનાવી દેવામાં આવે જેનાથી તેઓ સમજી લે કે અલ્લાહ તઆલાની મદદ અમારી સાથે નથી અને કોઈ યુક્તિ અલ્લાહ તઆલાની મદદ વિના સફળ થઈ શકતી નથી."

પાંચમી આયતમાં પરાજિત કુરૈશના કાફિરોને સંબોધન અને એક ઘટના તરફ ઈશારો છે કે જે ઘટના કુરૈશી લશ્કરને મુસલમાનોના મુકાબલા માટે નીકળતી વેળા ઉપસ્થિત થઈ હતી તે એ કે જ્યારે કુરૈશના કાફિરોનું લશ્કર મુસલમાનોના મુકાબલા માટે તૈયાર થઈ ગયું તો મક્કાથી નીકળતા પહેલાં લશ્કરના સરદાર અબૂ જહલ વગેરેએ બયતુલ્લાહનો પડદો પકડીને દુઆઓ માંગી હતી અને વિચિત્ર વાત એ છે કે, આ દુઆમાં તેમણે પોતાના વિજયની દુઆ કરવાના બદલે સામાન્ય પ્રચલિત શબ્દોમાં આ પ્રમાણે દુઆ માંગી હતી.

"યા અલ્લાહ ! બંને લશ્કરોમાંથી જે શ્રેષ્ઠ અને ઉત્તમ છે અને બંને સમૂહોમાંથી

જે વધારે હિદાયત ઉપર છે અને બંને પક્ષોમાંથી જે વધારે દયાળુ અને શરીફ છે અને બંનેમાંથી જે દીન શ્રેષ્ઠ છે તેને વિજય આપજે.'' (મઝહરી)

આ મૂર્ખ લોકો તો એવું સમજી રહ્યા હતા કે મુસલમાનોના મુકાબલામાં અમે જ વધારે શ્રેષ્ઠ અને ઉત્તમ છે તથા વધારે હિદાયત ઉપર છે, એટલા માટે આ દુઆ અમારા હકમાં છે અને આ દુઆ દ્વારા તેઓ એવું ઇચ્છતા હતા કે, અલ્લાહ તઆલા તરફથી સત્ય અને અસત્યનો ફેંસલો થઈ જાય અને જ્યારે અમે વિજયી થઈ જઈએ તો એ જાણે અલ્લાહ તઆલા તરફથી અમારા સત્ય ઉપર હોવાને લઈ ફેંસલો થયો છે.

પરંતુ તેમને એ ખબર ન હતી કે, આ દુઆમાં વાસ્તવમાં તેઓ પોતાના માટે બદ્દુઆ અને મુસલમાનો માટે દુઆ કરી રહ્યા છે. પરિણામ યુદ્ધ સામે આવ્યા પછી કુર્આને કરીમે તેમને બતાવ્યું, اِنْ تَسْتَفْتِحُوْا فَقَدْ جَآئَكُمُ الْفَتْحُ એટલે કે, ''જો તમે અલ્લાહનો ફેંસલો ઇચ્છતા હોય તો તે તમારી સામે આવી ચૂક્યું છે કે સત્યને વિજય અને જૂઠને પરાજય મળ્યો છે.'' وَاِنْ تَنْتَهُوْا فَهُوَ خَيْرٌ لَّكُمْ ''અને જો તમે હજુ પણ પોતાના કુફ્ર અને દુશ્મનાવટથી અટક્યા તો તે તમારા માટે ઉત્તમ છે'' وَاِنْ تَعُوْدُوْا نَعُدْ ''અને જો તમે ફરી પોતાની શરારત અને યુદ્ધ તરફ વળ્યા તો અમે પણ મુસલમાનોની મદદ તરફ વળીશું.'' وَلَنْ تُغْنِىَ عَنْكُمْ فِئَتُكُمْ شَيْئًا وَّلَوْ كَثُرَتْ એટલે કે, ''તમારો સમૂહ અને જથ્થો ગમે તેટલો વધારે હશે, અલ્લાહ તઆલાની મદદના મુકાબલામાં તે તમને કંઈ જ કામ ન લાગશે.'' وَاَنَّ اللّٰهَ مَعَ الْمُؤْمِنِيْنَ એટલે કે, ''કોઈ જમાઅત તમને શું કામ આપી શકે છે જ્યારે કે સર્વશક્તિમાન અલ્લાહ તઆલા મુસલમાનોની સાથે છે !''

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૨૦ થી ૨૪)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا تَوَلَّوْا عَنْهُ وَاَنْتُمْ تَسْمَعُوْنَ ﴿۲۰﴾
وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ قَالُوْا سَمِعْنَا وَهُمْ لَا يَسْمَعُوْنَ ﴿۲۱﴾ اِنَّ شَرَّ الدَّوَآبِّ عِنْدَ اللّٰهِ
الصُّمُّ الْبُكْمُ الَّذِيْنَ لَا يَعْقِلُوْنَ ﴿۲۲﴾ وَلَوْ عَلِمَ اللّٰهُ فِيْهِمْ خَيْرًا لَّاَسْمَعَهُمْ ؕ وَلَوْ

أَسْمَعَهُمْ لَتَوَلَّوا وَّهُمْ مُّعْرِضُونَ ﴿٢٣﴾ يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اسْتَجِيبُوا لِلَّهِ وَلِلرَّسُولِ إِذَا
دَعَاكُمْ لِمَا يُحْيِيكُمْ ۖ وَاعْلَمُوا أَنَّ اللَّهَ يَحُولُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهِ وَأَنَّهُ إِلَيْهِ
تُحْشَرُونَ ﴿٢٤﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહનો અને તેના રસૂલનો હુકમ માનો અને સાંભળીને તેનાથી ફરી ન જાઓ. (૨૦) અને તેમના જેવા ન થાઓ જેમણે કહ્યું અમે સાંભળી લીધું અને (જ્યારે કે) તેઓ સાંભળતા નથી. (૨૧) બેશક! બધા સજીવોમાં અલ્લાહ નજીક બદ્દતર (અત્યંત નીચ કક્ષાના) તે જ બહેરા, ગૂંગા છે જેઓ સમજતા નથી. (૨૨) અને જો અલ્લાહે તેમનામાં કોઈ ભલાઈ જાણી હોત તો તેમને સંભળાવી દીધું હોત અને જો તેમને હવે સંભળાવી દે તો અવશ્ય મોઢું ફેરવીને નાસે. (૨૩) હે ઈમાનવાળાઓ ! અલ્લાહનો હુકમ માનો અને રસૂલનો જે વખતે તમને તે કામ તરફ બોલાવે જેમાં તમારી જિંદગી છે અને જાણી લો કે અલ્લાહ માણસથી તેના દિલને રોકી લે છે અને એ કે તેની જ પાસે તમે એકઠા થશો. (૨૪)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! અલ્લાહનું કહ્યું માનો અને તેના રસૂલનું અને તેમનું કહ્યું માનવાથી મોઢું ન ફેરવો અને તમે (ભરોસો રાખી) સાંભળી તો લો જ છો (એટલે કે જે પ્રમાણે ભરોસાથી સાંભળી લો છો તેવો જ અમલ પણ કર્યા કરો) અને તમે (આજ્ઞાના અનાદરમાં) તે લોકો જેવા ન થઈ જાઓ જેઓ દા'વો તો કરે છે કે અમે સાંભળી લીધું (જેમકે કાફિરો કે તેઓ સઘળું સાંભળવાના તથા મુનાફિકો બધું સાંભળીને તેના ઉપર વિશ્વાસ કરવાના દાવે'દારો હતા) જ્યારે કે તેઓ કંઈ જ સાંભળતા નથી (કારણ કે સમજણ અને માન્યતા બંને પરસ્પર જોડાયેલ છે, મતલબ એ કે વિશ્વાસ અને માન્યતા એ સાંભળવાની પ્રવૃત્તિ છે જ્યારે કે એ પ્રવૃત્તિ જ અસ્તિત્વમાં ન આવી તો અમુક કારણોથી આ પરિસ્થિતિ એ પ્રમાણે થઈ ગઈ જેમકે વિશ્વાસ અને માન્યતાની વાત સાંભળી જ નથી, જેને તમે પણ સખત નિંદાપાત્ર સમજો છો), બેશક ! (એ બાબત નિશ્ચિત છે કે

વિશ્વાસપૂર્વક સાંભળીને આચરણ ન કરનાર અને એક વિના વિશ્વાસે સાંભળનાર જે ન સાંભળવા સમાન જ છે તે બંનેમાં થોડો તફાવત અવશ્ય છે. કારણ કે કાફિર અને ગુનેહગાર સરખા નથી હોતા, એટલા માટે) બદ્તરીન મખ્લૂક અલ્લાહ નજીક તે લોકો છે જેઓ (સત્ય વાતને વિશ્વાસપૂર્વક સાંભળવાથી) બહેરા છે (અને સત્ય વાતને કહેવા માટે) મૂંગા છે (અને) જો કે (સત્ય વાતને) જરા પણ નથી સમજતા (અને વિશ્વાસ હોવા છતાં જે લોકોના અમલમાં થોડી ઉણપ રહી જાય છે તેઓ અતિદુષ્ટ લોકો નથી ભલે ખરાબ છે, બસ તેમણે ખરાબ પણ ન હોવું જોઈએ) અને (જેમની એ હાલત વર્ણન થઈ કે તેઓ વિશ્વાસપૂર્વક સાંભળતા નથી તેનું કારણ એ છે કે તેમનામાં એક મોટી ખુબી અને ગુણની કમી છે અને તે ગુણ સત્યની શોધ છે, કારણ કે વિશ્વાસનો પાયો સંશોધન અને રિસર્ચ છે; તો તે સમયે ભરોસો ન હોય પરંતુ ઓછામાં ઓછું ખચકાટ તો હોવો જ જોઈએ, પછી આ ખચકાટ તેમના માટે સત્યના સંશોધનની બરકતના કારણે સત્યને સ્પષ્ટ કરી આપે છે અને તે ખચકાટ તેમનો વિશ્વાસ બની જાય છે જેમના માટે સાંભળવું નફાકારક હોય છે, બસ તેમનામાં આ જ ગુણની કમી છે, એટલા માટે) જો અલ્લાહ તઆલાએ તેમનામાં કોઈ ખુબી જોઈ હોત (ભાવાર્થ એ છે કે તેમનામાં તે ખુબી ઉપસ્થિત હોત, કારણ કે ખુબી અને ગુણના અસ્તિત્વના સમયે અલ્લાહના જ્ઞાનનો સંબંધ જરૂરી છે અને જો કોઈ વિશેષતા એવી નથી જેના ઉપર છુટકારાનો આધાર છે તો જાણે તેમનામાં કોઈપણ પ્રકારના ગુણ છે જ નથી, એટલે કે જો તેમનામાં સત્યનું સંશોધન કરવાની વૃત્તિ હોત) તો (અલ્લાહ તઆલાએ) તેમને (વિશ્વાસની સાથે) સાંભળવાની તવફીક આપી હોત (જેમકે ઉપર વર્ણન થયું કે સંશોધન કરવાની વૃત્તિથી વિશ્વાસ ઉત્પન્ન થાય છે) અને જો (અલ્લાહ તઆલા) તેમને હવે (ઉપસ્થિત પરિસ્થિતિમાં કે જે પરિસ્થિતિમાં તેમનામાં સત્યનું સંશોધન કરવાની વૃત્તિ જ નથી એવું) સંભળાવી દે (જેમકે તેઓ દેખીતી રીતે કાનોથી સાંભળી લે છે) તો અવશ્ય તેઓ બેરૂખીથી મોઢું ફેરવી લેશે (એટલે એવું નથી કે તેઓ ચિંતન અને મનન પછી ભૂલ જાહેર થવાના કારણે મોઢું ફેરવશે, કારણ કે અહીંયાં તો ભૂલનું નામો-નિશાન જ નથી બલકે ગજબ તો એ છે કે તેઓ એ તરફ ધ્યાન પણ આપતા નથી અને) હે ઈમાનવાળાઓ ! (અમે ઉપરોક્ત વર્ણનમાં જે તમને

આજ્ઞાનું પાલન કરવાનો હુકમ આપ્યો છે તે યાદ રાખો કે તેમાં તમારો જ ફાયદો છે કે તે કાયમી જિંદગી માટેનો સામાન છે, જ્યારે એ જ બાબત છે તો) તમે અલ્લાહ અને રસૂલનું કહ્યું માનો જ્યારે કે રસૂલ (જેમનું ફરમાન અલ્લાહનું જ ફરમાન હોય છે) તમને તમારી જિંદગી આપનારી વસ્તુ તરફ (એટલે કે દીન તરફ જેમાં આખિરતના છુટકારાવાળું જીવન પ્રાપ્ત થાય છે) બોલાવે છે (તો એ પરિસ્થિતિમાં જ્યારે કે દરેક બાજુએ તમારો જ લાભ છે કોઈ કારણ નથી કે તમે અમલ ન કરો) અને (તેના વિશે બે વાતો વધારે) જાણી રાખો (એક વાત એ) કે અલ્લાહ તઆલા આડ બની જાય છે વ્યક્તિ અને તેના દિલ દરમિયાનમાં (બે રીતે; એક રીતે એમ કે મો'મિનના દિલમાં આજ્ઞાપાલનની બરકતના કારણે કુફ્ર અને ગુનાહને આવવા નથી દેતો અને બીજી રીત એ કે કાફિરના દિલમાં વિરોધની નહૂસતથી ઈમાન અને આજ્ઞાપાલનને આવવા નથી દેતો, આથી જાણ થઈ કે આજ્ઞાપાલનની પ્રેરણા એ ઘણી મોટી લાભકારક વસ્તુ છે અને વિરોધ કરવાની વૃત્તિ ઘણી નુકસાનકારક બાબત છે) અને (બીજી વાત એ જાણી રાખો કે) નિઃશંક! તમારે સૌને અલ્લાહ પાસે જ ભેગા થવાનું છે (તે સમયે આજ્ઞાપાલન ઉપર સારો બદલો અને વિરોધ કરવા ઉપર સજા થશે તેનાથી પણ આજ્ઞાપાલનનું લાભકારક હોવું અને વિરોધ નુકસાનકારક હોવાનું સાબિત થાય છે).

મસ્અલા અને બોધપાઠ :

ગઝ્વએ બદ્ર જેનો કિસ્સો પાછલી આયતોમાં ખૂબ વિગતવાર વર્ણન થયો છે તેમાં ઈસ્લામના અનુયાયીઓ અને કાફિરો બંને માટે ઈબ્રત અને હિકમતના ઘણા બધા બોધપાઠ છે, જેના તરફ ઘટનાના વર્ણનના વચ્ચેના વાક્યોમાં તાકીદ કરવામાં આવી છે.

દાખલા તરીકે, પાછલી આયતોમાં મક્કાના મુશ્રિકોની હાર અને અપમાનની ઘટના વર્ણન કર્યા પછી ઈરશાદ ફરમાવ્યો હતો, ذٰلِكَ بِاَنَّهُمْ شَآقُّوا اللّٰهَ وَرَسُوْلَهٗ એટલે કે, દરેક રીતે શક્તિ અને શસ્ત્ર-સરંજામ હોવા છતાં મક્કાના મુશ્રિકોની હારનું અસલી કારણ અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ હતો, તેમાં તે લોકો માટે એક બોધપાઠની તક છે જે જમીન અને આસમાનના સર્જનહાર તથા માલિકની સંપૂર્ણ શક્તિ અને તેની ગુપ્ત શક્તિઓથી આડા

ફંટાઈને ફક્ત ભૌતિક શક્તિ ઉપર ભરોસો કરે છે અથવા અલ્લાહની નાફરમાની છતાં તેની મદદ અને સહાયની ખોટી તમન્નાથી પોતાની જાતને છેતરે છે.

પ્રસ્તુત આયતોમાં આ જ મસ્અલાનું બીજું પાસું મુસલમાનોને સંબોધન કરીને વર્ણન કરવામાં આવ્યું છે જેનો ખુલાસો એ છે કે મુસલમાનોની સંખ્યા ઓછી તથા શસ્ત્ર-સામાનની ઉણપ હોવા છતાં આટલો મહાન વિજય ફક્ત અલ્લાહ જલ્લ શા'નુહૂની મદદ અને સહાયથી જ પ્રાપ્ત થયો અને આ મદદ તથા સહાય સત્યની ઈતાઅત અને આજ્ઞાપાલનનું જ પરિણામ છે. આ આજ્ઞાપાલન ઉપર મજબૂતીથી કાયમ રહેવા માટે મુસલમાનોને હુકમ આપવામાં આવ્યો, يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ أَطِيعُوا۟ ٱللَّهَ وَرَسُولَهُۥ એટલે કે, "હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને તેના રસૂલ ﷺનું આજ્ઞાપાલન કરો અને તેના ઉપર મજબૂતીથી કાયમ રહો." પછી આ વિષયની વિશેષ તાકીદ કરવા માટે وَلَا تَوَلَّوْا۟ عَنْهُ وَأَنتُمْ تَسْمَعُونَ ફરમાવ્યું, એટલે કે "કુર્આન અને સત્યનો કલિમો સાંભળી લીધા છતાં આજ્ઞાપાલનથી મોઢું ન ફેરવો."

સાંભળી લેવાનો અર્થ સત્ય વાતને સાંભળવું છે અને સાંભળવાની ચાર કક્ષાઓ છે, એક એ કે કોઈ અવાજ ફક્ત કાનોથી ધ્યાન વિના જ સાંભળી લેવામાં આવે પરંતુ ન તો તેને સમજવાનો પ્રયત્ન કરે અને ન જ સમજે, ન તો તેના ઉપર વિશ્વાસ કે ભરોસો કરે અને ન જ અમલ કરે. બીજું એ કે કાનોથી સાંભળ્યું પણ, સમજ્યું પણ, પરંતુ ન તો તેના ઉપર ભરોસો કર્યો, ન જ અમલ કર્યો. ત્રીજું એ કે સાંભળ્યું પણ, સમજ્યું પણ, વિશ્વાસ પણ કર્યો પરંતુ અમલ ન કર્યો. ચોથું એ કે સાંભળ્યું પણ, સમજ્યું પણ, વિશ્વાસ પણ કર્યો અને અમલ પણ કર્યો.

એ દેખીતું છે કે, સાંભળવાનો અસલ મકસદ સંપૂર્ણ રીતે તો ચોથી કક્ષાથી જ પ્રાપ્ત થાય છે જે મો'મિનની સંપૂર્ણતાની કક્ષા છે અને શરૂઆતની ત્રણ કક્ષાઓમાં સાંભળવું અધૂરું અને અપૂર્ણ છે જેને એવા સ્વરૂપે સાંભળવું એ ન સાંભળવું જ કહી શકાય, જેમકે આગળની આયતમાં આવે છે અને ત્રીજી કક્ષા જેમાં સત્ય સાંભળવું, સમજવું, વિશ્વાસ કરવો તો ઉપસ્થિત છે પરંતુ અમલ નથી કર્યો, તેમાં જો કે સાંભળવાનો અસલ હેતુ પૂર્ણ નથી થતો પરંતુ વિશ્વાસ પણ એક ખાસ મહત્ત્વ ધરાવે છે, એટલા માટે તે પણ બેકાર કે ફાયદાથી ખાલી નથી, આ

દરજ્જો અને કક્ષા ગુનેહગાર મુસલમાનોની છે અને બીજો દરજ્જો જેમાં ફક્ત સાંભળવા અને સમજવામાં આવે છે, ન તો વિશ્વાસ છે ન જ અમલ તો આ મુનાફિકોની કક્ષા છે કે કુર્આનને તેઓ સાંભળે પણ છે, સમજે પણ છે અને જાહેરમાં વિશ્વાસ અને અમલનો દા'વો પણ કરે છે પરંતુ વાસ્તવમાં અકીદહ અને અમલથી ખાલી છે. પ્રથમ દરજ્જો સામાન્ય મુશ્રિકો અને કાફિરોનો છે જેમણે સત્યનો કલિમો અને કુર્આનની આયતોને તો કાનોથી સાંભળી લીધી પરંતુ ક્યારેય સમજવા અને વિચાર કરવા બાબતે ધ્યાન ન આપ્યું.

પ્રસ્તુત આયતોમાં મુસલમાનોને સંબોધન છે કે, તમે લોકો સત્ય વાતને સાંભળી તો લો છો, એટલે કે સાંભળવું, સમજવું, વિશ્વાસ ધરાવવો તો તમારામાં ઉપસ્થિત છે પરંતુ આગળ તેના ઉપર અમલ કરવાથી અને આજ્ઞાપાલન કરવાથી મોઢું ન ફેરવો જેથી સાંભળવાનો અસલ હેતુ પૂર્ણ થઈ જાય.

બીજી આયતમાં આ જ વિષયને વધારે તાકીદપૂર્વક ઈરશાદ ફરમાવ્યો છે. وَلَا تَكُونُوا كَالَّذِينَ قَالُوا سَمِعْنَا وَهُمْ لَا يَسْمَعُونَ એટલે કે, "તમે તે લોકો જેવા ન થઈ જાઓ જેઓ કહે તો છે કે અમે સાંભળી લીધું પરંતુ વાસ્તવમાં તેમણે કંઈ જ સાંભળ્યું નથી." એ લોકોમાં સામાન્ય કાફિરો પણ છે જેઓ સાંભળવાનો દા'વો કરે છે પરંતુ વિશ્વાસ નથી કરતા અને મુનાફિકો પણ છે કે જેઓ સાંભળવાની સાથે-સાથે સમજવાના અને વિશ્વાસ કરવાના પણ દાવે'દાર છે પરંતુ વાસ્તવિકતા એમ છે કે ચિંતન અને મનન તથા સત્ય સમજવાથી આ બંને વંચિત છે, એટલા માટે તેમનું સાંભળવું એ ન સાંભળવાના હુકમમાં જ છે. મુસલમાનોને તે લોકોની સમાન કક્ષાના અથવા તેમના જેવા થવાની મનાઈ કરવામાં આવી છે.

ત્રીજી આયતમાં એવા લોકોની સખત ટીકા કરવામાં આવી છે જેઓ સત્ય વાતને વિચાર અને મનનપૂર્વક નથી સાંભળતા અને તેનો સ્વીકાર પણ નથી કરતા, એવા લોકોને કુર્આને કરીમે જાનવરોથી પણ બદ્તર ઠરાવ્યા છે. ઈરશાદ ફરમાવ્યો, اِنَّ شَرَّ الدَّوَآبِّ عِنْدَ اللّٰهِ الصُّمُّ الْبُكْمُ الَّذِيْنَ لَا يَعْقِلُوْنَ

શબ્દ دَوَآبّ (દવાબ્બ) એ دَآبَّةٌ (દાબ્બતુન)નું બહુવચન છે. અસલ શબ્દકોષના આધારે "પૃથ્વી ઉપર ચાલનારા દરેક સજીવને دَآبَّة (દાબ્બહ) કહેવામાં આવે છે" પરંતુ સામાન્ય મહાવરા (રૂઢિપ્રયોગ) અને પ્રચલિત ભાષામાં

ફક્ત ચારપગા જાનવરોને "દાબ્બહ" કહેવામાં આવે છે. આયતનો અર્થ એ થયો કે, સૌથી દુષ્ટ જાનવરો અલ્લાહ નિકટ તે લોકો છે જેઓ સત્યને સાંભળવાથી બહેરા અને તેનો સ્વીકાર કરવાથી ગૂંગા છે અને બહેરા, ગૂંગામાં જો કંઈ અક્કલ હોય છે તો તે પણ ઈશારાઓથી પોતાના દિલની વાત કહી દે છે અને બીજાઓની વાત સમજી પણ લે છે પરંતુ આ લોકો બહેરા, ગૂંગા હોવાની સાથે-સાથે બુદ્ધિહીન, મૂર્ખ પણ છે અને એ દેખીતું છે કે, જે બહેરો, ગૂંગો બુદ્ધિથી પણ વંચિત હોય તેને સમજવા અને સમજાવવા માટેનો કોઈ માર્ગ નથી.

આ આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ સ્પષ્ટ કરી દીધું કે મનુષ્યને જે اَحۡسَنِ تَقۡوِيۡمٍ (સર્વશ્રેષ્ઠ બીબા)માં પેદા કરવામાં આવ્યો અને સમગ્ર સૃષ્ટિથી શ્રેષ્ઠ અશરફુલ મખ્લૂકાત બનાવ્યો અને તમામ સૃષ્ટિને તેની સેવામાં લગાવવામાં આવી, આ બધા ઈનામો ફક્ત સત્યના અનુસરણ કરવા ઉપર આધારિત અને અવલંબિત છે, જ્યારે મનુષ્યને સત્ય વાત સાંભળવા અને માનવાથી જ વાંધો છે તો આ બધા ઈનામો તેના માટે અર્થહીન થઈ જાય છે અને તે જાનવરોથી પણ બદ્તર થઈ જાય છે.

તફસીરે રૂહુલ બયાનમાં છે કે, મનુષ્ય પોતાની અસલ પ્રકૃતિના આધારે બધા જાનવરોથી શ્રેષ્ઠ અને ઉત્તમ છે તથા ફરિશ્તાઓથી (અમલમાં) ઓછો દરજ્જો રાખે છે પરંતુ જ્યારે તે પોતાનો સંઘર્ષ, કોશીશ, અમલ અને અલ્લાહના અનુસરણમાં મહેનત કરે છે તો ફરિશ્તાઓથી પણ ઉચ્ચ અને શ્રેષ્ઠ બની જાય છે અને જો તેણે સત્યના અનુસરણથી મોઢું ફેરવ્યું તો પછી તે اَسۡفَلِ سَافِلِيۡنَ (અસ્ફલે સાફિલીન)માંથી બની જાય છે અને "જાનવરોથી પણ વધારે બદ્તર" થઈ જાય છે.

ચોથી આયતમાં છે, وَلَوۡ عَلِمَ اللّٰهُ فِيۡهِمۡ خَيۡرًا لَّاَسۡمَعَهُمۡ وَلَوۡ اَسۡمَعَهُمۡ لَتَوَلَّوۡا وَّهُمۡ مُّعۡرِضُوۡنَ, એટલે કે, અલ્લાહ તઆલા તેમનામાં કોઈ ભલાઈ જોતો હોત તો તેમને વિશ્વાસપૂર્વક સાંભળવાની તવફીક બખ્શી આપી હોત અને હાલની પરિસ્થિતિ પ્રમાણે કે તેમનામાં સત્યનું સંશોધન કરવાની વૃત્તિ જ નથી અને છતાં તેમને સત્ય વાત સંભળાવે તો તે તેનાથી અવશ્ય બેરૂખીપૂર્વક મોઢું ફેરવી લેશે.

ભલાઈનો અર્થ આ સ્થળે સત્યનું સંશોધન કરવાની વૃત્તિ છે અને તેના

દ્વારા બુદ્ધિ અને યુક્તિના દ્વાર ખુલી જાય છે અને તેનાથી જ વિશ્વાસ અને અમલની પ્રેરણા તથા પ્રોત્સાહન મળે છે અને જેનામાં સત્યનું સંશોધન કરવાની વૃત્તિ જ નથી તો જાણે કે તેનામાં કોઈ ભલાઈ જ નથી, તેનો અર્થ એ છે કે જો તેમનામાં કોઈ ભલાઈ મોજૂદ હોત તો દેખીતું છે કે તે અલ્લાહ તઆલાના જ્ઞાનમાં અવશ્ય હોત, જ્યારે અલ્લાહ તઆલાના જ્ઞાનમાં તેમનામાં કોઈ ભલાઈ છે જ નથી તો જાણ થઈ કે વાસ્તવમાં તેઓ દરેક પ્રકારની ભલાઈથી વંચિત છે અને વંચિતતાની પરિસ્થિતિમાં જો તેમનામાં વિચાર અને ચિંતન કરવાનું તથા સત્ય ઉપર વિશ્વાસ કરવાનું આમંત્રણ આપવામાં આવે તો પણ તેઓ તેનો કદાપિ સ્વીકાર કરશે નહીં બલકે મોઢું ફેરવીને ભાગી છૂટશે, એટલે કે તેમનું આ મોઢું ફેરવવું એ કારણે નહિ હોય કે દીનમાં તેમને કોઈ વાંધાજનક બાબત દેખાઈ છે અને તેઓ એટલા માટે તેને માનતા નથી બલકે વાસ્તવિકતા એ છે કે તેમણે સત્ય વાત ઉપર ધ્યાન જ આપ્યું નથી.

આ ચર્ચાથી તે તાર્કિક શંકા પણ દૂર થઈ ગઈ જે જ્ઞાની લોકોના દિલોમાં ક્યારેક ખટકે છે કે, આ અનુમાનનું પહેલું સ્વરૂપ છે કે મધ્યમ સીમાઓ દૂર કરવામાં આવે તો પરિણામ ખોટું આવી રહ્યું છે, જવાબ એ છે કે વાસ્તવમાં અત્રે મધ્યમ સીમાઓ નક્કી નથી, કારણ કે પ્રથમ لَاَسْمَعَهُمْ (લ-અસ્મઅહુમ) "તેણે તેમને સંભળાવ્યું હોત"નો અર્થ જૂદો છે અને બીજા وَلَوْاَسْمَعَهُمْ (વલવ અસ્મઅહુમ) "તેણે તેમને સંભળાવ્યું"નો અલગ છે. પ્રથમમાં સાંભળેલું કબૂલ કરવું અને બીજામાં સાંભળેલું નફાકારક હોવાનો અર્થ છે. એટલે કે, બીજામાં ફક્ત سِمَاعٌ (સિમાઅ્) "સાંભળવું" છે.

પાંચમી આયતમાં ફરી ઈમાનવાળા લોકોને સંબોધન કરીને અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺના હુકમોનું પાલન તથા અનુસરણની આજ્ઞા એક ખાસ અંદાજથી આપવામાં આવી કે, અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺ તમને જે વસ્તુઓની દા'વત આપે છે તેમાં અલ્લાહ અને તેના રસૂલ ﷺનો પોતાનો કોઈ લાભ કે હિત સમાયેલ નથી બલકે, બધા હુકમો તમારા જ ફાયદા માટે આપવામાં આવ્યા છે. ઈરશાદ છે اِسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ એટલે કે, "વાત માનો અલ્લાહની અને રસૂલની જ્યારે કે રસૂલ તમને એવી વસ્તુ તરફ બોલાવે જે તમારા માટે જીવનબક્ષ હોય."

તે જિંદગી જેનું વર્ણન આ આયતમાં કરવામાં આવ્યું છે તે શું છે ? તેમાં કેટલીયે સંભાવનાઓ છે, એના માટે વિવરણકાર વિદ્વાનોના વિવિધ નિવેદનો નોંધાયેલા જોવા મળે છે. સુદ્દીએ કહ્યું કે, "આ જિંદગી બખ્શનાર વસ્તુ ઈમાન છે, કારણ કે કાફિર મૃત છે." બીજું એ ફરમાવ્યું કે, "તે કુર્આન છે જેમાં દુનિયા અને આખિરતની જિંદગીની સફળતા છુપાયેલી છે." મુજાહિદે કહ્યું કે "તે સત્ય છે", ઈબ્ને ઈસ્હાકે કહ્યું કે, "તેનો અર્થ જિહાદ છે જેના દ્વારા અલ્લાહ તઆલાએ મુસલમાનોને ઈજ્જત આપી" અને બધી સંભાવનાઓ પોત-પોતાના સ્થળોએ સાચી અને યોગ્ય છે તેમાં કોઈ વિરોધાભાસ નથી, એનો ભાવાર્થ એ છે કે ઈમાન અથવા કુર્આન અથવા સત્યનું અનુસરણ વગેરે એવી બાબતો છે જેનાથી મનુષ્યનું દિલ સજીવન રહે છે અને દિલની જિંદગી એ છે કે, બંદા અને અલ્લાહ તઆલા વચ્ચે જે ગફલત અને મનેચ્છાઓ વગેરેના પડદાઓ અને આડશો ઊભેલી છે તે માર્ગમાંથી હટી જાય છે અને આ પડદાઓનો અંધકાર દૂર થવાથી મઅ્રિફત અને અલ્લાહના પરિચયનો પ્રકાશ દિલમાં સ્થાન પામી લે છે.

તિરમિઝી અને નસાઈએ હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ એક દિવસે ઉબય બિન કઅ્બને બોલાવ્યા, ઉબય બિન કઅ્બ (રદિ.) નમાઝ પઢી રહ્યા હતા, જલદી-જલદી નમાઝ પૂરી કરીને હાજર થયા. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, મારા પોકારવા ઉપર તમે વાર કેમ લગાડી ? હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)એ વિનંતી કરી કે, હું નમાઝમાં હતો. આપ ﷺએ ફરમાવ્યું કે, શું તમે અલ્લાહનો આ ઈરશાદ નથી સાંભળ્યો ? اِسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ ઉબય બિન કઅ્બ (રદિ.)એ વિનંતી કરી કે, હવે પછી આજ્ઞાપાલન કરીશ. જો નમાઝની પરિસ્થિતિમાં આપ ﷺ બોલાવશો તો પણ તરત જ હાજર થઈ જઈશ."

આ હદીષની બીનાએ અમુક ફુક્હાએ ફરમાવ્યું કે, રસૂલે કરીમ ﷺના આજ્ઞાપાલનના કારણે નમાઝમાં પણ જે કંઈ કાર્ય કરવામાં આવે તો તેનાથી નમાઝ તૂટી નથી જતી અને અમુકે ફરમાવ્યું કે, જો કે નમાઝના તરીકા વિરુદ્ધ પ્રવૃત્તિથી નમાઝ તો તૂટી જશે અને ત્યારબાદ તેની કઝા કરવી પડશે પરંતુ કરવું એ જ જોઈએ કે જ્યારે રસૂલે કરીમ ﷺ કોઈને બોલાવે અને તે નમાઝમાં પણ હોય તો નમાઝ તોડીને પણ તેમના હુકમનું પાલન કરવામાં આવે.

આ સ્વરૂપ તો ફક્ત રસૂલે પાક ﷺનો વિશેષાધિકાર છે, પરંતુ બીજાઓનું એવું કામ જેમાં મોડું કરવાથી કોઈ સખત નુકસાનનો ભય હોય તો તે વખતે પણ નમાઝ તોડી નાંખવી અને પછી કઝા કરી લેવી જોઈએ, જેમકે કોઈ નમાઝી એવું જૂએ કે, કોઈ આંધળો વ્યક્તિ કૂવાના ખાડાની બિલકુલ નજીક પહોંચી ગયો છે અને હવે તે તેમાં પડી જશે તો તરત જ નમાઝ તોડીને તેને બચાવી લે.

અંતિમ આયતમાં ઈરશાદ થયો, وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ એટલે કે, "એ વાત સમજી લો કે અલ્લાહ તઆલા આડ બની જાય છે વ્યક્તિ અને તેના દિલની વચ્ચે." આ વાક્યના બે ભાવાર્થો હોઈ શકે છે અને બંનેમાં મહાન હિકમત અને શિખામણ જોવા મળે છે જે દરેક વ્યક્તિએ દરેક સમયે યાદ રાખવી જોઈએ.

એક ભાવાર્થ તો એ હોઈ શકે છે કે, જ્યારે કોઈ નેક કામ કરવા અથવા ગુનાહથી બચવાનો સમય આવે તો તેણે તરત જ તેના માટે પ્રવૃત્ત થવું જોઈએ, મોડું કરવું જોઈએ નહિ અને આ ફુરસદના સમયને ગનીમત સમજે, કારણ કે અમુક સમયે વ્યક્તિના ઈરાદા વચ્ચે અલ્લાહની ઈચ્છા આડ બની જાય છે અને તે પોતાના ઈરાદામાં સફળ થઈ શકતો નથી. કોઈ બીમારી આવી જાય છે અથવા મોત આવી જાય છે અથવા કોઈ એવી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈ જાય છે કે, તેને પોતાનું નિર્ધારિત કામ કરવાની ફુરસદ જ નથી મળતી. એટલા માટે મનુષ્યએ ઉંમરની ફુરસદના સમયને ગનીમત સમજવો જોઈએ અને આજનું કામ કાલ ઉપર ન ટાળવું જોઈએ, કારણ કે ખબર નથી કાલે શું થવાનું છે ?

من نمی گویم زیاں کن یا بفکر سود باش ای ز فرصت بے خبر در ہر چہ باشی زود باش

હું તને એવું નથી કહેતો કે તું નુકસાન ઉઠાવ અથવા નફાની ફિકરમાં રહે,
એટલે કે કોઈપણ બાબતમાં તું ફુરસદથી બેખબર ન રહી જલદીથી તે કરી નાંખ.

આ વાક્યનો બીજો ભાવાર્થ એ હોઈ શકે છે કે, તેમાં અલ્લાહ તઆલા પોતે પોતાના બંદાઓથી અત્યંત નિકટ થતો હોવાનું બતાવવામાં આવ્યું, જેમકે બીજી આયતોમાં; نَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيْدِ માં અલ્લાહ તઆલા માનવીની ગરદનની નસથી પણ વધારે નજીક હોવાની વાતનો ઉલ્લેખ છે.

મતલબ એ છે કે, મનુષ્યનું દિલ દરેક સમયે અલ્લાહ તઆલાની ખાસ દેખરેખ હેઠળ છે, જ્યારે તે કોઈ બંદાને બુરાઈઓથી રક્ષણ આપવા ઈચ્છે છે તો તેના દિલ અને ગુનાહો વચ્ચે તે આડ બની જાય છે અને જ્યારે કોઈના નસીબમાં દુષ્ટતા લખેલી હોય છે તેનું દિલ અને નેક કામો દરમિયાન આડ ઊભી કરવામાં આવે છે, એટલા માટે રસૂલે કરીમ ﷺ પોતાની દુઆઓમાં મોટા ભાગે આ દુઆ કર્યા કરતા હતા, يَا مُقَلِّبَ الْقُلُوْبِ ثَبِّتْ قَلْبِيْ عَلٰى دِيْنِكَ એટલે કે, "હે દિલોને પલટાવનાર ! મારા દિલને તારા દીન ઉપર અડગ અને કાયમ રાખજે."

કહેવાનું તાત્પર્ય એ જ છે કે, અલ્લાહ અને રસૂલે કરીમ ﷺના હુકમોના પાલનમાં મોડું ન કરો અને ફુરસદના સમયને ગનીમત જાણીને તરત જ નેક કાર્યમાં પ્રવૃત્ત થઈ જાઓ, ખબર નહિ કે પછી દિલમાં નેકીની ભાવના, ઉમંગ કે ઉત્સાહ બાકી રહે છે કે કેમ ?

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૨૫ થી ૨૮)

وَاتَّقُوْا فِتْنَةً لَّا تُصِيْبَنَّ الَّذِيْنَ ظَلَمُوْا مِنْكُمْ خَآصَّةً ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ شَدِيْدُ

الْعِقَابِ ﴿٢٥﴾ وَاذْكُرُوْٓا اِذْ اَنْتُمْ قَلِيْلٌ مُّسْتَضْعَفُوْنَ فِى الْاَرْضِ تَخَافُوْنَ اَنْ

يَّتَخَطَّفَكُمُ النَّاسُ فَاٰوٰىكُمْ وَاَيَّدَكُمْ بِنَصْرِهٖ وَرَزَقَكُمْ مِّنَ الطَّيِّبٰتِ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٢٦﴾

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَخُوْنُوا اللّٰهَ وَالرَّسُوْلَ وَتَخُوْنُوْٓا اَمٰنٰتِكُمْ وَاَنْتُمْ

تَعْلَمُوْنَ ﴿٢٧﴾ وَاعْلَمُوْٓا اَنَّمَآ اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ ۙ وَّاَنَّ اللّٰهَ عِنْدَهٗٓ اَجْرٌ عَظِيْمٌ ﴿٢٨﴾ ع

તરજુમો :

અને તે ફસાદથી બચતા રહો કે (જે) તમારામાંથી (માત્ર) ખાસ જાલિમો ઉપર જ નહીં પડે (બલકે દરેક ઉપર પડશે) અને જાણી લો કે અલ્લાહનો અઝાબ ઘણો કઠોર છે. (૨૫) અને યાદ કરો જે સમયે તમે થોડા હતા, પ્રદેશમાં મુસ્તદ્અફીન (દબાયેલા કચડાયેલા), ડરતા હતા કે તમને લોકો ઉઠાવી લેશે; પછી તેણે તમને ઠેકાણું આપ્યું અને તમને પોતાની મદદથી

શક્તિ આપી અને તમને સ્વચ્છ વસ્તુઓ રોજી (તરીકે) આપી જેથી તમે શુક્ર કરો. (૨૬) હે ઈમાનવાળાઓ ! અલ્લાહ સાથે ખયાનત ન કરો અને રસૂલ સાથે અને પરસ્પરની અમાનતોમાં જાણીબૂઝી ખયાનત ન કરો. (૨૭) અને જાણી લો કે બેશક ! તમારો માલ અને અવલાદ ખરાબીમાં નાંખનારા છે અને એ કે અલ્લાહ પાસે મોટો સવાબ છે. (૨૮)

તફસીર :

અને (જે રીતે તમારા ઉપર પોતાની સુધારણાના સંદર્ભે હુકમોનું આજ્ઞાપાલન વાજિબ છે એ જ પ્રમાણે તે હુકમોનું પણ આજ્ઞાપાલન વાજિબ છે કે પોતાની શક્તિ અનુસાર અન્યોની સુધારણામાં અમ્ર બિલ્ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર હાથથી અથવા મૌખિક રીતે અથવા દિલથી બુરું જાણીને જે અંતિમ દરજ્જામાં સામેલ છે પ્રયત્ન કરો, નહિતર વાસ્તવમાં તે બુરાઈઓનો જે વબાલ તે અમલોને કરનારાઓ ઉપર આવશે એવો જ એ જ મુજબનો તેના વિશે મૌન રહેનાર લોકો ઉપર પણ આવશે જ્યારે કે હકીકત આ જ પ્રમાણે છે તો) તમે એવા વબાલથી બચો જે ખાસ તે લોકો ઉપર જ નહીં આવે જે તમારામાં તે ગુનાહો આચરી રહ્યા છે (બલકે તે ગુનાહોને જોઈને જેમણે મૌન ધારણ કર્યું છે તે પણ આ અઝાબના ભોગ બનશે અને તેનાથી બચવાનો માર્ગ એ જ છે કે મૌન ધારણ ન કરો) અને એ જાણી રાખો કે અલ્લાહ તઆલા સખત સજા આપનારો છે (તેની સજાથી ડરીને બુરાઈ જોઈને મૌન ધારણ કરવાથી બચો) અને (એ હેતુથી તે નેઅ્મતોને યાદ કરીને ઈનામ આપનારની આજ્ઞાપાલનનો શોખ પેદા કરો, અલ્લાહ તઆલાની નેઅ્મતોને અને વિશેષરૂપે) તે પરિસ્થિતિને યાદ કરો કે જ્યારે તમે (એક સમયે એટલે કે હિજરત પહેલાં સંખ્યામાં ઘણા) થોડા હતા (અને શક્તિના આધારે પણ) પ્રદેશ (મક્કા શહેર)માં કમજોર ગણવામાં આવતા હતા (અને અશક્તિ તથા કમજોરીની પરિસ્થિતિના કારણે) એવા ભયમાં રહેતા હતા કે તમને (ક્યાંક વિરોધી) લોકો ઢસડીને લઈ ન જાય; બસ (એવી પરિસ્થિતિમાં) અલ્લાહ તઆલાએ તમને (મદીનામાં સંતોષપૂર્વક) રહેવાની જગ્યા આપી અને તમને પોતાની મદદથી શક્તિ આપી (સામાનથી પણ અને સંખ્યાની દષ્ટિએ પણ વધારીને; જેનાથી ઓછી સંખ્યા તથા કમજોરીનો ડર જતો રહ્યો) અને (ફક્ત એટલું જ નહી કે તમારી મુસીબતને જ દૂર કરી આપી બલકે,

ઉચ્ચ કક્ષાની ખુશહાલી પણ અર્પણ કરી કે દુશ્મનો ઉપર ઘણા વિજયો અપાવ્યા) તમને પવિત્ર અને સ્વચ્છ વસ્તુઓ અર્પણ કરી જેથી તમે (તે નેઅ્મતોનો) આભાર માનો (અને મોટો શુક્ર એ છે કે અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની આજ્ઞાનું પાલન કરો). હે ઈમાનવાળાઓ ! (અમે વિરોધ કરવાની તથા ગુનાહો આચરવાની એટલા માટે મનાઈ કરીએ છીએ કે અલ્લાહ અને રસૂલ ﷺના તમારા ઉપર અમુક હકો છે, જેનો લાભ તમને જ મળવાનો છે અને ગુનાહોથી તેના હકોમાં ખલેલ પડે છે જેથી વાસ્તવમાં તમારા જ લાભમાં નુકસાન થાય છે, જ્યારે એ જ વાત છે તો) તમે અલ્લાહ અને રસૂલના હકોમાં ખલેલ ન પાડો અને (પરિણામના આધારે આ વિષયને એ રીતે કહી શકાય છે કે તમે) પોતાની રક્ષણપાત્ર વસ્તુઓમાં (કે તે તમારા માટે લાભકર્તા છે તો તેના માટે પ્રવૃત્તિઓ જરૂરી હોય છે) તેમાં ખલેલ ન નાંખો અને તમે તો (એવો ખલેલ પાડવો નુકસાનકારક હોવાનું) જાણો છો અને (મોટા ભાગે માલ અને અવલાદની મહોબ્બત આજ્ઞાપાલનમાં અવરોધરૂપ બની જાય છે, એટલા માટે તમને ચેતવણી આપવામાં આવે છે કે) તમે એ વાતને જાણી રાખો કે તમારો માલ અને તમારી અવલાદ એક કસોટીની વસ્તુ છે (કે જોઈ લઈએ કે કોણ તેની મહોબ્બતને અગ્રિમતા આપે છે અને કોણ અલ્લાહ તઆલાની મહોબ્બતને અગ્રિમતા આપે છે? બસ, તમે તેમની મહોબ્બતને અગ્રિમતા ન આપો) અને (જો તેમના નફા તરફ નજર જાય તો તમે) એ બાબતને પણ જાણી રાખો કે અલ્લાહ તઆલા પાસે (તે લોકો માટે કે જેઓ અલ્લાહની મહોબ્બતને અગ્રિમતા આપે છે) ઘણો મોટો સવાબ (ઉપસ્થિત) છે (કે તેની સામે આ નષ્ટ થનાર નાના લાભો તુચ્છ છે).

મસ્અલા અને બોધપાઠ :

કુર્આને કરીમે ગઝ્વએ બદ્રની અમુક સ્પષ્ટતા અને તેમાં મુસલમાનો ઉપર પોતાના ઈનામોનું વર્ણન ફરમાવ્યા પછી તેના પ્રાપ્ત કરવામાં આવેલ પરિણામો અને પછી તેના અનુસંધાને મુસલમાનોને યોગ્ય શિખામણ આપી બોધપાઠ વર્ણન કર્યો છે, જેનો ક્રમ يَـٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا ٱسْتَجِيبُوا لِلَّهِ وَلِلرَّسُولِ થી શરૂ થયો છે, આ જ સિલસિલાની એ આયતો છે જે ઉપર લખવામાં આવી છે.

એમાંથી પ્રથમ આયતમાં એવા ગુનાહોથી બચવાનું વિશેષરૂપે માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, જેનો સખત અઝાબ માત્ર ગુનાહ કરનારાઓ સુધી

સિમીત નથી રહેતો, બલકે ગુનાહ ન કરનાર લોકો પણ તે અઝાબમાં સપડાઈ જાય છે.

તે ગુનાહ કયા અને કેવા પ્રકારના છે તેમા વિવરણકાર વિદ્વાનોના વિવિધ નિવેદનો નોંધાયા છે. અમુક વિદ્વાનોએ નોધ્યું છે કે, એ ગુનાહ અમ્ર બિલ્ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કર એટલે કે લોકોને નેક કામોની સૂચના અને ખરાબ કામોથી રોકવાનો સંઘર્ષ (મહેનત) છોડી દેવાની બાબત છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલાએ એ હુકમ આપ્યો છે કે કોઈ ગુનાહ અને અપરાધને પોતાના માહોલમાં કાયમ ન થવા દો, કારણ કે જો તેમણે એવું ન કર્યું એટલે કે ગુનાહ અને પાપને જોતા રહ્યા અને શક્તિ હોવા છતાં તેનાથી અટકાવ્યા નહીં તો અલ્લાહ તઆલા તે સૌના ઉપર પોતાનો અઝાબ સર્વસમાન રીતે નાઝિલ કરશે જેનાથી ન તો ગુનેહગાર બચશે અને ન જ બેગુનાહ."

અને બેગુનાહનો ભાવાર્થ અત્રે તે લોકો છે જેઓ મૂળ ગુનાહમાં તેમની સામે સામેલ ન હતા પરંતુ અમ્ર બિલ્ મઅ્રૂફને છોડી દેવાના ગુનાહમાં તે પણ સંડોવાયેલા હતા. એટલા માટે એવી શંકા ન થવી જોઈએ કે, એકના ગુનાહનો અઝાબ બીજા ઉપર નાંખવો અન્યાય અને કુર્આની ફૈસલા لَاتَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى વિરુદ્ધ બાબત છે, કારણ કે અત્રે ગુનેહગાર પોતાના અસલ ગુનાહની વબાલમાં અને બેગુનાહ અમ્ર બિલ મઅ્રૂફને છોડી દેવાના ગુનાહમાં પકડવામાં આવ્યા છે, એટલે કે કોઈ અન્યના ગુનાહ બીજાના માથે નાંખવામાં નથી આવ્યા.

ઈમામ બગવી (રહ.)એ شَرْحُ السُّنَّةِ (શર્હુસ્સુન્નહ) અને મઆલિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ અને હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી આ રિવાયત નકલ કરી છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા કોઈ ખાસ સમૂહના ગુનાહોનો અઝાબ સામાન્ય લોકો ઉપર નથી નાંખતો જ્યાં સુધી કે એવી પરિસ્થિતિ પેદા ન થઈ જાય કે તે પોતાના માહોલમાં ગુનાહ થતો જૂએ અને તેનામાં એ શક્તિ પણ હોય કે તે તેને રોકી શકે છે તે છતાં તેણે તેને અટકાવ્યો નહીં તો તે સમયે અલ્લાહ તઆલાનો અઝાબ તે બધાને જ ઘેરી લે છે."

તિરમિઝી અને અબૂ દાવુદ વગેરેમાં સહીહ સનદ સાથે નકલ થયેલ છે કે, હઝરત અબૂબક્ર સિદીક (રદિ.)એ પોતાના એક ખુત્બામાં ફરમાવ્યું કે, "મેં રસૂલે કરીમ ﷺ પાસેથી સાંભળ્યું કે, આપ ﷺએ ફરમાવ્યું કે, જ્યારે લોકો કોઈ અત્યાચારીને જૂએ અને અત્યાચાર કરવાથી તેના હાથને ન રોકે તો નિકટ છે કે અલ્લાહ તઆલા તે સૌના ઉપર પોતાનો અઝાબ ઉતારી દે."

સહીહ બુખારીમાં હઝરત નુઅ્માન બિન બશીર (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જ્યારે લોકો અલ્લાહ તઆલાના કાયદાઓ અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારા ગુનેહગાર હોય અને જે લોકો તેમને જોઈને મૌન ધારણ કરે તે છતાં કે તેમનામાં તે ગુનાહ રોકવાની શક્તિ હોય છે અને રોકતા નથી, આ બંને પ્રકારના લોકોનું ઉદાહરણ એવું છે જેમકે કોઈ દરિયાના જહાજમાં બે માળ હોય અને નીચેના માળવાળા ઉપર આવીને પોતાની આવશ્યકતા અનુસાર પાણી લે છે જેનાથી ઉપરવાળા તકલીફ અનુભવે છે, નીચેવાળા આ જોઈને એવી રીત અપનાવે કે જહાજના નીચલા ભાગમાં કાણું કરીને તેમાંથી પોતાના માટે પાણી પ્રાપ્ત કરે અને ઉપરના લોકો તેમની આવી પ્રવૃત્તિ જૂએ છતાં તેમને એવું કરવાથી ન રોકે તો દેખીતું છે કે, પાણી આખા જહાજમાં ભરાઈ જશે અને જ્યારે નીચલા માળવાળા ડૂબી જશે તો ઉપરના માળવાળા પણ ડૂબવાથી બચી નહી શકે.

આ રિવાયતોની બીનાએ વિવરણકાર વિદ્વાનોએ એવું ઠરાવ્યું છે કે, આ આયતમાં فِتْنَةً (ફિત્નહ)નો અર્થ આ જ ગુનોહ એટલે કે અમ્ર બિલ્ મઅ્રૂફ અને નહી અનિલ મુન્કરને છોડી દેવાનો છે.

અને તફસીરે મઝહરીમાં છે કે, આ ગુનાહનો ભાવાર્થ જિહાદ છોડી દેવું છે, ખાસ કરીને જ્યારે કે મુસલમાનોના અમીર તરફથી જિહાદમાં સામેલ થવાનું આમંત્રણ દરેક મુસલમાનને આપવામાં આવે અને ઈસ્લામિક પ્રતીકોની સુરક્ષા તેના ઉપર જ અવલંબિત હોય, કારણ કે એવા વખતે જિહાદ છોડવાનો વબાલ ફક્ત જિહાદ છોડનારાઓ ઉપર નહીં હોય બલકે, બધા મુસલમાનો ઉપર તેનો વબાલ પડે છે, કાફિરોના વિજયના કારણે સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો અને ઘણા બધા નિર્દોષ મુસલમાનો હત્યા અને ખૂનામરકીના શિકાર બને છે, તેમના જાન-માલ

ભયમાં પડી જાય છે, આ સ્વરૂપમાં અઝાબનો અર્થ દુનિયવી તકલીફો અને મુસીબતો હશે.

આ તફસીરનો ખુલાસો એ છે કે, પાછલી આયતોમાં જિહાદ છોડનારાઓની નિંદા કરવામાં આવી છે. وَاِنَّ فَرِيْقًا مِّنَ الْمُؤْمِنِيْنَ لَكٰرِهُوْنَ (૮:૫) અને يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا زَحْفًا فَلَا تُوَلُّوْهُمُ الْاَدْبَارَ (૮:૧૫) વગેરે આયતો આ જ વિષય બાબતે આવી ચૂકી છે.

ગઝ્વએ ઉહદમાં જ્યારે કે અમુક મુસલમાનોથી ભૂલ થઈ કે, પહાડની ટોચની સુરક્ષા છોડીને નીચે આવી ગયા તો તેમની મુસીબત ફક્ત ભૂલ કરનારાઓ ઉપર ન આવી બલકે, સમગ્ર મુસલમાન લશ્કર ઉપર પડી, એટલે સુધી કે રસૂલે કરીમ ﷺ પણ આ લડાઈમાં ઘાયલ થયા.

બીજી આયતમાં પણ અલ્લાહના હુકમોના અનુસરણને સરળ કરવા માટે અને તેનું પ્રોત્સાહન આપવા માટે મુસલમાનોને તેમના ભૂતકાળની વિકટ પરિસ્થિતિઓને તેઓની અશક્તિ અને કમજોરીઓને અને ત્યાર પછી તેમના ઉપર પોતાના ફઝ્લ (કૃપા) અને ઈનામ વડે પરિસ્થિતિનું પરિવર્તન કરીને તેમને શક્તિ અને સંતોષ અર્પણ કરવાનું વર્ણન છે. ઈરશાદ છે,

وَاذْكُرُوْٓا اِذْ اَنْتُمْ قَلِيْلٌ مُّسْتَضْعَفُوْنَ فِى الْاَرْضِ تَخَافُوْنَ اَنْ يَّتَخَطَّفَكُمُ النَّاسُ

فَاٰوٰىكُمْ وَاَيَّدَكُمْ بِنَصْرِهٖ وَرَزَقَكُمْ مِّنَ الطَّيِّبٰتِ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ

એટલે કે, "હે મુસલમાનો ! પોતાની તે પરિસ્થિતિને યાદ કરો જે હિજરત પહેલાં મક્કાએ મુઅજ્જમહમાં હતી કે, સંખ્યામાં પણ થોડા હતા અને શક્તિમાં પણ; દરેક સમયે એવો ભય રહેતો હતો કે દુશ્મન તેમને ઊંચકી ઢસડી જશે, અલ્લાહ તઆલાએ તેમને મદીનામાં ઉત્તમ કક્ષાનું ઠેકાણું અર્પણ કર્યું અને ન જ ફક્ત ઠેકાણું આપ્યું બલકે પોતાનું સમર્થન અને મદદ કરીને તેમને શક્તિશાળી બનાવી દુશ્મનો ઉપર વિજયી કર્યા તથા આર્થિક છૂટછાટ અર્પણ કરી." આયતમાં છેલ્લે ફરમાવ્યું, لَعَلَّكُمْ تَشْكُرُوْنَ એટલે કે, "તમારી પરિસ્થિતિનું પરિવર્તન અને આ કાયાપલટ તથા અલ્લાહના ઈનામોનો મકસદ એ છે કે તમે શુક્રગુઝાર બંદા બનો અને દેખીતું છે કે, શુક્રગુઝારી તેની આજ્ઞાઓના પાલન અને અનુસરણ ઉપર જ અવલંબિત છે.

ત્રીજી આયતમાં મુસલમાનોને એ હુકમ આપવામાં આવ્યો કે, અલ્લાહ તઆલાના હકોમાં અથવા પરસ્પર બંદાઓના હકોમાં ખયાનત ન કરો કે, તમે હક અદા ન કરો અથવા તેમાં કોઈ ઉણપ અને ત્રુટી રાખો. છેલ્લે આયતમાં وَاَنْتُمْ تَعْلَمُوْنَ ફરમાવીને એવું બતાવવામાં આવ્યું કે, તમે તો ખયાનતની બુરાઈ અને તેના વબાલને જાણો જ છો પછી તેમાં પ્રવૃત્ત થવું બુદ્ધિ અને સમજદારીની વાત નથી અને કારણ કે અલ્લાહના હકો અને બંદાના હકોને પૂર્ણ કરવામાં બેદરકારી અથવા ઉણપનું કારણ સામાન્ય રીતે મનુષ્યનો માલ અને અવલાદ હોય છે, એટલા માટે એ બાબતે ચેતવણી આપવા માટે ફરમાવ્યું કે, وَاعْلَمُوْٓا اَنَّمَآ اَمْوَالُكُمْ وَاَوْلَادُكُمْ فِتْنَةٌ وَّاَنَّ اللّٰهَ عِنْدَهٗٓ اَجْرٌ عَظِيْمٌ એટલે કે, "આ વાત સમજી રાખો કે તમારો માલ અને તમારી અવલાદ તમારા માટે ફિત્નો છે."

"ફિત્નહ"નો અર્થ "કસોટી" પણ થાય છે અને "અઝાબ" પણ. એવી વસ્તુઓને પણ ફિત્નહ કહેવામાં આવે છે જે અઝાબનું કારણ બને. કુર્આને કરીમમાં વિવિધ આયતોમાં આ ત્રણે અર્થ માટે "ફિત્નહ" શબ્દ ઉપયોગવામાં આવ્યો છે, અત્રે ત્રણે અર્થની શક્યતા છે. અમુક સમયે માલ અને અવલાદ મનુષ્ય માટે દુનિયામાં જ જીવનો વબાલ બની જાય છે અને તેના કારણે ગફલત અને ગુનાહોમાં સંડોવાઈ જવાથી અઝાબનું કારણ બની જવું તો બિલકુલ જાહેર બાબત છે. પ્રથમ એ કે માલ અને અવલાદ દ્વારા તમારી કસોટી લેવાનો હેતુ હોય છે કે આ વસ્તુઓ અમારા ઈનામો છે, તમે તે ઈનામો લઈને શુક્રગુઝાર (આભારી) થઈને અનુસરણ કરી આજ્ઞાપાલક બનો છો અથવા તો પછી નાશુક્રી અને નાફરમાની કરો છો ! બીજો અને ત્રીજો અર્થ પણ એ જ હોઈ શકે છે કે, માલ અને અવલાદની મહોબ્બતમાં સપડાઈને અલ્લાહ તઆલાને નારાજ કર્યા તો આ જ માલ અને અવલાદ તમારા માટે અઝાબ બની જશે. અમુક સમયે તો દુનિયામાં જ આ વસ્તુઓ મનુષ્યને સખત મુસીબતોમાં સપડાવી દે છે અને દુનિયામાં જ માલ અને અવલાદનો અઝાબ અનુભવવા લાગે છે, નહિતર એ તો જરૂરી જ છે કે દુનિયામાં જે માલ અલ્લાહ તઆલાના હુકમો વિરુદ્ધ કમાવામાં આવ્યો અથવા ખર્ચ કરવામાં આવ્યો તે માલ જ આખિરતમાં તેના માટે સાપ-વીંછી અને આગના ડામ દેવાનું માધ્યમ બની જાય છે, જેમકે કુર્આને કરીમની અનેક આયતોમાં અને અનેક હદીષની રિવાયતોમાં તેના ખુલાસાઓ ઉપસ્થિત છે અને

ત્રીજો અર્થ એ કે એ વસ્તુઓ અઝાબનું કારણ બની જશે તો દેખીતું છે કે જ્યારે આ વસ્તુઓ અલ્લાહ તઆલાથી ગફલત અને તેની આજ્ઞાઓના અનાદરનું કારણ બને તો અઝાબનું કારણ બની ગઈ. અંતિમ આયતમાં وَاَنَّ اللّٰهَ عِنۡدَهٗۤ اَجۡرٌ عَظِيۡمٌ ફરમાવ્યું, એટલે કે "એ પણ સમજી લો કે જે વ્યક્તિ માટે અલ્લાહ અને રસૂલ ﷺના હુકમોના અનુસરણમાં માલ અને અવલાદની મહોબ્બત આડે ન આવે તો તેના માટે અલ્લાહ તઆલા પાસે ઘણો મોટો સવાબ છે."

આ આયતના વિષયમાં સામાન્ય રીતે બધા જ મુસલમાનો સામેલ છે પરંતુ આ આયતો નાઝિલ થવાની પૂર્વભૂમિકા સ્વરૂપે મોટા ભાગના વિવરણકારોના મતે તે ઘટના છે કે, જે હઝરત અબૂ લુબાબહ (રદિ.)ને ગઝ્વએ બનુ કુરયઝામાં ઉપસ્થિત થઈ હતી કે, રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)એ બનુ કુરયઝાના કિલ્લાનો ૨૧ દિવસ સુધી ઘેરો ચાલુ રાખ્યો જેનાથી લાચાર થઈને તેમણે (યહૂદીઓએ) વતન છોડીને સિરીયા ચાલ્યા જવાની દરખાસ્ત કરી. રસૂલે કરીમ ﷺએ તેમની (યહૂદીઓની) શરારતોના કારણે તેનો સ્વીકાર ન કર્યો બલકે, આ ઈરશાદ ફરમાવ્યો કે સુલેહનું ફક્ત એ જ સ્વરૂપ છે કે, સઅદ બિન મઆઝ (રદિ.) જે તમારા વિશે ફેંસલો કરે તેના ઉપર રાજી જઈ જાઓ. તેમણે દરખાસ્ત કરી કે, સઅદ બિન મઆઝ (રદિ.)ના બદલે અબૂ લુબાબહને આ કામ સોંપવામાં આવે. હઝરત અબૂ લુબાબહના ઘરના લોકો અને તેમની માલ-મિલકત બનુ કુરયઝામાં હતી, તેમના વિશે તેમનો (યહૂદીઓનો) એ અભિપ્રાય હતો કે તેઓ અમારા કિસ્સામાં રિઆયત કરશે. આપ ﷺએ તેમની દરખાસ્ત પ્રમાણે હઝરત અબૂ લુબાબહ (રદિ.)ને મોકલ્યા. બનુ કુરયઝાના બધા જ સ્ત્રી-પુરુષો તેમની આસપાસ ભેગા થઈને રડવા લાગ્યા અને પૂછ્યું કે, જો અમે રસૂલે કરીમ ﷺના હુકમ ઉપર ઊતરી જઈએ તો અમારા મા'મલામાં તે કોઈ નરમાશનો વ્યવહાર કરશે ? અબૂ લુબાબહ (રદિ.)ને ખબર હતી કે તેમના વિશે નરમાશ વર્તવાનો અભિપ્રાય નથી, તેમણે અમુક તે લોકોના રડવા-કકળવાથી અને કંઈક પોતાના બાલ-બચ્ચાંની મહોબ્બતથી પ્રભાવિત થઈને પોતાના ગળા ઉપર તલવારની જેમ હાથ ફેરવીને ઈશારાથી બતાવી આપ્યું કે તમને કાપી નાંખવામાં આવશે, જાણે કે તેમણે રસૂલે કરીમ ﷺની ગુપ્ત વાતની જાણકારી આપી દીધી.

માલ અને અવલાદની મહોબ્બતમાં આ કામ તો કરી ચૂક્યા પરંતુ તરત જ ચેતી ગયા કે મેં તો રસૂલુલ્લાહ ﷺની ખયાનત કરી, જ્યારે ત્યાંથી પાછા આવ્યા તો એટલો પસ્તાવો થતો હતો કે, આપ ﷺની સેવામાં જવાના બદલે સીધા મસ્જિદમાં પહોંચી ગયા અને મસ્જિદના એક થાંભલા સાથે પોતાને બાંધી દીધા અને કસમ ખાધી કે, જ્યાં સુધી મારી તવબહ કબૂલ નહીં થાય આ જ રીતે બંધાયેલો રહીશ, ભલે આવી પરિસ્થિતિમાં મને મોત આવી જાય. એટલા માટે સાત દિવસ આવી જ પરિસ્થિતિમાં બંધાયેલા ઊભા રહ્યા, તેમના પત્ની અને પુત્રી તેમની દેખરેખ રાખતા હતા. માનવીય હાજતોના સમયે અને નમાઝના સમયે તેમને ખોલી નાંખતા અને હાજતો પૂર્ણ કર્યા પછી ફરીવાર બાંધી દેતા હતા, ખાવા-પીવાની પાસે પણ ન જતા હતા, એટલે સુધી કે બેહોશી છવાઈ જતી હતી.

રસૂલે કરીમ ﷺને જ્યારે પ્રથમ તેની જાણ થઈ તો તેમણે કહ્યું કે, "જો તેઓ પહેલાં મારી પાસે આવી ગયા હોત તો મેં તેમના માટે મા'ફીની દુઆ કરી હોત અને તેમની તવબહ કબૂલ થઈ જાત. હવે, જ્યારે કે તેઓ આ કામ કરી જ ચૂક્યા છે તો હવે તવબહની સ્વીકૃતિ નાઝિલ થવાની રાહ જોવી પડશે."

સાત દિવસ પછી છેલ્લી રાત્રે રસૂલે કરીમ ﷺ ઉપર તેમની તવબહની સ્વીકૃતિ વિશે આ આયતો નાઝિલ થઈ. અમુક લોકોએ તેમને ખુશખબરી સંભળાવી અને તેમને ખોલવા ઈચ્છ્યા પરંતુ તેમણે કહ્યું કે, જ્યાં સુધી રસૂલે કરીમ ﷺ પોતે મને બંધનમાંથી મુક્ત નહીં કરે હું પોતે મુક્ત થવાનું પસંદ નહીં કરું. એટલા માટે જ્યારે આપ ﷺ સવારની નમાઝ માટે તશરીફ લાવ્યા તો પોતાના હાથોથી તેમને મુક્ત કર્યા. પ્રસ્તુત આયતોમાં જે ખયાનત કરવાની તથા માલ અને અવલાદની મહોબ્બતની લાગણીના પૂરમાં વહી જવાની મનાઈનું વર્ણન આવ્યું છે તેનું મૂળ કારણ આ ઘટના છે. વલ્લાહુ અઅ્લમુ.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૨૯ થી ૩૩)

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ تَتَّقُوا اللّٰهَ يَجْعَلْ لَّكُمْ فُرْقَانًا وَّيُكَفِّرْ عَنْكُمْ سَيِّاٰتِكُمْ
وَيَغْفِرْ لَكُمْ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ﴿۲۹﴾ وَاِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ
اَوْ يَقْتُلُوْكَ اَوْ يُخْرِجُوْكَ ؕ وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ ﴿۳۰﴾

وَإِذَا تُتْلَىٰ عَلَيْهِمْ آيَاتُنَا قَالُوا قَدْ سَمِعْنَا لَوْ نَشَاءُ لَقُلْنَا مِثْلَ هَٰذَا ۙ إِنْ هَٰذَا إِلَّا
أَسَاطِيرُ الْأَوَّلِينَ ﴿٣١﴾ وَإِذْ قَالُوا اللَّهُمَّ إِنْ كَانَ هَٰذَا هُوَ الْحَقَّ مِنْ عِنْدِكَ فَأَمْطِرْ
عَلَيْنَا حِجَارَةً مِنَ السَّمَاءِ أَوِ ائْتِنَا بِعَذَابٍ أَلِيمٍ ﴿٣٢﴾ وَمَا كَانَ اللَّهُ لِيُعَذِّبَهُمْ
وَأَنْتَ فِيهِمْ ۚ وَمَا كَانَ اللَّهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُونَ ﴿٣٣﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જો તમે અલ્લાહથી ડરતા રહો તો તમારામાં ફેંસલો કરી આપશે અને તમારાથી તમારા ગુનાહ દૂર કરી દેશે અને તમને મા'ફ કરી દેશે અને અલ્લાહની કૃપા ઘણી મોટી છે. (૨૯) અને જ્યારે કાફિરો ષડયંત્ર કરતા હતા કે તમને કેદ કરી દે અથવા મારી નાંખે અથવા કાઢી મૂકે અને તેઓ પણ દાવપેચ કરતા હતા અને અલ્લાહ પણ ગુપ્ત યોજના કરતો હતો અને અલ્લાહની ગુપ્ત યોજનાઓ સૌથી ઉત્તમ છે. (૩૦) અને જ્યારે કોઈ તેમના ઉપર અમારી આયતો પઢે તો કહે, અમે સાંભળી ચૂક્યા જો અમે ઈચ્છીએ તો અમે પણ આવું કહીએ, આ તો કંઈ પણ નથી પરંતુ આગલા લોકોના અહેવાલ છે. (૩૧) અને જ્યારે તેઓ કહેવા લાગ્યા કે યા અલ્લાહ ! જો આ જ દીન તારા તરફથી સત્ય છે તો અમારા ઉપર આસમાનેથી પથ્થર વરસાવી દે અથવા અમારા ઉપર કોઈ કષ્ટદાયક અઝાબ લાવ. (૩૨) અને અલ્લાહ કદાપિ તેમના ઉપર અઝાબ ન કરે જ્યાં સુધી તમે તેમનામાં રહો અને અલ્લાહ કદાપિ તેમના ઉપર અઝાબ કરશે નહીં જ્યાં સુધી તેઓ મા'ફી માંગતા રહેશે. (૩૩)

તફસીર :

(અને) હે ઈમાનવાળાઓ ! (અનુસરણ કરવાની વધારે બરકતો સાંભળો, તે એ છે કે) જો તમે અલ્લાહથી ડરતા રહેશો (અને આ રીતે ડરી તેનું અનુસરણ કરતા રહેશો) તો અલ્લાહ તઆલા તમને તે એક ફેંસલાની વસ્તુ (ફુરકાન) આપશે (તેમાં હિદાયત અને દિવ્ય પ્રકાશ છે જેનાથી સત્ય અને અસત્યમાં જ્ઞાનપૂર્ણ ફેસલો થઈ જાય છે અને સત્ય છવાઈ જાય છે તથા આખિરતનો

છુટકારો પ્રાપ્ત થાય છે કે જેનો આધાર સત્ય અને અસત્યમાં કામગીરી મુજબનો ફેંસલો હોય છે; તે બધું જ તેમાં આવી ગયું) અને તમારાથી તમારા ગુનાહો દૂર કરી આપશે અને તમને મા'ફ કરી આપશે અને અલ્લાહ મહાન કૃપાવાળો છે (અલ્લાહ પોતાની કૃપાથી શું-શું આપશે તેની કલ્પના અને અનુમાન પણ લગાવી શકાય નહીં) અને (હે મુહમ્મદ ﷺ ! મુસલમાનોની સામે નેઅ્મતોના ઉલ્લેખ માટે) એ કિસ્સાને પણ વર્ણન કરી આપો જ્યારે કે કાફિર લોકો તમારા વિશે (અત્યંત દુષ્ટ) ષડ્યંત્રો વિચારી રહ્યા હતા કે (યા તો) તમને કેદ કરી લે યા તમને કતલ કરી નાંખે અથવા તમને વતનમાંથી કાઢી મૂકે અને તે તો પોતાના ષડ્યંત્રો કરી રહ્યા હતા અને અલ્લાહ પોતાની યુક્તિઓ (આ કાફિરોના ષડ્યંત્રોને નિષ્ફળ બનાવવા માટે) કરી રહ્યો હતો અને સૌથી વધારે મજબૂત યુક્તિઓ કરનાર અલ્લાહ જ છે (જેની સામે તેમના સમગ્ર ષડ્યંત્રો નષ્ટ થઈ ગયા અને તમે સંપૂર્ણ સુરક્ષિત રહ્યા અને હેમખેમ મદીના તય્યિબહ આવી પહોંચ્યા, કારણ કે તમારું આ રીતે બચેલા રહેવું મો'મિનોના હકમાં અત્યંત ખુશનસીબી અને સફળતાની બાબત છે, એટલા માટે આ ઘટનાનો ઉલ્લેખ કરવાનો હુકમ થયો) અને (તે કાફિરોની એવી હાલત છે કે) જ્યારે તેમની સામે અમારી આયતો પઢવામાં આવે છે તો કહે છે કે અમે સાંભળી(ને જોઈ) લીધું (કે આ તો કોઈ મોઅ્જિઝો નથી કારણ કે) જો અમે ઇચ્છીએ તો તેના સમકક્ષ અમે પણ કહી આપીએ (બસ) આ (કુર્આન) તો (અલ્લાહનું કલામ અને મોઅ્જિઝો વગેરે) કંઈ જ નથી ફક્ત પ્રમાણ વિનાની વાતો છે જે અગાઉના લોકો દ્વારા વર્ણન થતી ચાલી આવી રહી છે (કે આગલા લોકો પણ આ જ તવહીદ અને રિસાલત વગેરેનો દા'વો કરતા રહ્યા છે તેમના જ વિષયો તમે નકલ કરી રહ્યા છો) અને (તેનાથી વધીને વર્ણન કરવાપાત્ર પરિસ્થિતિ એ છે) જ્યારે કે તે લોકોએ (પોતાની આ અજ્ઞાનતાપૂર્ણ માન્યતાને સાબિત કરવા માટે અને તેને તુચ્છ જાહેર કરવા માટે એવું પણ) કહ્યું કે, હે અલ્લાહ ! જો આ કુર્આન તારા તરફથી સત્ય છે તો અમારા ઉપર (તેના ન માનવાના કારણે) આસમાનથી પથ્થર વરસાવ અથવા અમારા ઉપર કોઈ (અન્ય) દર્દનાક અઝાબ નાંખ (જે અસ્વાભાવિક હોય જેમકે પથ્થરનો વરસાદ વગેરે હોય અને જ્યારે એવો અઝાબ નથી આવતો તો પોતે સત્ય હોવાનું જાણી ગર્વ કરે છે) અને (એવું નથી સમજતા કે તેમના આ રીતે જૂઠાડવા તથા

માંગણી કરવાના કારણે અઝાબ નાઝિલ નથી થયા કરતો, કારણ એ છે કે) અલ્લાહ તઆલા એવું કરશે નહીં કે તેમનામાં આપ (ﷺ) ઉપસ્થિત હોવા છતાં તેમને (એવો) અઝાબ આપે અને (વળી) અલ્લાહ તઆલા તેમને (એવો) અઝાબ આપશે નહીં એ હાલતમાં કે તેઓ મા'ફી પણ માંગી રહ્યા છે (બસ, તે મા'ફી માંગવી આખિરતમાં ઈમાન ન હોવાના કારણે લાભપાત્ર નહીં હોય પરંતુ અંતે સારા કામો એ એક નેક અમલ છે દુનિયામાં તો કાફિરો માટે લાભકારી થઈ શકે છે, મતલબ એ છે કે અલ્લાહના સામૂહિક અઝાબ માટે બે વસ્તુઓ રુકાવટ છે; એક આપ ﷺનું દુનિયામાં અથવા મક્કામાં મોજૂદ હોવું અને બીજું તે લોકોનું તવાફ વગેરેમાં غُفْرَانَكَ "ગુફરાનક" કહેવું કે જે હિજરત પછી અથવા રસૂલે કરીમ ﷺની વફાત પછી પણ બાકી હતું અને સામૂહિક અઝાબની રુકાવટ સ્વરૂપે એક હદીષ એ પણ છે કે, રસૂલ ﷺનું ઉમ્મતમાં મોજૂદ હોવું આ રુકાવટ કોઈના ઈસ્તિગફાર ન કરવા છતાં બાકી છે. આ બાબતો પોતે સામૂહિક અઝાબ માટે અવરોધક છે ભલે તે સામૂહિક અઝાબ ન આવવાનું જાહેર હોવા છતાં ક્યારેક કોઈ અઝાબ કામચલાઉ ધોરણે મસ્લિહત સ્વરૂપે આવી જાય છે, જેમકે કયામત નજીક અમુક અઝાબ આવશે જેનું હદીષોમાં વર્ણન થયું છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં એ બાબતનો ઉલ્લેખ હતો કે, માનવી માટે માલ અને અવલાદ એક ફિત્નો એટલે કે કસોટીની વસ્તુ છે, કારણ કે આ વસ્તુઓની મહોબ્બતમાં વ્યક્તિ લાગણીના પ્રવાહમાં વહીને સામાન્ય રીતે અલ્લાહ તઆલા અને આખિરતથી બેદરકાર (ગાફિલ) થઈ જાય છે, જ્યારે કે આ મહાન નેઅ્મતનો બૌદ્ધિક તકાદો એ હતો કે અલ્લાહ તઆલાના આ અહેસાનોના કારણે તેના તરફ વધારે કેન્દ્રિત થાય.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયત આ જ વિષયની પૂર્ણતા છે, તેમાં ફરમાવ્યું છે કે જે વ્યક્તિ બુદ્ધિને સ્વભાવ ઉપર વર્ચસ્વ આપીને કસોટીના સમયે અડગ રહ્યા અને અલ્લાહ તઆલાના અનુસરણ અને મહોબ્બતને બધી વસ્તુઓ ઉપર અગ્રસ્થાને રાખી, જેને કુર્આન અને શરીઅતની પરિભાષામાં "તકવો" કહેવામાં આવે છે તો તેને તેના બદલામાં ત્રણ વસ્તુઓ અર્પણ થાય છે, એક ફુરકાન, બીજી ગુનાહોનો કફ્ફારો અને ત્રીજી મગફિરત એટલે કે ક્ષમા.

"ફુરકાન" અને "ફર્ક" બંને સમાનાર્થી ક્રિયાપદના અર્થો છે, રૂઢિપ્રયોગમાં ફુરકાન તે વસ્તુ માટે બોલવામાં આવે છે જે બે વસ્તુઓમાં સ્પષ્ટપણે ફરક અને ફેસલો કરી આપે, એટલા માટે ફૈસલાને ફુરકાન કહેવામાં આવે છે, કારણ કે તે સત્ય અને અસત્યમાં સ્પષ્ટ તફાવત કરી આપે છે. અલ્લાહ તઆલાની મદદને પણ ફુરકાન કહેવામાં આવે છે, કારણ કે તેના દ્વારા સત્યવાદીઓને વિજય પ્રાપ્ત થાય છે અને તેના વિરોધીઓનો પરાજય થાય છે અને આ રીતે સત્ય અને અસત્યનો ફરક સ્પષ્ટ થઈ જાય છે. કુર્આને કરીમમાં આ જ અર્થ માટે ગઝ્વએ બદ્રને يَـوْمُ الْـفُـرْقَـانْ (યવમુલ ફુરકાન) "ફરક કરવાના દિવસ"ના નામથી ઓળખાવવામાં આવે છે.

આ આયતમાં તકવો ધારણ કરનારને ફુરકાન અર્પણ થયાનું કેટલાક વિવરણકાર સહાબા (રદિ.)ના મતે એ જ અર્થમાં છે કે, અલ્લાહ તઆલાની મદદ અને સુરક્ષા તેમની સાથે હોય છે, કોઈ દુશ્મન તેમને નુકસાન નથી પહોંચાડી શકતો અને બધા જ હેતુઓમાં સફળતા તેમનો મિત્ર હોય છે.

ہر کہ ترسید از حق و تقویٰ گزید　　ترسد از وے جن و انس و ہر کہ دید

જે કોઈ અલ્લાહથી ડરે અને તકવો ગ્રહણ કરે
તેનાથી જિન્નાત, ઈન્સાન બલકે દરેક આંખવાળા સજીવ ડરે છે.

તફસીરે મહાઈમીમાં છે કે, "તેમાં એ વાત તરફ ઈશારો છે કે અગાઉના કિસ્સાઓમાં હઝરત અબૂ લુબાબહ (રદિ.)થી જે પોતાના બાળ-બચ્ચાંના રક્ષણ માટે ભૂલ થઈ ગઈ હતી, તે એટલા માટે પણ ભૂલ હતી કે બાળ-બચ્ચાંના રક્ષણનો પણ સાચો માર્ગ એ જ હતો કે, અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺના અનુસરણને પોતાનું સંપૂર્ણ ચરિત્ર્ય બનાવે તો સર્વ કાંઈ માલ અને અવલાદ અલ્લાહ તઆલાની સુરક્ષામાં આવી ગયું હોત" અને અમુક વિવરણકાર વિદ્વાનોએ નોંધ્યું છે કે, فُرْقَانْ (ફુરકાન)નો અર્થ આ આયતમાં તે બુદ્ધિ, દિર્ઘદષ્ટિ તથા કોઠાસૂઝ છે જેના દ્વારા સત્ય અને અસત્ય, ખરા અને ખોટામાં તફાવત કરવો સરળ થઈ જાય, હવે આયતનો ભાવાર્થ એ થયો કે તકવો ધારણ કરનારને અલ્લાહ તઆલા એવી સમજદારી અને કોઠાસૂઝ અર્પણ કરે છે કે તેમના માટે સારા અને નરસાનો ફૈસલો કરવો સરળ થઈ જાય છે.

બીજી વસ્તુ જે તકવાના બદલામાં અર્પણ થાય છે તે كَفَّارَةُ سَيِّئَاتٌ "ગુનાહોનો કફ્ફારો" છે, એટલે કે જે ભૂલો અને ત્રુટીઓ તેમનાથી થઈ જાય છે દુનિયામાં તેનો કફ્ફારો અને બદલો કરી આપવામાં આવે છે, એટલે કે તેમને એવા નેક અમલોની તવફીક થઈ જાય છે જે તેમની બધી ભૂલો ઉપર છવાય જાય છે અને ત્રીજી વસ્તુ જે તકવાના બદલામાં પ્રાપ્ત થાય છે તે આખિરતની મગફિરત (મા'ફી) અને બધા ગુનાહો તથા ભૂલોની ક્ષમા છે.

અંતિમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ એટલે કે, "અલ્લાહ તઆલા મોટો કૃપા કરનાર અને અહેસાન કરનાર છે." તેમાં એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે અમલનો બદલો તો અમલના પ્રમાણ ઉપર હોય છે, અત્રે પણ તકવો (અલ્લાહનો ડર) ધારણ કરનારને જે ત્રણ વસ્તુઓ અર્પણ કરવાનું વર્ણન છે તે તકવાના સારા બદલા સ્વરૂપે હશે પરંતુ અલ્લાહ તઆલા મહાન કૃપાવંત અને અહેસાનવાળો પણ છે, તેની બખ્શીશ અને મહેરબાની કોઈ માપદંડમાં સીમિત નથી, તેના અહેસાન અને ઈનામનું કોઈ અનુમાન પણ લગાવી શકતું નથી, એટલા માટે તકવો (અલ્લાહનો ડર) ધારણ કરનાર માટે અલ્લાહ તઆલાની કૃપા અને ઈનામોથી જે આ ત્રણ વસ્તુઓ અર્પણ થશે તે ઉપરાંત પણ ઘણી બધી આશા રાખવી જોઈએ.

બીજી આયતમાં અલ્લાહ તઆલાના એક ખાસ ઈનામ અને અહેસાનનું વર્ણન છે જે રસૂલુલ્લાહ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) ઉપર બલકે, સમગ્ર દુનિયા ઉપર થયેલ છે કે હિજરત પહેલાં જ્યારે રસૂલે કરીમ ﷺ કાફિરોના ઘેરામાં હતા અને તેઓ આપ ﷺને કેદ પકડવાના અથવા તેમની હત્યા કરવાના ષડ્યંત્રો કરી રહ્યા હતા તો અલ્લાહ તઆલાએ તેમના નાપાક ઈરાદાઓને ધૂળમાં મેળવી દીધા અને રસૂલે કરીમ ﷺને હેમખેમ મદીના તય્યિબહ પહોંચાડી દીધા.

જેની ઘટના તફસીરે ઈબ્ને કષીર અને મઝહરીમાં મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક તથા ઈમામ અહમદ અને ઈમામ જરીર (રહ.) વગેરેએ એ નકલ કરી છે કે, જ્યારે મદીના તય્યિબહથી આવનાર અન્સારોનું મુસલમાન થઈ જવું, મક્કામાં મશહૂર થઈ ગયું તો મક્કાના કુરૈશીઓને એવી ચિંતા થવા લાગી કે, અત્યાર સુધી તો તેમનો મા'મલો ફક્ત મક્કાના વર્તુળ સુધી સીમિત હતો જ્યાં દરેક પ્રકારની

શક્તિ અમારા હાથમાં છે અને હવે જ્યારે કે મદીનામાં ઈસ્લામ ફેલાવા લાગ્યો અને ઘણા બધા સહાબએ કિરામ (રદિ.) હિજરત કરીને મદીના તય્યિબહ પહોંચી ગયા તો હવે તેમનું એક કેન્દ્ર મદીના તય્યિબહમાં સ્થાપિત થઈ ગયું, જ્યાં તેઓ દરેક પ્રકારની શક્તિ અમારા વિરુદ્ધ ભેગી કરી શકે છે અને પછી અમારા ઉપર આક્રમણ કરી શકે છે અને તેમને એવી પણ અનુભૂતિ થવા લાગી કે, અત્યાર સુધી તો અમુક સહાબએ કિરામ (રદિ.) જ હિજરત કરીને મદીના તય્યિબહ પહોંચ્યા છે, હવે એ બાબતનું પણ મજબૂત અનુમાન છે કે પોતે (હઝરત) મુહમ્મદ (ﷺ) પણ ત્યાં ચાલ્યા જશે, એટલા માટે મક્કાના આગેવાનો અને સરદારોએ સલાહ-મશ્વરા માટે "દારુલ નદ્વહ"માં એક ખાસ મિટીંગ બોલાવી. દારુલ નદ્વહ મસ્જિદે હરામની બિલકુલ લગોલગ કુસય બિન કિલાબનું મકાન હતું, જેને તે લોકોએ પોતાની સામાજિક સમસ્યાઓના સમયે સલાહ-મશ્વરો કરવા માટે મિટીંગ કરવા નક્કી કરી રાખ્યું હતું અને ઈસ્લામના યુગમાં તેને મસ્જિદે હરામમાં સામેલ કરી લેવામાં આવ્યું છે. કહેવામાં આવે છે કે પ્રવર્તમાન પરિસ્થિતિમાં "બાબુલ ઝિયારત" જ તે સ્થળ હતું જેને દારુલ નદ્વહ કહેવામાં આવતું હતું.

રિવાજ પ્રમાણે આ મહત્ત્વના સલાહ-મશ્વરા માટે કુરૈશના સરદારોની મિટીંગ દારુલ નદ્વહમાં થઈ જેમાં અબૂ જહલ, નજર બિન હારિષ, ઉત્બહ, શયબહ, ઉમય્યા બિન ખલફ, અબૂ સુફિયાન વગેરે કુરૈશના બધા નામચીન લીડરો ભેગા થયા અને રસૂલે કરીમ ﷺ અને ઈસ્લામની વધતી શક્તિનો મુકાબલો કરવાની યુક્તિઓ વિશે વિચારવા લાગ્યા.

હજુ મશ્વરાની મજલિસ શરૂ જ થઈ હતી કે, ઈબ્લીસ મલઊન એક વૃદ્ધ અરબ શૈખના વેશમાં દારુલ નદ્વહના દરવાજે આવીને ઊભો થઈ ગયો. લોકોએ પૂછ્યું કે, તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? તો તેણે કહ્યું કે, હું નજદનો રહેવાસી છું, મને જાણ થઈ કે તમે લોકો એક મશ્વરો કરી રહ્યા છો તો હું કોમી લાગણીના કારણે અત્રે ઉપસ્થિત થઈ ગયો કે શક્ય છે કે, કોઈ લાભદાયક મશ્વરો આપી શકું.

આ સાંભળીને તેને અંદર બોલાવી લેવામાં આવ્યો અને મિટીંગ શરૂ થઈ તો સુહેલીની એક રિવાયત પ્રમાણે અબૂલ બખ્તરી ઈબ્ને હિશામે એ સલાહ આપી

કે, તેમને એટલે કે રસૂલે કરીમ ﷺને લોખંડની સાંકળોમાં કેદ કરીને મકાનનો દરવાજો બંધ કરી છોડી દેવામાં આવે, એટલે સુધી કે નઊઝુબિલ્લાહ ! તે પોતાની મોતે મરી જાય. આ સાંભળીને શૈખ નજદી ઈબ્લીસ મલઊને કહ્યું કે, આ અભિપ્રાય બરાબર નથી. કારણ કે, જો તમે એવું કર્યું તો મા'મલો ગુપ્ત નહીં રહે બલકે, તેનો પ્રચાર દૂર-દૂર સુધી પહોંચી જશે અને તેમના સહાબાઓ અને સાથીઓના વફાદારીપૂર્વકના કારનામાઓ તમારી સામે છે. શક્ય છે કે આ લોકો ભેગા થઈને તમારા ઉપર હુમલો કરે અને તેમને તમારી કેદમાંથી છોડાવી લે. બધી બાજુથી અવાજ આવ્યો કે, શૈખ નજદીની વાત સાચી છે અને ત્યારબાદ અબૂલ અસ્વદે એ અભિપ્રાય વ્યક્ત કર્યો કે, તેમને મક્કામાંથી કાઢી મૂકવામાં આવે, તે બહાર જઈને જે ઈચ્છે તે કરતા રહે આપણું શહેર તેમના ફસાદથી સુરક્ષિત થઈ જશે અને આપણે અહીંયાં કોઈ લડાઈ-ઝઘડો પણ કરવો નહીં પડે.

શૈખ નજદી આ સાંભળીને ફરી બોલ્યો કે આ અભિપ્રાય પણ ખોટો છે, શું તમને જાણ નથી કે તે કેવી મીઠી વાણી ધરાવનાર વ્યક્તિ છે કે લોકો તેમની વાતો સાંભળીને પીગળી જાય છે, તેમના ઉપર જાદૂ છવાઈ જાય છે. જો તેમને આ રીતે સ્વતંત્ર છોડી દેવામાં આવશે તો ઘણા જ જલદી પોતાનું શક્તિશાળી સંગઠન બનાવી લેશે અને તમારા ઉપર આક્રમણ કરી તમને પરાજિત કરી દેશે. હવે અબૂ જહલ બોલ્યો કે, જે કરવાનું કામ છે તે તમારામાંથી કોઈ જ સમજ્યું નથી. મારી સમજમાં એક વાત આવે છે, તે એ કે આપણે અરબના બધા કબીલાઓમાંથી દરેક કબીલાનો એક નવયુવાન લઈ લઈએ અને દરેકને એક ઉત્તમ પ્રકારની તલવાર આપીએ, આ બધા લોકો એકીસાથે તેમના ઉપર હુમલો કરી તેમને કતલ કરી નાંખે, અમે તેમની ફસાદથી આ રીતે છુટકારો પ્રાપ્ત કરી લઈશું. હવે રહી વાત તેમના કબીલા બનુ અબ્દે મુનાફની માંગણી કે જે તેમને કતલ કરવાના કારણે અમારા ઉપર લાગુ પડશે તો બસ આવી પરિસ્થિતિમાં જ્યારે કે તેમને કોઈ એક વ્યક્તિએ કતલ નહીં કર્યા હોય બલકે, દરેક કબીલાના એક-એક વ્યક્તિએ કર્યા છે તો કિસાસ એટલે કે પ્રાણના બદલે પ્રાણ લેવાની માંગણી બાકી નહીં રહી શકે. ફક્ત "ખૂનબહા" અને "દિય્યત" (વળતર)ના માલની માંગણી રહી જશે તો આપણે બધા કબીલાવાળા તે ભેગું કરી તેમને આપી દઈશું અને નચિંત થઈ જઈશું.

શૈખ નજદી મલઊન ઇબ્લીસે આ સાંભળીને કહ્યું કે, બસ, સાચો અભિપ્રાય આ જ છે અને તેના સિવાય કોઈ વસ્તુ અસરકારક નહીં થઈ શકે. બધી જ મજલિસે તેના સમર્થનમાં પોતાનો અભિપ્રાય આપી દીધો અને આજે જ રાત્રે પોતાના આ નાપાક ઈરાદાને પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો.

પરંતુ અંબિયા (અલૈ.)ની ગયૂબી તાકાતને આ અજ્ઞાનીઓ શું સમજી શકવાના હતા !? આ તરફ જિબ્રઈલ અમીન (અલૈ.)એ દારુલ મશ્વરાની સમગ્ર પરિસ્થિતિની રસૂલે કરીમ ﷺને જાણ કરી એ યુક્તિ બતાવી કે, આજે રાત્રે તમે પોતાના બિસ્તરા ઉપર આરામ ન કરો અને બતાવ્યું કે, હવે તમને મક્કાથી હિજરત કરવાની પરવાનગી આપવામાં આવી છે.

આ બાજુ મશ્વરા પ્રમાણે સાંજે જ કુરૈશના નવયુવાનોએ સરવરે દો આલમ ﷺના મકાનનો ઘેરો ઘાલ્યો, રસૂલે કરીમ ﷺએ એ જોયું તો હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુને હુકમ આપ્યો કે, આજે રાત્રે તેઓ રસૂલે કરીમ ﷺના બિસ્તરા ઉપર આરામ કરે અને એ ખુશખબરી સંભળાવી દીધી કે, જો કે જાહેરમાં તમારા જીવને ખતરો છે પરંતુ દુશ્મન તમારું કંઈ જ બગાડી નહીં શકે.

હઝરત અલી મુર્તઝા (રદિ.)એ આ કામ માટે પોતાને રજૂ કરી દીધા અને આપ ﷺના બિસ્તરા ઉપર સૂઈ ગયા પરંતુ હવે મુશ્કેલી એ સામે હતી કે, આપ ﷺ તેમના ઘેરામાંથી કઈ રીતે નીકળે ? આ મુશ્કેલીને અલ્લાહ તઆલાએ એક મોઅ્જિઝા દ્વારા હલ કરી, તે એ કે અલ્લાહના હુકમથી રસૂલુલ્લાહ ﷺ એક મુઠ્ઠીમાં માટી ભરીને બહાર આવ્યા અને ઘેરો ઘાલવાની જે કંઈ રસૂલે કરીમ ﷺ વિશે વાતચીત ચાલી રહી હતી તેમનો જવાબ આપ્યો પરંતુ અલ્લાહ તઆલાએ તેમની નજરોને અને વિચારવાની શક્તિને આપ ﷺ તરફથી અન્યત્ર ફેરવી દીધી કે કોઈએ આપ ﷺને જોયા નહીં બલકે, આપ ﷺ તેમનામાંથી દરેકના માથા ઉપર માટી નાંખતા–નાંખતા નીકળીને ચાલ્યા ગયા. રસૂલે કરીમ ﷺના ચાલ્યા ગયા પછી કોઈ આવનારાએ તે લોકોને પૂછ્યું કે, અહીંયાં કેમ ઊભા છો ? તો તેમણે બતાવ્યું કે, મુહમ્મદ (ﷺ)ની રાહ જોઈ રહ્યા છીએ. તેણે કહ્યું કે, તમે ભૂલમાં છો તે તો અહીંયાંથી નીકળીને જઈ ચૂક્યા છે અને તમારામાંથી દરેકના માથા ઉપર માટી નાંખતા ગયા છે, તે લોકોએ પોત–પોતાના માથા ઉપર હાથ મૂક્યો તો આ બાબતની ખરાઈ થઈ ગઈ કે દરેકના માથા ઉપર માટી પડી હતી.

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુ રસૂલે કરીમ ﷺના બિસ્તર ઉપર સૂઈ ગયા હતા પરંતુ ઘેરો ઘાલનારાઓએ તેમના પાસું ફેરવવાથી તેમને ઓળખી લીધા કે આ મુહમ્મદ (ﷺ) નથી, એટલા માટે કતલ કરવાનો અમલ ન કર્યો. સવાર સુધી ઘેરો ઘાલ્યા પછી આ લોકો ખુબ લજ્જિત અને ભોંઠા પડીને પાછા ગયા. આ રાત અને તેમાં રસૂલે કરીમ ﷺ માટે પોતાના પ્રાણને ભયમાં નાંખવો હઝરત અલી (રદિ.)ની ખાસ વિશેષતાઓમાંથી છે.

કુરૈશના સરદારોના મશ્વરામાં જે ત્રણ અભિપ્રાય રસૂલે કરીમ ﷺ વિશે આપવામાં આવ્યા હતા તે ત્રણેને કુર્આને કરીમની આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે. وَاِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ اَوْيُخْرِجُوْكَ એટલે કે, તે સમય યાદ રાખવાપાત્ર છે જ્યારે કે કાફિરો તમારા વિરુદ્ધ ષડ્યંત્રો રચી રહ્યા હતા કે તમને કેદ કરે અથવા હત્યા કરે અથવા શહેરમાંથી કાઢી મૂકે.

પરંતુ અલ્લાહ તઆલાએ તેમની બધી યુક્તિઓ ધૂળમાં મેળવી દીધી, એટલા માટે અંતિમ આયતમાં ફરમાવ્યું, وَاللّٰهُ خَيْرُ الْمَاكِرِيْنَ એટલે કે, અલ્લાહ તઆલા શ્રેષ્ઠ યુક્તિ કરનાર છે જે બધી જ યુક્તિઓ ઉપર છવાઈ જાય છે, જેમકે આ ઘટનામાં તેનો જાત અનુભવ થઈ ચૂક્યો છે.

શબ્દ مَكْر (મકર)નો અરબી શબ્દકોષ પ્રમાણે અર્થ એ છે કે, કોઈ યુક્તિ અથવા યોજના દ્વારા પોતાના વિરોધી વ્યક્તિને તેના ઈરાદાઓથી અટકાવી દેવો. પછી જો આ કામ કોઈ નેક હેતુસર કરવામાં આવે તો આ مَكْرِ مَحْمُوْد (મકરે મહમૂદ) અને સારી તથા ઉત્તમ યુક્તિ છે અને જો કોઈ દુષ્ટ હેતુ માટે કરવામાં આવે તો તે નિંદાપાત્ર અને ખરાબ છે, એટલા માટે આ શબ્દ માનવી માટે પણ બોલી શકાય છે અને અલ્લાહ માટે પણ, પરંતુ અલ્લાહ તઆલા માટે ફક્ત એવી પરિસ્થિતિમાં ઉપયોગ થાય છે જ્યાં વાતચીતની લઢણ અને પરસ્પરના મુકાબલા દ્વારા "મકર" (યુક્તિ) નિંદાપાત્ર હોવાની શંકા ન થાય, જેમકે અહીંયાં ઘટિત થયું છે. *(મઝહરી)*

આ સ્થળે એ વાત પણ ધ્યાનપાત્ર છે કે, અંતિમ આયતમાં જે શબ્દ ઈરશાદ ફરમાવ્યો તે અનિશ્ચિતકાળ (Indefinite Tense) છે, જે વર્તમાન અને ભવિષ્ય બંનેના અર્થ ઉપર દલીલ કરે છે. ફરમાવ્યું, وَيَمْكُرُوْنَ وَيَمْكُرُاللّٰهُ એટલે

કે, તે ઈમાનવાળાઓને ત્રાસ આપવાની યુક્તિઓ કરતા રહેશે અને અલ્લાહ તઆલા તેમની યુક્તિઓને નિષ્ફળ કરવાની તદ્બીરો કરતો રહેશે, તેમાં ઈશારો છે કે, કાફિરોની આ કાયમી પ્રકૃતિ રહેશે કે તેઓ મુસલમાનોને નુકસાન પહોંચાડવાના ષડ્યંત્રો કરતા રહેશે, એ જ પ્રમાણે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પણ હંમેશા સાચા મુસલમાનો વિરુદ્ધ રચવામાં આવતા કાફિરોના ષડ્યંત્રોની નિષ્ફળતા માટે મુસલમાનોની મદદ અને સહાય કરતો રહેશે.

૩૧મી અને ૩૨ મી આયતોમાં આ જ દારુદ નદ્વહમાં સામેલ એક વ્યક્તિ નજર બિન હારિષની એક વાહિયાત વાતચીત અને ૩૩ મી આયતમાં તેનો જવાબ ઉપસ્થિત છે. નજર બિન હારિષ કારણ કે વેપારી વ્યક્તિ હતો, વિવિધ પ્રદેશોની મુસાફરીમાં યહૂદીઓ અને નસારાની કિતાબો અને તેમની ઈબાદત કરવાની પ્રણાલિકા અને શૈલીને વારંવાર જોતો હતો, એટલા માટે જ્યારે તેણે કુર્આને કરીમમાં અગાઉ ગુજરી ચૂકેલ ઉમ્મતોની પરિસ્થિતિઓ અને હાલતોનું વર્ણન સાંભળ્યું તો કહેવા લાગ્યો કે, قَدْ سَمِعْنَا لَوْ نَشَآءُ لَقُلْنَا مِثْلَ هٰذَآ اِنْ هٰذَآ اِلَّآ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ એટલે કે, આ વાતો તો અમારી સાંભળેલી છે, જો અમે ઈચ્છીએ તો અમે પણ કહી શકીએ છીએ, આ તો પુરોગામી લોકોના કિસ્સા-કહાણીઓ છે અને જ્યારે અમુક સહાબા (રદિ.)એ તેની બોલતી બંધ કરી દીધી કે જો તું એવું કલામ કહી શકતો હોય તો પછી કેમ કહેતો નથી ? જ્યારે કે કુર્આને સત્ય અને અસત્યના ફેંસલાનો આધાર તેના ઉપર મૂકી દીધો છે અને સમગ્ર દુનિયાને એ પડકાર આપ્યો છે કે જો વિરોધ કરનાર સાચા હોય તો પોતે કુર્આનની એક નાની સરખી સૂરત સમકક્ષ ઉદાહરણ રજૂ કરે અને વિરોધીઓ વિરોધમાં પોતાના પ્રાણ, માલ, અવલાદ વગેરે ગુમાવવાની તૈયારી રાખતા હતા પરંતુ બધાએ મળીને એક નાની સરખી કુર્આનની સૂરતના મુકાબલામાં કોઈ કલામ રજૂ કરવાની હિમ્મત ન કરી અને ન જ કરી શક્યા, તો હવે એવું કહેવું કે અમે ઈચ્છયું હોત તો અમે પણ આવું જ કલામ કહી શકીએ છીએ, આ તો એક એવી વાત થઈ કે જેને કોઈ સ્વમાની વ્યક્તિ ક્યારેય ઉચ્ચારી શકતો નથી, પછી જ્યારે નજર બિન હારિષ સમક્ષ સહાબએ કિરામ (રદિ.)એ આ અલ્લાહનું કલામ સત્ય હોવાનો ઉલ્લેખ કર્યો તો પોતાના જૂઠા ધર્મ ઉપર પોતે અડગ હોવા અને પાકો હોવાનું બતાવવા માટે કહેવા લાગ્યો, اَللّٰهُمَّ اِنْ كَانَ هٰذَا هُوَ الْحَقَّ مِنْ

عِندِكَ فَأَمْطِرْ عَلَيْنَا حِجَارَةً مِّنَ السَّمَاءِ أَوِ ائْتِنَا بِعَذَابٍ أَلِيمٍ એટલે કે, હે અલ્લાહ ! જો આ જ કુર્આન તારા તરફથી સત્ય છે તો અમારા ઉપર પથ્થર વરસાવ અથવા કોઈ અન્ય કષ્ટદાયક અઝાબ નાઝિલ ફરમાવ.

કુર્આને કરીમે પોતે તેનો જવાબ આપ્યો. ઈરશાદ છે, وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَأَنْتَ فِيهِمْ એટલે કે, અલ્લાહ તઆલા એવું કરશે નહીં કે આપ ﷺના મક્કામાં હોવા છતાં તેમના ઉપર અઝાબ નાઝિલ કરી આપે, કારણ કે પ્રથમ તો બધા જ અંબિયા (અલૈ.)ની સાથે અલ્લાહ તઆલાનો એ નિયમ રહ્યો છે કે, જ્યારે વસ્તીમાં તેઓ મોજૂદ હોય તેમના ઉપર તે સમય સુધી અઝાબ નાઝિલ કરવામાં આવતો નથી, જ્યાં સુધી કે તે પોતાના પયગમ્બરોને ત્યાંથી બહાર ન કાઢી લે, જેમકે હઝરત હૂદ (અલૈ.) અને હઝરત સાલિહ (અલૈ.) તથા હઝરત લૂત (અલૈ.) વિશે બધાને ખબર છે કે, જ્યાં સુધી આ અંબિયા (અલૈ.) વસ્તીમાં રહ્યા ત્યાં અઝાબ ન આવ્યો, જ્યારે તેઓ ત્યાંથી કાઢી લેવામાં આવ્યા ત્યાર પછી જ અઝાબ આવ્યો, ખાસ કરીને સય્યિદુલ અંબિયા ﷺ કે જેઓ રહમતુલ્લિલ્ આલમીન (સઘળા વિશ્વો માટે કૃપા)નો લકબ ધારણ કરીને મોકલવામાં આવ્યા છે, આપ ﷺ કોઈ વસ્તીમાં ઉપસ્થિત હોવા છતાં તે વસ્તી ઉપર અઝાબ નાઝિલ થવો આપ ﷺની માન-મર્યાદાથી વિપરીત બાબત છે.

જવાબનો ખુલાસો એ થયો કે, કુર્આન અને ઈસ્લામના વિરોધના કારણે તમે એ બાબતના હકદાર છો કે તમારા ઉપર પથ્થર વરસાવવામાં આવે પરંતુ રસૂલે કરીમ ﷺ મક્કામાં ઉપસ્થિત હોવાની બાબત આવા અઝાબ માટે અવરોધ સ્વરૂપ છે. ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ ફરમાવ્યું કે, આયતનો આ વિભાગ તે સમયે નાઝિલ થયો જ્યારે કે રસૂલે કરીમ ﷺ મક્કામાં મોજૂદ હતા, ત્યારબાદ મદીનાની હિજરત પછી આયતનો બીજો વિભાગ નાઝિલ થયો. وَمَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمْ وَهُمْ يَسْتَغْفِرُونَ એટલે કે, અલ્લાહ તઆલા તેમના ઉપર અઝાબ નાઝિલ કરનારો નથી જ્યાં સુધી કે તેઓ ઈસ્તિગફાર કરે છે. રસૂલે કરીમ ﷺના કારણે મક્કા ઉપર અઝાબ નાઝિલ કરવામાં ન આવ્યો.

પછી જ્યારે આ બધા લોકો પણ હિજરત કરીને મદીના મુનવ્વરહ પહોંચી ગયા તો પાછળની આયતનું આ વાક્ય નાઝિલ થયું, وَمَا لَهُمْ أَلَّا يُعَذِّبَهُمُ اللّٰهُ وَهُمْ

يَصُدُّوْنَ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ એટલે કે, એ કેવી રીતે બની શકે છે કે અલ્લાહ તઆલા તેમને અઝાબ ન આપે, જ્યારે કે તેઓ લોકોને મસ્જિદે હરામમાં ઈબાદત કરવાથી રોકે છે ?

અર્થ એ છે કે, હવે અઝાબના બંને અવરોધો દૂર થઈ ચૂક્યા, ન તો રસૂલે કરીમ ﷺ મક્કાએ મુકર્રમહમાં રહે છે અને ન જ ઈસ્તિગફાર કરનાર (મા'ફી માંગનાર) મુસલમાનો મક્કામાં બાકી રહ્યા છે તો હવે અઝાબ આવવામાં કોઈ અડચણ બાકી નથી. ખાસ કરીને તેમના અઝાબના હકદાર હોવામાં પોતે ઈસ્લામના વિરોધી હોવા ઉપરાંત તે ગુનાહમાં પણ વધારો થઈ ગયો કે, આ લોકો પોતે તો ઈબાદત કરવાની પાત્રતા ધરાવતા ન હતા અને જે મુસલમાનો ઈબાદત, ઉમરહ અને તવાફ માટે મસ્જિદે હરામમાં જવા ઈચ્છતા હતા તેમને પણ રોકવા લાગ્યા તો હવે તેઓના અઝાબના હકદાર હોવાની બાબત પૂર્ણ થઈ ચૂકી, એટલા માટે મક્કા વિજય (ફત્હે મક્કા) દ્વારા તેમના ઉપર અઝાબ નાઝિલ કરવામાં આવ્યો.

મસ્જિદે હરામમાં પ્રવેશ કરવાથી અટકાવવાની ઘટના ગઝ્વએ હુદૈબિય્યહમાં ઉપસ્થિત થઈ હતી, જ્યારે કે રસૂલે કરીમ ﷺ સહાબએ કિરામ (રદિ.) સહિત ઉમરહના ઈરાદાથી તશરીફ લઈ ગયા અને મક્કાના મુશ્રિકોએ તેમને મક્કામાં પ્રવેશ કરવાથી અટકાવી દીધા અને રસૂલે કરીમ ﷺને અને સૌ સહાબએ કિરામ (રદિ.)ને પોતાનો અહેરામ ખોલવા અને પાછા જવા મજબૂર કર્યા. આ ઘટના સન હિજરી ૬ માં બની, તેના બે વર્ષ પછી સન હિજરી ૮ માં મક્કએ મુકર્રમહ વિજયી થઈ ગયું, આ રીતે તેમના ઉપર મુસલમાનોના હાથે અલ્લાહ તઆલાનો અઝાબ ઊતર્યો.

ઈબ્ને જરીર (રહ.)ની આ તફસીરનો આધાર એના ઉપર છે કે, અઝાબને અટકાવી રાખનાર બાબત રસૂલે કરીમ ﷺનું મક્કામાં હોવું ઠરાવવામાં આવે અને અમુક લોકોએ નોંધ્યું છે કે, રસૂલે કરીમ ﷺનું દુનિયામાં ઉપસ્થિત હોવું અઝાબ માટે અવરોધક છે. જ્યાં સુધી રસૂલે કરીમ ﷺ દુનિયામાં ઉપસ્થિત છે આપ ﷺની કોમ ઉપર અઝાબ નહીં આવી શકે અને તેનું કારણ દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺની પરિસ્થિતિ અન્ય અંબિયા (અલૈ.) જેવી નથી કે તેઓ ખાસ-ખાસ સ્થળો અથવા કબીલાઓ માટે મબઊષ કરવામાં આવતા હતા,

જ્યારે ત્યાંથી નીકળીને અન્ય સ્થળે પહોંચી ગયા તો તે નબીની કોમ ઉપર અઝાબ આવતો હતો, તેનાથી વિપરીત સય્યિદુલ અંબિયા ﷺની બાબત એવી છે કે આપ ﷺની નુબુવ્વત અને રિસાલત સમગ્ર દુનિયા માટે અને કયામત સુધી સર્વસામાન્ય અને કાયમી છે. સમગ્ર દુનિયા આપ ﷺના બઅ્ષતના સ્થાન અને રિસાલતના વર્તુળમાં છે, એટલા માટે જ્યાં સુધી રસૂલે કરીમ ﷺ દુનિયાના કોઈપણ પ્રદેશમાં ઉપસ્થિત છે ત્યાં સુધી આપ ﷺની કોમ ઉપર અઝાબ નહીં આવી શકે.

આ તફસીરનો અર્થ એ થશે કે, મક્કાના નિવસીઓની પ્રવૃત્તિઓનું પરિણામ તો એ જ હોવું જોઈતું હતું કે તેમના ઉપર પથ્થર વરસાવવામાં આવે પરંતુ બે વસ્તુઓ આ અઝાબને આવતાં અટકાવી રાખે છે, એક રસૂલે કરીમ ﷺનું દુનિયામાં ઉપસ્થિત હોવું અને બીજું મક્કાના નિવાસીઓનો ઈસ્તિગફાર કરવો, કારણ કે આ લોકો મુશ્રિક અને કાફિર હોવા છતાં પોતે તવાફ વગેરેમાં غُفْرَانَكَ غُفْرَانَكَ (ગુફરાનક-ગુફરાનક) કહ્યા કરતા હતા અને અલ્લાહ તઆલા પાસે મા'ફીની માંગણી કર્યા કરતા હતા, તેમનો આ ઈસ્તિગફાર કુફ્ર અને શિર્કની સાથે જો કે આખિરતમાં કોઈ લાભદાયક ન થશે પરંતુ દુનિયામાં તેનો પણ એ લાભ તેમને મળી ગયો કે દુનિયામાં તેઓ અઝાબથી બચી ગયા. અલ્લાહ તઆલા કોઈના અમલને વ્યર્થ જવા દેતો નથી, કાફિર અને મુશ્રિક જો કોઈ નેક અમલ અને સદ્કૃત્ય કરે છે તો તેનો બદલો તેને આ જ દુનિયામાં આપી દેવામાં આવે છે, ત્યારબાદ જે એ ઈરશાદ થયો કે એવું કેવી રીતે બની શકે છે કે અલ્લાહ તઆલા તેમને અઝાબ ન આપે, જ્યારે કે આ લોકો મુસલમાનોને મસ્જિદે હરામમાં ઈબાદત કરવાથી રોકે છે ! તેનો અર્થ આ સ્વરૂપમાં એ થશે કે દુનિયામાં અઝાબ ન થવાથી આ લોકો મિથ્યાભિમાન કરી સંતોષ ન પામે કે અમે અપરાધ જ નથી કર્યો અથવા તો અમારા ઉપર કોઈ અઝાબ નહીં ઊતરે, જો દુનિયામાં એવી પરિસ્થિતિ ન આવી તો આખિરતના અઝાબથી તેમને કોઈ સ્વરૂપે છુટકારો નથી. આ તફસીર ઉપર مَا لَهُمْ اَلَّا يُعَذِّبَهُمْ માં અઝાબથી આખિરતનો અઝાબ સમજવામાં આવે છે.

પ્રસ્તુત આયતોથી અમુક લાભ પ્રાપ્ત થયા. પ્રથમ એ કે જે વસ્તીમાં લોકો

ઈસ્તિગફાર (અલ્લાહ પાસે મા'ફીની યાચના) કરતા હોય તો અલ્લાહ તઆલાનો નિયમ એ છે કે તેમના ઉપર અઝાબ નાઝિલ થતો નથી.

બીજું એ કે રસૂલુલ્લાહ ﷺના ઉપસ્થિત હોવાના કારણે રસૂલે કરીમ ﷺની ઉમ્મત ઉપર ભલે તે મુસ્લિમ હોય કે કાફિર હોય, અઝાબ આવશે નહીં અને તેનો અર્થ એ છે કે, સામૂહિક અઝાબ કે જેમાં સમગ્ર કોમ નષ્ટ થઈ જાય છે એવો અઝાબ આવશે નહીં, જેમકે કોમે નૂહ, કોમે લૂત અને કોમે શુઅયબ (અલૈ.) વગેરે સાથે બન્યું હતું કે તેમનો સર્વનાશ કરી નાંખવામાં આવ્યો હતો, કોઈ વ્યક્તિ અથવા અમુક લોકો ઉપર અઝાબ આવી જાય તો તે અપવાદ છે અને એ બાબત સામાન્ય નિયમના વિરુદ્ધ નથી, જેમકે પોતે રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, “મારી ઉમ્મતમાં خَسْف (ખસ્ફ) અને مَسْخ (મસ્ખ)નો અઝાબ આવશે.” "ખસ્ફ"નો અર્થ "જમીનમાં ધસી જવું" અને "મસ્ખ"નો અર્થ "ચહેરા બદલાઈને સુવ્વર વગેરે જાનવરોની શકલમાં પરિવર્તિત થઈ જવું" તેનો અર્થ એ જ છે કે ઉમ્મતના અમુક-અમુક લોકો ઉપર આવો અઝાબ પણ આવશે.

રસૂલે કરીમ ﷺનું દુનિયામાં આ સ્વરૂપે બાકી રહેવું કયામત સુધી બાકી રહેશે, કારણ કે આપ ﷺની રિસાલત કયામત સુધી કાયમ છે. વળી રસૂલે કરીમ ﷺ તે સમયે પણ જીવંત છે, ભલે તેમના જીવનનું સ્વરૂપ પાછલી જિંદગીથી અલગ પ્રકારનું છે અને એ ચર્ચા વ્યર્થ અને ફુઝૂલ છે કે, તે બંને જિંદગીઓમાં તફાવત શું છે ? કારણ કે ન તો ઉમ્મતનું આ બાબત ઉપર કોઈ દીની અથવા દુનિયવી કાર્ય અવલંબિત છે અને ન જ પોતે રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)એ આવી ફુઝૂલ અને અનાવશ્યક ચર્ચાઓને પસંદ કરી છે, બલકે તેમણે આવી ચર્ચાઓની મનાઈ કરી છે.

ખુલાસો એ છે કે રસૂલે કરીમ ﷺનું પોતાના રોઝામાં જીવંત હોવું અને આપ ﷺની રિસાલતનું કયામત સુધી કાયમ રહેવું એ બાબતની દલીલ છે કે, રસૂલે કરીમ ﷺ કયામત સુધી એક સ્વરૂપે દુનિયામાં ઉપસ્થિત છે, એટલા માટે આ ઉમ્મત કયામત સુધી સામૂહિક અઝાબથી સુરક્ષિત રહેશે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૩૪ થી ૩૮)

وَمَا لَهُمْ اَلَّا يُعَذِّبَهُمُ اللّٰهُ وَهُمْ يَصُدُّوْنَ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ وَمَا كَانُوْٓا اَوْلِيَآءَهٗ ۭ
اِنْ اَوْلِيَآؤُهٗٓ اِلَّا الْمُتَّقُوْنَ وَلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٣٤﴾ وَمَا كَانَ صَلَاتُهُمْ
عِنْدَ الْبَيْتِ اِلَّا مُكَآءً وَّتَصْدِيَةً ۭ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿٣٥﴾
اِنَّ الَّذِيْنَ كَفَرُوْا يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ لِيَصُدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ ۭ فَسَيُنْفِقُوْنَهَا
ثُمَّ تَكُوْنُ عَلَيْهِمْ حَسْرَةً ثُمَّ يُغْلَبُوْنَ ڛ وَالَّذِيْنَ كَفَرُوْٓا اِلٰى جَهَنَّمَ يُحْشَرُوْنَ ﴿٣٦﴾
لِيَمِيْزَ اللّٰهُ الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ وَيَجْعَلَ الْخَبِيْثَ بَعْضَهٗ عَلٰى بَعْضٍ فَيَرْكُمَهٗ
جَمِيْعًا فَيَجْعَلَهٗ فِيْ جَهَنَّمَ ۭ اُولٰۗىِٕكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿٣٧﴾ؒ قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْٓا اِنْ يَّنْتَهُوْا
ع يُغْفَرْ لَهُمْ مَّا قَدْ سَلَفَ ۚ وَاِنْ يَّعُوْدُوْا فَقَدْ مَضَتْ سُنَّتُ الْاَوَّلِيْنَ ﴿٣٨﴾

તરજુમો :

અને તેમનામાં શું વાત છે કે તેમના ઉપર અલ્લાહ અઝાબ ન કરે અને તેઓ તો મસ્જિદે હરામથી રોકે છે અને તેઓ તેના અધિકારવાળા (પણ) નથી, તેના અધિકારવાળા તો તે જ છે જેઓ પરહેઝગાર છે પરંતુ તેમનામાં ઘણાઓને તેની ખબર નથી. (૩૪) અને તેમની નમાઝ કા'બાની પાસે ન હતી પરંતુ સીટીઓ વગાડવી અને તાળીઓ પાડવી, બસ અઝાબ ચાખો ! પોતાના કુફ્રનો બદલો. (૩૫) બેશક ! જે લોકો કાફિર છે તેઓ પોતાનો માલ ખર્ચ કરે છે જેથી અલ્લાહના માર્ગથી રોકે, બસ હજુ વધારે ખર્ચ કરશે પછી અંતે તેના ઉપર અફસોસ થશે અને અંતે પરાજિત થશે અને જેઓ કાફિર છે તેઓ દોઝખ તરફ હાંકવામાં આવશે. (૩૬) જેથી અલ્લાહ નાપાકને પાકથી અલગ તારવી દે અને નાપાકને એકને એક ઉપર રાખે, પછી તેમનો ઢગલો એકઠો કરી દે, પછી તેને દોઝખમાં નાંખી દે; તે જ લોકો નુકસાનમાં છે. (૩૭) તમે કાફિરોને કહી આપો કે જો તેઓ પાછા વળે તો જે કંઈ થઈ ચૂક્યું તેમને મા'ફ છે અને જો તો પણ એવું જ કરશે તો આગલા લોકોનો શિરસ્તો પડી ચૂક્યો છે. (૩૮)

તફસીર :

અને (આ અવરોધોના કારણે અલ્લાહનો અઝાબ સામૂહિક સ્વરૂપે નાઝિલ ન થવાથી બિલકુલ સંતોષ ન પામો, કારણ કે જે પ્રમાણે અમુક બાબતો અઝાબમાં રુકાવટ છે તે જ પ્રમાણે તેમની પ્રવૃત્તિઓ અઝાબને નોંતરનારી પણ છે, બસ રુકાવટનો પ્રભાવ સામૂહિક અઝાબ ન આવવા સ્વરૂપે જાહેર થઈ ચૂક્યો, હવે તમારી પ્રવૃત્તિઓનો પ્રભાવ સામૂહિક ન હોય એવા અઝાબના નકશા સ્વરૂપે જાહેર થશે, એટલા માટે આ તેમની અઝાબને આમંત્રણ આપવાની પ્રવૃત્તિઓને વર્ણન કરવામાં આવે છે કે) તેઓ શું અધિકાર ધરાવે છે કે તેમને અલ્લાહ તઆલા (બિલકુલ જ મા'મૂલી) સજા (પણ) ન આપે જ્યારે કે (તેમની આ પ્રવૃત્તિઓ સજાને આમંત્રણ આપનારી છે, દાખલા તરીકે) તે લોકો (પયગમ્બર ﷺ અને મુસલમાનોને) મસ્જિદે હરામ(માં જવાથી અને તેમાં નમાઝ પઢવાથી અને તેમાં તવાફ કરવા)થી રોકે છે, (જેમકે હુદૈબિય્યહમાં ખરેખર રોક્યા હતા, જેની ઘટના સૂરએ બકરહમાં આવી ચૂકી છે અને મક્કાના નિવાસ દરમિયાન જબરદસ્તીથી રોક્યા કે એટલા બધા તંગ કરવામાં આવ્યા કે હિજરતની આવશ્યકતા ઊભી થઈ) જ્યારે કે તે લોકો આ મસ્જિદના મુતવલ્લી (બનવાના પણ પાત્ર) નથી (અને ઈબાદત કરનાર લોકોને રોકવાની વાત તો બાજુએ રહી, કારણ કે ઈબાદતથી રોકવાનો અધિકાર તો મસ્જિદના મુતવલ્લીને પણ નથી હોતો અને) તેના મુતવલ્લી (બનવાના પાત્ર) તો માત્ર મુત્તકીઓ સિવાય (કે તેઓ ઈમાન ધરાવે છે) અન્ય કોઈ પણ વ્યક્તિઓ નથી પરંતુ તેમનામાંથી ઘણા લોકો (પોતાના નાલાયકીને) જાણતા નથી, (ભલે જ્ઞાન જ ન હોય અથવા એ કે જ્યારે તે જ્ઞાન ઉપર અમલ ન કર્યો તો તે જ્ઞાન ન હોવા બરાબર છે, મતલબ કે જે સાચે-સાચા નમાઝી હતા તેમને તો મસ્જિદથી આ રીતે રોક્યા) અને (પોતે મસ્જિદનો કેવો હક અદા કર્યો અને તેમાં કેવી સારી નમાઝ પઢી જેનું વર્ણન એ છે કે) તેમની નમાઝ ખાન-એ-કા'બા (પ્રસ્તુત વર્ણનમાં મસ્જિદે હરામ)ની પાસે ફક્ત એ હતી કે સીટીઓ વગાડવી અને તાળીઓ પાડવી (એટલે કે નમાઝના બદલે તેમની આ અયોગ્ય પ્રવૃત્તિઓ થતી હતી) બસ, (તેમની પ્રવૃત્તિઓ અવશ્ય એ બાબતની હકદાર છે કે તેમના ઉપર કોઈ પ્રકારનો અઝાબ આવે, ભલે તે મા'મૂલી અથવા નાના સ્વરૂપે હોય તે નાઝિલ કરીને તેમને સંબોધન કરવામાં

આવે કે લો !) આ અઝાબની મજા ચાખો પોતાના કુફ્રના કારણે (જેની એક અસર આ નિવેદન છે ...لَوْنَشَآءُ અને એક અસર આ નિવેદન છે ...اِنْ كَانَ هٰذَا અને એક પ્રભાવ આ પ્રવૃત્તિ છે...يَصُدُّوْنَ અને એક પ્રભાવ તે પ્રવૃત્તિ છે, مُكَآءً وَّتَصْدِيَةً... એટલા માટે અનેકવિધ ગઝ્વાતમાં આ સજા મળી હતી, જેમકે આ સૂરતના બીજા રુકૂઅ્માં પણ છે ....ذٰلِكُمْ فَذُوْقُوْهُ અને بَعْدَ ذٰلِكَ بِاَنَّهُمْ شَآقُّوا.... કે અહીંયાં સુધી તો તે લોકોના નિવેદનો અને શારીરિક પ્રવૃત્તિઓનું વર્ણન હતું, આગળ તેમની આર્થિક પ્રવૃત્તિઓનું વર્ણન છે કે,) નિઃશંક ! આ કાફિર લોકો પોતાના માલને એટલા માટે ખર્ચ કરી રહ્યા છે કે અલ્લાહના માર્ગથી (એટલે કે દીનથી લોકોને) રોકે (એટલા માટે રસૂલે કરીમ ﷺના મુકાબલા અને વિરોધનો સામાન ભેગો કરવામાં દેખીતું છે કે જે ખર્ચ થતો હતો તેમાં એ જ હેતુ હતો) બસ આ લોકો તો પોતાના માલને (એ હેતુ માટે) ખર્ચ કરતા જ રહેશે (પરંતુ) પછી (અંતે જ્યારે નિષ્ફળતાના ચિહ્નો અનુભવવા લાગશે ત્યારે) તે માલ તેમના હકમાં પસ્તાવાનું કારણ બની જશે (કે વ્યર્થ ખર્ચ કર્યો અને) પછી (છેવટે) પરાજિત (જ) થઈ જશે (જેનાથી માલનું નુકસાન થવાના અફસોસની સાથે-સાથે આ બીજો અફસોસ પરાજિત થવાનો ભેગો થઈ જશે) અને (આ સજા અને અફસોસ તથા પરાજય તો તેમને દુનિયાની સજા છે અને આખિરતની સજા અલગ છે જેનો ઉલ્લેખ એ છે કે) કાફિર લોકોને દોઝખ તરફ (લઈ જવા માટે કયામતમાં) એકઠા કરવામાં આવશે જેથી અલ્લાહ તઆલા નાપાક (લોકો)ને પાક (લોકો)થી અલગ તારવી આપે (કારણ કે જ્યારે દોઝખીઓને દોઝખ તરફ લાવવામાં આવશે તો દેખીતું છે કે જન્નતવાળાઓને તેમનાથી અલગ કરવામાં આવશે) અને (તેમનાથી અલગ કરીને) નાપાકોને એકબીજા સાથે મેળવી દે, એટલે કે તે બધાને એકબીજાની સાથે કરી પછી તે બધાને જહન્નમમાં નાંખી દેશે, એવા જ લોકો સંપૂર્ણ નુકસાનમાં છે (જેઓ કોઈ સીમામાં કે મર્યાદામાં નથી, હે મુહમ્મદ ﷺ !) તમે કાફિરોને કહી આપો કે જો એ લોકો (પોતાના કુફ્રથી) અટકી જાય (અને ઈસ્લામ કબૂલ કરી લે) તો તેમના બધા ગુનાહ જે (ઈસ્લામ) અગાઉ થઈ ચૂક્યા છે સઘળા મા'ફ કરી દેવામાં આવશે (આ હુકમ તો ઈસ્લામની હાલતનો થયો) અને જો પોતાની તે જ (કુફ્રની) ટેવ ધરાવશે તો (તેમને સંભળાવી આપો કે) અગાઉના કાફિરો માટે (અમારો) નિયમ લાગુ પડી ચૂક્યો છે (કે

દુનિયામાં તેમનો નાશ કરવામાં આવ્યો એટલા માટે તેઓ કત્લ થવાના સ્વરૂપે હલાક પણ થયા અને જિમ્મી પણ બન્યા જેને સારી પેઠે જાણી લો અને તમારા માટે આખિરતનો અઝાબ તેવો જ દર્દનાક હશે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં એ બતાવવામાં આવ્યું હતું કે, મક્કાના મુશ્રિકો પોતાના કુફ્ર અને ઈન્કારના કારણે જો કે એના હકદાર છે કે, તેમના ઉપર આસમાની અઝાબ આવી જાય પરંતુ રસૂલે કરીમ ﷺનું મક્કામાં મોજૂદ હોવું સામૂહિક અઝાબ આવવાના અવરોધ સ્વરૂપ છે અને હિજરત પછી તેઓમાંના કમજોર મુસલમાનોના કારણે એવો અઝાબ ન આવ્યો જે મક્કામાં રહીને અલ્લાહ તઆલાનો ઈસ્તિગફાર (મા'ફી) કરતા રહ્યા છે.

પ્રસ્તુત આયતોમાં એ વર્ણન છે કે, રસૂલુલ્લાહ ﷺ અથવા કમજોર મુસલમાનોની કાળજીના કારણે દુનિયામાં આ અઝાબ ટળી પણ ગયો તો તે લોકોએ એવું ન સમજવું જોઈએ કે તેઓ અઝાબના હકદાર નથી, બલકે તેમના અઝાબનું હકદાર હોવું ઉઘાડું છે અને કુફ્ર તથા ઈન્કાર ઉપરાંત અન્ય અપરાધો પણ એવા છે જેના કારણે તેમના ઉપર અઝાબ આવવો જોઈએ, આ બંને આયતોમાં તેમના ત્રણ પાપ સામેલ કરવામાં આવ્યા છે.

પ્રથમ એ કે, આ લોકો પોતે મસ્જિદે હરામમાં ઈબાદત કરવાપાત્ર તો નથી અને જે મુસલમાનો ત્યાં ઈબાદત એટલે કે નમાઝ અને તવાફ વગેરે કરવા ઈચ્છે છે તેમને ત્યાં આવવાથી અટકાવે છે, તેમાં હુદૈબિય્યહની ઘટના તરફ ઈશારો છે કે સન હિજરી ૬ માં રસૂલે કરીમ ﷺ સહાબએ કિરામ (રદિ.) સાથે ઉમરહ અદા કરવા માટે મક્કા મુકર્રમહ પહોંચ્યા હતા અને મક્કાના મુશ્રિકોએ રસૂલે કરીમ ﷺને રોકીને પાછા જવા મજબૂર કર્યા હતા.

બીજો અપરાધ એ હતો કે, આ મૂર્ખ લોકો એવું સમજતા અને કહેતા હતા કે, અમે મસ્જિદે હરામના વહીવટદાર અને મુતવલ્લી છીએ, જેને ઈચ્છીએ આવવાની પરવાનગી આપીએ અને જેને ઈચ્છીએ તેને પરવાનગી ન આપીએ.

તેમનો આ વિચાર બે પ્રકારની ગેરસમજોનું પરિણામ હતું, પ્રથમ એ કે પોતાને મસ્જિદે હરામના મુતવલ્લી સમજવું; જ્યારે કે કોઈ કાફિર મસ્જિદનો

મુતવલ્લી બની જ નથી શકતો. બીજી ગેરસમજ એ કે, મુતવલ્લીને એ હક છે કે જેને ચાહે મસ્જિદમાં આવવાથી રોકે, જ્યારે કે મસ્જિદ તો અલ્લાહનું ઘર છે તેમાં આવવાથી રોકવાનો કોઈને અધિકાર નથી, ફક્ત એવા ખાસ સ્વરૂપો કે જેમાં મસ્જિદની આમાન્યા ન જળવાતી હોય અથવા બીજા નમાઝીઓને તકલીફનો ભય હોય; જ્યારે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે "પોતાની મસ્જિદોને બચાવો નાના બાળકોથી અને પાગલ લોકોથી અને પરસ્પરના ઝઘડાઓથી." નાના બાળકોથી અત્રે એ બાળકો કહેવામાં આવ્યા છે જેમનાથી નાપાકીનો ભય હોય છે અને પાગલોથી પણ નાપાકીનો ભય હોય છે અને અન્ય નમાઝીઓને તકલીફ પહોંચાડવાનો પણ અને પરસ્પરના ઝઘડાઓથી મસ્જિદની બેહુરમતી પણ થાય છે અને નમાઝીઓને તકલીફ પણ પહોંચે છે.

આ હદીષની રૂએ મસ્જિદના મુતવલ્લીને એ તો હક છે કે એવા નાના બાળકો અથવા પાગલોને મસ્જિદમાં ન આવવા દે અને પરસ્પરના ઝઘડા મસ્જિદમાં ન થવા દે પરંતુ એવી પરિસ્થિતિઓ સિવાય કોઈ મુસલમાનને મસ્જિદમાં જવાથી મસ્જિદના મુતવલ્લીને રોકવાનો અધિકાર નથી.

કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં ફક્ત પ્રથમ વાત વર્ણન કરવાને પૂરતું સમજવામાં આવ્યું કે, તે લોકોને મસ્જિદે હરામના મુતવલ્લી કઈ રીતે માની શકાય ? જ્યારે કે સિદ્ધાંત એ છે કે, તેના મુતવલ્લી ફક્ત મુત્તકી મુસલમાનો જ બની શકે છે, એનાથી જાણ થઈ કે મસ્જિદના મુતવલ્લી મુસલમાન, દીનદાર, પરહેઝગાર હોવા જોઈએ અને અમુક વિવરણકાર લોકોએ اِنْ اَوْلِيَـآئُـهٗ નો સંબંધ અલ્લાહ તઆલા તરફ હોવાનું ઠરાવીને એ અર્થ લખ્યો છે કે, અલ્લાહ તઆલાના વલી ફક્ત મુત્તકી (અલ્લાહથી ડરનાર) અને પરહેઝગાર લોકો જ હોઈ શકે છે.

આ તફસીર પ્રમાણે આયતનું એ પરિણામ નીકળ્યું કે, જે લોકો શરીઅત અને સુન્નત વિરુદ્ધ અમલ કરી રહ્યા હોવા છતાં અલ્લાહના વલી હોવાનો દા'વો કરે તો તે જૂઠા છે અને જે એવા લોકોને અલ્લાહના વલી સમજે તેઓ ધોકામાં છે.

ત્રીજો અપરાધ આ લોકોને એ બતાવવામાં આવ્યો કે કુફ્ર અને શિર્કની ગંદકી અને નાપાકી તો તેમનામાં હતી જ, તેમની પ્રવૃત્તિઓ અને અમલો તો સામાન્ય માનવતાના સ્તરથી પણ નીચ કક્ષાના છે, કારણ કે આ લોકો પોતાની

પ્રવૃત્તિઓને "ઈબાદત" કહે છે, તે મોઢાથી સીટીઓ મારવા અને હાથથી તાળીઓ પાડવા સિવાય બીજું કંઈ નથી અને એ દેખીતું છે કે, જેમાં જરાપણ બુદ્ધિ હોય તે આ પ્રવૃત્તિને ઈબાદત અથવા નમાઝ તો શું કોઈ સાચી માનવીય પ્રવૃત્તિ પણ કહી શકતો નથી, એટલા માટે આયતના અંતમાં ઈરશાદ ફરમાવ્યો, فَذُوقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ એટલે કે, તમારા કુફ્ર અને અપરાધનું પરિણામ એ જ છે કે હવે અલ્લાહનો અઝાબ ચાખો, અઝાબથી આ સ્થળે આખિરતનો અઝાબ પણ હોઈ શકે છે અને દુનિયાનો અઝાબ પણ; જે ગઝ્વએ બદ્રમાં મુસલમાનોના હાથે તેમને આપવામાં આવ્યો.

ત્યારબાદ ૩૬મી આયતમાં મક્કાના કાફિરોની એક અન્ય ઘટનાનું વર્ણન છે જેમાં તેમણે ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ શક્તિ ભેગી કરવા માટે ઘણો બધો માલ એકઠો કર્યો હતો અને પછી તેને સત્ય દીન અને મુસલમાનોનો નાશ કરવા માટે ખર્ચ કર્યો, પરંતુ પરિણામ એ આવ્યું કે તે માલ પણ હાથમાંથી ચાલ્યો ગયો અને તેમનો મકસદ પ્રાપ્ત થવાને બદલે તેઓ અપમાનિત અને ઝલીલ થયા.

મુહમ્મદ ઈબ્ને ઈસ્હાકે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એ નકલ કર્યું છે કે ગઝ્વએ બદ્રથી પરાજિત થયેલ, ઘાયલ થયેલ, રહ્યા-સહ્યા મક્કાના કાફિરો જ્યારે ત્યાંથી મક્કા પાછા પહોંચ્યા તો જે લોકોના બાપ-બેટા આ યુદ્ધમાં માર્યા ગયા હતા તેઓ વેપારી કાફલાના સરદાર અબૂ સુફિયાન પાસે પહોંચ્યા અને કહ્યું કે તમે જાણો છો કે, આ યુદ્ધ તમારા વેપારી કાફલાની સુરક્ષા માટે લડાયું જેના પરિણામે આ બધું જાની અને માલી નુકસાન ઉઠાવવું પડ્યું, એટલા માટે અમે ઈચ્છીએ છીએ કે આ સંયુક્ત વેપારી કંપનીમાંથી અમારી કંઈક મદદ કરવામાં આવે જેથી અમે હવે પછી મુસલમાનો પાસેથી તેનો બદલો લઈ શકીએ, આ લોકોએ તેને મંજૂર કરીને એક મોટી રકમ આપી દીધી જેને તેમણે ગઝ્વએ બદ્રનો બદલો લેવા માટે ગઝ્વએ ઉહદમાં ખર્ચ કરી અને તેમાં પણ પરિણામે પરાજિત થયા અને પરાજયના ગમ સાથે માલ બરબાદ કરવાનો અફસોસ પણ થયો.

કુર્આને કરીમે આ આયતમાં આ ઘટના ઉપસ્થિત થતા પહેલાં જ રસૂલે કરીમ ﷺને તેના પરિણામની ખબર આપી દીધી, ઈરશાદ ફરમાવ્યો, તે લોકો જેઓ કાફિર છે પોતાના માલને તે કાર્ય માટે ખર્ચ કરવા ઈચ્છે છે કે લોકોને

અલ્લાહના દીનથી રોકી દે, બસ તેનું પરિણામ એ આવશે કે તેઓ પોતાનો માલ પણ ખર્ચ કરી નાંખશે અને પછી તે માલ ખર્ચ કરવા ઉપર અફસોસ કરશે અને પરિણામે પરાજિત થઈ જશે, એટલા માટે ગઝ્વએ ઉહદમાં ઠીક એવી જ પરિસ્થિતિ સામે આવી કે ભેગો કરેલો માલ પણ ખર્ચી નાંખ્યો અને પછી પરાજિત થયા તો પરાજયના ગમમાં માલ બરબાદ કરવાનો અફસોસ અને પસ્તાવો થયો.

બગવી વગેરેએ અમુક મુફસ્સિરોએ આ આયતના વિષયને પોતે ગઝ્વએ બદ્રના ખર્ચ વિશે હોવાનું જણાવીને ફરમાવ્યું છે કે, ગઝ્વએ બદ્રમાં એક હજાર યુવાનોનું જે લશ્કર મુસલમાનોના મુકાબલા માટે ગયું હતું તેમના ખાવા-પીવા, વગેરેનો કુલ ખર્ચ મક્કાના બાર સરદારોએ પોતાના માથે લીધો હતો જેમાં ઉત્બહ અબૂ જહલ, શયબહ વગેરે સામેલ હતા. દેખીતું છે કે એક હજાર વ્યક્તિઓના આવવા-જવા, ખાવા-પીવા વગેરેના ખર્ચ ઉપર મોટી રકમ ખર્ચાઈ હતી, આથી તે લોકોને પોતાની હારની સાથે-સાથે પોતાનો માલ બરબાદ થવાનો પણ સખત અફસોસ અને પસ્તાવો થયો. *(મઝહરી)*

અંતિમ આયતમાં આખિરતના આધારે તે લોકોના ખરાબ પરિણામોનું વર્ણન છે. وَالَّذِيْنَ كَفَرُوْٓا اِلٰى جَهَنَّمَ يُحْشَرُوْنَ એટલે કે, જે લોકો કાફિર છે તેમનો અંજામ જહન્નમ છે.

પ્રસ્તુત આયતોમાં દીને હકથી રોકવા માટે માલ ખર્ચ કરવાનું જે ખરાબ પરિણામ આવ્યું તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં આજના તે કાફિરો પણ સામેલ છે જે લોકોને ઈસ્લામથી રોકવા માટે અને પોતાની બાતિલ અને જૂઠી માન્યતાઓ તરફ આમંત્રણ આપવા માટે લાખો રૂપિયા દવાખાનાઓ, શિક્ષણ સંસ્થાઓ, સદકહ ખયરાતના નામે ખર્ચ કરે છે, એ જ પ્રમાણે તે માર્ગ ભટકેલા લોકો પણ તેમાં સામેલ છે જેઓ ઈસ્લામની સામૂહિક માન્યતાઓમાં શંકા-કુશંકાઓ અને ભ્રામક ભ્રમણાઓ ઉત્પન્ન કરીને તેના વિરુદ્ધ લોકોને આમંત્રણ આપવા માટે પોતાનો માલ ખર્ચ કરે છે પરંતુ હક તઆલા પોતાના દીનની સુરક્ષા કરે છે અને ઘણી બધી પરિસ્થિતિઓ એની સાક્ષી પણ આપે છે કે, આ લોકો મોટી-મોટી રકમો ખર્ચ કરવા છતાં પોતાના હેતુ અને ઉદ્દેશ્યમાં નિષ્ફળ રહે છે.

૩૭ નંબરની આયતમાં પ્રસ્તુત ઘટનાઓના અમુક પરિણામોનું વર્ણન છે, જેનો ખુલાસો એ છે કે પોતાનો જે માલ કાફિરોએ ઈસ્લામ વિરુદ્ધ વાપર્યો અને પછી તેમને અફસોસ અને પસ્તાવો થયો તથા તેઓ અપમાનિત અને ઝલીલ થયા તેનો લાભ એ છે કે,

لِيَمِيزَ اللّٰهُ الْخَبِيثَ مِنَ الطَّيِّبِ એટલે કે, જેથી અલ્લાહ તઆલા નાપાક વસ્તુઓ અને પાક સ્વચ્છ વસ્તુઓમાં તફાવત સ્પષ્ટ રીતે જાહેર કરી આપે, શબ્દ خَبِيْثٌ (ખબીષ) અને طَيِّبٌ (તય્યિબ) બે વિરુદ્ધાર્થી શબ્દો છે. "ખબીષ" નાપાક, ગંદી અને હરામ વસ્તુઓ માટે બોલવામાં આવે છે અને "તય્યિબ" તેનાથી વિપરીત પાક, પવિત્ર, સ્વચ્છ અને હલાલ વસ્તુઓ માટે બોલવામાં આવે છે. આ સ્થળે આ બંને શબ્દોથી કાફિરોનો માલ "ખબીષ" અને મુસલમાનોનો માલ "તય્યિબ" કહેવાનો અર્થ હોઈ શકે છે. આ પરિસ્થિતિમાં અર્થ એ છે કે, કાફિરોએ જે મોટી રકમો ખર્ચ કરી તે ખબીષ અને નાપાક માલ હતો, તેનું ખરાબ પરિણામ એ આવ્યું કે માલ પણ ગયો અને પ્રાણ પણ ગયા, એનાથી વિપરીત મુસલમાનોએ ઘણો થોડો માલ ખર્ચ કર્યો પરંતુ તે માલ પાક અને હલાલ હતો, તેને ખર્ચ કરનારા સફળ થયા અને વધારે માલે ગનીમત પણ હાથ આવ્યો, ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો,

وَيَجْعَلَ الْخَبِيثَ بَعْضَهُ عَلٰى بَعْضٍ فَيَرْكُمَهُ فَيَجْعَلَهُ فِي جَهَنَّمَ أُولَٰئِكَ هُمُ الْخٰسِرُوْنَ

"અલ્લાહ તઆલા ભેગા કરી આપે છે એક ખબીષ (નાપાક)ને બીજા ખબીષની સાથે, પછી તે સૌને જહન્નમમાં એકઠા કરી આપશે; આ જ લોકો નુકસાનમાં પડનારા છે."

મતલબ એ છે કે, જે રીતે દુનિયામાં લોહચુંબક લોઢાને પોતાના તરફ આકર્ષે છે, જે રીતે વિદ્યુતશક્તિ વસ્તુઓને પોતાના તરફ ખેંચે છે અને આધુનિક વિજ્ઞાનના પ્રયોગો દ્વારા આખી દુનિયાની વ્યવસ્થાને પરસ્પરના આકર્ષણની શક્તિઓ ઉપર કાયમ રહેલ બતાવવામાં આવે છે, એ જ પ્રમાણે અમલો અને અખ્લાકમાં પણ એક પ્રકારનું આકર્ષણ હોય છે, એક બુરો અમલ બીજા બુરા અમલને અને એક સારો અમલ બીજા સારા અમલને ખેંચી લાવે છે. ખબીષ અને નાપાક માલ બીજા નાપાક માલને ખેંચી લાવે છે અને પછી આ નાપાક માલ

નાપાક અસરો ઉત્પન્ન કરે છે તેનું પરિણામ એ હોય છે કે, જેટલો પણ ખબીષ માલ છે અલ્લાહ તઆલા આખિરતમાં સૌને જહન્નમમાં એકઠો કરશે અને આ માલ ધારણ કરનારા ઘણા મોટા નુકસાનમાં પડી જશે.

અમુક મુફસ્સિરોએ આ સ્થળે "ખબીષ" અને "તય્યિબ"નો અર્થ સામાન્ય ઠરાવ્યો છે, એટલે કે પાક અને નાપાક. પાકથી મો'મિન અને નાપાકથી કાફિર અર્થ લીધો છે, આ સ્વરૂપમાં ખુલાસો એ થશે કે પ્રસ્તુત પરિસ્તિથિ દ્વારા અલ્લાહ તઆલા એવું ઇચ્છે છે કે, પાક અને નાપાક એટલે કે મો'મિન અને કાફિરમાં તફાવત સ્પષ્ટ થઈ જાય, મો'મિનો જન્નતમાં અને કાફિરો જહન્નમમાં એક સ્થળે એકઠા કરવામાં આવશે.

૩૮ નંબરની આયતમાં કાફિરોને એક ધમકીભર્યું સંબોધન છે, જેમાં એવી તાકીદ પણ કરવામાં આવી છે અને ડરાવવામાં પણ આવ્યા છે, તાકીદ અને પ્રેરણા એ બાબતની છે કે જો તેઓ બધી જ દુષ્ટ પ્રવૃત્તિઓ આચરીને હજુ પણ તવબહ કરી લે અને ઈમાન લઈ આવે તો પાછલા બધા જ ગુનાહો મા'ફ કરવામાં આવશે અને ધમકી આ પ્રમાણે આપવામાં આવી છે કે, જો તેઓ હજુ પણ એવું કરવાથી અટકશે નહીં તો સમજી લો કે, તેમના માટે અલ્લાહ તઆલા માટે કોઈ નવો કાનૂન બનાવવા માટે વિચારવાનો પણ પ્રશ્ન નથી, આગલા યુગોથી જ કાફિરો માટે જે કાનૂન ચાલ્યો આવે છે તે જ તેમના ઉપર પણ લાગુ પાડવામાં આવશે અને તેઓ આખિરતમાં અઝાબના હકદાર થશે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૩૯-૪૦)

وَقَاتِلُوهُمْ حَتّٰى لَا تَكُوْنَ فِتْنَةٌ وَّيَكُوْنَ الدِّيْنُ كُلُّهٗ لِلّٰهِ ۚ فَاِنِ انْتَهَوْا فَاِنَّ اللّٰهَ بِمَا يَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿٣٩﴾ وَاِنْ تَوَلَّوْا فَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَوْلٰىكُمْ ۭ نِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ ﴿٤٠﴾

તરજુમો :

અને તેમની સાથે લડતા રહો એટલે સુધી કે ફસાદ (બાકી) ન રહે અને

સઘળો હુકમ અલ્લાહનો થઈ જાય, પછી જો તેઓ અટકી જાય તો ખરેખર અલ્લાહ તેમના કામને જુએ છે. (૩૯) અને જો તેઓ ન માને તો જાણી લો કે અલ્લાહ તમારો હિમાયતી છે, કેટલો શ્રેષ્ઠ હિમાયતી છે અને કેટલો શ્રેષ્ઠ મદદગાર છે! (૪૦)

તફસીર :

અને (પછી તેમના આ પ્રમાણે કાફિર રહેવાના સ્વરૂપમાં હે મુસલમાનો!) તમે તેઓ (અરબના કાફિરો)ની સામે એટલી હદે લડો કે તેમનામાં ખોટી માન્યતા (એટલે કે શિર્ક) બાકી ન રહે અને (અલ્લાહનો) દીન (એકમાત્ર) અલ્લાહનો જ થઈ જાય (અને કોઈના દીનનું એકમાત્ર અલ્લાહના માટે જ થઈ જવું ઈસ્લામ કબૂલ કરવા ઉપર અવલંબિત છે માટે અર્થ એ થયો કે શિર્ક છોડીને ઈસ્લામ અપનાવી લો. ખુલાસો એ છે કે જો ઈસ્લામ ન લાવે તો તેમની સાથે લડો, કારણ કે અરબના કાફિરો પાસેથી જિઝીયો લેવામાં આવતો નથી) પછી જો તેઓ (કુફ્રથી) અટકી જાય તો (તેમના જાહેર કરેલા ઈસ્લામને કબૂલ કરી લો દિલની પરિસ્થિતિને ન ટટોલો, કારણ કે જો તેઓ દિલથી ઈમાન લાવશે નહીં તો) અલ્લાહ તઆલા તેમના અમલોને સારી પેઠે જૂએ છે (અને તે પોતે તેમની સામે મા'મલો સમજી લેશે તો તમારે શું) અને જો (ઈસ્લામથી) મોઢું ફેરવે તો (અલ્લાહનું નામ લઈને તેમનો મુકાબલો કરવાથી પીછેહઠ ન કરો) યકીન રાખો કે અલ્લાહ તઆલા (તેમના મુકાબલામાં) તમારો મદદગાર છે તે ઘણો સારો સહાયક છે અને ઘણો જ શ્રેષ્ઠ મદદકર્તા છે (બસ તે તમારી મદદ અને સહાય અવશ્ય કરશે).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરએ અન્ફાલની ૩૯ નંબરની આયત છે તેમાં આ શબ્દો વિચાર કરવાપાત્ર છે, એક શબ્દ فِتْنَةٌ (ફિત્નહ) અને બીજો دِيْنٌ (દીન); આ બંને શબ્દો અરબી શબ્દકોષના આધારે કેટલાય અર્થોમાં ઉપયોગ થાય છે.

તફસીરના ઈમામોથી, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)થી પણ આ સ્થળે બે અર્થો નકલ થયા છે, એક એ કે "ફિત્નહ"નો અર્થ કુફ્ર અને શિર્ક છે તથા "દીન"નો અર્થ દીને ઈસ્લામ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી

આ જ તફસીર નકલ થઈ છે. આ તફસીરથી આયતનો અર્થ એ થશે કે, મુસલમાનોએ કાફિરો સાથે તે સમય સુધી યુદ્ધ ચાલુ રાખવું જોઈએ જ્યાં સુધી કે કુફ્ર નષ્ટ થઈને તેની જગ્યાએ ઈસ્લામ આવી જાય, ઈસ્લામ સિવાય કોઈ દીન અને ધર્મ બાકી ન રહે. આ પરિસ્થિતિમાં આ હુકમ ફક્ત મક્કાના નિવાસીઓ માટે અને અરબ માટે ખાસ છે, કારણ કે અરબ ટાપુ ઈસ્લામનું ઘર છે, તેમાં ઈસ્લામ સિવાય કોઈ બીજો ધર્મ રહે તો તે ઈસ્લામ માટે ભયજનક છે, નહિતર સમગ્ર દુનિયામાં બીજા ધર્મો અને મઝહબો સ્થાપિત રહી શકે છે, જેમકે કુર્આને કરીમની બીજી આયતો અને હદીષની રિવાયતો તેની સાક્ષી આપે છે.

બીજી તફસીર જે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) વગેરે દ્વારા નકલ થઈ છે તે આ છે કે ફિત્નાનો અર્થ આ સ્થળે એ પીડા અને અઝાબ તથા કષ્ટ છે, જેનો ક્રમ મક્કાના કાફિરો તરફથી મુસલમાનો ઉપર હંમેશા ચાલુ રહ્યો હતો, જ્યાં સુધી તેઓ મક્કામાં હતા તો તેમના ઘેરામાં ફસાયેલા રહ્યા અને જાત-જાતનો ત્રાસ વેઠતા રહ્યા, પછી જ્યારે મદીના તય્યિબહ હિજરત કરી તો એક-એક મુસલમાનોનો પીછો કરીને તેમની હત્યા અને ખૂનામરકી આચરતા રહ્યા, મદીનામાં પહોંચ્યા પછી પણ સમગ્ર મદીના ઉપર આક્રમણોના સ્વરૂપમાં તેમનો ક્રોધ અને ગુસ્સો જાહેર થતો રહ્યો.

તેનાથી વિપરીત દીનનો અર્થ કહેર અને છવાઈ જવાનો છે. આ સ્વરૂપમાં આ આયતની તફસીર એ થશે કે, મુસલમાનોએ કાફિરો સાથે તે સમય સુધી યુદ્ધ કરતા રહેવું જોઈએ જ્યાં સુધી કે મુસલમાનો તેમના અત્યાચારથી સુરક્ષિત ન થઈ જાય અને દીને ઈસ્લામ છવાઈ ન જાય કે તે અન્યોના જુલ્મોથી મુસલમાનોની હિફાઝત કરી શકે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની એક ઘટનાથી પણ આ તફસીરનું સમર્થન થાય છે. ઘટના એવી છે કે, જ્યારે મક્કાના અમીર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર (રદિ.)ના મુકાબલામાં હજ્જાજ બિન યૂસુફે ચઢાઈ કરી અને બંને બાજુ મુસલમાનોની તલવારો મુસલમાનોના મુકાબલામાં ચાલી રહી હતી તો બે વ્યક્તિ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર પાસે હાજર થયા અને કહ્યું કે, હાલના સમયે મુસલમાનો જે બલામાં સપડાયેલા છે તમે જોઈ રહ્યા છો, જ્યારે કે તમે ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)ના પુત્ર છો, જેઓ કોઈ પણ રીતે આવા ફિત્નાઓને સહન કરનારા ન હતા, શું કારણ છે કે તમે આ ફિત્નાને દૂર કરવા

માટે મેદાનમાં નથી આવતા ? તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ ફરમાવ્યું કે, કારણ એ છે કે અલ્લાહ તઆલાએ કોઈ મુસલમાનનું લોહી વહાવવું હરામ ઠરાવ્યું છે, તે બંનેએ વિનંતી કરી કે શું તમે કુર્આનની આ આયત નથી પઢતા ? قَاتِلُوهُمْ حَتّٰى لَاتَكُوْنَ فِتْنَةٌ એટલે કે, મુકાબલો કરતા રહો એટલે સુધી કે ફિત્નો બાકી ન રહે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)એ કહ્યું કે, બેશક ! હું આ આયત પઢું છું અને તેના ઉપર અમલ પણ કરું છું, અમે આ આયત પ્રમાણે કાફિરો સાથે યુદ્ધ ચાલું રાખ્યું, એટલે સુધી કે ફિત્નો સમાપ્ત થઈ ગયો અને દીને ઈસ્લામનો વિજય થઈ ગયો અને તમે લોકો એવું ઈચ્છો છો કે હવે પરસ્પર યુદ્ધ કરીને ફરી એકવાર ફિત્નો ઉત્પન્ન કરો અને વિજય ગયરૂલ્લાહ અને હકના વિરોધીઓનો થઈ જાય ? મતલબ એ હતો કે, જિહાદ અને યુદ્ધનો હુકમ કુફ્રના ફિત્ના અને કાફિરોના અત્યાચારના મુકાબલા માટે હતો તે અમે કરી ચૂક્યા અને બરાબર કરતા રહ્યા, એટલે સુધી કે એ ફિત્નો નાશ પામ્યો. મુસલમાનોના પરસ્પરના ગૃહયુદ્ધને તેના ઉપર અનુમાનિત કરવું સાચું નથી, બલકે મુસલમાનોના પરસ્પરના યુદ્ધના સમયે તો રસૂલે કરીમ ﷺનું માર્ગદર્શન એ છે કે, તેમાં બેસી રહેનારો ઊભા રહેનારા કરતા ઉત્તમ છે.

આ તફસીરનો ખુલાસો એ છે કે, મુસલમાનોએ ઈસ્લામના દુશ્મનો વિરુદ્ધ જિહાદ અને યુદ્ધ કરવું તે સમય સુધી વાજિબ છે જ્યાં સુધી મુસલમાનો તેમના અત્યાચારનો ફિત્નો ખતમ ન કરી નાંખે અને ઈસ્લામને બધા જ ધર્મો ઉપર વિજય પ્રાપ્ત ન થઈ જાય અને આ પ્રમાણેની પરિસ્થિતિ ફક્ત કયામતની નિકટ ઉપસ્થિત થશે, એટલા માટે જિહાદનો હુકમ કયામત સુધી બાકી અને લાગુ છે.

ઈસ્લામના દુશ્મનો વિરુદ્ધ જિહાદ અને યુદ્ધના પરિણામના બે સ્વરૂપો ઉપસ્થિત થઈ શકતા હતા, એક એ કે તે મુસલમાનો ઉપર અત્યાચાર અને જબરદસ્તી કરવાથી અટકી જાય, ભલે એ રીતે કે તેઓ ઈસ્લામી બિરાદરીમાં સામેલ થઈને ભાઈ બની જાય અથવા તો એ રીતે કે પોતાના ધર્મ ઉપર રહે અને મુસલમાનો ઉપર જુલ્મ અને અત્યાચાર કરવાથી અટકી જાય અને અનુસરણનો આજ્ઞાપાલનનો કરાર કરી લે.

બીજું એ કે તે આ બંને સ્વરૂપોમાંથી કોઈ એકનો સ્વીકાર ન કરે અને

મુકાબલા માટે ડટેલા રહે તો આગલી આયતમાં આ બંને સ્વરૂપોના હુકમો ઉપસ્થિત છે, ઈરશાદ છે,

فَاِنِ انْتَهَوْا فَاِنَّ اللّٰهَ بِمَا يَعْمَلُوْنَ بَصِيْرٌ ○

"જો તેઓ અટકી ન જાય તો અલ્લાહ તઆલા તેમના અમલોને સારી પેઠે જૂએ છે."

આ પ્રમાણે તેમની સાથે વર્તવામાં આવશે જેનો હેતુ એ છે કે, જો તેઓ અટકી જાય તો તેમના વિરુદ્ધ યુદ્ધ અટકાવી દેવામાં આવે તો આ સ્વરૂપમાં મુસલમાનોને એ ભય હોઈ શકતો હતો કે, યુદ્ધ બંધ થવાથી કાફિરો તરફથી સુલેહનો કરાર અથવા મુસલમાન થઈ જવાની જાહેરાત ઘણું શક્ય છે કે તે કોઈ યુદ્ધની ચાલ અને ધોકો પણ હોય, એ સ્વરૂપમાં યુદ્ધ બંધ કરી દેવું મુસલમાનો માટે નુકસાનકર્તા હોઈ શકે છે. તેના જવાબમાં આ શબ્દો કહેવામાં આવ્યા કે મુસલમાનો તો જાહેર અમલોના પાબંદ છે, દિલોને જોનારો અને તેના ગુપ્ત ઈરાદાઓને જાણનારો ફક્ત અલ્લાહ તઆલા છે, એટલા માટે જ્યારે તેઓ મુસલમાન થવાની જાહેરાત કરે અથવા સુલેહનો કરાર કરી લે તો મુસલમાનો એ બાબત ઉપર મજબૂર છે કે યુદ્ધ અને જિહાદ બંધ કરી દેવામાં આવે, રહી એ બાબત કે તેમણે સાચા દિલથી ઈસ્લામ અથવા સુલેહ કબૂલ કરી છે અથવા તેમાં કોઈ ધોકો આપી રહ્યા છે ? તો તેને અલ્લાહ સારી પેઠે જાણે છે, જો તેઓ એવું કરશે તો તેની બીજી વ્યવસ્થા થઈ જશે, મુસલમાનો આ વિચારો અને ભયને પોતાના વર્તનનો પાયો ન બનાવે.

જો ઈસ્લામની જાહેરાત અથવા સુલેહના કરાર પછી તેમના ઉપર હાથ ઉઠાવવામાં આવે તો જિહાદ કરનારા ગુનેહગાર થઈ જશે, જેમકે સહીહ બુખારી અને મુસ્લિમની એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે કે, મને એ બાબતનો હુકમ આપવામાં આવ્યો છે કે હું ઈસ્લામના દુશ્મનો સાથે યુદ્ધ કરતો રહું, એટલે સુધી કે તેઓ કલિમએ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰه (લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ)ને કબૂલ કરીને નમાઝ સ્થાપિત કરે અને ઝકાત અદા કરે અને જ્યારે તેઓ એવું કરી લે તો તેમનું લોહી અને માલ બધું સુરક્ષિત થઈ જશે, માત્ર ઈસ્લામી કાયદા અનુસાર કોઈ ગુનાહ અને અપરાધના કારણે

તેમને સજા આપવામાં આવે તો તે જુદી વાત છે અને તેમના દિલોનો હિસાબ અલ્લાહ તઆલા ઉપર રહેશે કે, તેઓ સાચા દિલથી આ કલિમહ અને ઈસ્લામના અમલોને કબૂલ કરી રહ્યા છે કે માત્ર મુનાફિકત કરી રહ્યા છે ?

બીજી એક હદીષ કે જે અબૂ દાવુદ (રહ.)એ ઘણા બધા સહાબએ કિરામ (રદિ.)ની રિવાયતથી નકલ કરી છે તે આ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, છે કે જે વ્યક્તિ કોઈ કરાર ઉપર એટલે કે તે વ્યક્તિ ઉપર જેણે ઈસ્લામિક હુકૂમતની ઈતાઅત અને વફાદારીનો કરાર કરી લીધો હોય, કોઈ અત્યાચાર કરશે અથવા તેને નુકસાન પહોંચાડશે અથવા તેનાથી કોઈ એવું કામ લેશે જે તેની શક્તિથી વધારે છે અથવા તેમની કોઈ વસ્તુ તેમની દિલી રજામંદી સિવાય લઈ લેશે તો હું કયામતના દિવસે તે મુસલમાન વિરુદ્ધ તે કરાર કરનાર (ગયૂર)ની હિમાયત કરીશ.

કુર્આન મજીદની પ્રસ્તુત આયત અને હદીષની રિવાયતોમાં આ બાબતે દેખીતો મુસલમાનોને એક રાજકીય ભય નજરે પડે છે કે, મોટાથી મોટો ઈસ્લામનો દુશ્મન જ્યારે તેમની પકડમાં આવી જાય અને ફક્ત જીવ બચાવવા માટે ઈસ્લામનો કલિમહ પઢી લે તો મુસલમાનો માટે એ જરૂરી કરવામાં આવ્યું છે કે તે પોતાનો હાથ રોકી લે, આ રીતે તો તે કોઈ દુશ્મન ઉપર ક્યારેય કાબૂ નહીં મેળવી શકે, પરંતુ અલ્લાહ તઆલાએ તેમના ગુપ્ત ઈરાદાઓને પોતાના માથે લઈને મોઅ્જિઝા સ્વરૂપે એ કરી બતાવ્યું કે, અમલી રીતે મુસલમાનોને કોઈપણ મેદાને જંગમાં આવી પરિસ્થિતિનો સામનો થયો નથી. અલબત્ત, સુલેહની પરિસ્થિતિમાં સેંકડો મુનાફિકો પેદા થયા જેમણે ધોકો આપવા માટે પોતાને મુસલમાન જાહેર કર્યા અને દેખીતા નમાઝ-રોઝા પણ અદા કરવા લાગ્યા, તેમાંથી અમુક કમીના લોકોનો તો માત્ર એટલો જ હેતુ હતો કે, મુસલમાનો પાસેથી કંઈક ફાયદો પ્રાપ્ત કરી લઈએ અને દુશ્મની કરવા છતાં તેમના ક્રોધથી સુરક્ષિત રહ્યા અને અમુક એવા પણ હતા જેઓ રાજકીય ફાયદો લઈને મુસલમાનોના રહસ્ય જાણીને તેનો વિરોધીઓ સાથે મળીને ષડયંત્રો કરવા માટે ઉપયોગ કરતા હતા પરંતુ અલ્લાહ તઆલાના કાયદાએ આ બધા વિશે મુસલમાનોને એ જ સૂચના આપી કે, તેઓ તેમની સાથે મુસલમાનો તરીકેનો જ વ્યવહાર કરે જ્યાં સુધી પોતે તેમના તરફથી ઈસ્લામ દુશ્મની અને કરારભંગ

કર્યાનું સાબિત ન થઈ જાય.

કુર્આનનું આ શિક્ષણ તો એ સ્વરૂપમાં હતું કે, જ્યારે કે ઈસ્લામના દુશ્મનો પોતાની દુશ્મનીથી અટકી જવાના કરારનો સ્વીકાર કરે.

અને બીજું સ્વરૂપ એ છે કે, તેઓ પોતાની જીદ અને દુશ્મની ઉપર કાયમ રહે, તેના વિશેનો હુકમ ત્યાર પછીની આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَاِنْ تَوَلَّوْا فَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَوْلٰىكُمْ نِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ એટલે કે, જો તેઓ વાત ન માને તો તમે એ સમજી રાખો કે, અલ્લાહ તઆલા તમારો મદદગાર અને હિમાયતી છે અને તે ઘણો સારો હિમાયતી અને ઘણો સારો મદદગાર છે.

તેનો હેતુ એ છે કે, જો તેઓ પોતાના અત્યાચાર અને બળજબરી તથા કુફ્ર અને શિર્કથી ન અટકે તો મુસલમાનોના માથે તે જ જવાબદારી છે જે ઉપર પ્રસ્તુત થઈ ચૂકી કે, તેમની સાથે યુદ્ધ ચાલુ રાખે અને જિહાદ તથા યુદ્ધ કે ઘણું મોટું લશ્કર તથા ઘણા બધા શસ્ત્ર-સરંજામ ઉપર સ્વાભાવિક રીતે અવલંબિત હોય છે અને મુસલમાનોને સ્વાભાવિક રીતે આ વસ્તુઓ ઓછી પ્રાપ્ત હતી, એટલા માટે એવું થઈ શકતું હતું કે, મુસલમાનોને યુદ્ધનો હુકમ ભારે લાગે અથવા તો તેઓ પોતાની ઓછી સંખ્યા અને ઓછા સામાનના કારણે એવી અનુભૂતિ કરવા લાગે કે અમે મુકાબલામાં સફળ નહીં થઈ શકીએ, એટલા માટે તેનો ઈલાજ એ રીતે કરવામાં આવ્યો કે મુસલમાનોને બતાવાવમાં આવ્યું કે, જો કે તેઓ સંખ્યા અને સામાનમાં તમારા લોકોથી વધારે છે પરંતુ તેઓ અલ્લાહ તઆલાની ગયૂબી સહાય અને હિમાયત ક્યાંથી લાવશે જે હિમાયત અને સહાય મુસલમાનોને પ્રાપ્ત થયેલી છે ? જેનો તેઓ દરેક મેદાનમાં પોતાના માટે જાત અનુભવ કરી રહ્યા છે અને ફરમાવ્યું કે, એમ તો મદદ અને હિમાયત દુનિયામાં દરેક પક્ષ કોઈને કોઈ પ્રકારે પ્રાપ્ત કરી જ લેતા હોય છે પરંતુ આ મદદ, શક્તિ અને સહાયનો આધાર જ્ઞાન અને અનુભવ ઉપર હોય છે તો એ દેખીતું છે કે, અલ્લાહ તઆલાની તાકાત, જ્ઞાન અને તેના સર્વશક્તિમાન હોવાની સિફતનો કોઈ સમકક્ષ સમગ્ર વિશ્વમાં કોઈ નથી હોઈ શકતો, કારણ કે તે સૌથી મોટો હિમાયતી અને સહાયક છે.

પારહ (૧૦)

આયત : (સૂરએ અન્ફાલ : આયત નં. ૪૧)

وَاعْلَمُوٓا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَیْءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوْلِ وَلِذِی الْقُرْبٰی وَالْیَتٰمٰی
وَالْمَسٰکِیْنِ وَابْنِ السَّبِیْلِ ۙ اِنْ کُنْتُمْ اٰمَنْتُمْ بِاللّٰهِ وَمَآ اَنْزَلْنَا عَلٰی عَبْدِنَا یَوْمَ
الْفُرْقَانِ یَوْمَ الْتَقَی الْجَمْعٰنِ ؕ وَاللّٰهُ عَلٰی کُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۴۱﴾

તરજુમો :

અને જાણી રાખો કે જે કંઈ તમને કોઈ વસ્તુથી ગનીમત મળે બસ તેમાંથી પાંચમો ભાગ અલ્લાહ માટે છે અને રસૂલ માટે અને તેના કુટુંબીઓ માટે અને યતીમો અને મોહતાજો અને મુસાફરો માટે, જો તમને અલ્લાહ ઉપર યકીન છે અને તે વસ્તુ ઉપર જે અમે અમારા બંદા ઉપર ફૈસલાના દિવસે ઊતારી જે દિવસે બંને ફોજો ભિડાઈ ગઈ અને અલ્લાહ ઉપર દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે. (૪૧)

તફસીર :

અને આ વાતને જાણી લો કે જે વસ્તુ (કાફિરોની) ગનીમત સ્વરૂપે તમે પ્રાપ્ત કરો તો તેનો હુકમ એ છે કે, (તેના કુલ પાંચ ભાગ કરવામાં આવે, જેમાંથી ચાર ભાગ તો યોદ્ધાઓનો પોતાનો હક છે અને એક હિસ્સો એટલે કે) તેનો પાંચમો ભાગ (પછી પાંચમો ભાગ બીજા પાંચ ભાગમાં વહેંચવામાં આવે જેમાંથી એક તો) અલ્લાહનો અને તેના રસૂલનો છે (એટલે કે રસૂલુલ્લાહ ﷺને મળશે જે આપવું જાણે કે અલ્લાહ તઆલા સમક્ષ રજૂ કરી દેવું ગણાશે) અને (એક ભાગ) આપ (ﷺ)ના રિશ્તેદારોનો અને (એક ભાગ) યતીમોનો છે, (એક ભાગ) ગરીબોનો છે અને (એક ભાગ) મુસાફરોનો છે અને તમે અલ્લાહ ઉપર યકીન રાખતા હોય અને તે વસ્તુ ઉપર (યકીન રાખતા હોવ) જેને અમે પોતાના બંદા (મુહમ્મદ ﷺ) ઉપર ફૈસલાના દિવસે (એટલે) જે દિવસે (બદ્રમાં) બંને જમાઅતો (મો'મિનોની અને કાફિરોની) પરસ્પર સામે આવી હતી નાઝિલ ફરમાવ્યો હતો (તેનો અર્થ તે ગયબી મદદ છે કે જે ફરિશ્તાઓ દ્વારા કરવામાં

આવી, એટલે કે તમે અમારા ગય્બના કાર્યો ઉપર યકીન રાખતા હોવ તો તમે આ હુકમને જાણી રાખો અને તેના ઉપર અમલ કરો, એટલા માટે અમે વધારી દીધું કે તમારા માટે પાંચમો ભાગ કાઢવો ભારે ન લાગે અને એ સમજી લો કે આ બધી ગનીમત અલ્લાહની જ મદદથી તો તમારા હાથમાં આવી છે, પછી તેમાંથી અલ્લાહ અને રસૂલ ﷺ માટે પાંચમો ભાગ કાઢવાનો છે અને બાકીના તે ચાર ભાગ મેળવવા પણ મનુષ્યની શક્તિથી બહારની વાત હતી તે માત્ર અલ્લાહની મદદ વડે જ પ્રાપ્ત થયા છે) અને અલ્લાહ (જ) દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ શક્તિ ધરાવનારો છે (પછી તમારો તો કોઈ હક ન હતો તો પણ તમને આ બધું મળી ગયું).

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં ગનીમતના માલના હુકમો અને તેની વહેંચણીનો કાયદો ઉપસ્થિત છે, તે અગાઉ અમુક મહત્ત્વના શબ્દોનો ખુલાસો મેળવી લઈએ. શબ્દ "ગનીમન" લુગત (શબ્દકોષ)માં તે માલને કહેવામાં આવે છે, જે દુશ્મન પાસેથી પ્રાપ્ત કરવામાં આવે છે. શરીઅતની પરિભાષામાં ગેરમુસ્લિમો પાસેથી જે માલ યુદ્ધ અને લડાઈ દ્વારા તેમના ઉપર વિજય મેળવી પ્રાપ્ત કરવામાં આવે છે તેને "ગનીમત" કહેવામાં આવે છે અને જે સુલેહ અથવા પરસ્પર સહમતિથી પ્રાપ્ત થઈ જાય જેમકે ખિરાજ, જિઝિયો વગેરે તો તેને فَيْءٌ (ફઈ) કહેવામાં આવે છે.

કુર્આને કરીમે આ બંને શબ્દોથી તે બંને પ્રકારના હુકમો વર્ણન કર્યા છે. સૂરએ અન્ફાલમાં ગનીમતના માલના હુકમો વર્ણન થયા છે જે યુદ્ધ અને લડાઈના સમયે ગેરમુસ્લિમો પાસેથી પ્રાપ્ત કરવામાં આવે.

અત્રે સૌ પ્રથમ એક વાત નજર સમક્ષ રહેવી જોઈએ તે એ કે ઈસ્લામી અને કુર્આની દૃષ્ટિકોણ પ્રમાણે સમગ્ર સૃષ્ટિની વાસ્તવિક માલિકી ફક્ત તે હક તઆલાની જ છે જેણે તેને પેદા કરી છે. મનુષ્ય તરફથી કોઈ વસ્તુની માલિકીની ફક્ત એક જ રીત છે કે, અલ્લાહ તઆલાએ પોતાના નિયમ પ્રમાણે કોઈ વ્યક્તિને તેનો કામચલાઉ માલિક ઠરાવી દીધો હોય, જેમકે સૂરએ યાસીનમાં ચારપગા પશુઓના વર્ણનમાં ઈરશાદ છે, اَوَلَمْ يَرَوْا اَنَّا خَلَقْنَا لَهُمْ مِّمَّا عَمِلَتْ اَيْدِيْنَآ اَنْعَامًا فَهُمْ لَهَا مٰلِكُوْنَ એટલે કે, શું આ લોકો નથી જોતા કે પશુઓને અમે પોતાના

હાથોથી બનાવ્યા પછી લોકો તેમના માલિક બની ગયા ? મતબલ એ કે, તેમની માલિકી આગવી નથી, અમે પોતાની કૃપાથી તેમને માલિક બનાવ્યા છે.

જ્યારે કોઈ કોમ અલ્લાહ તઆલા સાથે બળવો કરે છે, એટલે કે કુફ્ર અને શિર્કમાં રાચે છે તો પ્રથમ અલ્લાહ તઆલા તેમની સુધારણા માટે પોતાના રસૂલો અને કિતાબો મોકલે છે, જે દુષ્ટ લોકો આ અલ્લાહના ઈનામોથી પણ પ્રભાવિત નથી થતા તેમના માટે અલ્લાહ તઆલા પોતાના રસૂલોને તેમના મુકાબલામાં જિહાદ અને યુદ્ધ કરવાનો હુકમ આપે છે, જેનો હેતુ એ હોય છે કે આ બળવાખોરોના પ્રાણ અને માલ બધું મુબાહ કરવામાં આવે, તેને અલ્લાહ તઆલાના આપેલા માલથી ફાયદો ઉઠાવવાનો અધિકાર નથી રહેતો, બલકે તેનો માલ સરકારી રાહે જપ્ત કરવામાં આવશે, આ જ જપ્ત કરેલા માલનું બીજું નામ ગનીમતનો માલ છે જે કાફિરોની મિલ્કતમાંથી નીકળીને માત્ર અલ્લાહ તઆલાની મિલ્કતમાં આવી જાય છે.

આ જપ્ત કરેલા માલ માટે પ્રાચીન સમયથી અલ્લાહ તઆલાનો એવો કાયદો રહ્યો હતો કે તેનાથી કોઈને લાભ ઉઠાવવાની પરવાનગી ન હતી પરંતુ એવા માલને એક ખુલ્લા સ્થળે મૂકી દેવામાં આવતો હતો અને આસમાનથી એક વીજળી આવીને તેને સળગાવી દેતી હતી, આ જ તેમના જિહાદની સ્વીકૃતિની નિશાની હતી.

ખાતમુલ અંબિયા ﷺને જે અમુક વિશેષતાઓ અલ્લાહ તઆલા તરફથી અર્પણ થઈ, તેમાંથી એક એ પણ છે કે ગનીમતનો માલ રસૂલે કરીમ ﷺની ઉમ્મત માટે હલાલ કરવામાં આવ્યો. (મુસ્લિમની હદીષ પ્રમાણે) અને હલાલ પણ એવો કે તેને أَطْيَبُ الْأَمْوَالِ (પવિત્ર માલ) કહેવામાં આવે છે, એટલે કે જે સૌથી વધારે પાક માલ છે. કારણ એ છે કે, જે માલ મનુષ્ય પોતાની મહેનત અને કલા-કારીગીરીથી કમાઈને પ્રાપ્ત કરે છે તેમાં મનુષ્યની માલિકી એકની પાસેથી બીજા પાસે પરિવર્તિત થઈને પરસ્પર એકબીજાની મિલ્કતમાં આવે છે અને આ લેવડ-દેવડમાં હરામ અથવા નાજાઇઝ અથવા તો મકરૂહ પદ્ધતિઓની સંભાવના કે શક્યતા રહેલી હોય છે, એનાથી વિપરીત ગનીમતનો માલ કાફિરોની માલિકી સમાપ્ત કરીને સીધે-સીધી અલ્લાહની મિલ્કતમાં આવી ગયો અને હવે જેને મળે છે તે સીધો અલ્લાહ તઆલાની મિલ્કતમાંથી મળે છે, જેમાં કોઈ શંકા કે હરામની

કોઈ સંભાવના અથવા સુગ રહેતી નથી, જેમકે કૂવામાંથી કાઢેલું પાણી અથવા આપમેળે ઊગી નીકળેલું ઘાસ, જે સીધેસીધું અલ્લાહ તઆલાના ઈનામ સ્વરૂપે મનુષ્યને મળે છે, કોઈ માનવીનું માધ્યમ વચ્ચે નથી હોતું.

તાત્પર્ય એ છે કે ગનીમતનો માલ જે અગાઉની ઉમ્મતો માટે હલાલ ન હતો તે આ ઉમ્મત માટે ઈનામ સ્વરૂપે હલાલ કરી દેવામાં આવ્યો. પ્રસ્તુત આયતમાં તેની વહેંચણીનો કાયદો આ વિષય હેઠળ વર્ણન કરવામાં આવ્યો છે, وَاعْلَمُوْٓا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَيْءٍ તેમાં અરબી શબ્દકોષના કાયદાથી પ્રથમ તો શબ્દ مَا (મા) એ સર્વસામાન્ય હોવાની દલીલ કરે છે, પછી આ સામાન્યપણાની વધારે તાકીદ માટે શબ્દ مِنْ شَيْءٍ (મિન શયઈન) વધારી દેવામાં આવ્યું, જેનો અર્થ એ છે કે જે કંઈ નાની-મોટી વસ્તુ ગનીમત તરીકે પ્રાપ્ત થાય તે આ બધી કાયદા હેઠળ આવરી લેવામાં આવી છે, કોઈ વસ્તુને મા'મૂલી અથવા નાની સમજીને કોઈ વ્યક્તિ વહેંચણીના નિયમથી ઉપરવટ જઈને જો તેને લઈ લેશે તો તે સખત અપરાધી ઠરાવવામાં આવશે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, એક સોય અને તેનો દોરો પણ જો ગનીમતના માલનો ભાગ હોય તો કોઈના માટે તેને પોતાના શરઈ ભાગ સિવાય લઈ લેવું જાઇઝ નથી અને ગનીમતના માલમાંથી કોઈ વસ્તુ ભાગ વિના લેવાને હદીષમાં غُلُوْل (ગુલુલ) ફરમાવીને તેના વિશે સખત ધમકી આપવામાં આવી છે અને તે સામાન્ય ચોરી કરતાં વધારે સખત હરામ ઠરાવવામાં આવ્યું છે.

વહેંચણીના નિયમના આ વિષય દ્વારા બધા જ મુજાહિદ મુસલમાનોને તેનાથી ખબરદાર કરી દેવામાં આવ્યા કે અલ્લાહ તઆલાએ આ માલ તમારા માટે હલાલ કરી દીધો છે, પરંતુ એક ખાસ નિયમ હેઠળ હલાલ કરવામાં આવ્યો છે, તેના વિરુદ્ધ જો તે કોઈ લઈ લેશે તો તે જહન્નમનો અંગારો થશે.

કુર્આનના કાયદાની એ જ વિશેષતા છે કે જે દુનિયાના કાયદાઓને પ્રાપ્ત થઈ નથી અને કુર્આનના આ જ કાયદાની સંપૂર્ણ અસર એ જ સફળતાનું રહસ્ય છે કે, પ્રથમ અલ્લાહનો ડર અને આખિરતનો ડર નજર સમક્ષ રાખીને તેમને ડરાવવામાં આવ્યા, બીજા નંબરે તેમના અપરાધ માટે સજાની જોગવાઈ પણ લાગુ પાડવામાં આવી.

નહિતર વિચાર કરવાનું સ્થળ છે કે, યુદ્ધના મેદાનમાં અફરા-તફરીના સમયે જે માલ ગેરમુસ્લિમોના કબ્જા હેઠળથી પ્રાપ્ત કરવામાં આવે તેની વિગત ન તો પ્રથમથી મુસલમાનોના અમીરની જાણમાં છે, ન જ કોઈ અન્યના. આવી પરિસ્થિતિમાં યુદ્ધનું મેદાન કે જે મોટે ભાગે જંગલ અથવા રણ હોય છે જેમાં માલ સંતાડવાની હજારો તકો ઉપસ્થિત હોય છે, નર્યા કાયદાના જોરે આ માલની સુરક્ષા કોઈના કાબૂમાં નથી, ફક્ત અલ્લાહનો ડર અને આખિરતનો ખૌફ જ તે વસ્તુ હતી જેણે પ્રત્યેક મુસલમાનને આ માલમાં મા'મૂલી વપરાશ કરવાથી પણ અટકાવી રાખ્યા.

હવે આ વહેંચણીના નિયમને જૂઓ, ઈરશાદ થયો, فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوْلِ وَلِذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ એટલે કે, ગનીમતના માલનો પાંચમો ભાગ અલ્લાહ અને તેના રસૂલનો અને તેમના સગાં-વહાલાંનો અને યતીમોનો અને મિસ્કીનો તથા મુસાફરોનો છે.

અત્રે પ્રથમ તો એ વાત વિચાર માંગી લે છે કે, નિયમ સંપૂર્ણ માલે ગનીમતની વહેંચણીનો વર્ણન થઈ રહ્યો છે પરંતુ કુર્આને ફક્ત તેના પાંચમા ભાગની વહેંચણીનો નિયમ અત્રે વર્ણન કર્યો, બાકીના ચાર ભાગનું કોઈ વર્ણન કરવામાં આવ્યું નથી, તેમાં શું રહસ્ય છે ? અને બાકી ચાર ભાગોની વહેંચણીનો શું કાયદો છે ? પરંતુ કુર્આનમાં ચિંતન અને મનન કરવાથી આ બંને વાતોનો જવાબ આ જ શબ્દોમાંથી નીકળી આવે છે કે, કુર્આને કરીમે જિહાદ કરનાર મુસલમાનોને સંબોધન કરીને ફરમાવ્યું, مَا غَنِمْتُمْ (મા-ગનિમ્તુમ) એટલે કે, "જે કંઈ તમે ગનીમતમાં પ્રાપ્ત કર્યું" તેમાં ઈશારો જોવા મળે છે કે, આ માલ તે પ્રાપ્ત કરનારનો હક છે અને ત્યારબાદ જ્યારે એવો ઈરશાદ થયો કે, તેમાંથી પાંચમો ભાગ અલ્લાહ અને રસૂલ વગેરેનો છે તો તેનું પરિણામ સ્પષ્ટ રીતે સામે આવે છે કે બાકી ચાર હિસ્સા غَانِمِيْن (ગાનિમીન) અને مُجَاهِدِيْن (મુજાહિદીન) એટલે કે, જિહાદમાં ભાગ લેનાર મો'મિન યોદ્ધાઓના છે, જેમકે કુર્આને કરીમના વારસા-વહેંચણીના કાયદાઓમાં એક સ્થળ ઈરશાદ છે وَوَرِثَهٗٓ اَبَوٰهُ فَلِاُمِّهِ الثُّلُثُ (૪ : ૧૧) એટલે કે, જ્યારે કોઈ વ્યક્તિનો વારસ તેના માં-બાપ હોય તો માંનો ત્રીજો ભાગ છે. અત્રે પણ ફક્ત માંના ઉલ્લેખને પૂરતું સમજવામાં આવ્યું, જેનાથી જાણ થઈ કે બાકી બે ભાગ બાપનો હક છે, એ જ પ્રમાણે مَا غَنِمْتُمْ

(મા-ગનિમ્તુમ) પછી જ્યારે ફક્ત પાંચમા ભાગને અલ્લાહ માટે રાખવામાં આવ્યો, તો જાણ થઈ કે બાકીના ચાર ભાગ મુજાહિદોનો હક છે. પછી રસૂલુલ્લાહ ﷺના નિવેદન અને અમલે તેને અને તેની પૂરી વિગતને સ્પષ્ટ કરી દીધી કે, આ ચાર ભાગ મુજાહિદોમાં એક ખાસ નિયમ હેઠળ વહેંચવામાં આવશે.

હવે આ પાંચમાં ભાગની વિગત જોઈ લઈએ જેને કુર્આને કરીમે આ આયતમાં નક્કી કરી દીધી છે. કુર્આનના શબ્દોમાં આ સ્થળે છ શબ્દોનો ઉલ્લેખ છે. لِلّٰهِ (લિલ્લાહી), لِلرَّسُوْلِ (લિર્રસૂલિ), لِذِی الْقُرْبٰی (લિઝિલકુરબા), الْیَتٰمٰی (અલ યતામા), الْمَسٰكِیْنَ (અલ મસાકીન), ابْنِ السَّبِیْلِ (ઈબ્નીસ્સબીલ).

તેમાં શબ્દ لِلّٰهِ (લિલ્લાહી) તો એક વિશિષ્ટ અને મુખ્ય વિષય છે તે ગનીમતના માલના વપરાશનો કે જેમાં આ પાંચમો ભાગ વહેંચવામાં આવશે, એટલે કે આ બધો ખર્ચ ફક્ત અલ્લાહ માટે થશે માટે આ શબ્દને આ સ્થળે લાવવામાં એક ખાસ હિકમત છે, જેના તરફ તફસીરે મઝહરીમાં ઈશારો કરવામાં આવ્યો છે, તે એ કે રસૂલે કરીમ ﷺ અને આપ ﷺના કુટુંબીજનો માટે સદકહનો માલ હરામ કરવામાં આવ્યો છે કે, તે રસૂલે કરીમ ﷺની શા'નના ખિલાફ છે, કારણ કે સદકહ એ સામાન્ય લોકોના માલને પવિત્ર (પાક) કરવા માટે તેમાંથી કાઢેલો ભાગ છે જેને હદીષમાં اَوْسَاخُ النَّاسِ કહેવામાં આવ્યું છે, એટલે કે "લોકોનો મેલ" જે નુબુવ્વતની શા'નના લાયક નથી.

ગનીમતના માલના પાંચમાં ભાગમાંથી કારણ કે રસૂલુલ્લાહ ﷺ અને આપ ﷺના કુટુંબીજનોને પણ કુર્આને કરીમની આ આયતે ભાગ આપ્યો છે. એટલા માટે એ બાબત ઉપર ચેતવવામાં આવ્યા કે આ ભાગ લોકોની મિલકતમાંથી પરિવર્તન પામી નથી આવ્યો બલકે, સીધે-સીધો અલ્લાહ તઆલા તરફથી આવ્યો છે જેમકે હમણા વર્ણન કરવામાં આવ્યું છે કે તે ગનીમતનો માલ કાફિરોની મિલ્કતમાંથી નીકળીને સીધે-સીધો અલ્લાહ તઆલાની એકમાત્ર માલિકી બની જાય છે, પછી અલ્લાહ તઆલા તરફથી તેને ઈનામ સ્વરૂપે વહેંચવામાં આવે છે, એટલા માટે એ વાત તરફ ઈશારો કરવા માટે કે રસૂલુલ્લાહ ﷺ અને ذَوِی الْقُرْبٰی (ઝવિલ્કુરબા)નો જે ભાગ ગનીમતના માલના પાંચમાં ભાગમાંથી આપવામાં આવ્યો છે તે લોકોના સદકહનો માલ નથી બલકે

સીધે-સીધો અલ્લાહ તઆલા તરફથી ખાસ કૃપા અને ઈનામ છે. આયતની શરૂઆતમાં ફરમાવવામાં આવ્યું, لِلّٰهِ (લિલ્લાહી) એટલે કે આ સઘળો માલ વાસ્તવમાં અલ્લાહ તઆલાની જ એકમાત્ર મિલ્કત છે, તેના જ આદેશ પ્રમાણે પ્રસ્તુત માલમાંથી ખર્ચ કરવામાં આવશે અથવા વાપરવામાં આવશે.

એટલા માટે પાંચમાં ભાગના અસલી હિસ્સા પાંચ રહી ગયા. રસૂલ, સગાં-વહાલાં, યતીમ, મિસ્કીન અને મુસાફિર. પછી તેમાં હકનો દરજ્જો અને કક્ષા વિવિધ પ્રકારના છે. કુર્આને કરીમની વિશિષ્ટ શૈલી જૂઓ કે આ દરજ્જાઓના હકનો ફરક કેટલો બારીક અને રસપ્રદ શૈલીથી જાહેર કર્યો કે, આ પાંચમાંથી પ્રથમ બે શબ્દ ઉપર لَامْ (લામ) લાવવામાં આવ્યો. لِلرَّسُوْلِ (લિર્રસૂલી) અને وَلِذِى الْقُرْبٰى (વલિ ઝિલકુરબા) અને બાકી ત્રણ પ્રકારોને શબ્દ لَامْ (લામ) વિના જ પરસ્પર જોડીને ઉલ્લેખ કરવામાં આવ્યો.

અક્ષર لْ (લામ) અરબી ભાષામાં કોઈ વિશિષ્ટતાનું પ્રદર્શન કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. શબ્દ لِلّٰهِ (લિલ્લાહ)માં શબ્દ لْ (લામ) મિલ્કતની વિશિષ્ટતા વર્ણન કરવા માટે ઉલ્લેખ થયો છે કે, આ બધી વસ્તુઓના વાસ્તવિક માલિક અલ્લાહ તઆલા છે અને શબ્દ لِلرَّسُوْلِ (લિર્રસૂલ)માં ખાસ હક અને અધિકારનું વર્ણન કરવાનો હેતુ છે કે, અલ્લાહ તઆલાએ ગનીમતના પાંચમાં ભાગને વાપરવાનો અને વહેંચણી કરવાનો હક રસૂલે કરીમ ﷺને અર્પણ કર્યો છે, જેનો ખુલાસો ઈમામ તહાવીના સંશોધન અને તફસીરે મઝહરીના વર્ણન અનુસાર એ છે કે જો કે આ સ્થળે પાંચમાં ભાગના હકદારોમાં પાંચ નામોનું વર્ણન છે પરંતુ વાસ્તવમાં તેનો સંપૂર્ણ હક રસૂલે કરીમ ﷺ માટે જ ખાસ છે કે, આપ ﷺ પોતાની કોઠાસૂઝ અને વિવેકબુદ્ધિ પ્રમાણે તે પાંચ પ્રકારના લોકોમાં ગનીમતના પાંચમાં ભાગની વહેંચણી કરી આપે, જેમકે સૂરએ અન્ફાલની પ્રથમ આયતમાં સંપૂર્ણ ગનીમતના માલનો હુકમ એ જ હતો કે, રસૂલે કરીમ ﷺ પોતાની કોઠાસૂઝ પ્રમાણે જેને ઈચ્છે વહેંચી આપે જેને ચાહે આપે وَاعْلَمُوْٓا اَنَّمَا غَنِمْتُمْ આ આયતે કુલ ગનીમતના પાંચ ભાગ કરીને ચાર ભાગને મુજાહિદોનો હક ઠરાવી આપ્યો પરંતુ પાંચમાં ભાગને નિયમ પ્રમાણે એ જ હુકમમાં રહેવા દીધો કે તેનો ઉપયોગ કરવો રસૂલુલ્લાહ ﷺની વિવેકબુદ્ધિ ઉપર છોડવામાં આવ્યું, ફક્ત એટલી વાતનો વધારો થયો કે તે પાંચમાં ભાગના પાંચ વપરાશકારો વર્ણન

કરવામાં આવ્યા કે, આ વપરાશકારો તેના વર્તુળમાં છે પરંતુ જમહૂર ઈમામો અને સંશોધનકારોના મતે રસૂલે કરીમ ﷺની જવાબદારી એ આવશ્યક ન હતી કે તેઓ પાંચમાં ભાગના પાંચ બરાબર ભાગ કરે અને પ્રસ્તુત આયતમાં વર્ણન થયેલ પાંચ પ્રકારના લોકોમાં સરખા ભાગે વહેંચણી કરે બલકે ફક્ત એટલું જરૂરી હતું કે, ગનીમતના પાંચમાં ભાગને તે પાંચ પ્રકારના લોકોમાં સઘળો અથવા અમુકને પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે આપે.

તેની સૌથી મોટી ખુલ્લી દલીલ પોતે આ આયતના શબ્દ અને તેમાં વર્ણન કરવામાં આવેલ વપરાશકારોના પ્રકારો છે કે, આ બધા પ્રકારો વાસ્તવિક રીતે જોવા જઈએ તો ભિન્ન-ભિન્ન નથી બલકે સમાન પણ હોઈ શકે છે, દાખલા તરીકે જે વ્યક્તિ સગાં-વહાલાંમાં સામેલ છે તે યતીમ પણ હોઈ શકે છે અને મિસ્કીન અને મુસાફર પણ હોઈ શકે છે, એ જ પ્રમાણે મિસ્કીન અને મુસાફર યતીમ પણ હોઈ શકે છે અને સગો-વહાલો પણ હોઈ શકે છે, જે મિસ્કીન છે તે મુસાફરોની યાદીમાં પણ આવી શકે છે. જો આ બધા પ્રકારોમાં અલગ-અલગ રીતે સમાન રીતે વહેંચણી કરવાનો હેતુ હોત તો આ પ્રકારો એવા હોવા જોઈતા હતા કે, એક પ્રકારનો વ્યક્તિ બીજા પ્રકારમાં સામેલ ન હોવો જોઈએ, નહિતર પછી એવું અવશ્ય બને છે કે જે સગાં-વહાલાંમાંથી છે અને તે યતીમ પણ છે, મિસ્કીન પણ છે અને મુસાફર પણ છે તો તેને એક સ્વરૂપે એક-એક હિસ્સો મળે તો ચાર ભાગ તેના ભાગે જશે, જેમકે વહેંચણીના ફરજો અથવા વારસા-વહેંચણીનો એ જ કાયદો છે કે, એક વ્યક્તિને મય્યત સાથે અલગ-અલગ પ્રકારની સગાઈ હોય તો દરેક સગાઈનો ભાગ તેને અલગ રીતે મળે છે અને ઉમ્મતમાં એ મતનું કોઈ સમર્થન નથી કરતું કે, એક વ્યક્તિને ગનીમતના પાંચમાં ભાગના ચાર હિસ્સા મળી જાય, આથી જાણ થઈ કે આ આયતનો હેતુ રસૂલે કરીમ ﷺ ઉપર એ પાબંદી લગાવવાનો નથી કે, આ બધા પ્રકારોને ચોક્કસ આપવામાં જ આવે અથવા તો સમાન રીતે આપવામાં આવે, બલકે હેતુ એ છે કે ગનીમતના પાંચમાં ભાગનો માલ આ પાંચ પ્રકારમાંથી જે પ્રકાર ઉપર જેટલો ખર્ચ કરવો રસૂલે કરીમ ﷺના અભિપ્રાયમાં યોગ્ય હોય એટલું આપે. *(તફસીરે મઝહરી)*

આ જ કારણ છે કે, હઝરત ફાતિમા ઝોહરા (રદિ.)એ જ્યારે આ ગનીમતના પાંચમાં ભાગમાંથી એક સેવક (નોકર)નો સવાલ રસૂલે કરીમ ﷺની

સેવામાં રજૂ કર્યો અને ઘરના કામોમાં પોતાની મહેનત, તકલીફ અને કમજોરીને પણ જાહેર કરી તો રસૂલુલ્લાહ ﷺએ એ વિનંતીને માન્ય ન રાખી અને એવો નોકર આપવાથી ઈન્કાર કર્યો કે, મારી સામે તમારી જરૂરતથી વધારે "સુફ્ફા" સહાબએ કિરામ (રદિ.)ની જરૂરત છે, જેઓ અત્યંત ગરીબી અને ભૂખમાં સપડાયેલા છે જેમને છોડીને હું તમને નથી આપી શકતો. *(સહીહ બુખારી, મુસ્લિમ)*

આથી સ્પષ્ટ થઈ ગયું કે, દરેક પ્રકારનો અલગ અધિકાર ન હતો નહિતર સગાં-વહાલાંના અર્થમાં હઝરત ફાતિમા (રદિ.) કરતા કોણ અગ્ર સ્થાને હોઈ શકે છે ? બલકે આ બધું વપરાશકારોનું માત્ર વર્ણન છે, તેમનો અધિકાર નથી.

ગનીમતના માલના પાંચમાં ભાગની વહેંચણી પછી રસૂલે કરીમ ﷺની વફાત :

જમહૂર ઈમામોના મતે ગનીમતના પાંચમાં ભાગમાંથી જે ભાગ રસૂલે કરીમ ﷺનો રાખવામાં આવ્યો તે આપ ﷺના નુબુવ્વત અને રિસાલતના હોદ્દાની બીના પર એવો જ હતો, જેમકે આપ ﷺને વિશિષ્ટ રીતે એ હક પણ આપવામાં આવ્યો હતો કે સંપૂર્ણ ગનીમતના માલમાંથી રસૂલુલ્લાહ ﷺ પોતાના માટે કોઈ વસ્તુ નક્કી કરીને લઈ લે, જેના કારણે અમુક ગનીમતના માલમાંથી તેમણે અમુક વસ્તુઓ લીધી પણ હતી અને ગનીમતના પાંચમાં ભાગમાંથી તેઓ પોતાના અને પોતાના ઘરવાળાઓનો વઝીફો આપતા હતા. રસૂલે કરીમ ﷺની વફાત પછી આ ભાગ આપમેળે સમાપ્ત થઈ ગયો, કારણ કે તેમના પછી કોઈરસૂલ અથવા નબી નથી.

ગનીમતના પાંચમાં ભાગમાંથી સગાં-વહાલાંઓનો હિસ્સો :

એમાં તો કોઈને વિરોધ નથી કે, ગરીબ સગાં-વહાલાંઓનો હક ગનીમતના પાંચમાં ભાગમાં બીજા વપરાશકારો એટલે કે યતીમ, મિસ્કીન અને મુસાફર કરતાં અગ્ર સ્થાને છે, કારણ કે રસૂલે કરીમ ﷺના ગરીબ સગાં-વહાલાંની મદદ ઝકાત અને સદકહથી નથી થઈ શકતી, બીજા વપરાશકારોની મદદ ઝકાત અને સદકહથી પણ થઈ શકે છે. (كَمَا صَرَّحَ بِهٖ فِي الْهِدَايَةِ وَيُقَدَّمُوْنَ) અલબત્ત, માલદાર સગાં-વહાલાંઓને તેમાંથી કંઈ આપવામાં આવશે નહીં, એમાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)નો મત એ છે કે પોતે

રસૂલે કરીમ ﷺ પણ જે સગાં-વહાલાંઓને આપતા હતા તો તેના બે આધાર હતા, એક તેમની જરૂરિયાત અને ગરીબી તથા બીજું દીનની સ્થાપના અને ઈસ્લામના રક્ષણમાં રસૂલુલ્લાહ ﷺની મદદ અને સહાય. બીજું કારણ તો રસૂલુલ્લાહ ﷺની વફાત સાથે સમાપ્ત થઈ ગયું ફક્ત પ્રથમ કારણ ગરીબી અને જરૂરિયાત બાકી રહી ગયું, તે બીના પર કયામત સુધી દરેક ઈમામ અને અમીર તેમને (સાદાતોને) અન્યો ઉપર અગ્રીમતા આપશે. (હિદાયા -જસ્સાસ) ઈમામ શાફઈ (રહ.)થી પણ આ જ નિવેદન નકલ કરવામાં આવ્યું છે. *(કુર્તુબી)*

અમુક ફુકહાના મતે سَهْمِ ذَوِى الْقُرْبٰى ના સ્વરૂપે રસૂલે કરીમ ﷺની સગાઈ હંમેશા માટે બાકી છે જેમાં માલદાર અને ફકીર બધા સામેલ છે, અલબત્ત જે તે સમયનો અમીર પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે તેમને ભાગ આપશે. *(મઝહરી)*

અસલ વસ્તુ આ મા'મલામાં ખુલફાએ રાશીદીનનો અમલ છે કે, તેમણે રસૂલે કરીમ ﷺની વફાત પછી શું કર્યું ? હિદાયાના કર્તાએ એના વિશે લખ્યું છે

اِنَّ الْخُلَفَاءَ الْاَرْبَعَةَ الرَّاشِدِيْنَ قَسَّمُوْهُ عَلٰى ثَلٰثَةِ اَسْهُمٍ

"ચારે ખુલફાએ રાશીદીને આપ ﷺની વફાત પછી ગનીમતના પાંચમાં ભાગની ફક્ત ત્રણ પ્રકારના લોકોમાં વહેંચણી કરી છે; યતીમ, મિસ્કીન અને ફકીર."

અલબત્ત, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)થી સાબિત છે કે, ગરીબ સગાં-વહાલાંને ગનીમતના પાંચમાં ભાગમાંથી તેઓ આપ્યા કરતા હતા. (અખ્રજહુ અબૂ દાવુદ) અને દેખીતું છે કે, આ વિશિષ્ટ અમલ ફક્ત હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નો નથી, બીજા ખલીફાઓએ પણ આ જ અમલ કર્યો હશે.

જે રિવાયતોથી એવું સાબિત છે કે, સિદ્દીકે અકબર અને ફારૂકે આ'ઝમ (રદિ.) પોતાની ખિલાફતના અંતિમ સમય સુધી સગાં-વહાલાંનો હક કાઢતા હતા અને હઝરત અલી (રદિ.)ને તેના મુતવલ્લી બનાવીને સગાં-વહાલાંઓમાં વહેંચણી કરાવતા હતા. (كَمَا فِى رِوَايَةِ كِتَابِ الْخِرَاجِ لِاَبِى يُوْسُفَ) તો આ તેની વિરોધી બાબત નથી કે, તે વહેંચણી ગરીબ સગાં-વહાલાં માટે ખાસ હોય. વલ્લાહુ અઅ્લમ.

ફાયદો :

સગાં-વહાલાંને નક્કી કરવા પોતે રસૂલે કરીમ ﷺએ પોતાના અમલ દ્વારા એ રીતે બતાવ્યું કે, બનુ હાશિમ તો રસૂલે કરીમ ﷺનું પોતાનું કુટુંબ હતું, બનુ અબ્દુલ મુત્તલિબને પણ તેમની સાથે એટલા માટે સામેલ કર્યું હતું કે, આ લોકો પણ અજ્ઞાનકાળમાં અને ત્યાર પછી ઈસ્લામની પરિસ્થિતિમાં ક્યારેય બનુ હાશિમથી અલગ રહ્યા ન હતા, એટલે સુધી કે મક્કાના કુરૈશે જ્યારે બનુ હાશિમ સાથે ખોરાકના પૂરવઠાનો બાયકોટ કર્યો તો તેમને અબી તાલિબની ઘાટીમાં બંધ કરી દેવામાં આવ્યા તો બનુ અબ્દુલ મુત્તલિબને જો કે કુરૈશના બાયકૉટ (અસહકાર)માં સામેલ ન કર્યા હતા પરંતુ આ લોકો પણ પોતાની રાજી-ખુશીથી આ અસહકારના સમયે રસૂલે કરીમ ﷺની સાથે સામેલ થઈ ગયા. *(મઝહરી)*

ગઝ્વએ બદ્રના દિવસને يَوْمُ الْفُرْقَانُ (યવમુલ ફુરકાન) કહેવામાં આવ્યો

પ્રસ્તુત આયતમાં બદ્રના દિવસને "યવમુલ ફુરકાન" કહેવામાં આવ્યો છે તેનું કારણ એ છે કે, સૌ પ્રથમ ભૌતિક (દુનિયવી) અને દેખીતા સ્વરૂપે મુસલમાનોને સ્પષ્ટ વિજય મળ્યો હતો તથા કાફિરોને બોધદાયક ઈબ્રતનાક પરાજય પ્રાપ્ત થયો, આ દિવસ તે કારણે કાફિરો અને ઈસ્લામમાં દેખીતા ફૈસલાનો દિવસ "યવમુલ ફુરકાન" કહેવામાં આવ્યો.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૪૨-૪૩-૪૪)

إِذْ أَنتُم بِالْعُدْوَةِ الدُّنْيَا وَهُم بِالْعُدْوَةِ الْقُصْوَىٰ وَالرَّكْبُ أَسْفَلَ مِنكُمْ ۚ وَلَوْ تَوَاعَدتُّمْ
لَاخْتَلَفْتُمْ فِي الْمِيعَادِ ۙ وَلَٰكِن لِّيَقْضِيَ اللَّهُ أَمْرًا كَانَ مَفْعُولًا لِّيَهْلِكَ مَنْ هَلَكَ
عَن بَيِّنَةٍ وَيَحْيَىٰ مَنْ حَيَّ عَن بَيِّنَةٍ ۗ وَإِنَّ اللَّهَ لَسَمِيعٌ عَلِيمٌ ﴿٤٢﴾ إِذْ يُرِيكَهُمُ اللَّهُ
فِي مَنَامِكَ قَلِيلًا ۖ وَلَوْ أَرَاكَهُمْ كَثِيرًا لَّفَشِلْتُمْ وَلَتَنَازَعْتُمْ فِي الْأَمْرِ
وَلَٰكِنَّ اللَّهَ سَلَّمَ ۗ إِنَّهُ عَلِيمٌ بِذَاتِ الصُّدُورِ ﴿٤٣﴾ وَإِذْ يُرِيكُمُوهُمْ إِذِ الْتَقَيْتُمْ
فِي أَعْيُنِكُمْ قَلِيلًا وَيُقَلِّلُكُمْ فِي أَعْيُنِهِمْ لِيَقْضِيَ اللَّهُ أَمْرًا كَانَ مَفْعُولًا ۗ وَإِلَى اللَّهِ
تُرْجَعُ الْأُمُورُ ﴿٤٤﴾

તરજુમો :

જે સમયે તમે નજીકના કિનારા ઉપર હતા અને તેઓ દૂરના કિનારા ઉપર અને કાફલો તમારાથી નીચે ઊતરી ગયો હતો અને જો તમે આપસમાં વાયદો કરી લીધો હોત તો વાયદા ઉપર એક સાથે ન પહોંચત પરંતુ અલ્લાહને એક કામ કરી નાંખવું હતું જે નક્કી થઈ ચૂક્યું હતું જેથી મરે જેને મરવાનું છે દલીલ કાયમ થયા બાદ અને જીવીત રહે જેને જીવવાનું છે દલીલ કાયમ થયા બાદ અને નિઃશંક ! અલ્લાહ સઘળું સાંભળનારો જાણનારો છે. (૪૨) જ્યારે અલ્લાહે તમને તે કાફિર તમારા સ્વપ્નમાં થોડા બતાવ્યા અને પરંતુ તમને ઘણા વધારે બતાવ્યા હોત તો તમે લોકોએ કાયરતા આચરી હોત અને કામમાં વિવાદ નાંખ્યો હોત પરંતુ અલ્લાહે બચાવી લીધા તેને સારી પેઠે ખબર છે જે વાત દિલોમાં છે. (૪૩) અને જ્યારે તમને મુકાબલાના સમયે તે ફોજ તમારી આંખોમાં થોડી બતાવી અને તમને તેમની આંખોમાં થોડા બતાવ્યા જેથી અલ્લાહ એક કામ કરી નાંખે જે નિશ્ચિત થઈ ચૂક્યું હતું અને દરેક કામ અલ્લાહ સુધી પહોંચે છે. (૪૪)

તફસીર :

આ તે સમય હતો કે જ્યારે તમે એ મેદાનના આ બાજુના કિનારા ઉપર હતા અને તે લોકો (એટલે કે કાફિરો) તે મેદાનના પેલી બાજુના કિનારે હતા ("આ બાજુ"નો અર્થ મદીના નજીકનું સ્થળ અને "પેલી બાજુ"નો અર્થ મદીનાથી દૂરનું સ્થળ છે) અને તે (કુરૈશનો) કાફલો તમારાથી નીચાણના ભાગે (બચેલો) હતો (એટલે કે સમંદરના કિનારે-કિનારે જઈ રહ્યો હતો. ખુલાસો એ છે કે સંપૂર્ણ ઉત્સાહ અને પ્રોત્સાહન આપે તેવી પરિસ્થિતિ ભેગી થઈ રહી હતી, તે બંને પરસ્પર સામ-સામે હતા અને દરેક એકબીજાને જોઈને જોશમાં આવ્યા હતા, આ બાજુ કાફલો રસ્તામાં જ હતો જેના કારણે કાફિરોના લશ્કરને તેમની મદદનો વિચાર ખૂબ પ્રિય લાગ્યો જેનાથી તેઓના જોશ અને ઉત્સાહમાં વધારો થયો, મતલબ કે મુસલમાનો માટે ઘણો સખત સમય હતો તો પણ અલ્લાહ તઆલાએ તમારા ઉપર એવી ગયૂબી મદદ કરી જેમકે ઉપર ઈરશાદ થયો (اَنۡزَلۡنَا عَلٰى عَبۡدِنَا) અને (તેની મસ્લિહત તો એ થઈ કે અચાનક મુકાબલો થયો નહિતર) જો

(પ્રથમથી સામાન્ય સ્વાભાવિક નિયમ પ્રમાણે) તમે અને તેઓએ (લડાઈમાં) કોઈ વાત ઠરાવી લીધી હોત (કે ફલાણા સમયે લડીશું) તો (પરિસ્થિતિનો તકાદો એ હતો કે) અવશ્ય આ નક્કી કરેલ બાબત વિશે તમારામાં મતભેદ થયો હોત (એટલે કે ભલે ફક્ત મુસલમાનોમાં પરસ્પર શસ્ત્ર-સરંજામની ઉણપના કારણે કોઈ કંઈ કહેતું હોત તો કોઈ બીજું કહેતું હોત અને ભલે કાફિરો બાબતે મતભેદ હોત જેના કારણે આ તરફની શસ્ત્ર-સરંજામની ઉણપ અને તેમના તરફ મુસલમાનોનો રુઆબ છવાયો હોત, મતલબ કે બંને પ્રકારની આ યુદ્ધમાં નોબત ન આવી, બસ તેમાં જે ફાયદા થયા તે જાહેરમાં ન આવ્યા હોત જેનું વર્ણન لِيَهْلِكَ માં આવ્યું છે) પરંતુ (અલ્લાહ તઆલાએ એવો સામાન ઉપસ્થિત કર્યો કે, તેની તક જ ન આવી, અનાયાસે જ યુદ્ધ થઈ ગયું) જેથી જે કામ અલ્લાહ તઆલાને કરવું મંજૂર હતું તેની પૂર્ણતા કરી દેવામાં આવી, (એટલે જેથી સત્યની નિશાની જાહેર થઈ જાય) અને જેને બરબાદ (એટલે કે ગુમરાહ) થવાનું છે તે નિશાની આવ્યા પછી બરબાદ થાય અને જેને જીવંત (એટલે કે હિદાયત પામેલા) રહેવાનું છે તે (પણ) નિશાની આવ્યા પછી જીવંત રહે (મતલબ એ છે કે અલ્લાહ તઆલાને યુદ્ધ થવું મંજૂર હતું જેથી એક ખાસ પદ્ધતિ પ્રમાણે ઈસ્લામનું સત્ય હોવું જાહેર થઈ જાય કે આ સંખ્યાની ઉણપ અને સર-સામાનની કમી છતાં મુસલમાનો વિજય પામી લે જે અસ્વાભાવિક બાબત છે, જેનાથી જાણ થઈ કે ઈસ્લામ સત્ય છે. બસ તે માટેની અલ્લાહની દલીલ કાયમ થઈ ગઈ, ત્યારબાદ જે ગુમરાહ થશે તે સત્યના સ્પષ્ટીકરણ પછી જ થશે કે જેમાં તેઓ અઝાબના સંપૂર્ણ હકદાર થઈ ગયા અને બહાનાની કોઈ સંભાવના જ બાકી ન રહી, એ જ પ્રમાણે જેમને હિદાયત પામવાની હતી તેઓ સત્ય સ્વીકારી લેશે, ખુલાસો આ હિકમતનો એ થયો કે સત્ય સ્પષ્ટ અને ખુલ્લું થઈ ગયું) અને નિઃશંક ! અલ્લાહ તઆલા સઘળું સાંભળનારો બધું જ જોનારો છે (કે આ સ્પષ્ટીકરણ પછી જીભ અને હૃદયથી મૌખિક રીતે અથવા હૃદયપૂર્વક કોણ કુફ્ર કરે છે ? અને કોણ ઈમાન લઈ આવે છે ? અને) તે સમય પણ વર્ણન કરવાપાત્ર છે કે જ્યારે અલ્લાહ તઆલાએ સ્વપ્નમાં તમને તે લોકો (સંખ્યામાં) ઓછા બતાવ્યા (જેથી તમે સહાબા રદિ.ને તે સ્વપ્નની વિગત બતાવી જેથી તેમના દિલો મજબૂત થઈ ગયા) અને જો અલ્લાહ તઆલાએ તમને તે લોકો વધારે કરીને બતાવ્યા હોત (અને

આપ ﷺએ સહાબાને એવી ખબર આપી દીધી હોત) તો (હે સહાબા રદિ. !) તમે હિમ્મત હારી ગયા હોત અને આ (યુદ્ધના) કાર્યમાં તમે પરસ્પર મતભેદ (અને વિરોધ-વંટોળ) કરતા હોત પરંતુ અલ્લાહ તઆલાએ (આ કાયરતા અને મતભેદથી તમને) બચાવી લીધા, બેશક ! તે દિલોની વાતોને સારી પેઠે જાણનારો છે (તેને ખબર હતી કે આ પ્રકારે કમજોરી પેદા થશે પરંતુ પ્રોત્સાહન આપવા માટે આ પ્રમાણેની યુક્તિ કરી) અને (ફક્ત સ્વપ્નમાં જ આપ ﷺને બતાવવાથી અટકવામાં ન આવ્યું બલકે વાસ્તવમાં પણ એ પ્રમાણે જ થયું હતું એટલા માટે ફરમાવે છે કે) તે સમયને યાદ કરો જ્યારે કે તમે પરસ્પર સામ-સામે થયા, તે લોકોને તમારી નજરમાં ઓછા કરીને બતાવવામાં આવી રહ્યા હતા અને (એ જ પ્રમાણે) તેમની નજરમાં તમને ઓછા કરીને બતાવવામાં આવી રહ્યા હતા જેથી જે કાર્ય અલ્લાહને કરવું મંજૂર હતું તેની પૂર્ણતા કરી દેવામાં આવે (જેમકે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે ....لِيَهْلِكَ مَنْ هَلَكَ) અને બધા કાર્યો અલ્લાહ તરફ જ રજૂ કરવામાં આવશે (તે هَالِكٌ અને حَيٌّ એટલે કે, ગુમરાહ લોકોને સજા અને સત્યવાદી લોકોને સારો બદલો આપશે).

મસ્અલા અને બોધપાઠ :

ગઝ્‌વએ બદ્ર કુફ્ર અને ઈસ્લામ વચ્ચે તે પ્રથમ યુદ્ધ હતું જેણે જાહેર અને ભૌતિક સ્વરૂપે પણ ઈસ્લામની શ્રેષ્ઠતા અને સત્યતાની સાબિતી પૂરવાર કરી દીધી, એટલા માટે કુર્આને કરીમે તેની વિગત વર્ણન કરવાની ખાસ કાળજી લીધી છે. પ્રસ્તુત આયતોમાં તેનું જ વર્ણન છે જેના વર્ણનમાં ઘણી બધી હિકમતો અને મસ્લિહતો ઉપરાંત એક ખાસ બાબતની જાહેરાત પણ છે કે, આ યુદ્ધમાં દેખીતી રીતે ભૌતિક સ્વરૂપે મુસલમાનોને વિજય પ્રાપ્ત કરવાની કોઈ સંભાવના ન હતી અને મક્કાના મુશ્રિકોને પરાજિત થવાની કોઈ શક્યતા દેખાતી ન હતી પરંતુ અલ્લાહ તઆલાએ ગુપ્ત શક્તિ વડે બધા જ શસ્ત્ર-સરંજામ અને જાહેર કારણોની બાજી પલટાવી નાંખી, આ જ ઘટનાની સ્પષ્ટતા માટે આ આયતોમાં ગઝ્‌વએ બદ્રના યુદ્ધના મોરચાનો પૂરો નકશો કુર્આને કરીમે વર્ણન કર્યો છે, આ આયતોના ખુલાસા અગાઉ અમુક શબ્દોની શબ્દકોષના આધારે સ્પષ્ટતા કરી લઈએ.

عُدْوَةٌ (ઉદ્‌વતુન)નો અર્થ "એક બાજુ" થાય છે અને શબ્દ دُنْيَا (દુન્યા) એ اَدْنٰی (અદ્‌ના)થી બનેલ છે, જેનો અર્થ "ખૂબ નિકટ" થાય છે. આખિરતના મુકાબલામાં આ જગતને પણ دنیا (દુનિયા) એટલા માટે જ કહેવામાં આવે છે કે, તે આખિરત કરતાં મનુષ્યની ખૂબ નિકટ છે અને શબ્દ قُصْوٰی (કુસ્વા) એ اَقْصٰی (અક્સા)થી બન્યો છે અને "અક્સા"નો અર્થ "ખૂબ દૂર" થાય છે.

૪૩ નંબરની આયતમાં "હલાકત" અને તેના વિરુદ્ધાર્થી સ્વરૂપે "જીવન"નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બંને શબ્દોથી મોત અને જિંદગીના સામાન્ય અર્થો લેવામાં નથી આવ્યા, બલકે એક રૂહાની મોત અને જિંદગી અથવા હલાકત કે છુટકારા તરીકેના અર્થમાં રૂહાની જિંદગી ઈસ્લામ અને ઈમાન છે અને રૂહાની મોત શિર્ક અને કુફ્ર છે. કુર્આને કરીમે અનેક સ્થળે આ શબ્દો આ અર્થમાં વાપર્યા છે, એક સ્થળે ઈરશાદ ફરમાવ્યો, يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ એટલે કે, "હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહ અને રસૂલનું કહ્યું માનો, જ્યારે તે તમને કોઈ એવી વસ્તુ તરફ બોલાવે જેમાં તમારી જિંદગી છે." (૮ : ૨૪) તેમાં "જિંદગી"નો અર્થ એ વાસ્તવિક જિંદગી અને કાયમી રાહત છે જે ઈમાન અને ઈસ્લામના બદલામાં મળે છે, હવે આ આયતોની તફસીર આ પ્રમાણે થશે.

૪૨ નંબરની આયતમાં ગઝ્‌વએ બદ્રના યુદ્ધના મોરચાનો નકશો એ રીતે બતાવવામાં આવ્યો છે કે, મુસલમાનો عُدْوَةُ دُنْيَا પાસે હતા અને કાફિરો عُدْوَةُ قُصْوٰی પાસે; મુસલમાનોની છાવણી મેદાનના તે કિનારા ઉપર હતી જે મદીનાથી નજીક હતું અને કાફિરો મેદાનના બીજા કિનારા ઉપર હતા જે મદીનાથી દૂર હતું અને અબૂ સુફિયાનનો વેપારી કાફલો જેના કારણે આ જિહાદની પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી તે પણ મક્કાથી આવનાર કાફિરના લશ્કરની નજીક અને મુસલમાનોની પહોંચની બહાર ત્રણ કિલોમીટરના અંતર ઉપર સમંદરના કિનારે-કિનારે ચાલી રહ્યો હતો. આ યુદ્ધના નકશાના વર્ણનનો હેતુ એ બતાવ્યો છે કે, યુદ્ધની મોરચાબંધીના આધારે મુસલમાનો બિલકુલ અસ્થાને અને ખોટી જગ્યાએ થોભ્યા હતા જ્યાંથી દુશ્મનો ઉપર કાબૂ મેળવવાની બલકે પોતાનો જીવ બચાવવાની પણ કોઈ શક્યતા કે સંભાવના પણ દેખીતી રીતે લાગતી ન હતી, કારણ કે આ મેદાનની તે બાજુ કે જે મદીનાથી નજીક હતી એક રેતીલી જમીન

હતી જેમાં ચાલવું પણ મુશ્કેલ હતું, પછી પાણીની કોઈ જગ્યા તેમની પાસે ન હતી અને મદીનાથી દૂરની બાજુ જે તરફ કાફિરોએ પોતાની છાવણી અને પડાવ નાંખ્યો હતો તે ચોખ્ખી જમીન હતી અને ત્યાંથી પાણી પણ ખૂબ નજીક હતું.

આ મેદાનના બંને કિનારાઓની જાણકારી આપીને એ પણ બતાવ્યું કે, બંને લશ્કરો બિલકુલ સામ-સામે હતા કે કોઈની શક્તિ અને કમજોરી એકબીજાથી છુપી ન રહી શકે, વળી એ પણ બતાવવામાં આવ્યું કે મક્કાના મુશ્રિકોના લશ્કરને એ પણ સંતોષ પ્રાપ્ત હતો કે, અમારો વેપારી કાફલો મુસલમાનોની પહોંચથી બહાર નીકળી ચૂક્યો છે, હવે જો અમને કોઈ આવશ્યકતા પડે તો તેઓ પણ અમારી મદદ કરી શકે છે, એનાથી વિપરીત મુસલમાનો પોતાની છાવણીના સ્થળના આધારે પણ તકલીફ અને પરેશાનીમાં હતા અને ક્યાંકથી વધારાની કુમક કે સહાય મળવાની પણ સંભાવના ન હતી અને એ વાત પ્રથમથી જ નક્કી હતી અને દરેક ભણેલા-ગણેલા વ્યક્તિને એની જાણકારી છે કે, મુસલમાનોની કુલ સંખ્યા ૩૧૩ હતી અને કાફિરોની સંખ્યા એક હજાર હતી, મુસલમાનોની પાસે સવારીઓની સંખ્યા પણ પૂરતી ન હતી અને શસ્ત્ર-સરંજામ પણ અપૂરતો હતો, તેનાથી વિપરીત કાફિરોનું લશ્કર આ બધી યુદ્ધ-સામગ્રીથી શસ્ત્ર-સજ્જ હતું.

મુસલમાનોનું આ જિહાદમાં કોઈ શસ્ત્રસજ્જ લશ્કર યુદ્ધની તૈયારી કરીને નીકળ્યું ન હતું, કામચલાઉ ધોરણે એક વેપારી કાફલાનો રસ્તો રોકવાના ઈરાદે અને દુશ્મનની શક્તિને કમજોર કરવાના વિચારે ફક્ત ૩૧૩ મુસલમાનો અપૂરતી સાધન-સામગ્રી સાથે નીકળી આવ્યા હતા અને અચાનક કોઈ પ્રથમથી નિર્ધાર કર્યા વિના જ એક હજાર નવયુવાનોના શસ્ત્રસજ્જ લશ્કર સાથે મુકાબલો થઈ ગયો.

કુર્આનની આ આયતે બતાવ્યું કે, લોકોની દૃષ્ટિમાં આ ઘટના જો કે એક અનાયાસે ઘટેલી ઘટનાના સ્વરૂપમાં પૂર્વ તૈયારી વિના ઘટેલ છે, પરંતુ દુનિયામાં જેટલા પણ આવા અનાયાસે અને અચાનક બનતા પ્રસંગો થતા હોય છે તેને ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં જો કે તે ફક્ત અનાયાસે કે અચાનક ઘટેલી ઘટના લાગે છે પરંતુ સૃષ્ટિના સર્જનહારની દૃષ્ટિમાં આ બધું જ એક નક્કર અને કાયમી વ્યવસ્થાપનતંત્રના નિયમ પ્રમાણે બંધાયેલી કડીઓ હોય છે, તેમાં કોઈ વસ્તુ

અકાળે, અક્રમિક કે સમય-સ્થળ-કાળ વિનાની નથી હોતી, જ્યારે તેનું સમગ્ર વ્યવસ્થાતંત્ર જાહેર થઈ જાય તો તે સમયે મનુષ્યને જાણ થઈ શકે છે કે આ અનાયાસે ઘટેલી ઘટનાઓમાં શું-શું હિકમતો છુપાયેલી હતી ?

ગઝ્વએ બદ્રના કિસ્સાને જ લઈ લો તો તેમાં અચાનક અને અનાયાસે જે પરિસ્થિતિ સામે આવી તેમાં એ મસ્લિહત હતી કે, وَلَوْ تَوا عَدْتُّمْ لَا خْتَلَفْتُمْ فِى الْمِيْعَادِ એટલે કે, જો દુનિયાની સામાન્ય લડાઈઓની જેમ આ યુદ્ધના બધા જ પાસાંઓ ઉપર વિચાર અને સમીક્ષા કરવામાં આવે તથા પરસ્પરના લશ્કરો વચ્ચે નિયમ પ્રમાણે યુદ્ધ લડવામાં આવ્યું હોત તો પરિસ્થિતિનો તકાદો એ હતો કે, આ યુદ્ધ ક્યારેય થયું ન હોત, બલકે તેમાં પણ મતભેદ અને વિરોધ-વંટોળ ઊભો થઈ ગયો હોત, ભલે એ રીતે કે પોતે મુસલમાનોનો અભિપ્રાય પોતાની ઓછી સંખ્યા અને કમજોરી તથા વિરોધીઓની મોટી સંખ્યા અને શક્તિ જોઈને નકારાત્મક થઈ ગયો હોત અથવા તો એ રીતે કે બંને પક્ષ એટલે કે, કાફિરો અને મુસલમાનો નક્કી થયેલ વાયદા પ્રમાણે મેદાનમાં ન પહોંચ્યા હોત, મુસલમાનો તો પોતાની ઓછી સંખ્યા અને કમજોરીને જોઈને આ યુદ્ધ લડવાની કદાચ હિંમત જ ન કરી શક્યા હોત અને કાફિરો ઉપર અલ્લાહ તઆલાએ મુસલમાનોનો રુઆબ જમાવેલો હતો જેથી તેઓ પોતાની બહુમતી અને શક્તિ હોવા છતાં મુકાબલા માટે આવવાથી ગભરાયા હોત.

એટલા માટે કુદરતના કાયમી વ્યવસ્થાપન તંત્રએ બંને તરફ એવી પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું કે, વધારે વિચારવાનો કે સમજવાનો મોકો જ ન મળ્યો, મક્કાવાળાઓ માટે તો અબૂ સુફિયાનના કાફલાની ગભરામણ ફેલાવતી ફરિયાદે એક ભયાનક પરિસ્થિતિનું નિર્માણ કર્યું કે, આ ખબરે તેમને સામે ચાલીને વિના વિચાર્યે, વિના સમજ્યે કૂચ કરવા માટે પ્રોત્સાહિત કરી દીધા અને મુસલમાનોને એ ઇરાદાએ કે અમારા મુકાબલા માટે કોઈ શસ્ત્રસજ્જ લશ્કર નથી, એક મા'મૂલી વેપારી કાફલો છે, પરંતુ સર્વશક્તિમાન અને સર્વજ્ઞ અલ્લાહ તઆલાને એ મંજૂર હતું કે બંને પક્ષોમાં કાયદેસરનું યુદ્ધ થઈ જાય જેથી યુદ્ધ પછીના જે પરિણામો ઈસ્લામના વિજય સ્વરૂપે જાહેર થવાના છે તે અસ્તિત્વમાં આવીને ઉપસ્થિત થઈ જાય وَلٰكِنْ لِّيَقْضِىَ اللّٰهُ اَمْرًا كَانَ مَفْعُوْلًا એટલે કે, એવી પરિસ્થિતિ હોવા છતાં યુદ્ધ એટલા માટે થઈને રહ્યું કે, અલ્લાહ તઆલાને જે કાર્ય

કરવાનું છે તેની પૂર્ણતા કરી બતાવે અને તે એ હતું કે, એક હજાર યુવાનોના શસ્ત્રસજ્જ લશ્કરના મુકાબલામાં ૩૧૩ અપૂરતા શસ્ત્ર-સરંજામ ધરાવતા મુસલમાનોની એક ટોળી અને તે પણ યુદ્ધના મોરચાની અને યુદ્ધ વિજ્ઞાનના નિયમ પ્રમાણે અયોગ્ય સ્થળે જ્યારે એક પહાડ સાથે ટકરાય છે તો આ પહાડ ટૂકડે-ટૂકડા થઈ જાય છે અને આ નાના ટોળાને વિજય પ્રાપ્ત થાય છે જેનાથી ઉઘાડી આંખોએ એ બાબતનું પ્રત્યક્ષ દર્શન કર્યું છે કે, આ સમૂહની પીઠ ઉપર કોઈ મહાન શક્તિ અને કુદરત કાર્ય કરી રહી છે જેનાથી એક હજારનું લશ્કર વંચિત હતું અને એ પણ દેખીતું છે કે, તેમનું સમર્થન ઈસ્લામના કારણે કરવામાં આવ્યું હતું અને કાફિરોની વંચિતતા તેમના કુફ્રના કારણે હતી, જેનાથી સત્ય અને અસત્ય તથા ખરા અને ખોટાનો સંપૂર્ણ તફાવત દરેક સમજદાર વ્યક્તિની સામે આવી ગયો, એટલા માટે અંતિમ આયતમાં ઈરશાદ છે, لِيَهْلِكَ مَنْ هَلَكَ عَنْ بَيِّنَةٍ وَّيَحْيٰى مَنْ حَيَّ عَنْ بَيِّنَةٍ એટલે કે, બદ્રની ઘટનામાં ઈસ્લામની ખુલ્લી સચ્ચાઈ અને કુફ્ર અને શિર્કનું જૂઠું અને તિરસ્કૃત (હડધુત) હોવું એટલા માટે સ્પષ્ટ અને જાહેર કરી દેવામાં આવ્યું કે, ભવિષ્યમાં જો બરબાદીના માર્ગે વળે તો સમજી વિચારીને પડે અને જેઓ જીવંત રહે તે પણ સમજી વિચારીને રહે, અંધકારમાં ફાંફા ન મારે તથા ખોટા માર્ગે ન વળે.

આ આયતના શબ્દોમાં "હલાકત"નો અર્થ "કુફ્ર" અને "જિંદગી"નો અર્થ "ઈસ્લામ" છે એનો અર્થ એ છે કે, સત્ય સ્પષ્ટ થઈ ગયા પછી ગેરસમજની સંભાવના અને બહાનું તો સમાપ્ત થઈ ગયું, હવે જે લોકો કુફ્ર અપનાવે છે તે દેખતી આંખોએ હલાકત તરફ જઈ રહ્યા છે અને જે લોકો ઈસ્લામ અપનાવે છે તેઓ જોઈ જાળવીને કાયમી જિંદગીને અપનાવી રહ્યા છે, પછી ફરમાવ્યું اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ એટલે કે, અલ્લાહ તઆલા સઘળું સાંભળનાર અને બધું જ જાણનારો છે કે સૌના દિલોમાં છુપાયેલું કુફ્ર અને ઈમાન પણ તેની સામે છે અને તે દરેકની સજા અને બદલો પણ !

૪૩ અને ૪૪ નંબરની બંને આયતોમાં કુદરતના એક ખાસ ચમત્કારનું વર્ણન છે જે ગઝ્વએ બદ્રના મેદાનમાં એ હેતુસર અમલમાં લાવવામાં આવ્યું કે, એવું ન થવા પામે કે બંને લશ્કરોમાંથી કોઈપણ યુદ્ધના મેદાનને છોડીને આ યુદ્ધને સમાપ્ત કરી નાંખે, કારણ કે આ યુદ્ધના પરિણામ દ્વારા ભૌતિક સ્વરૂપે પણ

ઈસ્લામની સચ્ચાઈનું પ્રદર્શન કરવાનો હેતુ હતો.

અને કુદરતનો તે ચમત્કાર પણ હતો કે, કાફિર લશ્કર જો કે વાસ્તવમાં મુસલમાનોથી ત્રણ ઘણું હતું પરંતુ અલ્લાહ તઆલાએ ફક્ત પોતાની શક્તિ વડે મુસલમાનોને તેમની સંખ્યા ઘણી ઓછી કરીને બતાવી, જેથી મુસલમાનોમાં કમજોરી અથવા મતભેદ ઉપસ્થિત ન થઈ જાય અને આ ઘટના બે વખતે બની છે, એક વખતે રસૂલે કરીમ ﷺને સ્વપ્નમાં બતાવવામાં આવ્યું, તેમણે સૌ મુસલમાનોને બતાવી આપ્યું જેનાથી તેમની હિંમત વધી ગઈ અને બીજી વખતે બિલકુલ યુદ્ધના મેદાનમાં જ્યારે કે બંને લશ્કરો સામ-સામે ઊભા હતા, મુસલમાનોને તેમની સંખ્યા ઓછી બતાવવામાં આવી. ૪૩ નંબરની આયતમાં સ્વપ્નનો ઉલ્લેખ છે અને ૪૪ નંબરની આયતમાં જાગૃતાવસ્થામાં આવું થયાનું પ્રસ્તુત છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) ફરમાવે છે કે, "અમારી દૃષ્ટિમાં પોતાના વિરોધીઓનું લશ્કર એવું દેખાઈ રહ્યું હતું કે મેં મારી પાસે ઊભેલા વ્યક્તિને કહ્યું કે આ લોકો ૯૦ જેટલા હશે, તે વ્યક્તિએ કહ્યું, ના ! ૧૦૦ જેટલા છે."

અંતિમ આયતમાં એની સાથે એ પણ ઉલ્લેખ છે يُقَلِّلُكُمْ فِىٓ اَعْيُنِهِمْ એટલે કે, અલ્લાહ તઆલાએ મુસલમાનોને પણ વિરોધી લશ્કરની નજરોમાં ઓછા કરીને બતાવ્યા, તેનો એ અર્થ પણ હોઈ શકે છે કે મુસલમાનોની સંખ્યા તો વાસ્તવમાં ઓછી જ હતી, તે સાચી સંખ્યા તેમને બતાવી આપી અને એવું પણ હોઈ શકે છે કે જેટલી સંખ્યા વાસ્તવિક સ્વરૂપે હતી તેનાથી પણ ઓછું કરીને બતાવી, જેમકે અમુક રિવાયતોમાં છે કે અબૂ જહલે મુસલમાનોના લશ્કરને જોઈને પોતાના સાથીદારોને કહ્યું કે, તેમની સંખ્યા એનાથી વધારે નથી લાગતી કે જેમનો ખોરાક એક ઊંટ જેટલો હોય છે, અરબમાં કોઈ લશ્કરની સંખ્યા જાણવા માટે તેનો અંદાજો એ રીતે લગાવવામાં આવતો હતો કે, કેટલા જાનવરો તેમના ખોરાક માટે ઝબહ કરવામાં આવે છે. એક ઊંટ ૧૦૦ વ્યક્તિઓનો ખોરાક સમજવામાં આવતો હતો. રસૂલે કરીમ ﷺએ પણ આ બદ્રના મેદાનમાં ત્યાંથી અમુક લોકો દ્વારા મક્કાના કુરૈશીઓના લશ્કરની જાણકારી મેળવવા માટે પૂછ્યું

હતું કે, તેમના લશ્કરમાં દરરોજ કેટલા ઊંટ ઝબહ કરવામાં આવે છે ? તો રસૂલે કરીમ ﷺને દરરોજની દશ ઊંટની સંખ્યા બતાવવામાં આવી. જેનાથી આપ ﷺએ એક હજારનું લશ્કર હોવાનું અનુમાન લગાવ્યું. ખુલાસો એ છે કે, અબૂ જહલની દષ્ટિમાં મુસલમાનો કુલ સો વ્યક્તિઓની સંખ્યામાં હતા, અહીંયાં પણ ઓછા કરીને બતાવવામાં એ હિકમત હતી કે મુશ્રિકોના દિલો ઉપર મુસલમાનોનો રુઆબ પ્રથમથી જ ન છવાય જાય જેના કારણે તેઓ મેદાન છોડીને નાસી છૂટે.

ફાયદો :

આ આયતથી એ પણ જાણ થઈ કે, અમુક સમયે મોઅૂજિઝાઓ પ્રાકૃતિક અને સ્વાભાવિક નિયમોથી વિરુદ્ધ એવા પણ હોઈ શકે છે કે આંખોએ જોયેલું ખોટું થઈ જાય, જેમકે અહીંયાં થયું.

એટલા માટે આ સ્થળે બે વખતે ફરમાવ્યું, لِيَقْضِيَ اللّٰهُ اَمْرًا كَانَ مَفْعُوْلًا એટલે કે, આ કુદરતનો ચમત્કાર અને આંખોના સાક્ષાત્કાર ઉપર એટલા માટે પડદો કરવામાં આવ્યો કે, અલ્લાહ જે કાર્ય કરવા ઇચ્છે છે તે પૂર્ણ થઈ જાય. એટલે કે મુસલમાનોની ઓછી સંખ્યા તથા તેમના અપૂરતા શસ્ત્ર-સરંજામ હોવા છતાં તેમને વિજય અપાવીને ઇસ્લામની સત્યતા પૂરવાર કરવા માટે તેમનું સમર્થન અને ગયૂબી મદદની જાહેરાત જે આ યુદ્ધનો હેતુ હતો; પૂર્ણ કરવામાં આવે.

અંતિમ આયતમાં ઇરશાદ છે, وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ એટલે કે, અંતે બધા જ કામો અલ્લાહ તરફ જ લોટવાના (રજૂ થવાના) છે, જે ઇચ્છે તે કરે, જે ચાહે તે હુકમ આપે, લઘુમતીને બહુમતી ઉપર, કમજોરને શક્તિશાળી ઉપર વિજય અપાવી દે, ઓછાને વધારે અને વધારેને ઓછું કરી આપે. મવલાના રૂમીએ ફરમાવ્યું છે,

گر تو خواہی عینِ غم شادی شود   عین بند پائے آزادی شود
چوں تو خواہی آتش آب خوش شود   ور تو خواہی آب ہم آتش شود
خاک و باد و آب و آتش بندہ اند   با من و تو مردہ با حق زندہ اند

જો તું (અલ્લાહ) ચાહે દુ:ખ-સુખ બની જાય,
પગની સાંકળ (બેડી) આઝાદી બની જાય,
જો તું ચાહે તો આગ શ્રેષ્ઠ પાણી બની જાય,
જો તું ચાહે તો પાણી પણ આગ બની જાય.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૪૫-૪૬-૪૭)

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا لَقِيْتُمْ فِئَةً فَاثْبُتُوْا وَاذْكُرُوا اللّٰهَ كَثِيْرًا لَّعَلَّكُمْ
تُفْلِحُوْنَ ﴿٤٥﴾ وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَتَذْهَبَ رِيْحُكُمْ
وَاصْبِرُوْا ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ﴿٤٦﴾ وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ خَرَجُوْا مِنْ دِيَارِهِمْ
بَطَرًا وَّرِئَآءَ النَّاسِ وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ ؕ وَاللّٰهُ بِمَا يَعْمَلُوْنَ مُحِيْطٌ ﴿٤٧﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જ્યારે કોઈ ફોજથી ભિડાઓ તો અડગ રહો અને અલ્લાહને ખૂબ યાદ કરો જેથી તમે સફળ થાઓ. (૪૫) અને અલ્લાહનો અને તેના રસૂલનો હુકમ માનો અને પરસ્પર ઝઘડો નહીં બસ કાયર બની જશો અને તમારી હવા જતી રહેશે અને સબ્ર કરો નિ:શંક ! અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે. (૪૬) અને તેમના જેવા ન થઈ જાઓ કે જેઓ પોતાના ઘરોએથી ઈતરાતા (ગર્વ કરતા-કરતા) નીકળ્યા અને લોકોને બતાવવા માટે; અને (લોકોને) અલ્લાહના માર્ગથી રોકતા હતા અને તેઓ જે કંઈ કરે છે અલ્લાહના કાબૂમાં (ઘેરામાં) છે. (૪૭)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! જ્યારે તમારે (કાફિરોના) કોઈ સમૂહ સાથે (જિહાદમાં) મુકાબલાની નોબત આવે તો (આ નિયમોને અનુસરો, એક એ કે) અડગ (અને મક્કમ) રહો (નાસી ન છૂટો) અને (બીજું એ કે) અલ્લાહ તઆલાને ખૂબ વધારે યાદ કરો (કે અલ્લાહના ઝિક્રથી દિલને શક્તિ મળે છે), આશા છે કે તમે (મુકાબલામાં) સફળ થાઓ (કારણ કે દઢ નિશ્ચય અને મજબૂત દિલ આ બે

ગુણો જ્યારે ભેગા થશે તો સફળતા હાથવેંતમાં જ છે) અને (ત્રીજું એ કે યુદ્ધ સંબંધિત બધા જ નિયમોમાં) અલ્લાહ અને તેના રસૂલનું અનુસરણ (કરવાની પાબંદી) કર્યા કરો (કે કોઈ કાર્યવાહી શરીઅત વિરુદ્ધની ન થવા પામે) અને (ચોથું એ કે પોતાના ઈમામ-કમાન્ડર સાથે અથવા પરસ્પર પણ) વિવાદ ન કર્યા કરો નહિતર (પરસ્પર વિખવાદના કારણે) કાયર બની જશો, (કારણ કે સામૂહિક શક્તિ વેર-વિખેર થઈ જશે, એકને બીજા ઉપર ભરોસો નહીં હોય તો એકલો વ્યક્તિ શું કરી શકે છે ?) અને તમારી હવા ઉખડી જશે (હવા ઉખડી જવાનો અર્થ તમારો પ્રભાવ સમાપ્ત થઈ જશે, કારણ કે અન્યોને તમારા વિખવાદની જાણ થવાથી એવું થવું આવશ્યક છે) અને (પાંચમું એ કે જો કોઈ ઘટના અજૂગતી બની જાય તો તેના ઉપર) સબ્ર કરો, બેશક ! અલ્લાહ તઆલા સબ્ર કરનારાઓની સાથે છે (અને અલ્લાહ તઆલાનો સાથ તથા તેની મદદ માટે સબ્ર કારણભૂત છે) અને (છઠ્ઠું એ કે નિય્યત નિખાલસ ન રાખતાં ગર્વ અને મિથ્યાભિમાનની જાહેરાત કરીને) તે (કાફિર) લોકો સમાન ન થઈ જાઓ કે જેઓ (આ બદ્રના યુદ્ધ સમયે) પોતાના ઘરોમાંથી ઈતરાતા(-ઈતરાતા અભિમાન સાથે) અને લોકોને (પોતાના શસ્ત્ર-સરંજામ) બતાવતા(-બતાવતા) નીકળ્યા હતા અને (આ મિથ્યાભિમાન અને ગર્વની સાથે-સાથે તેમની એ પણ નિય્યત હતી કે) લોકોને અલ્લાહના માર્ગ (એટલે કે દીન)થી રોકતા હતા (કારણ કે તેઓ મુસલમાનોને આઘાત આપવા નીકળ્યા હતા, જે તેમની દીન સાથેની દુશ્મનીને જાહેર પણ કરતી હતી) અને (અલ્લાહ તઆલા તે લોકોને સંપૂર્ણ સજા આપશે એટલા માટે) અલ્લાહ તઆલાએ તેમની પ્રવૃત્તિઓને (પોતાના જ્ઞાનમાં) ઘેરી (કાબૂમાં) રાખેલ છે.

મસ્અલા અને બોધપાઠ :

યુદ્ધ અને જિહાદમાં સફળતા માટે કુર્આનનું માર્ગદર્શન :

પ્રથમ બે આયતોમાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને યુદ્ધના મેદાનમાં તથા દુશ્મનોના મુકાબલા માટે એક ખાસ પ્રકારનું માર્ગદર્શન આપ્યું છે, જે તેમના માટે દુનિયામાં સફળતા અને વિજયનો તથા આખિરત માટે છુટકારા તથા કામિયાબીનો અકસીર નુસ્ખો છે અને શરૂઆતના યુગના બધા જ યુદ્ધોમાં મુસલમાનોની સ્વાભાવિક યુદ્ધ નિયમોથી વિપરીત આશ્ચર્યજનક સફળતાઓ અને વિજયોનું રહસ્ય એમાં જ છુપાયેલું છે અને તે અમુક બાબતો આ પ્રમાણે છે.

પ્રથમ ثَبَاتْ (ષબાત) એટલે કે, "અડગ રહેવું" જેનું દિલ પણ મક્કમ અને જેના કદમ પણ મજબૂત છે, કારણ કે જ્યાં સુધી કોઈ વ્યક્તિનું મન મક્કમ અને કૃત નિશ્ચય ન હોય તેના કદમ અને શરીરના અવયવો અડગ રહી નથી શકતા અને આ બાબત એવી છે જેને દરેક મો'મિન અને કાફિર જાણે અને સમજે છે અને દુનિયાની દરેક કોમ પોતાના યુદ્ધોમાં આ બાબતની કાળજી રાખે છે, કારણ કે અનુભવથી આ બાબત કોઈ ગુપ્ત રહસ્ય નથી કે યુદ્ધના મેદાનમાં સૌથી પહેલાં અને સૌથી વધારે સફળતાનું હથિયાર તે મક્કમ મન, અડગ નિર્ધાર તથા અડગ કદમ છે, બીજા બધા હથિયારો તેના વિના બેકાર છે.

બીજું ذِكْرُ اللّٰهِ (ઝિક્રુલ્લાહ) આ તે વિશિષ્ટ પ્રકારનું એક ગુપ્ત હથિયાર છે જેનાથી મો'મિન સિવાય સામાન્ય દુનિયા બેદરકાર છે, સમગ્ર દુનિયા યુદ્ધ માટે ઉત્તમ હથિયારો અને નવા-નવા શસ્ત્ર-સરંજામ ઉપ્લબ્ધ કરવા અને લશ્કરને કુશળ યુદ્ધકળામાં પારંગત અને મજબૂત કરવાની સંપૂર્ણ યુક્તિઓ કરે છે પરંતુ તેઓ મુસલમાનોના આ આધ્યાત્મિક અને ગુપ્ત હથિયારથી બેખબર અને અપરિચિત છે, એ જ કારણ છે કે દરેક મેદાનમાં જ્યાં મુસલમાનોનો મુકાબલો તે સૂચના અને માર્ગદર્શન પ્રમાણે કોઈ કોમ સાથે થયો તો વિરોધીઓની સંપૂર્ણ શક્તિ અને શસ્ત્ર-સરંજામને બેકાર કરી દીધો, અલ્લાહના ઝિક્રની પોતાની આગવી અને ગુપ્ત બરકતો તો પોતાની જગ્યાએ છે જ, એ પણ હકીકત છે કે ثَبَاتِ قَدَمْ મનને મક્કમ કરવાનો તેનાથી વધારે સારો કોઈ નુસ્ખો નથી. અલ્લાહનું સ્મરણ અને તેના ઉપર સંપૂર્ણ ભરોસો તે વીજળી જેવી શક્તિ છે જે એક કમજોર માનવીને પહાડો સાથે ટક્કર લેવા માટે પ્રોત્સાહિત કરે છે અને ગમે તેવી મુસીબત કે પરેશાની હોય અલ્લાહનું સ્મરણ આ બધી મુસીબતોને હવામાં ઉડાવી દે છે અને માનવીના હૃદયને મજબૂત અને તેના દૃઢ નિશ્ચયને અડગ રાખે છે.

અત્રે એ વાત પણ ધ્યાનમાં રાખો કે, યુદ્ધ અને લડાઈનો સમય સ્વાભાવિક રીતે એવો સમય હોય છે કે તેમાં કોઈ કોઈને યાદ નથી કરતું, દરેકને પોતાની ચિંતા હોય છે, એટલા માટે અજ્ઞાનતાકાળના શાયરો યુદ્ધના મેદાનમાં પણ પોતાના પ્રિયજનનું સ્મરણ કરવામાં ગર્વ કર્યા કરતા હતા કે, તેઓ એ રીતે પ્રિયજનનું સ્મરણ કરવાને પોતાની સૌથી મોટી હૃદયની શક્તિ અને પાકી

મહોબ્બતની દલીલ સમજતા હતા. એક જાહિલ શાયરે કહ્યું છે, ذَكَرْتُكَ وَالْخَطِّيُّ يَخْطُرُ بَيْنَنَا એટલે કે, "મેં તને તે સમયે પણ યાદ કર્યો જ્યારે કે ભાલાઓ અમારી વચ્ચે ઉછળી રહ્યા હતા."

કુર્આને કરીમે આ ભયજનક પરિસ્થિતિમાં મુસલમાનોને અલ્લાહના ઝિક્રનું પ્રોત્સાહન આપ્યું અને તે પણ ખૂબ વધારે પ્રમાણમાં કરવાની તાકીદ સાથે.

અત્રે એ વાત પણ વિચારવા યોગ્ય છે કે, સંપૂર્ણ કુર્આનમાં અલ્લાહના ઝિક્ર સિવાય કોઈ ઈબાદતને વધારે પ્રમાણમાં કરવાનો હુકમ નથી. દાખલા તરીકે صَلٰوةً كَثِيْرًا (સલાતન કષીરા) "વધુ પ્રમાણમાં નમાઝ" અથવા صِيَامًا كَثِيْرًا (સિયામન કષીરા) "વધુ પ્રમાણમાં રોઝા" ક્યાંય નથી, કારણ એ છે કે અલ્લાહનું સ્મરણ અને ઝિક્ર એક એવી સરળ ઈબાદત છે કે, તેમાં ન તો કોઈ વધારે સમય ખર્ચ થાય છે અને ન જ મહેનત થાય છે અને ન તો કોઈ બીજાના કામમાં તેનાથી અવરોધ પેદા થાય છે, એનાથી વિશેષ એ કે અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી અલ્લાહના ઝિક્ર માટે કોઈ શરત અને પાબંદી વુઝૂ, પાકી, પોશાક, કિબ્લારૂખ થવા વગેરેની નથી લગાવી, દરેક વ્યક્તિ દરેક સમયમાં વુઝૂ સાથે અથવા વિના વુઝૂએ ઊભાં-ઊભાં, બેઠાં-બેઠાં, સૂતાં-સૂતાં અલ્લાહનો ઝિક્ર કરી શકે છે અને તેના ઉપર જો ઈમામ જઝરી (રહ.)ના આ સંશોધનનો ઉમેરો કરી લેવામાં આવે જે તેમણે "હિસ્ને-હસીન"માં લખ્યો છે કે, અલ્લાહનો ઝિક્ર ફક્ત જીભ અથવા દિલથી ઝિક્ર કરવાને જ નથી કહેતા બલકે, દરેક જાઈઝ કામ જે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺના અનુસરણ અને તેમની આજ્ઞા પ્રમાણે કરવામાં આવે તે પણ અલ્લાહનો ઝિક્ર છે, જેથી આ સંશોધન ઉપર અલ્લાહના ઝિક્રનો અર્થ એ પ્રમાણે સામાન્ય અને સરળ થઈ જાય છે કે, સૂતેલા માનવીને પણ "ઝાકિર" (અલ્લાહનો ઝિક્ર કરનાર) કહી શકાય છે, જેમકે અમુક રિવાયતોમાં આવ્યું છે કે, نَوْمُ الْعَالِمِ عِبَادَةٌ એટલે કે, આલિમની ઊંઘ પણ ઈબાદતમાં સામેલ છે, કારણ કે આલિમ (વિદ્વાન) જે પોતાના ઈલ્મના તકાદાઓ ઉપર અમલ કરે છે તેના માટે એ જરૂરી છે કે, તેનું સૂવું અને જાગવું બધું અલ્લાહ તઆલાની આજ્ઞાના વર્તુળમાં જ હોય.

યુદ્ધના મેદાનમાં અલ્લાહના ઝિક્રને વધુ પ્રમાણમાં કરવાનો હુકમ જો કે

દેખીતા સ્વરૂપમાં મુજાહિદો એટલે કે મો'મિન યોદ્ધાઓ માટે એક કાર્યનો વધારો દેખાય છે જે સ્વાભાવિક રીતે મહેનત અને સંઘર્ષ માંગી લેતું કામ છે, પરંતુ અલ્લાહના ઝિક્રની આશ્ચર્યજનક વિશેષતા એ છે કે, આ ઝિક્રના કાર્યમાં મહેનત લાગતી નથી, બલકે તેના દ્વારા એક પ્રકારની ખુશી અને આહ્‌લાદક લિજ્જતના રસાસ્વાદની અનુભૂતિ થાય છે અને માનવીના કાર્યમાં અલ્લાહ તેનો સહાયક અને મદદગાર બની જાય છે, આમ પણ મહેનત અને સંઘર્ષ કરનાર અને કાર્ય કરનારાઓની ટેવ એવી હોય છે કે કોઈ વાક્ય અથવા ગીતનો ગણગણાટ કરતા રહે છે, કુર્આને કરીમે મુસલમાનોને તેના બદલા સ્વરૂપે એ આપ્યું કે તે હજારો લાભો અને હિકમતો ઉપર આધારિત છે, એટલા માટે અંતિમ આયતમાં ફરમાવ્યું, لَعَلَّكُمْ تُفْلِحُوْنَ એટલે કે, જો તમે ثَبَاتٌ (ષબાત) અને ذِكْرُاللّٰه (ઝિક્રુલ્લાહ)ના બે ગુણ કેળવી લો અને તેનો યુદ્ધના મેદાનમાં ઉપયોગ કરો તો સફળતા અને કામિયાબી તમારી જ છે.

યુદ્ધના મેદાનમાં કરવામાં આવતું અલ્લાહનું રટણ એક તો એ છે કે જે સામાન્ય રીતે નાર-એ-તકબીરના સ્વરૂપે કરવામાં આવે છે, તદુપરાંત ઝિક્રુલ્લાહમાં અલ્લાહ તઆલા તરફ ધ્યાન કેન્દ્રિત કરી દિલમાં તેનું સ્મરણ અને શબ્દોથી તેનું વર્ણન કરવું વગેરે બધું જ સામેલ છે.

૪૬ નંબરની આયતમાં એક ત્રીજી વસ્તુની તાકીદ કરવામાં આવી છે તે اَطِيْعُوااللّٰهَ وَرَسُوْلَهٗ (અતિઉલ્લાહ વર્રસૂલ) છે, એટલે કે અલ્લાહ અને તેના રસૂલે કરીમ ﷺનું અનુસરણ કરવાને પોતાના માટે જરૂરી બનાવી લો, કારણ કે અલ્લાહ તઆલાની મદદ અને સહાય તેના અનુસરણ દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે, ગુનાહો અને નાફરમાની તો અલ્લાહની નારાજગી અને દરેક પ્રકારની કૃપાથી વંચિતતાનું કારણ હોય છે, આ પ્રમાણે યુદ્ધના મેદાનમાં કુર્આનના માર્ગદર્શનની ત્રણ કલમો સ્પષ્ટ થઈ ગઈ, એક, અડગ અને મક્કમ રહેવું, બીજું, અલ્લાહનો ઝિક્ર વધારે પ્રમાણમાં કરવો અને ત્રીજું, અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની આજ્ઞાનું પાલન કરવું, ત્યાર પછી ફરમાવ્યું, وَلَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَتَذْهَبَ رِيْحُكُمْ તેમાં નુકસાનના પાસાંઓ ઉપર તાકીદ કરી તેનાથી બચવાનું માર્ગદર્શન આપ્યું છે અને તે નુકસાન કરનાર પાસું જે યુદ્ધમાં સફળતાનું અવરોધક હોય છે તે પરસ્પરના મતભેદ, વાદ-વિવાદ અને વિરોધ-વંટોળ હોય છે, એટલા માટે

ફરમાવ્યું, وَلَا تَنَازَعُوا (વલા તનાઝઊ) એટલે કે, પરસ્પર ખેંચા-ખેંચી કે વાદ-વિવાદ ન કરો, નહિતર તમારામાં કાયરતા ફેલાઈ જશે અને તમારી હવા ઊખડી જશે.

તેમાં પરસ્પર વિખવાદના બે પરિણામો વર્ણન કરવામાં આવ્યા છે, એક એ કે તમે વ્યક્તિગત સ્વરૂપે અશક્ત અને કાયર થઈ જશો, બીજું એ કે તમારી હવા ઊખડી જશે, દુશ્મનની નજરમાં તુચ્છ થઈ જશો, પરસ્પરની ખેંચા-ખેંચ અને વિખવાદથી અન્યોની નજરમાં તુચ્છ થઈ જવું તો સમજી શકાય એવી વાત છે પરંતુ પોતે પોતાની શક્તિ ઉપર તેનો એવો પ્રભાવ પડે છે કે જેનાથી કાયરતા અને અશક્તિ આવી જાય છે, તેનું કારણ એ છે કે પરસ્પર એકતા અને ભરોસાના સ્વરૂપમાં એક વ્યક્તિ સાથે સંપૂર્ણ સમૂહની શક્તિ જોડાયેલી હોય છે, એટલા માટે એક વ્યક્તિ પોતાનામાં એક આખા સમૂહની શક્તિની અનુભૂતિ કરે છે અને જ્યારે પરસ્પર એકતા અને ભરોસો ન રહ્યો તો હવે તેના એકલાની શક્તિ રહી ગઈ જે યુદ્ધ અને લડાઈના મેદાનમાં કોઈ હેસિયત ધરાવતી નથી.

ત્યાર પછી ઈરશાદ ફરમાવ્યો, وَاصْبِرُوْا (વસ્બિરૂ) એટલે કે, "સબ્ર કરવાને-ધૈર્ય ધરવાને પોતાના માટે જરૂરી કરી લો." અત્રે વાત કરવાની શૈલીથી એવી જાણ થાય છે કે, અહીંયાં વિખવાદ અને ઝઘડાથી બચવાનો સફળ નુસ્ખો બતાવવામાં આવ્યો છે અને એનું વર્ણન એ છે કે, કોઈ સમૂહ કેટલોય સંગઠિત અને પોતાના હેતુમાં કૃત નિશ્ચય હોય પરંતુ વ્યક્તિની સ્વાભાવિક ખાસિયતો હંમેશા ભિન્ન-ભિન્ન હોય છે, વળી કોઈ હેતુ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવામાં અને મહેનતમાં પણ બુદ્ધિશાળી અને અનુભવી લોકોના મશ્વરાઓનો વિરોધ થવાની પણ સંભાવના રહેલી હોય છે, એટલા માટે અન્યોની સાથે ચાલવા માટે અને તેમને સાથે રાખવા માટે એના સિવાય કોઈ છૂટકો નથી કે વ્યક્તિ પોતાના સ્વભાવ વિરુદ્ધની બાબત ઉપર સબ્ર કરે અને આંખ આડા કાન કરવાની ટેવ બનાવી લે અને પોતાની સલાહ ઉપર એટલો અફર રહી હઠાગ્રહ ન કરે કે તે સલાહ કે અભિપ્રાયનો સ્વીકાર કરવામાં ન આવે તો ઝઘડો કરી બેસે, આ ગુણનું બીજું નામ "સબ્ર" (ધૈર્ય) છે, વર્તમાન સમયમાં એ તો દરેક વ્યક્તિ જાણે અને કહે છે કે પરસ્પરના ઝઘડા અને વિખવાદ ઘણી ખરાબ બાબત છે પરંતુ તેનાથી બચવાના જે ગુણ છે કે વ્યક્તિ પોતાના સ્વભાવ વિરુદ્ધની કોઈ બાબત હોય તો

તેના ઉપર સબ્ર કરવાની ટેવ ધરાવે અને પોતાની વાત મનાવવાની અને ચલાવવાની ચિંતામાં ન પડે, આ ગુણ ઘણા ઓછા લોકોમાં જોવા મળે છે, એટલા માટે એકતા અને સંગઠનની બધી શિખામણો અને નસીહતો ફાયદા વિનાની બનીને રહી જાય છે. વ્યક્તિને અન્યો પાસે પોતાની વાત મનાવવા ઉપર તો શક્તિ નથી હોતી પરંતુ પોતે બીજાઓની વાત માની લેવામાં જો તેની બુદ્ધિ અને પ્રમાણિકતાનો તકાદો એ જ છે કે તેને માનવી ન જોઈએ તો વાદ–વિવાદ અને ઝઘડાથી બચવા માટે ઓછામાં ઓછું મૌન ધારણ કરી લેવું તો દરેક પરિસ્થિતિમાં પોતાના અધિકારમાં હોય છે, એટલા માટે કુર્આને કરીમે ઝઘડાથી બચવાના માર્ગદર્શન સાથે–સાથે સબ્ર કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન સમૂહના દરેક વ્યક્તિને આપી, જેથી ઝઘડાથી બચવું વાસ્તવિક જગતમાં સરળ બની જાય.

અત્રે એ વાત પણ ધ્યાન આપવાપાત્ર છે કે કુર્આને કરીમે આ સ્થળે لَاتَنَازَعُوْا ફરમાવ્યું છે, એટલે કે પરસ્પર ખેંચા–ખેંચીથી રોક્યા છે. અભિપ્રાયનો વિરોધ કરવાની અથવા તેની જાહેરાત કરવાની મનાઈ કરવામાં આવી નથી, અભિપ્રાયનો વિરોધ જો પ્રમાણિકતા અને નિખાલસતાથી કરવામાં આવે તો કોઈ ઝઘડાનું સ્વરૂપ ઉપસ્થિત થતું નથી, લડાઈ–ઝઘડો ત્યાં જ થાય છે જ્યાં વિરોધાભાસી અભિપ્રાયોની સાથે પોતાની વાત મનાવવા અને બીજાની વાત ન માનવાની લાગણી કામ કરી રહી છે અને આ જ તે ભાવના છે જેને કુર્આને કરીમે وَاصْبِرُوْا (વસ્બિરૂ)ના શબ્દથી સમાપ્ત કરી દીધી અને અંતે સબ્ર કરવાનો એક મહાન ફાયદો બતાવ્યો કે સબ્રની કડવાશને દૂર કરી દીધી, ઈરશાદ છે, اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ એટલે કે, સબ્ર કરનારાઓને અલ્લાહની નિકટતા પ્રાપ્ત થાય છે, અલ્લાહ તઆલા દરેક સમયે દરેક પરિસ્થિતિમાં તેમનો સાથી હોય છે અને આ એટલી મોટી દોલત હોય છે કે બંને દુનિયાની બધી જ દોલત તેના મુકાબલામાં તુચ્છ છે.

રસૂલુલ્લાહ ﷺએ અમુક ગઝ્વાતમાં આ જ માર્ગદર્શન ઉપર અમલ કરાવવા માટે યુદ્ધના મેદાનમાં આ ખુત્બો આપ્યો, "હે લોકો ! દુશ્મનના મુકાબલાની તમન્ના ન કરો, બલકે અલ્લાહ તઆલાની મદદ (આફિયત) માંગો અને જ્યારે નાછૂટકે મુકાબલો થઈ જ જાય તો પછી સબ્ર અને મક્કમતાને

પોતાના માટે જરૂરી બનાવી લો અને એવું સમજી લો કે જન્નત તલવારોના છાંયડામાં છે.''

(મુસ્લિમ)

૪૭ નંબરની આયતમાં એક બીજા નુકસાનકારક પાસા ઉપર ચેતવણી આપવામાં આવી છે અને તેનાથી બચવાનું માર્ગદર્શન પણ આપવામાં આવ્યું છે, તે એ છે કે પોતાની શક્તિ અને બહુમતી ઉપર ગર્વ કરવો અથવા કાર્યમાં નિખાલસતાના બદલે પોતાનો કોઈ સ્વાર્થ છુપાયેલો હોવો, આ બંને વસ્તુઓ પણ મોટા-મોટા શક્તિશાળી સમૂહોને પરાજિત કરીને જેર કરી નાંખે છે.

આ આયતમાં ઈશારો મક્કાના કુરૈશીઓની પરિસ્થિતિ તરફ પણ છે કે, તેઓ પોતાના વેપારી કાફલાની સુરક્ષા માટે ઘણી મોટી સંખ્યા અને શસ્ત્ર-સરંજામ લઈને પોતાની શક્તિ અને બહુમતી ઉપર ઈતરાઈને મિથ્યાભિમાન સાથે નીકળ્યા હતા અને જ્યારે વેપારી કાફલો મુસલમાનોની પહોંચની બહાર થઈ ગયો તે સમયે પણ એટલા માટે પાછા ન વળ્યા કે તેઓ પોતાની બહાદુરી અને શક્તિનું પ્રદર્શન કરવા ઈચ્છતા હતા.

પ્રમાણિત રિવાયતોમાં છે કે, જ્યારે અબૂ સુફિયાન પોતાનો વેપારી કાફલો લઈને મુસલમાનોની પહોંચથી બહાર નીકળી ગયા તો અબૂ જહલની પાસે એક દૂત મોકલ્યો કે, હવે તમારે આગળ વધવાની આવશ્યકતા નથી રહી પાછા આવી જાઓ અને અન્ય બીજા ઘણા કુરૈશના સરદારોનો પણ એ જ અભિપ્રાય હતો પરંતુ અબૂ જહલ પોતાના ઘમંડ અને પોતાના પ્રખ્યાત થવાની વૃત્તિમાં કસમ ખાઈ બેઠો કે અમે ત્યાં સુધી પાછા નહિ જઈએ જ્યાં સુધી થોડા દિવસ બદ્રના સ્થળે પહોંચીને પોતાની જીતનો જશ્ન ન મનાવી લઈએ.

જેના પરિણામે તે અને તેના મોટા-મોટા સાથીઓ બધા ત્યાં જ ઢગલો થઈ ગયા અને એક ખાડામાં નાંખી દેવામાં આવ્યા. આ આયતમાં મુસલમાનોને એવા જ પ્રકારની બાબતો અને રીતભાતોનું અનુસરણ ન કરવાની સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૪૮-૪૯)

وَإِذْ زَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ أَعْمَالَهُمْ وَقَالَ لَا غَالِبَ لَكُمُ الْيَوْمَ مِنَ النَّاسِ وَإِنِّي جَارٌ لَّكُمْ ۚ
فَلَمَّا تَرَاءَتِ الْفِئَتٰنِ نَكَصَ عَلٰى عَقِبَيْهِ وَقَالَ إِنِّي بَرِيءٌ مِّنكُمْ إِنِّي أَرٰى مَا لَا
تَرَوْنَ إِنِّي أَخَافُ اللّٰهَ ۚ وَاللّٰهُ شَدِيدُ الْعِقَابِ ﴿٤٨﴾ إِذْ يَقُولُ الْمُنٰفِقُونَ وَالَّذِينَ
فِي قُلُوبِهِم مَّرَضٌ غَرَّ هٰؤُلَاءِ دِينُهُمْ ۗ وَمَن يَتَوَكَّلْ عَلَى اللّٰهِ فَإِنَّ اللّٰهَ عَزِيزٌ حَكِيمٌ ﴿٤٩﴾

તરજુમો :

અને જે સમયે શયતાને તેમની નજરોમાં તેમના અમલોને શણગારી દીધા અને બોલ્યો કે લોકોમાંથી કોઈ પણ તમારા ઉપર આજના દિવસે ગાલિબ (વિજયી) થશે નહીં અને હું તમારો હિમાયતી છું, પછી જ્યારે બંને ફોજો સામસામે થઈ તો તે પોતાની એડીઓ ઉપર ઊલટો ફર્યો અને બોલ્યો, હું તમારી સાથે નથી હું તે જોઉં છું જે તમે નથી જોતા, હું અલ્લાહથી ડરું છું અને અલ્લાહનો અઝાબ ઘણો કઠોર છે. (૪૮) જ્યારે મુનાફિકો અને જેમના દિલોમાં બીમારી છે કહેવા લાગ્યા, આ લોકો પોતાના દીન ઉપર મગરૂર (ઘમંડી) છે અને જે કોઈ અલ્લાહ ઉપર ભરોસો કરે તો અલ્લાહ જબરદસ્ત છે હિકમતવાળો. (૪૯)

તફસીર :

અને તે સમયનું તેમને વર્ણન કરો જ્યારે કે શયતાને તેઓ (કાફિરો)ને (ભ્રમણામાં નાંખી) તેમના (કુફ્ર અને દુશ્મની તથા રસૂલુલ્લાહ ﷺનો વિરોધ કરવો વગેરે) અમલો શણગારીને બતાવી આપ્યા (કે તેમણે તે વાતોને સારી સમજી) અને (ભ્રમિત કરવા ઉપરાંત તેમને એ) કહ્યું કે, (તમને એવી શા'ન અને શક્તિ પ્રાપ્ત છે કે તમારા વિરોધી) લોકોમાંથી આજે કોઈ તમારા ઉપર વિજયી થનાર નથી અને હું તમારો સહાયક છું (ન તો બહારના દુશ્મનોથી ડરો અને ન જ અંદરના દુશ્મનોથી કોઈ ભય પામો), પછી જ્યારે બંને સમૂહો (કાફિરો અને મુસલમાનોના) એકબીજાની સામ-સામે થયા (અને તે શયતાને ફરિશ્તાઓને ઊતરતા જોયા) તો તે પોતાના ઊલટા પગે ભાગ્યો અને એવું કહ્યું કે, મારો તમારી

સાથે કોઈ સંબંધ નથી (હું તમારો કોઈ સહાયક કે મદદગાર નથી કારણ કે) હું તે વસ્તુઓ જોઈ રહ્યો છું જે તમને દેખાતી નથી (એટલે કે હું ફરિશ્તાઓ જોઈ રહ્યો છું), હું તો અલ્લાહથી ડરું છું (કે ક્યાંક કોઈ ફરિશ્તા દ્વારા મને દુનિયામાં જ કોઈ સજા અપાવે !) અને અલ્લાહ તઆલા કઠોર સજા આપનાર છે અને તે સમય પણ યાદ કરવાપાત્ર છે જ્યારે (મદીનાના) મુનાફિકો અને (મક્કાવાળાઓમાંથી) જેમના દિલોમાં (શંકાની) બીમારી હતી (મુસલમાનોની વંચિતતા અને તેમના શસ્ત્રવિહોણા હોવાની હાલતમાં કાફિરોના મુકાબલામાં આવી જવાની બાબત જોઈને) એવું કહેતા હતા કે આ (મુસલમાન) લોકોને તેમના ધર્મએ ભૂલમાં નાંખી રાખ્યા છે (કે પોતાનો ધર્મ સત્ય હોવા ઉપર ભરોસો કરીને આવા ખતરામાં આવી પડ્યા તેથી અલ્લાહ તેમને જવાબ આપે છે) અને જે વ્યક્તિ અલ્લાહ ઉપર ભરોસો કરે છે તો (તે મોટા ભાગે વિજયી જ થાય છે કારણ કે) નિઃશંક ! અલ્લાહ તઆલા બહુ જોરાવર છે (અને એટલા માટે પોતાના ઉપર ભરોસો કરનારને વિજય અપાવે છે અને મોટા ભાગે એવા લોકો પરાજિત થાય છે જેમનો તેમાં કોઈ સ્વાર્થ રહેલો હોય છે, કારણ કે) તે હિકમતવાળો (પણ) છે (મતલબ કે જાહેર સર-સામાન હોવા અથવા ન હોવા ઉપર કોઈ આધાર નથી, તે સર્વશક્તિમાન જ બધા સબબો પૂરા પાડે છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ અન્ફાલમાં શરૂઆતથી ગઝ્વએ બદ્રમાં ઉપસ્થિત થનાર ઘટનાઓ અને પરિસ્થિતિઓનો અને તેનાથી પ્રાપ્ત થનારી શિખામણો અને ઈબ્રતોનો અને તે સંદર્ભે હુકમોનો ઉલ્લેખ ચાલી રહ્યો છે, તેમાં એક ઘટનાનો ઉલ્લેખ મક્કાના કુરૈશીઓને શયતાને ધોકામાં નાંખીને મુસલમાનોના મુકાબલા ઉપર પ્રોત્સાહિત કરવાનો અને પછી યુદ્ધના મેદાનમાંથી યુદ્ધ સમયે સાથ છોડીને ભાગી જવાનો છે જેનો પ્રસ્તુત આયતોની શરૂઆતમાં ઉલ્લેખ છે.

શયતાનનો આ ધોકો કુરૈશીઓના દિલોમાં વસવસો અને ભ્રમણા નાંખવાના સ્વરૂપે ઉપસ્થિત થયો હતો અથવા તો મનુષ્યના સ્વરૂપમાં આવીને રૂબરૂ વાતચીત કરીને તેણે આ પ્રમાણે કહ્યું હોય, આ બાબતમાં બંને સંભાવનાઓ હોઈ શકે છે પરંતુ કુર્આનના શબ્દોથી વધારે સમર્થન બીજા સ્વરૂપનું જ થાય છે કે તેણે મનુષ્યના સ્વરૂપે સામે આવીને ધોકો આપ્યો હોય.

ઈમામ ઈબ્ને જરીર (રહ.)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, જ્યારે મક્કાના કુરૈશીઓનું લશ્કર મુસલમાનોના મુકાબલા માટે મક્કાથી નીકળ્યું તો તેમના ઉપર એક પ્રકારનો ભય સવાર હતો કે, અમારો નજીકનો કબીલો બનુબક્ર પણ અમારો દુશ્મન છે, ક્યાંક એવું ન બને કે અમે મુસલમાનોનો મુકાબલો કરવા જઈએ અને આ દુશ્મન કબીલો તક જોઈને અમારા ઘરો, સ્ત્રીઓ અને બાળકો ઉપર છાપો મારી દે, વેપારી કાફલાના આગેવાન અબૂ સુફિયાનની ચિંતાજનક ફરિયાદ ઉપર તૈયાર થઈને નીકળી તો ગયા પરંતુ એવો ભય તેમના પગની સાંકળ બનીને રહી ગયો હતો કે અચાનક શયતાન સુરાકહ બિન માલિકના સ્વરૂપમાં એ રીતે સામે આવ્યો કે, તેના હાથમાં ઝંડો છે અને તેની સાથે એક બહાદુર ફૌજની કુમક છે, સુરાકહ બિન માલિક આ વિસ્તાર અને કબીલાનો એક મોટો સરદાર હતો જેનાથી હુમલાનો ભય હતો, તેણે આગળ વધીને કુરૈશી જવાનોના લશ્કરને સંબોધન કર્યું અને બે પ્રકારના ધોકામાં સપડાવી દીધા, પ્રથમ એ કે لَا غَالِبَ لَكُمُ الْيَوْمَ مِنَ النَّاسِ એટલે કે, આજે તમારા ઉપર કોઈપણ વિજયી થનારું નથી, મતલબ એ હતો કે મને તમારા વિરોધી પક્ષની શક્તિનો પણ અંદાજો છે અને તમારી શક્તિ અને બહુમતી સંખ્યાને પણ હું જોઈ રહ્યો છું, એટલા માટે તમને વિશ્વાસ અપાવું છું કે તમે નચિંત થઈને આગળ વધો, તમે જ વિજયી રહેશો, કોઈ તમારા મુકાબલામાં વિજયી થનાર નથી.

બીજું એ કે, جَارٌ لَّكُمْ તમને જે બનુબક્ર વગેરેનો ભય લાગે છે કે તેઓ તમારા ગયા પછી મક્કા ઉપર ચઢાઈ કરશે તો તેની જવાબદારી હું લઉં છું કે, તેઓ એવું કરશે નહીં, હું તમારો સહાયક છું, મક્કાના કુરૈશીઓ સુરાકહ બિન માલિક અને તેના મોટા વ્યક્તિત્વ તથા પ્રભાવથી સુપેરે વાકેફ હતા, તેની આ પ્રમાણેની વાત સાંભળીને તેમના દિલો મજબૂત થઈ ગયા અને તેઓ કબીલા બનુબક્રના ભયથી નચિંત થઈને મુસલમાનોના મુકાબલા માટે તૈયાર થઈ ગયા.

આ બે બાજુની ધોકાબાજીથી શયતાને તે લોકોને તેમની કત્લગાહ તરફ ધકેલી દીધા. فَلَمَّا تَرَآءَتِ الْفِئَتٰنِ نَكَصَ عَلٰى عَقِبَيْهِ જ્યારે મક્કાના મુશ્રિકો અને મુસલમાનોના બંને લશ્કરો બદ્રના સ્થળે સામ-સામે થઈ ગયા તો શયતાન ઊલટા પગે પાછો વળીને નાસી ગયો.

ગઝ્વએ બદ્રમાં મક્કાના મુશ્રિકોની પીઠ ઉપર એક શયતાનનું લશ્કર પણ આવી ગયું હતું, એટલા માટે અલ્લાહ તઆલાએ તેના મુકાબલામાં ફરિશ્તાઓનું લશ્કર હઝરત જિબ્રઈલ અને હઝરત મીકાઈલ (અલૈ.)ની આગેવાનીમાં મોકલી આપ્યું. ઈમામ ઈબ્ને જરીર વગેરેએ હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, શયતાન કે જે તે સમયે મનુષ્યના સ્વરૂપમાં સુરાકહ બિન માલિકની શકલમાં પોતાના શયતાની લશ્કરની આગેવાની કરી રહ્યો હતો, જ્યારે હઝરત જિબ્રઈલ (અલૈ.) અને તેમની સાથે ફરિશ્તાઓનું લશ્કર જોયું તો ગભરાઈ ગયો અને તે સમયે તેનો હાથ એક કુરૈશી જવાન હારિષ બિન હિષામના હાથમાં હતો, તરત જ તે પોતાનો હાથ છોડાવીને નાસવા માંડ્યો તો હારિષે તેને ટોક્યો કે આ શું કરે છે ? તો તેણે છાતી ઉપર મારીને હારિષને ફેંકી દીધો અને પોતાનું શયતાની લશ્કર લઈને નાસી છૂટ્યો, હારિષે તેને સુરાકહ સમજી કહ્યું કે "હે અરબના સરદાર સુરાકહ ! તું તો એવું કહેતો હતો કે હું તમારો મદદગાર અને સહાયક છું અને બિલકુલ યુદ્ધના મેદાનની વચ્ચે આવી હરકત કરી રહ્યો છે ?" તો શયતાને સુરાકહની શકલમાં જવાબ આપ્યો, اِنِّیْ بَرِیْٓءٌ مِّنْکُمْ اِنِّیْٓ اَرٰی مَالَا تَرَوْنَ اِنِّیْٓ اَخَافُ اللّٰهَ "હું તમારા કરારથી મુક્ત થાઉં છું, કારણ કે હું તે વસ્તુ જોઈ રહ્યો છું જે તમે તમારી દષ્ટિથી જોઈ શકતા નથી." તેનો અર્થ ફરિશ્તાઓનું લશ્કર હતું અને એ કે "હું અલ્લાહથી ડરું છું, એટલા માટે હું તમારો સાથ છોડી આપું છું."

શયતાને ફરિશ્તાઓનું લશ્કર જોયું તો તેમની શક્તિથી તે વાકેફ હતો, સમજી ગયો કે હવે પોતાની ખૈર નથી ! અને એવું કહ્યું કે, હું અલ્લાહથી ડરું છું. તેને તફસીરના ઈમામ હઝરત કતાદહે કહ્યું કે, "આ તેણે જૂઠું કહ્યું કે જો તે અલ્લાહથી ડરતો હોત તો નાફરમાની શા માટે કરતો હોત !?" પરંતુ મોટા ભાગના વિદ્વાનોએ કહ્યું છે કે તેનું ડરવું પણ તેની જગ્યાએ સાચું છે, કારણ કે તે અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને સખત અઝાબને સારી પેઠે જાણે છે, એટલે ન ડરવાનું કોઈ કારણ જ નથી, અલબત્ત નર્યો ડર ઈમાન અને અનુસરણ વિના કોઈ ફાયદાકારક બાબત નથી.

અબૂજહલે જ્યારે સુરાકહને તેના લશ્કરની પીછેહઠથી પોતાના લશ્કરની હિંમત તૂટતી જોઈ તો તેણે વાત બનાવી અને કહ્યું કે, સુરાકહના નાસી જવાથી તમે

પ્રભાવિત ન થજો તેણે તો ગુપ્ત રીતે મુહમ્મદ (ﷺ) સાથે ષડયંત્ર રચી રાખ્યું હતું, શયતાનની પીછેહઠ પછી તેમનો જે અંજામ થવાનો હતો તે થઈ ગયો, પછી જ્યારે આ લોકો મક્કા પાછા આવ્યા અને તેમનામાંથી કોઈની મુલાકાત સુરાકહ બિન માલિક સાથે થઈ તો તેણે સુરાકહને બુરૂં-ભલું કહ્યું કે, બદ્રના યુદ્ધમાં અમારી હાર અને સંપૂર્ણ નુકસાનની જવાબદારી તારા ઉપર જ છે, તેં જ યુદ્ધના સમયે યુદ્ધના મેદાનમાંથી પીછેહઠ કરી અમારા જવાનોની હિંમત તોડી નાંખી, તેણે કહ્યું કે હું ન તો તમારી સાથે ગયો હતો અને ન જ તમારા કોઈ કાર્યમાં ભાગ લીધો હતો, મને તમારી હારની જાણ પણ તમારા મક્કા પહોંચ્યા પછી થઈ.

આ બધી રિવાયતો ઈમામ ઈબ્ને કષીરે પોતાની તફસીરમાં નકલ કર્યા પછી ફરમાવ્યું છે કે, તિરસ્કૃત શયતાનની એ સામાન્ય ટેવ છે કે મનુષ્યને દુષ્ટ કાર્યમાં સપડાવીને ખરા સમયે અલગ હટી જાય છે, કુર્આને કરીમે તેની આ ટેવ વારંવાર વર્ણન કરી છે. એક આયતમાં છે, كَمَثَلِ الشَّيْطٰنِ اِذْقَالَ لِلْاِنْسَانِ اكْفُرْ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّىْ بَرِیْٓءٌ مِّنْكَ اِنِّىْٓ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِيْنَ (૫૯ : ૧૬)

શયતાનની મક્કારી અને ધોકાબાજી તથા તેનાથી બચવાનો ઉપાય :

પ્રસ્તુત આયતની આ ઘટનામાંથી અમુક બોધપાઠ પ્રાપ્ત થાય છે.

પ્રથમ એ કે, શયતાન મનુષ્યનો દુશ્મન છે તે માનવીને નુકસાન પહોંચાડવા માટે જાત-જાતના અને ભાત-ભાતના ષડયંત્રો કરે છે તથા રૂપ બદલે છે, અમુક સમયે ફક્ત દિલમાં વસવસો નાંખીને પરેશાન કરે છે અને અમુક સમયે પ્રત્યક્ષ સામે આવીને ધોકો પણ આપે છે.

બીજું એ કે, શયતાનને અલ્લાહ તઆલાએ એટલી શક્તિ આપી છે કે તે વિવિધ ચહેરા-મ્હોરામાં પ્રગટ થઈ શકે છે, એક પ્રખ્યાત હનફી ફકીહની કિતાબ آكَامُ الْمَرْجَانِ فِىْ اَحْكَامِ الْجَانّ માં તેને વિસ્તારપૂર્વક સાબિત કરવામાં આવ્યું છે, એટલા માટે સંશોધનકાર સુફી લોકો કે જેઓને કશ્ફ અને ઈલ્હામ થાય છે તેમણે લોકોને એ બાબત ઉપર ચેતવ્યા છે કે, કોઈ વ્યક્તિને જોઈને અથવા તેની વાત સાંભળીને પરિસ્થિતિની તહકીક કર્યા વિના તેની પાછળ નીકળી પડવું ખતરનાક હોય છે, કશ્ફ અને ઈલ્હામમાં શયતાન ચાલ રમી શકે છે, મવલના રૂમી (રહ.)એ ફરમાવ્યું,

اے بسا ابلیس آدم روئے ست　　　پس بہر دستے نشاید داد دست

ઘણા જ શયતાનો માણસના રૂપમાં જોવામાં આવે છે,
એટલે તું દરેક હાથમાં (દોસ્તી) માટે પોતાનો હાથ ન આપ.

અને હાફિઝે કહ્યું છે,

در راہِ عشق وسوسہ اہرمن بسے ست　　　ھشدار و گوش را بہ پیام سروش دار

ઈશ્કના રસ્તામાં શયતાનના વસવસા (શંકા-કુશંકા) ઘણા જ વધુ આવતા હોય છે,
તેથી તું સભાન રહ્યા કર અને (ફરિશ્તા વડે અથવા અલૌકિક અવાજ વડે)
સંભળાવવામાં આવતા સંદેશા ઉપર ધ્યાન ધર.

સફળતા માટે ફક્ત નિય્યતની નિખાલસતા પૂરતી નથી, એના પહેલાં સીધા માર્ગે હોવું પણ જરૂરી છે :

ત્રીજું એ કે જે લોકો કુફ્ર, શિર્ક અથવા બીજા નાજાઈઝ કાર્યોમાં રાચેલા હોય છે તેનું મોટું કારણ એ જ હોય છે કે, શયતાન તેમના દુષ્ટ કાર્યોને ખૂબસૂરત અને શણગારીને તથા લાભકારી જાહેર કરીને તેમના દિલ-દિમાગને સત્ય અને સાચા તથા ખરા પરિણામો તરફથી ફેરવી આપે છે, તેઓ પોતાની ખોટી વાતને જ સાચી અને ખરાબ કૃત્યને જ ભલું સમજવા લાગે છે અને સત્યવાદીઓની જેમ પોતાની જૂઠી વાત ઉપર પ્રાણ આપવા પણ તૈયાર થઈ જાય છે, એટલા માટે કુરૈશના લશ્કર અને તેના સરદાર જ્યારે બયતુલ્લાહથી વિદાય લઈ રહ્યા હતા તો બયતુલ્લાહની સામે આ શબ્દોમાં દુઆ કરીને નીકળ્યા હતા કે, اَللّٰهُمَّ انْصُرْ اِحْدَى الطَّـآئِفَتَيْنِ એટલે કે, "હે અલ્લાહ ! અમારા બંને સમૂહોમાંથી જે વધારે હિદાયત ઉપર છે તેની સહાય કર અને વિજય આપ." આ અજ્ઞાન લોકો શયતાનના ધોકામાં આવીને પોતે પોતાને જ વધારે હિદાયત અને સત્ય ઉપર સમજતા હતા અને સંપૂર્ણ નિખાલસતા સાથે પોતાના જૂઠા ધર્મ ઉપર જાન અને માલને કુરબાન કરતા હતા.

એનાથી જાણ થાય છે કે, નરી નિખાલસતા પણ જ્યાં સુધી અમલની દિશા જ સાચી ન હોય, પૂરતી નથી.

ત્યારબાદ બીજી આયતમાં મદીનાના મુનાફિકો અને મક્કાના મુશ્રિકોના

એક સંયુક્ત નિવેદનને કે જે તેઓ મુસલમાનો વિશે કરતા હતા વર્ણન કરવામાં આવ્યું છે, જે જાણે કે મુસલમાનો ઉપર દયા ખાઈને કહેવામાં આવ્યું હતું, غَرَّ هٰٓؤُلَآءِ دِيۡنُهُمۡ એટલે કે, બદ્રના મેદાનમાં આ મુઠ્ઠીભર ગણતરીના અમુક મુસલમાનો આટલી મોટી અને તાકતવર સેના સામે ટક્કર માટે આવી ગયા, તે બીચારાઓને તેમના ધર્મએ ધોકામાં નાંખીને મોતના મોંમાં ધકેલી દીધા છે. અલ્લાહે તેના જવાબમાં ફરમાવ્યું, وَمَنۡ يَّتَوَكَّلۡ عَلَى اللّٰهِ فَاِنَّ اللّٰهَ عَزِيۡزٌ حَكِيۡمٌ એટલે કે, જે વ્યક્તિ અલ્લાહ ઉપર ભરોસો કરી લે છે તો યાદ રાખો કે તે ક્યારેય અપમાનિત થતો નથી, કારણ કે અલ્લાહ તઆલા સૌના ઉપર છવાયેલો છે, તેની હિકમત સામે સૌની બુદ્ધિ અને સમજદારી કોઈ વસ્તુ નથી, મતલબ એ કે તમે લોકો ફક્ત ભૌતિક પદાર્થો અને ભૌતિકતાને જાણો છો અને તેના ઉપર ભરોસો કરો છો, તમને તે ગુપ્ત શક્તિની ખબર નથી કે જે આ ભૌતિકતા અને ભૌતિક પદાર્થોના પેદા થયેલ ખજાનાઓનો માલિક છે અને જે તે લોકોની સાથે હોય છે તેઓ અલ્લાહ ઉપર ઈમાન અને ભરોસો રાખે છે, તેઓ જ સફળ છે.

આજે પણ દીનદાર અને ભલાભોળા મુસલમાનોને જોઈને ઘણા બધા બુદ્ધિશાળી અને સમજદાર હોવાના દાવે'દારો આ પ્રમાણે કહ્યા કરે છે કે,

اگلے وقتوں کے ہیں یہ لوگ انھیں کچھ نہ کہو

અ: લોકો પ્રાચીન યુગના છે તેમને કશું ન કહો !

પરંતુ તેમનામાં અલ્લાહ ઉપરનું ઈમાન અને ભરોસો સંપૂર્ણ પ્રકારે હોય છે તેમને કોઈનાથી કોઈ નુકસાન પહોંચી શકતું નથી.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૫૦ થી ૫૩)

وَلَوۡ تَرٰٓى اِذۡ يَتَوَفَّى الَّذِيۡنَ كَفَرُوا ۙ الۡمَلٰٓئِكَةُ يَضۡرِبُوۡنَ وُجُوۡهَهُمۡ وَاَدۡبَارَهُمۡ ۚ وَذُوۡقُوۡا
عَذَابَ الۡحَرِيۡقِ ۝٥٠ ذٰلِكَ بِمَا قَدَّمَتۡ اَيۡدِيۡكُمۡ وَاَنَّ اللّٰهَ لَيۡسَ بِظَلَّامٍ لِّلۡعَبِيۡدِ ۝٥١ ۙ
كَدَاۡبِ اٰلِ فِرۡعَوۡنَ ۙ وَالَّذِيۡنَ مِنۡ قَبۡلِهِمۡ ؕ كَفَرُوۡا بِاٰيٰتِ اللّٰهِ فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوۡبِهِمۡ ؕ
اِنَّ اللّٰهَ قَوِىٌّ شَدِيۡدُ الۡعِقَابِ ۝٥٢ ذٰلِكَ بِاَنَّ اللّٰهَ لَمۡ يَكُ مُغَيِّرًا نِّعۡمَةً اَنۡعَمَهَا عَلٰى
قَوۡمٍ حَتّٰى يُغَيِّرُوۡا مَا بِاَنۡفُسِهِمۡ ۙ وَاَنَّ اللّٰهَ سَمِيۡعٌ عَلِيۡمٌ ۝٥٣ ۙ

તરજુમો :

અને જો તમે જુઓ જે સમયે ફરિશ્તાઓ કાફિરોનો જીવ કબ્જે કરે છે તેમના મોઢા ઉપર અને તેમની પાછળ મારે છે અને કહે છે, સળગવાનો અઝાબ ચાખો. (૫૦) આ એનો જ બદલો છે જે તમે પોતાના હાથોએ આગળ મોકલ્યું અને એટલા માટે કે અલ્લાહ બંદાઓ ઉપર જુલમ નથી કરતો. (૫૧) જેવી રીતે ફિરઔનવાળાઓની અને જે તેમનાથી પહેલાં હતા (તેમની) નીતિરીતી હતી કે અલ્લાહની વાતોથી ઈન્કારી થયા, બસ અલ્લાહે તેમને તેમના ગુનાહો ઉપર પકડયા, બેશક ! અલ્લાહ મહાબળવાન છે કઠોર અઝાબ આપનારો. (૫૨) એનું કારણ એ છે કે અલ્લાહ તે નેઅ્મતને કદી બદલનાર નથી જે તેણે કોઈ કોમને આપી હતી જ્યાં સુધી તેઓ જ બદલી ન નાંખે પોતાના અંતર(મન)ની વાત અને એ કે અલ્લાહ સઘળું સાંભળનારો સઘળું જાણનારો છે. (૫૩)

તફસીર :

અને જો તમે (તે સમયની ઘટના) જૂઓ (તો આશ્ચર્યજનક નજરે પડશે) જ્યારે કે ફરિશ્તાઓ તે (ઉપસ્થિત) કાફિરોનો જીવ કબ્જે કરતા જાય છે (અને) તેમના મોઢાં ઉપર અને તેમની પીઠો ઉપર મારતા જાય છે અને કહેતા જાય છે કે (હમણાં શું ? જરા આગળ ચાલીને જૂઓ !) આગની સજા ભોગવો (અને) આ અઝાબ તે (કુફ્રિય્યહ) અમલોના કારણે છે જેને તમે તમારા હાથે કર્યા છે અને એ વાત ચોક્કસ છે કે અલ્લાહ તઆલા બંદાઓ ઉપર જુલમ કરનારો નથી (બસ અલ્લાહ તઆલા ગુનાહ વિના સજા નથી આપતો, બસ) તેમની પરિસ્થિતિ (એના વિશે) એવી છે (કે કુફ્ર ઉપર સજા ભોગવી રહ્યા છે) જેમકે ફિરઔનવાળાઓની અને તેમના અગાઉના (કાફિર) લોકોની પરિસ્થિતિ હતી કે તેમણે અલ્લાહની આયતોનો ઈન્કાર કર્યો, બસ અલ્લાહ તઆલાએ તેમને (તેમના) ગુનાહો ઉપર (અઝાબમાં) પકડી લીધા, નિઃશંક ! અલ્લાહ તઆલા સર્વશક્તિમાન (છે અને) સખત સજા આપનારો છે (કે તેના મુકાબલામાં કોઈ એવી શક્તિ નથી કે તેના અઝાબને હટાવે અને દૂર કરી શકે અને) એ વાત (પણ છે કે અપરાધ વિના કોઈને સજા આપવામાં આવતી નથી, આ) એ કારણથી છે

(કે અમારો સર્વસામાન્ય કાયદો નક્કી જ છે અને તે એ કે વિના અપરાધે સજા ન આપવી એ કાયદાનો એક પ્રકાર છે અને તે કાયદો એ છે) કે અલ્લાહ તઆલા કોઈ એવી નેઅ્મતને જે કોઈ કોમને અર્પણ કરવામાં આવી હોય નથી બદલતો જ્યાં સુધી કે તે લોકો પોતે પોતાની જાતે તેને બદલી ન નાંખે અને એ બાબત ચોક્કસ છે કે અલ્લાહ તઆલા સઘળું સાંભળનારો અને બધું જ જાણનારો છે. (બસ, તે વાતોના ફેરફારને સાંભળે છે અને કામોના ફેરબદલને જૂએ છે, બસ ઉપસ્થિત કાફિરોએ પોતાની હાલત બદલી નાંખી કે તેમનામાં કુફ્ર હોવા છતાં તેઓમાં ઈમાન લાવવાની શકયતા હતી તે છતાં ઈન્કાર અને વિરોધ કરીને તે બાબતને દૂર ધકેલી દીધી. બસ, અમે પોતાની નેઅ્મત અને ઉપસ્થિત પરિસ્થિતિ કે જે અગાઉ તેમને પ્રાપ્ત હતી બદલી નાંખી અને તેનું કારણ એ બન્યું કે તેમણે આ પ્રસ્તુત નેઅ્મતને પોતાની જાતે બદલવાનો પ્રયત્ન કર્યો).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ બે આયતોમાં મોતના સમયે કાફિરોને અઝાબ અને ફરિશ્તાઓની ધમકીઓનું વર્ણન છે તેમાં નબીએ કરીમ ﷺને સંબોધન કરીને ફરમાવ્યું છે, જો રસૂલે કરીમ ﷺ તે કાફિરોની પરિસ્થિતિને તે સમયે જૂએ જ્યારે કે અલ્લાહના ફરિશ્તાઓ તેમના પ્રાણ કબ્જે કરવાના સમયે તેમના ચહેરાઓ અને પીઠો ઉપર મારી રહ્યા હતા અને એવું કહી રહ્યા હતા કે, "આગમાં સળગવાનો અઝાબ ચાખો !" તો આપ ﷺ એક અત્યંત ભયાનક દશ્ય જોતા હોત.

તફસીરના ઈમામોમાંથી અમુક લોકોએ તેને તે કુરૈશના કાફિરો વિશે હોવાનું ઠરાવ્યું છે જે બદ્રના મેદાનમાં મુસલમાનોના મુકાબલા માટે આવ્યા હતા અને અલ્લાહ તઆલાએ મુસલમાનોની મદદ માટે ફરિશ્તાઓનું લશ્કર મોકલી દીધું હતું અને એવી પરિસ્થિતિમાં આયતનો અર્થ એ થઈ ગયો કે, બદ્રના મેદાનમાં કુરૈશના જે સરદારો માર્યા ગયા તેમના મારવામાં ફરિશ્તાઓનો હાથ હતો, જે તેમની સામેથી ચહેરાઓ ઉપર અને પાછળથી તેમની પીઠો ઉપર મારીને તેમને હલાક કરી રહ્યા હતા અને સાથે જ આખિરતમાં જહન્નમના અઝાબની ખબર સંભળાવતા હતા.

અને જે લોકોએ આયતના શબ્દમાં સામાન્યપણું હોવાનો મત ધરાવ્યો છે તેમણે આ વિષયને સર્વસામાન્ય ગણ્યો છે, તેમના મત પ્રમાણે આયતનો અર્થ એ છે કે જ્યારે કોઈ કાફિર મૃત્યુ પામે છે ત્યારે મોતના ફરિશ્તા તેમના પ્રાણ કબ્જે કરવાના સમયે તેમના ચહેરાઓ અને પીઠ ઉપર મારે છે, અમુક રિવાયતોમાં છે કે આગના કોરડાઓ અને લોઢાની ગદાઓ તેમના હાથમાં હોય છે જેનાથી તેઓ મૃત્યુ પામનાર કાફિરને મારે છે, પરંતુ કારણ કે આ અઝાબનો સંબંધ આ દુનિયા સાથે નથી બલકે "આલમે બરઝખ"થી છે, એટલા માટે આ અઝાબ સામાન્ય રીતે આંખોથી જોઈ શકાતો નથી.

એટલા માટે રસૂલે કરીમ ﷺને એવું સંબોધન કરવામાં આવ્યું છે કે, જો તમે જોયું હોત તો તે ઘણા ભયાનક દૃષ્યો જોયા હોત, એનાથી જાણ થાય છે કે મોત પછી બરઝખની દુનિયામાં કાફિરોને અઝાબ થાય છે પરંતુ તેનો સંબંધ અદૃષ્ય દુનિયા સાથે છે, એટલા માટે તે સામાન્ય રીતે જોઈ શકાતો નથી, કબ્રના અઝાબનું વર્ણન કુર્આને કરીમની અન્ય આયતોમાં પણ આવ્યું છે અને આ બાબતે અનેક હદીષની રિવાયતો નકલ થયેલ છે.

બીજી આયતમાં કાફિરોને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યો કે, દુનિયા અને આખિરતનો આ અઝાબ તમારા પોતાના હાથોની કમાઈ છે, કારણ કે સામાન્ય કારોબાર હાથો દ્વારા જ અસ્તિત્વમાં આવે છે, એટલા માટે હાથોનું વર્ણન કરવામાં આવ્યું. મતલબ એ છે કે આ અઝાબ તમારા પોતાના દુષ્ટ કર્મોનું પરિણામ છે અને એ કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓ ઉપર અત્યાચાર કરનાર નથી કે વિના કારણે અઝાબમાં સપડાવી દે.

ત્રીજી આયતમાં બતાવવામાં આવ્યું કે, તે અપરાધીઓ ઉપર અલ્લાહ તઆલાનો આ અઝાબ કોઈ આશ્ચર્યજનક બાબત નથી, બલકે અલ્લાહની ટેવ એ જ છે કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓની હિદાયત માટે તેમને બુદ્ધિ અને સમજદારી આપે છે જેથી પરિસ્થિતિઓના આટા-પાટાઓમાં તથા તેની આજુબાજુના પર્યાવરણમાં અસંખ્ય એવી વસ્તુઓ ઉપસ્થિત હોય છે જેમાં ચિંતન અને મનન કરવાથી તે અલ્લાહ તઆલાની મહાન શક્તિ અને તેની પ્રતિષ્ઠાનો પરિચય મેળવી લે અને લાચાર સર્જનને તેનો ભાગીદાર ન બનાવે ! પછી વધારે તાકીદ સ્વરૂપે પોતાની કિતાબ અને રસૂલ મોકલે છે, અલ્લાહ તઆલાના રસૂલ

તેમની સમજદારી અને કેળવણીમાં કોઈ કચાસ રાખતા નથી, તે તેમને અલ્લાહ તઆલાની મહાન શક્તિનો સાક્ષાત્કાર પણ મોઅ્જિઝા સ્વરૂપે કરાવે છે, જ્યારે કોઈ વ્યક્તિ અથવા કોમ આ બધી બાબતોથી બિલકુલ આંખો બંધ કરી લે અને અલ્લાહની ચેતવણીઓમાંથી કોઈના ઉપર ધ્યાન ન ધરે તો પછી અલ્લાહ તઆલાની આદત એવા લોકો વિશે એ જ છે કે દુનિયામાં પણ તેમના ઉપર અઝાબ આવે છે અને આખિરતના કાયમી અઝાબમાં પણ તેઓ સપડાઈ જાય છે. ઈરશાદ છે, كَدَاْبِ اٰلِ فِرْعَوْنَ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ તેમાં دَاْبِ (દઅ્બ)નો અર્થ "ટેવ" થાય છે, અર્થ એ છે કે જેમકે ફિરઔનવાળાઓ અને તેનાથી અગાઉના બળવાખોર કાફિરો વિશે અલ્લાહ તઆલાની ટેવ દુનિયા જાણી ચૂકી છે કે, ફિરઔનને તેના બધા સેવકો અને યોદ્ધાઓ સહિત દરિયામાં ડૂબાડી દીધો અને તેનાથી અગાઉ આદ અને ષમૂદની કોમોને વિવિધ પ્રકારના અઝાબ દ્વારા હલાક કરવામાં આવ્યા.

كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ તે લોકોએ અલ્લાહ તઆલાની આયતો અને નિશાનીઓને જૂઠાડી તો અલ્લાહ તઆલાએ તેમને પોતાના અઝાબમાં પકડી લીધા, اِنَّ اللّٰهَ قَوِىٌّ شَدِيْدُ الْعِقَابِ કારણ એ છે કે અલ્લાહ તઆલા મહાશક્તિશાળી છે, કોઈ શક્તિશાળી અથવા બહાદુર પોતાની શક્તિના બળે તેના અઝાબમાંથી મુક્તિ પામી શકતો નથી અને અલ્લાહ તઆલાની સજા પણ ઘણી કઠોર હોય છે.

ચોથી આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના ઈનામો અને બખ્શીશને કાયમ રાખવાનો એક ખાસ નિયમ વર્ણન કર્યો છે. اِنَّ اللّٰهَ لَمْ يَكُ مُغَيِّرًا نِّعْمَةً اَنْعَمَهَا عَلٰى قَوْمٍ حَتّٰى يُغَيِّرُوْا مَا بِاَنْفُسِهِمْ એટલે કે, અલ્લાહ તઆલા જે નેઅ્મત કોઈ કોમને અર્પણ કરે છે તેને તે સમય સુધી નથી બદલતો જ્યાં સુધી એ લોકો પોતે જ પોતાની પરિસ્થિતિ અને અમલોને બદલી ન નાંખે.

અહીંયાં પ્રથમ વાત ધ્યાન આપવા પાત્ર એ છે કે, અલ્લાહ તઆલાની બખ્શીશ અને નેઅ્મતો માટે કોઈ ખાસ કાયદો વર્ણન કરવામાં નથી આવ્યો, ન તો તેના માટે શરત કે સીમા નક્કી કરવામાં આવી અને ન જ તેને કોઈ સારા કાર્યો ઉપર અવલંબિત રાખવામાં આવ્યું, કારણ કે જો એવું હોત તો સૌ પ્રથમ નેઅ્મત જે પોતે આપણું અસ્તિત્વ છે અને તેમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની આશ્ચર્યજનક

કળા-કારીગીરીની હજારો નવાઈ ઉપજાવે એવી નેઅ્મતો અને તંત્રો મૂકવામાં આવ્યા છે, આ નેઅ્મતો દેખીતું છે કે તે સમયે અર્પણ કરવામાં આવી હતી જ્યારે કે ન તો આપણું અસ્તિત્વ હતું કે ન જ આપણા અમલો વજૂદમાં હતા.

ما نبوديم وتقاضا ما نبود لطف تو نا گفتۂ ما مى شنود

ન તો અમે પોતે અસ્તિત્વમાં હતા ન જ અમારી માંગણી હતી,
તું એવો મહેરબાન છે કે અમારી માંગણી ન હોવા છતાં પણ સાંભળે છે
(એટલે કે માંગ્યા વિના આપે છે)

જો અલ્લાહ તઆલાના ઈનામો અને અહેસાનો બંદાઓના નેક અમલોની રાહ જોતા હોત તો આપણું અસ્તિત્વ જ કાયમ ન રહી શક્યું હોત.

અલ્લાહ તઆલાની નેઅ્મત તો તેના રબ્બુલ આલમીન અને રહમાન તથા રહીમ હોવાના સ્વરૂપમાં આપમેળે મળે છે, હા ! આ નેઅ્મત અને કૃપાને કાયમ રાખવા અને સદાના માટે ટકાવી રાખવાનો એક નિમય આ આયતમાં વર્ણન કરવામાં આવ્યો કે, જે કોમને અલ્લાહ તઆલા કોઈ નેઅ્મત આપે છે તેની પાસેથી એ નેઅ્મતને તે સમય સુધી પાછી નથી લેતો જ્યાં સુધી કે તે પોતાની પરિસ્થિતિ અને અમલોને બદલીને પોતે જ અલ્લાહ તઆલાના અઝાબને આમંત્રણ ન આપે.

પરિસ્થિતિ બદલવાનો અર્થ એ છે કે, સારા કૃત્યો અને પોતાની પરિસ્થિતિને બદલીને ખરાબ અમલો અને દુષ્ટ પરિસ્થિતિઓ અપનાવી લે અથવા એ કે અલ્લાહની નેઅ્મતોની વર્ષાના સમયે જે દુષ્ટ કર્મો અને ગુનાહોમાં સપડાયેલો હતો હવે નેઅ્મતો મળ્યા પછી તેનાથી વધારે ખરાબ પ્રવૃત્તિઓમાં સપડાઈ જાય.

એની વિગતથી એ પણ જાણ થઈ ગઈ કે, જે કોમોનું વર્ણન પાછલી આયતોમાં આવ્યું છે એટલે કે કુરૈશના કાફિરો અને ફિરઔનવાળાઓ; તેનો સંબંધ આ આયત સાથે એ બીના ઉપર છે કે, આ લોકો જો કે અલ્લાહ તઆલાની નેઅ્મતો મળવાના સમયે પણ સારી પરિસ્થિતિમાં ન હતા, બલકે બધા જ મુશ્રિકો અને કાફિરો જ હતા અને અલ્લાહના ઈનામો મળ્યા પછી પણ આ લોકો પોતાના દુષ્કૃત્યો અને શરારતોમાં પહેલાંથી વધારે પ્રગતિ કરી ગયા.

ફિરઔનવાળાઓએ બની ઈસ્રાઈલ ઉપર પ્રકાર-પ્રકારના અત્યાચાર કરવાની શરૂઆત કરી દીધી, પછી હઝરત મૂસા (અલૈ.)ના મુકાબલા અને વિરોધ માટે ઊભા થઈ ગયા જે તેમના પાછલા અપરાધોમાં એક સખત વધારો હતો જેના દ્વારા તેમણે પોતાની પરિસ્થિતિને વધારે દુષ્ટતા તરફ પરિવર્તિત કરી દીધી તો અલ્લાહ તઆલાએ પણ પોતાની નેઅ્મતને અઝાબ અને અપમાન દ્વારા બદલી નાંખી, એ જ પ્રમાણે મક્કાના કુરૈશીઓ જો કે મુશ્રિક અને દુષ્ટ આચાર-વિચારના હતા પરંતુ એની સાથે-સાથે તેમનામાં અમુક સારા અમલો એટલે કે, સગાં-વહાલાંઓ સાથે સારો વર્તાવ, મહેમાન નવાઝી, હાજીઓની સેવા-ચાકરી, બયતુલ્લાહની ઈજ્જત વગેરે જેવી સારી ટેવો પણ હતી, અલ્લાહ તઆલાએ તેમના ઉપર દીન અને દુનિયાની નેઅ્મતોના દરવાજાઓ ખોલી દીધા, દુનિયામાં તેમના વેપાર-વાણિજ્યમાં પ્રગતિ આપી અને એવા પ્રદેશમાં કે જ્યાં કોઈ વેપારી કાફલો સલામતી સાથે પસાર થઈ શકતો ન હતો તે લોકોના વેપારી કાફલાઓ સિરીયા અને યમનમાં જતા અને સફળતાપૂર્વક પાછા આવતા હતા, જેનું વર્ણન કુર્આને કરીમે لِإِيلَٰفِ સૂરતમાં رِحۡلَةَ ٱلشِّتَآءِ وَٱلصَّيۡفِ (૧૦૬ : ૨)ના વિષય હેઠળ કર્યું છે.

અને દીનના આધારે તેમને તે મહાન નેઅ્મત અર્પણ કરવામાં આવી જે તેમનાથી અગાઉની કોઈ કોમને મળી ન હતી કે, સય્યિદુલ અંબિયા ખાતિમુન્નબિય્યીન ﷺ તેમનામાં મબ્ઊષ થયા, અલ્લાહ તઆલાની શ્રેષ્ઠ અને અંતિમ કિતાબ (કુર્આને કરીમ) તેમનામાં મોકલવામાં આવી.

પરંતુ આ લોકોએ અલ્લાહ તઆલાના તે ઈનામોની શુક્રગુઝારી તથા કદર કરવાના અને તેના દ્વારા પોતાની પરિસ્થિતિને સુધારવાના બદલે પ્રથમ કરતાં પણ વધારે ધૃણાસ્પદ કાર્યોમાં પ્રવૃત્ત થઈ ગયા કે, તેઓ પરસ્પર સદ્‌વર્તાવ છોડીને મુસલમાન થઈ જનારા ભાઈ-ભત્રીજાઓ ઉપર ઘાતકી અત્યાચાર કરવા લાગ્યા, મહેમાન નવાઝીના બદલે મુસલમાનો ઉપર દાણા-પાણી બંધ કરવાના કરારો લખવામાં આવ્યા, હાજીઓની સેવા-ચાકરી કરવાને બદલે મુસલમાનોને હરમમાં પ્રવેશવાથી અટકાવવા લાગ્યા, આ તે પરિસ્થિતિ હતી જેને કુરૈશના કાફિરોએ બદલી, તેના પરિણામે અલ્લાહ તઆલાએ પોતાની નેઅ્મતો અને મહેરબાનીઓને અઝાબના સ્વરૂપમાં પરિવર્તિત કરી આપી કે, તેઓ દુનિયામાં

પણ અપમાનિત થયા અને જે હસ્તી દુનિયામાં રહમતુલ્લિલ્ આલમીન (સમગ્ર વિશ્વો માટે દયા અને કૃપા) બનીને આવી હતી તેમના દ્વારા જ તેમની મોત અને તેમના સર્વનાશને આમંત્રણ આપી દીધું.

તફસીરે મઝહરીમાં ભરોસાપાત્ર ઈતિહાસના સંદર્ભથી લખવામાં આવ્યું છે કે, કિલાબ બિન મરવહ જે રસૂલે કરીમ ﷺની ત્રીજી પેઢીએ દાદા છે, તેઓ શરૂઆતથી જ હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના દીનના પાબંદ અને તેના ઉપર કાયમ રહેનારા હતા અને પેઢી-દરપેઢી આ દીનની આગેવાની અને પ્રતિષ્ઠા તેમના હાથમાં જ રહી, કુશય બિન કલાબના યુગના સમયમાં આ લોકોમાં મૂર્તિપૂજાની શરૂઆત થઈ તેનાથી પહેલાં કઅ્બ બિન લય્યનો દીની કાયદો હતો કે તેઓ જુમ્આના દિવસે જેને તેમની ભાષામાં عَـرُوْبَـۃ (અરૂબહ) કહેવામાં આવતું હતું, સઘળા લોકોને ભેગા કરીને પ્રવચન આપ્યા કરતા અને બતાવતા કે, તેમની અવલાદમાં અંતિમ નબી (ﷺ) પેદા થશે, તેમનું અનુસરણ સૌના માટે જરૂરી હશે, જે તેમના ઉપર ઈમાન નહિ લાવે તેનો અમલ સ્વીકાર્ય હશે નહીં. રસૂલે કરીમ ﷺ વિશે તેમની અરબી શાયરીઓ (ઈસ્લામ પહેલાંના) અજ્ઞાનતાકાળના શાયરોમાં ખૂબ પ્રખ્યાત છે અને આ જ કુશય બિન કિલાબ સમગ્ર હાજીઓ માટે ભોજન અને પાણીની વ્યવસ્થા કરતા હતા, એટલે સુધી કે આ વસ્તુઓ રસૂલે કરીમ ﷺના કુટુંબમાં તેમના સમયકાળ સુધી કાયમ રહી, આ ઐતિહાસિક ખુલાસા વડે એ પણ કહી શકાય છે કે કુરૈશની પરિસ્થિતિના પરિવર્તનથી એ અર્થ હોઈ શકે છે કે કુરૈશે ઈબ્રાહીમ (અલૈ.)નો દીન છોડીને મૂર્તિપૂજા અપનાવી લીધી.

મતલબ કે, આયતના વિષયથી એ જાણ થાય છે કે અમુક સમયે અલ્લાહ તઆલા પોતાની નેઅ્મત અમુક એવા લોકોને પણ અર્પણ કરે છે જેઓ પોતાના અમલથી તેના હકદાર નથી હોતા, પરંતુ નેઅ્મત અર્પણ કર્યા પછી જો તે પોતાની પ્રવૃત્તિઓની દિશા સુધારણા અને સાચા માર્ગ તરફ વાળવાના બદલે દુષ્ટ પ્રવૃત્તિઓમાં વધારે પ્રગતિ કરવા લાગે તો પછી આ નેઅ્મત તેમની પાસેથી ખૂંચવી લેવામાં આવે છે અને તેઓ અલ્લાહના અઝાબના હકદાર બની જાય છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَاَنَّ اللّٰـهَ سَمِیۡعٌ عَلِیۡمٌ એટલે કે, અલ્લાહ

તઆલા તેમની દરેક વાતચીતને સાંભળનાર અને તેમની દરેક પ્રવૃત્તિ અને આચરણને જાણનારો છે અને તેમાં કોઈ ભૂલ અથવા ગેરસમજની સંભાવના નથી.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૫૪ થી ૫૮)

كَدَأْبِ آلِ فِرْعَوْنَ ۙ وَالَّذِينَ مِن قَبْلِهِمْ ۚ كَذَّبُوا بِآيَاتِ رَبِّهِمْ فَأَهْلَكْنَاهُم بِذُنُوبِهِمْ
وَأَغْرَقْنَا آلَ فِرْعَوْنَ ۚ وَكُلٌّ كَانُوا ظَالِمِينَ ﴿٥٤﴾ إِنَّ شَرَّ الدَّوَابِّ عِندَ اللَّهِ
الَّذِينَ كَفَرُوا فَهُمْ لَا يُؤْمِنُونَ ﴿٥٥﴾ الَّذِينَ عَاهَدتَّ مِنْهُمْ ثُمَّ يَنقُضُونَ عَهْدَهُمْ
فِي كُلِّ مَرَّةٍ وَهُمْ لَا يَتَّقُونَ ﴿٥٦﴾ فَإِمَّا تَثْقَفَنَّهُمْ فِي الْحَرْبِ فَشَرِّدْ بِهِم مَّنْ خَلْفَهُمْ
لَعَلَّهُمْ يَذَّكَّرُونَ ﴿٥٧﴾ وَإِمَّا تَخَافَنَّ مِن قَوْمٍ خِيَانَةً فَانبِذْ إِلَيْهِمْ عَلَىٰ سَوَاءٍ ۚ
إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْخَائِنِينَ ﴿٥٨﴾

તરજુમો :

જેવી રીતે ફિરઔનવાળાઓની અને જે તેમનાથી પહેલાં હતા (તેમની) નીતિરીતી હતી કે તેમણે પોતાના પરવરદિગારની વાતો જૂઠાડી પછી અમે તેમને તેમના ગુનાહો ઉપર હલાક કરી નાખ્યા અને અમે ફિરઔનવાળાઓને ડૂબાડી દીધા અને બધા જ જાલિમો હતા. (૫૪) નિઃશંક ! બધા સજીવોમાં અલ્લાહના ત્યાં બદ્તર તે છે જેઓ ઈન્કારી થયા પછી તેઓ ઈમાન લાવતા (જ) નથી. (૫૫) તેમનામાંથી જેમની સાથે તમે કરાર કર્યો છે પછી તેઓ દરેક વખતે પોતાનો કરાર તોડે છે અને તેઓ ડરતા નથી. (૫૬) બસ, જો તમે તેમને લડાઈમાં પામો તો તેમને એવી સજા આપો કે તેમની પાછળવાળા જોઈને નાસી છૂટે જેથી તેમને ઈબ્રત થાય (બોધ મળે). (૫૭) અને જો તમને કોઈ કોમથી દગાખોરીનો ડર હોય તો તેમનો કરાર તેમના તરફ એવી રીતે ફેંકી દો કે (તેની જાણકારીમાં) તમે અને તેઓ સરખા થઈ જાઓ, બેશક ! અલ્લાહને દગાબાજો પસંદ નથી. (૫૮)

તફસીર :

(બસ આ પરિવર્તનના હુકમમાં પણ) તેમની હાલત ફિરઔનવાળાઓ અને તેમનાથી અગાઉના લોકો જેવી છે કે તેમણે પોતાના પરવરદિગારની આયતોને જૂઠાડી તેના ઉપર અમે તેમને તેમના (તે) ગુનાહોના કારણે હલાક કરી નાંખ્યા અને (તેમાંય) ફિરઔનવાળાઓને ખાસ રીતે હલાક કરી નાંખ્યા કે, (તેમને) ડૂબાડી દીધા અને તે (ફિરઔનવાળાઓ અને તે અગાઉના લોકો) બધા જાલિમો હતા, નિઃશંક ! બદ્તરીન મખ્લૂક અલ્લાહ નજીક તે કાફિર લોકો છે (જ્યારે એ બાબત અલ્લાહની જાણમાં જ છે કે એવા લોકો) તો આ ઈમાન ન લાવશે જેમની એ હાલત છે કે તમે તેમનાથી (કેટલીય વાર) કરાર લઈ ચૂક્યા છો (પરંતુ) તે છતાં (પણ) તેઓ દરેક સમયે પોતાનો કરાર ભંગ કરી નાંખે છે અને તે (કરારભંગ કરવાથી) ડરતા નથી, બસ જો તમે લડાઈમાં તે લોકો ઉપર કાબૂ પ્રાપ્ત કરો (અને એ લોકો તમારા હાથમાં આવે) તો તેમના ઉપર આક્રમણ કરીને અને અન્ય લોકો કે જેઓ તેમના સિવાયના છે વેર-વિખેર કરી નાંખો જેથી તે લોકો સમજી જાય (કે કરારભંગ કરવાનો આ વબાલ હતો, અમારે એવું ન કરવું જોઈતું હતું; આ હુકમ તો તે સમયનો છે કે જ્યારે તે લોકોએ કરારને ખુલ્લમ-ખુલ્લો તોડી નાંખ્યો હોય) અને જો (હજુ સુધી ખુલ્લમ-ખુલ્લો કરારભંગ નથી કર્યો પરંતુ) તમને કોઈ કોમથી ખયાનત (એટલે કે કરારભંગ)ની શંકા હોય તો (પરવાનગી છે કે) તમે તે કરાર તેમને એ રીતે પરત કરી આપો (એટલે કે એ રીતે તે કરારને બાકી ન રહેવા દો કે તેમને તેની જાણ કરી દો) કે તમે અને તે (આ કરાર સમાપ્ત થવાની જાણકારીમાં) બરાબર થઈ જાઓ (અને એવી સ્પષ્ટ જાણકારી આપ્યા વિના યુદ્ધ કરવું ખયાનત છે અને) નિઃશંક ! અલ્લાહ તઆલા ખયાનત કરનારાઓને પસંદ કરતો નથી.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતનો વિષય બલકે શબ્દો લગભગ તે જ છે જે એક આયત અગાઉ આવી ચૂક્યા છે. كَدَأْبِ اٰلِ فِرْعَوْنَ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ فَاَخَذَهُمُ بِذُنُوْبِهِمْ પરંતુ વર્ણન કરવાનો હેતુ બંનેમાં ભિન્ન-ભિન્ન છે, પ્રથમ આયતમાં એવું વર્ણન કરવાનો હેતુ હતો કે આ લોકોનું કુફ્ર તેમના

અઝાબનું કારણ બન્યું અને આ આયતમાં મકસદ એ છે કે, અલ્લાહ તઆલાનો સામાન્ય નિયમ એ છે કે, જ્યારે કોઈ કોમ ઉપર અલ્લાહ તઆલાની નેઅ્મતો ઊતરતી હોય અને તે તેની કદર ન જાણે તથા અલ્લાહની સામે ન નમે તો તેની નેઅ્મતો મુસીબતો અને તકલીફો વડે બદલી નાંખવામાં આવે છે. ફિરઔનની કોમ અને તેનાથી અગાઉની કોમોએ પણ જ્યારે અલ્લાહ તઆલાની નેઅ્મતોની કદર ન કરી તો તેમની પાસેથી નેઅ્મતો ઝૂંટવી લેવામાં આવી અને આ નેઅ્મતોના બદલે તેમને અઝાબમાં પકડી લેવામાં આવ્યા, અમુક શબ્દોમાં પણ ક્યાંક-ક્યાંક તફાવત કરીને ખાસ-ખાસ ઈશારા કરવામાં આવ્યા છે, દાખલા તરીકે પ્રથમ આયતમાં كَفَرُوْا بِاٰيٰتِ اللّٰهِ ના શબ્દો હતા અને અત્રે بِاٰيٰتِ رَبِّهِمْ ના શબ્દો છે. શબ્દ "અલ્લાહ"ના બદલે અલ્લાહના ગુણવાચક નામ "રબ્બ"નું વર્ણન કરીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે આ લોકો ઘણા મોટા અત્યાચારીઓ અને સત્યથી અપરિચિત રહેનારા હતા કે જે હસ્તી તેમનો પરવરદિગાર (રબ્બ) છે તેણે તેમને તેમના અસ્તિત્વની શરૂઆતથી લઈ ઉપસ્થિત પરિસ્થિતિ સુધી પહોંચાડ્યા અને આ જ નેઅ્મતો અને ઈનામોમાં તેમનું પાલન-પોષણ કર્યું છે, પરંતુ આ દુષ્ટ લોકો તેની જ નિશાનીઓને જૂઠાડવા લાગ્યા.

વળી, પ્રથમ આયતમાં فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ફરમાવ્યું હતું. અત્રે فَاَهْلَكْنٰهُمْ بِذُنُوْبِهِمْ ઈરશાદ થયો છે, એમાં આ સંભાવનાની વિગત અને ખુલાસો થઈ ગયો, કારણ કે પ્રથમ આયતમાં તેમને અઝાબમાં પકડી લીધાનો ઉલ્લેખ થયો છે જેના વિવિધ સ્વરૂપો હોઈ શકે છે કે, તેઓ જીવંત અને બાકી રહીને મુસીબતોમાં ઘેરાય જાય અથવા મૂળેથી તેમનું અસ્તિત્વ જ નષ્ટ કરી નાંખવામાં આવે, આ આયતમાં اَهْلَكْنٰهُمْ (અહ્‌લકનાહુમ) ફરમાવીને સ્પષ્ટ કરી દીધું કે આ બધી કોમોની સજા સજાએ મોત હતી, અમે તેમને હલાક કરી નાંખ્યા, દરેક કોમના સર્વનાશના વિવિધ સ્વરૂપો જાહેર થઈ ચૂક્યા છે, તેમાંથી ફિરઔન કારણ કે ખુદાઈનો દાવે'દાર હતો અને તેની કોમ તેનું સમર્થન કરતી હતી, એટલા માટે વિશેષ સ્વરૂપે એનું વર્ણન કરવામાં આવ્યું છે. وَاَغْرَقْنَآ اٰلَ فِرْعَوْنَ એટલે કે, અમે ફિરઔનવાળાઓને ડૂબાડી દીધા, બીજી કોમોના સર્વનાશ કરવાના વિવિધ સ્વરૂપો અત્રે વર્ણન કરવામાં નથી આવ્યા, બીજી આયતોમાં તેની વિગત પણ ઉપસ્થિત છે કે કોઈના ઉપર ધરતીકંપ આવ્યો તો કોઈને જમીનમાં ધસાવી

દેવામાં આવ્યા, કોઈના ચહેરાઓ બદલી નાંખવામાં આવ્યા, કોઈના ઉપર હવાનું તોફાન આવ્યું અને અંતે મક્કાના મુશ્રિકોને ગઝ્વએ બદ્રમાં અઝાબ આપ્યો.

ત્યાર પછીની આયતમાં તે જ કાફિરો વિશે ઈરશાદ ફરમાવ્યો, اِنَّ شَرَّ الدَّوَآبِّ عِنْدَ اللّٰهِ الَّذِيْنَ كَفَرُوْا તેમાં શબ્દ دَوَابّ (દવાબ્બ) એ دَابَّة (દાબ્બહ)નું બહુવચન છે, જેનો શાબ્દિક અર્થ જમીન ઉપર ચાલનારા થાય છે, એટલા માટે મનુષ્ય અને જમીન ઉપર ચાલનારા જેટલા પણ પ્રાણીઓ છે તે બધા જ આ શબ્દમાં સામેલ છે પરંતુ સામાન્ય રૂઢિપ્રયોગમાં આ શબ્દ ખાસ પશુઓ-જાનવરો માટે બોલવામાં આવે છે, તે લોકોની અજ્ઞાનતાની હાલત જાનવરોથી પણ વધારે નિમ્નકક્ષાની હતી, એટલા માટે તેમને આ શબ્દથી ઓળખાવવામાં આવ્યા. આયતનો અર્થ સ્પષ્ટ છે કે, સઘળા જાનવરો અને મનુષ્યોમાં સૌથી બદ્તરીન સજીવ આ લોકો છે. અંતિમ આયતમાં ફરમાવ્યું છે કે, فَهُمْ لَا يُؤْمِنُوْنَ એટલે કે, આ લોકો ઈમાન લાવશે નહીં. અર્થ એ છે કે, તે લોકોએ અલ્લાહની અર્પણ કરેલ બુદ્ધિ અને ક્ષમતાને બરબાદ તથા વ્યર્થ કરી દીધી, પશુઓની જેમ ખાવા-પીવા, સૂવા-જાગવાને જીવનનો હેતુ બનાવી લીધો, એટલા માટે તેમની પહોંચ ઈમાન સુધી ન થઈ શકી.

હઝરત સઈદ બિન ઝુબૈર (રદિ.)એ ફરમાવ્યું કે, આ આયત યહૂદીઓના તે છ વ્યક્તિઓ વિશે આવી છે જેના વિશે અલ્લાહ તઆલાએ અગાઉથી જ ખબર આપી દીધી હતી કે આ લોકો છેવટ સુધી ઈમાન નહીં લાવે.

વળી આ શબ્દોમાં તે લોકોને પણ અઝાબથી અલગ કરવાનું મંજૂર છે કે જો કે તે સમયે તેઓ કાફિરોની સાથે થઈ ગયા છે અને મુસલમાનો તથા ઈસ્લામ વિરુદ્ધ સંઘર્ષમાં પ્રવૃત્ત થઈ ગયા છે, પરંતુ ભવિષ્યમાં આવનારા કોઈ સમયમાં ઈસ્લામનો સ્વીકાર કરીને પોતાની ભૂતકાળની ભૂલોથી તવબહ કરી લેશે, એટલા માટે એવું જ થયું કે તેમાંથી ઘણી મોટી સંખ્યામાં લોકો મુસલમાન થઈને ન જ ફક્ત પોતે નેક અને પરહેઝગાર બની ગયા બલકે દુનિયાની સુધારણા કરનારા અને પરહેઝગારીના પ્રચારક બનીને ઊભા થઈ ગયા.

ત્રીજી આયત اَلَّذِيْنَ عٰهَدْتَّ مِنْهُمْ ثُمَّ يَنْقُضُوْنَ عَهْدَهُمْ فِىْ كُلِّ مَرَّةٍ وَّهُمْ لَا يَتَّقُوْنَ આ આયત મદીનાના યહૂદીઓ બનૂ કુરયઝા અને બનૂ નઝીર વિશે છે. પાછલી

આયતોમાં મક્કાના મુશ્રિકો ઉપર બદ્રના મેદાનમાં મુસલમાનોના હાથે અલ્લાહનો અઝાબ નાઝિલ કરવાનું વર્ણન અને પાછલી આયતોમાં કાફિરોથી તેમની બરાબરીનું વર્ણન થયું હતું, આ આયતમાં તે અત્યાચારી સમૂહનું વર્ણન છે, જેઓ મદીનાની હિજરત પછી મુસલમાનો માટે આસ્તીનના સાપ (દગાબાજ ષડ્યંત્રકારીઓ) બન્યા અને જે એક બાજુ તો મુસલમાનો સાથે સુલેહ અને શાંતિનો દા'વો કરતા હતા અને બીજી બાજુ મક્કાના મુશ્રિકો સાથે મળીને મુસલમાનો વિરુદ્ધ ષડ્યંત્રો આચરતા હતા, આ લોકો યહૂદી હતા અને જે રીતે મક્કાના મુશ્રિકોમાં ઈસ્લામ વિરુદ્ધ સૌથી મોટો ઝંડાધારી અબૂજહલ હતો એ જ રીતે મદીનાના યહૂદીઓમાં તેનો ઝંડાધારી કઅ્બ બિન અશરફ હતો.

રસૂલે કરીમ ﷺ જ્યારે હિજરત પછી મદીના તય્યિબહમાં બિરાજમાન થયા, મુસલમાનોના વધતા જતા પ્રભાવને જોઈને આ લોકો દબાઈ ગયા પરંતુ દિલમાં ઈસ્લામ દુશ્મનીની આગ હંમેશા ભડકતી રહેતી હતી.

ઈસ્લામી રાજકરણનો તકાદો હતો કે, જ્યાં સુધી શક્ય હોય મદીનાના યહૂદીઓને કોઈને કોઈ કરાર વડે સાથે રાખવામાં આવે જેથી તેઓ મક્કાવાળાઓના સહાયરૂપ ન બને, યહૂદીઓ પણ પોતે દબાયેલા હોવાના કારણે આ જ બાબતના ઈચ્છુક હતા.

ઇસ્લામી રાજકરણનું પ્રથમ પગલું; "ઈસ્લામી કવમિયત" (ઇસ્લામિક નાગરિકત્વ) :

રસૂલે કરીમ ﷺએ મદીના તય્યિબહ પહોંચીને ઈસ્લામી રાજકરણની સૌ પ્રથમ બુનિયાદ એને બનાવી કે મુહાજિરો અને અન્સારો વચ્ચેના વતન અને જાતિ પૂર્વગ્રહોને સમાપ્ત કરીને એક નવી કોમ "ઈસ્લામિક કોમ"ના નામે સ્થાપિત કરી, મુહાજિરો અને અન્સારોના વિવિધ કબીલાઓને પરસ્પર ભાઈ-ભાઈ બનાવી દીધા અને રસૂલે કરીમ ﷺ દ્વારા અલ્લાહ તઆલાએ અન્સારના પરસ્પરના મતભેદો જે સદીઓથી ચાલી રહ્યા હતા, બધાને દૂર કરીને પરસ્પરમાં પણ અને મુહાજિરોની સાથે પણ ભાઈ-ભાઈ બનાવી દીધા.

બીજું પગલું; યહૂદીઓ સાથે કરાર :

આ રાજકરણનું બીજું પગલું એ હતું કે, બે પ્રકારના હરીફો સામે હતા.

એક મક્કાના મુશ્રિકો કે જેમના ત્રાસના કારણે મુસલમાનોને મક્કા છોડવા મજબૂર થવું પડ્યું હતું અને બીજા મદીનાના યહૂદીઓ જેઓ હવે મુસલમાનોના પાડોશી બની ગયા હતા, તેમાંથી યહૂદીઓ સાથે એક કરાર કરવામાં આવ્યો જેનું કરારનામું વિગતવાર લખવામાં આવ્યું અને આ કરારની પાબંદી મદીનાની આજુબાજુના બધા યહૂદીઓ ઉપર અને એ જ રીતે મુહાજિરો અને અન્સારો ઉપર પણ લાગુ પડતી હતી, કરારનું સંપૂર્ણ લખાણ اَلْبِدَايَةُ وَالنِّهَايَةُ (અલ બિદાયા વન્નિહાયા) ઈબ્ને કષીરમાં અને સીરતે ઈબ્ને હિશામ વગેરેમાં વિગતવાર ઉપસ્થિત છે, તે કરારની મહત્ત્વની કલમ એ હતી કે પરસ્પર વિરોધના સમયે રસૂલે કરીમ ﷺનો ફેંસલો સૌના માટે અમલ કરવા પાત્ર અને ફરજ હતો, બીજી મહત્ત્વની કલમ એ હતી કે મદીનાના યહૂદીઓ મુસલમાનો વિરુદ્ધ કોઈ દુશ્મનને જાહેરમાં અથવા ગુપ્ત રીતે મદદ નહીં કરે, પરંતુ આ લોકોએ ગઝ્વએ બદ્રના સમયે કરારનો ભંગ કરીને મક્કાના મુશ્રિકોની હથિયારો અને યુદ્ધનો સામાન પહોંચાડીને મદદ કરી, પરંતુ જ્યારે ગઝ્વએ બદ્રનું પરિણામ મુસલમાનોના વિજય સ્વરૂપે અને કાફિરોના શરમજનક પરાજય સ્વરૂપે સામે આવ્યું તો પછી આ લોકો ઉપર રુઆબ છવાઈ ગયો અને રસૂલે કરીમ ﷺ સામે હાજર થઈને મા'ફી માંગી અને બહાનાઓ કાઢવા લાગ્યા કે આ વખતે અમારી ભૂલ થઈ ગઈ, અમને મા'ફ કરી દો, હવે અમે કરારભંગ કરીશું નહીં.

રસૂલે કરીમ ﷺએ ઈસ્લામી વિવેકબુદ્ધિ અને પોતાની સ્વાભાવગત દયાવાનવૃત્તિના કારણે તેમની સાથે બીજી વખતે કરારની પુનરાવૃત્તિ કરી નવિનીકરણ કર્યું, પરંતુ આ લોકો પોતાની આદતથી મજબૂર હતા, ગઝ્વએ ઉહદમાં મુસલમાનોની શરૂઆતના નુકશાનની જાણ થઈ તો તેમનો ઉત્સાહ વધી ગયો અને તેમનો સરદાર કઅ્બ બિન અશરફ પોતે મુસાફરી કરીને મક્કા પહોંચ્યો તથા મક્કાના મુશ્રિકોને એ બાબત ઉપર આમંત્રિત અને પ્રોત્સાહિત કર્યા કે, હવે તમે પૂરી તૈયારી સાથે મુસલમાનો ઉપર હુમલો કરો અને મદીનાના યહૂદીઓ તમારો સાથ આપશે.

આ બીજા વખતનો કરારભંગ હતો જે તે લોકોએ ઈસ્લામ વિરુદ્ધ આચર્યો, પ્રસ્તુત આયતમાં તેમના વારંવારના કરારભંગનું વર્ણન કરીને તેમની શરારતોનું વર્ણન કરવામાં આવ્યું છે કે, આ તે લોકો છે કે જેમની સાથે તમે કરાર કરી લીધો

પરંતુ આ લોકો દરેક સમયે પોતાના કરારનો ભંગ કરતા રહ્યા, અંતિમ આયતમાં ઈરશાદ છે, وَهُمْ لَا يَتَّقُوْنَ એટલે કે, એ લોકો ડરતા નથી; તેનો એ અર્થ પણ હોઈ શકે છે કે આ બદ્નસીબ (અક્કરમી) લોકો કારણ કે દુનિયાની લાલસામાં એવા મસ્ત બની ગયા છે અને બેહોશ થઈ ગયા છે કે તેમને આખિરતની કોઈ ચિંતા જ નથી, એટલા માટે તેઓ આખિરતના અઝાબથી ડરતા નથી અને એ અર્થ પણ હોઈ શકે છે કે, આવા દુષ્ટ કરારભંગ કરનાર લોકોનું જે ખરાબ પરિણામ આ દુનિયામાં થતું હોય છે, આ લોકો પોતાની ગફલત અને મૂર્ખતાના કારણે તેનાથી ડરતા નથી.

પછી સમગ્ર દુનિયાએ આંખોથી જોઈ લીધું કે, તે લોકોને પોતાની આ દુષ્ટતાની સજા ચાખવી પડી, અબૂજહલની જેમ કઅ્બ બિન અશરફ માર્યો ગયો અને મદીનાના યહૂદીઓને દેશનિકાલો આપવામાં આવ્યો.

ચોથી આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺને તેમના કરારભંગ વિશે એક સૂચના અને માર્ગદર્શન આપ્યું છે, જેના શબ્દો આ પ્રમાણે છે, فَاِمَّا تَثْقَفَنَّهُمْ فِى الْحَرْبِ فَشَرِّدْ بِهِمْ مَّنْ خَلْفَهُمْ لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ તેમાં શબ્દ تَثْقَفَنَّهُمْ (તષ્કફન્નહુમ)નો અર્થ તેમના ઉપર કાબૂ મેળવવાનો અને شَرِّدْ (શર્રિદ)નું ક્રિયાપદ تَشْرِيْد (તશ્રીદ)થી બન્યું છે, જેનો વાસ્તવિક અર્થ "ભગાડી મૂકવું" અથવા "વેર-વિખેર" કરી નાંખવું બંને થાય છે. આયતનો અર્થ એ છે કે, જો તમે કોઈ યુદ્ધમાં તે લોકો ઉપર કાબૂ મેળવી લો તો તેમને એવી કઠોર અને દર્દનાક સજા આપો જે અન્યો માટે બોધપાઠ થઈ જાય, તેમની પાછળ જે લોકો છે કે જેમનો સહારો લઈ તેઓ ઈસ્લામ દુશ્મનીમાં લાગ્યા છે તે એવું સમજી લે કે હવે ભલાઈ એમાં જ છે કે, અત્રેથી નાસી છૂટી પોતાનો જીવ બચાવી લે, તેનો અર્થ એ છે કે તેમને એવી સજા આપવામાં આવે જેને જોઈને મક્કાના મુશ્રિકો અને અન્ય દુશ્મન કબીલાઓ પણ પ્રભાવિત થાય અને હવે પછી તેમને મુસલમાનોના મુકાબલા માટે આવવાની હિંમત ન રહે.

અંતિમ આયતમાં لَعَلَّهُمْ يَذَّكَّرُوْنَ ફરમાવીને રબ્બુલ આલમીનની સર્વસામાન્ય રહમત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, આ દર્દનાક સજાનો અસલી હેતુ પણ કોઈ બદલો લેવો અથવા પોતાના ગુસ્સાને શાંત પાડવાનો નથી બલકે, તેમાં મસ્લિહત એ છે કે કદાચ આ પરિસ્થિતિ અને હાલત જોઈને એ લોકો

હોશમાં આવી જાય અને પોતાના કર્યા-કરાવ્યા ઉપર અફસોસ કરે અને પોતાની સુધારણા કરી લે.

સુલેહનો કરાર સમાપ્ત કરવાનું સ્વરૂપ :

પાંચમી આયતમાં રસૂલે કરીમ ﷺને યુદ્ધ અને સુલેહના નિયમોની એક મહત્ત્વની કલમ બતાવવામાં આવી છે, જેમાં કરારની પાબંદીની ખાસ અગત્યતાના વર્ણનની સાથે-સાથે એ પણ બતાવવામાં આવ્યું છે કે, જો કોઈ સમયે કરારના બીજા પક્ષ તરફથી ખયાનત એટલે કે, કરારભંગનો ભય ઉપસ્થિત થઈ જાય તો એ જરૂરી નથી કે તમારે કરારની પાબંદી કાયદેસર અમલી રાખવી જોઈએ અને એ પણ જાઈઝ નથી કે કરાર સંપૂર્ણપણે રદ કરતાં પહેલાં તમે તેમના વિરુદ્ધ કોઈપણ પગલાં લો, બલકે સાચું સ્વરૂપ એ છે કે તેમને શાંતિ અને યુદ્ધ ન હોય એવી પરિસ્થિતિમાં એની જાણ કરી આપો કે, તમારી ખોટી નિય્યત અથવા કરાર વિરોધની પ્રવૃત્તિઓ અમે જાણી ચૂક્યા છે અથવા એ કે તમારી પ્રવૃત્તિઓ હવે શંકાસ્પદ બની ગઈ છે, એટલા માટે અમે હવેથી આ કરારના પાબંદ રહીશું નહીં, તમને પણ દરેક રીતે અધિકાર છે કે અમારા વિરુદ્ધ જેટલી કાર્યવાહી કરવા ઈચ્છો, કરો ! આયતના શબ્દો છે,

وَاِمَّا تَخَافَنَّ مِنْ قَوْمٍ خِيَانَةً فَانْبِذْ اِلَيْهِمْ عَلٰى سَوَآءٍ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْخَآئِنِيْنَ

"અને જો તમને કોઈ કોમથી દગાબાજીનો ડર હોય તો (તેમનો કરાર) ફેંકી દો તેમના તરફ કે તમે અને તે બરાબર થઈ જાય; બેશક ! અલ્લાહ તઆલા દગાબાજોને પસંદ કરતો નથી."

અર્થ એ છે કે, જે કોમ સાથે સુલેહનો કરાર થઈ ચૂક્યો છે તેના મુકાબલામાં કોઈ લશ્કરી પગલું ભરવું ખયાનતમાં સામેલ છે અને અલ્લાહ તઆલા ખયાનત કરનારાઓને પસંદ કરતો નથી, ભલે આ ખયાનત કાફિરો સાથે જ કરવામાં આવે તે પણ જાઈઝ નથી, અલબત્ત જો બીજી રીતે કરારભંગનો ભય ઉપસ્થિત થઈ જાય તો એવું કરી શકાય છે કે સ્પષ્ટ રીતે ખુલ્લમ-ખુલ્લા તેમને જાહેરાત કરી જાણકારી આપી દેવામાં આવે કે, હવે પછી અમે કરારના પાબંદ રહીશું નહીં પરંતુ આ જાહેરાત એવી રીતે થાય કે મુસલમાનો અને બીજો પક્ષ આ

જાહેરાતની જાણકારીમાં એકસમાન હોય, એટલે કે એવી પરિસ્થિતિ ઉપસ્થિત કરવામાં ન આવે કે, આ જાહેરાત અને ચેતવણી પહેલાં જ તેમના ઉપર મુકાબલો કરવાની તૈયારીઓ કરી લેવામાં આવે કે તેઓ કશું જાણતા ન હોવાના કારણે તૈયારી પણ ન કરી શકે બલકે જે કંઈ પણ તૈયારી કરવાની છે તે આ જાહેરાત અને ચેતવણી પછી કરવી.

ઈસ્લામ ન્યાય અને ઈન્સાફનો પક્ષધર છે, ખયાનત અને કરારભંગ કરનાર દુશ્મનોના અધિકારોનું પણ રક્ષણ કરે છે અને મુસલમાનોને તેમના મુકાબલામાં એ બાબતના પાબંદ કરવામાં આવે છે કે, કરારને સમાપ્ત કરતા પહેલાં તેમના વિરુદ્ધ તૈયારી પણ કરવામાં ન આવે. *(મઝહરી વગેરે)*

કરાર અને વચનપાલનની એક આશ્ચર્યજનક ઘટના :

અબૂ દાવુદ, તિરમિઝી, નસાઈ, ઈમામ અહમદ બિન હમ્બલ (રહ.)એ સલીમ બિન આમીરની રિવાયતથી નકલ કર્યું છે કે હઝરત મુઆવીયા (રદિ.)નો એક કોમ સાથે એક મુદ્દત માટે યુદ્ધબંધીનો કરાર હતો, હઝરત મુઆવીયા (રદિ.)એ ઇચ્છા વ્યક્ત કરી કે આ યુદ્ધબંધીનો કરાર હોવાથી શાંતિની પરિસ્થિતિમાં પોતાનું લશ્કર અને યુદ્ધનો સરંજામ તે કોમની નિકટ પહોંચાડી દેવામાં આવે જેથી યુદ્ધબંધીનો કરાર પૂરો થતાંની સાથે જ તે દુશ્મન કોમ ઉપર આક્રમણ કરવામાં આવે, પરંતુ બિલકુલ તે સમયે જ્યારે હઝરત મુઆવીયા (રદિ.)નું લશ્કર તે દિશામાં કૂચ આદરી રહ્યું હતું એ જોવામાં આવ્યું કે એક વૃદ્ધ વ્યક્તિ ઘોડા ઉપર સવાર ખૂબ જોરથી નારો લગાવી રહ્યો છે اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ وَفَآءٌ لَا غَدْرًا એટલે કે, તેણે નાર-એ-તકબીરની સાથે એ પણ કહ્યું કે, આપણે કરારને પૂરો કરવો જોઈએ, કરારભંગ ન કરવો જોઈએ, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે કે જે કોમ સાથે કોઈ સુલેહ અથવા યુદ્ધબંધીનો કરાર થઈ જાય તો તેમના વિરુદ્ધ કોઈ ગાંઠ ખોલવી ન જોઈએ અથવા બાંધવી ન જોઈએ, હઝરત મુઆવીયા (રદિ.)ને તેની ખબર થઈ, જોયું તો આ કહેનાર વૃદ્ધ વ્યક્તિ હઝરત અમ્ર બિન અમ્બસહ સહાબી (રદિ.) હતા, હઝરત મુઆવીયા (રદિ.)એ તરત જ પોતાના લશ્કરને પાછા વળવાનો હુકમ આપી દીધો જેથી યુદ્ધબંધીના કરારના સમયમાં લશ્કર મોકલવાનું પગલું ખયાનતમાં સામેલ ન થઈ જાય. *(ઈબ્ને કસીર)*

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૫૯ થી ૬૨)

وَلَا يَحْسَبَنَّ الَّذِينَ كَفَرُوا سَبَقُوا ۚ إِنَّهُمْ لَا يُعْجِزُونَ ﴿٥٩﴾ وَأَعِدُّوا لَهُم مَّا
اسْتَطَعْتُم مِّن قُوَّةٍ وَمِن رِّبَاطِ الْخَيْلِ تُرْهِبُونَ بِهِ عَدُوَّ اللَّهِ وَعَدُوَّكُمْ وَ
آخَرِينَ مِن دُونِهِمْ لَا تَعْلَمُونَهُمُ اللَّهُ يَعْلَمُهُمْ ۚ وَمَا تُنفِقُوا مِن شَيْءٍ فِي
سَبِيلِ اللَّهِ يُوَفَّ إِلَيْكُمْ وَأَنتُمْ لَا تُظْلَمُونَ ﴿٦٠﴾ وَإِن جَنَحُوا لِلسَّلْمِ فَاجْنَحْ
لَهَا وَتَوَكَّلْ عَلَى اللَّهِ ۚ إِنَّهُ هُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿٦١﴾ وَإِن يُرِيدُوا أَن يَخْدَعُوكَ
فَإِنَّ حَسْبَكَ اللَّهُ ۚ هُوَ الَّذِي أَيَّدَكَ بِنَصْرِهِ وَبِالْمُؤْمِنِينَ ﴿٦٢﴾

તરજુમો :

અને કાફિર લોકો એવું ન સમજે કે તેઓ નાસી છૂટયા (બચી ગયા), તેઓ કદાપિ અમને થકવી શકશે નહીં. (૫૯) અને તેમની લડાઈ માટે જે કંઈ શક્તિથી એકઠું કરી શકો તૈયાર કરો અને પાળેલા ઘોડાઓથી કે તેનાથી અલ્લાહના દુશ્મનો ઉપર અને તમારા દુશ્મનો ઉપર ધાક બેસે અને તેમના સિવાય બીજાઓ ઉપર (પણ) જેમને તમે નથી જાણતા, અલ્લાહ તેમને જાણે છે અને જે કંઈ તમે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરશો તે તમને પૂરેપૂરું મળશે અને તમારો હક રહી જશે નહીં. (૬૦) અને જો તેઓ સુલેહ તરફ નમે તો તમે પણ એ જ તરફ નમો અને અલ્લાહ ઉપર ભરોસો કરો, નિઃશંક ! તે જ છે સઘળું સાંભળનારો સઘળું જાણનારો. (૬૧) અને જો તેઓ ઈચ્છે કે તમને દગો આપે તો તમારા માટે અલ્લાહ પૂરતો છે, તેણે જ તમને પોતાની મદદની અને મુસલમાનોની શક્તિ આપી. (૬૨)

તફસીર :

અને કાફિર લોકો એવું ન સમજે કે તેઓ બચી ગયા, ખરેખર તે લોકો (અલ્લાહ તઆલાને) લાચાર કરી શકતા નથી (કે અલ્લાહના હાથમાં નહીં આવે બલકે તે તેમને દુનિયામાં જ સજા બતાવશે, નહિતર આખિરતમાં તો સજા ચોક્કસ જ છે) અને તે કાફિરોના (મુકાબલા) માટે જે પ્રમાણે તમારાથી થઈ શકે

હથિયારોથી અને પાળેલા ઘોડાઓથી સામાન દુરુસ્ત (તૈયાર) રાખો કે એ (સામાન) વડે તમે તેમના ઉપર (પોતાનો) રુઆબ તથા ધાક જમાવી રાખો જેઓ (કુફ્રના કારણે) અલ્લાહના દુશ્મન છે અને (તમારી પડતીની ફિકરમાં રહેવાના કારણે) તમારા દુશ્મન છે (જેમની સાથે રાત-દિવસ તમારો સામનો થતો રહે છે) અને તે ઉપરાંત અન્ય (કાફિરો) ઉપર પણ (રુઆબ જમાવી રાખો) જેની તમને ખબર નથી (બલકે) તેમને અલ્લાહ જ જાણે છે (જેમકે ફારસ અને રૉમના કાફિરો કે જેનો હજુ સુધી તમારી સાથે મુકાબલો નથી થયો પરંતુ સહાબા રદિ.ના શસ્ત્ર-સરંજામ અને તેમની યુદ્ધકળા તેમના સમયમાં તેમના મુકાબલામાં પણ કામ આવી અને તેમના ઉપર પણ ધાક બેસાડી, અમુકના ઉપર વિજય પ્રાપ્ત કરવામાં આવ્યો અને અમુકે જિઝીયાનો સ્વીકાર કર્યો, આ જ તે રુઆબ અને ધાકનો પ્રભાવ હતો) અને અલ્લાહના માર્ગમાં (જેમાં જિહાદ પણ સામેલ છે) જે કંઈ પણ ખર્ચ કરશો (જેમાં તે ખર્ચ પણ સામેલ છે જે યુદ્ધ-સામગ્રી અને સવારીઓની તૈયારીમાં કરવામાં આવે) તે (એટલે કે તેનું વળતર) તમને (આખિરતમાં) પૂરેપૂરું આપવામાં આવશે અને તમારા માટે (તેમાં) કંઈ જ કમી ન થશે અને જો તે (કાફિરો) સુલેહ તરફ નમે અને (જો સુલેહ છતાં એ સંભાવના દેખાતી હોય કે આ તેમનું એક ષડ્યંત્ર લાગે છે તો) અલ્લાહ ઉપર ભરોસો રાખો (આવી સંભાવનાઓનો ભય ન રાખો) નિઃશંક ! તે સઘળું સાંભળનાર બધું જ જાણનાર છે (તેમના નિવેદનો અને હાલતોથી સંપૂર્ણપણે વાકેફ છે અને તેની પોતે વ્યવસ્થા કરી આપશે) અને જો (વાસ્તવમાં એ શક્યતા સાચી હોય અને) તે લોકો (ખરેખર સુલેહ દ્વારા) તમને ધોકો આપવા ઈચ્છે તો અલ્લાહ તઆલા તમારા માટે (મદદ અને હિફાઝત કરવા) પૂરતો છે (જેમકે તેણે શરૂઆતમાં પણ તમારું રક્ષણ કર્યું હતું એટલા માટે) તે એવો જ છે જેણે તમને પોતાની (ગુપ્ત) મદદ (એટલે કે ફરિશ્તાઓ) દ્વારા અને (જાહેર મદદ એટલે કે) મુસલમાનો દ્વારા બળ પ્રદાન કર્યું.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં તે કાફિરોનું વર્ણન છે જે ગઝ્વએ બદ્રમાં સામેલ ન હતા એટલા માટે બચી ગયા અથવા ભાગ લીધા પછી નાસી છૂટયા અને એ પ્રમાણે પોતાના પ્રાણ બચાવી લીધા, તે લોકો વિશે આ આયતમાં

ઈરશાદ છે કે આ લોકો એવું ન સમજે કે અમે બચી ગયા, કારણ કે ગઝ્વએ બદ્ર કાફિરો માટે અલ્લાહનો એક અઝાબ હતો અને તેની પકડથી બચવું કોઈની શક્તિની વાત નથી, એટલા માટે ફરમાવ્યું, اِنَّهُمۡ لَا يُعۡجِزُوۡنَ એટલે કે, આ લોકો પોતાની ચાલાકીથી અલ્લાહને લાચાર કરી શકવાના નથી, તે જ્યારે પકડવા ઈચ્છશે તેઓ એક ડગલું પણ હટી શકશે નહીં, બની શકે છે કે દુનિયામાં જ તેમને પકડી લેવામાં આવે, નહિતર આખિરતમાં તો તેમની ચોક્કસ પકડ થવાની જ છે.

આ આયતે એ તરફ પણ ઈશારો કરી આપ્યો કે, કોઈ અપરાધી ગુનેહગાર જો કોઈ મુસીબત અને તકલીફથી છૂટી જાય અને તો પણ તવબહ ન કરે બલકે, પોતાના ગુનાહ ઉપર અડીખમ અને મક્કમ રહે તો તેઓ એને એ બાબતની નિશાની ન સમજે કે તેઓ સફળ થઈ ગયા અને હંમેશા માટે છૂટી ગયા, બલકે દરેક વખતે તેઓ અલ્લાહની પકડમાં જ છે અને આ ઢીલ તેમનો અઝાબ અને મુસીબતને વધારી રહી છે, ભલે તેઓ તેને અત્યારે અનુભવી શકતા નથી.

જિહાદ માટે શસ્ત્ર-સરંજામની તૈયારી કરવી ફરજ છે :

બીજી આયતમાં ઈસ્લામના સ્વરક્ષણ માટે કાફિરોનો મુકાબલો કરવાની તૈયારીના હુકમમાં ઈરશાદ થયો છે, وَاَعِدُّوۡا لَهُمۡ مَّا اسۡتَطَعۡتُمۡ એટલે કે, કાફિરો માટે યુદ્ધના સરંજામની તૈયારી કરો જેટલું તમારાથી બની શકે, તેમાં યુદ્ધના સરંજામની તૈયારીની સાથે مَّا اسۡتَطَعۡتُمۡ ની શરત લગાવીને આ ઈરશાદ ફરમાવ્યો કે, તમારી સફળતા માટે એ જરૂરી નથી કે તમારા દુશ્મનો પાસે જેટલો અને જેવો સામાન છે તમે પણ એટલો જ પ્રાપ્ત કરી લો, બલકે એટલું પૂરતું છે કે પોતાની શક્તિ અને સામર્થ્ય અનુસાર જે કંઈ શસ્ત્ર-સરંજામ તૈયાર થઈ શકે તે ભેગો કરી લો તો અલ્લાહ તઆલાની મદદ અને સહાય તમારી સાથે હશે.

ત્યારબાદ એ શસ્ત્ર-સરંજામની વિગત આ પ્રમાણે દર્શાવવામાં આવી. مِّنۡ قُوَّةٍ એટલે કે, મુકાબલાની શક્તિ ભેગી કરો અને તેમાં યુદ્ધના બધા જ શસ્ત્રો, સવારીઓ વગેરે પણ સામેલ છે અને પોતાના શરીરની કસરત, યુદ્ધની કળા શીખવી વગેરે પણ; કુર્આને કરીમે આ સ્થળે તે યુગના ઉપસ્થિત હથિયારોનું વર્ણન નથી કર્યું બલકે, શક્તિ અને બળનો સામાન્ય શબ્દ અપનાવીને એ તરફ પણ ઈશારો કરી આપ્યો કે, આ શક્તિ દરેક યુગ અને દરેક પ્રદેશના આધારે

વિવિધ પ્રકારની હોઈ શકે છે, તે યુગના હથિયારો તીર, તલવાર, ભાલા વગેરે હતા, ત્યારબાદના સમયમાં બંદૂક અને તોપોનો યુગ હતો, પછી હવે બૉમ્બ અને રૉકેટનો સમય આવ્યો, એટલે શબ્દ قُـــوَّةٌ (કુવ્વત) "શક્તિ"માં આ બધી જ બાબતો સામેલ છે, એટલા માટે આજના મુસલમાનોએ પોતાની શક્તિ અનુસાર અણુશક્તિ, ટેન્કો અને યુદ્ધ જહાજો, સબમરીનો તથા યુદ્ધ મરીન્સ ભેગી કરવી જોઈએ, કારણ કે આ બધું આ જ શક્તિના અર્થમાં સામેલ છે અને એટલા માટે જે યુદ્ધકળાને શીખવાની આવશ્યકતા હોય તે સૌ જો એ નિય્યતથી હોય કે તેના દ્વારા ઈસ્લામ અને મુસલમાનોની સુરક્ષા તથા કાફિરોના મુકાબલા માટે ઉપયોગ કરવામાં આવશે તો તે પણ જિહાદના હુકમમાં છે.

શબ્દ "કુવ્વત" સામાન્ય રીતે ઉલ્લેખ કર્યા પછી એક ખાસ શક્તિનું વિગતવાર વર્ણન પણ કર્યું, وَمِنْ رِبَاطِ તેમાં શબ્દ رِبَاطِ (રિબાત) એ ક્રિયાપદના અર્થમાં ઉપયોગ થયો છે અને તેનો مَرْبُوْط (મરબૂત) "ધાક બેસાડવી"ના અર્થમાં પણ ઉપયોગ થયો છે, પ્રથમ સ્વરૂપમાં તેનો અર્થ થશે કે ઘોડા બાંધવા અને બીજા સ્વરૂપમાં બાંધેલા ઘોડા; બંનેનો હેતુ એક જ છે કે જિહાદની નિય્યતથી ઘોડા પાળવા અથવા પાળેલા ઘોડાઓને ભેગા કરવા વગેરે. યુદ્ધ-સામગ્રીમાં વિશેષ સ્વરૂપે ઘોડાઓનું વર્ણન એટલા માટે કરવામાં આવ્યું કે તે યુગમાં કોઈ પ્રદેશ અથવા કોમને વિજય અપાવવામાં સૌથી વધારે અસરકારક અને લાભદાયી સાધન ઘોડા જ હતા અને આજે પણ ઘણા એવા સ્થળો છે કે જ્યાં ઘોડા વિના જીત નથી મેળવી શકાતી, એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે ઘોડાની પેશાની (કપાળ)માં અલ્લાહે બરકત રાખી છે.

સહીહ હદીષોમાં રસૂલુલ્લાહ ﷺએ યુદ્ધનો સામાન ઉપલબ્ધ કરવા અને તેમાં ઉપયોગની પ્રેક્ટિસ કરવાને મોટી ઈબાદત તથા મોટા સવાબનું કારણ ઠરાવી દીધું છે, તીર બનાવવા અને ચલાવવા માટે મોટા-મોટા સવાબના વાયદાઓ છે.

અને કારણ કે જિહાદનો મૂળ હેતુ ઈસ્લામ અને મુસલમાનોનો સ્વબચાવ છે અને સંરક્ષણ દરેક યુગ અને દરેક કોમનું અલગ-અલગ પ્રકારે થતું હોય છે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

جَاهِدُوا الْمُشْرِكِيْنَ بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ وَاَلْسِنَتِكُمْ

(રવાહે અબૂ દાવુદ, નસાઈ અને દારમી અન અનસ)

આ હદીષથી જાણ થાય છે કે, જે પ્રમાણે યુદ્ધ અને રક્ષણ હથિયારો દ્વારા થાય છે એ રીતે અમુક સમયે મૌખિક રીતે પણ થાય છે, કલમ (પેન) પણ જીભના જ હુકમમાં છે, ઈસ્લામ અને કુર્આન વડે કુફ્ર અને ઈલ્હાદના હુમલાઓ તેમાં કરવામાં આવતા ફેરફારો કરવાની ચાલબાજીઓ વગેરેથી સુરક્ષા કરવી જીભથી અથવા કલમથી આ પણ એક ખુલ્લી અને સ્પષ્ટ "નસ" દ્વારા જિહાદમાં સામેલ છે.

પ્રસ્તુત આયતમાં યુદ્ધના સરંજામની તૈયારીનો હુકમ આપ્યા પછી તે સામગ્રી ભેગી કરવાની મસ્લિહત અને તેનો અસલ હેતુ પણ આ શબ્દોમાં વર્ણન થયો, تُرْهِبُوْنَ بِهٖ عَدُوَّ اللّٰهِ وَعَدُوَّكُمْ એટલે કે, યુદ્ધના સરંજામ તથા સ્વબચાવ ભેગા કરવાનો અસલ હેતુ યુદ્ધ અથવા લડાઈ કે ખૂનામરકી નથી બલકે, કાફિરો અને મુશ્રિકોને જેર કરવા, તેમના ઉપર ધાક બેસાડવા અને તેમને પરાજિત કરવા માટે છે, તે ક્યારેક ફક્ત મૌખિક રીતે અથવા કલમ દ્વારા પણ થઈ શકે છે અને અમુક સમયે તેના માટે યુદ્ધ પણ આવશ્યક થઈ જાય છે, જેવી પરિસ્થિતિ સામે હશે એ પ્રમાણે રક્ષણ કરવું ફરજ છે.

ત્યારબાદ ઈરશાદ થયો કે, યુદ્ધ અને જિહાદની તૈયારી વડે જે લોકો ઉપર રોફ અને ધાક બેસાડવાનો હેતુ છે તેમનામાં અમુકને તો મુસલમાનો જાણે છે અને તેઓ તે લોકો છે જેમનાથી મુસલ્માનોનો મુકાબલો ચાલુ હતો, એટલે કે મક્કાના કાફિરો અને મદીનાના યહૂદીઓ અને અમુક તે લોકો પણ છે જેમને હજુ સુધી મુસલમાનો જાણતા નથી, તેનો અર્થ આખી દુનિયાના કાફિરો અને મુશ્રિકો છે જે હજુ સુધી મુસલમાનોના મુકાબલામાં નથી આવ્યા પરંતુ ભવિષ્યમાં તેમની સાથે પણ સામનો થવાનો છે, કુર્આને કરીમે આ આયત વડે બતાવી આપ્યું કે, મુસલમાનોએ પોતાના ઉપસ્થિત હરીફના મુકાબલાની તૈયારી કરી લીધી તો તેનો રુઆબ ફક્ત તેમના ઉપર નહીં પડે બલકે દૂર-સુદૂરના કાફિરો, રૉમનો અને ઈરાનીઓ વગેરે ઉપર પણ પડશે, એટલા માટે એવું જ થયું અને ખુલફાએ રાશીદીનના ખિલાફતકાળમાં આ બધા પરાજિત અને પ્રભાવિત થયા.

યુદ્ધનો શસ્ત્ર-સરંજામ ભેગો કરવામાં અને યુદ્ધ કરવામાં માલ-સામાનની પણ અને રકમની પણ જરૂર ઊભી થતી હોય છે, બલકે યુદ્ધની સામગ્રી પણ માલ દ્વારા જ તૈયાર કરવામાં આવી શકે છે, એટલા માટે અલ્લાહના માર્ગમાં માલ ખર્ચ કરવાની ફઝીલત અને તેનો મહાન સવાબ એ રીતે વર્ણન કરવામાં આવ્યો કે, તેના માર્ગમાં તમે જે કંઈ પણ ખર્ચ કરશો તેનું પૂરેપૂરું વળતર તમને આપવામાં આવશે, અમુક સમયે તો માલે ગનીમતના સ્વરૂપે આ બદલો મળી જાય છે, નહિતર આખિરતનો બદલો તો નક્કી જ છે અને દેખીતું છે કે તે વધારે કદર કરવા પાત્ર છે.

ત્રીજી આયતમાં સુલેહના હુકમો અને તેના સંદર્ભોનું વર્ણન છે, ઈરશાદ છે, وَاِنْ جَنَحُوْا لِلسَّلْمِ فَاجْنَحْ لَهَا તેમાં શબ્દ سَلْم (સલ્મ) بِفَتْحِ السِّين (બિફત્હે સીન) ઉપર જબર અને سِلْم (સિલ્મ) "સીન" નીચે જેર, બંને સુલેહના અર્થમાં વપરાય છે. આયતનો અર્થ એ છે કે, જો કાફિરો કોઈ સમયે સુલેહ માટે ઝૂકે તો તમારે પણ સુલેહ માટે તૈયાર થઈ જવું જોઈએ, અત્રે આ શબ્દ ભલાઈ સ્વરૂપે ઉપયોગ કરવામાં આવ્યો છે, તેનો અર્થ એ છે કે જ્યારે કાફિરો સુલેહ તરફ વળી જાય તો તમને અધિકાર છે કે, જો મુસલમાનોની ભલાઈ સુલેહમાં અનુભવો તો સુલેહ કરી શકો છો.

અને اِنْ جَنَحُوْا (ઈન જનહૂ)ની શરતથી જાણ થાય છે કે, સુલેહ એવા સમયે જ કરી શકાય છે કે જ્યારે કાફિરો તરફથી સુલેહની ઈચ્છા પ્રગટ કરવામાં આવે, કારણ કે જો તેમની ઈચ્છા વિના જ મુસલમાનો પોતે જ સુલેહની મંત્રણા કરે તો એ તેમની કમજોરી સમજવામાં આવશે.

હા ! જો કોઈ એવો મોકો આવી પડે કે, મુસલમાનો કોઈ ઘેરામાં ફસાઈ જાય અને પોતાની સલામતી માટે કોઈ સારું સ્વરૂપ સુલેહ વગેરેનું દેખાય તો સુલેહ માટે શરૂઆત કરવી પણ ફુક્હાના મતે જાઈઝ અને નુસૂસના ઈશારાઓથી સાબિત થયેલ છે.

અને કારણ કે દુશ્મન તરફથી સુલેહની ઈચ્છા હોવામાં એ સંભાવના રહે છે કે, તેઓ મુસલમાનોને ધોકો આપીને ગફલતમાં નાંખી દે અને પછી અચાનક હુમલો કરી દે, એટલા માટે અંતિમ આયતમાં રસૂલે કરીમ ﷺને આ સૂચના

આપવામાં આવી છે, وَتَوَكَّلْ عَلَى اللّٰهِ اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ એટલે કે, તમારે અલ્લાહ તઆલા ઉપર જ ભરોસો કરવો કે તે જ સઘળું સાંભળનાર અને બધું જ જોનારો છે, તે તેમની વાતચીતને પણ સાંભળે છે અને તેમના દિલોના ગુપ્ત ઈરાદાઓને પણ સારી પેઠે જાણે છે, તે તમારી સહાય માટે પૂરતો છે, આપ ﷺ આવી દલીલ વિનાની શક્યતાઓ ઉપર પોતાના કાર્યોનો આધાર ન મૂકે અને આવા ખતરાઓને અલ્લાહને હવાલે સોંપી દે.

ત્યારબાદ ચોથી આયતમાં આ વિષયને હજુ વધારે સ્પષ્ટતાથી વિગતવાર આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યો. وَاِنْ يُّرِيْدُوْٓا اَنْ يَّخْدَعُوْكَ فَاِنَّ حَسْبَكَ اللّٰهُ هُوَ الَّذِيْٓ اَيَّدَكَ بِنَصْرِهٖ وَبِالْمُؤْمِنِيْنَ

એટલે કે, જો એ જ સંભાવના ઉપસ્થિત થઈ જાય કે સુલેહ કરવામાં તેમની નિય્યત ખરાબ હોય કે તમને ધોકો જ આપવા ઈચ્છે છે તો પણ તમે તેની કોઈ પરવા ન કરો, કારણ કે અલ્લાહ તઆલા તમારા માટે પૂરતો છે, પ્રથમ પણ અલ્લાહ તઆલાની મદદ અને તેના સમર્થન વડે જ તમારું કામ ચાલ્યું છે, અલ્લાહ તઆલાએ પોતાની વિશિષ્ટ સહાય દ્વારા આપ ﷺનું સમર્થન કર્યું જે તમારા વિજય અને સફળતાનો મૂળ પાયો અને વાસ્તવિક હકીકત છે અને દેખીતી રીતે મુસલમાનોનો સમૂહ રસૂલે કરીમ ﷺની મદદ માટે ઊભો કરી દેવામાં આવ્યો, જે જાહેર કારણોમાંથી એક કારણ છે તો જે હકીકી માલિકે અને સર્વશક્તિમાન અલ્લાહે બધા જ સબબો સફળતા અને વિજયના ઉપસ્થિત કરી અર્પણ કર્યા તે આજે પણ દુશ્મનોની ધોકાબાજી અને દગાખોરીના બદલામાં તમારી મદદ કરશે, અલ્લાહના આ જ વાયદા હેઠળ આ આયત ઊતર્યા પછી રસૂલે કરીમ ﷺ સાથે સમગ્ર જીવન દરમિયાન ક્યારેય એવી ઘટના નથી બની કે, દુશ્મનોની કોઈ ધોકાબાજી કે દગાખોરીથી કોઈ નુકસાન પહોંચ્યું હોય, એટલા માટે વિવરણકાર વિદ્વાનોએ ફરમાવ્યું છે કે, આ વાયદો રસૂલે કરીમ ﷺ માટે એવો છે કે, وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ (૫:૬૭)નો વાયદો કે આ આયતના નાઝિલ થયા પછી રસૂલે કરીમ ﷺએ પોતાની સુરક્ષા કરનાર સહાબા (રદિ.)ને તેમની ફરજમાંથી મુક્તિ આપી દીધી, એટલા માટે એ જાણ થાય છે કે આ વાયદો રસૂલે કરીમ ﷺ સાથે ખાસ હતો. (બયાનુલ કુર્આન) બીજા લોકોએ જાહેર પરિસ્થિતિઓ અને ઘટનાઓના સંદર્ભમાં તેને આધીન રહીને કાર્ય કરવું જોઈએ.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૬૩ થી ૬૬)

وَاَلَّفَ بَيْنَ قُلُوْبِهِمْ ۭ لَوْ اَنْفَقْتَ مَا فِي الْاَرْضِ جَمِيْعًا مَّآ اَلَّفْتَ بَيْنَ قُلُوْبِهِمْ
وَلٰكِنَّ اللّٰهَ اَلَّفَ بَيْنَهُمْ ۭ اِنَّهٗ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٦٣﴾ يٰٓاَيُّهَا النَّبِيُّ حَسْبُكَ اللّٰهُ وَمَنِ اتَّبَعَكَ
مِنَ الْمُؤْمِنِيْنَ ﴿٦٤﴾ يٰٓاَيُّهَا النَّبِيُّ حَرِّضِ الْمُؤْمِنِيْنَ عَلَى الْقِتَالِ ۭ اِنْ يَّكُنْ مِّنْكُمْ
عِشْرُوْنَ صٰبِرُوْنَ يَغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ يَّغْلِبُوْٓا اَلْفًا
مِّنَ الَّذِيْنَ كَفَرُوْا بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ﴿٦٥﴾ اَلْئٰنَ خَفَّفَ اللّٰهُ عَنْكُمْ وَعَلِمَ اَنَّ
فِيْكُمْ ضَعْفًا ۭ فَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ صَابِرَةٌ يَّغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ
اَلْفٌ يَّغْلِبُوْٓا اَلْفَيْنِ بِاِذْنِ اللّٰهِ ۭ وَاللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ ﴿٦٦﴾

તરજુમો :

અને તેમના દિલોમાં ઉલફત (પ્રેમ અને હૂંફની લાગણી) નાંખી, જો તમે જમીનમાં જે કંઈ છે સમગ્ર ખર્ચ કર્યું હોત (તો પણ) તેમના દિલોમાં ઉલફત ન નાંખી શક્યા હોત પરંતુ અલ્લાહે તેમનામાં ઉલફત નાંખી, બેશક ! તે મહાબળવાન છે હિકમતવાળો. (૬૩) હે નબી (صلى الله عليه وسلم) ! તમારા માટે અલ્લાહ પૂરતો છે અને જેટલા તમારી સાથે મુસલમાન છે. (૬૪) હે નબી (صلى الله عليه وسلم) ! મુસલમાનોને લડાઈનો ઉત્સાહ અપાવો, જો તમારામાં વીસ વ્યક્તિઓ અડગ રહેનારા હોય તો બસો ઉપર ગાલિબ (વિજયી) થાય અને જો તમારામાં સો વ્યક્તિ હોય તો હજાર કાફિરો ઉપર ગાલિબ થાય એટલા માટે કે તે લોકો સમજ ધરાવતા નથી. (૬૫) હવે અલ્લાહે તમારા ઉપરથી ભાર હળવો કરી દીધો અને જાણ્યું કે તમારામાં સુસ્તી (કમજોરી) છે, બસ જો તમારામાં સો વ્યક્તિઓ અડગ રહેનારા હોય તો બસો ઉપર ગાલિબ થાય અને જો તમારામાં હજાર હોય તો અલ્લાહના હુકમથી બે હજાર ઉપર ગાલિબ થાય અને અલ્લાહ અડગ રહેનારાઓ (સબ્ર કરનારાઓ)ની સાથે છે. (૬૬)

તફસીર :

અને (મુસલમાનોને મદદનું માધ્યમ બનાવવા માટે) તેમના દિલોમાં એકતા પેદા કરી દીધી (એટલા માટે દેખીતું છે કે જો પરસ્પર એકતા ન હોય તો કોઈ કામ ખાસ કરીને દીનની સહાય ભેગા મળી નથી કરી શકતા અને તેમનામાં રાજ્યનો પ્રેમ અને તેની લાલસા તથા ઈર્ષ્યા અને દુશ્મનીના કારણે આવી એકતા અત્યંત મુશ્કેલ હતી કે) જો તમે (બુદ્ધિ અથવા સંપૂર્ણ યુક્તિ કરીને અને તે સૌ માટે તમારી પાસે એટલો સામાન પણ પૂરતો હોત બલકે એટલે સુધી કે) દુનિયાભરનો માલ (આ કાર્ય માટે) ખર્ચ કર્યો હોત તો પણ તેમના દિલોમાં એકતા પેદા કરી શક્યા ન હોત પરંતુ (આ) અલ્લાહે(પોતાની કુદરત વડે) પરસ્પર એકતા પેદા કરી દીધી, બેશક ! તે જબરદસ્ત છે (કે જે ચાહે પોતાની શક્તિથી કરી આપે છે અને) હિકમતવાળો છે (કે જે પ્રમાણે યોગ્ય હોય તે કામને કરી આપે છે અને જ્યારે અલ્લાહ તઆલાની ગુપ્ત મદદ અને મો'મિનોથી આપ ﷺની સહાય થવાનું જાણી ચૂક્યા તો) હે નબી (ﷺ) ! તેનાથી સાબિત થઈ ગયું કે) તમારા માટે (વાસ્તવમાં) અલ્લાહ પૂરતો છે અને જે મો'મિનોએ તમારું અનુસરણ કર્યું છે (દેખીતી રીતે) તે પૂરતું છે, હે પયગમ્બર (ﷺ) ! તમે મો'મિનોને જિહાદ માટે પ્રોત્સાહિત કરો (અને તેના વિશે આ કાયદો સંભળાવી આપો કે) જો તમારામાં વીસ વ્યક્તિઓ અડીખમ રહેનારા હશે તો (તો પોતાનાથી દશ ગણી સંખ્યા ઉપર એટલે કે) બસો ઉપર વિજયી થશે અને (એ જ પ્રમાણે) જો તમારામાંના સો વ્યક્તિઓ હશે તો એક હજાર કાફિરો ઉપર વિજયી થશે, એ કારણે કે તેઓ (એટલે કે કાફિરો) એવા લોકો છે જેઓ (દીન વિશે) કંઈ જ નથી સમજતા (અને એ કારણે કુફ્ર ઉપર મક્કમ છે અને એના લીધે તેમને ગુપ્ત સહાય નથી પહોંચતી જેથી તેઓ પરાજિત થઈ જાય છે, બસ તમારા માટે વાજિબ છે કે પોતાનાથી દશગણાના મુકાબલાથી પણ પીછેહઠ ન કરો, પ્રથમ આ પ્રમાણે હુકમ નાઝિલ થયો હતો પછી જ્યારે સહાબા રદિ.ને આ હુકમ ખૂબ ભારે લાગ્યો તો વિનંતી કરી તેથી અમુક સમય પછી આ બીજી આયત નાઝિલ થઈ તેણે પ્રથમ હુકમને મન્સુખ કરી દીધો એટલે કે) જો તમારામાં સો વ્યક્તિઓ અડીખમ રહેનારા હશે તો (પોતાનાથી બે ગણી સંખ્યા ઉપર એટલે કે) બસો ઉપર વિજયી થશે અને (એ જ પ્રમાણે) જો તમારામાંથી હજાર હશે તો બે હજાર

ઉપર અલ્લાહના હુકમથી વિજયી થશે અને (અમે જે સબ્ર-ધૈર્ય ધરવાની શરત લગાવી તે એટલા માટે છે કે) અલ્લાહ તઆલા સબ્ર કરનાર (એટલે કે જે દિલ અને કદમને અડીખમ અને મક્કમ રાખે તે)ની સાથે છે (એટલે કે તેમની સહાય કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ અન્ફાલની પ્રસ્તુત ચાર આયતોમાંથી પ્રથમ આયતમાં મુસલમાનો માટે વિજય અને સફળતાનું મૂળ કારણ અને તેને પ્રાપ્ત કરવાની પદ્ધતિનું વર્ણન કરવામાં આવ્યું છે, આથી અગાઉની આયતમાં રસૂલે કરીમ ﷺને એ સંબોધન કરવામાં આવ્યું હતું કે, અલ્લાહ તઆલાની જાત જ છે જેણે પોતાની વિશિષ્ટ પ્રકારની સહાય વડે અને મુસલમાનોના સમૂહથી આપનું સમર્થન અને મદદ કરી છે. આ આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, મુસલમાનોના સમૂહની કોઈ મદદ અથવા સહાય દેખીતું છે કે ફક્ત એ જ સ્વરૂપમાં હોઈ શકે છે જ્યારે કે આ સમૂહ પરસ્પર સંગઠિત હોય અને તેમનામાં એકતા સ્થપાયેલી હોય અને સંગઠન તથા એકતા તેમની શક્તિ અને બળ હોય છે, પરસ્પરની એકતા તથા સંગઠનના સંબંધો મજબૂત હોય તો પછી સમગ સમૂહ મજબૂત છે, જો આ સંબંધો ઢીલા હોય તો સમગ્ર સમૂહ ઢીલો અને કમજોર છે. આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના તે ખાસ ઈનામોનું વર્ણન કર્યું જે રસૂલે કરીમ ﷺના સમર્થન અને મદદ માટે સામાન્ય મુસલમાનોને આપવામાં આવ્યું કે, તેમના દિલોમાં સંપૂર્ણ એકતા અને મહોબ્બત પેદા કરી દીધી, જ્યારે કે રસૂલે કરીમ ﷺની મદીનાની હિજરત પહેલાં તેમના બે કબીલાઓ ઔશ અને ખજરજની પરસ્પર સખત લડાઈઓ થઈ ચૂકી હતી અને ઝઘડાઓ ચાલતા રહેતા હતા. રસૂલે કરીમ ﷺની બરકતથી અલ્લાહ તઆલાએ આ જાની દુશ્મનોને પરસ્પર ભાઈ-ભાઈ બનાવી દીધા, મદીનામાં કાયમ થનારી નવા ઈસ્લામી રાજ્યની સ્થાપના અને તેનું ટકવું તથા દુશ્મનો ઉપર કાબૂ પ્રાપ્ત કરવાનું વાસ્તવિક અને ગુપ્ત કારણ તો અલ્લાહ તઆલાની મદદ અને સહાય હતી અને દેખીતું જાહેર કારણ મુસલમાનોમાં સંપૂર્ણ મહોબ્બત, પ્રેમ, લાગણી, સંગઠન અને એકતા હતું.

તેની સાથે-સાથે આ આયતમાં એ પણ બતાવવામાં આવ્યું છે કે, વિવિધ

લોકોના દિલોને જોડીને તેમનામાં પ્રેમ અને મહોબ્બતની ભાવના પેદા કરવી કોઈ મનુષ્યની શક્તિમાં સમાઈ એવી બાબત નથી, આ ફક્ત તે હસ્તીનું જ કામ છે જેણે સૌને પેદા કર્યા છે, જો કોઈ મનુષ્ય સમગ્ર દુનિયાની દોલત પણ આ કાર્ય માટે ખર્ચી નાંખે કે પરસ્પર નફરત રાખનાર લોકોના દિલોમાં મહોબ્બત પેદા કરે તો આવી બાબત ઉપર તે ક્યારેય કાબૂ પ્રાપ્ત કરી શકતો નથી.

મુસલમાનોની પરસ્પર વાસ્તવિક અને ટકાઉ એકતા અલ્લાહ તઅલાના આજ્ઞાપાલન ઉપર જ અવલંબિત છે :

આથી એ પણ જાણ થઈ કે, લોકોના દિલોમાં પરસ્પર મહોબ્બત અને પ્રેમ-ભાવના અલ્લાહ તઆલાનું ઈનામ છે અને એ પણ જાહેર બાબત છે કે, અલ્લાહ તઆલાની નાફરમાનીની સાથે દુનિયાના આ ઈનામો પ્રાપ્ત કરી શકાતા નથી, બલકે આ ઈનામોની પ્રાપ્તિ માટે તેનું અનુસરણ અને ખુશ્નૂદી શરત છે.

સંગઠનો અને વ્યક્તિઓ વચ્ચે એકતા અને સંગઠિતતા એક એવી બાબત છે જેના સારા અને લાભદાયક હોવામાં કોઈ ધર્મ, સમાજ અને કોઈ પણ બુદ્ધિ ધરાવનાર ચિંતનશીલ વ્યક્તિને વિરોધ નથી હોઈ શકતો અને એટલા જ માટે દરેક વ્યક્તિ જે લોકોની સુધારણાની ચિંતા કરે છે તે તેમને પરસ્પર સંગઠિત કરવા ઉપર ભાર આપે છે, પરંતુ સામાન્ય દુનિયા આ વાસ્તવિકતાથી બેખબર છે કે દિલોની સંપૂર્ણ અને ટકાઉ એકતા જાહેર યુક્તિઓ કે યોજનાઓ દ્વારા પ્રાપ્ત નથી થતી, એ તો ફક્ત અલ્લાહ તઆલાના અનુસરણ અને તેની ખુશીથી પ્રાપ્ત થાય છે, કુર્આને હકીમે આ વાસ્તવિકતા તરફ કેટલીય આયતોમાં ઈશારા કર્યા છે. એક સ્થળે કહ્યું, وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا (૩:૧૦૩) તેમાં વિરોધ અને ફિરકાબંધીથી બચવાની યુક્તિ બતાવવામાં આવી છે કે, બધા મળીને અલ્લાહની રસ્સીને એટલે કે કુર્આન અથવા ઈસ્લામની શરીઅતને મજબૂતીથી પકડી લો તો બધા પરસ્પર આપોઆપ સંગઠિત થઈ જશો અને પરસ્પરના વાદ-વિવાદો સમાપ્ત થઈ જશે. અભિપ્રાયમાં વિરોધાભાસ હોવો એ બીજી બાબત છે અને તે જ્યાં સુધી પોતાની મર્યાદામાં રહે વિવાદ અને ઝઘડાનું કારણ ક્યારેય બનતું નથી. ઝઘડો-ફસાદ ત્યારે જ ઉપસ્થિત થાય છે જ્યારે કે શરીઅતની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવામાં આવે, આજે એકતા-એકતા તો બધા પોકારે છે પરંતુ એકતાનો

અર્થ દરેક વ્યક્તિ પાસે એ હોય છે કે, લોકો મારી વાત માની લે તો એકતા સાધી શકાય, જ્યારે કે અભિપ્રાયોના વિરોધાભાસ બુદ્ધિશાળી અને પ્રમાણિક લોકોમાં થવો જરૂરી અને ટાળી ન શકાય એવી બાબત છે તો એ દેખીતું છે કે, જો દરેક વ્યક્તિનું બીજાની સાથે સહમત થવું એ બાબત ઉપર અવલંબિત રાખવામાં આવે કે, બીજો તેની વાત માની લે તો કયામત સુધી પરસ્પર એકતા નથી સાધી શકાતી, બલકે એકતાનું સાચું અને સ્વાભાવિક સ્વરૂપ તે જ છે જે કુર્આને બતાવ્યું કે, બંને મળીને કોઈ ત્રીજાની વાતનો સ્વીકાર કરી લે અને ત્રીજો તે જ હોવો જોઈએ જેના ફેંસલામાં ભૂલની શક્યતા ન હોય અને દેખીતું છે કે તે માત્ર અલ્લાહ તઆલા જ હોઈ શકે છે, એટલા માટે પ્રસ્તુત આયતમાં એવી સૂચના આપવામાં આવી છે કે, બધા મળીને અલ્લાહની કિતાબને મજબૂતીથી પકડી લો તો પરસ્પરના ઝઘડાઓ સમાપ્ત થઈ જશે અને સંપૂર્ણ એકતા પેદા થઈ જશે.

એક બીજી આયતમાં છે, اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ وُدًّا (૧૯:૯૬) એટલે કે, જે લોકો ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા, અલ્લાહ તઆલા તેમનામાં પરસ્પર પ્રેમ અને મહોબ્બત પેદા કરી આપે છે, આ આયતે સ્પષ્ટ કરી દીધું કે દિલોમાં વાસ્તવિક પ્રેમ અને એકતા પેદા થવાનું મૂળ કારણ ઈમાન અને નેક અમલોની પાબંદી છે, તેના વિના જો ક્યાંક કોઈ એકતા અને સંગઠન કૃત્રિમ રીતે સ્થાપિત પણ કરી લેવામાં આવે તો તે માત્ર બિનપાયેદાર અને કમજોર હશે, નાની સરખી ઠેસ વાગવાથી તે સમાપ્ત થઈ જશે જેનો જાત અનુભવ દુનિયાની સમગ્ર કોમોની પરિસ્થિતિઓ તથા અનુભવોથી થતો રહે છે, ખુલાસો એ છે કે આ આયતમાં રસૂલે કરીમ ﷺ ઉપર અલ્લાહ તઆલાના તે ઇનામોની સ્પષ્ટતા કરવામાં આવી છે જે મદીનાના બધા જ કબીલાઓના દિલોમાં મહોબ્બત પેદા કરીને રસૂલે કરીમ ﷺની મદદ અને સહાય તેમને એક લોખંડની દિવાલ જેવા અડીખમ બનાવી કરવામાં આવી છે.

બીજી આયતમાં પણ આ જ વિષયને ખુલાસા સ્વરૂપે વર્ણન કરીને રસૂલુલ્લાહ ﷺને તસલ્લી આપવામાં આવી છે કે, આપના માટે હકીકતના આધારે અલ્લાહ તઆલા અને જાહેર સ્વરૂપે મો'મિનોની જમાઅત પૂરતી છે, તમે કોઈ મોટામાં મોટા દુશ્મનની સંખ્યા અથવા સરંજામથી ભયભીત ન થાઓ. વિવરણકારોએ ફરમાવ્યું છે કે, આ આયત ગઝ્વએ બદ્રના મેદાનમાં યુદ્ધ શરૂ

થતા પહેલાં નાઝિલ થઈ હતી જેથી ઓછી સંખ્યા અને માલ-સામાનની વંચિતતાના લઈને મુસલમાનો પોતાના વિરોધી પક્ષની મોટી સંખ્યા અને ભારે શસ્ત્ર-સરંજામથી પ્રભાવિત ન થઈ જાય.

ત્રીજી અને ચોથી આયતમાં મુસલમાનો માટે એક યુદ્ધના કાયદાનું વર્ણન છે કે, તેમણે કઈ મર્યાદા સુધી પોતાના હરીફના મુકાબલા ઉપર મક્કમ રહેવું ફરજ છે અને તેનાથી હટી જવું ગુનોહ છે ? પાછલી આયતો અને ઘટનાઓમાં તેનું વર્ણન વિગતવાર આવી ચૂક્યું છે કે, અલ્લાહ તઆલાની ગુપ્ત મદદ મુસલમાનોની સાથે હોય છે, એટલા માટે તેમનો મા'મલો દુનિયાની સામાન્ય કોમ જેવો નથી હોતો, તેઓ થોડી સંખ્યામાં હોવા છતાં ઘણા બધા લોકો ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે, જેમકે કુર્આને કરીમમાં ઈરશાદ છે, كَمْ مِّنْ فِئَةٍ قَلِيْلَةٍ غَلَبَتْ فِئَةً كَثِيْرَةً ۢ بِاِذْنِ اللّٰهِ (૨ : ૨૪૯) એટલે કે, ઘણી નાની સંખ્યા અને સમૂહો અલ્લાહના હુકમથી મોટી સંખ્યાવાળા વિરોધીઓ ઉપર વિજય પ્રાપ્ત કરે છે.

એટલા માટે સૌ પ્રથમ જિહાદ ગઝ્વએ બદ્રમાં ઈસ્લામે દશ મુસલમાનોને સો વ્યક્તિઓ સમાન ઠરાવીને આ હુકમ આપ્યો કે, (૮ : ૬૫)

وَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ يَّغْلِبُوْٓا اَلْفًا مِّنَ الَّذِيْنَ كَفَرُوْا بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ *"જો તમારામાંથી વીસ (૨૦) સબ્ર કરનાર (અડીખમ-મક્કમ) હશે તો તેઓ બસો (૨૦૦) ઉપર ગાલિબ આવશે (વિજયી થશે), અને જો તમારામાંથી એકસો (૧૦૦) હશે તો તેઓ એક હજાર (૧૦૦૦) કાફિરો ઉપર ગાલિબ આવશે."*

આ વિષયની વ્યાખ્યા એક ખબર સ્વરૂપે રાખવામાં આવી છે કે, સો મુસલમાનો એક હજાર કાફિરો ઉપર વિજયી થઈ જશે પરંતુ હેતુ એ હુકમ આપવાનો છે કે, સો મુસલમાનોએ એક હજાર કાફિરોના મુકાબલાથી નાસવું જાઈઝ નથી, વિષય ખબર સ્વરૂપે હોવામાં મસ્લિહત એ છે કે મુસલમાનોના દિલ આ ખુશખબરીથી મજબૂત થઈ જાય કે, અલ્લાહનો વાયદો અમારી સુરક્ષા કરીને અમને વિજય અપાવશે અને હુકમને આજ્ઞાર્થવાચક શબ્દો દ્વારા કાયદા સ્વરૂપે રજૂ કરવામાં આવ્યો હોત તો સ્વાભાવિક રીતે તે તેમને ભારે લાગ્યો હોત.

ગઝ્વએ બદ્ર; પ્રથમ યુદ્ધની એવી હાલત હતી કે જ્યારે કે મુસલમાનોની કુલ સંખ્યા મૂળેથી જ ઘણી ઓછી હતી અને તે પણ બધા મુસલમાનો યુદ્ધના

મોરચા ઉપર ગયા ન હતા, બલકે તાત્કાલિક જે લોકો તૈયાર થઈ શકયા તે જ આ યુદ્ધની સેના બની, એટલા માટે આ યુદ્ધમાં સો મુસલમાનોને એક હજાર કાફિરોનો મુકાબલો કરવાનો હુકમ આપવામાં આવ્યો અને એવી શૈલીમાં આપવામાં આવ્યો કે, વિજય અને મદદનો વાયદો પણ સાથે જ હતો.

ચોથી આયતમાં એ હુકમને હવે પછીના સમય માટે મન્સૂખ (રદ) કરીને બીજો હુકમ આ આપ્યો કે,

اَلْـٰٔنَ خَفَّفَ اللّٰهُ عَنْكُمْ وَعَلِمَ اَنَّ فِيْكُمْ ضَعْفًا ؕ فَاِنْ يَّكُنْ مِّنْكُمْ مِّائَةٌ صَابِرَةٌ يَّغْلِبُوْا مِائَتَيْنِ ۚ وَاِنْ يَّكُنْ مِّنْكُمْ اَلْفٌ يَّغْلِبُوْٓا اَلْفَيْنِ بِاِذْنِ اللّٰهِ وَاللّٰهُ مَعَ الصّٰبِرِيْنَ

"હવે, અલ્લાહે તમારા ઉપરથી ભાર હળવો કર્યો અને જાણી લીધું કે તમે કમજોર છો, બસ જો તમારામાંથી એકસો (૧૦૦) સબ્ર કરનાર (અડીખમ) હોય તો તેઓ બસો (૨૦૦) ઉપર ગાલિબ આવશે." (૮:૬૬)

અત્રે પણ હેતુ એ છે કે સો મુસલમાનોને બસો કાફિરોના મુકાબલાથી પાછા હટવું જાઈઝ નથી, પ્રથમ આયતમાં એક મુસલમાનને દશનો મુકાબલો કરવાથી પીછેહઠ કરવાની મનાઈ કરવામાં આવી હતી, આ આયતમાં એકને બેના મુકાબલાથી ભાગવાની મનાઈ કરી છે અને આ જ અંતિમ હુકમ છે જે હંમેશા માટે બાકી અને લાગુ પડેલો રહેશે.

અત્રે પણ હુકમનો હુકમના વિષય હેઠળ ઉલ્લેખ નથી, બલકે એક ખબર અને ખુશખબરીની શૈલીમાં વર્ણન થયું છે, જેમાં કહ્યું છે કે એક મુસલમાનને બે કાફિરોના મુકાબલા ઉપર અડીખમ રહેવાનો હુકમ નઊઝુબિલ્લાહ કોઈ અન્યાય કે અત્યાચાર નથી બલકે અલ્લાહ તઆલાએ મુસલમાનોમાં તેમના ઈમાનના કારણે એવી શક્તિ રાખી છે કે તેમનામાંના એક વ્યક્તિ બે વ્યક્તિ સમાન રહે છે.

પરંતુ બંને સ્થળે આ વિજય અને મદદની ખુશખબરીને એ શરત સાથે જોડવામાં આવી છે કે, આ મુસલમાન મક્કમ અને અડીખમ રહેનારા હોય અને દેખીતું છે કે, યુદ્ધ અને જંગના મેદાનમાં પોતાના પ્રાણને જોખમમાં નાંખીને અડીખમ રહેવું તે જ વ્યક્તિનું કામ હોઈ શકે છે કે જેનું ઈમાન સંપૂર્ણ હોય, કારણ કે સંપૂર્ણ ઈમાન મનુષ્યમાં શહાદતનો શોખ અને ભાવના પેદા કરે છે અને આ ભાવના તેમની શક્તિને ઘણી બધી વધારી મૂકે છે.

અંતિમ આયતમાં સામાન્ય કાયદા સ્વરૂપે બતાવવામાં આવ્યું, إِنَّ اللّٰهَ مَعَ الصَّابِرِيْنَ એટલે કે, અલ્લાહ તઆલા અડીખમ અને મક્કમ રહેનારનો સાથી છે, તેમાં યુદ્ધના મેદાનમાં અડીખમ રહેનાર પણ સામેલ છે અને સામાન્ય શરીઅતના હુકમોની પાબંદી ઉપર અડીખમ રહેનાર લોકો પણ; આ બધા માટે مَعِيَّتِ اِلٰهِيَّة "અલ્લાહની નિકટતા"નો વાયદો છે અને આ નિકટતા જ તેમના વિજય અને સફળતાનું અસલી રહસ્ય છે, કારણ કે જેને સર્વશક્તિમાન અલ્લાહની નિકટતા પ્રાપ્ત થાય તેને સમગ્ર દુનિયા મળીને પણ પોતાના સ્થાનેથી ડગાવી શકશે નહીં.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૬૭-૬૮-૬૯)

مَا كَانَ لِنَبِيٍّ أَنْ يَكُوْنَ لَهٗٓ أَسْرٰى حَتّٰى يُثْخِنَ فِي الْأَرْضِ ۚ تُرِيْدُوْنَ عَرَضَ الدُّنْيَا ۖ وَاللّٰهُ يُرِيْدُ الْاٰخِرَةَ ۗ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٦٧﴾ لَوْلَا كِتٰبٌ مِّنَ اللّٰهِ سَبَقَ لَمَسَّكُمْ فِيْمَآ أَخَذْتُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿٦٨﴾ فَكُلُوْا مِمَّا غَنِمْتُمْ حَلٰلًا طَيِّبًا ۖ وَّاتَّقُوا اللّٰهَ ۗ إِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٦٩﴾ ع

ع ۵

તરજુમો :

નબી માટે (યોગ્ય) નથી કે પોતાના ત્યાં કેદીઓને રાખે જ્યાં સુધી પ્રદેશમાં સારી પેઠે ખૂનરેઝી ન કરી લે, તમે દુનિયાનો માલ-સામાન ઈચ્છો છો અને અલ્લાહના ત્યાં આખિરત જોઈએ અને અલ્લાહ મહાબળવાન છે હિકમતવાળો. (૬૭) જો એક વાત ન હોત જેને અલ્લાહ પ્રથમથી લખી ચૂક્યો છે તો તમને તે લેવામાં મોટો અઝાબ પહોંચ્યો હોત. (૬૮) બસ, ખાઓ જે તમને ગનીમતમાં હલાલ તય્યિબ (સ્વચ્છ) મળ્યું અને અલ્લાહથી ડરતા રહો, બેશક ! અલ્લાહ મહાન મા'ફ કરનારો મહેરબાન છે. (૬૯)

તફસીર :

(હે મુસલમાનો ! તમે નબી ﷺને આ કેદીઓ પાસેથી કંઈ લઈને છોડી દેવાનો જે મશ્વરો આપ્યો તે અસ્થાને હતો, કારણ કે) નબીની શા'નના લાયક નથી કે તેમના કેદીઓ બાકી રહે (બલકે તેમને કતલ કરી નાંખવામાં આવે) જ્યાં

સુધી કે તે જમીનમાં સારી રીતે (કાફિરોની) ખૂનરેઝી ન કરી લે (કારણ કે શરઈ જિહાદનો અસલ હેતુ ફસાદની જડને મિટાવવાનો છે અને કોઈ એવી મર્યાદા બાંધ્યા સિવાય કે જેમાં કાફિરોનો દબદબો બિલકુલ ખતમ થઈ જવો અને ફસાદનું બિલકુલ ખતમ થઈ જવું શક્ય નથી, બસ આ નોબત આવે તે પહેલાં કેદીઓને જીવતા છોડી મૂકવા તમારી સુધારણાની શા'નના યોગ્ય બાબત નથી, અલબત્ત જ્યારે એવી શક્તિ પ્રાપ્ત થઈ જાય પછી કતલ કરવા જરૂરી નથી બલકે એવી પરિસ્થિતિમાં શરીઅતના અન્ય સ્વરૂપો પણ હોઈ શકે છે, બસ આવી અયોગ્ય સલાહ તમે આપ ﷺને શા માટે આપી ?) તમે તો દુનિયાનો માલ-સામાન ઈચ્છો છો (એટલા માટે ફિદિયાની સલાહ આપી) અને અલ્લાહ તઆલા આખિરત(ના હિત)ને ઈચ્છે છે (અને તે હિત એમાં જ છે કે કાફિરો ડરથી પરાજિત થઈ જાય જેમાં આઝાદીથી ઈસ્લામનો પ્રકાશ અને હિદાયત ફેલાય અને વિના રોકટોક લોકો મોટા પ્રમાણમાં મુસલમાન બને અને છુટકારો મેળવે) અને અલ્લાહ તઆલા ઘણો જબરદસ્ત ઘણી મોટી હિકમતવાળો છે (તેણે તમને કાફિરો ઉપર ગાલિબ કરીને અને મોટા પ્રમાણમાં વિજય અપાવીને તમને માલદાર કરી દીધા હોત, બસ કોઈ હિકમતના કારણે તેમાં મોડું થયું છે; જે પ્રવૃત્તિ તમે કરી તે એવી અપ્રિય છે કે) જો અલ્લાહ તઆલાનું એક લખેલું મુકદર (નિશ્ચિત) ન થઈ ચૂક્યું હોત (તે એ કે આ કેદીઓમાંથી અમુક લોકો મુસલમાન થઈ જશે જેઓ ફિત્નો અને ફસાદ કરશે નહીં, જો એવું હોત) તો જે પ્રવૃત્તિ તમે અપનાવી છે તેના વિશે તમારા ઉપર કોઈ મોટી સજા આવી ગઈ હોત (પરંતુ કારણ કે કોઈ ફસાદ ન થયો અને તમારો મશ્વરો ઠીકઠાક નીકળ્યો, એટલા માટે તમે સજાથી બચી ગયા, એટલે કે અમે આ ફિદિયાને મબાહ કરી દીધો) બસ, જે કંઈ તમે (આ ફિદિયામાંથી) લીધું છે તેને હલાલ-પાક સમજીને ખાઓ અને અલ્લાહથી ડરતા રહો (કે હવે પછી દરેક પ્રકારે કાળજી રાખો) બેશક ! અલ્લાહ તઆલા મહાન બખ્શનાર (મા'ફ કરનાર) મોટી રહમતવાળો છે (જેણે તમારા ગુનાહ મા'ફ કરી દીધા એ મા'ફી છે અને ફિદિયો પણ હલાલ કરી દીધો એ તેની રહમત છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોનો સંબંધ ગઝ્વએ બદ્રની એક ખાસ ઘટના સાથે છે,

એટલા માટે તેના વિવરણ પહેલાં સાચી અને પ્રમાણિત હદીષની રિવાયત દ્વારા આ ઘટનાનું વર્ણન કરવું આવશ્યક છે.

ઘટના એ છે કે, ગઝ્વએ બદ્ર ઈસ્લામમાં સૌ પ્રથમ જિહાદ છે અને અચાનક ઉપસ્થિત થઈ છે. તે સમય સુધી જિહાદ વિશે વિગતવાર હુકમો કુર્આનમાં ઊતર્યા ન હતા. જિહાદમાં જો 'માલે ગનીમત' હાથ લાગે તો એનું શું કરવું ? દુશ્મનના સૈનિક પોતાના કબ્જામાં આવી જાય તો તેમની ધરપકડ કરવી જાઈઝ છે કે નહીં ? અને જો પકડી લેવામાં આવે તો તેમની સાથે શું વર્તાવ કરવામાં આવે ? વગેરે...

ગનીમતના માલ વિશે અગાઉ થઈ ચૂકેલા તમામ અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં કાયદો એ હતો કે, મુસલમાનોએ તેનાથી લાભ ઉઠાવવો અને તેનો ઉપયોગ કરવો હલાલ ન હતો, બલકે હુકમ એ હતો કે સંપૂર્ણ ગનીમતનો માલ ભેગો કરીને કોઈ મેદાનમાં મૂકી દેવામાં આવતો અને અલ્લાહનો કાયદો એ હતો કે, આસમાનથી એક આગ (વીજળી) આવતી અને તે સમગ્ર માલને સળગાવી રાખ કરી દેતી, બસ આ જ તે જિહાદની સ્વીકૃતિની નિશાની સમજવામાં આવતી હતી. જો ગનીમતના માલને સળગાવવા માટે આસમાનથી આગ ન આવે તો એ તે બાબતની નિશાની હતી કે, જિહાદમા કોઈ ઉણપ રહી છે જેના કારણે તે અલ્લાહ સમીપ સ્વીકાર્ય નથી.

સહીહ બુખારી અને મુસ્લિમની રિવાયતમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, મને જે પાંચ વસ્તુઓ અર્પણ કરવામાં આવી છે તે મારાથી પહેલાં કોઈ નબીને અર્પણ કરવામાં નથી આવી, તેમાંથી એક આ પણ છે કે કાફિરો પાસેથી પ્રાપ્ત થનારો ગનીમતનો માલ કોઈના માટે હલાલ ન હતો પરંતુ મારી ઉમ્મત માટે હલાલ કરવામાં આવ્યો છે, ગનીમતના માલને આ ઉમ્મત માટે ખાસ સ્વરૂપે હલાલ કરવો અલ્લાહ તઆલાના જ્ઞાનમાં તો હતું પરંતુ ગઝ્વએ બદ્રની ઘટના સુધી તેના વિશે કોઈ વહી રસૂલે કરીમ ﷺ ઉપર તેના હલાલ હોવાના સંદર્ભમાં નાઝિલ ન થઈ હતી અને ગઝ્વએ બદ્રમાં પરિસ્થિતિ એવી સામે આવી કે, અલ્લાહ તઆલાએ મુસલમાનોને અપેક્ષા વિરુદ્ધ અકલ્પનીય વિજય અર્પણ કર્યો, દુશ્મનો માલ પણ છોડી ગયા જે ગનીમત સ્વરૂપે મુસલમાનોના હાથમાં

આવ્યો અને તેમના મોટા-મોટા સિત્તેર સરદારો મુસલમાનોએ કેદ પકડયા, પરંતુ તે બંને વસ્તુઓના જાઇઝ હોવાની સ્પષ્ટતા કોઈ ઈલાહી વહી દ્વારા હજુ સુધી થઈ ન હતી.

એટલા માટે સહાબએ કિરામ (રદિ.)ના આ ઉતાવળિયા પગલાં ઉપર ક્રોધ નાઝિલ થયો, આ જ ક્રોધ અને નારાજગીની જાહેરાત એક વહી દ્વારા કરવામાં આવી જેમાં યુદ્ધ કેદીઓ વિશે મુસલમાનોએ બે વસ્તુઓ અપનાવી હતી પરંતુ આ અધિકાર દેવામાં એક ઈશારો એ તરફ પણ કરવામાં આવ્યો હતો કે, ઘટનાના બંને પાસાંઓમાંથી અલ્લાહ તઆલા નજીક એક પ્રિય અને બીજું નાપસંદ છે. જામેઅ્ તિરમિઝી, સુનને નસાઈ, સહીહ ઈબ્ને હબ્બાનમાં હઝરત અલી મુર્તઝા (રદિ.)ની રિવાયત વડે નકલ થયું છે કે, આ મોકા ઉપર હઝરત જિબ્રઈલ (અલૈ.) રસૂલુલ્લાહ ﷺની પાસે આવ્યા અને એ હુકમ સંભળાવ્યો કે, તમારા સહાબા (રદિ.)ને બે પ્રકારનો અધિકાર આપી દો, એક એ કે તે કેદીઓને કતલ કરીને દુશ્મનોના દબદબાને સદાના માટે સમાપ્ત કરી દો અને બીજું એ કે તે કેદીઓ પાસેથી ફિદિયો એટલે કે અમુક માલ લઈને છોડી આપો, પરંતુ આ બીજા સ્વરૂપમાં અલ્લાહનો હુકમ એ નક્કી થયો છે કે તેના બદલામાં આવતા વર્ષે મુસલમાનોના એટલા જ વ્યક્તિઓ શહીદ થશે, જેટલા કેદીઓ માલ લઈને છોડવામાં આવશે, આ સ્વરૂપ જો કે તેમના અધિકારમાં હતું અને સહાબએ કિરામ (રદિ.)ને બંને વસ્તુઓનો અધિકાર આપવામાં આવ્યો હતો પરંતુ બીજા સ્વરૂપમાં સિત્તેર સહાબા (રદિ.)ની શહાદતના ફૈસલાનું વર્ણન કરવામાં એ તરફ એક નારાજગીનો ઈશારો ચોક્કસ ઉપસ્થિત હતો કે, આ સ્વરૂપ અલ્લાહ તઆલા પાસે પસંદ નથી, કારણ કે જો એ પસંદ હોત તો સિત્તેર મુસલમાનોનું લોહી તેના પરિણામે જરૂરી ન હોત.

સહાબએ કિરામ (રદિ.)ની સામે જયારે આ બંને સ્વરૂપો અધિકાર સ્વરૂપે અપનાવવાની જાહેરાત થઈ તો અમુક સહાબા (રદિ.)નો વિચાર એ થયો કે, જો આ લોકોને ફિદિયો લઈને છોડી દેવામાં આવે તો ઘણું શકય છે કે આ બધા અથવા અમુક કોઈ સમયે મુસલમાન થઈ જશે જે વાસ્તવિક ફાયદો અને જિહાદનો હેતુ છે, બીજો એ પણ વિચાર હતો કે મુસલમાનો હાલના સમયે ગરીબીની પરિસ્થિતિમાં છે, જો સિત્તેર માણસોનો ફિદિયાનો માલ મળી જાય તો

તેમની તકલીફ પણ દૂર થશે અને આવનારા સમય માટે જિહાદની તૈયારીમાં પણ મદદ મળશે, રહી સિત્તેર મુસલમાનોના શહીદ થવાની વાત બસ તે મુસલમાનો માટે પોતે એક નેઅ્મત અને ખુશીની વાત છે તેનાથી ગભરાવું ન જોઈએ. આ વિચારોને નજર સમક્ષ રાખી હઝરત સિદ્દીકે અકબર (રદિ.) અને મોટા ભાગના સહાબા (રદિ.)એ એ જ સલાહ આપી કે, આ કેદીઓને ફિદિયો લઈને આઝાદ કરી દેવામાં આવે, ફક્ત હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.) અને સઅદ બિન મઆઝ (રદિ.) વગેરે અમુક સહાબા (રદિ.)એ આ મશ્વરાનો વિરોધ કરીને તે સૌને કતલ કરી નાંખવાનો અભિપ્રાય એ આધાર ઉપર આપ્યો કે, આ સારી તક છે કે ઈસ્લામના મુકાબલામાં શક્તિ અને તાકાત પહોંચાડનારા બધા કુરૈશના સરદારો આ સમયે કાબૂમાં આવી ગયા છે, તેમના ઈસ્લામ સ્વીકાર કરવાનું અનુમાન તો લગાવી શકાય છે પરંતુ મોટે ભાગે એ જ અનુમાન ગાલિબ છે કે આ લોકો પાછા પહોંચીને પહેલાંથી વધારે મુસલમાનો વિરુદ્ધની કાર્યવાહીનું કારણ બનશે.

રસૂલે કરીમ ﷺ જેઓ રહમતુલ્લિલ આલમીન (વિશ્વ માટે દયા અને કૃપા) બનીને તશરીફ લાવ્યા હતા અને રહમતના જીવતા-જાગતા નમૂના સ્વરૂપ હતા, સહાબએ કિરામ (રદિ.)ના બે પ્રકારના અભિપ્રાયો જોઈને રસૂલે કરીમ ﷺએ એવું સ્વીકારી લીધું કે જેમાં કેદીઓના મા'મલામાં રહમત અને સહૂલત હતી કે ફિદિયો લઈને છોડી દેવામાં આવે, રસૂલે કરીમ ﷺએ સિદ્દીકે અકબર (રદિ.) અને ફારૂકે આ'ઝમ (રદિ.)ને સંબોધન કરીને ફરમાવ્યું, لَوِ اتَّفَقْتُمَا مَا خَالَفْتُكُمَا એટલે કે, જો તમે કોઈ એક અભિપ્રાય ઉપર સહમત થઈ ગયા હોત તો તમારા અભિપ્રાયનો હું વિરોધ ન કરત. (મઝહરી) આ અભિપ્રાયના વિરોધ સમયે રસૂલે કરીમ ﷺની દયા અને મહાન કૃપાનો તકાદો એ જ થયો કે, તેમના વિશે સરળતા અપનાવવામાં આવે એટલા માટે એવું જ કરવામાં આવ્યું અને તેના પરિણામે આવતા વર્ષે ગઝ્વએ ઉહદમાં અલ્લાહના ઈશારા પ્રમાણે સિત્તેર મુસલમાનોને શહીદ થવાની ઘટના ઉપસ્થિત થઈ.

تُرِيْدُوْنَ عَرَضَ الدُّنْيَا માં તે સહાબએ કિરામ (રદિ.)ને સંબોધન છે જેમણે ફિદિયો લઈને કેદીઓને છોડી મૂકવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે, તમે લોકોએ અમારા રસૂલ ﷺને અયોગ્ય

સલાહ આપી, કારણ કે કોઈ નબીની પ્રતિષ્ઠા માટે એ યોગ્ય નથી કે તે તેમના દુશ્મન ઉપર કાબૂ પ્રાપ્ત કરી લે તો તેની શક્તિ અને દબદબાને તોડી ન નાંખે અને ફસાદી દુશ્મનને બાકી રાખીને મુસલમાનો માટે હંમેશાની મુસીબત વહોરી લે.

આ આયતમાં حَتّٰی یُثْخِنَ فِی الْاَرْضِ ના શબ્દો આવ્યા છે. શબ્દ اِثْخَانٌ (ઈષ્ખાન)નો અર્થ શબ્દકોષમાં કોઈની શક્તિ અને દબદબાને તોડી નાંખવામાં અતિશયોક્તિથી કામ લેવાનો થાય છે, આ જ અર્થની તાકીદ માટે શબ્દ فِی الْاَرْضِ લાવવામાં આવ્યો છે જેનો હેતુ એ છે કે, દુશ્મનના દબદબાને માટીમાં મેળવી દો.

જે સહાબએ કિરામ (રદિ.)એ ફિદિયો લઈને છોડવાનો અભિપ્રાય આપ્યો હતો, જો કે તેમના અભિપ્રાયમાં એક વિભાગ નિખાલસપણે દીની હતો એટલે કે, આઝાદ થયા પછી આ લોકોના મુસલમાન થઈ જવાની આશા હતી, પરંતુ સાથે જ બીજું પાસું પોતાના વ્યક્તિગત લાભનું પણ હતું કે તેમને આ રીતે માલ હાથ આવશે અને હજુ સુધી કોઈ સ્પષ્ટ અને ખુલ્લી "નસ" દ્વારા આવો માલ જાઈઝ હોવાનું પણ સાબિત થયું ન હતું, એટલા માટે માનવોનો તે સમાજ જે રસૂલે કરીમ ﷺની કેળવણી હેઠળ એ પ્રકારે અને એ માપદંડ આધારે તૈયાર કરવામાં આવી રહ્યો હતો કે, તેમનો મરતબો અને સ્થાન ફરિશ્તાઓથી પણ આગળ રહે એટલા માટે આ માલ તરફ ધ્યાન આપવું પણ એક પ્રકારની મોટી ભૂલ સમજવામાં આવી અને જે કાર્ય જાઈઝ અને નાજાઈઝ કાર્યથી બંને પ્રકારની પદ્ધતિથી પૂર્ણ કરવામાં આવે તો તે કાર્યને સામૂહિક રીતે નાજાઈઝ જ કહેવામાં આવશે, એટલા માટે સહાબએ કિરામ (રદિ.)નું કાર્ય ક્રોધના યોગ્ય ઠરાવીને આ ઈરશાદ નાઝિલ થયો.

تُرِیْدُوْنَ عَرَضَ الدُّنْیَا وَاللّٰهُ یُرِیْدُ الْاٰخِرَةَ ؕ وَاللّٰهُ عَزِیْزٌ حَکِیْمٌ એટલે કે, તમે લોકો દુનિયા ઈચ્છો છો જ્યારે કે અલ્લાહ તઆલા તમારી પાસેથી એવું ઈચ્છે છે કે તમે આખિરતના તલબગાર બનો. અત્રે ક્રોધ સ્વરૂપે તેમની ફક્ત એ પ્રવૃત્તિનું વર્ણન કરવામાં આવ્યું જે નારાજગીનું કારણ હતું, બીજું કારણ એટલે કે કેદીઓના મુસલમાન થઈ જવાનો આશાવાદ કે તેનું વર્ણન અત્રે થયું નથી જેમાં એ તરફ ઈશારો છે કે, સહાબએ કિરામ (રદિ.) જેવી પવિત્ર અને નિખાલસ જમાઅત માટે આવી સંયુક્ત નિય્યત જેમાં અમુક દીનનો અંશ હોય અને અમુક દુનિયાનો

લાભ હોય એ પણ સ્વીકાર્ય નથી. અત્રે એ વાત પણ ધ્યાન આપવા પાત્ર છે કે, આ આયતમાં ક્રોધ અને ચેતવણીનું સંબોધન સહાબએ કિરામ (રદિ.) તરફ છે, જો કે રસૂલે કરીમ ﷺએ તેમના અભિપ્રાયને સ્વીકારીને એક સ્વરૂપે તેમની સાથે ભાગીદારી કરી લીધી હતી, પરંતુ રસૂલે કરીમ ﷺની આ પ્રવૃત્તિ માત્ર આપ ﷺના રહમતુલ્લિલ આલમીન હોવાના કારણે હતી કે, સહાબએ કિરામ (રદિ.)માં મતભેદ હોવાના સ્વરૂપમાં પણ તે અભિપ્રાયને અપનાવી લીધો જે કેદીઓના હકમાં સહૂલત અને દયાનો હતો.

અંતિમ આયતમાં وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ફરમાવીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો કે અલ્લાહ તઆલા જબરદસ્ત હિકમતવાળો છે, જો તમે લોકોએ ઉતાવળ ન કરી હોત તો તે પોતાની કૃપાથી હવે પછી ભવિષ્યમાં થનારા વિજયોમાં તમારા માટે માલ-દોલતનો સામાન પણ અર્પણ કરી આપ્યો હોત.

બીજી આયતમાં આ ગુસ્સાની પૂર્ણતા છે, જેમાં ફરમાવ્યું કે જો અલ્લાહ તઆલાનું એક લખેલું મુકદ્દર ન થઈ ચૂક્યું હોત તો જે કામ તમે અપનાવ્યું કે, માલ લઈને કેદીઓને છોડવાનો ફેંસલો કરી લીધો તેના વિશે તમારા ઉપર કોઈ મોટી સજા આવી પડી હોત.

આ લખેલી તકદીરનો શું અર્થ છે ? તેના વિશે તિરમિઝીમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "ગનીમતનો માલ તમારાથી પહેલાં કોઈ ઉમ્મત કે કોઈ કોમના માટે હલાલ ન હતો." બદ્રના સ્થળે જ્યારે મુસલમાનો માલે ગનીમત ભેગો કરવામાં લાગી ગયા જ્યારે કે હજુ સુધી તેમના માટે ગનીમતનો માલ હલાલ કરવામાં આવ્યો ન હતો, તેના ઉપર આ આયત નાઝિલ થઈ કે ગનીમતનો માલ હલાલ થતા પહેલાં મુસલમાનોનું આવું પગલું ભરવું એવો ગુનોહ હતો કે, તેના ઉપર અઝાબ આવવો જોઈતો હતો, પરંતુ કારણ કે અલ્લાહ તઆલાનો એ હુકમ લવહે મહફૂઝમાં લખેલો હતો કે આ ઉમ્મત માટે ગનીમતનો માલ હલાલ કરવામાં આવશે એટલા માટે મુસલમાનોની આ ભૂલ ઉપર અઝાબ નાઝિલ કરવામાં આવ્યો ન હતો.

(મઝહરી)

હદીષની અમુક રિવાયતોમાં છે કે, આ આયત નાઝિલ થવા ઉપર રસૂલે

કરીમ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહનો અઝાબ બિલકુલ સામે આવી ચૂક્યો હતો, તેને અલ્લાહ તઆલાએ પોતાની મહેરબાનીથી રોકી લીધો અને જો અઝાબ આવી ગયો હોત તો ઉમર બિન ખત્તાબ અને સઅદ બિન મઆઝ (રદિ.) સિવાય તેમનામાંથી કોઈ બચી શક્યું ન હોત. એનાથી જાણ થાય છે કે, કેદીઓને ફિદિયો લઈને છોડી દેવું આ ગુસ્સાનું કારણ હતું અને તિરમિઝીની અગાઉ વર્ણન થઈ ચૂકેલ રિવાયતથી પણ તેનું કારણ માલે ગનીમત ભેગા કરવાનું જાણ થાય છે પરંતુ બંનેમાં કોઈ વિરોધાભાસ નથી, કેદીઓ પાસેથી ફિદિયો લેવો પણ ગનીમતના માલનો જ એક ભાગ છે.

મસ્અલો :

પ્રસ્તુત આયતમાં કેદીઓને ફિદિયો (વળતર) લઈને સ્વતંત્ર કરવા ઉપર અથવા ગનીમતનો માલ ભેગા કરવા ઉપર જે ગુસ્સો નાઝિલ થયો અને અલ્લાહના અઝાબથી ડરાવવામાં આવ્યા પરંતુ પછી મા'ફી આપી દેવામાં આવી, તેનાથી એ બાબત ન ખુલી કે ભવિષ્ય માટે આ મા'મલામાં મુસલમાનોએ શું કરવું જોઈએ. એટલા માટે આગલી આયતમાં ગનીમતના માલનો મસ્અલો તો સ્પષ્ટ કરી દેવામાં આવ્યો, فَكُلُوا مِمَّا غَنِمْتُمْ એટલે કે, જે ગનીમતનો માલ તમારા હાથ આવ્યો છે તે હવે તમે ખાઈ શકો છો અને ભવિષ્યમાં પણ તમારા માટે હલાલ કરવામાં આવ્યો છે પરંતુ તેમાં પણ એક શંકા બાકી રહી જાય છે કે, ગનીમતનો માલ હલાલ કરવાનો હુકમ તો હવે મળ્યો છે આ હુકમ પહેલાં ભૂલથી જે માલ જમા કરી લેવામાં આવ્યો હતો કદાચ તેમાં કોઈ પ્રકારની સુગ હોય, એટલા માટે તેના પછી حَلٰلًا طَيِّبًا ફરમાવીને એ શંકા પણ દૂર કરી દેવામાં આવી કે, જો કે હુકમ નાઝિલ થતા પહેલાં ગનીમતનો માલ ભેગો કરવાનું પગલું યોગ્ય ન હતું પરંતુ હવે જ્યારે કે ગનીમતનો માલ હલાલ થવાનો હુકમ આવી ગયો તો પ્રથમ જમા કરેલો માલ પણ કોઈપણ પ્રકારની સુગ વિના હલાલ છે.

મસ્અલો :

અત્રે ફિક્હના નિયમનો એક મસ્અલો દષ્ટિપાત કરવા અને યાદ રાખવા યોગ્ય છે કે, જ્યારે કોઈ નાજાઇઝ પગલું ભર્યા પછી કોઈ આગવી આયત દ્વારા તે માલને હલાલ કરવાનો હુકમ નાઝિલ થઈ જાય તો તે અગાઉ ભરવામાં આવેલ

પગલાની તે માલમાં કોઈ અસર બાકી રહેતી નથી, આ માલ હલાલ અને સ્વચ્છ થઈ જાય છે જેમકે અહીંયાં થયું છે, પરંતુ તેનું જ એક બીજું ઉદાહરણ એ છે કે, કોઈ મા'મલામાં હુકમ તો પ્રથમથી જ નાઝિલ થયો હતો પરંતુ તેની જાહેરાત અમલ કરનારાઓ સામે ન થઈ હતી તે બીના ઉપર તેઓ તેનો વિરોધ કરી બેઠા, પાછળથી જાણ થઈ કે અમારી આ પ્રવૃત્તિ કુર્આન અને સુન્નતના ફલાણા હુકમની વિરુદ્ધ હતી તો આવી પરિસ્થિતિમાં હુકમની જાહેરાત પછી તે માલ હલાલ રહેતો નથી, ભલે પછી તે પાછલી ભૂલને મા'ફ પણ કરી દેવામાં આવી હોય. (نور الانوار ملاجیون)

પ્રસ્તુત આયતમાં ગનીમતના માલને હલાલ અને પવિત્ર તો ઠરાવી દેવામાં આવ્યો પરંતુ અંતિમ આયતમાં આ શરત લગાવી દેવામાં આવી કે, وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ તેમાં ઈશારો કરી દેવામાં આવ્યો કે, ગનીમતનો માલ જો કે હલાલ કરી દેવામાં આવ્યો છે પરંતુ તે પણ એક ખાસ કાયદા હેઠળ હલાલ થયો છે, તે કાયદાની વિરુદ્ધ અથવા પોતાના હકથી વધારે લઈ લેશો તો તે જાઇઝ નથી.

અત્રે બે બાબતો હતી, એક ગનીમતનો માલ યુદ્ધ કેદીઓને છોડીને લેવામાં આવે, પ્રથમ બાબત વિશે તો આ આયતે વાતને સ્પષ્ટ અને ચોખ્ખી કરી દીધી પરંતુ બીજી બાબતમાં હજુ સુધી વાત ચોખ્ખી કે સ્પષ્ટ થઈ ન હતી, તેના વિશે સૂરએ મુહમ્મદમાં આ આયત નાઝિલ થઈ, (૪૭ : ૪)

فَاِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا فَضَرْبَ الرِّقَابِ ؕ حَتّٰٓى اِذَآ اَثْخَنْتُمُوْهُمْ فَشُدُّوا الْوَثَاقَ

فَاِمَّا مَنًّاۢ بَعْدُ وَاِمَّا فِدَآءً حَتّٰى تَضَعَ الْحَرْبُ اَوْزَارَهَا

"જ્યારે યુદ્ધમાં કાફિરો સાથે તમારો મુકાબલો થાય તો તેમની ગરદનો ઉડાવી દો, એટલે સુધી કે જ્યારે તમે ખૂનરેજી દ્વારા તેમની શક્તિ અને દબદબાને નષ્ટ કરી ચૂકો તો પછી તેમને કેદ કરીને મજબૂતીથી બાંધો, ત્યારબાદ યા તો તેમના ઉપર અહેસાન કરીને કોઈ વળતર વિના જ સ્વતંત્ર કરી આપો અથવા ફિદિયો (વળતર) લઈને છોડી આપો, એટલે સુધી કે યુદ્ધ પોતાના હથિયારો નાંખી દે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, ગઝ્વએ બદ્રમાં કેદીઓને ફિદિયો લઈને સ્વતંત્ર કરવા ઉપર ક્રોધ નાઝિલ થયો, આ ઈસ્લામનો

પ્રથમ જિહાદ હતો, તે સમય સુધી કાફિરોની શક્તિ અને દબદબો તૂટી ચૂક્યો ન હતો, અચાનક તેમના ઉપર એક મુસીબત આવી પડી હતી પછી જ્યારે ઈસ્લામ અને મુસલમાનોને સંપૂર્ણ વિજય પ્રાપ્ત થઈ ગયો તો અલ્લાહ તઆલાએ આ હુકમ મન્સૂખ (રદ) કરવા માટે સૂરએ મુહમ્મદની પ્રસ્તુત આયત નાઝિલ કરી, જેમાં નબીએ કરીમ ﷺ અને મુસલમાનોને કેદીઓ વિશે ચાર અધિકાર આપવામાં આવ્યા તે આ પ્રમાણે છે.

اِنْ شَاءُوْا قَتَلُوْهُمْ وَاِنْ شَاءُوْا اِسْتَعْبَدُوْهُمْ وَاِنْ شَاءُوْا اَفَادُوْهُمْ وَاِنْ شَاءُوْا اَعْتَقُوْهُمْ (مَظْهَرِی)

"ચાહો તો બધાને કતલ કરી નાંખો અથવા ચાહો તો ગુલામ બનાવી લો અથવા ચાહો તો ફિદિયો લઈને છોડી મૂકો અથવા ચાહો તો વિના ફિદિયો લીધા જ આઝાદ કરી આપો."

પ્રસ્તુત ચાર અધિકારોમાંથી પ્રથમ બે ઉપર તો સમગ્ર ઉમ્મતની સહમતી અને ઈજ્માઅ્ છે કે, અમીરુલ મુસ્લિમીનને કેદીઓને કતલ કરી નાંખવાનો અધિકાર પણ છે અથવા ગુલામ બનાવી લેવાનો પણ; પરંતુ તેમને વળતર લીધા વિના છોડી દેવા અથવા વળતર લઈને છોડી દેવામાં ઉમ્મતના ફુકહાના મતભેદ છે.

ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ બિન હમ્બલ, ષૌરી, ઈસ્હાક અને તાબિઈનમાંથી હઝરત હસન બસરી તથા અતાઅ્ (રહ.)નો અભિપ્રાય એ છે કે, આ બંને સ્વરૂપોમાં પણ 'અમીરુલ મુસ્લિમીન' માટે જાઈઝ છે કે, કેદીઓને વળતર લઈને છોડી આપે અથવા તો વળતર લીધા વિના જ આઝાદ કરી આપે અથવા તો મુસલમાન કેદીઓ સાથે તેની અદલા-બદલી કરે.

ઈમામ અબૂ હનીફા, અબૂ યુસુફ, મુહમ્મદ, અવજાઈ, કતાદહ, ઝહ્હાક, સુદ્દી અને ઈબ્ને જુરયજ (રહ.) ફરમાવે છે કે, વળતર લીધા વિના છોડવા તો બિલકુલ જાઈઝ નથી, ફિદિયો લઈને છોડવા પણ ઈમામ અબૂ હનીફા (રહ.)ના પ્રખ્યાત અભિપ્રાય પ્રમાણે જાઈઝ નથી, અલબત્ત સીયરે કબીરની રિવાયત એ છે કે જો મુસલમાનોને માલની આવશ્યકતા હોય તો ફિદિયો લઈને છોડી શકે છે,

અલબત્ત મુસલમાન કેદીઓની અદલા-બદલીમાં તેમને છોડી દેવું ઈમામ અબૂ હનીફા (રહ.) અને સાહિબૈન (રહ.)ના મતે જાઈઝ છે.(كَمَا هُوَ اَظْهَرُ الرِّوَايَتَيْنِ عَنْهُمْ .مَظْهَرِى)

જે લોકોએ ફિદિયો લઈને અથવા ફિદિયો લીધા વિના છોડી મૂકવાની પરવાનગી આપી છે તે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ના નિવેદન પ્રમાણે સૂરએ મુહમ્મદની આયતને સૂરએ અન્ફાલની આયતની નાસિખ અને સૂરએ અન્ફાલની આયતને મન્સૂખ ઠરાવે છે. હનફિય્યાએ સૂરએ મુહમ્મદની આયતને મન્સૂખ ઠરાવી છે અને સૂરએ અન્ફાલની આયત فَشَرِّدْبِهِمْ مَّنْ خَلْفَهُمْ અને આયત اُقْتُلُواالْمُشْرِكِيْنَ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ (૯ : ૫)ને તેની નાસિખ ઠરાવી છે, એટલા માટે કેદીઓને સ્વતંત્ર કરી દેવા ભલે ફિદિયો લઈને હોય અથવા ફિદિયો લીધા વિના હોય તેમના મતે જાઈઝ નથી.

(મઝહરી)

પરંતુ જો સૂરએ અન્ફાલની આયતના શબ્દો અને સૂરએ મુહમ્મદના શબ્દોમાં વિચાર કરવામાં આવે તો એવી જાણ થાય છે કે, આ બંનેમાં કોઈ નાસિખ અને મન્સૂખ નથી બલકે બે ભિન્ન પ્રકારની પરિસ્થિતિઓમાં બે અલગ-અલગ પ્રકારના હુકમો છે.

સૂરએ અન્ફાલની આયતમાં પણ અસલ હુકમ اِثْخَانْ فِى الْاَرْض એટલે કે, કતલ દ્વારા કાફિરોની શક્તિને તોડી નાંખો અને સૂરએ મુહમ્મદની આયતમાં પણ જે مَنّ وَفِدَاء એટલે કે, "કેદીઓને વિના વળતર અથવા વળતર લઈને આઝાદ કરી આપો"ને અપનાવવામાં આવ્યું છે, તેનાથી અગાઉ اِثْخَانْ فِى الْاَرْض નું વર્ણન થઈ ચૂક્યું છે, એટલે કે ખૂનરેજી દ્વારા કાફિરોની શક્તિ તૂટી ગયા પછી એ પણ અધિકાર છે કે, કેદીઓને ફિદિયો લઈને અથવા ફિદિયો લીધા વિના જ મુક્ત કરી દેવામાં આવે.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)ની રિવાયત 'સીયરે કબીર'નો પણ આ જ હેતુ હોઈ શકે છે કે, મુસલમાનોની હાલત અને જરૂરિયાતો ઉપર દૃષ્ટિપાત કરી બંને પ્રકારના હુકમો આપી શકાય છે. وَاللّٰهُ سُبْحٰنَهٗ وَتَعَالٰى اَعْلَمُ

———————

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૭૦-૭૧)

يَاَيُّهَا النَّبِيُّ قُلْ لِّمَنْ فِيْٓ اَيْدِيْكُمْ مِّنَ الْاَسْرٰٓى ۙ اِنْ يَّعْلَمِ اللّٰهُ فِيْ قُلُوْبِكُمْ خَيْرًا يُّؤْتِكُمْ خَيْرًا مِّمَّآ اُخِذَ مِنْكُمْ وَيَغْفِرْ لَكُمْ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝۷۰ وَاِنْ يُّرِيْدُوْا خِيَانَتَكَ فَقَدْ خَانُوا اللّٰهَ مِنْ قَبْلُ فَاَمْكَنَ مِنْهُمْ ۭ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ۝۷۱

તરજુમો :

હે નબી (ﷺ) જે તમારા હાથમાં કેદી છે તેમને કહી આપો, જો અલ્લાહ તમારા દિલોમાં કંઈ નેકી જાણશે તો તમને તેનાથી બહેતર આપશે જે તમારાથી છીનવાઈ ગયું અને તમને મા'ફ કરશે અને અલ્લાહ મહાન મા'ફ કરનાર મહેરબાન છે. (૭૦) અને જો તમારી સાથે દગાબાજી કરવા ઈચ્છશે બસ તેઓ આનાથી પહેલાં અલ્લાહ સાથે દગો કરી ચૂક્યા છે પછી તેણે તેમને પકડાવી દીધા અને અલ્લાહ સઘળું કંઈ જાણનારો હિકમતવાળો છે. (૭૧)

તફસીર :

હે પયગમ્બર (ﷺ) ! તમારા કબ્જામાં જે કેદીઓ છે (તેમનામાંથી જે મુસલમાન થઈ ગયા) તમે તેમને ફરમાવી આપો કે જો અલ્લાહ તઆલા તમારા દિલોમાં ઈમાન જોશે (એટલે કે તમે દિલથી મુસલમાન થશો, કારણ કે અલ્લાહ તઆલાના જ્ઞાન પ્રમાણે વાસ્તવિકતા શું છે તે તેને જાણે જ છે અને અલ્લાહ તઆલા તેને જ મુસ્લિમ સમજશે જે દિલથી મુસલમાન થયો અને જે વ્યક્તિ ગેરમુસ્લિમ હશે તેને ગેરમુસ્લિમ જ સમજશે, બસ જો તમે દિલથી મુસલમાન થઈ ગયા) તો જે કંઈ તમારી પાસેથી (ફિદિયામાં) લેવામાં આવ્યું છે (દુનિયામાં) તેનાથી બહેતર તમને આપશે અને (આખિરતમાં) તમને બખ્શી આપશે અને અલ્લાહ તઆલા મહાન મગફિરતવાળો છે (એટલા માટે તમને મા'ફ કરી આપશે અને) મોટી રહમતવાળો છે (એટલા માટે તમને તેનો સારો બદલો આપશે) અને જો (ધારી લો કે) આ લોકો (સાચા દિલથી મુસલમાન ન થાય બલકે ફક્ત ઈસ્લામની જાહેરાત દ્વારા તમને ધોકો જ આપવા ઈચ્છે અને દિલમાં) તમારી

સાથે ખયાનત કરવાનો (એટલે કે, કરારભંગ કરી વિરોધ કરી મુકાબલો કરવાનો) ઈરાદો રાખતા હોય તો (કોઈ ચિંતાની વાત નથી, કોઈ ફિકર ન કરો, અલ્લાહ તઆલા તેમને ફરી તમારા હાથોમાં કેદ કરાવી આપશે, જેમકે) આનાથી અગાઉ તેમણે અલ્લાહ સાથે ખયાનત કરી હતી (અને તમારો વિરોધ અને મુકાબલો કર્યો) પછી અલ્લાહ તઆલાએ તેમને તમારા હાથોમાં ગિરફતાર કરાવ્યા અને અલ્લાહ તઆલા ખૂબ જાણનારો છે (કે કોણ ખયાનત કરનાર છે અને) મહાન હિકમતવાળો છે (એવી પરિસ્થિતિ ઉપસ્થિત કરે છે કે જેનાથી ખયાનતકાર પરાજિત થઈ જાય છે).

મસ્અલા અને બોધપાઠ :

ગઝ્વએ બદ્રના કેદીઓને ફિદિયો લઈને છોડી દેવામાં આવ્યા. ઈસ્લામ અને મુસલમાનોના તે દુશ્મનો જેમણે તેમને સતાવવામાં, મારવામાં, કતલ કરવામાં કોઈ સમયે પણ કોઈ કસર બાકી રાખી ન હતી અને જ્યારે પણ તક મળી તેમણે મુસલમાનો ઉપર અત્યંત ક્રૂર અત્યાચાર કર્યા, હવે જ્યારે મુસલમાનોના હાથોમાં કેદ થઈ ગયા પછી તેમના પ્રાણને બખ્શી દેવા કોઈ મા'મૂલી વાત ન હતી, એટલા માટે આ તેમના માટે ઘણી જ મોટી ખુશનસીબી અને મહાન ભલાઈ તથા દયાનો મા'મલો હતો, ફિદિયામાં જે રકમ તેમની પાસેથી લેવામાં આવી તે ખૂબ મા'મૂલી હતી.

અલ્લાહ તઆલાની દયા અને કૃપા જૂઓ કે, આ મા'મૂલી રકમ આપવાથી જે એક પ્રકારની તકલીફ તેમને આવી પડી છે તેને પણ કેવી રીતે દૂર કરવામાં આવે છે. પ્રસ્તુત આયતમાં ઈશારો છે કે, જો અલ્લાહ તઆલા તમારા દિલોમાં કોઈ ભલાઈ જોશે તો જે કંઈ તમારી પાસેથી લેવામાં આવ્યું છે તેનાથી ઉત્તમ તમને આપી દેશે અને તેનાથી વધીને એ કે તમારા પાછલા ગુનાહો મા'ફ કરી આપશે, ભલાઈનો અર્થ ઈમાન અને નિખાલસતા છે અને તેનો અર્થ એ છે કે, મુક્ત થયા પછી આ કેદીઓમાં જે લોકો ઈમાન અને ઈસ્લામને ઈખ્લાસ સાથે અપનાવી લેશે તો જે કંઈ ફિદિયામાં આપ્યું છે તેનાથી વધારે તેમને મળી જશે અને કેદીઓને સ્વતંત્ર અને આઝાદ કરી દેવાની સાથે તેમને એ પ્રમાણે આમંત્રણ આપવામાં આવ્યું કે, તેઓ સ્વતંત્ર રીતે ગુપ્તપણે પોતાના નફા અને નુકસાન

ઉપર વિચાર કરે, એટલા માટે ઘટનાઓ સાક્ષી છે કે એ લોકોમાંથી જેઓ મુસલમાન થઈ ગયા અલ્લાહ તઆલાએ તેમને મા'ફ કર્યા અને જન્નતમાં ઉચ્ચ દરજ્જાઓ ઉપરાંત દુનિયામાં પણ તેમને એટલો માલ અને દોલત આપી દીધી કે, જે તેમના ફિદિયામાં આપેલા માલ કરતાં અનેકઘણી વધારે હતી.

મોટા ભાગના વિવરણકારોએ ફરમાવ્યું છે કે, આ આયત હઝરત રસૂલે કરીમ ﷺના કાકા હઝરત અબ્બાસ (રદિ.) વિશે નાઝિલ થઈ હતી, કારણ કે તેઓ પણ બદ્રના કેદીઓમાં સામેલ હતા અને તેમની પાસેથી પણ ફિદિયો લેવામાં આવ્યો હતો અને તેમની સાથે વિશિષ્ટતા એ હતી કે બદ્રના યુદ્ધમાં તેઓ મક્કાથી પોતાની સાથે લગભગ ૭૦૦ ગિન્ની સોનું લઈને આવ્યા હતા જેથી તેને કાફિરોના લશ્કર ઉપર ખર્ચ કરવામાં આવે અને હજુ એ ખર્ચ થવા પામ્યું ન હતું અને તેઓ સોના સહિત કેદ પકડી લેવામાં આવ્યા.

જ્યારે ફિદિયો આપવાનો સમય આવ્યો તો તેમણે રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે, મારી પાસે જે સોનું છે તેને મારા ફિદિયાની રકમ તરીકે લેવામાં આવે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, જે માલ તમે કાફિરોની મદદ માટે લાવ્યા હતા તે તો મુસલમાનોનો માલે ગનીમત બની ગયો, હવે ફિદિયો તો તે ઉપરાંતનો હોવો જોઈએ અને સાથે જ એ પણ ફરમાવ્યું કે, પોતાના બે ભત્રીજાઓ અકીલ બિન અબી તાલિબ અને નવફલ બિન હારિષનો ફિદિયો પણ તમે આપો. હઝરત અબ્બાસ (રદિ.)એ વિનંતી કરી કે, જો એટલા માલનો ભાર મારા ઉપર નાંખવામાં આવશે તો મારે કુરૈશ પાસે ભીખ માંગવી પડશે, હું બિલકુલ ફકીર થઈ જઈશ. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, કેમ શું આપની પાસે એટલો માલ મોજૂદ નથી જે મક્કાથી રવાના થવાના સમયે આપની પત્ની ઉમ્મુલ ફઝ્લના હવાલે કર્યો છે ? હઝરત અબ્બાસ (રદિ.)એ પૂછ્યું કે, તમને એ કેવી રીતે ખબર પડી ? જ્યારે કે તે મેં રાતના અંધારામાં અને એકાંતમાં પોતાની પત્નીને સોંપ્યો હતો અને કોઈ ત્રીજો વ્યક્તિ પણ તેનાથી વાકેફ ન હતો. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, મને મારા પરવરદિગારે તેની પૂરેપૂરી વિગત બતાવી છે. હઝરત અબ્બાસ (રદિ.)ના દિલમાં એ સાંભળીને રસૂલે કરીમ ﷺ સાચા રસૂલ હોવાનું યકીન થઈ ગયું, તેઓ પ્રથમથી આપ ﷺ ઉપર ભરોસો મૂકતા હતા પરંતુ અમુક શંકાઓ હતી, જે અલ્લાહ તઆલાએ તે સમયે દૂર કરી દીધી અને તેઓ

વાસ્તવમાં તે સમયે જ મુસલમાન થઈ ગયા પરંતુ તેમના ઘણા બધા રૂપિયા મક્કાના કુરૈશીઓ પાસે લેણા તરીકે નીકળતા હતા, જો તેઓએ તે જ સમયે પોતાના મુસલમાન હોવાની જાહેરાત કરી દીધી હોત તો તે રૂપિયા ખોટા થયા હોત, એટલા માટે તેમણે જાહેરાત ન કરી અને રસૂલ ﷺએ પણ કોઈનાથી તેની જાહેરાત ન કરી, મક્કા વિજય પહેલાં તેમણે રસૂલુલ્લાહ ﷺ પાસે પરવાનગી માંગી કે મક્કાથી હિજરત કરીને મદીના આવી જાઉં પરંતુ રસૂલે કરીમ ﷺએ તેમને એ જ સલાહ આપી કે હમણાં હિજરત ન કરો.

હઝરત અબ્બાસ (રદિ.)ની આ વાતચીત ઉપર રસૂલે કરીમ ﷺએ પ્રસ્તુત આયતમાં આવેલ વાયદો પણ તેમને બતાવ્યો કે, જો તમે ઈસ્લામ કબૂલ કરી લો અને નિખાલસ નિય્યત સાથે મો'મિન થઈ જાઓ તો જે કંઈ માલ તમે ફિદિયામાં ખર્ચ કર્યો છે તેનાથી ઉત્તમ અલ્લાહ તઆલા તમને અર્પણ કરશે, એટલા માટે હઝરત અબ્બાસ (રદિ.) ઈસ્લામની જાહેરાત કર્યા પછી ફરમાવ્યા કરતા હતા કે, હું તો આ વાયદાનું પૂર્ણ થવું મારી આંખોથી જોઈ રહ્યો છું, કારણ કે મારી પાસેથી ૨૦ અવકીયા સોનું ફિદિયામાં લેવામાં આવ્યું હતું, અત્યારે મારા વીસ ગુલામ વિવિધ સ્થળોએ વેપારનો કારોબાર કરી રહ્યા છે અને કોઈનો કારોબાર વીસ હજાર દિહરમથી ઓછો નથી અને તેનાથી વિશેષ એ ઇનામ આપવામાં આવ્યું છે કે, મને હાજીઓને 'આબે ઝમઝમ' પીવડાવવાની સેવા સોંપવામાં આવી છે જે મારા માટે એટલી મોટી પ્રતિષ્ઠાનું કામ છે કે, સમગ્ર મક્કાના નિવાસીઓના માલ-દોલતને પણ તેના મુકાબલામાં તુચ્છ સમજું છું.

ગઝ્વએ બદ્રના કેદીઓમાંથી અમુક લોકો મુસલમાન થઈ ગયા હતા પરંતુ તેમના વિશે આ લોકોના દિલોમાં ખટકો હતો કે, કદાચ આ લોકો મક્કા પહોંચીને ઈસ્લામથી ફરી જાય અને અમને કોઈ નુકસાન પહોંચાડે, અલ્લાહ તઆલાએ ત્યાર પછીની આયતમાં તેમના આ ભયને આ પ્રમાણે દૂર કર્યો, اِنْ یُّرِیْدُوْا خِیَانَتَکَ فَقَدْ خَانُوا اللّٰهَ مِنْ قَبْلُ فَاَمْکَنَ مِنْهُمْ وَاللّٰهُ عَلِیْمٌ حَکِیْمٌ એટલે કે, જો આ લોકો તમારી સાથે ખયાનત (દગાબાજી)નો જ ઈરાદો કરી લે તો તેનાથી તમને કોઈ નુકસાન પહોંચશે નહીં, આ તો તે જ લોકો છે જેઓ આનાથી પહેલાં અલ્લાહની સાથે ખયાનત કરી ચૂક્યા છે, એટલે કે અજલમાં થયેલા કરારમાં કે જે અલ્લાહ તઆલાને સમગ્ર વિશ્વનો પરવરદિગાર હોવાનો સ્વીકાર

કર્યો હતો તેનો વિરોધ કરવા લાગ્યા હતા, એટલે તેમની આ ખયાનત પોતે તેમના માટે નુકસાનકર્તા સાબિત થઈ કે, પરિણામે અપમાનિત અને બેઆબરૂ થઈને કેદ પકડાયા અને અલ્લાહ તઆલા તો દિલોના રહસ્યોને જાણનારો અને ઘણી મોટી હિકમતવાળો છે, જો આ લોકો હજુપણ તમારો વિરોધ કરવા લાગે તો અલ્લાહ તઆલાના કબ્જા (કાબૂ)થી બહાર ક્યાંય ચાલ્યા જવાના નથી, તે ફરી તેમને એ જ રીતે પકડી લેશે. પાછલી આયતમાં મુક્ત થનારા કેદીઓને ઈસ્લામ તરફ પ્રોત્સાહન આપતી શૈલીમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, આ આયતમાં ધમકી દ્વારા તેમને ચેતવવામાં આવ્યા છે કે તમારી દુનિયા અને આખિરતની ભલાઈ ઈસ્લામ અને ઈમાન ઉપર જ અવલંબિત છે.

અહીંયાં સુધી કાફિરો સાથે યુદ્ધ અને લડાઈ તથા તેમના કેદીઓને મુક્ત કરવાના અને તેમની સાથે સુલેહ અને શાંતિકરાર કરવાના હુકમનું વર્ણન કરવામાં આવ્યું હતું. આગલી આયતમાં અંતિમ સૂરત સુધી આ જ ક્રમના એક ખાસ વિષયનું વર્ણન અને તેના હુકમોની અમુક વિગત પ્રસ્તુત થઈ છે અને તે હિજરતના હુકમો છે, કારણ કે કાફિરોની સાથે મુકાબલામાં ક્યારેક એવી પરિસ્થિતિ પણ આવી શકે છે કે ન તો મુસલમાનોમાં તેમનો મુકાબલો અને યુદ્ધ કરવાની શક્તિ છે અને ન જ સુલેહ ઉપર તેઓ રાજી છે, એવી કમજોરીની પરિસ્થિતિમાં ઈસ્લામ અને મુસલમાનોનો છુટકારાનો માર્ગ હિજરત છે કે, તે શહેર અને પ્રદેશને છોડીને કોઈ અન્ય સ્થળે જઈને વસવાટ કરવામાં આવે જ્યાં ઈસ્લામી હુકમો ઉપર મુક્તપણે અમલ થઈ શકે.

આયતો : (સૂરએ અન્ફાલ : આયત નં. ૭૨ થી ૭૫)

إِنَّ الَّذِينَ آمَنُوا وَهَاجَرُوا وَجَاهَدُوا بِأَمْوَالِهِمْ وَأَنفُسِهِمْ فِي سَبِيلِ اللَّهِ وَ
الَّذِينَ آوَوا وَّنَصَرُوا أُولَٰئِكَ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ ۚ وَالَّذِينَ آمَنُوا وَلَمْ يُهَاجِرُوا
مَا لَكُم مِّن وَلَايَتِهِم مِّن شَيْءٍ حَتَّىٰ يُهَاجِرُوا ۚ وَإِنِ اسْتَنصَرُوكُمْ فِي الدِّينِ
فَعَلَيْكُمُ النَّصْرُ إِلَّا عَلَىٰ قَوْمٍ بَيْنَكُمْ وَبَيْنَهُم مِّيثَاقٌ ۗ وَاللَّهُ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿٧٢﴾

وَالَّذِيْنَ كَفَرُوْا بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ؕ اِلَّا تَفْعَلُوْهُ تَكُنْ فِتْنَةٌ فِي الْاَرْضِ وَفَسَادٌ
كَبِيْرٌ ﴿٧٣﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَهَاجَرُوْا وَجٰهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ وَالَّذِيْنَ اٰوَوْا وَّنَصَرُوْٓا
اُولٰٓئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقًّا ؕ لَهُمْ مَّغْفِرَةٌ وَّرِزْقٌ كَرِيْمٌ ﴿٧٤﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا مِنْۢ بَعْدُ
وَهَاجَرُوْا وَجٰهَدُوْا مَعَكُمْ فَاُولٰٓئِكَ مِنْكُمْ ؕ وَاُولُوا الْاَرْحَامِ بَعْضُهُمْ اَوْلٰى بِبَعْضٍ فِيْ
كِتٰبِ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿٧٥﴾ ع

તરજુમો :

જે લોકો ઈમાન લાવ્યા અને ઘર છોડયું (હિજરત કરી) અને પોતાના માલ અને પ્રાણથી અલ્લાહના માર્ગમાં લડયા અને જે લોકોએ ઠેકાણું આપ્યું (આશરો આપ્યો) અને મદદ કરી તેઓ એકબીજાના રફીક (મિત્ર) છે અને જેઓ ઈમાન લાવ્યા અને ઘર છોડયું નહીં (હિજરત કરી નહીં) તમને તેમની રફાકત (મિત્રતા)થી કંઈ કામ નથી જ્યાં સુધી તેઓ ઘર ન છોડી આવે અને જો તેઓ તમારાથી દીનમાં મદદ ઈચ્છે તો તમારા માટે તેમની મદદ કરવી જરૂરી છે પરંતુ તે લોકો સિવાય કે તેમનામાં અને તમારામાં કરાર હોય અને જે કંઈ તમે કરો છો અલ્લાહ તેને જુએ છે. (૭૨) અને જે લોકો કાફિર છે તેઓ એકબીજાના રફીક (મિત્ર) છે, જો તમે એવું કરશો નહીં તો પ્રદેશમાં ફિત્નો ફેલાશે અને મોટો ફસાદ થશે. (૭૩) અને જે લોકો ઈમાન લાવ્યા અને પોતાના ઘર છોડયા (હિજરત કરી) અને અલ્લાહના માર્ગમાં લડયા અને જે લોકોએ તેમને ઠેકાણું આપ્યું અને તેમને મદદ કરી તે જ સાચા મુસલમાન છે, તેમના માટે મા'ફી છે અને ઈજ્જતની રોજી. (૭૪) અને જેઓ તેના પછી ઈમાન લાવ્યા અને ઘર છોડી આવ્યા અને તમારી સાથે રહીને લડયા બસ તે લોકો પણ તમારામાં જ છે અને સગાંઓ અલ્લાહના હુકમમાં પરસ્પર એકબીજાના વધારે હકદાર છે, નિ:શંક ! અલ્લાહ દરેક વસ્તુને જાણે છે. (૭૫)

તફસીર :

બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે હિજરત પણ કરી અને

પોતાના માલ અને પ્રાણોથી અલ્લાહના માર્ગમાં જિહાદ પણ કર્યો (આ સમૂહને "મુહાજિર"ના લકબથી ઓળખવામાં આવે છે) અને જે લોકોએ (આ મુહાજિરોને) રહેવાની જગ્યા આપી અને (તેમની) મદદ કરી (અને આ જમાઅતને "અન્સાર"ના લકબથી ઓળખવામાં આવે છે) અને આ (બંને પ્રકારના) લોકો પરસ્પર એકબીજાના વારસદાર થશે અને જે લોકો ઈમાન તો લાવ્યા અને હિજરત ન કરી તમારો (એટલે કે મુહાજિરોનો) તેમના વારસામાં કોઈ સંબંધ નથી (ન આ તેમના વારિસ છે અને ન તેઓ આ લોકોના વારિસ છે) જ્યાં સુધી કે તેઓ હિજરત ન કરે (અને જ્યારે હિજરત કરી લે તો પછી તે પણ આ હુકમમાં સામેલ થઈ જશે) અને (ભલે તેમનો તમારી સાથે વારસા-સંબંધ ન હોય પરંતુ) જો તેઓ તમારી પાસે દીનના કાર્ય (એટલે કે કાફિરો સાથેના યુદ્ધ)માં મદદ ઇચ્છે તો તમારે (તેમને) મદદ કરવી વાજિબ છે પરંતુ તે કોમના મુકાબલામાં નહીં કે તમારામાં અને તેમનામાં પરસ્પર (સુલેહનો) કરાર હોય અને અલ્લાહ તઆલા તમારા સઘળા કામોને જોઈ રહ્યો છે, (બસ, તેના નક્કી હુકમોમાં દખલગીરી કરીને નારાજગીના હકદાર ન બનજો) અને (જે પ્રમાણે પરસ્પર તમારામાં વારસાઈનો સંબંધ છે એ જ પ્રમાણે) જે લોકો કાફિર છે તે પરસ્પર એકબીજાના વારિસ છે (ન તમે તેમના વારિસ, ન તેઓ તમારા વારિસ) જો આ (પ્રસ્તુત હુકમ) ઉપર અમલ નહીં કરો (બલકે દીનના વિરોધ છતાં માત્ર સગાઈના સંબંધ ઉપર મો'મિન અને કાફિરમાં વારસાઈનો સંબંધ સ્થાપિત કરશો) તો દુનિયામાં મોટો ફિત્નો અને મોટી ફસાદ (અરાજકતા) ફેલાશે, (કારણ કે વારસાઈના સંબંધોના કારણે બધા જ એક જ જમાઅત સમજવામાં આવશે અને ઈસ્લામને શક્તિ અને પ્રતિષ્ઠા એક અલગ સંગઠન અને જમાઅત બનાવ્યા વિના પ્રાપ્ત નથી થઈ શકતી અને ઈસ્લામની કમજોરી દુનિયાના બધા જ ફિત્ના અને ફસાદની જડ છે જેમકે દેખીતું છે) અને (આ વારસાનો હુકમ મુહાજિરો અને અન્સારોમાં પરસ્પર એટલે સુધી કે બધા જ મુહાજિરો સરખા છે, ભલે નબી ﷺની હિજરતના સમયમાં તેમણે હિજરત કરી હોય અથવા તો પાછળથી કરી હોય પરંતુ ફઝીલત અને શ્રેષ્ઠતામાં પરસ્પર સમાન છે કારણ કે) જે લોકો (પ્રથમ) મુસલમાન થયા અને તેમણે (નબી ﷺના હિજરતના સમયે) હિજરત કરી અને (પ્રથમથી જ) અલ્લાહના માર્ગમાં જિહાદ કરતા રહ્યા અને જે લોકોએ

(આ મુહાજિરોને) પોતાના ત્યાં થોભાવ્યા અને તેમની મદદ કરી એ લોકો (તો) ઈમાનનો પૂરો હક અદા કરનારા છે (કારણ કે તેમનો હક એ જ છે કે તેમનો સ્વીકાર કરવામાં અગ્રિમતા આપે) તેમના માટે (આખિરતમાં) મોટી મગફિરત અને (જન્નતમાં) મોટી ઈજ્જતની રોજી (નક્કી) છે અને જે લોકો (નબી ﷺની હિજરત) પછીના સમયમાં ઈમાન લાવ્યા અને હિજરત કરી અને તમારી સાથે મળીને જિહાદ કર્યો (એટલે કે કામ તો બધા જ કર્યા પરંતુ પાછળથી) બસ, એ લોકો (ભલે ફઝીલતમાં તમારા સમકક્ષ નથી પરંતુ તેમને) તમારામાં જ સામેલ સમજવામાં આવશે (ફઝીલતમાં તો એ કારણે કે અમલોના તફાવતથી મરતબામાં ફરક પડે છે અને વારસાના હુકમોમાં એ કારણે સામેલ થયા કે અમલોની ફઝીલતથી શરીઅતના હુકમોમાં કોઈ ફેરફાર થતો નથી) અને (ત્યાર પછી આવનારા મુહાજિરોમાં) જે લોકો (પરસ્પર પાછલા મુહાજિરોના) સગાં-વહાલાં છે (ભલે ફઝીલત અને મરતબામાં ઓછા છે પરંતુ વારસાના આધારે) અલ્લાહની કિતાબ (એટલે કે શરીઅતના હુકમો અથવા વારસાની આયતો)માં એકબીજા(ના વારસા)માં (સગાં-વહાલાં ન હોય તેમના કરતા) વધારે હકદાર છે, (ભલે સગાં-વહાલાં ફઝ્લ અને રુત્બામાં મોટા હોય) બેશક ! અલ્લાહ તઆલા દરેક વસ્તુને સારી પેઠે જાણે છે (એટલા માટે દરેક સમયના હિત પ્રમાણે યોગ્ય હુકમ આપે છે).

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરએ અન્ફાલની અંતિમ ચાર આયતો છે, તેમાં મૂળ હેતુ હિજરતના તે હુકમો વર્ણન કરવાનો છે જેનો સંબંધ મુહાજિર મુસલમાનોના વારસા સાથે છે, તેનાથી વિપરીત જેઓ મુહાજિર નથી એવા મુસલમાનો અને ગેરમુસ્લિમોના વારસાનું પણ વર્ણન થયું છે.

તે હુકમોનો ખુલાસો એ છે કે, જે લોકો ઉપર શરીઅતના હુકમો લાગુ પડે છે તેઓ પ્રથમ બે પ્રકારના છે, એક મુસ્લિમ અને બીજા કાફિર. પછી મુસ્લિમ તે સમયના આધારે બે પ્રકારના હતા, એક મુહાજિર જેઓ મક્કાથી હિજરત કરવી ફરજ થવાના કારણે મદીના તય્યિબહમાં આવીને સ્થાયી થયા હતા, બીજા ગેરમુહાજિરો જેઓ કોઈ જાઈઝ કારણથી અથવા કોઈ અન્ય બહાનાથી મક્કામાં જ રહી ગયા હતા.

પરસ્પરની સગાઈ અને સંબંધ આ બધા પ્રકારના લોકોમાં સ્થાપિત હતી, કારણ કે ઈસ્લામના શરૂઆતના યુગમાં મોટા ભાગે એવું થતું હતું કે, પુત્ર મુસલમાન છે તો બાપ કાફિર છે, એ જ પ્રમાણે ભાઈ-ભત્રીજા, નાના-મામા વગેરે સગાઈ-સંબંધોની પણ એ જ પરિસ્થિતિ હતી અને મુસલમાન મુહાજિરો અને મુસલમાન ગેરમુહાજિરોના સગાઈ-સંબંધો થવા દેખીતું જ છે.

અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ રહમત અને ઉચ્ચ કક્ષાની હિકમત વડે મરનાર મનુષ્યના છોડેલા માલના હકદાર તેમના જ નજીકના સંબંધીઓ અને રિશ્તેદારોને ઠરાવી આપ્યા છે, જ્યારે કે વાસ્તવિક હકીકત એ હતી કે જેને જે કંઈ પણ દુનિયામાં મળ્યું તે બધું જ અલ્લાહ તઆલાની સાચી મિલકત હતી, તેના જ તરફથી તેને સમગ્ર જીવન ઉપયોગ કરવા અને નફો ઉઠાવવા માટે મનુષ્યને આપીને કામચલાઉ માલિક બનાવી દેવામાં આવ્યો હતો, એટલા માટે બુદ્ધિ અને ન્યાયનો તકાદો એ જ હતો કે દરેક મરનારનો છોડેલો માલ અલ્લાહ તઆલાની મિલકત તરફ પરત થઈ જાય જેનું વાસ્તવિક સ્વરૂપ ઈસ્લામી બયતુલ માલમાં સામેલ કરવાનું હતું, જેના દ્વારા સમગ્ર અલ્લાહ તઆલાની મખ્લૂકનું ભરણ-પોષણ અને કેળવણી થતી રહે પરંતુ એવું કરવામાં એક તો દરેક મનુષ્યની સ્વાભાવિક લાગણીઓને ઠેસ પહોંચે છે જ્યારે કે તે જાણતો હોય કે મારો માલ મારા પછી ન તો મારી અવલાદને મળશે, ન જ માં-બાપ કે પત્નીને; અને પછી તેનું પરિણામ એ પણ સ્વાભાવિક રીતે આવવું જરૂરી હતું કે, કોઈ વ્યક્તિ પોતાનો માલ વધારવાની અને તેને સુરક્ષિત રાખવાની ચિંતા જ કરત નહીં. ફક્ત જિંદગીની મર્યાદા સુધી આવશ્યકતા મુજબ ભેગો કરવાથી વધારે કોઈ વ્યક્તિ મહેનત અથવા સંઘર્ષ કરત નહીં અને એ દેખીતું છે કે, તેનું પરિણામ સમગ્ર માનવજાતિ અને શહેરો માટે તબાહી અને બરબાદીના સ્વરૂપમાં સામે આવ્યું હોત.

એટલા માટે અલ્લાહ તઆલા જલ્લ શા'નુહૂએ વારસાને મનુષ્યના સગાં-વહાલાંઓનો હક ઠરાવી દીધો, ખાસ કરીને એવી સગાઈઓનો જેના ફાયદા માટે તે પોતાની જિંદગીમાં માલ જમા કરતો હતો અને જાત-જાતની મહેનતો કરી તકલીફો ઉઠાવતો હતો.

તેની સાથે-સાથે ઈસ્લામે તે મહત્ત્વના હેતુને પણ વારસા-વહેંચણીમાં નજર સમક્ષ રાખ્યો જેના માટે મનુષ્યનું સર્જન થયું છે, એટલે કે અલ્લાહ તઆલાની ઈતાઅત અને ઈબાદત અને તે આધારે સમગ્ર મનુષ્ય જગતને બે અલગ-અલગ કોમો ઠરાવી દેવામાં આવી, મો'મિન અને કાફિર; કુર્આનની આયત خَلَقَكُمْ فَمِنكُمْ كَافِرٌ وَّمِنكُم مُّؤْمِنٌ (૬૪ : ૨)નો આ જ અર્થ છે.

અને બે કોમના દષ્ટિકોણે વંશ તથા લોહીના સંબંધોના વારસાના નિયમોને પણ કાપી નાંખ્યા કે ન તો કોઈ મુસલમાનને કાફિર સગાંના વારસામાંથી કોઈ હિસ્સો મળશે અને ન જ કોઈ કાફિરને કોઈ મુસલમાન સગાંની વિરાસતમાં કોઈ અધિકાર હશે. પ્રથમ બે આયતોમાં આ જ વિષયનો ઉલ્લેખ છે અને આ કાયમી હુકમ તથા ગેરમન્સુખ (રદ ન કરવામાં આવેલ) હુકમ છે, ઈસ્લામની શરૂઆતથી લઈને કયામત સુધી ઈસ્લામમાં વારસાનો આ જ કાયદો છે.

તેની સાથે-સાથે પરસ્પર વારસાનો એક બીજો હુકમ મુસલમાન મુહાજિરો અને ગેરમુહાજિરોને આપવામાં આવ્યો છે જેના વિશે પ્રથમ આયતમાં એ બતાવવામાં આવ્યું છે કે, મુસલમાનો જ્યાં સુધી મક્કાથી હિજરત ન કરે તે સમય સુધી તેમનો સંબંધ પણ હિજરત કરનાર મુસલમાનો સાથે વારસા વિશે કપાઈ ગયો છે, ન તો મુહાજિર મુસલમાન પોતાના ગેરમુહાજિર મુસલમાનનો વારસદાર થશે અને ન જ કોઈ ગેરમુહાજિર કોઈ મુહાજિર મુસલમાનના વારસામાંથી કોઈ હિસ્સો મેળવશે, આ હુકમ દેખીતું છે કે તે સમય સુધી હતો જ્યાં સુધી કે મક્કએ મુકર્રમહનો વિજય થયો ન હતો, મક્કા વિજય પછી તો પોતે રસૂલે કરીમ ﷺએ જાહેરાત કરી હતી, لَا هِجْرَةَ بَعْدَ الْفَتْحِ એટલે કે, ફત્હે મક્કા પછી હિજરતનો હુકમ સમાપ્ત થઈ ગયો, હવે જ્યારે હિજરતનો હુકમ જ સમાપ્ત થઈ ગયો તો હિજરત છોડનારાઓ સાથે સંબંધ કપાઈ જવાનો પ્રશ્ન જ ખતમ થઈ ગયો.

એટલા માટે મોટા ભાગના વિવરણકારોએ ફરમાવ્યું છે કે, આ હુકમ મક્કા વિજય પછી મન્સૂખ થઈ ચૂક્યો છે અને અમુક સંશોધનકારોના મતે આ હુકમ પણ કાયમી છે અને રદ થયો નથી પરંતુ પરિસ્થિતિઓ પ્રમાણે તે બદલાયો છે, જે પરિસ્થિતિઓમાં કુર્આન નાઝિલ થવાના સમયે આ હુકમ આવ્યો હતો, જો

કોઈ યુગમાં અથવા કોઈ પ્રદેશમાં ફરી એવી જ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ જાય તો ફરી આ જ હુકમ લાગુ પડશે.

તેનો ખુલાસો એ છે કે, ફત્હે મક્કા પહેલાં દરેક મુસલમાન પુરુષ-સ્ત્રી ઉપર મક્કાથી હિજરત કરવી 'ફરજે ઐન' ઠરાવવામાં આવી હતી. આ હુકમ પૂર્ણ કરવામાં અમુક થોડા મુસલમાનો સિવાય બધા મુસલમાનો હિજરત કરીને મદીના તય્યિબહ આવી ગયા હતા અને તે સમયે મક્કામાં હિજરત ન કરવી એ બાબતની નિશાની બની ગઈ હતી કે તે મુસલમાન નથી, એટલા માટે તે સમયે ગેરમુહાજિરોનો ઈસ્લામ પણ શંકાસ્પદ અને અવિશ્વસનીય હતો, આથી મુહાજિરો અને ગેરમુહાજિરોના પરસ્પરના વારસાના સંબંધને કાપી નાંખવામાં આવ્યા હતા.

હવે જો કોઈ દેશમાં ફરી એવી જ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ જાય કે, ત્યાં રહીને ઈસ્લામના ફરજો અદા કરવાનું બિલકુલ શક્ય ન હોય તો તે પ્રદેશથી હિજરત કરવી પણ ફરજ થઈ જશે અને એવી પરિસ્થિતિમાં કોઈ પ્રકારના મજબૂત કારણ વિના હિજરત ન કરવી જો ચોક્કસ સ્વરૂપે કુફ્રની નિશાની થઈ જાય તો પછી ત્યારે પણ એ જ હુકમ લાગુ પડશે કે મુહાજિરો અને ગેરમુહાજિરોમાં પરસ્પર વારસા સંબંધ બાકી રહેશે નહીં. આ ચર્ચાથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, મુહાજિરો અને ગેરમુહાજિરો વચ્ચે વારસા સંબંધ કપાઈ જવાનો હુકમ કોઈ અલગ પ્રકારનો હુકમ નથી, બલકે તે પ્રથમથી જ આપવામાં આવેલો હુકમ છે જે મુસલમાનો અને ગેરમુસલમાનોમાં વારસાના સંબંધને કાપી નાંખવાનું વર્ણન કરે છે, તફાવત માત્ર એટલો છે કે કુફ્રની આ નિશાનીના કારણે વારસાના સંબંધથી તો વંચિત કરી દેવામાં આવ્યા પરંતુ તેમને માત્ર આ એક નિશાનીના કારણે કાફિર ઠરાવવામાં નહીં આવે જ્યાં સુધી કે સ્પષ્ટ અને ખુલ્લમ ખુલ્લા તેમના ઉપર કુફ્ર સાબિત ન થઈ જાય.

અને લગભગ એ જ મસ્લિહતથી આ સ્થળે એક અન્ય હુકમ ગેરમુહાજિર મુસલમાનો વિશે વર્ણન કરવામાં આવ્યો છે કે, જો તે મુહાજિર મુસલમાનો પાસે મદદ અને સહાય માંગે તો મુહાજિર મુસલમાનોએ તેમની મદદ કરવી જરૂરી છે, જેથી એ જાણ થઈ જાય કે, ગેરમુહાજિર મુસલમાનોને બિલકુલ કાફિરોની

હરોળમાં મૂકવામાં ન આવે, બલકે તેમનો એ ઈસ્લામી હક બાકી રાખવામાં આવ્યો કે આવશ્યકતાના સમયે તેમની સહાય કરવામાં આવે.

અને કારણ કે આ આયતનો શા'ને નુઝૂલ (ઊતરવાની પૂર્વભૂમિકા) એક ખાસ હિજરત છે, મક્કાથી મદીના તરફ; અને ગેરમુહાજિર મુસલમાન તે જ હતા જેઓ મક્કામાં રહી ગયા હતા અને મક્કાના કાફિરોના ઘેરામાં હતા તો એ દેખીતું છે કે, તેઓ જે મદદ માંગતા હતા તે મક્કાના કાફિરોના મુકાબલામાં જ હોઈ શકતી હતી અને જ્યારે કુર્આને કરીમે મુહાજિર મુસલમાનોને તેમની મદદ કરવાનો હુકમ આપી દીધો તો દેખીતું એ જ સમજી શકાતું હતું કે, દરેક પરિસ્થિતિમાં અને દરેક કોમના મુકાબલામાં તેમની મદદ કરવી મુસલમાનો માટે જરૂરી ઠરાવી દેવામાં આવ્યું છે, જો કે તે કોમ કે જેમના મુકાબલા માટે તેઓ મદદ ઈચ્છી રહ્યા છે તેમનો મુસલમાનો સાથે કોઈ યુદ્ધબંધીનો કરાર ન થયો હોય, એટલા માટે કે ઈસ્લામમમાં ન્યાય અને ઈન્સાફ તથા કરારની પાબંદી એક મહત્ત્વની ફરજ છે, આથી આ જ આયતમાં અપવાદ સ્વરૂપે એક હુકમ એ પણ આપવામાં આવ્યો કે જો ગેરમુહાજિરો અન્ય મુસલમાનો પાસે કોઈ એવી કોમના મુકાબલા માટે મદદ ઈચ્છે જેમની સાથે મુસલમાનોએ યુદ્ધબંધીનો કરાર કરી રાખ્યો છે તો પછી તેઓએ પોતાના ભાઈ એવા ગેરમુહાજિર મુસલમાનોની મદદ કરવી કાફિરો સાથેના યુદ્ધબંધીના કરારના કારણે જાઈઝ નથી.

આ બે આયતોના વિષયનો ખુલાસો થયો, હવે તેને શબ્દો સાથે મેળવીને જોઈ લઈએ. ઈરશાદ થયો કે,

إِنَّ الَّذِينَ آمَنُوا وَهَاجَرُوا وَجَاهَدُوا بِأَمْوَالِهِمْ وَأَنفُسِهِمْ فِي سَبِيلِ اللَّهِ وَالَّذِينَ آوَوا وَّنَصَرُوا أُولَٰئِكَ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ ۚ وَالَّذِينَ آمَنُوا وَلَمْ يُهَاجِرُوا مَا لَكُم مِّن وَلَايَتِهِم مِّن شَيْءٍ حَتَّىٰ يُهَاجِرُوا

"બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે હિજરત કરી અને પોતાના માલ અને પ્રાણોથી અલ્લાહના માર્ગમાં જિહાદ કર્યો અને જે લોકોએ ઠેકાણું (આશરો) આપ્યું અને સહાય કરી તે જ લોકો એકબીજાના મિત્રો છે અને જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે હિજરત ન કરી, તમારે તેમની મિત્રતાથી કંઈ લેવા-દેવા નથી ત્યાં સુધી કે તેઓ હિજરત કરે."

આ સ્થળે કુર્આને કરીમે શબ્દ وَلِىٌّ (વલી) અને وِلَايَةٌ (વિલાયત)નો ઉપયોગ કર્યો છે, જેનો અસલ અર્થ મિત્રતા અને ગાઢ સંબંધનો થાય છે. હઝરત ઇબ્ને અબ્બાસ (રદિ.), હસન, કતાદહ, મુજાહિદ (રહ.) વગેરે તફસીરના ઈમામોએ ફરમાવ્યું છે કે, આ સ્થળે "વિલાયત"નો અર્થ "વારસો" અને "વલી"નો અર્થ "વારસદાર" થાય છે અને અમુક લોકોએ વિલાયતનો શાબ્દિક અર્થ મિત્રતા તથા મદદ અને સહાયનો પણ કર્યો છે.

પ્રથમ તફસીર પ્રમાણે આયતનો અર્થ એ થયો કે, મુસલમાન મુહાજિર અને અન્સાર પરસ્પર એકબીજાના વારસ થયા, તેમનો સંબંધ અને વારસો ન તો ગેરમુસ્લિમો સાથે સ્થાપિત રહી શકશે અને ન જ તે મુસલમાનો સાથે જેમણે હિજરત કરી નથી, પ્રથમ હુકમ એટલે કે દીનનો વિરોધ કરવાની બીના પર વિરાસતના સંબંધો કાપી નાંખવાનો તો કાયમી ધોરણે બાકી રહ્યો છે, પરંતુ બીજો હુકમ મક્કા વિજય પછી જ્યારે કે હિજરતની આવશ્યકતા જ ન રહી તો મુહાજિર અને બિનમુહાજિરમાં વારસાનો સંબંધ કપાઈ જવાનો હુકમ બાકી ન રહ્યો, તેનાથી અમુક ફુક્હાએ એ દલીલ કરી છે કે જે પ્રમાણે દીનનો વિરોધ કરવો એ વારસાઈનો સંબંધ કપાઈ જવાનું એક કારણ છે, એ જ પ્રમાણે ભિન્ન-ભિન્ન માતૃભૂમિનું હોવું પણ વારસાઈના સંબંધ કપાઈ જવાનું કારણ છે જેની વિગતવાર ચર્ચા ફિક્હની કિતાબોમાં ઉપસ્થિત છે.

ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, وَاِنِ اسْتَنْصَرُوْكُمْ فِي الدِّيْنِ فَعَلَيْكُمُ النَّصْرُ اِلَّا عَلٰى قَوْمٍۢ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِّيْثَاقٌ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ એટલે કે, જે લોકોએ હિજરત નથી કરી, જો કે તેમનો વારસાઈનો સંબંધ કાપી નાંખવામાં આવ્યો છે પરંતુ તેઓ જો કે મુસલમાન છે અને તેઓ પોતાના દીનની સુરક્ષા માટે મુહાજિર મુસલમાનો પાસે સહાય માંગે તો તેમના માથે તેમની મદદ કરવી વાજિબ છે, પરંતુ તેની સાથે ન્યાય અને ઈન્સાફનો સિદ્ધાંત અને કરારપાલનની પાબંદીને પણ છોડવી ન જોઈએ એ બતાવવામાં આવ્યું છે, જો તેઓ તમને કોઈ એવી કોમ સાથે મુકાબલા માટે આમંત્રણ આપે અને મદદ માંગે જે કોમ સાથે તમારો યુદ્ધબંધીનો કરાર થઈ ચૂક્યો છે તો તેમના મુકાબલામાં તે મુસલમાનોની મદદ કરવી જાઇઝ નથી.

સુલહે હુદૈબિય્યહની શાંતિમંત્રણાના સમયે આ જ બાબત ઉપસ્થિત થઈ,

જે સમયે રસૂલે કરીમ ﷺએ મક્કાના કાફિરો સાથે સુલેહનો કરાર કરી લીધો ત્યારે સુલેહની શરતોમાં એ પણ સામેલ હતું કે, મક્કાથી જે વ્યક્તિ મદીના આવશે તેને રસૂલે કરીમ ﷺ પરત મોકલી આપશે અને બિલકુલ એ જ સુલેહની આ મંત્રણાના સમયે જ અબૂ જન્દલ (રદિ.) જેમને મક્કાના કાફિરોએ કેદ કરીને જાત-જાતની તકલીફોમાં નાંખ્યા હતા કોઈ રીતે છુટકારો મેળવી રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયા અને પોતાના ઉપર કરવામાં આવેલ અત્યાચાર અને પોતે મજલૂમ હોવાની જાહેરાત કરીને રસૂલે કરીમ ﷺ પાસેથી મદદની માંગણી કરી, રસૂલે કરીમ ﷺ જેઓ વિશ્વ માટે દયા અને કૃપા બનીને આવ્યા હતા એક મજલૂમ મુસલમાનની ફરિયાદથી કેટલા પ્રભાવિત થયા હશે તેનું અનુમાન લગાવવું પણ કોઈ વ્યક્તિ માટે સરળ નથી, પરંતુ આ પ્રભાવ હોવા છતાં પ્રસ્તુત આયતના હુકમ પ્રમાણે તેમની મદદ કરવાથી મજબૂરી દર્શાવી અને તેમને પાછા મોકલી દીધા.

તેમનું આ રીતે પાછા ફરવું સૌ મુસલમાનો માટે અત્યંત દુઃખદાયી અને આઘાતજનક હતું પરંતુ સરવરે કાઈનાત ﷺ અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે જાણે કે તે બાબતનું પ્રત્યક્ષ દર્શન કરી રહ્યા હતા કે હવે આ જુલ્મો-સિતમની જિંદગી બહુ લાંબી નથી રહી અને અમુક દિવસોના સબ્રનો સવાબ અબૂ જન્દલ (રદિ.)ને વધારે મળવાનો છે, ત્યારબાદ ઘણું જ જલદી મક્કા ફતેહ થઈને આ સમગ્ર કિસ્સો સમાપ્ત થવાનો છે, જો કે તે સમયે કુર્આનના ઈરશાદ પ્રમાણે આપ ﷺએ કરારની પાબંદી કરી અને તેમની વ્યક્તિગત મુસીબત ઉપર તે કરારની શરતોને અગ્રિમતા આપી, એ જ ઈસ્લામી શરીઅતની તે વિશિષ્ટ ખાસિયત છે જેણે તેને દુનિયામાં વિજય, ઈજ્જત અને આખિરતની સફળતાના માલિક બનાવ્યા છે નહિતર સામાન્ય રીતે દુનિયાની સરકારો કરારોની એક રમત રમે છે જેના દ્વારા કમજોરને દબાવવા અને શક્તિશાળીને ધોકો દેવાનો હેતુ હોય છે, જે સમયે પોતાનું થોડુંક પણ હિત સામે આવે છે તો તરત જ તેઓ છટકબારીઓ શોધી કરારને સમાપ્ત કરી નાંખે છે અને આક્ષેપ સામા પક્ષના માથે મૂકવાની ફિકર-ચિંતા કરે છે.

બીજી આયતમાં ઈરશાદ છે, وَالَّذِيْنَ كَفَرُوْا بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ એટલે કે, કાફિર લોકો પરસ્પર એકબીજાના વલી છે. શબ્દ "વલી" જેમકે ઉપર વર્ણન થઈ

ચૂક્યું એક સામાન્ય અર્થ ધરાવે છે, જેમાં વિરાસત પણ સામેલ છે અને ઘટનાની વિલાયત અને તેનું સંચાલન પણ; એટલા માટે આ આયતથી જાણ થઈ કે, કાફિર લોકો એકબીજાના વારસદાર સમજવામાં આવે છે અને વિરાસતની વહેંચણીનો જે કાયદો તેમના પોતાના ધર્મમાં પ્રચલિત છે તેમના વારસાઈના વ્યવહારમાં એ જ કાયદો અમલમાં આવશે, વળી તેમના યતીમ બાળકોના વાલી અને છોકરીઓના લગ્નના વાલીઓ પણ તેમનામાંથી જ થશે જેનો ખુલાસો એ છે કે, કૌટુંબિક બાબતોમાં ગેરમુસ્લિમોને પોતાના ધાર્મિક કાનૂન પ્રમાણે વર્તવાની ઈસ્લામી હુકૂમતમાં સુરક્ષા પ્રદાન થઈ છે.

અંતિમ આયતમાં ઈરશાદ છે اِلَّا تَفۡعَلُوۡهُ تَكُنۡ فِتۡنَةٌ فِى الۡاَرۡضِ وَفَسَادٌ كَبِيۡرٌ એટલે કે, જો તમે એવું ન કર્યું, તો સમગ્ર પ્રદેશમાં ફિત્નો અને ઘણી મોટી અરાજકતા ફેલાઈ જશે.

આ વાક્યનો સંબંધ તે બધા જ હુકમો સાથે છે જે તેનાથી અગાઉ વર્ણન કરવામાં આવ્યા છે, દાખલા તરીકે આ મુહાજિરો અને અન્સારોને પરસ્પર એકબીજાના વાલી-વારસો હોવું જોઈએ, જેમકે પરસ્પર મદદ અને સહાય પણ સામેલ છે અને વારસા-વહેંચણી પણ; બીજું એ કે, તે સમયના મુહાજિર અને ગેરમુહાજિર મુસલમાનોમાં પરસ્પર વારસાઈનો સંબંધ ન રહેવો જોઈએ પરંતુ મદદ અને સહાયનો સંબંધ પોતાની શરતો સાથે બાકી રહેવો જોઈએ, ત્રીજું એ કે કાફિરો પરસ્પર એકબીજાના વલી છે, તેમના વાલીપણાના કાયદાઓ અને વારસાઈમાં પણ કોઈ મુસલમાને દખલગીરી ન કરવી જોઈએ.

જો આ હુકમ ઉપર અમલ કરવામાં ન આવ્યો તો પૃથ્વી ઉપર મોટો ફિત્નો અને ઘણી મોટી અરાજકતા ફેલાઈ જશે, આ ચેતવણી લગભગ એટલા માટે આપવામાં આવી કે જે હુકમો આ સ્થળે વર્ણન થયા છે તે ન્યાય અને ઈન્સાફ તથા પ્રદેશમાં સામૂહિક શાંતિના પાયાના સિદ્ધાંતનું સ્વરૂપ ધરાવે છે, કારણ કે આ આયતોથી આ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે પરસ્પર મદદ, સહાય અને વારસાઈનો સંબંધ જે પ્રમાણે સગાઈ ઉપર આધારિત છે એ જ પ્રમાણે તેમાં ધાર્મિક અને દીની સંબંધ પણ ગણતરીમાં લેવાપાત્ર છે, બલકે લોહીના સંબંધ ઉપર દીની સંબંધને અગ્રિમતા આપવામાં આવી છે. એ જ કારણથી કાફિર એ

મુસલમાનનો અને મુસલમાન એ કાફિરનો વારસદાર નથી બની શકતો, ભલે તે પરસ્પર લોહીના સગા હોય, જેમકે બાપ-દિકરો કે ભાઈ-ભાઈ વગેરે; એની સાથે જ ધાર્મિક દુશ્મની અને અજ્ઞાનતાના પૂર્વગ્રહથી અટકાવવા માટે એ સૂચનાઓ પણ આપવામાં આવી કે ધાર્મિક સગાઈ અથવા સંબંધ જો કે, ખૂબ મજબૂત અને ટકાઉ છે પરંતુ કરારનો ભંગ કરવો જાઇઝ નથી, એ જ પ્રમાણે એ પણ માર્ગદર્શન આપવામાં આવ્યું કે, કાફિરો પરસ્પર એકબીજાના વાલી-વારસદારો છે, તેમની વ્યક્તિગત વારસાઈ કે વિલાયતમાં દખલગીરી ન કરવામાં આવે, જાહેરમાં તો આ અમુક ગૌણ અને ઓછા મહત્ત્વના હુકમો છે પરંતુ વાસ્તવમાં દુનિયાની શાંતિ માટે ન્યાય અને ઈન્સાફના આધારે અતિઉત્તમ તથા મજબૂત પાયાના સિદ્ધાંતો છે, એટલા જ માટે આ સ્થળે આ હુકમોને વર્ણન કર્યા પછી એવા શબ્દોમાં ચેતવણી આપવામાં આવી જે સામાન્ય રીતે બીજા હુકમો ઉપર આપવામાં નથી આવી કે, જો તમે આ હુકમો ઉપર અમલ ન કર્યો તો પ્રદેશમાં મોટો ફિત્નો અને ભારે અરાજકતા ફેલાઈ જશે. આ શબ્દોમાં પણ એ તરફ ઈશારો છે કે આ હુકમો ફિત્ના અને ફસાદને રોકવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તેમાં તેનો પોતાનો આગવો પ્રભાવ છે.

ત્રીજી આયતમાં મક્કાથી હિજરત કરનારા સહાબા (રદિ.) અને તેમની મદદ કરનારા મદીનાના અન્સારોના વખાણ અને તારીફ કરીને તેમના સાચા મુસલમાન હોવાની સાક્ષી તથા તેમને મગફિરત અને ઈજ્જતવાળી રોજી આપવાના વાયદાનું વર્ણન થયું છે. ઈરશાદ થયો, أُولَٰئِكَ هُمُ الْمُؤْمِنُونَ حَقًّا એટલે કે, આ જ લોકો સાચા અને પાકા મુસલમાન છે; તેમાં ઈશારો એ તરફ છે કે હિજરત ન કરનારા લોકો પણ જો કે મુસલમાન છે પરંતુ તેમનો ઈસ્લામ સંપૂર્ણ પણ નથી અને યકીની પણ નથી, કારણ કે એ સંભાવના પણ છે કે વાસ્તવમાં તેઓ મુનાફિક હોય, ભલે જાહેરમાં મુસલમાન હોવાનો દા'વો કરતા હોય, ત્યારબાદ ઈરશાદ ફરમાવ્યો, لَهُم مَّغْفِرَةٌ એટલે કે, તેમના માટે મગફિરત છે, જેમકે સહીહ હદીષોમાં اَلْإِسْلَامُ يَهْدِمُ مَا كَانَ قَبْلَهُ وَالْهِجْرَةُ تَهْدِمُ مَا كَانَ قَبْلَهَا આવ્યું છે, એટલે કે મુસલમાન થઈ જવું પાછલા બધા ગુનાહોના અંબારો (ઢગલા)ને ઢાંકી દે છે, એ જ પ્રમાણે હિજરત કરવી પાછલા બધા ગુનાહોને ખતમ કરી દે છે.

ચોથી આયતમાં મુહાજિરોના વિવિધ વર્ગોનો હુકમ વર્ણન કર્યો છે કે, જો કે તેમનામાં અમુક લોકો "મુહાજિરીને અવ્વલ" પ્રથમથી જ હિજરત કરનારા છે કે, જેમણે સુલહે હુદૈબિય્યહ પહેલાં હિજરત કરી અને અમુક બીજા દરજ્જાના મુહાજિરો છે કે, જેમણે સુલહે હુદૈબિય્યહ પછી હિજરત કરી અને તેના કારણે તેમના આખિરતના દરજ્જાઓમાં ફરક પડી ગયો પરંતુ દુનિયાના હુકમોમાં તેમનો હુકમ પણ એ જ છે જે પ્રથમથી હિજરત કરનારા મુહાજિરોનો છે કે તેઓ એકબીજાના વારસ છે, આથી મુહાજિરોને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યો, فَأُولَٰئِكَ مِنكُمْ એટલે કે, આ બીજા દરજ્જાના મુહાજિરો પણ તમારા જ સમૂહમાં સામેલ છે, એટલા માટે વારસાઈના હુકમોમાં પણ તેમનો હુકમ સામાન્ય મુહાજિરો જેવો જ છે.

આ સૂરએ અન્ફાલની બિલકુલ અંતિમ આયત છે, તેના અંતે વારસા-વહેંચણીના કાયદાનું એક મજબૂત બંધારણ વર્ણન કરવામાં આવ્યું જેના દ્વારા તે કામચલાઉ હુકમો મન્સૂખ કરવામાં આવ્યા જે હિજરત પહેલાં મુહાજિરો અને અન્સારો વચ્ચે "મુવાખાત" ભાઈ-ભાઈ બનાવવાની પ્રક્રિયા દ્વારા એકબીજાના વારસદાર બનાવવા વિશે લાગુ પાડવામાં આવ્યા હતા. وَأُولُو الْأَرْحَامِ بَعْضُهُمْ أَوْلَىٰ بِبَعْضٍ فِي كِتَابِ اللَّهِ

શબ્દ أُولُو (ઊલૂ) અરબી ભાષામાં "સાહેબ"ના અર્થમાં આવે છે, જેનો તરજુમો ગુજરાતી ભાષામાં "ધરાવનાર, માલિક વ્યક્તિ અથવા ચોક્કસ વસ્તુની માલિકી ધરાવનાર લોકો" થાય છે. જેમકે, أُولُوالْعَقْل (ઊલૂલ અક્લ) "બુદ્ધિ ધરાવનાર", أُولُوالْأَمْر (ઊલૂલ અમ્ર) "સત્તા ધરાવનાર" એટલા માટે أُولُوالْأَرْحَام (ઊલૂલ અરહામ)નો અર્થ "અરહામવાળા" થાય છે. أَرْحَام (અરહામ) એ رَحِم (રહમ)નું બહુવચન છે, જે વાસ્તવમાં એક અવયવનું નામ છે, તે સ્ત્રીનું ગર્ભાશય છે જેમાં બાળકના અસ્તિત્વમાં આવવાની પ્રક્રિયા થાય છે અને કારણ કે સગાઈ-સંબંધોનો તાલ્લુક "રહમ" એટલે કે ગર્ભાશયના ભાગીદાર હોવાથી કાયમ થાય છે, આથી "ઊલૂલ અરહામ"નો સગાઈ સંબંધોના અર્થમાં ઉપયોગ થાય છે.

એટલે આયતનો અર્થ એ થાય છે કે, જો કે એક પ્રકારનું સામાન્ય વાલીપણુ મુસમલમાનોનું પરસ્પર એકબીજા સાથે હોય જ છે, જેના કારણે

આવશ્યકતાના સમયે એકબીજાની સહાય અને મદદ પણ વાજિબ થાય છે અને પરસ્પર એકબીજાના વારસદાર પણ બને છે, પરંતુ જે મુસલમાનો પરસ્પર સગાઈ અને રિશ્તેદારીનો સંબંધ ધરાવતા હોય તો તે અન્ય મુસલમાનો કરતાં અગ્ર સ્થાને છે. فِى كِتٰبِ اللّٰهِ (ફી કિતાબિલ્લાહી)નો અર્થ આ સ્થળે فِىْ حُكْمِ اللّٰهِ (ફી હુક્મિલ્લાહી) થાય છે, એટલે કે અલ્લાહ તઆલાએ પોતાના ખાસ હુકમ વડે આ કાયદો બનાવ્યો છે.

આ આયતમાં એ નિયમ બતાવવામાં આવ્યો છે કે, વારસા-વહેંચણી સગાઈ-સંબંધના માપદંડ ઉપર હોવી જોઈએ અને શબ્દ اُولُوا الْاَرْحَامِ (ઊલૂલ અરહામ) તે સગાંઓ એટલે કે લોહીના રિશ્તેદારો માટે બોલવામાં આવે છે, તેમાંથી ખાસ-ખાસ લોહીના સંબંધીઓનો વારસાઈનો હિસ્સો તો પોતે કુર્આને કરીમે સૂરએ નિસાઅ્માં નક્કી કરી દીધો, જેને વારસા-વહેંચણીની પરિભાષામાં "અહલે ફરાઇઝ" વારસો ધરાવનાર અથવા "ઝવિલ્ફુરૂઝ" કહેવામાં આવે છે, તેમને આપ્યા પછી જે માલ બચે તે આ આયતની રૂએ અન્ય રિશ્તેદારોમાં વહેંચાવો જોઈએ અને એ પણ દેખીતું છે કે, બધા સગાં-વહાલાંઓમાં કોઈ માલની વહેંચણી કરવી કોઈના કાબૂમાં નથી, કારણ કે દૂરની રિશ્તેદારીઓ તો સમગ્ર દુનિયાના મનુષ્યોમાં પરસ્પર નિઃશંક ! ઉપસ્થિત છે જ કે સમગ્ર માનવજાત એક જ બાપ અને માં હઝરત આદમ અને હવ્વા (અલૈ.) દ્વારા પેદા થઈ, આથી સગાઈ-સંબંધોમાં વહેંચણી કરવાનું વાસ્તવિક સ્વરૂપ એ જ હોઈ શકે છે કે, નજીકના સગાંઓને દૂરના સગાંઓ ઉપર અગ્ર સ્થાને રાખી નજીકના સગાંને આપવામાં આવશે અને દૂરના સગાંને આ લાભથી વંચિત કરવામાં આવશે જેનું વિગતવાર વર્ણન રસૂલે કરીમ ﷺની હદીષોમાં એ પ્રમાણે મોજૂદ છે કે, ઝવિલ્ફુરૂઝનો હિસ્સો આપ્યા બાદ જે કંઈ બચે તે મય્યતના પિતા તરફના રિશ્તેદારીના દરજ્જા પ્રમાણે આપવામાં આવે, એટલા માટે બાપની રિશ્તેદારીમાં વધારે નજીક હોય તેમને દૂરના રિશ્તેદારો ઉપર અગ્રિમતા આપવામાં આવે અને નજીકની સામે દૂરનાને વંચિત કરવામાં આવે.

અને જો બાપ તરફના કોઈ સગાં જીવીત મોજૂદ નથી તો પછી બાકીના સગાં-વહાલાંઓમાં વહેંચણી કરવામાં આવે.

બાપ તરફની સગાઈ ઉપરાંત જે અન્ય સગાંઓ હોય છે, વારસાઈ અને

ફરાઇઝના જ્ઞાનની પરિભાષામાં શબ્દ "ઝવિલ્અરહામ" તેમના માટે ખાસ કરી દેવામાં આવ્યો છે પરંતુ આ પરિભાષા પાછળથી નક્કી કરવામાં આવી છે. કુર્આને કરીમમાં "ઊલૂલ અરહામ"નો શબ્દ અર્થના આધારે બધા જ સગાં-વહાલાંઓ ઉપર વિશેષ પ્રભાવી છે, જેમાં "ઝવિલ્ફુરૂઝ" અને બાપ તરફના સગાં-વહાલાં "ઝવિલ્અરહામ" બધા સામૂહિક રીતે સામેલ છે.

પછી તેની અમુક વિગત સૂરએ નિસાઅ્ની આયતોમાં આવી ચૂકી છે, જેમાં અમુક-અમુક રિશ્તેદારોના હિસ્સા પોતે અલ્લાહ તઆલાએ નક્કી કરી દીધા છે જેને વારસાઈની પરિભાષામાં "ઝવિલ્ફુરૂઝ" કહેવામાં આવે છે અને બાકીનાઓ વિશે રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યો,

اَلْحِقُوْا الْفَرَائِضَ بِاَهْلِهَا فَمَابَقِىَ فَهُوَلاُوْلٰى رَجُلٍ ذَكَرٍ (بُخَارِى)

"એટલે કે, જેનો ભાગ કુર્આને નક્કી કરી આપ્યો છે તે તેને પૂરે-પૂરો આપ્યા પછી જે કંઈ બચે તે એ લોકોને આપવામાં આવે જે મય્યિતના સૌથી નજીકના પુરુષ હોય."

(બુખારી)

તેમને વારસાઈની પરિભાષામાં عَصَبَاتٌ (અસબાત) કહે છે, જો કોઈ મૃત વ્યક્તિના "અસબાત"માં કોઈ ઉપસ્થિત નથી તો રસૂલુલ્લાહ ﷺના ઈરશાદ પ્રમાણે ફરી અન્ય રિશ્તેદારોને આપવામાં આવે છે જેમને વારસાઈની પરિભાષામાં "ઝવિલ્અરહામ" કહેવામાં આવે છે જેમકે મામા, માસી વગેરે.

સૂરએ અન્ફાલની આ અંતિમ આયતના અંતિમ વાક્યએ ઈસ્લામના વારસાઈ વહેંચણીના તે કાનૂનો મન્સૂખ કરી દીધા જે તેનાથી આગલી આયતોમાં ઉપસ્થિત હતા જેની રૂએ મુહાજિરો અને અન્સારોમાં પરસ્પર વારસાઈ લાગુ પડતી હતી, ભલે તેમની વચ્ચે કોઈ સગાઈ-સંબંધ ન હોય, કારણ કે આ હુકમ એક હંગામી કામચલાઉ હુકમ છે, જે હિજરતની શરૂઆતના સમયમાં આપવામાં આવ્યો હતો.

સૂરએ અન્ફાલ પૂર્ણ થઈ ગઈ. અલ્લાહ તઆલા આપણ સૌને તેને સમજવાની અને તેના ઉપર અમલ કરવાની તવફીક અતા ફરમાવે. આમીન.

تَمَّتْ سُوْرَةُ الْاَنْفَالِ بِعَوْنِ اللّٰهِ تَعَالٰی وَحَمْدِهٖ لَيْلَةَ الْخَمِيْسِ لِثَمَانِیْ وَعِشْرِيْنَ مِنْ
جُمَادَی الْاُخْرٰی ۱۳۸۱ھ وَاَسْأَلُ اللّٰهَ تَعَالٰی التَّوْفِيْقَ وَالْعَوْنَ فِیْ تَفْسِيْرِ سُوْرَةِ
التَّوْبَةِ وَلِلّٰهِ الْحَمْدُ اَوَّلَهٗ وَاٰخِرَهٗ

مُحَمَّدُ شَفِيْع عُفِیَ عَنْهُ

وَتَمَّ النَّظْرُ الثَّانِیْ عَلَيْهِ يَوْمَ الْجُمُعَةِ لِتِسْعَةَ عَشَرَ مِنْ
جُمَادَی الْاُوْلٰی ۱۳۹۰ھ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِکَ

□□□□□□□□□□□□

અલ્હમ્દુલિલ્લાહ ! સૂરએ અન્ફાલનો અનુવાદ પૂર્ણ થયો.

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની સા. (રહ.)
અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી
તારીખ : ૦૪ જુલાઈ ૨૦૦૯ બ મુતાબિક ૧૧ રજબ ૧૪૩૦ હિજરી.

પ્રકરણ : (૯)

સૂરએ તવબહ

સૂરએ તવબહ મદીનામાં ઊતરી, તેની ૧૨૯ આયતો અને ૧૬ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧ થી ૫)

﴿اٰیاتها ۱۲۹﴾ ﴿۹ سُوْرَةُ التَّوْبَةِ مَدَنِيَّةٌ ۱۱۳﴾ ﴿رکوعاتها ۱۶﴾

بَرَآءَةٌ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖۤ اِلَى الَّذِيْنَ عٰهَدْتُّمْ مِّنَ الْمُشْرِكِيْنَ ؕ (١) فَسِيْحُوْا فِي الْاَرْضِ
اَرْبَعَةَ اَشْهُرٍ وَّاعْلَمُوْۤا اَنَّكُمْ غَيْرُ مُعْجِزِي اللّٰهِ ۙ وَاَنَّ اللّٰهَ مُخْزِي الْكٰفِرِيْنَ (٢)
وَاَذَانٌ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖۤ اِلَى النَّاسِ يَوْمَ الْحَجِّ الْاَكْبَرِ اَنَّ اللّٰهَ بَرِيْٓءٌ مِّنَ الْمُشْرِكِيْنَ ۙ
وَرَسُوْلُهٗ ؕ فَاِنْ تُبْتُمْ فَهُوَ خَيْرٌ لَّكُمْ ۚ وَاِنْ تَوَلَّيْتُمْ فَاعْلَمُوْۤا اَنَّكُمْ غَيْرُ مُعْجِزِي اللّٰهِ ؕ
وَبَشِّرِ الَّذِيْنَ كَفَرُوْا بِعَذَابٍ اَلِيْمٍ ۙ (٣) اِلَّا الَّذِيْنَ عٰهَدْتُّمْ مِّنَ الْمُشْرِكِيْنَ ثُمَّ لَمْ
يَنْقُصُوْكُمْ شَيْـًٔا وَّلَمْ يُظَاهِرُوْا عَلَيْكُمْ اَحَدًا فَاَتِمُّوْۤا اِلَيْهِمْ عَهْدَهُمْ اِلٰى مُدَّتِهِمْ ؕ
اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ (٤) فَاِذَا انْسَلَخَ الْاَشْهُرُ الْحُرُمُ فَاقْتُلُوا الْمُشْرِكِيْنَ حَيْثُ
وَجَدْتُّمُوْهُمْ وَخُذُوْهُمْ وَاحْصُرُوْهُمْ وَاقْعُدُوْا لَهُمْ كُلَّ مَرْصَدٍ ۚ فَاِنْ تَابُوْا وَ
اَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ فَخَلُّوْا سَبِيْلَهُمْ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ (٥)

તરજુમો :

અલ્લાહ અને તેના રસૂલ તરફથી તે મુશ્રિકોને સ્પષ્ટ જવાબ છે જેમની સાથે

તમારો કરાર થયો હતો. (૧) બસ આ પ્રદેશમાં ચાર મહિના ફરી લો અને જાણી લો કે તમે અલ્લાહને થકવી શકશો નહીં અને એ કે અલ્લાહ કાફિરોને અપમાનિત કરનાર છે. (૨) અને અલ્લાહ તરફથી અને તેના રસૂલ તરફથી લોકોને મોટી હજ્જ (હજ્જે અકબર)ના દિવસે સંભળાવી દેવાનું છે કે અલ્લાહ અને તેનો રસૂલ મુશ્રિકોથી અળગા છે, બસ જો તમે તવબહ કરો તો તમારા માટે ઉત્તમ છે અને જો ન માનો તો જાણી લો કે તમે કદાપિ અલ્લાહને થકવી શકશો નહીં અને કાફિરોને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો. (૩) પરંતુ જે મુશ્રિકો સાથે તમે કરાર કર્યો હતો પછી તેમણે તમારી સાથે કંઈ કુસૂર ન કર્યો અને તમારા મુકાબલામાં કોઈની મદદ ન કરી, બસ તેમની સાથે તેમનો કરાર તેમના વાયદા સુધી પૂરો કરો, નિઃશંક ! અલ્લાહને કાળજીવાળા (મુત્તકીઓ) પસંદ છે. (૪) પછી જ્યારે શરણના ચાર મહિના પસાર થઈ જાય તો મુશ્રિકોને મારો જ્યાં (પણ) પામો અને પકડો અને ઘેરો અને દરેક સ્થળે તેમની તાકમાં બેસો, પછી જો તેઓ તવબહ કરે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપ્યા કરે તો તેમનો માર્ગ છોડી દો, બેશક ! અલ્લાહ મહાન મા'ફ કરનારો મહેરબાન છે. (૫)

તફસીર :

અલ્લાહ તરફથી અને તેના રસૂલ (ﷺ) તરફથી તે મુશ્રિકો(ના કરાર)થી સંબંધ વિચ્છેદ છે જેમણે તમારી સાથે (કોઈ પ્રકારની સમય મર્યાદા નક્કી કર્યા વિના) કરાર કરી રાખ્યો હતો (આ તે ત્રીજા પ્રકારના ગ્રૂપ માટે છે કે જેની વિગત આગળ મસ્અલા અને બોધપાઠ વિભાગમાં આવી રહી છે) અને (ચોથું ગ્રૂપ એટલે કે જેમની સાથે કોઈ જ કરાર ન હતો તેમનો હુકમ પણ મોટે ભાગે અર્થ તરીકે લેવામાં આવ્યો કે જ્યારે કરારથી બંધાયેલા લોકો સાથે કરાર પૂરો થયાની જાહેરાત કરી દીધી તો જેમની સાથે પ્રથમથી કોઈ કરાર જ ન હતો) બસ, (તે બંને ગ્રૂપોને જાણ કરી આપો કે) તમે લોકો આ જમીનમાં ચાર મહિના હરી-ફરી લો (પરવાનગી છે જેથી પોતાનું સ્થળ અને શરણ શોધી લો) અને (તેની સાથે) એ (પણ) જાણી લો કે (આ મહોલતના કારણે જ મુસલમાનોના હાથોથી બચી શકો છો પરંતુ) તમે અલ્લાહ તઆલાને લાચાર નથી કરી શકતા (કે તેના કાબૂમાંથી બહાર નીકળી શકો) અને એ (પણ જાણી રાખો) કે બેશક !

અલ્લાહ તઆલા (આખિરતમાં) કાફિરોને અપમાનિત કરશે (એટલે કે અઝાબ આપશે તમારી ડિપ્લોમેસી તેના અઝાબથી બચાવી નહીં શકે અને કત્લ થવાની શક્યતા દુનિયામાં રહેલી જ છે, તેમાં તવબહ માટેનું પ્રોત્સાહન પણ છે) અને (પ્રથમ તથા બીજા વર્ગનો હુકમ એ છે કે) અલ્લાહ અને રસૂલ (ﷺ) તરફથી મોટી હજ્જની તારીખોમાં સામાન્ય લોકોની સામે એ'લાન કરવામાં આવે છે કે, અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) બંને (કોઈ સમય મર્યાદા નક્કી કર્યા સિવાય હમણાં જ) સંબંધ વિચ્છેદ કરે છે મુશ્રિકો(ને સલામતી આપવા)થી (જેમણે પોતે કરારનો ભંગ કર્યો; તેનાથી અત્રે પ્રથમ પ્રકારની જમાઅત સમજવામાં આવશે પરંતુ) પછી (પણ તેમને કહેવામાં આવે છે કે) જો તમે (કુફ્રથી) તવબહ કરી લો તો તમારા માટે (બંને દુનિયામાં) ઉત્તમ છે (દુનિયામાં તો એટલા માટે કે તમારો કરારભંગ કરવો મા'ફ થઈ જાય છે અને કત્લ થવાથી બચી જશો અને આખિરતમાં દેખીતું છે કે છુટકારો પામી લેશો) અને તમે (ઈસ્લામનો) વિરોધ કર્યો તો એ સમજી રાખો કે તમે અલ્લાહ તઆલાને આજિઝ (લાચાર) નહીં કરી શકો (કે ક્યાંક નીકળીને ભાગી જાઓ) અને (આગળ અલ્લાહને લાચાર ન કરી શકવાની વિગત છે કે) તે કાફિરોને એક દર્દનાક અઝાબની ખબર સંભળાવી આપો (જે આખિરતમાં ઉપસ્થિત થનાર છે, એ તો ચોક્કસ થવાનું જ છે અને દુનિયામાં સજા આપવાની શક્યતા છે તે વળી એક અલગ બાબત છે, મતલબ એ થયો કે જો વિરોધ કરશો તો ચોક્કસ સજા ભોગવશો) હા ! પરંતુ તે મુશ્રિકો (આ કરાર વિચ્છેદથી) બાકાત છે જેમણે તમારી સાથે કરાર કર્યો, પછી તેમણે (કરાર પૂરો કરવામાં) તમારી સાથે જરા પણ કમી ન કરી અને ન જ તમારા મુકાબલામાં (તમારા) કોઈ (દુશ્મન)ની મદદ કરી (એનો અર્થ બીજા નંબરની જમાઅત છે) બસ, તેમના કરારને તેમની (નક્કી) સમય મર્યાદા સુધી પૂરો કરો (અને કરારભંગ ન કરો કારણ કે) ખરેખર અલ્લાહ તઆલા (કરારભંગથી) બચનારાઓને પસંદ કરે છે, (બસ તમે કાળજી રાખશો અને બચેલા રહેશો તો તમે પણ અલ્લાહના પસંદ કરેલાઓમાંથી થઈ જશો. આગળ પ્રથમ જમાઅતના હુકમની પૂર્ણતા છે કે જ્યારે તમે તેમને કોઈ મોહલત જ નથી આપી તો તેમની સાથે પણ લડાઈની સંભાવના હોઈ શકતી હતી, પરંતુ હમણા મુહર્રમના પૂર્ણ થવા સુધી અદબવાળા મહિનાઓ યુદ્ધથી રોકી રાખે છે) બસ, (તેના પસાર થઈ

જવાની રાહ જોઈ લો અને) જ્યારે અદબવાળા મહિના પૂરા થઈ જાય તો (તે સમયે) તે મુશ્રિકો(ની પ્રથમ નંબરની જમાઅત)ને જ્યાં જુઓ મારો, પકડો, બાંધો અને દાવ-ઘાતના સ્થળોએ તેમની તાકમાં બેસો (એટલે કે લડાઈમાં જે-જે થાય છે તે બધાની પરવાનગી છે) પછી જો (કુફ્રથી) તવબહ કરી લે અને (ઈસ્લામના કામો કરવા લાગે, દાખલા તરીકે) નમાઝ પઢવા લાગે, ઝકાત આપવા લાગે તો તેમનો માર્ગ છોડી દો (એટલે કે કતલ અને કેદ ન કરો, કારણ કે) વાસ્તવમાં અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનારો અને મહાકૃપાળુ છે (એટલા માટે એવા વ્યક્તિના કુફ્રને મા'ફ કરી દીધું જે ઈમાન લાવ્યો અને તેના પ્રાણ બચાવી લીધા અને આ જ હુકમ બાકીની અન્ય જમાઅતોનો છે તેમના કરારની સમય મર્યાદા પૂરી થયા પછી).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ બરાઅત શરૂ થઈ રહી છે જેને સૂરએ તવબહ પણ કહેવામાં આવે છે. "બરાઅત" એટલા માટે કહેવામાં આવે છે કે તેમાં કાફિરો સાથે સંબંધ વિચ્છેદનું વર્ણન છે અને "તવબહ" એટલા માટે કહેવામાં આવે છે કે તેમાં મુસલમાનોની તવબહ સ્વીકાર થયાનું વર્ણન છે. *(મઝહરી)*

આ સૂરતની એક વિશિષ્ટતા એ છે કે, સમગ્ર કુર્આનની પ્રતમાં આ સૂરતની શરૂઆતનમાં 'બિસ્મિલ્લાહ' લખવામાં નથી આવતી, તેના સિવાય કુર્આનની બધી જ સૂરતોની શરૂઆતમાં બિસ્મિલ્લાહ લખવામાં આવે છે, તેનું કારણ જાણવા માટે પ્રથમ એ જાણી લેવું જરૂરી છે કે કુર્આન મજીદ ૨૩ વર્ષોની મુદતમાં થોડું-થોડું કરીને ઊતર્યું છે, એક જ સૂરતની આયતો વિવિધ પરિસ્થિતિઓમાં અને વિવિધ સમયે નાઝિલ થઈ, હઝરત જિબ્રઈલે અમીન (અલૈ.) જ્યારે વહી લઈને આવતા હતા તો સાથે જ અલ્લાહના હુકમથી એ પણ બતાવતા હતા કે, આ આયત ફલાણી સૂરતમાં ફલાણી આયત પછી ગોઠવવામાં આવે, એ જ પ્રમાણે રસૂલે કરીમ ﷺના વહીના લહ્યા (લખનારા)ઓને રસૂલે કરીમ ﷺ સૂચના આપીને લખાવી દેતા હતા.

અને જ્યારે એક સૂરત પૂર્ણ થઈને બીજી સૂરત શરૂ થતી હતી તો સૂરત શરૂ થતા પહેલાં 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' નાઝિલ થતી હતી, જેનાથી એ

સમજી લેવામાં આવતું હતું કે, પ્રથમ સૂરત પૂર્ણ થઈ ગઈ અને બીજી સૂરત શરૂ થઈ રહી છે, કુર્આને મજીદની બધી જ સૂરતોમાં આવું જ થયું. સૂરએ તવબહ ઊતરવાના આધારે બિલકુલ અંતિમ સૂરતોમાંથી છે, તેની શરૂઆતમાં સામાન્ય નિયમ પ્રમાણે ન તો બિસ્મિલ્લાહ નાઝિલ થઈ અને ન જ રસૂલે કરીમ ﷺએ વહીના કાતિબોને આ બાબતે કોઈ સૂચના આપી અને એ જ પરિસ્થિતિમાં રસૂલે કરીમ ﷺનો ઈન્તેકાલ થઈ ગયો.

કુર્આન એકત્રિત કરનાર હઝરત ઉસ્માન ગની (રદિ.)એ પોતાની ખિલાફતના કાળમાં જ્યારે કુર્આન શરીફને પુસ્તકના સ્વરૂપમાં સંપાદિત કર્યું તો બધી જ સૂરતોથી વિપરીત સૂરએ તવબહની શરૂઆતમાં બિસ્મિલ્લાહ ન હતી, એટલા માટે એ શંકા થઈ કે કદાચ આ કોઈ આગવી સૂરત ન હોય બલકે બીજી કોઈ સૂરતનો ભાગ હોઈ શકે છે, હવે એની ચિંતા થઈ કે જો આ કોઈ બીજી સૂરતનો ભાગ હોય તો તે કઈ સૂરત હોઈ શકે છે ? વિષયોના આધારે સૂરએ અન્ફાલ તેના વિષયવસ્તુ પ્રમાણે યોગ્ય જણાઈ.

હઝરત ઉસ્માન (રદિ.)થી એક રિવાયતમાં એ પણ નક્કી કરવામાં આવ્યું છે કે, રસૂલે કરીમ ﷺના સમયકાળમાં આ બંને સૂરતોને قَرِيۡنَتَيۡنِ (કરીનતયૂન) એટલે કે, 'એકબીજાથી મળેલી' કહેવામાં આવતી હતી. (મઝહરી) એટલા માટે તેને સૂરએ અન્ફાલ પછી મૂકવામાં આવી, આ કાળજી એટલા માટે લેવામાં આવી કે બીજી સૂરતનો ભાગ હોય તો તે તેની સાથે રહેવી જોઈએ પરંતુ શક્યતા એ પણ હતી કે આ અલગથી આગવી સૂરત હોય, આથી લખવામાં એવું સ્વરૂપ અપનાવવામાં આવ્યું કે સૂરએ અન્ફાલ પૂર્ણ થવા ઉપર સૂરએ તવબહ શરૂ થતાં પહેલાં અમુક ખાલી જગ્યા છોડી દેવામાં આવી, જેવી રીતે કે સામાન્ય સૂરતોની શરૂઆતમાં બિસ્મિલ્લાહ માટેની જગ્યા હોય છે.

સૂરએ બરાઅત અથવા તો સૂરએ તવબહની શરૂઆતમાં બિસ્મિલ્લાહ ન લખવાની આ તહકીક પોતે કુર્આન એકત્રિત કરનાર હઝરત ઉસ્માન (રદિ.) દ્વારા અબૂ દાવુદ, નસાઈ, મુસ્નદે ઈમામ અહમદ, તિરમિઝી વગેરેમાં કુર્આનના મુફસ્સિર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી એક સવાલના જવાબમાં નકલ થયું છે. આ સવાલના જવાબમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ને હઝરત ઉસ્માન ગની (રદિ.)એ એ પણ પૂછ્યું હતું કે, કુર્આનની સૂરતોનો જે ક્રમ નક્કી

કરવામાં આવ્યો છે, સૌ પ્રથમ મોટી સૂરતો મૂકવામાં આવી છે જેમાં સો આયતોથી વધારે હતી, જેને પરિભાષામાં مِـئِيْـن (મિઅયૂન) કહેવામાં આવે છે, ત્યાર પછી તે મોટી સૂરતો મૂકવામાં આવી જેમાં સોથી ઓછી આયતો છે, જેને مَثَـانِي (મષાની) કહેવામાં આવે છે, ત્યાર પછી નાની સૂરતો મૂકવામાં આવી જેને مُـفَـصَّلَات (મુફસ્સલાત) કે જે સૂરએ કા'ફ પચાસ નંબરની સૂરહથી શરૂ થઈ કુર્આનની અંતિમ ૧૧૪ નંબરની સૂરત સુધી છે તેને કહેવામાં આવે છે, આ ક્રમનો પણ તકાદો એ છે કે સૂરએ તવબહને સૂરએ અન્ફાલ પહેલાં મૂકવામાં આવે, કારણ કે સૂરએ તવબહની આયતો સૂરએ અન્ફાલ કરતાં વધારે છે અને સૂરએ અન્ફાલની આયતો ૧૦૦થી ઓછી છે, શરૂની સાત લાંબી સૂરતો જેને سَبْـع طِوَال (સબ્અ તિવાલ) કહેવામાં આવે છે તેમાં પણ અન્ફાલના બદલે સૂરએ તવબહ જ વધારે યોગ્ય છે તેનાથી વિપરીત કરવામાં શું મસ્લિહત છે ? હઝરત ઉસ્માન (રદિ.)એ જવાબમાં ફરમાવ્યું કે, આ બધી વાતો સાચી છે પરંતુ કુર્આન વિશે કાળજીનો તકાદો એ જ છે જે અપનાવવામાં આવ્યું છે, કારણ કે જો સૂરએ તવબહ આગવી સૂરત ન હોય બલકે, સૂરએ અન્ફાલનો ભાગ હોય તો એ દેખીતું છે કે સૂરએ અન્ફાલની આયતો પ્રથમ નાઝિલ થઈ છે અને સૂરએ તવબહ ત્યાર પછી, એટલા માટે તેને સૂરએ અન્ફાલની આયતો ઉપર અગ્રિમતા આપવી વહી વિના જાઈઝ નથી અને વહીમાં અમને કોઈ એવી સૂચના નથી મળી આથી અન્ફાલને અગ્ર સ્થાને અને તવબહને ત્યાર પછી મૂકવામાં આવી.

આ તહકીકથી એ જાણ થઈ કે, સૂરએ તવબહની શરૂઆતમાં બિસ્મિલ્લાહ ન લખવાનું કારણ એ છે કે, એ બાબતની સંભાવના છે કે સૂરએ તવબહ આગવી સૂરત હોય બલકે સૂરએ અન્ફાલનો કોઈ ભાગ હોય, આ સંભાવના ઉપર અત્રે બિસ્મિલ્લાહ લખવી એવી અયોગ્ય બાબત હશે કે જેમકે કોઈ વ્યક્તિ સૂરતની વચ્ચે બિસ્મિલ્લાહ લખી દે.

આ જ બીના ઉપર ફુકહાએ ફરમાવ્યું છે કે, જે વ્યક્તિ ઉપરથી સૂરએ અન્ફાલથી તિલાવત કરતો-કરતો આવ્યો હોય અને સૂરએ તવબહ શરૂ થઈ રહી હોય તો બિસ્મિલ્લાહ ન પઢે, પરંતુ જે વ્યક્તિ આ જ સૂરતથી અથવા તો તેની વચ્ચેથી પોતી તિલાવત કરી રહ્યો છે તો તેણે 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' પઢીને તિલાવત શરૂ કરવી જોઈએ, અમુક નાવાકિફ લોકો એવું સમજે છે કે સૂરએ

તવબહની તિલાવતમાં કોઈપણ હાલતમાં બિસ્મિલ્લાહ પઢવી જાઈઝ નથી એ ખોટું છે, તેના ઉપર બીજી ભૂલ એ કરે છે કે, બિસ્મિલ્લાહના બદલે આ લોકો તેની શરૂઆતમાં اَعُوْذُ بِاللّٰهِ مِنَ النَّارِ (અઊઝુબિલ્લાહી મિનન્નાર) પઢે છે જેની કોઈ સાબિતી રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)થી મળતી નથી.

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુથી જે રિવાયત હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની નકલ થઈ છે કે, સૂરએ બરાઅતની શરૂઆતમાં બિસ્મિલ્લાહ ન લખવાનું કારણ એ છે કે, બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ એ સલામતી છે અને સૂરએ બરાઅતમાં કાફિરો સાથે સલામતીનો કરાર સમાપ્ત કરવામાં આવ્યો છે, બસ આ એક રસપ્રદ મુદ્દો છે જેનાથી મૂળ હેતુ કે મૂળ કારણનો નકાર થતો નથી, એટલે કે અસલી કારણ તો એ જ છે કે સૂરએ અન્ફાલ અને સૂરએ તવબહ એક હોવાની સંભાવનાની બીનાએ બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ લખવામાં નથી આવી, પછી તેનું ન લખવાનું એક રસપ્રદ કારણ એ પણ હોઈ શકે છે કે, આ સૂરતમાં કાફિરોથી બેઝારી અને સુલેહ–સલામતીના કરારના વિચ્છેદનું વર્ણન છે જે બિસ્મિલ્લાહ સાથે બંધ બેસતું નથી, આથી કુદરતી રીતે એવા કારણો ઉપસ્થિત કરવામાં આવ્યા કે બિસ્મિલ્લાહ અહીંયાં લખવામાં ન આવે.

સૂરએ તવબહની પ્રસ્તુત આયતોને સંપૂર્ણ રીતે જાણવા માટે અમુક ઘટનાઓ જાણવી જરૂરી છે જેના કારણે આ આયતો નાઝિલ થઈ છે, એટલા માટે પ્રથમ તે ઘટનાઓની ટૂંકમાં વિગત લખવામાં આવે છે.

(૧) સંપૂર્ણ સૂરએ તવબહમાં અમુક ગઝ્વાત અને તે સંબંધિત ઘટનાઓનું અને તેના સંદર્ભમાં ઘણા બધા હુકમો અને મસ્અલાઓનું વર્ણન થયું છે, દાખલા તરીકે અરબના બધા જ કબીલાઓ સાથેના કરારોને સમાપ્ત કરી દેવા; મક્કા વિજય, ગઝ્વએ હુનૈન, ગઝ્વએ તબૂક આ ઘટનાઓમાં ફત્હે મક્કા સૌથી પહેલાં સન હિજરી આઠમાં, પછી ગઝ્વએ હુનૈન તે જ વર્ષે પછી ગઝ્વએ તબૂક રજબ સન હિજરી ૯માં પછી અરબના બધા જ કબીલાઓ સાથે કરારો સમાપ્ત કરવાનું એ'લાન જિલ્હજ્જ સન હિજરી ૯માં થયું.

(૨) કરાર વિચ્છેદ એટલે કે યુદ્ધબંધીના કરારો સમાપ્ત કરવા માટે જે વિષયો આ આયતમાં પ્રસ્તુત છે તેનો ખુલાસો એ છે કે, સન હિજરી ૬માં

રસૂલુલ્લાહ ﷺએ ઉમરહનો ઈરાદો કર્યો અને મક્કાના કુરૈશીઓએ રસૂલે કરીમ ﷺને મક્કામાં પ્રવેશવા ન દીધા અને હુદૈબિય્યહના સ્થળે તેમની સાથે સુલેહ થઈ, આ સુલેહનો સમયગાળો રૂહુલ મઆનીએ નકલ કર્યા પ્રમાણે ૧૦ વર્ષનો નક્કી થયો હતો તેમાં મક્કા ઉપરાંત કુરૈશના બીજા કબીલાઓ પણ સામેલ હતા. સુલેહના કરારની એક કલમ એ પણ રાખવામાં આવી હતી કે કુરૈશ સિવાય બીજા કબીલાઓમાં જેનું મન ચાહે તેઓ કુરૈશના સાથીદાર બની જોડાણ કરી શકે છે અને જેનું મન ચાહે તે રસૂલુલ્લાહ ﷺ સાથે જોડાણ કરીને આપ ﷺ સાથે થઈ શકે છે અને કબીલા બની બકરે કુરૈશ સાથે થવાનું પસંદ કર્યું, એટલા માટે આ કરારની રૂએ એ જરૂરી હતું કે દશ વર્ષો સુધી ન તો પરસ્પર યુદ્ધ થશે, ન જ કોઈ યુદ્ધ કરનારને કોઈપણ દિશાએથી કોઈપણ પ્રકારની મદદ આપવામાં આવશે અને જે કબીલો અથવા પક્ષનો સાથી અને જોડાણ ધરાવનાર છે તે પણ આ જ હુકમમાં ગણવામાં આવશે અને તેના ઉપર આક્રમણ કરવું અથવા આક્રમણકારીને મદદ કરવી કરારભંગ ગણાશે.

આ કરાર સન હિજરી ૬માં થયો, સન હિજરી ૭માં કરાર પ્રમાણે રસૂલે કરીમ ﷺ સહાબા (રદિ.) સાથે પોતાના છૂટી ગયેલા ઉમરહની કઝા કરવા માટે મક્કએ મુઅઝ્ઝમહ તશરીફ લઈ ગયા અને ત્રણ દિવસ થોભીને કરાર પ્રમાણે પરત ચાલ્યા આવ્યા, એ સમય સુધી કોઈ પક્ષ તરફથી સુલેહના કરારનો ભંગ થયો ન હતો.

ત્યાર પછી પાંચ-છ મહિના પસાર થઈ ચૂક્યા હતા કે, કબીલા બની બકરે કબીલા ખુજાઅહ ઉપર રાતના સમયે આક્રમણ કર્યું અને કુરૈશે પણ એ સમજી લીધું કે રસૂલે કરીમ ﷺ ઘણા દૂર છે અને રાતનો સમય છે, રસૂલે કરીમ ﷺ સુધી આ ઘટનાની જાણકારી અને વિગત પહોંચવી ઘણી મુશ્કેલ છે, તેમણે આ આક્રમણમાં બની બકરને હથિયારો અને જવાનોની મદદ કરી.

આ ઘટના અને પરિસ્થિતિ પ્રમાણે જેને છેવટે કુરૈશે પણ સ્વીકારી લીધી તે સુલેહનો કરાર તૂટી ગયો જે હુદૈબિય્યહમાં દશ વર્ષની મુદતની યુદ્ધબંધી માટે થયો હતો.

કબીલા ખુજાઅહ રસૂલુલ્લાહ ﷺ સાથે જોડાણ ધરાવતો હતો, તેમણે આ ઘટનાની જાણકારી આપ ﷺને આપી, આપ ﷺએ કુરૈશની કરારભંગની

ખબર સાંભળીને કુરૈશ વિરુદ્ધ યુદ્ધની ગુપ્ત તૈયારીઓ શરૂ કરી દીધી.

કુરૈશને બદ્ર, ઉહદ અને અહઝાબના યુદ્ધોમાં મુસલમાનોની અદષ્ય અને રબ્બાની ચમત્કારિક શક્તિનો અંદાજો થઈ ગયો હતો અને તેના કારણે તેમની શક્તિનો નશો ઊતરી ચૂક્યો હતો, તે સમયે કરારભંગ કર્યા પછી મુસલમાનો તરફથી યુદ્ધનો ભય પેદા થઈ ચૂક્યો હતો. રસૂલે કરીમ ﷺને જાણ થયા પછી સંપૂર્ણ ચૂપકીદીથી આ ભય વધારે મજબૂત થઈ ગયો, મજબૂર થઈને અબૂ સુફિયાનને મદીના મોકલ્યા કે તેઓ જાતે જઈને પરિસ્થિતિનો તાગ મેળવે અને જો રસૂલુલ્લાહ ﷺ તરફથી યુદ્ધની તૈયારીનો અંદાજો થાય તો પાછલી ઘટનાઓ ઉપર મા'ફી અને ક્ષમા-યાચના કરે અને ભવિષ્ય માટે કરારનું નવિનીકરણ કરી લે.

અબૂ સુફિયાનને મદીના પહોંચીને રસૂલે કરીમ ﷺની યુદ્ધની તૈયારીઓનું કંઈક ભાન થયું તો પરેશાન થઈને સહાબા (રદિ.)ના આગળ પડતા લોકોમાંથી એક-એક પાસે ગયા કે, તેઓ સિફારશ કરીને કરારનું નવિનીકરણ કરાવી લે, પરંતુ સૌએ ભૂતકાળના કડવા અનુભવોના કારણે ઈન્કાર કરી દીધો અને અબૂ સુફિયાન નિષ્ફળ થઈને પરત ગયા, મક્કાના કુરૈશ ઉપર ભય અને ધાક છવાઈ ગઈ.

આ બાજુ રસૂલે કરીમ ﷺએ બિદાયહ અને ઈબ્ને કષીરની રિવાયત પ્રમાણે ૧૦ રમઝાન સન હિજરી ૮ના દિવસે મદીના તય્યિબહથી સહાબએ કિરામ (રદિ.)ના મોટા લશ્કર સાથે મક્કા ઉપર આક્રમણ કરવાના ઈરાદે કૂચ કરી અને અંતે મક્કા મુકર્રમહ ઉપર વિજય પ્રાપ્ત થયો.

મક્કા વિજય (ફત્હે મક્કા)ના સમયે પરાજિત દુશ્મનો સાથે અવિસ્મરણીય દષ્ટાંતરૂપ દયા અને કૃપાનો વર્તાવ :

ફત્હે મક્કા વખતે ઘણા બધા કુરૈશના આગેવાનો જે પ્રથમથી જ ઈસ્લામની સત્યતાનું યકીન ધરાવતા હતા, પરંતુ પોતાની જ્ઞાતિ અને સમાજનો ડર રાખી તેની જાહેરાત કરી શકતા ન હતા, હવે તેમને તક મળી ગઈ અને તેઓ ઈસ્લામ સ્વીકારવાની ઈજ્જતથી સન્માનિત થયા અને જેઓ તે સમયે પણ પોતાના જૂના ધર્મ કુફ્ર ઉપર અડગ રહ્યા તેમને પણ ગણતરીના અમુક વ્યક્તિઓ સિવાય જાન અને માલની સલામતી આપીને પોતાના પયગમ્બર તરીકેના

અવિસ્મરણીય વર્તાવની તે સાબિતી આપી જેનું અન્ય લોકો અનુમાન પણ કરી શકતા ન હતા, કાફિરોની બધી જ પાછલી દુશ્મનીઓ અને અત્યાચારો તથા ક્રૂરતાના બનાવોને ઉપેક્ષિત કરી ઈરશાદ ફરમાવ્યો કે, "હું આજે તમને તે જ વાત કહું છું જે હઝરત યુસુફ (અલૈ.)એ પોતાના ભાઈઓને તે સમયે કહી હતી જ્યારે કે તેઓ માતા-પિતા સાથે હઝરત યુસુફ (અલૈ.) પાસે મિસ્ર પહોંચ્યા હતા لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ" એટલે કે, તમારા જુલ્મ અને અત્યાચારનો બદલો લેવો અથવા સજા આપવી તો શું અમે તમારી નિંદા કરવાને પણ પસંદ કરતા નથી.

મક્કા વિજય પહેલાં મુશ્રિકોના ચાર પ્રકારો અને તેમના હુકમો :

મતલબ કે તે સમયે મક્કા ઉપર મુસલમાનોનો સંપૂર્ણ કબજો થઈ ગયો, મક્કા અને મક્કાની આજુબાજુ રહેનારા ગેરમુસ્લિમોના જાન અને માલને રક્ષણ આપી દેવામાં આવ્યું, પરંતુ તે સમયે તે ગેરમુસ્લિમોની વિવિધ પ્રકારની પરિસ્થિતિઓ હતી, એક પ્રકાર તે લોકોનો હતો જેમણે હુદૈબિય્યહમાં સુલેહનો કરાર કર્યો અને તેમણે પોતે જ તેને તોડી નાંખ્યો અને એ જ મક્કા વિજયનું કારણ બન્યું, બીજા અમુક એવા લોકો હતા જેમણે સુલેહનો કરાર કર્યો અને તે એક ખાસ સમય મર્યાદા માટે કર્યો અને તે કરાર ઉપર કાયમ રહ્યા, જેમકે બની કીનાનહના બે કબીલાઓ બની ઝમુરહ અને બની મુદલજ; જેમની સાથે એક મુદ્દત માટે સુલેહ થઈ હતી અને સૂરએ બરાઅત નાઝિલ થવાના સમયે ખાઝિનના નિવેદન પ્રમાણે તેમની સાથે સુલેહની સમય મર્યાદાના નવ મહિના બાકી હતા.

મક્કા વિજય પહેલાં જેટલા મુશ્રિકો અથવા અહલે કિતાબની સાથે રસૂલે કરીમ ﷺએ કરાર કર્યા તે સૌથી એ કડવો અનુભવ રહ્યો હતો કે તેમણે ગુપ્ત અને જાહેર રીતે કરારભંગ કરી દુશ્મનો સાથે મળીને ષડ્યંત્રો રચ્યા, રસૂલે કરીમ ﷺ અને મુસલમાનોને નુકસાન પહોંચાડવાની પૂરેપૂરી કોશિશો કરી, એટલા માટે આપ ﷺએ પોતાના સતત કડવા અનુભવો અને અલ્લાહના ઈશારા હેઠળ એ ફૈસલો લીધો કે, હવે પછી તેમની સાથે કોઈપણ પ્રકારનો સુલેહનો કરાર કરવામાં નહીં આવે અને અરબ ટાપુને એક ઈસ્લામી કિલ્લાના સ્વરૂપમાં માત્ર મુસલમાનો માટે ખાસ કરી દેવામાં આવે, ગેરમુસ્લિમો અહીંયાંથી બીજા સ્થળે મોકલી દેવામાં આવે, પરંતુ ઈસ્લામની ન્યાય, ઈન્સાફ તથા દયા ભાવનાવાળી

વર્તણૂકે અને રહમતુલ્લિલ આલમીન ﷺની જાહેર રહમત હેઠળ મહોલત આપ્યા વિના એવું કરવું યોગ્ય ન હતું, એટલા માટે સૂરએ બરાઅતની શરૂઆતમાં આ ચારે પ્રકારની ગેરમુસ્લિમ જમાઅતો માટે અલગ-અલગ હુકમો નાઝિલ થયા.

પ્રથમ જમાઅત જે મક્કાના કુરૈશીઓની હતી, જેમણે હુદૈબિય્યહના શાંતિકરારનો પોતે ભંગ કરી તોડી નાંખ્યો હતો, હવે તેઓ કોઈ વધારે મહોલત કે સમય આપવાના હકદાર રહ્યા ન હતા, પરંતુ કારણ કે આ સમય અદબવાળા મહિનાઓનો હતો જેમાં યુદ્ધ અને ખૂનામરકી કરવાની અલ્લાહ તરફથી મનાઈ હતી, એટલા માટે તેમના વિશે તો એ હુકમ આવ્યો જે સૂરએ તવબહની પાંચમી આયતમાં વર્ણન થયો છે فَاِذَا انْسَلَخَ الْاَشْهُرُ الْحُرُمُ فَاقْتُلُوا الْمُشْرِكِيْنَ حَيْثُ وَجَدْتُّمُوْهُمْ.. જેનો હેતુ એ હતો કે, આ લોકોએ કરારભંગ કરીને પોતાનો કોઈ હક બાકી નથી છોડયો પરંતુ અદબવાળા મહિનાઓનું સન્માન (એહતિરામ) દરેક રીતે કરવું આવશ્યક છે એટલા માટે અદબવાળા મહિના પૂર્ણ થતા જ યા તો તેઓ અરબ ટાપુથી બહાર નીકળી જાય અથવા મુસલમાન થઈ જાય નહિતર તેમની સાથે યુદ્ધ કરવામાં આવશે.

અને બીજી જમાઅત જેણે કોઈ ખાસ નક્કી સમય મર્યાદા માટે સુલેહ કરાર કર્યો હતો અને તેઓ તેના ઉપર કાયમ રહ્યા તેમનો હુકમ સૂરએ તવબહની આયતમાં આ પ્રમાણે આવ્યો. اِلَّا الَّذِيْنَ عَاهَدْتُّمْ مِّنَ الْمُشْرِكِيْنَ ثُمَّ لَمْ يَنْقُصُوْكُمْ شَيْـًٔا وَّلَمْ يُظَاهِرُوْا عَلَيْكُمْ اَحَدًا فَاَتِمُّوْٓا اِلَيْهِمْ عَهْدَهُمْ اِلٰى مُدَّتِهِمْ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ (૯ : ૪) એટલે કે, તે મુશ્રિક લોકો જેમણે તમારી સાથે સુલેહનો કરાર કરી લીધો પછી તેઓએ કરાર ઉપર કાયમ રહેવામાં કોઈ કસર બાકી ન રાખી અને ન જ તમારા મુકાબલામાં કોઈ તમારા દુશ્મનની મદદ કરી તો તેમના કરારને સમય મર્યાદા સુધી પૂર્ણ કરો, કારણ કે અલ્લાહ તઆલા કાળજી રાખનારાઓને પસંદ કરે છે, આ હુકમ બનૂ જમૂરહ અને બનૂ મુદલજનો હતો આ હુકમની રૂએ તેમને નવ મહિનાની મહોલત મળી ગઈ.

અને ત્રીજી અને ચોથી બંને પ્રકારની જમાઅતોનો એક જ હુકમ આવ્યો હતો જે સૂરએ તવબહની પહેલી અને બીજી આયતમાં પ્રસ્તુત છે. (૯ : ૧-૨)

بَرَآءَةٌ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖٓ اِلَى الَّذِيْنَ عَاهَدْتُّمْ مِّنَ الْمُشْرِكِيْنَ ۝ فَسِيْحُوْا فِى الْاَرْضِ

اَرْبَعَةَ اَشْهُرٍ وَّاعْلَمُوْٓا اَنَّكُمْ غَيْرُ مُعْجِزِى اللّٰهِ وَاَنَّ اللّٰهَ مُخْزِى الْكٰفِرِيْنَ ۝

એટલે કે, સંબંધ વિચ્છેદનું એ'લાન અલ્લાહ તઆલા તરફથી અને તેના રસૂલ ﷺ તરફથી તે મુશ્રિકો માટે કરવામાં આવે છે જેમણે તમારી સાથે કરાર કર્યો હતો, બસ તમે આ પ્રદેશમાં ચાર મહિના હરી-ફરી લો અને એ જાણી રાખો કે, તમે અલ્લાહ તઆલાને આજિઝ કરી શકતા નથી અને એ કે બેશક ! અલ્લાહ તઆલા કાફિરોને અપમાનિત કરશે.

મતલબ કે, પ્રથમ અને બીજી આયતની રૂએ આ સૌ લોકો સાથે કોઈ સમયસીમા નક્કી કર્યા વિના જો કોઈ કરાર હતો અથવા જેમની સાથે કોઈ કરાર જ થયો ન હતો તે બધાને ચાર મહિનાની મહોલત મળી ગઈ.

અને ચોથી આયતની રૂએ તે લોકોને કરારની મુદત પૂરી થતાં સુધી મહોલત મળી ગઈ જેમની સાથે કોઈ ખાસ સમયસીમા સુધી કરાર થયો હતો અને પાંચમી આયતથી મક્કાના મુશ્રિકો અને અદબવાળા મહિનાઓ પૂર્ણ થતા સુધી મહોલત મળી ગઈ.

કાફિરો સાથે શાંતિકરારો સમાપ્ત થઈ જવા પછી પણ તેમને મહોલત આપવાનો કૃપાયુક્ત (મહેરબાની અને અખ્લાકવાળો), વર્તાવ :

આ હુકમોને લાગુ પાડવાની અને મહોલત શરૂ થઈ જવાની શરૂઆત તે સમયથી લાગુ પડશે જ્યારે કે આ હુકમોનું એ'લાન સમગ્ર અરબમાં થઈ જાય, આ જાહેર એ'લાન માટે એવી વ્યવસ્થા કરવામાં આવી કે સન હિજરી નવના હજ્જના દિવસોમાં મિના અને અરફાતના મેદાનમાં જાહેર સભામાં ભેગા થયેલા લોકોમાં તેનું એ'લાન કરવામાં આવે, જેનું વર્ણન સૂરએ તવબહની ત્રીજી આયતમાં આ પ્રમાણે આવ્યું છે. (૯ : ૩-૪)

وَاَذَانٌ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖٓ اِلَى النَّاسِ يَوْمَ الْحَجِّ الْاَكْبَرِ اَنَّ اللّٰهَ بَرِىْٓءٌ مِّنَ الْمُشْرِكِيْنَ

وَرَسُوْلُهٗ فَاِنْ تُبْتُمْ فَهُوَ خَيْرٌ لَّكُمْ وَاِنْ تَوَلَّيْتُمْ فَاعْلَمُوْٓا اَنَّكُمْ غَيْرُ مُعْجِزِى اللّٰهِ ط

وَبَشِّرِ الَّذِيْنَ كَفَرُوْا بِعَذَابٍ اَلِيْمٍ ۝

એટલે કે, આ જાહેર એ'લાન છે દરેક સામાન્ય લોકોની સામે અલ્લાહ અને તેના રસૂલ ﷺ તરફથી મોટા હજ્જની તારીખોમાં એ બાબતનું કે અલ્લાહ અને તેના રસૂલ ﷺ બંને છૂટા પડે છે તે મુશ્રિકો (સાથેના કરાર)થી, પછી જો તમે તવબહ કરી લો તો તમારા માટે ઉત્તમ છે અને જો તમે વિરોધ કર્યો તો સમજી રાખો કે, તમે અલ્લાહને લાચાર કરી શકવાના નથી અને તે કાફિરોને એક દર્દનાક અઝાબની ખબર સંભળાવી આપો.

કાફિરો સાથે કરાર પૂર્ણ કરવામાં આવે તો જાહેર એ'લાન અને સૌને જાણકારી આપ્યા વિના તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવી યોગ્ય નથી

આ અલ્લાહના હુકમને પૂર્ણ કરવા માટે રસૂલે કરીમ ﷺએ સન હિજરી ૯ની હજ્જમાં હઝરત સિદ્દીકે અકબર (રદિ.) અને હઝરત અલી મુર્તઝા (રદિ.)ને મક્કએ મુકર્રમહ મોકલીને અરફાતના મેદાન અને મિનામાં બધા જ અરબના કબીલાઓ જ્યાં ભેગા હતા તેનું એ'લાન કરાવી આપ્યું અને એ પણ દેખીતું હતું કે મોટા જમાવડા મારફતે સમગ્ર અરબમાં આ હુકમની જાહેરાત થવી જરૂરી હતી, પછી કાળજી સ્વરૂપે હઝરત અલી (રદિ.) મારફતે વિશેષરૂપે યમનમાં પણ તેનું એ'લાન કરાવી આપ્યું.

એ જાહેર એ'લાન પછી પરિસ્થિતિ એવી હતી કે, પ્રથમ જમાઅત એટલે કે મક્કાના મુશ્રિકોને અદબવાળા મહિનાઓ પૂર્ણ થતા સુધીમાં એટલે કે દશ હિજરી પૂર્ણ થતા અને બીજી જમાઅતને રમઝાન ૧૦ હિજરી સુધી અને ત્રીજી-ચોથી જમાઅતને દશ રબિઉલ આખર સન હિજરી ૧૦ સુધી આ ઈસ્લામની હદોથી નીકળી જવું જોઈએ અને જો તેઓ તેનો વિરોધ કરે તો તે યુદ્ધના લાયક ઠરે છે, એ જ પ્રમાણે હવે પછીના વર્ષોમાં હજ્જના સમય સુધી કોઈ કાફિર આ સીમાઓમાં પ્રવેશ નહીં પામી શકે જેનું વર્ણન સૂરએ તવબહની ૨૮મી આયતમાં આવશે, જેમાં ઈરશાદ છે, فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ بَعْدَ عَامِهِمْ هٰذَا એટલે કે, આ લોકો આ વર્ષ પછી મસ્જિદે હરામ પાસે જઈ શકશે નહીં અને હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ لَا يَحُجَّنَّ بَعْدَ الْعَامِ مُشْرِكٌ નો આ જ અર્થ છે, સૂરએ તવબહની શરૂઆતની પાંચ આયતોની તફસીર ઘટનાઓના સંદર્ભમાં સામે આવી ચૂકી.

પ્રસ્તુત પાંચ આયતો વિશે અમુક મસ્અલાઓ અને ફાયદાઓ :

પ્રથમ એ કે, મક્કા વિજય પછી રસૂલે કરીમ ﷺએ મક્કાના કુરૈશીઓ અને બીજા દુશ્મન કબીલાઓ સાથે જે દયા અને દરગુજરનો તથા રહમો કરમનો વર્તાવ કર્યો તેના દ્વારા મુસલમાનોને પ્રેક્ટિકલી એક ઉચ્ચ નૈતિક કેળવણીની શીખ આપવામાં આવી કે, જ્યારે તમારો કોઈ દુશ્મન તમારા કાબૂમાં આવી જાય અને તમારી સામે લાચાર થઈ જાય તો તેની ભૂતકાળની દુશ્મનીઓ અને ત્રાસનો બદલો ન લો, બલકે તેની સાથે ભલાઈ અને દયાથી કામ લઈને ઈસ્લામી વર્તણૂકની સાબિતી આપો, જો કે એવું કરવું પોતાની સ્વાભાવિક પ્રાકૃતિક લાગણીઓને કચડવા સમાન છે પરંતુ તેમાં અમુક મહાન લાભ પણ રહેલા છે, પ્રથમ પોતે પોતાના માટે કે બદલો લઈને પોતાનો ગુસ્સો ઉતારી લેવાથી ક્ષણિક રીતે જો કે પોતાની આત્માને શાંતિની અનુભૂતિ થાય છે પરંતુ આ રાહત એકને એક દિવસે ફના થવાની છે અને તેના મુકાબલામાં અલ્લાહ તઆલાનો રાજીપો અને જન્નતના ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ જે તેને મળવાના છે તે આ રાહતથી દરેક સ્વરૂપે ઉત્તમ કક્ષાના છે અને કાયમી પણ છે, એટલા માટે અક્કલનો તકાદો એ જ છે કે કાયમી વસ્તુને નષ્ટ થનારી બાબત ઉપર અગ્રિમતા આપવામાં આવે.

બીજું એ કે દુશ્મન ઉપર કાબૂ પ્રાપ્ત કર્યા પછી પોતાના ક્રોધની લાગણીઓને દબાવી દેવી એ બાબતની સાબિતી છે કે તેમની લડાઈ પોતાના નફ્સ અને સ્વાર્થ માટે ન હતી, બલકે ફક્ત અલ્લાહ તઆલા માટે હતી અને આ જ તે ઉચ્ચ કક્ષાનો હેતુ છે, જે ઈસ્લામી જિહાદ અને સામાન્ય રાજાઓના યુદ્ધોમાં તફાવત કરે છે તથા જિહાદ અને ફસાદમાં ફરક સમજાવે છે કે, જે લડાઈ માત્ર અલ્લાહ તઆલા માટે અને તેના હુકમોને લાગુ પાડવા માટે હોય તે જિહાદ છે અને જો એવું નથી તો તે ફસાદ અને અરાજકતા છે.

ત્રીજો લાભ એ થયો કે, દુશ્મનો જ્યારે પરાજિત થઈ ગયા અને કાબૂમાં આવી ગયા તો તેમની સાથે ઉચ્ચ કક્ષાની વર્તણૂકની સાબિતી આપવામાં આવી, આથી માનવતાનો અને નૈતિક ઉચ્ચતાનો તકાદો એ જ હતો કે તેમને મુસલમાનો પ્રત્યે હૃદયપૂર્વક મહોબ્બત પેદા થઈ ગઈ જે તેમના માટે સફળતાની ચાવી છે અને એ જ તો જિહાદનો મૂળભૂત ઉદ્દેશ્ય છે !

કાફિરો સાથે મા'ફી અને દરગુઝરનો એ અર્થ નથી કે તેમના નુકસાનથી બચવાની કાળજી પણ રાખવામાં ન આવે :

બીજો મસ્અલો જે પ્રસ્તુત આયતમાં સમજાવવામાં આવ્યો છે તે એ છે કે મા'ફી અને દયાનો એ અર્થ નથી કે, દુશ્મનોના નાપાક ઈરાદાઓથી પોતાની હિફાઝત કરવામાં ન આવે અને તેમને એવા સ્વતંત્ર છોડી દેવામાં આવે કે તેઓ ફરી પાછા મુસલમાનોને નુકસાન અને ત્રાસ પહોંચાડતા રહે પરંતુ મા'ફી અને દયાની સાથે બુદ્ધિનો તકાદો એ જ છે કે, ભૂતકાળના અનુભવો દ્વારા ભવિષ્યના જીવન માટે બોધપાઠ ગ્રહણ કરે અને તે તમામ ફિત્નાઓની જડને કાપી નાંખવામાં આવે જ્યાંથી મુસલમાનો દુશ્મનોના ષડ્યંત્રોના ભોગ બની શકે છે, એટલા માટે રસૂલે કરીમ ﷺનો અત્યંત વિવેકબુદ્ધિયુક્ત ઈરશાદ છે, لاَ يُلْدَغُ الْمَرْءُ مِنْ جُحْرٍ وَاحِدٍ مَرَّتَيْنِ એટલે કે, "બુદ્ધિશાળી વ્યક્તિને એક દરમાંથી બે વખતે દંશી શકાય નહીં," જે દરમાંથી એક વખતે કોઈ ઝેરીલા જાનવરે કોઈને ડંખ માર્યો છે તે તેમાં બીજીવાર હાથ નાંખતો નથી.

સન હિજરી ૯ના શાંતિકરારો સમાપ્ત થવાના કુર્આનના એ'લાન અને મુશ્રિકોને મહોલત તથા શાંતિપૂર્વક હરમની હદોને ખાલી કરવાની સૂચના આ જ વિવેકબુદ્ધિના નમૂનાની સાબિતી છે.

ત્રીજો ફાયદો સૂરએ તવબહની શરૂઆતની આયતોથી એ જાણમાં આવે છે કે, કમજોર કોમોને મહોલત આપ્યા વિના કોઈ સ્થળેથી નીકળી જવાનો હુકમ આપવો અથવા તેમના ઉપર અચાનક હુમલો કરવો કાયરતા અને અમાનવીય કૃત્ય છે, જ્યારે એવું કરવું હોય તો પ્રથમ જાહેર એ'લાન કરવામાં આવે અને તેમને એ બાબતની સંપૂર્ણ મહોલત આપવામાં આવે કે તેઓ જો અમારા કાયદાનો સ્વીકાર નહીં કરે તો સ્વતંત્રતાપૂર્વક જ્યાં ઇચ્છે સહૂલતપૂર્વક જઈ શકે છે, જેમકે પ્રસ્તુત આયતોમાં સન હિજરી ૯ના જાહેર એ'લાન અને ત્યારબાદ બધી જમાઅતોને મહોલત આપવાના હુકમોથી સ્પષ્ટ થાય છે.

ચોથો મસ્અલો પ્રસ્તુત આયતોનો એ જાણ થાય છે કે, કોઈ કોમની સાથે સુલેહનો કરાર કરી લીધા બાદ જો મુદત પહેલાં તે કરાર સમાપ્ત કરી દેવાની આવશ્યકતા ઊભી થાય તો જો કે અમુક શરતો સાથે તેની પરવાનગી છે, પરંતુ

ઉત્તમ એ જ છે કે કરારને તેની સમય મર્યાદા સુધી પૂર્ણ કરવામાં આવે, જેમકે સૂરએ તવબહની ચોથી આયતમાં બનૂ ઝમૂરહ અને બનૂ મુદલજના કરાર નવ મહિના સુધી પૂરા કરવાનો હુકમ આવ્યો છે.

પાંચમો મસ્અલો આ આયતથી એ જાણ થાય છે કે, દુશ્મનોની સાથે દરેક વ્યવહારમાં એ બાબતનો ખ્યાલ રાખવો જોઈએ કે મુસલમાનોની દુશ્મની તેમની સાથે વ્યક્તિગત દુશ્મની નથી, બલકે તેમના કુફ્રિય્યહ અકીદાઓ અને વિચારસરણીની સાથે છે જે તેમના માટે દુનિયા અને આખિરતની બરબાદીનું કારણ છે અને મુસલમાનોનો તેમની સાથે વિરોધ પણ વાસ્તવમાં તેમની હમદર્દી અને ભલાઈ ઉપર જ આધારિત છે, આથી યુદ્ધ અને સુલેહના સ્થળે તેમને શિખામણ અને ભલાઈપૂર્વકની સમજાવટ કરવી કોઈપણ સમયે છોડવી ન જોઈએ, જેમકે આ આયતોમાં અનેક સ્થળે તેનું વર્ણન છે કે જો તમે પોતાની માન્યતાઓથી તવબહ કરી લો તો એ તમારા માટે દુનિયા અને આખિરતની સફળતા છે અને તેની સાથે એ પણ બતાવવામાં આવ્યું કે, જો તવબહ ન કરો તો ફક્ત એટલું જ નહીં કે તમને દુનિયામાં કતલ અથવા બરબાદ કરવામાં આવશે જેને ઘણા બધા કાફિરો પોતાના કોમી કારનામાઓ સમજીને અપનાવી લે છે, બલકે એ પણ સમજી લો કે મર્યા પછી પણ તમે અઝાબથી છુટકારો પામશો નહીં. પ્રસ્તુત આયતોમાં સંબંધ વિચ્છેદ (બાયકોટ)ના એ'લાનની સાથે-સાથે હમદર્દીપૂર્વક સમજાવટનો ક્રમ પણ ચાલુ રહ્યો છે.

છઠ્ઠો મસ્અલો એ છે કે, ચોથી આયતમાં જ્યાં મુસલમાનોને સુલેહની સમયમર્યાદા પૂર્ણ થતાં સુધી શાંતિકરાર પૂરો કરવાની તાકીદ કરવામાં આવી છે તેની સાથે સાથે આયતને આ વાક્ય اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ઉપર પૂર્ણ કરવામાં આવી છે. એટલે કે, "બેશક ! અલ્લાહ તઆલા સાવચેત રહેનારાઓને પસંદ કરે છે." જેમાં એ તરફ ઈશારો છે કે કરાર પૂર્ણ કરવામાં ખૂબ કાળજીથી કામ લો, સામાન્ય કોમોની જેમ તેમાં હીલા અને તા'વીલો તથા યુક્તિઓ કરી તેનો ભંગ કરવાનો માર્ગ ન શોધો.

સાતમો મસ્અલો પાંચમી આયતની વિગતથી જાણ થયો કે, જ્યારે સાચા હેતુ માટે કોઈ કોમ ઉપર આક્રમણ કરવામાં આવે તો પછી તેના મુકાબલા માટે દરેક પ્રકારની શક્તિ સંપૂર્ણ રીતે ઉપયોગવી જોઈએ, તે વખતે નરમી અથવા દયા

ભાવના વાસ્તવમાં રહમદિલી નથી બલકે કાયરતા અને બુઝદીલી હોય છે.

પાંચમો મસ્અલો પ્રસ્તુત પાંચ આયતોથી એ સાબિત થયો કે, કોઈ ગેરમુસ્લિમના મુસલમાન થઈ જવા ઉપર ભરોસો ત્રણ બાબતો ઉપર અવલંબિત છે; એક તવબહ, બીજું નમાઝ કાયમ કરવી અને ત્રીજું ઝકાત અદા કરવી. જ્યાં સુધી તેઓ તેના ઉપર અમલ ન કરે ફક્ત મોઢેથી કલિમો બોલતા રહે તો તેમની સાથે યુદ્ધ બંધ કરવામાં ન આવે, રસૂલે કરીમ ﷺની વફાત પછી જે લોકોએ ઝકાત આપવાનો ઈન્કાર કર્યો હતો તેમની સાથે તેમના મુકાબલામાં સિદીકે અકબર (રદિ.)એ જિહાદ કરવા માટે આ જ આયતથી દલીલ કરીને તમામ સહાબએ કિરામ (રદિ.)ને સંતોષ આપી શાંત પાડી દીધા હતા.

નવમો મસ્અલો આ આયતમાં એ છે કે, يَوْمَ الْحَجِّ الْاَكْبَرِ નો શું અર્થ છે ? તેમાં વિવરણકારોના વિવિધ નિવેદનો નોંધવામાં આવ્યા છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.), ફારૂકે આ'ઝમ (રદિ.), અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.), અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.) વગેરે ફરમાવે છે કે, يَوْمَ الْحَجِّ الْاَكْبَرِ નો અર્થ "અરફા"નો દિવસ છે, કારણ કે રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, اَلْحَجُّ عَرَفَةُ

(અબૂ દાવુદ, તિરમિઝી)

અને અમુક લોકોએ ફરમાવ્યું કે, તેનો અર્થ يَوْمُ النَّحْرِ (યવમુન્નહર) એટલે કે, જિલ્હજ્જની ૧૦મી તારીખ છે. હઝરત સુફિયાન થૌરી (રહ.) અને અમુક બીજા ઈમામોએ આ બધા નિવેદનોને ભેગા કરવા માટે ફરમાવ્યું કે, હજ્જના પાંચે દિવસો يَوْمُ الْحَجِّ الْاَكْبَرِ (યવમુલ હજ્જિલ અકબર) સમજવામાં આવે છે જેમાં અરફા અને યવમુન્નહર બંને સામેલ છે અને શબ્દ يَوْمُ مُفْرَدْ (યવમ મુફરદ)નો ઉપયોગ કરવો આ રૂઢિપ્રયોગ પ્રમાણે જ છે, જેમકે ગઝ્વએ બદ્રના અમુક દિવસોને કુર્આને કરીમે يَوْمُ الْفُرْقَانِ (યવમુલ ફુરકાન)ના મુફરદના નામથી ઓળખાવ્યા છે અને અરબની સામાન્ય લડાઈઓને શબ્દ يَوْم (યવ્મ)થી જ ઓળખવામાં આવે છે, જો કે તેમાં ભલે ગમે તેટલા દિવસો પસાર થયા હોય, જેમકે يَوْمِ بُعَاثْ (યવમે બુઆષ), يَوْمِ اُحُدْ (યવમે ઉહુદ) વગેરે અને કારણ કે, ઉમરહને "હજ્જે અસગર" એટલે કે નાની હજ્જ કહેવામાં આવે છે તેનાથી અલગ કરવા માટે હજ્જને "હજ્જે અકબર" કહેવામાં આવ્યું.

આથી જાણ થઈ કે, કુર્આનની પરિભાષામાં દરેક વર્ષની હજ્જ "હજ્જે અકબર" જ છે. સામાન્ય લોકોમાં જે એવું મશહૂર થઈ ચૂક્યું છે કે, જે વર્ષે અરફાનો દિવસ જુમ્આનો દિવસ હોય તે જ માત્ર હજ્જે અકબર છે તેની વાસ્તવિકતા એના સિવાય કંઈ નથી કે સંજોગવસાત્ જે વર્ષે રસૂલે કરીમ ﷺએ હજ્જતુલ વદાઅ્ કરી હતી તેમાં અરફાનો દિવસ જુમ્આનો હતો, તે પોતાની જગ્યાએ એક ફઝીલત ચોક્કસ છે પરંતુ પ્રસ્તુત આયતના અર્થ સાથે તેને કોઈ સંબંધ નથી.

ઈમામ જસ્સાસે અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે, હજ્જના દિવસોને હજ્જે અકબર કહેવાથી એ મસ્અલો પણ નીકળી આવ્યો કે, હજ્જના દિવસોમાં ઉમરહ થઈ શકે કે નહીં ? કારણ કે, આ દિવસોને કુર્આને કરીમે હજ્જે અકબર તરીકે ખાસ સ્વરૂપે વર્ણન કર્યું છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૬ થી ૧૧)

وَاِنْ اَحَدٌ مِّنَ الْمُشْرِكِيْنَ اسْتَجَارَكَ فَاَجِرْهُ حَتّٰى يَسْمَعَ كَلٰمَ اللّٰهِ ثُمَّ
اَبْلِغْهُ مَاْمَنَهٗ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَعْلَمُوْنَ ﴿٦﴾ كَيْفَ يَكُوْنُ لِلْمُشْرِكِيْنَ
عَهْدٌ عِنْدَ اللّٰهِ وَعِنْدَ رَسُوْلِهٖۤ اِلَّا الَّذِيْنَ عٰهَدْتُّمْ عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ ۚ
فَمَا اسْتَقَامُوْا لَكُمْ فَاسْتَقِيْمُوْا لَهُمْ ؕ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَّقِيْنَ ﴿٧﴾ كَيْفَ وَاِنْ يَّظْهَرُوْا
عَلَيْكُمْ لَا يَرْقُبُوْا فِيْكُمْ اِلًّا وَّلَا ذِمَّةً ؕ يُرْضُوْنَكُمْ بِاَفْوَاهِهِمْ وَتَاْبٰى قُلُوْبُهُمْ ۚ
وَاَكْثَرُهُمْ فٰسِقُوْنَ ۚ ﴿٨﴾ اِشْتَرَوْا بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا فَصَدُّوْا عَنْ سَبِيْلِهٖ ؕ
اِنَّهُمْ سَآءَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩﴾ لَا يَرْقُبُوْنَ فِيْ مُؤْمِنٍ اِلًّا وَّلَا ذِمَّةً ؕ وَاُولٰٓئِكَ هُمُ
الْمُعْتَدُوْنَ ﴿١٠﴾ فَاِنْ تَابُوْا وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ فَاِخْوَانُكُمْ فِي الدِّيْنِ ؕ
وَنُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿١١﴾

તરજુમો :

અને જો કોઈ મુશ્રિક તમારી પાસે શરણ માંગે તો તેને શરણ આપી દો અહીંયાં સુધી કે તે અલ્લાહનું કલામ સાંભળી લે, પછી તેને તેની સલામતીની જગ્યાએ પહોંચાડી દો, આ એટલા માટે કે તે લોકો જ્ઞાન ધરાવતા નથી. (૬) અલ્લાહ નજીક અને તેના રસૂલ નજીક મુશ્રિકો માટે કઈ રીતે કરાર થાય ? પરંતુ જે લોકોએ તમારી સાથે મસ્જિદે હરામની પાસે કરાર કર્યો હતો, બસ જ્યાં સુધી તેઓ તમારી સાથે સીધા રહે તમે (પણ) તેમની સાથે સીધા રહો, નિઃશંક ! અલ્લાહને કાળજીવાળા (મુત્તકીઓ) પસંદ છે. (૭) કઈ રીતે સુલેહ રહે ! અને જો તેઓ તમારા ઉપર કાબૂ પામે તો ન તમારી સગાઈ-સંબંધનો લિહાજ રાખે અને ન જ કરારનો, તમને પોતાની મોઢાની વાતથી રાજી કરી દે છે અને તેમના દિલ માનતા નથી અને તેમનામાં ઘણા (વચનભંગ કરનારા) ફાસિક છે. (૮) તેમણે અલ્લાહના હુકમને થોડી કિંમત ઉપર વેચી નાંખ્યા, પછી તેના માર્ગથી રોક્યા, ઘણા જ બુરા કામ છે જે તે લોકો કરી રહ્યા છે. (૯) કોઈ મુસલમાનના હકમાં સગાઈ-સંબંધનો લિહાજ નથી કરતા અને ન જ કરારનો અને તેઓ જ અતિરેક કરનારા છે. (૧૦) બસ જો તવબહ કરે અને નમાઝ કાયમ રાખે અને ઝકાત આપતા રહે તો શરીઅતના હુકમમાં તમારા ભાઈ છે અને અમે જાણનારા લોકો માટે ખોલી(-ખોલી)ને હુકમો વર્ણન કરીએ છીએ. (૧૧)

તફસીર :

અને જો કોઈ વ્યક્તિ મુશ્રિકોમાંથી (મહોલત આપેલા સમય પછી તવબહ અને ઈસ્લામના લાભો તથા બરકતો સાંભળીને તેના તરફ આકર્ષાય તથા વાસ્તવિક રીતે ઈસ્લામની સત્યતાના સંશોધનના હેતુથી આપ ﷺ પાસે આવીને) તમારું શરણ માંગે (જેથી શાંતિપૂર્વક સાંભળી શકે અને સમજી શકે) તો (એવી પરિસ્થિતિમાં) તમે તેમને શરણ આપી દો જેથી તે અલ્લાહનું કલામ (સત્ય દીનની સંપૂર્ણ દલીલો સાથે) સાંભળી લે, પછી (ત્યારબાદ) તેને તેની સલામતીની જગ્યામાં પહોંચાડી આપો, (એટલે કે પહોંચવા દો જેથી તે સમજી વિચારીને પોતાનો અભિપ્રાય સ્થાપિત કરી લે) આ હુકમ (એટલે કે શરણ

આપવાનો) એ કારણે (આપવામાં આવે) છે કે તેઓ એવા લોકો છે કે સંપૂર્ણ જાણકારી ધરાવતા નથી (એટલા માટે થોડી મહોલત આપવી જરૂરી છે, પ્રથમ પ્રકારની જમાઅત સાથે કે જેમણે કરારભંગ કર્યો હતો તેમના કરારભંગ થતા પહેલાં આગાહી સ્વરૂપે કહેવામાં આવે છે કે) આ (કુરૈશના) મુશ્રિકોનો કરાર અલ્લાહ નજીક અને તેના રસૂલ નજીક કઈ રીતે (બાંધછોડપાત્ર) રહેશે ? (કારણ કે રિઆયત તો તે કરારની હોય છે જેને બીજો પક્ષ પોતે ન તોડે નહિતર કોઈ રિઆયત બાકી ન રહેશે, મતલબ એ કે આ લોકો કરારને તોડી નાંખે તે વખતે તેમના માટે કોઈ બાંધછોડ ન થશે) પરંતુ જે લોકો સાથે તમે મસ્જિદે હરામ (એટલે કે હરમ શરીફ)ની નજીક કરાર લીધો છે (તેનાથી તે બીજી જમાઅત સમજવામાં આવે છે જેનું બાકાત હોવું ઉપર પણ اِلَّا الَّذِيْنَ عَاهَدْ تُّمْ مِّنَ الْمُشْرِكِيْنَ ثُمَّ لَمْ يَنْقُصُوْكُمْ.... માં આવી ચૂક્યું છે, એટલે કે એ આશા છે કે આ કરારને તેઓ કાયમ રાખશે) બસ, જ્યાં સુધી એ લોકો તમારી સાથે સીધી રીતે રહે (એટલે કે કરાર ન તોડે) તમે પણ તેમની સાથે સીધી રીતે રહો (અને કરારની સમયસીમા પૂરી થવા દો, એટલા માટે સૂરએ બરાઅત નાઝિલ થવાના સમયે કરારની આ સમય સીમામાં નવ મહિના બાકી રહ્યા હતા અને તેમના કરારભંગ ન કરવાના કારણે તેમની આ મુદ્દત પૂરી કરવામાં આવી). નિઃશંક ! અલ્લાહ તઆલા (કરારભંગ કરવાથી) કાળજી રાખનારાઓને પસંદ કરે છે (બસ, તમે પણ કાળજી રાખવાથી અલ્લાહના મહબૂબ બની જશો અને આ લોકોને બાકાત કરી તે પ્રથમ જમાઅત વિશે સંબોધન છે કે) કેવી રીતે (તેમનો કરાર બાંધછોડ કરવાપાત્ર રહેશે ? તે લોકો કરાર ઉપર કદી કાયમ રહેશે પણ ખરા) જ્યારે કે તેમની પરિસ્થિતિ એવી છે કે તેઓ જો તમારા ઉપર ક્યાંક કાબૂ પામી લે તો તમારા વિશે ન સગાઈનો લિહાજ કરે અને ન જ કોલ-કરારનો (કારણ કે તેમની આ સુલેહ મજબૂરી અને જિહાદના ભયના કારણે છે, દિલથી નથી. બસ) એ લોકો તમને (ફક્ત) પોતાની મૌખિક વાતોથી રાજી કરી રહ્યા છે અને તેમના દિલ (એ વાતોને) નથી માનતા (બસ, જ્યારે દિલથી આ કરારને પૂરો કરવાનો ઈરાદો જ નથી તો તે કઈ રીતે પૂરો થશે ?) અને તેમનામાં મોટા ભાગના લોકો શરારતખોર છે (કે કરાર પૂરો કરવા ઈચ્છતા નથી અને જો અમુક લોકો પૂરો કરવા ઈચ્છે પણ છે તો બહુમતીની સામે એક-બે વ્યક્તિઓનું કંઈ જ ચાલતું નથી

અને તેમના શરારતખોર હોવાનું કારણ એ છે કે,) તેમણે અલ્લાહના હુકમોના બદલામાં (દુનિયાની) ફના થનારી (અસ્થાયી) દોલતને અપનાવી રાખી છે, (જેમકે કાફિરોની હાલત હોય છે કે, દીનને છોડીને દુનિયાને તેના ઉપર અગ્રિમતા આપે છે અને જ્યારે દુનિયા વધારે પ્રિય હશે તો જ્યારે કરારભંગ કરવામાં દુનિયાનો સ્વાર્થ પ્રાપ્ત થતો નજરે પડશે તો તેઓ તેમાં કોઈ કસર બાકી નહીં છોડે, તે વ્યક્તિથી વિપરીત જે દીનને અગ્રિમતા આપે છે અને તે અલ્લાહના હુકમો અને કરારની વફાદારી વગેરેનો પાબંદ હશે.) બસ, (આ દુનિયાને દીન ઉપર અગ્રિમતા આપવાના કારણથી) એ લોકો અલ્લાહના (સીધા) માર્ગથી (જેમાં કરારની વફાદારીમાં સામેલ છે) હટી ગયા છે (અને) ખરેખર તેમની આ પ્રવૃત્તિ ખૂબ જ ખરાબ છે (અને અમે જે ઉપર કહ્યું છે ....لَا يَرْقُبُوْا فِيْكُمْ બસ, તેમાં તમારી કોઈ વિશેષતા નથી, તેની તો એ હાલત છે કે) આ લોકો કોઈ મુસલમાન વિશે (પણ) ન સગાઈ–સંબંધનો લિહાજ રાખે અને ન કોલ–કરારનો. આ લોકો (વિશેષરૂપે આ બાબતમાં) ઘણી જ અતિશયોક્તિ કરી રહ્યા છે, બસ (જ્યારે તેમના કરાર ઉપર ભરોસો અને સંતોષ નથી બલકે કરારભંગ થવાની શક્યતા જ વધારે છે, બલકે તેમના તરફથી વિરોધ થવાની પણ સંભાવના છે, એટલા માટે અમે તેમના વિશે વિગતવાર હુકમ સંભળાવીએ છીએ કે) જો તેઓ (કુફ્રથી) તવબહ કરી લે (એટલે કે મુસલમાન થઈ જાય) અને (તેઓ ઈસ્લામને જાહેર પણ કરી આપે દાખલા તરીકે) નમાઝ પઢવા લાગે અને ઝકાત આપવા લાગે તો (પછી તેમના કરારભંગ વગેરે ઉપર મૂળેથી ધ્યાન આપવામાં નહીં આવે ભલે તેમણે કંઈ કર્યું પણ હોય પરંતુ ઈસ્લામ સ્વીકારવાથી હવે) તેઓ તમારા દીની ભાઈ થઈ જશે (અને ભૂતકાળમાં કરેલું બધું મા'ફ થઈ જશે) અને અમે સમજદાર લોકો(ને બતાવવા) માટે હુકમોને ખૂબ વિગતવાર (સ્પષ્ટ રીતે) વર્ણન કરીએ છીએ, (જેથી આ સ્થળે એવું જ કરવામાં આવ્યુ).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ તવબહની શરૂઆતની પાંચ આયતોમાં એ બાબતનું વર્ણન હતું કે, મક્કા વિજય પછી મક્કા અને તેની આજુબાજુના બધા જ મુશ્રિકો અને કાફિરોના જાન અને માલને જાહેર સુરક્ષા આપવામાં આવી, પરંતુ તેમની ભૂતકાળની ગદ્દારીઓ અને કરારના ઉલ્લંઘન કરવાના અનુભવને કારણે ભવિષ્ય માટે તેમની

સાથે કોઈ કરાર ન કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ નિર્ણય છતાં જે લોકોની સાથે કોઈ કરાર આ પહેલાં થઈ ચૂક્યો હતો અને તેમણે કોઈ કરારભંગ કર્યો ન હતો તો તેમના કરારની સમય મર્યાદા પૂરી કરવાના આ આયતમાં હુકમો નાઝિલ થયા અને જેમની સાથે કોઈ કરાર મૂળેથી હતો જ નહીં અથવા કોઈ નક્કી સમય મર્યાદા સુધીનો કરાર ન હતો તેમની સાથે એ બાંધછોડ કરવામાં આવી કે, તેમને તાત્કાલિક મક્કા છોડવાના હુકમના બદલે ચાર મહિનાની લાંબી મુદ્દત આપવામાં આવી કે, આ સમયગાળામાં તેઓ મક્કા છોડીને જ્યાં યોગ્ય સમજે સહૂલત અને શાંતિપૂર્વક ચાલ્યા જાય અથવા જો ઈસ્લામની સચ્ચાઈ તેમના ઉપર સ્પષ્ટ થઈ ચૂકી હોય તો મુસલમાન બની જાય. આ હુકમોનું પરિણામ એ હતું કે આવતા વર્ષ સુધીમાં મક્કએ મુકર્રમહ સરળતાપૂર્વક તે બધા ગદ્દાર મુશ્રિકોથી ખાલી થઈ જાય અને કારણ કે આ મક્કાને તેમનાથી ખાલી કરવું પણ કોઈ બદલાની ભાવનાના કારણે ન હતું બલકે સતત કડવા અનુભવો પછી પોતાની સુરક્ષાની દષ્ટિએ અમલમાં મૂકવામાં આવ્યું હતું, એટલા માટે તેમની સુધારણા અને ભલાઈનો દરવાજો હજુ પણ ખુલ્લો રહી ગયો હતો જેનો ઉલ્લેખ છઠ્ઠી આયતમાં છે, જેનો ખુલાસો એ છે કે જો મુશ્રિકોમાંથી કોઈ વ્યક્તિ આપની પાસે શરણ માંગે તો તમારે તેમને શરણ આપી દેવું જોઈએ, જેથી તેઓ તમારી પાસે આવીને અલ્લાહના કલામને સાંભળી શકે અને ઈસ્લામની સત્યતાને સમજી શકે અને ફક્ત એટલું જ નહીં કે કામચલાઉ ધોરણે તેમને પનાહ આપવામાં આવે બલકે, જ્યારે તેઓ પોતાના આ કાર્યને પૂર્ણ કરી ચૂકે તો પોતાની સુરક્ષા અને દેખરેખ હેઠળ તેમને તે સ્થળ સુધી પહોંચાડવા પણ મુસલમાનોની જવાબદારી છે જ્યાં તેઓ પોતાને સુરક્ષિત અને સલામત સમજતા હોય. અંતિમ આયતમાં ફરમાવ્યું કે આ હુકમ એટલા માટે આપવામાં આવ્યો છે કે, એ લોકોને પૂરી ખબર નથી આથી તેઓ નજીક આવીને જાણકારી મેળવી શકે છે.

આ આયતથી પણ અમુક મસ્અલાઓ અને લાભો પ્રાપ્ત થયા, જેને ઈમામ અબૂબક્ર જસ્સાસ (રહ.)એ વિગતવાર વર્ણન કર્યા છે.

ઇસ્લામની સત્યતા દલીલો વડે સમજાવવી ઉલમાએ દીનની ફરજ છે :

પ્રથમ એ કે, આ આયતથી સાબિત થયું કે જો કોઈ કાફિર મુસલમાન

પાસે એ બાબતની માંગણી કરે કે મને ઈસ્લામની સત્યતા દલીલપૂર્વક સમજાવો તો મુસલમાનો ઉપર જરૂરી છે કે તેની માંગણી પૂરી કરે.

બીજું એ કે, જે વ્યક્તિ ઈસ્લામની હકીકત અને જાણકારી પ્રાપ્ત કરવા માટે આપણી પાસે આવે તો આપણા ઉપર વાજિબ છે કે, તેને પરવાનગી આપે અને તેનું રક્ષણ કરે, તેને કોઈ પ્રકારની તકલીફ અથવા નુકસાન પહોંચાડવું જાઈઝ નથી. તફસીરે કુર્તુબીમાં છે કે, આ હુકમ એ સ્વરૂપમાં છે જ્યારે કે તેના આવવાનો હેતુ અલ્લાહનું કલામ સાંભળવાનો અને ઈસ્લામની હકીકતને જાણવાનો હોય અને જો કોઈ અન્ય ઈરાદો વેપાર વગેરે હોય તો તે મુસલમાનોના સત્તાધિકારી અથવા આગેવાનો ઉપર નિર્ભર છે કે જો યોગ્ય સમજે તો પરવાનગી આપે નહિતર તેમને અધિકાર છે.

ગેરમુસ્લિમો જેઓ 'દારુલ ઇસ્લામ'ના નાગરિકો ન હોય તેમને આવશ્યકતાથી વધારે દારુલ ઇસ્લામમાં થોભવાની પરવાનગી આપવામાં ન આવે :

ત્રીજું એ કે, ગેરમુસ્લિમ "હરબી" જેમની સાથે મુસલમાનોનો કોઈ કરાર ન હોય તેમને જરૂરતથી વધારે થોભવાની પરવાનગી આપવી ન જોઈએ, કારણ કે પ્રસ્તુત આયતમાં શરણ આપવાની અને થોભાવવાની આ મર્યાદા નક્કી કરવામાં આવી છે, حَتّٰی یَسۡمَعَ کَلٰمَ اللّٰہِ એટલે કે, "તેમને પોતાના ત્યાં એટલો સમય થોભાવો કે તેઓ અલ્લાહનું કલામ સાંભળી લે."

ચોથું એ કે, મુસલમાન હાકિમ (સત્તાધિકારી) અથવા અમીરની ફરજોમાંથી છે કે, જ્યારે કોઈ "હરબી ગેરમુસ્લિમ" કોઈ આવશ્યકતાની બીનાએ તેમની પરવાનગી (વીઝા) પ્રાપ્ત કરી મુસલમાનોના પ્રદેશમાં પ્રવેશે તો તેની હાલત ઉપર નજર રાખવામાં આવે અને જ્યારે તે પોતાનું કાર્ય પૂર્ણ કરી લે તો તેને રક્ષણ સાથે પરત મોકલવામાં આવે.

સાતમી, આઠમી, નવમી અને દશમી; આ ચાર આયતોમાં તે કરાર વિચ્છેદની હિકમત વર્ણન કરવામાં આવી છે જે સૂરએ તવબહની શરૂઆતની આયતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ આયતમાં કરારભંગ કરનારા મુશ્રિકોનો પ્રાકૃતિક દષ્ટિકોણ અને મુસલમાનો સાથે તેમની દુશ્મનાવટ અને

કીના-કપટમાં સખત હોવાનું વર્ણન કરીને એ બતાવવામાં આવ્યું છે કે, તેમની પાસેથી કૌલ-કરારની વફાદારીની આશા રાખવી ઠગારી છે. ઈરશાદ થયો કે, અમુક લોકો તેમાંથી બાકાત છે કે જેમનો મસ્જિદે હરામની પાસે તમારી સાથે કરાર થયો હતો, નહિતર તે મુશ્રિકોનો કોઈ કરાર અલ્લાહ અને તેના રસૂલ ﷺની પાસે કઈ રીતે સન્માન કરવાપાત્ર હોઈ શકે છે કે, જ્યારે કે તેમની એવી હાલત છે કે તેમને કોઈ વખતે નાની સરખી તક પણ મળી જાય તો તેઓ તમારા વિશે ન તો સગાઈ-સંબંધનું સન્માન જાળવે, ન જ કૌલ-કરારનું અને તેનું કારણ એ છે કે, આ લોકો કરાર કરવાના સમયે પણ દિલમાં તેને વફાદારીપૂર્વક પૂરો કરવાનો કોઈ ઈરાદો ધરાવતા નથી, બલકે ફક્ત મૌખિક શબ્દો દ્વારા તમને ખુશ કરવા ઈચ્છે છે અને તેમાંથી મોટા ભાગના લોકો ફાસિક એટલે કે કરારનો ભંગ કરનાર ગદ્દારો છે.

કાફિરોના મુકાબલામાં પણ સચ્ચાઈ ઉપર કાયમ રહેવું અને તેમના વિશે અતિશયોક્તિ કરવાથી બચવાની તાકીદ :

કુર્આને કરીમે આ ઉલ્લેખથી મુસલમાનોને એ માર્ગદર્શન આપ્યું છે કે, પોતાના વિરોધી દુશ્મનોના વિશે જ્યારે કોઈ વાતચીત થાય તો સચ્ચાઈ અને ન્યાય કરવાની કાળજી રાખે, અતિશયોક્તિથી કામ ન લે, જેમકે આ આયતોમાં મક્કાના મુશ્રિકોના વિશે એ બાબતની સંપૂર્ણ કાળજી રાખવામાં આવી છે કે, જો કે ગણતરીના અમુક લોકો સિવાય બધાએ ગદ્દારી અને કરારભંગ કર્યો હતો અને એવી પરિસ્થિતિમાં સામાન્ય રીતે કોઈ કહેનાર બધાને જ ખરાબ કહી શકે છે પરંતુ કુર્આને કરીમે اِلَّا الَّذِيْنَ عَاهَدْتُّمْ عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ કહીને એ લોકોને તેમાંથી બાકાત કરી દીધા જેમણે કરારભંગ કર્યો ન હતો અને એ હુકમ આપ્યો કે, જ્યાં સુધી કરાર ઉપર વફાદારીપૂર્વક કાયમ રહે તમે પણ કરાર ઉપર કાયમ રહો, બીજા લોકોની ખયાનતથી પ્રભાવિત થઈને તેમની સાથે કરારભંગ ન કરો.

ત્યાર પછી કરારભંગ કરનારાઓની જ્યાં એવી પરિસ્થિતિનું વર્ણન કર્યું કે તે લોકોના દિલોમાં શરૂથી ખયાનત ભરેલી હતી, તેમનો કરારને વફાદારીપૂર્વક નિભાવાવનો ઈરાદો જ ન હતો, અહીંયાં પણ اَكْثَرُهُمْ فٰسِقُوْنَ ફરમાવીને ઈશારો કરવામાં આવ્યો કે તેમાંથી બધા લોકોની આવી હાલત નથી, બલકે અમુક શરીફ

લોકો એવા પણ છે જેઓ કરાર ઉપર કાયમ રહેવા ઇચ્છતા હતા પરંતુ બીજાઓની સામે તેમનું કંઈ ચાલી શક્યું નહીં.

આ તે જ વિષય છે જેનું માર્ગદર્શન કુર્આને કરીમમાં બીજા સ્થળે સ્પષ્ટ શબ્દોમાં આ રીતે આવ્યું છે. لَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ اَنْ لَّا تَعْدِلُوْا એટલે કે, "કોઈ કોમની દુશ્મની તમને એ બાબત ઉપર પ્રેરિત ન કરે કે તમે ઇન્સાફને છોડી બેસો." (૫:૮) ત્યાર પછી નવમી આયતમાં તે ગદ્દાર મુશ્રિકોની ગદ્દારીનું કારણ તેમની તે બીમારી બતાવીને તેમને એવું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, તેઓ વિચાર-વિમર્શ કરે અને પોતાની સુધારણા કરી લે અને સામાન્ય મુસલમાનોને પણ ચેતવણી આપવામાં આવી કે જે કારણે આ લોકો ગદ્દારી અને ખયાનતમાં સપડાયા છે તે કારણોથી સંપૂર્ણ રીતે બચવાને પોતાની જિંદગીનો ધ્યેય બનાવી લે અને તે કારણ છે દુનિયા ! કે જ્યારે દુનિયાની માલ-દોલતની મહોબ્બત તેમને આંધળા કરી મૂકે છે તો થોડા પૈસાના બદલામાં જ અલ્લાહની આયતો અને પોતાના ઈમાનને વેચી નાંખે છે અને તેમની આ પ્રવૃત્તિ અત્યંત ખરાબ છે.

દશમી આયતમાં તે લોકોની છેલ્લી કક્ષાની બદમાશીનું વર્ણન થયું છે, لَا يَرْقُبُوْنَ فِىْ مُؤْمِنٍ اِلًّا وَّلَا ذِمَّةً એટલે કે, ફક્ત એટલું જ નહીં કે તે લોકોએ કરાર કરનાર મુસલમાનો સાથે ગદ્દારી કરી અને તેમની સગાઈ તથા કૌલ કરારને પીઠ પાછળ નાંખી દીધું બલકે તેમની પરિસ્થિતિ તો એવી છે કે, કોઈ મુસલમાન વિશે ન તો તેઓ સગાઈ-સંબંધનું સન્માન જાળવનારા છે, ન જ કોઈ કૌલ-કરારનું.

મુશ્રિકોની પ્રસ્તુત પરિસ્થિતિનો સ્વાભાવિક તકાદો એ હોઈ શકતો હતો કે, મુસલમાનો તેમનાથી હંમેશા માટે અલિપ્ત (અલગ) થઈ જાય અને કોઈપણ હાલતમાં તેમની સાથે ભાઈચારાનો સંબંધ સ્થાપિત કરવા માટે તૈયાર ન થાય, એટલા માટે કુર્આને ન્યાય અને ઇન્સાફની સૂચના અગિયારમી આયતમાં આ પ્રમાણે આપી فَاِنْ تَابُوْا وَاَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ فَاِخْوَانُكُمْ فِى الدِّيْنِ એટલે કે, જો આ લોકો તવબહ કરી લે અને નમાઝ કાયમ કરી લે અને ઝકાત આપે તો હજુ પણ તેઓ તમારા દીની ભાઈ છે.

તેમાં બતાવવામાં આવ્યું કે, કોઈ ગમે તેવો કટ્ટર દુશ્મન હોય અને તેણે ગમે એટલો ત્રાસ કે પીડા આપી હોય પરંતુ જ્યારે હવે તે મુસલમાન થઈ ગયો

તો જે રીતે અલ્લાહ તઆલાએ તેના બધા પાછલા ગુનાહોને મા'ફ કરી દીધા છે, મુસલમાનો માટે પણ જરૂરી છે કે પાછલી બધી બાબતોને ભૂલાવી દે અને આજથી તેમને પોતાના દીની ભાઈ સમજે અને ભાઈચારાના સંબંધના હકોને પૂર્ણ કરે.

ઇસ્લામી બિરાદરીમાં સામેલ થવાની ત્રણ શરતો :

આ આયતે સ્પષ્ટ કરી દીધું કે ઈસ્લામી બિરાદરીમાં સામેલ થવા માટે ત્રણ શરતો છે, પ્રથમ કુફ્ર અને શિર્કથી તવબહ કરવી, બીજું નમાઝ અદા કરવી અને ત્રીજું ઝકાત આપવી. કારણ કે ઈમાન અને તવબહ તો એક ગુપ્ત અમલ છે જેની વાસ્તવિકતાનું જ્ઞાન સામાન્ય મુસલમાનોને થઈ શકતું નથી, એટલા માટે તેમની બે જાહેર નિશાનીઓનું વર્ણન કરવામાં આવ્યું, એટલે કે નમાઝ અને ઝકાત.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, આ આયતે અહલે કિબ્લા મુસલમાનોના લોહી વહાવવાને હરામ કરી દીધું. એટલે કે, જે લોકો નમાઝ અને ઝકાતના પાબંદ હોય અને તેમના દ્વારા ઈસ્લામ વિરુદ્ધ કોઈ નિવેદન કે પ્રવૃત્તિ સાબિત ન થાય તો તે બધા જ હુકમોમાં તેઓ મુસલમાન સમજવામાં આવશે, ભલે તેમના દિલમાં સાચું ઈમાન હોય કે ન હોય અથવા મુનાફિક હોય.

હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ રસૂલે કરીમ ﷺની વફાત પછી ઝકાતનો ઈન્કાર કરનારાઓ ઉપર જિહાદ કરવા માટે આ જ આયતથી દલીલ કરીને સહાબએ કિરામ (રદિ.)ને સંતોષ આપ્યો હતો.

(ઈબ્ને કષીર)

અંતિમ આયતમાં કરાર કરવામાં આવેલ વચનબદ્ધ લોકો તથા તવબહ કરનારાઓના સંદર્ભમાં પ્રસ્તુત હુકમોની પાબંદીની તાકીદ કરવા માટે ઈરશાદ થયો, وَنُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ એટલે કે, "અમે સમજદાર લોકો માટે હુકમોને ખૂબ વિગતપૂર્વક સ્પષ્ટતાથી વર્ણન કર્યા છે."

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૨ થી ૧૬)

وَاِنْ نَّكَثُوْٓا اَيْمَانَهُمْ مِّنْ بَعْدِ عَهْدِهِمْ وَطَعَنُوْا فِيْ دِيْنِكُمْ فَقَاتِلُوْٓا اَئِمَّةَ الْكُفْرِ ۙ
اِنَّهُمْ لَآ اَيْمَانَ لَهُمْ لَعَلَّهُمْ يَنْتَهُوْنَ ﴿١٢﴾ اَلَا تُقَاتِلُوْنَ قَوْمًا نَّكَثُوْٓا اَيْمَانَهُمْ وَهَمُّوْا
بِاِخْرَاجِ الرَّسُوْلِ وَهُمْ بَدَءُوْكُمْ اَوَّلَ مَرَّةٍ ۭ اَتَخْشَوْنَهُمْ ۚ فَاللّٰهُ اَحَقُّ اَنْ تَخْشَوْهُ
اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣﴾ قَاتِلُوْهُمْ يُعَذِّبْهُمُ اللّٰهُ بِاَيْدِيْكُمْ وَيُخْزِهِمْ وَيَنْصُرْكُمْ عَلَيْهِمْ
وَيَشْفِ صُدُوْرَ قَوْمٍ مُّؤْمِنِيْنَ ﴿١٤﴾ وَيُذْهِبْ غَيْظَ قُلُوْبِهِمْ ۭ وَيَتُوْبُ اللّٰهُ عَلٰي
مَنْ يَّشَاۗءُ ۭ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٥﴾ اَمْ حَسِبْتُمْ اَنْ تُتْرَكُوْا وَلَمَّا يَعْلَمِ اللّٰهُ الَّذِيْنَ جٰهَدُوْا
مِنْكُمْ وَلَمْ يَتَّخِذُوْا مِنْ دُوْنِ اللّٰهِ وَلَا رَسُوْلِهٖ وَلَا الْمُؤْمِنِيْنَ وَلِيْجَةً ۭ وَاللّٰهُ
ع خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿١٦﴾ ع

તરજુમો :

અને જો તેઓ પોતાની કસમો કરાર કર્યા પછી તોડે અને તમારા દીનમાં ઐબ લગાવે તો કાફિરોના સરદારો સાથે લડો બેશક ! તેમની કસમો કંઈ નથી; જેથી તેઓ અટકી જાય. (૧૨) શું એવા લોકો સાથે નથી લડતા જેઓ પોતાની કસમો તોડે અને ફિકરમાં રહે કે રસૂલને કાઢી મૂકે ? અને પ્રથમ તેમણે તમારી છેડતી કરી (છંછેડયા), શું તેમનાથી ડરો છો ? બસ તમને અલ્લાહનો ડર વધારે હોવો જોઈએ જો તમે ઈમાન ધરાવતા હોવ. (૧૩) તેમની સાથે લડો જેથી અલ્લાહ તેમને તમારા હાથે અઝાબ આપે અને અપમાનિત કરે અને તમને તેમના ઉપર ગાલિબ કરે (વર્ચસ્વ આપે) અને મુસલમાન લોકોના દિલો ઠંડા કરે. (૧૪) અને તેમના દિલોની જલન (બળાપો) કાઢે અને અલ્લાહ જેને ઈચ્છશે તવબહ નસીબ કરશે અને અલ્લાહ સઘળું જાણનારો હિકમતવાળો છે. (૧૫) શું તમે એવું ધારો છો કે છૂટી જશો ! અને જ્યારે કે હજુ અલ્લાહે તમારામાંથી તે લોકોને જાણી નથી લીધા કે જેમણે જિહાદ કર્યો છે ! અને તેમણે અલ્લાહ અને તેના રસૂલ અને

મુસલમાનોના સિવાય કોઈને ભેદી નથી બનાવ્યો; અને અલ્લાહને સઘળી ખબર છે જે કંઈ તમે કરી રહ્યા છો. (૧૬)

તફસીર :

અને જો તે લોકો કરાર કર્યા પછી પોતાની કસમો (કરારો)ને તોડી નાંખે (જેમકે તેમની હાલત જોતાં એવી સંભાવના વધારે છે) અને (કરાર તોડીને ઈમાન પણ ન લાવે બલકે પોતાના કુફ્ર ઉપર કાયમ રહે જેની એક અસર એ છે કે) તમારા દીન (ઈસ્લામ) ઉપર કટાક્ષ (અને વાંધા ઊભા) કરે તો (એવી પરિસ્થિતિમાં) તમે લોકો એ ઈરાદે કે તેઓ (પોતાના કુફ્રથી) અટકી જાય તે કુફ્રના આગેવાનોથી (ખૂબ) લડો, (કારણ કે આવી પરિસ્થિતિમાં) તેમની કસમો (બાકી) ન રહી, (અહીંયાં સુધી આગાહી થઈ; ત્યાર પછી યુદ્ધનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે કે) તમે એવા લોકો સાથે કેમ નથી લડતા જેમણે પોતાની કસમો તોડી નાંખી (અને બની બક્રના મુકાબલામાં બનુ ખુઝાઅહની મદદ કરી) અને રસૂલ (ﷺ)ને દેશનિકાલ કરવા માટેની યોજના બનાવી અને તેમણે તમારી સાથે છેડછાડ કરવામાં પહેલ કરી (કે તમારા તરફથી કરારની વફાદારીમાં કોઈ ઉણપ નથી રહી, તેમણે આપમેળે મનઘડત વાતો ફેલાવી, બસ એવા લોકો સાથે કેમ લડવામાં ન આવે ?) શું તેમની સામે (લડવાથી) ડરો છો ? (કે તેમની પાસે વધારે સંખ્યા છે) બસ (જો એવી વાત છે તો કદાપિ તેમનાથી ન ડરો, કારણ કે) અલ્લાહ તઆલા એ વાતનો વધારે હકદાર છે કે તમે તેનાથી ડરો જો તમે ઈમાન ધરાવતા હોય (અને તેનાથી ડરવાનો તકાદો એ છે કે તમે તેમનાથી ડર્યા વિના તેમની સામે અલ્લાહના હુકમથી યુદ્ધ કરો, બસ) તેમનાથી લડો અલ્લાહ તઆલા(નો વાયદો છે કે) તેમને તમારા હાથે સજા આપશે અને તેમને અપમાનિત કરશે અને તમને તેમના ઉપર વિજયી કરશે અને (તેમના અપમાન અને ઝિલ્લતથી) ઘણા (એવા) મુસલમાનોના દિલોને શિફા આપશે અને તેમના દિલોના ક્રોધ (અને બળાપા)ને દૂર કરશે (જેઓ પોતે મુકાબલાની શક્તિ ધરાવતા નથી પરંતુ તેમની પ્રવૃત્તિઓ જોઈને દિલમાંને દિલમાં જ ગૂંગળામણ અનુભવે છે) અને (તે જ કાફિરોમાંથી) જેમના ઉપર (અલ્લાહને કૃપા કરવી) મંજૂર હશે અલ્લાહ તઆલા કૃપા (પણ) કરશે (એટલે કે મુસલમાન થવાની તવફીક આપશે, એટલા માટે મક્કા વિજય સમયે કેટલાક લડ્યા અને અપમાનિત થઈને

મરાયા અને અમુક મુસલમાન થઈ ગયા) અને અલ્લાહ તઆલા સર્વજ્ઞ અને મોટી હિકમતવાળો છે (કે સર્વજ્ઞ હોવાના નાતે દરેકનું પરિણામ કુફ્ર કે ઈસ્લામ હોવાનું જાણે છે અને એટલા માટે જ પોતાની હિકમતથી યોગ્ય હુકમો નક્કી કરે છે અને તમે જે લડવાથી પાછી પાની કરો છો ભલે એવા લોકો થોડા જ છે પણ) શું તમે એવું ધારો છો કે તમને એમ જ (આવી જ હાલત ઉપર) છોડી દેવામાં આવશે જ્યારે કે હજુ અલ્લાહ તઆલાએ (જાહેર રીતે) તે લોકોને તો જોયા જ નથી જેમણે તમારામાંથી (આવી પરિસ્થિતિમાં) જિહાદ કર્યો હોય અને અલ્લાહ અને રસૂલ અને મો'મિનોના સિવાય કોઈને પોતાનો ગાઢ જાણભેદુ મિત્ર ન બનાવ્યો હોય (આથી જાહેર થવાનો ઉત્તમ મોકો આવી પરિસ્થિતિ માટે જિહાદ છે જ્યાં મુકાબલો પોતાના જ સગાં-વહાલાં અને નિકટના લોકો સાથે હોય તો કસોટી પૂરી થઈ જાય છે કે કોણ અલ્લાહને ચાહે છે અને કોણ પોતાની જાત-બિરાદરીને ?) અને અલ્લાહ તઆલાને તમારા બધા જ કામોની બધી જ ખબર છે (બસ જો તમે જિહાદમાં સ્ફૂર્તિ બતાવશો અથવા સુસ્તી કરશો તો તે પ્રમાણે બદલો મળશે).

મસ્અલા અને બોધપાઠ :

મક્કાના કુરૈશ કે જેમની સાથે સન હિજરી ૬માં હુદૈબિય્યહના સ્થળે એક યુદ્ધબંધીનો કરાર કરવામાં આવ્યો હતો તેના વિશે સૂરએ તવબહની શરૂઆતની આયતોમાં એવી આગાહી આપી એવી ખબર આપવામાં આવી હતી કે, આ લોકો પોતાના કરાર ઉપર કાયમ રહેશે નહીં, જેનું વર્ણન સૂરએ તવબહની સાતમી આયતમાં كَيْفَ يَكُوْنُ لِلْمُشْرِكِيْنَ عَهْدٌ ના શબ્દો સ્વરૂપે આવી ચૂક્યું છે અને આઠમી, નવમી અને દશમી આયતોમાં તેમના કરારભંગના કારણો વર્ણન થયા, અગિયારમી આયતમાં એ બાબતનું વર્ણન થયું કે કરારભંગના આ મહાન ગુનાહ પછી પણ જો આ લોકો મુસલમાન થઈ જાય અને પોતાના ઈસ્લામની જાહેરાત નમાઝ અને રોઝા દ્વારા કરવા લાગે તો પછી મુસલમાનો ઉપર આવશ્યક છે કે, તેમના પાછલા અપરાધોની કોઈ અસર પોતાના તેમની સાથેના વ્યવહારમાં બાકી ન રાખે, બલકે તેમને પોતાના દીની ભાઈ સમજે અને તેમની સાથે ભાઈચારાનો વ્યવહાર કરે, પ્રસ્તુત બારમી આયતમાં એ બાબતનું વર્ણન છે કે આગાહી પ્રમાણે જ્યારે એ લોકોએ કરારભંગ કર્યો તો પછી તેમની સાથે મુસલમાનોએ શું કરવું જોઈએ?

એ બાબતે ઈરશાદ થયો, وَاِنْ نَّكَثُوْٓا اَيْمَانَهُمْ مِّنْۢ بَعْدِ عَهْدِهِمْ وَطَعَنُوْا فِيْ دِيْنِكُمْ فَقَاتِلُوْٓا اَئِمَّةَ الْكُفْرِ એટલે કે, જો એ લોકો પોતાના કરાર અને કસમોને તોડી નાંખે અને મુસલમાન પણ ન થાય બલકે, રાબેતા મુજબ તમારા દીને ઈસ્લામ ઉપર લાનતાન કરી ખામીઓ શોધતા રહે તો તે કુફ્રના લીડરો સાથે યુદ્ધ કરો.

અત્રે એ વાત ધ્યાન આપવા પાત્ર છે કે આ સ્થળના તકાદા પ્રમાણે દેખીતું તો એ હતું કે, فَقَاتِلُوْهُمْ (ફકાતિલૂહુમ) કહેવામાં આવ્યું હોત, એટલે કે "તે લોકો સાથે યુદ્ધ કરો" કુર્આન શરીફે આ સ્થળે ટૂંકા સર્વનામનો ઉપયોગ કરવાના બદલે, એટલે કે فَقَاتِلُوْٓا اَئِمَّةَ الْكُفْرِ ફરમાવ્યું, તેમાં اَئِمَّةً (અઈમ્મહ) એ اِمَام (ઈમામ)નું બહુવચન છે, એનો અર્થ એ છે કે તે લોકો પોતાના કરારભંગ કરવાના કારણે કુફ્રના ઈમામો અને આગેવાનો બનીને એ બાબતના હકદાર થઈ ગયા છે કે તેમની સાથે યુદ્ધ કરવામાં આવે, તેમાં યુદ્ધના હુકમની યોગ્યતા અને કારણ પણ વર્ણન થઈ ગયું, અમુક મુફસ્સિરોએ નોંધ્યું છે કે અત્રે اَئِمَّةُ الْكُفْر (અઈમ્મતુલ કુફ્ર)નો અર્થ મક્કાના કુરૈશના તે સરદારો છે જે લોકો મુસલમાનો વિરુદ્ધ ઉશ્કેરણી કરવામાં તથા યુદ્ધની તૈયારીઓ કરવામાં સતત પ્રવૃત્ત રહેતા હતા, તેમની સાથે યુદ્ધ કરવાનો વિશેષરૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો કે મક્કાના નિવાસીઓની અસલ શક્તિનો સ્ત્રોત આ જ લોકો હતા, તે ઉપરાંત મુસલમાનોના નજીકના સગાં–વહાલાંઓ પણ આ જ લોકોમાંથી હતા જેના કારણે એ ભય હોઈ શકતો હતો કે, મુસલમાનો દ્વારા તેમની સાથેના વ્યવહારમાં કોઈ બાંધછોડની નીતિ અપનાવવામાં આવે. *(મઝહરી)*

દારુલ ઇસ્લામમાં 'ગેરમુસ્લિમ ઝિમ્મી'ઓને ઇસ્લામ ઉપર જ્ઞાનપૂર્ણ ટિપ્પણી કરવાની પરવાનગી તો છે પરંતુ કટાક્ષ કરવાની અથવા મ્હેણા મારવાની અથવા નીચા દેખાડવાની પરવાનગી નથી :

طَعَنُوْا فِيْ دِيْنِكُمْ ના શબ્દ વિશે તે અમુક લોકોએ દલીલ કરી છે કે મુસલમાનોના દીન ઉપર મહેણા મારવા અથવા કટાક્ષ કરવો અથવા તેને નીચો દેખાડવો કરારભંગ કરવામાં સામેલ છે, જે વ્યક્તિ ઈસ્લામ અને શરીઅતે ઈસ્લામ ઉપર લાન–તાન કરે છે તેઓ મુસલમાનોના કરારમાં રહી શકતા નથી, પરંતુ ફુકહાની સહમતીથી તે લાન–તાનનો અર્થ નીંદા કરવી અથવા નીચા

દેખાડવું તે છે જે ઈસ્લામ અને મુસલમાનોની તુચ્છ અને હકીર હોવાની જાહેરાત કરતા હોય, હુકમો અને મસ્અલાઓની તહકીકમાં કોઈ જ્ઞાનપૂર્ણ ટિપ્પણી કરવી તેમાંથી બાકાત છે અને શબ્દાર્થમાં તેને મહેણા મારવા અથવા નીંદા કરવી પણ કહેવાશે નહીં.

એટલા માટે દારુલ ઈસ્લામના ગેરમુસ્લિમ નાગરિકોને જ્ઞાનપૂર્ણ ટિપ્પણી કરવાની પરવાનગી તો આપી શકાય છે, પરંતુ ઈસ્લામ ઉપર નીંદા કરવાની અથવા તો તેને તુચ્છ સમજી અપમાન કરવાની પરવાનગી કદાપિ આપી શકાતી નથી.

આ જ આયતમાં ફરમાવવામાં આવ્યું છે, إِنَّهُمْ لَآ أَيْمَانَ لَهُمْ એટલે કે, આ લોકો એવા છે કે તેમની કસમ કોઈ ભરોસાપાત્ર કસમ નથી, કારણ કે આ લોકો કસમ તોડવાની અને કરારભંગ કરવાની ટેવ ધરાવે છે અને આ બહુવચનનો અર્થ એ પણ હોઈ શકે છે કે, જ્યારે તેમણે પોતાની કસમ તોડી નાંખી તો હવે મુસલમાનો ઉપર પણ તેમની કસમ અને કરારની કોઈ જવાબદારી બાકી નથી રહેતી.

અંતિમ આયતમાં ફરમાવ્યું, لَعَلَّهُمْ يَنْتَهُونَ "જેથી તેઓ અટકી જાય" આ અંતિમ વાક્યમાં બતાવવામાં આવ્યું કે, મુસલમાનોનો જિહાદ અને યુદ્ધનો હેતુ સામાન્ય રીતે અન્ય લોકોની જેમ દુશ્મનને સતાવવાનો અથવા બદલાની ભાવનાથી આક્રમણ કરવાનો નથી, જેવી રીતે કે સામાન્ય રાજાઓ પોતાના પ્રદેશના વિસ્તાર માટે કરે છે બલકે ઈસ્લામના યુદ્ધનો હેતુ દુશ્મનની ભલાઈ, તેમની લાગણી તથા એવી ભાવના સાથે હોવો જોઈએ કે આ લોકો પોતાનું ભૂલ ભરેલું વલણ અપનાવવાથી અટકી જાય.

ત્યારબાદ ૧૩મી આયતમાં મુસલમાનોને જિહાદ અને યુદ્ધનું પ્રોત્સાહન આપવા માટે ફરમાવ્યું કે, તમે એવી કોમ સાથે યુદ્ધ માટે તૈયાર કેમ ન થાઓ જેમણે રસૂલુલ્લાહ ﷺને કાઢી મૂકવાનો મનસૂબો ઘડયો હતો ? તેનો અર્થ મદીનાના યહૂદીઓ છે જેમણે રસૂલે કરીમ ﷺને મદીનામાંથી કાઢી મૂકવાની યોજનાઓ બનાવી હતી અને કહ્યું હતું, لَيُخْرِجَنَّ الْأَعَزُّ مِنْهَا الْأَذَلَّ એટલે કે, એવું અવશ્ય થશે કે આબરૂદાર અને શક્તિશાળી, અશક્ત અને ઝલીલને મદીનામાંથી કાઢી મૂકશે, તેમના મતે ઈજ્જતવાળા તેઓ પોતે હતા અને મુસલમાનોને કમજોર

અને તુચ્છ સમજતા હતા, જેના જવાબમાં અલ્લાહ તઆલાએ તેમના જ અભિપ્રાયને તેમની તરફ પલટાવીને પૂરો કરી બતાવ્યો કે, રસૂલુલ્લાહ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)એ તેમને મદીનામાંથી કાઢી મૂકીને એ સાબિત કરી આપ્યું કે, ઈજ્જતવાળા આબરૂદાર મુસલમાનો જ છે તથા અશક્ત અને તુચ્છ યહૂદીઓ હતા.

બીજું કારણ આ યુદ્ધ કરવાનું આ બતાવ્યું, وَهُمْ بَدَءُوكُمْ أَوَّلَ مَرَّةٍ એટલે કે, યુદ્ધ અને લડાઈની પહેલ તે લોકો તરફથી જ થઈ હવે તો ફક્ત સંરક્ષાત્મક કાર્યવાહી થાય છે, જે દરેક સદ્બુદ્ધિ ધરાવનારનો સ્વાભાવિક તકાદો છે.

પછી મુસલમાનોના દિલોમાંથી તે લોકોનો રુઆબ અને ધાક દૂર કરવા માટે ફરમાવ્યું, أَتَخْشَوْنَهُمْ فَاللَّهُ أَحَقُّ أَنْ تَخْشَوْهُ એટલે કે, શું તમે લોકો તેમનાથી ભય પામો છો ? જ્યારે કે ભય પામવો અને ડરવું તો માત્ર અલ્લાહ તઆલાથી જ હોવું જોઈએ જેના અઝાબને કોઈ શક્તિ અટકાવી નથી શકતી. અંતે إِنْ كُنْتُمْ مُؤْمِنِينَ ફરમાવીને બતાવ્યું કે, ગયરૂલ્લાહથી એવું ડરવું કે જે શરીઅતના હુકમોને અદા કરવામાં અવરોધક બને તે કોઈ મો'મિન મુસલમાનનું કાર્ય જ નથી.

૧૪ અને ૧૫મી આયતમાં પણ મુસલમાનોને યુદ્ધ અને જિહાદનું પ્રોત્સાહન એક અલગ વિષય હેઠળ આપવામાં આવ્યું છે, જેમાં અમુક અલગ બાબતો બતાવવામાં આવી.

જો તમે તેમની સાથે યુદ્ધ માટે તૈયાર થઈ ગયા તો અલ્લાહ તઆલાની મદદ તમારી સાથે સામેલ હશે અને આ કોમ પોતાના દુષ્કૃત્યોના કારણે અલ્લાહના અઝાબની હકદાર તો થઈ જ ચૂકી છે પરંતુ તેમના ઉપર અલ્લાહનો અઝાબ પાછલી કોમોની જેમ આસમાન અથવા જમીનથી નહીં આવે, બલ્કે يُعَذِّبْهُمُ اللَّهُ بِأَيْدِيكُمْ એટલે કે, તેમને અલ્લાહ તઆલા તમારા હાથોથી અઝાબ આપશે.

બીજું એ કે, આ યુદ્ધના પરિણામે અલ્લાહ તઆલા મુસલમાનોના દિલોને તે રંજ અને ગમથી શિફા અર્પણ કરશે જે કાફિરો તરફથી તેમને સતત પહોંચી રહ્યો છે.

પાછલી આયતમાં لَعَلَّهُمْ يَنْتَهُونَ ફરમાવીને મુસલમાનોને એવી સૂચના

આપવામાં આવી હતી કે, કોઈ કોમ ઉપર પોતાનો ગુસ્સો અને ક્રોધ ઉતારવા માટે લડવામાં ન આવે, બલકે તેમની સુધારણા અને હિદાયતને પોતાનો મકસદ બનાવે, આ આયતમાં એ બતાવવામાં આવ્યું કે જ્યારે તેઓ પોતાની નિય્યતને અલ્લાહ તઆલા માટે પાક કરી લે અને ફક્ત અલ્લાહ માટે લડે તો પછી અલ્લાહ તઆલા પોતાની કૃપાથી એવી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરશે કે, તેમની દિલગીરી અને ક્રોધનો બદલો પણ આપોઆપ થઈ જશે.

ચોથી વસ્તુ આ ઈરશાદ ફરમાવી, وَيَتُوبُ اللّٰهُ عَلٰى مَنْ يَّشَآءُ એટલે કે, જેના વિશે અલ્લાહ તઆલાને મંજૂર હશે તેમની તવબહનો સ્વીકાર કરી લેશે.

જેનાથી જાણ થાય છે કે, આ જિહાદનો લાભ એ પણ થશે કે દુશ્મનના વર્ગમાં ઘણા બધા લોકોને ઈસ્લામની તવફીક (સદ્ભાગ્ય) મળી જશે અને તેઓ મુસલમાન થઈ જશે, એટલા માટે મક્કા વિજયમાં ઘણા બધા દુષ્ટ મુશ્રિકો અપમાનિત થયા અને ઘણા બધા લોકો ઈસ્લામની દોલતથી પ્રતિષ્ઠા પામ્યા.

આ આયતોમાં જે પરિસ્થિતિઓ અને ઘટનાઓની ખબર ખુશખબરી સ્વરૂપે આપવામાં આવી છે, ઈતિહાસ ગવાહ છે કે તે સૌ એક-એક કરીને એ જ પ્રમાણે પ્રત્યક્ષ સ્વરૂપે સામે આવી જેવી રીતે કે કુર્આને મજીદે ખબર આપી હતી, એટલા માટે આ આયતો ઘણા બધા મોઅ્જિઝાઓ ઉપર આધારિત છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૭-૧૮)

مَا كَانَ لِلْمُشْرِكِيْنَ اَنْ يَّعْمُرُوْا مَسٰجِدَ اللّٰهِ شٰهِدِيْنَ عَلٰٓى اَنْفُسِهِمْ بِالْكُفْرِ ط
اُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ ۚۖ وَفِى النَّارِ هُمْ خٰلِدُوْنَ ﴿١٧﴾ اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ
بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَاَقَامَ الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ وَلَمْ يَخْشَ اِلَّا اللّٰهَ فَعَسٰٓى اُولٰٓئِكَ
اَنْ يَّكُوْنُوْا مِنَ الْمُهْتَدِيْنَ ﴿١٨﴾

તરજુમો :

મુશ્રિકોનું કામ નથી કે અલ્લાહની મસ્જિદોને આબાદ કરે અને (જ્યારે કે)

પોતાના ઉપર કુફ્રનો સ્વીકાર કરી રહ્યા હોય તે લોકોના અમલો વ્યર્થ ગયા અને તેઓ હંમેશા આગમાં રહેશે. (૧૭) અલ્લાહની મસ્જિદો તે જ આબાદ કરે છે જે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યો અને આખિરતના દિવસ ઉપર અને નમાઝને કાયમ કરી અને ઝકાત આપતો રહ્યો અને અલ્લાહના સિવાય કોઈનાથી ન ડર્યો, બસ તે લોકો આશાવાદી છે કે હિદાયતવાળાઓમાં થાય. (૧૮)

તફસીર :

મુશ્રિકોની એ લાયકાત જ નથી કે તેઓ અલ્લાહની મસ્જિદોને (જેમાં મસ્જિદે હરામ પણ આવી ગઈ) આબાદ કરે જે હાલતમાં તેઓ પોતે પોતાના કુફ્ર(ની વાતો)નો સ્વીકાર કરી રહ્યા છે (એટલા માટે તેઓ પોતે પોતાનો ધર્મ એવો બતાવતા હતા અને એવી માન્યતાઓને સ્વીકાર કરતા હતા જે વાસ્તવમાં કુફ્ર છે, મતલબ એ કે મસ્જિદને બાંધવી જો કે ખૂબ પ્રતિષ્ઠિત અને નેક અમલ છે પરંતુ તેમનું શિર્ક આ પ્રતિષ્ઠાનું વિરોધી છે, આ પ્રવૃત્તિની સ્વીકૃતિ જ તેઓ અક્ષમ હોવાના કારણે અમાન્ય છે અને એટલા માટે તેઓ મસ્જિદના અદબ જાળવનારાઓમાંથી નથી પછી તેમના માટે ગર્વ કરવાની શું સંભાવના છે !) આ લોકોના (જેઓ મુશ્રિક છે) બધા અમલો (નેક અમલ જેમકે મસ્જિદને આબાદ કરવું વગેરે) વ્યર્થ (અને બરબાદ) છે (એ કારણે કે તે અમલોની સ્વીકૃતિની શરત પૂરી થતી નથી હવે વ્યર્થ થયેલા અમલો ઉપર ગર્વ કરવાનું કોઈ કારણ નથી) અને તે લોકો હંમેશા દોઝખમાં રહેશે (કારણ કે તેઓ તે અમલ કે જે છુટકારાનું કારણ છે તેને તો બરબાદ કરી રહ્યા હતા) હા ! અલ્લાહની મસ્જિદોને આબાદ કરવી તે લોકોનું કામ છે (એટલે કે તે લોકોનું આ કાર્ય અલ્લાહ નજીક સ્વીકૃતિપ્રાપ્ત છે) જેઓ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર (દિલથી) ઈમાન લાવે (અને જાહેર પ્રવૃત્તિઓ પણ તે પ્રમાણે હોય, દાખલા તરીકે) નમાઝની પાબંદી કરે અને ઝકાત આપે અને (અલ્લાહ ઉપર એવો ભરોસો રાખતા હોય કે) અલ્લાહ સિવાય કોઈ અન્યથી ન ડરે, બસ એવા લોકો વિશે આશા (એટલે કે વાયદો) છે કે પોતાના ઉદ્દેશ્ય (એટલે કે જન્નત અને છુટકારા) સુધી પહોંચી જશે (કારણ કે તેમના અમલો ઈમાનના કારણે સ્વીકૃત થશે તેથી આખિરતમાં લાભ થશે અને મુશ્રિકો આ શરતથી વંચિત છે અને તેમના અમલ

વ્યર્થ અને લાભથી વંચિત હશે તથા તેમનું ગર્વ કરવું પણ વિના કારણનું છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં મક્કાના મુશ્રિકોની દુષ્ટ પ્રવૃત્તિઓ, કરારભંગ અને પોતાના જૂઠા ધર્મ માટે દરેક પ્રયત્નનો અને તેના મુકાબલામાં મુસલમાનોને જિહાદનું પ્રોત્સાહન આપવાનો ઉલ્લેખ આવ્યો હતો. પ્રસ્તુત આયતોમાં મુસલમાનોને જિહાદની તાકીદ સાથે એ બતાવવામાં આવ્યું છે કે, યુદ્ધ અને જિહાદ જ તે વસ્તુ છે જેમાં મુસલમાનોની પરીક્ષા થાય છે, નિખાલસ મુસલમાન અને મુનાફિક અથવા કમજોર ઈમાનના મુસલમાનોમાં તફાવત થાય છે અને આ પરીક્ષા જરૂરી છે.

૧૬મી આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, શું તમે એવું સમજી રાખ્યું છે કે તમે ફક્ત ઈસ્લામનો કલિમો મૌખિક કહી લેવાથી અને ઈસ્લામનો દા'વો કરી લેવાથી આઝાદ છોડી દેવામાં આવશો ? જ્યાં સુધી અલ્લાહ તઆલા દેખીતી રીતે પણ તે સાચા અને પાકા મુસલમાનોને ન જોઈ લે જે તમારામાંથી જિહાદ કરનારા છે અને જેઓ અલ્લાહ અને રસૂલ ﷺ અને મુસલમાનો સિવાય અન્ય કોઈને પોતાના રાઝદાર ભેદી મિત્ર નથી બનાવતા.

આ જ આયતમાં તે સામાન્ય લોકોને સંબોધન છે જેઓ મુસલમાન સમજવામાં આવતા હતા, જો કે તેમનામાંથી અમુક મુનાફિક પણ હતા અને અમુક કમજોર ઈમાનવાળા અસમંજસ (ડગુમગુ)ની પરિસ્થિતિમાં હતા. એવા જ લોકોની એવી હાલત હતી કે, પોતાના ગેરમુસ્લિમ મિત્રોને મુસલમાનોના રહસ્યો અને ગુપ્ત બાબતોની જાણકારી આપ્યા કરતા હતા, એટલા માટે આ આયતમાં નિખાલસ મુસલમાનોની બે નિશાનીઓ બતાવવામાં આવી.

નિખાલસ મુસલમાનોની બે નિશાનીઓ :

પ્રથમ એ કે, અલ્લાહ માટે કાફિરો સાથે જિહાદ કરે, બીજું એ કે કોઈ ગેરમુસ્લિમને પોતાનો રાઝદાર (રહસ્ય અને ભેદની વાતો જાણનાર) ન બનાવે. અંતિમ આયતમાં ફરમાવ્યું, وَاللّٰهُ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ એટલે કે, તમે જે કંઈ કરો છો અલ્લાહ તઆલા તે સઘળું જાણે છે અને તેની પાસે કોઈની યુક્તિ કે તા'વીલ ચાલી શકશે નહીં.

પ્રથમ વિષય કુર્આને મજીદની એક બીજી આયતમાં આ શબ્દ સાથે આવ્યો છે. اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْا اَنْ يَّقُوْلُوْا اٰمَنَّا وَهُمْ لَا يُفْتَنُوْنَ (૨૯ : ૨) એટલે કે, શું લોકોએ એવું સમજી રાખ્યું છે કે, તેઓ ફક્ત મૌખિક રીતે પોતાને મો'મિન કહેવાથી સ્વતંત્ર છોડી દેવામાં આવશે અને તેમની કોઈ પરીક્ષા લેવામાં નહીં આવે?

કોઈ ગેરમુસ્લિમને હમરાઝ (ભેદીયો) મિત્ર બનાવવો યોગ્ય નથી :

પ્રસ્તુત આયતમાં જે શબ્દ وَلِيْجَةً (વલીજત) આવ્યો છે તેનો અર્થ "ભેદીયો" થાય છે અને એક બીજી આયતમાં આ જ અર્થ માટે શબ્દ بِطَانَةً (બિતાનહ) ઉપયોગ કરવામાં આવ્યો છે. "બિતાનહ"નો અસલી અર્થ તે કપડું થાય છે જે બીજા કપડાંઓની નીચે પેટ અને શરીર સાથે લાગેલું હોય (જેમકે અંડરવેર અથવા બનિયાન), તેનો અર્થ એવા વ્યક્તિનો છે કે જે અંદરની ગુપ્ત વાતો અને રહસ્યોથી વાકેફ હોય, તે આયતોના શબ્દો આ છે,

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ خَبَالًا

"હે ઈમાનવાળાઓ ! પોતાના મુસલમાનો સિવાય કોઈ અન્યને રાઝદાર અને ભેદીયો મિત્ર ન બનાવો, તેઓ તમને દગો આપીને બરબાદ કરવામાં કોઈ કસર બાકી નહીં રાખે." (૩ : ૧૧૮)

ત્યારબાદ ૧૭ અને ૧૮મી આયતોમાં મસ્જિદે હરામ અને બીજી મસ્જિદોને જૂઠી ઈબાદતોથી પવિત્ર કરવા તથા સાચી અને સ્વીકૃત પદ્ધતિ પ્રમાણે ઈબાદત કરવાની સૂચના આપવામાં આવી.

તેની વિગત એ છે કે, મક્કા વિજય પછી રસૂલે કરીમ ﷺએ બયતુલ્લાહ અને મસ્જિદે હરામથી તે બધી જ મૂર્તિઓ કાઢી નાંખી જેની મુશ્રિકો પૂજા કર્યા કરતા હતા, એ જ પ્રમાણે મસ્જિદે હરામ મૂર્તિઓથી પાક થઈ ગઈ પરંતુ રસૂલે કરીમ ﷺએ પોતાના જૂના દુશ્મનો ઉપર વિજય પ્રાપ્ત કર્યા પછી સૌને મા'ફી અને સુરક્ષા પ્રદાન કરી હતી અને તે મુશ્રિકો હજુપણ બયતુલ્લાહ અને હરમમાં ઈબાદત અને તવાફ વગેરે પોતાની બાતિલ અને જૂઠી પદ્ધતિ પ્રમાણે કર્યા કરતા હતા.

હવે આવશ્યકતા એ વાતની આવી પડી કે જે રીતે મસ્જિદે હરામને મૂર્તિઓથી પાક કરવામાં આવે, એ જ પ્રમાણે મૂર્તિપૂજાની તે બધી જ પદ્ધતિઓ અને રીત-રિવાજોથી પણ આ પવિત્ર ભૂમિને પાક કરવામાં આવે અને તેનાથી પાક કરવાનું દેખીતું જાહેર સ્વરૂપ એ હતું કે, મુશ્રિકોને મસ્જિદે હરામમાં પ્રવેશવાની મનાઈ કરવામાં આવે પરંતુ આ તેમને આપવામાં આવેલ સુરક્ષા વિરુદ્ધ ગણી શકાતું હતું અને કરારની પાબંદી ઈસ્લામમાં તે બધી વસ્તુઓ કરતાં અગ્ર સ્થાને અને મહત્ત્વની હતી, એટલા માટે તાત્કાલિક તેના વિશે કોઈ હુકમ આપવામાં ન આવ્યો બલકે, મક્કા વિજયના આગલા જ વર્ષે રસૂલે કરીમ ﷺએ હઝરત સિદ્દીકે અકબર (રદિ.) અને હઝરત અલી મુર્તઝા (રદિ.) દ્વારા મિના અને અરફાતની જાહેર સભાઓમાં એ જાહેરાત કરી દીધી કે, હવેથી કોઈ શિર્કિય્યહ પદ્ધતિ પ્રમાણેની પૂજા, હજ્જ, તવાફ વગેરે હરમમાં થઈ શકશે નહીં અને અજ્ઞાનતામાં જે નગ્ન થઈને તવાફ કરવાની ખરાબ પ્રથા ચાલી રહી હતી, હવે પછી એવી પ્રવૃત્તિની બિલકુલ પરવાનગી આપવામાં નહીં આવે, એટલા માટે હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ મિનાના જાહેર જલ્સામાં તેનું એ'લાન કરી દીધું.

لَایَحُجَّنَّ بَعْدَ الْعَامِ مُشْرِكٌ وَّلَا یَطُوْفَنَّ بِالْبَیْتِ عُرْیَانٌ

"આ વર્ષ પછી કોઈ મુશ્રિક હજ્જ નહીં કરી શકે અને કોઈ નગ્ન વ્યક્તિ બયતુલ્લાહનો તવાફ નહીં કરી શકે."

અને આ એક વર્ષની મહોલત એટલા માટે આપવામાં આવી છે કે, તેમાં ઘણા બધા તે લોકો પણ હતા જેમની સાથે મુસલમાનોનો કરાર હતો અને તેઓ હજુ સુધી કરાર ઉપર કાયમ હતા, કરારની મુદત પૂરી થતા પહેલાં તેમને કોઈ નવા નિયમના પાબંદ કરવા ઈસ્લામની ઉદારતાની વિરુદ્ધ હતું, એટલા માટે એક વર્ષ અગાઉ આ જાહેર એ'લાન કરી આપવામાં આવ્યું કે પ્રતિષ્ઠિત હરમને શિર્કિય્યહ પદ્ધતિ પ્રમાણેની પૂજાપાઠ અને રીત-રિવાજોથી પવિત્ર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, કારણ કે આ પ્રકારની ઈબાદતો વાસ્તવમાં ઈબાદત અને મસ્જિદની આબાદી નથી બલકે વેરાની છે.

તે મક્કાના મુશ્રિકો પોતાના શિર્કિય્યહ રીત-રિવાજોને પૂજાપાઠ અને

મસ્જિદે હરામની ઈમારતની આબાદીનું નામ આપતા હતા અને તેના ઉપર ગર્વ કર્યા કરતા હતા કે, અમે બયતુલ્લાહ અને મસ્જિદે હરામના મુતવલ્લી તથા તે ઈમારતના જિમ્મેદાર છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, હઝરત અબ્બાસ (રદિ.) ઈસ્લામ લાવતા પહેલાં ગઝ્વએ બદ્રમાં કેદ પકડાયા અને મુસલમાનોએ તેમના કુફ્ર અને શિર્ક ઉપર કાયમ રહેવા ઉપર નીંદા કરી તો તેમણે જવાબ આપ્યો કે, તમે લોકો ફક્ત અમારી બુરાઈઓ યાદ રાખો છો અને અમારી ભલાઈઓનું ધ્યાન રાખતા નથી, શું તમને ખબર નથી કે અમે બયતુલ્લાહ અને મસ્જિદે હરામને આબાદ રાખનારા અને તેની વ્યવસ્થા કરનારા તથા હાજીઓને પાણી પીવાડવા વગેરેની સેવાઓના મુતવલ્લી પણ છે ? આ બાબતે કુર્આન શરીફની આયત નાઝિલ થઈ, مَا كَانَ لِلْمُشْرِكِيْنَ اَنْ يَّعْمُرُوْا مَسٰجِدَ اللّٰهِ એટલે કે, મુશ્રિકોને એ હક નથી કે તેઓ અલ્લાહની મસ્જિદોની તા'મીર કરે, કારણ કે મસ્જિદો ફક્ત તે જ સ્થળ છે જે એકમાત્ર અલ્લાહ વહ્દહુની ઈબાદત કરવા માટે બનાવવામાં આવી છે, કુફ્ર અને શિર્કની વિરોધી છે, કાફ઼િરોની બાંધેલી ઈમારતો મસ્જિદની સાથે ભેગી નથી થઈ શકતી.

મસ્જિદની ઈમારતનો શબ્દ આ આયતમાં આવ્યો છે, તેનો કેટલાય અર્થોમાં ઉપયોગ કરવામાં આવે છે. એક જાહેર અને ઈંટ-ગાળા-ચૂનાની ઈમારત જેને દરવાજા અને બારી-બારણા હોય છે, બીજી મસ્જિદની સુરક્ષા અને સફાઈ તથા જરૂરી વ્યવસ્થા નિભાવ વગેરે અને ત્રીજું ઈબાદત માટે મસ્જિદમાં હાજર થવું. "ઉમરહ" આ જ સંબંધ આધારે કહેવામાં આવે છે કે તેમાં બયતુલ્લાહની ઝિયારત (દર્શન) અને ઈબાદત માટે હાજર થવાનું હોય છે.

મક્કાના મુશ્રિકો ત્રણે અર્થના આધારે પોતાને બયતુલ્લાહના વ્યવસ્થાપક અને મસ્જિદે હરામના જિમ્મેદાર સમજતા હતા અને તેના ઉપર ગર્વ કર્યા કરતા હતા, આ આયતોમાં અલ્લાહ તઆલાએ સ્પષ્ટ કરી દીધું કે મુશ્રિકોને અલ્લાહની મસ્જિદોની ઈમારતનો કોઈ હક નથી, જ્યારે કે તેઓ પોતે પોતાના કુફ્ર અને શિર્કના ગવાહો છે, તે લોકોના અમલો વ્યર્થ અને બરબાદ થઈ ગયા અને તેઓ હંમેશા જહન્નમની આગમાં રહેશે.

પોતે પોતાના કુફ્ર અને શિર્કની ગવાહીનો અર્થ યા તો એ છે કે, પોતાની

શિર્કયુક્ત પ્રવૃત્તિઓ અને અમલોના કારણે જાણે કે, પોતે પોતાના કુફ્ર અને શિર્કની ગવાહી આપી રહ્યા છે અથવા તો સ્વાભાવિક જ્યારે કોઈ નસ્રાની અથવા યહૂદીને પૂછવામાં આવે કે, તમે કોણ છો ? તો તેઓ પોતાને નસ્રાની અથવા યહૂદી કહે છે, એ જ પ્રમાણે અગ્નિપૂજકો અને મૂર્તિપૂજકો પોતાના કુફ્રિય્યહ નામોથી જ પોતાની ઓળખાણ કરાવે છે, આ જ તેમના કુફ્ર અને શિર્કનો સ્વીકાર અને ગવાહી છે. *(ઈબ્ને કષીર)*

આ આયતમાં મસ્જિદની ઈમારતો બાબતે નકારના પાસાનું વર્ણન કરવામાં આવ્યું હતું કે મુશ્રિકો તેના યોગ્ય નથી. બીજી આયતમાં મસ્જિદની ઈમારતના હકારાત્મક પાસાને આ રીતે વર્ણન કર્યું, اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَاَقَامَ الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ وَلَمْ يَخْشَ اِلَّا اللّٰهَ فَعَسٰٓى اُولٰٓئِكَ اَنْ يَّكُوْنُوْا مِنَ الْمُهْتَدِيْنَ અર્થ એ છે કે, મસ્જિદોને આબાદ કરવી તે લોકોનું કામ છે જેઓ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવે અને નમાઝની પાબંદી કરે અને ઝકાત આપે અને અલ્લાહ તઆલા સિવાય કોઈનાથી ન ડરે, બસ આવા લોકોથી તો આશા છે કે તેઓ પોતાના મકસદમાં સફળ થશે.

મતલબ એ છે કે, મસ્જિદોની અસલી તા'મીર ફક્ત તે જ લોકો કરી શકે છે જેઓ અકીદહ અને અમલના આધારે અલ્લાહના હુકમોના પાબંદ હોય, અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર ઈમાન ધરાવતા હોય અને નમાઝ તથા ઝકાતના પાબંદ હોય અને અલ્લાહના સિવાય કોઈનાથી ડરતા ન હોય. આ સ્થળે ફક્ત અલ્લાહ તઆલા અને આખિરતના દિવસ ઉપર ઈમાન લાવવાનું વર્ણન કરવામાં આવ્યું, રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવાનો ઉલ્લેખ તેમાં જરૂરી સમજવામાં ન આવ્યો કે અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવવાનું કોઈ સ્વરૂપ રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવ્યા સિવાય હોઈ જ નથી શકતું અને તેમના દ્વારા જે હુકમો અલ્લાહ તઆલા તરફથી આવે તેને દિલથી કબૂલ કરે, એટલા માટે અલ્લાહ ઉપરનું ઈમાન સ્વાભાવિક રીતે રસૂલે કરીમ ﷺના ઈમાન લાવવામાં સામેલ છે. એ જ કારણ છે કે "રસૂલે કરીમ ﷺએ એક વખતે સહાબએ કિરામ (રદિ.)ને પૂછ્યું કે, તમે જાણો છો કે અલ્લાહ તઆલા ઉપર ઈમાન શું વસ્તુ છે ? સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, અલ્લાહ અને તેના રસૂલ ﷺ જ વધારે જાણે છે, આપ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા

ઉપર ઈમાન એ છે કે, વ્યક્તિ દિલથી સાક્ષી આપે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતના પાત્ર નથી અને એ કે, મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે.'' આ હદીષે બતાવી આપ્યું કે રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન લાવવું અલ્લાહ તઆલા ઉપર ઈમાન લાવવામાં સામેલ છે. *(મઝહરી બ હવાલએ સહીહૈન)*

અને આ જે ઈરશાદ ફરમાવ્યો કે, ''અલ્લાહ તઆલા સિવાય કોઈનાથી ન ડરે'' તેનો અર્થ એ છે કે, દીનના સંદર્ભમાં કોઈના ડરથી અલ્લાહના હુકમને છોડી ન દે, નહિતર ડરવાની વસ્તુઓથી ડરવું અને ભય પામવાનો તકાદો તાર્કિક અને સ્વાભાવિક છે; જંગલી જાનવરો, ઝેરીલા સરીસૃપો, ચોર-ડાકુ વગેરેથી સ્વાભાવિક રીતે ડરવું આ બાબતની વિરુદ્ધ નહીં લેખાય, એ જ કારણ છે કે હઝરત મૂસા (અલૈ.) સામે જ્યારે જાદૂગરોએ દોરડાઓનો સાપ બનાવીને બતાવ્યો તો તેઓ ડરી ગયા, فَاَوْجَسَ فِیْ نَفْسِهٖ خِیْفَةً مُّوْسٰی એટલા માટે નુકસાન પહોંચાડનાર, પીડા આપનાર બાબતોથી ડરવું કુર્આનના હુકમોથી વિરુદ્ધ નથી, ન જ રિસાલત અને વિલાયતના વિરુદ્ધ છે, હા ! આ ડરથી પરાજિત થઈને અલ્લાહ તઆલાના હુકમોમાં ખલેલ પાડવી અથવા તેને છોડી દેવા એ મો'મીનની શા'ન નથી, એવું જ આ સ્થળે કહેવાનો અર્થ છે.

આયતના સંદર્ભમાં અમુક મસ્અલાઓ :

મસ્જિદની ઈમારતો જેના વિશે આ આયતમાં ઉલ્લેખ છે કે, તેની તા'મીર મુશ્રિકો અને કાફિરો નથી કરી શકતા, બલકે તે ફક્ત નેક અને સાલિહ મુસલમાનોનું જ કામ છે, તેનો અર્થ મસ્જિદની જવાબદારી અને વ્યવસ્થાપન કાર્ય છે.

જેનો હેતુ એ છે કે, કોઈ કાફિરને કોઈ ઈસ્લામી વક્ફમાં મુતવલ્લી અને વહીવટદાર બનાવવું જાઈઝ નથી, બાકી રહ્યું જાહેર ભીંત-દરવાજા વગેરે તો જો તેના બાંધકામમાં કોઈ ગેરમુસ્લિમ પાસે પણ કામ કરાવવામાં આવે તો કોઈ વાંધો નથી. *(તફસીરે મરાગી)*

અને આ આયતમાં જે એ ઈરશાદ થયો છે કે, મસ્જિદોની ઈમારત અને આબાદી ફક્ત નેક મુસલમાનોનું જ કાર્ય છે, તેનાથી એ પણ સાબિત થયું કે જે વ્યક્તિ મસ્જિદોની હિફાઝત સાફ-સફાઈ અને બીજી જરૂરિયાતોની વ્યવસ્થા કરે

છે અને જે ઈબાદત અને અલ્લાહના ઝિક્ર માટે અથવા દીનના ઈલ્મ અને કુર્આન પઢવા-પઢાવવા માટે મસ્જિદમાં આવે છે તેની આ પ્રવૃત્તિ તેના સંપૂર્ણ મો'મીન હોવાની ગવાહી છે.

ઈમામ તિરમિઝી અને ઈબ્ને માજહે અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત નકલ કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું છે કે, "તમે જ્યારે કોઈ વ્યક્તિને જૂઓ કે તે મસ્જિદમાં હાજરીનો પાબંદ છે તો તેના ઈમાનની ગવાહી આપો કારણ કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ"

સહીહૈનની હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જે વ્યક્તિ સવાર-સાંજ મસ્જિદમાં હાજર થાય છે, અલ્લાહ તઆલા તેના માટે જન્નતનો એક દરજ્જો તૈયાર કરી આપે છે."

અને હઝરત સલમાન ફારસી (રદિ.)એ રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "જે વ્યક્તિ મસ્જિદમાં આવે તે અલ્લાહની ઝિયારત કરનાર મહેમાન છે અને મેઝબાન ઉપર એ હક છે કે મહેમાનનું સન્માન કરે."

(મઝહરી, બ હવાલએ તબરાની, ઈબ્ને જરીર, બયહકી વગેરે)

કુર્આનના વિવરણકાર હઝરત કાઝી ષનાઉલ્લાહ પાણીપતી (રહ.)એ ફરમાવ્યું કે, મસ્જિદની ઈમારતમાં એ પણ સામેલ છે કે, મસ્જિદને એવી વસ્તુઓથી પાક કરે જેના માટે મસ્જિદ બનાવવામાં નથી આવી, દાખલા તરીકે ખરીદ-વેચાણ, દુનિયાની વાતો, કોઈ ખોવાઈ ગયેલી વસ્તુની શોધ-ખોળ અથવા દુનિયાની વસ્તુઓ માટે લોકો પાસે સવાલ કરવો અથવા તો નકામા શે'ર-શાયરી, લડાઈ-ઝઘડા, કોલાહલ, બૂમ-બરાડા વગેરે માટે મસ્જિદ બનાવવામાં આવી નથી. *(મઝહરી)*

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૯ થી ૨૩)

اَجَعَلْتُمْ سِقَايَةَ الْحَآجِّ وَعِمَارَةَ الْمَسْجِدِ الْحَرَامِ كَمَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ

وَجٰهَدَ فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ لَا يَسْتَوٗنَ عِنْدَ اللّٰهِ ؕ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۱۹﴾ وقف لازم

اَلَّذِيْنَ اٰمَنُوْا وَهَاجَرُوْا وَجٰهَدُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ ۙ اَعْظَمُ

دَرَجَةً عِنْدَ اللّٰهِ ؕ وَ اُولٰٓئِكَ هُمُ الْفَآئِزُوْنَ ⑳ يُبَشِّرُهُمْ رَبُّهُمْ بِرَحْمَةٍ مِّنْهُ
وَرِضْوَانٍ وَّجَنّٰتٍ لَّهُمْ فِيْهَا نَعِيْمٌ مُّقِيْمٌ ㉑ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ اِنَّ اللّٰهَ
عِنْدَهٗٓ اَجْرٌ عَظِيْمٌ ㉒ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا اٰبَآءَكُمْ وَاِخْوَانَكُمْ اَوْلِيَآءَ
اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى الْاِيْمَانِ ؕ وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ㉓

તરજુમો :

શું તમે હાજીઓને પાણી પીવાડવું અને મસ્જિદે હરામને વસાવવું એના સમાન કરી દીધું જે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યો અને આખિરતના દિવસ ઉપર અને અલ્લાહના માર્ગમાં લડયો ? આ અલ્લાહના નજીક સમાન નથી અને અલ્લાહ જાલિમ લોકોને માર્ગ નથી આપતો. (૧૯) જેઓ ઈમાન લાવ્યા અને ઘર છોડી (હિજરત કરી) આવ્યા અને અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને પ્રાણથી લડયા, તેમના માટે અલ્લાહના ત્યાં મોટો દરજ્જો છે અને તેઓ જ સફળતા પામનારા છે. (૨૦) તેમને તેમનો પરવરદિગાર પોતાના તરફથી ખુશખબરી આપે છે મહેરબાનીની અને રાજીપાની અને બગીચાઓની કે જેમાં તેમને હંમેશાનો આરામ છે. (૨૧) તેમાં સદા રહ્યા કરે, બેશક ! અલ્લાહની પાસે મોટો સવાબ છે. (૨૨) હે ઈમાનવાળાઓ ! પોતાના પિતાઓ અને ભાઈઓને મિત્ર ન બનાવો જો તેઓ કુફ્રને ઈમાન કરતાં પ્રિય રાખે અને જેઓ તમારામાં તેમની મિત્રતા કરે બસ તે જ લોકો ગુનેહગાર છે. (૨૩)

તફસીર :

શું તમે લોકોએ હાજીઓને પાણી પીવડાવવાને અને મસ્જિદે હરામને આબાદ રાખવાને તે લોકો(ની પ્રવૃત્તિ) સમાન ઠરાવી લીધું છે કે જેઓ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા હોય અને તેમણે અલ્લાહના માર્ગમાં જિહાદ કર્યો હોય ? (તે અમલ ઈમાન અને જિહાદ છે, એટલે કે હાજીઓને પાણી પીવડાવવાની પ્રવૃત્તિ અને ઈમાન લાવી જિહાદ કરવો આ બાબતો સરખી નથી અને જ્યારે આ બંને અમલો સરખા નથી તો) આ (પ્રવૃત્તિ

કરનાર) લોકો (પણ પરસ્પર) અલ્લાહ નજીક સરખા નથી (મતલબ કે આ બંનેની પ્રવૃત્તિઓ અને બંને પોતે પણ પરસ્પર સરખા નથી હોઈ શકતા, તેનો હેતુ એ છે કે ઈમાન અને જિહાદ કરવો આગવી વિશેષતા અને શ્રેષ્ઠતા ધરાવે છે અને મસ્જિદની સાર-સંભાળ વગેરે કરતા ઈમાન અને જિહાદ શ્રેષ્ઠ છે અને તેનાથી મુશ્રિકોની વાતનો જવાબ થઈ ગયો કે તેમનામાં ઈમાન ન હતું અને જિહાદ પણ; અને આ બંને બાબતો એટલે કે હાજીઓને પાણી પીવડાવવા અને મસ્જિદની સાર-સંભાળ રાખવાથી શ્રેષ્ઠ છે અને આ અમુક મો'મિનોની તે વાતનો પણ જવાબ થઈ ગયો કે ઈમાન પછી સાર-સંભાળ અને પાણી પીવડાવવાને જિહાદ કરતા શ્રેષ્ઠ સમજતા હતા) અને (આ પ્રવૃત્તિ ખૂબ જ સ્પષ્ટ અને જાહેર છે પરંતુ) જે લોકો અન્યાયી છે (એટલે કે મુશ્રિકો) અલ્લાહ તઆલા તેમને સમજ નથી આપતો (એટલા માટે તેઓ ઈમાનવાળાઓ જેમ નથી માનતા જેમકે ઈમાનવાળાઓએ આ બાબતને તરત જ માની લીધી. આગળ આ જ વિષયનો ખુલાસો છે જે ઉપર لَا يَسْتَوُنَ નો હેતુ હતો, એટલે કે) જે લોકો ઈમાન લાવ્યા અને (અલ્લાહ માટે) તેમણે વતન છોડ્યું અને અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને પ્રાણથી જિહાદ કર્યો તે દરજ્જામાં અલ્લાહ સમીપ (પાણી પીવડાવવા અને મસ્જિદના વ્યવસ્થાપન કરતા) ઘણા મોટા છે (કારણ કે જો પાણી પીવડાવનાર અને મસ્જિદને આબાદ કરનારામાં ઈમાન ન હોય તો આ મોટાઈ તે જ મુહાજિર મો'મિનો અને મુજાહિદો માટે ખાસ છે અને જો તેમનામાં ઈમાન હોય તો તેઓ પણ મોટા છે પરંતુ આ મુહાજિરો અને મુજાહિદો વધારે મોટા છે) અને આ જ લોકો સંપૂર્ણ સફળ છે (કારણ કે જો તેમના વિરોધીઓમાં ઈમાન ન હોય તો તો પછી સફળતાનો પ્રશ્ન જ નથી અને જો ઈમાન હોય તો સફળતા સંયુક્ત રીતે સરખી છે પરંતુ મુજાહિદોની સફળતા તેમનાથી શ્રેષ્ઠ છે. આગળ આ જ દરજ્જાનું વર્ણન કર્યું છે કે) તેમનો પરવરદિગાર તેમને પોતાના તરફથી ખુશખબરી આપે છે તેમના માટે મહાન રહમત અને મોટી ખુશનૂદીની અને (જન્નતના) એવા બગીચાઓની કે તે (બગીચાઓ)માં કાયમી નેઅ્મત હશે (અને) તેમાં તેઓ હંમેશા-હંમેશા રહેશે, નિઃશંક ! અલ્લાહ તઆલા પાસે મોટો બદલો છે (તેમાંથી તેમને આપવામાં આવશે), હે ઈમાનવાળાઓ ! પોતાના બાપદાદાઓને અને પોતાના ભાઈઓને (પોતાના) મિત્ર ન બનાવો જો તે લોકો કુફ્રને ઈમાનના

મુકાબલામાં (એવું) પ્રિય રાખે (કે તેમનાથી ઈમાન લાવવાની ઉમ્મીદ જ ન રહે) અને જે વ્યક્તિ તમારામાંથી તેમની સાથે મિત્રતા રાખશે બસ એવા લોકો જ મોટા નાફરમાન છે. (મતલબ એ કે તે લોકોની સગાઈ-સંબંધ હિજરત કરવામાં મોટી અડચણ અને અવરોધ છે, જ્યારે આ સંબંધ જ જાઈઝ નથી તો હિજરતમાં શું મુશ્કેલી ?)

મસ્અલા અને બોધપાઠ :

શરૂની ચાર આયતો ૧૯ થી ૨૩ સુધી એક ખાસ ઘટનાના સંદર્ભમાં છે તે એ કે ઘણા બધા મક્કાના મુશ્રિકો મુસલમાનોના મુકાબલામાં ગર્વ કર્યા કરતા હતા કે, અમે મસ્જિદે હરામને આબાદ રાખીએ છીએ અને હાજીઓને પાણી પીવાડવાની વ્યવસ્થા કરીએ છીએ, તેનાથી વધીને અન્ય કોઈ પ્રવૃત્તિ મોટી હોઈ નથી શકતી. ઈસ્લામ લાવતા પહેલાં જ્યારે હઝરત અબ્બાસ (રદિ.) ગઝ્વએ બદ્રમાં કેદ થઈને મુસલમાનોના કબ્જામાં આવ્યા અને તેમના સગાં-વહાલાંઓએ એ બાબતની નીંદા કરી કે, તમે ઈમાનની નેઅ્મતથી વંચિત છો તો તેમણે પણ એ જ કહ્યું હતું કે, તમે લોકો ઈમાન અને હિજરતને પોતાની પ્રતિષ્ઠાની મોટી મૂડી સમજી રહ્યા છો પરંતુ અમે પણ મસ્જિદે હરામની સાર-સંભાળ અને હાજીઓને પાણી પીવાડવાની મહત્ત્વની સેવાના વ્યવસ્થાપકો છે, જેના સમકક્ષ કોઈ પ્રવૃત્તિ હોઈ જ નથી શકતી, તે ઉપર આ આયતો નાઝિલ થઈ.

(ઈબ્ને કષીર, બ રિવાયતે અલી બિન અબી તલહા અન અબી અબ્બાસ)

અને મુસ્નદે અબ્દુર્રઝ્ઝાકની અમુક રિવાયતોમાં છે કે, હઝરત અબ્બાસ (રદિ.)ના મુસલમાન થઈ ગયા પછી તલહા બિન શયબહ, હઝરત અબ્બાસ તથા હઝરત અલી (રદિ.)માં પરસ્પર વાતચીત થઈ રહી હતી. તલહાએ કહ્યું, મને તે સન્માન પ્રાપ્ત છે જે તમારામાંથી કોઈને મળ્યું નથી કે બયતુલ્લાહની ચાવી મારા હાથમાં છે, જો હું ઈચ્છું તો બયતુલ્લાહની અંદર જઈને રાત વિતાવી શકું છું. હઝરત અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, હું હાજીઓને પાણી પીવાડવાનો મુતવલ્લી અને વ્યવસ્થાપક છું અને મસ્જિદે હરામમાં મારા પણ અધિકારો છે. હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ કહ્યું કે, મારી સમજમાં નથી આવતું કે તમે લોકો કઈ બાબત ઉપર ગર્વ કરી રહ્યા છો ? મારી પરિસ્થિતિ તો એવી છે કે, મેં બધા લોકોથી છ મહિના પહેલાં બયતુલ્લાહની તરફ નમાઝ પઢી છે અને

રસૂલુલ્લાહ ﷺની સાથે જિહાદમાં સામેલ રહ્યો છું, તેના ઉપર આ આયત નાઝિલ થઈ જેમાં સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, કોઈ અમલ કેટલોય ઉચ્ચ કક્ષાનો અને શ્રેષ્ઠ હોય ઈમાન વિના અલ્લાહ સમીપ તેની કોઈ કિંમત નથી અને શિર્કની હાલતમાં એવી પ્રવૃત્તિઓ કરનાર અલ્લાહ તઆલા નજીક સ્વીકાર્ય નથી.

સહીહ મુસ્લિમમાં હઝરત નુઅ્માન બિન બશીર (રદિ.)ની રિવાયતથી આ ઘટના વર્ણન થઈ છે, તે એક દિવસે જુમ્આના દિવસે મસ્જિદે નબવી ﷺમાં અમુક સહાબા (રદિ.) સાથે નબીએ કરીમ ﷺના મિમ્બરની પાસે ભેગા થયા હતા, હાજરજનોમાંથી એક વ્યક્તિએ કહ્યું કે ઈસ્લામ અને ઈમાન પછી મારા નજીક હાજીઓને પાણી પીવાડવાથી વધીને કોઈ મોટી પ્રવૃત્તિ નથી અને મને તેના મુકાબલામાં કોઈ અન્ય અમલની પરવા નથી, એક બીજા વ્યક્તિએ તેના જવાબમાં કહ્યું, ના ! એવું નથી, અલ્લાહના માર્ગમાં જિહાદ કરવો સૌથી મોટો અમલ છે અને બંનેમાં બહસ થવા લાગી તો હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ બંનેને ધમકાવીને કહ્યું કે, નબીએ કરીમ ﷺના મિમ્બર પાસે શોર-ગુલ ન કરો, યોગ્ય વાત એ જ છે કે જુમ્આની નમાઝ પઢ્યા પછી આ બાબત રસૂલે કરીમ ﷺને જ પૂછી લો, આ સલાહ પ્રમાણે રસૂલે કરીમ ﷺને પૂછવામાં આવ્યું, તેના ઉપર આ આયત નાઝિલ થઈ જેમાં જિહાદને મસ્જિદે હરામને આબાદ કરવા અને હાજીઓને પાણી પીવાડવા કરતાં શ્રેષ્ઠ અમલ બતાવ્યો.

અને એમાં કોઈ શંકા નથી કે વાસ્તવમાં આ આયતનું નાઝિલ થવું મુશ્રિકોના ગર્વ અને તકબ્બુરના જવાબમાં હતું, પછી ત્યારબાદ જે ઘટનાઓ મુસલમાનોમાં પરસ્પર બની તેમાં પણ આ જ આયતો દલીલ કરવા માટે રજૂ કરવામાં આવી હોય, જેનાથી સાંભળનારને એવી અનુભૂતિ થઈ હોય કે આ આયતો આ જ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ છે.

મતલબ કે, પ્રસ્તુત આયતોમાં બંને પ્રકારની ઘટનાઓનો એ જવાબ છે કે, શિર્કની હાલતમાં તો કોઈ પ્રવૃત્તિ ભલે ગમે તેટલી મોટી હોય, સ્વીકૃતીપ્રાપ્ત અને વર્ણન કરવા પાત્ર છે જ નથી, એટલા માટે કોઈ મુશ્રિકોના મસ્જિદને આબાદ કરવાની અથવા હાજીઓને પાણી પીવાડવાની વગેરે પ્રવૃત્તિઓ તેમને મુસલમાનો ઉપર શ્રેષ્ઠતા અપાવતી નથી અને ઈમાન પછી પણ ઈમાન અને જિહાદનો દરજ્જો મસ્જિદે હરામના વ્યવસ્થાપન અને હાજીઓને પાણી પીવાડવા કરતા

ઘણો મોટો છે, જે મુસલમાનો ઈમાન અને જિહાદમાં અગ્ર સ્થાને રહે તેઓ તે મુસલમાનો કરતાં શ્રેષ્ઠ છે જેમણે જિહાદમાં ભાગ નથી લીધો, ફક્ત મસ્જિદે હરામના બાંધકામ અને હાજીઓને પાણી પીવાડવાની સેવા આપતા રહ્યા.

આ પ્રસ્તાવના પછી પ્રસ્તુત આયતના શબ્દો અને તરજુમા ઉપર ફરી એક દષ્ટિપાત કરીએ. ઈરશાદ થયો કે, શું તમે હાજીઓને પાણી પીવાડવાને અને મસ્જિદે હરામને આબાદ રાખવાને તે વ્યક્તિના સમાન ઠરાવી દીધો કે જે અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યો અને તેણે અલ્લાહના રસ્તામાં જિહાદ કર્યો હોય; આ લોકો અલ્લાહ સમીપ સમાન નથી હોઈ શકતા.

હાજીઓને પાણી પીવાડવાનો ઉલ્લેખ કરી ઈશારાથી સમજાવવાનો હેતુ એ છે કે, ઈમાન અને જિહાદ બંને બાબતો હાજીઓને પાણી પીવાડવા કરતાં અને મસ્જિદના વ્યવસ્થાપનકાર્ય કરતાં શ્રેષ્ઠ છે, એટલે કે ઈમાન પણ એ બંનેથી કાર્યોથી શ્રેષ્ઠ છે અને જિહાદ પણ; ઈમાન શ્રેષ્ઠ હોવાથી મુશ્રિકોની એ બાબતનો જવાબ થઈ ગયો અને જિહાદ શ્રેષ્ઠ હોવાથી તે મુસલમાનોની વાતનો જવાબ થઈ ગયો જેઓ મસ્જિદના વ્યવસ્થાપનકાર્યને અને હાજીઓને પાણી પીવાડવાને જિહાદ કરતા ઉત્તમ અને શ્રેષ્ઠ માનતા હતા.

અલ્લાહનો ઝિક્ર જિહાદથી શ્રેષ્ઠ છે :

તફસીરે મઝહરીમાં હઝરત કાઝી ષનાઉલ્લાહ (રહ.)એ ફરમાવ્યું કે, આ આયતમાં જે મસ્જિદના વ્યવસ્થાપનકાર્ય ઉપર જિહાદને શ્રેષ્ઠતા અને અગ્રિમતા આપવામાં આવી છે, એ વ્યવસ્થાપનકાર્ય જાહેર અર્થની રૂએ છે, એટલે કે મસ્જિદનું બાંધકામ અને જરૂરી વ્યવસ્થા કે જિહાદ તેના મુકાબલામાં શ્રેષ્ઠ અને ઉત્તમ હોવું સર્વસ્વીકાર્ય છે.

પરંતુ મસ્જિદને આબાદ કરવાનો એક બીજો અર્થ ઈબાદત અને ઝિક્રુલ્લાહ માટે મસ્જિદમાં હાજર થવાનો પણ થાય છે અને વાસ્તવમાં મસ્જિદની અસલી આબાદી અને વ્યવસ્થા તે જ છે. આ અર્થના આધારે રસૂલે કરીમ ﷺના સ્પષ્ટ અને ખુલ્લા ઈરશાદોની બીના ઉપર મસ્જિદની આબાદી જિહાદથી શ્રેષ્ઠ અને ઉત્તમ છે, જેમકે મુસ્નદે અહમદ, તિરમિઝી અને ઈબ્ને માજહમાં હઝરત અબૂ દરદઅ્ (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું

કે, "હું તમને એવો અમલ બતાવું કે જે તમારા બધા અમલોથી ઉત્તમ અને તમારા પરવરદિગાર નજીક સૌથી વધારે શ્રેષ્ઠ હોય અને તમારા દરજ્જાઓને સૌથી વધારે ઊંચા કરનારો હોય અને સોના-ચાંદીને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી પણ વધારે શ્રેષ્ઠ હોય અને એનાથી પણ શ્રેષ્ઠ હોય કે તમે જિહાદમાં દુશ્મન સાથે સખત મુકાબલો કરો જેમાં તમે તેને કતલ કરી નાંખો, તે તમને કતલ કરી નાંખે. સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! તે અમલ અવશ્ય બતાવો, આપ ﷺએ ફરમાવ્યું કે, તે અમલ અલ્લાહનો ઝિક્ર છે." આથી જાણ થઈ કે અલ્લાહના ઝિક્રની શ્રેષ્ઠતા જિહાદથી પણ વધારે છે અને મસ્જિદને આબાદ કરવાનો અર્થ જો અલ્લાહનો ઝિક્ર લેવામાં આવે તો પણ જિહાદથી શ્રેષ્ઠ છે, પરંતુ આ સ્થળે મુશ્રિકોનો ગર્વ અને ઘમંડ દેખીતું છે કે અલ્લાહના ઝિક્ર અને ઈબાદત ઉપર ન હતો, બલકે જાહેર વ્યવસ્થાપનકાર્યની બીના ઉપર હતો, એટલા માટે જિહાદ તેનાથી શ્રેષ્ઠ હોવાનું ઠરાવવામાં આવ્યું.

કુર્આન અને સુન્નતના સામૂહિક ઈરશાદોમાં વિચાર કરવાથી જાણ થાય છે કે, કોઈ એક અમલનું બીજા અમલથી શ્રેષ્ઠ હોવું પરિસ્થિતિઓ અને સંજોગોના તાબે હોય છે, અમુક પરિસ્થિતિઓમાં એક અમલ બીજા કરતા ઉત્તમ હોય છે અને સંજોગો બદલાયા પછી પરિસ્થિતિ તેનાથી ઊલટી પણ થઈ શકે છે, જે સમયે ઈસ્લામ અને મુસલમાનોના સંરક્ષણની સખત જરૂરત હોય તે સમયે જિહાદ ચોક્કસ બધી જ ઈબાદતો કરતા ઉત્તમ હશે, જેમકે ગઝ્વએ ખંડકમાં રસૂલે કરીમ ﷺની ચાર નમાઝો કઝા થઈ જવાની ઘટનાથી જાહેર છે અને જે સમયે સખત જરૂરત ન હોય તે સમયે અલ્લાહનો ઝિક્ર અને ઈબાદત જિહાદના મુકાબલામાં શ્રેષ્ઠ હશે.

અંતિમ આયતમાં وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ફરમાવીને એ બતાવ્યું કે, એ કોઈ દૂરની વાત નથી અથવા સુક્ષ્મ બાબત નથી, બલકે બિલકુલ સ્પષ્ટ અને જાહેર છે કે ઈમાન બધા જ અમલોનો પાયો છે અને બધી પ્રવૃત્તિઓ કરતાં શ્રેષ્ઠ છે અને જિહાદ મસ્જિદના વ્યવસ્થાપનકાર્ય તથા હાજીઓને પાણી પીવાડવા કરતા ઉત્તમ છે પરંતુ અલ્લાહ તઆલા અન્યાયી લોકોને સમજ આપતો નથી, આથી તેઓ આ પ્રકારની જાહેર અને ખુલ્લી બાબતોમાં પણ ખોટી ચર્ચાઓ કરતા રહે છે.

૨૦મી આયતમાં આ વિષયની વિગત એ છે કે, પ્રથમ આયત لَا يَسْتَـــوٗنَ (લા યસ્તઉન)ના શબ્દોથી વર્ણન થઈ, એટલે કે ઈમાન લાવનાર મુજાહિદ અને ફક્ત મસ્જિદનું વ્યવસ્થાપનકાર્ય કરનાર તથા હાજીઓને પાણી પીવાડનાર અલ્લાહ સમીપ સમાન નથી, તેમાં ઈરશાદ ફરમાવ્યો, اَلَّـذِيْنَ اٰمَـنُوْا وَهَـاجَـرُوْا وَجٰهَـدُوْا فِـى سَبِيْـلِ الـلّٰـهِ بِـاَمْـوَالِهِمْ وَاَنْفُسِهِمْ اَعْظَمُ دَرَجَةً عِنْدَ اللّٰهِ وَاُولٰٓئِكَ هُمُ الْـفَـــآئِـــزُوْنَ એટલે કે, તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને જેમણે હિજરત કરી, પોતાના માલ અને પોતાના પ્રાણથી અલ્લાહના માર્ગમાં જિહાદ કર્યો તેઓ અલ્લાહ સમીપ દરજ્જામાં મોટા છે અને સંપૂર્ણ સફળ આ જ લોકો છે.

કારણ કે, તેમના મુકાબલામાં જે મુશ્રિકો છે તેમને સફળતાનો કોઈ દરજ્જો (કક્ષા) પ્રાપ્ત જ નથી અને જેઓ મુસલમાન છે જો કે સફળતાના માળખામાં તેઓ પણ ભાગીદાર છે પરંતુ ઉપરોક્ત વર્ણન કરેલ લોકોની સફળતા તેમનાથી વધેલી છે એટલા માટે સંપૂર્ણ સફળ તે જ લોકો છે.

૨૧ મી અને ૨૨મી આયતોમાં આ જ સફળ લોકોનો મહાન બદલો અને તેમના આખિરતના દરજ્જાઓનું વર્ણન છે, يُبَشِّرُهُـمْ رَبُّهُـمْ بِـرَحْمَةٍ مِّنْهُ وَرِضْوَانٍ وَّجَـنّٰـتٍ لَّهُمْ فِيْهَا نَعِيْمٌ مُّقِيْمٌ خٰلِدِيْنَ فِيْهَا اَبَدًا اِنَّ اللّٰهَ عِنْدَهٗٓ اَجْرٌ عَظِيْمٌ ؕ એટલે કે, તે લોકોને તેમનો પરવરદિગાર ખુશખબરી સંભળાવે છે પોતાની રહમત અને રજામંદીની અને એવી જન્નતોની જેમાં તેમના માટે હંમેશા કાયમ રહેનારી નેઅ્મતો હશે અને આ લોકો પણ તે નેઅ્મતોમાં ચિર્કાળ (હંમેશા) રહેશે, તેમને ત્યાંથી ક્યારેય બહાર કાઢી મૂકવામાં નહીં આવે, બેશક ! અલ્લાહની પાસે મહાન બદલો છે.

પ્રસ્તુત આયતોમાં હિજરત અને જિહાદની ફઝીલતનું વર્ણન આવ્યું છે, જેમાં વતન, સગાં-વહાલાં, સંબંધીઓ, મિત્રો, ઓળખીતાઓ, માલ-દોલત બધું જ છોડવું પડે છે અને દેખીતું છે કે, મનુષ્યના સ્વભાવ અને પ્રકૃતિ ઉપર આ કાર્ય સૌથી વધારે અઘરું અને કઠોર હોય છે, એટલા માટે આગલી આયતમાં આ વસ્તુઓની સાથે હદથી વધારે સંબંધ અને મહોબ્બતની નીંદા કરીને મુસલમાનોના માનસને હિજરત અને જિહાદ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. ઈરશાદ થયો, يٰٓـاَيُّهَا الَّـذِيْـنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا اٰبَآءَ كُمْ وَاِخْوَانَكُمْ اَوْلِيَآءَ اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَـى الْاِيْـمَـانِ وَمَـنْ يَّتَـوَلَّـهُـمْ مِـنْـكُـمْ فَـاُولٰٓـئِكَ هُـمُ الظّٰلِمُوْنَ ؕ એટલે કે, હે

ઈમાનવાળાઓ ! તમે પોતાના બાપ-દાદા અને ભાઈઓને મિત્ર ન બનાવો જો તે લોકો કુફ્રને ઈમાનના મુકાબલામાં પ્રિય રાખે અને તમારામાંથી જે વ્યક્તિ તેમની સાથે તેમના કુફ્ર છતાં મિત્રતા રાખશે, બસ તે જ લોકો મોટા નાફરમાન છે.

માં-બાપ, ભાઈ-બહેન અને બધા જ સગાં-વહાલાંથી સંબંધ મજબૂત રાખવાની અને તેમની સાથે સદ્દ્વર્તાવ કરવાની સૂચના અને માર્ગદર્શનથી આખું કુર્આન ભરેલું પડ્યું છે પરંતુ આ આયતમાં એ બતાવવામાં આવ્યું કે, દરેક સંબંધની એક સીમા અને મર્યાદા છે, તેમાંથી દરેક સંબંધ ભલે તે માં-બાપ અને અવલાદનો હોય અથવા સગાં ભાઈ-બહેનનો; અલ્લાહ અને તેના રસૂલ ﷺના સંબંધના મુકાબલામાં તે ઉપેક્ષિત કરવાપાત્ર છે જ્યારે કે આ બંને સંબંધો પરસ્પર ટકરાતા હોય તો પછી સગાઈ-સંબંધ અલ્લાહ અને રસૂલ ﷺનો જ કાયમ રાખવો જોઈએ, તેના મુકાબલામાં બધા જ સંબંધોને ગૌણ સમજવા જોઈએ.

પ્રસ્તતુ આયતો વિશે અમુક ફાયદાઓ અને મસ્અલા :

પ્રસ્તુત પાંચ આયતોમાં અમુક ફાયદાઓ અને મસ્અલાઓ પ્રાપ્ત થયા. પ્રથમ એ કે, ઈમાન અમલની રૂહ છે તેના વિના કોઈપણ સારી પ્રવૃત્તિ હોય તે ફક્ત અલ્લાહ તઆલા પાસે નિર્જીવ અને સ્વીકૃતિ યોગ્ય નથી, આખિરતના છુટકારામાં તેની કોઈ કિંમત નથી, આ અલ્લાહ તઆલાના ત્યાં બેઈન્સાફી નથી, કાફિરોના એવા નિર્જીવ સારા અમલો પણ બિલકુલ વ્યર્થ અને બરબાદ કરવામાં નથી આવતા, તેનો બદલો તેમને દુનિયામાં જ આરામ, રાહત તથા દોલત આપીને બરાબર કરી આપવામાં આવે છે, જેનું વર્ણન કુર્આને કરીમની અનેક આયતોમાં આવ્યું છે.

બીજો ફાયદો આ આયતોથી એ પ્રાપ્ત થયો કે, ગુનાહો અને નાફરમાનીથી મનુષ્યની બુદ્ધિ પણ ભ્રષ્ટ થઈ જાય છે, કોઈ સારી બાબતને ખરાબ અને ખરાબ બાબતને સારી સમજવા લાગે છે, ૧૯ મી આયતના અંતમાં اِنَّ اللّٰهَ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ કહીને એ તરફ ઇશારો કરવામાં આવ્યો છે, જેમકે તેના મુકાબલામાં એક આયતમાં اِنْ تَتَّقُوا اللّٰهَ يَجْعَلْ لَّكُمْ فُرْقَانًا (૮:૨૯) કહીને એ તરફ ઇશારો કરવામાં આવ્યો કે, આજ્ઞાપાલન અને તકવાથી મનુષ્યની બુદ્ધિને નવજીવન મળે છે, ચિંતનને સાચી દિશા મળે છે અને સારા-નરસાનો ભેદ કરવામાં ભૂલ થતી નથી.

ત્રીજો મસ્અલો એ જાણ થઈ કે, નેક અમલોમાં પણ પરસ્પર શ્રેષ્ઠતા રહેલી છે અને તે જ પ્રમાણે અમલ કરનારના દરજ્જાઓમાં પણ શ્રેષ્ઠતા કાયમ થાય છે, બધા અમલ કરનારાઓ સરખી કક્ષામાં રાખી શકાતા નથી અને અમલ વધારે કરવા ઉપર આધાર નથી, બલકે અમલની શ્રેષ્ઠતા ઉપર છે. સૂરએ મુલ્કમાં આવ્યું છે, لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا (૬૭ : ૨) એટલે કે, અલ્લાહ તઆલા તમારી કસોટી કરશે કે કોણ વધારે સારો અમલ કરનારો છે.

ચોથો ફાયદો એ પ્રાપ્ત થયો કે, રાહત અને નેઅ્મત કાયમી રહેવા માટે બે વસ્તુઓ આવશ્યક છે, એક એ કે તે નેઅ્મતો કોઈપણ સમયે સમાપ્ત થનાર નથી, બીજું એ કે કોઈ વખતે તે લોકોને આ નેઅ્મતોથી અલગ કરવામાં ન આવે, એટલા માટે અલ્લાહના સ્વીકૃત બંદાઓ માટે બંને વસ્તુઓની જામીનગીરી આપવામાં આવી. نَعِيْمٌ مُّقِيْمٌ ફરમાવીને નેઅ્મતોનું કાયમી હોવું વર્ણન કરવામાં આવ્યું અને خٰلِدِيْنَ فِيْهَا اَبَدًا ફરમાવીને તે લોકોને ક્યારેય આ નેઅ્મતોથી અલગ ન કરવાનો સંતોષ આપવામાં આવ્યો.

વાસ્તવિક સગાઈ ઇસ્લામ અને ઈમાનની સગાઈ છે, વંશ-પ્રદેશ, સંબંધો બધું જ તેના ઉપર કુરબાન કરવાનું છે :

પાંચમો મસ્અલો એક પાયાનો મસ્અલો છે કે, સગાઈ અને દોસ્તીના બધા સંબંધો ઉપર અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺના સંબંધને અગ્રતા આપવાની છે, જે સંબંધ તેનાથી ટકરાય તે તોડવાપાત્ર છે. સહાબએ કિરામ (રદિ.)ની તે પ્રવૃત્તિઓ જેના કારણે તેઓ સમગ્ર ઉમ્મતથી શ્રેષ્ઠ અને ઉત્તમ ઠરાવવામાં આવ્યા હતા તે એ જ વસ્તુ હતી કે, તેમણે રસૂલે કરીમ ﷺ ઉપર પોતાના જાન-માલ અને દરેક સગાઈ-સંબંધોને કુરબાન કરીને પોતાના મુખથી કહ્યું,

تو نخلِ خوش ثمر کیستی کہ سرو و سمن : ہمہ زخویش بریدند و با تو پیوستند

હે સરૂ અને સમન ! તું કેટલા સારા ફળનું ઝાડ છે
કે બધા પોતાનાઓથી જુદા થયા અને તારી સાથે ભળ્યા.

હઝરત બિલાલ હબસી (રદિ.), સુહેબ રૂમી (રદિ.), સલમાન ફારસી (રદિ.) તથા મક્કાના કુરૈશ, મદીનાના અન્સાર તો બધા પરસ્પર ભાઈ-ભાઈ

બની ગયા અને બદ્ર તથા ઉહદના મેદાનોમાં બાપ-બેટા, ભાઈ-ભાઈની તલવારો આપસમાં ટકરાવીને એ વાતની ગવાહી આપી કે તેમનો મસ્લક આ હતો કે,

ہزار خویش کہ بیگانہ از خدا باشد ؛ فدائے یک تنِ بیگانہ کاشنا باشد

હજારો જે ખુદાથી અજાણ હોય તેને છોડી દે,
અને એક તે પરાયા ઉપર કુર્બાન થઈ જા
જે અલ્લાહની મઅરિફત (પરિચય) ધરાવતો હોય.

اَللّٰهُمَّ ارْزُقْنَا اتِّبَاعَهُمْ وَاجْعَلْ حُبَّكَ اَحَبَّ الْاَشْيَاءِ اِلَيْنَا وَخَشْيَتَكَ اَخْوَفَ الْاَشْيَاءِ عِنْدَنَا

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૨૪)

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَاَبْنَآؤُكُمْ وَاِخْوَانُكُمْ وَاَزْوَاجُكُمْ وَعَشِيْرَتُكُمْ وَاَمْوَالُ ۨاقْتَرَفْتُمُوْهَا وَتِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَمَسٰكِنُ تَرْضَوْنَهَآ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ وَجِهَادٍ فِيْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِيَ اللّٰهُ بِاَمْرِهٖ ۭ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿٢٤﴾ ع

તરજુમો :

(હે નબી ﷺ !) તમે કહી આપો ! જો તમારા બાપ અને બેટા અને ભાઈ અને સ્ત્રીઓ અને બિરાદરી અને માલ જે તમે કમાયા છો અને વેપાર જેના બંધ થવાથી તમે ડરો છો અને હવેલીઓ જેને પસંદ કરો છો, તમને અલ્લાહથી અને તેના રસૂલથી અને તેના માર્ગમાં લડવાથી વધારે પ્યારી છે તો રાહ જુઓ એટલે સુધી કે અલ્લાહ પોતાનો હુકમ મોકલે; અને અલ્લાહ નાફરમાન લોકોને માર્ગ નથી આપતો. (૨૪)

તફસીર :

(આગળ એ જ વિષયની વધારે વિગત આવી છે કે હે મુહમ્મદ ﷺ !)

તમે (તેમને) કહી આપો કે જો તમારા બાપ-દાદાઓ, તમારા દિકરાઓ અને તમારા ભાઈઓ અને તમારી પત્નીઓ અને તમારા કુટુંબો અને તે માલ જે તમે કમાયા છો અને તે વેપાર જેમાં તમને નુકસાન થવાનો ભય છે અને તે ઘરો જેમાં (રહેવું) તમે પસંદ કરો છો (જો આ વસ્તુઓ) તમને અલ્લાહ અને તેના રસૂલ (ﷺ)થી અને તેના માર્ગમાં જિહાદ કરવાથી વધારે પ્યારી છે તો તમે રાહ જુઓ એટલે સુધી કે અલ્લાહ તઆલા પોતાનો હુકમ (હિજરત છોડવાની સજામાં) મોકલી આપે. (જેમકે બીજી આયતમાં છે, اِنَّ الَّذِیْنَ تَوَفّٰهُمُ الْمَلٰٓئِكَةُ اِلٰی قَوْلِهٖ فَاُولٰٓئِكَ مَاْوٰهُمْ جَهَنَّمُ અને અલ્લાહ તઆલા નાફરમાન લોકોને પોતાના મકસદ સુધી પહોંચાડતા નથી, એટલે કે તેમનો મકસદ એ હતો કે આ વસ્તુઓ સાથેનો સંબંધ અને લગાવ ઘણો જ જલદી તેમની અપેક્ષા વિરુદ્ધ મોત આવવાથી સમાપ્ત થઈ જશે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ તવબહની આ આયત વાસ્તવમાં તે લોકો માટે છે જેમણે મક્કાથી હિજરત ફરજ હોવાના સમયે હિજરત ન કરી. માં-બાપ, ભાઈ-બહેન, અવલાદ, પત્નીઓ તથા માલ-દોલતની મહોબ્બતે તેમને હિજરતનો ફરજ અદા કરવાથી અટકાવી દીધા, તેમના વિશે અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺને એ હુકમ આપ્યો કે આ લોકોને એવું કહી આપો કે,

"કહી આપો ! જો તમારા બાપ-દાદાઓ, તમારા પુત્રો અને તમારા ભાઈઓ, અને તમારી પત્નીઓ, અને તમારા કુટુંબો અને માલ જે તમે કમાયા અને વેપાર જેના (બંધ થઈ જવાના) નુકસાનથી તમે ડરો છો, અને હવેલીઓ જેને તમે પસંદ કરો છો, તમને અલ્લાહથી અને તેના રસૂલ (ﷺ)થી અને તેના માર્ગમાં જિહાદથી વધારે પ્યારા હોય તો રાહ જુઓ એટલે સુધી કે અલ્લાહનો હુકમ આવી જાય અને અલ્લાહ નાફરમાન લોકોને હિદાયત નથી આપતો."

આ આયતમાં જે એ ઈરશાદ થયો છે કે, "રાહ જુઓ અહીંયાં સુધી કે અલ્લાહ પોતાનો હુકમ મોકલી આપે." તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે, એ હુકમનો અર્થ જિહાદ-યુદ્ધ અને મક્કા વિજયનો હુકમ છે. અર્થ એ છે કે, તે સમયે દુનિયાના સંબંધો ઉપર અલ્લાહ અને રસૂલ ﷺના સંબંધોને

કુરબાન કરનારાઓ અને અગ્રિમતા આપનારાઓનું ખરાબ પરિણામ જલદી જ સામે આવવાનું છે, જ્યારે કે મક્કાનો વિજય થશે અને નાફરમાની કરનારા અપમાનિત થશે અને તેમના આ સંબંધો તે સમયે તેમને કામ નહીં લાગે.

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, આ સ્થળે આ હુકમનો અર્થ અઝાબનો હુકમ છે કે દુનિયવી સંબંધો ઉપર આખિરતના સંબંધોને કુરબાન કરનારાઓ ઉપર અલ્લાહ તઆલાનો અઝાબનો હુકમ જલદી જ આવવાનો છે, યા તો દુનિયામાં જ ક્યાંક તેમના ઉપર અઝાબ આવશે, નહિતર આખિરતનો અઝાબ આવવો તો બિલકુલ યકીની છે. આયતમાં આ સ્થળે હેતુ તો હિજરત છોડનારાઓને ચેતવણી આપવાનો છે પરંતુ વર્ણન હિજરતના બદલે જિહાદનું કરવામાં આવ્યું જે હિજરત પછીનું પ્રથમ પગલું છે અને તેમાં ઈશારો કરવામાં આવ્યો કે હજુ તો ફક્ત હિજરત અને વતન છોડવાનો હુકમ થયો છે અને તેમાં જ લોકો હિંમત હારી બેઠા, આગળ જિહાદનો હુકમ આવવાનો છે જેમાં અલ્લાહ અને રસૂલ ﷺની મહોબ્બત ઉપર સમગ્ર અન્ય મહોબ્બતોને અને પોતાના પ્રાણને કુરબાન કરવાનો છે અને એ પણ શક્ય છે કે, આ સ્થળે હિજરતને જ જિહાદ તરીકે ઓળખાવામાં આવી હોય, કારણ કે તે પણ વાસ્તવમાં જિહાદનો જ એક ભાગ છે.

અને આયતના અંતે وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْفٰسِقِيْنَ ફરમાવીને એ પણ બતાવી આપ્યું કે, જે લોકો હિજરતનો હુકમ થયા છતાં દુનિયવી સંબંધોને અગ્રિમતા આપીને પોતાની પ્રિય અને પસંદ હોય એવી વસ્તુઓ, પોતાનો માલ, મકાન વગેરે સાથે વળગી રહ્યા તેમની આ પ્રવૃત્તિ દુનિયામાં પણ તેમના માટે ફાયદાકારક નહીં થાય અને તેમનો એ હેતુ પ્રાપ્ત નહીં થાય કે, હંમેશા પોતાના બાળ-બચ્ચાં અને માલ-મકાનમાં શાંતિ અને સલામતી સાથે બેસી રહે, બલકે જિહાદનો હુકમ શરૂ થતા જ આ બધી વસ્તુઓ તેમના માટે જીવની આફત બની જશે, કારણ કે અલ્લાહ તઆલા નાફરમાની કરનારાઓને તેમના ઈચ્છિત હેતુ સુધી નથી પહોંચાડતો.

હિજરત વિશે અમુક મસ્અલાઓ :

પ્રથમ મસ્અલો એ કે, જ્યારે મક્કાથી મદીના તરફ હિજરત ફરજ

કરવામાં આવી તો તે ફક્ત એક ફરજ જ ન હતો બલકે, મુસલમાન થવાની નિશાની પણ હતી, જેઓએ શક્તિ હોવા છતાં હિજરત ન કરી તેમને મુસલમાન સમજવામાં આવતા ન હતા, આ હુકમ મક્કા વિજય પછી મન્સૂખ (રદ) થઈ ગયો અને વાસ્તવમાં એ હુકમ બાકી રહી ગયો કે જે સ્થળે મુસલમાન માટે અલ્લાહના હુકમો નમાઝ, રોઝા વગેરે ઉપર અમલ કરવું શક્ય ન હોય એવા સ્થળેથી હિજરત કરવી હંમેશા માટે ફરજ છે, શરત માત્ર એટલી કે હિજરત કરવાની શક્તિ હોય.

બીજી કક્ષા એ છે કે, મનુષ્ય દરેક એવા સ્થળને છોડી દે જ્યાં અલ્લાહની નાફરમાની અને અપરાધ પ્રચલિત હોય, આ બાબત હંમેશા માટે મુસ્તહબ છે.

(ફત્હુલ બારીની વિગતમાં છે)

પ્રસ્તુત આયતમાં સીધે-સીધું સંબોધન તે લોકોને કરવામાં આવ્યું છે, જેમણે હિજરત ફરજ થવાના સમયે દુનિયાના સંબંધોની મહોબ્બતથી પરાજિત અને પ્રભાવિત થઈને હિજરત ન કરી પરંતુ આયતના શબ્દોનું મજબૂતપણુ બધા જ મુસલમાનોને એ હુકમ આપે છે કે, અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની મહોબ્બત એ કક્ષાની હોવી જરૂરી અને વાજિબ છે કે બીજો કોઈ સંબંધ અને મહોબ્બત તેના ઉપર પ્રભાવી ન થવા પામે અને જેણે આ કક્ષાની મહોબ્બત પેદા ન કરી તે અઝાબનો હકદાર થઈ ગયો, તેણે અલ્લાહના અઝાબની રાહ જોવી જોઈએ.

સાચું ઈમાન એ વિના નથી હોઈ શકતું કે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺની મહોબ્બત સમગ્ર દુનિયા અને પોતે પોતાના પ્રાણથી પણ વધારે હોય ! :

એટલા માટે એક સહીહ હદીષમાં જે સહીહૈનમાં હઝરત અનસ (રદિ.)થી નકલ થઈ છે આવ્યું છે કે, રસૂલે કરીમ ﷺએ ઇરશાદ ફરમાવ્યો કે, "કોઈ વ્યક્તિ તે સમય સુધી મો'મિન નથી થઈ શકતી જ્યાં સુધી કે હું તેના સમીપ તેના માં-બાપ અને અવલાદ અને દુનિયાના બધા જ લોકોથી વધારે પ્રિય ન થઈ જાઉં."

અબૂ દાવુદ અને તિરમિઝીમાં અબૂ ઉમામહ (રદિ.)થી નકલ થયું છે કે,

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જેણે કોઈની સાથે દોસ્તી કરી તો અલ્લાહના માટે કરી અને દુશ્મની કરી તો પણ અલ્લાહના માટે કરી અને માલ ખર્ચ કર્યો તો પણ અલ્લાહ માટે અને કોઈ જગ્યાએ ખર્ચ કરવાથી રોકાયો તો પણ અલ્લાહના માટે; તેણે પોતાનું ઈમાન સંપૂર્ણ કરી લીધું."

આ હદીષની રિવાયતોથી પણ સાબિત થયું કે, ઈમાનની પૂર્ણતા એ બાબત ઉપર અવલંબિત છે કે, રસૂલે કરીમ ﷺની મહોબ્બત બધી મહોબ્બતો ઉપર છવાયેલી હોય અને મનુષ્યની દોસ્તી, દુશ્મની, આપવું અથવા ન આપવું બધું અલ્લાહ અને તેના રસૂલ ﷺના હુકમના આધીન હોય.

તફસીરના ઈમામ કાઝી બયઝાવી (રહ.) વગેરેએ ફરમાવ્યું કે, ઘણા ઓછા લોકો છે, જે આ આયતની ચેતવણીથી બાકાત હોય, કારણ કે સામાન્ય રીતે મોટામાં મોટો ઈબાદતગુઝાર, જાહિદ તથા આલિમ અને મુત્તકી પણ બાળ-બચ્ચાં અને માલ-દોલતની મહોબ્બતથી પ્રભાવિત નજરે પડે છે, ભાગ્યે જ અમુક-તમુક ! પરંતુ સાથે જ હઝરત કાઝી બયઝાવી (રહ.)એ ફરમાવ્યું કે, મહોબ્બતનો અર્થ આ સ્થળે ઈચ્છાવર્તી મહોબ્બત છે, અનિચ્છાવર્તી અને સ્વાભાવિક માનવ પ્રકૃતિમાં રહેલી મહોબ્બત અર્થ તરીકે નથી, કારણ કે અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિને તેની શક્તિ અને વેઠવાની મર્યાદાથી વધારે તકલીફ નથી આપતો, એટલા માટે જો કોઈ વ્યક્તિના દિલ તે દુનિયવી સંબંધોની સ્વાભાવિક મહોબ્બતથી છલોછલ હોય પરંતુ તેનાથી પ્રભાવિત ન હોય કે તેના કારણે અલ્લાહ અને રસૂલ ﷺના હુકમોની પરવા પણ ન કરે તો તે પણ આ ચેતવણીથી બાકાત છે અને અલ્લાહ તથા રસૂલ ﷺની મહોબ્બતને અગ્ર સ્થાને રાખનાર છે, જેમકે કોઈ બીમાર દવાની કડવાશ અથવા ઑપરેશનની પીડાથી સ્વાભાવિક રીતે ગભરાય છે પરંતુ બૌદ્ધિક રીતે તેને પોતાનો છુટકારો અને સલામતીનું માધ્યમ સમજીને અપનાવે છે તો તે કોઈની દષ્ટિમાં પણ નીંદનીય નથી અને ન જ કોઈ સદ્‌બુદ્ધિ ધરાવનાર તેને એ બાબત ઉપર મજબૂર કરે છે કે, સ્વાભાવિક અને અનિચ્છાવર્તી ગભરાટ અને બીકને પણ દિલમાંથી કાઢી નાંખે ! એ જ પ્રમાણે જો કોઈને માલ-અવલાદ વગેરેની મહોબ્બતના કારણે અમુક અલ્લાહના હુકમો પૂર્ણ કરવામાં અનિચ્છાએ પીડાની અનુભૂતિ થાય છે પરંતુ તે છતાં તે પીડા વેઠીને અલ્લાહના હુકમોને પૂર્ણ કરે છે તો તે પણ નીંદાને પાત્ર નથી,

બલકે વખાણવા લાયક છે અને તે આ આયત પ્રમાણે અલ્લાહ તથા રસૂલ ﷺની મહોબ્બતને અગ્રિમતા આપનાર ગણાશે.

હા ! એ બાબતમાં શંકા નથી કે મહોબ્બતનું ઉચ્ચ કક્ષાનું સ્થાન એ જ છે કે, મહોબ્બત પોતાના સ્વભાવ ઉપર પણ છવાઈ જાય અને પ્રિયજનના આજ્ઞાપાલન કરવામાં રસ અને લિજ્જત આવે અને દરેક કડવાશ તથા તકલીફમાં પણ લિજ્જત આવવા માંડે, જેમકે દુનિયાના નષ્ટ થનાર આનંદ અને રાહતના તલબગારોને રાત–દિવસ જોઈ શકાય છે કે, ઘણા સંઘર્ષો, મહેનતો તથા તકલીફોને પણ હસતા–ખેલતા વેઠે છે, કોઈ કચેરીની નોકરીમાં મહિનો પૂર્ણ થવા પછી મળનાર પગાર સ્વરૂપે અમુક સિક્કાઓની મહોબ્બત મનુષ્યને આરામની નીંદર આપે છે અને તે બધા જ સંબંધો ઉપર એવી રીતે છવાઈ જાય છે કે, તેને મેળવવા માટે હજારો સંઘર્ષયુક્ત પ્રયત્નો, સિફારસો અને લાંચ–રુશ્વત દ્વારા પણ તે મેળવવાનો પ્રયત્ન કરે છે.

رنج راحت شد چو مطلب شد بزرگ ؛ گرد گلہ توتیائے چشم گرگ

જ્યારે હેતુ પ્રાપ્ત કરવો હોય છે ત્યારે તકલીફમાં પણ આનંદ મળે છે,
બકરીઓના ટોળાની ઉડતી ધૂળ પણ વાઘને તો આંખોના સુરમા રૂપે હોય છે.

અલ્લાહવાળાઓને આ સ્થાન અલ્લાહ અને રસૂલ ﷺ અને આખિરતની નેઅ્મતોની મહોબ્બતમાં એવું પ્રાપ્ત છે કે તેના મુકાબલામાં તેમને કોઈ તકલીફ કે, મુસીબત એ તકલીફ જ નથી લાગતી. સહીહૈનની એક હદીષમાં છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "ત્રણ ટેવો એવી છે કે જે વ્યક્તિમાં તે જોવા મળે તો તેને ઈમાનનો રસાસ્વાદ (હલાવત) પ્રાપ્ત થાય છે, તે ત્રણ ટેવો આ છે; એક એ કે અલ્લાહ અને તેના રસૂલ ﷺ તેના સમીપ તેના સિવાયની બધી જ વસ્તુઓથી વધારે પ્રિય હોય, બીજું એ કે તે કોઈ અલ્લાહના બંદાથી ફક્ત અલ્લાહ માટે જ મહોબ્બત રાખે અને ત્રીજું એ કે કુફ્ર અને શિર્ક તેને આગમાં નાંખી દીધો હોય એ પ્રમાણે અનુભૂતિ કરાવે."

આ હદીષમાં ઈમાનની હલાવત (રસાસ્વાદ)નો અર્થ મહોબ્બતનું તે સ્થાન છે જે મનુષ્ય માટે દરેક તકલીફ અને મહેનતને લિજ્જતદાર બનાવી દે છે.

از محبّت تلخہا شیریں شود

આ સ્થાનને અમુક ઉલમાઓએ આ રીતે વર્ણવ્યું છે.

وَاِذَا حَلّتِ الْحَلَاوَةُ قَلْبًا ؛ نَشَطَتْ فِى الْعِبَادَةِ الْاَعْضَاءُ

"જયારે કોઈના દિલમાં ઈમાનની હલાવત પેદા થઈ જાય છે તો આજ્ઞાપાલનમાં તેના અવયવો લિજ્જત પામવા લાગે છે."

તેને જ અમુક રિવાયતોમાં بَشَاشَتِ اِيْمَانْ (બશાશતે ઈમાન–Ecstasy)થી ઓળખાવવામાં આવ્યું છે અને એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "મારી આંખોની ઠંડક નમાઝ છે."

કાઝી ષનાઉલ્લાહ પાણીપતી (રહ.)એ તફસીરે મઝહરીમાં ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺની મહોબ્બતનું આ સ્થાન એક ઉચ્ચ કક્ષાની નેઅ્મત છે પરંતુ તે ફક્ત અલ્લાહવાળાઓની સોહબત (મિત્રતા) અને તેમની સાથે નિકટતાથી જ પ્રાપ્ત થાય છે, એટલા માટે સૂફી લોકોએ તેને પોતાના મશાઈખની સેવા દ્વારા પ્રાપ્ત કરવાને જરૂરી ઠરાવ્યું છે. રૂહુલ બયાનના કર્તાએ ફરમાવ્યું છે કે, નિકટતાનું સ્થાન તેને જ પ્રાપ્ત થાય છે જે હજરત ખલીલુલ્લાહ (અલૈ.)ની જેમ પોતાના માલ, અવલાદ અને જાનને અલ્લાહની મહોબ્બતમાં કુરબાન કરવા માટે તૈયાર હોય.

خلیل آسا در ملک یقین زن ؛ نوائے لَاۤ اُحِبُّ الْاٰفِلِيْنَ زن

હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ની જેમ ઉચ્ચ યકીન બનાવ,
લાઉહિબ્બુલ્આફિલીન (હું અસ્ત થનારને પસંદ નથી કરતો)નો નારો લગાવ.

કાઝી બયઝાવી (રહ.)એ ફરમાવ્યું કે, રસૂલુલ્લાહ ﷺની સુન્નત અને શરીઅતની હિફાઝત તથા તેમાં અવરોધ ઊભા કરનારાઓનો પ્રતિકાર પણ અલ્લાહ અને તેના રસૂલ ﷺની મહોબ્બતની એક ઉઘાડી નિશાની છે.

رَزَقَنَا اللّٰهُ تَعَالٰى وَجَمِيْعَ الْمُسْلِمِيْنَ حُبَّهٗ وَحُبَّ رَسُوْلِهٖ كَمَا يُحِبُّ وَيَرْضَاهُ

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૨૫-૨૬-૨૭)

لَقَدْ نَصَرَكُمُ اللّٰهُ فِيْ مَوَاطِنَ كَثِيْرَةٍ ۙ وَّيَوْمَ حُنَيْنٍ ۙ اِذْ اَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ فَلَمْ تُغْنِ
عَنْكُمْ شَيْـًٔا وَّضَاقَتْ عَلَيْكُمُ الْاَرْضُ بِمَا رَحُبَتْ ثُمَّ وَلَّيْتُمْ مُّدْبِرِيْنَ ۚ﴿۲۵﴾ ثُمَّ
اَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى رَسُوْلِهٖ وَعَلَى الْمُؤْمِنِيْنَ وَاَنْزَلَ جُنُوْدًا لَّمْ تَرَوْهَا وَعَذَّبَ
الَّذِيْنَ كَفَرُوْا ۭ وَذٰلِكَ جَزَاۗءُ الْكٰفِرِيْنَ ﴿۲۶﴾ ثُمَّ يَتُوْبُ اللّٰهُ مِنْۢ بَعْدِ ذٰلِكَ عَلٰى
مَنْ يَّشَاۗءُ ۭ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۲۷﴾

તરજુમો :

અલબત્ત, અલ્લાહ તમારી ઘણા મેદાનોમાં મદદ કરી ચૂક્યો છે અને હુનૈનના દિવસે જ્યારે તમે પોતાની મોટી સંખ્યા ઉપર (ઈતરાઈને) ખુશ થયા પછી તે તમારા કંઈ કામ ન આવી અને તમારા ઉપર ધરતી પોતાની વિશાળતા છતાં તંગ થઈ ગઈ, પછી તમે પીઠ ફેરવી હટી ગયા. (૨૫) પછી અલ્લાહે પોતાના તરફથી સકીનહ (પરમ શાંતિ) ઉતારી પોતાના રસૂલ ઉપર અને ઈમાનવાળાઓ ઉપર અને લશ્કર ઉતાર્યા કે જેને તમે નથી જોયા અને કાફિરોને અઝાબ આપ્યો અને ઈન્કારીઓની આ જ સજા છે. (૨૬) ફરી અલ્લાહ ત્યારબાદ જેને ઈચ્છે તવબહ નસીબ કરશે અને અલ્લાહ મહાન મા'ફ કરનારો મહેરબાન છે. (૨૭)

તફસીર :

તમને અલ્લાહ તઆલાએ (લડાઈના) ઘણા બધા મોકાઓમાં (કાફિરો ઉપર) વિજય અપાવ્યો (જેમકે બદ્ર વગેરે) અને હુનૈનના દિવસે પણ (જેની આશ્ચર્યજનક ઘટના એમ છે કે તમને વિજય અપાવ્યો) જ્યારે કે (ઘટના એમ બની હતી કે) તમને પોતાની સંખ્યાની વિશાળતાનો ગર્વ થઈ ગયો હતો પછી તે મોટી સંખ્યા તમારા કંઈ કામ ન આવી અને (કાફિરોની તીરવર્ષાના કારણે એવી પરેશાની થઈ કે) તમારા ઉપર જમીન પોતાની વિશાળતા છતાં તંગ થવા લાગી પછી (અંતે) તમે પીઠ ફેરવીને નાસભાગ કરી, ત્યાર પછી અલ્લાહે પોતાના

રસૂલ (ﷺના દિલ) ઉપર અને બીજા મો'મિનો(ના દિલો) ઉપર પોતાની (તરફથી) તસલ્લી (સકીનહ) નાઝિલ ફરમાવી અને (મદદ માટે) એવા લશ્કર (આસમાનથી) નાઝિલ ફરમાવ્યા જેને તમે જોયા નહિ (એટલે કે ફરિશ્તાઓ જેમના આવ્યા પછી તમે ફરી હિંમતપૂર્વક યુદ્ધમાં લાગી ગયા અને વિજયી થયા) અને (અલ્લાહ તઆલાએ) કાફિરોને સજા આપી (એ કાફિરોમાંથી) જેને ઇચ્છે તવબહ નસીબ કરી આપે (એટલા માટે તેમનામાંથી ઘણા બધા મુસલમાન થઈ ગયા) અને અલ્લાહ મહાન મા'ફ કરનાર મોટો રહમ કરનારો છે (કે જે વ્યક્તિ તેમનામાંથી મુસલમાન થયા તેમના બધા પાછલા ગુનાહો મા'ફ કરી જન્નતના હકદાર બનાવી દીધા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં ગઝ્વએ હુનૈનની શરૂઆતની પરાજય જેવી પરિસ્થિતિ પછી વિજય મળવાના સંદર્ભમાં ઘણા બધા સૈદ્ધાંતિક અને ગૌણ મસ્અલાઓ તથા લાભા-લાભનું વર્ણન છે, જેમકે આનાથી આગલી સૂરતમાં મક્કા વિજય અને તેના અનુસંધાનમાં ઘટેલ ઘટનાઓ વિશે વર્ણન હતું. શરૂઆતની આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના તે ઈનામો અને ઉપકારોનું વર્ણન કર્યું છે જે મુસલમાનો ઉપર દરેક પરિસ્થિતિમાં અને દરેક સ્થળે નાઝિલ થતા રહ્યા છે. ઈરશાદ થયો,

لَقَدْ نَصَرَكُمُ اللّٰهُ فِىْ مَوَاطِنَ كَثِيْرَةٍ એટલે કે, "અલ્લાહ તઆલાએ તમારી મદદ ઘણા બધા સ્થળોએ કરી." આ પ્રસ્તાવના પછી વિશેષ સ્વરૂપે ફરમાવ્યું, وَيَوْمَ حُنَيْنٍ એટલે કે, "ગઝ્વએ હુનૈનના દિવસે પણ અલ્લાહની મદદ પહોંચી."

ગઝ્વએ હુનૈનની વિશિષ્ટતા એ કારણે વર્ણન કરી કે, તેમાં ઘણી બધી ઘટનાઓ અને પરિસ્થિતિઓ અપેક્ષા વિરુદ્ધ આશ્ચર્યજનક સ્વરૂપે જાહેર થઈ, જેમાં વિચાર કરવાથી મનુષ્યના ઈમાનમાં શક્તિ અને હિંમત પેદા થાય છે, એટલા માટે પ્રસ્તુત આયતોના શાબ્દિક વિવરણથી પહેલાં તે ગઝ્વહમાં ઘટેલ મહત્ત્વની ઘટનાઓ જે હદીષ અને ઈતિહાસની પ્રમાણિત કિતાબોમાં ઉપસ્થિત છે અત્રે વિગતવાર વર્ણન કરવું યોગ્ય જણાય છે, જેથી કરીને પ્રસ્તુત આયતોને સમજવામાં સહેલાઈ થાય અને જે લાભ માટે આ ઘટનાઓ વર્ણન કરવામાં આવી

છે તે નજર સમક્ષ આવી જાય. આ ઘટનાઓનો મોટા ભાગનો ઉલ્લેખ તફસીરે મઝહરીમાંથી લેવામાં આવ્યો છે જેમાં હદીષ અને ઈતિહાસની કિતાબો દ્વારા ઘટનાઓનું વર્ણન છે.

"હુનૈન" મક્કએ મુકર્રમહ અને તાઈફ વચ્ચે એક સ્થળનું નામ છે, જે મક્કએ મુકર્રમહથી દશ માઈલથી અમુક વધારે અંતર ઉપર સ્થિત છે. સન હિજરી ૮ ની રમઝાનમાં જ્યારે મક્કા મુકર્રમહનો વિજય થયો અને મક્કાના કુરૈશે રસૂલે કરીમ ﷺ સામે પોતાના હથિયારો નાંખી દીધા તો અરબના એક ઘણા મોટા પ્રખ્યાત બહાદુર યોદ્ધા અને માલદાર કબીલા હવાઝિન જેની એક પાંખ તાઈફમાં રહેતા બનુ ષકીફ પણ હતા તેમનામાં હલચલ મચી ગઈ, તેમણે ભેગા થઈને એવું કહેવાનું શરૂ કર્યું કે મક્કા વિજય થયા પછી મુસલમાનોને ઘણી શક્તિ પ્રાપ્ત થઈ ગઈ છે તેનાથી પરવારીને ચોક્કસ તેઓ અમારા તરફ કેન્દ્રિત થશે, એટલા માટે બુદ્ધિની વાત એ જ છે કે તેમના આક્રમણ કરતા પહેલાં આપણે પોતે આક્રમણ કરીએ. આ કાર્ય માટે હવાઝિન કબીલાએ પોતાની શાખાઓ કે જે મક્કાથી તાઈફ સુધી ફેલાયેલી હતી ભેગી કરી, તે કબીલાના બધા જ નાના-મોટા અમુક ગણતરીના વ્યક્તિઓ સિવાય કે જેમની સંખ્યા સોથી પણ ઓછી હતી બાકીના બધા જ ભેગા થઈ ગયા.

આ આંદોલનના લીડર માલિક બિન ઔફ હતા, જે પાછળથી મુસલમાન થઈ ગયા, તેમનો ઈસ્લામ પણ ખૂબ મહત્ત્વનો સાબિત થયો, તે સમયે મુસલમાનો વિરુદ્ધ આક્રમણનો સૌથી વધારે જુસ્સો તેમનામાં જ હતો, કબીલાની બહુમતીએ તેમની સલાહની સહમતી દર્શાવીને યુદ્ધની તૈયારીઓ શરૂ કરી દીધી. આ કબીલાની નાની-નાની બે શાખાઓ બનુ કઅ્બ અને બનુ કિલાબ આ સલાહથી સહમત ન હતા. અલ્લાહ તઆલાએ તેમને કંઈક સમજદારી અર્પણ કરી હતી, તેમણે કહ્યું કે જો પૂર્વથી પશ્ચિમ સુધી સમગ્ર દુનિયા પણ (હઝરત) મુહમ્મદ ﷺના મુકાબલામાં ભેગી થઈ જશે તો તેઓ સૌ ઉપર વિજય પામશે, અમે અલ્લાહની તાકાત સાથે યુદ્ધ નથી કરી શકતા, બાકી બીજા બધાઓએ કરારો કર્યા અને માલિક બિન ઔફે તે બધાને સંપૂર્ણ શક્તિ સાથે યુદ્ધ ઉપર ડટેલા રાખવાની એક યુક્તિ એ રાખી કે, દરેક વ્યક્તિના બધા જ બાળ-બચ્ચાં પણ સાથે આવે અને પોત-પોતાના સંપૂર્ણ માલ-સામાનને પણ સાથે લઈને નીકળે, જેનો

હેતુ એ હતો કે તેઓ જ્યારે મેદાનમાંથી નાસવા લાગે તો પત્ની અને બાળકો તથા માલની મહોબ્બત તેમના પગોની સાંકળ બની જાય, મેદાનમાંથી ભાગી છૂટવાની તેમને કોઈ તક ન મળે. તેમની સંખ્યા વિશે ઈતિહાસકારોના વિવિધ નિવેદનો છે. હદીષના હાફિઝ અલ્લામહ ઈબ્ને હજર (રહ.) વગેરેએ એ બાબતને અગ્રિમતા આપી છે કે તેઓ ચોવીસ અથવા અઠ્ઠાવીસ હજારનો સમૂહ હતો અને અમુક લોકોએ ચાર હજારની સંખ્યા બતાવી છે, એ શક્ય છે કે સૌના કુટુંબીજનો સ્ત્રીઓ, બાળકો સાથે સંખ્યા ચોવીસ અથવા અઠ્ઠાવીસ હજાર હોય અને તેમનામાં લડનાર યોદ્ધાઓ ચાર હજાર હોય.

મતલબ કે, રસૂલે કરીમ ﷺને મક્કએ મુકર્રમહમાં તેમના આ ભયાનક ઈરાદાની જાણકારી મળી તો રસૂલે કરીમ ﷺએ તેમના મુકાબલા માટે જવાનો નિર્ધાર કરી લીધો. મક્કએ મુકર્રમહ ઉપર હઝરત અત્તાબ બિન અસીદ (રદિ.)ને અમીર બનાવ્યા અને હઝરત મઆઝ બિન જબલ (રદિ.)ને તેમની સાથે લોકોને ઈસ્લામનું શિક્ષણ આપવા માટે મૂક્યા અને મક્કાના કુરૈશીઓ પાસેથી યુદ્ધનો શસ્ત્ર-સરંજામ માંગ્યો, સફવાન બિન ઉમય્યા જે કુરૈશનો સરદાર હતો બોલી ઉઠયો કે "શું તમે આ યુદ્ધનો સામાન અમારી પાસેથી ઝૂંટવી લેવા ઈચ્છો છો ?" રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "નહીં ! બલકે અમે તેને ઉધાર સ્વરૂપે માંગીએ છીએ જેને પાછો આપવો અમારી જવાબદારી છે." આ સાંભળીને તેણે સો બખ્તરો આપ્યા અને નવફિલ બિન હારિષે ત્રણ હજાર ભાલાઓ એવી જ રીતે રજૂ કરી દીધા. ઈમામ ઝહરી (રદિ.)ની રિવાયત પ્રમાણે આપ ﷺ ૧૪૦૦૦ સહાબા (રદિ.)નું લશ્કર લઈને આ જિહાદ તરફ કેન્દ્રિત થયા જેમાં ૧૨૦૦૦ મદીનાના અન્સારો હતા, જેઓ મક્કા વિજય માટે રસૂલે કરીમ ﷺની સાથે આવ્યા હતા અને બે હજાર તે મુસલમાનો હતા, જેઓ મક્કા અને મક્કાની આસપાસના લોકોમાંથી ફત્હે મક્કાના સમયે મુસલમાન થઈ ગયા હતા જેમને "તુલકાઅ્" કહેવામાં આવે છે. શવ્વાલની છઠ્ઠી તારીખે શનિવારના દિવસે રસૂલે કરીમ ﷺ તે ગઝ્વહ માટે નીકળ્યા અને ફરમાવ્યું કે, કાલે ઈન્શાઅલ્લાહ આપણો પડાવ "ખૈફ બની કિનાનહ"ના સ્થળે હશે જ્યાં ભેગા થઈને મક્કાના કુરૈશે મુસલમાનો વિરુદ્ધ બાયકૉટ (અસહકાર)નો કરાર લખ્યો હતો.

આ ૧૪૦૦૦ મુજાહિદોનું લશ્કર જિહાદ માટે તો નીકળ્યું પરંતુ તેમની

સાથે મક્કાના અસંખ્ય લોકો પુરુષો, સ્ત્રીઓ તમાશો જોવા માટે નીકળ્યા, જેમના દિલોમાં મોટે ભાગે એવું હતું કે, જો આ વખતે મુસલમાનોની હાર થઈ તો અમને પણ અમારો બદલો લેવાનો મોકો મળશે અને જો તેઓ સફળ થયા તો પણ અમને કોઈ નુકસાન નથી.

આ પ્રકારના લોકોમાંથી એક શયબાહ બિન ઉસ્માન પણ હતા જેઓ પાછળથી મુસલમાન થઈને પોતાનો કિસ્સો વર્ણન કરે છે કે, ગઝ્વએ બદ્રમાં મારા પિતા હઝરત હમ્ઝા (રદિ.)ના હાથે અને કાકા હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુના હાથે માર્યા ગયા હતા, જેનો બદલો લેવાની ભાવના અને તેનો ભયાનક ક્રોધ મારા દિલમાં હતો, હું આ તકને ગનીમત જાણીને મુસલમાનોની સાથે થઈ ગયો કે જ્યારે પણ તક મળશે રસૂલે કરીમ ﷺ ઉપર હુમલો કરીશ, હું તેમની સાથે થઈને દરેક સમયે તક શોધતો રહ્યો, એટલે સુધી કે આ જિહાદના શરૂઆતના સમયે જ્યારે અમુક મુસલમાનોના કદમ ડગમગી ગયા અને તેઓ નાસવા લાગ્યા તો હું તક મેળવીને રસૂલે કરીમ ﷺની પાસે પહોંચી ગયો પરંતુ જોયું તો જમણી બાજુ હઝરત અબ્બાસ (રદિ.) આપ ﷺની સુરક્ષા કરી રહ્યા છે અને ડાબી બાજુ હઝરત અબૂ સુફિયાન બિન હારિષ, એટલા માટે હું પાછળની બાજુએ પહોંચીને ઈરાદો જ કરી રહ્યો હતો કે એકદમ તલવારથી રસૂલે કરીમ ﷺ ઉપર હુમલો કરું કે અચાનક તેમની નજર મારા ઉપર પડી અને તેઓએ મને બોલાવ્યો કે, "શયબહ ! અહીં આવો." પોતાની પાસે બોલાવીને પોતાના મુબારક હાથને મારી છાતી ઉપર મૂકી દીધો અને દુઆ કરી, "યા અલ્લાહ ! આનાથી શયતાનને દૂર કરી દે," હવે જ્યારે મેં નજર ઉઠાવી તો રસૂલે કરીમ ﷺ મારા દિલમાં મારી આંખ, કાન અને પ્રાણથી પણ વધારે વહાલા લાગવા માંડ્યા, તેમણે મને હુકમ આપ્યો કે, "જાઓ ! કાફિરો સાથે મુકાબલો કરો." જ્યારે આપ ﷺ આ જિહાદથી પરત આવ્યા તો હું તેમની સેવામાં હાજર થયો, રસૂલે કરીમ ﷺએ મારા દિલના બધા જ વિચારોનો ઈશારો કરી દીધો કે, "તમે મક્કાથી એ નિય્યતે આવ્યા હતા અને મારી આજુબાજુ મારી હત્યા કરવા માટે ફરી રહ્યા હતા પરંતુ અલ્લાહ તઆલાનો ઈરાદો તમારાથી નેક કામ લેવાનો હતો જે થઈને રહ્યું."

એ જ પ્રમાણેની ઘટના નજર બિન હારિષ સાથે બની કે તે પણ એ નિય્યતે હુનૈન ગયા હતા, ત્યાં પહોંચીને અલ્લાહ તઆલાએ તેમના દિલમાં રસૂલે કરીમ

ﷺની માસૂમિયત અને મહોબ્બત નાંખી દીધી અને એક મર્દે મુજાહિદ બનીને દુશ્મનોની સફો સાથે ટકરાઈ ગયા.

આ મુસાફરીમાં અબૂ બુરદહ બિન નિયાર સાથે એ ઘટના બની કે, અવતાસના સ્થળે પહોંચીને તેમણે જોયું કે રસૂલે કરીમ ﷺ એક ઝાડ નીચે બેઠેલા છે અને આપ ﷺની પાસે એક વ્યક્તિ બેઠો છે, આપ ﷺએ વર્ણન કર્યું છે કે "હું સૂઈ ગયો હતો, આ વ્યક્તિ આવ્યો અને મારી તલવાર પોતાના કબ્જામાં લઈને મારા માથા ઉપર ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો, હે મુહમ્મદ (ﷺ) હવે બતાવો ! તમને કોણ મારા હાથે બચાવી શકે છે ? મેં જવાબ આપ્યો કે, અલ્લાહ બચાવી શકે છે, આ સાંભળીને તલવાર તેના હાથમાંથી પડી ગઈ." અબૂ બુરદહે વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! રજા આપો કે અલ્લાહના દુશ્મનની ગરદન ઉડાવી દઉં, આ દુશ્મન કોમનો જાસૂસ લાગે છે." આપ ﷺએ ફરમાવ્યું કે, "અબૂ બુરદહ ! ચૂપ રહો, અલ્લાહ તઆલા મારી સુરક્ષા કરનારો છે જ્યાં સુધી કે મારો દીન સમગ્ર દુનિયા ઉપર છવાઈ ન જાય" અને આપ ﷺએ તે વ્યક્તિને કંઈ બુરુ–ભલું પણ ન કહ્યું અને આઝાદ છોડી દીધો.

હુનૈનના સ્થળે પહોંચીને મુસલમાનોએ પડાવ નાંખ્યો તો હઝરત સુહૈલ બિન હન્ઝલા (રદિ.) રસૂલે કરીમ ﷺની સેવામાં એ ખબર લઈને હાજર થયા કે, એક ઘોડે સવાર વ્યક્તિ હમણા દુશ્મન તરફથી આવ્યો છે, તે બતાવી રહ્યો છે કે કબીલએ હવાઝિન પૂરેપૂરો પોતાના બધા સામાન સાથે મુકાબલા માટે આવી ગયો છે, આપ ﷺ એ સાંભળીને મુસ્કુરાયા અને કહ્યું કે, "પરવા ન કરો; આ બધો સર–સામાન મુસલમાનો માટે માલે ગનીમત તરીકે હાથમાં આવશે."

આ સ્થળે થોભીને રસૂલે કરીમ ﷺએ હઝરત અબ્દુલ્લાહ બિન હદાદને જાસૂસ બનાવીને મોકલ્યા કે દુશ્મનોની પરિસ્થિતિની જાણકારી મેળવે અને તે કોમમાં જઈને બે દિવસ રહે, બધી પરિસ્થિતિ જોતા અને સાંભળતા રહે, તેમણે તેમના આગેવાન અને કમાન્ડર માલિક બિન ઔફને જોયો કે તે પોતાના લોકોને કહી રહ્યો છે કે, મુહમ્મદ (ﷺ)ને હજુ સુધી કોઈ બહાદુર અનુભવી કોમથી પનારો પડ્યો નથી, મક્કાના ભોળા–ભાળા કુરૈશીઓ સાથે મુકાબલો કરી તેમને પોતાની તાકાતનો ગુમાન થઈ ગયો છે, હવે તેમને જાણ થશે, તમે સૌ લોકો સવારમાં જ એવી રીતે સફબંધી કરો કે દરેકની પાછળ તેના પત્ની અને બાળકો

અને માલ–સામાન હોય અને પોતાની તલવારોની મ્યાનોને તોડી નાંખો અને બધા મળીને એકીસાથે આક્રમણ કરો, આ લોકો યુદ્ધના ઘણા અનુભવી હતા તેમણે પોતાની સેનાની અમુક ટૂકડીઓને વિવિધ ખીણોમાં છુપાવી દીધી હતી.

આ રીતે કાફિરોના લશ્કરની ભરપૂર તૈયારીઓ હતી, બીજી બાજુ મુસલમાનોની આ પહેલી જિહાદ હતી જેમાં ૧૪૦૦૦ સૈનિકો મુકાબલા માટે નીકળ્યા હતા અને યુદ્ધનો શસ્ત્ર–સરંજામ પણ વધારે હતો અને આ લોકો બદ્ર અને ઉહદના મેદાનોમાં એવું જોઈ ચૂક્યા હતા કે, ફક્ત ૩૧૩ સામાન વિહોણા લોકોએ એક હજારના શસ્ત્રસજ્જ લશ્કર ઉપર વિજય મેળવ્યો હતો તો આજે પોતાની મોટી સંખ્યા અને યુદ્ધની તૈયારીઓ ઉપર નજર નાંખીને હાકિમ અને બઝારની રિવાયત પ્રમાણે તેમાંથી ઘણા બધાના મુખેથી એવા શબ્દો નીકળ્યા કે, એ શક્ય જ નથી કે અમને કોઈ પરાજિત કરી શકે, આજે તો મુકાબલો થવાની વાર છે કે દુશ્મનો તરત જ નાસવા માંડશે.

માલિકુલ મુલ્ક વ મલકૂતને એ વસ્તુ પસંદ ન હતી કે કોઈ પોતાની શક્તિ ઉપર ભરોસો કરે, એટલા માટે મુસલમાનોને એ શિખામણ એ રીતે મળી કે, જ્યારે બની હવાઝિન કબીલાએ નક્કી કર્યા પ્રમાણે એકી સાથે આક્રમણ કર્યું અને ખીણમાં છુપાયેલી ટૂકડીઓએ ચારે તરફથી ઘેરો નાંખ્યો તો ધૂળની ડમરીઓએ દિવસને રાત બનાવી દીધી. સહાબએ કિરામ (રદિ.)ના કદમ ડગમગી ગયા અને નાસવા લાગ્યા, ફક્ત રસૂલે કરીમ ﷺ પોતાની સવારી ઉપર સવાર થઈને પાછળ હટવાના બદલે આગળ વધતા રહ્યા હતા અને ઘણા ઓછા સહાબએ કિરામ (રદિ.) જેમની સંખ્યા, ૩૦૦ અને અમુકે એકસો અને તેનાથી પણ ઓછી બતાવી છે આપ ﷺની સાથે ડટેલા રહ્યા, તેઓ પણ એવું ઈચ્છતા હતા કે, આપ ﷺ આગળ ન વધે.

આ પરિસ્થિતિ જોઈને રસૂલે કરીમ ﷺએ હઝરત અબ્બાસ (રદિ.)ને હુકમ આપ્યો કે, મોટા અવાજે સહાબએ કિરામ (રદિ.)ને પોકારો કે તે લોકો ક્યાં છે જેમણે ઝાડ નીચે જિહાદની બયઅત (કરાર) કરી હતી અને સૂરએ બકરહવાળા લોકો ક્યાં છે ? અને તે અન્સારો ક્યાં છે જેમણે જીવ સટોસટની બાજી લગાવવાનું વચન આપ્યું હતું ? બધાએ જ પાછા આવવું જોઈએ અને રસૂલે કરીમ ﷺ અહીંયાં છે.

હઝરત અબ્બાસ (રદિ.)ના એક પોકારથી વીજળીનો ચમત્કાર થયો અને અચાનક બધા નાસનારાઓને શરમ અને પસ્તાવો થવા લાવ્યો અને તેઓએ ખૂબ બહાદુરીની સાથે પાછા વળીને દુશ્મનનો સંપૂર્ણ મુકાબલો કર્યો અને એ જ હાલતમાં અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓની મદદ મોકલી, તેમનો કમાન્ડર માલિક બિન ઔફ પોતાના બાળ-બચ્ચાં અને બધો સર-સામાન છોડીને નાઠો અને તાઈફના કિલ્લામાં જઈને સંતાઈ ગયો અને પછી બાકીની સમગ્ર કોમ નાસી છૂટી, તેમના સિત્તેર સરદારો માર્યા ગયા, અમુક મુસલમાનોના હાથોથી અમુક બાળકો ઘાયલ થઈ ગયા તો રસૂલે કરીમ ﷺએ સખ્તાઈપૂર્વક મનાઈ કરી, તેમનો સૌનો માલ-સામાન મુસલમાનોના કબ્જામાં આવ્યો, છ હજાર યુદ્ધ કેદીઓ, ચોવીસ હજાર ઊંટો, ચાલીસ હજાર બકરીઓ અને ચાર હજાર અવકિયા ચાંદી હાથ આવી.

પ્રથમ અને બીજી આયતમાં એ વિષયનું વર્ણન છે, ઈરશાદ ફરમાવ્યો, જ્યારે તમને પોતાના સમૂહની વિશાળતાનો ગર્વ થઈ ગયો હતો પછી તે મોટી સંખ્યા તમારા કંઈ જ કામ ન આવી અને જમીન તેની વિશાળતા છતાં તમારા ઉપર તંગ થઈ ગઈ, પછી તમે પીઠ ફેરવીને પીછેહઠ કરવા લાગ્યા, પછી અલ્લાહ તઆલાએ પોતાની તસલ્લી (સકીનહ-દિલાસો) નાઝિલ કરી, પોતાના રસૂલ ﷺ ઉપર અને મુસલમાનો ઉપર અને એવા ફરિશ્તાઓના લશ્કર નાઝિલ કર્યા જેમને તમે ન જોયા અને કાફિરોને તમારા હાથે સજા અપાવી.

બીજી આયતમાં ઈરશાદ ફરમાવ્યો, ثُمَّ اَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى رَسُوْلِهٖ وَعَلَى الْمُؤْمِنِيْنَ એટલે કે, પછી અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺ ઉપર અને બધા મુસલમાનો ઉપર પોતાની તસલ્લી (સકીનહ-સંતોષ) નાઝિલ ફરમાવી.

તેનો અર્થ એ છે કે, ગઝ્વએ હુનૈનની શરૂઆતના ભાગમાં જ્યારે સહાબએ કિરામ (રદિ.)ના કદમ ઉખડી ગયા હતા, અલ્લાહ તઆલાએ તેમના દિલોમાં પોતાની તસલ્લી નાઝિલ ફરમાવી જેનાથી તેમના ડગમગી ગયેલા કદમ ફરીથી સ્થિર થઈ ગયા અને નાસનારાઓ ફરી પાછા આવ્યા અને રસૂલે કરીમ ﷺ ઉપર અને તે સહાબએ કિરામ (રદિ.) ઉપર જેઓ મજબૂતી સાથે યુદ્ધના મોરચા ઉપર અડગ રહ્યા હતા તસલ્લી નાઝિલ ફરમાવવાનો અર્થ એ છે કે, તેમને

પોતાનો વિજય નજીક જણાવા લાગ્યો અને કારણ કે તસલ્લીના આ બે પ્રકારો હતા, એક નાસનારાઓ માટે અને બીજો પ્રકાર રસૂલે કરીમ ﷺની સાથે અડગ રહેનારાઓ માટે, એના જ તરફ ઈશારો કરવા માટે عَلٰی رَسُوْلِهٖ وَعَلَی الْمُؤْمِنِیْنَ ને અલગ-અલગ عَلٰی (અલા) સાથે વર્ણન કરવામાં આવ્યું છે.

ત્યારબાદ ફરમાવ્યું, وَاَنْزَلَ جُنُوْدًا لَّمْ تَرَوْهَا એટલે કે, એવું લશ્કર નાઝિલ ફરમાવ્યું જેને તમે જોયું નથી, તેનો અર્થ સામાન્ય લોકોનું ન જોવું છે, લોકોમાંથી અમુક ખાસ લોકોએ જોયાનું જે રિવાયતોમાં વર્ણન થયું છે તે આ બાબતનો નકાર કરતું નથી, પછી ફરમાવ્યું, وَعَذَّبَ الَّذِیْنَ كَفَرُوْا وَذٰلِكَ جَزَآءُ الْكٰفِرِیْنَ એટલે કે, કાફિરોને અલ્લાહ તઆલાએ સજા આપી અને કાફિરોની એ જ સજા છે. આ સજાનો અર્થ તેઓ મુસલમાનોના હાથે પરાજિત થવાનો છે જે સ્પષ્ટ રીતે જોવામાં આવ્યું. અર્થ એ છે કે, તે દુનિયાની સજા હતી જે તાત્કાલિક સ્વરૂપે મળી, આગળ આખિરતના મા'મલાનું વર્ણન છે જે પાછળની આયતમાં આ રીતે આવ્યું છે.

ثُمَّ یَتُوْبُ اللّٰهُ مِنْۢ بَعْدِ ذٰلِكَ عَلٰی مَنْ یَّشَآءُ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِیْمٌ એટલે કે, પછી અલ્લાહ તઆલા જેને ચાહે તવબહ નસીબ કરી આપે અને અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનારો અને મહાકૃપાળુ છે.

તેમાં ઈશારો છે કે, આ જિહાદમાં જે લોકોને મુસલમાનોના હાથે પરાજિત અને અપમાનિત થવાની સજા મળી ચૂકી છે અને હજુ સુધી તેઓ પોતાના કુફ્ર ઉપર કાયમ છે તેમનામાંથી પણ અમુક લોકોને ઈમાનની તવફીક નસીબ થશે, એટલા માટે એ જ પ્રમાણે થયું જેની વિગત નીચે પ્રમાણે છે.

હુનૈનનો વિજય અને હવાઝિન તથા સકીફ કબીલાના સરદારોનું મુસલમાન થઈને હાજર થવું તથા કેદીઓને છોડવા :

હુનૈનમાં હવાઝિન અને ષકીફ કબીલાના અમુક સરદારો માર્યા ગયા, અમુક નાસી છૂટ્યા તેમની સાથે જે તેમના બાળ-બચ્ચાં અને માલ-સામાન હતો તે મુસલમાનોના કેદી અને માલે ગનીમત બનીને મુસલમાનોના હાથ આવ્યો, જેમાં છ હજાર કેદીઓ, ચોવીસ હજાર ઊંટ, ચાલીસ હજારથી વધુ બકરીઓ અને ચાર હજાર અવકિયાથી વધારે ચાંદી હતી જે લગભગ ચાર મણ જેટલી થાય છે. રસૂલે કરીમ ﷺએ હઝરત અબૂ સુફિયાન બિન હર્બને માલે ગનીમતના રખેવાળ નક્કી કર્યા.

પછી હારેલા હવાઝિન અને ષકીફે વિવિધ સ્થળોએ મુસલમાનોનો મુકાબલો કર્યો પરંતુ દરેક સ્થળે તેમને હાર થતી ગઈ, તેઓ ખૂબ જ નાસીપાસ થઈને તાઈફના ખૂબ મજબૂત કિલ્લામાં સંતાઈ ગયા, રસૂલે કરીમ ﷺએ પંદર-વીસ દિવસ સુધી કિલ્લાનો ઘેરો ઘાલ્યો, આ બંધ કિલ્લામાંથી દુશ્મનો અંદરથી જ તીરો વરસાવતા રહ્યા સામે આવવાની કોઈની હિંમત ન થઈ. સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી કરી કે, યા રસૂલુલ્લાહ ﷺ ! આ લોકો માટે બદ્દુઆ કરો પરંતુ આપ ﷺએ તેમના માટે હિદાયતની દુઆ કરી અને અંતે રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.) સાથે સલાહ-મશ્વરો કરીને પાછા આવવાનો નિર્ણય કર્યો અને જિર્રાનહના સ્થળે પહોંચીને ઈરાદો કર્યો કે પ્રથમ મક્કએ મુઅજ્જમહમાં ઉમરહ કરવામાં આવે, પછી મદીના તય્યિબહ પાછા ફર્યા. મક્કાવાળાઓની મોટી સંખ્યા કે, જેઓ પ્રેક્ષકો (તમાશાઈ) બનીને મુસલમાનોના વિજય અને હારની પરીક્ષા માટે આવ્યા હતા આ સ્થળે પહોંચીને તેમનામાંથી ઘણા લોકોએ મુસલમાન થવાની જાહેરાત કરી.

આ સ્થળે પહોંચીને ગનીમતના માલની વહેંચણીની વ્યવસ્થા કરવામાં આવી હતી, હજુ ગનીમતના માલની વહેંચણી જ થઈ રહી હતી કે અચાનક હવાઝિન કબીલાના ૧૪ સરદારોનું એક પ્રતિનિધિ મંડળ ઝુહૈદ ઈબ્ને સુરદની આગેવાનીમાં રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયું જેમાં રસૂલે કરીમ ﷺના દૂધભાઈ અબૂ યરકાન પણ હતા, તેમણે હાજર થઈને વિનંતી કરી કે અમે મુસલમાન થઈ ચૂક્યા છે અને એવી દરખાસ્ત કરી કે, અમારા બાળ-બચ્ચાં અને અમારો સર-સામાન પાછો આપવામાં આવે, આ દરખાસ્તમાં વિનંતી કરવામાં આવી કે યા રસૂલુલ્લાહ ﷺ ! અમે દૂધના સંબંધમાં (રજાઅત) એકબીજાના રિશ્તેદાર છે અને જે મુસીબત અમારા ઉપર પડી છે તે તમારાથી છૂપી નથી, તમે અમારા ઉપર અહેસાન કરો. પ્રતિનિધિ મંડળનો આગેવાન પોતે શાયર હતો, તેણે કહ્યું કે "યા રસૂલુલ્લાહ ﷺ ! જો અમે રૉમના બાદશાહ અને ઈરાકના રાજાને પોતાની આવી મુસીબતના સમયે કોઈ દરખાસ્ત કરી હોત તો અમારું અનુમાન છે કે, તેઓએ પણ અમારી ભલામણને રદ કરી ન હોત અને તમને તો અલ્લાહ તઆલાએ સદ્વર્તણૂકમાં સૌથી ઉચ્ચ કક્ષાનું સ્થાન આપ્યું છે, અમે ઘણી આશાઓ સાથે તમારી પાસે આવ્યા છે."

રહમતુલ્લિલ્ આલમીન ﷺ માટે આ મોકો બેવડી મુશ્કેલીનો હતો, એક બાજુ તે લોકો ઉપર દયા અને કૃપાનો તકાદો એ હતો કે તેમના બધા કેદી અને માલ-દોલત તેમને પરત આપી દેવામાં આવે અને બીજી તરફ એ કે, ગનીમતના માલમાં બધા જ મુજાહિદીનનો હક હોય છે એટલા માટે તે સૌને તેમના અધિકારથી વંચિત કરી દેવા ન્યાયની દૃષ્ટિએ યોગ્ય નથી, એ કારણે સહીહ બુખારીની રિવાયત પ્રમાણે રસૂલે કરીમ ﷺએ તેમને જવાબમાં ફરમાવ્યું,

"મારી સાથે મુસલમાનોનું મોટું લશ્કર છે જે આ માલના હકદાર છે, હું સાચી અને સ્પષ્ટ વાતને પસંદ કરું છું, એટલા માટે એ કારણે અધિકાર આપું છું કે યા તો તમે પોતાના કેદી પરત લઈ લો અથવા તો માલે ગનીમત ! આ બંનેમાંથી તમે જેને પસંદ કરશો તે તમને આપી દેવામાં આવશે." સૌએ કેદીઓને પરત લેવાનું નક્કી કર્યું તો રસૂલે કરીમ ﷺએ બધા સહાબા (રદિ.)ને ભેગા કરીને એક સંબોધન કર્યું જેમાં હમ્દો ષના પછી ફરમાવ્યું,

"આ તમારા ભાઈઓ તવબહ કરીને આવ્યા છે, હું એવું ઈચ્છું છું કે તેમના કેદી તેમને પરત આપી દેવામાં આવે અને તમારામાંથી જે વ્યક્તિ રાજી-ખુશીથી પોતાનો સમગ્ર હિસ્સો પાછો આપી દેવા તૈયાર હોય તે ઉપકાર કરે, જે આવું કરવા માટે તૈયાર ન હોય તો અમે તેમને હવે પછીના પ્રથમ ''ફઈ''ના માલમાંથી તેનો બદલો આપી દઈશું."

હકોના મા'મલામાં જનસમુદાયનો અભિપ્રાય જાણવા માટે જાહેર સભાઓના અવાજો પૂરતા નથી, બલકે દરેકનો અલગ-અલગ મત જાણવો જોઈએ :

ચારે બાજુથી એવા અવાજો આવવા લાગ્યા કે, અમે રાજી-ખુશીથી બધા કેદીઓ પરત કરવા માટે તૈયાર છે પરંતુ ન્યાય, ઈન્સાફ તથા હકની બાબતમાં કાળજી નજર સમક્ષ રાખી રસૂલે કરીમ ﷺએ આ પ્રમાણેના વિવિધ અવાજોને પૂરતા ન સમજ્યા અને ફરમાવ્યું કે, "હું નથી જાણતો કે કોણ વ્યક્તિ પોતાનો હક છોડવા માટે રાજી-ખુશીથી તૈયાર થયો છે અને કોણ એવો છે જે શરમા-શરમીમાં મૌન રહ્યો છે, મા'મલો લોકોના અધિકારોનો છે એટલા માટે એવું કરવામાં આવે કે દરેક વર્ગ અને કુટુંબનો આગેવાન પોત-પોતાના વર્ગના

લોકોથી અલગ-અલગ રીતે સાચી વાત જાણીને મને બતાવે.''

તે પ્રમાણે આગેવાનોએ દરેકની અલગ-અલગ રીતે પરવાનગી મેળવ્યા પછી રસૂલે કરીમ ﷺને બતાવ્યું કે, બધા લોકો રાજી-ખુશીથી પોતાનો હક છોડવા તૈયાર છે, ત્યાર પછી રસૂલે કરીમ ﷺએ આ બધા કેદીઓ તેમને પરત કરી આપ્યા.

આ જ તે લોકો હતા જેમના તવબહ કરવા તરફ પ્રસ્તુત ત્રીજી આયતમાં ثُمَّ يَتُوبُ اللّٰهُ مِنۢ بَعۡدِ ذٰلِكَ..... ફરમાવવામાં આવ્યું છે. ગઝ્વએ હુનૈનમાં ઉપસ્થિત થનાર ઘટનાઓની જે વિગત વર્ણન કરવામાં આવી છે તેનો અમુક ભાગ તો પોતે કુર્આને કરીમમાં પ્રસ્તુત છે અને બાકી વિગત હદીષની પ્રમાણિત રિવાયતોમાંથી લેવામાં આવી છે.

(મઝહરી અને ઈબ્ને કષીર)

હુકમો અને મસ્અલાઓ :

આ ઘટનાઓના સંદર્ભમાં ઘણા બધા હુકમો અને માર્ગદર્શન તથા બીજા અન્ય લાભો છે તે જ આ ઘટનાઓને વર્ણન કરવાનો મૂળ હેતુ છે.

પ્રસ્તુત આયતો દ્વારા સૌ પ્રથમ એવું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, મુસલમાનોને કોઈ સમયે પણ પોતાની મોટી સંખ્યા અથવા શક્તિ ઉપર ઘમંડ ન કરવો જોઈએ, જે પ્રમાણે અશક્ત અને ઓછા શસ્ત્ર-સરંજામ હોવાની પરિસ્થિતિમાં તેમની દૃષ્ટિ અલ્લાહ તઆલાની મદદ અને સહાય ઉપર જ રહે છે એ જ પ્રમાણે શક્તિ અને બળ પ્રાપ્ત થયું હોય એ સમયે પણ તેમનો સંપૂર્ણ ભરોસો માત્ર અલ્લાહ તઆલાની મદદ ઉપર જ હોવો જોઈએ.

ગઝ્વએ હુનૈનમાં મુસલમાનોની મોટી સંખ્યા અને યુદ્ધનો શસ્ત્ર-સરંજામ મોટા પ્રમાણમાં હોવાના કારણે અમુક સહાબએ કિરામ (રદિ.)ના મુખે આ શબ્દો આવી ગયા હતા કે, "આજે તો કોઈની મજાલ નથી કે જે અમારી સામે બાજી મારી જાય.'' અલ્લાહ તઆલાએ પોતાના આ પ્રિય વર્ગના મુખે આવા શબ્દો પસંદ ન કર્યા અને તેનું પરિણામ એ આવ્યું કે શરૂઆતના આક્રમણ વખતે મુસલમાનોના કદમ ડગમગી ગયા અને તેઓ પીછેહઠ (નાસવા) કરવા લાગ્યા, પછી અલ્લાહ તઆલાની અદૃષ્ય મદદથી આ રણભૂમિમાં વિજય પ્રાપ્ત કર્યો.

પરાજિત થયેલ અને કાબૂમાં આવેલ કાફિરોના માલમાં ન્યાયપૂર્વક કાળજી રાખવી :

બીજી સૂચના આ ઘટના દ્વારા એ પ્રાપ્ત થાય છે કે, રસૂલે કરીમ ﷺએ ગઝ્વએ હુનૈન માટે મક્કાના પરાજિત ગેરમુસ્લિમો પાસેથી જે યુદ્ધ સામગ્રી, બખ્તરો, ભાલાઓ વગેરે લીધું હતું, આ એવી પરિસ્થિતિ હતી કે તેમની પાસેથી આ વસ્તુઓ બળપૂર્વક પણ આંચકી લઈ શકાતી હતી પરંતુ રસૂલે કરીમ ﷺએ તેને ઉધાર કહીને લીધું પછી સૌને તેમની લીધેલી વસ્તુઓ પાછી આપી દીધી.

આ ઘટનાથી મુસલમાનોને દુશ્મનો સાથે પણ સંપૂર્ણ ન્યાય, દયા અને કૃપાનો વ્યવહાર કરવાની શિખામણ મળે છે.

ત્રીજું માર્ગદર્શન નબીએ કરીમ ﷺના ફરમાનથી એ પ્રાપ્ત થાય છે, જેમાં તેમણે હુનૈન તરફ કૂચ કરતી વખતે ખૈફ બની કિનાનહના સ્થળે પડાવના સમયે સંબોધન કર્યું હતું કે, "કાલે આપણે એવા સ્થળે છાવણી નાંખીશું કે જ્યાં બેસીને આપણા દુશ્મન મક્કાના કુરૈશે મુસલમાનો વિરુદ્ધ બોયકૉટ (અસહકાર)નો કરાર કર્યો હતો" તેમાં ઈશારો એ છે કે, જ્યારે મુસલમાનોને અલ્લાહ તઆલાએ વિજય અને શક્તિ અર્પણ કરી તો પોતાની પાછલી મુસીબતોના સમયને પણ ન ભૂલાવ્યો જેથી અલ્લાહ તઆલાનો શુક્ર અદા થઈ શકે, હવાઝિનના પરાજિત લોકોએ વારંવાર આક્રમણ કરવાના અને તીર વરસાવવાના જવાબમાં રહમતુલ્લિલ્ આલમીન ﷺની જીભ મુબારકથી બદ્દુઆના બદલે તેમના માટે હિદાયતની દુઆ કરવી મુસલમાનોને એ શિખામણ આપે છે કે, મુસલમાનોના યુદ્ધ અને જિહાદનો હેતુ ફક્ત દુશ્મનને જેર કરવાનો નથી હોતો બલકે તેમને હિદાયત ઉપર લાવવાનો હોય છે, એટલા માટે એ પ્રયત્નોમાં કોઈ સમયે પણ બેદરકારી ન થવી જોઈએ.

ત્રીજી આયતમાં એ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, જો કાફિરો મુકાબલામાં પરાજિત થઈ જાય તો તેમનાથી પણ નિરાશ ન થાઓ કે તેઓ ક્યારેય ઈસ્લામ સ્વીકારશે નહીં, કારણ કે શક્ય છે કે અલ્લાહ તઆલા તેમને ફરી ઈસ્લામ અને ઈમાનની હિદાયત આપી દે જેમકે હવાઝિનના પ્રતિનિધિ મંડળના ઈસ્લામ સ્વીકારની ઘટનાથી સાબિત થયું.

હવાઝિનના પ્રતિનિધિ મંડળની દરખાસ્ત ઉપર તેમના યુદ્ધ કેદીઓને પરત કરવાના સમયે જ્યારે સહાબએ કિરામ (રદિ.)ના સમૂહને આપ ﷺએ સવાલ કર્યો અને સમૂહ તરફથી એ અવાજો આવ્યા કે, અમે સૌ તેમને ખુશીથી પરત આપવા માટે તૈયાર છીએ તો રસૂલે કરીમ ﷺએ તેને પૂરતું ન સમજ્યું બલકે, અલગ-અલગ રીતે દરેકની વ્યક્તિગત પરવાનગી જાણવાની કાળજી લીધી.

એનાથી સબિત થયું કે, અધિકારની બાબતમાં જ્યાં સુધી સામા પક્ષની રાજી-ખુશીનો સંપૂર્ણ સંતોષ ન થઈ જાય ત્યાં સુધી કોઈનો હક લેવો જાઈઝ નથી, એટલા જ માટે ફુક્હાએ ફરમાવ્યું કે કોઈ વ્યક્તિ ઉપર પોતાના હોદ્દાનો રુઆબ છાંટીને કોઈ દીની હેતુ માટે ચંદો કરવો પણ યોગ્ય નથી, કારણ કે એવી પરિસ્થિતિમાં ઘણા બધા ડાહ્યા અને આબરૂદાર લોકો ફક્ત શરમા-શરમીથી કંઈક આપી દે છે જ્યારે કે તેઓ સંપૂર્ણ રીતે રાજી નથી હોતા, આ પ્રમાણેના માલમાં બરકત પણ નથી થતી.

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૨૮)

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓا۟ إِنَّمَا ٱلْمُشْرِكُونَ نَجَسٌ فَلَا يَقْرَبُوا۟ ٱلْمَسْجِدَ ٱلْحَرَامَ بَعْدَ عَامِهِمْ
هَٰذَا ۚ وَإِنْ خِفْتُمْ عَيْلَةً فَسَوْفَ يُغْنِيكُمُ ٱللَّهُ مِن فَضْلِهِۦٓ إِن شَآءَ ۚ إِنَّ ٱللَّهَ عَلِيمٌ حَكِيمٌ ﴿٢٨﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જે મુશ્રિક (અલ્લાહ સાથે બીજાઓને ભાગીદાર ઠરાવનાર) છે બેશક નજસ (ગંદકી) છે, બસ આ વર્ષ પછી મસ્જિદે હરામની પાસે આવવા ન પામે અને જો તમે ગરીબાઈથી ડરો છો તો અલ્લાહ તમને પોતાની કૃપાથી જો ઈચ્છે માલદાર કરી આપશે; બેશક ! અલ્લાહ સઘળું જાણનારો હિકમતવાળો છે. (૨૮)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! મુશ્રિક લોકો (પોતાના નાપાક અકીદાઓના કારણે) નાપાક છે, બસ (આ નાપાકી ઉપર જે હુકમો નાઝિલ થયા છે જેમાંથી એક એ

પણ છે કે) તે લોકો આ વર્ષ પછી મસ્જિદે હરામ (એટલે કે હરમ શરીફ)ની પાસે (પણ) ન આવવા પામે (એટલે કે હરમની અંદર પ્રવેશ ન કરવા પામે) અને જો તમને (આ હુકમ લાગુ પડવાથી અમુક આર્થિક કારણોસર) મુફલિસી (ગરીબી)નો ભય હોય (કે લેવડ-દેવડ તેમની સાથે વધારે સંકળાયેલ છે, જો એ વસ્તુ જ ન રહેશે તો કેવી રીતે ચાલશે ?) તો (તમે અલ્લાહ ઉપર ભરોસો રાખો) અલ્લાહ પોતાની મહેરબાનીથી જો ચાહશે (તો તમને તેમના) મોહતાજ નહીં રાખે, બેશક! અલ્લાહ તઆલા (હુકમોની મસ્લિહતોને) ઘણી સારી પેઠે જાણનારો છે (અને આ મસ્લિહતોને પૂર્ણ કરવાના સંદર્ભમાં) મહાન હિકમતવાળો છે (તેથી આ હુકમ નક્કી કર્યો અને તમારી ગરીબી દૂર કરવા માટેનો સામાન પણ તૈયાર કર્યો).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ તવબહની શરૂઆતમાં કાફિરો અને મુશ્રિકો સાથે સંબંધ વિચ્છેદની જાહેરાત કરવામાં આવી હતી, પ્રસ્તુત આયતમાં આ સંબંધ વિચ્છેદની જાહેરાતના સંદર્ભમાં એક હુકમનું વર્ણન છે. સંબંધ વિચ્છેદનો હેતુ એ હતો કે, એક વર્ષની મુદતમાં બધા જ કાફિરો સાથે કરાર સમાપ્ત કરવામાં આવે અથવા મુદત પૂરી કરવામાં આવે અને જાહેરાતના એક વર્ષ પછી કોઈપણ મુશ્રિક હરમની હદોમાં રહેવા ન પામે.

આ આયતમાં એનું જ વર્ણન એક ખાસ શૈલીમાં કરવામાં આવ્યું છે જેમાં આ હુકમની હિકમત અને મસ્લિહત પણ બતાવવામાં આવી અને તેના અમલીકરણમાં અમુક મુસલમાનોને જે ભય હતો તેનો પણ જવાબ આપવામાં આવ્યો, તેમાં શબ્દ نَجَسٌ (નજસ) એ جِيم (જીમ) ઉપર ઝબરના ઉપયોગથી ઉલ્લેખાયો છે જે "નજાસત" (નાપાકી)ના અર્થમાં છે અને નાપાકી ગંદકીને કહેવામાં આવે છે જેનાથી મનુષ્યને સુગ અને નફરત ઉપજે છે, ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.)એ ફરમાવ્યું કે, તેમાં તે નાપાકી પણ સામેલ છે જે આંખ, નાક, કાન અથવા હાથ વગેરેથી અનુભવાય છે અને તે પણ સામેલ છે જે જ્ઞાન અને બુદ્ધિ દ્વારા જાણી શકાય છે, એટલા માટે શબ્દ "નજસ" તે નાપાકી અને ગંદકીને કહેવામાં આવે છે જે જાહેર રીતે અનુભવી શકાય અને તે નાપાકી પણ કે જેના કારણે શરઈ રૂએ વુઝૂ અથવા ગુસલ ફરજ થાય છે, જેમકે સ્વપ્નદોષ (જનાબત),

હૈઝ (માસિક ધર્મ) અથવા નિફાસ (બાળક પેદા થયા પછીની ગંદકી)ની પરિસ્થિતિ અને તે આંતરિક નાપાકી પણ કે જેનો સંબંધ મનુષ્યના હૃદય (આત્મા) સાથે છે જેમકે જૂઠી માન્યતાઓ, અધમ વિચારો અને દુષ્ટ કર્મો વગેરે.

પ્રસ્તુત આયતમાં શબ્દ اِنَّمَا (ઇન્નમા) લાવવામાં આવ્યો છે જે "હસ્ર" એટલે કે ઘેરાવ માટે ઉપયોગ થાય છે, એટલા માટે اِنَّمَا الْمُشْرِكُوْنَ نَجَسٌ નો અર્થ એ થયો કે, "મુશ્રિકો નરી નાપાકી જ છે" અને સાચી વાત એ જ છે કે, સામાન્ય રીતે મુશ્રિકોમાં ત્રણ પ્રકારની નાપાકી હોય છે, કારણ કે ઘણી બધી જાહેર નાપાક વસ્તુઓને તેઓ નાપાક નથી સમજતા, એટલા માટે જાહેર નાપાકીથી પણ બચતા નથી, જેમકે દારૂ અને તેના દ્વારા બનાવવામાં આવેલ વસ્તુઓ અને કાયદેસરની શરઈ નાપાકી જેમકે જનાબતનું ગુસ્લ (સ્નાન) વગેરેનો તો તેઓ અકીદો જ ધરાવતા નથી અને એ જ પ્રમાણે જૂઠી માન્યતાઓ અને આધ્યાત્મિક નાપાકીને તો તેઓ કંઈ જ સમજતા નથી.

એટલા માટે પ્રસ્તુત આયતમાં મુશ્રિકોને નરી નાપાકી ઠરાવવાનો હુકમ આપવામાં આવ્યો. فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ بَعْدَ عَامِهِمْ هٰذَا એટલે કે, એવું કરવું જોઈએ કે આ વર્ષ પછી આ મુશ્રિકો મસ્જિદે હરામની પાસે ન જઈ શકે.

મસ્જિદે હરામનો શબ્દ સામાન્ય રીતે આ સ્થળે તેને કહેવામાં આવે છે જે બયતુલ્લાહની ફરતે ચાર દિવાલોથી ઘેરાયેલ છે પરંતુ કુર્આન અને હદીષમાં અમુક સમયે આ શબ્દ સમગ્ર હરમે મક્કા માટે પણ ઉપયોગ થયો છે જે કેટલાય માઈલના વર્તુળમાં અને ચારે તરફ હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.)ની કાયમ કરેલી સીમાઓથી ઘેરાયેલો છે, જેમકે મેઅ્રાજની ઘટનામાં مِنَ الْمَسْجِدِ الْحَرَامِ (૧૮ : ૧) દ્વારા સર્વાનુમતે એ જ અર્થ લેવામાં આવ્યો છે, કારણ કે મેઅ્રાજની ઘટના પ્રખ્યાત મસ્જિદે હરામની અંદરથી નથી થઈ બલકે હઝરત ઉમ્મે હાની (રદિ.)ના મકાનથી થઈ છે એ જ રીતે આયત اِلَّا الَّذِيْنَ عَاهَدْتُّمْ عِنْدَ الْمَسْجِدِ الْحَرَامِ (૯ : ૭)માં મસ્જિદે હરામનો અર્થ સમગ્ર મસ્જિદે હરામ છે, કારણ કે જે સુલેહની ઘટનાનું તેમાં વર્ણન છે તે હુદૈબિય્યહના સ્થળે થઈ છે જે હરમની હદોની બહાર તેને અડીને આવેલ છે. *(જસ્સાસ)*

આથી આયતનો અર્થ એ થયો કે, આ વર્ષ પછી હરમની હદોમાં

મુશ્રિકોનો પ્રવેશ પ્રતિબંધિત છે. "આ વર્ષ" અત્રે કયા વર્ષને કહેવામાં આવ્યું છે ? અમુક વિદ્વાનોએ ફરમાવ્યું કે તે સન હિજરી ૧૦નું વર્ષ છે, પરંતુ જમહૂર વિવરણકારોના મતે સન હિજરી ૯ હોવાનું વધારે યોગ્ય છે, કારણ કે રસૂલે કરીમ ﷺએ સંબંધ વિચ્છેદની જાહેરાત હઝરત સિદીકે અકબર (રદિ.) અને હઝરત અલી મુર્તઝા (રદિ.) દ્વારા હજ્જના મહિનામાં તે જ સન હિજરી ૯માં કરાવી હતી, એટલા માટે સન હિજરી ૯થી સન હિજરી ૧૦ સુધી તે મહોલતનું વર્ષ છે, સન હિજરી ૧૦ પછી એ કાયદો લાગુ પડ્યો.

મુશ્રિકોનો મસ્જિદે હરામમાં પ્રવેશ પ્રતિબંધિત હોવો એ મસ્જિદે હરામની આગવી વિશેષતા છે કે બધી જ મસ્જિદો માટે સર્વસામાન્ય હુકમ છે ? :

પ્રસ્તુત આયતમાં જે હુકમ આપવામાં આવ્યો છે કે, સન હિજરી ૧૦ પછીથી કોઈ મુશ્રિક મસ્જિદે હરામની પાસે ન જવા પામે, તેના વિશે ત્રણ બાબતો વિચારવા પાત્ર છે કે આ હુકમ મસ્જિદે હરામની સાથે ખાસ છે અથવા દુનિયાની અન્ય મસ્જિદો પણ આ હુકમમાં સામેલ છે ? અને જો મસ્જિદે હરામ માટે આગવો વિશિષ્ટ હુકમ છે તો કોઈ મુશ્રિકનો મસ્જિદે હરામમાં પ્રવેશ સદંતર પ્રતિબંધિત છે ? અથવા ફક્ત હજ્જ અને ઉમરહ માટે પ્રવેશની મનાઈ છે ? અથવા કોઈ કારણસર જઈ શકે છે ? ત્રીજું એ કે આયતમાં આ હુકમ મુશ્રિકો માટે વર્ણન કરવામાં આવ્યો છે, શું કાફિર અહલે કિતાબ પણ તેમાં સામેલ છે કે કેમ ?

આ વિગતો વિશે કુર્આનમાં મૌન સેવવામાં આવ્યું છે, એટલા માટે કુર્આનના ઈશારાઓ અને હદીષની રિવાયતોને સામે રાખીને મુજ્તહિદીન ઈમામોએ પોતાના ઈજ્તિહાદ પ્રમાણે હુકમો વર્ણન કર્યા છે, આ ક્રમમાં પ્રથમ ચર્ચા એ છે કે કુર્આને કરીમે મુશ્રિકોને નજસ (નાપાક) કયા આધારે ઠરાવ્યા છે ? જો જાહેર ગંદકી અથવા કાયદેસરની શરીઅતની રૂએ જનાબત વગેરે અર્થ તરીકે છે તો દેખીતું છે કે કોઈપણ મસ્જિદમાં નાપાકીનું પ્રવેશ કરવું જાઇઝ નથી, એ જ પ્રમાણે જેના ઉપર ગુસ્લ ફરજ હોય અથવા હૈઝ કે નિફાસવાળી ઓરતનો પ્રવેશ કોઈપણ મસ્જિદમાં જાઇઝ નથી અને જો અત્રે મુશ્રિકોના નજસ (નાપાક)

હોવાનો અર્થ તેમની આધ્યાત્મિક નાપાકી કુફ્ર અને શિર્ક છે તો શક્ય છે કે તેનો હુકમ જાહેર નાપાકી કરતા ભિન્ન પ્રકારનો છે.

તફસીરે કુર્તુબીમાં છે કે, મદીનાના ફુકૂહા ઈમામ માલિક (રહ.) વગેરેએ ફરમાવ્યું કે મુશ્રિક દરેક પ્રકારે નાપાક છે, જાહેર નાપાકીથી પણ મોટે ભાગે તેઓ બચતા નથી અને જનાબત વગેરે પછી પણ ગુસ્લ (સ્નાન)ની કાળજી રાખતા નથી તથા કુફ્ર અને શિર્ક જેવી આંતરિક અને આધ્યાત્મિક નાપાકી તો તેમનામાં છે જ, એટલા માટે આ હુકમ બધા જ મુશ્રિકો અને બધી જ મસ્જિદો માટે સર્વસામાન્ય છે અને તેની દલીલમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ (રહ.)નું એ ફરમાન રજૂ કર્યું જેમાં તેમણે શહેરોના વહીવટદારોને એવી સૂચના આપી હતી કે કાફિરોને મસ્જિદોમાં ન પ્રવેશવા દો, તે ફરમાનમાં આ જ પ્રસ્તુત આયત લખી જણાવી હતી.

વળી, એ કે હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

لَااُحِلُّ الْمَسْجِدَ لِحَائِضٍ وَّلَا جُنُبٍ

“મસ્જિદમાં કોઈ માસિકધર્મવાળી સ્ત્રી અથવા કોઈ અત્યંત નાપાક વ્યક્તિ માટે પ્રવેશ પામવું હું હલાલ સમજતો નથી.”

અને મુશ્રિકો તથા કાફિરો મોટે ભાગે જનાબતમાં ગુસ્લની કાળજી રાખતા નથી આથી તેમના માટે મસ્જિદોમાં પ્રવેશવાની મનાઈ છે.

ઈમામ શાફઈ (રહ.)એ ફરમાવ્યું કે, આ હુકમ મુશ્રિકો અને કાફિર અહલે કિતાબ બધા માટે સર્વસામાન્ય છે પરંતુ મસ્જિદે હરામ માટે વિશિષ્ટ પ્રકારે છે, અન્ય મસ્જિદોમાં તેમને પ્રવેશવાનો પ્રતિબંધ નથી. (કુર્તુબી) અને દલીલમાં ષુમામહ ઈબ્ને અષાલની ઘટના વર્ણન કરી છે કે, મુસલમાન થતા પહેલાં જ્યારે તેઓ કેદ પકડાયા તો રસૂલે કરીમ ﷺએ તેમને મસ્જિદે નબવીના એક થાંભલા સાથે બાંધી દીધા હતા.

ઈમામે આ'ઝમ હઝરત અબૂ હનીફા (રહ.) નજીક આયતમાં મુશ્રિકોને મસ્જિદે હરામ પાસે જવાની પણ મનાઈ હોવાનો અર્થ એ છે કે, આવતા વર્ષથી તેમના શિર્કયુક્ત રીત-રિવાજ પ્રમાણે હજ્જ અને ઉમરહ કરવાની પરવાનગી ન

હશે અને દલીલ એ છે કે, જે સમયે હજ્જની સીઝનમાં હઝરત અલી (રદિ.) દ્વારા સંબંધ વિચ્છેદની જાહેરાત કરાવવામાં આવી તો તેમાં આ પ્રમાણે એ'લાન હતું. لَا يَحُجَّنَّ بَعْدَ الْعَامِ مُشْرِكٌ જેમાં જાહેર કરી દીધું હતું કે, આ વર્ષ પછી કોઈ મુશ્રિક હજ્જ કરી શકશે નહીં, એટલા માટે આ આયતમાં فَلَا يَقْرَبُوا الْمَسْجِدَ الْحَرَامَ નો અર્થ પણ આ એ'લાન પ્રમાણે એ જ છે કે, તેમના માટે હજ્જ અને ઉમરહ પ્રતિબંધિત કરવામાં આવ્યો અને જો કે કોઈ જરૂરતના સમયે અથવા મુસલમાનોના અમીરની પરવાનગીથી દાખલ થઈ શકે છે. ષકીફના પ્રતિનિધિ મંડળની ઘટના તેની સાક્ષી છે કે, મક્કા વિજય પછી જ્યારે તેમનું એક પ્રતિનિધિ મંડળ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયું તો આપ ﷺએ તેમને મસ્જિદમાં થોભાવ્યું જ્યારે કે આ લોકો તે સમયે કાફિર હતા, સહાબએ કિરામ (રદિ.)એ વિનંતી પણ કરી, "યા રસૂલુલ્લાહ ﷺ ! આ લોકો નાપાક કોમ છે." આપ ﷺએ ફરમાવ્યું, "મસ્જિદની જમીન ઉપર આ લોકોની નાપાકીની કોઈ અસર થતી નથી." *(જસ્સાસ)*

આ રિવાયતે એ બાબત પણ સ્પષ્ટ કરી દીધી કે, કુર્આને કરીમમાં મુશ્રિકોને નાપાક કહેવાનો અર્થ તેમની કુફ્ર અને શિર્કની નાપાકી છે, જેમકે ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)નો મસ્લક છે, એ જ પ્રમાણે હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ (રદિ.)ની રિવાયતમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, કોઈ મુશ્રિક મસ્જિદની પાસે ન જાય એ સિવાય કે તે કોઈ મુસલમાનનો ગુલામ હોય અથવા પાક હોય તો આવશ્યકતા અનુસાર તેને પ્રવેશ આપી શકાય છે.

(કુર્તુબી)

આ હદીષ પણ એ બાબતની સાક્ષી છે કે, જાહેર નાપાકીને કારણ ઠરાવીને મુશ્રિકોને મસ્જિદે હરામથી રોકવામાં નથી આવ્યા નહિતર તેમાં ગુલામ અને લોંડીનો કોઈ ભેદભાવ નથી બલકે, અસલ આધાર કુફ્ર અને શિર્ક અને તેમનો પ્રભાવ ત્યાં છવાય જવાનો ભય છે, ગુલામ અને લોંડી માટે એવો ભય નથી તેથી તેમને પરવાનગી આપવામાં આવી, તે સિવાય જાહેર નાપાકીના આધારે તો મુસલમાનો પણ તેમાં સામેલ છે કે નાની નાપાકી અથવા તો મોટી નાપાકીની હાલતમાં તેમના માટે પણ મસ્જિદે હરામમાં પ્રવેશ પામવાની મનાઈ છે.

વળી, જમહૂર વિવરણકારોના મતે મસ્જિદે હરામથી આ સ્થળ જ્યારે

સમગ્ર હરમ સ્વરૂપે અર્થ તરીકે છે તો તેનો તકાદો પણ એ જ છે કે, આ પ્રતિબંધ જાહેર નાપાકીના આધાર ઉપર નહીં બલકે કુફ્ર અને શિર્કની નાપાકીની રૂએ છે, એટલા માટે ફક્ત મસ્જિદે હરામમાં તેમનો પ્રવેશ પ્રતિબંધિત કરવામાં નથી આવ્યો, બલકે સમગ્ર હરમે મુહતરમમાં પ્રતિબંધ લાગુ પાડવામાં આવ્યો, કારણ કે તે ઈસ્લામનું એક પ્રતીક અને કિલ્લો (મજબૂત ગઢ) છે તેમાં કોઈ ગેરમુસ્લિમને રહેવા દેવું પસંદ કરવામાં આવી શકતું નથી.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)ની આ તહકીકનો ખુલાસો એ છે કે, જો કે નાપાકીથી મસ્જિદને પાક કરવી એક અલગ મસ્અલો છે, જે કુર્આને મજીદ અને હદીષોથી સાબિત છે પરંતુ આ આયતનો સંબંધ તે મસ્અલા સાથે નથી, બલકે ઈસ્લામનો તે રાજકીય હુકમ છે જેનું એ'લાન સૂરએ બરાઅતની શરૂઆતમાં કરવામાં આવ્યું છે કે, જેટલા મક્કાના મુશ્રિકો હાજર હતા તે સૌથી હરમે મુહતરમને ખાલી કરાવવાનો હેતુ હતો પરંતુ ન્યાય, દયા અને રહમના તકાદાના કારણે સૌને એક ઝાટકે ખાલી કરવાનો હુકમ આપવામાં ન આવ્યો, બલકે જે લોકો સાથે ખાસ કોઈ કરાર થયો હતો અને તે લોકો કરાર ઉપર કાયમ રહ્યા તો તેમના કરારની મુદ્દતને પૂરી કરવાનો અને અન્ય લોકોને અમુક-અમુક મહોલત આપીને વર્ષની અંદર-અંદર આ યોજનાને પૂર્ણ કરવાનો હેતુ હતો, આ જ વર્ણન પ્રસ્તુત આયતમાં આવ્યું છે કે આ વર્ષ પછી મુશ્રિકોને હરમની હદોમાં પ્રવેશની મનાઈ થઈ જશે અને તે મુશ્રિકો હજ્જ અને ઉમરહ નહીં કરવા પામે.

અને જે પ્રમાણે સૂરએ તવબહની આયતોમાં સ્પષ્ટ રીતે એ વર્ણન કરવામાં આવ્યું છે કે, સન હિજરી ૯ પછી કોઈ મુશ્રિક હરમની હદોમાં પ્રવેશ નહીં પામી શકે, હદીષની રિવાયતોમાં રસૂલે કરીમ ﷺએ આ વર્તુળને વધારે વિશાળ કરીને સમગ્ર ટાપુ સમાન અરબ માટે હુકમ આપી દીધો પરંતુ રિસાલતકાળમાં તેની પૂર્ણતા ન થવા પામી, પછી સિદ્દીકે અકબર (રદિ.) કામચલાઉ સમસ્યાઓના કારણે તેના તરફ ધ્યાન ન આપી શક્યા પરંતુ ફારૂકે આ'ઝમ (રદિ.)એ પોતાના યુગમાં આ હુકમને લાગુ પાડ્યો.

હવે, રહ્યો કાફિરોની નાપાકી અને મસ્જિદને નાપાકીથી પાક કરવાનો મસ્અલો ! તો તે પોતાના સ્થળે છે જ, તે વિશેના મસ્અલાઓ ફિક્હની કિતાબોમાં વિગતવાર દર્શાવવામાં આવ્યા છે, કોઈ મુસલમાન પણ જાહેર નાપાકી અથવા

જનાબતની હાલતમાં કોઈપણ મસ્જિદમાં પ્રવેશી શકતો નથી અને સામાન્ય મુસ્લિમો અને કાફિરો હોય અથવા અહલે કિતાબ; તેઓ પણ સામાન્ય રીતે આ નાપાકીઓથી પાક નથી હોતા, એટલા માટે સખત આવશ્યકતા વિના તેમને કોઈપણ મસ્જિદમાં પ્રવેશ આપવો જાઇઝ નથી.

આ આયતની રૂએ જ્યારે કાફિરો અને મુશ્રિકોનો હરમનો પ્રવેશ પ્રતિબંધિત કરવામાં આવ્યો તો મુસલમાનોની સામે એક આર્થિક સમસ્યા ઉપસ્થિત થઈ કે મક્કામાં કોઈ ઉત્પાદન નથી, બહારથી આવનારઓ જ પોતાની સાથે આવશ્યક ચીજ-વસ્તુઓ લાવતા હતા અને હજ્જની સીઝનમાં મક્કાના નિવાસીઓ માટે બધી જ આવશ્યક ચીજ-વસ્તુઓ ભેગી થઈ જતી હતી, હવે તેમનો પ્રવેશ પ્રતિબંધિત થઈ ગયા પછી કામ કેવી રીતે ચાલશે ? તેનો જવાબ કુર્આનમાં આ આપવામાં આવ્યો وَاِنْ خِفْتُمْ عَيْلَةً فَسَوْنَ يُغْنِيْكُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ اِنْ شَآءَ એટલે કે, જો તમને આર્થિક મુશ્કેલીઓનો ભય હોય તો તમે સમજી રાખો કે બધી જ મખ્લૂકની રોજી-રોટીની વ્યવસ્થા અલ્લાહ તઆલાના હાથમાં છે, જો તે ઈચ્છશે તો આ બધા કાફિરો કરતા પણ તમને વધારે માલદાર કરી દેશે અને અત્રે "જો ઈચ્છશે તો"ની શરત લગાવવાનો અર્થ એ નથી કે એમાં કોઈ શંકા અથવા અડચણ છે, બલકે ઈશારો એ વાત તરફ છે કે ફક્ત ભૌતિકતાને દૃષ્ટિ સમક્ષ રાખનારાઓ માટે જો કે એ વાત ઘણી મુશ્કેલ અને અસંભવિત દેખાતી લાગે છે કે, જાહેર રોજી-રોટીનું માધ્યમ આ જ ગેરમુસ્લિમો હતા, તેમનો પ્રવેશ પ્રતિબંધિત કરવો પોતાના આર્થિક ઉપાર્જનના માધ્યમોને સમાપ્ત કરવા સમાન છે, પરંતુ તેમને જાણ થઈ જવી જોઈએ કે અલ્લાહ તઆલા આ ભૌતિક માધ્યમોનો મોહતાજ નથી, જ્યારે તેનો ઈરાદો કોઈ કામ વિશે થઈ જાય તો બધા માધ્યમો અને સબબો આપમેળે ઉપસ્થિત થતા ચાલ્યા જાય છે, બસ તેના ચાહવાની વાર છે અને બીજું કંઈ નહીં, એટલા માટે اِنْ شَآءَ (ઈન્શાઅ) "જો ચાહશે તો" ફરમાવીને એ બાજુ ઈશારો કરવામાં આવ્યો.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૨૯-૩૦)

قَاتِلُوا الَّذِينَ لَا يُؤْمِنُونَ بِاللَّهِ وَلَا بِالْيَوْمِ الْآخِرِ وَلَا يُحَرِّمُونَ مَا حَرَّمَ اللَّهُ وَرَسُولُهُ
وَلَا يَدِينُونَ دِينَ الْحَقِّ مِنَ الَّذِينَ أُوتُوا الْكِتَابَ حَتَّىٰ يُعْطُوا الْجِزْيَةَ عَن يَدٍ وَهُمْ
صَاغِرُونَ ﴿٢٩﴾ وَقَالَتِ الْيَهُودُ عُزَيْرٌ ابْنُ اللَّهِ وَقَالَتِ النَّصَارَى الْمَسِيحُ ابْنُ اللَّهِ ۖ ذَٰلِكَ
قَوْلُهُم بِأَفْوَاهِهِمْ ۖ يُضَاهِئُونَ قَوْلَ الَّذِينَ كَفَرُوا مِن قَبْلُ ۚ قَاتَلَهُمُ اللَّهُ ۚ أَنَّىٰ يُؤْفَكُونَ ﴿٣٠﴾

તરજુમો :

તે લોકો સામે લડો જેઓ અલ્લાહ ઉપર ઈમાન નથી લાવતા અને ન જ આખિરતના દિવસ ઉપર અને ન (તો) તેને હરામ જાણે છે જેને અલ્લાહે અને તેના રસૂલે હરામ કર્યું અને ન (જ) સાચો દીન સ્વીકારે છે તે લોકોમાંથી જેઓ અહલે કિતાબ છે અહીંયાં સુધી કે તેઓ પોતાના હાથથી અપમાનિત થઈને જિઝીયો આપે. (૨૯) અને યહૂદીઓએ કહ્યું કે ઉઝૈર (અલૈ.) અલ્લાહના બેટા છે અને નસારાએ કહ્યું કે મસીહ (અલૈ.) અલ્લાહના બેટા છે, આ વાતો પોતાના મોઢાથી કહે છે આગલા કાફિરો જેવી જ વાતો કરવા લાગ્યા અલ્લાહ તેમનો નાશ કરે, ક્યાં અવળા જાય છે ! (૩૦)

તફસીર :

અહલે કિતાબ કે જેઓ ન અલ્લાહ ઉપર (સંપૂર્ણ) ઈમાન ધરાવે છે અને ન જ કયામતના દિવસ ઉપર (સંપૂર્ણ ઈમાન ધરાવે છે) અને તે વસ્તુઓને હરામ સમજે છે જેને અલ્લાહ તઆલાએ અને તેના રસૂલે (મુહમ્મદ ﷺએ) હરામ બતાવી છે અને ન જ સાચા ધર્મ (ઈસ્લામ)નો સ્વીકાર કરે છે તેમની સાથે ત્યાં સુધી લડો કે તેઓ તાબા હેઠળ આવી રય્યત બનીને જિઝીયો આપવાનો સ્વીકાર કરે અને (અમુક) યહૂદીઓએ કહ્યું કે, (નઊઝુબિલ્લાહ) ઉઝૈર (અલૈ.) અલ્લાહના બેટા છે અને નસારા(માંથી મોટા ભાગનાઓ)એ કહ્યું કે મસીહ (અલૈ.) અલ્લાહના બેટા છે, આ તેમના મોઢાનું નિવેદન છે (જેનું વાસ્તવમાં કોઈ નામો-નિશાન નથી) આ પણ તે લોકો જેવી જ વાતો કરવા લાગ્યા જે તેમનાથી અગાઉ કાફિરો થઈ ચૂક્યા છે (તેનો અર્થ અરબના મુશ્રિકો છે જેઓ ફરિશ્તાઓને

અલ્લાહની દિકરીઓ કહેતા હતા, મતલબ એ કે આ પ્રકારની માન્યતા તો આ કાફિરો પણ ધરાવે છે પછી તેમના જેવી કુફ્રની વાતો આ લોકો બકી રહ્યા છે અને અગાઉથી હોવાનો અર્થ એ છે કે, મુશ્રિકોની ગુમરાહી તો પ્રાચીન સમયથી હતી) અલ્લાહ તેમનો નાશ કરે ! આ ક્યાં અવળા માર્ગે જઈ રહ્યા છે ! (કે અલ્લાહ ઉપર આવો આક્ષેપ કરી રહ્યા છે, આ તો તેમના કુફ્રિય્યહ નિવેદનો હતા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયત મક્કાના મુશ્રિકો સાથે જિહાદ અને યુદ્ધનું વર્ણન હતું, આ પ્રસ્તુત આયતોમાં અહલે કિતાબ (યહૂદી અને નસારા) સાથે જિહાદનું વર્ણન છે. આ જાણે કે ગઝ્વએ તબૂકની પ્રસ્તાવના છે, જે અહલે કિતાબના મુકાબલામાં ઉપસ્થિત થઈ છે. તફસીરે દૂર્રે મન્સૂરમાં મુફસ્સિરુલ કુર્આન હઝરત મુજાહિદ (રહ.)એ નકલ કર્યું છે કે, આ આયતો ગઝ્વએ તબૂક વિશે નાઝિલ થઈ છે અને શબ્દ અહલે કિતાબ જો કે પોતાના શાબ્દિક અર્થના આધારે દરેક તે કાફિર સમૂહ ઉપર લાગુ પડે છે જે કોઈ આસમાની કિતાબ ઉપર ઈમાન ધરાવતા હોય, પરંતુ કુર્આને કરીમની પરિભાષામાં આ શબ્દ ફક્ત યહૂદ અને નસારા માટે ઉપયોગ થયો છે, કારણ કે અરબના આજુબાજુના વિસ્તારમાં આ જ બે ધર્મના લોકો અહલે કિતાબ તરીકે પ્રખ્યાત હતા, એટલા માટે કુર્આને કરીમે અરબના મુશ્રિકોને સંબોધન કરીને કહ્યું છે, (૬ : ૧૫૬)

اَنْ تَقُوْلُوْٓا اِنَّمَآ اُنْزِلَ الْكِتٰبُ عَلٰى طَآئِفَتَيْنِ مِنْ قَبْلِنَا وَاِنْ كُنَّا عَنْ دِرَاسَتِهِمْ لَغٰفِلِيْنَ

જિહાદ અને યુદ્ધનો જે હુકમ આ આયતમાં અહલે કિતાબના મુકાબલા માટે આપવામાં આવ્યો છે તે વાસ્તવમાં અહલે કિતાબની સાથે વિશેષરૂપે આગવો હુકમ નથી, બલકે તમામ કાફિરોના પ્રકારો વિશે આ જ હુકમ છે, કારણ કે આ આયતમાં યુદ્ધના હુકમના જે કારણો ઉપર વર્ણન કરવામાં આવ્યા છે તે બધા જ કાફિરોમાં સરખા છે તો હુકમ પણ સમાન જ હોવો જોઈએ, પરંતુ વર્ણન કરવામાં "અહલે કિતાબ" શબ્દનો આગવી રીતે એટલા માટે ઉપયોગ કરવામાં આવ્યો કે એ શક્યતા હતી કે મુસલમાનો તેમના મુકાબલામાં જિહાદ અને યુદ્ધ કરવાથી એ બીનાએ ખચકાટ અનભુવે કે આ લોકો અમુક હદ સુધી ઈમાન ધરાવે છે, તવરાત અને ઇન્જીલ તથા હઝરત મૂસા (અલૈ.) ઉપર તેમનું ઈમાન છે તો

શકય હતું કે, અગાઉના અંબિયા (અલૈ.) અને તેમની કિતાબો સાથે તેમનું જોડાયેલા હોવું મુસલમાનો માટે જિહાદનો અવરોધ સ્વરૂપ બની શકતું હતું, એટલા માટે આગવી રીતે વિશેષ સ્વરૂપે તેમની સાથે યુદ્ધ કરવાનું વર્ણન કરવામાં આવ્યું.

બીજું આ સ્થળે ઉલ્લેખમાં અહલે કિતાબને વિશેષતા આપવામાં એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે કે, એક સ્વરૂપે આ લોકો વધારે સજાના હકદાર છે, કારણ કે તેઓ જ્ઞાન ધરાવતા હતા, તેમની પાસે તવરાત અને ઈન્જીલનું જ્ઞાન હતું જેમાં ખાતમુલ અંબિયા ﷺનું વર્ણન તથા તેમનો હુલિયો સુદ્ધાં વિગતપૂર્વક દર્શાવવામાં આવ્યો છે, એ જ્ઞાન હોવા છતાં તેમનું કુફ્ર અને ઈન્કાર તથા ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ તેમના ષડ્યંત્રોના કારણે તેઓ પોતાના અપરાધમાં વધારે સખત થઈ ગયા, એટલા માટે વિશિષ્ટરૂપે આગવી શૈલીમાં તેમની સાથે યુદ્ધ કરવાનું વર્ણન કરવામાં આવ્યું.

યુદ્ધના હુકમના ચાર કારણો આ આયતમાં બતાવવામાં આવ્યા છે, પ્રથમ لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ એટલે કે, તેઓ અલ્લાહ ઉપર ઈમાન નથી ધરાવતા, બીજું وَلَا بِالْيَوْمِ الْاٰخِرِ એટલે કે, આખિરત ઉપર ઈમાન નથી ધરાવતા, ત્રીજું لَا يُحَرِّمُوْنَ مَا حَرَّمَ اللّٰهُ એટલે તે વસ્તુઓને હરામ નથી સમજતા જેને અલ્લાહે હરામ બતાવી છે, ચોથું لَا يَدِيْنُوْنَ دِيْنَ الْحَقِّ એટલે કે, સાચા ધર્મ ઈસ્લામનો સ્વીકાર કરતા નથી.

અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે અહલે કિતાબ યહૂદી અને નસારા તો દેખીતી રીતે અલ્લાહ તઆલા ઉપર પણ ઈમાન રાખે છે અને આખિરત તથા કયામતની માન્યતા પણ ધરાવે છે પછી આ વસ્તુઓ ઉપર તેમના ઈમાનનો ઈન્કાર કઈ રીતે થઈ શકે છે ? કારણ એ છે કે ફક્ત ઈમાન લાવવાનો શબ્દ પૂરતો નથી, જે પ્રમાણેનું ઈમાન અલ્લાહ તઆલા સમીપ સ્વીકાર્ય અને અપેક્ષિત છે જ્યાં સુધી તે પ્રમાણેનું ઈમાન ન હોય તો તે ન હોવાના જ હુકમમાં છે, યહૂદી અને નસારાએ જો કે જાહેર સ્વરૂપે તો તવહીદનો ઈન્કાર નથી કર્યો પરંતુ જેમકે આગલી આયતમાં આવી રહ્યું છે કે, યહૂદીઓએ હઝરત ઉઝૈર (અલૈ.)ને અને નસારાએ હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહના દિકરા કહીને તેની ખુદાઈમાં તેમને

ભાગીદાર ઠરાવી દીધા, એટલા માટે તેમનો તવહીદનો સ્વીકાર વ્યર્થ અને ઈમાનનો દા'વો ખોટો ઠરે છે.

એ જ પ્રમાણે આખિરત ઉપર જે પ્રમાણે ઈમાન અપેક્ષિત છે તે પણ મોટા ભાગના અહલે કિતાબમાં ન રહ્યું હતું, તેમનામાંથી ઘણા બધા લોકો એવો અકીદહ રાખતા હતા કે, કયામતમાં ભૌતિક શરીર ફરીવાર સજીવન નહીં થાય, બલકે એક પ્રકારની રૂહાની જિંદગી હશે અને જન્નત તથા દોઝખ પણ કોઈ ખાસ સ્થળો નથી, રૂહની ખુશીનું નામ જન્નત અને રંજ-ગમનું નામ જહન્નમ છે જે અલ્લાહ રબ્બુલ ઈજ્જતના ફરમાનોનો ખુલ્લમ-ખુલ્લો વિરોધ કરવા સમાન છે, એટલા માટે આખિરતના દિવસ ઉપર પણ તેમનું ઈમાન વાસ્તવિક ઈમાન ન થયું.

ત્રીજી વસ્તુ જે એ ફરમાવવામાં આવી કે જે વસ્તુઓને અલ્લાહ તઆલાએ હરામ ઠરાવી દીધી છે તેઓ તેને હરામ સમજતા નથી. તેનો અર્થ એ છે કે ઘણી બધી વસ્તુઓ જેને તવરાત અથવા ઇન્જીલે હરામ ઠરાવી હતી તેઓ તેને હરામ હોવાનું માનતા ન હતા, જેમકે વ્યાજ; એ જ પ્રમાણે અન્ય ઘણી બધી ખાવા-પીવાની વસ્તુઓ જે તવરાતમાં અને ઇન્જીલમાં હરામ ઠરાવવામાં આવી હતી તેમણે તેને હરામ ન સમજી અને તેમાં સંડોવાઈ ગયા.

તેનાથી એ મસ્અલો પણ જાણમાં આવ્યો કે જે વસ્તુઓને અલ્લાહ તઆલાએ હરામ ઠરાવી દીધી છે તેને હલાલ સમજવી ફક્ત એક ગુનોહ જ નથી બલકે કુફ્ર છે, એ જ પ્રમાણે કોઈ હલાલ વસ્તુને હરામ ઠરાવી દેવી પણ કુફ્ર છે, હા ! જો હરામને હરામ સમજીને પોતાના અમલની ઉણપ અને ભૂલથી એવી પ્રવૃત્તિ થઈ જાય તો તે કુફ્ર નથી, ગુનોહ અને નાફરમાની ગણાશે.

પ્રસ્તુત આયતમાં તે લોકો સાથે યુદ્ધ અને જિહાદ કરતા રહેવાની એક સીમા અને મર્યાદા પણ બતાવવામાં આવી છે حَتّٰى يُعْطُوا الْجِزْيَةَ عَنْ يَدٍ وَّهُمْ صَاغِرُوْنَ એટલે કે, આ યુદ્ધનો હુકમ તે સમય સુધી અમલમાં રહેશે જ્યાં સુધી કે તેઓ તાબા હેઠળ આવીને રય્યત બનીને જિઝીયો આપવાનો સ્વીકાર ન કરી લે.

જિઝીયાનો શાબ્દિક અર્થ બદલો અથવા વળતર છે. શરીઅતની પરિભાષામાં તેનો અર્થ તે રકમ છે જે કાફિરોને કતલ ન કરવાના (અને સુરક્ષા

પ્રદાન કરવાના) બદલામાં લેવામાં આવે છે.

કારણ એ છે કે કુફ્ર અને શિર્ક અલ્લાહ અને રસૂલ ﷺ સાથે બળવો છે જેની વાસ્તવિક સજા કત્લ છે, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ રહમત વડે તેમની આ સજા ઓછી કરી દીધી કે, જો તેઓ ઈસ્લામી હુકૂમતની રય્યત બનીને સામાન્ય ઈસ્લામી કાયદાઓના તાબા હેઠળ રહેવાનો સ્વીકાર કરી લે તો તેમની પાસેથી એક મા'મૂલી રકમ જિઝીયા સ્વરૂપે લઈને તેમને મુક્ત કરી દેવામાં આવે અને ઈસ્લામી પ્રદેશના નાગરિક હોવાના નાતે તેમના પ્રાણ, માલ અને આબરૂની સુરક્ષા ઈસ્લામી હુકૂમતની જવાબદારી થશે, તેમના ધાર્મિક રસ્મો-રિવાજનો કોઈ વિરોધ કરવામાં નહીં આવે; આ જ રકમને જિઝીયો કહેવામાં આવે છે.

જિઝીયો નક્કી કરવો જો પરસ્પર સલાહ-મશ્વરાથી અને રાજી-ખુશીથી હોય તો શરીઅતમાં તેની કોઈ હદ-મર્યાદા નથી, જેટલું પ્રમાણ અને જે વસ્તુ અને શરતો ઉપર પરસ્પર સુલેહનો કરાર થઈ જાય તે જ તેમની પાસેથી લેવામાં આવે છે, જેમકે રસૂલે કરીમ ﷺએ નજરાનના નિવાસીઓ સાથે એવું જ કર્યું હતું કે, તેમના સમગ્ર સમૂહ પાસેથી વાર્ષિક બે હજાર "હુલ્લા" લેવાનો કરાર થઈ ગયો અને હુલ્લા બે કપડાંના જોડને કહે છે, એક લૂંગી અને ચાદર; દરેક હુલ્લાની કિંમતનો અંદાજો પણ એ નક્કી કરવામાં આવ્યો હતો કે તે એક અવકિયા ચાંદીની કિંમતનો હશે, એક અવકિયા એટલે કે ૪૦ દિરહમ વજનના હિસાબે વર્તમાન માપ પ્રમાણે લગભગ સાડા અગિયાર તોલા ચાંદી થાય છે.

એ જ પ્રમાણે નસારા બની તગલબ સાથે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)નો એવો કરાર થયો કે, તેમનો જિઝીયો ઈલામી ઝકાતના હિસાબે વસૂલ કરવામાં આવે, પરંતુ ઝકાતથી બમણો અને જો મુસલમાનો કોઈ દેશને યુદ્ધ દ્વારા જીતી લે, પછી ત્યાંના નાગરિકોની જાયદાદને તેમની જ માલિકીમાં રહેવા દે અને તે રય્યત બનીને રહેવા માટે રાજી થઈ જાય તો તેમના જિઝીયાનું પ્રમાણ એ જ હશે જે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ પોતાના ખિલાફતના સમયમાં લાગુ કર્યું હતું કે, મૂડીપતિઓ અને અમીર લોકો પાસેથી ચાર દિરહમ અને મધ્યમ વર્ગ પાસેથી તેના અડધા ફક્ત બે દિરહમ અને ગરીબોમાંથી તંદુરસ્ત અને

મહેનત-મજૂરી અથવા ઉદ્યોગ-ધંધા વગેરે દ્વારા કમાય છે તેમને તેનાથી પણ અડધું એટલે કે એક દિરહમ માસિક, એટલે કે સાડા ત્રણ માશા ચાંદી અથવા તેની કિંમત લેવામાં આવે અને તે બિલકુલ જ મુફલિસ અને અપંગ કે મા'ઝૂર હોય તેમની પાસેથી કંઈ જ લેવામાં ન આવે, એ જ પ્રમાણે સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો અને તેમના સન્યાસીઓ તથા ધાર્મિક આગેવાનો પાસેથી પણ કંઈ જ લેવામાં ન આવે.

આટલી નજીવી રકમ લેવા માટે પણ રસૂલે કરીમ ﷺની સૂચના એ હતી કે, કોઈ વ્યક્તિ ઉપર તેની શક્તિથી વધારે બોજ નાંખવામાં ન આવે અને જે વ્યક્તિ કોઈ ગેરમુસ્લિમ નાગરિક ઉપર જુલમ કરે તો હું કયામતના દિવસે જાલિમના મુકાબલામાં તે ગેરમુસ્લિમની હિમાયત કરીશ. *(મઝહરી)*

આ જ પ્રમાણેની રિવાયતોથી અમુક ફકીહ ઈમામોનો અભિપાય એ છે કે, વાસ્તવમાં જિઝીયાનું કોઈ ખાસ પ્રમાણ શરઈ રૂએ નક્કી કરવામાં નથી આવ્યું, બલકે જે તે સમયના સત્તાધિકારી પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે તે લોકોની પરિસ્થિતિની સમીક્ષા કરીને તેના યોગ્ય નક્કી કરે.

આ વર્ણનથી એ વાસ્તવિકતા પણ સ્પષ્ટ થઈ ગઈ કે, જિઝીયો કાફિરોની કત્લની સજા દૂર કરવાના વળતર સ્વરૂપે છે ઈસ્લામનો બદલો નથી, એટલા માટે એ શંકા કરી શકાતી નથી કે થોડા પૈસા લઈને ઈસ્લામનો વિરોધ કરીને તેમને કુફ્ર ઉપર કાયમ રહેવા દેવાની પરવાનગી કઈ રીતે આપવામાં આવી ? અને તેની સ્પષ્ટ દલીલ એ છે કે પોતાના ધર્મ ઉપર કાયમ રહીને ઈસ્લામી હુકૂમતમાં રહેવાની પરવાનગી ઘણા બધા તે લોકોને મળે છે જેમની પાસેથી જિઝીયો લેવામાં નથી આવતો, દાખલા તરીકે સ્ત્રીઓ, વૃદ્ધો, ધાર્મિક આગેવાનો, અપંગો, મા'ઝૂર વગેરે... જો જિઝીયો ઈસ્લામનો બદલો હોત તો તે તેમની પાસેથી પણ લેવામાં આવતો હોત.

પ્રસ્તુત આયતોમાં જિઝીયાની સાથે عَنْ يَدٍ (અન્ યદિન) પણ ફરમાવ્યું છે, તેમાં શબ્દ عَنْ (અન્) કારણના અર્થમાં અને يَدْ (યદ્) શક્તિ અને વર્ચસ્વના અર્થમાં છે કે, આ જિઝીયો આપવું સ્વૈચ્છિક અથવા ચંદા કે ખયરાત સ્વરૂપે ન હોય, બલકે ઈસ્લામના વર્ચસ્વનો સ્વીકાર કરીને અને તેમના તાબા હેઠળ રહેવાના સ્વરૂપમાં હોય. (કઝા ફિ રૂહ) અને وَهُمْ صَاغِرُوْنَ નો અર્થ ઈમામ

શાફઈ (રહ.)ની તફસીર પ્રમાણે એ છે કે, તે લોકો ઈસ્લામના સામાન્ય કાયદાઓનું પાલન કરવાનું પોતાના માથે જરૂરી ઠરાવી લે. *(રૂહુલ મઆની, મઝહરી)*

આ આયતમાં જે એવી સૂચના આપવામાં આવી છે કે, જ્યારે આ લોકો જિઝીયો આપવાનો સ્વીકાર કરી લે તો યુદ્ધ સમાપ્ત કરી દેવામાં આવે, તેમાં જમહૂર ફુકૂહાના મતે બધા જ કાફિરો સામેલ છે, ભલે તે અહલે કિતાબ હોય અથવા તે સિવાયના હોય; અલબત્ત, અરબના મુશ્રિકો તેમાથી બાકાત છે કે તેમની પાસેથી જિઝીયાનો સ્વીકાર કરવામાં ન આવ્યો.

બીજી આયતમાં આ વિષયની વધારે છણાવટ છે, જેનું વર્ણન પ્રથમ આયતમાં સામૂહિક રીતે આવ્યું છે કે, આ અહલે કિતાબ અલ્લાહ ઉપર ઈમાન ધરાવતા નથી. તેની બીજી આયતમાં ફરમાવ્યું કે, યહૂદીઓ તો હઝરત ઉઝૈર (અલૈ.)ને અલ્લાહના બેટા કહે છે અને નસારા હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહના બેટા ઠરાવે છે, એટલા માટે તેમનો તવહીદ અને ઈમાનનો દા'વો ખોટો ઠરે છે.

પછી ફરમાવ્યું, ذٰلِكَ قَوْلُهُمْ بِاَفْوَاهِهِمْ એટલે કે, "આ તેમના મોંઢાનું નિવેદન છે" તેનો અર્થ એ પણ થઈ શકે છે કે આ કુફ્રનો કલિમો ફક્ત તેમની જીભ ઉપર છે, ન તો તેઓ તેનું કોઈ કારણ બતાવી શકે છે અને ન જ તેમની પાસે એની કોઈ દલીલ છે.

પછી ઈરશાદ ફરમાવ્યું, يُضَاهِؤُنَ قَوْلَ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَبْلُ ۚ قَاتَلَهُمُ اللّٰهُ اَنّٰى يُؤْفَكُوْنَ એટલે કે, આ તે લોકો જેવી વાતો કરવા લાગ્યા છે જે કાફિરો તેમનાથી અગાઉ થઈ ચૂક્યા છે, અલ્લાહ તેમનો નાશ કરે, આ ક્યાં ઊલટા જઈ રહ્યા છે !

અર્થ એ છે કે યહૂદી અને નસારા અંબિયા (અલૈ.)ને અલ્લાહના બેટા કહેવામાં એવા જ થઈ ગયા જેવા કે અગાઉના કાફિરો અને મુશ્રિકો હતા કે, તેઓ ફરિશ્તાઓને તથા લાત અને મનાતને અલ્લાહની દિકરીઓ કહેતા હતા.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૩૧ થી ૩૫)

اِتَّخَذُوْٓا اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ وَالْمَسِيْحَ ابْنَ مَرْيَمَ ۚ وَمَآ
اُمِرُوْٓا اِلَّا لِيَعْبُدُوْٓا اِلٰهًا وَّاحِدًا ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۭ سُبْحٰنَهٗ عَمَّا يُشْرِكُوْنَ ﴿٣١﴾
يُرِيْدُوْنَ اَنْ يُّطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَيَاْبَى اللّٰهُ اِلَّآ اَنْ يُّتِمَّ نُوْرَهٗ وَلَوْ كَرِهَ
الْكٰفِرُوْنَ ﴿٣٢﴾ هُوَ الَّذِيْٓ اَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى
الدِّيْنِ كُلِّهٖ ۙ وَلَوْ كَرِهَ الْمُشْرِكُوْنَ ﴿٣٣﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّ كَثِيْرًا مِّنَ الْاَحْبَارِ وَ النصف
الرُّهْبَانِ لَيَاْكُلُوْنَ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ وَيَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ ۭ وَالَّذِيْنَ يَكْنِزُوْنَ
الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ﴿٣٤﴾ يَّوْمَ يُحْمٰى
عَلَيْهَا فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ وَجُنُوْبُهُمْ وَظُهُوْرُهُمْ ۭ هٰذَا مَا كَنَزْتُمْ
لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ﴿٣٥﴾

તરજુમો :

તેમણે અલ્લાહને છોડીને પોતાના આલિમો અને દૂરવેશોને ખુદા ઠરાવી લીધા અને મરયમના બેટા મસીહ (અલૈ.)ને પણ; અને તેમને હુકમ એ જ થયો હતો કે એક મઅ્બૂદની બંદગી કરો તેના સિવાય કોઈની બંદગી નથી, તે પાક (પવિત્ર) છે તેમના શરીક બતાવવાથી. (૩૧) ઈચ્છે છે કે અલ્લાહનો પ્રકાશ પોતાના મોઢાથી હોલવી નાંખે અને અલ્લાહ પોતાના પ્રકાશને પૂરો કર્યા વિના રહેશે નહીં અને ભલે કાફિરો બુરું માને. (૩૨) તેણે જ પોતાના રસૂલને સાચો દીન અને હિદાયત આપીને મોકલ્યા જેથી તેને દરેક દીન ઉપર ગલબો (વર્ચસ્વ) આપે અને ભલે મુશ્રિકો બુરું માને. (૩૩) હે ઈમાનવાળાઓ ! અહલે કિતાબના ઘણા આલિમો અને દૂરવેશો લોકોનો માલ નાહક ખાય છે અને અલ્લાહના માર્ગથી રોકે છે અને જે લોકો સોના અને ચાંદીને (દાટીને) સંગ્રહી રાખે છે અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ નથી કરતા બસ તેમને

દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી આપો. (૩૪) જે દિવસે કે તે માલ ઉપર દોઝખની આગ તપાવવામાં આવશે, પછી તેનાથી તેમના માથા (કપાળ) અને પડખાં અને પીઠો ડામવામાં આવશે, (કહેવામાં આવશે) આ છે જે તમે પોતાના માટે (દાટીને) સંગ્રહી રાખ્યું હતું, હવે પોતાના સંગ્રહવાની (દાટવાની) મજા ચાખો. (૩૫)

તફસીર :

(આગળ કાફિરોની પ્રવૃત્તિઓનું વર્ણન છે કે) તેમણે (એટલે કે યહૂદીઓ અને નસારાએ) અલ્લાહ(ની તવહીદ અને આજ્ઞાપાલન)ને છોડીને પોતાના આલિમો અને મશાઈખને (આજ્ઞાપાલનમાં) રબ્બ બનાવી રાખ્યા છે (તેમના આજ્ઞાપાલનને એટલું મહત્ત્વનું સમજે છે કે હરામ-હલાલના હુકમોમાં તેમનું અનુસરણ અલ્લાહના હુકમોની ઉપરવટ જઈને કરે છે અને આવું આજ્ઞાપાલન એ પૂજાનું જ એક સ્વરૂપ છે, બસ આ કારણે તેઓ તેમની ઈબાદત કરે છે એવું કહેવામાં આવ્યું છે) અને મસીહ ઈબ્ને મરયમ (અલૈ.)ને પણ (એક સ્વરૂપે રબ્બ બનાવી રાખ્યા છે કે તેમને અલ્લાહના બેટા કહે છે જે અલ્લાહ હોવા સમાન જ સમજે છે) જ્યારે કે તેમને (અલ્લાહની કિતાબમાં) ફક્ત એ હુકમ આપવામાં આવ્યો છે કે માત્ર એક મઅ્બૂદ (બરહક)ની ઈબાદત કરો જેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી અને તે તેમના શિર્કથી પાક છે (અને આ તો બાતિલના અનુસરણનો ઉલ્લેખ હતો આગળ વર્ણન છે કે તેઓએ સત્ય ધર્મને રદ કર્યો છે અને એ પણ કુફ્ર છે, એટલે કે) તે લોકો એવું ઈચ્છે છે કે અલ્લાહના નૂર (એટલે કે દીને ઈસ્લામ)ને પોતાના મોઢાથી (ફૂંકો મારીને) હોલવી નાંખે (એટલે કે મોઢાથી ટીકા અને નીંદાની વાતો એ હેતુથી કરે છે કે સત્ય ધર્મની પ્રગતિ ન થવા પામે) જ્યારે કે અલ્લાહ તઆલા પોતાના નૂરને સંપૂર્ણ કર્યા વિના નહીં છોડે ભલે કાફિર લોકો (જેમાં આ લોકો પણ આવી ગયા) ગમે એટલા નારાજ થાય (એટલા માટે) તે અલ્લાહ એવો છે કે (આ જ નૂરને પૂર્ણ કરવા માટે) તેણે પોતાના રસૂલ (ﷺ)ને હિદાયત(નો સામાન એટલે કે કુર્આન) અને સાચો ધર્મ (એટલે કે ઈસ્લામ) આપીને (દુનિયામાં) મોકલ્યા છે જેથી તે (ધર્મ)ને (એટલે કે આ જ નૂર બાકીના) બધા જ ધર્મો ઉપર ગાલિબ કરી (વર્ચસ્વ) આપે (કે એ જ તેની પૂર્ણતા છે) ભલે મુશ્રિક (જેમાં આ લોકો પણ સામેલ થઈ ગયા) કેટલાય નાખુશ થાય,

હે ઈમાનવાળાઓ ! મોટા ભાગના અહબાર (અહલે કિતાબના આલિમો) અને રુહબાન (દુરવેશો એટલે કે યહૂદ અને નસારાના મશાઈખો સામાન્ય) લોકોનો માલ અયોગ્ય રીતે ખાય (ઉડાવે) છે, (એટલે કે સત્ય હુકમોને છુપાવીને પોતાની મરજી પ્રમાણે સામાન્ય જનતાને ફત્વો આપીને તેમની પાસેથી ભેટ-સોગાતો સ્વીકારે છે) અને (તેના કારણે તેઓ) અલ્લાહના માર્ગ (એટલે કે દીને ઈસ્લામ)થી (લોકોને) અટકાવી રાખે છે (કારણ કે તેમના જૂઠા ફતવાઓથી ધોકામાં આવીને લોકો ગુમરાહીમાં ફસાયેલા રહે છે અને સત્યનો સ્વીકાર કરતા નથી બલકે, તેની ઉત્કંઠા કે તલબ પણ જાગતી નથી) અને (લાલચના કારણે તેઓ માલ પણ ભેગો કરે છે જે બાબતે આ ચેતવણી આવી છે કે) જે લોકો સોનું-ચાંદી ભેગું કરી રાખે છે અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ નથી કરતા (એટલે કે ઝકાત નથી આપતા) બસ, તમે તેમને એક મોટી દર્દનાક સજાની ખબર સંભળાવી આપો જે તે દિવસે ઉપસ્થિત થશે કે તેમને દોઝખની આગમાં (પ્રથમ) તપાવવામાં આવશે, પછી તેનાથી તે લોકોની પેશાનીઓ અને તેમના પડખાંઓ અને તેમની પીઠોને ડામ આપવામાં આવશે (અને એ બતાવવામાં આવશે કે) આ તે છે જેને તમે પોતાના માટે ભેગું કરી રાખ્યું હતું બસ, હવે તેને ભેગું કરવાની મજા ચાખો !

મસ્અલા અને બોધપાઠ :

આ ચારે આયતોમાં યહૂદ અને નસારાના આલિમો અને દુરવેશો (રાહિબો)ની ગુમરાહી અને તેમની કુફ્રિય્યહ પ્રવૃત્તિઓનું વર્ણન છે. اَحْبَار (અહબાર) એ حِبْر (હિબ્ર)નું બહુવચન છે અને رُهْبَان (રુહબાન) એ رَاهِب (રાહિબ)નું બહુવચન છે. "હિબ્ર" યહૂદી અને નસારાના આલિમો અને રાહિબ તેમના ઈબાદત કરનાર દુરવેશોને કહેવામાં આવે છે.

પ્રથમ આયતમાં ફરમાવ્યું કે, આ લોકોએ અલ્લાહને છોડીને પોતાના ધર્મગુરૂ અને પૂજાપાઠ કરનાર લોકોને પોતાના મઅ્બૂદ બનાવી રાખ્યા છે, એ જ પ્રમાણે હઝરત ઈસા ઈબ્ને મરયમ (અલૈ.)ને પોતાના ખુદા બનાવી લીધા છે, હઝરત ઈસા ઈબ્ને મરયમ (અલૈ.)ને ખુદા અથવા મઅ્બૂદ બનાવવું તો એટલા માટે જાહેર છે કે તેઓ તેમને અલ્લાહના બેટા માને અને કહે છે અને દુરવેશોને મઅ્બૂદ બનાવવાની જે માન્યતા તેમના માટે અત્રે વર્ણન થઈ છે, જો કે તેઓ

ખુલ્લમ-ખુલ્લી રીતે તેમને પોતાના રબ્બ કહેતા ન હતા, તેનું કારણ એ છે કે તેઓ તેમનું આજ્ઞાપાલન એ રીતે કરતા હતા કે, જે માત્ર અલ્લાહ જલ્લ શા'નુહૂનો જ હક છે, તેમણે તે હકને તેમના હવાલે કરી દીધો હતો કે દરેક પરિસ્થિતિમાં તે દુરવેશોનું આજ્ઞાપાલન કરતા હતા, ભલે તેમનું નિવેદન અને હુકમ અલ્લાહ અને રસૂલ ﷺના વિરુદ્ધ કેમ ન હોય, આથી એ દેખીતું છે કે કોઈનું આ પ્રમાણે આજ્ઞાપાલન કરવું કે તે અલ્લાહ અને રસૂલ ﷺના ફરમાનો વિરુદ્ધ કંઈ કહે તો પણ તેને માનવું એ દેખીતું છે કે આ એવું જ ગણાશે જેમકે કોઈએ તેમને પોતાના પરવરદિગાર અને મઅ્બૂદ સમજી લીધા છે જે ઉઘાડું કુફ્ર છે.

આથી જાણ થઈ કે દીનના મસ્અલાઓમાં અજ્ઞાન જનતા માટે ઉલમાના ફતવાઓનું અનુસરણ અથવા ઈજ્તિહાદી મસ્અલાઓમાં મુજ્તહિદોનું અનુસરણ કરવાની બાબતને આ આયત સાથે કોઈ સંબંધ નથી, કારણ કે આ અનુસરણ અને આજ્ઞાપાલન વાસ્તવમાં અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના હુકમોનું જ અનુસરણ હોય છે. વિદ્વાન અને સીધા માર્ગ ઉપર ચાલનાર વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલ ﷺના કલામને જોઈને તેના ઉપર અમલ કરે છે અને નાવાકિફ સામાન્ય જનતા ઈલ્મવાળાઓને પૂછીને તેમના હુકમો ઉપર અમલ કરે છે અને ઈલ્મવાળાઓ અને જેઓ ઈજ્તિહાદની કક્ષાએ નથી પહોંચ્યા તેઓ પણ ઈજ્તિહાદી મસ્અલાઓમાં મુજ્તહિદીન ઈમામોનું અનુસરણ કરે છે, આ આજ્ઞાપાલન અને અનુસરણ પોતે કુર્આન શરીફના હુકમ પ્રમાણે છે અને અલ્લાહ તઆલાની જ તાબે'દારી છે, જેમકે ઈરશાદ છે, فَاسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ (૧૬ : ૪૩) એટલે કે, જો તમે પોતે અલ્લાહ અને તેના રસૂલ ﷺના હુકમો નથી જાણતા તો ઈલ્મવાળાઓને પૂછીને અમલ કર્યા કરો.

યહૂદીઓ અને નસારાની સામાન્ય જનતાએ અલ્લાહની કિતાબ અને અલ્લાહ તથા રસૂલના હુકમોને બિલકુલ ઉપેક્ષિત કરીને પોતાના સ્વાર્થ તથા ધંધાદારી આલિમો અથવા જાહિલ પૂજાપાઠ કરનારાઓના નિવેદનો અથવા પ્રવૃત્તિઓને જ પોતાનો દીન બનાવી લીધો હતો તેમની ટીકા આ આયતમાં કરવામાં આવી છે.

ત્યારબાદ ફરમાવ્યું કે, આ લોકોએ એવી ગુમરાહી અપનાવી જ્યારે કે

તેમને અલ્લાહ તઆલા તરફથી માત્ર એક અલ્લાહની ઈબાદત કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો અને તે બધી જ વસ્તુઓના શિર્કથી પાક છે જે આ લોકો અલ્લાહ માટે ભાગીદાર ઠરાવે છે.

આ આયતમાં તો તેમની બાતિલની અને ગૈરૂલ્લાહની તાબે'દારી તથા આજ્ઞાપાલનનું વર્ણન હતું, ત્યાર પછીની આયતમાં તેમની એક બીજી ગુમરાહીનો ઉલ્લેખ છે કે આ લોકો ફક્ત એટલેથી બસ નથી કરતા કે, પોતે ગુમરાહીમાં પડી રહે છે બલકે હિદાયત અને સત્ય ધર્મનો નાશ કરવા અને તેને રદ કરવા માટેની કોશીશો કરતા રહે છે, એ જ વિષયને ઉદાહરણ સ્વરૂપે આ રીતે ઉલ્લેખ કર્યો છે કે આ લોકો પોતાના મોંઢાની ફૂંકો વડે અલ્લાહના નૂર (દીને ઈસ્લામના પ્રકાશ)ને બુઝાવવા ઈચ્છે છે, જ્યારે કે તે તેમના સામર્થ્યની વાત છે જ નથી; અલ્લાહ તઆલા એવું નક્કી કરી ચૂક્યો છે કે પોતાના નૂર એટલે કે દીને ઈસ્લામના પ્રકાશને પૂર્ણ કરીને જ રહેશે, ભલે કાફિર લોકોને કેટલોય અણગમો ઉપજે.

ત્યાર પછી ત્રીજી આયતના વિષયનો ખુલાસો પણ એ જ છે કે, અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને હિદાયતનો સામાન એટલે કે, કુર્આન અને દીને હક, એટલે કે સત્ય ધર્મ ઈસ્લામ આપીને એટલા માટે મોકલ્યા છે જેથી તેને દુનિયાના બાકીના બધા જ ધર્મો ઉપર ગાલિબ કરી (વર્ચસ્વ અપાવી) દે. લગભગ આ જ શબ્દો સાથે કુર્આને કરીમમાં અનેક આયતો આવી છે જેમાં એ વાયદો છે કે, દીને ઈસ્લામને દુનિયાના બધા જ ધર્મો ઉપર ગાલિબ કરવામાં આવશે (વર્ચસ્વ આપવામાં આવશે).

તફસીરે મઝહરીમાં છે કે, દીને ઈસ્લામને દુનિયાના અન્ય તમામ ધર્મો ઉપર ગાલિબ કરવાની ખુશખબરી મોટા ભાગે યુગ પરિવર્તન અને પરિસ્થિતિઓને આધીન છે, જેમકે હઝરત મિકદાદ (રદિ.)ની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "પૃથ્વી પટ ઉપર કોઈ કાચું મકાન (સુદ્ધાં) એવું બાકી નહીં રહેશે જેમાં ઈસ્લામનો કલિમો પ્રવેશ નહીં પામી જાય આબરૂદારોની આબરૂની સાથે અને ઝલીલ લોકોની ઝિલ્લત સાથે; જેને અલ્લાહ તઆલા ઈજ્જત આપશે તે મુસલમાન થઈ જશે અને જેને અપમાનિત કરવો હશે તે ઈસ્લામ તો સ્વીકારશે નહીં પરંતુ ઈસ્લામની હુકૂમતના તા'બામાં આવશે."

એટલા માટે અલ્લાહનો આ વાયદો પૂર્ણ થયો એક હજાર વર્ષો સુધી લગભગ ઈસ્લામની જાહોજલાલી સમગ્ર દુનિયા ઉપર છવાયેલી રહી.

રસૂલે કરીમ ﷺ અને સલફે સાલિહીનના સમયકાળમાં તો આ નૂરની પૂર્ણતાનો જાત અનુભવ સમગ્ર દુનિયા કરી ચૂકી છે અને ભવિષ્યમાં પણ દલીલો અને વાસ્તવિકતાઓના આધારે દરેક યુગમાં દીને ઈસ્લામ એવો સંપૂર્ણ ધર્મ છે કે, કોઈ તટસ્થ બુદ્ધિ ધરાવનાર વાસ્તવવાદી તેના ઉપર કોઈ વાંધો ઉઠાવી શકતો નથી, એટલા માટે કાફિરોના વિરોધ-વંટોળ હોવા છતાં આ સત્ય ધર્મ પોતાના સત્ય હોવાની બધી જ દલીલો દરેક પ્રકારે આપીને હંમેશાથી ગાલિબ છે અને વર્ચસ્વ ધરાવે છે અને જ્યારે પણ મુસલમાનો આ દીનની સંપૂર્ણ પેરવી કરે તો તેમનો જાહેર ગલબો અને હુકૂમત તથા સત્તા પણ તેના પરિણામો સ્વરૂપે મળતી વસ્તુ છે, જેમકે ઈસ્લામના ઈતિહાસનો અનુભવ એ બાબતની સાક્ષી છે કે જ્યારે પણ મુસલમાનોએ કુર્આન અને સુન્નત ઉપર સંપૂર્ણ અમલ કર્યો તો કોઈ પહાડ, કોઈ દરિયા તેમના અડગ નિર્ધારના માર્ગમાં અડચણ નથી બની શક્યા અને તેઓ સમગ્ર દુનિયા ઉપર છવાઈ ગયા અને જ્યારે કદીપણ, જ્યાં કંઈ પણ તેમને પરાજય અથવા પીછેહઠ કરવાની નોબત આવી છે તો તે કુર્આન અને સુન્નતના હુકમોથી ગફલત અને બેદરકારી કરવાના ખરાબ પરિણામ સ્વરૂપે જ છે જે તેમની સામે આવી; દીને હક તો પણ પોતાના સ્થળે વર્ચસ્વ ધરાવનાર અને અડગ અચળ છે.

ચોથી આયતમાં મુસલમાનોને સંબોધન કરીને યહૂદીઓ અને નસારાના આલિમો અને મશાઈખોની એવી પરિસ્થિતિનું વર્ણન છે જેના કારણે જનતામાં ગુમરાહી ફેલાઈ. મુસલમાનોને સંબોધન કરવાથી કદાચ એ તરફ ઈશારો છે કે, જો કે આ પરિસ્થિતિ યહૂદીઓ અને નસારાના ઉલમા અને રાહિબોની વર્ણન થઈ રહી છે પરંતુ મુસલમાન આલિમોએ પણ તેનાથી ચેતેલા રહેવું જોઈએ કે, ક્યાંક તેમની પરિસ્થિતિ પણ તે લોકો જેવી ન થઈ જાય.

આ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, યહૂદીઓ અને નસારાના ઘણા બધા ઉલમા અને મશાઈખની એવી હાલત છે કે બાતિલ પદ્ધતિઓથી લોકોનો માલ ખાય છે અને અલ્લાહના સીધા માર્ગથી તેમને રોકે છે.

યહૂદીઓ અને નસારાના મોટા ભાગના આલિમો અને રાહિબોની એ જ પરિસ્થિતિ હતી અને એવી પરિસ્થિતિમાં સામાન્ય રીતે રહેનારા બધાને જ ખરાબ કહી શકાય છે પરંતુ કુર્આને કરીમે આ સ્થળે શબ્દ كَثِيْرًا (કસીરન)નો વધારો કરીને મુસલમાનોના દુશ્મનોના મા'મલામાં પણ કાળજીથી ઉચ્ચારવાની પ્રેરણા આપી છે કે એવી હાલતને બધા લોકો સાથે જોડીને ન બતાવી, બલકે એવું ફરમાવ્યું કે તેમનામાંથી ઘણા લોકો આવું કરે છે, તેમની ગુમરાહી એ બતાવવામાં આવી કે તેઓ લોકોનો માલ બાતિલ (નાહક) પદ્ધતિથી ખાય છે, આ પદ્ધતિથી અર્થ એ છે કે આ લોકો અમુક સમયે અલ્લાહના હુકમોને છુપાવીને ફેરબદલ કરવાનું પણ કાર્ય કરતા હતા તેના ઉપર વધારે ખરાબ તેમની ગુમરાહી એ બતાવવામાં આવી છે કે, આ કમ્બખ્ત લોકો ફક્ત પોતે જ ગુમરાહ નથી બલકે અન્ય હિદાયતના ઈચ્છુક લોકોને અલ્લાહના માર્ગથી અટકાવવાનું કારણ પણ બને છે, કારણ કે જ્યારે લોકો પોતાના ધાર્મિક પેશ્વાઓને આવી પ્રવૃત્તિઓ કરતા જુએ છે તો તેમનામાં પણ સત્યના અનુસરણની ભાવના મરી પરવારે છે, તદુપરાંત તેમના ખોટા ફતવાઓના આધારે તેઓ ગુમરાહી અને ભૂલને જ સીધું અને સત્ય સમજવા લાગે છે.

યહૂદીઓ અને નસારાના આલિમો અને દુરવેશોની આ બીમારી કે તેઓ પૈસાની લાલચમાં જૂઠા ફતવાઓ આપે છે, દુનિયાની લાલચના કારણે તેમનામાં માલની મહોબ્બત જન્મી હતી એટલા માટે પ્રસ્તુત આયતમાં માલની મહોબ્બતમાં ઓત-પ્રોત થવાનું ખરાબ પરિણામ અને તેના ભયંકર અઝાબનું વર્ણન થયું છે અને એ બીમારીથી છુટકારો પ્રાપ્ત કરવાનો તરીકો પણ બતાવવામાં આવ્યો છે. ઈરશાદ છે وَالَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُوْنَهَا فِىْ سَبِيْلِ اللّٰهِ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ એટલે કે, જે લોકો સોના-ચાંદી ભેગી કરી રાખે છે અને તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ નથી કરતા તેમને દર્દનાક અઝાબની આગાહી સંભળાવી દો.

وَلَا يُنْفِقُوْنَهَا ના શબ્દોથી એ તરફ ઈશારો થયો છે કે, જે લોકો આવશ્યકતા અનુસાર અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે તો બાકી બચેલો માલ તેમના માટે નુકસાનકર્તા નથી.

હદીષમાં પોતે રસૂલે કરીમ ﷺએ ઈરશાદ ફરમાવ્યું કે, "જે માલની ઝકાત અદા કરવામાં આવે તે كَنَزْتُمْ (કનઝ્તુમ)માં સામેલ નથી."

(અબૂ દાવુદ, અહમદ વગેરે)

આથી જાણ થાય છે કે, ઝકાત કાઢયા પછી જે માલ બાકી રહે તેને ભેગો કરવો કોઈ ગુનોહ નથી.

જમહૂર ફુકૂહા અને ઈમામોનો આ જ મસ્લક છે. وَلَا يُنْفِقُوْنَهَا (વલા યુન્ફિકૂનહા)ની જમીર فِضَّة (ફિદહ) તરફ રાજેઅ્ છે જેનો અર્થ "ચાંદી" થાય છે, ઉપરોક્ત સોના અને ચાંદી બંનેનો ઉલ્લેખ હતો પરંતુ જમીર ફક્ત ચાંદી તરફ રાજેઅ્ થઈ ગઈ. તફસીરે મઝહરીમાં તેનો ઈશારો એ બાબતને ઠરાવવામાં આવ્યો છે કે, જ્યારે કોઈ વ્યક્તિની પાસે સોનું અને ચાંદી થોડું-થોડું ઉપસ્થિત હોય તો ચાંદીને ગણતરીમાં લેવામાં આવશે, સોનાની કિંમત પણ ચાંદીના હિસાબથી લગાવીને ઝકાત અદા કરવામાં આવશે.

પાંચમી આયતમાં એ ભયંકર અઝાબની વિગત આ રીતે વર્ણન કરવામાં આવી છે, يَوْمَ يُحْمٰى عَلَيْهَا فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ وَجُنُوْبُهُمْ وَظُهُوْرُهُمْ ۭ هٰذَا مَا كَنَزْتُمْ لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ۝ એટલે કે, ઝકાત અદા ન કરનારને એ દિવસે ભયંકર અઝાબ થશે જ્યારે કે તેમના ભેગા કરેલા સોના-ચાંદીને જહન્નમની આગમાં તપાવવામાં આવશે પછી તેમની પેશાનીઓ, પડખાંઓ અને પીઠો ઉપર ડામવામાં આવશે અને તેમને મૌખિક સજા સ્વરૂપે કહેવામાં આવશે કે આ તે વસ્તુ છે જે તમે પોતાના માટે ભેગી કરી હતી, બસ પોતાની ભેગી કરેલી મૂડીને ચાખો ! એનાથી જાણ થઈ કે, અમલનો બદલો અમલ જ છે જે મૂડી નાજાઇઝ રીતે ભેગી કરી હતી અથવા અસલ મૂડી તો જાઇઝ હતી પરંતુ તેની ઝકાત અદા કરી ન હતી તો પોતે તે મૂડી જ તે લોકોનો અઝાબ બની ગઈ.

આ આયતમાં ડામ આપવા માટે પેશાનીઓ, પડખાંઓ અને પીઠનું વર્ણન કરવામાં આવ્યું છે, યા તો તેનો અર્થ સમગ્ર શરીર છે અથવા તો પછી આ ત્રણ વસ્તુ વિશેષ સ્વરૂપે છે કે, જે બખીલ (કંજૂસ) વ્યક્તિ પોતાની મૂડી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવા નથી ઈચ્છતો જ્યારે કોઈ ફકીર અથવા ઝકાતનો હકદાર તેની સામે આવે છે તો તેને જોઈને સૌ પ્રથમ તેની પેશાની ઉપર કરચલી પડે છે, પછી તેની આંખોથી આંખો મેળવવાના બદલે ડાબે-જમણે જુએ છે અને તેનાથી પણ જો સવાલ કરનાર ન છોડે તો તે તેના તરફ પીઠ કરે છે, એટલા માટે પેશાની, પડખાં અને પીઠ આ ત્રણ માટે અઝાબ થવાનું વિશેષરૂપે વર્ણન થયું છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૩૬-૩૭)

إِنَّ عِدَّةَ الشُّهُورِ عِندَ اللَّهِ اثْنَا عَشَرَ شَهْرًا فِي كِتَابِ اللَّهِ يَوْمَ خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ
مِنْهَا أَرْبَعَةٌ حُرُمٌ ۚ ذَٰلِكَ الدِّينُ الْقَيِّمُ ۚ فَلَا تَظْلِمُوا فِيهِنَّ أَنفُسَكُمْ ۚ وَقَاتِلُوا
الْمُشْرِكِينَ كَافَّةً كَمَا يُقَاتِلُونَكُمْ كَافَّةً ۚ وَاعْلَمُوا أَنَّ اللَّهَ مَعَ الْمُتَّقِينَ ﴿٣٦﴾ إِنَّمَا
النَّسِيءُ زِيَادَةٌ فِي الْكُفْرِ ۖ يُضَلُّ بِهِ الَّذِينَ كَفَرُوا يُحِلُّونَهُ عَامًا وَيُحَرِّمُونَهُ عَامًا
لِّيُوَاطِئُوا عِدَّةَ مَا حَرَّمَ اللَّهُ فَيُحِلُّوا مَا حَرَّمَ اللَّهُ ۚ زُيِّنَ لَهُمْ سُوءُ أَعْمَالِهِمْ ۗ وَ
اللَّهُ لَا يَهْدِي الْقَوْمَ الْكَافِرِينَ ﴿٣٧﴾

તરજુમો :

નિઃશંક ! મહિનાઓની ગણતરી અલ્લાહ નજીક બાર મહિના છે અલ્લાહના હુકમમાં જે દિવસથી તેણે આસમાન અને જમીન પેદા કર્યા હતા તેમાં ચાર મહિના અદબના છે, આ જ છે સીધો દીન; બસ તેમાં પોતાના ઉપર જુલમ ન કરો અને બધા મુશ્રિકોથી દરેક હાલતમાં લડો જેવા તેઓ તમારા સૌની સાથે દરેક હાલતમાં લડે છે અને જાણી લો કે અલ્લાહ ડરનારાઓની સાથે છે. (૩૬) આ જે મહિનો હટાવી દેવું છે બસ કુફ્રના સમયમાં વધારી દીધેલી વાત છે તેનાથી કાફિર ગુમરાહીમાં પડે છે, એ મહિનાને એક વર્ષે હલાલ કરી લે છે અને બીજા વર્ષે હરામ ઠરાવે છે જેથી તે મહિનાઓની ગણતરી પૂરી કરી લે જે અલ્લાહે અદબ માટે રાખ્યા છે, ફરી હલાલ કરી લે છે કે જે મહિનો અલ્લાહે હરામ કર્યો; તેમની દષ્ટિમાં તેમના બુરા કામ ભલા કરી દેવામાં આવ્યા અને અલ્લાહ કાફિર લોકોને માર્ગ નથી આપતો. (૩૭)

તફસીર :

ખરેખર મહિનાઓની ગણતરી (કે જે) અલ્લાહની કિતાબ (એટલે કે શરીઅતના હુકમ)માં અલ્લાહ નજીક (ભરોસાપાત્ર છે) બાર મહિના (ચંદ્રના હિસાબે) છે (અને એ કંઈ આજથી નથી બલકે) જે દિવસે અલ્લાહ તઆલાએ આસમાન અને ધરતીને પેદા કરી હતી (તે દિવસથી છે અને) તેમાં ખાસ ચાર

મહિનાઓ અદબના છે (જિલ્કદ, જિલ્હજ્જ, મુહર્રમ અને રજ્જબ), આ જ (પ્રસ્તુત હુકમ) દીને મુસ્તકીમ (સીધો દીન) છે (એટલે કે આ મહિનાઓનું બાર હોવું અને તેમાંથી ચાર મહિનાનું ખાસ કરીને અદબવાળા મહિના હોવું અને આદત વિરુદ્ધ અજ્ઞાનતામાં ક્યારેક વર્ષના મહિનાની સંખ્યા વધારી દેતા અને ક્યારેક હુરમતવાળા મહિનાની અગત્યતાને છોડી દેતા, એવું કરવું બદ્દીની છે) બસ, તમે એ બધા મહિનાઓ વિશે (દીનનો વિરોધ કરવાનો ગુનોહ કરી) પોતાનું નુકસાન ન કરજો (એટલે કે આ અજ્ઞાનતાની આદત પ્રમાણે ન કરજો) અને તે મુશ્રિકોમાંથી (જ્યારે કે એ પોતાની કુફ્રિય્યહ પ્રવૃત્તિમાં આ ખાસ આદત પણ આવી ગઈ, તે ન છોડે તો) સૌથી લડજો જેમકે તેઓ સૌ (મુસલમાનો) સાથે યુદ્ધ (કરવા માટે હંમેશા તૈયાર રહી લડાઈ) કરે છે અને (જો તેમના સમૂહ અને શસ્ત્ર-સરંજામનો ભય હોય તો) એ જાણી રાખો કે અલ્લાહ તઆલા પરહેઝગારોનો સાથીદાર છે (બસ, ઈમાન અને તકવાને પોતાનું પ્રતીક બનાવો અને કોઈનાથી ન ડરો, આગળ તેમની અજ્ઞાનતાપૂર્ણ ટેવનું વર્ણન છે કે) આ (મહિનાઓના કે જે હુરમતવાળા છે તેમને આગળ-પાછળ) હટાવી દેવું કુફ્રમાં વધારે પ્રગતી કરવું છે જેનાથી (સામાન્ય જનતાને) કાફિરો ગુમરાહ કર્યે જાય છે (એ રીતે) કે તેઓ આ મહિનાને કોઈ વર્ષે (વ્યક્તિગત સ્વાર્થ હેતુ) હલાલ કરી લે છે અને કોઈ વર્ષે (જ્યારે કોઈ સ્વાર્થ ન હોય ત્યારે) હરામ સમજે છે જેથી અલ્લાહ તઆલાએ જે મહિનાઓ હરામ કર્યા છે (ફક્ત) તેની ગણતરી (કોઈ પ્રકારના મહિના નક્કી કર્યા વિના) પૂરી કરી લે છે, પછી (જ્યારે કોઈ મહિનો નક્કી જ ન રહ્યો તો) અલ્લાહના હરામ કરેલા મહિનાઓને હલાલ કરી લે છે, તેમની (આ) દુષ્ટતા તેમને ભલી જણાય છે (અને તેઓના કુફ્ર ઉપર ડટેલા રહેવાથી તેમના વિશે દિલગીર થવું લાભરહિત છે, કારણ કે) અલ્લાહ તઆલા એવા કાફિરોને હિદાયત(ની તવફીક) નથી આપતો (કારણ કે તેઓ પોતે સીધા માર્ગે આવવા ઈચ્છતા નથી).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં કાફિરો અને મુશ્રિકોના કુફ્ર, શિર્ક, ગુમરાહી તથા દુષ્ટ કર્મોનું વર્ણન હતું, આ બે આયતોમાં પણ એ જ ક્રમનો એક વિષય અને અજ્ઞાનતાકાળના અરબના એક અજ્ઞાનતાપૂર્ણ કુરિવાજનો ઉલ્લેખ અને

મુસલમાનોને તેનાથી બચવાની સૂચના આપવામાં આવી છે. આ કુરિવાજ એક ઘટના સંદર્ભે છે, જેની વિગત એ છે કે પ્રાચીન સમયથી અગાઉના અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં વર્ષના બાર મહિનાઓ માનવામાં આવતા હતા અને તેમાંથી ચાર મહિનાઓ ખૂબ અદબવાળા, બરકતવાળા અને સન્માનનીય મહિનાઓ માનવામાં આવતા હતા, ત્રણ મહિનાઓ સતત ક્રમમાં જિલ્કદ, જિલ્હજ્જ અને મુહર્રમ હતા અને એક મહિનો રજ્જબનો હતો.

બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતો એ બાબત ઉપર સહમત છે કે, આ ચાર મહિનાઓમાં દરેક ઈબાદતોનો સવાબ વધારે હોય છે અને જો તેમાં કોઈ ગુનોહ કરે તો તેનો વબાલ અને અઝાબ પણ વધારે હોય છે, પાછલી શરીઅતોમાં આ મહિનાઓમાં યુદ્ધ કરવાની કે લોહી વહાવવાની મનાઈ હતી.

મક્કએ મુકર્રમહના અરબો કારણ કે, હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના માધ્યમથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની અવલાદ છે એટલા માટે એ સૌ લોકો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની નુબુવ્વત અને રિસાલતને માનતા હતા અને તેમની શરીઅતના અનુયાયી હોવાનો દા'વો કરતા હતા અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની શરીઅતમાં આ ચાર મહિનાઓ એટલે કે, જે મહિનાઓમાં યુદ્ધ, ખૂનામરકી, શિકાર વગેરેની મનાઈ હતી અજ્ઞાનતાકાળના અરબો માટે એ હુકમનું પાલન કરવું સખત મુશ્કેલ હતું કે અજ્ઞાનતાના યુગમાં લડાઈ, ખૂનામરકી જ તેમનો ધંધો બનીને રહી ગયો હતો એટલા માટે તેમાં સરળતા પેદા કરવા માટે તેમણે એવા સ્વાર્થી અને જાત-જાતના હિલાઓ, છટકબારીઓ કાઢી કે ક્યારેક આ અદબવાળા મહિનાઓમાં જો યુદ્ધની આવશ્યકતા ઊભી થાય અથવા તો લડતાં-લડતાં વચ્ચે આ મહિનાઓ આવી જાય તો કહી આપતા હતા કે, આ વર્ષે આ મહિનાઓ હરામ નથી થયા આગલા વર્ષે હરામ થશે, દાખલા તરીકે મુહર્રમ આવી જાય તો કહેતા કે મુહર્રમનો મહિનો હરામ નથી બલકે, સફરનો મહિનો હરામ થશે અને વધારે આવશ્યકતા પડે તો કહેતા કે, રબિઉલ અવ્વલ હરામ થશે અથવા એવું કહેતા કે, આ વર્ષે સફરનો મહિનો પહેલો આવી ગયો મુહર્રમ પછી આવશે, આ રીતે મુહર્રમને સફર બનાવી લેતા. મતલબ કે, વર્ષના અદબવાળા ચાર મહિના તો પૂરા કરતા હતા પરંતુ અલ્લાહના નક્કી કરેલ ક્રમની કાળજી લેતા ન હતા, જે મહિનાને ઈચ્છે જિલ્હજ્જ કહી દેતા અને જેને ઈચ્છે રમઝાન કહી

દેતા, જેને ઇચ્છે આગળ કરી દેતા, જેને ઇચ્છે પાછળ કરી દેતા અને ક્યારેક વધારે જરૂરત ઉપસ્થિત થાય, દાખલા તરીકે ચાલુ લડાઈએ દશ મહિના પસાર થઈ જાય તો વર્ષના ફક્ત બે જ મહિનાઓ બાકી રહેતા, આથી તે વર્ષના બીજા બે મહિના વધારી દેતા અને કહેતા કે આ વર્ષ તો ૧૪ મહિનાનું થશે, આ પ્રમાણે બાકીના ચાર મહિનાઓને હુરમતવાળા મહિનાઓ બનાવી લેતા હતા.

મતલબ કે, દીને ઈબ્રાહીમી (અલૈ.)નું એટલું તો સન્માન કરતા હતા કે વર્ષમાં ચાર મહિનાઓનું સન્માન કરતા અને તેમાં યુદ્ધ કે ખૂનામરકી કરતા ન હતા પરંતુ અલ્લાહ તઆલાએ જે મહિનાઓનો ક્રમ નક્કી કર્યો અને એ જ ક્રમથી ચાર મહિનાઓને હુરમતવાળા મહિનાઓ ઠરાવ્યા તેમાં જાત-જાતની યુક્તિઓ અને છટકબારીઓ શોધી પોતાનો સ્વાર્થ પૂરો કરતા હતા.

તેનું પરિણામ એ આવતું કે, આ યુગમાં એ બાબતની વિશેષતા મુશ્કેલ થઈ ગઈ હતી કે કયો મહિનો રમઝાન અથવા શવ્વાલનો છે અને કયો મહિનો જિલ્કદ, જિલ્હજ્જ અથવા રજ્જબનો છે ? હિજરતના આઠમાં વર્ષે જ્યારે મક્કએ મુકર્રમહનો વિજય થયો અને નવમાં વર્ષે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ને હજ્જના મોસમમાં સૌ કાફિરો અને મુશ્રિકો સાથે કરારભંગ અને સંબંધ વિચ્છેદની જાહેરાત માટે મોકલ્યા તો આ મહિનો સાચી ગણતરી પ્રમાણે જો કે જિલ્હજ્જનો મહિનો હતો પરંતુ અજ્ઞાનતાના તે જ જૂના રિવાજ પ્રમાણે આ મહિનો જિલ્કદનો ઠરાવવામાં આવ્યો અને આ વર્ષ તેમની નિકટ જિલ્હજ્જના બદલે જિલ્કદનો નક્કી થયો હતો, પછી જ્યારે સન હિજરી ૧૦માં રસૂલે કરીમ ﷺ હજ્જતુલ વદાઅ્ માટે ગયા તો કુદરતી રીતે એવી વ્યવસ્થા બની ગઈ કે, મહિનો અસલ જિલ્હજ્જનો હતો, અજ્ઞાનતાના હિસાબમાં પણ તે જિલ્હજ્જ જ ઠરાવવામાં આવ્યો હતો. એટલા માટે રસૂલે કરીમ ﷺએ પોતાના મિનાના ખુત્બામાં ઈરશાદ ફરમાવ્યો, اَلا اِنَّ الزَّمَانَ قَدِاسْتَدَارَ كَهَيْئَةِ يَوْمِ خَلَقَ اللّٰهُ السَّمٰوٰتِ وَالْاَرْض એટલે કે, સમય ફરી-ફરીને પાછો પોતાના અસલ ચક્ર ઉપર આવી ગયો જેના ઉપર તેને અલ્લાહ તઆલાએ જમીન અને આસમાનની ઉત્પત્તિઓના સમયે રાખ્યો હતો, એટલે કે જે મહિનો અસલ જિલ્હજ્જનો હતો અજ્ઞાનતાવાળાઓ નજીક પણ તે જ મહિનો જિલ્હજ્જનો મહિનો ઠર્યો.

આ હતો તે અજ્ઞાનતાનો કુરિવાજ જે મહિનાઓની સંખ્યા અને ક્રમ તથા

તેના નક્કી સમયમાં ઓછું-વત્તું તથા ફેરબદલ કરવા વિશે હતો, જેના કારણે તે બધા જ શરીઅતના હુકમોમાં ખલેલ પડતો હતો જે કોઈ ખાસ મહિના અને તેની ખાસ તારીખ સાથે સંબંધિત છે અથવા જે વર્ષની શરૂઆત અથવા પૂર્ણ થવા સાથે સંબંધિત છે, દાખલા તરીકે અશ્રએ જિલ્હજજમાં હજ્જના હુકમો અને અશ્રએ મુહર્રમમાં રોઝાના હુકમો અને વર્ષ પૂર્ણ થવાથી ઝકાતના હુકમો વગેરે લાગુ પડે છે.

વાત તો સાવ ટૂંકી હતી કે મહિનાઓના નામ બદલીને આગળ-પાછળ કરી દેતા હતા, મુહર્રમને સફર અને સફરને મુહર્રમ બનાવી દેતા હતા પરંતુ તેના પરિણામે સેંકડો શરીઅતના હુકમોની ફેરબદલી થઈને અમલ બરબાદ થઈ ગયા. કુર્આને મજીદની આ બે આયતોમાં જાહિલિયતના કુરિવાજની ખરાબી અને તેનાથી મુસલમાનોને બચવાની સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

પ્રથમ આયતમાં ઈરશાદ છે, اِنَّ عِدَّةَ الشُّهُوْرِ عِنْدَ اللّٰهِ اثْنَا عَشَرَ شَهْرًا તેમાં શબ્દ عِدَّةٌ (ઈદ્દત) એ સંખ્યાના અર્થમાં છે અને شُهُوْر (શુહૂર) એ شَهْر (શહ્ર)નું બહુવચન છે. "શહ્ર"નો અર્થ "મહિનો" છે. તેનો અર્થ એ છે કે, અલ્લાહ તઆલા સમીપ મહિનાઓની સંખ્યા બાર નક્કી છે, તેમાં કોઈને વત્તુ-ઓછું કરવાનો કોઈ અધિકાર નથી.

ત્યારબાદ فِىْ كِتٰبِ اللّٰهِ (ફિ કિતાબિલ્લાહ)નો શબ્દ વધારીને બતાવવામાં આવ્યું કે, આ વાત "અઝલ"થી "લવહે મહફૂઝ"માં લખવામાં આવી હતી, પછી يَوْمَ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ ફરમાવીને ઈશારો કરવામાં આવ્યો કે, અલ્લાહનો નિર્ણય આ વિષય સંદર્ભે જો કે, અઝલથી લાગુ પડી ચૂક્યો હતો પરંતુ આ મહિનાઓનો ક્રમ અને તેની ગોઠવણી તે સમયે લાગુ પાડવામાં આવી જ્યારે કે આસમાન અને ધરતી પેદા કરવામાં આવ્યા.

પછી ઈરશાદ ફરમાવ્યો, مِنْهَآ اَرْبَعَةٌ حُرُمٌ એટલે કે, આ બાર મહિનાઓમાંથી ચાર મહિનાઓ હુરમતવાળા (સન્માનનીય) છે, તેમને હુરમતવાળા બે કારણોસર કહેવામાં આવ્યા. એક તો એટલા માટે કે તેમાં યુદ્ધ અને ખૂનામરકી હરામ છે, બીજું એટલા માટે કે આ બરકતવાળા મહિનાઓનું સન્માન કરવું વાજિબ છે, તેમાં ઈબાદતનો સવાબ વધારે મળે છે તેમાંથી પ્રથમ

હુકમ તો શરીઅતે ઈસ્લામમાં મન્સુખ (રદ) થઈ ચૂક્યો પરંતુ બીજો હુકમ અદબ અને સન્માન કરવાનો તથા તેમાં ઈબાદતની પાબંદી કરવાનો હજુપણ ઈસ્લામમાં બાકી છે.

હજ્જતુલ વદાઅ્ના "ખુત્બએ યવમુન્નહર"માં રસૂલે કરીમ ﷺએ આ મહિનાઓનો ખુલાસો અને સ્પષ્ટતા એ ફરમાવી કે, ત્રણ મહિના સતત ક્રમમાં છે જિલ્કદ, જિલ્હજ્જ અને મુહર્રમ તથા એક મહિનો રજ્જબ છે, પરંતુ રજ્જબના મહિનાની બાબતમાં અરબની બે પ્રથાઓ મશ્હૂર હતી, અમુક કબીલાઓ તે મહિનાને રજ્જબ કહેતા હતા જેને આપણે રમઝાન કહીએ છીએ અને કબીલએ મુદર નજીક રજ્જબ તે મહિનો હતો જે જમાદિઉલ આખર અને શાબાન વચ્ચેનો છે, આથી રસૂલુલ્લાહ ﷺએ તેને "રજ્જબે મુદર" કહીને એ સ્પષ્ટતા પણ કરી આપી કે જે જમાદિઉલ આખર અને શાબાનની વચ્ચે છે તે મહિનો રજ્જબનો છે.

ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ આ છે દીને મુસ્તકીમ; એટલે કે મહિનાઓના ક્રમની ગોઠવણી અને તેને નક્કી કરવામાં તથા દરેક મહિનાના ખાસ કરીને અદબવાળા મહિનાના જે હુકમો છે તેને અલ્લાહ તઆલાના અજલી હુકમ પ્રમાણે રાખવો જ "દીને મુસ્તકીમ" (કાયમ રહેનાર ધર્મ) છે, તેમાં પોતાના તરફથી વધતું ઓછું કરવું, ફેરફાર કરવો, ખોટી સમજ અને જૂઠી માન્યતાઓની નિશાની છે.

فَلَا تَظْلِمُوْا فِيْهِنَّ اَنْفُسَكُمْ એટલે કે, આ પવિત્ર મહિનાઓમા તમે પોતાનું નુકસાન ન કરી બેસજો કે તેના નક્કી હુકમોનું સન્માન કરી તેનો ભંગ કરી બેસો અને તેમાં ઈબાદતમાં આળસ કરો.

ઈમામ જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે, તેમાં ઈશારો એ બાબત તરફ છે કે આ બરકતવાળા મહિનાઓની ખાસિયત એ છે કે તેમાં જે વ્યક્તિ કોઈ ઈબાદત કરે છે તેને બાકીના મહિનાઓમાં પણ તવફીક અને હિંમત પ્રાપ્ત થાય છે, એ જ પ્રમાણે જે વ્યક્તિ પ્રયત્ન કરીને આ મહિનાઓમાં પોતાને ગુનાહોથી અને દુષ્કૃત્યોથી બચાવે તો વર્ષના બાકી મહિનાઓમાં તેના માટે આ બુરાઈઓથી બચવું સરળ થઈ જાય છે, એટલા માટે આ મહિનાઓથી લાભ ન ઉઠાવવો એક પ્રકારનું મોટું નુકસાન છે.

અહીંયાં સુધી મક્કાના મુશ્રિકોના એક અજ્ઞાનતાના ખાસ રિવાજનું વર્ણન

અને તેનો રદિયો હતો, અંતિમ આયત પછી એ હુકમનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે જે સૂરતની શરૂઆતમાં આપવામાં આવ્યો હતો કે, કરારની મુદત પૂર્ણ થયા પછી બધા જ મુશ્રિકો અને કાફિરો સાથે જિહાદ વાજિબ છે.

બીજી આયતમાં પણ એ જ અજ્ઞાનતાના રિવાજનું વર્ણન આ રીતે કર્યું. إِنَّمَا النَّسِىٓءُ زِيَادَةٌ فِى الْكُفْرِ શબ્દ نَسِىٓ (નસી) ક્રિયાપદ છે, જેનો અર્થ પાછળ હટાવી દેવું અથવા "પાછળની હરોળમાં કરવું" થાય છે અથવા તો "પાછળથી આવનાર" તરીકે પણ ઉપયોગ થાય છે.

અરબના મુશ્રિકોએ આ મહિનાઓને આગળ-પાછળ કરીને એવું સમજી લીધું હતું કે, આ પ્રમાણે અમારો વ્યક્તિગત સ્વાર્થ પણ સાધી શકાશે અને અલ્લાહની આજ્ઞાનું પાલન પણ થઈ જશે, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે આ તમારું મહિનાઓને આગળ-પાછળ કરવું અને પોતાના ક્રમેથી ઉલટ-સુલટ કરી દેવું કુફ્રમાં વધારો છે; જેમાં તે કાફિરોની ગુમરાહી છે અને તે ગુમરાહી વધતી ચાલે છે કે તેઓ હુરમતવાળા મહિનાઓને કોઈ વર્ષે તો હરામ ઠરાવે છે અને કોઈ વર્ષે હલાલ બનાવી લે છે. لِّيُوَاطِـُٔوا عِدَّةَ مَا حَرَّمَ اللَّهُ મતલબ એ છે કે, ફક્ત ગણતરી પૂરી કરી લેવાથી આજ્ઞાનું પાલન થતું નથી બલકે, જે હુકમ જે મહિના માટે આપવામાં આવ્યો છે તે જ મહિનામાં તેને પૂર્ણ કરવો જરૂરી છે.

હુકમો અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોથી સાબિત થયું કે, મહિનાઓનો જે ક્રમ અને આ મહિનાઓના જે નામો ઈસ્લામમાં પ્રચલિત છે તે મનુષ્યની બનાવેલી પરિભાષા નથી, બલકે અલ્લાહ રબ્બુલ આલમીને જે દિવસે આસમાન અને જમીનને પેદા કર્યા તે જ દિવસે આ ક્રમ અને તેમના નામો અને તેની સાથે ખાસ-ખાસ મહિનાઓના ખાસ-ખાસ હુકમો પણ નક્કી ઠરાવી લીધા હતા, તેનાથી એ પણ જાણ થઈ કે અલ્લાહ તઆલા નજીક શરીઅતના હુકમોમાં ચંદ્ર આધારિત મહિનાઓ માન્યતાપ્રાપ્ત છે, આ ચંદ્ર આધારિત ગણતરી ઉપર જ શરીઅતના બધા હુકમો રોઝા, હજ્જ, ઝકાત વગેરે નક્કી છે, પરંતુ કુર્આને હકીમે તારીખ અને વર્ષ નક્કી કરવા માટે જે પ્રમાણે ચંદ્રને નિશાની ઠરાવી દીધી છે એ જ પ્રમાણે સૂર્યને પણ નિશાની ઠરાવી છે, لِتَعْلَمُوا عَدَدَ السِّنِينَ وَالْحِسَابَ એટલા માટે

તારીખ અને વર્ષના હિસાબ ચંદ્ર અને સૂર્ય બંને પ્રમાણે જાઈઝ છે, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના હુકમો માટે ચંદ્રની ગણતરી પસંદ કરી અને શરીઅતના હુકમો તેના ઉપર નક્કી ઠરાવ્યા, એટલા માટે ચંદ્ર આધારિત ગણતરીને સુરક્ષિત રાખવી ફરજે કિફાયા છે, જો સમગ્ર ઉમ્મત ચંદ્ર આધારિત ગણતરી છોડીને તેને વિસારી દેશે તો સૌ ગુનેહગાર થશે અને જો તે સુરક્ષિત રહે તો અન્ય ગણતરીઓનો ઉપયોગ પણ જાઈઝ છે પરંતુ અલ્લાહની સુન્નત અને સલફે સાલિહીનની સુન્નતનો વિરોધ કરેલો જરૂર લેખાશે, એટલા માટે આવશ્યકતા વિના તેનો ઉપયોગ કરવો સારું નથી.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૩૮ થી ૪૨)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَا لَكُمْ اِذَا قِيْلَ لَكُمُ انْفِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اثَّاقَلْتُمْ اِلَى
الْاَرْضِ ۭ اَرَضِيْتُمْ بِالْحَيٰوةِ الدُّنْيَا مِنَ الْاٰخِرَةِ ۚ فَمَا مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا فِي
الْاٰخِرَةِ اِلَّا قَلِيْلٌ ﴿۳۸﴾ اِلَّا تَنْفِرُوْا يُعَذِّبْكُمْ عَذَابًا اَلِيْمًا ۙ وَّيَسْتَبْدِلْ
قَوْمًا غَيْرَكُمْ وَلَا تَضُرُّوْهُ شَيْـًٔـا ۭ وَاللّٰهُ عَلٰي كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿۳۹﴾ اِلَّا تَنْصُرُوْهُ
فَقَدْ نَصَرَهُ اللّٰهُ اِذْ اَخْرَجَهُ الَّذِيْنَ كَفَرُوْا ثَانِيَ اثْنَيْنِ اِذْ هُمَا فِي الْغَارِ
اِذْ يَقُوْلُ لِصَاحِبِهٖ لَا تَحْزَنْ اِنَّ اللّٰهَ مَعَنَا ۚ فَاَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلَيْهِ
وَاَيَّدَهٗ بِجُنُوْدٍ لَّمْ تَرَوْهَا وَجَعَلَ كَلِمَةَ الَّذِيْنَ كَفَرُوا السُّفْلٰى ۭ وَكَلِمَةُ اللّٰهِ هِيَ
الْعُلْيَا ۭ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۴۰﴾ اِنْفِرُوْا خِفَافًا وَّثِقَالًا وَّجَاهِدُوْا بِاَمْوَالِكُمْ وَ
اَنْفُسِكُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ۭ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۴۱﴾ لَوْ كَانَ عَرَضًا قَرِيْبًا
وَّسَفَرًا قَاصِدًا لَّاتَّبَعُوْكَ وَلٰكِنْۢ بَعُدَتْ عَلَيْهِمُ الشُّقَّةُ ۭ وَسَيَحْلِفُوْنَ بِاللّٰهِ
لَوِ اسْتَطَعْنَا لَخَرَجْنَا مَعَكُمْ ۚ يُهْلِكُوْنَ اَنْفُسَهُمْ ۚ وَاللّٰهُ يَعْلَمُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿۴۲﴾ ع

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમને શું થયું જ્યારે તમને કહેવામાં આવે છે કે અલ્લાહના માર્ગમાં કૂચ કરો તો જમીન ઉપર પડતું નાંખો છો, શું આખિરતને છોડીને દુનિયાની જિંદગી ઉપર ખુશ થઈ ગયા ? બસ આખિરતના મુકાબલામાં દુનિયાની જિંદગીનો નફો ઉઠાવવું કંઈ નથી પરંતુ ઘણું થોડું. (૩૮) અને જો તમે નીકળશો નહીં તો તમને દર્દનાક અઝાબ આપશે અને તમારા સિવાય બદલામાં બીજા લોકો લાવશે અને તમે તેમનું કંઈ બગાડી શકશો નહીં અને અલ્લાહ બધી વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે. (૩૯) જો તમે રસૂલની મદદ નહીં કરો તો તેમની મદદ અલ્લાહે કરી છે જે વખતે તેમને કાફિરોએ કાઢી મૂક્યા હતા કે તેઓ બેમાંના એક હતા, જ્યારે તેઓ બંને ગુફામાં હતા જ્યારે તેઓ પોતાના સાથીને કહી રહ્યા હતા, તમે ગમ ન કરો બેશક અલ્લાહ આપણી સાથે છે, પછી અલ્લાહે પોતાના તરફથી તેમના ઉપર તસ્કીન (પરમ શાંતિ) ઉતારી અને તેમની મદદે તે લશ્કરો મોકલ્યા કે તમે જોયા નહીં અને કાફિરોની વાત હેઠી પાડી અને અલ્લાહની વાત હંમેશા ઉપરવટ (ચઢિયાતી) છે અને અલ્લાહ જબરદસ્ત છે હિકમતવાળો. (૪૦) નીકળો હલકા અને ભારે અને પોતાના માલથી અને પ્રાણથી અલ્લાહના માર્ગમાં લડો આ તમારા હકમાં ઉત્તમ છે જો તમને સમજ છે. (૪૧) જો (ગનીમતનો) માલ નજીક હોત અને સફર હલકો તો તે લોકો અવશ્ય તમારી સાથે થઈ ગયા હોત પરંતુ તેમને રસ્તો લાંબો નજરે પડ્યો અને હવે અલ્લાહની કસમો ખાશે કે જો અમારાથી થઈ શક્યું હોત તો અમે અવશ્ય તમારી સાથે ચાલ્યા હોત; પોતાની જાતોને વબાલમાં નાંખે છે અને અલ્લાહ જાણે છે કે તેઓ જૂઠા છે. (૪૨)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તમને લોકોને શું થઈ ગયું છે કે જ્યારે તમને કહેવામાં આવે છે કે અલ્લાહના માર્ગમાં (જિહાદ માટે) નીકળો તો તમે જમીનને લાગી (ચોંટી) જાઓ છો, (એટલે કે ઊઠતા અને ચાલતા નથી) શું તમે આખિરતને દુનિયવી જિંદગીના બદલામાં પૂરતી સમજી લીધી ? બસ દુનિયાની જિંદગીની

કિંમત તો કંઈ પણ નથી, ખૂબ થોડી છે, જો તમે (આ જિહાદ માટે) નહીં નીકળો તો અલ્લાહ તઆલા તમને સખત સજા આપશે (એટલે કે તમને હલાક કરી દેશે) અને તમારા બદલે બીજી કોમ પેદા કરી દેશે (અને તેનાથી પોતાનું કામ લેશે) અને તમે અલ્લાહ(ના દીન)ને કંઈ નુકસાન નહીં પહોંચાડી શકો અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે, જો તમે લોકો રસૂલુલ્લાહ (ﷺ)ની મદદ નહીં કરો તો (અલ્લાહ આપ ﷺની મદદ કરશે જેમકે) અલ્લાહ તઆલા તેમની મદદ તે વખતે કરી ચૂક્યો છે જ્યારે કે (તેઓ આ પરિસ્થિતિથી વધારે મુસીબત અને તકલીફમાં હતા જેમકે) તેમને કાફિરોએ (ત્રાસ આપી-આપીને મક્કાથી) કાઢી મૂક્યા હતા, જ્યારે કે બે વ્યક્તિઓમાં એક તેઓ પોતે હતા (અને બીજા હઝરત અબૂબક્ર સિદીક રદિ. આપની સાથે હતા) જે વખતે બંને (ષૌરની) ગુફામાં (મોજૂદ) હતા, જ્યારે કે તેઓ પોતાના સાથીને કહી રહ્યા હતા કે તમે ગભરાઓ નહીં, બેશક ! અલ્લાહ તઆલા(ની મદદ) આપણી સાથે છે, બસ (તે મદદ એવી થઈ કે) અલ્લાહ તઆલાએ તેઓ(ના દિલ) ઉપર તસલ્લી નાઝિલ કરી અને તેમને (ફરિશ્તાઓના) એવા લશ્કરોથી શક્તિ આપી જેને તમે લોકોએ જોયા નથી અને અલ્લાહ તઆલાએ કાફિરોની વાત (અને યુક્તિઓ) હેઠી પાડી દીધી (કે તેઓ નિષ્ફળ રહ્યા) અને અલ્લાહ તઆલાનો બોલબાલા રહ્યો (કે તેની યુક્તિઓ અને હિફાઝત ઉપરવટ રહી) અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે (એટલા માટે તેની જ વાત અને હિકમત ઉપરવટ રહી. -જિહાદ માટે) નીકળી પડો (ભલે) થોડા સામાન સાથે (હોવ) અને (ભલે) વધારે સામાન સાથે (હોવ) અને અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને પ્રાણથી જિહાદ કરો એ તમારા માટે ઉત્તમ છે જો તમે યકીન ધરાવતા હોય (તો મોડું ન કરો), જો કંઈ હાથ લાગવાનું હોત અને મુસાફરી પણ મા'મૂલી હોત તો આ (મુનાફિક) લોકો જરૂર તમારી સાથે થઈ ગયા હોત પરંતુ તેમને તો મુસાફરી જ ખૂબ લાંબી લાગવા લાગી હતી (એટલા માટે અહીંયાં જ રહી ગયા) અને હવે (જ્યારે તમે લોકો પરત આવશો તો) અલ્લાહની કસમો ખાશે કે જો અમારી શક્તિમાં હોત તો અમે અવશ્ય તમારી સાથે ચાલ્યા હોત; આ લોકો (જૂઠું બોલી-બોલીને) પોતાની જાતને તબાહ (એટલે કે અઝાબના હકદાર) કરી રહ્યા છે અને અલ્લાહ જાણે છે કે એ લોકો ખરેખર જૂઠા છે (ખરેખર તેમની પાસે શક્તિ હતી છતાં પણ તેઓ ન ગયા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં રસૂલે કરીમ ﷺના ઘણા ગઝ્વહમાંથી એક મહત્ત્વના ગઝ્વહનું વર્ણન અને તેના સંદર્ભમાં ઘણા બધા હુકમો અને સૂચનાઓ આવી છે. આ ગઝ્વહ "ગઝ્વએ તબૂક"ના નામથી ઓળખાય છે અને આ રસૂલે કરીમ ﷺનો લગભગ અંતિમ ગઝ્વહ છે.

"તબૂક" મદીનાના ઉત્તરે સિરીયાની સરહદે એક સ્થળનું નામ હતું, તે સમયે તે ઈસાઈ રૉમનોના શાસનનું એક રાજ્ય હતું, રસૂલે કરીમ ﷺ હિજરીસન ૮માં જ્યારે ફત્હે મક્કા અને ગઝ્વએ હુનૈનથી પરવારીને મદીન-એ-તય્યિબહ પહોંચ્યા તો તે સમયે અરબ ટાપુના બધા જ મહત્ત્વના પ્રદેશ ઉપર ઈસ્લામી હુકૂમતનો ઝંડો ફરકી ચૂક્યો હતો અને મક્કાના મુશ્રિકો સામેના સતત આઠ વર્ષોના યુદ્ધ પછી હવે મુસલમાનોને થોડી શાંતિ મળી હતી.

પરંતુ જે હસ્તી વિશે અલ્લાહે પ્રથમથી જ لِيُظْهِرَهُ عَلَى الدِّينِ كُلِّهِ (૬૧:૯) નાઝિલ કરીને સમગ્ર દુનિયામાં વિજયો અને તેમાં પોતાના દીને હકને વર્ચસ્વ આપવાની ખુશખબરી આપી દીધી હતી તેમને અને તેમના સાથીઓને ફુરસદ ક્યાંથી હોય ! મદીના પહોંચતા જ સિરીયા દેશમાંથી આવનાર વેપારી લોકો જે સિરીયાથી ઝયતૂનનું તેલ લાવીને મદીના વગેરેમાં વેચતા હતા તે લોકોએ એવી ખબર પહોંચાડી કે, રૉમન બાદશાહ હિરકલે પોતાનું લશ્કર તબૂકના સ્થળે સિરીયાની સરહદ ઉપર ભેગું કરી દીધું છે અને સૈનિકોને સંપૂર્ણ એક વર્ષનો પગાર એડવાન્સ આપીને તેમને સંતોષ આપી ખુશ કરી દીધા છે તથા અરબના અમુક કબીલાઓ સાથે પણ તેમણે સાંઠ-ગાંઠ કરી લીધી છે, તેમનો ઈરાદો એવો છે કે મદીના ઉપર એક સામટું આક્રમણ કરવામાં આવે.

જ્યારે રસૂલે કરીમ ﷺને આ વાતની ખબર પહોંચી તો આપ ﷺએ ઈરાદો કરી લીધો કે તેમના આક્રમણ કરતા પહેલાં જ આપણે ત્યાં કૂચ કરીને ત્યાં જ મુકાબલો કરીએ જ્યાં તેનું લશ્કર ભેગું થયું છે.

(તફસીરે મઝહરી બ હવાલએ મુહમ્મદ ઈબ્ને યુસુફ સાલિહી)

આ સમય સંજોગોવસાત્ સખત ગરમીની ઋતુનો સમય હતો અને મદીનાના લોકો મોટે ભાગે ખેડૂતો હતા, તેમની ખેતીઓ અને બગીચાઓના ફળો

પાકી રહ્યા હતા જેના ઉપર તેમના અર્થકારણનો એક વર્ષનો આધાર હતો અને એ પણ ખબર છે કે જે રીતે નોકરી કરનાર લોકોના ખિસ્સા મહિનાના અંતે ખાલી થઈ જતા હોય છે એ જ પ્રમાણે ખેડૂત લોકો પણ વર્ષના પૂર્ણ થવાના સમયે ખાલી હાથે હોય છે, એક બાજુ તંગી અને બીજી બાજુ આવક બિલકુલ નજીકમાં જ થવાની ઉમ્મીદ તેના ઉપર વધારે સખત ગરમી આ કોમ માટે જેમને અત્યાર સુધી એક દુશ્મન કોમ સાથે આઠ વર્ષો સતત યુદ્ધોમાં પસાર કર્યા પછી થોડી રાહતની તક મળી હતી હવે એક સખત ધૈર્યની કસોટી સામે આવી હતી.

પરંતુ સમયનો તકાદો હતો અને આ જિહાદ પોતે એક આગવા પ્રકારની અને અગાઉના બધા યુદ્ધો કરતા વિશિષ્ટ પ્રકારની હતી કે, પ્રથમ તો પોતાના જ લોકો સાથે યુદ્ધ થતું હતું અને અહીંયાં રૉમન બાદશાહ હિરકલની કેળવણી પામેલા ટ્રેનીંગ લીધેલા સૈનિકો સાથે મુકાબલો હતો, આથી રસૂલે કરીમ ﷺએ મદીન-એ-તય્યિબહના બધા જ મુસલમાનોને આ જિહાદ માટે નીકળવાનો હુકમ આપ્યો અને અમુક આજુબાજુના અન્ય કબીલાઓને પણ જિહાદમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું.

આ જાહેર એ'લાન ઈસ્લામના ફિદાકારો માટે એક સખત કસોટી હતી અને મુનાફિક દાવે'દારોને અલગ તારવવાની તક હતી. તે ઉપરાંત તેનું ચોક્કસ પરિણામ એ હતું કે ઈસ્લામનો કલિમો પઢનારાઓની પરિસ્થિતિ તેમનાથી અલગ થઈ ગઈ. કુર્આને કરીમે તેમની દરેકની પરિસ્થિતિ વિશે અલગ-અલગ ઈરશાદ ફરમાવ્યા છે.

એક હાલત તો તે સંપૂર્ણ અને મો'મિન લોકોની હતી જેઓ કોઈપણ જાતના ખચકાટ વિના જિહાદ માટે તૈયાર થઈ ગયા, બીજા તે લોકો જેઓ શરૂઆતમાં અમુક ખચકાટ અનુભવ્યા પછી સાથે થઈ ગયા. આ બંને વર્ગ વિશે કુર્આને ફરમાવ્યું اَلَّذِيْنَ اتَّبَعُوْهُ فِىْ سَاعَةِ الْعُسْرَةِ مِنْۢ بَعْدِ مَا كَادَ يَزِيْغُ قُلُوْبُ فَرِيْقٍ مِّنْهُمْ (૯ : ૧૧૭) એટલે કે, તે લોકો વખાણને પાત્ર છે જેમણે સખત તંગીના સમયે રસૂલે કરીમ ﷺનું અનુસરણ કર્યું તે પછી કે તેમનામાંના એક વર્ગના દિલો ભૂલ કરવા લાગ્યા હતા.

ત્રીજી હાલત તે લોકોની હતી જે કોઈ સાચા કારણના લીધે આ જિહાદમાં

ન જઈ શક્યા, તેમના વિશે કુર્આને આયત لَيْسَ عَلَى الضُّعَفَاءِ وَلَا عَلَى الْمَرْضٰى (૯ : ૯૧)માં તેમના ન જઈ શકવાના કારણનો સ્વીકાર કરવાની જાહેરાત કરી.

ચોથો પ્રકાર તે લોકોનો હતો જેઓ કોઈપણ પ્રકારનું કારણ ન હોવા છતાં આળસના કારણે જિહાદમાં સામેલ ન થયા, તેમના વિશે અનેક આયતો નાઝિલ થઈ. اٰخَرُوْنَ مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ (૯:૧૦૨) અને اٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ (૯:૧૦૬) અને وَعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا.... (૯:૧૧૮) ત્રણે આયતો આ જ લોકો વિશે નાઝિલ થઈ, જેમાં તેમની આળસ ઉપર ચેતવણી અને નારાજગી પણ હતી અને અંતે તેમની તવબહ સ્વીકાર થવાની ખુશખબરી પણ !

પાંચમો વર્ગ મુનાફિકોનો હતો જે પોતાના નિફાક (દોગલાપણા)ના કારણે આ સખત પરીક્ષાની ઘડીમાં પોતાના નિફાકને છુપાવી ન શક્યા અને જિહાદમાં સામેલ થવાથી અળગા રહ્યા, આ વર્ગનું વર્ણન ઘણી બધી આયતોમાં આવ્યું છે.

છઠ્ઠા પ્રકારનો વર્ગ તે મુનાફિકોનો હતો જેઓ જાસૂસી અને શરારત માટે મુસલમાનોની સાથે થઈ ગયા તેમની હાલતનું વર્ણન કુર્આનની આ આયતોમાં છે. وَفِيْكُمْ سَمّٰعُوْنَ لَهُمْ (૯:૪૭), وَلَئِنْ سَاَلْتَهُمْ لَيَقُوْلُنَّ (૯:૬૫), وَهَمُّوْا بِمَا لَمْ يَنَالُوْا (૯:૭૪)

પરંતુ આ બધી સખ્તી અને તકલીફ છતાં જિહાદમાં ભાગ લેવાથી અળગા રહેનાર લોકોની કુલ સંખ્યા તો પણ નામની જ હતી, મોટી બહુમતી તે જ મુસલમાનોની હતી જેઓ પોતાના સઘળા લાભ અને રાહતોને કુરબાન કરીને અલ્લાહના માર્ગમાં દરેક પ્રકારની તકલીફ બરદાશ્ત કરવા માટે તૈયાર થઈ ગયા, એટલા માટે આ જિહાદમાં નીકળનાર ઈસ્લામી લશ્કરની સંખ્યા ત્રીસ હજાર હતી જે આ અગાઉ કોઈપણ જિહાદમાં ભેગી થઈ ન હતી.

આ જિહાદનું પરિણામ એ આવ્યું કે, જ્યારે રૉમન બાદશાહ હિરકલને મુસલમાનો આટલી મોટી સંખ્યામાં મુકાબલા માટે આવવાની ખબર પહોંચી તો તેના ઉપર રુઆબ છવાઈ ગયો અને તે મુકાબલા માટે ન આવ્યો. રસૂલે કરીમ ﷺ પોતાના ફરિશ્તા સિફત સહાબએ કિરામ (રદિ.)ના લશ્કર સાથે અમુક દિવસ યુદ્ધના મોરચા ઉપર થોભીને જ્યારે વિરોધીઓ મુકાબલા ઉપર આવવાથી હતાશ થઈ ગયા તો પરત આવ્યા.

જે આયતો ઉપર લખવામાં આવી છે, દેખીતી રીતે તેનો સંબંધ આ ચોથા

વર્ગના લોકોથી છે જેઓ કોઈ સાચા કારણ વિના પોતાની સુસ્તી અને આળસના કારણે જિહાદમાં સામેલ ન થયા. પ્રથમ આયતમાં તેમની આ આળસ અને ગફલત ઉપર ચેતવણી આપવામાં આવી અને તેની સાથે તેમની આળસ અને બેદરકારીની બીમારીનું કારણ અને તેનો ઈલાજ પણ દર્શાવવામાં આવ્યો જે સંદર્ભમાં એ પણ સ્પષ્ટ થઈ ગયું કે,

દુનિયાની મહોબ્બત અને આખિરતથી બેદરકારી બધા જ અપરાધોનો પાયો છે :

કારણ કે, બીમારીનું જે કારણ અને તેનો ઈલાજ બતાવવામાં આવ્યો છે, જો કે આ સ્થળે તેનો સંબંધ એક ખાસ ઘટના સાથે હતો પરંતુ જો વિચાર કરવામાં આવે તો સાબિત થશે કે દીનની બાબતમાં દરેક આળસ, ઉણપ, સુસ્તી, બેદરકારી તથા બધા જ ગુનાહો, અપરાધોનું અસલી કારણ આ જ દુનિયાની મહોબ્બત અને આખિરતથી બેદરકારી છે, એટલા માટે હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, حُبُّ الدُّنْيَا رَأْسُ كُلِّ خَطِيْئَةٍ એટલે કે, "દુનિયાની મહોબ્બત દરેક ગલતીઓ અને ગુનાહોની બુનિયાદ છે." આથી પ્રસ્તુત આયતમાં ફરમાવવામાં આવ્યું કે,

"હે ઈમાનવાળાઓ ! તમને શું થઈ ગયું છે કે જ્યારે તમને કહેવામાં આવે છે કે અલ્લાહના માર્ગમાં કૂચ કરો તો તમે જમીન સાથે વળગી રહો છો ? શું તમે આખિરતના મુકાબલામાં દુનિયાની જિંદગીને પસંદ કરી લીધી ? "

આ બીમારીના નિદાન પછી તેના ઈલાજ માટે આગલા વાક્યમાં આ રીતે ઈરશાદ થયો,

"બસ, (કંઈ પણ) નથી જિંદગીનો સામાન આખિરતના મુકાબલામાં; પરંતુ ઘણો અલ્પ (થોડો)."

જેનો ખુલાસો એ છે કે, મોટી ચિંતા તો આખિરતની કાયમી જિંદગીની હોવી જોઈએ આખિરતની ફિકર જ વાસ્તવમાં સમગ્ર બીમારીઓનો એકમાત્ર અને સંપૂર્ણ ઈલાજ છે તથા ગુનાહોના નાશ માટે અજોડ અકસીર નુસ્ખો છે.

ઈસ્લામની માન્યતાઓનો આધાર મૂળ ત્રણ વસ્તુઓ ઉપર છે; એક તવહીદ, બીજી રિસાલત, અને ત્રીજી આખિરત, તેમાં આખિરતની માન્યતા વાસ્તવમાં કર્મોની સુધારણાનો આત્મા છે અને અપરાધો તથા ગુનાહો સામે એક

લોખંડની દિવાલ છે. જો વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ રીતે જાણ થશે કે, દુનિયામાં શાંતિ અને સલામતી આ માન્યતા વિના સ્થાપિત થઈ શકતી જ નથી, આજની દુનિયામાં ભૌતિક પ્રગતિ પોતાની પરાકાષ્ઠાએ પહોંચી ચૂકી છે, ગુનાહો અને અપરાધોને અટકાવવા માટે પણ કોઈ દેશ કે કોમમાં ભૌતિક યુક્તિઓની કોઈ ઉણપ નથી, કાયદાઓની સાંકળો અને તેના માટે વહીવટી મશીનરીઓ રોજબરોજ પ્રગતિ કરી રહી છે પરંતુ તેની સાથે-સાથે એવું પણ દષ્ટિગોચર થાય છે કે અપરાધો દરેક સ્થળે અને દરેક કોમમાં રોજબરોજ પ્રગતિ કરતા જ જાય છે. આપણી દષ્ટિમાં તેનું કારણ એ સિવાય કંઈ જ નથી કે આ બીમારીનું નિદાન અને ઈલાજની પદ્ધતિ સાચી નથી, બીમારીનું અસલ કારણ (સ્ત્રોત) ભૌતિકતાની પૂજા અને ભૌતિકતામાં રચ્યા-પચ્યા રહી આખિરતથી ગફલત અને બેદરકારી છે અને તેનો એકમાત્ર ઈલાજ અલ્લાહનો ઝિક્ર અને આખિરતની ફિકર-ચિંતા છે, જે સમયે અને જે સ્થળે પણ દુનિયામાં આ અકસીરી નુસ્ખાનો ઉપયોગ કરવામાં આવ્યો સમગ્ર કોમ અને તેનો સમાજ સાચી માનવતાનું ચિત્ર બનીને ફરિશ્તાઓ માટે પણ ગર્વપાત્ર બની ગયો. રિસાલતકાળના સમયે અને સહાબએ કિરામ (રદિ.)ના સમયકાળમાં આ બાબતનું પ્રત્યક્ષ દર્શન તેની પૂરતી દલીલ છે.

આજની દુનિયા અપરાધોનો ખાત્મો તો ઈચ્છે છે પરંતુ અલ્લાહ અને આખિરતથી ગાફિલ થવા ઈચ્છે છે અને ડગલેને પગલે એવો સામાન ભેગો કરે છે જેમાં રહીને અલ્લાહ તથા આખિરત તરફ ધ્યાન જ ન જાય તો તેનું ચોક્કસ પરિણામ એ જ હતું જે આંખોની સામે આવી રહ્યું છે કે, ઉત્તમથી ઉત્તમ પ્રકારનો કાયદો તથા કાયદો લાગુ પાડનાર એજન્સીઓ બધા જ નિષ્ફળ દેખાય છે. અપરાધ પોતાની જગ્યાએ ન જ ફક્ત મોજૂદ છે બલકે, રોજબરોજ તોફાની ગતિએ પ્રગતિ કરી રહ્યો છે, કાશ ! એક વખતે દુનિયાના બૌદ્ધિકો આ કુર્આનના નુસ્ખાનો ઉપયોગ કરીને જૂએ તો તેઓ કેટલી સરળતાથી બધા જ ગુનાહો ઉપર કાબૂ પ્રાપ્ત કરી શકે છે !

બીજી આયતમાં આળસ અને સુસ્તીથી વર્તનાર લોકોની બીમારી અને તેના ઈલાજ ઉપર ચેતવણી આપ્યા પછી તેનો અંતિમ ફૈસલો આ પણ સંભળાવી દીધો કે,

"જો (અલ્લાહના માર્ગમાં) નહીં નીકળો તો (અલ્લાહ) તમને દર્દનાક અઝાબ

આપશે અને તમારા સિવાય કોઈ અન્ય કોમ બદલામાં લઈ આવશે અને તમે તેમનું કંઈ પણ બગાડી નહીં શકો અને અલ્લાહ દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે."

ત્રીજી આયતમાં રસૂલે કરીમ ﷺની હિજરતની ઘટના રજૂ કરીને એ બતાવી દીધું કે, અલ્લાહ તઆલાના રસૂલ ﷺ કોઈ મનુષ્યની મદદ અને સહાયના મોહતાજ નથી, અલ્લાહ તઆલા તેમને સીધે-સીધી ગયૂબથી મદદ પહોંચાડી શકે છે, જેમકે હિજરતના સમયે બન્યું હતું. જ્યારે આપ ﷺના કબીલાવાળાઓએ અને પોતાના વતનવાળાઓએ જ તેમને વતનમાંથી નીકળવા માટે મજબૂર કરી દીધા ત્યારે મુસાફરીમાં આપ ﷺના સાથી એક હઝરત સિદીકે અકબર (રદિ.) સિવાય કોઈપણ ન હતું, દુશ્મનોના પ્યાદાઓ અને સવારો પીછો કરી રહ્યા હતા, આપ ﷺના શરણનું સ્થળ પણ કોઈ મજબૂત કિલ્લો ન હતો બલકે એક ગુફા હતી જેના કિનારા સુધી શોધખોળ કરનાર દુશ્મનો પહોંચી ચૂકયા હતા અને ગુફાના સાથી હઝરત અબૂબક્ર સિદીક (રદિ.)ને તો પોતાના જીવની તો પરવા ન હતી પરંતુ એટલા માટે ગભરાઈ રહ્યા હતા કે, આ દુશ્મનો સરદારે દો આલમ ﷺ ઉપર આક્રમણ કરશે, પરંતુ રસૂલે કરીમ ﷺ ન જ ફક્ત મજબૂત પહાડ બનીને માત્ર પોતે સંતોષિત હતા બલકે, પોતાના સાથી હઝરત સિદિકે અકબર (રદિ.)ને કહેતા હતા કે, لَا تَحْزَنْ إِنَّ اللّٰهَ مَعَنَا "તમે દિલગીર ન થાઓ અલ્લાહ આપણી સાથે છે."

આ વાત કહેવા માટે તો બે શબ્દો છે જેને બોલવું કંઈ અઘરું નથી પરંતુ સાંભળનારાઓની પરિસ્થિતિનો સંપૂર્ણ નકશો સામે રાખીને દિલ ઉપર હાથ મૂકીને જૂઓ કે, ફક્ત ભૌતિકતાને દષ્ટિ સમક્ષ રાખનારાઓ માટે આવો સંતોષ શક્ય જ નથી, એનું કારણ તેના સિવાય કંઈ ન હતું જેને કુર્આને આગલા વાક્યમાં ઈરશાદ ફરમાવ્યું કે,

"તેણે (અલ્લાહે) તેમના ઉપર પોતાની સાંત્વના (તસ્કીન) ઉતારી અને એવા લશ્કરોથી તેમની મદદ કરી જેને તમે જોયા નથી."

આ લશ્કર ફરિશ્તાઓનું લશ્કર પણ હોઈ શકે છે અને સમગ્ર દુનિયાની શક્તિઓ પોતે પણ અલ્લાહનું લશ્કર છે તે પણ હોઈ શકે છે, જેનું પરિણામ એ

આવ્યું કે અંતે કુફ્રનો કલિમો હેઠો પડીને રહ્યો અને અલ્લાહનું જ વર્ચસ્વ કાયમ રહ્યું.

ચોથી આયતમાં ફરી તાકીદ સ્વરૂપે આ હુકમનું પુનરાવર્તન કરવામાં આવ્યું કે, જ્યારે રસૂલે કરીમ ﷺએ તમને લોકોને જિહાદ માટે નીકળવાનો હુકમ આપ્યો તો તમારા માથે દરેક પરિસ્થિતિમાં નીકળવું ફરજ થઈ ગયું અને આ આજ્ઞાપાલનમાં જ તમારી ભલાઈ અવલંબિત છે.

પાંચમી આયતમાં જિહાદમાં ગફલત અને સુસ્તીના કારણે સામેલ ન થનારાઓના એક બહાનાનું વર્ણન કરીને તેને રદિયો આપવામાં આવ્યો કે આ બહાનું સ્વીકાર્ય નથી, કારણ કે અલ્લાહ તઆલાએ તેમને શક્તિ અને અધિકાર અર્પણ કર્યા હતા તેમણે અલ્લાહના માર્ગમાં તેનો યોગ્ય ઉપયોગ કર્યો નહીં, એટલા માટે શક્તિ ન હોવાનું બહાનું સાચું નથી.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૪૩ થી ૫૨)

عَفَا اللّٰهُ عَنْكَ ۚ لِمَ اَذِنْتَ لَهُمْ حَتّٰى يَتَبَيَّنَ لَكَ الَّذِيْنَ صَدَقُوْا وَتَعْلَمَ الْكٰذِبِيْنَ ﴿٤٣﴾
لَا يَسْتَاْذِنُكَ الَّذِيْنَ يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ اَنْ يُّجَاهِدُوْا بِاَمْوَالِهِمْ
وَاَنْفُسِهِمْ ۭ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿٤٤﴾ اِنَّمَا يَسْتَاْذِنُكَ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ
وَالْيَوْمِ الْاٰخِرِ وَارْتَابَتْ قُلُوْبُهُمْ فَهُمْ فِيْ رَيْبِهِمْ يَتَرَدَّدُوْنَ ﴿٤٥﴾ وَلَوْ
اَرَادُوا الْخُرُوْجَ لَاَعَدُّوْا لَهٗ عُدَّةً وَّلٰكِنْ كَرِهَ اللّٰهُ انْۢبِعَاثَهُمْ فَثَبَّطَهُمْ وَقِيْلَ
اقْعُدُوْا مَعَ الْقٰعِدِيْنَ ﴿٤٦﴾ لَوْ خَرَجُوْا فِيْكُمْ مَّا زَادُوْكُمْ اِلَّا خَبَالًا وَّلَاَاوْضَعُوْا خِلٰلَكُمْ
يَبْغُوْنَكُمُ الْفِتْنَةَ ۚ وَفِيْكُمْ سَمّٰعُوْنَ لَهُمْ ۭ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿٤٧﴾ لَقَدِ ابْتَغَوُا
الْفِتْنَةَ مِنْ قَبْلُ وَقَلَّبُوْا لَكَ الْاُمُوْرَ حَتّٰى جَاۗءَ الْحَقُّ وَظَهَرَ اَمْرُ اللّٰهِ وَهُمْ
كٰرِهُوْنَ ﴿٤٨﴾ وَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ ائْذَنْ لِّيْ وَلَا تَفْتِنِّيْ ۭ اَلَا فِي الْفِتْنَةِ سَقَطُوْا ۭ

وَإِنَّ جَهَنَّمَ لَمُحِيطَةٌ بِالْكٰفِرِينَ ﴿٤٩﴾ إِنْ تُصِبْكَ حَسَنَةٌ تَسُؤْهُمْ ۚ وَإِنْ تُصِبْكَ
مُصِيبَةٌ يَّقُولُوا قَدْ أَخَذْنَآ أَمْرَنَا مِنْ قَبْلُ وَيَتَوَلَّوْا وَّهُمْ فَرِحُونَ ﴿٥٠﴾
قُلْ لَّنْ يُّصِيبَنَآ إِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا ۚ هُوَ مَوْلٰنَا ۚ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُونَ ﴿٥١﴾
قُلْ هَلْ تَرَبَّصُونَ بِنَآ إِلَّآ إِحْدَى الْحُسْنَيَيْنِ ۖ وَنَحْنُ نَتَرَبَّصُ بِكُمْ أَنْ
يُّصِيبَكُمُ اللّٰهُ بِعَذَابٍ مِّنْ عِنْدِهٖٓ أَوْ بِأَيْدِينَا ۖ فَتَرَبَّصُوٓا إِنَّا مَعَكُمْ مُّتَرَبِّصُونَ ﴿٥٢﴾

તરજુમો :

અલ્લાહ તમને મા'ફ કરે તમે કેમ તેમને રજા આપી દીધી એટલે સુધી કે તમારા ઉપર સાચું કહેનારા જાહેર થઈ ગયા હોત અને તમે જૂઠાઓને જાણી લીધા હોત ! (૪૩) તમારી પાસે તે લોકો છૂટ નથી માંગતા જેઓ અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર ઈમાન લાવ્યા એનાથી કે પોતાના માલ અને પ્રાણથી લડે (નહીં અને બેસી રહે) અને અલ્લાહ ડરનારા (મુત્તકી)ઓને સારી પેઠે જાણે છે. (૪૪) તમારી પાસે રજા તે જ માંગે છે જેઓ અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા નથી અને આખિરતના દિવસ ઉપર; અને તેમના દિલો શંકામાં પડેલા છે, બસ તેઓ પોતાની શંકામાં જ ભટકી રહ્યા છે. (૪૫) અને જો તેઓએ નીકળવાનું ઈચ્છ્યું હોત તો અવશ્ય તેનો કંઈક સામાન તૈયાર કર્યો હોત પરંતુ અલ્લાહે તેમનું ઊઠવું પસંદ ન કર્યું, બસ તેમને રોકી દીધા તેમને હુકમ થયો કે બેસનારાઓ સાથે બેસી રહો. (૪૬) જો નીકળ્યા હોત તમારા (સંગાથ)માં તો તમારા માટે કંઈ વધાર્યું ન હોત પરંતુ ખરાબી અને તમારી માંહોમાહે બગાડ કરવાની શોધમાં ઘોડા દોડાવ્યા હોત અને તમારામાં અમુક તેમના જાસૂસ છે અને અલ્લાહ જાલિમોને સારી પેઠે જાણે છે. (૪૭) તેઓ પ્રથમથી બગાડની શોધ કરતા રહ્યા છે અને તમારા કામ ઊલટ-સુલટ કરી રહ્યા છે એટલે સુધી કે સાચો વાયદો આવી પહોંચ્યો અને અલ્લાહનો હુકમ ગાલિબ થયો અને તેઓ નાખુશ જ રહ્યા. (૪૮) અને તેમનામાં અમુક કહે છે મને રજા આપો અને ગુમરાહીમાં ન નાંખો; સાંભળો છો ! તેઓ તો ગુમરાહીમાં પડી ચૂક્યા છે અને નિઃશંક !

દોઝખ કાફિરોને ઘેરી રહી છે. (૪૯) જો તમને કોઈ ભલાઈ પહોંચે તો તે તેમને બુરી લાગે છે અને જો કોઈ મુસીબત પહોંચે તો કહે છે, અમે તો પોતાનું કામ પહેલેથી જ સંભાળી લીધું અને ખુશીઓ મનાવતા પાછા વળી જાય. (૫૦) તમે કહી આપો ! અમને કદાપિ પહોંચશે નહીં પરંતુ તે જ જે અલ્લાહે અમારા માટે લખી દીધું, તે જ અમારો કાર્યસાધક છે અને અલ્લાહ ઉપર જ મુસલમાનોને જોઈએ કે ભરોસો કરે. (૫૧) તમે કહી આપો ! તમે અમારા હકમાં શું ઉમ્મીદ કરશો પરંતુ બે ભલાઈઓમાંથી એકની ? અને અમે તમારા હકમાં આશાવાદી છીએ કે તમારા ઉપર અલ્લાહ પોતાની પાસેથી કોઈ અઝાબ નાંખે અથવા અમારા હાથે, બસ રાહ જુઓ અમે પણ તમારી સાથે રાહ જોઈએ છીએ. (૫૨)

તફસીર :

અલ્લાહ તઆલાએ આપ (ﷺ)ને મા'ફ (તો) કરી દીધાં (પરંતુ) તમે તેમને (આટલી જલદી) રજા કેમ આપી દીધી હતી જ્યાં સુધી કે તમારી સામે સાચા લોકો જાહેર ન થઈ ગયા હોત અને (જ્યાં સુધી કે) જૂઠાઓને જાણી ન લીધા હોત (જેથી તેઓ ખુશ તો ન થવા પામ્યા હોત કે અમે આપ ﷺને ધોકો આપી દીધો અને) જે લોકો અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન ધરાવે છે તેઓ પોતાના માલ અને પ્રાણોથી જિહાદ કરવા વિશે (તેમાં સામેલ ન થવાની ક્યારેય) તમારી પાસેથી રજા માંગશે નહીં (બલકે તેઓ હુકમ થતાંની સાથે જ દોડી પડશે) અને અલ્લાહ તઆલા તે મુત્તકીઓને સારી પેઠે જાણે છે (અને તેનો સારો બદલો અને સવાબ આપશે) અલબત્ત, તે લોકો (જિહાદમાં ન જવાની) તમારી પાસે રજા માંગે છે જેઓ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન નથી ધરાવતા અને તેમના દિલ (ઈસ્લામ વિશે) શંકામાં પડ્યા છે, બસ તેઓ પોતાની શંકાઓમાં પડીને હેરાન છે (ક્યારેક સમર્થન આપવાનો વિચાર આવે છે તો ક્યારેક વિરોધ કરવાનો) અને જો તે લોકો (ગઝ્વહમાં) નીકળવાનો ઈરાદો કરતા હોત (જેમકે તેઓ પોતાના બહાનાઓ જાહેર કરે છે કે નીકળવાનો ઈરાદો તો હતો પરંતુ શું કરીએ ફલાણી-ફલાણી જરૂરિયાત સામે આવી ગઈ, બસ જો એવું હોત) તો તે (નીકળવાનો) કંઈ સામાન જરૂર તૈયાર કર્યો હોત (જેમકે સ્વાભાવિક રીતે મુસાફરી માટે જરૂરી હોય છે) પરંતુ (તેમણે તો

શરૂઆતથી ઈરાદો જ કર્યો ન હતો અને તેમાં મોડું થયું, જેમકે આગળ આવે છે لَوْخَرَجُوْا فِيْكُمْ અને તેમાં મોડું થવાના કારણે) અલ્લાહ તઆલાએ તેમના જવાને પસંદ ન કર્યું એટલા માટે તેમને તવફીક ન આપી અને (તેમને અલ્લાહના પ્રત્યક્ષ હુકમ વડે) એવું કહી દેવામાં આવ્યું કે અશક્ત લોકો સાથે તમે પણ અહીંયાં બેસી રહો (અને તેમના જવામાં ભલાઈ ન હોવાનું કારણ એ છે કે) જો એ લોકો તમારી સાથે સામેલ થઈ ગયા હોત તો બમણો ફસાદ કરવા ઉપરાંત બીજું શું થયું હોત ! (તેમનો ફિત્નો એ હતો કે) તમારા દરમિયાન ફિત્ના-ફસાદની ચિંતામાં દોડધામ કરતા હોત (એટલે કે ચાડી-ચુગલી કરીને પરસ્પર સુગ નાંખી હોત અને જૂઠી ખબરો ઉડાવીને પરેશાન કર્યા કરતા હોત અને દુશ્મનનો રુઆબ તમારા દિલો ઉપર નાંખવાની કોશીશ કરી હોત, એટલા માટે તેમનું ન જવું સારું થયું) અને (હજુ પણ) તમારામાં તેમના અમુક જાસૂસો મોજૂદ છે (જેમને તેનાથી વધારે યુક્તિઓની કોઈ આવડત નથી) અને આ જાલિમો સાથે અલ્લાહ સારી પેઠે સમજી લેશે (અને તે લોકોના ફસાદ તથા ફિત્નો આજની કોઈ નવી વાત નથી) તેમણે અગાઉ (જંગે ઉહદ વગેરેમાં) પણ ફિત્નો નાંખવાની ફિકર કરી હતી (કે સાથે આવીને હટી ગયા કે જેથી મક્કાના મુસલમાનોનો ઉત્સાહ તૂટી જાય) અને (તે સિવાય પણ) તમારા (નુકસાન પહોંચાડવા) માટે કાર્યવાહીઓમાં ઊલટફેર કરતા જ રહ્યા, એટલે સુધી કે સાચો વાયદો આવી ગયો અને (તેનું આવવું એ છે કે) અલ્લાહનો હુકમ ગાલિબ રહ્યો અને તેમને તે ખૂબ નાપસંદ પડતું રહ્યું (એ જ રીતે ભવિષ્યમાં બિલકુલ હૈયા ધરપત રાખો, કંઈ ફિકર-ચિંતા ન કરો) અને તે (મુનાફિકીન અને પાછળ રહેવાવાળા مُتَخَلِّفِيْن)માં અમુક લોકો તે છે જેઓ (તમને) કહે છે કે મને (ગઝ્વહમાં ન જવાની અને ઘેર રહેવાની) રજા આપી દો અને મને ખરાબીમાં ન નાંખો; સારી પેઠે સમજી લો કે આ લોકો ખરાબીમાં તો પડી જ ચૂક્યા છે (કારણ કે રસૂલે કરીમ ﷺની નાફરમાની અને કુફ્રથી વધીને બીજી કઈ મોટી ખરાબી છે ?) અને ખરેખર દોઝખ (આખિરત)માં તે કાફિરોને ઘેરી લેશે; જો તમને કોઈ સારી પરિસ્થિતિ સામે આવે તો તેમના માટે તે ગમનું કારણ હોય છે અને જો તમારા ઉપર કોઈ આફત આવી પડે છે તો (ખુશ થઈને) કહે છે કે અમે તો (આ જ કારણે) પ્રથમથી પોતાની કાળજીનું કામ અપનાવી રાખ્યું હતું (કે તેમની સાથે યુદ્ધ વગેરે કરવા ગયા જ ન હતા) અને (એવું કહીને)

તેઓ ખુશ થઈને ચાલ્યા જાય છે, તમે (જવાબમાં તેમને બે વાતો) કહી આપો (એક તો એ કે) અમારા ઉપર કોઈ આફત નથી આવી શકતી પરંતુ તે જ જે અલ્લાહ તઆલાએ અમારા માટે નક્કી કરી રાખી છે, તે અમારો માલિક છે (બસ, હકીકી માલિક જે નક્કી કરે તેના ગુલામોને તેના ઉપર રાજી રહેવું વાજિબ છે) અને (અમારી શું વિશેષતા છે !) સૌ મુસલમાનોએ અલ્લાહ ઉપર જ ભરોસો કરવો જોઈએ. (બીજી વાત એ) ફરમાવી આપો કે, (અમારા માટે જેવી સારી હાલત ઉત્તમ છે તેવી જ આફતો પણ પરિણામના હિસાબે અને દરજ્જાતને ઊંચે લઈ જવા માટે તથા ગુનાહો દૂર કરવા માટે અતિઉત્તમ છે. બસ,) તમે તો અમારા હકમાં બે સારી બાબતોમાંથી એક સારી બાબતની રાહ જોઈ રહ્યા છો, (એટલે કે તમે જે અમારી હાલતની રાહ જોઈ રહ્યા છો કે જોઈએ તો ખરા કે શું-શું થાય છે? તો ભલે અમને ભલાઈ પહોંચે કે મુસીબત, બંને પરિસ્થિતિઓ અમારા માટે અતિઉત્તમ છે) અને અમે તમારા હકમાં તે બાબતની રાહ જોઈએ છીએ કે અલ્લાહ તઆલા તમારા ઉપર કોઈ અઝાબ નાંખે (ભલે) પોતાના તરફથી (દુનિયામાં અથવા આખિરતમાં) અથવા અમારા હાથોથી (જ્યારે કે તમે પોતાના કુફ્રને જાહેર કરી આપો ત્યારે બીજા કાફિરોની જેમ કતલ કરવામાં આવો) બસ, તમે (પોતાની રીતે) રાહ જુઓ (અને) અમે (પણ) તમારી સાથે (પોતાની રીતે) રાહ જોઈએ છીએ.

મસ્અલા અને બોધપાઠ :

આ રુકૂઅ્ની સંપૂર્ણ ૧૭ આયતોમાંથી મોટા ભાગની આયતોમાં તે મુનાફિકોનું વર્ણન છે જેમણે જૂઠા બહાનાઓ રજૂ કરીને ગઝ્વએ તબૂકમાં ન જવાની પરવાનગી રસૂલે કરીમ ﷺ પાસેથી પ્રાપ્ત કરી લીધી હતી, તેના સંદર્ભમાં ઘણા બધા હુકમો, મસ્અલાઓ તથા હિદાયતો છે.

પ્રથમ આયતમાં એક રસપ્રદ શૈલીમાં રસૂલે કરીમ ﷺને એ વાતની ફરિયાદ છે કે, આ મુનાફિકોએ જૂઠું બોલીને તમારી પાસે બહાનાબાજી કરી અને તમે તેની સાચા-જૂઠાની તહકીક કર્યા વિના તેમને રજા આપી દીધી જેથી આ લોકો ખુશીઓ મનાવે છે અને કહેતા ફરે છે કે, અમે તો રસૂલ ﷺને ખૂબ ધોકો આપ્યો, જો કે આગલી આયતોમાં અલ્લાહ તઆલાએ એની પણ જાહેરાત કરી દીધી કે આ લોકો તો ફક્ત બહાનાઓ અને ઉઝર રજૂ કરી રહ્યા હતા, નહિતર જો

તેમને રજા ન આપવામાં આવી હોત તો પણ આ લોકો જવાના ન હતા અને એક આયતમાં એ બાબતની પણ જાણકારી આપવામાં આવી કે, ધારી લો કે આ લોકો આ જિહાદમાં આવ્યા હોત તો પણ તેનાથી મુસલમાનોને કોઈ લાભ થવાનો ન હતો, બલકે તેમના ષડયંત્રો અને ફિત્નાઓથી વધારે ભય હતો.

પરંતુ હેતુ એ છે કે તેમને જો રજા આપવામાં ન આવી હોત તો પણ તેઓ જવાના તો ન જ હતા પરંતુ તેમનો નિફાક (દોગલાપણુ) ખુલીને સ્પષ્ટ રીતે સામે આવી ચૂક્યો હોત અને તેમને મુસલમાનો ઉપર કટાક્ષ કરવાની કે મહેણા મારવાની કોઈ તક મળી ન હોત કે, અમે તેમને ખૂબ મૂર્ખ બનાવ્યા અને વાસ્તવમાં હેતુ ક્રોધનો નથી બલકે, વાત એ છે કે આવનારા સમયમાં એ લોકોની ચાલબાજીઓથી જાણકાર રહો અને એક પ્રકારે થોડી નારાજગી પણ હોય તો પણ એટલી રસપ્રદ શૈલીમાં દયાભાવની સાથે આ નારાજગીની બાબતને لِمَ اَذِنۡتَ لَهُمۡ દ્વારા શરૂ કરવામાં આવી છે, એટલે કે "તમે શા માટે તે લોકોને પરવાનગી આપી દીધી ?" એ વર્ણન કરતા પહેલા عَفَا اللّٰهُ عَنۡكَ ઉલ્લેખ કરીને ફરમાવી દીધું, જેનો અર્થ એ છે કે, "અલ્લાહ તઆલાએ તમને મા'ફ કરી દીધા."

અને રસૂલે કરીમ ﷺનો હોદ્દો અને તેમનું સ્થાન તથા તેમના અલ્લાહ સાથેના સંબંધ ઉપર દૃષ્ટિ રાખનારા લોકોએ ફરમાવ્યું છે કે, આપ ﷺનો જે સંબંધ અલ્લાહ તઆલા સાથે હતો તેની સામે આપ ﷺનું હૃદય મુબારક એ સહન જ કરી શકતું ન હતું કે, અલ્લાહ તઆલા તરફથી કોઈ બાબતમાં આપ ﷺ પાસેથી જવાબ માંગવામાં આવે, જો શરૂઆતમાં لِمَ اَذِنۡتَ لَهُمۡ ના શબ્દો વર્ણન કરવામાં આવ્યા હોત તો તે પરિસ્થિતિમાં જવાબ માંગવાનો વિષય ગણાયો હોત તો આપ ﷺનું દિલ મુબારક તેને વેઠી શક્યું ન હોત, એટલા માટે પ્રથમ عَفَا اللّٰهُ عَنۡكَ ફરમાવીને એક બાજુ તો એના ઉપર જાણકારી આપી દીધી કે, કોઈ એવું કામ થઈ ગયું છે જે અલ્લાહ તઆલાને પસંદ નથી પડ્યું, બીજી બાજુ તેની મા'ફીની જાણકારી પ્રથમ આપી દીધી જેથી આગળનું કલામ રસૂલે કરીમ ﷺના હૃદય મુબારકને વધારે ભારે ન પડે.

શબ્દ "મા'ફી"થી એવી શંકા કરવામાં ન આવે કે મા'ફી તો ગુનાહ અને અપરાધની હોય છે અને રસૂલે કરીમ ﷺ તો ગુનાહોથી માસૂમ (નિર્દોષ) હતા

તો પછી મા'ફીનો અહીંયાં શું અર્થ હોઈ શકે છે ? કારણ એ છે કે, મા'ફી જે રીતે ગુનાહો માટે હોય છે એ જ રીતે એવા જ ઉચ્ચ કક્ષાના ગુણ વિરુદ્ધ અને પસંદ ન કરવામાં આવેલ વસ્તુ માટે પણ મા'ફી શબ્દ અપનાવવામાં આવે છે અને આ મા'ફી એ માસૂમિયતની પવિત્રતાનો નકાર કરતી નથી.

બીજી અને ત્રીજી આયતમાં મો'મિનો અને મુનાફિકોનો ફરક બતાવવામાં આવ્યો કે, અલ્લાહ તઆલા ઉપર સાચું ઈમાન રાખનારા આવી પરિસ્થિતિ ઉપર ક્યારેય પોતાના પ્રાણ અને માલની મહોબ્બતમાં જિહાદથી જીવ બચાવવા માટે રસૂલે કરીમ ﷺ પાસે રજા માંગ્યા કરતા નથી, બલકે એ કામ ફક્ત તે જ લોકોનું છે જેમને અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર સાચું ઈમાન નથી અને અલ્લાહ તઆલા મુત્તકી લોકોને સારી પેઠે જાણે છે.

ચોથી આયતમાં તેમનું બહાનું ખોટું હોવાની એક નિશાની એ બતાવવામાં આવી છે કે, وَلَوْ اَرَادُوا الْخُرُوْجَ لَاَعَدُّوْا لَهٗ عُدَّةً જો વાસ્તવમાં આ લોકો જિહાદ માટે નીકળવાનો ઈરાદો ધરાવતા હોત તો તેમના માટે જરૂરી હતું કે કંઈ તૈયારી પણ કરી હોત, પરંતુ તેમણે કોઈ તૈયારી નથી કરી જેનાથી જાણ થાય છે કે તેમના બહાનાઓ ખોટા હતા, વાસ્તવમાં તેમનો ઈરાદો જ જિહાદમાં નીકળવાનો ન હતો.

યોગ્ય કારણ અને ખોટા બહાનાઓમાં તફાવત :

આ આયતમાં એક મહત્ત્વનો સિદ્ધાંત પ્રતિપાદિત થાય છે જેનાથી યોગ્ય અને અયોગ્ય કારણોમાં તફાવત કરી શકાય છે તે એ કે કારણ તે જ લોકોનું સ્વીકાર્ય થઈ શકે છે જેઓ હુકમ પૂર્ણ કરવા માટે તૈયાર હોય પછી કોઈ અચાનક ઘટનાના કારણે લાચાર થઈ જાય, લાચારીના બધા જ મા'મલાઓનો આ જ હુકમ છે, પરંતુ જેમણે હુકમ પૂર્ણ કરવાની કોઈ તૈયારી જ નથી કરી અને ઈરાદો પણ નથી કર્યો પછી કોઈ બહાનું પણ રજૂ કરે તો આ બહાનું ગુનાહ કરતા વધારે બદ્તર હોવાનો એક દાખલો બનશે, તેને સાચું કારણ સમજવામાં નહીં આવે. જે વ્યક્તિ જુમ્આની નમાઝ માટેની સંપૂર્ણ તૈયારી કરી ચૂક્યો છે અને જવાનો ઈરાદો કરી ચૂક્યો છે અને અચાનક એવું કારણ આવી પડે જેના કારણે તે ન જઈ શકે તો તેનું કારણ યોગ્ય છે અને અલ્લાહ તઆલા એવા વ્યક્તિને તેની ઈબાદતનો સંપૂર્ણ

બદલો અર્પણ કરે છે અને જેણે કોઈ તૈયારી જ નથી કરી પછી અચાનક કોઈ કારણ પણ સામે આવી જાય તો તે ફક્ત બહાનું છે, કોઈ યોગ્ય કારણ નથી.

સવાર-સાંજ નમાઝ માટે ઊઠવાની તૈયારી પૂરી કરી ઘડિયાળમાં એલાર્મ સેટ કર્યું અથવા કોઈને એ કામ સોંપ્યું કે જે સમય ઉપર જગાડી દે પછી સંજોગવસાત્ આ યુક્તિઓ કામ ન લાગી અને તેથી નમાઝ કઝા થઈ ગઈ, જેમકે રસૂલે કરીમ ﷺને "લયલતુત્તઅરીસ"ના સમયે બન્યું કે વખત ઉપર ઊઠવા માટે એવી વ્યવસ્થા કરી હતી કે, હઝરત બિલાલ (રદિ.)ને બેસાડ્યા કે તેઓ સવાર થતાં જ બધાને જગાડી દે પરંતુ સંજોગવસાત્ તેમના ઉપર પણ ઊંઘ સવાર થઈ ગઈ અને સૂર્ય નીકળ્યા પછી જ બધાની આંખ ખુલી તો આવું કારણ સાચું અને યોગ્ય છે, જે બીના ઉપર આપ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને તસલ્લી આપતા ફરમાવ્યું, لَاتَفْرِيطَ فِى النَّوْمِ اِنَّمَا الطَّفْرِيطُ فِى الْيَقْظَةِ એટલે કે, "ઊંઘમાં વ્યક્તિ લાચાર છે, ભૂલ તે છે જે જાગવાની હાલતમાં ભૂલ કરે." કારણ એ હતું કે તેમણે પોતાના તરફથી સમય ઉપર ઊઠવાની સંપૂર્ણ વ્યવસ્થા કરી લીધી હતી.

ખુલાસો એ છે કે, આજ્ઞાના પાલન માટે તૈયારી કરવાથી અથવા ન કરવાથી જ કોઈ કારણ યોગ્ય હોવાનો અથવા અયોગ્ય કારણ હોવાનો ફેંસલો કરી શકાય છે, ફક્ત મોંઢાના ફડાકાથી કંઈ થતું નથી.

પાંચમી આયતમાં ધોકાથી રજા લેનારા મુનાફિકોની એ પરિસ્થિતિ પણ બતાવી દીધી કે તેમનું તો જિહાદમાં ન જવું જ ઉત્તમ હતું, જો આ લોકો જિહાદમાં ગયા હોત તો પણ ષડ્યંત્રો રચીને જૂઠી ખબરો ફેલાવી ફિત્નો-ફસાદ જ ફેલાવ્યો હોત, وَفِيكُمْ سَمّٰعُونَ لَهُمْ એટલે કે, તમારામાં અમુક ભોળા-ભાળા મુસલમાનો એવા પણ છે જે તેમની જૂઠી અફવાઓથી પ્રભાવિત થઈ શકે છે.

لَقَدِ ابْتَغَوُا الْفِتْنَةَ مِنْ قَبْلُ એટલે કે, આ લોકો આનાથી પહેલાં પણ આવા ફિત્ના અને ફસાદ ફેલાવી ચૂક્યા છે, જેમકે ગઝ્વએ ઉહદમાં બન્યું હતું.

وَظَهَرَ اَمْرُ اللّٰهِ وَهُمْ كٰرِهُوْنَ એટલે કે, અલ્લાહનો હુકમ ગાલિબ આવ્યો, જ્યારે કે મુનાફિકો તેનાથી ખૂબ જ નાખુશ હતા, આ વર્ણન દ્વારા ઈશારો કરવામાં આવ્યો કે વિજય અને વર્ચસ્વ અલ્લાહ તઆલાના કબ્જામાં જ છે, જેમકે પ્રથમ ઘટનાઓમાં રસૂલે કરીમ ﷺને વિજય અપાવ્યો હતો, આ જિહાદમાં પણ એવું

જ થશે અને મુનાફિકોની બધી ચાલબાજીઓ નિષ્ફળ થવાની છે.

છઠ્ઠી આયતમાં એક ખાસ મુનાફિક ઝદ ઈબ્ને કૈસના એક ખાસ બહાનાનું વર્ણન કરીને તેની ગુમરાહી વર્ણન કરવામાં આવી છે, તેણે જિહાદમાં ન જવા માટેનું એ બહાનું રજૂ કર્યું હતું કે હું નવયુવાન છું, જો હું રૉમનોના મુકાબલા માટે જઈશ તો તેમની સ્વરૂપવાન સ્ત્રીઓના ફિત્નામાં સપડાઈ જવાનો ભય છે. કુર્આને કરીમે તેના જવાબમાં ફરમાવ્યું, اَلَا فِي الْفِتْنَةِ سَقَطُوْا કે આ મૂર્ખ એક કાલ્પનિક ફિત્નાનું બહાનું કાઢીને એક વાસ્તવિક બાબત એટલે કે રસૂલે કરીમ ﷺના હુકમનો વિરોધ કરીને જિહાદને છોડવાના ગુનાહ અને ફિત્નામાં અત્યારે ફસાઈ ગયો.

وَاِنَّ جَهَنَّمَ لَمُحِيْطَةٌ بِالْكٰفِرِيْنَ એટલે કે, જહન્નમે તે બધા કાફિરોને પોતાના ઘેરામાં લીધેલા છે જેમાંથી તેઓ નીકળી શકતા નથી, તેનો અર્થ યા તો એ છે કે આખિરતમાં જહન્નમ તેમને ઘેરામાં લઈ લેશે અથવા એ કે જહન્નમમાં પહોંચવાના કારણોએ તેમને અત્યારે જ પોતાના ઘેરામાં લીધેલા છે અને તેને જ જહન્નમ તરીકે પરિભાષિત કરી દેવામાં આવ્યું, આ અર્થના આધારે જાણે કે તેઓ અત્યારથી જ જહન્નમના વર્તુળમાં આવી ગયા છે.

સાતમી આયતમાં તેમની એક અન્ય મૂર્ખામીનું વર્ણન છે કે, આ લોકો જો કે જાહેરમાં મુસલમાનો સાથે હળે-ભળે છે પરંતુ પરિસ્થિતિ એવી છે કે, اِنْ تُصِبْكَ حَسَنَةٌ تَسُؤْهُمْ એટલે કે, જો તમને કોઈ વિજય અને સફળતા પ્રાપ્ત થાય છે તો તે તેમને સખત નાપસંદ હોય છે. وَاِنْ تُصِبْكَ مُصِيْبَةٌ يَّقُوْلُوْا قَدْ اَخَذْنَا اَمْرَنَا مِنْ قَبْلُ وَيَتَوَلَّوْا وَّهُمْ فَرِحُوْنَ એટલે કે, જો કોઈ મુસીબત પહોંચે છે તો આ લોકો કહેવા લાગે છે કે અમે તો પ્રથમથી જ જાણતા હતા કે આ લોકો પોતાની જાતને મુસીબતમાં નાંખી રહ્યા છે, એટલા માટે અમે તો પોતાના હિતને અપનાવીને તેમની સાથે સામેલ જ ન થયા અને એવું કહીને તેઓ ખુશીઓ મનાવતા-મનાવતા પાછા ચાલ્યા જાય છે.

આઠમી આયતમાં અલ્લાહ તઆલાએ રસૂલે કરીમ ﷺ અને મુસલમાનોને મુનાફિકોના પ્રસ્તુત નિવેદનોથી પ્રભાવિત ન થવાની અને અસલ વાસ્તવિકતાને હંમેશા નજર સમક્ષ રાખવાની સૂચના આ શબ્દોમાં આપી કે,

قُلْ لَّنْ يُّصِيْبَنَآ اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا هُوَ مَوْلٰنَا وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ એટલે કે, તમે તે ભૌતિક સર-સામાનની પૂજા કરનારાઓને બતાવી આપો કે તમે ધોકામાં છો, ભૌતિક કારણો તો ફક્ત એક પડદો છે તેનામાં કાર્યરત શક્તિ ફક્ત અલ્લાહ તઆલાની જ છે, આપણા માટે જે પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે તે બધી તે જ છે જે અલ્લાહ તઆલાએ આપણા માટે લખી રાખી છે અને તે જ આપણો મૌલા (માલિક) અને મદદગાર છે અને મુસલમાનોએ તો તેના ઉપર જ ભરોસો રાખવો જોઈએ. ભૌતિક સામાનને તો ફક્ત કારણો અને નિશાનીઓના સ્વરૂપે જ જોવામાં આવે અને તેના ઉપર કોઈ ભલાઈ અથવા બુરાઈનો આધાર હોવાનું ન જાણે.

તકદીરની માન્યતા યોજનાઓ બનાવવાની સાથે હોવી જોઈએ, આયોજન કર્યા વિના "તવક્કુલ" ખોટું છે :

આ આયતે તકદીરના મસ્અલાનો અને તવક્કુલ (અલ્લાહ ઉપર ભરોસો) રાખવાનો ખુલાસો કર્યો છે કે, તકદીર ઉપર ભરોસો અને યકીન કરવાનો અર્થ એ ન હોવો જોઈએ કે વ્યક્તિ હાથ ઉપર હાથ મૂકીને બેસી રહે અને એવું કહે કે જે કંઈ કિસ્મતમાં હશે તે થઈ જશે, બલકે એવું હોવું જોઈએ કે કારણો અપનાવવાની સાથે-સાથે પોતાની સમગ્ર શક્તિ અને હિંમત ખર્ચ કરવામાં આવે અને પોતાની શક્તિ અને સામર્થ્ય પ્રમાણે માધ્યમો ભેગા કર્યા પછી પરિણામને તકદીર ઉપર અલ્લાહના ભરોસે અને હવાલે કરવામાં આવે, દૃષ્ટિ ફક્ત અલ્લાહ તઆલા ઉપર જ રાખે કે દરેક કાર્યનું પરિણામ તેના જ કાબૂમાં છે.

તકદીર અને તવક્કુલના મસ્અલામાં સામાન્ય રીતે દુનિયાના લોકોમાં ઘણી અફરા-તફરી જોવા મળે છે, અમુક બેદીન લોકો તો તે છે જેઓ મૂળેથી તકદીરની માન્યતા જ ધરાવતા નથી, તેમણે ભૌતિક સર-સામાનને ખુદા બનાવી લીધો છે અને અમુક નાવાકેફ એવા પણ છે જેમણે તકદીર અને તવક્કુલને પોતાની કમહિમ્મતી અને બેકારીનું બહાનું બનાવી લીધું છે. રસૂલે કરીમ ﷺની જિહાદ માટે પૂરે-પૂરી તૈયારી અને ત્યારબાદ આ આયતે અતિશયોક્તિ કે ઉણપ (ઈફરાત વ તફરીત) સમાપ્ત કરીને સાચો માર્ગ બતાવ્યો છે કે,

برتوکّل زانوئے اشتر بہ بند

એટલે કે, માધ્યમો અપનાવવા એ પણ અલ્લાહ તઆલાની જ આપેલી

નેઅ્મત છે તેનાથી લાભ ન ઉઠાવવો નાશુક્રી અને મૂર્ખાઈ છે, અલબત્ત માધ્યમો અને સ્ત્રોતોને તેની કક્ષાથી આગળ ન વધારો અને અકીદહ એવો રાખો કે, પરિણામ તથા લાભા-લાભ આ માધ્યમો કે સ્ત્રોતોના તાબે નથી બલકે અલ્લાહ જલ્લ શા'નુહૂની આજ્ઞાના આધીન જ છે.

નવમી આયતમાં મો'મિન વ્યક્તિના એક વિશિષ્ટ પ્રકારના સ્થાનનું વર્ણન કરીને તેમની મુસીબત ઉપર ખુશ થનારા મુનાફિકોને એ જવાબ આપ્યો કે, તમે જે વસ્તુને અમારા માટે મુસીબત સમજીને ખુશ થાઓ છો અમારા સમીપ તે મુસીબત એ મુસીબત જ નથી, બલકે રાહત અને સફળતાનું જ એક બીજું સ્વરૂપ છે, કારણ કે મો'મિન વ્યક્તિ પોતાના નિર્ધારમાં નિષ્ફળ થઈને પણ કાયમી સવાબ અને બદલાનો હકદાર બની જાય છે જે સમગ્ર સફળતાઓનો અસલ હેતુ છે, એટલા માટે તે નિષ્ફળ થઈને પણ સફળ રહે છે અને તેના બગડેલામાં પણ બનેલું છે.

نہ شوخی چل سکی بادِ صبا کی : بگڑنے میں بھی زلف اس کی بنا کی

હવાની લહેરખીની શરારત કોઈ અસર કરી ન શકી,
તેની લટને ઉડાવવા, બગાડવામાં પણ ઊલટું સૌંદર્ય વધ્યું.

પ્રસ્તુત આતયમાં هَلْ تَرَبَّصُوْنَ بِنَا اِلَّا اِحْدَى الْحُسْنَيَيْنِ નો આ જ ભાવાર્થ છે, તેની સાથે એ પણ બતાવવામાં આવ્યું કે કાફિરોની પરિસ્થિતિ તેનાથી બિલકુલ વિપરીત છે કે તેમને કોઈપણ પરિસ્થિતિમાં મુસીબત અને અઝાબથી છુટકારો નથી, યા તો દુનિયામાં જ મુસલમાનોના હાથે તેમના ઉપર અલ્લાહનો અઝાબ આવી જશે અને એ રીતે દુનિયા અને આખિરત બંનેમાં તેઓ અઝાબ ચાખશે અને જો દુનિયામાં કોઈ પ્રકારે બચી ગયા તો આખિરતના અઝાબથી છુટકારાની કોઈ સંભાવના નથી.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૫૩ થી ૫૯)

قُلْ اَنْفِقُوْا طَوْعًا اَوْ كَرْهًا لَّنْ يُّتَقَبَّلَ مِنْكُمْ ؕ اِنَّكُمْ كُنْتُمْ قَوْمًا فٰسِقِيْنَ ﴿٥٣﴾ وَمَا
مَنَعَهُمْ اَنْ تُقْبَلَ مِنْهُمْ نَفَقٰتُهُمْ اِلَّآ اَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَبِرَسُوْلِهٖ وَلَا يَاْتُوْنَ
الصَّلٰوةَ اِلَّا وَهُمْ كُسَالٰى وَلَا يُنْفِقُوْنَ اِلَّا وَهُمْ كٰرِهُوْنَ ﴿٥٤﴾ فَلَا تُعْجِبْكَ

اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ ۭ اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُعَذِّبَهُمْ بِهَا فِي الْحَيٰوةِ الدُّنْيَا
وَتَزْهَقَ اَنْفُسُهُمْ وَهُمْ كٰفِرُوْنَ ﴿٥٥﴾ وَيَحْلِفُوْنَ بِاللّٰهِ اِنَّهُمْ لَمِنْكُمْ ۭ وَمَا هُمْ مِّنْكُمْ
وَلٰكِنَّهُمْ قَوْمٌ يَّفْرَقُوْنَ ﴿٥٦﴾ لَوْ يَجِدُوْنَ مَلْجَاً اَوْ مَغٰرٰتٍ اَوْ مُدَّخَلًا لَّوَلَّوْا
اِلَيْهِ وَهُمْ يَجْمَحُوْنَ ﴿٥٧﴾ وَمِنْهُمْ مَّنْ يَّلْمِزُكَ فِي الصَّدَقٰتِ ۚ فَاِنْ اُعْطُوْا مِنْهَا
رَضُوْا وَاِنْ لَّمْ يُعْطَوْا مِنْهَآ اِذَا هُمْ يَسْخَطُوْنَ ﴿٥٨﴾ وَلَوْ اَنَّهُمْ رَضُوْا مَآ اٰتٰىهُمُ اللّٰهُ
وَرَسُوْلُهٗ ۙ وَقَالُوْا حَسْبُنَا اللّٰهُ سَيُؤْتِيْنَا اللّٰهُ مِنْ فَضْلِهٖ وَرَسُوْلُهٗٓ ۙ اِنَّآ اِلَى اللّٰهِ رٰغِبُوْنَ ﴿٥٩﴾ ع

તરજુમો :

(હે નબી ﷺ !) કહી આપો કે માલ ખર્ચ કરો ખુશીથી અથવા નાખુશીથી, તમારી પાસેથી કદાપિ કબૂલ થશે નહીં, બેશક તમે નાફરમાન લોકો છો. (૫૩) અને તેમના ખર્ચનું કબૂલ થવું મોકૂફ નથી થયું પરંતુ એ જ વાત ઉપર કે તેઓ અલ્લાહથી અને તેના રસૂલથી ઇન્કારી થયા અને નમાઝ માટે નથી આવતા પરંતુ હારેલા—થાકેલા, અને ખર્ચ નથી કરતા પરંતુ ક—મને. (૫૪) બસ તમે તેમના માલ અને અવલાદથી તાજ્જુબ ન કરો, અલ્લાહ એવું જ ઇચ્છે છે કે તેમને તે વસ્તુઓના કારણે દુનિયાની જિંદગીમાં અઝાબમાં રાખે અને તેમના પ્રાણ નીકળે અને તેઓ તે સમય સુધી કાફિર જ રહે. (૫૫) અને અલ્લાહની કસમો ખાય છે કે તેઓ નિઃશંક તમારામાં છે અને તેઓ તમારામાં નથી અને પરંતુ તે લોકો તમારાથી ડરે છે. (૫૬) જો તેઓ શરણનું કોઈ સ્થળ પામે અથવા ગુફા અથવા માથું ઘાલવાની જગ્યા તો એ તરફ જ ઊલટા નાસે (બેકાબૂ બની) દોરડાં તોડીને. (૫૭) અને તેમનામાં અમુક તે છે કે તમને ખયરાત વહેંચવામાં મ્હેણાં મારે છે, બસ જો તેમને તેમાંથી મળે તો રાજી થાય અને જો ન મળે તો તરત જ નાખુશ થઈ જાય. (૫૮) અને કેવું સારું થયું હોત જો તેઓ એના ઉપર જ રાજી થઈ ગયા હોત જે તેમને અલ્લાહે આપ્યું અને તેના રસૂલે; અને કહ્યું હોત, અમારા માટે અલ્લાહ પૂરતો છે અને તે અમને પોતાની કૃપાથી આપશે અને તેનો રસૂલ; અમારે તો અલ્લાહ જ જોઈએ ! (૫૯)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (તે મુનાફિકોને) ફરમાવી આપો કે તમે (જિહાદ વગેરેમાં) ભલે ખુશીથી ખર્ચ કરો અથવા નાખુશીથી તમે કોઈ પણ પ્રકારે (અલ્લાહ નજીક) સ્વીકાર્ય નથી (કારણ કે) નિઃશંક ! તમે નાફરમાની કરનારા લોકો છો (તેનાથી કુફ્ર ભાવાર્થ સ્વરૂપે છે જેમકે આગળ આવે છે) અને તેમની ખય્ર-ખયરાત સ્વીકાર્ય થવાનો એ સિવાય કોઈ અવરોધ નથી કે તેમણે અલ્લાહની સાથે અને તેના રસૂલ (ﷺ)ની સાથે કુફ્ર કર્યું (તેને જ ઉપર નાફરમાની કહી હતી અને કાફિરોનો કોઈ અમલ સ્વીકાર્ય નથી) અને (આ છુપા કુફ્રની જાહેર નિશાની એ છે કે) તે લોકો નમાઝ નથી પઢતા પરંતુ આળસની સાથે અને (નેક કામમાં) ખર્ચ નથી કરતા પરંતુ નારાજગીની સાથે (કારણ કે દિલમાં ઈમાન તો છે જ નથી જેનાથી તેમને સવાબની આશા હોય કે એવી આશાથી અમલનો મોહ પેદા થાય, તેઓ ફક્ત બદનામીથી બચવા માટે ખર્ચ કરે છે અને જ્યારે તેઓ એવા નીંદાપાત્ર છે) તો તેમનો માલ અને અવલાદ તમને (એ) આશ્ચર્યમાં ન નાંખે (કે આવા અસ્વીકૃત નીંદનીય લોકોને આટલા ઈનામો કઈ રીતે અર્પણ થયા ? કારણ કે વાસ્તવમાં તેમના માટે આ નેઅ્મત નથી, બલકે એક પ્રકારનો અઝાબ છે, કારણ કે) અલ્લાહ તઆલાને ફક્ત એ મંજૂર છે કે તેમની વસ્તુઓના કારણે દુનિયાની જિંદગીમાં (પણ) તેમને અઝાબમાં સંડોવી આપે અને તેમનો પ્રાણ કુફ્રની હાલતમાં નીકળી જાય (જેથી આખિરતમાં પણ અઝાબમાં સપડાયેલા રહે માટે જે માલ અને અવલાદનું આવું પરિણામ હોય તેને ઈનામ સમજવું જ ભૂલ ભરેલું છે) અને આ (મુનાફિક) લોકો અલ્લાહની કસમો ખાય છે કે તેઓ તમારામાંથી છે (એટલે કે મુસલમાન છે) જ્યારે કે (વાસ્તવમાં) તેઓ તમારામાંથી નથી પરંતુ (વાત એમ છે કે) તેઓ ડરપોક લોકો છે (કે ડરના માર્યા જૂઠી કસમો ખાઈને પોતાના કુફ્રને છુપાવે છે કે અમારી સાથે બીજા કાફિરો જેવો વ્યવહાર મુસલમાનો તરફથી ન થવા પામે અને કોઈ અન્ય જગ્યા કે ઠેકાણું નથી જ્યાં તેઓ સ્વતંત્રતાપૂર્વક ચાલ્યા જાય, નહિતર) એ લોકોને જો કોઈ શરણનું સ્થળ મળી ગયું હોત અથવા (ક્યાંક પહાડ વગેરેમાં) ગુફાઓ (મળી ગઈ હોત) અથવા કોઈ ઘુસી જવાની થોડી જગ્યા (મળી ગઈ હોત) તો તેઓ જરૂર મોઢું ઉઠાવીને તે તરફ દોડી ગયા હોત (પરંતુ પરિસ્થિતિ એવી નથી એટલા માટે જૂઠી

કસમો ખાઈને પોતાને મુસલમાન બતાવી રહ્યા છે) અને તેમનામાંથી અમુક લોકો તે છે જેઓ સદકાઓ(ની વહેંચણી)માં તમારા ઉપર મ્હેણાં–ટોણા કરે છે (કે આ વહેંચણીમાં નઊઝુબિલ્લાહ ન્યાય કરવામાં આવ્યો નથી) તો જો સદકાઓમાંથી તેમને (તેમની મરજી પ્રમાણે) મળી જાય છે તો તેઓ રાજી થઈ જાય છે અને જો સદકાઓમાંથી તેમને (પોતાની મરજી પ્રમાણે) નથી મળતું તો તેઓ નારાજ થઈ જાય છે (જેનાથી જાણ થઈ કે તેમના વાંધાનો અસલ હેતુ કોઈ સિદ્ધાંત નથી બલકે, દુનિયાની લાલચ અને સ્વાર્થ છે) અને તેમના માટે સારું થયું હોત જો તે લોકો એના ઉપર રાજી રહ્યા હોત જે કંઈ અલ્લાહે (અપાવ્યું હતું) અને તેના રસૂલે તેમને આપ્યું હતું અને (તેના વિશે) એવું કહ્યું હોત કે અમને અલ્લાહ(એ અર્પણ કરેલ માલ) પૂરતો છે (અમોને કાનૂની રીતે આટલું જ મળી શકતું હતું તેમાં જ ભલાઈ અને બરકત હશે અને પછી જો જરૂરિયાત ઉપસ્થિત થશે અને તેને યોગ્ય લાગશે તો) ભવિષ્યમાં અલ્લાહ તઆલા પોતાના ફઝ્લથી અમને વધારે આપશે અને તેના રસૂલ (ﷺ) આપશે, અમે (દિલથી) અલ્લાહ તરફ જ મોહ (નજર) રાખીએ છીએ (અને તેનાથી જ બધી ઉમ્મીદો–આશાઓ રાખીએ છીએ).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં મુનાફિકોની દુષ્ટતા અને દુષ્કૃત્યોનું વર્ણન હતું, પ્રસ્તુત આ બધી જ આયતોમાં પણ આ જ વિષય છે. اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُعَذِّبَهُمْ بِهَا માં જે એવો ઈરશાદ ફરમાવ્યો કે "મુનાફિકોનો માલ અને અવલાદ તેમના માટે નેઅ્મત નથી, અઝાબ છે." તેનું કારણ એ છે કે દુનિયાની મહોબ્બતમાં રાચેલા મનુષ્ય માટે આ દુનિયામાં જ તે એક અઝાબ અને મુસીબત બની જાય છે. પ્રથમ દુનિયાનો માલ પ્રાપ્ત કરવાની આશાઓ અને યોજનાઓમાં કેવી–કેવી મહેનત અને તકલીફો, શારીરિક સંઘર્ષ તથા માનસિક તણાવ વેઠવો પડતો હોય છે, ન તો દિવસે ચેન, ન જ રાત્રે ઊંઘ, ન તો પોતાના શરીરની ખૈર–ખબર, ન જ બાળ–બચ્ચાં સાથે દિલ બહેલાવવાની ફુરસદ; પછી જો તે માલ પ્રાપ્ત થઈ ગયો તો પણ તેની સુરક્ષા અને તેને વધારવાની ફિકર એક પ્રકારે રાત–દિવસનો અઝાબ જ છે ! અને જો થોડુંક જ નુકસાન થઈ ગયું અથવા કોઈ બીમારી આવી ગઈ તો ગમોનો પહાડ તૂટી પડે છે અને જો બધી વસ્તુઓ સંજોગવસાત મરજી

અને સ્વભાવ પ્રમાણે પ્રાપ્ત પણ થઈ જાય તો તેના ઘટી જવાનો ભય અને વધારતા ચાલવાની ફિકર–ચિંતા કોઈ સમયે પણ ચેનથી બેસવા દેતી નથી.

પછી જ્યારે અંતે આ વસ્તુઓ મોતના સમયે અથવા પહેલાં જ તેના હાથમાંથી જતી રહે છે તો તેના ઉપર ખૂબ અફસોસ છવાઈ જાય છે, આ બધો અઝાબ જ અઝાબ છે જેને મૂર્ખ મનુષ્યએ રાહતનું નામ આપી દીધું છે પરંતુ વાસ્તવમાં રાહત એટલે કે દિલની શાંતિ અને સંતોષ છે કે તેની તેને હવા પણ લાગી નથી, એટલા માટે રાહતના સામાનને રાહત સમજીને તેમાં મગ્ન રહે છે જે વાસ્તવમાં તેના માટે દુનિયામાં ચેન અને આરામનો પણ દુશ્મન છે અને આખિરતના અઝાબની પ્રસ્તાવના પણ છે.

શું સદકાઓનો માલ કાફિરને આપી શકાય છે ? :

અંતિમ આયતથી જાણ થાય છે કે, સદકાઓના માલમાંથી મુનાફિકોને પણ હિસ્સો મળ્યા કરતા હતો પરંતુ તે તેમની ઈચ્છા મુજબ ન મળવાથી નારાજ થઈ જતા હતા તથા મ્હેણાં–ટોણા મારવા લાગતા હતા. અત્રે જો સદકાઓનો અર્થ સામાન્ય રીતે લેવામાં આવે તો જેમાં વાજિબ સદકાઓ અથવા નફલ સદકાઓ સામેલ છે તો કોઈ શંકા જ નથી, કારણ કે નફલ સદકાઓમાંથી ગેરમુસ્લિમોને આપવું ઉમ્મતની સર્વસહમતિથી જાઈઝ અને સુન્નતથી સાબિત છે અને જો અત્રે સદકાઓનો અર્થ એ ફરજ સદકાઓ, ઝકાત, ઉશ્ર વગેરે છે તો મુનાફિકોને તેમાંથી હિસ્સો આપવો એ કારણે હતો કે તેઓ પોતાને મુસલમાન જાહેર કરતા હતા અને તેમના કાફિર હોવાની કોઈ જાહેર દલીલ સ્થાપિત થઈ ન હતી અને અલ્લાહ તઆલાએ મસ્લિહતનો હુકમ એ જ આપ્યો હતો કે, મુનાફિકોની સાથે પણ એવો જ વ્યવહાર કરવામાં આવે જે મુસલમાનોની સાથે કરવામાં આવે છે.

(બયાનુલ કુર્આન)

لَا يَأْتُوْنَ الصَّلٰوةَ اِلَّا وَهُمْ كُسَالٰى આ આયતમાં મુનાફિકોની બે નિશાનીઓ બતાવવામાં આવી છે, એક એ કે નમાઝમાં આવે તો સુસ્તી તથા હારેલા–થાકેલા જેવા અને મને–કમને આવે તથા બીજું અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે તો નારાજગીથી કચવાતા મને જ ખર્ચ કરે.

તેમાં મુસલમાનોને પણ એ બાબતની તાકીદ છે કે, નમાઝમાં સુસ્તી અને

આળસ તથા ઝકાત અને સદકહથી દિલમાં નારાજગી પેદા થવી નિફાકની નિશાની છે, મુસલમાનોએ પ્રયત્ન કરીને પણ આ નિશાનીઓથી બચવું જોઈએ.

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૬૦)

إِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ وَالْمَسٰكِيْنِ وَالْعٰمِلِيْنَ عَلَيْهَا وَالْمُؤَلَّفَةِ قُلُوْبُهُمْ

وَفِي الرِّقَابِ وَالْغٰرِمِيْنَ وَفِيْ سَبِيْلِ اللّٰهِ وَابْنِ السَّبِيْلِ ۖ فَرِيْضَةً مِّنَ اللّٰهِ ۗ

وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٦٠﴾

તરજુમો :

જે ઝકાત છે બસ તે હક છે મુફલીસો (ગરીબો)નો અને મોહતાજોનો અને ઝકાતના કામ ઉપર જનારાઓનો અને "મુઅલ્લફતુલ કુલૂબ" (જેમનું દિલ ખુશ રાખવાનું મંજૂર હોય તે)નો અને ગરદનો (ગુલામો) છોડાવવામાં અને કરજદારોના કરજ (અદા કરવા)માં અને અલ્લાહના માર્ગમાં અને રસ્તાના મુસાફરનો; અલ્લાહનું ઠરાવેલું છે અને અલ્લાહ સઘળું કંઈ જાણનારો હિકમતવાળો છે. (૬૦)

તફસીર :

(ફરજ) સદકાઓ તો ફક્ત ગરીબોનો હક છે અને મોહતાજોનો અને જે કારકૂનો (કર્મચારીઓ) આ સદકાઓ(ને વસૂલ કરવા) માટે નિયુક્ત કરવામાં આવ્યા હોય અને જેમના દિલોને આકર્ષવાનું મંજૂર હોય અને ગુલામોની ગરદનો છોડાવવામાં (ખર્ચ કરવામાં આવે) અને કરજદારોનું કર્જ (અદા કરવામાં) અને જિહાદ (અને તેનો સામાન ખરીદવા)માં અને મુસાફરો(ની મદદ) માટે, આ હુકમ અલ્લાહ તરફથી નક્કી છે અને અલ્લાહ તઆલા મહાન ઈલ્મવાળો છે અને મોટી હિકમતવાળો છે.

મસ્અલા અને બોધપાઠ :

સદકહ કોને આપવામાં આવે ? :

આ આયતથી અગાઉની આયતમાં સદકહ વિશે રસૂલે કરીમ ﷺ ઉપર

અમુક મુનાફિકોએ વાંધાઓ ઉઠાવ્યા હતા તેના જવાબનો ઉલ્લેખ હતો, જેમાં મુનાફિકોએ રસૂલે કરીમ ﷺ ઉપર એવો આક્ષેપ લગાવ્યો હતો કે તમે (નઊઝુબિલ્લાહ) સદકાઓની વહેંચણી ન્યાયપૂર્વક કરતા નથી, જેને ઈચ્છો છો તેને આપી દો છો.

આ આયતમાં અલ્લાહ તઆલાએ સદકહ કોને-કોને આપવાનો છે તે નક્કી કરીને તેમની ગેરસમજને દૂર કરી દીધી કે અલ્લાહ તઆલાએ પોતે એ વાત નક્કી કરી આપી છે કે, સદકહ કયા-કયા લોકોને આપવામાં આવે અને રસૂલે કરીમ ﷺ સદકાઓની વહેંચણીમાં અલ્લાહના આ જ હુકમનું પાલન કરે છે તેઓ પોતાના અભિપ્રાયથી કંઈ જ કરતા નથી.

તેનું સમર્થન એ હદીષથી પણ થાય છે જે અબૂ દાવુદ અને દારેકુતનીમાં પણ હઝરત ઝિયાદ બિન હારિષની રિવાયતથી નકલ થઈ છે, તેઓ ફરમાવે છે કે "હું રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો તો જાણ થઈ કે આપ ﷺ તેમની (ઝિયાદની) કોમના મુકાબલા માટે એક લશ્કર મુસલમાનોનું રવાના કરી રહ્યા છે, મેં વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! તમે લશ્કર ન મોકલો, હું તેમની જવાબદારી લઉં છું કે તેઓ બધા આજ્ઞાપાલક અને તમારા આધીન આવી જશે, પછી મેં પોતાની કોમને પત્ર લખ્યો તો બધા જ મુસલમાન થઈ ગયા, તેના વિશે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, يَا أَخَا صُدَاءٍ الْمُطَاعَ فِي قَوْمِهِ જેમાં જાણે કે તેમને એ સંબોધન કરવામાં આવ્યું કે, આ પોતાની કોમના અતિપ્રિય અને આગેવાનોમાંથી છે, મેં વિનંતી કરી કે તેમાં મારી કોઈ વિશેષતા નથી અલ્લાહ તઆલાની મહેરબાનીથી તેમને હિદાયત મળી ગઈ અને તેઓ મુસલમાન થઈ ગયા. તેઓ ફરમાવે છે કે, હું હજુ મજલિસમાં હાજર હતો કે એક વ્યક્તિ રસૂલે કરીમ ﷺની સેવામાં કંઈક સવાલ કરવા માટે હાજર થયો, રસૂલે કરીમ ﷺએ તેને આ જવાબ આપ્યો કે,

સદકાઓની વહેંચણીને અલ્લાહ તઆલાએ કોઈ નબી અથવા ગેરનબીના હવાલે પણ નથી કરી, બલકે પોતે જ તેના આઠ હકદારો નક્કી કરી દીધા છે, જો તમે તે આઠમાં સામેલ છો તો તમને આપી શકું છું."

(તફસીરે કુર્તુબી, , પેજ : ૧૬૮, જિલ્દ : ૧)

આયતનો શા'ને નુઝૂલ જાણ કર્યા પછી આયતની સંપૂર્ણ તફસીર અને ખુલાસો સાંભળતા પહેલાં એ સમજી લો કે, અલ્લાહ જલ્લ શા'નુહૂએ બધી જ મખ્લૂક મનુષ્ય, પ્રાણીઓ વગેરેને રોજી આપવાનો વાયદો કર્યો છે, وَمَامِنْ دَآبَّةٍ فِى الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا (૧૧:૬) અને સાથે જ પોતાની ઉચ્ચ કક્ષાની હિકમતથી એવું નથી કર્યું કે સૌને રોજીમાં સરખા કરી દીધા, માલદાર અને ફકીરનો ફરક રાખ્યો તેમાં મનુષ્યની અખ્લાકી કેળવણી અને દુનિયાની વ્યવસ્થા સંબંધી સેંકડો હિકમતો છે જેની વિગતનો અત્રે મોકો નથી. આ હિકમત હેઠળ કોઈને માલદાર બનાવ્યો તો કોઈને ગરીબ-ફકીર, પછી માલદારોના માલમાં ગરીબ અને ફકીરનો ભાગ લગાવી દીધો. ઈરશાદ થયો, وَفِىٓ اَمْوَالِهِمْ حَقٌّ مَّعْلُوْمٌ لِّلسَّآئِلِ وَالْمَحْرُوْمِ જેમાં બતાવવામાં આવ્યું કે, માલદારોના માલમાં અલ્લાહ તઆલાએ નક્કી પ્રમાણમાં ફકીરોનો ભાગ રાખી લીધો છે જે તે ફકીરોનો જ હક છે.

તેનાથી એક બાબત એ જાણ થઈ કે, માલદારોના માલમાં જે સદકહ કાઢવાનો હુકમ આપવામાં આવ્યો છે તે કોઈ એમનું અહેસાન નથી, બલકે ફકીરોનો હક છે જેને અદા કરવો તે માલદારોની જવાબદારી અને જરૂરી બાબત છે, બીજું એ પણ જાણ થઈ કે આ હક અલ્લાહ તઆલાએ નક્કી કર્યા છે, એવું નથી કે જેનું મન ચાહે જ્યારે ઈચ્છે તેમાં વધતું-ઓછું કરે, અલ્લાહ તઆલાએ આ નક્કી કરેલા હકનું પ્રમાણ બતાવવાનું કામ પણ રસૂલે કરીમ ﷺને સોંપી દીધું અને એટલા જ માટે આપ ﷺએ તેની એ પ્રમાણે કાળજી રાખી કે સહાબએ કિરામ (રદિ.)ને ન જ ફક્ત મૌખિક રીતે બતાવવાને પૂરતું સમજ્યું બલકે, એ બાબતે વિગતવાર હુકમો લખાવીને હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) અને અમ્ર બિન હઝમને સોંપી દીધા, જેનાથી સ્પષ્ટ રીતે એ સાબિત થઈ ગયું કે ઝકાતના નિસાબ (પ્રમાણ) અને દરેક માલના નિસાબનું પ્રમાણ અને ઝકાત હંમેશા માટે અલ્લાહ તઆલાએ નક્કી કરીને પોતાના રસૂલે કરીમ ﷺ મારફતે લોકોને બતાવી દીધું, તેમાં કોઈપણ યુગમાં કોઈપણ પ્રદેશમાં કોઈ વધતું ઓછું અથવા ફેરબદલ કરવાનો કોઈને અધિકાર નથી.

સદકહ-ઝકાતનું ફરજ થવું એ તો સહીહ છે કે, ઈસ્લામની શરૂઆતથી જ મક્કએ મુકર્રમહમાં તેની આયત નાઝિલ થઈ ચૂકી હતી, જેમકે તફસીરના ઈમામ ઈબ્ને કષીર (રહ.)એ સૂરએ મુઝ્ઝમ્મિલની આયત فَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ

(૭૩ : ૨૦)થી દલીલ કરી છે, કારણ કે આ સૂરત બિલકુલ વહીના શરૂઆતના સમયની સૂરતોમાંથી છે, તેમાં નમાઝની સાથે ઝકાતનો પણ હુકમ છે, અલબત્ત હદીષની રિવાયતોથી એવી જાણ થાય છે કે ઈસ્લામની શરૂઆતમાં ઝકાત માટે કોઈ ખાસ નિસાબ અથવા કોઈ ખાસ પ્રમાણ નક્કી ન હતું, બલકે જે કંઈ એક મુસલમાનની પોતાની જરૂરિયાતો પૂરી કર્યા પછી બચી રહે તે બધું અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં આવતું હતું, નિસાબ નક્કી કરવાનું અને ઝકાતના પ્રમાણનું વર્ણન હિજરત પછી મદીન-એ-તય્યિબહમાં નક્કી થયું છે અને પછી ઝકાત તથા સદકહને વસૂલ કરવાની વ્યવસ્થા અને એ માટેની વહીવટી તથા શાસકીય પદ્ધતિ તો મક્કા વિજય પછી અસ્તિત્વમાં આવી છે.

આ આયતમાં સહાબએ કિરામ (રદિ.) તથા તાબિઈન (રહ.) માટે આ જ વાજિબ સદકાઓ કોના ઉપર ખર્ચ કરવા તેનો ઉલ્લેખ થયો છે જે નમાઝની જેમ મુસલમાનો ઉપર ફરજ છે, કારણ કે જેમના ઉપર ખર્ચ કરવાનો છે તે હકદારો આ આયતમાં નક્કી કરવામાં આવ્યા છે અને તે ફરજ સદકાઓ છે; નફલ સદકહમાં રિવાયતના ખુલાસાઓના કારણે ઘણી બધી છૂટછાટ છે તે આ હકદારો ઉપર અવલંબિત નથી.

જો કે આ આયતોમાં સદકહનો અર્થ સામાન્ય સદકાઓ માટે ઉપયોગ થયો છે, જેમાં વાજિબ અને નફલ બંને સદકાઓ સામેલ છે પરંતુ આ આયતમાં ઉમ્મતના સર્વાનુમત (ઈજમા) દ્વારા ફરજ સદકહના જ હકદારોનું વર્ણન થયું છે અને તફસીરે કુર્તુબીમાં છે કે, કુર્આનમાં જ્યાં કંઈ પણ સદકહ વિશે બોલવામાં આવ્યું છે અને કોઈ નફલ સદકહનો ઈશારો નથી થયો તો ત્યાં ફરજ સદકહ જ અર્થ તરીકે સમજવામાં આવશે.

આ જ આયતને શબ્દ إِنَّمَا (ઈન્નમા)થી શરૂ કરવામાં આવી છે, આ શબ્દ જે અવલંબન-ખાસ (હસ્ર અને ઈનહિસાર) માટે ઉપયોગ કરવામાં આવે છે તેની શરૂઆતના વાક્યમાં જ બતાવવામાં આવ્યું કે, સદકહના જે હકદારો આગળ વર્ણન થઈ રહ્યા છે તે બધા જ વાજિબ સદકાઓ ફક્ત તેમનામાં જ ખર્ચ થવા જોઈએ તે સિવાય અન્ય કોઈના ઉપર વાજિબ સદકાઓ ખર્ચ કરી શકાતા નથી, જેમકે જિહાદની તૈયારી અથવા મસ્જિદ અને મદ્રસાના બાંધકામ અથવા અન્ય બીજી સામાજિક સંસ્થાઓ વગેરે, આ બધી વસ્તુઓ પણ જો કે જરૂરી છે અને

તેમાં ખર્ચ કરવાનો ઘણો મોટો સવાબ છે પરંતુ ફરજ સદકહ જેનું પ્રમાણ અને નિસાબ નક્કી કરવામાં આવ્યો છે તેને (ઝકાતને) તેમાં (મસ્જિદ, મદ્રસાના બાંધકામ વગેરેમાં) લગાવી શકતા નથી.

આયતનો બીજો શબ્દ صَدَقَاتٌ (સદકાત) એ "સદકહ"નું બહુવચન છે. સદકહનો અર્થ શબ્દકોષ પ્રમાણે માલના તે ભાગને કહેવામાં આવે છે જે અલ્લાહ માટે જ ખર્ચ કરવામાં આવે. (કામુષ) ઈમામ રાગિબ (રહ.)એ મુફરદાતુલ કુર્આનમાં ફરમાવ્યું કે, સદકહને સદકહ એટલા માટે કહેવામાં આવે છે કે તેને આપનારો જાણે કે એવો દા'વો કરે છે કે હું મારી પ્રવૃત્તિ અને આચરણમાં તથા મારા કહેવા અને કરવામાં સાચો છું, તેને ખર્ચ કરવા માટે મારો કોઈ દુનિયવી સ્વાર્થ નથી, બલકે ફક્ત અલ્લાહની રજામંદી માટે ખર્ચ કરી રહ્યો છું, એટલા માટે જે સદકહમાં કોઈ નામના, પ્રતિષ્ઠા અથવા દુનિયાનો સ્વાર્થ સામેલ થઈ જાય કુર્આને કરીમે તેને નિરર્થક ઠરાવ્યું છે.

શબ્દ "સદકહ" પોતાના વાસ્તવિક અર્થની રૂએ સર્વસામાન્ય છે, તે નફલ સદકહને પણ કહેવામાં આવે છે અને ફરજ ઝકાતને પણ; નફલ માટે તેનો ઉપયોગ સર્વસામાન્ય છે, ફરજ માટે પણ કુર્આને કરીમમાં ઘણા સ્થળે આ શબ્દનો ઉપયોગ થયો છે, જેમકે خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً (૯ : ૧૦૩) અને આયત اِنَّمَا الصَّدَقَاتُ માં વગેરે.

બલકે, કુર્તુબીનું સંશોધન તો એ છે કે કુર્આનમાં જ્યારે માત્ર શબ્દ "સદકહ" બોલવામાં આવે છે તો તેનાથી ફક્ત ફરજ સદકહ જ અર્થ તરીકે હોય છે અને હદીષની રિવાયતોમાં "સદકહ" શબ્દ દરેક નેક કાર્યો માટે પણ ઉપયોગ થયો છે, જેમકે હદીષમાં છે કે કોઈ મુસલમાનને ખુશ થઈને મળવું પણ સદકહ છે, કોઈ ભાર વેંઢારનારનો ભાર ઊંચકી લેવો પણ સદકહ છે, કૂવામાંથી પાણીની ડોલ પોતાના માટે કાઢી અને તેમાંથી અન્ય કોઈને પાણી આપ્યું તો તે પણ સદકહ છે, આ હદીષમાં શબ્દ સદકહને સામાન્ય રીતે વિવિધ અર્થોમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

ત્રીજો શબ્દ ત્યારપછી لِلْفُقَرَآءِ (લિલ્ ફુકરાઅ્)થી શરૂ થયો છે, તેની શરૂઆતમાં શબ્દ لَامْ (લામ) છે જે ખાસ કરીને વિશિષ્ટતા બતાવવા માટે

ઉપયોગ થાય છે, આથી વાક્યનો અર્થ એ થશે કે બધા જ સદકાઓ ફક્ત તે લોકોનો જ હક છે જેનું વર્ણન હવે પછી થઈ રહ્યું છે.

હવે, આઠ પ્રકારના લોકો કે જેઓ તેના હકદાર છે તેની વિગત સાંભળો જે અહીંયાં ઉપસ્થિત છે રજુ કરેલ છે.

તેમાં પ્રથમ હકદાર ફકીરો છે, બીજા મિસ્કીનો; ફકીર અને મિસ્કીનના મૂળ અર્થમાં જો કે વિરોધાભાસ છે, એકનો અર્થ થાય છે કે "જેની પાસે કશું ન હોય," બીજાનો અર્થ છે કે "જેની પાસે નિસાબ (શરઈ પ્રમાણ) કરતા ઓછું હોય" પરંતુ ઝકાતના હુકમમાં બંને સમાન છે, કોઈ વિરોધાભાસ નથી; જેનો ખુલાસો એ છે કે જે વ્યક્તિની પાસે તેની મૂળ જરૂરિયાત કરતા વધારે શરઈ નિસાબ (પ્રમાણ) જેટલો માલ ન હોય તેને ઝકાત આપી શકાય છે અને તેના માટે ઝકાત લેવી જાઈઝ છે, જરૂરિયાતમાં રહેવાનું મકાન, વપરાશમાં આવતા વાસણો અને કપડાં તથા ફર્નિચર વગેરે બધું સામેલ છે, નિસાબ એટલે કે સાડા સાત તોલા સોનું અથવા સાડા બાવન તોલા ચાંદી અથવા તેની કિંમત જેની પાસે હોય અને કરજદાર પણ ન હોય તો પછી ન તો તેના માટે ઝકાત લેવી જાઈઝ છે અને ન જ તેને ઝકાત આપવી જાઈઝ છે, એ જ પ્રમાણે તે વ્યક્તિ જેની પાસે અમુક ચાંદી અથવા અમુક રોકડ રકમ અને થોડું સોનું છે તો બધાની કિંમત લગાવીને જો સાડા બાવન તોલા ચાંદીની કિંમત બરાબર થઈ જાય તો તે પણ "સાહિબે નિસાબ" (ઝકાતનું શરઈ પ્રમાણ ધારણ કરનાર) ગણાશે, તેને ઝકાત આપવી અથવા તેણે ઝકાત લેવી જાઈઝ નથી અને જે વ્યક્તિ "સાહિબે નિસાબ" નથી પરંતુ તંદુરસ્ત મજબૂત અને કમાઈ શકવા માટે સક્ષમ અને સશક્ત હોય અને તેની પાસે એક દિવસ ગુજરાન ચાલે તેટલું હાજર હોય તો તેને જો કે ઝકાત આપવી તો જાઈઝ છે પરંતુ એના માટે જાઈઝ નથી કે તે લોકોને સવાલ (માંગણી) કરતો ફરે, આ બાબતમાં ઘણા લોકો ગફલત વર્તે છે, આવા લોકો માટે સવાલ કરવો હરામ છે, એવો વ્યક્તિ જે કંઈ સવાલ કરીને પ્રાપ્ત કરે છે તેને રસૂલે કરીમ ﷺએ જહન્નમના અંગારા કહ્યા છે. *(અબૂ દાવુદ અલી રદિ.ની રિવાયત દ્વારા, કુર્તુબી)*

ખુલાસો એ છે કે ફકીર અને મિસ્કીનમાં ઝકાત બાબતે કોઈ તફાવત નથી, અલબત્ત વસિય્યતના હુકમમાં ફરક પડે છે કે મિસ્કીનો માટે વસિય્યત કરી છે તો કેવા લોકોને આપવામાં આવે ? અને ફકીરોના માટે છે તો કેવા લોકોને આપવામાં

આવે ? જેના ઉલ્લેખની અત્રે આવશ્યકતા નથી, ફકીર અને મિસ્કીન બંને હકદારોમાં એ બાબત લગભગ સમાન છે કે જેને ઝકાતનો માલ આપવામાં આવે તે મુસલમાન હોય અને વાસ્તવિકત જરૂરિયાતથી વધારે નિસાબ પ્રમાણે માલનો માલિક ન હોય.

જો કે સામાન્ય સદકહ ગેરમુસ્લિમોને પણ આપી શકાય છે, રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે, تَصَدَّقُوْا عَلٰى اَهْلِ الْاَدْيَانِ كُلِّهَا એટલે કે, દરેક ધર્મવાળાઓ ઉપર સદકહ કરો, પરંતુ ઝકાતરૂપી સદકહ વિશે રસૂલે કરીમ ﷺએ હઝરત મઆઝ (રદિ.)ને યમન મોકલતી વેળા એવી સૂચના આપી હતી કે, ઝકાતનો માલ ફક્ત મુસલમાનોના માલદારો પાસેથી લેવામાં આવે અને તેમના જ (મુસલમાનોના) ફકીરો ઉપર ખર્ચ કરવામાં આવે, એટલા માટે ઝકાત તો ફક્ત મુસ્લિમ ફકીરો અને મિસ્કીનો ઉપર જ ખર્ચ કરી શકાય છે, ઝકાત ઉપરાંત બીજા સદકાઓ એટલે સુધી કે સદકતુલ ફિત્ર પણ ગેરમુસ્લિમ ફકીરને આપવો જાઇઝ નથી. *(હિદાયા)*

અને બીજી શરત "સાહિબે નિસાબ" ન હોવાની પોતે ફકીર અને મિસ્કીનની વ્યાખ્યાથી સ્પષ્ટ થઈ જાય છે, કારણ કે ફકીર અને મિસ્કીન એટલી વાતમાં સમાન છે કે તેમની પાસે નિસાબ પ્રમાણે માલ ઉપસ્થિત નથી અને બંને હકદારો પછી અન્ય છ હકદારોનો ઉલ્લેખ થયો છે તેમાં પ્રથમ હકદાર ઝકાત વસૂલ કરવા માટે નિયુક્ત કારકૂનો છે.

ત્રીજા હકદાર اَلْعَامِلِيْنَ عَلَيْهَا છે, અહીંયાં عَامِلِيْن (આમિલીન)નો અર્થ તે લોકો છે જેઓ ઈસ્લામી શાસન તરફથી સદકહ, ઝકાત, ઉશ્ર વગેરે લોકો પાસેથી વસૂલ કરીને બયતુલ માલ (ઈસ્લામી રાજ્યની તિજોરી)માં જમા કરાવવાની સેવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે, આ લોકો પોતાનો બધો જ સમય આ સેવામાં ખર્ચ કરે છે એટલા માટે તેમની જરૂરિયાતોની જવાબદારી ઈસ્લામી હુકૂમત ઉપર છે, કુર્આને કરીમની આ આયતે ઝકાતના હકદારોમાં તેમનો હિસ્સો રાખીને એ નક્કી કરી દીધું કે તેમની સેવાનો હક તે ઝકાત ખાતે જ ઉધારવામાં આવશે.

મૂળ વાત એમ છે કે, અલ્લાહ તઆલાએ મુસલમાનો પાસેથી ઝકાત અને સદકહ વસૂલ કરવાની ફરજ સીધે-સીધી રસૂલે કરીમ ﷺને સોંપી હતી જેનું

વર્ણન આ જ સૂરતમાં આગળ આવનારી આયતમાં આવવાનું છે. خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً એટલે કે, "તમે મુસલમાનોના માલમાંથી સદકહ વસૂલ કરો." આ આયતનું વિગતવાર વર્ણન તો આગળ આવશે, અત્રે એ બતાવવાનો હેતુ છે કે આ આયતની રૂએ મુસલમાનોના શાસક (અમીર) ઉપર એ ફરજ છે કે, તે ઝકાત અને સદકહને વસૂલ કરે અને એ દેખીતું છે કે, અમીર પોતે તે કાર્ય વ્યક્તિગત રીતે સમગ્ર દેશમાં પોતાના સહાયકો, કર્મચારીઓ વિના કરી શકતો નથી, તે જ સહાયકો અને કર્મચારીઓના સંદર્ભમાં પ્રસ્તુત આયતમાં وَالْعٰمِلِيْنَ عَلَيْهَا ના શબ્દો કહેવામાં આવ્યા છે.

આ જ આયતોના પાલનમાં રસૂલે કરીમ ﷺએ ઘણા બધા સહાબએ કિરામ (રદિ.)ને સદકહ વસૂલ કરવા માટે આમિલ (કાર્યકરો) બનાવીને વિવિધ પ્રદેશોમાં મોકલ્યા છે અને પ્રસ્તુત આયતની સૂચના અને માર્ગદર્શન પ્રમાણે જ ઝકાતમાંથી પ્રાપ્ત થતી રકમમાંથી તેમની સેવાનો હક આપવામાં આવ્યો છે, તેમાં તે સહાબા (રદિ.) પણ સામેલ છે જેઓ માલદાર હતા, હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "સદકહ કોઈ માલદાર માટે હલાલ નથી ફક્ત પાંચ વ્યક્તિઓ સિવાય; એક તે વ્યક્તિ જે જિહાદ માટે નીકળ્યો છે અને ત્યાં તેની પાસે આવશ્યકતા–જરૂરત પ્રમાણે માલ નથી ભલે તે ઘરમાં માલદાર હોય, બીજો સદકહ વસૂલ કરનાર આમિલ (કારકૂન) જે સદકહ વસૂલ કરવાની સેવા બજાવે છે, ત્રીજો તે વ્યક્તિ કે ભલે તેની પાસે માલ છે પરંતુ તે પોતાની પાસે ઉપસ્થિત માલ કરતા વધારેનો કરજદાર છે, ચોથો તે વ્યક્તિ જે સદકહનો માલ કોઈ ગરીબ મિસ્કીનને પૈસા આપીને ખરીદે, પાંચમો તે વ્યક્તિ જેને કોઈ ગરીબ ફકીરે સદકહથી પ્રાપ્ત થયેલ માલ ભેટ સ્વરૂપે આપી દીધો હોય."

રહ્યો એ મસ્અલો કે સદકહ વસૂલ કરનાર કારકૂનોને તેમાંથી કેટલી રકમ આપવામાં આવે ? બસ, તેનો હુકમ એ છે કે તેમની મહેનત અને કાર્યના હિસાબે તેમને આપવામાં આવશે. *(અહકામુલ કુર્આન, જસ્સાસ, કુર્તુબી)*

અલબત્ત, એ જરૂરી છે કે ઝકાત વસૂલ કરનાર કારકૂનોનો પગાર વસૂલ કરવામાં આવેલ ઝકાતથી અડધો–અડધ કે તેથી વધારે ન હોવો જોઈએ, જો વસૂલ કરવામાં આવેલ ઝકાત એટલી ઓછી હોય કે કારકૂનોનો પગાર આપ્યા પછી અડધી રકમ પણ બાકી નથી બચતી તો પછી પગાર ઓછો કરવામાં

આવશે, અડધાથી વધારે ખર્ચ કરવામાં આવશે નહીં. *(તફસીરે મઝહરી, ઝહિરિય્યહ)*

પ્રસ્તુત વર્ણનથી જાણ થઈ કે, સદકહ વસૂલ કરનાર આમિલોને જે રકમ ઝકાતના ખાતેથી ઉધારીને પગાર સ્વરૂપે આપવામાં આવે છે તે સદકહ નથી, બલકે તેમની સેવાનું વળતર છે, એટલા માટે તેઓ માલદાર હોવા છતાં પણ આ રકમમાંથી લેવાના હકદાર છે અને ઝકાતની રકમમાંથી તેમને મહેનતાણું આપવું જાઈઝ છે અને ઝકાતના હકદારના આઠ પ્રકારોમાંથી ફક્ત આ જ પ્રકાર એવો છે જેમાં ઝકાતની રકમ સેવાના વળતર સ્વરૂપે આપવામાં આવે છે, નહિતર ઝકાત નામ જ તે દાનનું છે જે ગરીબોને કોઈપણ પ્રકારની સેવાના વળતરમાં આપવામાં ન આવે અને જો કોઈ ગરીબ ફકીર પાસેથી કોઈ સેવા કરાવીને ઝકાતનો માલ આપવામાં આવ્યો તો ઝકાત અદા થશે નહીં.

આથી અત્રે બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે, પ્રથમ એ કે ઝકાતના માલને સેવાના વળતર સ્વરૂપે કેવી રીતે આપવામાં આવ્યો ? બીજું એ કે, માલદાર માટે ઝકાતનો માલ હલાલ કઈ રીતે થયો ? આ બંને પ્રશ્નોનો એક જ ઉત્તર છે કે સદકહના આમિલોના વાસ્તવિક સ્વરૂપને સમજી લેવામાં આવે; તે એ કે આ લોકો ફકીરોના વકીલની હેસિયત ધરાવે છે અને સૌને જ ખબર છે કે, વકીલનો કબ્જો અસલ પોતાના મુવક્કીલના કબ્જાના હુકમમાં હોય છે, જો કોઈ વ્યક્તિ પોતાનું કરજ વસૂલ કરવા માટે કોઈને વકીલ અથવા મુખ્તિયાર બનાવી દે અને કરજદાર એ વકીલને પોતાનું કર્જ સોંપી દે તો વકીલના કબ્જામાં તે માલ આવતાની સાથે જ કરજદાર મુક્ત થઈ જાય છે તો જ્યારે ઝકાતની રકમ વસૂલ કરનાર કારકૂનોએ તે ફકીરોના વકીલ હોવાની હેસિયતથી ઝકાત વસૂલ કરી લીધી તો ઝકાત આપનારની ઝકાત અદા થઈ ગઈ, હવે આ સંપૂર્ણ રકમ તે ફકીરોની મિલ્કત છે જેના તરફથી વકીલ સ્વરૂપે તેમણે આ ઝકાત વસૂલ કરી છે, માટે જે રકમ તેમને સેવાના હક સ્વરૂપે આપવામાં આવે છે તે રકમ તે માલદારો તરફથી નથી, બલકે ફકીરો તરફથી આપવામાં આવે છે અને ફકીરોને તેમાં દરેક પ્રકારનો ખર્ચ કરવાનો અધિકાર છે, તેમને એ પણ અધિકાર છે કે જ્યારે પોતાનું કામ આ લોકો પાસેથી લે છે તો પોતાની રકમમાંથી તેમને તે કામ અને સેવાનું વળતર આપે.

હવે સવાલ એ રહી જાય છે કે, ફકીરોએ તો તેમના વકીલોને મુખ્તિયાર

બનાવ્યા નથી તો આ લોકો તેમના વકીલ કેવી રીતે બની ગયા ? તેનું કારણ એ છે કે ઈસ્લામી હુકૂમતનો અમીર કે જે અલ્લાહ તરફથી સમગ્ર દેશના ફકીરો અને ગરીબોનો વકીલ હોય છે અને બધાની જરૂરિયાતની જવાબદારી તેના ઉપર હોય છે, એટલા માટે પ્રદેશના અમીર જેને-જેને સદકહની વસૂલી માટે કારકૂન બનાવે તે બધા તેના નાયબની હેસિયતથી ફકીરોના વકીલ બની જાય છે.

આથી જાણ થઈ કે સદકહના આમિલોને જે કંઈ આપવામાં આવ્યું તે વાસ્તવમાં ઝકાત આપવામાં આવી નથી પરંતુ જે ફકીરોનો હક છે તે ઝકાત તે ફકીરો તરફથી સેવાના વળતર સ્વરૂપે આપવામાં આવી છે, જેમકે કોઈ ગરીબ ફકીર કોઈને પોતાના મુકદ્દમાનો વકીલ બનાવે અને તેની સેવાના બદલામાં ઝકાતથી પ્રાપ્ત કરેલ માલ અદા કરે તો અહીંયાં ન તો આપનારો ઝકાત સ્વરૂપે કંઈ આપી રહ્યો છે અને ન જ લેનારો ઝકાતની હેસિયતે કંઈ લઈ રહ્યો છે.

ખુલાસો :

ઉપરોક્ત વિગતથી એ પણ જાણ થઈ કે, આજકાલ જે ઈસ્લામી મદ્રસાઓ અને અંજુમનોના મોહતમિમ અથવા તેમના તરફથી મોકલવામાં આવતા સફીરો સદકહ અને ઝકાત વગેરે મદ્રસાઓ અને અંજુમનો માટે વસૂલ કરે છે તેમનો એવો હુકમ નથી જે સદકહનો આમિલો માટે આ આયતમાં ઉલ્લેખ થયો છે કે ઝકાતની રકમમાંથી તેમને પગાર આપી શકાય, બલકે મદ્રસાઓ અને અંજુમનો તરફથી અલગ રીતે પગાર આપવો જરૂરી છે, ઝકાતની રકમમાંથી તેમને પગાર આપી શકાય નહીં, કારણ એ છે કે આ લોકો ફકીરોના વકીલ નથી બલકે ઝકાત આપનાર માલદારોના વકીલ છે, તેમના તરફથી ઝકાતના માલને હકદારો ઉપર ખર્ચ કરવાનો તેમને અધિકાર આપવામાં આવ્યો છે, એટલા માટે તેમના કબ્જામાં માલ આવ્યા છતાં પણ ઝકાત ત્યાં સુધી અદા નહીં થાય જ્યાં સુધી તેના હકદાર ઉપર ખર્ચ ન કરે.

ફકીરોના વકીલ ન હોવું એટલા માટે દેખીતું છે કે વાસ્તવિક સ્વરૂપે પણ કોઈ ફકીરે તેમને પોતાનો વકીલ બનાવ્યો નથી તથા અમીરુલ મુઅ્મિનીનની સામાન્ય નાયબગીરીની બીનાએ જે ફકીરોની વકીલાતનો હક ઝકાત વસૂલ કરનાર કારકૂનોને પ્રાપ્ત થાય છે તે પણ તેમને પ્રાપ્ત નથી, એટલા માટે એ

સિવાય કોઈ સ્વરૂપ બાકી નથી કે તેમને ઝકાત આપનાર લોકોના વકીલ ઠરાવવામાં આવે અને જ્યાં સુધી આ માલને ઝકાતના હકદારો ઉપર ખર્ચ કરવામાં ન આવે તેમનો કબ્જો એવો જ છે જેમકે ઝકાતની રકમ જે પોતે માલદાર પાસે મૂકવામાં આવી હોય.

આ મા'મલામાં સામાન્ય રીતે બેદરકારી વર્તવામાં આવે છે, ઘણી બધી સંસ્થાઓમાં ઝકાતનું ફંડ વસૂલ કરીને તેને વરસો-વરસ મૂકી રાખવામાં આવે છે અને ઝકાત આપનારાઓ એવું સમજે છે કે અમારી ઝકાત અદા થઈ ગઈ, જ્યારે કે ઝકાત તે સમય સુધી અદા નથી થતી જ્યાં સુધી તે રકમ ઝકાતના હકદાર ઉપર ખર્ચ ન થઈ જાય.

એ જ પ્રમાણે ઘણા બધા લોકો જાણતા ન હોવાના કારણે તે સફીરોને સદકહના આમિલીનના હુકમમાં સામેલ સમજીને ઝકાતની રકમમાંથી જ તેમનો પગાર આપે છે, આ ન તો દેનાર માટે જાઈઝ લે અને ન જ લેનાર માટે જાઈઝ છે.

એક બીજો પ્રશ્ન; ઇબાદતનું વળતર :

અત્રે એક બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, ઈશારાઓ અને રસૂલે કરીમ ﷺની હદીષોના ઘણા બધા ખુલાસાઓથી એ વાત સાબિત છે કે, ઈબાદત ઉપર વળતર અને મજૂરી લેવી હરામ છે, મુસ્નદે અહમદની હદીષમાં અબ્દુર્રહમાન બિન શિબ્લની રિવાયતથી નકલ થયું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اِقْرَأُوا الْقُرْاٰنَ وَلَا تَأْكُلُوْا بِهٖ એટલે કે, "કુર્આન પઢો પરંતુ તેને ખાવાનું માધ્યમ ન બનાવો" અને અમુક રિવાયતોમાં એ વળતરને જહન્નમનો ટૂકડો બતાવવામાં આવ્યો છે જે કુર્આનના વળતર સ્વરૂપે લેવામાં આવે, એ બાબત ઉપર ઉમ્મતના ફુકહાની સહમતી છે કે ઈબાદત અને ઈતાઅતનો બદલો કે મજૂરી લેવી જાઈઝ નથી અને એ પણ દેખીતું છે કે સદકહ વસૂલ કરવાનું કામ એક દીની સેવા અને ઈબાદત છે, રસૂલે કરીમ ﷺએ તેને એક પ્રકારનો જિહાદ કહ્યો છે, તેનો તકાદો એ જ હતો કે તેના ઉપર કોઈ વળતર અથવા મજૂરી લેવી હરામ હોય, જ્યારે કે કુર્આને કરીમે આ આયતમાં સ્પષ્ટ રીતે તેને જાઈઝ ઠરાવી દીધું અને ઝકાતના આઠ હકદારોમાં તેને સામેલ કર્યું.

ઈમામ કુર્તુબીએ પોતાની તફસીરમાં એ વિશે ફરમાવ્યું કે, જે ઈબાદતો

ફરજ અથવા વાજિબે ઐન છે તેની મજૂરી લેવી સદંતર હરામ છે પરંતુ જે ફરજે કિફાયા છે તેના ઉપર કોઈ વળતર કે મજૂરી લેવી આ જ આયતની રૂએ જાઈઝ છે, ફરજે કિફાયાનો અર્થ એ છે કે એક કાર્ય સમગ્ર ઉમ્મત અથવા સમગ્ર શહેરના માથે ફરજ કરવામાં આવ્યું છે પરંતુ એ જરૂરી નથી કે બધા જ તેને કરે, જો અમુક લોકો પણ તે કાર્ય કરી લેશે તો સૌ તે ફરજમાંથી મુક્ત થઈ જશે, અલબત્ત જો કોઈ વ્યક્તિ પણ એ કાર્ય નહીં કરે તો બધા જ ગુનેહગાર થાય છે.

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, આ જ આયતથી સાબિત થયું કે ઈમામત અને ખતીબ તરીકેનું વળતર કે મજૂરી લેવી પણ જાઈઝ છે, કારણ કે તે પણ ફરજે ઐન નથી, બલકે ફરજે કિફાયામાં છે, આ જ પ્રમાણેનો હુકમ કુર્આન-હદીષની તા'લીમ અને બીજા દીની ઇલ્મ શિખવાડવાની બાબતમાં છે કે, આ બધા કામો સમગ્ર ઉમ્મતની જવાબદારી સ્વરૂપે ફરજે કિફાયા છે, જો અમુક લોકો કરી લે તો બધા લોકો મુક્ત થઈ જશે, એટલા માટે જો તેના ઉપર કોઈ મજૂરી કે વળતર અથવા પગાર લેવામાં આવે તો તે પણ જાઈઝ છે.

ઝકાતનો ચોથો હકદાર مُؤَلَّفَةُ الْقُلُوْبِ (મુઅલ્લફતુલ કુલૂબ) છે, આ તે લોકો છે જેમનું દિલ ખુશ રાખવા માટે તેમને સદકહ આપવામાં આવે છે. સામાન્ય રીતે એવો ઉલ્લેખ કરવામાં આવે છે કે તેમાં ત્રણ-ચાર પ્રકારના લોકો સામેલ હતા, અમુક મુસલમાન અને અમુક ગેરમુસ્લિમ; પછી મુસલમાનોમાંથી અમુક તો તે લોકો હતા જેઓ ગરીબ અને જરૂરિયાતમંદ હતા અને નવમુસ્લિમ પણ, જેમના દિલ એટલા માટે રાજી રાખવામાં આવતા હતા કે તેઓ ઈસ્લામ ઉપર પાકા થઈ જાય અને અમુક તે હતા જેઓ માલદાર પણ હતા અને મુસલમાન થઈ ગયા હતા પરંતુ હજુ સુધી ઈમાનનો રંગ તેમના દિલો ઉપર સંપૂર્ણ રીતે ચઢયો ન હતો અને અમુક તે લોકો હતા જેઓ પોતે તો પાકા મુસલમાન હતા પરંતુ પોતાની કોમને તેમના માધ્યમથી હિદાયત ઉપર લાવવાનો અને પાકા કરવાનો હેતુ હતો.

અને ગેરમુસ્લિમોમાં પણ અમુક તે લોકો હતા જેમના ત્રાસથી બચવા માટે તેમને રાજી રાખવામાં આવતા હતા અને અમુક તે લોકો હતા જેમના વિશે એવો અનુભવ હતો કે ન તો તેઓ પ્રચાર અને શિક્ષણથી પ્રભાવિત થાય છે અને ન જ યુદ્ધ અથવા સખ્તી કરવાથી, બલકે તેઓ અહેસાન અને સદ્‌વર્તણૂક કરવાથી

પ્રભાવિત થાય છે, રહમતુલ્લિલ્ આલમીન ﷺ તો એ જાણતા હતા કે અલ્લાહની મખ્લૂકને કુફ્રના અંધકારમાંથી કાઢીને ઈમાનના પ્રકાશમાં લઈ આવે, એટલા માટે દરેક તે જાઈઝ યુક્તિઓ કરતા હતા જેનાથી એ લોકો પ્રભાવિત થઈ શકે, આ બધા પ્રકારો સામાન્ય રીતે مُؤَلَّفَةُ الْقُلُوْب (મુઅલ્લફતુલ કુલૂબ)માં સામેલ સમજવામાં આવે છે જેમને આ આયતે સદકહના ચોથા હકદાર ઠરાવ્યા છે.

ચોથા હકદાર મુઅલ્લફતુલ કુલૂબ છે, તેના વિશે ઉપરોક્ત બતાવવામાં આવી ચૂક્યું છે કે આ તે લોકો છે જેમના દિલો રાજી રાખવા માટે તેમને સદકહનો હિસ્સો આપવામાં આવતો હતો, સામાન્ય ધારણા મુજબ તેમાં મુસલમાન અને ગેરમુસ્લિમ બંને પ્રકારના લોકો હતા. ગેરમુસ્લિમોને ઈસ્લામ તરફ આકર્ષવા માટે રાજી રાખવામાં આવતા હતા અને નવમુસ્લિમોને ઈસ્લામ ઉપર પાકા કરવા માટે ખુશ કરવામાં આવતા હતા, સામાન્ય રીતે પ્રખ્યાત એ છે કે તેમને રસૂલે કરીમ ﷺના સમયકાળમાં એક ખાસ કારણ અને મસ્લિહત હેઠળ જેનું વર્ણન આવી ચૂક્યું છે, સદકહ આપવામાં આવતા હતા. આપ ﷺની વફાત પછી જ્યારે ઈસ્લામને ભૌતિક અને આર્થિક શક્તિ પણ પાપ્ત થઈ ગઈ અને કાફિરોના ફિત્નાથી બચવા અથવા નવમુસ્લિમોને ઈસ્લામ ઉપર પાકા કરવા માટે આ પ્રમાણેની તદ્બીરો અને યુક્તિઓની આવશ્યકતા ન રહી તો તે મસ્લિહત અને કારણો પણ સમાપ્ત થઈ ગયા, એટલા માટે તેમનો હિસ્સો પણ સમાપ્ત થઈ ગયો જેને ઘણા બધા ફુક્હાએ મન્સૂખ (રદ) થઈ જવાની વ્યાખ્યા કરી છે. હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.), હસન બસરી, શુઅ્બી, અબૂ હનીફા, માલિક બિન અનસ સાથે આ નિવેદનનો સંબંધ જોડવામાં આવે છે.

ઘણા બધા લોકોએ ફરમાવ્યું કે, મુઅલ્લફતુલ કુલૂબનો હિસ્સો મન્સૂખ (રદ) નથી થયો, બલકે હઝરત સિદ્દીકે અકબર અને ફારૂકે આ'ઝમ (રદિ.)ના સમયકાળમાં તેને મુલતવી રાખવાનો અર્થ એ હતો કે, તેની આવશ્યકતા ન રહેવાના કારણે તેમના હિસ્સાને મુલતવી કરવામાં આવ્યો હતો, ભવિષ્યના કોઈ સમયમાં પણ ફરી જો આવી આવશ્યકતા આવી પડે તો તે ફરી આપી શકાય છે. ઈમામ ઝહરી, કાઝી અબ્દુલ વહ્હાબ, ઈબ્ને અરબી, ઈમામ શાફઈ અને ઈમામ અહમદ (રહ.)નો આ જ અભિપ્રાય છે, પરંતુ સાચી અને વાસ્તવિક વાત એ છે કે

ગેરમુસ્લિમોને સદકહ વગેરેમાંથી કોઈ સમયે, કોઈ યુગમાં પણ હિસ્સો આપવામાં આવ્યો નથી અને ન જ તેઓ "મુઅલ્લફતુલ કુલૂબ"માં સામેલ છે જેનું વર્ણન સદકાઓના હકદારો તરીકે આવ્યું છે.

ઈમામ કુર્તુબીએ પોતાની તફસીરમાં એ બધા લોકોના નામો વિગતવાર જણાવ્યા છે જેમના દિલ રાજી રાખવા માટે રસૂલે કરીમ ﷺએ સદકહના ખાતામાંથી તેમને ભાગ આપ્યો. આ બધા લોકોના નામો ગણાવીને ફરમાવ્યું, وَبِالْجُمْلَةِ فَكُلُّهُمْ مُؤْمِنٌ وَلَمْ يَكُنْ فِيْهِمْ كَافِرٌ એટલે કે, ખુલાસો એ છે કે "મુઅલ્લફતુલ કુલૂબ" બધા મુસલમાનો જ હતા તેમાં કોઈ કાફિર સામેલ ન હતો.

એ જ પ્રમાણે તફસીરે મઝહરીમાં છે, لَمْ يَثْبُتْ اَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَعْطٰى اَحَدًا مِّنَ الْكُفَّارِ لِلْاِيْلَافِ شَيْئًا مِّنَ الزَّكٰوةِ એટલે કે, આ વાત કોઈ રિવાયતથી સાબિત નથી કે રસૂલે કરીમ ﷺએ કોઈ કાફિરને ઝકાતના માલમાંથી તેનું દિલ રાજી રાખવા માટે હિસ્સો આપ્યો હોય, તેનું સમર્થન તફસીરે કશ્શાફની એ વાતથી થાય છે કે સદકહના હકદારોનો ઉલ્લેખ અત્રે તે કાફિરો અને મુનાફિકોના જવાબમાં આવ્યો છે જેઓ રસૂલે કરીમ ﷺ ઉપર સદકહની વહેંચણી વિશે વાંધો ઉઠાવ્યા કરતા હતા કે અમને સદકહ આપવામાં આવતા નથી. આ આયતમાં સદકહના હકદારોની વિગત વર્ણન કરવાનો મકસદ એ છે કે, તેમને બતાવવામાં આવે કે કાફિરનો કોઈ હક સદકહના માલમાં નથી, જો "મુઅલ્લફતુલ કુલૂબ"માં કાફિરો પણ સામેલ હોય તો આવો જવાબ આપવાની આવશ્યકતા જ ન હતી.

તફસીરે મઝહરીમાં એ ભૂલને પણ સારી રીતે સ્પષ્ટ કરવામાં આવી છે જે અમુક હદીષની રિવાયતોના કારણે લોકો સમક્ષ રજૂ થાય છે, જેનાથી સાબિત થાય છે કે રસૂલે કરીમ ﷺએ અમુક ગેરમુસ્લિમોને અમુક ભેટ-સોગાતો આપી છે, એટલા માટે સહીહ મુસ્લિમ અને તિરમિઝીની રિવાયતમાં જે એવો ઉલ્લેખ થયો છે કે, રસૂલે કરીમ ﷺએ સફવાન બિન ઉમય્યાને કાફિર હોવાના સમયે અમુક ભેટ-સોગાત આપી હતી તેના વિશે ઈમામ નવવી (રહ.)ના હવાલાથી એવું લખાણ ફરમાવ્યું કે, આ ભેટ-સોગાત ઝકાતના માલમાંથી ન હતી, બલકે ગઝ્વએ હુનૈનના માલે ગનીમતનો જે ખુમ્સ (પાંચમો ભાગ) બયતુલ માલમાં સામેલ થયો તેમાંથી આપવામાં આવ્યું અને એ દેખીતું છે કે, બયતુલ માલના આ

ખાતામાંથી મુસ્લિમ અને ગેરમુસ્લિમ ઉપર ખર્ચ કરવો ફુકૂહાની સર્વસહમતીથી જાઈઝ છે, પછી ફરમાવ્યું કે ઈમામ બયહકી (રહ.), ઈબ્ને સય્યિદુન્નાસ, ઈમામ ઈબ્ને કષીર (રહ.) વગેરે અમે સૌએ એ જ ઠરાવ્યું છે કે, આ ભેટ-સોગાતો ઝકાતના માલમાંથી નથી બલકે ગનીમતના ખુમ્સમાંથી છે.

એક મોટો લાભ :

એનાથી એ પણ જાણ થઈ કે, પોતે રસૂલે કરીમ ﷺના સમયકાળમાં સદકહનો માલ જો કે તે બયતુલ માલમાં ભેગો કરવામાં આવતો હતો પરંતુ તેનો હિસાબ બિલકુલ અલગ રાખવામાં આવતો હતો અને બયતુલ માલના બીજા આર્થિક ખાતાઓ જેમકે, ગનીમતનો ખુમ્સ અથવા ખુમ્સે મઆદિન (ખાણ-ખનીજનો પાંચમો ભાગ) વગેરેનો હિસાબ અલગ-અલગ રાખવામાં આવતો હતો અને દરેકના હકદારો અને ક્યાં ખર્ચ કરવાનો છે તે બાબત પણ અલગથી લખવામાં આવતી હતી, જેમકે ફુકૂહાએ સ્પષ્ટતા કરી છે કે ઈસ્લામી હુકૂમતના બયતુલ માલમાં ચાર અલગ-અલગ ખાતાઓ રહેવા જોઈએ અને અસલ હુકમ એ છે કે ફક્ત હિસાબ અલગ રાખવાનો નથી, બલકે દરેક ખાતાનો બયતુલ માલ પણ અલગ હોવો જોઈએ, જેથી દરેક તેના હકદારો ઉપર ખર્ચ કરવાની સંપૂર્ણ કાળજી રાખી શકે, અલબત્ત જો કોઈ સમયે કોઈ ખાસ ખાતામાં અછત હોય તો બીજા ખાતામાંથી કર્જ સ્વરૂપે લઈને ખર્ચ કરી શકાય છે. નીચે બયતુલ માલના ખાતાઓનું વિવરણ છે.

(૧) ખુમ્સ ગનાઈમ (ગનીમતોનો પાંચમો ભાગ) :

"ખુમ્સે ગનીમત" એટલે કે, જે માલ કાફિરો પાસેથી યુદ્ધ દ્વારા પ્રાપ્ત થાય તેના ચાર ભાગ મુજાહિદોમાં વહેંચીને બાકીનો પાંચમો ભાગ બયતુલ માલનો હક છે. "ખુમ્સે મઆદિન" (ખાણ-ખનીજ વગેરેનો પાંચમો ભાગ) એટલે કે, વિવિધ પ્રકારની ખાણોમાંથી નીકળતી વસ્તુઓમાંથી પાંચમો ભાગ બયતુલ માલનો હક છે. "ખુમ્સે રિકાઝ" એટલે કે પ્રાચીન સમયનો કોઈ ખજાનો જમીનમાંથી મળી આવે, તો તેનો પણ પાંચમો ભાગ બયતુલ માલનો હક છે. આ ત્રણે પ્રકારના ખુમ્સ બયતુલ માલના એક જ ખાતામાં સામેલ છે.

(૨) સદકહ :

બીજું ખાતુ સદકહનું છે જેમાં મુસલમાનોના ઝકાત, સદકતુલ ફિત્ર અને તેમની જમીનોના ઉશ્ર સામેલ છે.

(૩) ખિરાજ અને ફઈ :

ત્રીજુ ખાતુ ખિરાજ અને ફઈના માલનું છે, જેમાં ગેરમુસ્લિમોની જમીનોની પ્રાપ્ત થયેલ ખિરાજ અને તેમનો જિઝિયો અને તેમની પાસેથી પ્રાપ્ત કરેલ વેપારનો ટેક્ષ અને તે બધા જ પ્રકારનો માલ સામેલ છે જે ગેરમુસ્લિમો પાસેથી તેમની રાજી–ખુશીથી સુધરાઈના કામ માટે લેવામાં આવ્યો હોય.

(૪) લાવારિસ માલ :

ચોથું ખાતુ ખોવાયેલ પ્રોપર્ટીનું હોય છે જેમાં લાવારિસ માલ, લાવારિસ વ્યક્તિનો વારસો વગેરે સામેલ છે. આ ચારે ખાતાઓના હકદારો જો કે અલગ–અલગ છે પરંતુ ફકીરો અને મિસ્કીનોનો હક આ ચારે ખાતાઓમાં રાખવામાં આવ્યો છે જેનાથી અંદાજો લગાવી શકાય છે કે ઈસ્લામી કોમના આ ગરીબ અને અશક્ત વર્ગને મજબૂત કરવા માટે પૂરતી કાળજી રાખવામાં આવે છે, જે વાસ્તવમાં ઈસ્લામી હુકૂમતની આગવી વિશેષતા છે નહિતર દુનિયાના સામાન્ય વ્યવસ્થાતંત્રોમાં એક ખાસ વર્ગ પ્રગતિ કરતો રહે છે, ગરીબને ઊભરવાનો મોકો જ નથી મળતો જેના પરિણામે સામ્યવાદ અને કૉમ્યુનિઝમે જન્મ લીધો પરંતુ તે બિલકુલ એક અસ્વાભાવિક અપ્રાકૃતિક સિદ્ધાંત છે, જેમકે કોઈ વરસાદથી બચવા નાળાની વચ્ચે ઊભો થઈ જાય એ રીતે આ સામ્યવાદ પણ માનવતા માટે કાતિલ જુલમ છે.

ખુલાસો એ છે કે, ઈસ્લામી હુકૂમતમાં ચાર બયતુલ માલ ચાર ખાતાઓ માટેના અલગ–અલગ નક્કી કરવામાં આવે છે અને ફકીરો તથા મિસ્કીનોનો હક ચારેયમાં રાખવામાં આવ્યો છે, તેમાંથી પ્રથમ ત્રણ ખાતાઓના હકદારો પોતે કુર્આને કરીમે વિગતપૂર્વક નક્કી કરીને સ્પષ્ટ કર્યા છે. પ્રથમ ખાતુ એટલે કે, "ખુમ્સે ગનાઈમ" એટલે કે, ગનીમતના પાંચમાં ભાગના હકદારોનું વર્ણન સૂરએ અન્ફાલમાં દશમાં સિપારાની શરૂઆતમાં ઉપસ્થિત છે અને બીજું ખાતુ એટલે કે, સદકહના હકદારોનું વર્ણન સૂરએ તવબહની પ્રસ્તુત ૬૦ નંબરની આયતમાં

આવ્યું છે, જેની વિગતવાર ચર્ચા અત્યારે આપણે કરી રહ્યા છીએ અને ત્રીજું ખાતુ જેને ઈસ્લામિક પરિભાષામાં "ફઈ"નો માલ કહેવામાં આવે છે તેનું વર્ણન સૂરએ હશ્રમાં વિગતવાર આવ્યું છે. ઈસ્લામી હુકૂમતના મોટા ભાગે લશ્કરી ખર્ચાઓ અને સરકારી અધિકારીઓના પગારો વગેરે આ જ ખાતામાંથી ખર્ચ કરવામાં આવે છે. ચોથું ખાતુ એટલે કે લાવારિસ માલ; રસૂલે કરીમ ﷺની સૂચના અને માર્ગદર્શન દ્વારા તથા ખુલફાએ રાશિદીનની પદ્ધતિ અનુસાર અપંગ, મોહતાજો અને લાવારિસ બાળકો માટે ખાસ રાખવામાં આવ્યું છે. *(શા'મી, કિતાબુઝ્ઝકાત)*

ખુલાસો એ છે કે ફુક્હાએ બયતુલ માલના ચારે ખાતાઓને અલગ-અલગ રાખવાની અને પોત-પોતાના નક્કી કરવામાં આવેલ હકદારો ઉપર ખર્ચ કરવાની જે સૂચના આપી છે એ બધું કુર્આનના ફરમાનો અને રસૂલે કરીમ ﷺ ત્યારબાદ ખુલફાએ રાશિદીન (રદિ.)ની પદ્ધતિ અનુસાર સ્પષ્ટ રીતે સાબિત થયેલ છે.

આ સંદર્ભના ખુલાસા પછી પાછા અસલ મસ્અલા "મુઅલ્લફતુલ કુલૂબ"ને સમજવું; પ્રસ્તુત વર્ણનમાં સંશોધનકારો, મુહદ્દીસો અને ફુક્હાના ખુલાસાઓથી એ બાબત સાબિત થઈ ચૂકી છે કે મુઅલ્લફતુલ કુલૂબનો કોઈ ભાગ કોઈ કાફિરને કોઈ સમયે પણ આપવામાં નથી આવ્યો, ન તો રસૂલે કરીમ ﷺના સમયકાળમાં અને ન જ ખુલફાએ રાશિદીન (રદિ.)ના સમયકાળમાં અને જે ગેરમુસ્લિમોને આપવાનું સાબિત થયેલ છે તે સદકહ અને ઝકાતના ખાતામાંથી નથી બલકે ગનીમતના ખાતામાંથી આપવામાં આવ્યું છે, જેમાંથી દરેક જરૂરિયાતમંદ મુસ્લિમ અને ગેરમુસ્લિમને આપી શકાય છે, માટે "મુઅલ્લફતુલ કુલૂબ"માં માત્ર મુસ્લિમો જ રહી ગયા અને તેમનામાં જે ફકીરો છે તેમનો ભાગ નિયમ પ્રમાણે બાકી રહેવા ઉપર સંપૂર્ણ ઉમ્મતની સહમતી છે. મતભેદ માત્ર એવા સ્વરૂપમાં રહી ગયા કે આ લોકો માલદાર સાહિબે નિસાબ હોય તો ઈમામ શાફઈ (રહ.) અને ઈમામ અહમદ (રહ.)ના મતે કારણ કે, ઝકાતના બધા જ હકદારોમાં ફકીરો અને જરૂરિયાતમંદોની શરત નથી એટલા માટે તેઓ મુઅલ્લફતુલ કુલૂબમાં એવા લોકોને પણ સામેલ કરે છે જેઓ માલદાર અને પૈસાવાળા છે, ઈમામે આ'ઝમ અબૂ હનીફહ (રહ.) અને ઈમામ માલિક (રહ.)ના મતે સદકહ વસૂલ કરનાર કારકૂનો સિવાય બાકી બધા જ હકદારોમાં

ફકીરો અને હાજતમંદોની શરત છે, એટલા માટે મુઅલ્લફતુલ કુલૂબનો ભાગ પણ તેમને એ જ શરત સાથે આપવામાં આવશે કે તેઓ ફકીર અને જરૂરિયાતમંદ હોય, જેમકે غَارِمِيْن (કરજદાર) અને رِقَاب (ગુલામ) અને اِبْنِ سَبِيْل (મુસાફિર) વગેરે બધામાં એ જ શરત સાથે તેમને ઝકાત આપવામાં આવે છે કે તે આ સ્થળે જરૂરિયાતમંદ હોય ભલે તે પોતાના વતનમાં માલદાર હોય.

આ ખુલાસાનું પરિણામ એ નીકળ્યું કે, મુઅલ્લફતુલ કુલૂબનો ભાગ ચારે ઈમામોના મતે મન્સૂખ (રદ) નથી થયો, ફરક માત્ર એટલો જ છે કે અમુક લોકોએ ફકીરો અને મિસ્કીનો સિવાય કોઈ બીજાને તેના હકદારોમાં ગરીબી અને જરૂરિયાતમંદ હોવાની શરત નથી કરી અને અમુકે તે શરત હોવાનું બતાવ્યું છે. જે લોકોએ એ શરત રાખી છે તે મુઅલ્લફતુલ કુલૂબમાં પણ ફક્ત તે જ લોકોને આપે છે જેઓ જરૂરિયાતમંદ અને ગરીબ હોય, અલબત્ત આ હિસ્સો કાયમ અને બાકી છે.

(તફસીરે મઝહરી)

આટલે સુધી સદકહના આઠ હકદારોમાંથી ચારનું વર્ણન આવ્યું છે. આ ચારેનો હક શબ્દ لَام (લામ) હેઠળ વર્ણન થયો. لِلْفُقَرَآءِ وَالْمَسَاكِيْنِ આગળ જે ચાર હકદારોનું વર્ણન છે, જેમાં વિષય બદલીને "લામ"ના બદલે શબ્દ فِى (ફી)નો ઉપયોગ કરવામાં આવ્યો છે, ફરમાવ્યું, وَفِى الرِّقَابِ وَالْغَارِمِيْنَ ઝમખશરીએ કશ્શાફમાં તેનું કારણ એ વર્ણન કર્યું છે કે, એ વાત તરફ ઈશારો કરવો મંજૂર છે કે આ અંતિમ ચાર હકદારો પ્રથમ ચાર હકદારો કરતા વધારે હકદાર છે, કારણ કે શબ્દ "ફી" યોગ્યતા માટે વાપરવામાં આવે છે જેના કારણે અર્થ એ થશે કે, સદકાઓને તે લોકોની અંદર રાખી દેવો જોઈએ અને તેમના વધારે હકદાર હોવાના કારણે તેઓ વધારે જરૂરિયાતમંદ હોય છે, કારણ કે જે વ્યક્તિ કોઈનો ગુલામ હોય અને કોઈના માલિકીપણા હેઠળ હોય તે સામાન્ય રીતે ફકીરો કરતા વધારે તકલીફમાં છે, એ જ પ્રમાણે જે કોઈનો કરજદાર છે અને લેણદારનો તેનો ઉપર તકાદો છે તે સામાન્ય ગરીબો અને ફકીરો કરતા વધારે તંગીમાં છે કે પોતાના ખર્ચની ફિકરથી પણ વધારે કરજદારના કરજની ફિકર તેના માથે છે.

અને બાકીના ચાર હકદારોમાં સૌ પ્રથમ وَفِى الرِّقَابِ (વફી રિકાબ)નું વર્ણન છે. رِقَاب (રિકાબ) رَقَبَة (રકબહ)નું બહુવચન છે. વાસ્તવમાં ગરદનને

رَقَبَـــه (રકબહ) કહેવામાં આવે છે. સામાન્ય બોલચાલના રૂઢિપ્રયોગમાં એવા વ્યક્તિને "રકબહ" કહેવામાં આવે છે જેની ગરદન કોઈ અન્યની ગુલામીમાં કેદ હોય.

એમાં ફુકહાના મતભેદ છે કે, "રિકાબ"નો અર્થ આ આયતમાં શું છે ? જમહૂર ફુકહા અને મુહદ્દીસીનનો મત એ છે કે, તેનો અર્થ તે ગુલામો છે જેમના માલિકોએ કોઈ ચોક્કસ પ્રમાણમાં માલ નક્કી કરીને કહી દીધું છે કે, જો આટલી રકમ અમને મળી જશે તો તમે આઝાદ છો, જેને કુર્આન અને સુન્નતની પરિભાષામાં مُكَاتَبْ (મુકાતબ) કહેવામાં આવે છે, એવા વ્યક્તિનો માલિક એની પરવાનગી આપી દે છે કે તે વેપાર અથવા મજૂરી દ્વારા માલ કમાય અને માલિકને લાવીને આપે, પ્રસ્તુત આયતમાં "રિકાબ"નો અર્થ એ છે કે તે વ્યક્તિને ઝકાતની રકમમાંથી ભાગ આપીને તેને ગુલામીમાંથી મુક્ત કરાવવા માટે મદદ કરવામાં આવે.

આ પ્રકારના ગુલામો મુફસ્સિરો અને ફુકહાની સર્વસહમતીથી وَفِـــــى الـرِّقَابِ માં સામેલ છે કે ઝકાતની રકમ તેમને આપીને તેમને ગુલામીમાંથી મુક્ત કરવા માટે સહાય કરવામાં આવે, તદુપરાંત અન્ય ગુલામોને ખરીદીને સ્વતંત્ર કરવા અથવા તેમાં માલિકોને ઝકાતની રકમ આપીને એવો કરાર કરી લેવો કે તેઓ તેમને મુક્ત કરી દેશે, તેમાં ફુકહા ઈમામોનો મતભેદ છે. જમહૂર ઈમામો અબૂ હનીફા, શાફઈ, અહમદ બિન હમ્બલ (રહ.) વગેરે તેને જાઈઝ નથી સમજતા અને હઝરત ઈમામ માલિક (રહ.) પણ એક રિવાયતમાં જમહૂર ઈમામો સાથે સહમત છે કે, فِـــى الـــرِّقَـــابِ (ફિર્રિકાબ)નું ફક્ત "મકાતબ" ગુલામોની સાથે ખાસ હોવાનું ફરમાવ્યું છે અને એક રિવાયતમાં ઈમામ માલિક (રહ.)થી પણ એ નકલ થયું છે કે, તે فِـــى الـــرِّقَـــابِ (ફિર્રિકાબ)માં સામાન્ય ગુલામોને સામેલ કરીને તેની પણ પરવાનગી આપે છે કે ઝકાતની રકમથી ગુલામ ખરીદીને સ્વતંત્ર કરવામાં આવે. *(અહકામુલ કુર્આન, ઈબ્ને અરબી, માલિકી)*

જમહૂર ઈમામો અને ફકીહો જે તેને જાઈઝ નથી રાખતા તેમની દૃષ્ટિ સમક્ષ એક ફિક્હી શંકા છે કે જો ઝકાતની રકમથી ગુલામને ખરીદીને આઝાદ કરવામાં આવ્યો તો તેના ઉપર સદકહની વ્યાખ્યા જ સાચી નથી થતી, કારણ કે સદકહ તે માલ છે જે કોઈ હકદારને વળતર વિના આપવામાં આવે, ઝકાતની

રકમ જો માલિકને આપવામાં આવે તો દેખીતું છે કે ન તો તે ઝકાતનો હકદાર છે અને ન જ આ રકમ તેને વિના વળતરે આપવામાં આવી રહી છે અને ગુલામ જે ઝકાતનો હકદાર છે તેને આ રકમ આપવામાં નથી આવી, એ અલગ વાત છે કે આ રકમને દેવાનો ફાયદો ગુલામને પહોંચે છે કે તેને ખરીદીને આઝાદ કરવામાં આવ્યો પરંતુ આ રીતે આઝાદ કરાવવું સદકહની વ્યાખ્યામાં સામેલ નથી થતું અને વાસ્તવિક અર્થને વિના કારણે છોડીને સદકહનો કાલ્પનિક અર્થ લેવો અથવા અન્ય પરોક્ષ અર્થ લેવાની આવશ્યકતા વિના કોઈ યોગ્યતા નથી અને એ પણ દેખીતું છે કે પ્રસ્તુત આયતમાં સદકહના હકદારોનું વર્ણન કરવામાં આવી રહ્યું છે, એટલા માટે "ફીર્રિકાબ"ના અર્થ તરીકે કોઈ એવી વસ્તુ નથી બની શકતી જેના ઉપર સદકહની વ્યાખ્યા જ સાચી ન ઠરે, જો આ ઝકાતની રકમ જો પોતે ગુલામને આપી દેવામાં આવે તો તે ગુલામની કોઈ મિલકત નથી હોતી તે આપમેળે માલિકનો માલ બની જશે, પછી આઝાદ કરવું અથવા ન કરવું પણ તેના અધિકારમાં રહેશે.

આ ફિક્હી શંકાના કારણે જમહૂર અઈમ્મા અને ફુક્હાએ ફરમાવ્યું કે, "ફીર્રિકાબ"નો અર્થ ફક્ત "મકાતબ" ગુલામો છે, એનાથી એ પણ જાણ થઈ કે સદકહ અદા થવા માટેની એ શરત છે કે કોઈ હકદારને માલિક બનાવી તેના કબ્જામાં આપી દેવામાં આવે, જ્યાં સુધી હકદારનો માલિકી હક તરીકે કબ્જો નહીં થાય ઝકાત અદા થશે નહીં.

છઠ્ઠા હકદાર اَلْغَارِمِيْنَ (અલ ગારિમીન) છે, તે غَارِمْ (ગારિમ)નું બહુવચન છે, જેનો અર્થ مَدْيُوْنْ (મદ્યૂન) એટલે કે "કરજદાર" છે. આ અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે પાંચમાં અને છઠ્ઠા હકદારને શબ્દ "ફી" સાથે વર્ણન કરવામાં આવ્યો છે. હકદાર હોવાના સ્વરૂપમાં પ્રથમ ચાર હકદારો કરતા આ લોકો વધારે હકદાર છે, એટલા માટે ગુલામોને સ્વતંત્ર અને મુક્ત કરાવવા માટે અથવા કરજદારને કરજ અદા કરવા માટે આપવું સામાન્ય ફકીરો અને મિસ્કીનોને આપવા કરતા વધારે શ્રેષ્ઠ છે, શરત એ છે કે આ કરજદારોની પાસે એટલો માલ ન હોય જેનાથી તેઓ કરજ આપી શકે, કારણ કે શબ્દ غَارِمْ (ગારિમ) શબ્દકોષમાં આવા કરજદારને કહેવામાં આવે છે અને અમુક ફુક્હા અને ઈમામોએ શરત પણ લગાવી છે કે, આ કરજ તેમણે કોઈ નાજાઈઝ કામ

માટે ન કર્યું હોય અને જો કોઈ ગુનાહ માટે કરજ લેવું જેમકે દારૂ વગેરે અથવા શાદી-ગમીના નાજાઈઝ કુરિવાજો વગેરે માટે તો આવા કરજદારને ઝકાતના ખાતામાંથી આપવામાં નહીં આવે જેથી તેના ગુનાહો અને ખોટા ખર્ચાઓને પ્રોત્સાહન ન મળે.

સાતમો હકદાર فِى سَبِيۡلِ اللّٰهِ (ફી સબીલિલ્લાહ) છે, અત્રે ફરી શબ્દ فِى (ફી)નું પુનરાવર્તન કરવામાં આવ્યું છે. તફસીરે કશ્શાફમાં છે કે, આ પુનરાવર્તનથી તે તરફ ઈશારો કરવાનો મકસદ છે કે આ હકદારો પ્રથમ બધા જ હકદારો કરતા શ્રેષ્ઠ અને ઉત્તમ છે, કારણ એ છે કે તેમાં બે ફાયદાઓ છે; એક તો ગરીબ મુફલિસની મદદ અને બીજું એક દીની સેવામાં સહાયતા, કારણ કે "ફી સબીલિલ્લાહ"નો અર્થ તે "ગાઝી" અને મુજાહિદ છે જેની પાસે શસ્ત્રો અને યુદ્ધનો જરૂરી સામાન ખરીદવા માટે પૈસા નથી અથવા તે વ્યક્તિ જેના માથે હજ્જ ફરજ થઈ ચૂકી છે પરંતુ હવે તેની પાસે માલ નથી રહ્યો જેનાથી તે ફરજ હજ્જ અદા કરી શકે. આ બંને કાર્યો કેવળ દીની સેવા અને ઈબાદત છે એટલા માટે ઝકાતના માલને તેના ઉપર ખર્ચ કરવામાં એક મુફલિસની સહાયતા પણ છે અને એક ઈબાદત અદા કરવામાં મદદ પણ છે, એ જ પ્રમાણે ફુકહાએ તાલિબે ઈલ્મ (દીની શિક્ષણના વિદ્યાર્થીઓ)ને પણ તેમાં સામેલ કર્યા છે કે તેઓ પણ એક ઈબાદતની અદાયગી માટે ઝકાત લે છે. *(રૂહ બ હવાલએ ઝહિરિયહ)*

"બદાયેઅ્"ના કર્તાએ કહ્યું છે કે, તે વ્યક્તિ જે કોઈ નેક કામ અથવા ઈબાદત કરવા ઈચ્છે છે અને તેની અદાયગીમાં માલની આવશ્યકતા છે તો તે પણ "ફી સબીલિલ્લાહ"માં સામેલ છે, એ શરતે કે તેની પાસે એટલો માલ ન હોય જેનાથી આ કામ પૂર્ણ કરી શકે, જેમકે દીનના શિક્ષણ અને પ્રચાર અને તેના માટે પ્રકાશન વગેરે કે જો કોઈ ઝકાતનો હકદાર આ કામ કરવા ઈચ્છે તો તેની ઝકાતના માલથી સહાય કરવામાં આવે પરંતુ આ માલ માલદાર સાહિબે નિસાબને આપી શકાશે નહીં.

પ્રસ્તુત વિગતથી જાણ થઈ કે, આ બધા જ સ્વરૂપોમાં જે ફી સબીલિલ્લાહનું વિવરણ ઉપસ્થિત છે તેમાં ફકીરી અને જરૂરિયાતમંદ હોવાની શરત સામેલ છે, માલદાર "સાહિબે નિસાબ"ને આ ખાતામાંથી ભાગ મળશે નહીં એ સિવાય કે તેની પાસે ઉપસ્થિત માલ તેની જરૂરિયાતને પૂર્ણ કરી શકતો ન હોય

જે જિહાદ અથવા હજ્જ માટે આવશ્યક છે તો જો કે નિસાબના માલના પ્રમાણમાં મોજૂદ હોવાના કારણે તેને માલદાર તો કહી શકાય છે જેમકે એક હદીષમાં તેને "ગની" (માલદાર) કહેવામાં આવ્યો છે પરંતુ તે પણ આ સ્વરૂપે ફકીર અને જરૂરિયાતમંદ જ થઈ ગયો કે જેટલા પ્રમાણમાં જિહાદ અથવા હજ્જ માટે માલની આવશ્યકતા છે તે તેની પાસે મોજૂદ નથી. ફત્હુલ કદીરમાં શૈખ ઈબ્ને હુમામ (રહ.)એ ફરમાવ્યું કે, સદકહની આયતમાં જેટલા હકદારોનું વર્ણન કરવામાં આવ્યું છે, દરેકના શબ્દો પોતે તેની દલીલ કરે છે કે આ ગરીબી અને જરૂરિયાતમંદ હોવાની રૂએ હકદાર છે, શબ્દ "ફકીર" અને "મિસ્કીન"માં એ દેખીતું છે કે "રિકાબ", "ગારિમીન" અને "ફી સબીલિલ્લાહ", "ઈબ્નસ્સબીલ"ના શબ્દો પણ એ તરફ ઈશારો કરે છે કે તેમની જરૂરિયાત દૂર કરવા માટે તેમને આપવામાં આવે છે, અલબત્ત ઝકાત વસૂલ કરનાર કારકૂનોને તેમની સેવાના બદલા સ્વરૂપે આપવામાં આવે છે, એટલા માટે તેમાં માલદાર અને ફકીર સમાન રીતે સામેલ છે, જેમકે "ગારિમીન"ના હકદારોમાં વર્ણન થઈ ચૂક્યું છે કે, જે વ્યક્તિના માથે દશ હજાર રૂપિયાનું કરજ છે અને તેની પાસે પાંચ હજાર રૂપિયા મોજૂદ છે તો તેને પાંચ હજાર રૂપિયા જેટલી ઝકાત આપી શકાય છે, કારણ કે જે માલ તેની પાસે મોજૂદ છે તે કરજના કારણે તે પાંચ હજાર રૂપિયા ન હોવા બરાબર જ છે.

તાકીદ (ચેતવણી) :

શબ્દ "ફી સબીલિલ્લાહ"નો શાબ્દિક અર્થ ઘણો પ્રચલિત છે કે, જે કામ માત્ર અલ્લાહની ખુશી માટે કરવામાં આવે તે બધા આ સામાન્ય અર્થના આધારે "ફી સબીલિલ્લાહ"માં સામેલ છે, જે લોકો રસૂલે કરીમ ﷺની તફસીર અને બયાન તથા તફસીરના ઈમામોના નિવેદનોથી જૂદો મત અપનાવી ફક્ત શાબ્દિક અનુવાદના આધારે કુર્આને શરીફને સમજવા ઈચ્છે છે અહીંયાં તે ઘણી મોટી ભૂલ કરી બેસે છે કે, શબ્દ "ફી સબીલિલ્લાહ"ને જોઈને ઝકાતના હકદારમાં તે બધા જ કામોને સામેલ કરી આપે છે જે કોઈપણ સ્વરૂપે નેકી અથવા ઈબાદત હોય, દાખલા તરીકે મસ્જિદો, દવાખાનાઓ, મુસાફરખાનાઓ વગેરેના બાંધકામમાં તથા કૂવાઓ, પુલો, સડકો વગેરે બનાવવામાં; એ જ પ્રમાણે સમાજ સુધારણાની સંસ્થાઓના કર્મચારીઓના પગારોમાં અને તેમની દરેક પ્રકારની ઑફિસ

કામગીરીની જરૂરિયાતમાં તે બધાને ફી સબીલિલ્લાહમાં સામેલ કરી તેમને ઝકાતના હકદાર ઠરાવી દે છે જે સદંતર ખોટું છે અને ઉમ્મતના ઈજ્માઅથી વિરુદ્ધ બાબત છે. સહાબએ કિરામ (રદિ.) કે જેમણે કુર્આન શરીફને રસૂલે કરીમ ﷺ પાસેથી સીધે–સીધું શીખ્યું અને સમજ્યું છે તેમની અને તાબિઈન ઈમામો (રહ.)ની જેટલી પણ તફસીરો આ શબ્દના સંદર્ભમાં નકલ થઈ છે તેમાં આ શબ્દને હાજીઓ અને મુજાહિદો માટે જ ખાસ હોવાનું ઠરાવવામાં આવ્યું છે.

એક હદીષમાં છે કે, ''એક વ્યક્તિએ પોતાના એક ઊંટને ફી સબીલિલ્લાહ વક્ફ કરી દીધું હતું તો આપ ﷺએ તેને કહ્યું કે, આ ઊંટને હાજીઓની મુસાફરીમાં ઉપયોગ કરો.'' *(મબસુત સરખસી, પેજ : ૧૦, જિલ્દ : ૩)*

તફસીરના ઈમામ ઈબ્ને જરીર અને ઈબ્ને કષીર (રહ.) કુર્આનની તફસીર હદીષની રિવાયતો દ્વારા જ કરવાના પાબંદ છે, તે સૌએ આ શબ્દ ફી સબીલિલ્લાહને એવા મુજાહિદો અને હાજીઓ માટે ખાસ કરી દીધો છે જેની પાસે જિહાદ અથવા હજ્જનો સામાન ન હોય અને જે ફુક્હાએ તાલિબે ઈલ્મો અથવા બીજા નેક કાર્યો કરનારને તેમાં સામેલ કર્યા છે તે એ શરતની સાથે કર્યા છે કે તેઓ ફકીર અને જરૂરિયાતમંદ હોય અને એ દેખીતું છે કે ફકીર અને જરૂરિયાતમંદ તો પોતે જ ઝકાતમાં સૌથી પહેલાં હકદાર છે, તેને ફી સબીલિલ્લાહના અર્થમાં સામેલ ન કરવામાં આવ્યો હોત જ્યારે કે તે પણ ઝકાતનો હકદાર હતો પરંતુ ચારે ઈમામો અને ઉમ્મતના ફુક્હામાંથી કોઈએ પણ એવું કર્યું નથી કે સામાજિક સંસ્થાઓ, મસ્જિદો કે મદ્રસાઓના બાંધકામ કે તેની અન્ય જરૂરિયાતોને ઝકાતના હકદારમાં સામેલ કરી હોય, બલકે તેના વિરુદ્ધ તેની સ્પષ્ટતાઓ રજૂ કરી છે કે ઝકાતના માલમાંથી આ વસ્તુઓ માટે ખર્ચ કરવો જાઈઝ નથી. હનફી ફિક્હમાં શમ્સુલ અઈમ્મહ સરખસી (રહ.)એ મબસૂત (પેજ : ૩૦૨, જિલ્દ : ૨) અને સરહે સીર (પેજ : ૨૪૪, જિલ્દ : ૪) અને મુખ્તસર ખલીલ (પેજ : ૧૬૧, જિલ્દ : ૧)માં અને ફુક્હા હનાબીલામાંથી مُوَفَّقْ (મુવફ્ફક)ના અર્થમાં તેને સંપૂર્ણ વિગતથી લખ્યું છે.

તફસીરના ઈમામ અને ઉમ્મતના ફુક્હાના પ્રસ્તુત ખુલાસાઓ ઉપરાંત જો એક વાત ઉપર વિચાર કરી લેવામાં આવે તો એક વાત સમજવા માટે બિલકુલ પૂરતી છે, તે એ કે જો ઝકાતના મસ્અલામાં એટલું સામાન્યપણુ હોત કે બધી જ

ઈબાદતો અને આજ્ઞાપાલન તથા દરેક પ્રકારની નેકી ઉપર તેને ખર્ચ કરવો તેમાં સામેલ હોય તો પછી કુર્આનમાં આ આઠ હકદારોનું વર્ણન નઊઝુબિલ્લાહ બિલકુલ વ્યર્થ થઈ જાય છે અને રસૂલે કરીમ ﷺના હુકમો પણ કે જે પ્રથમ આ જ હેતુસર વર્ણન થઈ ચૂક્યા છે કે આપ ﷺએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ સદકહના હકદારો નક્કી કરવાનું કામ નબીને પણ સોંપ્યું નથી, બલકે પોતે જ તેના આઠ હકદારો નક્કી કરી દીધા છે.

તો જો ફી સબીલિલ્લાહના અર્થમાં બધી જ ફરમાંબરદારીઓ અને નેકીઓ સામેલ હોય અને તેમાંથી દરેકમાં ઝકાતનો માલ ખર્ચ કરી શકાય તો પછી નઊઝુબિલ્લાહ આ નબવી ફરમાન બિલકુલ ખોટું ઠરે છે. જાણ થઈ કે "ફી સબીલિલ્લાહ"ના શાબ્દિક અર્થથી જે નાવાકેફ લોકોને સમજમાં આવે છે તે અલ્લાહ તઆલાનો કહેવાનો અર્થ નથી, બલકે અર્થ એ છે જે રસૂલે કરીમ ﷺના આદેશો અને સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)ની સ્પષ્ટતાઓથી સાબિત થયું છે.

આઠમો હકદાર اِبۡنُ السَّبِيۡلِ (ઈબ્ન સ્સબીલ) છે. سَبِيۡل (સબીલ)નો અર્થ "માર્ગ" અને ઈબ્નનો અર્થ વાસ્તવમાં તો પુત્ર માટે બોલવામાં આવે છે પરંતુ અરબી રૂઢિપ્રયોગમાં "ઈબ્ન" અને "અબ" તથા "અખ" વગેરે શબ્દો એવી વસ્તુઓ માટે પણ બોલવામાં આવે છે જેનો કોઈની સાથે ગાઢ સંબંધ હોય, આ રૂઢિપ્રયોગ પ્રમાણે "ઈબ્ન સ્સબીલ" "વટેમાર્ગુ" અથવા "મુસાફિર"ને કહેવામાં આવે છે, કારણ કે તેનો ગાઢ સંબંધ માર્ગ સાથે જોડાયેલો છે અને તે પોતાની ઈચ્છિત મંઝિલ સુધી પહોંચવા માટે માર્ગ ઉપર રહેશે અને ઝકાતના હકદારમાં તેનો અર્થ તે મુસાફિર છે જેની પાસે સફરમાં જરૂરિયાત પ્રમાણે માલ મોજૂદ ન હોય, જો કે તે પોતાના વતનમાં કેટલોય માલ ધારણ કરતો હોય, આવા મુસાફિરોને ઝકાતનો માલ આપી શકાય છે જેનાથી તે પોતાની મુસાફરીની જરૂરિયાતોને પૂરી કરી લે અને પોતાના વતન પરત જઈ શકે.

અહીંયાં સુધી આ આઠ હકદારોનું વર્ણન પૂર્ણ થઈ ગયું, જે પ્રસ્તુત આયતમાં સદકહ અને ઝકાત વિશે વર્ણન કરવામાં આવ્યું છે, હવે અમુક એવા મસ્અલાઓ વર્ણન કરવામાં આવે છે જેનો સંબંધ તે બધા જ હકદારો માટે સરખો છે.

મસ્અલ-એ-તમલીક (માલિકી ધોરણે આપી દેવું) :

જમહૂર ફુકહા એ બાબતે સહમત છે કે, ઝકાતના પ્રસ્તુત નક્કી કરવામાં આવેલ આઠ હકદારોમાં પણ ઝકાત અદા થવા માટેની શરત એ છે કે, આ હકદારોમાંથી કોઈ હકદારને ઝકાતના માલનો સંપૂર્ણ કબ્જો આપી દેવામાં આવે, માલિકી હક સાથે કબ્જો આપ્યા વિના જો કોઈ માલ તેમના ફાયદા માટે ખર્ચ કરવામાં આવ્યો તો તેનાથી ઝકાત અદા થશે નહીં. એ જ કારણે તે ચારે ઈમામો અને ઉમ્મતના જમહૂર ફુકહા એ બાબત ઉપર સહમત છે કે ઝકાતની રકમ મસ્જિદો, મદ્રસા, હૉસ્પિટલો, યતીમખાના વગેરેના બાંધકામમાં અથવા તેની જરૂરિયાતોમાં ખર્ચ કરવી જાઇઝ નથી, જો કે એ બધી વસ્તુઓથી તે ફકીરો અને અન્ય લોકોને લાભ પહોંચે છે જેઓ ઝકાતના હકદાર છે પરંતુ તેમનો માલિકી હક આ વસ્તુઓ ઉપર ન હોવાના કારણે તેનાથી ઝકાત અદા થશે નહીં.

અલબત્ત, યતીમખાનાઓ (અનાથાલયો)માં જો અનાથોના જમવા, કપડાં વગેરેને માલિકી હકના સ્વરૂપે આપવામાં આવે તો ફક્ત આ ખર્ચની મર્યાદા સુધી ઝકાતની રકમ ખર્ચ થઈ શકે છે, એ જ પ્રમાણે હૉસ્પિટલોમાં જે દવા જરૂરિયાતમંદ ગરીબોને માલિકી હકે આપવામાં આવે તેટલી કિંમતને ઝકાતની રકમમાંથી ખર્ચ કરી શકાય છે, એ જ પ્રમાણે ઉમ્મતના ફુકહાની સ્પષ્ટતા છે કે લાવારિસ મય્યિતના કફનની રકમ ઝકાતમાંથી લગાવી શકાતી નથી, કારણ કે મય્યિત પોતે માલિક હોવાની ક્ષમતા ધરાવતી જ નથી, હા ! એવું થઈ શકે છે કે ઝકાતની રકમ કોઈ ગરીબ હકદારને આપવામાં આવે અને તે પોતાની રાજી-ખુશીથી આ રકમથી લાવારિસ મય્યિતના કફનમાં ખર્ચ કરે, એ જ પ્રમાણે જો આ મય્યિતના માથે કરજ છે તો તે કરજની રકમ ઝકાતમાંથી સીધે-સીધી આપી શકાતી નથી, તેનો ગરીબ વારસદાર ઝકાતનો હકદાર હોય તો તેને માલિકી હકે રકમ આપી શકાય છે અને તે વ્યક્તિ આ રકમનો પોતે માલિક બનીને પછી પોતાની રાજી-ખુશીથી આ રકમથી મય્યિતનું કરજ અદા કરે તો તેવું થઈ શકે છે, એ જ પ્રમાણે સામાજિક સુધારણાના બધા કાર્યો જેમકે કૂવા, પુલ, સડક વગેરેના બાંધકામમાં તેનો લાભ ઝકાતના હકદારોને જ મળે છે પરંતુ તેમાં કોઈનો માલિકી હકે કબ્જો ન હોવાના કારણે...... **ઝકાત અદા થશે નહીં.**

આ મસ્અલાઓમાં ચારે મુજ્તહિદ ઈમામો અબૂ હનીફા, શાફઈ, માલિક, અહમદ બિન હમ્બલ (રહ.) અને જમહૂર ઉમ્મતના ફુક્હા સહમત છે. શમસુલ અઈમ્મહ સરકશીએ આ મસ્અલામાં ઈમામ મુહમ્મદ (રહ.)ની કિતાબોની શરહ મબસુત અને શર્હે સિયરમાં સંપૂર્ણ સંશોધન અને વિગત સાથે લખ્યું છે તથા શાફઈ, માલિકી અને હમ્બલી ફુક્હાની પ્રચલિત કિતાબોમાં તેની સ્પષ્ટતાઓ મોજૂદ છે.

શાફઈ ફકીહ ઈમામ અબૂ ઉબયદે "કિતાબુલ અમવાલ"માં ફરમાવ્યું કે, મય્યિત તરફથી તેના કરજની અદાયગી અથવા તેના કફન-દફનના ખર્ચમાં તથા મસ્જિદોના બાંધકામમાં નહેર ખોદવામાં વગેરેમાં ઝકાતનો માલ ખર્ચ કરવો જાઈઝ નથી, કારણ કે સુફિયાન થૌરી (રહ.) અને બધા જ ઈમામો એ બાબત ઉપર સહમત છે કે તેમાં ખર્ચ કરવાથી ઝકાત અદા થશે નહીં, કારણ કે આ તે આઠ હકદારોમાંથી નથી જેમનું વર્ણન કુર્આને કરીમમાં આવ્યું છે.

એ જ પ્રમાણે હમ્બલી ફકીહ મુવફ્ફિક (રહ.)એ લખ્યું છે કે, આ હકદારો સિવાય જેમનું વર્ણન કુર્આને કરીમમાં ઉપસ્થિત છે અન્ય કોઈ નેક કામમાં ઝકાતનો માલ ખર્ચ કરવો જાઈઝ નથી, જેમકે મસ્જિદો બનાવવી અથવા કૂવા કે પાણીની પરબો, પૂલો, સડકો બાંધવી અથવા મરામત કરવી અથવા મુરદાઓના કફન-દફનમાં ખર્ચ કરવો, યા તો મહેમાનોને ખાવું ખવડાવવું; આ કામો નિઃશંક સવાબના કારણો છે પરંતુ સદકાતના હકદારોમાંથી નથી.

મલિકુલ ઉલમાએ ફદાયેઅ્માં ઝકાતની અદાયગી માટે માલિકીપણાની શરત માટે એ દલીલ આપી છે કે, કુર્આનમાં સામાન્ય ઝકાત અને વાજિબ સદકાઓનો શબ્દ اِيْتَاء (ઈતાઅ્)ની સાથે વર્ણન કરવામાં આવ્યો છે.

اَقَامُوا الصَّلٰوةَ وَاٰتَوُا الزَّكٰوةَ (૨:૨૭૭, ૯:૫ અને ૧૧, ૨૨:૪૧)، اَقِيْمُوا الصَّلٰوةَ
وَاٰتُوا الزَّكٰوةَ(૨:૪૩, ૮૩:૧૧૦, ૪:૭૭, ૨૨:૭૮, ૨૪:૫૬, ૭૩:૨૦)، اِقَامِ الصَّلٰوةِ
وَاِيْتَآءِ الزَّكٰوةِ(૨૧:૭૩, ૨૪:૩૭)، اٰتُوْا حَقَّهٗ يَوْمَ حَصَادِهٖ(૬:૧૪૧)

વગેરે અને શબ્દ اِيْتَـاءٌ (ઈતાઅ્) શબ્દકોષમાં عَـطَـاءٌ (અતાઅ્) કરવાના અર્થમાં આવે છે. ઈમામ રાગિબ અસ્ફહાનીએ મુફરદાતુલ કુર્આનમાં ફરમાવ્યું,

وَالْاِيْتَاءُ اَلْاِعْطَاءُ، وَخُصَّ وَضْعُ الصَّدَقَةِ فِى الْقُرْاٰنِ بِالْاِيْتَاءِ

"ઈતાઅ્"નો અર્થ "અતાઅ્" (આપી દેવું) થાય છે અને દેખીતું છે કે, કોઈને કોઈ વસ્તુ આપવાનો સાચો અર્થ એ જ છે કે તેને તે વસ્તુનો માલિક બનાવી દેવામાં આવે.

ઝકાત ઉપરાંતના સદકાઓમાં પણ શબ્દ "ઈતાઅ્" કુર્આને કરીમમાં માલિક બનાવી દેવા માટે જ ઉપયોગ થયો છે, દાખલા તરીકે اٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ એટલે કે, "સ્ત્રીઓને તેમની મહર આપી દો." દેખીતું છે કે, મહરની અદાયગી ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે કે મહરની રકમ માલિકી કબ્જા સાથે આપી દેવામાં આવે.

બીજું એ કે, કુર્આને કરીમમાં ઝકાતને સદકહના શબ્દથી ઓળખાવી છે, દાખલા તરીકે اِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ અને સદકહનો સાચો અર્થ એ જ છે કે, કોઈ ફકીર અથવા જરૂરિયાતમંદને તેનો માલિક બનાવી દેવામાં આવે.

કોઈને ખાવું ખવડાવી આપવું અથવા સામાન્ય સુધરાઈના કામોમાં ખર્ચ કરવું સાચા અર્થમાં સદકહ કહેવાતો નથી. શૈખ ઈબ્ને હમામ (રહ.)એ "ફત્હુલ કદીર"માં લખ્યું છે કે, સદકહની વાસ્તવિકતા એ જ છે કે કોઈ ફકીરને તે માલનો માલિક બનાવી દેવામાં આવે, એ જ પ્રમાણે ઈમામ જસ્સાસે "અહકામુલ કુર્આન"માં ફરમાવ્યું કે સદકહનો શબ્દ માલિકીનું જ નામ છે.

(જસ્સાસ, પેજ : ૧૫૨, જિલ્દ : ૨)

ઝકાત અદા થવા વિશે અમુક મહત્ત્વના મસ્અલાઓ :

સહીહ હદીષમાં મસ્અલો છે કે, રસૂલે કરીમ ﷺએ હઝરત મઆઝ (રદિ.)ને સદકહ વસૂલ કરવા વિશે આ સૂચના આપી હતી, خُذْهَا مِنْ اَغْنِيَآئِهِمْ وَرُدَّهَا فِىْ فُقَرَآئِهِمْ એટલે કે, "સદકહ મુસલમાનોના માલદારો પાસેથી લઈને તેમના જ ફકીરોમાં વહેંચી આપો." આ બીનાએ ફુકહાએ ફરમાવ્યું કે, વિના જરૂરતે એક શહેર અથવા વસ્તીની ઝકાત બીજા શહેર કે વસ્તીમાં મોકલવામાં ન આવે, બલકે તે જ શહેર અને વસ્તીના ફકીરો તેના વધારે હકદાર છે, અલબત્ત જો કોઈ વ્યક્તિના સગાં-વહાલાં અન્ય શહેરમાં રહે છે અને તે ગરીબ છે તો પોતાની ઝકાત તેમને મોકલી શકાય છે, કારણ કે રસૂલે કરીમ ﷺએ તેમાં બમણા સવાબની ખુશખબરી આપી છે.

એ જ પ્રમાણે જો કોઈ બીજી વસ્તીના લોકો ભૂખે મરી રહ્યા છે અને પોતાના શહેરના લોકો કરતા તેઓ વધારે જરૂરિયાતવાળા હોય તો ત્યાં પણ મોકલી શકાય છે, કારણ કે સદકહ આપવાનો હેતુ ફકીરોની જરૂરિયાતોને પૂરી કરવાનો છે, એ જ કારણે હઝરત મઆઝ (રદિ.) યમનના સદકહમાં મોટા ભાગે કપડાં લેતા હતા જેથી ગરીબ મુહાજિરો માટે મદીના તય્યિબહમાં મોકલાવી આપે. *(કુર્તુબી બ હવાલએ દારકતની)*

જો એક વ્યક્તિ પોતે એક શહેરમાં રહે છે અને તેનો માલ બીજા શહેરમાં છે તો જે શહેરમાં પોતે રહે છે તે ગણતરીમાં લેવાશે, કારણ કે ઝકાત અદા કરવા માટે આ જ ચોક્કસ વ્યક્તિ જવાબદાર છે. *(કુર્તુબી)*

મસ્અલો :

જે માલની ઝકાત વાજિબ છે તેની અદાયગી માટે એ પણ જાઇઝ છે કે, તે જ માલનો ચાલીસમો ભાગ કાઢીને હકદારોને આપવામાં આવે, જેમકે વેપારનું કાપડ, વાસણો, ફર્નિચર વગેરે અને એ પણ છે કે ઝકાતના પ્રમાણમાં માલની કિંમત કાઢીને તે હકદારોમાં વહેંચણી કરે. સહીહ હદીષોથી આવું કરવું સાબિત છે. (કુર્તુબી) અને અમુક ફુકહા ઈમામોએ ફરમાવ્યું કે, આ યુગમાં રોકડ કિંમત જ આપવી ઉત્તમ છે, કારણ કે ગરીબોની જરૂરિયાતો વિવિધ પ્રકારની અને ભિન્ન-ભિન્ન છે, રોકડ રકમને કોઈપણ જરૂરત પૂરી કરવાના કામમાં લઈ શકાય છે.

મસ્અલો :

જે વ્યક્તિ પોતાને મૌખિક રીતે અથવા પોતાની પ્રવૃત્તિથી ઝકાતનો હકદાર અથવા જરૂરિયાતમંદ હોવાનું જાહેર કરે અને સદકહ વગેરેનો સવાલ કરે તો શું આપનાર માટે જરૂરી છે કે તેની વાસ્તવિક પરિસ્થિતિની તહકીક કરે અને આવી તહકીક વિના સદકહ ન આપે ? તે વિશે હદીષની રિવાયતો અને ફુકહાના નિવેદનો એ છે કે તેની જરૂરત નથી, બલકે તેની જાહેર પરિસ્થિતિ જોઈને જો એવી ધારણા મજબૂત રીતે બંધાઈ જાય કે આ વ્યક્તિ વાસ્તવમાં ગરીબ અને જરૂરિયાતમંદ છે તો તેને ઝકાત આપી શકાય છે, જેમકે હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺની સેવામાં અમુક લોકો ખૂબ જ દયનીય પરિસ્થિતિમાં આવ્યા, આપ

ﷺએ તેમના માટે લોકો પાસેથી સદકહ ભેગો કરવા માટે કહ્યું, જ્યારે પૂરતા પ્રમાણમાં ભેગું થઈ ગયું તો તેમને આપવામાં આવ્યું. આપ ﷺ એની જરૂરત ન સમજી કે આ લોકોની વાસ્તવિક પરિસ્થિતિની તહકીક કરે. *(કુર્તુબી)*

અલબત્ત, કુર્તુબીએ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું કે સદકહના હકદારોમાંથી એક કરજદાર પણ છે, જો કોઈ વ્યક્તિ એવું કહે કે મારા માથે આટલું કરજ છે તેને અદા કરવા માટે મને ઝકાતની રકમ આપવામાં આવે તો આ કરજની સાબિતી તેની પાસેથી માંગવી જોઈએ. (કુર્તુબી) અને દેખીતું એ છે કે, "ગારિમ", "ફી સબીલિલ્લાહ" અને "ઇબ્ન સ્સબીલ" વગેરેમાં પણ આવી તહકીક કરી લેવી કોઈ મુશ્કેલ કામ નથી, આ હકદારોની યોગ્ય મોકા પ્રમાણે તહકીક કરી લેવી જોઈએ.

મસ્અલો :

ઝકાતનો માલ પોતાના નજીકના સગાં-વહાલાંઓને આપવો વધારે સવાબનું કારણ છે પરંતુ પતિ-પત્ની અથવા માં-બાપ અને અવલાદ પરસ્પર એકબીજાને નથી આપી શકતા, કારણ એ છે કે તેમને આપવું એક સ્વરૂપે પોતાની પાસે રાખવા સમાન જ છે, કારણ કે આ લોકોના ખર્ચાઓ મોટે ભાગે સરખા હોય છે, પતિએ જો પત્નીને અથવા પત્નીએ જો પતિને ઝકાત આપી દીધી તો વાસ્તવમાં તે પોતાના માટે જ તેનો ઉપયોગ કરી રહ્યા છે, એ જ પ્રમાણે માં-બાપ અને અવલાદની બાબતમાં પણ આ જ હુકમ છે, અવલાદની અવલાદ એટલે કે દાદા-પરદાદા વિશે પણ આ જ હુકમ છે કે તેમને ઝકાત આપવી જાઇઝ નથી.

મસ્અલો :

જો કોઈ વ્યક્તિએ કોઈ વ્યક્તિને પોતાની ધારણા પ્રમાણે ઝકાતનો હકદાર સમજીને ઝકાત આપી દીધી, પાછળથી ખબર પડી કે તે તેનો જ ગુલામ અથવા કાફિર હતો તો ઝકાત અદા થશે નહીં ફરીવાર આપવી પડશે, કારણ કે ગુલામની મિલકત તો માલિકની જ મિલકત હોય છે, તે ઝકાતનો માલ તેની મિલકતમાંથી નીકળ્યો જ નથી એટલા માટે ઝકાત અદા થશે નહીં અને કાફિર તો ઝકાતનો હકદાર હોતો જ નથી.

આ ઉપરાંત જો પાછળથી એવું સાબિત થાય કે, જેને ઝકાત આપવામાં

આવી છે તે માલદાર અથવા હાશિમી સય્યિદ છે અથવા પોતાનો બાપ અથવા બેટો કે પત્ની કે પતિ છે તો ઝકાત ફરી આપવી જરૂરી નથી, કારણ કે ઝકાતની રકમ તેની મિલકતમાંથી નીકળીને સવાબના સ્થળે પહોંચી ચૂકી છે અને હકદાર નક્કી કરવામાં જે ભૂલ અંધારામાં રહીને અથવા તો ગલતીના કારણે થઈ ગઈ તે મા'ફ છે. (દૂર્રે મુખ્તાર) સદકહની આયતની તફસીર અને તેના વિશે વિગતવાર આવશ્યકતા પ્રમાણે જરૂરી મસ્અલાઓ પૂર્ણ થયા.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૬૧ થી ૬૬)

وَمِنْهُمُ الَّذِينَ يُؤْذُونَ النَّبِيَّ وَيَقُولُونَ هُوَ أُذُنٌ ۚ قُلْ أُذُنُ خَيْرٍ لَّكُمْ
يُؤْمِنُ بِاللَّهِ وَيُؤْمِنُ لِلْمُؤْمِنِينَ وَرَحْمَةٌ لِّلَّذِينَ آمَنُوا مِنكُمْ ۚ وَالَّذِينَ
يُؤْذُونَ رَسُولَ اللَّهِ لَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿٦١﴾ يَحْلِفُونَ بِاللَّهِ لَكُمْ لِيُرْضُوكُمْ وَاللَّهُ
وَرَسُولُهُ أَحَقُّ أَن يُرْضُوهُ إِن كَانُوا مُؤْمِنِينَ ﴿٦٢﴾ أَلَمْ يَعْلَمُوا أَنَّهُ مَن
يُحَادِدِ اللَّهَ وَرَسُولَهُ فَأَنَّ لَهُ نَارَ جَهَنَّمَ خَالِدًا فِيهَا ۚ ذَٰلِكَ الْخِزْيُ الْعَظِيمُ ﴿٦٣﴾
يَحْذَرُ الْمُنَافِقُونَ أَن تُنَزَّلَ عَلَيْهِمْ سُورَةٌ تُنَبِّئُهُم بِمَا فِي قُلُوبِهِمْ ۚ قُلِ
اسْتَهْزِئُوا إِنَّ اللَّهَ مُخْرِجٌ مَّا تَحْذَرُونَ ﴿٦٤﴾ وَلَئِن سَأَلْتَهُمْ لَيَقُولُنَّ إِنَّمَا
كُنَّا نَخُوضُ وَنَلْعَبُ ۚ قُلْ أَبِاللَّهِ وَآيَاتِهِ وَرَسُولِهِ كُنتُمْ تَسْتَهْزِئُونَ ﴿٦٥﴾ لَا
تَعْتَذِرُوا قَدْ كَفَرْتُم بَعْدَ إِيمَانِكُمْ ۚ إِن نَّعْفُ عَن طَائِفَةٍ مِّنكُمْ نُعَذِّبْ
طَائِفَةً بِأَنَّهُمْ كَانُوا مُجْرِمِينَ ﴿٦٦﴾

તરજુમો :

અને તેમનામાં અમુક લોકો નબી (ﷺ)ની બદગોઈ કરે છે (ત્રાસ આપે છે) અને કહે છે, આ વ્યક્તિ તો કાન છે (કંઈ પણ સાંભળે છે અને વિશ્વાસ કરી લે છે); તમે કહી આપો કાન છે તમારી ભલાઈના માટે ! અલ્લાહ ઉપર

યકીન રાખે છે અને મુસલમાનોની વાતનું યકીન કરે છે અને તમારામાંથી ઈમાનવાળાઓના હકમાં રહમત છે અને જે લોકો અલ્લાહના રસૂલની બદગોઈ કરે છે તેમના માટે દર્દનાક અઝાબ છે. (૬૧) તમારી સામે અલ્લાહની કસમો ખાય છે જેથી તમને રાજી કરે અને અલ્લાહને અને તેના રસૂલને અવશ્ય રાજી કરવાના છે જો તેઓ ઈમાન ધરાવે છે. (૬૨) શું તેઓ જાણી નથી ચૂક્યા કે જે કોઈ મુકાબલો કરે અલ્લાહથી અને તેના રસૂલથી તો તેના માટે દોઝખની આગ છે તેમાં સદાય રહે, આ જ છે મોટી રુસ્વાઈ (અપમાન). (૬૩) મુનાફિકો એ વાતથી ડર્યા કરે છે કે મુસલમાનો ઉપર એવી સૂરત નાઝિલ થાય કે તેમને (મુસલમાનોને) બતાવી દે જે તેમના (મુનાફિકોના) દિલોમાં છે, તમે કહી આપો ! ઠઠ્ઠો–મશ્કરી કરતા રહો અલ્લાહ તે વસ્તુને ખોલીને રહેશે જે વસ્તુનો તમને ડર છે. (૬૪) અને જો તમે તેમને પૂછો તો તેઓ કહેશે, અમે તો વાતચીત (ગમ્મત) કરતા હતા અને દિલ્લગી, તમે કહી આપો ! અલ્લાહથી અને તેના હુકમોથી અને તેના રસૂલથી તમે ઠઠ્ઠો–મશ્કરી કરતા હતા. (૬૫) બહાના ન બનાવો તમે તો કાફિર થઈ ગયા ઈમાન જાહેર કર્યા પછી, જો અમે તમારામાંથી અમુકને મા'ફ કરી આપીશું તો અલબત્ત અમુકને અઝાબ પણ આપીશું એ કારણે કે તેઓ ગુનેહગાર હતા. (૬૬)

તફસીર :

તે (મુનાફિકો)માં અમુક એવા છે જે નબી (ﷺ)ને ત્રાસ પહોંચાડે છે (એટલે કે આપ ﷺની શા'નમાં એવી વાતો કહે છે કે સાંભળીને તેમને દુઃખ થાય) અને (જ્યારે કોઈ અટકાવે છે તો) કહે છે કે, તમે દરેક વાતો કાન ધરીને સાંભળી લો છો (આપ ﷺને જૂઠું બોલીને ધોકો આપવું સહેલું છે એટલા માટે કોઈ ચિંતા ન કરો) તમે (જવાબમાં) કહી આપો કે (તમે પોતે ધોકામાં છો અને રસૂલ ﷺ વાતને બે પ્રકારે સાંભળી લે છે, એક સાચી રીતે કે દિલથી પણ તેને સાચી સમજે અને બીજી પોતાના સારા સ્વભાવ અને દયા–ભાવનાના કારણે કે તેને જાણી લીધા પછી કે આ વાત માત્ર ખોટી છે પોતાના સાલસ સ્વભાવના કારણે તેને ટાળી દે છે અને કહેનારા ઉપર જૂઠાણાનો કોઈ આક્ષેપ નથી કરતા, બસ) તે નબી (ﷺ) કાન આપીને તો તે જ વાત સાંભળે છે જે તમારા હકમાં

ભલાઈ (જ ભલાઈ) છે (જેનો ખુલાસો અને પરિણામ એ છે) કે તેઓ અલ્લાહ(ની વાતો વહી દ્વારા જાણીને તેના) ઉપર ઈમાન લાવે છે (જેનું સમર્થન કરવામાં ભલાઈ હોવી સમગ્ર વિશ્વ માટે જાહેર છે, કારણ કે ન્યાય અને શિક્ષણ તેના સમર્થન ઉપર જ અવલંબિત છે) અને (નિખાલસ) મો'મિનો(ની વાતો)નો (ઈમાન અને ઈખ્લાસ સ્વરૂપે છે) ભરોસો કરે છે (તેમાં ભલાઈ હોવું જાહેર છે કે જગતનો ન્યાય પરિસ્થિતિની સાચી સૂચના ઉપર અવલંબિત છે અને તેમાં આ મો'મિનો જ નિખાલસ છે, મતલબ કે કાન ધરીને અને સાચું સમજીને તો માત્ર સાચા લોકો અને મુખ્લિસોની વાતો સાંભળે છે) અને (બાકી તમારી શરારતથી ભરપૂર વાતો સાંભળી લે છે તો તેનું કારણ એ છે કે) આપ (ﷺ) તે લોકોની હાલત ઉપર દયા કરે છે જેઓ તમારામાંથી ઈમાનની જાહેરાત કરે છે (ભલે દિલમાં ઈમાન ન હોય, બસ આ દયા અને સદ્‌વ્યવહારના કારણે તમારી વાતો સાંભળી લે છે અને તેની હકીકત જાણી–સમજી લીધા પછી પણ દરગુજર કરે છે અને મૌન સેવે છે, બસ આ વાતો બીજા પ્રકારે સાંભળે છે કે તમને અને તમારી મૂર્ખતાને પણ જાણી લીધી. ખુલાસો એ છે કે તમે એવું સમજો છો કે હકીકતમાં આપ ﷺ કંઈ સમજતા નથી પરંતુ સાચી પરિસ્થિતિને તમે નથી સમજતા) અને જે લોકો રસૂલ (ﷺ)ને ત્રાસ પહોંચાડે છે (ભલે તે વાતોથી કે જેને કહ્યા પછી أُذُنٌ "ગમ્મત" હોવાનું કહેતા હતા, ખુદ તે જ أُذُنٌ કહેવું આપ ﷺનો ઠઠ્ઠો કરવા માટે હતું કે, નઊઝુબિલ્લાહ આપ ﷺ કશી સમજ ધરાવતા નથી, જે કંઈ સાંભળે છે તે માની લે છે, નઊઝુબિલ્લાહ કાચા કાનના છે) તે લોકોને દર્દનાક સજા થશે, આ લોકો તમારી (એટલે કે મુસલમાનોની) સામે (જૂઠી) કસમો ખાય છે (કે અમે ફલાણી વાત નથી કરી અથવા અમે ગઝ્‌વહમાં ફલાણુ કારણ હોવાના લીધે નથી જઈ શક્યા) જેથી તમને રાજી કરી લે (જેનાથી તેમના પ્રાણ અને માલ સુરક્ષિત રહે) જ્યારે કે અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) વધારે હક ધરાવે છે જો આ લોકો સાચા મુસલમાન હોય તો તેમને રાજી કરે (જે ઈખ્લાસ અને ઈમાન હોવા ઉપર અવલંબિત છે), શું તેમને ખબર નથી કે જે વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કરશે (જેમકે આ લોકો કરી રહ્યા છે) તો એ વાત નક્કી થઈ ચૂકી છે કે એવા વ્યક્તિને દોઝખની આગ એ પ્રમાણે નસીબ થશે કે તે તેમાં કાયમી ધોરણે રહેશે (અને) આ ઘણું મોટું અપમાન છે, મુનાફિક લોકો (સ્વાભાવિક રીતે) એવો

ભય સેવે છે કે મુસલમાનો ઉપર (આપ ﷺ ઉપર આવતી વહી દ્વારા) કોઈ એવી સૂરત (અથવા આયત) નાઝિલ ન થઈ જાય જે તે મુનાફિકોની ખબર આપી દે (એટલે કે તેમના ઠઠ્ઠા-મશ્કરીની વાતો કે જે તેમણે ખાનગીમાં કરી છે અને મુસલમાન તરીકે પોતાને જાહેર કરે છે પરંતુ દિલોમાં કુફ્રની જે વાતો છે તે મુસલમાનોને ખબર ન પડી જાય) તમે કહી આપો ! સારું, તમે ઠઠ્ઠો-મશ્કરી કરતા રહો (તેમાં તેમના ઠઠ્ઠા-મશ્કરીની જાણકારી બતાવી દેવામાં આવી, એટલા માટે આગળ ફરમાન છે કે) બેશક ! અલ્લાહ તઆલા તે વસ્તુઓને જાહેર કરીને રહેશે જેના (જાહેર થવા)થી તમને ભય રહ્યા કરતો હતો (એટલા માટે ઠઠ્ઠા-મશ્કરીને જાહેર કરી દીધી કે તમે ઠઠ્ઠો કરી રહ્યા હતા) અને (જાહેર થઈ ગયા પછી) જો તમે (તેમને આ ઠઠ્ઠાનું કારણ) પૂછશો તો તેઓ કહી આપશે કે, અમે તો ફક્ત હસી-મજાક અને દિલ્લગી માટે કરી રહ્યા હતા (એવું કહેવું અમારો સાચો હેતુ ન હતો ફક્ત દિલ બહેલાવવા માટે કહેતા હતા કે જેનાથી મુસાફરી સરળ બને અને એમ જ આવી વાતો મૌખિક રીતે કહી રહ્યા હતા) તમે (તેમને) કહી આપો કે, શું અલ્લાહ તઆલાની સાથે, તેની આયતો સાથે અને તેના રસૂલ સાથે ઠઠ્ઠો-મશ્કરી કરતા હતા ? (એટલે કે ભલે હેતુ કોઈપણ હોય પરંતુ એ તો જૂઓ કે તમે કોની ઠઠ્ઠા-મશ્કરી કરી રહ્યા છો !? જેની સાથે ઠઠ્ઠો-મશ્કરી કરવી કોઈપણ રીતે યોગ્ય નથી) તમે હવે (આ બેહૂદા અને વાહિયાત) બહાના ન બનાવો (મતલબ એ કે આ બહાના સ્વીકાર્ય નથી અને આ બહાનાથી ઠઠ્ઠો-મશ્કરી કરવી જાઇઝ નથી થઈ જતું) તમે તો પોતાને મો'મિન કહીને કાફિર કહેવા લાગ્યા (કારણ કે દીનની સાથે ઠઠ્ઠો-મશ્કરી કરવી સદંતર કુફ્ર છે, જો કે તેમના દિલમાં તો પ્રથમથી જ ઈમાન ન હતું, અલબત્ત જો કોઈ દિલથી તવબહ કરી લે અને મો'મિન મુખ્લિસ બની જાય તો કુફ્ર અને કુફ્રના અઝાબથી છૂટી જશે પરંતુ તેની પણ સૌને તવફીક નહીં થાય, હા! અમુક લોકો મુસલમાન થઈ જશે અને તેમને મા'ફ કરી દેવામાં આવશે બસ, આ જ ખુલાસો થયો છે) જો અમે તમારામાંથી અમુકને છોડી પણ આપીએ (એટલા માટે કે તેઓ મુસલમાન થઈ ગયા) તો અમુકને (જરૂરથી) સજા આપીશું એ કારણે કે તેઓ (અલ્લાહના અઝલી ઈલ્મમાં) અપરાધી છે (એટલે કે તેઓ મુસલમાન નથી થયા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં પણ પાછલી આયતોની જેમ મુનાફિકોના વાહિયાત વાંધાઓ અને રસૂલે કરીમ ﷺને ઈજા પહોંચાડવાની અને પછી જૂઠી કસમો ખાઈને પોતાના ઈમાનનો ભરોસો અપાવવાની નોબત અને તેના ઉપર ચેતવણી આવી છે.

આ આયતમાં પ્રસ્તુત છે કે આ લોકો રસૂલુલ્લાહ ﷺ વિશે ઠઠ્ઠા-મશ્કરી સ્વરૂપે એવું કહેતા હતા કે, "તેઓ તો બસ કાન છે" (કાનના કાચા છે) એટલે કે જે કંઈ પણ સાંભળે છે તેના ઉપર વિશ્વાસ કરે છે તેથી અમને કંઈ ફિકર નથી, જો અમારા ષડ્યંત્ર ખુલી પણ જશે તો અમે ફરી પાછા કસમો ખાઈને તેમને પોતે તેનાથી બાકાત હોવાનો ભરોસો અપાવી દઈશું, જેના જવાબમાં અલ્લાહ તઆલાએ તેમની મૂર્ખતાને જાહેર કરી છે કે તે મુનાફિકો અને વિરોધીઓની ખોટી વાતોને સાંભળીને પોતાના ઉચ્ચ કક્ષાના અખ્લાક અને સ્વભાવની બીનાએ રસૂલે કરીમ ﷺ મૌન રહે છે તેનાથી તેઓ એવું ન સમજે છે કે રસૂલે કરીમ ﷺને વાસ્તવિકતાની સમજ નથી અને ફક્ત તમારા કહેવા ઉપર વિશ્વાસ કરી લે છે, બલકે તેમને પૂરે-પૂરી વાતોની બધી જ ખબર છે, તેઓ તમારી વાતો સાંભળીને તમે સાચા હોવાનું સમર્થન નથી કરતા, અલબત્ત પોતાના ઉચ્ચ કક્ષાના સ્વભાવ, શરાફત અને રહમદિલીના કારણે તમારા મોંઢે તેનો રદિયો નથી આપતા.

إِنَّ اللّٰهَ مُخْرِجٌ مَّا تَحْذَرُوْنَ આ આયતમાં એ ખબર આપવામાં આવી છે કે, અલ્લાહ તઆલા મુનાફિકોના ગુપ્ત ષડ્યંત્રો અને શરારતોને જાહેર કરી દેશે, જેની એક ઘટના ગઝ્વએ તબૂકથી પાછા આવતી વેળાની છે, જ્યારે અમુક મુનાફિકોએ રસૂલે કરીમ ﷺને કતલ કરવાનું ષડ્યંત્ર રચ્યું હતું, અલ્લાહ તઆલાએ આપ ﷺને તેની હઝરત જિબ્રઈલ (અલૈ.) દ્વારા વહી મોકલીને ખબર આપી દીધી અને તે માર્ગેથી હટાવી દીધા જ્યાં આ મુનાફિકો આ કામ કરવા માટે ભેગા થયા હતા. *(મઝહરી, અનલ બગવી)*

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, અલ્લાહ તઆલાએ સિત્તેર મુનાફિકોના નામો તેમના બાપ-દાદાના નામો સહિત, સંપૂર્ણ નિશાની સરનામા સાથે રસૂલે કરીમ ﷺને બતાવી દીધા હતા પરંતુ રહમતુલ્લિલ્ આલમીન ﷺએ તે લોકોના નામો જાહેર ન કર્યા. *(મઝહરી)*

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૬૭ થી ૭૦)

اَلْمُنٰفِقُوْنَ وَالْمُنٰفِقٰتُ بَعْضُهُمْ مِّنْۢ بَعْضٍ ۘ يَاْمُرُوْنَ بِالْمُنْكَرِ وَيَنْهَوْنَ عَنِ
الْمَعْرُوْفِ وَيَقْبِضُوْنَ اَيْدِيَهُمْ ۭ نَسُوا اللّٰهَ فَنَسِيَهُمْ ۭ اِنَّ الْمُنٰفِقِيْنَ هُمُ الْفٰسِقُوْنَ ﴿٦٧﴾
وَعَدَ اللّٰهُ الْمُنٰفِقِيْنَ وَالْمُنٰفِقٰتِ وَالْكُفَّارَ نَارَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَا ۭ هِيَ حَسْبُهُمْ ۚ
وَلَعَنَهُمُ اللّٰهُ ۚ وَلَهُمْ عَذَابٌ مُّقِيْمٌ ﴿٦٨﴾ كَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ كَانُوْٓا اَشَدَّ مِنْكُمْ
قُوَّةً وَّاَكْثَرَ اَمْوَالًا وَّاَوْلَادًا ۭ فَاسْتَمْتَعُوْا بِخَلَاقِهِمْ فَاسْتَمْتَعْتُمْ بِخَلَاقِكُمْ كَمَا
اسْتَمْتَعَ الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ بِخَلَاقِهِمْ وَخُضْتُمْ كَالَّذِيْ خَاضُوْا ۭ اُولٰۗىِٕكَ حَبِطَتْ
اَعْمَالُهُمْ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ وَاُولٰۗىِٕكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿٦٩﴾ اَلَمْ يَاْتِهِمْ نَبَاُ الَّذِيْنَ
مِنْ قَبْلِهِمْ قَوْمِ نُوْحٍ وَّعَادٍ وَّثَمُوْدَ ڏ وَقَوْمِ اِبْرٰهِيْمَ وَاَصْحٰبِ مَدْيَنَ وَالْمُؤْتَفِكٰتِ ۭ
اَتَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ ۚ فَمَا كَانَ اللّٰهُ لِيَظْلِمَهُمْ وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿٧٠﴾

તરજુમો :

મુનાફિક પુરુષો અને અને મુનાફિક સ્ત્રીઓ સૌની એક ચાલ (ચારિત્ર્ય) છે, બુરી વાત શિખવાડે અને ભલી વાત છોડાવે અને પોતાની મુટ્ઠી બંધ રાખે, અલ્લાહને ભૂલી ગયા બસ તે તેમને ભૂલી ગયો; નિ:શંક ! મુનાફિકો તે જ છે નાફરમાનો (ફાસિકો). (૬૭) અલ્લાહે મુનાફિક પુરુષો અને મુનાફિક સ્ત્રીઓને અને કાફિરોને દોઝખની આગનો વાયદો આપ્યો છે તેમાં પડયા રહેશે, તે જ તેમને પૂરતું છે અને અલ્લાહ તઆલાએ તેમને ફિટકાર (લા'નત) આપી અને તેમના માટે કાયમ રહેનારો અઝાબ છે. (૬૮) જેવી રીતે તમારાથી આગલા લોકો તમારાથી શક્તિમાં વધારે હતા અને માલ વધારે ધારણ કરતા હતા અને અવલાદ; પછી પોતાના હિસ્સાનો ફાયદો ઉઠાવી ગયા, ફરી તમે પોતાના હિસ્સાનો ફાયદો ઉઠાવ્યો જેવી રીતે તમારાથી આગલા પોતાના હિસ્સાનો ફાયદો ઉઠાવી ગયા અને તમે પણ તેમના જેવી જ ચાલે ચાલો છો; તે લોકો (કે) તેમના અમલ વ્યર્થ ગયા દુનિયામાં અને

આખિરતમાં અને તે જ લોકો નુકસાનમાં પડયા. (૬૯) શું તેમને તે લોકોની ખબર પહોંચી નથી જે તેમનાથી પહેલાં હતા નૂહની કોમ અને આદની અને ષમૂદની અને ઈબ્રાહીમની કોમ અને મદયનવાળાઓની અને તે વસ્તીઓની ખબર જે ઊલટાવી દેવામાં આવી હતી તેમની પાસે તેમના રસૂલ સ્પષ્ટ હુકમો લઈને પહોંચ્યા, બસ અલ્લાહ તો એવો ન હતો કે તેમના ઉપર જુલમ કરે પરંતુ તેઓ પોતે પોતાના ઉપર જુલમ કરતા હતા. (૭૦)

તફસીર :

મુનાફિક પુરુષો અને મુનાફિક સ્ત્રીઓ બધા એકબીજા જેવા છે, ખરાબ વાતોની (એટલે કે કુફ્ર અને ઈસ્લામનો વિરોધ કરવાની) તા'લીમ આપે છે અને સારી વાતોથી (એટલે કે ઈમાન અને નબી ﷺનું અનુસરણ કરવાની) મનાઈ કરે છે અને (અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાથી) પોતાના હાથોને બંધ રાખે છે, તેમણે અલ્લાહનો ખ્યાલ ન રાખ્યો (એટલે કે આજ્ઞાપાલન ન કર્યું) બસ, અલ્લાહે તેમનો ખ્યાલ ન રાખ્યો (એટલે કે તેમના ઉપર પોતાની કૃપા ન કરી) નિઃશંક ! આ મુનાફિકો ઘણા જ દુષ્ટ છે, અલ્લાહ તઆલાએ મુનાફિક પુરુષો અને મુનાફિક સ્ત્રીઓ અને (ખુલ્લમ-ખુલ્લા) કુફ્ર કરનારાઓને દોઝખની આગનું વચન આપી રાખ્યું છે જેમાં તેઓ હંમેશા રહેશે તે તેમના માટે (એટલે કે સજા માટે) પૂરતી છે અને અલ્લાહ તઆલા તેમને પોતાની રહમતથી દૂર કરી દેશે અને તેમને (ઉપરોક્ત આપેલા વાયદા પ્રમાણે) કાયમી અઝાબ થશે (હે મુનાફિકો !) તમારી હાલત (કુફ્ર અને કુફ્રના હકદાર થવાની બાબતમાં) તે લોકો જેવી છે જેઓ તમારાથી અગાઉ(ના સમયમાં) થઈ ચૂક્યા છે જેઓ શક્તિમાં, જોરાવર હોવામાં અને અવલાદ અને માલ વધારે હોવામાં તમારાથી પણ વધારે હતા તો તેમણે પોતાના (દુનિયવી) ભાગમાંથી ખૂબ લાભ પ્રાપ્ત કર્યો, બસ તમે પણ પોતાના (દુનિયવી) ભાગમાંથી ખૂબ લાભ ઉઠાવ્યો જેમકે તમારાથી અગાઉના લોકોએ પોતાના (દુનિયવી) ભાગમાંથી લાભ પ્રાપ્ત કર્યો હતો અને તમે પણ (ખરાબ વાતોમાં) એવા જ ઘુસી ગયા જેમકે તે લોકો (ખરાબ વાતોમાં) ઘુસ્યા હતા, તે લોકોના (સારા) અમલો દુનિયા અને આખિરત (સૌ)માં વ્યર્થ થઈ ગયા (કે દુનિયામાં તે અમલો ઉપર સવાબની ખુશખબરી નથી અને આખિરતમાં સવાબ

નથી) અને (તે જ حَبِطَ فِى الدُّنْيَا وَالْآخِرَةِ ના કારણે) તે લોકો મોટું નુકસાન ઉઠાવનારા છે (કે બંને દુનિયાની ખુશી અને રાહતથી વંચિત છે, બસ એ પ્રમાણે તમે પણ તેમના જેવું કુફ્ર કરો છો તો તેમના જ જેવા નુકસાન ઉઠાવનારા બની જશો અને જેમકે તેમના માલ અને અવલાદ તેમના કંઈ કામ ન આવ્યા તમે તો તે વસ્તુઓમાં તેમનાથી પણ ઓછા છો, તમારા તો તે માલ અને અવલાદ તેમના જેટલા પણ કામ નહીં લાગે. આ તો આખિરતના નુકસાનની ચેતવણી થઈ આગળ દુનિયાના નુકસાનની સંભાવનાનું વર્ણન કરી ચેતવણી આપવામાં આવે છે કે) શું તે લોકોને તે (અઝાબ અને સર્વનાશ થવાની) ખબર નથી પહોંચી જે તેમનાથી પહેલાં થયું છે ? જેમકે કોમે નૂહ (અલૈ.) અને આદ અને ષમૂદ અને ઈબ્રાહીમ (અલૈ.)ની કોમ અને મદયનવાળાઓ અને ઊલટાવી દેવામાં આવેલ વસ્તીઓ (એટલે કે કોમે લૂતની વસ્તી) કે તેમની પાસે તેમના પયગમ્બરો (સત્યની) સ્પષ્ટ નિશાનીઓ લઈને આવ્યા (પરંતુ એ લોકો ન માનવાથી બરબાદ થઈ ગયા) બસ, (આ બરબાદીમાં) અલ્લાહ તઆલાએ તો તેમના ઉપર અત્યાચાર નથી કર્યો પરંતુ તેઓ પોતે જ પોતાની જાત ઉપર જુલમ કરતા હતા (એ જ પ્રમાણે આ મુનાફિકોએ પણ ડરવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત આયતોમાંથી પ્રથમ આયતમાં મુનાફિકોની એક હાલત એ બતાવવામાં આવી કે તેઓ પોતાના હાથને બંધ રાખે છે يَقْبِضُونَ أَيْدِيَهُمْ તફસીરે કુર્તુબીમાં છે કે હાથ બંધ રાખવાનો અર્થ જિહાદ છોડી દેવું અને વાજિબ હકોને અદા ન કરવા થાય છે. نَسُوا اللّٰهَ فَنَسِيَهُمْ એનો દેખીતો અર્થ એ છે કે, આ લોકોએ અલ્લાહને ભૂલાવી દીધા તો અલ્લાહ તઆલાએ તેમને ભૂલાવી દીધા, અલ્લાહ તઆલા તો ભૂલવાથી અથવા તો ગાફેલ થવાથી પાક છે તો આ સ્થળે ભાવાર્થ એ છે કે, તે લોકોએ અલ્લાહના હુકમોને એ પ્રમાણે છોડી દીધા જેમકે તેઓ તેને ભુલી ગયા છે તો અલ્લાહ તઆલાએ પણ આખિરતના સવાબની બાબતમાં તેમને એવા જ છોડી દીધા કે નેકી અને સવાબમાં ક્યાંય તેમનું નામ ન રહ્યું.

આયત નં. ૫૯ كَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ ની એક તફસીર એ છે કે આ સંબોધન

મુનાફિકોને છે, જેમકે તફસીરના ખુલાસામાં આવી ચૂક્યું અને બીજી તફસીરમાં આ સંબોધન મુસલમાનોને છે, એટલે કે اَنْتُمْ كَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ નો અર્થ એ છે કે, તમે લોકો પણ પોતાનાથી અગાઉના લોકોની જેમ જ છો, જે રીતે તે લોકો દુનિયાનો રસાસ્વાદ માણવામાં રચ્યા-પચ્યા રહીને આખિરતને ભૂલાવી બેઠા અને જાત-જાતના અને ભાત-ભાતના ગુનાહો અને દુષ્ટ કર્મોમાં સપડાઈ ગયા તમે પણ એમના જેવા જ લોકો બની જશો.

આ આયતની તફસીરમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)એ રિવાયત કરી છે કે "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, તમે પણ તે જ તરીકો અપનાવશો જે તમારાથી અગાઉની ઉમ્મતો કરી ચૂકી છે, હાથના હાથ અને વેંતની વેંત એટલે કે હૂબહૂ તેમની નકલ ઉતારશો, એટલે સુધી કે જો તેમનામાંથી કોઈ ઘો ના દરમાં ઘૂસ્યો છે તો તમે પણ ઘુસશો." હઝરત અબૂ હુરયરહ (રદિ.)એ આ રિવાયત નકલ કરીને ફરમાવ્યું કે, "આ હદીષના સમર્થન માટે તમારી ઈચ્છા થાય તો કુર્આનની આ આયત પઢી લો. كَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ"

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ એ સાંભળીને ફરમાવ્યું કે, مَا اَشْبَهَ اللَّيْلَةَ بِالْبَارِحَةِ આજની રાત ગઈકાલની રાત સાથે કેવી સમાન અને એકરૂપ છે તે પ્રમાણે આ બની ઈસ્રાઈલ છે આપણી તેમની સાથે સરખામણી કરવામાં આવી છે.

(કુર્તુબી)

હદીષનો હેતુ સ્પષ્ટ છે કે, અંતિમ યુગમાં મુસલમાનો પણ યહૂદી અને નસારાની પદ્ધતિ ઉપર ચાલવા લાગશે અને મુનાફિકોનો અઝાબ વર્ણન કર્યા પછી આ બાબતને વર્ણન કરવાથી એ તરફ પણ ઈશારો છે કે, યહૂદીઓ અને નસારાની પદ્ધતિઓનું અનુસરણ કરનાર મુસલમાનો તે જ હશે જેમના દિલોમાં સંપૂર્ણ ઈમાન નહીં હોય, નિફાકના જંતુઓ તેમાં જોવા મળશે, ઉમ્મતના નેક લોકોને તેમનાથી બચવાની અને બચાવવાની હિદાયત અને સૂચના આ આયતમાં આપવામાં આવી છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૭૧-૭૨-૭૩)

وَالْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ ۘ يَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ
يَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُقِيْمُوْنَ الصَّلٰوةَ وَ يُؤْتُوْنَ الزَّكٰوةَ وَيُطِيْعُوْنَ اللّٰهَ وَ
رَسُوْلَهٗ ؕ اُولٰٓئِكَ سَيَرْحَمُهُمُ اللّٰهُ ؕ اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۷۱﴾ وَعَدَ اللّٰهُ الْمُؤْمِنِيْنَ
وَالْمُؤْمِنٰتِ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا وَمَسٰكِنَ طَيِّبَةً فِيْ جَنّٰتِ
عَدْنٍ ؕ وَرِضْوَانٌ مِّنَ اللّٰهِ اَكْبَرُ ؕ ذٰلِكَ هُوَ الْفَوْزُ الْعَظِيْمُ ﴿۷۲﴾ يٰٓاَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ
وَالْمُنٰفِقِيْنَ وَاغْلُظْ عَلَيْهِمْ ؕ وَمَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَبِئْسَ الْمَصِيْرُ ﴿۷۳﴾

તરજુમો :

અને ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓ એકબીજાના મદદગાર છે, નેક વાત શિખવાડે છે અને બુરી વાતથી મનાઈ કરે છે અને નમાઝ કાયમ રાખે છે અને ઝકાત આપે છે અને અલ્લાહના અને તેના રસૂલના હુકમ ઉપર ચાલે છે, આ જ તે લોકો છે જેમના ઉપર અલ્લાહ રહમ કરશે, બેશક ! અલ્લાહ જબરદસ્ત છે હિકમતવાળો. (૭૧) અલ્લાહે ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓને બગીચાઓનો વાયદો આપ્યો છે કે તેના નીચે નહેરો વહે છે તેમાં જ રહ્યા કરે અને તય્યિબ (સ્વચ્છ) મકાનોનો રહેવાના બગીચાઓમાં અને અલ્લાહનો રાજીપો આ સૌથી મોટો છે, આ જ છે મોટી સફળતા ! (૭૨) હે નબી (ﷺ) ! કાફિરો સાથે જિહાદ કરો અને મુનાફિકો સાથે અને તેમના ઉપર સખતી કરો અને તેમનું ઠેકાણું દોઝખ છે અને તે બુરું ઠેકાણું છે. (૭૩)

તફસીર :

અને મુસલમાન પુરુષો અને મુસલમાન સ્ત્રીઓ એકબીજાના (દીની) મિત્રો છે, સારી વાતોની તા'લીમ આપે છે અને બુરી વાતોથી રોકે છે અને નમાઝની પાબંદી રાખે છે અને ઝકાત આપે છે અને અલ્લાહ અને તેના રસૂલ (ﷺ)નું કહેવું માને છે, તે લોકો ઉપર અલ્લાહ તઆલા અવશ્ય રહમત કરશે

(જેની વિગત وَعَدَ اللّٰهُ માં આગળ આવી રહી છે), નિઃશંક ! અલ્લાહ તઆલા સર્વશક્તિમાન છે (સારા કૃત્યોનો બદલો આપે છે), હિકમતવાળો છે (યોગ્ય બદલો આપે છે, તેની રહમતનું વર્ણન એ છે કે) અલ્લાહ તઆલાએ વાયદો કર્યો છે ઈમાનવાળા પુરુષો અને ઈમાનવાળી સ્ત્રીઓને બગીચાઓનો કે જેની નીચેથી નહેરો વહે છે તેમાં (આ બધી નેઅ્મતો સાથે) હંમેશા રહેશે અને પવિત્ર મકાનોનો (વાયદો કરી રાખ્યો છે) કે જે આ કાયમી બાગોમાં છે અને અલ્લાહની ખુશ્નૂદી આ બધાથી મોટી નેઅ્મત છે, હે નબી (ﷺ) ! કાફિરો અને મુનાફિકો સાથે જિહાદ કરો અને તેમના ઉપર સખતી કરો (દુનિયામાં તો તેઓ તેના હકદાર છે) અને (આખિરતમાં) તેમનું ઠેકાણું દોઝખ છે અને તે ઘણું જ ખરાબ સ્થળ છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં મુનાફિકોની પરિસ્થિતિ, તેમના ષડયંત્રો અને તેમના ત્રાસનું તથા તેના ઉપર તેમને થનારા અઝાબનું વર્ણન હતું. કુર્આનની શૈલી પ્રમાણે એ યોગ્ય હતું કે આ સ્થળે મુખ્લિસ મો'મિનોની પરિસ્થિતિ અને તેમના સવાબના દરજ્જાઓનું પણ વર્ણન થઈ જાય, પ્રસ્તુત આયતોમાં એનું જ વર્ણન છે.

અત્રે એ વાત ધ્યાન આપવા યોગ્ય છે કે, આ સ્થળે મુનાફિકો અને મુખ્લિસ મો'મિનોની સરખામણી કરવામાં આવી છે પરંતુ એક સ્થળે મુનાફિકો માટે તો કહેવામાં આવ્યું છે, بَعْضُهُمْ مِنْ بَعْضٍ અને તેના મુકાબલામાં મો'મિનો માટે વર્ણન થયું છે, بَعْضُهُمْ اَوْلِيَآءُ بَعْضٍ તેમાં ઈશારો છે કે, મુનાફિકોના પરસ્પરના સંબંધો અને વ્યવહારો ફક્ત કૌટુંબિક સમાનતા અથવા સ્વાર્થ ઉપર આધારિત હોય છે, ન તો તે સંબંધોનું ટકાઉપણુ કે ઉંમર વધારે હોય છે અને ન જ તેના લાભ સ્વરૂપે જે દિલી દોસ્તી અને હમદર્દીનો સંબંધ પેદા થાય છે તે હોય છે, તેનાથી વિપરીત મો'મિનો કે તેઓ પરસ્પર એકબીજાના નિખાલસ મિત્રો અને સાચા હમદર્દો હોય છે. *(કુર્તુબી)*

અને આ દોસ્તી અને હમદર્દી ફક્ત અલ્લાહના માટે હોય છે તો જાહેરમાં અને ખાનગીમાં, હાજરીમાં અથવા ગેરહાજરીમાં એકસમાન હોય છે અને કાયમી તથા ટકાઉ રહે છે, મો'મિન મુખ્લિસની આ જ નિશાની છે, ઈમાન અને નેક કાર્યોની ખાસિયત પણ એ જ છે કે આવી દોસ્તી અને હમદર્દી પરસ્પર પ્રેમ અને

મહોબ્બત પેદા કરે છે. કુર્આને કરીમનો ઈરશાદ એના જ વિશે છે, سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ وُدًّا (૧૯ : ૯૬) એટલે કે, જે લોકો ઈમાન લાવ્યા અને નેક કાર્યોના પાબંદ થયા અલ્લાહ તઆલા તેમની વચ્ચે દિલી અને ગાઢ મિત્રતા ઉત્પન્ન કરી દે છે. આજકાલ આપણું ઈમાન અને નેક કાર્યોમાં ઉણપ હોવાને લઈ મુસલમાનોના પરસ્પરના સંબંધો ક્યારેય આવા દૃષ્ટિગોચર થતા નથી, બલકે સંબંધો સ્વાર્થને આધીન રહી ગયા છે.

جَاهِدِ الْكُفَّارَ وَالْمُنَافِقِيْنَ وَاغْلُظْ عَلَيْهِمْ આ આયતમાં કાફિરો અને મુનાફિકો બંને સાથે જિહાદ અને તેમના મા'મલામાં સખતી વર્તવાનો હુકમ રસૂલે કરીમ ﷺને આપવામાં આવ્યો છે. ખુલ્લમ-ખુલ્લા કાફિરો સામે જિહાદની બાબત તો સ્પષ્ટ છે પરંતુ મુનાફિકો સાથે જિહાદનો અર્થ રસૂલે કરીમ ﷺના વર્તાવથી એ સાબિત થયું કે, તેમની સાથે જિહાદનો અર્થ મૌખિક જિહાદ છે કે તેમને ઈસ્લામની સચ્ચાઈ સમજાવવા આમંત્રણ આપવામાં આવે જેથી તેઓ પોતાના ઈસ્લામના દા'વામાં નિખાલસ થઈ જાય. *(કુર્તુબી, મઝહરી)*

وَاغْلُظْ عَلَيْهِمْ માં શબ્દ غِلْظ (ગિલ્ઝ)નો અર્થ આ છે કે, જેને સંબોધન કરવામાં આવ્યું છે તે એવી કાર્યવાહીનો હકદાર છે કે, તેમની સાથે કોઈ બાંધછોડ કે નરમાશ વર્તવામાં ન આવે, આ શબ્દ رَأْفَت (રઅ્ફત્)ના વિરુદ્ધાર્થી તરીકે ઉપયોગ થાય છે જેનો અર્થ દયા અને નરમદિલી થાય છે.

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, આ સ્થળે غِلْظَت (ગિલ્ઝત્) ઉપયોગ કરવાથી અમલી (પ્રેક્ટિકલી) غِلْظَت નો અર્થ એ છે કે, તેમના ઉપર શરીઅત લાગુ પાડવામાં કોઈ બાંધછોડ કે નરમાશ વર્તવામાં ન આવે, મૌખિક રીતે ફક્ત શબ્દો દ્વારા غِلْظَت અપનાવવાનો અર્થ નથી, કારણ કે એ અંબિયા (અલૈ.)ની સુન્નતના વિરુદ્ધ છે કે તેઓ કોઈની સાથે કઠોર ભાષામાં અને નીંદા કે ટીકાત્મક શૈલીમાં વાતચીત કરતા નથી. એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે,

اِذَا زَنَتْ اَمَةُ اَحَدِكُمْ فَلْيَجْلِدْهَا الْحَدَّ وَلَا يُثَرِّبْ عَلَيْهَا (قُرطُبِى)

"જો તમારી કોઈ બાંદી વ્યભિચાર આચરે છે તો તેની શરઈ સજાની હદ તેના ઉપર લાગુ પાડો પરંતુ મૌખિક નીંદા અને ટીકા કે મહેણા ન મારો."

અને રસૂલે કરીમ ﷺની હાલત વિશે પોતે અલ્લાહ તઆલા ફરમાવે છે, وَلَوْ كُنتَ فَظًّا غَلِيظَ الْقَلْبِ لَانفَضُّوا مِنْ حَوْلِكَ (૩:૧૫૯)એટલે કે, જો તમે સખત વાતચીત કરનાર અથવા કઠણ દિલના હોત તો લોકો આપની પાસેથી દૂર ભાગી ગયા હોત અને આપ ﷺના કાર્યોમાં એવું ક્યાંય જોવા મળતું નથી કે સાબિત થયું નથી કે કાફિરો અને મુનાફિકો સાથે વાતચીત અથવા કોઈ સંબોધનમાં ક્યારેય રસૂલે કરીમ ﷺએ غِلْظَتْ (કઠોર ભાષામાં વાતચીતની શૈલી) અપનાવી હોય.

ચેતવણી :

અફસોસ ! કે સંબોધન અને વાતચીતમાં કઠોર ભાષાને કાફિરોના મુકાબલામાં પણ ઈસ્લામે અપનાવ્યું નથી, આજકાલના મુસલમાન બીજા મુસલમાનો વિશે બેધડક સખત ભાષાનો પ્રયોગ કરે છે અને ઘણા લોકો તો તેને દીનની સેવા સમજીને ખુશ થાય છે. ઈન્નાલિલ્લાહ.....

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૭૪ થી ૭૮)

يَحْلِفُونَ بِاللَّهِ مَا قَالُوا وَلَقَدْ قَالُوا كَلِمَةَ الْكُفْرِ وَكَفَرُوا بَعْدَ إِسْلَامِهِمْ وَهَمُّوا
بِمَا لَمْ يَنَالُوا ۚ وَمَا نَقَمُوا إِلَّا أَنْ أَغْنَاهُمُ اللَّهُ وَرَسُولُهُ مِنْ فَضْلِهِ ۚ فَإِنْ يَتُوبُوا يَكُ
خَيْرًا لَهُمْ ۖ وَإِنْ يَتَوَلَّوْا يُعَذِّبْهُمُ اللَّهُ عَذَابًا أَلِيمًا فِي الدُّنْيَا وَالْآخِرَةِ ۚ وَمَا
لَهُمْ فِي الْأَرْضِ مِنْ وَلِيٍّ وَلَا نَصِيرٍ ﴿٧٤﴾ وَمِنْهُمْ مَنْ عَاهَدَ اللَّهَ لَئِنْ آتَانَا مِنْ
فَضْلِهِ لَنَصَّدَّقَنَّ وَلَنَكُونَنَّ مِنَ الصَّالِحِينَ ﴿٧٥﴾ فَلَمَّا آتَاهُمْ مِنْ فَضْلِهِ بَخِلُوا بِهِ
وَتَوَلَّوْا وَهُمْ مُعْرِضُونَ ﴿٧٦﴾ فَأَعْقَبَهُمْ نِفَاقًا فِي قُلُوبِهِمْ إِلَىٰ يَوْمِ يَلْقَوْنَهُ بِمَا
أَخْلَفُوا اللَّهَ مَا وَعَدُوهُ وَبِمَا كَانُوا يَكْذِبُونَ ﴿٧٧﴾ أَلَمْ يَعْلَمُوا أَنَّ اللَّهَ يَعْلَمُ
سِرَّهُمْ وَنَجْوَاهُمْ وَأَنَّ اللَّهَ عَلَّامُ الْغُيُوبِ ﴿٧٨﴾

તરજુમો :

અલ્લાહની કસમો ખાય છે કે અમે નથી કહ્યું અને નિઃશંક તેમણે કુફ્રનો

કલિમો (શબ્દ) કહ્યો છે અને મુસલમાન થઈને ઈન્કારી થઈ ગયા અને એ વસ્તુનો ઈરાદો કર્યો હતો જે તેમને ન મળી અને આ બધું કંઈ એનો જ બદલો હતો કે અલ્લાહે અને તેના રસૂલે પોતાના ફઝ્લથી તેમને દોલતમંદ કરી દીધા, બસ જો તવબહ કરી લે તો તેમના હકમાં સારું છે અને જો માનશે નહીં તો તેમને અલ્લાહ અઝાબ આપશે; દર્દનાક અઝાબ દુનિયા અને આખિરતમાં અને પૃથ્વીપટ ઉપર તેમનો કોઈ હિમાયતી અને મદદગાર નહીં હોય. (૭૪) અને તેમનામાં અમુક તે છે કે અલ્લાહ સાથે વાયદો કર્યો હતો જો અમને પોતાની કૃપાથી આપે તો અમે અવશ્ય ખયરાત કરીએ અને અમે નેકીવાળાઓમાં થઈને રહીએ. (૭૫) પછી જ્યારે તેમને પોતાની કૃપાથી આપ્યું તો એમાં કંજૂસાઈ કરી અને ટાળીને ફરી ગયા. (૭૬) પછી તેનો અસર નિફાક તેમના દિલોમાં રાખી દીધો તે દિવસ સુધી કે તેઓ તેનાથી મળશે એ કારણે કે તેમણે જે વાયદો અલ્લાહથી કર્યો હતો એનાથી વિરુદ્ધ કર્યું અને એ કારણે કે જૂઠું બોલતા હતા. (૭૭) શું તેઓ જાણી નથી ચૂક્યા કે અલ્લાહ તેમના ભેદ તેમના મશ્વરાને જાણે છે અને એ કે અલ્લાહ બધી છૂપી વાતોને ઘણી સારી પેઠે જાણે છે. (૭૮)

તફસીર :

તે લોકો કસમો ખાય છે કે અમે ફલાણી વાત (દાખલા તરીકે એ કે રસૂલે કરીમ ﷺને કતલ કરી નાંખીએ) નથી કહી જ્યારે કે ખરેખર તેમણે કુફ્રની વાત કહી હતી (કારણ કે રસૂલે કરીમ ﷺની હત્યા કરવા વિશે વાતચીત કરવી કુફ્ર હોવું જાહેર છે) અને (તે વાત કહીને) પોતાના ઈસ્લામ (જાહેર કર્યા) પછી (જાહેરમાં પણ) કાફિર થઈ ગયા (ભલે પોતાના સમૂહમાં જ કે જેની ખબર મુસલમાનોને પણ થઈ ગઈ અને તેનાથી સામાન્ય રીતે તેમનું કુફ્ર ખુલી ગયું) અને તેમણે એવી વાતોનો ઈરાદો કર્યો હતો જે તેમના હાથ ન લાગી (કે રસૂલુલ્લાહ ﷺની હત્યા કરી નાંખીએ પરંતુ તેઓ તેમાં નિષ્ફળ રહ્યા) અને આ તેમણે ફક્ત એ વાતનો બદલો આપ્યો છે કે તેમને અલ્લાહે અને તેના રસૂલ (ﷺ)એ અલ્લાહના રિઝ્કથી માલદાર કરી દીધા (આ અહેસાનનો બદલો તેમની પાસે એ જ હશે કે બુરાઈ કરે) બસ, જો (ત્યાર પછી પણ તેઓ) તવબહ કરે તો તેમના માટે (બંને દુનિયામાં) ઉત્તમ (અને લાભદાયક) હશે (એટલા માટે જલાસ

રદિ.એ તો તવબહ કરી લીધી) અને જો (તવબહ કરવાથી) મોઢું ફેરવ્યું (અને કુફ્ર અને નિફાક ઉપર જ અડગ રહ્યા) તો અલ્લાહ તઆલા દુનિયા અને આખિરત (બંને જગ્યા)માં દર્દનાક અઝાબ આપશે (એટલા માટે સમગ્ર જિંદગી બદનામ અને પરેશાન તથા ભયભીત રહેવું અને મૃત્યું ટાણે મુસીબતના પ્રત્યક્ષ દર્શન કરવા આ દુનિયાનો અઝાબ છે અને આખિરતમાં દોઝખમાં જવું તો દેખીતી વાત છે) અને તેમના દુનિયામાં ન તો કોઈ સાથી છે અને ન જ કોઈ મદદગાર (કે અઝાબથી બચાવી લે અને જ્યારે દુનિયામાં કોઈ સાથી કે સહાયક જ નથી જેમનાથી મોટે ભાગે મદદ થઈ જતી હોય છે તો આખિરતમાં તો પ્રથમ શ્રેણીમાં તેનાથી વંચિત રહેશે) અને તે (મુનાફિકો)માં અમુક લોકો એવા છે કે અલ્લાહ તઆલા સાથે કરાર કરે છે (કારણ કે રસૂલુલ્લાહ ﷺ સાથે કરાર કરવો તે અલ્લાહ સાથે કરાર કરવા સમાન છે અને તે વાયદો એ હતો કે જો) અલ્લાહ તઆલા અમને પોતાના ફઝ્લથી (ઘણો બધો માલ) અર્પણ કરશે તો અમે (તેમાંથી) ખૂબ ખયરાત કરીએ અને અમે (તેના દ્વારા) ખૂબ નેક કામો કર્યા કરીએ, બસ જ્યારે અલ્લાહ તઆલાએ તેમને પોતાની કૃપાથી (ઘણું બધું) આપી દીધું તો તેમાં કંજૂસી કરવા લાગ્યા (કે ઝકાત ન આપી) અને (આજ્ઞાપાલનથી) મોઢું ફેરવવા લાગ્યા અને તેઓ તો મોઢું ફેરવવાની (પ્રથમથી જ) ટેવ ધરાવે છે બસ, અલ્લાહ તઆલાએ તેમની (આ પ્રવૃત્તિની) સજામાં તેમના દિલોમાં નિફાક (સ્થાપિત) કરી દીધો જે અલ્લાહ તઆલા પાસે જવાના દિવસ સુધી (એટલે કે મૃત્યુ સુધી) રહેશે એ કારણે કે તેમણે અલ્લાહ તઆલા સાથેના પોતાના વાયદામાં વિરોધ કર્યો અને એ કારણે કે તેઓ (આ વાયદામાં શરૂથી જ) જૂઠું બોલતા હતા (એટલે કે વાયદો પૂરો કરવાની તેમની નિય્યત તે સમયે પણ ન હતી, બસ નિફાક તો તે સમયે પણ તેમનામાં હતો જેનું પરિણામ આ જૂઠ અને વિરોધ છે, બસ આ જૂઠ અને વિરોધ ઉત્પન્ન થવાથી તેઓ વધારે ક્રોધના હકદાર થયા અને આ વધારે ક્રોધની અસર એ થઈ કે તેઓનો પાછલો નિફાક હવે કાયમી અને દૂર ન થાય એવો થઈ ગયો કે તેમને તવબહ પણ નસીબ નહીં થાય, એવી જ હાલતમાં મૃત્યુ પામીને હંમેશા-હંમેશની જહન્નમમાં રહેવાનું નસીબ થશે અને કુફ્ર ઉપર હોવા છતાં તેઓ ઈસ્લામ અને આજ્ઞાપાલનની જાહેરાત કરે છે તો) શું તેમને (એટલે કે મુનાફિકોને) ખબર નથી કે અલ્લાહ તઆલાને તેમના દિલોની ગુપ્ત વાતો અને

તેમના ગુપ્ત સલાહ–મશ્વરાની બધી ખબર છે ? અને એ કે અલ્લાહ તઆલા બધી જ ગયૂબની (ગુપ્ત) વાતોને સારી પેઠે જાણનારો છે (અને એટલા માટે તે જાહેરમાં ઈસ્લામ અને આજ્ઞાપાલનની જાહેરાત કરવી તેમને કામ આવી શકશે નહીં, ખાસ કરીને બસ તેમના માટે જહન્નમની આગ આવશ્યક છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પહેલી આયત يَحْلِفُوْنَ بِاللّٰهِ માં વળી પાછું મુનાફિકોનું વર્ણન થયું છે કે તેઓ પોતાની મજલિસોમાં કુફ્રના કલિમાઓ કહેતા રહે છે, પછી જો મુસલમાનોને ખબર થઈ જાય છે તો જૂઠી કસમો ખાઈને પોતે પોતાની નિર્દોષતા સાબિત કરવાનો પ્રયત્ન કરે છે, આ આયતના શા'ને નુઝૂલમાં બગવી (રહ.)એ એ કિસ્સો નકલ કર્યો છે કે, રસૂલે કરીમ ﷺએ ગઝ્વએ તબૂકના મોકા ઉપર એક ખુત્બો આપ્યો, તેમાં મુનાફિકોની ખરાબ પરિસ્થિતિ અને તેમના ખરાબ પરિણામનું વર્ણન કર્યું, હાજરજનોમાંથી એક મુનાફિક જુલ્લાસ પણ ઉપસ્થિત હતો, તેણે પોતાની મજલિસમાં જઈને કહ્યું કે મુહમ્મદ (ﷺ) જે કંઈ કહે છે જો તે સાચું છે તો આપણે ગધેડા કરતા પણ વધારે મૂર્ખ છે; તેના આ શબ્દો એક સહાબી હઝરત આમિર બિન કૈસ (રદિ.)એ સાંભળી લીધા તો કહ્યું કે, બેશક ! રસૂલુલ્લાહ ﷺએ જે કંઈ કહ્યું તે સાચું છે અને તમે ગધેડા કરતા પણ વધારે બદ્તર છો.

જ્યારે રસૂલુલ્લાહ ﷺ તબૂકની મુસાફરીથી પરત પહોંચ્યા તો આમિર બિન કૈસ (રદિ.)એ આ ઘટના રસૂલે કરીમ ﷺને સંભળાવી અને જુલ્લાસ પોતાની કહેલી વાતથી ફરી ગયો અને કહેવા લાગ્યો કે, આમિર બિન કૈસે મારા ઉપર આક્ષેપ મૂક્યો છે. રસૂલે કરીમ ﷺએ બંનેને હુકમ આપ્યો કે, મિમ્બરે નબવી (ﷺ)ની પાસે ઊભા થઈને કસમ ખાઓ જુલ્લાસે બેધડક જૂઠી કસમ ખાઈ લીધી કે મેં એવું કહ્યું નથી આમિર જૂઠું બોલી રહ્યો છે, હઝરત આમિર (રદિ.)નો વારો આવ્યો તો તેમણે પણ કસમ ખાધી અને પછી દુઆ માટે હાથ ઉઠાવ્યા કે, યા અલ્લાહ ! તું પોતાના રસૂલ ઉપર વહી દ્વારા આ બાબતની વાસ્તવિકતા છતી કરી આપ, તેમની દુઆ ઉપર રસૂલે કરીમ ﷺ અને બધા મુસલમાનોએ "આમીન" કહ્યું, હજું આ લોકો પોતાના સ્થળેથી હટ્યા પણ ન

હતા કે હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.) વહી લઈને હાજર થયા જેમાં પ્રસ્તુત આયત આવી હતી.

જુલ્લાસે આ આયત સાંભળી તો તરત ઊભા થઈને કહેવા લાગ્યા કે, યા રસૂલુલ્લાહ ﷺ ! હું સ્વીકાર કરું છું કે આ ભૂલ મારાથી થઈ હતી અને આમિર બિન કૈસે જે કંઈ કહ્યું તે સાચું હતું પરંતુ આ જ આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ મને તવબહનો અધિકાર આપી દીધો છે, હું હવે અલ્લાહ પાસે મગફિરત (મા'ફી) માંગું છું અને તવબહ કરું છું, રસૂલુલ્લાહ ﷺએ તેની તવબહનો સ્વીકાર કરી લીધો અને પાછળથી તે પોતાની તવબહ ઉપર કાયમ રહ્યા અને તેમની પરિસ્થિતિ સુધરી ગઈ. *(મઝહરી)*

અમુક મુફસ્સિરોએ આ પ્રમાણેની બીજી ઘટનાઓ આ આયતના શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) સ્વરૂપે વર્ણન કરી છે. ખાસ કરીને એટલા માટે કે આ આયતનું એક વાક્ય આ પણ છે, وَهَمُّوا بِمَا لَمْ يَنَالُوا એટલે કે, ''તેમણે ઈરાદો કર્યો એક એવા કામનો જેમાં તેઓ સફળ ન થઈ શક્યા.'' એનાથી જાણ થાય છે કે, આ આયત એવી ઘટનાના સંદર્ભમાં છે જેમાં મુનાફિકોએ રસૂલે કરીમ ﷺ અને મુસલમાનો વિરુદ્ધ કોઈ ષડ્યંત્ર કર્યું હોય જેમાં તેઓ સફળ થઈ શક્યા નહીં, જેમકે આ જ ગઝ્વએ તબૂકમાંથી પરત આવવાના સમયની ઘટના પ્રખ્યાત છે કે મુનાફિકોમાંથી બાર વ્યક્તિઓ પહાડની એક ખીણમાં એ હેતુથી સંતાઈને બેઠા હતા કે જ્યારે આપ ﷺ અહીંયાં પહોંચે તો અચાનક હુમલો કરીને તેમને કતલ કરી નાંખે, હઝરત જિબ્રઈલ (અલૈ.)એ રસૂલે કરીમ ﷺને ખબર આપી દીધી અને તેઓ તે માર્ગ ઉપરથી ખસી ગયા અને તેમનું ષડ્યંત્ર ધૂળમાં મળી ગયું.

અમુક બીજી ઘટનાઓ પણ મુનાફિકો તરફથી એવી બનતી રહી છે પરંતુ તેમાં કોઈ પરસ્પર વિરોધાભાસ કે નકાર નથી કે બધી જ ઘટનાઓ આ આયતનો હેતુ હોઈ શકે છે.

બીજી આયત وَمِنْهُمْ مَّنْ عٰهَدَ اللّٰهَ પણ એક એવી જ ખાસ ઘટના વિશે છે જે ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમ, ઈબ્ને મરદૂયા, તબરાની અને બયહકીએ હઝરત અબૂ ઉમામહ બાહલી (રદિ.)ની રિવાયતથી નકલ કરી છે કે, એક વ્યક્તિ ષઅ્લબા ઈબ્ને હાતિબ અન્સારીએ રસૂલુલ્લાહ ﷺની સેવામાં ઉપસ્થિત થઈને

એ દરખાસ્ત કરી કે, તમે દુઆ કરો કે હું માલદાર થઈ જાઉં, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે શું તમને મારી રીત-ભાત પસંદ નથી ? કસમ છે તે જાતની જેના કબજામાં મારા પ્રાણ છે, જો હું ઈચ્છું તો મદીનાનો પહાડ સોનાનો બનીને મારી સાથે ફર્યા કરે પરંતુ મને એવી માલદારી પસંદ નથી, એ વ્યક્તિ ચાલ્યો ગયો પરંતુ ફરીવાર તે પાછો આવ્યો અને ફરી તે જ દરખાસ્ત કરી, તે એ વાયદાની સાથે રજૂ થયો કે જો મને માલ મળી જશે તો હું દરેક હકદારને તેનો હક પહોંચાડી આપીશ, રસૂલુલ્લાહ ﷺએ દુઆ કરી આપી જેની અસર એ જાહેર થઈ કે તેની બકરીઓમાં બેહદ વધારો શરૂ થયો, એટલે સુધી કે મદીનાની જગ્યા તેને ઓછી પડવા લાગી તો બહાર ચાલ્યો ગયો અને ઝુહ્ર-અસ્રની બે નમાઝો મદીનામાં આવીને રસૂલે કરીમ ﷺની સાથે પઢતો હતો, બાકી નમાઝોમાં પણ જંગલમાં જ્યાં તેનો આ માલ હતો ત્યાં જ અદા કરતો હતો.

પછી તેની બકરીઓમાં એટલો વધારો થઈ ગયો કે, તેને એ જગ્યા પણ ઓછી પડવા લાગી અને મદીના શહેરથી દૂર જઈને કોઈ જગ્યા લીધી ત્યાંથી ફક્ત જુમ્અહની નમાઝ માટે મદીના આવતો અને પાંચે નમાઝો ત્યાં જ પઢવા લાગ્યો, પછી તેના માલમાં હજુ વધારે પ્રગતિ થઈ અને તે વધવા લાગ્યો તો તેણે એ જગ્યા પણ છોડી દીધી અને મદીનાથી ઘણે દૂર ચાલ્યો ગયો જ્યાં જુમ્અહ અને જમાઅતની નમાઝ બધાથી વંચિત થઈ ગયો.

અમુક મુદ્દત પછી રસૂલે કરીમ ﷺએ તેની હાલત વિશે પૂછ્યું તો લોકોએ બતાવ્યું કે તેનો માલ એટલો વધી ગયો છે કે શહેરની પાસે રહેવાની કોઈ ગુંજાઈશ જ નથી એટલા માટે કોઈ દૂર જગ્યાએ જઈને તે સ્થાયી થયો છે અને હવે અહીંયાં દેખાતો પણ નથી, રસૂલે કરીમ ﷺએ એવું સાંભળીને ત્રણ વખતે કહ્યું, يَا وَيْحَ ثَعْلَبَةَ (વયૂહ ષઅ્લબત) એટલે કે, "ષઅ્લબહ ઉપર અફસોસ છે ! ષઅ્લબહ ઉપર અફસોસ છે ! ષઅ્લબહ ઉપર અફસોસ છે !"

અચાનક તે જ સમયમાં એ સદકહની આયત નાઝિલ થઈ જેમાં રસૂલે કરીમ ﷺએ મુસલમાનો પાસેથી સદકહ વસૂલ કરવાનો હુકમ આપ્યો છે. (خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً) રસૂલે કરીમ ﷺએ ઢોરોના સદકાઓનો સંપૂર્ણ કાયદો લખીને બે વ્યક્તિઓને સદકહના જવાબદાર નિયુક્ત કરી કારકૂનોની હેસિયતથી મુસલમાનોના ઢોરોના સદકહ વસૂલ કરવા માટે મોકલ્યા અને એવો હુકમ આપ્યો

કે, ષઅ્લબા બિન હાતિમ પાસે પણ જાઓ અને બની સુલૈમના એક અન્ય વ્યક્તિ પાસે પણ જવાનો હુકમ આપ્યો.

એ બંને જ્યારે ષઅ્લબા પાસે પહોંચ્યા અને રસૂલે કરીમ ﷺનું ફરમાન બતાવ્યું તો ષઅ્લબહ કહેવા લાગ્યો કે આ તો જિઝિયો થઈ ગયો ! જે ગેરમુસ્લિમો પાસેથી લેવામાં આવે છે અને પછી એ પણ કહ્યું કે, સારું; હમણાં તો તમે જાઓ જ્યારે પાછા આવો તો અહીંયાં થઈને જજો; તે બંને ચાલ્યા ગયા.

બીજા વ્યક્તિ સુલૈમીએ રસૂલે કરીમ ﷺનું ફરમાન સાંભળ્યું તો પોતાના ઢોરો ઊંટ અને બકરીઓમાંથી જે સૌથી ઉત્તમ જાનવરો હતા સદકહના નિસાબ (પ્રમાણ) પ્રમાણેના જાનવરો લઈને તેઓ પોતે રસૂલે કરીમ ﷺના કારકૂનો પાસે પહોંચી ગયા, તે કારકૂનોએ કહ્યું કે અમને તો એ હુકમ છે કે, જાનવરોમાં ઉત્તમમાંથી ઉત્તમ અલગ પાડીને ન લઈએ, બલકે મધ્યમ કક્ષાના વસૂલ કરીએ એટલા માટે અમે તો આ નથી લઈ શકતા, સુલૈમીએ આગ્રહ કર્યો કે હું પોતાની ખુશીથી આ જ રજૂ કરવા ઇચ્છું છું તેથી આ જ જાનવરોનો સ્વીકાર કરી લો.

પછી આ બંને વ્યક્તિઓ બીજા મુસલમાનો પાસેથી સદકહ વસૂલ કરતા-કરતા પરત આવ્યા તો પછી ષઅ્લબહ પાસે પહોંચ્યા તો તેણે કહ્યું, લાવો! તે સદકહનો કાયદો મને બતાવો, પછી તેને જોઈને એવું જ કહેવા લાગ્યો કે આ તો એક પ્રકારનો જિઝિયો થઈ ગયો જે મુસલમાનો પાસેથી ન લેવો જોઈએ, સારું; હમણા તો તમે જાઓ હું વિચાર કરીને પછી હું કોઈ ફેંસલો કરીશ.

જ્યારે આ બંને લોકો મદીના તય્યિબહ પરત પહોંચ્યા અને રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થયા તો આપ ﷺએ તેમને પરિસ્થિતિ પૂછતાં પહેલા ફરી તે જ વાક્યનું પુનરાવર્તન કર્યું જે પ્રથમ કહ્યું હતું, يَا وَيْحَ ثَعْلَبَةَ يَاوَيْحَ ثَعْلَبَةَ يَا وَيْحَ ثَعْلَبَةَ એટલે કે, ષઅ્લબહ ઉપર સખત અફસોસ છે ! ષઅ્લબહ ઉપર સખત અફસોસ છે ! ષઅ્લબહ ઉપર સખત અફસોસ છે ! આ વાક્ય ત્રણ વખતે કહી પછી સુલૈમીની બાબત ઉપર ખુશ થઈને તેમના માટે દુઆ કરી, આ ઘટના ઉપર આ આયત નાઝિલ થઈ وَمِنْهُمْ مَّنْ عٰهَدَ اللّٰهَ એટલે કે, તેમાંથી અમુક લોકો એવા પણ છે જેમણે અલ્લાહ તઆલા સાથે કરાર કર્યો હતો કે જો અલ્લાહ તઆલા તેમને માલ અર્પણ કરશે તો સદકહ ખયરાત કરશે અને ઉમ્મતના નેક

લોકોની જેમ બધા જ હકદારો, રિશ્તેદારો અને ગરીબોના હકો અદા કરશે, પછી જ્યારે અલ્લાહે તેમને પોતાની કૃપાથી માલ અર્પણ કર્યો તો કંજૂસી કરવા લાગ્યા અને અલ્લાહ અને રસૂલ ﷺના આજ્ઞાપાલનથી ફરી ગયા.

فَاَعۡقَبَهُمۡ نِفَاقًا فِىۡ قُلُوۡبِهِمۡ એટલે કે, અલ્લાહ તઆલાએ તેમના આ દુષ્કૃત્ય અને કરારભંગના પરિણામે તેમના દિલોમાં નિફાકને વધારે પાકો કરી દીધો કે, હવે તેમને તવબહની તવફીક જ નહીં થાય.

ખુલાસો :

એનાથી જાણ થાય છે કે અમુક ખરાબ અમલોની નહૂસત એવી હોય છે કે તવબહની તવફીક નષ્ટ થઈ જાય છે. નઊઝુબિલ્લાહી મિન્હુ...

ઈબ્ને જરીરે અબૂ ઉમામહ (રદિ.)ની વિગતપૂર્વકની રિવાયત જે હમણા વર્ણન કરવામાં આવી છે, તેના અંતે લખ્યું છે કે જ્યારે રસૂલે કરીમ ﷺએ ષઅ્લબા માટે يَا وَيۡحَ ثَعۡلَبَةَ ત્રણ વખતે ફરમાવ્યું તો તે મજલિસમાં ષઅ્લબહના અમુક નિકટના અને સગાંઓ પણ ઉપસ્થિત હતા, આ સાંભળીને તેમાંથી એક વ્યક્તિ તરત જ મુસાફરી કરીને ષઅ્લબહ પાસે પહોંચ્યો અને તેને બુરું-ભલું કહેવા લાગ્યો અને બતાવ્યું કે તમારા વિશે કુર્આનમાં આયત નાઝિલ થઈ ગઈ છે, એ સાંભળીને ષઅ્લબહ ગભરાયો અને મદીનામાં હાજર થઈને દરખાસ્ત કરી કે, મારો સદકહ સ્વીકારી લેવામાં આવે; રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, મને અલ્લાહ તઆલાએ તમારો સદકહ સ્વીકારવાની મનાઈ કરી છે, આવું સાંભળીને ષઅ્લબહ પોતાના માથા ઉપર માટી નાંખવા લાગ્યો.

રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, આ તો તમારું પોતાનું કૃત્ય છે મેં તમને હુકમ આપ્યો તમે પાલન ન કર્યું, હવે તમારો સદકહ સ્વીકારી નથી શકાતો. ષઅ્લબહ નિષ્ફળ થઈને પાછો ચાલ્યો ગયો અને તેના અમુક દિવસો પછી રસૂલે કરીમ ﷺની વફાત થઈ ગઈ અને સિદ્દીકે અકબર (રદિ.) ખલીફા થયા તો ષઅ્લબા સિદ્દીકે અકબર (રદિ.)ની સેવામાં હાજર થયો અને કહ્યું કે, મારો સદકહ કબૂલ કરી લો, સિદ્દીકે અકબર (રદિ.)એ કહ્યું કે જ્યારે રસૂલે કરીમ ﷺએ સ્વીકાર નથી કર્યો તો હું કેવી રીતે સ્વીકારી શકું છું !?

પછી હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની વફાત પછી ષઅ્લબહ હઝરત

ફારૂકે આ'ઝમ (રદિ.)ની ખિદમતમાં હાજર થયો અને તે જ દરખાસ્ત કરી, ફરી તે જ જવાબ મળ્યો જે જવાબ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ આપ્યો હતો, પછી હઝરત ઉસ્માને ગની (રદિ.)ના ખિલાફતના સમયકાળમાં તેણે દરખાસ્ત કરી, તેમણે પણ ઈન્કાર કરી દીધો અને હઝરત ઉસ્માન (રદિ.)ના ખિલાફતકાળમાં ષઅ્લબહ મૃત્યુ પામ્યો. (نَعُوْذُ بِاللّٰهِ مِنْ سَيِّئَاتِ الْاَعْمَالِ) નઊઝુબિલ્લાહી મિન સય્યિઆતિલ અઅ્માલિ) *(મઝહરી)*

મસ્અલો :

અત્રે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, જ્યારે ષઅ્લબહ તવબહ કરીને હાજર થઈ ગયો તો તેની તવબહ કેમ સ્વીકાર કરવામાં ન આવી ? કારણ જાહેર છે કે રસૂલે કરીમ ﷺને વહી દ્વારા જાણ થઈ ગઈ હતી કે આ હવે નિખાલસતાપૂર્વક તવબહ નથી કરી રહ્યો તેના દિલમાં નિફાક મોજૂદ છે, ફક્ત સમયની મસ્લિહત ખાતર મુસલમાનોને ધોકો આપીને રાજી કરવા ઈચ્છે છે, એટલા માટે સ્વીકાર્ય નથી અને જ્યારે આપ ﷺએ તેને મુનાફિક ઠરાવી દીધો તો પછી પાછળથી આવનાર ખલીફાઓને તેનો સદકહ કબૂલ કરવાનો અધિકાર નથી રહેતો, કારણ કે ઝકાત માટે મુસલમાન હોવું ફરજ છે, અલબત્ત રસૂલે કરીમ ﷺ પછી કોઈપણ વ્યક્તિના દિલનો ગુપ્ત નિફાક કતઈ સ્વરૂપે (ચોક્કસપણે) જાણ નથી થઈ શકતી એટલા માટે હવે પછી માટે હુકમ એ જ છે કે જે વ્યક્તિ તવબહ કરી લે અને ઈસ્લામ અને ઈમાનનો સ્વીકાર કરી લે તેની સાથે મુસલમાનો જેવો વ્યવહાર કરવામાં આવશે ભલે તેના દિલમાં ગમે તે હોય. *(બયાનુલ કુર્આન)*

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૭૯-૮૦)

اَلَّذِيْنَ يَلْمِزُوْنَ الْمُطَّوِّعِيْنَ مِنَ الْمُؤْمِنِيْنَ فِي الصَّدَقٰتِ وَالَّذِيْنَ لَا
يَجِدُوْنَ اِلَّا جُهْدَهُمْ فَيَسْخَرُوْنَ مِنْهُمْ ۭ سَخِرَ اللّٰهُ مِنْهُمْ ۡ وَلَهُمْ عَذَابٌ
اَلِيْمٌ ﴿٧٩﴾ اِسْتَغْفِرْ لَهُمْ اَوْ لَا تَسْتَغْفِرْ لَهُمْ ۭ اِنْ تَسْتَغْفِرْ لَهُمْ سَبْعِيْنَ مَرَّةً فَلَنْ
يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ۭ ذٰلِكَ بِاَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ ۭ وَاللّٰهُ لَا يَهْدِي الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿٨٠﴾ ع

તરજુમો :

તે લોકો જેઓ તે મુસલમાનો ઉપર મ્હેણા-ટોણા મારે છે જેઓ દિલ ખોલીને ખયરાત કરે છે અને તેમના ઉપર જેઓ રાખતા નથી પરંતુ પોતાની મહેનતનું ! પછી તેમના ઉપર ઠઠ્ઠો (મશ્કરી) કરે છે; અલ્લાહે તેમની સાથે ઠઠ્ઠો કર્યો છે અને તેમના માટે દર્દનાક અઝાબ છે. (૭૯) તમે તેમના માટે મા'ફી માંગો અથવા ન માંગો જો તમે તેમના માટે સિત્તેર વખતે મા'ફી માંગશો તો પણ અલ્લાહ તેમને કદાપિ મા'ફ કરશે નહીં આ એ કારણે કે તેઓ અલ્લાહથી અને તેના રસૂલથી ઈન્કારી થયા અને અલ્લાહ નાફરમાન લોકોને માર્ગ નથી આપતો. (૮૦)

તફસીર :

આ (મુનાફિકો) એવા છે કે નફલ સદકહ આપનારા મુસલમાનો ઉપર સદકહ વિશે (થોડો હોવા બાબતે) ટોણા મારે છે અને (ખાસ કરીને) તે લોકો ઉપર (વધારે કટાક્ષ કરે છે) જેમને મહેનત-મજૂરી(ની આવક) સિવાય અન્ય કંઈ ઉપલબ્ધ નથી હોતું (અને તેઓ બિચારા એ જ મજૂરીમાંથી હિંમત કરીને અમુક સદકહ કાઢે છે) એટલે તેમનો ઠઠ્ઠો-મશ્કરી કરે છે (મ્હેણા-ટોણા તો લગભગ બધાને જ મારે છે અને કહે છે કે આ શું થોડી વસ્તુ લાવ્યા ? અને તે મહેનત-મજૂરી કરનાર ગરીબોની ઠઠ્ઠો-મશ્કરી કરે છે કે લો ! આ પણ સદકહ આપવાના યોગ્ય થઈ ગયા !) અલ્લાહ તઆલા તેમના ઠઠ્ઠા-મશ્કરીનો (ખાસ) બદલો આપશે (અને તેમના મ્હેણા-ટોણા પ્રમાણે જ તેમને બદલો મળશે) તેમના માટે (આખિરતમાં) દર્દનાક સજા હશે, આપ (ﷺ) ભલે તે મુનાફિકો માટે ઈસ્તિગફાર કરો (મા'ફી માંગો) અથવા તેમના માટે ઈસ્તિગફાર ન કરો (બંને પરિસ્થિતિઓ સમાન છે કે તેમને તેનાથી કોઈ લાભ થશે નહીં, તેમને મા'ફી મળવાની નથી) જો તમે તેમના માટે સિત્તેર વખતે (એટલે કે ઘણીવાર) ઈસ્તિગફાર કરશો તો પણ અલ્લાહ તઆલા તેમને બખ્શશે નહીં અને એ કારણે કે તેમણે અલ્લાહ અને રસૂલ સાથે કુફ્ર કર્યું અને અલ્લાહ તઆલા એવા નાફરમાન લોકોને (જેઓ ક્યારેય ઈમાન અને સત્યનું સંશોધન કરતા જ નથી) હિદાયત આપ્યા કરતો નથી. (એટલા જ માટે તેઓ આખી જિંદગી કુફ્ર ઉપર કાયમ રહ્યા અને તેના ઉપર જ મૃત્યુ પામ્યા).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં નફલ સદકહ આપનાર મુસલમાનો ઉપર મુનાફિકોના મ્હેણા–ટોણાનું વર્ણન છે. સહીહ મુસ્લિમમાં છે કે, હઝરત અબૂ મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા તરફથી અમને સદકહનો હુકમ આપવામાં આવ્યો અને અમારી પરિસ્થિતિ એવી હતી કે અમે મહેનત મજૂરી કરતા હતા (કોઈ માલ અમારી પાસે ન હતો, આ જ મજૂરીમાંથી જે કંઈ અમને મળતું હતું તેમાંથી સદકહ પણ કાઢતા હતા) એટલા માટે અબૂ અકીલે અડધો સાઅ્ (લગભગ પોણા બે શેર) સદકહ રજૂ કર્યો, બીજો વ્યક્તિ આવ્યો તેણે તેનાથી કંઈ વધારે સદકહ કર્યો, મુનાફિકો તેના ઉપર મ્હેણા–ટોણા મારવા લાગ્યા કે શું નાની સરખી તુચ્છ વસ્તુ સદકહ તરીકે લાવ્યા ?! અલ્લાહ તઆલાને આવી વસ્તુની જરૂર નથી ! અને જે કંઈ સદકહ કર્યો તેના ઉપર એ આક્ષેપ લગાવ્યો કે તેણે દેખાડા (રિયા) માટે સદકહ કર્યો, તે સંદર્ભમાં આ આયત નાઝિલ થઈ.

سَخِرَ اللّٰهُ مِنْهُمْ માં ઠઠ્ઠા–મશ્કરીના બદલાને ઠઠ્ઠા–મશ્કરી તરીકે જ ઓળખાવવામાં આવ્યો.

બીજી આયતમાં મુનાફિકો વિશે રસૂલે કરીમ ﷺને જે એ ફરમાવવામાં આવ્યું છે કે, તમે તેમના માટે મા'ફીની યાચના કરો કે ન કરો બધું સરખું છે અને કેટલીય મા'ફી માંગો તેમને મા'ફી મળશે નહીં ! તેની સંપૂર્ણ વિગત આગળ આવનાર આયત لَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ હેઠળ આવશે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૮૧–૮૨–૮૩)

فَرِحَ الْمُخَلَّفُوْنَ بِمَقْعَدِهِمْ خِلٰفَ رَسُوْلِ اللّٰهِ وَكَرِهُوْٓا اَنْ يُّجَاهِدُوْا بِاَمْوَالِهِمْ
وَاَنْفُسِهِمْ فِيْ سَبِيْلِ اللّٰهِ وَقَالُوْا لَا تَنْفِرُوْا فِي الْحَرِّ ۭ قُلْ نَارُ جَهَنَّمَ اَشَدُّ حَرًّا ۭ
لَوْ كَانُوْا يَفْقَهُوْنَ ﴿٨١﴾ فَلْيَضْحَكُوْا قَلِيْلًا وَّلْيَبْكُوْا كَثِيْرًا ۚ جَزَاۗءًۢ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٨٢﴾
فَاِنْ رَّجَعَكَ اللّٰهُ اِلٰى طَاۗىِٕفَةٍ مِّنْهُمْ فَاسْتَاْذَنُوْكَ لِلْخُرُوْجِ فَقُلْ لَّنْ تَخْرُجُوْا
مَعِيَ اَبَدًا وَّلَنْ تُقَاتِلُوْا مَعِيَ عَدُوًّا ۭ اِنَّكُمْ رَضِيْتُمْ بِالْقُعُوْدِ اَوَّلَ مَرَّةٍ
فَاقْعُدُوْا مَعَ الْخٰلِفِيْنَ ﴿٨٣﴾

તરજુમો :

પાછળ રહી જનારાઓ રસૂલુલ્લાહ (ﷺ)થી જુદા થઈને પોતાના બેસી રહેવાથી ખુશ થઈ ગયા અને એનાથી ગભરાયા કે પોતાના માલથી અને પ્રાણથી અલ્લાહના માર્ગમાં લડે અને બોલ્યા કે ગરમીમાં કૂચ ન કરો, તમે કહો ! દોઝખની આગ સખત ગરમ છે જો તેમને સમજ હોત. (૮૧) બસ તેઓ થોડું હસી લે અને રડે વધારે એનો બદલો જે તેઓ કમાતા હતા. (૮૨) બસ જો અલ્લાહ તમને તેમનામાંથી કોઈ સમૂહ તરફ ફેરવી (પાછા) લઈ જાય પછી તમારાથી નીકળવાની રજા ઈચ્છે તો તમે કહી આપજો કે તમે કદાપિ મારી સાથે નીકળશો નહીં ક્યારેય અને મારી સાથે થઈને કોઈ દુશ્મન સાથે લડશો નહીં, તમને (તો) પ્રથમવાર બેસી રહેવું પસંદ આવ્યું બસ પાછળ રહેનારાઓની સાથે બેસી રહો ! (૮૩)

તફસીર :

આ પાછળ રહી જનારા પોતાના બેસી રહેવા ઉપર ખુશ થઈ ગયા રસૂલુલ્લાહ (ﷺ)ના (ગયા) પછી અને તેમણે અલ્લાહના માર્ગમાં પોતાના માલ અને પ્રાણો વડે જિહાદ કરવું નાપસંદ કર્યું (બે કારણોથી પ્રથમ તો કુફ્ર અને બીજું આરામપસંદ સ્વભાવ) અને (અન્યોને પણ) કહેવા લાગ્યા કે તમે (આવી સખત) ગરમીમાં (ઘરેથી) ન નીકળો, તમે (જવાબમાં) કહી આપો કે જહન્નમની આગ (આનાથી પણ) વધારે (તેજ અને) ગરમ છે, (બસ આશ્ચર્ય છે કે એ ગરમીથી તો બચ્યા પરંતુ જહન્નમમાં જવા માટેનો સામાન પોતે તૈયાર કરી રહ્યા છે કે તેઓ કુફ્ર અને વિરોધ કરવાને છોડતા નથી) કેવું સારું થયું હોત જો તેઓ સમજ્યા હોત ! બસ, (તેમના પ્રસ્તુત કાર્યનું પરિણામ એ છે કે દુનિયામાં) થોડા દિવસો હસી(-રમી) લે અને (પછી આખિરતમાં) ઘણા દિવસો (એટલે કે હંમેશા) રડતા રહે (એટલે કે હસવું થોડાક જ દિવસો માટે છે પછી રડવું હંમેશા-હંમેશા માટે છે) તે કામોના બદલામાં જે કંઈ (કુફ્ર, નિફાક અને વિરોધ વગેરે) કર્યા કરતા હતા (જ્યારે તેમની આ હાલતની જાણ થઈ ગઈ) તો જો અલ્લાહ તઆલા તમને (આ મુસાફરીથી મદીના સહી-સલામત) તેમના કોઈ સમૂહ તરફ પાછા લાવે (તેમને એટલા માટે સમૂહ કહેવામાં આવ્યા છે કે અમુક લોકો ત્યાં સુધીમાં શક્ય છે કે

મૃત્યુ પામે અથવા અન્યત્ર ચાલ્યા જાય અને) પછી આ લોકો (ખુશામત સ્વરૂપે પોતાના ઉપરનો પાછલો આક્ષેપ દૂર કરવા માટે કોઈ જિહાદમાં તમારી સાથે) ચાલવાની પરવાનગી માંગે (અને દિલમાં તે સમયે પણ એ જ હોય કે ખરા સમયે બહાનું કરીશું) તો તમે એવું કહી આપો કે (જો કે અત્યારે દુનિયા બનાવવા માટે વાતો બનાવી રહ્યા છો પરંતુ અલ્લાહ તઆલાએ તમારા અંતઃકરણની વાતો બતાવી દીધી છે એટલા માટે તમને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવે છે કે) તમે ક્યારેય પણ મારી સાથે (જિહાદમાં) ન નીકળી શકશો અને ન જ મારી સાથે થઈને કોઈ (દીનના) દુશ્મન સામે લડશો (જે નીકળવાનો મૂળ હેતુ છે, કારણ કે) તમે પ્રથમ પણ બેસી રહેવાને પસંદ કર્યું હતું (અને હવે પણ એ જ ઈરાદો છે) તો (ફોગટની એમ જ ખોટી વાતો બનાવ્યા કરો છો બલકે ભૂતકાળની જેમ જ) તે લોકોની સાથે બેસી રહો જેઓ (વાસ્તવમાં) પાછળ રહી જવાના લાયક જ છે (પોતાના કોઈ અંગત કારણના લીધે જેમકે વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકો).

મસ્અલા અને બોધપાઠ :

આગળ ઉપરથી મુનાફિકોની પરિસ્થિતિનું વર્ણન ચાલી રહ્યું છે જેઓ ગઝ્વએ તબૂકમાં જાહેર હુકમ હોવા છતાં સામેલ ન થયા, પ્રસ્તુત આયતોમાં પણ તે જ લોકોની એક હાલત અને તેના ઉપર આખિરતની સજાની ચેતવણી અને દુનિયામાં હવે પછીના સમય માટે તેમનું નામ ઈસ્લામના મુજાહિદોની યાદીમાંથી કાઢી નાંખવાનું અને ભવિષ્યમાં તેમને કોઈ જિહાદમાં ભાગ ન લેવાની પરવાનગીનું વર્ણન આવ્યું છે.

مُخَلَّفُوْنَ (મુખલ્લફૂન) એ مُخَلَّفٌ (મુખલ્લફુન)નું બહુવચન છે, જેનો અર્થ છે مَتْرُوْك (મતરૂક) એટલે કે જેને છોડી દેવામાં આવ્યો હોય, તેમાં ઈશારો એ વાત તરફ છે કે આ લોકો તો એવું સમજીને ખુશ થઈ રહ્યા છે કે અમે પોતાની જાતને મુસીબતમાં નાંખવાથી બચાવી લીધી અને જિહાદમાં સામેલ ન થયા પરંતુ હકીકત એ છે કે, અલ્લાહ તઆલાએ તેમને તેના યોગ્ય જ સમજ્યા નથી કે તેઓ આ ફઝીલત (શ્રેષ્ઠતા) પામી શકે એટલા માટે તેઓ જિહાદ છોડનારા નથી બલકે,"મતરૂક" છે એટલે કે અલ્લાહ અને રસૂલ ﷺએ જ તેમને છોડી દેવાના લાયક સમજ્યા છે.

خِلَافَ رَسُوْلِ اللّٰهِ માં શબ્દ خِلَافَ (ખિલાફ)નો અર્થ અહીંયાં "પાછળ" અથવા "પછીનો" પણ થઈ શકે છે, અબૂ ઉબયદ (રદિ.)એ આ જ અર્થ લીધો છે જેનો અર્થ એ છે કે આ લોકો રસૂલુલ્લાહ ﷺના જિહાદમાં ગયા પછી તેમની પાછળ રહી જવાથી ખુશ થઈ રહ્યા છે જે વાસ્તવમાં કોઈ ખુશીની બાબત નથી, بِمَقْعَدِهِمْ (બિ–મકૂઅદિહિમ) આ શબ્દ અત્રે ક્રિયાપદના અર્થમાં قُعُوْدٌ (કુઊદ) "બેસી રહેવું" છે.

"ખિલાફ"નો બીજો અર્થ આ સ્થળે "વિરોધ કરવાનો" પણ હોઈ શકે છે કે આ લોકો રસૂલે કરીમ ﷺનો વિરોધ કરીને ઘરમાં બેસી રહ્યા અને ફક્ત પોતે જ ન બેઠા બલકે અન્યોને પણ એવું કરવા માટે પ્રોત્સાહન આપ્યું لَا تَنْفِرُوْا فِي الْحَرِّ એટલે કે "ગરમીની મોસમમાં જિહાદ માટે ન નીકળો."

આ અગાઉ જાણ થઈ ચૂકી છે કે ગઝ્વએ તબૂકનો હુકમ એવા સમયે થયો હતો કે સખત ગરમી પડી રહી હતી, અલ્લાહ તઆલાએ તેમની વાતનો જવાબ આ આપ્યો, قُلْ نَارُ جَهَنَّمَ اَشَدُّ حَرًّا એટલે કે, આ બદ્નસીબો તે સમયની ગરમીને તો જોઈ રહ્યા છે અને તેનાથી બચવાની ચિંતા કરી રહ્યા છે, તેના પરિણામમાં અલ્લાહ અને રસૂલે કરીમ ﷺની નાફરમાનીના કારણે જે જહન્નમ સાથે વાસ્તો પડવાનો છે તેની ચિંતા નથી કરતા, શું આ મોસમની ગરમી જહન્નમની ગરમી કરતાં વધારે છે ? એ વિશે ફરમાવ્યું,

فَلْيَضْحَكُوْا قَلِيْلًا જેનો શાબ્દિક અર્થ એ છે કે, "હસો થોડું અને રડો વધારે !" આ શબ્દ જો કે હુકમ અને આજ્ઞાર્થ સ્વરૂપે આવ્યો છે પરંતુ વિવરણકારોએ તેને ખબરના અર્થમાં ઠરાવ્યો છે અને તેને આજ્ઞાર્થ સ્વરૂપે વર્ણન કરવાની હિકમત એ ઉલ્લેખી છે કે એવું થવું ચોક્કસ અને ખચીત જ છે, એટલે કે એ વાત ચોક્કસ થવાની જ છે કે તે લોકોની આ ખુશી અને હસી–મજાક થોડા દિવસની છે ત્યાર પછી તેઓના માટે હંમેશા–હંમેશ રડવાનું જ રડવાનું છે ! ઈબ્ને હાતિમ અને હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ આયતની તફસીરમાં નકલ થયું છે કે,

اَلدُّنْيَا قَلِيْلٌ فَلْيَضْحَكُوْا فِيْهَا مَا شَآءُوْا فَاِذَا انْقَطَعَتِ الدُّنْيَا وَصَارُوْا اِلَى اللّٰهِ
فَلْيَسْتَأْنِفُوا الْبُكَاءَ بُكَاءً لَا يَنْقَطِعُ اَبَدًا (مظهری)

"દુનિયા થોડા દિવસની છે તેમાં જેટલું ઈચ્છો હસી લો પછી જ્યારે દુનિયા

સમાપ્ત થઈ જશે અને અલ્લાહની પાસે હાજર થશો તો રડવાનું શરૂ થશે જે ક્યારેય સમાપ્ત નહીં થાય.'' *(મઝહરી)*

બીજી આયતમાં لَنۡ تَخۡرُجُوۡا (લન્તખ્રૂજૂ)નો ઈરશાદ છે, જેનો અર્થ પ્રસ્તુત તફસીરના ખુલાસા માટે એ લેવામાં આવ્યો છે કે આ લોકો જો આવનાર જિહાદમાં ભાગ લેવાનો ઈરાદો કરે તો પણ કારણ કે તેમના દિલોમાં ઈમાન જ નથી તો તેમનો આ ઈરાદો પણ નિખાલસ નહીં હોય, જ્યારે નીકળવાનો સમય આવશે તે સમયે પહેલાંની જેમ જ યુક્તિ–પ્રયુક્તિઓ કરીને નીકળવાનું ટાળશે, એટલા માટે રસૂલે કરીમ ﷺને હુકમ થયો છે કે જ્યારે તેઓ કોઈ જિહાદમાં આપમેળે સામેલ થવાનું કહે તો પણ તમે તેમને એ હકીકત વર્ણવી આપો કે, તમારા કોઈ નિવેદન કે પ્રવૃત્તિ ઉપર ભરોસો શક્ય નથી, તમે ન તો જિહાદ માટે નીકળશો અને ન જ કોઈ ઈસ્લામના દુશ્મન સામે મારી સાથે મળીને યુદ્ધ કરશો.

મોટા ભાગના વિવરણકારોએ નોંધ્યું છે કે, આ હુકમ તેમને એટલા માટે દુનિયવી સજા સ્વરૂપે આપવામાં આવ્યો હતો કે જો તેઓ સાચે જ કોઈ જિહાદમાં ભાગ લેવાનું કહે તો પણ તેમને સામેલ કરવામાં નહીં આવે.

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૮૪)

وَلَا تُصَلِّ عَلٰۤى اَحَدٍ مِّنۡهُمۡ مَّاتَ اَبَدًا وَّلَا تَقُمۡ عَلٰى قَبۡرِهٖ ؕ اِنَّهُمۡ كَفَرُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهٖ وَمَاتُوۡا وَهُمۡ فٰسِقُوۡنَ ﴿۸۴﴾

તરજુમો :

અને તેમનામાંથી કોઈના ઉપર ક્યારેય (જનાઝાની) નમાઝ ન પઢો જે મરી જાય અને તેમની કબર ઉપર ઊભા ન રહો, તેઓ અલ્લાહથી અને તેના રસૂલથી ઈન્કારી થયા અને તેઓ નાફરમાન (હોવાની હાલતમાં જ) મૃત્યુ પામ્યા. (૮૪)

તફસીર :

અને તેમનામાંથી કોઈ મૃત્યુ પામે તો તેમના ઉપર (જનાઝહની) નમાઝ

ન પઢો અને ન (જ કફન-દફન વગેરે માટે) તેમની કબર ઉપર ઊભા રહો, (કારણ કે) તેમણે અલ્લાહ અને રસૂલ (ﷺ) સાથે કુફ્ર કર્યું છે અને તેઓ કુફ્રની હાલતમાં જ મૃત્યુ પામ્યા છે.

મસ્અલા અને બોધપાઠ :

સહીહ હદીષોથી ઉમ્મતમાં સર્વાનુમતે સાબિત છે કે આ આયત અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુનાફિકની મોત અને તેના જનાઝહની નમાઝ વિશે નાઝિલ થઈ અને સહીહૈનની રિવાયતથી સાબિત છે કે તેના જનાઝહ ઉપર રસૂલે કરીમ ﷺએ નમાઝ પઢી અને નમાઝ પઢ્યા પછી આ આયત નાઝિલ થઈ અને ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ ક્યારેય કોઈ મુનાફિકની જનાઝહની નમાઝ નથી પઢી.

સહીહ મુસ્લિમમાં હઝરત ઈબ્ને અબ્દુલ્લાહ (રદિ.)ની રિવાયતથી આ આયત નાઝિલ થવાની વિગત વર્ણન કરવામાં આવી છે કે, જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય બિન સલૂલ મૃત્યુ પામ્યો તો તેનો પુત્ર અબ્દુલ્લાહ (રદિ.) કે જેઓ નિખાલસ મુસલમાન હતા અને એક સહાબી હતા, આપ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને દરખાસ્ત કરી કે તમે તમારો કુરતો (પહેરણ) આપો જેથી હું મારા બાપને એ કફનરૂપે પહેરાવું, રસૂલુલ્લાહ ﷺએ પોતાનો કુરતો તેમને આપ્યો, પછી હઝરત અબ્દુલ્લાહ (રદિ.)એ એ પણ દરખાસ્ત કરી કે, તમે તેની જનાઝહની નમાઝ પણ પઢાવી આપો, રસૂલે કરીમ ﷺએ સ્વીકારી લીધું અને જનાઝહની નમાઝ માટે ઊભા થઈ ગયા તો હઝરત ઉમર ખત્તાબ (રદિ.)એ રસૂલે કરીમ ﷺના કપડાં પકડીને વિનંતી કરી કે તમે ! આ મુનાફિકની જનાઝહની નમાઝ પઢો છો ? જ્યારે કે અલ્લાહ તઆલાએ તમને તેમની જનાઝહની નમાઝ પઢવાની મનાઈ કરી છે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે મને અલ્લાહ તઆલાએ અધિકાર આપ્યો છે કે, હું મગફિરતની દુઆ કરું અથવા ન કરું અને આ આયતમાં જે સિત્તેર વખતે ઈસ્તિગફાર કરવાથી પણ મા'ફ નહીં થવાનું વર્ણન છે તો હું સિત્તેરથી વધારે વખત ઈસ્તિગફાર કરી શકું છું. આ આયત સૂરએ તવબહની તે જ આયત છે હમણાં પસાર થઈ છે, એટલે કે, اِسْتَغْفِرْ لَهُمْ اَوْ لَا تَسْتَغْفِرْ لَهُمْ اِنْ تَسْتَغْفِرْ لَهُمْ سَبْعِيْنَ مَرَّةً فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ પછી રસૂલુલ્લાહ

ﷺએ તેની જનાઝહની નમાઝ પઢી, નમાઝ પછી તરત જ આ આયત નાઝિલ થઈ. ....لَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ એટલા માટે ત્યારબાદ રસૂલે કરીમ ﷺએ ક્યારેય કોઈ મુનાફિકની જનાઝહની નમાઝ નથી પઢી.

પ્રસ્તુત ઘટના વિશે અમુક શંકાઓ અને તેના જવાબો :

અત્રે એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે, અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય એક એવો મુનાફિક હતો જેનો નિફાક વિવિધ સમયે જાહેર થઈ ચૂક્યો હતો અને બધા મુનાફિકોનો સરદાર માનવામાં આવતો હતો, તેની સાથે રસૂલે કરીમ ﷺએ આવી વિશિષ્ટ પ્રકારની વર્તણૂક કઈ રીતે કરી કે તેને કફન માટે પોતાનો કુરતો મુબારક આપી દીધો ?

તેનો જવાબ એ છે કે તેના બે કારણો હોઈ શકે છે, પ્રથમ એ કે તેનો પુત્ર જે મુખ્લિસ સહાબી હતા તેમણે દરખાસ્ત કરી એટલા માટે ફક્ત તેમનું મન મનાવવા માટે આવું કરવામાં આવ્યું, બીજું એક અન્ય કારણ એ પણ હોઈ શકે છે કે જે બુખારીની હદીષમાં હઝરત જાબિર (રદિ.)થી નકલ થયું છે કે ગઝ્વએ બદ્રના મોકા ઉપર જ્યારે અમુક કુરૈશી સરદારો કેદ પકડવામાં આવ્યા તો તેમાં રસૂલે કરીમ ﷺના કાકા હઝરત અબ્બાસ (રદિ.) પણ હતા, આપ ﷺએ જોયું કે તેમના શરીર ઉપર કુરતો નથી તો સહાબા (રદિ.)ને ઈરશાદ ફરમાવ્યો કે, કોઈ તેમને ખમીસ પહેરાવી આપે, હઝરત અબ્બાસ (રદિ.) ઊંચા કદના હતા અબ્દુલ્લાહ બિન ઉબય સિવાય કોઈનું ખમીસ તેમના શરીર ઉપર ફીટ બેસી ન શક્યું તો અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયનું ખમીસ લઈને રસૂલે કરીમ ﷺ પોતાના કાકા હઝરત અબ્બાસ (રદિ.)ને પહેરાવી દીધું, તેના આ અહેસાનનો બદલો અદા કરવા માટે રસૂલે કરીમ ﷺએ પોતાનું ખમીસ તેને અર્પણ કરી દીધું. *(કુર્તુબી)*

બીજો સવાલ :

બીજો સવાલ અત્રે એ ઉસ્પસ્થિત થાય છે કે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ રસૂલે કરીમ ﷺને જે એ વિનંતી કરી કે અલ્લાહ તઆલાએ તમને મુનાફિકના જનાઝહની નમાઝ પઢવાથી મનાઈ કરી છે એ કઈ બીનાએ કહ્યું ? કારણ કે તેના પહેલાં કોઈ આયતમાં ખુલ્લમ-ખુલ્લી રીતે રસૂલે કરીમ ﷺને મુનાફિકની જનાઝહની નમાઝથી મનાઈ કરવામાં આવી નથી, તેનાથી જાહેર એ

જ છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ (રદિ.)એ મનાઈનો વિષય આ જ સૂરએ તવબહની પાછલી આયત ....اِسْتَغْفِرْ لَهُمْ થી સમજ્યો હશે તો હવે સવાલ એ થાય છે કે, જો આ આયત મુનાફિકના જનાઝહની નમાઝની મનાઈ ઉપર દલીલ કરે છે તો રસૂલે કરીમ ﷺએ તેને મનાઈ શા માટે ન ઠરાવી ? બલકે, એવું કહ્યું કે આ આયતમાં મને અધિકાર આપવામાં આવ્યો છે.

જવાબ :

જવાબ એ છે કે વાસ્તવમાં આયતના શબ્દોનો જાહેર અર્થ અધિકાર આપવો જ થાય છે અને એ પણ દેખીતું છે કે, સિત્તેર વખતનું વર્ણન પણ તેની જગ્યાએ કોઈ મર્યાદા બાંધવા માટે નથી બલકે કોઈ વસ્તુનું વધારે પ્રમાણ વર્ણન કરવા માટે છે તો આ આયતમાં દેખીતા અર્થના આધારે હેતુ એ થયો કે મુનાફિકની મગફિરત તો થવાની જ નથી ભલે તમે કેટલાય વખતે ઈસ્તિગફાર કરી લો પરંતુ તેમાં ખુલ્લમ-ખુલ્લી રીતે રસૂલે કરીમ ﷺને ઈસ્તિગફાર કરવાથી રોકવામાં પણ નથી આવ્યા અને કુર્આને કરીમની એક બીજી આયત સૂરએ યાસીનમાં તેનું એક ઉદાહરણ છે, જેમાં ફરમાવ્યું છે, سَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ ‎(૩૬:૧૦) જેમકે આ આયતે રસૂલે કરીમ ﷺને ડરાવવાથી અને તબ્લીગ (પ્રચાર) કરવાથી રોક્યા નથી, બલકે બીજી આયતોથી તબ્લીગ અને દા'વતનો ક્રમ સતત ચાલુ રાખવાનું સાબિત થયું છે, بَلِّغْ مَا اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ (૫:૬૭) અને اِنَّمَا اَنْتَ مُنْذِرٌ وَّ لِكُلِّ قَوْمٍ هَادٍ (૧૩:૭) વગેરે.

ખુલાસો એ છે કે, આયત ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ થી તો રસૂલે કરીમ ﷺને એ અધિકાર આપવો સાબિત થયું હતું પછી આગવી દલીલ દ્વારા ચેતવણી આપવાનું અને ડરાવવાનું ચાલુ રાખવું સાબિત થઈ ગયું, રસૂલે કરીમ ﷺએ પ્રસ્તુત આયતથી પણ એ જ સમજી લીધું હતું કે તેમને મા'ફી નહીં મળે પરંતુ કોઈ બીજી આયત દ્વારા રસૂલે કરીમ ﷺને ઈસ્તિગફાર કરવાથી રોકવામાં પણ આવ્યા ન હતા.

રસૂલે કરીમ ﷺ જાણતા હતા કે મારા ખમીસથી અથવા નમાઝ પઢાવવાથી તેની મગફિરત થવાની નથી પરંતુ તેનાથી ઈસ્લામની બીજી મસ્લિહતો દષ્ટિ સમક્ષ હોવાની આશા હતી કે, તેના કુટુંબના લોકો અને અન્ય

કાફિરો જ્યારે રસૂલે કરીમ ﷺનો આવો વ્યવહાર તેની સાથે જોશે તો તેઓ ઈસ્લામની નજીક આવી જશે અને મુસલમાન થઈ જશે અને નમાઝ પઢવાની ખુલ્લી મનાઈ તે વખત સુધી થઈ ન હતી એટલા માટે રસૂલે કરીમ ﷺએ નમાઝ પઢી લીધી.

તેનો જવાબ કદાચ એક તો એ વાક્ય છે જે સહીહ બુખારીમાં હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે, "જો મને આ ખબર હોત કે સિત્તેર વખતથી વધારે મગફિરતની દુઆ કરવાથી તેમની મગફિરત થઈ જશે તો મેં તે પણ કર્યું હોત." *(કુર્તુબી)*

બીજી સાક્ષી એ હદીષ છે જેમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "મારો કુરતો તેને અલ્લાહના અઝાબથી નહીં બચાવી શકે પરંતુ મેં આ કામ એટલા માટે કર્યું છે કે મને આશા છે કે આવા વ્યવહારથી તેની કોમના હજાર વ્યક્તિ મુસલમાન થઈ જશે." એટલા માટે મગાઝી અને અમુક તફસીરની કિતાબોમાં છે કે તે ઘટનાને જોઈને ખઝરજ કબીલાના એક હજાર વ્યક્તિઓ મુસલમાન થઈ ગયા.

ખુલાસો એ છે કે પાછલી આયતોથી પોતે રસૂલે કરીમ ﷺને એ તો ખાતરી થઈ જ ગઈ હતી કે, મારા કોઈ અમલથી આ મુનાફિકની મગફિરત થવાની નથી પરંતુ આયતના જાહેર શબ્દોમાં અધિકાર આપવામાં આવ્યો હતો અને અન્ય કોઈ બીજી આયતથી તેની મનાઈ પણ હજુ સુધી કરવામાં આવી ન હતી, બીજી તરફ એક કાફિરના અહેસાનથી દુનિયામાં છુટકારો પ્રાપ્ત કરવાનો લાભ પણ હતો અને તે વ્યવહારથી બીજા કાફિરોના મુસલમાન થવાની આશા પણ હતી એટલા માટે રસૂલે કરીમ ﷺએ જનાઝહની નમાઝ પઢવાને અગ્રિમતા આપી અને ફારૂકે આ'ઝમ (રદિ.)એ એવું સમજ્યું કે જ્યારે આ આયતથી એવું સાબિત થઈ ગયું કે મગફિરત થવાની જ નથી તો તેના માટે જનાઝહની નમાઝ પઢવી અને મગફિરતની દુઆ કરવી એક નકામી અને વ્યર્થ બાબત છે જે નુબુવ્વતની શા'ન અને હોદ્દાના વિરુદ્ધ લેખાશે, એટલા માટે તેમણે આ બાબતને મનાઈ તરીકે ઓળખ્યું અને રસૂલ ﷺ પણ જો કે આ પ્રવૃત્તિને તે મુનાફિક માટે કોઈ લાભકારક સમજતા ન હતા પરંતુ તેના દ્વારા બીજાઓના ઈસ્લામ લાવવાનો

ફાયદો નજર સમક્ષ હતો, એટલા માટે તે કોઈ નકામો કે બેકાર અમલ ન હતો એ જ રીતે ન તો રસૂલે કરીમ ﷺ ઉપર કોઈ શંકા બાકી રહે છે અને ન જ ફારૂકે આ'ઝમ (રદિ.)ના નિવેદન ઉપર કોઈ વાંધો ઉઠાવી શકાય છે.

(બયાનુલ કુર્આન)

અલબત્ત, જ્યારે ખુલ્લમ-ખુલ્લી આયત નાઝિલ થઈ ગઈ, لَا تُصَلِّ (લા-તુસલ્લી) તો જાણ થઈ કે જો કે નમાઝ પઢવામાં એક દીની મસ્લિહત રસૂલે કરીમ ﷺની નજર સમક્ષ હતી પરંતુ તેમાં એક ખરાબી અને ફસાદ પણ ફેલાવાની શક્યતા હતી કે, આ પ્રવૃત્તિ મુખ્લિસ મુસલમાનોમાં બદ્દિલી પેદા કરી શકતી હતી કે અહીંયાં તો મુનાફિક અને મુખ્લિસ મુસલમાનને એક જ પલ્લામાં તોલવામાં આવે છે, બસ આ ભયના કારણે કુર્આનમાં તેની મનાઈ નાઝિલ થઈ ગઈ અને ત્યાર પછી ક્યારેય રસૂલે કરીમ ﷺએ કોઈ મુનાફિકની જનાઝહની નમાઝ નથી પઢી.

મસ્અલો :

આ આયતથી જાણ થઈ કે, કોઈ કાફિરના જનાઝહની નમાઝ અને તેના માટે મગફિરતની દુઆ કરવી જાઈઝ નથી.

મસ્અલો :

આ જ આયતથી એ પણ સાબિત થયું કે, કોઈ કાફિરના સન્માન અને માન ખાતર તેની કબ્ર ઉપર ઊભું થવું અથવા તેની ઝિયારત (દર્શન) માટે જવું હરામ છે, કોઈ બોધપાઠ ગ્રહણ કરવા માટે હોય અથવા તો કોઈ મજબૂરીના કારણે હોય તો તે આ હુકમ વિરુદ્ધ બાબત નથી, જેમકે "હિદાયહ"માં છે કે જો કોઈ મુસલમાનનો કાફિર સગો મૃત્યુ પામે અને તેનો કોઈ વાલી-વારસ ન હોય તો મુસલમાન સગાં તેને કોઈ પ્રકારે સુન્નત તરીકા પ્રમાણેની રિઆયત વિના ખાડામાં દાટી શકે છે.

(બયાનુલ કુર્આન)

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૮૫ થી ૮૯)

وَلَا تُعْجِبْكَ أَمْوَالُهُمْ وَأَوْلَادُهُمْ ۚ إِنَّمَا يُرِيدُ اللَّهُ أَنْ يُعَذِّبَهُمْ بِهَا فِي الدُّنْيَا وَتَزْهَقَ
أَنْفُسُهُمْ وَهُمْ كَافِرُونَ ﴿٨٥﴾ وَإِذَا أُنْزِلَتْ سُورَةٌ أَنْ آمِنُوا بِاللَّهِ وَجَاهِدُوا مَعَ
رَسُولِهِ اسْتَأْذَنَكَ أُولُو الطَّوْلِ مِنْهُمْ وَقَالُوا ذَرْنَا نَكُنْ مَعَ الْقَاعِدِينَ ﴿٨٦﴾
رَضُوا بِأَنْ يَكُونُوا مَعَ الْخَوَالِفِ وَطُبِعَ عَلَىٰ قُلُوبِهِمْ فَهُمْ لَا يَفْقَهُونَ ﴿٨٧﴾
لَٰكِنِ الرَّسُولُ وَالَّذِينَ آمَنُوا مَعَهُ جَاهَدُوا بِأَمْوَالِهِمْ وَأَنْفُسِهِمْ ۚ وَأُولَٰئِكَ لَهُمُ
الْخَيْرَاتُ ۖ وَأُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ ﴿٨٨﴾ أَعَدَّ اللَّهُ لَهُمْ جَنَّاتٍ تَجْرِي مِنْ تَحْتِهَا
الْأَنْهَارُ خَالِدِينَ فِيهَا ۚ ذَٰلِكَ الْفَوْزُ الْعَظِيمُ ﴿٨٩﴾

તરજુમો :

અને તેમના માલ અને અવલાદથી તાજ્જુબ ન કરો, અલ્લાહ તો એવું જ ઇચ્છે છે કે તેમને તે વસ્તુઓના કારણે દુનિયામાં અઝાબમાં રાખે અને તેમના પ્રાણ નીકળે અને તેઓ તે સમય સુધી કાફિર જ રહે. (૮૫) અને જ્યારે કોઈ સૂરત નાઝિલ થાય છે કે અલ્લાહ ઉપર ઈમાન લાવો અને તેના રસૂલની સાથે રહીને જિહાદ કરો તો તમારી પાસે તેમના શક્તિશાળીઓ છૂટ્ટી માંગે છે અને કહે છે કે અમને છોડી દો કે બેસી રહેનારાઓની સાથે રહી જઈએ. (૮૬) ખુશ થયા કે પાછળ રહી જનારી સ્ત્રીઓ સાથે રહી જાય અને તેમના દિલો ઉપર સીલ લગાવી દેવામાં આવ્યું, બસ તેઓ સમજતા જ નથી. (૮૭) પરંતુ રસૂલ અને જે લોકો તેમની સાથે ઈમાન લાવ્યા છે તેઓ પોતાના માલ અને પ્રાણથી લડયા છે અને તેમના જ માટે ભલાઈઓ છે અને તેઓ જ છે સફળતા પામનારા. (૮૮) અલ્લાહે તેમના માટે બગીચા તૈયાર કરી રાખ્યા છે કે તેની નીચે નહેરો વહે છે તેમાં કાયમ રહ્યા કરે, આ જ છે મોટી કામિયાબી. (૮૯)

તફસીર :

અને તેમના માલ અને અવલાદ તમને (એ) અચંબામાં ન નાંખે (કે આવા

દુષ્ટ લોકોને આવી નેઅ્મતો કેમ મળી ? વાસ્તવમાં આ તેમના માટે નેઅ્મતો નથી બલકે અઝાબનું એક માધ્યમ છે, કારણ કે) અલ્લાહને ફક્ત એ મંજૂર છે કે આ (પ્રસ્તુત) વસ્તુઓના કારણે દુનિયામાં (પણ) તેમને અઝાબમાં જકડાયેલા રાખે અને તેમનો પ્રાણ કુફ્રની હાલતમાં જ નીકળી જાય (જેનાથી આખિરતમાં પણ તેઓ અઝાબમાં જ સપડાયેલા રહે) અને જ્યારે કુર્આનની કોઈ સૂરત એ વિશે નાઝિલ થાય છે કે તમે (નિખાલસ દિલથી) અલ્લાહ ઉપર ઈમાન લાવો અને તેના રસૂલ (ﷺ) સાથે (મળીને કાફિરો સામે) જિહાદ કરો તો તેમનામાંથી શક્તિશાળી લોકો તમારી પાસે છૂટ માંગે છે અને (રજા માંગવાનો વિષય એ હોય છે કે) કહે છે કે અમને રજા આપો કે અમે પણ અહીંયાં થોભનારાઓની સાથે રહી જઈએ (અલબત્ત, ઈમાન અને ઈખ્લાસનો દા'વો કરવામાં કંઈ કરવું પડતું નથી, તેમણે તો કહી દીધું કે અમે નિખાલસ છીએ) તે લોકો (નિર્લજ્જ બની કાયરતા અને ભીરુતાની સાથે) ઘરમાં બેસનારી સ્ત્રીઓ સાથે રહેવા માટે રાજી થઈ ગયા અને તેમના દિલો ઉપર મહોર લાગી ગઈ જેનાથી તેઓ (આ કાયરતા અને સ્વમાનવિહોણી બાબતને પણ) સમજતા નથી, હા ! પરંતુ રસૂલ (ﷺ) અને તમારા સાથીઓમાં જેઓ મુસલમાન છે તેમણે (અલબત્ત આ હુકમને માન્યો અને) પોતાના માલ અને પોતાના પ્રાણ વડે જિહાદ કર્યો અને તેમના જ માટે સમગ્ર ભલાઈઓ છે અને એ જ લોકો સફળ છે (અને તેમની ભલાઈ અને સફળતા એ છે કે) અલ્લાહ તઆલાએ તેમના માટે એવા બગીચાઓ તૈયાર કરી રાખ્યા છે જેની નીચે નહેરો વહે છે (અને) તેઓ તેમાં હંમેશા રહેશે અને એ જ મહાન સફળતા છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં પણ એ જ મુનાફિકોની હાલત વર્ણન કરવામાં આવી જેઓ ગઝ્વએ તબૂકમાં સામેલ ન થવા માટે બહાનાબાજી કરી રોકાઈ ગયા હતા, તે મુનાફિકોમાં અમુક માલદાર અને શક્તિશાળી લોકો પણ હતા, તેમની હાલત જોઈને મુસલમાનોને એવો વિચાર આવી શકતો હતો કે જ્યારે આ લોકો અલ્લાહ સમીપ નીંદનીય અને અસ્વીકાર્ય છે તો તેમને દુનિયામાં આવી નેઅ્મતો કેમ મળી?

તેના જવાબમાં પ્રથમ આયતમાં ફરમાવ્યું કે, જો વિચાર કરશો તો તેમના માલ અને અવલાદ તેમના માટે કૃપા કે ઈનામ સ્વરૂપે નથી, બલકે દુનિયામાં પણ એક પ્રકારનો અઝાબ જ છે અને આખિરતનો અઝાબ તે ઉપરાંતનો છે, દુનિયામાં અઝાબ થવો એ સ્વરૂપે છે કે માલની મહોબ્બત, તેની સુરક્ષા કરવી, પછી તેને વધારવાની ચિંતા કર્યા કરવી તે આ બધી બાબતોમાં એવી રચ્યો-પચ્યો રહે છે કે તેને ક્યારેય કોઈપણ સમયે એ ચિંતા ચેન અને સંતોષથી જીવવા દેતી નથી, રાહતનો માલ-સામાન તેની પાસે ગમે તેટલા ભંડારો હોય પરંતુ તેને રાહત નથી મળતી, જે દિલની શાંતિ અને સંતોષનું નામ છે તે તેને ક્યારેય પ્રાપ્ત થતું નથી. તદુપરાંત આ દુનિયાના માલ અને દોલત આખિરતથી બેદરકાર અને ગાફેલ બનાવીને કુફ્ર તથા ગુનાહમાં સંડોવાવાનું કારણ પણ બને છે, એટલા માટે તે અઝાબનું કારણ હોવું પણ કહી શકાય છે, આથી કુર્આનના શબ્દોમાં لِيُعَذِّبَهُمْ بِهَا (લિયુ અઝ્ઝિબહુમ બિહા) કહેવામાં આવ્યું છે કે, અલ્લાહ તઆલા આ માલ દ્વારા જ તેમને સજા આપવા ઇચ્છે છે.

اُولُوا الطَّوْلِ (ઊલુત્તવ્લિ)નો શબ્દ આગવું તારવવા માટે કે ખાસ હોવાનું બતાવવા માટે નથી, બલકે તેનાથી غَيْرُ اُولِى الطَّوْلِ (ગયરૂ ઉલીત્તવ્લિ) એટલે કે, કમજોર (અશક્ત) લોકોની પરિસ્થિતિ સારી પેઠે જાણ થઈ ગઈ કે, તેમની પાસે તો એક દેખીતું કારણ પણ હતું એટલે કે તેઓ કમજોર હતા.

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૯૦)

وَجَآءَ الْمُعَذِّرُوْنَ مِنَ الْاَعْرَابِ لِيُؤْذَنَ لَهُمْ وَقَعَدَ الَّذِيْنَ كَذَبُوا اللّٰهَ
وَرَسُوْلَهٗ ؕ سَيُصِيْبُ الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿٩٠﴾

તરજુમો :

અને બહાના કાઢનારા ગામડિયાઓ આવ્યા જેથી તેમને છૂટ્ટી મળી જાય અને બેસી રહે જેમણે અલ્લાહથી અને તેના રસૂલથી જૂઠું બોલ્યું હતું, હવે તેમનામાં જે કાફિર છે તેમને દર્દનાક અઝાબ પહોંચશે. (૯૦)

તફસીર :

અને અમુક બહાનાખોર લોકો ગામડાઓમાંથી આવ્યા જેથી તેઓને (ઘેર રહેવાની) પરવાનગી મળી જાય અને (તે ગામડિયાઓમાંથી) જેઓ અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) સાથે (ઈમાનના દા'વામાં) બિલકુલ જૂઠું બોલ્યા હતા તેઓ તો બિલકુલ જ બેસી રહ્યા, (તેઓ તો જૂઠા બહાના માટે પણ ન આવ્યા) તેમનામાં જેઓ (અંત સુધી) કાફિર રહેશે તો તેમને (આખિરતમાં) દર્દનાક અઝાબ થશે (અને જેઓ તવબહ કરી લેશે તેઓ અઝાબથી બચી જશે).

મસ્અલા અને બોધપાઠ :

આ વિગતથી જાણ થઈ કે તે ગામડિયાઓમાં બે પ્રકારના લોકો હતા, એક તો તેઓ જે યુક્તિઓ અને બહાના રજૂ કરીને રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા કે, તેમને જિહાદમાં ન જવાથી રજા આપી દેવામાં આવે અને અમુક એવા ફસાદી લોકો પણ હતા જેમણે એ બાબતની પણ પરવા ન કરી કે પરવાનગી માંગે અને આપમેળે જ પોતાના ઘરોમાં બેસી રહ્યા.

હઝરત જાબિર ઇબ્ને અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે, જ્યારે રસૂલે કરીમ ﷺએ જિદ્દ બિન કૈસને જિહાદમાં ન જવાની પરવાનગી આપી તો અમુક મુનાફિકોએ પણ સેવામાં ઉપસ્થિત થઈને અમુક બહાનાબાજીઓ રજૂ કરીને જિહાદમાં ન જવાની રજા માંગી, આપ ﷺએ રજા તો આપી દીધી પરંતુ સમજતા હતા કે આ ખોટા બહાનાઓ બનાવી રહ્યા છે, એટલા માટે તેમનાથી મ્હોં ફેરવી લીધું; તેના ઉપર આ આયત નાઝિલ થઈ જેણે બતાવી આપ્યું કે, આ બહાનાઓ સ્વીકાર્ય નથી અને એટલા માટે જ તેમને દર્દનાક અઝાબની ચેતવણી સંભળાવવામાં આવી, અલબત્ત તેની સાથે اَلَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ કહીને ઇશારો કરી આપ્યો કે તેમાંથી અમુકના બહાનાઓ કુફ્ર અને નિફાકના કારણે નથી બલકે સ્વભાવમાં આળસના કારણે હતા, તેઓ આ કાફિરોના અઝાબમાં સામેલ નથી.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૯૧-૯૨-૯૩)

لَيْسَ عَلَى الضُّعَفَآءِ وَلَا عَلَى الْمَرْضٰى وَلَا عَلَى الَّذِيْنَ لَا يَجِدُوْنَ مَا يُنْفِقُوْنَ
حَرَجٌ اِذَا نَصَحُوْا لِلّٰهِ وَرَسُوْلِهٖ ؕ مَا عَلَى الْمُحْسِنِيْنَ مِنْ سَبِيْلٍ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۹۱﴾ ۙ
وَّلَا عَلَى الَّذِيْنَ اِذَا مَآ اَتَوْكَ لِتَحْمِلَهُمْ قُلْتَ لَآ اَجِدُ مَآ اَحْمِلُكُمْ عَلَيْهِ ۠ تَوَلَّوْا وَّ
اَعْيُنُهُمْ تَفِيْضُ مِنَ الدَّمْعِ حَزَنًا اَلَّا يَجِدُوْا مَا يُنْفِقُوْنَ ﴿۹۲﴾ ؕ اِنَّمَا السَّبِيْلُ عَلَى
الَّذِيْنَ يَسْتَاْذِنُوْنَكَ وَهُمْ اَغْنِيَآءُ ۚ رَضُوْا بِاَنْ يَّكُوْنُوْا مَعَ الْخَوَالِفِ ۙ وَطَبَعَ
اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ فَهُمْ لَا يَعْلَمُوْنَ ﴿۹۳﴾

તરજુમો :

કમજોરો ઉપર અને બીમારો ઉપર કંઈ ગુનાહ નથી અને ન તે લોકો ઉપર જેમની પાસે ખર્ચ કરવા માટે (કશું) નથી જ્યારે કે અલ્લાહ અને તેના રસૂલની સાથે દિલથી સાફ હોય; નેકીવાળાઓ ઉપર આક્ષેપનો કોઈ માર્ગ નથી અને અલ્લાહ મહાન મા'ફ કરનાર મહેરબાન છે. (૯૧) અને ન તે લોકો ઉપર કે જ્યારે તમારી પાસે આવ્યા જેથી તમે તેમને સવારી આપો, તમે કહ્યું, મારી પાસે કોઈ વસ્તુ નથી કે તમને તેના ઉપર સવાર કરી આપું તો પાછા ફર્યા અને તેમની આંખોમાંથી એ ગમમાં આંસુ વહેતા હતા કે તે વસ્તુ ધરાવતા નથી જેને તેઓ ખર્ચ કરે. (૯૨) આક્ષેપનો માર્ગ તો તેમના ઉપર છે જેઓ તમારી પાસે છુટ્ટી માંગે છે અને તેઓ માલદાર છે, એ વાતથી ખુશ થયા કે તેઓ પાછળ રહેનારી (સ્ત્રી)ઓ સાથે રહી જાય અને અલ્લાહે તેમના દિલો ઉપર મહોર લગાવી દીધી, બસ તેઓ જાણતા નથી. (૯૩)

તફસીર :

અશક્ત લોકો ઉપર કોઈ ગુનોહ નથી અને ન જ બીમારો ઉપર અને ન તો તે લોકો ઉપર જેઓ પાસે (જિહાદના સર-સામાનની તૈયારી કરવા માટે) ખર્ચ ઉપલબ્ધ નથી જ્યારે કે આ લોકો અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) સાથે (અન્ય હુકમોમાં) નિખાલસતા રાખે (અને હૃદયપૂર્વક આજ્ઞાપાલન કરતા રહે

તો) તેવા ભલાઈ કરનારાઓ ઉપર કોઈપણ પ્રકારનો કોઈ આક્ષેપ (થોપવામાં) આવશે નહીં (કારણ કે لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا) અને અલ્લાહ તઆલા મહાન બખ્શનાર ઘણો જ કૃપાળુ છે (કે જો એ લોકો હકીકતમાં અશક્ત હોય અને પોતાના તરફથી નિખાલસતા અને આજ્ઞાપાલનનો પ્રયત્ન કરે અને વાસ્તવમાં કોઈ ઉણપ રહી પણ જાય તો મા'ફ કરી દેશે) અને ન તે લોકો ઉપર (કોઈ ગુનોહ અને આક્ષેપ છે) કે જે સમયે તેઓ તમારી પાસે એ કારણે આવે છે કે તમે તેમને કોઈ સવારી આપી દો અને તમે (તેમને) કહી આપો છો કે મારી પાસે તો કોઈ વસ્તુ નથી જેના ઉપર હું તમને સવાર કરી આપું તો તેઓ (નિરાશ થઈને) એવી હાલતમાં પાછા ચાલ્યા જાય છે કે તેમની આંખોમાંથી આંસુઓ વહી રહ્યા હોય છે તે ગમના કારણે કે (અફસોસ) પોતાની પાસે (જિહાદની તૈયારીના સામાનમાં) ખર્ચ કરવા માટે કશું જ નથી (ન તો પોતાની પાસે કંઈ છે અને ન જ અન્ય સ્થળેથી કંઈ મળ્યું, મતલબ કે આ પ્રસ્તુત અશક્તો ઉપર કોઈ પકડ થશે નહીં) બસ, આક્ષેપ (અને પકડ) તો ફક્ત તે લોકો ઉપર છે જેઓ માલદાર હોવા (અને બળવાન હોવા) છતાં (ઘરમાં બેસી રહેવાની) પરવાનગી ઇચ્છે છે, તે લોકો (કાયરતા અને ભીરુતા બતાવી સ્વમાનવિહોણા બની) ઘરમાં બેસનારી સ્ત્રીઓ સાથે બેસી રહેવા માટે રાજી થઈ ગયા અને અલ્લાહે તેમના દિલો ઉપર મહોર લગાવી દીધી જેથી તેઓ (ગુનાહ અને સવાબને) જાણતા જ નથી.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતમાં એવા લોકોની પરિસ્થિતિનું વર્ણન હતું, જેઓ વાસ્તવમાં જિહાદમાં ભાગ લેવા માટે અશક્ત ન હતા, પરંતુ આળસ અથવા અન્ય કારણોસર બેસી રહ્યા અથવા તો એવા મુનાફિકો જેમણે પોતાના કુફ્ર અને નિફાકના કારણે યુક્તિ-પ્રયુક્તિઓ કરી બહાનાઓ બનાવીને રસૂલે કરીમ ﷺ પાસે રજા માંગી લીધી હતી અને અમુક તો એવા ફસાદખોર હતા જેમણે બહાના કરવા કે રજા માંગવાની પણ જરૂરત ન સમજી અને એમ જ બેસી રહ્યા, તેમનું અશક્ત ન હોવું તથા તેમનામાં જે કુફ્ર અને નિફાક ઘર કરી ગયો હતો તેના માટે દર્દનાક અઝાબ થવાનું પાછલી આયતોમાં વર્ણન થયું છે.

પ્રસ્તુત આયતોમાં તે નિખાલસ મુસલમાનોનું વર્ણન છે જેઓ વાસ્તવમાં

અશક્ત હોવાના કારણે જિહાદમાં સામેલ થવાથી વંચિત રહ્યા, તેમનામાં અમુક તો આંધળા અથવા બીમાર કે અપંગો હતા જેમનું જિહાદમાં સામેલ ન થવાનું કારણ ખુલ્લમ-ખુલ્લું અને જાહેર હતું અને અમુક તે લોકો પણ હતા જેઓ જિહાદમાં સામેલ થવા માટે તૈયાર હતા, બલકે જિહાદમાં જવા માટે અધીરા હતા પરંતુ તેમની પાસે મુસાફરી માટે સવારીનું જાનવર ન હતું, મુસાફરી લાંબી અને ગરમીનો સમય હતો, તેમણે પોતાના જિહાદની ઉત્કંઠા અને સવારી ન હોવાની મજબૂરીનું વર્ણન કરીને રસૂલે કરીમ ﷺને દરખાસ્ત કરી કે અમારા માટે સવારીની કોઈ વ્યવસ્થા કરવામાં આવે.

તફસીર અને ઈતિહાસની કિતાબોમાં આ પ્રકારની અનેક ઘટનાઓનો ઉલ્લેખ છે, અમુકની હાલત તો એવી હતી કે શરૂઆતમાં રસૂલે કરીમ ﷺએ તેમને કારણ બતાવી દીધું કે અમારી પાસે સવારીની કોઈ વ્યવસ્થા નથી પરંતુ આ લોકો રડતા-રડતા પાછા આવ્યા અને રડતા રહ્યા તો અલ્લાહ તઆલાએ તેમના માટે એવી વ્યવસ્થા કરી આપી કે, છ ઊંટ રસૂલે કરીમ ﷺ પાસે તે જ સમયે આવી ગયા, રસૂલે કરીમ ﷺએ આ ઊંટો તેમને આપી દીધા. (મઝહરી) અને તેમનામાંના ત્રણ વ્યક્તિઓ માટે સવારીની વ્યવસ્થા હઝરત ઉસ્માન ગની (રદિ.)એ કરી આપી, જ્યારે કે તેઓ આ અગાઉ (આ જિહાદ માટે) ઘણી મોટી સંખ્યાની વ્યવસ્થા પોતાના ખર્ચથી કરી ચૂક્યા હતા.

અમુક તેઓ પણ બાકી રહ્યા જેમને અંતિમ સમય સુધી સવારી ન મળી અને મજબૂર થઈને જિહાદમાં જવાથી વંચિત રહી ગયા, પ્રસ્તુત આયતોમાં એ જ લોકોનું વર્ણન થયું છે જેમનું જિહાદમાં ન જવાનું કારણ અલ્લાહ તઆલાએ સ્વીકાર્યું છે, અંતે ફરી એ બાબતે ચેતવણી આપવામાં આવી છે કે આક્ષેપ તો ફક્ત તે લોકો ઉપર છે જેમણે પોતે શક્તિશાળી હોવા છતાં જિહાદમાં ગેરહાજર રહીને સ્ત્રીઓની જેમ બેસી રહેવાનું પસંદ કર્યું. اِنَّمَا السَّبِيۡلُ عَلَى الَّذِيۡنَ يَسۡتَاۡذِنُوۡنَكَ وَهُمۡ اَغۡنِيَآءُ નો આ જ અર્થ છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૯૪-૯૫-૯૬)

પારહ (૧૧)

يَعْتَذِرُوْنَ اِلَيْكُمْ اِذَا رَجَعْتُمْ اِلَيْهِمْ ۭ قُلْ لَّا تَعْتَذِرُوْا لَنْ نُّؤْمِنَ لَكُمْ
قَدْ نَبَّاَنَا اللّٰهُ مِنْ اَخْبَارِكُمْ ۭ وَسَيَرَى اللّٰهُ عَمَلَكُمْ وَرَسُوْلُهٗ ثُمَّ تُرَدُّوْنَ اِلٰى
عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ۝۹۴ سَيَحْلِفُوْنَ بِاللّٰهِ لَكُمْ
اِذَا انْقَلَبْتُمْ اِلَيْهِمْ لِتُعْرِضُوْا عَنْهُمْ ۭ فَاَعْرِضُوْا عَنْهُمْ ۭ اِنَّهُمْ رِجْسٌ ۡ
وَّمَاْوٰىهُمْ جَهَنَّمُ ۚ جَزَاۗءًۢ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ۝۹۵ يَحْلِفُوْنَ لَكُمْ لِتَرْضَوْا عَنْهُمْ ۚ
فَاِنْ تَرْضَوْا عَنْهُمْ فَاِنَّ اللّٰهَ لَا يَرْضٰى عَنِ الْقَوْمِ الْفٰسِقِيْنَ ۝۹۶

તરજુમો :

તમારી પાસે બહાના લાવશે જ્યારે તમે તેમના તરફ પાછા વળીને જશો, તમે કહો, બહાના ન બનાવો અમે તમારી વાત કદાપિ માનીશું નહીં, અમને અલ્લાહ તમારા અહેવાલ બતાવી ચૂક્યો છે અને હવે અલ્લાહ અને તેનો રસૂલ તમારા કામ જોશે પછી તમે તે છૂપા અને જાહેર જાણનાર તરફ પાછા વાળવામાં આવશો, બસ તે તમને બતાવશે જે તમે કરી રહ્યા હતા. (૯૪) હવે તમારી સામે અલ્લાહની કસમો ખાશે જ્યારે તમે તેમના તરફ પાછા વળીને જશો જેથી તમે તેમનાથી દરગુઝર કરો, બસ તમે તેમને તેમની હાલત ઉપર છોડી દો બેશક ! તે લોકો ગંદકી (પલીદ) છે અને તેમનું ઠેકાણું દોઝખ છે તેમના કામોનો બદલો. (૯૫) તે લોકો તમારી સામે કસમો ખાશે જેથી તમે તેમનાથી રાજી થઈ જાઓ, બસ જો તમે તેમનાથી રાજી થઈ ગયા તો અલ્લાહ નાફરમાન લોકોથી રાજી થતો નથી. (૯૬)

તફસીર :

આ લોકો તમારા (સૌની) સામે બહાનાઓ રજૂ કરશે જ્યારે કે તમે તેમની પાસે પાછા આવશો (બસ, હે નબી ﷺ !) તમે (સૌના તરફથી સ્પષ્ટપણે) કહી આપો કે (બસ રહેવા દો) આ બહાનાઓ રજૂ ન કરો અને ક્યારેય તમને સાચા

નહીં સમજીએ (કારણ કે) અલ્લાહ તઆલા અમને તમારી (વાસ્તવિક હાલતની) ખબર આપી ચૂક્યો છે (કે તમારું કોઈપણ બહાનું સાચું ન હતું) અને (ભલે) હવે પછી પણ અલ્લાહ તઆલા અને તેના રસૂલ (ﷺ) તમારી પ્રવૃત્તિઓ જોઈ લેશે (ખબર થઈ જશે કે તમે તમારા કહેવા પ્રમાણે કેટલા આજ્ઞાપાલક અને નિખાલસ છો) પછી તે (અલ્લાહ)ની પાસે પાછા મોકલવામાં આવશો જે ગુપ્ત અને જાહેર સઘળું જાણનારો છે, (જેની પાસે તમારી કોઈ પ્રવૃત્તિ ગુપ્ત અને છુપી નથી) પછી તે તમને બતાવી આપશે જે કંઈ તમે કરતા હતા (અને તેનો બદલો આપશે) હા ! તે હવે તમારી સામે અલ્લાહની કસમો ખાશે (કે અમે લાચાર હતા) જ્યારે તમે તેમની પાસે પાછા જશો જેથી તમે તેમને તેમની હાલત ઉપર છોડી દો (અને નીંદા વગેરે ન કરો) બસ, તમે (તેમનો મતલબ પૂરો કરી દો અને) તેમને તેમની હાલત ઉપર છોડી દો (આ નષ્ટ થનારા સ્વાર્થ સાધી લેવાથી તેમનું કંઈ જ ભલું થશે નહીં, કારણ કે) તે લોકો બિલકુલ ગંદા (નાપાક) છે અને (અંતે) તેમનું ઠેકાણું દોઝખ છે તે કાર્યોના બદલામાં જે કંઈ તેઓ (નિફાક અને વિરોધ વગેરે) કર્યા કરતા હતા (વળી, તેનો તકાદો એ પણ છે કે તેમને તેમની હાલત ઉપર જ છોડી દેવામાં આવે, કારણ કે તેમની સાથે વાદ-વિવાદ કરવાનો હેતુ સુધારણા હોય છે અને આ નાપાકોથી એવી આશા રાખી શકાય એમ નથી, વળી) તેઓ એટલા માટે કસમો ખાશે કે તમે તેમનાથી રાજી થઈ જાઓ, બસ (પ્રથમ તો તમે અલ્લાહના દુશ્મનોથી રાજી જ શા માટે થાઓ ! પરંતુ ધારી લો કે) જો તમે તેમનાથી રાજી પણ થઈ જાઓ તો (તેનો કોઈ લાભ નથી કારણ કે) અલ્લાહ તઆલા તો એવા ફસાદી (ફાસિક-નાફરમાન) લોકોથી રાજી થતો નથી (અને અલ્લાહના રાજીપા વિના મખ્લૂકનું રાજી થવું લાભરહિત છે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં તે મુનાફિકોનું વર્ણન હતું જેમણે ગઝ્વએ તબૂકમાં નીકળતા પહેલાં જૂઠા બહાનાઓ કાઢીને જિહાદમાં જવાથી લાચારી દર્શાવી હતી, પ્રસ્તુત આયતોમાં એ બાબતોનો ઉલ્લેખ છે જેમણે જિહાદથી પાછા ફર્યા પછી રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થઈને પોતાની જિહાદની ગેરહાજરીનું જૂઠું બહાનું રજૂ કર્યું, આ આયતો મદીના તય્યિબહ આવતા પહેલાં નાઝિલ થઈ ચૂકી હતી જેમાં હવે પછી બનનારી ઘટનાની ખબર હતી કે જ્યારે આપ ﷺ મદીના

પરત આવશે તો મુનાફિકો બહાના કાઢવા માટે રસૂલે કરીમ ﷺ પાસે આવશે અને ઘટના એ પ્રમાણે જ બની.

પ્રસ્તુત આયતોમાં તેમના વિશે રસૂલુલ્લાહ ﷺને ત્રણ હુકમો આપવામાં આવ્યા, પ્રથમ એ કે જ્યારે તે લોકો બહાનાબાજી કરવા માટે આવે તો તમે તેમને કહી આપો કે વ્યર્થ-જૂઠા બહાનાઓ ન કાઢો ! અમે તમારી વાતનું કદાપિ સમર્થન નહીં કરીએ, કારણ કે અલ્લાહ તઆલાએ વહી દ્વારા અમને તમારી બધી પરિસ્થિતિ અને તમારા વિચારોની તથા તમારી શરારત તથા દિલોમાં છુપાયેલા ગુપ્ત ઈરાદાઓ બધું બતાવી દીધું છે જેનાથી તમારું જૂઠું હોવું અમારા ઉપર સ્પષ્ટ થઈ ચૂક્યું છે એટલા માટે તમારા બહાના કાઢવા વ્યર્થ છે, ત્યાર પછી ફરમાવ્યું, وَسَيَرَى اللّٰهُ عَمَلَكُمْ... તેમાં તેમને મહોલત આપવામાં આવી કે, ''હજુપણ તવબહ કરીને નિફાક છોડી સાચા મુસલમાન બની જાઓ.'' કારણ કે તેમાં એ ફરમાવ્યું છે કે હવે પછી અલ્લાહ અને તેના રસૂલ (ﷺ) તમારી પ્રવૃત્તિઓ જોશે કે તમે કેવા રહો છો અને શું કરો છો અને તે જ પ્રમાણે તમારી સાથે વ્યવહાર થશે, જો તમે તવબહ કરીને સાચા મુસલમાન થઈ ગયા તો તમારા ગુનાહો મા'ફ થઈ જશે નહિતર આ જૂઠા બહાનાઓ તમને કોઈ લાભ આપશે નહીં.

બીજો હુકમ બીજી આયતમાં વર્ણન થયો છે કે, આ લોકો રસૂલે કરીમ ﷺના પરત આવ્યા પછી જૂઠી કસમો ખાઈને આપ ﷺને સંતોષ અપાવવાનો પ્રયત્ન કરશે અને તેમનો હેતુ એ હશે કે, لِتُعْرِضُوْا عَنْهُمْ એટલે કે, રસૂલે કરીમ ﷺ તેમની જિહાદની ગેરહાજરીથી દરગુઝર કરે, તેમની ટીકા ન કરે, તે બાબતે આ ઈરશાદ થયો કે તેમની આ ઇચ્છા તમે પૂરી કરી આપો. فَاَعْرِضُوْا عَنْهُمْ એટલે કે, તમે તેમનો વાંધો ન ઉઠાવો, ન જ તેમની નીંદા અને ટીકા કરો અને ન જ તેમની સાથે બોલચાલનો સંબંધ રાખો, કારણ કે ટીકા કરવાથી કોઈ લાભ નથી, જ્યારે કે તેમના દિલમાં ઈમાન જ નથી અને તેની કોઈ તલબ કે ઈચ્છા પણ નથી તો નીંદા કરવાથી શું થશે ? વ્યર્થ પોતાનો સમય શા માટે બરબાદ કરવામાં આવે?

ત્રીજો હુકમ ત્રીજી આયતમાં એ છે કે, આ લોકો કસમો ખાઈને રસૂલે કરીમ ﷺને અને મુસલમાનોને રાજી કરવા ઈચ્છશે, તેના વિશે અલ્લાહ તઆલાએ એ માર્ગદર્શન આપી દીધું કે તેમની આ ઈચ્છા પૂરી કરવામાં ન આવે, આપ ﷺ તેમનાથી રાજી ન થશો અને એ પણ ફરમાવ્યું કે, કદાચ ! જો તમે

તેમનાથી રાજી થઈ ગયા તો પણ તેનાથી લાભ એટલા માટે થશે નહીં કે અલ્લાહ તઆલા તેમનાથી રાજી નથી અને અલ્લાહ તઆલા કેવી રીતે રાજી થાય જ્યારે કે તેઓ પોતાની મુનાફિકત અને કુફ્ર ઉપર કાયમ રહ્યા છે !

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૯૭-૯૮-૯૯)

اَلْاَعْرَابُ اَشَدُّ كُفْرًا وَّنِفَاقًا وَّاَجْدَرُ اَلَّا يَعْلَمُوْا حُدُوْدَ مَآ اَنْزَلَ اللّٰهُ عَلٰى
رَسُوْلِهٖ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿٩٧﴾ وَمِنَ الْاَعْرَابِ مَنْ يَّتَّخِذُ مَا يُنْفِقُ مَغْرَمًا
وَّيَتَرَبَّصُ بِكُمُ الدَّوَآئِرَ ؕ عَلَيْهِمْ دَآئِرَةُ السَّوْءِ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿٩٨﴾ وَمِنَ
الْاَعْرَابِ مَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَتَّخِذُ مَا يُنْفِقُ قُرُبٰتٍ عِنْدَ اللّٰهِ
وَصَلَوٰتِ الرَّسُوْلِ ؕ اَلَآ اِنَّهَا قُرْبَةٌ لَّهُمْ ؕ سَيُدْخِلُهُمُ اللّٰهُ فِيْ رَحْمَتِهٖ ؕ اِنَّ اللّٰهَ
غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٩٩﴾

તરજુમો :

(અમુક) ગામડિયા કુફ્રમાં અને નિફાકમાં ઘણા કઠોર છે અને તેઓ એના જ લાયક છે કે (તે) કાયદા ન શીખે જે અલ્લાહે પોતાના રસૂલ ઉપર નાઝિલ કર્યા અને અલ્લાહ સઘળું જાણનારો હિકમતવાળો છે. (૯૭) અને અમુક ગામડિયા એવા છે પોતાના ખર્ચ કરવાને દંડ ગણે છે અને તમારા ઉપર બુરો સમય આવવાની રાહ જુએ છે, તેમના ઉપર જ બુરો સમય આવે અને અલ્લાહ સઘળું સાંભળનારો જાણનારો છે. (૯૮) અને અમુક ગામડિયા તે છે જે અલ્લાહ ઉપર ઈમાન લાવે છે અને કયામતના દિવસ ઉપર અને પોતાના ખર્ચ કરવાને અલ્લાહની નજીક થવાનું (માધ્યમ) ગણે છે અને રસૂલની દુઆ લેવી; સાંભળો છો ! તે તેમના હકમાં નિકટતા છે, અલ્લાહ તેમને પોતાની રહમતમાં દાખલ કરશે, નિઃશંક ! અલ્લાહ મહાન મા'ફ કરનારો મહેરબાન છે. (૯૯)

તફસીર :

(આ મુનાફિકોમાં જેઓ) ગામડિયા (છે તે) લોકો (સખત સ્વભાવના કારણે) કુફ્ર અને નિફાકમાં ઘણા જ કઠોર છે અને (જ્ઞાનીઓ-ઉલમા અને બુદ્ધિશાળીઓથી જોજનો દૂર હોવાના કારણે) તેમણે એવું જ હોવું જોઈએ કે તેમને તે હુકમોનું જ્ઞાન ન થાય જે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ (ﷺ) ઉપર નાઝિલ કર્યા છે (કારણ કે જ્યારે જાણકારોથી ખૂબ દૂર રહી ગયા તો તેમનું અજ્ઞાન રહેવું તેનું આવશ્યક પરિણામ છે અને એ જ કારણે સ્વભાવમાં કઠોરતા અને કુફ્ર તથા નિફાકમાં સખતી આવી ગઈ) અને અલ્લાહ તઆલા સઘળું જાણનાર મહાન હિકમતવાળો છે (તે આ બધી પ્રવૃત્તિઓથી વાકેફ છે અને તેમની પ્રવૃત્તિઓ અનુસાર યોગ્ય સજા આપશે) અને તે (પ્રસ્તુત મુનાફિકો) ગામડિયાઓમાંથી અમુક-અમુક એવા છે કે (કુફ્ર અને નિફાક તથા અજ્ઞાનતા ઉપરાંત તેઓ કંજૂસી તથા વેરવૃત્તિવાળા પણ છે, એટલે સુધી કે) જે કંઈ (જિહાદ, ઝકાત વગેરેની તક ઉપર મુસલમાનોની શરમા-શરમી) ખર્ચ કરે છે તેને દંડ (સમાન) સમજે છે (આ તો તેમની બખીલાઈ થઈ) અને (વેરવૃત્તિ એ છે કે) તેઓ મુસલમાનો માટે (સમયની) વિકટ પરિસ્થિતિઓની રાહ જુએ છે (કે ક્યાંક તેમની સાથે કોઈ દુર્ઘટના સર્જાય અને તેમનો નાશ થઈ જાય, બસ) ખરાબ સમય તેમના ઉપર (એટલે કે મુનાફિકો ઉપર) જ આવનારો છે (એટલા માટે મુસલમાનોની વિજયકૂચ ચાલુ રહી અને કાફિરો અપમાનિત થતા રહ્યા અને તેમની બધી જ તમન્નાઓ અફસોસ બની દિલમાં જ રહી ગઈ અને સમગ્ર જિંદગી રંજ-ગમ અને ભયના ઓથારમાં જ પસાર થઈ) અને અલ્લાહ તઆલા (તે કાફિરોના નિફાકની વાતો) સાંભળે છે (અને તેમના ગુપ્ત વિચારો તથા તેમની દુશ્મનાવટભરી ગુપ્ત મંત્રણાઓ અને યોજનાઓ સઘળું) સારી પેઠે જાણે છે (બસ તે સૌની યોગ્ય સજા આપશે) અને ગામડિયાઓમાંથી અમુક એવા છે જેઓ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર (સંપૂર્ણ) ઈમાન ધરાવે છે અને જે કંઈ (નેક કાર્યોમાં) ખર્ચ કરે છે તેને અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવાનું માધ્યમ અને રસૂલુલ્લાહ ﷺની દુઆ મેળવવાનો ઝરિયો બનાવે છે (કારણ કે આપ ﷺની પવિત્ર ટેવ એવી હતી કે એવી પરિસ્થિતિમાં ખર્ચ કરનારાઓને દુઆ આપતા હતા જેમકે હદીષોમાં આવ્યું છે), યાદ રાખો કે તેમનો આ ખર્ચ કરવો

નિ:શંક તેમના માટે (અલ્લાહની) નિકટતા છે (અને રસૂલ ﷺની દુઆ કરવી તો તે પોતે સાંભળી લેતા હતા માટે તેની ખબર આપવાની જરૂર ન હતી અને તે નિકટતા એ છે કે) અવશ્ય તેમને અલ્લાહ તઆલા પોતાની (ખાસ) રહમતમાં પ્રવેશ આપશે, (કારણ કે) અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનારો મહા દયાળુ છે (બસ, તેમની ભૂલોને મા'ફ કરીને તેમને પોતાની રહમતની છત્રછાયામાં લઈ લેશે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં મદીનાના મુનાફિકોનું વર્ણન હતું, આ આયતોમાં તે મુનફિકોનો ઉલ્લેખ છે જેઓ મદીનાના આસપાસના વિસ્તારમાં ગામડાંઓના નિવાસીઓ હતા. اَعْـرَابٌ (અઅ્રાબ) આ શબ્દ عَـرَبٌ (અરબ)નું બહુવચન નથી, બલકે બહુવાચક સર્વનામ છે જે ગામડાંઓમાં વસતા નિવાસીઓ માટે બોલવામાં આવે છે, જો તેને વ્યક્તિવાચક સર્વનામ બનાવવું હોય તો اَعْـرَابِـىٌ (અઅ્રાબી) કહેવામાં આવે છે, જેમકે અન્સારનું વ્યક્તિવાચક સર્વનામ "અન્સારી" છે.

પ્રસ્તુત આયતમાં તેમની પરિસ્થિતિ એ બતાવવામાં આવી છે કે, આ લોકો કુફ્ર અને નિફાકમાં શહેરમાં રહેનારાઓ કરતાં પણ વધારે કઠોર છે, જેનું કારણ એ બતાવવામાં આવ્યું છે કે આ લોકો જ્ઞાનીઓ અને બુદ્ધિશાળીઓથી દૂર રહેવાના કારણે મોટેભાગે અજ્ઞાનતા અને કઠણાઈઓમાં જ સપડાયેલા રહે છે, તેઓ સખત સ્વભાવના કઠોર લોકો છે. اَجْدَرُ اَنْ لَّا يَعْلَمُوْا حُدُوْدَ مَآ اَنْزَلَ اللّٰهُ એટલે કે, તે લોકોનો માહોલ જ એવો છે કે તેઓ અલ્લાહની નાઝિલ કરેલી મર્યાદાઓથી અજ્ઞાન રહ્યા, કારણ કે ન તો કુર્આન તેમની સામે આવે છે અને ન જ તેના અર્થ અને તેના હુકમોનું અનુસરણ કરવાની માંગણીથી તેઓ વાકેફ હોય છે.

બીજી આયતમાં પણ તે જ ગામડિયાઓની એક બીજી પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું કે, આ લોકો જેઓ ઝકાત વગેરેમાં ખર્ચ કરે છે તેને એક પ્રકારનો દંડ સમજીને કરે છે, કારણ એ છે કે તેમના દિલોમાં ઈમાન તો છે જ નથી ! ફક્ત પોતાના કુફ્રને છુપાવવા માટે નમાઝ પણ પઢી લે છે અને ફરજ ઝકાત પણ આપી દે છે પરંતુ દિલમાં સમસમી રહે છે કે આ માલ વ્યર્થ ચાલ્યો ગયો એટલા માટે

તેઓ એવી રાહ જોઈ રહ્યા છે કે કોઈપણ રીતે મુસલમાનો ઉપર કોઈ મુસીબત આવી પડે અને તેમનો પરાજય થઈ જાય તો આ દંડમાંથી અમને મુક્તિ મળી જાય, اَلدَّوَائِرُ (અદ્દવાઈર) એ دَائِرَةٌ (દાઈરહ)નું બહુવચન છે, અરબી શબ્દકોષના આધારે دَائِرَةٌ (દાઈરહ) તે પરિવર્તન પામેલી પરિસ્થિતિને કહેવામાં આવે છે જે પ્રથમ સારી હાલતમાં હોય અને ત્યારબાદ ખરાબ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાય જાય, એટલા માટે કુર્આને કરીમે તેના જવાબમાં ફરમાવ્યું عَلَيْهِمْ دَآئِرَةُ السَّوْءِ એટલે કે, તેમના ઉપર જ ખરાબ પરિસ્થિતિ આવવાની છે અને આ લોકો પોતાની પ્રવૃત્તિઓ અને નિવેદનોના કારણે વધારે અપમાનિત થવાના છે.

ગામડિયા મુનાફિકોની પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યા પછી કુર્આનની શૈલી પ્રમાણે ત્રીજી આયતમાં તે ગામડિયાઓનું વર્ણન કરવાનું પણ યોગ્ય સમજવામાં આવ્યું છે જેઓ સાચા અને પાકા મુસલમાન છે, જેથી ખબર પડી જાય કે ગામડાના નિવાસીઓ પણ બધા એક જેવા નથી હોતાં તેમનામાં પણ નિખાલસ મુસલમાન અને સમજદાર લોકો પણ હોય છે, તેમની પરિસ્થિતિ એવી હોય છે કે તેઓ જે ઝકાત અને સદકહ આપે છે તો તેને અલ્લાહ તઆલાની નિકટતાનું માધ્યમ સમજીને અને રસૂલુલ્લાહ ﷺની દુઆઓની આશા ઉપર આપે છે.

સદકાઓ અલ્લાહ તઆલાની નિકટતાનું માધ્યમ હોવું તો દેખીતું છે, રસૂલુલ્લાહ ﷺની દુઆઓની આશા એ બીના ઉપર છે કે કુર્આને હકીમે જ્યાં રસૂલુલ્લાહ ﷺને મુસલમાનો પાસેથી ઝકાતનો માલ વસૂલ કરવાનો હુકમ આપ્યો છે ત્યાં એ પણ માર્ગદર્શન આપ્યું છે કે ઝકાત અદા કરનારાઓ માટે રસૂલે કરીમ ﷺ દુઆ પણ કર્યા કરે, જેમકે આગળ આવનારી આયતમાં એનું વર્ણન આવશે, خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ عَلَيْهِمْ આ આયતમાં રસૂલુલ્લાહ ﷺને સદકહ વસૂલ કરવાની સાથે એ પણ હુકમ આપવામાં આવ્યો છે કે તેમના માટે દુઆ કર્યા કરે, આ હુકમ શબ્દ صَلٰوةٌ (સલાત) સાથે આવ્યો છે. وَصَلِّ عَلَيْهِمْ (વસલ્લી અલયહિમ) એટલા માટે જ પ્રસ્તુત આયતમાં રસૂલુલ્લાહ ﷺની દુઆઓનો શબ્દ صَلَوٰتٌ થી પરિભાષિત થયો છે.

———————————

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૧૦૦)

وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَالَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ ۙ رَّضِيَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ وَاَعَدَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ تَحْتَهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ۭ ذٰلِكَ الْفَوْزُ الْعَظِيْمُ ۝۱۰۰

તરજુમો :

અને જે લોકો પાછળના છે સૌથી પહેલા, હિજરત કરનારા અને મદદ કરનારા (મુહાજિરો અને અન્સારો) અને જે તેમનું નેકીની સાથે અનુસરણ કરનારા થયા અલ્લાહ તેમનાથી રાજી થયો અને તેઓ તેનાથી રાજી થયા અને તેમના માટે બગીચા તૈયાર કરી રાખ્યા છે તેની નીચે નહેરો વહે છે, તેમાં હંમેશા રહ્યા કરે, આ જ મોટી સફળતા છે. (૧૦૦)

તફસીર :

અને જે મુહાજિરો અને અન્સારો (ઈમાન લાવવામાં બધી ઉમ્મત કરતા) પ્રથમ અને પહેલ કરનાર છે (અને બાકીની ઉમ્મતમાં) જેટલા લોકો નિખાલસતાથી (ઈમાન લાવવામાં) તેમનું અનુસરણ કરનાર છે અલ્લાહ તે સૌથી રાજી થયો (કે તેમના ઈમાનનો સ્વીકાર કર્યો જેના ઉપર તેમને યોગ્ય ઈનામ મળશે) અને તે સૌ અલ્લાહથી રાજી થઈ ગયા (કે અજ્ઞાપાલનતા અપનાવી કે જેના કારણે અલ્લાહનો આ રાજીપો ઔર વધી ગયો) અને અલ્લાહે તેમના માટે એવા બગીચાઓ તૈયાર કરી રાખ્યા છે જેની નીચેથી નહેરો વહી રહી હશે, જેમાં તેઓ હંમેશા-હંમેશા માટે રહેશે, (અને) આ જ સૌથી મોટી સફળતા છે.

મસ્અલા અને બોધપાઠ :

આનાથી અગાઉની આયતમાં ગામડિયા નિખાલસ મો'મિનોનું વર્ણન હતું, આ આયતમાં બધા જ નિખાલસ મો'મિનોનો ઉલ્લેખ છે જેમાં તેમની શ્રેષ્ઠતાની કક્ષાનો પણ ઉલ્લેખ છે.

اَلسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهَاجِرِيْنَ وَالْاَنْصَارِ આ વાક્યમાં મોટા ભાગના વિવરણકારોએ શબ્દ مِنْ (મિન)ને "તબ્ઈઝ" (અમુક) હોવાનું ઠરાવ્યું છે કે,

મુહાજિર અને અન્સાર સહાબએ કિરામ (રદિ.)ના બે વિભાગો ઠરાવવામાં આવ્યા છે, એક સૌ પ્રથમ ઈમાન લાવવામાં પહેલ કરનાર અને બીજા પાછળથી મુસલમાન થનાર.

પછી તેમાં વિવિધ મત પ્રવર્તે છે, અમુક લોકોએ સહાબએ કિરામમાંથી સૌ પ્રથમ પહેલ કરનાર મુસલમાનો તેમને ઠરાવ્યા છે જેમણે બંને કિબ્લાઓની નમાઝ પઢી છે, એટલે કે કિબ્લો બદલાતા પહેલાં જેઓ મુસલમાન થઈ ચૂક્યા હતા તેઓ સૌ પ્રથમ પહેલ કરનાર (સાબિકીન અવ્વલીન) સહાબાઓ છે, આ નિવેદન સઈદ બિન મુસય્યબ (રહ.) અને કતાદહનું છે. હઝરત અતાઅ્ બિન અબી રબાહે ફરમાવ્યું કે, "સાબિકીન અવ્વલીન" તે સહાબાઓ છે જેઓ ગઝ્વએ બદ્રમાં સામેલ થયા અને શુઅ્બી (રહ.)એ ફરમાવ્યું કે, જે સહાબા (રદિ.)એ હુદૈબિય્યહની "બય્અતે રિદ્વાન"માં ભાગ લીધો તેઓ "સાબિકીન અવ્વલીન" છે અને અન્ય નિવેદનો પ્રમાણે બાકીના સહાબએ કિરામ (રદિ.) મુહાજિર હોય કે અન્સાર સાબિકીન અવ્વલીન પછી બીજા વિભાગમાં છે. *(મઝહરી, કુર્તુબી)*

અને તફસીરે મઝહરીમાં એક નિવેદન એ પણ નકલ થયું છે કે, શબ્દ مِـنْ (મિન)ને આ આયતમાં "તબ્ઈઝ" માટે ન લેવામાં આવે બલકે વર્ણન કરવાના અર્થમાં લેવામાં આવે તો આ વાક્યનો અર્થ એ સમજાશે કે, બધા જ સહાબએ કિરામ (રદિ.) બાકી ઉમ્મત કરતા "સાબિકીન અવ્વલીન" (ઈમાન અને ઈસ્લામ લાવવામાં પહેલ કરનાર) છે અને مِنَ الْمُهَاجِرِيْنَ وَالْاَنْصَارِ (મિનલ મુહાજિરીન વલ અન્સારી) તેનું વર્ણન છે. બયાનુલ કુર્આનનો ખુલાસો જે ઉપર તફસીરમાં વર્ણન કરવામાં આવ્યો તેમાં આ જ તફસીરને અપનાવવામાં આવી છે.

પ્રથમ તફસીર પ્રમાણે સહાબએ કિરામ (રદિ.)ના બે વર્ગો થાય છે, એક "સાબિકીન અવ્વલીન" અને બીજા જેઓ કિબ્લાના પરિવર્તન અથવા ગઝ્વએ બદ્ર અથાવ બય્અતે રિદ્વાન પછી મુસલમાન થયા તે છે અને અંતિમ તફસીરનો ખુલાસો એ જ થયો કે, સહાબએ કિરામ (રદિ.) બધા જ "સાબિકીન અવ્વલીન" છે, કારણ કે તેમનું ઈમાન બાકીની ઉમ્મતથી પ્રથમ અને સૌથી પહેલું છે.

وَالَّذِيْنَ اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍ એટલે કે, જે લોકોએ પોતાના અમલો અને પ્રવૃત્તિઓમાં સાબિકીન અવ્વલીનનું અનુસરણ સંપૂર્ણ રીતે કર્યું. પ્રથમ વાક્યની

પહેલી તફસીર પ્રમાણે તે લોકોમાં પ્રથમ કક્ષા તે મુહાજિરો અને અન્સાર સહાબાની છે જેઓ કા'બાના પરિવર્તન અથવા ગઝ્વએ બદ્ર અથવા બયૂઅતે રિદ્વાન પછી મુસલમાન થઈને સહાબએ કિરામ (રદિ.)માં સામેલ થયા. બીજી કક્ષા ત્યાર પછીના સમગ્ર મુસલમાનોની છે જેઓ કયામત સુધી ઈમાન અને સદાચાર તથા શ્રેષ્ઠ કક્ષાના અખ્લાકમાં સહાબએ કિરામ (રદિ.)ના પગલે ચાલે અને તેમનું સંપૂર્ણ અનુસરણ કરે.

અને બીજી તફસીર પ્રમાણે اَلَّذِيْنَ اتَّبَعُوْا માં સહાબએ કિરામ (રદિ.) પછીના લોકો સામેલ છે જેમને ઈસ્લામિક પરિભાષામાં "તાબિઈન" કહેવામાં આવે છે અને પછી આ જ પરિભાષા પ્રમાણે "તાબિઈન" પછી કયામત સુધી આવનારા બધા મુસલમાનો પણ તેમાં જ સામેલ છે જેઓ ઈમાન અને સદ્કૃત્યોમાં સહાબએ કિરામ (રદિ.)નું સંપૂર્ણ અનુસરણ કરે.

સહાબએ કિરામ (રદિ.) બધા જ કોઈ અપવાદ વિના જન્નતી છે અને અલ્લાહ તઆલાના રાજીપાથી સન્માનિત થયા છે :

મુહમ્મદ બિન કઅ્બ અલ્ કુરઝી (રહ.)ને કોઈએ પૂછ્યું કે, રસૂલે કરીમ ﷺના સહાબા (રદિ.) વિશે આપનું શું કહેવું છે ? તેમણે કહ્યું કે, સહાબએ કિરામ (રદિ.) બધા જ જન્નતમાં છે ભલે તે લોકો હોય જેમનાથી ભૂલો અને ગુનાહો પણ થયા છે, તે વ્યક્તિએ પૂછ્યું, આ વાત તમે ક્યાંથી કહી ? (તેની શું દલીલ છે ?) તેમણે ફરમાવ્યું કે, કુર્આને કરીમની આયત પઢો, اَلسَّابِقُوْنَ الْاَوَّلُوْنَ તેમાં બધા જ સહાબએ કિરામ (રદિ.) વિશે કોઈ પ્રકારની શરત વિના رَضِیَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ ઈરશાદ ફરમાવવામાં આવ્યો છે, અલબત્ત તાબિઈનના વિષયમાં اِتِّبَاعْ بِاِحْسَانْ ની શરત લગાવવામાં આવી છે જેનાથી જાણ થઈ કે સહાબએ કિરામ (રદિ.) કોઈપણ પ્રકારની શરત વિના બધા જ કોઈપણ અપવાદ વિના અલ્લાહનો રાજીપો પ્રાપ્ત કરનારાઓમાં ઠરાવવામાં આવ્યા છે.

તફસીરે મઝહરીમાં આ નિવેદન કર્યા પછી નોંધ્યું છે કે, મારા મતે બધા જ સહાબએ કિરામ (રદિ.)ને જન્નતી હોવામાં તેનાથી પણ વધારે દલીલો આ આયતથી છે. لَا يَسْتَوِیْ مِنْكُمْ مَّنْ اَنْفَقَ مِنْ قَبْلِ الْفَتْحِ وَقَاتَلَ اُولٰٓئِكَ اَعْظَمُ دَرَجَةً مِّنَ الَّذِيْنَ اَنْفَقُوْا مِنْ بَعْدُ وَقَاتَلُوْا ؕ وَكُلًّا وَّعَدَ اللّٰهُ الْحُسْنٰى (૫૭ : ૧૦) આ

આયતમાં સંપૂર્ણ સ્પષ્ટતા સાથે એ વર્ણન કરવામાં આવ્યું છે કે સહાબએ કિરામ (રદિ.) અવ્વલીન હોય કે આખરીન; સૌને અલ્લાહ તઆલાએ حُسْنٰى (હુસ્ના) એટલે કે, જન્નતનો વાયદો કર્યો છે.

રસૂલે કરીમ ﷺની હદીષમાં ઈરશાદ છે કે, જહન્નમની આગ તે મુસલમાનને નથી લાગી શકતી જેણે પણ મને જોયો છે અથવા મારા જોનારાને જોયો છે. *(તિરમિઝી અન જાબિર)*

તાકીદ :

જે લોકો સહાબએ કિરામ (રદિ.)ના પરસ્પરના "મુસાજરાત" (વાદ–વિવાદો) અને તેમનામાં ઉપસ્થિત થનાર ઘટનાઓની બીનાએ અમુક સહાબએ કિરામ (રદિ.) વિશે એવી ટીકા–ટિપ્પણીઓ કરે છે જેનાથી પઢનારાના દિલોમાં તેમના માટે બદ્‌ગુમાની અને ખોટો ભાવ જન્મી શકે છે, આવી ટીકા–ટિપ્પણી કરનારાઓ પોતાની જાતને એક ભયજનક માર્ગે નાંખી રહ્યા છે. નઊઝુબિલ્લાહ...

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૧૦૧)

وَمِمَّنْ حَوْلَكُم مِّنَ الْأَعْرَابِ مُنَافِقُونَ ۖ وَمِنْ أَهْلِ الْمَدِينَةِ ۖ مَرَدُوا عَلَى النِّفَاقِ قف
لَا تَعْلَمُهُمْ ۖ نَحْنُ نَعْلَمُهُمْ ۚ سَنُعَذِّبُهُم مَّرَّتَيْنِ ثُمَّ يُرَدُّونَ إِلَىٰ عَذَابٍ عَظِيمٍ ﴿١٠١﴾ ج

ع وقف منزل عند المتقدمين

તરજુમો :

અને તમારી આસપાસના અમુક ગામડિયા મુનાફિક છે અને અમુક લોકો મદીનાવાળા; નિફાક (દોગલાપણા) ઉપર અડેલા છે, તમે તેમને નથી જાણતા અમને તે ખબર છે, અમે તેમને બે વખતે અઝાબ આપીશું, ફરી તેઓ મોટા અઝાબ તરફ લોટાવવામાં આવશે. (૧૦૧)

તફસીર :

અને તમારી આજુબાજુ વસનારા (ગામડિયા)ઓમાં અમુક અને મદીનાવાળાઓમાં અમુક એવા મુનાફિકો છે જેઓ નિફાકની પરાકાષ્ઠાએ (એવા) પહોંચી ચૂક્યા છે (કે) તમે (પણ) તેમને નથી જાણતા (કે આ મુનાફિકો છે, બસ)

તેમને અમે જ જાણીએ છીએ, અમે તેમને (બીજા મુનાફિકો કરતા આખિરત પહેલાં પણ) બેવડી સજા આપીશું (એક નિફાકની અને બીજી નિફાકમાં પરિપૂર્ણ થઈ જવાની અને) પછી (આખિરતમાં પણ) તેઓ ઘણા ભારે અઝાબ (એટલે કે કાયમ માટે જહન્નમ) તરફ મોકલી દેવામાં આવશે.

મસ્અલા અને બોધપાઠ :

પાછળની ઘણી બધી આયતોથી એ મુનાફિકોનું વર્ણન ચાલ્યું આવે છે જેમનો નિફાક તેમના નિવેદનો અને પ્રવૃત્તિઓથી જાહેર થઈ ચૂક્યો હતો અને રસૂલુલ્લાહ ﷺ ઓળખતા હતા કે આ મુનાફિક છે. આ આયતમાં એવા મુનાફિકોનું વર્ણન છે કે જેમનો નિફાક પરાકાષ્ઠાની મર્યાદા સુધી પહોંચી જવાના કારણે રસૂલુલ્લાહ ﷺ માટે હજુ સુધી ગુપ્ત રહ્યું હતું, આ આયતમાં એવા સખત મુનાફિકો ઉપર આખિરત પહેલાં જ બે અઝાબ થવાનો ઉલ્લેખ થયો છે, એક દુનિયામાં જ કે દરેક સમયે પોતાના નિફાકને છુપાવવાની ફિકર-ચિંતા અને તેના જાહેર થઈ જવાના ડરમાં સપડાયેલા રહે છે તથા મુસલમાનો અને ઈસ્લામથી સખત નફરત અને દુશ્મની રાખવા છતાં જાહેરમાં તેમનું માન-સન્માન કરે છે અને તેમનું અનુસરણ કરવા માટે મજબૂર થવું પણ કોઈ નાનો સરખો અઝાબ નથી અને બીજો અઝાબ કબ્ર તથા બરઝખનો અઝાબ છે જે કયામત અને આખિરત પહેલાં જ તે લોકોને પહોંચશે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૦૨ થી ૧૦૬)

وَاٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ خَلَطُوْا عَمَلًا صَالِحًا وَّاٰخَرَ سَيِّئًا ۭ عَسَى اللّٰهُ اَنْ يَّتُوْبَ
عَلَيْهِمْ ۭ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٠٢﴾ خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَ
تُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ عَلَيْهِمْ ۭ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ ۭ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿١٠٣﴾ اَلَمْ
يَعْلَمُوْٓا اَنَّ اللّٰهَ هُوَ يَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَيَاْخُذُ الصَّدَقٰتِ وَاَنَّ اللّٰهَ هُوَ
التَّوَّابُ الرَّحِيْمُ ﴿١٠٤﴾ وَقُلِ اعْمَلُوْا فَسَيَرَى اللّٰهُ عَمَلَكُمْ وَرَسُوْلُهٗ وَالْمُؤْمِنُوْنَ ۭ
وَسَتُرَدُّوْنَ اِلٰى عٰلِمِ الْغَيْبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿١٠٥﴾ ۚ وَاٰخَرُوْنَ
مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ اِمَّا يُعَذِّبُهُمْ وَاِمَّا يَتُوْبُ عَلَيْهِمْ ۭ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٠٦﴾

તરજુમો :

અને અમુક (તે) લોકો છે કે તેમણે પોતાના ગુનાહોનો એકરાર કર્યો, તેમણે એક નેક કામ અને બીજું ખરાબ ભેળસેળ કર્યું, નિકટ છે કે અલ્લાહ તેમને મા'ફ કરે બેશક! અલ્લાહ મહાન મા'ફ કરનારો મહેરબાન છે. (૧૦૨) તેમના માલમાંથી ઝકાત લો કે તેના કારણે તમે તેમને પાક કરો અને તમે તેમને બરકતવાળા કરો અને તેમને દુઆ આપો, નિઃશંક ! તમારી દુઆ તેમના માટે તસ્કીન (સાંત્વના) છે અને અલ્લાહ સઘળું કંઈ સાંભળે જાણે છે. (૧૦૩) શું તેઓ જાણી નથી ચૂક્યા કે અલ્લાહ પોતે પોતાના બંદાઓની તવબહ કબૂલ કરે છે અને ઝકાતો લે છે અને એ કે અલ્લાહ જ તવબહ કબૂલ કરનારો મહેરબાન છે. (૧૦૪) અને કહો કે અમલ કર્યે જાઓ ફરી આગળ અલ્લાહ તમારા કામને જોઈ લેશે અને તેનો રસૂલ અને મુસલમાન; અને તમે નિકટમાં તેની પાસે પાછા વાળવામાં આવશો જે સઘળી છૂપી અને જાહેર વસ્તુઓથી વાકેફ છે, પછી તે તમને બતાવી દેશે જે કંઈ તમે કરતા હતા. (૧૦૫) અને અમુક તે લોકો છે કે તેમના કામ અલ્લાહના હુકમ ઉપર ઢીલમાં છે યા (તો) તે તેમને અઝાબ આપે અને યા (તો) તેમને મા'ફ કરે અને અલ્લાહ સઘળું કંઈ જાણનારો હિકમતવાળો છે. (૧૦૬)

તફસીર :

અને અમુક લોકો છે જેઓ પોતાની ભૂલોને સ્વીકારે છે જેમણે ભેળસેળીયા અમલ કર્યા હતા, અમુક સારા (જેમકે પોતાની ભૂલોનો સ્વીકાર કર્યો તેની પાછળ તેમનો હેતુ અફસોસ હતો અને આ જ તવબહ હતી તથા આ અગાઉ જે ગઝ્વાત થઈ ગયા તેમાં ભાગ લીધો, મતલબ કે આ કાર્યો તો સારા કર્યા) અને અમુક ખરાબ, (જેમકે કોઈ કારણ વિના હુકમનો અનાદર કર્યો, બસ) અલ્લાહથી આશા (એટલે કે તેનો વાયદો) છે કે તેમના (હાલ) ઉપર (દયા સાથે) ધ્યાન આપશે (એટલે કે તવબહ સ્વીકાર કરી લેશે); નિઃશંક ! અલ્લાહ તઆલા મહાન મા'ફ કરનાર, મહા દયાળુ છે (જ્યારે આ આયતથી તવબહનો સ્વીકાર થઈ ચૂક્યો અને જ્યારે તે લોકો થાંભલાએથી બંધનમુક્ત થઈ ચૂક્યા તો પોતાનો માલ રસૂલે કરીમ ﷺની સેવામાં લઈને આવ્યા અને દરખાસ્ત કરી કે, તેને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં આવે, ઈરશાદ થયો કે) તમે તેમના માલોમાંથી (જે તેઓ

લાવ્યા છે) સદકહ લઈ લો જેના (લઈ તે) વડે તમે તેમને (ગુનાહોની અસરથી) પાક-સાફ કરી દો અને (જ્યારે તમે લઈ ચૂકો તો) તેમના માટે દુઆ કરો, બેશક ! તમારી દુઆ તેમના માટે (દિલના) સંતોષનું કારણ છે અને અલ્લાહ તઆલા (તેમની ભૂલ કબૂલ કરવાને) સારી પેઠે સાંભળે છે (અને તેમના અફસોસ અને પસ્તાવાને) સઘળું જાણે છે, (એટલા માટે તેમની નિખાલસતાને જોઈને તમને આ હુકમ આપવામાં આવ્યો હતો... આ પ્રસ્તુત સારા અમલો, એટલે કે તવબહ, પસ્તાવો અને અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાની પ્રેરણા તથા ગુનાહિત પ્રવૃત્તિઓ જેમકે આજ્ઞાનો અનાદર વગેરેથી ચેતવણી પણ છે, એટલા માટે પ્રથમ પ્રેરણા આપવામાં આવી છે કે) શું તેમને એ ખબર નથી કે અલ્લાહ જ પોતાના બંદાઓની તવબહનો સ્વીકાર કરે છે અને તે જ સદકાઓ સ્વીકારે છે ? અને (શું તેમને) એ (ખબર નથી ?) કે અલ્લાહ જ (તે) તવબહ સ્વીકાર કરવા(ની ખાસિયત)માં અને દયા કરવા(ના લક્ષણ)માં પરિપૂર્ણ છે (એટલા માટે તેમની તવબહ સ્વીકાર કરી અને તેની દયાથી તેમનો માલ સ્વીકાર કરવાનો હુકમ આપવામાં આવ્યો અને તેમના માટે દુઆ કરવાનો આદેશ આપ્યો, બસ હવે પછી પણ ભૂલો યાદ રાખી ગુનાહો થવાથી તવબહ કર્યા કરો અને જો તવફીક થાય તો ખય્ર-ખયરાત પણ કર્યા કરો) અને (પ્રેરણા તથા પ્રોત્સાહન આપ્યા પછી આગળ ચેતવણી પણ આપી છે, એટલે કે) તમે (તેમને એ પણ) કહી આપો કે, (જે ઈચ્છો) અમલ કર્યે જાઓ, બસ (પ્રથમ તો દુનિયામાં જ) હમણા તમારા કર્મોને જોઈ લે છે અલ્લાહ તઆલા, તેના રસૂલ (ﷺ) અને ઈમાનવાળાઓ (બસ, ખરાબ કૃત્યો ઉપર દુનિયામાં જ અપમાન અને રુશ્વાઈ થઈ જાય છે) અને (પછી આખિરતમાં) અવશ્ય તમારે એવા (અલ્લાહ તઆલા) પાસે જવાનું છે જે સમગ્ર ગુપ્ત અને જાહેર વસ્તુઓનો જાણનારો છે, બસ તે તમને તમારું બધું કર્યું(-કારવ્યું) બતાવી દેશે (બસ, ખરાબ અમલો દાખલા તરીકે આજ્ઞાના અનાદર ન કરવાની હવે પછી કાળજી રાખો. આ પ્રથમ પ્રકારના લોકોનો ઉલ્લેખ હતો, બીજા પ્રકારના લોકોનો ઉલ્લેખ આ પ્રમાણે છે) અને અમુક બીજા લોકો છે જેમનો મા'મલો અલ્લાહ તઆલાનો હુકમ આવવા સુધી મુલતવી છે કે (નિખાલસતાથી તવબહ ન હોવાના કારણે) તેમને સજા આપે અથવા (નિખાલસતાપૂર્વક તવબહ કરવાના કારણે) તેમની તવબહનો સ્વીકાર કરી લે

અને અલ્લાહ તઆલા (નિખાલસ હોવા અથવા ન હોવાની પરિસ્થિતિને) ઘણી સારી પેઠે જાણે છે (અને) મહાન હિકમતવાળો છે (બસ, હિકમતના તકાદા સ્વરૂપે નિખાલસ લોકોની તવબહનો સ્વીકાર કરે છે અને નિખાલસતા વિહોણાઓનો સ્વીકાર કરતો નથી અને જો ક્યારેક તવબહ કર્યા વિના જ મા'ફ કરવામાં હિકમત હોય તો એવું પણ કરે છે).

મસ્અલા અને બોધપાઠ :

ગઝ્વએ તબૂક માટે જ્યારે રસૂલે કરીમ ﷺ તરફથી જાહેર એ'લાન કરવામાં આવ્યું અને બધા જ મુસલમાનોને કૂચ કરવાનો હુકમ આપવામાં આવ્યો તો ઋતુ ઘણી સખત ગરમીની હતી, મુસાફરી ઘણી લાંબી હતી અને એક કાયદેસર મહાસત્તાના કેળવણી પામેલ લશ્કર સાથે મુકાબલો કરવાનો હતો જે ઈસ્લામના ઈતિહાસમાં પ્રથમ ઘટના હતી, આ કારણો હતા જેના લીધે આ હુકમ વિશે લોકોની હાલતો ભિન્ન-ભિન્ન પ્રકારની થઈ ગઈ અને તેમના સમૂહમાં કેટલાય પ્રકારના જૂથો બની ગયા.

એક પ્રકાર તે નિખાલસ લોકોનો હતો જેઓ પ્રથમ હુકમ સાંભળતા જ કોઈપણ પ્રકારના ખચકાટ વિના જિહાદ માટે તૈયાર થઈ ગયા, બીજા પ્રકારના તે લોકો હતા જેઓ શરૂઆતમાં કંઈ થોભ્યા પરંતુ પાછળથી સાથે થઈ ગયા, આયત اَلَّذِيْنَ اتَّبَعُوْهُ فِىْ سَاعَةِ الْعُسْرَةِ مِنْۢ بَعْدِ مَا كَادَ يَزِيْغُ قُلُوْبُ فَرِيْقٍ مِّنْهُمْ (૯:૧૧૭)માં આ જ લોકોનું વર્ણન છે.

ત્રીજો પ્રકાર તે લોકોનો છે જેઓ વાસ્તવમાં અશક્ત અને લાચાર હતા એટલા માટે ન જઈ શક્યા, તેમનું વર્ણન આયત لَيْسَ عَلَى الضُّعَفَآءِ (૯:૯૧)માં આવ્યું છે અને ચોથા પ્રકારના તે નિખાલસ મો'મિનો છે જેઓ કારણ ન હોવા છતાં આળસ અને સુસ્તીના કારણે જિહાદમાં સામેલ ન થયા.

પ્રથમ આયતમાં ફરમાવ્યું કે અમુક લોકો એવા પણ છે જેમણે પોતાના ગુનાહોનો સ્વીકાર કરી લીધો તે લોકોની પ્રવૃત્તિઓ ભેળસેળીયા છે, અમુક સારા કર્મો છે અને અમુક ખરાબ ! આશા છે કે અલ્લાહ તઆલા તેમની તવબહ સ્વીકાર કરી લે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, તે દશ વ્યક્તિઓ હતા જેઓ કોઈ ખરા કારણ વિના ગઝ્વએ તબૂકમાં ન ગયા હતા,

પછી તેમને પોતાના આ કૃત્ય ઉપર પસ્તાવો થયો, તેમાંથી સાત વ્યક્તિઓએ પોતાને મસ્જિદે નબવી ﷺના થાંભલાઓ સાથે બાંધી દીધા અને એ નિર્ણય કર્યો કે, જ્યાં સુધી અમારી તવબહનો સ્વીકાર થઈને પોતે રસૂલે કરીમ ﷺ અમને નહીં ખોલે અમે આ જ પ્રકારે કેદીની જેમ બંધાયેલા રહીશું, આ લોકોમાં હઝરત અબૂ લુબાબહ (રદિ.) વિશે બધી જ રિવાયતોમાં સર્વસહમતીથી આવ્યું છે, બીજા નામો વિશે વિવિધ રિવાયતો છે.

રસૂલુલ્લાહ ﷺએ જ્યારે તેમને બંધાયેલા જોયા અને તેમને એ જાણ થઈ કે, તેમણે એવો નિશ્ચય કર્યો છે કે જ્યાં સુધી નબીએ કરીમ ﷺ તેમને ખોલશે નહીં તે વખત સુધી તેઓ બંધાયેલા રહેશે તો આપ ﷺએ ફરમાવ્યું કે, હું પણ અલ્લાહની કસમ ખાઉં છું કે ત્યાં સુધી હું તેમને ખોલીશ નહીં જ્યાં સુધી મને અલ્લાહ તઆલા તેમને ખોલવાનો હુકમ નહીં આપે, કારણ કે અપરાધ મોટો છે. આ બાબતે પ્રસ્તુત આયત નાઝિલ થઈ અને રસૂલે કરીમ ﷺએ તેમને બંધનમુક્ત કરવાનો હુકમ આપ્યો અને તેમને બંધનોમાંથી ખોલી નાંખવામાં આવ્યા. *(કુર્તુબી)*

સઈદ બિન મુસય્યિબ (રહ.)ની રિવાયત છે કે, જ્યારે અબૂ લુબાબહ (રદિ.)ને ખોલવાનો ઈરાદો કરવામાં આવ્યો તો તેમણે તેનો ઈન્કાર કર્યો અને કહ્યું કે, જ્યાં સુધી પોતે રસૂલે કરીમ ﷺ રાજી થઈને મને પોતાના હાથથી ખોલશે નહીં હું બંધાયેલો રહીશ, એટલા માટે સવારની નમાઝમાં જ્યારે રસૂલે કરીમ ﷺ તશરીફ લાવ્યા તો પોતાના હાથ મુબારકથી તેમના બંધનો ખોલ્યા.

સારા અને નરસા ભેળસેળીયા કૃત્યો કયા હતા ? :

આયતમાં ફરમાવ્યું છે કે, તે લોકોના અમુક કાર્યો સારા હતા અને અમુક કાર્યો ખરાબ હતા, તેમના નેક કાર્યો તો તેમનું ઈમાન, નમાઝ, રોઝાની પાબંદી અને તેમના આ જિહાદ પહેલાં બીજા ગઝ્વાતમાં રસૂલે કરીમ ﷺ સાથેની સામેલગીરી અને પોતે આ તબૂકની ઘટનામાં પોતે ગુનાહનો સ્વીકાર કરી લેવો અને તેના ઉપર પસ્તાવો કરી તવબહ કરવી વગેરે છે અને તેમના બુરા કૃત્યો ગઝ્વએ તબૂકમાં સામેલ ન થવું અને પોતાની પ્રવૃત્તિથી મુનાફિકો જેવું કાર્ય કરવું વગેરે છે.

જે મુસલમાનોની પ્રવૃત્તિઓ સારી અને ખરાબ બંને ભેળસેળ હોય, તેઓ કયામત સુધી આ હુકમમાં સામેલ છે :

તફસીરે કુર્તુબીમાં છે કે, જો કે આ આયત એક ખાસ વર્ગ વિશે નાઝિલ થઈ છે પરંતુ તેનો હુકમ કયામત સુધી સર્વસામાન્ય છે અને મુસલમાનો માટે જેમના અમલો નેક અને ખરાબ બંને ભેળસેળ હોય જો તેઓ પોતાના ગુનાહોની તવબહ કરી લે તો તેમના માટે મા'ફી અને મગફિરતની આશા રાખી શકાય છે.

અબૂ ઉસ્માન (રદિ.)એ ફરમાવ્યું કે, કુર્આને કરીમની આ આયત આ ઉમ્મત માટે ઘણી આશાઓ જગાડનારી છે અને સહીહ બુખારીમાં સમુરહ બિન જુન્દુલ (રદિ.)ની નબી ﷺની મેઅ્રાજ વિશેની એક વિગતપૂર્વકની હદીષમાં છે કે, સાતમાં આસમાન ઉપર જ્યારે રસૂલે કરીમ ﷺની મુલાકાત હઝરત ઈબ્રાહીમ (અલૈ.) સાથે થઈ તો તેમની પાસે અમુક લોકોને જોયા જેમના ચહેરા સફેદ હતા અને અમુક એવા કે તેમના ચહેરાઓ ઉપર અમુક ડાઘ હતા, આ બીજા પ્રકારના લોકો એક નહેરમાં દાખલ થયા અને સ્નાન કરીને પાછા આવ્યા તો તેમના ચહેરા પણ બિલકુલ સાફ-સફેદ થઈ ગયા, જિબ્રઈલ (અલૈ.)એ આપ ﷺને બતાવ્યું કે, આ સફેદ ચહેરાવાળા તે લોકો છે જેઓ ઈમાન લાવ્યા પછી ગુનાહોથી પાક-સાફ રહ્યા. اَلَّذِيْنَ اٰمَنُوْا وَلَمْ يَلْبِسُوْٓا اِيْمَانَهُمْ بِظُلْمٍ (૬:૮૨) અને બીજા તે લોકો છે જેમણે ભેળસેળીયા સારા અને બુરા બધા જ પ્રકારના કાર્યો કર્યા પછી તવબહ કરી લીધી, અલ્લાહે તેમની તવબહનો સ્વીકાર કરી લીધો અને તેમના ગુનાહો મા'ફ થઈ ગયા. *(કુર્તુબી)*

خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً આ આયતની ઘટના એમ છે કે, જે લોકોનું ઉપર વર્ણન થયું કે તેઓ વિના કારણે ગઝ્વએ તબૂકથી પાછળ રહી ગયા હતા પછી પસ્તાવો કરીને તેમણે પોતાને મસ્જિદના થાંભલાઓ સાથે બાંધી લીધા હતા, પછી પ્રસ્તુત પાછળની આયતમાં તેમની તવબહની સ્વીકૃતિ નાઝિલ થઈ અને તેમને બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યા તો આ લોકોએ આભાર સ્વરૂપે પોતાનો સઘળો માલ સદકહ કરવા માટે રજૂ કરી દીધો, રસૂલે કરીમ ﷺએ તેને સ્વીકાર કરવાથી ઈન્કાર કર્યો કે મને માલ લેવાનો હુકમ નથી થયો, આ બાબતે આ પ્રસ્તુત આયત خُذْ مِنْ اَمْوَالِهِمْ નાઝિલ થઈ અને રસૂલે કરીમ ﷺએ સમગ્ર માલના બદલે એક તૃત્યાંશનો સદકહ કરવાનું સ્વીકાર કરી લીધું, કારણ કે આયતમાં તે

તરફ ઈશારો છે કે સમગ્ર માલ ન લેવામાં આવે બલકે તેનો કોઈ ભાગ લેવામાં આવે, શબ્દ مِنْ (મિન) તે બાબતે સાક્ષી છે.

મુસલમાનોના સદકાઓ, ઝકાત વગેરે વસૂલ કરવું અને તેને તેના હકદારો ઉપર ખર્ચ કરવો ઇસ્લામી હુકૂમતની જવાબદારી છે :

આ આયતમાં જો કે, શા'ને નુઝૂલના આધારે એક ખાસ પ્રકારના લોકો પાસેથી સદકહ વસૂલ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે પરંતુ તે પોતાની અર્થની દષ્ટિએ સામાન્ય રીતે દરેકને લાગુ પડે છે.

તફસીરે કુર્તુબી, અહકામુલ કુર્આન, જસ્સાસ, મઝહરી વગેરેમાં આ જ બાબતને અગ્રિમતા આપવામાં આવી છે. કુર્તુબી તથા જસ્સાસે એ પણ સ્પષ્ટ કરી આપ્યું છે કે જો આ આયતનો શા'ને નુઝૂલ તે જ ખાસ ઘટના ઠરાવવામાં આવે જેનો ઉપર ઉલ્લેખ થયો છે તો પણ કુર્આનના સિદ્ધાંતની રૂએ આ હુકમ સર્વસામાન્ય જ રહેશે અને કયામત સુધી મુસલમાનો ઉપર લાગુ પડશે, કારણ કે કુર્આને કરીમના મોટા ભાગના હુકમો ખાસ-ખાસ ઘટનાઓના સંદર્ભમાં નાઝિલ થયા પરંતુ તેના અમલનું વર્તુળ કોઈના પણ મતે એક ખાસ ઘટના સુધી મર્યાદિત નથી હોતું બલકે, જ્યાં સુધી કોઈ ખાસ વિશિષ્ટ દલીલ ન હોય આ હુકમ બધા જ મુસલમાનો માટે સર્વસામાન્યપણે લાગુ પડેલો ઠરાવવામાં આવશે.

એટલે સુધી કે સમગ્ર ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની એ બાબત ઉપર સહમતી છે કે, આ આયતમાં જો કે સંબોધન ખાસ નબીએ કરીમ ﷺને થયું છે પરંતુ આ હુકમ ન તો રસૂલે કરીમ ﷺ સાથે વિશિષ્ટ સ્વરૂપે જોડાયેલો છે અને ન જ રસૂલે કરીમ ﷺના સમયકાળ સુધી મયાદિત છે, બલકે દરેક તે વ્યક્તિ જે આપ ﷺનો નાયબ અને મુસલમાનોનો અમીર (શાસનકર્તા) હશે તે આ હુકમનો બંધનકર્તા અને તેના આધીન રહેશે, તેની ફરજોમાં એ સામેલ થશે કે મુસલમાનોની ઝકાત-સદકહ વસૂલ કરીને તેને હકદારો ઉપર ખ્રચ કરવાની વ્યવસ્થા કરે.

હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ના ખિલાફતના શરૂઆતના સમયમાં જે ઝકાતના ઈન્કારીઓ સાથે જિહાદ કરવાની ઘટના ઉપસ્થિત થઈ તેમાં પણ ઝકાત ન આપનારા અમુક લોકો તો ખુલ્લમ-ખુલ્લા ઈસ્લામથી બળવો કરી બળવાખોર

અને મુર્તદ થઈ ગયા હતા અને અમુક એવા લોકો પણ હતા જેઓ પોતાને મુસલમાન તો કહેતા હતા પરંતુ ઝકાત ન આપવાનું બહાનું કરતા હતા કે આ આયતમાં રસૂલે કરીમ ﷺને અમારી પાસેથી ઝકાત અને સદકહ વસૂલ કરવાનો હુકમ પોતાની હયાતી સુધી હતો, અમે તેનું પાલન કર્યું. રસૂલે કરીમ ﷺની વફાત પછી હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ને શું હક છે કે અમારી પાસેથી ઝકાત અને સદકાઓની માંગણી કરે ? અને શરૂ–શરૂમાં હઝરત ઉમર (રદિ.)ને તેમની સાથે જિહાદ કરવા માટે એટલા માટે ખચકાટ થયો હતો કે તે લોકો મુસલમાન છે એક આયતની આડશમાં તેઓ ઝકાતથી બચવા ઇચ્છે છે, એટલા માટે તેમની સાથે એવો વ્યવહાર કરવામાં ન આવે જે સામાન્ય મુર્તદોની સાથે કરવામાં આવે છે, પરંતુ હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ સંપૂર્ણ પાકા નિર્ધાર અને હિંમત સાથે ફરમાવ્યું કે જે વ્યક્તિ નમાઝ અને ઝકાતમાં ફરક કરશે તેની સાથે હું જિહાદ કરીશ.

ઈશારો એ બાબત તરફ હતો કે, જે લોકો ઝકાતને રસૂલે કરીમ ﷺ સાથે ખાસ રીતે જોડીને આપ ﷺની વફાત પછી તે હુકમ રદ થઈ જવાની માન્યતા ધરાવતા હતા તેઓ કાલે એવું પણ કહી શકતા હતા કે નમાઝ પણ આપ ﷺની સાથે વિશિષ્ટરૂપે હતી, કારણ કે કુર્આને કરીમમાં આ આયત પણ આવી છે, اَقِمِ الصَّلٰوةَ لِدُلُوْكِ الشَّمْسِ (૧૭:૭૮) જેમાં નમાઝને કાયમ કરવાનું સંબોધન નબીએ કરીમ ﷺને કરવામાં આવ્યું છે પરંતુ જે પ્રમાણે નમાઝનો હુકમ સમગ્ર ઉમ્મત માટે સર્વસામાન્ય છે તેને આપ ﷺની સાથે ખાસ રીતે જોડાયેલ બતાવવાની ખોટી તા'વીલો કરનારાઓ કુફ્રથી નથી બચી શકતા એ જ પ્રમાણે આયત خُذْ مِنْ اَمْوَالِهِمْ માં આ તા'વીલ તેમને કુફ્ર અને મુર્તદ થવાથી બચાવી શકશે નહીં, આ બાબતે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)ને સંતોષ થઈ ગયો અને તેમણે સહાબએ કિરામ (રદિ.)ના સમૂહ સાથે તે લોકો સામે જિહાદ કર્યો.

ઝકાત એ સરકારનો ટેક્ષ નથી બલકે ઇબાદત છે :

કુર્આને કરીમની પ્રસ્તુત આયતમાં خُذْ مِنْ اَمْوَالِهِمْ પછી જે ઈરશાદ થયો, صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا તેમાં એ વર્ણન જોવા મળે છે કે, ઝકાત કે સદકહ કોઈ સરકારે લગાવેલ ટેક્ષ નથી જે સામાન્ય રીતે સરકારોનું વ્યવસ્થાતંત્ર સરકાર

ચલાવવા માટે વસૂલ કરે છે, બલકે તેનો હેતુ પોતે માલદારને ગુનાહોથી પવિત્ર અને સ્વચ્છ કરવાનો છે.

અત્રે એ વાત પણ વિચારવા યોગ્ય છે કે, ઝકાત અને સદકહને વસૂલ કરવાથી વાસ્તવમાં બે ફાયદા થાય છે, એક લાભ પોતે માલ ધરાવનાર વ્યક્તિને થાય છે કે તેના દ્વારા તે ગુનાહોથી અને માલની લાલચ તથા મહોબ્બતથી પેદા થનારી સ્વાભાવગત બીમારીઓના જંતુઓથી પવિત્ર અને સ્વચ્છ થઈ જાય છે અને બીજો લાભ એ કે, કોમના આ અશક્ત અને લાચાર વર્ગનું ભરણ-પોષણ થાય છે કે જેઓ પોતે પોતાની જરૂરિયાતો સંતોષી શકવા માટે મજબૂર અથવા અસમર્થ છે, જેમકે યતીમ બાળકો, વિધવા સ્ત્રીઓ, અપંગ અને લાચાર સ્ત્રી-પુરુષો તથા સામાન્ય ફકીરો અને મિસ્કીનો વગેરે.

પરંતુ કુર્આને હકીમે આ સ્થળે ફક્ત પ્રથમ લાભનું વર્ણન કરવા સુધી વાત પહોંચાડી એ તરફ ઈશારો કર્યો છે કે, ઝકાત અને સદકહનો મૂળ હેતુ પ્રથમ પ્રકારનો લાભ જ છે, બીજો લાભ તેના થકી આપમેળે પ્રાપ્ત થઈ જાય છે, એટલા માટે ધારી લો કે કોઈ સ્થળે અથવા કોઈ સમયે કોઈ યતીમ (અનાથ), વિધવા, ફકીર, મિસ્કીન ઉપસ્થિત ન હોય તો પણ માલ ધરાવનાર વ્યક્તિ ઉપરથી ઝકાત આપવાનો હુકમ રદ થશે નહીં.

આ વિષયનું સમર્થન એ બાબતથી પણ થાય છે કે, અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતોમાં જે માલ અલ્લાહ તઆલા માટે કાઢવામાં આવતો હતો તેનો ઉપયોગ કોઈપણ સ્વરૂપે જાઈઝ ન હતો, બલકે રિવાજ એ હતો કે તેને કોઈ અલગ સ્થળ ઉપર મૂકી દેવામાં આવતો હતો અને આકાશી વીજળી આવીને તેને સળગાવી દેતી હતી. આ જ તે વાતની નિશાની હતી કે આ સદકહ અલ્લાહ તઆલાએ સ્વીકારી લીધો છે અને જ્યાં આ આકાશી વીજળી ન આવતી તો સદકહ અસ્વીકૃત હોવાની નિશાની સમજવામાં આવતી હતી પછી આ નીંદાપાત્ર માલને કોઈ હાથ પણ લગાવતું ન હતું.

આ બાબતથી સ્પષ્ટ થઈ ગયું કે, ઝકાત અને સદકહની મૂળ શરત કોઈની જરૂરત પૂરી કરવા માટે નથી, બલકે તે એક આર્થિક ઉધાર અને ઈબાદત છે, જેમકે નમાઝ, રોઝા એ શારીરિક ઈબાદતો છે; આ સન્માનનીય ઉમ્મતની

વિશેષતાઓમાંથી એ પણ છે કે આ માલ જે અલ્લાહ માટે કાઢવામાં આવ્યો છે તેને ઉમ્મતના ફકીરો અને મિસ્કીનો માટે ઉપયોગ કરવો જાઇઝ ઠરાવી દેવામાં આવ્યું, જેમકે મુસ્લિમની સહીહ હદીષમાં રસૂલે કરીમ ﷺ દ્વારા તેની સ્પષ્ટતા વર્ણન થઈ છે.

એક પ્રશ્ન અને તેનો ઉત્તર :

અત્રે પ્રસ્તુત ઘટનામાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, પ્રસ્તુત ઘટનામાં જ્યારે આ લોકોની તવબહ સ્વીકાર કરી લેવામાં આવી તો ગુનાહની મા'ફી અને પવિત્રતા તો તવબહ દ્વારા જ પ્રાપ્ત થઈ ચૂકી પછી માલ લેવાને પવિત્રતા કઈ રીતે ઠરાવવામાં આવી ? તેનો શું અર્થ છે ?

જવાબ એ છે કે જો કે તવબહથી ગુનાહો મા'ફ થઈ ગયા પરંતુ ગુનાહ મા'ફ થયા પછી તેનો કંઈક દુષ્પ્રભાવ (ખરાબ અસર) અને કડવાશ બાકી રહી શકે છે જે ભવિષ્યમાં ફરીવાર ગુનાહોના પુનરાવર્તનનું કારણ બની શકે છે, સદકહ કરવાથી તે દુષ્પ્રભાવ દૂર થઈને સંપૂર્ણ પવિત્રતા પ્રાપ્ત થઈ જાય છે.

وَصَلِّ عَلَيْهِمْ (વસલ્લિ અલયહિમ) તેમાં શબ્દ صَلٰوة (સલાત)નો અર્થ તેમના માટે રહમતની દુઆ કરવાનો છે અને રસૂલે કરીમ ﷺથી એ જ નકલ થયું છે કે, અમુક લોકો માટે રસૂલે કરીમ ﷺએ "સલાત" શબ્દનો દુઆ માટે ઉપયોગ કર્યો છે, જેમકે اَللّٰهُمَّ صَلِّ عَلٰى اٰلِ اَبِىْ اَوْفٰى હદીષમાં આવ્યું છે, પરંતુ પાછળના શબ્દોમાં અંબિયા (અલૈ.)ની "સલાત" (દુઆ) વિશિષ્ટ નિશાની બની ગઈ, એટલા માટે મોટા ભાગના ફુક્હાનું એવું નિવેદન છે કે હવે કોઈ વ્યક્તિ માટે દુઆ "સલાત" શબ્દ વડે કરવામાં નહીં આવે, બલકે આ શબ્દને ફક્ત અંબિયા (અલૈ.) માટે વિશિષ્ટ સ્વરૂપે ખાસ રાખવામાં આવશે જેથી તેમની કક્ષાનું અપમાન કે કોઈ શંકાનું સ્થાન બાકી ન રહે. *(બયાનુલ કુર્આન વગેરે)*

અત્રે રસૂલે કરીમ ﷺને સદકહ આપનારાઓ માટે દુઆ કરવાનો હુકમ થયો છે તે કારણે અમુક ફુક્હાએ ફરમાવ્યું કે, ઈમામ અને અમીરે સદકહ કરનારાઓ માટે દુઆ કરવી વાજિબ છે અને અમુક લોકોએ તેને મુસ્તહબ કાર્ય ઠરાવ્યું છે. *(કુર્તુબી)*

وَاٰخَرُوْنَ مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ દશ મો'મિન સહાબાઓ જેઓ વિના કારણે

ગઝ્વએ તબૂકમાં જવાથી પાછળ રહી ગયા હતા તેમનામાંથી સાત વ્યક્તિઓએ તો પોતાના અફસોસ અને પસ્તાવાની સંપૂર્ણ જાહેરાત પોતાની જાતને મસ્જિદના થાંભલાઓ સાથે બાંધીને કરી આપી હતી, તેમનો હુકમ પ્રથમ આયતમાં આવી ચૂક્યો, وَاٰخَرُوْنَ اعْتَرَفُوْا આ આયત બાકીની તે ત્રણ વ્યક્તિઓ તરફ ઈશારો કરે છે કે જેમણે પોતાને મસ્જિદમાં કેદ કરવાનું આ કાર્ય કર્યું ન હતું અને તેનો ખુલ્લમ-ખુલ્લો સ્વીકાર પણ કર્યો ન હતો, તેમના વિશે રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને હુકમ આપી દીધો હતો કે, મુસલમાનો તેમની સાથે સંબંધવિચ્છેદ કરી નાંખે, તેમની સાથે સલામ-કલામ, વાતચીત બંધ કરી દે, આ ઘટના પછી તેમની પરિસ્થિતિ સુધરી ગઈ અને તેઓએ નિખાલસતાપૂર્વક ગુનાહનો સ્વીકાર કરીને તવબહ કરી લીધી એમને પણ મા'ફી આપવાનો હુકમ આપી દેવામાં આવ્યો. *(સહીહ બુખારી અને મુસ્લિમ)*

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૦૭ થી ૧૧૦)

وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا ضِرَارًا وَّكُفْرًا وَّتَفْرِيْقًا بَيْنَ الْمُؤْمِنِيْنَ
وَاِرْصَادًا لِّمَنْ حَارَبَ اللّٰهَ وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ؕ وَلَيَحْلِفُنَّ اِنْ اَرَدْنَآ اِلَّا الْحُسْنٰى ؕ
وَاللّٰهُ يَشْهَدُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿۱۰۷﴾ لَا تَقُمْ فِيْهِ اَبَدًا ؕ لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى
مِنْ اَوَّلِ يَوْمٍ اَحَقُّ اَنْ تَقُوْمَ فِيْهِ ؕ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا ؕ وَاللّٰهُ
يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ﴿۱۰۸﴾ اَفَمَنْ اَسَّسَ بُنْيَانَهٗ عَلٰى تَقْوٰى مِنَ اللّٰهِ وَرِضْوَانٍ
خَيْرٌ اَمْ مَّنْ اَسَّسَ بُنْيَانَهٗ عَلٰى شَفَا جُرُفٍ هَارٍ فَانْهَارَ بِهٖ فِيْ نَارِ جَهَنَّمَ ؕ
وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿۱۰۹﴾ لَا يَزَالُ بُنْيَانُهُمُ الَّذِىْ بَنَوْا رِيْبَةً فِىْ قُلُوْبِهِمْ
اِلَّآ اَنْ تَقَطَّعَ قُلُوْبُهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿۱۱۰﴾ ع

તરજુમો :

અને જેમણે એક મસ્જિદ (ઈસ્લામને) નુકસાન પહોંચાડવા ઉપર અને કુફ્ર

ઉપર બનાવી છે અને મુસલમાનોમાં ફૂટ (વિખવાદ) નાંખવા માટે અને તે માણસની તૈયારી માટે જે અલ્લાહ સાથે અને તેના રસૂલ સાથે પહેલેથી લડી રહ્યો છે અને તેઓ કસમો ખાશે કે અમે તો ભલાઈ જ ઈચ્છી હતી અને અલ્લાહ ગવાહ છે કે તેઓ જૂઠા છે. (૧૦૭) તમે તેમાં ક્યારેય ઊભા ન થાઓ અલબત્ત તે મસ્જિદ જેનો પાયો પ્રથમ દિવસથી પરહેઝગારી ઉપર મૂકવામાં આવ્યો તે એ લાયક છે કે તમે તેમાં ઊભા રહો, એમાં એવા લોકો છે જે પવિત્ર રહેવાને પસંદ કરે છે અને અલ્લાહ પવિત્ર રહેનારાઓને પસંદ કરે છે. (૧૦૮) ભલા ! જેણે પોતાની ઈમારતનો પાયો અલ્લાહથી ડરવા ઉપર અને તેની ખુશી ઉપર મૂક્યો તે બહેતર છે અથવા જેણે પોતાની ઈમારતનો પાયો એક ખાઈના કિનારા ઉપર મૂક્યો જે પડું-પડું થઈ રહ્યો છે? પછી તેને લઈને દોઝખની આગમાં પડી ગયો ? અને અલ્લાહ જાલિમ લોકોને માર્ગ નથી આપતો. (૧૦૯) તે ઈમારતથી જેનો તેમણે પાયો નાંખ્યો છે હંમેશા તેમના દિલોમાં શંકા(નું કારણ) રહેશે પરંતુ જ્યારે તેમના દિલ ટૂકડા(-ટૂકડા) થઈ જાય અને અલ્લાહ જ સઘળું જાણનારો મહાન હિકમતવાળો છે. (૧૧૦)

તફસીર :

અને અમુક એવા છે જેમણે એ હેતુ માટે મસ્જિદ બનાવી છે કે (ઈસ્લામને) નુકસાન પહોંચાડે અને (તેમાં બેસીને) કુફ્ર (એટલે કે રસૂલ ﷺની દુશ્મની)ની વાતો કરે અને (એ કારણે કે) ઈમાનવાળાઓ(ના સમૂહ)માં ફૂટ નાંખે (કારણ કે જ્યારે બીજી મસ્જિદ બનાવવામાં આવે તો જાહેર કરવામાં આવે કે તે સારી નિય્યતે બની છે તો ચોક્કસ એવું બનશે કે પ્રથમ મસ્જિદના નમાઝીઓ થોડા-થોડા વહેંચાશે) અને (એ પણ હેતુ છે કે) તે વ્યક્તિના થોભવાની તૈયારી કરે જે આ (મસ્જિદ બનાવતા) પહેલાં અલ્લાહ અને તેના રસૂલ (ﷺ)નો વિરોધી છે (એ વ્યક્તિ અબૂ આમિર રાહિબ છે) અને (તેમને પૂછશો તો) કસમો ખાશે (જેમકે એક વખતે અગાઉ પણ પૂછવાથી કસમો ખાઈ ચૂક્યા છે) કે ભલાઈ સિવાય અમારી કોઈ બીજી નિય્યત નથી અને અલ્લાહ ગવાહ છે કે તેઓ (તેમના દા'વામાં) બિલકુલ જૂઠા છે (જ્યારે આ મસ્જિદની એ પરિસ્થિતિ છે કે તે વાસ્તવમાં મસ્જિદ જ નથી બલકે ઈસ્લામને નુકસાન પહોંચાડનારી છે તો) તમે

તેમાં કદાપિ (નમાઝ માટે) ઊભા ન થાઓ, અલબત્ત તે મસ્જિદ (એટલે કે મસ્જિદે કુબા)નો પાયો પ્રથમ દિવસથી જ (એટલે કે જ્યારથી તેની યોજના બનાવવામાં આવી) તકવા (અને ઈખ્લાસ) ઉપર મૂકવામાં આવ્યો છે એ (વાસ્તવમાં) એના લાયક છે કે તમે તેમાં (નમાઝ માટે) ઊભા થાઓ (એટલા માટે ક્યારેક–ક્યારેક આપ ﷺ ત્યાં નમાઝ પઢવા માટે જતા હતા) તે (મસ્જિદે કુબા)માં એવા (સારા) લોકો છે કે તેઓ ખૂબ પવિત્ર રહેવાને પસંદ કરે છે અને અલ્લાહ તઆલા ખૂબ પવિત્ર રહેનારાઓને પસંદ કરે છે (જ્યારે બંને મસ્જિદોના કર્તા–ધર્તાઓની હાલત જાણ થઈ ગઈ તો) પછી (સમજી લો કે) વારું, એવો વ્યક્તિ શ્રેષ્ઠ છે જેણે પોતાની ઈમારત (એટલે કે મસ્જિદ)નો પાયો કોઈ ખીણ (એટલે કે ભેખડ)ના કિનારા ઉપર કે જે પડવાની તૈયારીમાં છે મૂક્યો હોય (અર્થ એ છે કે કુફ્રના સ્વાર્થી હેતુઓ છે કે જે બિલકુલ અસ્થાયી અને ટકી શકવાના નથી, તે અત્રે એવા પ્રતીક સ્વરૂપે વર્ણન થયું છે) પછી તે (ઈમારત) એ (તેના કર્તા–ધર્તા)ને લઈને જહન્નમના ખાડામાં જઈ પડે છે (એટલે કે તે ઈમારત પડું–પડું થતી ભેખડ ઉપર બનાવવામાં આવી હોવાના કારણે પડી ગઈ જ્યારે તે કિનારો પાણીમાં કપાઈને પડી જશે તો આ ઈમારત પણ પડી જશે અને તેનો કર્તા–ધર્તા પણ તેમાં પડી જશે, કારણ કે તે આ ઈમારતમાં રહેતો હતો અને તેનો ભાવાર્થ તે લોકોના કુફ્રના સ્વાર્થી હેતુઓની પૂર્તિ છે જે જહન્નમના ખાડામાં લઈ જનાર છે, એટલા માટે એવું ફરમાવવામાં આવ્યું કે તે તેમને જહન્નમમાં લઈ જઈને પડી) અને અલ્લાહ તઆલા એવા જાલિમોને (દીનની) સમજ જ નથી આપતો (કે તેમણે મસ્જિદના નામ ઉપર ઈમારત બનાવી જે દીનના પ્રતીકોમાંથી છે અને તેમાં તેમનો હેતુ કેટલો ફસાદ ફેલાવવાનો હતો !) તેમની આ ઈમારત (મસ્જિદ) જે તેમણે બનાવી છે હંમેશા તેમના દિલોમાં (કાંટાની જેમ) ખટકતી રહેશે (કારણ કે તેને જે હેતુથી બનાવવામાં આવી હતી તે હેતુ પૂર્ણ ન થયો અને તેમના ષડયંત્રો જાહેર થઈ ગયા તે તો અલગ ! અને પછી ઉપરથી તેને જમીનદોસ્ત કરી નાંખવામાં આવી, મતલબ કે તેમના કોઈ અરમાન પૂરા ન થયા એટલા માટે તેમને સમગ્ર જિંદગી અફસોસ અને પસ્તાવો જ નસીબ થયો), હા! જો તેમના (તે) દિલ જ (જે દિલમાં જ તેઓ તમન્ના રાખે છે તે) ફના થઈ જાય તો ભલે ! (તે અરમાન પણ તે સમયે નાશ પામશે) અને અલ્લાહ તઆલા સર્વજ્ઞ

અને મહાન હિકમતવાળો છે (તેમની પરિસ્થિતિને જાણે છે અને તેના યોગ્ય જ સજા આપશે).

મસ્અલા અને બોધપાઠ :

મુનાફિકોની પરિસ્થિતિ અને ઈસ્લામ વિરુદ્ધ તેમની પ્રવૃત્તિઓનું વર્ણન ઉપર ઘણી બધી આયતોમાં આવી ચૂક્યું છે. પ્રસ્તુત આતયતોમાં પણ તેમનાં એક ષડયંત્રનું વર્ણન છે જેની ઘટના એવી છે કે, મદીના તય્યિબહમાં એક વ્યક્તિ અબૂ આમિર નામનો અજ્ઞાનતાના સમયમાં ખ્રીસ્તી હતો અને તે અબૂ આમિર રાહિબના નામથી પ્રખ્યાત હતો, આ તે જ વ્યક્તિ છે જેનો પુત્ર હઝરત હન્ઝલા (રદિ.) ઘણા પ્રખ્યાત સહાબી છે જેમની લાશને ફરિશ્તાઓએ ગુસ્લ આપ્યું હતું એટલા માટે તેઓ غَسِيْلِ مَلَائِكَة ના નામથી પ્રખ્યાત થયા પરંતુ તેમના પિતા પોતાની ગુમરાહી અને ખ્રીસ્તી ધર્મ ઉપર જ કાયમ રહ્યા.

જ્યારે રસૂલે કરીમ ﷺ મદીના તય્યિબહ તશરીફ લાવ્યા તો અબૂ આમિર રાહિબ સેવામાં ઉપસ્થિત થયો અને ઈસ્લામ ઉપર વાંધા ઉઠાવ્યા, રસૂલે કરીમ ﷺના જવાબથી પણ તે બદ્નસીબને સંતોષ ન થયો બલકે તેણે એવું કહ્યું કે આપણા બંનેમાંથી જે જૂઠો હોય તે ધિક્કારપાત્ર બને અને પોતાના સગાં-વહાલાંઓથી દૂર મુસાફરીમાં મરે અને કહ્યું કે તમારા મુકાબલામાં જે પણ દુશ્મન આવશે હું તેની મદદ કરીશ તેથી ગઝ્વએ હુનૈન સુધી બધી જ ગઝ્વાતમાં તે મુસલમાનોના દુશ્મનોના લશ્કરમાં સામેલ રહ્યો. જ્યારે હવાઝિનનો મજબૂત કબીલો પણ હાર ખાઈ ચૂક્યો તો તે નિરાશ અને હતાશ થઈને સિરીયા નાસી છૂટયો કારણ કે આ જ દેશ ખ્રીસ્તીઓનું કેન્દ્ર હતો, ત્યાં જઈને પોતાના સગાં-સંબંધીઓથી દૂર મૃત્યુ પામ્યો, જે દુઆ તેણે કરી હતી તે તેની સામે આવી ગઈ, જ્યારે કોઈ વ્યક્તિને અપમાન નસીબ થાય છે તો તે આવું જ કાર્ય કરતો હોય છે, તે પોતાની જ દુઆથી અપમાનિત અને ઝલીલ થયો.

પરંતુ જ્યાં સુધી જીવતો રહ્યો ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ ષડયંત્રો રચતો રહ્યો તેથી રૉમન સમ્રાટ (કયસર)ને એ બાબતે રાજી કરવાનો પ્રયત્ન કર્યો કે તે પોતાના લશ્કર સાથે મદીના ઉપર ચઢાઈ કરે અને ત્યાંથી મુસલમાનોને કાઢી મૂકે.

આ ષડયંત્રની એક ઘટના એવી બની કે તેણે મદીનાના મુનાફિકો કે જેમની સાથે તેની સાંઠ-ગાંઠ હતી પત્રો લખ્યા કે હું એ બાબતનો પ્રયત્ન કરી રહ્યો છું કે, રૉમન સમ્રાટને મદીના ઉપર ચઢાઈ કરવા રાજી કરીશ પરંતુ તમારા લોકોની સામૂહિક અને સંગઠિત શક્તિ જોઈશે જે તે સમયે રૉમન સમ્રાટની મદદ કરે, તેનું સ્વરૂપ એવું છે કે તમે મદીનામાં એક મકાન બનાવો અને એવું જાહેર કરો કે, અમે મસ્જિદ બનાવી રહ્યા છે જેથી મુસલમાનોને શંકા ન થાય, પછી તે મકાનમાં તમે પોતાના લોકોને ભેગા કરો અને જેટલા પ્રમાણમાં હથિયારો અને સરંજામ ભેગો કરી શકતા હોય તે પણ ભેગો કરો અને ત્યાં મુસલમાનો વિરુદ્ધ પરસ્પર સલાહ-મશ્વરા કરી યોજનાઓ ઘડતા રહો.

તેની સલાહ ઉપર બાર મુનાફિકોએ મદીના તય્યિબહના કુબા મહોલ્લામાં કે જ્યાં પ્રથમ હિજરત વખતે રસૂલુલ્લાહ ﷺ થોભ્યા હતા અને એક મસ્જિદ બનાવી હતી ત્યાં જ એક બીજી મસ્જિદનો પાયો નાંખ્યો, આ મુનાફિકોના નામ પણ ઈબ્ને ઈસ્હાક વગેરેએ વર્ણન કર્યા છે, પછી મુસલમાનોને ધોકો આપવા માટે અને અંધારામાં રાખવા માટે એવો ઈરાદો કર્યો કે પોતે રસૂલે કરીમ ﷺ પાસે એક નમાઝ આ સ્થળે પઢાવી લે જેથી બધા મુસલમાનોને સંતોષ થઈ જાય કે આ પણ એક મસ્જિદ છે, જેમકે આ અગાઉ એક મસ્જિદ પ્રથમથી જ અહીંયાં બની ચૂકી છે.

તેમનું એક પ્રતિનિધિ મંડળ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયું અને વિનંતી કરી કે કુબાની હાલની મસ્જિદ ઘણા બધા લોકો માટે દૂર પડે છે, અશક્ત અને બીમાર વ્યક્તિઓને ત્યાં સુધી પહોંચવું મુશ્કેલ છે અને મસ્જિદે કુબા એટલી વિશાળ પણ નથી કે સમગ્ર વસ્તીના લોકો તેમાં સમાવી શકાય, એટલા માટે અમે એક બીજી મસ્જિદ આ કામ માટે બનાવી છે જેથી કમજોર મુસલમાનોને લાભ પહોંચે, તમે આ મસ્જિદમા એક નમાઝ પઢી લો જેથી બરકત થઈ જાય.

રસૂલુલ્લાહ ﷺ તે સમયે ગઝ્વએ તબૂકની તૈયારીમાં મશ્ગૂલ હતા, આપ ﷺએ એ વાયદો કરી લીધો કે અત્યારે તો હું મુસાફરીની તૈયારીમાં છું, પરત આવ્યા પછી અમે તેમાં નમાઝ પઢીશું પરંતુ ગઝ્વએ તબૂકથી પાછા ફરવાના સમયે જ્યારે કે રસૂલે કરીમ ﷺએ મદીના તય્યિબહ પાસે એક સ્થળ

ઉપર પડાવ નાંખ્યો હતો ત્યારે પ્રસ્તુત આયત રસૂલે કરીમ ﷺ ઉપર નાઝિલ થઈ જેમાં આ મુનાફિકોના ષડયંત્રને ખુલ્લું પાડવામાં આવ્યું હતું.

આયતો નાઝિલ થવાથી આપ ﷺ પોતાના અમુક સહાબીઓ જેમાં આમિર બિન સકન અને વહશી કે જેઓ હઝરત હમ્ઝા (રદિ.)ના કાતિલ પણ છે વગેરે સામેલ હતા, તેમને હુકમ આપ્યો કે હમણા જ જઈને તે મસ્જિદને જમીનદોસ્ત કરી નાંખો અને તેમાં આગ લગાવી દો, આ બધા લોકો તે જ સમયે ગયા અને હુકમનો અમલ કરીને તે ઈમારતને જમીનદોસ્ત કરી નાંખી, આ સમગ્ર ઘટના તફસીરે કુર્તુબી અને મઝહરીએ વર્ણન કરેલ રિવાયતોમાંથી લેવામાં આવેલી છે.

તફસીરે મઝહરીમાં મુહમ્મદ બિન યૂસુફ સાલિહીના હવાલાથી એ પણ વર્ણન થયું છે કે, જ્યારે રસૂલે કરીમ ﷺ કુબાથી મદીના મુનવ્વરહ પહોંચી ગયા તો "મસ્જિદે જિરાર"ની જગ્યા ખાલી પડી હતી, રસૂલે કરીમ ﷺએ આસિમ બિન અદીને એ બાબતની પરવાનગી આપી કે તેઓ તે સ્થળે પોતાનું ઘર બનાવી લે, તેમણે વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! જે સ્થળ વિશે કુર્આને કરીમની આ આયતો નાઝિલ થઈ ચૂકી છે હું તો તે મન્હૂસ સ્થળે પોતાનું ઘર બનાવવાનું પસંદ નથી કરતો, અલબત્ત ષાબિત બિન અકરમ જરૂરિયાતમંદ છે તેમની પાસે કોઈ ઘર નથી, તેમને પરવાનગી આપી દો કે તેઓ ત્યાં પોતાનું ઘર બનાવી લે, એટલા માટે આપ ﷺએ તેમની સલાહ ઉપર આ સ્થળે તેમને આપી દીધું, પરંતુ થયું એમ કે જ્યારથી હઝરત ષાબિત (રદિ.) તે મકાનમાં સ્થાયી થયા તેમને ન તો કોઈ બાળક પેદા થયું અથવા જીવતું ન રહ્યું.

ઈતિહાસકારોએ નોંધ્યું છે કે આ સ્થળ મનુષ્ય તો શું કોઈ પક્ષી પણ ઈંડા કે બચ્ચાં આપવા યોગ્ય ન રહ્યું, કોઈ કબૂતર કે જાનવરનો પણ ત્યાં વંશવેલો વધ્યો નહીં, એટલા માટે ત્યાર પછી આ સ્થળ આજદિન સુધી મસ્જિદે કુબાના અમુક અંતરે વેરાન પડેલી હાલતમાં છે.

ઘટનાની વિગત સાંભળ્યા પછી પસ્તુત આયતના શબ્દોને જૂઓ, પ્રથમ આયતમાં ફરમાવ્યું, وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا એટલે કે, જે પ્રમાણે ઉપરોક્ત બીજા મુનાફિકોને અઝાબ, અપમાન અને રુસ્વાઈનું વર્ણન થયું છે એમ આ મુનાફિકો

પણ તેમાં સામેલ છે જેમણે મસ્જિદનું નામ આપી એક એવી ઈમારત બનાવી જેનો હેતુ મુસલમાનોને નુકસાન પહોંચાડવાનો હતો.

આ આયતમાં પ્રસ્તુત મસ્જિદ બનાવવાના ત્રણ હેતુઓ વર્ણન કરવામાં આવ્યા છે. પ્રથમ ضِرَارًا (જિરારન) એટલે કે, મુસલમાનોને નુકસાન પહોંચાડવા માટે; શબ્દ ضَرَرٌ (જરર) અથવા ضِرَارٌ (જિરાર) બંને અરબી ભાષામાં નુકસાન પહોંચાડવાના અર્થમાં ઉપયોગ થાય છે. અમુક લોકોએ એ તફાવત વર્ણન કર્યો છે કે, "જરર" તો તેને કહેવામાં આવે છે જેમાં તે પ્રવૃત્તિ કરનારનો પોતાનો કોઈ લાભ હોય અને બીજાઓને નુકસાન પહોંચે અને "જિરાર" અન્યોને એ નુકસાન પહોંચાડવાનું હોય છે જેમાં તે નુકસાન પહોંચાડનારનો પોતાનો કોઈ લાભ પણ ન હોય, કારણ કે આ મસ્જિદનું પરિણામ એ જ આવવાનું હતું કે તેને બનાવનારાઓને તેનાથી કોઈ લાભ મળ્યો નહીં તેથી અહીંયાં ફક્ત "જિરાર" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

બીજો હેતુ આ મસ્જિદનો تَفْرِيْقًا بَيْنَ الْمُؤْمِنِيْنَ બતાવવામાં આવ્યો છે, એટલે કે, તેમનો મકસદ આ મસ્જિદ બનાવવા પાછળ એ હતો કે મુસલમાનોના સમૂહના બે ટૂકડા થઈ જાય, એક ટૂકડો આ મસ્જિદમાં નમાઝ પઢનારાઓનો અલગ થઈ જાય અને આ જુની મસ્જિદે કુબાના નમાઝી ઘટી જાય અને અમુક લોકો અહીંયાં નમાઝ પઢવા આવે.

ત્રીજો હેતુ اِرْصَادًا لِّمَنْ حَارَبَ اللّٰهَ બતાવવામાં આવ્યો, જેનો ખુલાસો એ છે કે આ મસ્જિદથી આ કામ પણ લેવું હતું કે, અહીંયાં અલ્લાહ અને રસૂલ ﷺના દુશ્મનોને આશરો મળે અને અહીંયાં મુસલમાનો વિરુદ્ધ ષડયંત્રો રચવામાં આવે.

આ બધા કારણોથી એ સાબિત થઈ ગયું કે, જે મસ્જિદને કુર્આને કરીમે "મસ્જિદે જિરાર" ઠરાવી દીધી અને રસૂલે કરીમ ﷺના હુકમથી તેને જમીનદોસ્ત કરી દેવામાં આવી અને આગ લગાવી દેવામાં આવી વાસ્તવમાં તે ન તો મસ્જિદ હતી અને ન જ તેનો મકસદ નમાઝ પઢવા માટે હતો બલકે તેના ત્રણ હેતુઓ હતા જેનું ઉપર વર્ણન થયું, એનાથી જાણ થઈ કે આજકાલ જો કોઈ મુસલમાન એક મસ્જિદના મુકાબલામાં પાસે જ કોઈ બીજી મસ્જિદ બનાવી દે અને તે બનાવવાનો હેતુ માત્ર પરસ્પર અલગાવ અને પ્રથમ મસ્જિદની

જમાઅતને તોડવાનો વગેરે ફસાદી હેતુઓ હોય પરંતુ તેમ છતાં આ સ્થળને શરઈ હેસિયતથી મસ્જિદ જ કહેવામાં આવશે અને બધા જ અદબો અને હુકમો મસ્જિદના જ તેના ઉપર લાગુ પડશે, તેને જમીનદોસ્ત કરવી કે આગ લગાડવી જાઇઝ નથી અને જે લોકો તેમાં નમાઝ પઢશે તેમની નમાઝ પણ અદા થઈ જશે, જો કે આવા હેતુથી મસ્જિદ બનાવવી એક આગવો ગુનોહ છે તે અલગ બાબત છે.

તેનાથી એ પણ જાણ થઈ ગઈ કે આ પ્રમાણે દેખાડા કે નામના માટે કે પછી જીદ અને દુશ્મનાવટના કારણે જો મુસલમાન કોઈ મસ્જિદ બનાવી લે, જો કે મસ્જિદ બનાવનારને તેનો સવાબ મળશે નહીં બલકે ગુનોહ થશે પરંતુ તેને કુર્આનની પરિભાષિત કરેલી "મસ્જિદે જિરાર" કહેવામાં નહીં આવે, અમુક લોકો જે આ પ્રકારની મસ્જિદને "મસ્જિદે જિરાર"નું ઉપનામ આપે છે તે યોગ્ય નથી, અલબત્ત તેને મસ્જિદે જિરાર સમકક્ષ કહી શકાય છે એટલા માટે આવી મસ્જિદ બનાવવાને રોકી પણ શકાય છે જેમકે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ એક ફરમાન બહાર પાડ્યું હતું જેમાં સૂચના આપવામાં આવી હતી કે, એક મસ્જિદની બિલકુલ પાસે બીજી મસ્જિદ ન બનાવવામાં આવે કે જેનાથી પ્રથમ મસ્જિદની જમાઅત અને રોનક પ્રભાવિત થતી હોય. *(તફસીરે કશ્શાફ)*

આ મસ્જિદે જિરાર વિશે બીજી આયતમાં રસૂલે કરીમ ﷺને આ હુકમ આપવામાં આવ્યો لَا تَقُمۡ فِيۡهِ اَبَدًا તેમાં કયામનો અર્થ "નમાઝ માટે ઊભા થવું" થાય છે, મતલબ એ છે કે તમે તે નામની મસ્જિદમાં કદાપિ નમાઝ ન પઢો.

મસ્અલો :

તેનાથી એટલી જાણ થાય છે કે જો આજે પણ કોઈ નવી મસ્જિદ પ્રથમ મસ્જિદની બિલકુલ નજીક વિના કોઈ જરૂરતે ફક્ત દેખાડા અને નામના માટે અથવા જીદ કે દુશ્મનાવટના લીધે બનાવવામાં આવે તો તેમાં નમાઝ પઢવું સારું નથી, જો કે નમાઝ થઈ જાય છે.

આ જ આયતમાં રસૂલે કરીમ ﷺને એ પણ સૂચના આપી દેવામાં આવી છે કે, તમારા માટે નમાઝ પઢવી તે જ મસ્જિદમાં યોગ્ય છે જેનો પાયો પ્રથમથી જ તકવા ઉપર મૂકવામાં આવ્યો છે અને તેમાં એવા લોકો નમાઝ પઢે છે જેમને પવિત્રતા અને સ્વચ્છતાની પૂરી કાળજી રાખવાનું પસંદ છે અને અલ્લાહ તઆલા પણ એવા પવિત્ર લોકોને પસંદ કરે છે.

પાછલી આયતથી જાહેર થાય છે કે, આ મસ્જિદ એ "મસ્જિદે કુબા" છે, જેમાં તે વખતે રસૂલે કરીમ ﷺ નમાઝ પઢવા માટે ક્યારેક ક્યારેક જતા હતા અને રિવાયતની હદીષોથી એનું સમર્થન પણ મળે છે.

(كَمَارَوَاهُ ابْنُ مَرْدَوَيْهِ عَنِ ابْنِ عَبَّاسٍ وَّ عَمْرِ وبْنِ شَيْبَةَ عَنْ سَهْلِ الْاَنْصَارِىْ وَابْنُ خُزَيْمَةَ فِىْ صَحِيْحِهٖ عَنْ عُوَيْمَرِ بْنِ صَاعِدَةَ، اَزْمَظْهَرِىْ)

અને અમુક રિવાયતોમાં જે એ પ્રમાણે આવ્યું છે કે તેનો અર્થ મસ્જિદે નબવી ﷺ છે તો તેનો પણ નકાર નથી થતો, કારણ કે મસ્જિદે નબવી ﷺ જેનો પાયો વહી પ્રમાણે રસૂલે કરીમ ﷺએ પોતાના હાથ મુબારકથી મૂક્યો હોવાનું જગ જાણીતું છે અને તેના કારણે તેની બુનિયાદ તકવા ઉપર છે, કારણ કે રસૂલે કરીમ ﷺથી વધારે પવિત્ર કોણ હોઈ શકે છે ? એટલા માટે તે પણ આ આયતના અર્થ તરીકે હોઈ શકે છે.

(كَمَا رَوَاهُ التِّرْمِذِىُّ وَ صَحَّحَهُ عَنْ اَبِىْ سَعِيْدِنِ ا الْخُدَرِىِّ مَرْفُوْعًا، اَزْقُرْطُبِىْ)

فِيْـــهِ رِجَـالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا પ્રસ્તુત આયતમાં રસૂલે કરીમ ﷺને નમાઝ પઢવા માટે તે મસ્જિદને યોગ્ય ઠરાવી, જેનો પાયો પ્રથમથી જ તકવા ઉપર મૂકવામાં આવ્યો. જેના અર્થમાં "મસ્જિદે કુબા" અને "મસ્જિદે નબવી ﷺ" બંને સામેલ છે. આ મસ્જિદની એક શ્રેષ્ઠતા એ પણ બતાવવામાં આવી કે તે મસ્જિદના નમાઝીઓ એવા લોકો છે જેઓ પવિત્રતા અને સ્વચ્છતાનો ઘણો જ ખ્યાલ રાખી કાળજી રાખે છે, સ્વચ્છતા અને પવિત્રતાનો અર્થ આ સ્થળે સામાન્ય ગંદકીઓ અને નાપાકીઓથી પાક થવું પણ સામેલ છે અને ગુનાહો તથા દુષ્કૃત્યોથી પવિત્ર થવું પણ તેમાં દાખલ છે, મસ્જિદે કુબા અને મસ્જિદે નબવી ﷺના આ નમાઝીઓ મોટા ભાગે આ સદ્‌ગુણો ધરાવનારા હતા.

ખુલાસો :

તેનાથી એ પણ જાણ થઈ કે કોઈ મસ્જિદની શ્રેષ્ઠતાનો વાસ્તવિક આધાર એ બાબત ઉપર છે કે, તે નિખાલસતાથી માત્ર અલ્લાહ માટે જ બનાવવામાં આવી હોય, તેમાં કોઈ દેખાડો, નામના અથવા કોઈ અન્ય સ્વાર્થી હેતુઓની કોઈ દખલગીરી ન હોય અને એ પણ જાણ થઈ ગઈ કે નમાઝીઓ નેક, સદ્‌ગુણી, વિદ્વાન, ઈબાદતગુઝાર હોવાથી પણ મસ્જિદની શ્રેષ્ઠતા વધી જાય છે, જે મસ્જિદના નમાઝીઓ સામાન્ય રીતે વિદ્વાનો, સદ્‌કૃત્ય આચરનારા લોકો,

પરહેઝગારો હોય તો તે મસ્જિદમાં નમાઝ પઢવાની શ્રેષ્ઠતા વધારે છે.

ત્રીજી અને ચોથી આયતમાં આ સ્વીકૃતિપ્રાપ્ત મસ્જિદના મુકાબલામાં મુનાફિકોની બનાવેલી મસ્જિદે જિરારની ટીકા કરવામાં આવી છે કે, તેનું ઉદાહરણ એવું છે જેમકે દરિયાના કિનારા ઉપર અમુક સમયે પાણી જમીનની ભેખડને નીચેથી કોરી ખાય છે અને ઉપર જમીનની સપાટી સરખી નજરે પડે છે, જો તેના ઉપર કોઈ ઈમારત ચણે તો દેખીતું છે કે તે તરત જ પડી જશે, એ જ પ્રમાણે આ મસ્જિદે જિરારનો પાયો પણ ટકાઉ ન હતો, તેનું પરિણામ એ આવ્યું છે કે તેને પાડી નાંખવામાં આવી અને તે જહન્નમની આગમાં ચાલી ગઈ, જહન્નમની આગમાં જવાનો અર્થ પ્રતિકાત્મક સ્વરૂપે હોઈ શકે છે કે તેનાથી તેને બનાવનારા લોકો માટે તેણે જહન્નમનો માર્ગ મોકળો કરી આપ્યો અને અમુક લોકોએ તેને વાસ્તવિક શબ્દો સાથે પણ પરિભાષિત કર્યું છે કે, વાસ્તવમાં જ્યારે આ મસ્જિદ જમીનદોસ્ત કરી નાંખવામાં આવી તો તે જહન્નમમાં ચાલી ગઈ. વલ્લાહુ અઅ્લમુ.

આગળ ફરમાવ્યું કે, તેનું આ ચણતર હંમેશા તેમની શંકા અને નિફાકને વધારતું રહેશે જ્યાં સુધી કે તેમના દિલો ટૂકડે-ટૂકડા ન થઈ જાય, એટલે સુધી કે જ્યાં સુધી તેમની જિંદગી સમાપ્ત ન થઈ જાય તેમની શંકા, નિફાક અને ઈર્ષ્યા તથા ક્રોધની અગ્નિ દિલમાં ભભૂકતી જ રહેશે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૧૧-૧૧૨)

إِنَّ اللَّهَ اشْتَرَىٰ مِنَ الْمُؤْمِنِينَ أَنفُسَهُمْ وَأَمْوَالَهُم بِأَنَّ لَهُمُ الْجَنَّةَ ۚ يُقَاتِلُونَ
فِي سَبِيلِ اللَّهِ فَيَقْتُلُونَ وَيُقْتَلُونَ ۖ وَعْدًا عَلَيْهِ حَقًّا فِي التَّوْرَاةِ وَالْإِنجِيلِ
وَالْقُرْآنِ ۚ وَمَنْ أَوْفَىٰ بِعَهْدِهِ مِنَ اللَّهِ ۚ فَاسْتَبْشِرُوا بِبَيْعِكُمُ الَّذِي بَايَعْتُم بِهِ ۚ وَذَٰلِكَ
هُوَ الْفَوْزُ الْعَظِيمُ ﴿١١١﴾ التَّائِبُونَ الْعَابِدُونَ الْحَامِدُونَ السَّائِحُونَ الرَّاكِعُونَ
السَّاجِدُونَ الْآمِرُونَ بِالْمَعْرُوفِ وَالنَّاهُونَ عَنِ الْمُنكَرِ وَالْحَافِظُونَ لِحُدُودِ اللَّهِ ۗ وَ
بَشِّرِ الْمُؤْمِنِينَ ﴿١١٢﴾

તરજુમો :

નિ:શંક ! અલ્લાહે મુસલમાનો પાસેથી તેમના પ્રાણ અને તેમનો માલ ખરીદી લીધો એ કિંમત ઉપર કે તેમના માટે જન્નત છે, અલ્લાહના માર્ગમાં લડે છે પછી મારે છે અને મરે છે, સાચો વાયદો થઈ ચૂક્યો છે તેની જવાબદારી ઉપર તવરાત અને ઈન્જીલ અને કુર્આનમાં અને કોણ છે અલ્લાહથી વધારે કરારનો પાબંદ? બસ ખુશીઓ મનાવો એ સોદા ઉપર જે તમે તેની સાથે કર્યો અને આ જ મોટી સફળતા છે. (૧૧૧) તેઓ તવબહ કરનારા છે, બંદગી કરનારા છે, હમ્દ (શુક્ર) કરનારા, બેતા'લ્લુક રહેનારા (અલ્લાહના માર્ગમાં મુસાફરી કરનારા–રોઝા રાખનારા), રુકૂઅ્ કરનારા, સિજ્દહ કરનારા, નેક વાતનો હુકમ કરનારા અને બુરી વાતથી રોકનારા અને તે હદોનું રક્ષણ કરનારા જે અલ્લાહે બાંધી અને ઈમાનવાળાઓને ખુશખબરી સંભળાવી દો. (૧૧૨)

તફસીર :

નિ:શંક ! અલ્લાહ તઆલાએ મુસલમાનો પાસેથી તેમના પ્રાણ અને તેમના માલને એ બાબતના બદલામાં ખરીદી લીધા છે કે, તેમને જન્નત મળશે (અને અલ્લાહને માલ અને પ્રાણ વેચવાનો ભાવાર્થ એ છે કે) તે લોકો અલ્લાહના માર્ગમાં (એટલે કે જિહાદમાં) લડે છે જેમાં (ક્યારેક તેઓ) મારે છે અને (ક્યારેક) માર્યા (પણ) જાય છે, (એટલે કે તેઓ જિહાદ કરે છે ભલે તેમાં તેઓ "ગાઝી" બને અથવા "શહીદ" થાય) એ (મરવા–મારવા)ના ઉપર (તેમને જન્નતનો) સાચો વાયદો કરવામાં આવ્યો છે તવરાતમાં (પણ) અને ઈન્જીલમાં (પણ) અને કુર્આનમાં (પણ) અને (એ દેખીતું છે કે) અલ્લાહથી વધારે પોતાનું વચન પાળનાર કોણ છે ? (અને તેણે આ સોદા ઉપર જન્નતનો વાયદો કર્યો છે) તો (આવી પરિસ્થિતિમાં) તમે લોકો (જેઓ જિહાદ કરી રહ્યા છે) પોતાના આ (પ્રસ્તુત) સોદા ઉપર જેનો તમે (અલ્લાહ તઆલા સાથે) મા'મલો ઠરાવ્યો છે ખુશી મનાવો (કારણ કે, આ સોદા ઉપર તમને વાયદા પ્રમાણે જન્નત મળશે) અને આ (જન્નત મળવી) મહાન સફળતા છે (માટે અવશ્ય તમારે આ સોદો કરવો જ જોઈએ) તે (મુજાહિદીન એવા છે જેમનામાં જિહાદ સિવાય તે સદ્‌ગુણ સંપન્ન લોકો પણ છે કે ગુનાહોથી) તવબહ કરનારા છે (અને અલ્લાહની) ઈબાદત

કરનારા (છે અને અલ્લાહની) સ્તુતિ કરનારા (છે અને) રોઝા રાખનારા (છે અને) રુકૂઅ્ અને સિજ્દહ કરનારા (છે, એટલે કે નમાઝ પઢે છે અને) નેક વાતોનું શિક્ષણ આપનારા (છે) અને ખરાબ વાતોથી રોકનારા (છે) અને અલ્લાહની મર્યાદાઓનું (એટલે કે હુકમોનું) પાલન કરનારા (છે) અને એવા મો'મિનોને (જેમનામાં જિહાદની સાથે આ લક્ષણો પણ હોય) તમે (તેમને) ખુશખબરી સંભળાવી દો (કે તેમના માટે પ્રસ્તુત જન્નતનો વાયદો છે).

મસ્અલા અને બોધપાઠ :

આયતોનો ક્રમ અને ગોઠવણી :

પાછળની આયતોમાં જિહાદમાં વિના કારણે ભાગ ન લેનારા અને રોકાઈ જનારા લોકોની ટીકાનું વર્ણન હતું અને આ આયતમાં મુજાહિદીનની ફઝીલત અને શ્રેષ્ઠતાનું વર્ણન છે.

આયતનો શા'ને નુઝૂલ (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) :

ખુલાસા પ્રમાણે મોટા ભાગના વિવરણકારોના મતે આ આયતો "બયૂઅતુલ અક્બહ" (રસૂલે કરીમ ﷺ સાથે અક્બહના સ્થળે કરવામાં આવેલ વફાદારીના કરાર)માં સામેલ થનાર લોકો વિશે નાઝિલ થઈ છે, જે હિજરત પહેલાં મક્કએ મુકર્રમહમાં મદીનાના અન્સારો પાસેથી લેવામાં આવી હતી એટલા માટે સંપૂર્ણ સૂરત મદની હોવા છતાં આ આયતોને મક્કી કહેવામાં આવી છે.

અક્બહ પહાડના ભાગને કહેવામાં આવે છે, આ સ્થળે તે અક્બહ અર્થ તરીકે છે જે મિનામાં "જમરતુલ અક્બહ"ની સાથે એક પહાડનો ભાગ છે, વર્તમાન સમયમાં હાજીઓની મોટી સંખ્યાના કારણે પહાડનો આ ભાગ સાફ કરીને મેદાન બનાવી દીધું છે ફક્ત "જમરહ" બાકી રહી ગયો છે, આ અક્બહ ઉપર મદીના તય્યિબહના લોકો સાથે ત્રણ વખતે બયૂઅત (કરાર) લેવામાં આવી હતી, પ્રથમ નબીએ કરીમ ﷺની બઅ્ષતના અગિયારમાં વર્ષે થઈ હતી જેમાં છ વ્યક્તિઓ મુસલમાન થઈને બયૂઅત કરીને મદીના પાછા ગયા તો મદીનાના ઘર-ઘરમાં રસૂલે કરીમ ﷺ અને ઈસ્લામની ચર્ચા થવા લાગી, આગલા વર્ષે હજ્જની મોસમમાં બાર વ્યક્તિઓ આ જ સ્થળે ભેગા થયા જેમાં પાંચ અગાઉ

આવી ચૂકેલા અને અન્ય સાત નવા હતા તે સૌએ કરાર કર્યા, હવે મદીનામાં મુસલમાનોની ખાસ્સી સંખ્યા થઈ ગઈ જે ચાલીસ વ્યક્તિઓ કરતા વધારે હતી, તેમણે દરખાસ્ત કરી કે અમને કુર્આન પઢાવવા માટે કોઈ વ્યક્તિને મોકલી આપવામાં આવે, રસૂલે કરીમ ﷺએ હઝરત મુસઅબ બિન ઉમૈર (રદિ.)ને મોકલી આપ્યા, તેમણે ત્યાં ઉપસ્થિત મુસલમાનોને કુર્આન પણ શિખવાડ્યું અને ઈસ્લામનો પ્રચાર પણ કર્યો જેના પરિણામે મદીનામાં મોટી સંખ્યામાં સમૂહો ઈસ્લામના વર્તુળમાં સામેલ થઈ ગયા.

ત્યારબાદ નબીએ કરીમ ﷺની બઅૂષતના તેરમાં વર્ષે સિત્તેર પુરુષો અને સ્ત્રીઓ આ સ્થળે ભેગા થયા, આ ત્રીજી વખતની બયૂઅતે અકૂબહ છે જે છેલ્લી છે અને સામાન્ય રીતે બયૂઅતે અકૂબહથી આ જ બયૂઅત (કરાર) અર્થ તરીકે લેવામાં આવે છે, આ બયૂઅત ઈસ્લામના સૈદ્ધાંતિક અકીદાઓ અને અમલો સાથે ખાસ સ્વરૂપે કુફ્ફારો સાથે જિહાદ અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ હિજરત કરીને મદીના પહોંચે તો આપ ﷺની સુરક્ષા તથા તેમના સમર્થન અને હિમાયત માટે લેવામાં આવી હતી, તેમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા (રદિ.)એ વિનંતી કરી કે યા રસૂલુલ્લાહ ﷺ ! અત્યારે તો કરાર થઈ રહ્યો છે, તમે જે શરતો પોતાના પરવરદિગાર વિશે અથવા પોતાના વિશે કરવા ઈચ્છો તે સ્પષ્ટ કરવામાં આવે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે હું અલ્લાહ તઆલા માટે તો એ શરત મૂકું છું કે તમે બધા તેની જ ઈબાદત કરશો, તેના સિવાય કોઈની ઈબાદત કરશો નહીં અને પોતાના માટે એ શરત છે કે, મારી સુરક્ષા એ પ્રમાણે કરશો જેવી રીતે કે પોતાના પ્રાણની, પોતાના માલની અને પોતાના સંતાનોની સુરક્ષા કરો છો; તે લોકોએ પૂછ્યું કે જો અમે આ બંને શરતો પૂરી કરી આપીએ તો તેના બદલામાં અમને શું મળશે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, જન્નત મળશે; તે બધા લોકોએ ખુશ થઈને કહ્યું કે, અમે સૌ આ સોદા ઉપર રાજી છે અને એવા રાજી છે કે ન તો હવે અમે આ કરારને રદ્દબાતલ કરવાની દરખાસ્ત કરીશું અને ન જ રદ્દબાતલ થવાને પસંદ કરીશું.

આ સ્થળે કારણ કે આ કરારમાં જાહેર સ્વરૂપે એક લેનદેનનો મા'મલો બની ગયો તો તેના સંદર્ભમાં આ આયતના શબ્દો ખરીદ–વેચાણના સ્વરૂપમાં નાઝિલ થઈ. اِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ اَنْفُسَهُمْ وَاَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ આ

આયત સાંભળીને સૌ પ્રથમ હઝરત બરાઅ્ બિન મઅ્રૂર અને અબૂલ હયષમ તથા અસઅદ (રદિ.)એ રસૂલે કરીમ ﷺના હાથ મુબારક ઉપર પોતાનો હાથ મૂક્યો કે અમે આ બાબતે તૈયાર છીએ, તમારી હિફાઝત અમારી સ્ત્રીઓ, સંતાનોની જેમ કરીશું અને તમારા મુકાબલામાં જો દુનિયાના કાળા-ગોરા ભેગા થઈ જશે તો પણ અમે તેમની સામે મુકાબલો કરીશું.

જિહાદની સૌથી પ્રથમ આયત આ જ છે :

મક્કએ મુઅજ્જમહમાં જિહાદ અને યુદ્ધના હુકમો નાઝિલ થયા ન હતા, આ સૌ પ્રથમ આયત છે જે મક્કએ મુકર્રમહમાં જિહાદના સંદર્ભમાં નાઝિલ થઈ અને તેનો અમલ હિજરત પછી શરૂ થયો, ત્યારબાદ બીજી આયત નાઝિલ થઈ, أُذِنَ لِلَّذِينَ يُقَاتَلُونَ (૨૨:૩૯) જ્યારે આ બયૂઅતે અકૂબહ મક્કહના કુરૈશી કાફિરોથી બિલકુલ ગુપ્ત રીતે પૂર્ણ થઈ ગઈ તો રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને મક્કએ મુકર્રમહથી મદીનાની હિજરતનો હુકમ આપી દીધો અને ક્રમે-ક્રમે સહાબએ કિરામ (રદિ.)નો હિજરતનો સિલસિલો શરૂ થઈ ગયો, રસૂલે કરીમ ﷺ અલ્લાહ તબારક વ તઆલા તરફથી પરવાનગી આવવાની રાહ જોતા રહ્યા, હઝરત સિદ્દીકે અકબર (રદિ.)એ જ્યારે જિહાદનો ઈરાદો કર્યો તો રસૂલે કરીમ ﷺએ તેમને પોતાની સાથે રાખવા માટે રોકી લીધા. (આ સંપૂર્ણ ઘટના તફસીરે મઝહરીના હવાલાથી અત્રે ઉપસ્થિત છે).

يُقَاتِلُونَ فِي سَبِيلِ اللَّهِ (الى) فِي التَّوْرٰةِ وَالْإِنْجِيلِ وَالْقُرْاٰنِ આ આયતથી જાણ થાય છે કે, જિહાદ અને યુદ્ધનો હુકમ બધી જ અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતો માટે પણ બધી કિતાબોમાં નાઝિલ કરવામાં આવ્યો અને એવું જે મશહૂર થયું છે કે, ઈન્જીલમાં જિહાદનો હુકમ નથી, શક્ય છે કે પાછળના લોકોએ જે ફેરબદલ તેમાં કરી છે તેમાં જિહાદના હુકમો કાઢી નાંખ્યા હોય. વલ્લાહુ અઅ્લમુ.

فَاسْتَبْشِرُوا بِبَيْعِكُمْ આ બયૂઅતે અકૂબહની ઘટનામાં જે કરાર રસૂલે કરીમ ﷺ સાથે થયો તે જાહેર સ્વરૂપમાં ખરીદ-વેચાણ બની ગયો, એટલા માટે આયતની શરૂઆતમાં شِرَاءٌ (શિરાઅ્) શબ્દથી તેને ઓળખાવવામાં આવ્યો હતો, આ વાક્યમાં મુસલમાનોને સંબોધન કરીને ફરમાવવામાં આવ્યું કે આ સોદો તમારા માટે લાભદાયક તથા મુબારક છે, કારણ કે એક નષ્ટ થનાર નશ્વર વસ્તુ

પ્રાણ અને માલના બદલામાં હંમેશા-હંમેશ તથા કાયમી બાકી રહેનાર વસ્તુ ખરીદી લીધી અને વિચાર કરવામાં આવે તો ખર્ચ ફક્ત માલ થયો, જીવ એટલે કે રૂહ તો મૃત્યુ પામ્યા પછી પણ બાકી રહેશે અને હંમેશા રહેશે અને માલ ઉપર વિચાર કરવામાં આવે તો તે પણ અલ્લાહ અલ્લાહ તઆલાએ જ અર્પણ કરેલ છે, માનવી તો પોતાના જન્મ સમયે ખાલી હાથે આવ્યો હતો, તે અલ્લાહે જ તેને બધા માલ-સામાન અને માલ-દોલતનો માલિક બનાવ્યો છે, પોતે જ આપેલી ભેટ-સોગાતોને આખિરતની નેઅ્મતો અને જન્નતનું વળતર બનાવીને જન્નત આપી દીધી, એટલા માટે હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ ફરમાવ્યું કે આ આશ્ચર્યજનક સોદો છે કે માલ અને તેની કિંમત બંને તમને જ અર્પણ કરી દેવામાં આવી.

હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, સાંભળો ! આ કેવા લાભનો વેપાર છે જે અલ્લાહ તઆલાએ દરેક મો'મિન માટે ખુલ્લો મૂક્યો છે ! અને ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ જ તમને માલ આપ્યો છે અને તેમાંથી થોડો ખર્ચ કરીને જન્નતને ખરીદી લો. *(મઝહરી)*

اَلتَّآئِبُوْنَ الْعٰبِدُوْنَ..... આ લક્ષણો તે જ મો'મિનોના છે જેમના વિશે ઉપર વર્ણન થયું છે કે, અલ્લાહ તઆલાએ તેમના પ્રાણ અને માલને જન્નતના બદલામાં ખરીદી લીધા છે. આ આયત એક ખાસ વર્ગ કે જે બયૂઅતે અક્બહમાં સામેલ થયા હતા તેમના સંદર્ભમાં ઊતરી છે, પરંતુ અર્થની દષ્ટિએ તે બધા જ અલ્લાહના માર્ગમાં જિહાદ કરનાર મુજાહિદો માટે છે અને જે ગુણ-લક્ષણો તેમનામાં ....اَلتَّآئِبُوْنَ દ્વારા વર્ણન કરવામાં આવ્યા તે શરત સ્વરૂપે નથી, કારણ કે જન્નતનો વાયદો અલ્લાહના માર્ગમાં જિહાદ ઉપર આવ્યો છે, આ લક્ષણો વર્ણન કરવાનો હેતુ એ છે કે જે લોકો જન્નતના હકદાર હોય છે તેમના આવા લક્ષણો હોય છે, ખાસ કરીને બયૂઅતે અક્બહમાં સામેલ થનારા સહાબા (રદિ.)ની હાલત આ જ પ્રમાણે હતી.

اَلسَّآئِحُوْنَ (અસ્સાઇહૂન)નો અર્થ જમહૂર મુફસ્સિરો.ના મતે صَآئِمُوْنَ (સાઇમૂન) એટલે કે "રોઝહ રાખનારાઓ" થાય છે, વાસ્તવમાં આ શબ્દ سِيَاحَتْ (સિયાહત્) "હરવું-ફરવું"નો અર્થ ધરાવે છે, ઈસ્લામ પહેલાં નસારાઓના ધર્મમાં હરવા-ફરવાને એક ઈબાદત સમજવામાં આવતી હતી કે મનુષ્ય પોતાનું

ઘર છોડીને ઈબાદત માટે નીકળી જાય, ઈસ્લામમાં તેને ''રુહબાનિયત'' (સન્યાસીપણુ) ઠરાવવામાં આવ્યું અને તેની મનાઈ કરવામાં આવી, તેની જગ્યાએ રોઝહને ઈબાદત ઠરાવવામાં આવી, કારણ કે હરવા-ફરવાનો અર્થ દુનિયા છોડવાનો મકસદ હતો અને રોઝહ એવી વસ્તુ છે કે, જેમાં પોતાના ઘરમાં રહીને પણ એક નક્કી સમય મર્યાદા સુધી દુનિયાની બધી જ ઇચ્છાઓને છોડી દેવાની હોય છે અને આ બીનાએ અમુક રિવાયતોમાં જિહાદને પણ سِيَاحَتٌ ઠરાવવામાં આવ્યું છે. ઈબ્ને માજહ, બયહકી અને હાકિમે સહીહ સનદ વડે રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, سِيَاحَةُ أُمَّتِى الْجِهَادُ فِى سَبِيْلِ اللّٰهِ એટલે કે, "આ ઉમ્મતનું હરવું-ફરવું અલ્લાહના માર્ગમાં જિહાદ છે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, કુર્આને કરીમમાં જ્યાં કંઈ પણ سَآئِحِيْنَ (સાઈહીન)નો શબ્દ આવ્યો છે, તેનાથી ભાવાર્થ صَآئِمِيْنَ (સાઈમીન) છે, હઝરત ઈકરમા (રદિ.)એ سَآئِحِيْنَ ની તફસીરમાં ફરમાવ્યું કે એ દીની તા'લીમના વિદ્યાર્થીઓ છે જેઓ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પોતાના ઘરબાળ છોડીને નીકળી જાય છે. *(મઝહરી)*

આ સ્થળે મો'મિન મુજાહિદોના લક્ષણો તરીકે તવબહ કરનારા, ઈબાદત કરનારા, વખાણ અને સ્તુતિ કરનારા, અલ્લાહના માર્ગમાં મુસાફરી કરનારા (રોઝહ રાખનારા), રુકૂઅ્ કરનારા, સિજદહ કરનારા, ભલાઈનો હુકમ આપનારા અને બુરાઈથી રોકનારા એમ સાત વસ્તુઓનું વર્ણન કર્યા પછી આઠમું લક્ષણ الْحٰفِظُوْنَ لِحُدُوْدِ اللّٰهِ ફરમાવ્યું. આ વાસ્તવમાં બધા જ ઉપરોક્ત લક્ષણોનો એક ઠોસ શબ્દ છે, જાણે કે સાત લક્ષણોની જે વિગત બતાવવામાં આવી છે તેનો નીચોડ એ છે કે આ લોકો પોતાના દરેક કાર્ય અને નિવેદનમાં અલ્લાહની મર્યાદાઓ એટલે કે શરીઅતના હુકમોના પાબંદ છે અને આ મર્યાદાઓનું પાલન કરી તેની હિફાઝત કરે છે.

અંતિમ આયતમાં ફરમાવ્યું, وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ એટલે કે, જે મો'મિનોમાં આ પ્રમાણેના લક્ષણો હોય જે ઉપર વર્ણન કરવામાં આવ્યા તેમને એવી નેઅ્મતોની ખુશખબરી સંભળાવી દો જેની કોઈને કલ્પના સુદ્ધાં ન થઈ શકે અને ન જ કોઈ લખાણ દ્વારા તેને સમજી શકાય અને ન જ કોઈ કાનોએ તેનું વર્ણન સાંભળ્યું અને તેનો અર્થ જન્નતની નેઅ્મતો છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૧૩-૧૧૪)

مَا كَانَ لِلنَّبِيِّ وَالَّذِينَ اٰمَنُوْٓا اَنْ يَّسْتَغْفِرُوْا لِلْمُشْرِكِيْنَ وَلَوْ كَانُوْٓا اُولِىْ قُرْبٰى
مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمْ اَنَّهُمْ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿١١٣﴾ وَمَا كَانَ اسْتِغْفَارُ اِبْرٰهِيْمَ لِاَبِيْهِ اِلَّا
عَنْ مَّوْعِدَةٍ وَّعَدَهَآ اِيَّاهُ ۚ فَلَمَّا تَبَيَّنَ لَهٗٓ اَنَّهٗ عَدُوٌّ لِّلّٰهِ تَبَرَّاَ مِنْهُ ۗ اِنَّ اِبْرٰهِيْمَ
لَاَوَّاهٌ حَلِيْمٌ ﴿١١٤﴾

તરજુમો :

નબી માટે અને મુસલમાનો માટે યોગ્ય નથી કે મુશ્રિકોની બખ્શીશ ઈચ્છે ભલે તે નિકટના સગાં હોય જ્યારે કે તેમના ઉપર જાહેર થઈ ચૂક્યું કે તેઓ દોઝખવાળા છે. (૧૧૩) અને ઈબ્રાહીમ (અલૈ.)નું પોતાના બાપ માટે બખ્શીશ માંગવું ન હતું બસ પરંતુ એક વાયદાના કારણે કે તેનાથી વાયદો કરી ચૂક્યો હતો, પછી જ્યારે ઈબ્રાહીમ (અલૈ.) ઉપર જાહેર થઈ ચૂક્યું કે તે અલ્લાહનો દુશ્મન છે તો તેનાથી અળગા થઈ ગયા, બેશક ! ઈબ્રાહીમ (અલૈ.) ઘણા નરમદિલ સહનશીલ હતા. (૧૧૪)

તફસીર :

પયગમ્બર (ﷺ) અને બીજા મુસલમાનો માટે જાઈઝ નથી કે મુશ્રિકો માટે મગફિરત (મા'ફી)ની દુઆ માંગે, ભલે તે સગાં-વહાલાં જ (કેમ ન) હોય એ બાબત જાહેર થઈ ગયા પછી કે આ લોકો દોઝખી છે (એ કારણથી કે તેઓ કુફ્ર ઉપર જ મર્યા છે) અને (જો હઝરત ઈબ્રાહીમ અલૈ.ની ઘટનાથી શંકા હોય કે તેમણે પોતાના પિતા માટે મગફિરતની દુઆ કરી હતી તો તેનો જવાબ એ છે કે) ઈબ્રાહીમ (અલૈ.)ની પોતાના બાપ માટે મગફિરતની દુઆ માંગવી (તે તેનાથી અગાઉ થયું હતું જ્યારે કે તેનું દોઝખી હોવું જાહેર થઈ ચૂક્યું અને) તે (પણ) ફક્ત એ વાયદાના કારણે હતું જે તેમણે તેનાથી કરી લીધો હતો (આ નિવેદનમાં سَاَسْتَغْفِرُ لَكَ رَبِّىْ જે જાઈઝ હોવું છે તે તો એટલા માટે હતું કે તેનું દોઝખી હોવું જાહેર થઈ ચૂક્યું ન હતું અને તે મા'ફી માંગવાની ઘટના એટલા માટે ઘટી હતી કે તેમણે વાયદો કરી લીધો હતો, નહિતર જાઈઝ હોવા છતાં પણ આવી ઘટના ન

બની હોત) પછી જ્યારે તેમના ઉપર એ વાત જાહેર થઈ ગઈ કે તે અલ્લાહનો દુશ્મન છે (એટલે કે કાફિર થઈને મર્યો છે) તો તેઓ તેનાથી બિલકુલ અળગા થઈ ગયા (કે ઈસ્તિગફાર કરવાનું પણ છોડી દીધું, કારણ કે તે સમયે મા'ફીની દુઆ માંગવી પણ વ્યર્થ જ છે, કારણ કે કાફિર થઈને મૃત્યુ પામેલ વ્યક્તિ માટે મગફિરતની સંભાવનાની શક્યતા જ નથી તેની હયાતી હોવાની હાલતથી વિપરીત કે, કદાચ તે સમયે દુઆએ મગફિરતનો અર્થ હિદાયતની તવફીક હોઈ શકે છે કે હિદાયતની તવફીક માટે મગફિરત જરૂરી છે અને રહી વાત એ કે તે વાયદો કેમ કરી લીધો હતો ? તેનું કારણ એ છે કે) વાસ્તવમાં ઈબ્રાહીમ (અલૈ.) ઘણા દયાળુ-સહનશીલ સ્વભાવના હતા (કે બાપે તેમને એવી કઠોર વાતો કહી તે છતાં તેમણે સહનશીલતાથી કામ લીધું અને તેનાથી વિશેષ એ કે લાગણીના પ્રવાહમાં આવો વાયદો કરી લીધો અને લાભની સંભાવના સુધી આ વાયદાને પૂરો કર્યો, જ્યારે નિરાશા સાંપડી તો છોડી દીધો, તેનાથી વિપરીત તમારો ઈસ્તિગફાર કે જે મુશ્રિકોના મરવા પછી કરવામાં આવી રહ્યો છે જે વ્યક્તિનું શિર્કની હાલતમાં મરવું સાબિતી સાથે જાહેર થઈ ચૂક્યું છે અને શરીઅતના હુકમ પ્રમાણે એવી જાહેરાત પૂરતી છે પછી અનુમાન લગાવવું ક્યાં સુધી સાચું છે ? અને આવા અનુમાન ઉપર સંભાવના ક્યાં સુધી અવલંબિત હોઈ શકે છે ?).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ તવબહ કાફિરો અને મુશ્રિકોથી સંપૂર્ણ અળગા થવાની અને બિલકુલ અલગ-ઠલગ થઈ જવાના હુકમ ઉપર આધારિત છે. સૂરતની શરૂઆત જ بَرَآئَةٌ مِّنَ اللّٰهِ થી થઈ છે અને એટલા માટે આ સૂરતનું એક નામ "સૂરએ બરાઅત" પણ પ્રખ્યાત છે અને જે પ્રમાણે તેમાં હુકમો આવ્યા છે તે દુનિયવી જિંદગીમાં કાફિરો અને મુશ્રિકો સાથે સંબંધ વિચ્છેદ કરવા અને તેમનાથી અળગા થઈ જવા ઉપર આધારિત છે, આ આયતમાં એ જ હુકમો એટલે કે તેમનાથી અળગા થઈ જવાનો તથા સંબંધ વિચ્છેદ કરવાનો આખિરતની જિંદગીના સંદર્ભમાં આવ્યો છે કે, કાફિર અને મુશ્રિક માટે તેમના મૃત્યુ પછી મગફિરતની દુઆ કરવી પણ જાઈઝ નથી, જેમકે આનાથી અગાઉ એક આયતમાં મુનાફિકોની જનાઝહની નમાઝ પઢવાની રસૂલે કરીમ ﷺ ને મનાઈ કરવામાં આવી હતી.

આયત ઊતરવાનો શા'ને નુઝૂલ (પૂર્વભૂમિકા) સહીહ બુખારી અને મુસ્લિમની રિવાયત પ્રમાણે એ છે કે, રસૂલે કરીમ ﷺના કાકા અબૂતાલીબ જો કે મુસલમાન થયા ન હતા પરંતુ સમગ્ર જીવન રસૂલે કરીમ ﷺની હિમાયત અને રક્ષણ કરતા રહ્યા અને તેમના વિશે પોતાના કુટુંબ જ્ઞાતિમાંથી કોઈપણ વ્યક્તિનું કહ્યું માન્યું નહીં, રસૂલે કરીમ ﷺએ પણ એ બાબતની ખૂબ કાળજી રાખી હતી કે, કોઈપણ રીતે તેઓ ઈસ્લામનો કલિમો પઢી લે અને ઈમાન લઈ આવે તો તેમની સિફારસ કરવાનો મોકો મળી જશે અને તેઓ જહન્નમના અઝાબથી બચી જશે. મરણશૈયામાં જ્યારે તેમનો અંતિમ સમય હતો ત્યારે રસૂલે કરીમ ﷺને ઘણી ચિંતા હતી કે તેઓ અત્યારે પણ કલિમો પઢી લે તો કામ બની જાય, એટલા માટે એવી હાલતમાં આપ ﷺ તેમની પાસે પહોંચ્યા પરંતુ અબૂ જહલ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમૈયા પ્રથમથી જ ત્યાં ઉપસ્થિત હતા, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, હે મારા કાકા ! કલિમએ لَاۤ اِلٰـهَ اِلَّا اللّٰهُ (લા ઈલાહ ઈલ્લલ્લાહુ) પઢી લો તો હું આપની બખ્શીશ માટે પ્રયત્ન કરીશ પરંતુ અબૂજહલ બોલી ઊઠ્યો કે, શું તમે અબ્દુલ મુત્તલીબના ધર્મને છોડી દેશો ? રસૂલે કરીમ ﷺએ કેટલાય વખતે ફરી પોતાની વાતનું પુનરાવર્તન કર્યું પરંતુ દરેક સમયે અબૂજહલ એ જ વાત કહી દેતો, એટલે સુધી કે અંતિમ વાતચીતમાં અબૂતાલિબે એવું જ કહ્યું કે, હું અબ્દુલ મુત્તલીબના ધર્મ ઉપર છું અને એ જ હાલતમાં તેમની વફાત થઈ ગઈ. રસૂલે કરીમ ﷺએ કસમ ખાધી કે હું તમારા માટે સતત ઈસ્તિગફાર કરતો રહીશ જ્યાં સુધી કે મને તેની મનાઈ કરવામાં ન આવે, તે બાબતે મનાઈની આ આયત નાઝિલ થઈ જેમાં રસૂલે કરીમ ﷺ અને બધા જ મુસલમાનો માટે કાફિરો અને મુશ્રિકોની મગફિરતની દુઆ કરવાથી મનાઈ કરવામાં આવી ભલે તેઓ નજીકના સગાં જ કેમ ન હોય !

આ બાબતે અમુક મુસલમાનોમાં એ શંકા થઈ કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પણ પોતાના કાફિર બાપ માટે દુઆ કરી હતી તેના જવાબમાં બીજી આયત નાઝિલ થઈ, مَا كَانَ اسْتِغْفَارُ اِبْرٰهِيْمَ.... જેનો ખુલાસો એ છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના પિતા માટે જે દુઆ કરી હતી તેની ઘટના એમ છે કે શરૂઆતમાં જ્યાં સુધી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને એ ખબર ન હતી કે, અંતિમ સમય સુધી તે કુફ્ર ઉપર જ કાયમ રહેશે અને તેના ઉપર જ મૃત્યુ પામશે તો તેનું

દોઝખી હોવું ચોક્કસ ન હતું, એ સમયે તેમણે આ વાયદો કરી લીધો હતો કે હું તમારા માટે મગફિરતની દુઆ કરીશ. سَاَسْتَغْفِرُ لَكَ رَبِّى (૧૯ : ૪૭) પછી જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) ઉપર એ વાત સ્પષ્ટ અને ખુલ્લી થઈ ગઈ કે તે અલ્લાહનો દુશ્મન છે, એટલે કે તેનો કુફ્રની હાલતમાં જ અંત આવ્યો છે તો તેનાથી અળગા થઈ ગયા અને ઈસ્તિગફાર કરવાનું છોડી દીધું.

કુર્આને કરીમમાં વિવિધ સ્થળોએ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નું જે પોતાના પિતા માટે મગફિરતની દુઆ કરવાનું વર્ણન થયું છે તે બધું એ જ બાબત ઉપર આધારિત હોવું જોઈએ અને તેનો અર્થ એ થયો કે તેમના પિતાને ઈમાન અને ઈસ્લામની તવફીક મળે જેથી તેની મા'ફી થઈ શકે.

ગઝ્વએ ઊહદમાં જ્યારે રસૂલે કરીમ ﷺના ચહેરા મુબારકને કાફિરોએ ઘાયલ કરી દીધો તો આપ ﷺ ચહેરા મુબારકથી લોહી સાફ કરતા-કરતા આ દુઆ કરતા હતા اَللّٰهُمَّ اغْفِرْ لِقَوْمِىْ اِنَّهُمْ لَا يَعْلَمُوْنَ એટલે કે, "યા અલ્લાહ મારી કોમને મા'ફ કરી દે તેઓ નાદાન છે." કાફિરો માટે આ મગફિરત (મા'ફી)ની દુઆનો હેતુ પણ એ જ છે કે તેમને ઈમાન અને ઈસ્લામની તવફીક અર્પણ કર કે જેથી તેઓ મા'ફીપાત્ર બની જાય.

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે તેનાથી સાબિત થયું કે હયાત હોય એવા કાફિર માટે એવી નિય્યતથી મગફિરતની દુઆ કરવી જાઇઝ છે કે તેને ઈમાનની તવફીક મળે અને તે મગફિરતનો હકદાર બની જાય.

اِنَّ اِبْرَاهِيْمَ لَاَوَّاهٌ حَلِيْمٌ માં શબ્દ اَوَّاهٌ (અવ્વાહૂન) ઘણા બધા અર્થો માટે ઉપયોગ થાય છે, કુર્તુબી (રહ.)એ તેના વિશે પંદર નિવેદનો નોંધ્યા છે પરંતુ બધા અર્થોમાં સામ્યતા છે કોઈ વાસ્તવિક વિરોધાભાસ નથી, તેમાંથી અમુક અર્થો આ પ્રમાણે છે. "વધુ પ્રમાણમાં આહ ! કરનારો, વધુ પ્રમાણમાં દુઆ કરનારો, અલ્લાહના બંદાઓ ઉપર રહમ (દયા) કરનારો." હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી પણ આ જ અર્થ હોવાનું નકલ થયું છે.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૧૫-૧૧૬)

وَمَا كَانَ اللّٰهُ لِيُضِلَّ قَوْمًا بَعْدَ اِذْ هَدٰىهُمْ حَتّٰى يُبَيِّنَ لَهُمْ مَّا يَتَّقُوْنَ ۭ اِنَّ اللّٰهَ
بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۱۱۵﴾ اِنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ يُحْيٖ وَيُمِيْتُ ۭ وَمَا
لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۱۶﴾

તરજુમો :

અને અલ્લાહ એવો નથી કે કોઈ કોમને ગુમરાહ કરે જ્યારે કે તેમને માર્ગ ઉપર લાવી ચૂક્યો જ્યાં સુધી તેમના ઉપર જાહેર ન કરી દે જેનાથી તેમણે બચવું જોઈએ, બેશક ! અલ્લાહ દરેક વસ્તુથી વાકેફ છે. (૧૧૫) અલ્લાહની જ સલતનત છે આસમાનો અને જમીનમાં, જીવાડે છે અને મારે છે અને તમારો અલ્લાહના સિવાય કોઈ હિમાયતી નથી અને ન જ મદદગાર. (૧૧૬)

તફસીર :

અને અલ્લાહ તઆલા એવું નથી કરતો કે કોઈ કોમને હિદાયત આપ્યા પછી ગુમરાહ કરે જ્યાં સુધી કે તે કોઈ વસ્તુઓને સાફ-સાફ (ખુલ્લમ-ખુલ્લું) ન બતાવી આપે જેનાથી તેઓ બચતા રહે (બસ, જ્યારે અમે તમને મુસલમાનોને હિદાયત આપી અને તે અગાઉ મુશ્રિકોને મા'ફી માંગવાની મનાઈ બતાવી ન હતી તો એવું કરવાથી તમને એ સજા આપવામાં નહીં આવે કે તમારામાં ગુમરાહીના લક્ષણો પેદા કરવામાં આવે); બેશક ! અલ્લાહ તઆલા દરેક વસ્તુને સારી પેઠે જાણે છે, (બસ, તે એવું પણ જાણે છે કે અમારા બતાવ્યા વિના કોઈ વ્યક્તિ એવા હુકમોને જાણી જ નથી શકતો એટલા માટે તે પ્રવૃત્તિઓથી નુકસાન પણ નથી પહોંચવા દેતો અને) નિઃશંક ! અલ્લાહની જ બાદશાહત છે આસમાનો અને જમીનોમાં; તે જ જીવાડે અને મારે છે (એટલે કે દરેક પ્રકારની બાદશાહત અને શક્તિ તેના માટે ખાસ છે, એટલા માટે જે ઇચ્છે છે તે હુકમ આપી શકે છે અને જે નુકસાનથી બચાવવા ઇચ્છે બચાવી શકે છે) અને તમારો અલ્લાહ સિવાય ન જ કોઈ હિમાયતી છે ન તો કોઈ મદદગાર (બલકે તે અલ્લાહ તઆલા જ હિમાયતી

અને મદદગાર છે એટલા માટે તમને નુકસાનથી બચાવે છે અને જો તમે તે છતાં તેનું આજ્ઞાપાલન ન કર્યું તો તમોને તેના સિવાય કોઈ જ બચાવનાર નથી).

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૧૭-૧૧૮-૧૧૯)

لَقَدْ تَّابَ اللّٰهُ عَلَى النَّبِيِّ وَالْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ الَّذِيْنَ اتَّبَعُوْهُ فِيْ سَاعَةِ الْعُسْرَةِ
مِنْۢ بَعْدِ مَا كَادَ يَزِيْغُ قُلُوْبُ فَرِيْقٍ مِّنْهُمْ ثُمَّ تَابَ عَلَيْهِمْ ؕ اِنَّهٗ بِهِمْ رَءُوْفٌ
رَّحِيْمٌ ﴿۱۱۷﴾ وَّعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا ؕ حَتّٰۤى اِذَا ضَاقَتْ عَلَيْهِمُ الْاَرْضُ بِمَا
رَحُبَتْ وَضَاقَتْ عَلَيْهِمْ اَنْفُسُهُمْ وَظَنُّوْۤا اَنْ لَّا مَلْجَاَ مِنَ اللّٰهِ اِلَّاۤ اِلَيْهِ ؕ ثُمَّ تَابَ
عَلَيْهِمْ لِيَتُوْبُوْا ؕ اِنَّ اللّٰهَ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿۱۱۸﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ
وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ ﴿۱۱۹﴾

તરજુમો :

ખરેખર, અલ્લાહ મહેરબાન થયો નબી ઉપર અને મુહાજિરો અને અન્સારો ઉપર જેઓ મુશ્કેલીની ઘડીમાં નબીની સાથે રહ્યા એ પછી કે નિકટ હતું કે તેમનામાંથી અમુકના દિલો ફરી જાય, પછી તેમના ઉપર મહેરબાન થયો, બેશક ! તે તેમના ઉપર ઘણો મહેરબાન છે રહમ કરનારો. (૧૧૭) અને તે ત્રણ વ્યક્તિઓ ઉપર જેમનો મા'મલો મુલતવી રાખ્યો હતો એટલે સુધી કે જ્યારે તેમના ઉપર જમીન તેની વિશાળતા છતાં તંગ થઈ ગઈ અને તેમના ઉપર તેમના જીવ તંગ થઈ ગયા અને સમજી ગયા કે અલ્લાહથી ક્યાંય શરણ નથી પરંતુ તેના જ તરફ, પછી તેમના ઉપર મહેરબાન થયો જેથી તેઓ પાછા આવે, બેશક ! અલ્લાહ જ છે મહેરબાન રહમ કરનારો. (૧૧૮) હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરતા રહો અને સાચાઓની સાથે રહો. (૧૧૯)

તફસીર :

અલ્લાહ તઆલાએ પયગમ્બર (ﷺ)ની હાલત ઉપર ધ્યાન આપ્યું (કે

તેમને નુબુવ્વત અને જિહાદની આગેવાની તથા દરેક પ્રકારની વિશેષતાઓ અર્પણ કરી) અને મુહાજિરો તથા અન્સારોની હાલત ઉપર પણ (ધ્યાન આપ્યું કે તેમને એવી સંઘર્ષયુક્ત જિહાદમાં પણ અડગ રાખ્યા) જેમણે એવી તંગીના સમયે પયગમ્બર (ﷺ)નો સાથ આપ્યો તે પછી કે તેમનામાંથી એક વર્ગના દિલો ફરી જવાની અણી ઉપર હતા (અને જિહાદમાં જવાની હિંમત હારવાના તૈયારીમાં હતા પરંતુ) પછી અલ્લાહે તે (વર્ગ)ની હાલત ઉપર ધ્યાન આપ્યું (કે તેમને સંભાળી લીધા અને અંતે તેઓ સાથે થઈ જ ગયા, બસ) નિ:શંક! અલ્લાહ તઆલા દરેક ઉપર ઘણો જ માયાળુ મહેરબાન છે (કે પોતાની મહેરબાનીથી દરેકની પરિસ્થિતિ ઉપર કઈ-કઈ રીતે ધ્યાન આપ્યું છે ?) અને તે ત્રણ વ્યક્તિઓની હાલત ઉપર પણ (ધ્યાન આપ્યું) જેમનો મા'મલો મુલતવી રાખવામાં આવ્યો હતો એટલે સુધી કે જ્યારે (તેમની પરેશાની એટલી હદે પહોંચી કે) જમીન પોતાની (આટલી મોટી) વિશાળતા છતાં તેમના ઉપર તંગી કરવા લાગી અને તેઓ પોતે પોતાના પ્રાણોથી તંગ આવી ગયા અને તેમણે સમજી લીધું કે અલ્લાહ તઆલા(ની પકડ)થી ક્યાંય (અન્યત્ર) શરણ નથી મળી શકતું એ સિવાય કે તેના જ તરફ શરણ લેવામાં આવે (તે સમયે તે ખાસ ધ્યાન આપવાપાત્ર થયા) પછી તેમની હાલત ઉપર (પણ ખાસ) ધ્યાન આપ્યું જેથી તેઓ હવે પછી પણ (આવા પ્રસંગોએ મુસીબત અને ત્રુટીઓ કે ભૂલો થવાની પરિસ્થિતિમાં અલ્લાહ તરફ) રુજૂઅ્ કર્યા કરે, નિ:શંક ! અલ્લાહ તઆલા ઘણો જ ધ્યાન આપનાર મહાન દયા કરનાર છે, હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને (અમલમાં) સાચાઓની સાથે રહો (એટલે કે જે નિય્યત અને વાતમાં સાચો છે તેના માર્ગ ઉપર ચાલો કે જેથી તમે પણ સચ્ચાઈ અપનાવી લો).

મસ્અલા અને બોધપાઠ :

અમુક આયતો અગાઉ આયત وَاٰخَرُوْنَ اعْتَرَفُوْا ના વર્ણનમાં લખવામાં આવ્યું હતું કે, ગઝ્વએ તબૂક માટે બધા મુસલમાનોને નીકળવાનો હુકમ જાહેર અને સર્વસામાન્ય હતો તે સમયે લોકોના પાંચ પ્રકારો થઈ ગયા હતા. બે પ્રકાર મુનાફિકોના હતા જેમનું વર્ણન પાછલી આયતોમાં વિગતવાર આવી ચૂક્યું છે, પ્રસ્તુત આયતોમાં મુખ્લિસ મો'મિનોના ત્રણ પ્રકારોનો ઉલ્લેખ છે. પ્રથમ તે લોકો જેઓ જિહાદનો હુકમ મળતાની સાથે તરત જ તૈયાર થઈ ગયા તેમનું વર્ણન

પ્રસ્તુત આયતોના શરૂઆતના વાક્યમાં اتَّبَعُوْهُ فِى سَاعَةِ الْعُسْرَةِ માં થયું છે, બીજા તે લોકો જેમને શરૂઆતમાં અમુક ખચકાટ રહ્યો પછી તરત જ સંભાળી લીધું અને જિહાદ માટે સૌની સાથે સામેલ થઈ ગયા તેનું વર્ણન આ જ આયતમાં આ વાક્યમાં છે, مِنْۢ بَعْدِ مَا كَادَ يَزِيْغُ قُلُوْبُ فَرِيْقٍ مِّنْهُمْ

ત્રીજા તે મો'મિનો હતા જેઓ જો કે કામચલાઉ સુસ્તી અને આળસના કારણે જિહાદમાં ન ગયા પરંતુ પાછળથી ખૂબ અફસોસ અને પસ્તાવો કરીને તવબહ કરી અને અંતે તે બધાની તવબહનો સ્વીકાર થયો પરંતુ તેમાં પણ ફરી પાછા બે પ્રકારો થઈ ગયા હતા, આ કુલ દશ વ્યક્તિઓ હતા જેમાંથી સાત વ્યક્તિઓએ તો રસૂલે કરીમ ﷺના પરત આવ્યા પછી તરત જ પોતાના અફસોસ અને તવબહની જાહેરાત એ પ્રકારે કરી કે પોતાની જાતને મસ્જિદે નબવીના થાંભલા સાથે બાંધી દીધા કે જ્યાં સુધી અમારી તવબહનો સ્વીકાર નહીં થાય ત્યાં સુધી બંધાયેલા રહીશું. તેમની તવબહની આયતે તવબહમાં તો એ જ વખતે સ્વીકૃતિ નાઝિલ થઈ ગઈ જેનું વર્ણન આગળ થઈ ચૂક્યું છે પરંતુ ત્રણ વ્યક્તિઓ એવા હતા જેમણે આવું કર્યું ન હતું તેમના વિશે રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને અસહકાર (મકાતઅહ-બાયકૉટ)નો હુકમ આપ્યો હતો કે કોઈ તેમની સાથે સલામ-કલામ કે વાતચીત નહીં કરે જેના કારણે એ લોકો સખત પરેશાન થઈ ગયા, તેનું વર્ણન બીજી આયત وَّعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا માં થયું છે, જેમાં અંતે તેમની તવબહની સ્વીકૃતિનું વર્ણન છે અને તેની સાથે જ તેમની સાથેના અસહકારનો હુકમ સમાપ્ત કરવામાં આવ્યો. لَقَدْ تَّابَ اللّٰهُ عَلَى النَّبِيِّ وَالْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ الَّذِيْنَ اتَّبَعُوْهُ فِى سَاعَةِ الْعُسْرَةِ એટલે કે, "અલ્લાહ તઆલાએ તવબહ સ્વીકારી લીધી નબીએ કરીમ ﷺ અને તે મુહાજિરો તથા અન્સારોની જેમણે તંગી અને તકલીફના સમયે તેમનું (નબી ﷺનું) અનુસરણ કર્યું."

અત્રે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, તવબહ તો ગુનાહોની ભૂલના કારણે હોય છે, રસૂલુલ્લાહ ﷺ તો માસૂમ (નિર્દોષ-ગુનાહોથી પાક) છે, તેમની તવબહ સ્વીકાર કરવાનો શું અર્થ છે ? તદુપરાંત જે સહાબા, મુહાજિરો અને અન્સારોમાં પ્રથમથી જ જિહાદ માટે તૈયાર થઈ ગયા તેમનો પણ કોઈ દોષ નથી, તેમની તવબહ કયા ગુનાહ માટે હતી જેનો સ્વીકાર કરવામાં આવ્યો ?

જવાબ એ છે કે અલ્લાહ તઆલાએ તે સૌને ગુનાહથી બચાવી લીધા તેને જ તવબહના નામથી ઓળખાવવામાં આવ્યું છે અથવા એ કે એ સૌ લોકોને અલ્લાહ તઆલાએ تَـــوَّابْ (તવ્વાબ) "તવબહ કરનારા" બનાવી દીધા, તેમાં ઈશારો એ બાબત તરફ છે કે તવબહની આવશ્યકતા અને જરૂરતથી કોઈ વ્યક્તિ બાકાત નથી એટલે સુધી કે રસૂલે કરીમ ﷺ અને આપ ﷺના ખાસ–ખાસ સહાબા (રદિ.) પણ; જેમકે એક બીજી આયતમાં છે, وَتُوبُوْااِلَـى اللّٰـهِ جَمِيْعًا એટલે કે, "સૌ અલ્લાહથી તવબહ કરો." (૨૪ : ૩૧) કારણ એ છે કે અલ્લાહની નિકટતાના દરજ્જાઓનો કોઈ છેડો નથી જે વ્યક્તિ જે સ્થળ ઉપર પહોંચે છે તેની આગળ પણ તેનાથી ઊંચો દરજ્જો હોય છે જેના મુકાબલામાં હાલના દરજ્જા ઉપર અટકી જવું એક ઉણપ અને ત્રુટી છે. મવલાના રૂમીએ એ વિષયને એક શે'રમાં આ રીતે વર્ણન કર્યું છે.

اے برادر بے نہایت در گہی ست : ہر چہ بروے می رسی بروے ما یست

હે ભાઈ ! આ એવો દરબાર છે કે જેનો છેડો જ નથી;
જે પણ કક્ષાએ પહોંચો તેના ઉપર અટકી ન જશો (બલકે આગળ વધજો).

આ આધારે ઉપસ્થિત દરજ્જા કરતાં આગળનો દરજ્જો હોવાથી તવબહની આવશ્યકતા છે જેથી આગળ ઉપરનો તે દરજ્જો પ્રાપ્ત થાય.

سَـاعَةِ الْـعُسْرَةِ (સાઅતિલ્ ઉસ્રતિ) તે જ જિહાદના મોકાને કુર્આને કરીમે سَـــاعَـــةِ الْعُسْـرَةِ થી ઓળખાવ્યું છે, કારણ કે મુસલમાનો તે સમયે ગરીબી અને તંગીમાં હતા, હસન બસરી (રહ.) ફરમાવે છે કે દશ વ્યક્તિઓ માટે એક સવારી હતી જેના ઉપર તેઓ વારાફરતી બેસતા હતા, મુસાફરીનું ભાથું ઘણું ઓછું અને સામાન્ય કક્ષાનું હતું, બીજી બાજુ સખત ગરમી હતી, પાણી પણ અમુક–અમુક સ્થળે જ અને ખૂબ ઓછું હતું.

مِنْ بَعْدِ مَا كَادَ يَزِيْغُ قُلُوْبُ فَرِيْقٍ مِّنْهُمْ તેમાં જે અમુક લોકોના દિલોમાં زَيْغٌ (ઝયૂગ)નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો અર્થ દીનથી ફરી જવાનો નથી બલકે, સખત ઋતુ અને સામાનના ઓછા હોવાના કારણે હિંમત હારી જવાનો અને જિહાદથી બચવાનો અર્થ છે, હદીષની રિવાયતો એ બાબતે સાક્ષી છે, આ જ ભૂલ માટેની તેમની તવબહનો સ્વીકાર કરવામાં આવ્યો.

وَعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا તેમાં خُلِّفُوْا (ખુલ્લીફૂ)નો શાબ્દિક અર્થ એ છે કે "જેઓ પાછળ છોડી દે છે." તેનો અર્થ એ થયો કે જેમની તવબહનો મા'મલો મુલતવી રાખવામાં આવ્યો હતો તે ત્રણ વ્યક્તિઓ હઝરત કઅ્બ બિન માલિક શાઈર (રદિ.), હઝરત મુરારા ઈબ્ને રબીઅ્ (રદિ.) અને હઝરત હિલાલ ઈબ્ને ઉમય્યા (રદિ.); આ ત્રણે અન્સારી વડીલો હતા જેઓ આ અગાઉ બયૂઅતે અકૂબહ અને રસૂલે કરીમ ﷺ સાથે અન્ય ગઝ્વાતમાં સામેલ રહી ચૂકયા હતા પરંતુ આ સમયે સંજોગોવસાત્ આવી ભૂલમાં સપડાય ગયા અને મુનાફિકો કે જેઓ આ જિહાદમાં પોતાના નિફાકના કારણે સામેલ ન થયા હતા તેમણે પણ તેમને એવો જ મશવરો આપ્યો જેનાથી તેમની હિંમત તૂટી ગઈ, પરંતુ જ્યારે રસૂલે કરીમ ﷺ આ જિહાદથી પરત આવ્યા તો આ બધા મુનાફિકોએ હાજર થઈને જૂઠા બહાનાઓ રજૂ કરીને અને જૂઠી કસમો ખાઈને રસૂલે કરીમ ﷺને રાજી કરવા ઈચ્છયું, આપ ﷺએ તેમના દિલની હાલત અલ્લાહને સોંપી દીધી અને તેમની જાહેર કસમોનો સ્વીકાર કરી લીધો અને તે લોકો આરામથી રહેવા લાગ્યા, અમુક લોકોએ આ ત્રણે અન્સારી બુઝૂર્ગોને પણ એવી જ સલાહ આપી કે તમે પણ જૂઠું બહાનું કાઢી પોતાનો બચાવ રજૂ કરી દો પરંતુ તેમના દિલોએ તેમની નીંદા કરી કે એક ગુનોહ તો જિહાદથી બચવાનો કરી ચૂકયા છે, હવે બીજો ગુનોહ રસૂલે કરીમ ﷺ સામે જૂઠું બોલવાનો કરીએ !? એટલા માટે સ્પષ્ટ શબ્દોમાં પોતાની ભૂલનો સ્વીકાર કરી લીધો જેના કારણે તેમની સાથે અસહકારની અને તેમની સાથે વાતચીત ન કરવાની સજા લાગુ પાડવામાં આવી, પરિણામ એ આવ્યું કે અલ્લાહ તઆલાએ કુર્આનમાં આ સૌની હકીકત ખોલી નાંખી, જૂઠી કસમો ખાઈને જૂઠા બહાનાઓ કરનારાઓનો પર્દાફાશ કરવામાં આવ્યો જેનું વર્ણન અને તેમના ખરાબ પરિણામની હાલત આ અગાઉ ઘણી આયતોમાં يَعْتَذِرُوْنَ اِلَيْكُمْ اِذَا رَجَعْتُمْ اِلَيْهِمْ થી عَلَيْهِمْ دَآئِرَةُ السَّوْءِ સુધી વર્ણન થઈ ચૂકી છે અને આ ત્રણ વડીલો જે સાચું બોલ્યા અને સ્વીકાર કર્યો તેમની તવબહ આ આયતમાં નાઝિલ થઈ અને પચાસ દિવસ રસૂલે કરીમ ﷺના અસહકાર અને સહાબએ કિરામ (રદિ.)ના વાતચીત છોડી દેવાની ખૂબ જ કઠોર મુસીબત વેઠયા પછી અત્યંત સન્માનનીય રીતે મુબારકબાદી સાથે રસૂલે કરીમ ﷺ અને બધા જ મુસલમાનોમાં તેઓ સ્વીકૃત થયા.

આ ત્રણે અન્સારી બુઝૂર્ગોની ઘટનાની વિગત સહીહ હદીષો પ્રમાણે :

સહીહૈન અને બુખારી, મુસ્લિમ તથા અન્ય મોટા ભાગની હદીષની કિતાબોમાં આ ઘટના વિશે હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)ની એક લાંબી હદીષ લખવામાં આવી છે જે ઘણા જ ફાયદાઓ, મસ્અલાઓ તથા વાસ્તવિકતા ઉપર આધારિત છે, એટલા માટે યોગ્ય એ જ જણાય છે કે તેનો સંપૂર્ણ અનુવાદ અત્રે વર્ણન કરી દેવામાં આવે. આ ત્રણે વડીલોમાંથી એક કઅ્બ બિન માલિક (રદિ.) હતા તેમણે પોતાની ઘટનાની વિગત આ પ્રમાણે બતાવી છે કે,

"રસૂલે કરીમ ﷺએ જેટલા ગઝ્વાતમાં ભાગ લીધો તે બધામાં ગઝ્વએ તબૂક સિવાય હું રસૂલે કરીમ ﷺ સાથે રહ્યો, અલબત્ત ગઝ્વએ બદ્રની ઘટના જો કે અચાનક ઉપસ્થિત થઈ હતી અને રસૂલે કરીમ ﷺએ સૌને તેમાં ભાગ લેવાનો હુકમ પણ આપ્યો ન હતો અને ભાગ ન લેનારા ઉપર કોઈ ક્રોધ પણ ન કર્યો હતો તેમાં પણ હું ભાગ ન લઈ શક્યો હતો અને હું "લયલતુલ અકૂબહ"ના કરારમાં પણ હાજર હતો જેમાં અમે ઈસ્લામની હિમાયત અને રક્ષણનો કરાર કર્યો હતો અને મને આ બયૂઅતે અકૂબહની હાજરી ગઝ્વએ બદ્રની હાજરી કરતા પણ વધારે પ્રિય છે, જો કે ગઝ્વએ બદ્ર લોકોમાં વધારે પ્રખ્યાત છે અને મારો કિસ્સો ગઝ્વએ તબૂકમાં ગેરહાજર રહેવાનો એવો છે કે, હું કોઈ વખતે પણ તે સમયથી વધારે ખુશહાલ અને માલદાર ન હતો..... ખરેખર, મારી પાસે ક્યારેય આથી પહેલા બે સવારીઓ ભેગી થઈ ન હતી જે તે સમયે મોજૂદ હતી.

અને રસૂલે કરીમ ﷺની પોતાની પવિત્ર ટેવ ગઝ્વાત વિશે એ પણ હતી કે, મદીનાથી નીકળવાના સમયે પોતાના ઈરાદાને ગુપ્ત રાખવા માટે એવું કરતા હતા કે જે દિશાએ જઈને જિહાદ કરવાનો હોય મદીનામાંથી તેનાથી વિરુદ્ધ દિશાએથી નીકળતા હતા જેથી મુખબીર (ગુપ્ત ખબરો પહોંચાડનાર) મુનાફિકોને વિરોધી પક્ષને ચેતવવાનો મોકો ન મળવા પામે અને ફરમાવ્યા કરતા હતા કે યુદ્ધમાં આ પ્રમાણેની યુક્તિ જાઈઝ છે.

એટલે સુધી કે આ ગઝ્વએ તબૂકની ઘટના ઉપસ્થિત થઈ (આ જિહાદ ઘણા કારણોના લીધે વિશિષ્ટ પ્રકારનો હતો). રસૂલે કરીમ ﷺએ સખત ગરમી અને અછતની હાલતમાં આ જિહાદનો ઈરાદો કર્યો હતો અને મુસાફરી પણ ઘણી

દૂરની હતી, મુકાબલા ઉપર દુશ્મનની શક્તિ અને સંખ્યા ઘણી વધારે હતી, એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ આ જિહાદનું ખુલ્લમ-ખુલ્લું એ'લાન કર્યું હતું જેથી મુસલમાનો આ જિહાદ માટે સંપૂર્ણ તૈયારી કરી શકે.

આ જિહાદમાં ભાગ લેનારાઓની સંખ્યા સહીહ મુસ્લિમની રિવાયત પ્રમાણે દશ હજારથી વધારે હતી અને હાકિમની રિવાયત હઝરત મઆઝ (રદિ.)થી એ છે કે, અમે આ જિહાદમાં રસૂલુલ્લાહ ﷺની સાથે નીકળ્યા તો અમારી સંખ્યા ત્રીસ હજારથી વધારે હતી.

આ જિહાદમાં નીકળનારાઓની કોઈ યાદી લખવામાં આવી ન હતી, એટલા માટે જે લોકો જિહાદમાં જવા ઈચ્છતા ન હતા તેમને એ તક મળી ગઈ કે અમે જો નહિ જઈએ તો કોઈને પણ ખબર પડશે નહિ, જે સમયે રસૂલુલ્લાહ ﷺ જિહાદ માટે નીકળ્યા તો આ તે વખત હતો કે ખજૂરો પાકી રહી હતી, બગીચાઓવાળા તેમાં પ્રવૃત્ત હતા, એવી જ પરિસ્થિતિમાં રસૂલે કરીમ ﷺ અને સામાન્ય મુસલમાનોએ મુસાફરીની તૈયારી શરૂ કરી દીધી, જુમેરાતના દિવસે આપ ﷺએ આ મુસાફરીની શરૂઆત કરી અને મુસાફરી માટે રસૂલે કરીમ ﷺને જુમેરાતનો દિવસ પસંદ હતો ભલે મુસાફરી જિહાદની હોય અથવા કોઈ અન્ય હેતુ માટે.

મારી હાલત પણ એવી હતી કે હું રોજ સવારમાં ઈરાદો કરતો હતો કે જિહાદની તૈયારી કરું પરંતુ કોઈ તૈયારી વિના જ પરત આવી જતો, હું દિલમાં કહેતો હતો કે હું આ જિહાદ માટે શક્તિશાળી છું અને મારે નીકળવું જોઈએ પરંતુ એ જ પ્રમાણે આજકાલ-આજકાલ કરતા મારો ઈરાદો ટાળતો રહ્યો, એટલે સુધી કે રસૂલુલ્લાહ ﷺ અને બધા મુસલમાનો જિહાદ માટે રવાના થઈ ગયા તો પણ મારા દિલમાં એ જ વિચાર આવતો રહ્યો કે હું પણ રવાના થઈ જઈશ અને કોઈ સ્થળે માર્ગમાં તેમને જઈ મળીશ અને કાશ ! મેં એવું કર્યું હોત ! પરંતુ (અફસોસ છે કે) હું એ કામ ન કરી શક્યો.

રસૂલે કરીમ ﷺના કૂચ કરી ગયા પછી જ્યારે હું મદીનામાં કોઈ સ્થળે જતો તો એ વાત મને ગમગીન કરતી હતી કે, અત્યારે સમગ્ર મદીનામાં માત્ર તે જ લોકો નજરે પડતા હતા જેઓ નિફાકમાં ડૂબેલા હતા અથવા તો એવા બીમાર અને

લાચાર કે જેઓ મૂળેથી મુસાફરીના યોગ્ય જ ન હતા, બીજી બાજુ સમગ્ર માર્ગમાં રસૂલે કરીમ ﷺને મારો વિચાર ક્યાંય આવ્યો નહીં, એટલે સુધી કે તબૂક પહોંચી ગયા તે સમયે આપ ﷺએ એક મજલિસમાં વર્ણન કર્યું કે, કઅ્બ બિન માલિક (રદિ.)નું શું થયું ? તે ક્યાં છે ?

બનુ સલમાના લોકોમાંથી એક વ્યક્તિએ કહ્યું, યા રસૂલુલ્લાહ ﷺ ! તેમને જિહાદથી તેમના ઉચ્ચ કક્ષાના પહેરવેશ અને તેના ઉપર નજર નાખવાએ રોકી લીધા છે, હઝરત મઆઝ બિન જબલ (રદિ.)એ કહ્યું કે તમે આ ખરાબ વાત કહી છે, યા રસૂલુલ્લાહ ﷺ ! ખરેખર, મેં તેમનામાં ભલાઈ સિવાય કંઈ જ જોયું નથી, એ સાંભળીને રસૂલુલ્લાહ ﷺ મૌન રહ્યા.

હઝરત કઅ્બ (રદિ.)નું નિવેદન છે કે, જ્યારે મને ખબર મળી કે રસૂલે કરીમ ﷺ પરત આવી રહ્યા છે તો મને ઘણી ચિંતા થઈ અને નિકટ હતું કે, હું ગભરાઈને મારી ગેરહાજરીનું કોઈ બહાનું તૈયાર કરી લઉં અને એવી વાતો રજૂ કરી આપું જેના દ્વારા હું રસૂલે કરીમ ﷺની નારાજગીનો ભોગ ન બનું, એટલા માટે પોતાના ઘરવાળા અને મિત્રોની પણ મદદ લઉં. (મારા દિલમાં આ વિચારો અને ભ્રમણાઓ ઘુમતી રહી) એટલે સુધી કે જ્યારે એ ખબર મળી કે આપ ﷺ પરત આવી ગયા છે તો ખોટા વિચારો મારા દિલમાંથી નીકળી ગયા અને મેં સમજી લીધું કે હું રસૂલે કરીમ ﷺની નારાજગીથી કોઈ એવી બાબતનો આધાર લઈ નીકળી નથી શકતો કે જેમાં જૂઠ હોય, એટલા માટે મેં બિલકુલ સાચું બોલવાનો નિર્ધાર કરી લીધો કે મને ફક્ત સચ્ચાઈ જ છુટકારો અપાવી શકે છે.

રસૂલુલ્લાહ ﷺ પરત આવ્યા તો (ટેવ પ્રમાણે) ચાસ્તના સમયે એટલે કે, સવારના સમયે જ્યારે સૂર્ય થોડી ઊંચાઈ ઉપર હોય છે મદીનામાં પ્રવેશ્યા અને તેમની પવિત્ર ટેવ એ જ હતી કે મુસાફરીમાંથી પરત મોટે ભાગે આ જ સમયે આવતા હતા અને એ ટેવ પણ હતી કે પ્રથમ મસ્જિદમાં જતા હતા, બે રકાતો પઢતા, પછી હઝરત ફાતિમા (રદિ.) પાસે જતા ત્યારબાદ પવિત્ર પત્નીઓને મળતા હતા.

આ આદત પ્રમાણે રસૂલે કરીમ ﷺ પ્રથમ મસ્જિદમાં તશરીફ લઈ ગયા, બે રકાત અદા કરી, પછી મસ્જિદમાં બેસી ગયા; જ્યારે લોકોએ એ જોયું તો

ગઝ્વએ તબૂકમાં ન જનારા મુનાફિકો કે જેમની સંખ્યા ૮૦ થી કંઈક ઉપર હતી સેવામાં હાજર થઈને જૂઠા બહાનાઓ રજૂ કરવા અને જૂઠી કસમો ખાવા લાગ્યા, રસૂલુલ્લાહ ﷺએ તેમના જાહેર નિવેદનોનો તથા કસમોનો સ્વીકાર કરી લીધો અને તેમનાથી બયૂઅત કરી લીધી, તેમના માટે મગફિરતની દુઆ કરી અને તેમના દિલની હાલત અલ્લાહ તઆલાને સોંપી.

એવી જ હાલતમાં હું પણ સેવામાં ઉપસ્થિત થયો અને ચાલતા-ચાલતા સામે જઈને બેસી ગયો, જ્યારે મેં સલામ કરી તો રસૂલુલ્લાહ ﷺ એવું મુશ્કુરાયા જેમકે મોટે ભાગે નારાજ વ્યક્તિ અમુક સમયે મુશ્કુરાય છે અને અમુક રિવાયતોમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ પોતાનું મોઢું ફેરવી લીધું તો મેં વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! તમે મારાથી ચહેરા મુબારકને કેમ ફેરવો છો ? અલ્લાહની કસમ ! મેં નિફાક નથી કર્યો અને ન જ દીનની બાબતમાં કોઈ શંકા-કુશંકામાં સપડાયેલો છું અને ન જ તેમાં કોઈ ફેરફાર કર્યો છે. આપ ﷺએ ફરમાવ્યું, તો પછી જિહાદમાં કેમ ન ગયા ? શું તમે સવારી ખરીદી લીધી ન હતી ?

મેં વિનંતી કરી, બેશક ! યા રસૂલુલ્લાહ ﷺ ! જો હું તમારા સિવાય દુનિયાના બીજા વ્યક્તિ સામે બેઠો હોત તો મને વિશ્વાસ છે કે હું કોઈ બહાનું ઘડી કાઢીને તેની નારાજગીથી બચી ગયો હોત, કારણ કે મને દલીલબાજી કરતા સારી પેઠે આવડે છે પરંતુ અલ્લાહની કસમ ! મેં એ સમજી લીધું છે કે જો હું તમને કોઈ જૂઠી વાત કહીશ જેનાથી તમે રાજી થઈ જાઓ તો કંઈ દૂર નથી કે અલ્લાહ તઆલા.... વાસ્તવિક પરિસ્થિતિ તમારા ઉપર ખોલીને મારાથી આપને નારાજ કરી આપે અને જો હું સાચી વાત બતાવી આપું જેનાથી આપ ખરેખર મારાથી નારાજ થાઓ પરંતુ મને આશા છે કે, અલ્લાહ તઆલા મને મા'ફ કરી દેશે. સાચી વાત એ છે કે જિહાદમાં ગેરહાજર રહેવા માટે મારી પાસે કોઈ યોગ્ય કારણ ન હતું, હું કોઈ સમયે પણ આર્થિક અને શારીરિક રીતે એટલો મજબૂત અને પૈસાવાળો ન થયો હતો જેટલો હું હાલમાં છું.

રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે આ વ્યક્તિ સાચું બોલ્યો છે, પછી ફરમાવ્યું કે, સારું ! જાઓ, એટલે સુધી કે અલ્લાહ તઆલા તમારા વિશે કોઈ ફેસલો કરી આપે, હું ત્યાંથી ઊઠીને ચાલ્યો તો બની સલમાના અમુક વ્યક્તિઓ મારી પાછળ લાગ્યા અને કહેવા લાગ્યા કે આ અગાઉ તો અમારી જાણમાં તમે

કોઈ ગુનોહ નથી કર્યો, આ તમે શું મૂર્ખામી કરી કે તે સમયે કોઈ બહાનું કરી દીધું હોત જેમકે અન્ય ગેરહાજર લોકોએ કર્યું અને તમારા ગુનાહની મા'ફી માટે રસૂલ ﷺનો ઈસ્તિગફાર પૂરતો થઈ ગયો હોત, ખરેખર એ લોકો મને વારંવાર મલામત કરતા રહ્યા એટલે સુધી કે મારા દિલમાં પણ એ વિચાર આવ્યો કે હું પાછો વળી જાઉં અને ફરી સેવામાં હાજર થઈ વિનંતી કરું કે મેં જે વાત પ્રથમ કહી હતી તે ખોટી હતી, મારી પાસે (જિહાદમાં ન જવાનું) સાચું કારણ મોજૂદ હતું.

પછી ફરી મારા દિલે કહ્યું, હું એક ગુનાહને બે ગુનાહ ન બનાવું, એક ગુનોહ તો જિહાદમાં ન જવાનો પ્રથમથી જ થઈ ચૂક્યો છે, બીજો ગુનોહ જૂઠું બોલવાનો થશે, પછી મેં તે લોકોને પૂછ્યું કે શું જિહાદમાં ન જનારાઓ બીજા પણ મારી સાથે છે કે જેમણે પોતાના ગુનાહનો સ્વીકાર કરી લીધો હોય ? તે લોકોએ બતાવ્યું કે બે વ્યક્તિઓ બીજા પણ છે જેમણે તમારી જેમ જ પોતાના ગુનાહનો સ્વીકાર કર્યો અને તેમને પણ તે જ જવાબ આપવામાં આવ્યો જે તમને કહેવામાં આવ્યો છે (કે અલ્લાહના ફેસલાની રાહ જૂઓ), મેં પૂછ્યું કે તે કોણ લોકો છે ? તેમણે બતાવ્યું કે, એક મુરારહ ઇબ્ને રબી અલ ઉમરી અને બીજા હિલાલ બિન ઉમૈયા વાકિફી છે.

ઈબ્ને અબી હાતિમની રિવાયતમાં છે કે, તેમનામાંથી એક વ્યક્તિ એટલે કે મુરારહ (રદિ.)નું ન જવાનું કારણ એ બન્યું કે તેમનો એક બગીચો હતો, તેના ફળો તે સમયે પાકી રહ્યા હતા તો તેમણે પોતાના દિલમાં કહ્યું કે તમે આનાથી અગાઉ ઘણા ગઝ્વાતમાં ભાગ લીધો છે જો આ વર્ષે જિહાદમાં નહીં જાઓ તો શું ગુનોહ છે ? ત્યારબાદ જ્યારે તેઓ પોતાના ગુનાહથી ચેત્યા તો તેમણે અલ્લાહ સાથે કરાર કરી લીધો કે આ બાગ મેં અલ્લાહના માર્ગમાં સદકહ કરી દીધો.

અને બીજા વડીલ હઝરત હિલાલ ઈબ્ને ઉમૈયાની ઘટના એમ બની કે તેઓ બાળ–બચ્ચાંથી લાંબા સમયથી દૂર હતા, આ સમયે બધા ભેગા થઈ ગયા તો એ વિચાર આવ્યો કે આ વર્ષે હું જિહાદમાં ન જાઉં અને પોતાના બાળ–બચ્ચાંઓ સાથે પસાર કરું, તેમને પણ પોતાના ગુનાહનો વિચાર આવ્યો તો તેમણે પણ એ કરાર કર્યો કે હવે હું પોતાના બાળ–બચ્ચાંથી અળગો રહીશ.

આ બાજુ રસૂલે કરીમ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને અમો ત્રણે સાથે

વાતચીત (સલામ-કલામ) કરવાની મનાઈ કરી દીધી, તે સમયે અમે તો બધા મુસલમાનો સાથે અગાઉની જેમ જ મહોબ્બત કરતા હતા પરંતુ તે બધાનું વલણ અમારા પ્રત્યે બદલાઈ ગયું હતું.

ઈબ્ને અબી શયબહ (રદિ.)ની રિવાયતમાં છે કે હવે અમારી હાલત એવી થઈ ગઈ કે અમે લોકોની પાસે જતા તો કોઈ અમારી સાથે વાતચીત કરતા ન હતા, ન કોઈ સલામ કરતા, ન જ કોઈ સલામનો જવાબ આપતા.

મુસ્નદે અબ્દુર્રઝ્ઝાકમાં છે કે તે સમયે અમારી દુનિયા બિલકુલ બદલાઈ ગઈ, એવું લાગવા માંડ્યું હતું કે આ તે લોકો નથી જેઓ પહેલાં હતા, ન તો અમારા બગીચાઓ અને મકાનો તે છે જે અગાઉ હતા, બધું જ અજનબી દૃષ્ટિગોચર થતું હતું, મને સૌથી વધારે ફિકર એ હતી કે જો હું આવી હાલતમાં મૃત્યું પામ્યો તો રસૂલે કરીમ ﷺ મારી જનાઝહની નમાઝ પઢશે નહીં અથવા અલ્લાહ ન ચાહે આ સમયગાળામાં રસૂલે કરીમ ﷺની વફાત થઈ ગઈ તો હું આ જ પ્રમાણે લોકોમાં અપમાનિત થઈને ફરતો રહીશ, તેના કારણે મને સમગ્ર દુનિયા પારકી અને વેરાન દેખાવા લાગી હતી, આવી જ હાલતમાં અમારા ઉપર પચાસ રાતો પસાર થઈ ગઈ, આ સમયગાળામાં મારા બંને મિત્રો (મરારહ અને હિલાલ) તો ભગ્ન હૃદયે ઘરમાં જ બેસી રહ્યા અને રાત-દિવસ આક્રંદ કરતા હતા પરંતુ હું યુવાન વ્યક્તિ હતો, બહાર નીકળતો અને હરતો-ફરતો હતો તથા નમાઝમાં બધા મુસલમાનો સાથે સામેલ થતો હતો અને બજારોમાં ફરતો હતો પરંતુ ન તો કોઈ મારી સાથે વાતચીત કરતું હતું અને ન જ મારા સલામનો જવાબ આપતું હતું, રસૂલે કરીમ ﷺની મજલિસમાં નમાઝ પછી હાજર થતો અને સલામ કરતો તો એવું જોતો હતો કે રસૂલુલ્લાહ ﷺના હોઠ મુબારક ઉપર સલામના જવાબ માટે હલન-ચલન થાય છે કે નહીં ? પછી હું આપ ﷺની પાસે જ નમાઝ પઢતો તો છાની નજરે આપ ﷺ તરફ જોતો હતો તો જાણ થતી કે જ્યારે હું નમાઝમાં મશ્ગૂલ થઈ જાઉં છું તો રસૂલે કરીમ ﷺ મારા તરફ જુએ છે અને હું જ્યારે તેમની સામે જાઉં છું તો તેઓ મોઢું ફેરવી લે છે.

જ્યારે લોકોનો આ અસહકાર ખૂબ વધી ગયો તો એક દિવસે હું મારા પિતરાઈ ભાઈ કતાદહ (રદિ.) પાસે ગયો જેઓ મારા સૌથી વધારે મિત્ર હતા, હું તેમના બગીચામાં દિવાલ કૂદીને દાખલ થયો અને તેમને સલામ કરી, અલ્લાહની

કસમ ! તેમણે પણ મારી સલામનો જવાબ ન આપ્યો, મેં પૂછ્યું કે હે કતાદહ (રદિ.) ! શું તમે નથી જાણતા કે હું અલ્લાહ અને તેના રસૂલ ﷺને મહોબ્બત કરું છું ? તે છતાં પણ કતાદહ (રદિ.)એ મૌન ધારણ કર્યું, કોઈ જવાબ ન આપ્યો. જ્યારે મેં વારંવાર આ સવાલનું પુનરાવર્તન કર્યું તો ત્રીજી અથવા ચોથી વખતે તેમણે ફક્ત એટલું કહ્યું કે અલ્લાહ જાણે છે અને તેના રસૂલ ﷺ. હું રડી પડ્યો અને એ જ પ્રમાણે દિવાલ કૂદીને બગીચાની બહાર આવી ગયો, આ જ સમયગાળામાં હું એક દિવસે મદીનાના બજારમાં ચાલી રહ્યો હતો કે સિરીયાનો એક ખેડૂત વ્યક્તિ જે અનાજ વેચવા માટે સિરીયાથી મદીના આવ્યો હતો તેને જોયો કે લોકોને પૂછી રહ્યો છે કે, મને કોઈ કઅ્બ બિન માલિકનું સરનામું બતાવી શકે છે ? લોકોએ મને જોઈને મારા તરફ ઈશારો કર્યો તે વ્યક્તિ મારી પાસે આવી ગયો અને મને ઘસ્સાનના રાજાનો એક પત્ર આપ્યો જે એક રેશમી રૂમાલ ઉપર લખ્યો હતો જેનો વિષય આ હતો,

"સલામ બાદ ! મને એ ખબર મળી છે કે તમારા નબી (ﷺ)એ તમારી સાથે બેવફાઈ કરી અને તમને દૂર કરી રાખ્યા છે, અલ્લાહ તઆલાએ તમને અપમાન અને હલાકતના સ્થળે નથી રાખ્યા તમે જો અમારા ત્યાં આવવાનું પસંદ કરો તો આવી જાઓ અમે તમારી મદદ કરીશું."

મેં જ્યારે આ પત્ર વાંચ્યો તો કહ્યું કે, આ એક બીજી પરીક્ષા અને આજમાઇશ આવી કે હવે કાફિરોને મારાથી એવી લાલચની આશા થઈ ગઈ (કે હું તેમની સાથે ભળી જાઉં), હું આ પત્ર લઈને આગળ વધ્યો, એક દુકાન ઉપર તન્નુર (રોટી શેકવાની ભટ્ટી) લાગેલું હતું તેમાં ફેંકી દીધો.

હઝરત કઅ્બ (રદિ.) ફરમાવે છે કે, જ્યારે પચાસમાંથી ચાલીસ રાતો પસાર થઈ ચૂકી હતી તો અચાનક જોયું કે, રસૂલુલ્લાહ ﷺના એક સંદેશાવાહક ખુઝયમહ બિન ષાબિતે મારી પાસે આવીને કહ્યું કે, રસૂલુલ્લાહ ﷺએ એવો હુકમ આપ્યો છે કે તમે પોતાની પત્નીથી પણ અળગા થઈ જાઓ, મેં પૂછ્યું કે શું તલાક આપી દઉં ? અથવા શું કરું ?તેમણે બતાવ્યું કે નહીં ! માત્ર તેની પાસે જવાનું નથી અને તેનાથી જુદા રહો, એ જ પ્રમાણેનો હુકમ મારા બંને સાથીઓ પાસે પણ પહોંચ્યો, મેં પત્નીને કહી આપ્યું કે તમે તમારા માતા-પિતાના ત્યાં

ચાલ્યા જાઓ અને ત્યાં જ રહો જ્યાં સુધી અલ્લાહ તઆલા કોઈ ફેંસલો કરી આપે.

હિલાલ બિન ઉમૈયા (રદિ.)ની પત્ની ખવલહ બિન્તે આસીમ આ હુકમ સાંભળીને રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને વિનંતી કરી કે, હિલાલ ઈબ્ને ઉમૈયા (રદિ.) એક ઘરડા અને અશક્ત વ્યક્તિ છે અને તેમનો કોઈ નોકર-ચાકર પણ નથી, ઈબ્ને અબી શયબહ (રદિ.)ની એક રિવાયત એવી પણ છે કે તેઓ અશક્ત વ્યક્તિ પણ છે, શું તમે એવું પસંદ નથી કરતા કે હું તેમની સેવા કરતી રહું ? ફરમાવ્યું કે, સેવા કરવાની મનાઈ નથી, અલબત્ત તેઓ તમારી પાસે ન આવે, તેમણે વિનંતી કરી કે તેઓ ઘડપણના કારણે એવા થઈ ગયા છે કે, એમનામાં કોઈ ચેષ્ટા નથી અને અલ્લાહની કસમ ! તેમના ઉપર તો સતત આક્રંદ છવાયેલું રહે છે, રાત-દિવસ રડતા રહે છે.

કઅ્બ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે, મને પણ મારા અમુક સંબંધીઓએ સલાહ આપી કે તમે પણ રસૂલે કરીમ ﷺ પાસે પત્નીને સાથે રાખવાની પરવાનગી માંગી લો, જેમકે આપ ﷺએ હઝરત હિલાલ (રદિ.)ને પરવાનગી આપી છે. મેં કહ્યું કે હું એવું કરીશ નહીં, ખબર નહીં રસૂલુલ્લાહ ﷺ શું જવાબ આપે ! તદુપરાંત હું યુવાન વ્યક્તિ છું (પત્નીને સાથે રાખવી કાળજી વિરુદ્ધ લેખાશે), એટલા માટે આવી પરિસ્થિતિમાં દશ રાતો બીજી પસાર થઈ ચૂકી, એટલે સુધી કે પચાસ રાત સંપૂર્ણ થઈ ગઈ. મુસ્નદે અબ્દુર્રઝ્ઝાકની રિવાયતમાં છે કે એ સમયે મારી તવબહ રસૂલે કરીમ ﷺ ઉપર એક તૃત્યાંશ રાત પસાર થવાના સમયે નાઝિલ થઈ, ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત ઉમ્મે સલમા (રદિ.) જે તે સમયે હાજર હતા તેમણે વિનંતી કરી કે પરવાનગી હોય તો હું અત્યારે કઅ્બ બિન માલિક (રદિ.)ને તેની ખબર આપી દઉં, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, એવું થયું તો હમણાં લોકોની ભીડ જામી જશે, રાતની ઊંઘ ખરાબ થઈ જશે.

કઅ્બ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે, પચાસમી રાત પછી સવારની નમાઝ પઢીને હું મારા ઘરની છત ઉપર બેઠો હતો અને હાલત એવી હતી કે જેનું વર્ણન અલ્લાહ તઆલાએ કુર્આનમાં કર્યું છે કે મારા ઉપર મારો પ્રાણ અને જમીન તેની વિશાળતા હોવા છતાં તંગ થઈ ચુકી હતી, અચાનક મેં સલઅ્ પહાડી

ઉપરથી કોઈ પોકારનાર વ્યક્તિનો અવાજ સાંભળ્યો જે મોટા અવાજે કહી રહ્યો હતો કે હે કઅ્બ ઈબ્ને માલિક (રદિ.) ! ખુશખબરી છે.

મુહમ્મદ બિન અમ્રની રિવાયતમાં છે કે, આ મોટા અવાજે કહેનાર અબૂબક્ર (રદિ.) હતા જેમણે સલઅ્ પહાડી ઉપર ચઢીને એ પોકાર કર્યો હતો કે અલ્લાહ તઆલાએ કઅ્બ (રદિ.)ની તવબહ સ્વીકારી લીધી; ખુશખબરી છે, અને ઉક્બહની રિવાયતમાં એવું છે કે, આ ખુશખબરી હઝરત કઅ્બ (રદિ.)ને સંભળાવવા માટે બે વ્યક્તિઓ દોડ્યા, તેમાં એક આગળ નીકળી ગયા તો જે પાછળ રહી ગયો હતો તેણે એવું કર્યું કે, સલઅ્ પહાડી ઉપર ચઢીને પોકાર કર્યો અને કહેવામાં આવે છે કે આ દોડનારા બે વ્યક્તિઓ હઝરત સિદ્દીકે અકબર (રદિ.) અને હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) હતા.

હઝરત કઅ્બ બિન માલિક (રદિ.) ફરમાવે છે કે, હું આ અવાજ સાંભળીને સિજ્દહમાં પડી ગયો અને અનહદ ખુશીથી રડવા લાગ્યો અને મને જાણ થઈ ગઈ કે હવે સારા દિવસો પાછા આવી ગયા, રસૂલુલ્લાહ ﷺએ સવારની નમાઝ પછી સહાબએ કિરામ (રદિ.)ને અમારી તવબહ કબૂલ થવાની ખબર આપી હતી, હવે દરેક બાજુથી લોકો અમને ત્રણેને મુબારકબાદી આપવા માટે દોડી પડ્યા, અમુક લોકો ઘોડા ઉપર સવાર થઈને મારી પાસે પહોંચ્યા પરંતુ પહાડ ઉપરથી અવાજ આપનારની અવાજ સૌથી પહેલાં પહોંચ્યો હતો.

કઅ્બ ઈબ્ને માલિક (રદિ.) કહે છે કે, હું રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થવા માટે નીકળ્યો તો લોકો ટોળે-ટોળાં મને મુબારકબાદી આપવા માટે આવી રહ્યા હતા, કઅ્બ (રદિ.) ફરમાવે છે કે હું મસ્જિદે નબવીમાં દાખલ થયો તો જોયું કે રસૂલુલ્લાહ ﷺ બેઠા છે, આપ ﷺની આજુબાજુ સહાબા (રદિ.)નો સમૂહ છે, મને જોઈને સૌ પ્રથમ તલ્હા ઈબ્ને ઉબૈદુલ્લાહ ઊભા થઈને મારા તરફ લપક્યા અને મારી સાથે હસ્તધૂનન (મુસાફહા) કરી તવબહની સ્વીકૃતિની મુબારકબાદી આપી, તલ્હા (રદિ.)નું આ અહેસાન હું ક્યારેય ભૂલતો નથી જ્યારે મેં રસૂલુલ્લાહ ﷺને સલામ કરી તો આપ ﷺનો ચહેરો મુબારક ખુશીથી ચમકી રહ્યો હતો. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હે કઅ્બ (રદિ.) ! ખુશખબરી છે તમને એવા મુબારક દિવસની જે તમારી જિંદગીમાં જન્મથી લઈ આજ સુધી ઉત્તમ દિવસ છે. મેં વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ! આપના તરફથી છે કે અલ્લાહ

તરફથી છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, નહીં ! આ હુકમ અલ્લાહ તઆલાનો છે, તમે સાચું બોલ્યા હતા, અલ્લાહ તઆલાએ તમારી સચ્ચાઈને જાહેર કરી દીધી.

જ્યારે હું આપ ﷺની સાથે બેઠો તો વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ! મારી તવબહ એ છે કે હું મારા બધા માલ-સામાનને છોડી દઉં અને બધો જ માલ અલ્લાહના માર્ગમાં સદકહ કરી આપું. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, નહીં ! અમુક માલ પોતાની જરૂરિયાત માટે રહેવા દો એ ઉત્તમ છે. મેં વિનંતી કરી કે સારું ! અડધો માલ સદકહ કરી આપું, રસૂલે કરીમ ﷺએ તેનો પણ ઈન્કાર કર્યો, મેં પછી એક તૃત્યાંશ માલની પરવાનગી માંગી તો રસૂલે કરીમ ﷺએ તેનો સ્વીકાર કરી લીધો. મેં વિનંતી કરી, યા રસૂલુલ્લાહ ﷺ ! મને અલ્લાહે સાચું બોલવાના કારણે છુટકારો આપ્યો છે એટલા માટે હું વચન આપું છું કે જ્યાં સુધી હું જીવતો રહીશ ક્યારેય સત્ય સિવાય કોઈ વાત બોલીશ નહીં, પછી ફરમાવ્યું કે જ્યારથી મેં રસૂલુલ્લાહ ﷺ સાથે આ સાચું બોલવાનો કરાર કર્યો હતો અલ્હમ્દુલિલ્લાહ ! આજ દિન સુધી કોઈ વાક્ય જૂઠનું મારી જીભ ઉપર આવ્યું નથી અને મને આશા છે કે અલ્લાહ તઆલા બાકી જિંદગીમાં પણ મને જૂઠથી સુરક્ષિત રાખશે, કઅ્બ (રદિ.) ફરમાવે છે કે અલ્લાહની કસમ ! ઈસ્લામ પછી આનાથી મોટી નેઅ્મત મને મળી નથી કે હું રસૂલુલ્લાહ ﷺ સામે સાચું બોલ્યો અને જૂઠથી બચ્યો, કારણ કે જો હું જૂઠું બોલ્યો હોત તો એ જ પ્રમાણે બરબાદીમાં પડી ગયો હોત જે પ્રમાણે અન્ય જૂઠી કસમો ખાનારા હલાક થઈ ગયા, જેમના વિશે કુર્આનમાં નાઝિલ થયું سَيَحْلِفُونَ بِاللّٰهِ لَكُمْ اِذَا انْقَلَبْتُمْ اِلَيْهِمْ થી લઈને فَاِنَّ اللّٰهَ لَا يَرْضٰى عَنِ الْقَوْمِ الْفٰسِقِيْنَ અમુક લોકોએ ફરમાવ્યું કે, આ ત્રણે વ્યક્તિઓ સાથે અસહકાર પચાસ દિવસો સુધી ચાલુ રહેવો કદાચ એ હિકમત ઉપર આધારિત હતું કે રસૂલુલ્લાહ ﷺના ગઝ્વએ તબૂકમાં પચાસ દિવસો ખર્ચાયા હતા. *(આ સમગ્ર રિવાયત અને વિગતવારની ઘટના તફસીરે મઝહરીમાંથી લેવામાં આવી છે.)*

આ હદીષના સંદર્ભમાં હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)ની પ્રસ્તુત ઘટનાના લાભા-લાભ :

હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)એ પોતાની ઘટનાને જે પ્રકારે વિગતવાર સ્પષ્ટ રીતે વર્ણન કરી છે તેમાં મુસલમાનો માટે ઘણા બધા લાભો અને

સૂચનાઓ છે, એટલા માટે આ સ્થળે આ હદીષને સંપૂર્ણ લખવામાં આવી છે, તે લાભો આ પ્રમાણે છે.

(૧) આ હદીષમાં બતાવવામાં આવ્યું છે કે રસૂલે કરીમ ﷺની સામાન્ય ટેવ ગઝ્વાતમાં એ હતી કે જે બાજુ જવાનું હોય તેનાથી વિરુદ્ધ દિશામાં મદીનામાંથી રવાના થતા જેથી ઈસ્લામના વિરોધીઓને એ જાણ ન થાય કે આપ ﷺ કઈ કોમ અથવા કબીલા સામે જિહાદમાં જઈ રહ્યા છે, તેને જ રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, اَلْحَرْبُ خُدْعَةٌ એટલે કે, "યુદ્ધ (જિહાદ)માં ધોકો આપવો જાઈઝ છે." તેનાથી અમુક લોકો એ ભૂલમાં પડી જાય છે કે યુદ્ધ અને જિહાદમાં જૂઠું બોલીને વિરોધીઓને ધોકો આપવો જાઈઝ છે; એ સાચું નથી બલકે આ ધોકો આપવાનો અર્થ એ છે કે પોતાની પ્રવૃત્તિ એવી રીતે કરો કે જેનાથી વિરોધીઓ ભૂલમાં પડી જાય જેમકે જિહાદના સમયે વિરોધી દિશાએથી નીકળવું એક ખુલ્લમ-ખુલ્લું જૂઠું બોલીને ધોકો આપવાના અર્થમાં નથી તે તો યુદ્ધમાં પણ જાઈઝ નથી, એ જ પ્રમાણે એ પણ સમજી લેવું જોઈએ કે આ પોતાની પ્રવૃત્તિથી ભૂલમાં નાંખવું જેને જાઈઝ ઠરાવવામાં આવ્યું છે તેનો સંબંધ કોઈ કરાર કે વચન સાથે નથી કારણ કે કરારભંગ કરવો સુલેહ અથવા યુદ્ધની હાલતમાં કોઈપણ સમયમાં જાઈઝ નથી.

(૨) મુસાફરી માટે રસૂલે કરીમ ﷺને જુમેરાતનો દિવસ પસંદ હતો ભલે મુસાફરી જિહાદની હોય અથવા કોઈ અન્ય જરૂરિયાતની.

(૩) પોતાના કોઈ વડીલ, મુરશિદ અથવા ઉસ્તાદ અથવા બાપને રાજી કરવા માટે જૂઠું બોલવું જાઈઝ પણ નથી અને તેનું પરિણામ પણ સારું નથી, રસૂલુલ્લાહ ﷺને તો વાસ્તવિકતાની જાણ વહી દ્વારા થઈ જતી હતી, એટલા માટે જૂઠું બોલવાનું પરિણામ ખરાબ હતું, જેમકે કઅ્બ બિન માલિક (રદિ.) અને બીજા જિહાદમાં ન જનારાઓની પ્રસ્તુત ઘટનાથી સ્પષ્ટ થયું. આપ ﷺ પછી બીજા બુઝૂર્ગો ઉપર વહી તો નથી આવી શકતી, ઈલ્હામ અને કશ્ફથી જાણ થવી પણ જરૂરી નથી પરંતુ અનુભવ સાક્ષી છે કે જૂઠું બોલવાની એક નહૂસત એ હોય છે કે કુદરતી રીતે એવી પરિસ્થિતિઓ ભેગી થઈ જાય છે કે અંતે આ બુઝૂર્ગ તેનાથી નારાજ થઈ જ જાય છે.

(૪) આ ઘટનાથી એ જાણ થઈ કે કોઈ ગુનાહની સજામાં મુસલમાનોના

અમીરને એ પણ હક છે કે કોઈ વ્યક્તિ સાથે વાતચીત બંધ કરી દેવાનો હુકમ આપી દે જેમકે આ ઘટનામાં આ ત્રણે વડીલો સાથે બન્યું હતું.

(૫) આ ઘટનાથી સહાબએ કિરામ (રદિ.)ની રસૂલે કરીમ ﷺ સાથે ગાઢ મહોબ્બત હોવાની જાણ થાય છે કે આ નારાજગીના અને વાતચીત બંધ કરવાના સમયે પણ મહોબ્બતની ભાવનાથી રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થવાનું પણ ન છોડ્યું અને નજર બચાવીને જોવાનું ચાલુ રાખ્યું તથા આપ ﷺનું ધ્યાન જાણવાની તથા તેમની હાલત વિશે જાણકારી મેળવવાની ચિંતા રહેતી.

(૬) હઝરત કઅ્બ બિન માલિક (રદિ.)ના ગાઢ મિત્ર હઝરત કતાદહ (રદિ.)એ જે વર્તણૂક કરી કે તેમની સલામનો જવાબ ન આપ્યો એ દેખીતું છે કે આ કોઈ દુશ્મની અથવા વિરોધ કે દિલમાં કપટના કારણે ન હતું બલકે અલ્લાહના રસૂલ ﷺના આજ્ઞાપાલનના કારણે આવું કર્યું હતું, એનાથી જાણ થાય છે કે રસૂલુલ્લાહ ﷺના બનાવેલા કાનૂન ફક્ત લોકોના બાહ્ય વ્યવહારમાં લાગુ પડતા ન હતા બલકે તેમના દિલો ઉપર પણ તેમની હુકૂમત હતી તથા તેમની હાજરી કે અનુપસ્થિતિ કોઈ હાલતમાં પણ તેઓ એ હુકમ વિરુદ્ધ પ્રવૃત્તિ કરતા ન હતા ભલે તે હુકમ કોઈ પ્રાણપ્રિય મિત્ર કે રિશ્તેદારના વિરુદ્ધમાં કેમ ન હોય !

(૭) હઝરત કઅ્બ બિન માલિક (રદિ.) પાસે ઘસ્સાનના રાજાનો પત્ર આવ્યો અને તેમણે તેને આગની ભઠ્ઠી (તન્નુર)માં નાંખી દીધો એ ઘટનાથી સહાબએ કિરામ (રદિ.)નું ઈમાન ખૂબ પાકું હોવાની જાણ થાય છે કે, રસૂલુલ્લાહ ﷺ અને બધા જ મુસલમાનોના સખત સંબંધવિચ્છેદ પછી અને સખત પરેશાનીમાં હોવા છતાં પણ એક મોટા રાજાની લાલચથી પણ તેમના દિલમાં કોઈ નકારાત્મક ભાવ જન્મ્યો નહીં.

(૮) તવબહનો સ્વીકાર નાઝિલ થયા પછી હઝરત સિદ્દીકે અકબર (રદિ.) અને હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) તથા અન્ય સહાબા (રદિ.)નું કઅ્બ બિન માલિક (રદિ.)ને ખુશખબરી આપવા માટે દોડવું અને તે અગાઉ આ બધા સલામ-કલામ કરવાથી પણ બચતા હતા તે એ બાબત જાહેર કરે છે કે અસહકારના સમયમાં પણ તે સૌના દિલોમાં હઝરત કઅ્બ (રદિ.)થી મહોબ્બત

અને સંબંધ હતો પરંતુ રસૂલે કરીમ ﷺના હુકમથી તેમણે બધું જ છોડી દીધું હતું જ્યારે તવબહની આયત નાઝિલ થઈ તો તેમના ગાઢ સંબંધોનો અંદાઝો થયો.

(૯) સહાબએ કિરામ (રદિ.)ની હઝરત કઅ્બ (રદિ.)ને ખુશખબરી અને મુબારકબાદી આપવા માટે જવાથી જાણ થાય છે કે કોઈ ખુશીના પ્રસંગે પોતાના દોસ્તો અને પ્રિયજનોને મુબારકબાદી આપવું સુન્નતથી સાબિત થયું છે.

(૧૦) કોઈ ગુનાહની તવબહના સમયે માલનો સદકહ કરવો ગુનાહની અસરને દૂર કરવા માટે ઉત્તમ છે પરંતુ બધો માલ ખયરાત કરી દેવો યોગ્ય નથી, એક તૃત્યાંશ માલથી વધારે સદકહ કરવો રસૂલે કરીમ ﷺએ પસંદ કર્યું નથી.

يَـٰٓأَيُّهَا الَّذِينَ ءَامَنُوا اتَّقُوا اللّٰهَ وَكُونُوا مَعَ الصّٰدِقِينَ પાછલી આયતોમાં જે જિહાદમાં ન જવાની ઘટના પછી અમુક મુખ્લિસ લોકોની તવબહનો સ્વીકાર કરવામાં આવ્યો એ બધું તેમના તકવા અને અલ્લાહના ડરનું પરિણામ હતું, એટલા માટે આ આયતમાં સામાન્ય મુસલમાનોને તકવા માટે હિદાયત કરવામાં આવી છે અને كُونُوا مَعَ الصّٰدِقِينَ માં એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે તકવાની સિફત પ્રાપ્ત થવાની રીત નેક લોકો અને સાચા લોકોના સાંન્નિધ્યમાં અને તેમની પ્રવૃત્તિઓના સમર્થનમાં છે, તેમાં કદાચ એ ઈશારો પણ છે કે જે લોકોથી આવી ભૂલો થઈ તેમાં મુનાફિકોની મિત્રતા અને તેમની સાથે ઉઠક-બેઠક અને તેમના સલાહ-મશવરાની પણ દખલગીરી હતી, અલ્લાહના નાફરમાનોની મિત્રતાથી બચવું જોઈએ અને સાચા લોકોની મિત્રતા અપનાવવી જોઈએ, આ સ્થળે કુર્આને હકીમે આલિમો, નેક લોકોના બદલે સાચાઓ صَادِقِينَ (સાદિકીન)ના શબ્દ દ્વારા આલિમ અને નેક લોકોની ઓળખ પણ બતાવી આપી કે નેક ફક્ત તે જ વ્યક્તિ હોઈ શકે છે જેની જાહેર અને ગુપ્ત હાલત સરખી હોય, નિય્યત અને ઈરાદો પણ સાચો હોય, વાયદાનો પણ પાકો અને સાચો હોય અને તેની પ્રવૃત્તિઓ પણ સત્ય આધારિત હોય.

આયતો : (સૂરએ તબવહ : આયત નં. ૧૨૦-૧૨૧)

مَا كَانَ لِاَهْلِ الْمَدِيْنَةِ وَمَنْ حَوْلَهُمْ مِّنَ الْاَعْرَابِ اَنْ يَّتَخَلَّفُوْا عَنْ رَّسُوْلِ اللّٰهِ
وَلَا يَرْغَبُوْا بِاَنْفُسِهِمْ عَنْ نَّفْسِهٖ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ لَا يُصِيْبُهُمْ ظَمَاٌ وَّلَا نَصَبٌ وَّلَا
مَخْمَصَةٌ فِيْ سَبِيْلِ اللّٰهِ وَلَا يَطَـُٔوْنَ مَوْطِئًا يَّغِيْظُ الْكُفَّارَ وَلَا يَنَالُوْنَ مِنْ عَدُوٍّ نَّيْلًا
اِلَّا كُتِبَ لَهُمْ بِهٖ عَمَلٌ صَالِحٌ ؕ اِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿۱۲۰﴾ وَلَا يُنْفِقُوْنَ
نَفَقَةً صَغِيْرَةً وَّلَا كَبِيْرَةً وَّلَا يَقْطَعُوْنَ وَادِيًا اِلَّا كُتِبَ لَهُمْ لِيَجْزِيَهُمُ اللّٰهُ اَحْسَنَ
مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۲۱﴾

તરજુમો :

મદીનાવાળાઓ અને તેમની આસપાસના ગામડિયાઓ માટે (યોગ્ય) નથી કે રસૂલુલ્લાહ (ﷺ)નો સાથ છોડી પાછળ રહી જાય અને ન જ એ કે પોતાના પ્રાણને રસૂલના પ્રાણથી વધારે ચાહે, આ એટલા માટે કે તેમને (જિહાદ કરનારાઓને) અલ્લાહના માર્ગમાં જે તરસ અને થાક અને ભૂખ વેઠવી પડે છે અને જે કોઈપણ સ્થળે તેઓ કદમ મૂકે જેનાથી કાફિરો ક્રોધિત થાય છે અને જે કંઈ પણ તેઓ દુશ્મનો પાસેથી પ્રાપ્ત કરે છે તેના બદલામાં એક સારો અમલ તેમના માટે લખવામાં આવે છે; બેશક ! અલ્લાહ નેક લોકોના સવાબને વ્યર્થ જવા દેતો નથી. (૧૨૦) અને ન ખર્ચ કરે છે કોઈ ખર્ચ નાનો અથવા મોટો અને ન પસાર કરે છે કોઈ મેદાન (ખીણ) પરંતુ તેમના માટે લખવામાં આવે છે જેથી અલ્લાહ તેમને એ કામનો બહેતર બદલો આપે જે તેઓ કરતા હતા. (૧૨૧)

તફસીર :

મદીનાના નિવાસીઓ માટે અને જે ગામડિયાઓ તેમની આજુબાજુ (વસે) છે તેમને એ શોભા નથી આપતું કે રસૂલુલ્લાહ (ﷺ)ને સાથ ન આપે, ન જ એ (શોભાસ્પદ હતું) કે પોતાના પ્રાણોને તેમના પ્રાણ કરતા વધારે પ્રિય સમજે (કે આપ ﷺ તો તકલીફો વેઠે અને તેઓ ઘરમાં આરામથી બેસી રહે બલકે

તેમનું આપ ﷺની સાથે જવું જરૂરી હતું અને) આ (સાથે જવાનું જરૂરી હોવું) એ કારણે છે કે (રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતનો હક અદા કરવા ઉપરાંત આ મુજાહિદોને દરેક બાબતે ડગલેને પગલે સવાબ પ્રાપ્ત થયો, જો એ લોકો પણ નિખાલસતાની સાથે ગયા હોત તો તેમને પણ એવો સવાબ જરૂર મળ્યો હોત એટલા માટે કે) તેમને (એટલે કે મુજાહિદોને) અલ્લાહના માર્ગ (એટલે કે જિહાદ)માં જે તરસ લાગી અને જે તકલીફ પહોંચી અને જે ભૂખ લાગી અને જે (ખીણો અને) મેદાનો પસાર કર્યા (અને આવા સ્થળો સર કરવા) કાફિરો માટે ગુસ્સાનું કારણ બન્યું અને દુશ્મનોથી જે કંઈ પ્રાપ્ત કર્યું બધું તેમના નામે એક નેક કામ લખવામાં આવ્યું, બેશક ! અલ્લાહ તઆલા નિખાલસ લોકોનો બદલો વ્યર્થ જવા દેતો નથી (બસ, વાયદો કરી લીધો તો હવે તે બેકાર જશે નહીં) અને (વળી) જે કંઈ નાનો અથવા મોટો ખર્ચ કર્યો અને જેટલા મેદાનો તેમને પસાર કરવા પડ્યા એ બધા પણ તેમના નામે (નેકીઓમાં) લખવામાં આવ્યા જેથી અલ્લાહ તઆલા તેમને તેમના (આ બધા) કામોનો સારામાં સારો બદલો આપી દે (કારણ કે જ્યારે સવાબ લખવામાં આવ્યો તો બદલો પણ અવશ્ય મળશે).

મસ્અલા અને બોધપાઠ :

આ બંને આયતોમાં જિહાદમાં ન જનારા લોકોની ટીકા અને જે લોકો જિહાદમાં ગયા અને ભાગ લીધો તેમની શ્રેષ્ઠતા અને ફઝીલત તથા જિહાદમાં ડગલેને પગલે દરેક પ્રવૃત્તિ ઉપર જે મહેનત અને તકલીફો વેઠવી પડી તેના મહાન સવાબનું વર્ણન છે, જેમાં જિહાદના સમયે દુશ્મનને કોઈ તકલીફ પહોંચાડવી અને એવી ચાલ ચાલવી કે જેનાથી તે ગુસ્સે થાય, આ બધી નેક પ્રવૃત્તિઓ સવાબનું કારણ બને છે.

આયત : (સૂરએ તવબહ : આયત નં. ૧૨૨)

وَمَا كَانَ الْمُؤْمِنُونَ لِيَنفِرُوا كَافَّةً ۚ فَلَوْلَا نَفَرَ مِن كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَائِفَةٌ
لِّيَتَفَقَّهُوا فِي الدِّينِ وَلِيُنذِرُوا قَوْمَهُمْ إِذَا رَجَعُوا إِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُونَ ﴿١٢٢﴾

તરજુમો :

અને મુસલમાનો એવા તો નથી કે બધા જ કૂચ કરે, બસ દરેક સમૂહમાંથી તેમનો એક ભાગ કેમ ન નીકળ્યો જેથી દીનમાં સમજ પેદા કરે અને જેથી પોતાની કોમને ખબર પહોંચાડે જ્યારે કે તેમના તરફ પાછા વળીને આવે જેથી તેઓ બચતા રહે. (૧૨૨)

તફસીર :

અને (હંમેશા માટે) મુસલમાનોએ એવું (પણ) ન જ કરવું જોઈએ કે (જિહાદ માટે) બધા જ નીકળી પડે (કે તેમનામાં બીજી ઈસ્લામી જરૂરિયાતો સ્થગિત થઈ જાય) બસ, એવું કેમ ન કરવામાં આવે કે તેમના દરેક મોટા સમૂહમાંથી એક-એક નાનો સમૂહ (જિહાદમાં) ભાગ લેતો રહે (અને અમુક પોતાના વતનમાં રહી જાય) જેથી બાકી રહેલા લોકો (રસૂલુલ્લાહ ﷺના સમયમાં તેમનાથી અને આપના પછી શહેરના ઉલમાથી) દીનની સમજબૂઝ પ્રાપ્ત કરતા રહે અને જેથી આ લોકો પોતાની કોમને (કે જેઓ જિહાદમાં ગયા છે) જ્યારે કે તેઓ તેમની પાસે પાછા આવે (દીનની વાતો સંભળાવીને અલ્લાહની નાફરમાનીથી) ડરાવે જેથી તેઓ (તેમની દીનની વાતો સાંભળીને ખરાબ કૃત્યોથી) બચતા રહે.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ તવબહમાં ઘણી અગત્યતા સાથે ગઝ્વએ તબૂકનું સતત વર્ણન ચાલી રહ્યું છે જેમાં રસૂલે કરીમ ﷺ તરફથી જાહેર એ'લાન કરવામાં આવ્યું હતું કે, બધા મુસલમાનો તેમાં સામેલ થાય અને આ હુકમનો વિરોધ કરવો કોઈના માટે પણ જાઈઝ ન હતું, જે લોકો વિરોધમાં સપડાયા તેમાં મોટા ભાગના તો મુનાફિકો હતા જેમનો ઉલ્લેખ ઘણી બધી આયતોમાં ઉપર આવી ચૂક્યો છે અને અમુક નિખાલસ મો'મિનો પણ હતા જે કામચલાઉ આળસ અને સુસ્તીના કારણે સામેલ થવાથી વંચિત રહી ગયા હતા તેમની તવબહ અલ્લાહ તબારક વ તઆલાએ કબૂલ ફરમાવી લીધી, આ બધી ઘટનાઓથી દેખીતી રીતે એ સમજી શકાય છે કે દરેક જિહાદ અને ગઝ્વાતમાં બધા મુસલમાનોએ નીકળવું ફરજ છે તથા તેનાથી બાકાત રહેવું હરામ છે, જો કે શરીઅતનો હુકમ એવો નથી બલકે

જિહાદની જાહેર પરિસ્થિતિ પ્રમાણે ફરજે કિફાયા છે જેનો હુકમ એ છે કે, મુસલમાનોના અમુક સમૂહો જો જિહાદ માટે પૂરતા હોય તો જિહાદમાં પ્રવૃત્ત રહે, એવું કરવાથી બાકીના મુસલમાનો પણ ફરજમાંથી મુક્ત થઈ જશે, હા ! જો જિહાદમાં સામેલ થનારું લશ્કર પૂરતું ન હોય અને તેઓ પરાજિત થવા લાગે તો આજુબાજુના મુસલમાનો ઉપર તેમની મજબૂતી માટે અને સહાય માટે નીકળવું તથા જિહાદમાં સામેલ થવું ફરજ થઈ જાય છે, જો તે પણ પૂરતું ન હોય તો તેમની પાસેના લોકો ઉપર અને જો તે પણ પૂરતું ન હોય તો તેમની આજુબાજુના જે મુસલમાનો છે તેમના ઉપર; એટલે સુધી કે આ રીતે સમગ્ર દુનિયાના મુસલમાનો ઉપર આવી હાલતમાં જિહાદ ફરજે ઐન થઈ જાય છે જેમાં સામેલ ન થવું હરામ છે, એ જ પ્રમાણે ફરજ થવાનું એક સ્વરૂપ એ છે કે મુસલમાનોના અમીર (ઈસ્લામિક હુકૂમતનો શાસક) જરૂરત સમજીને જાહેર એ'લાન કરે અને બધા મુસલમાનોને જિહાદનું આમંત્રણ આપે તો તે સમયે પણ જિહાદમાં સામેલ થવું ફરજ થઈ જાય છે અને તેમાં ભાગ ન લેવો હરામ હોય છે, જેમકે ગઝ્વએ તબૂકમાં જાહેર એ'લાનના કારણે બન્યું હતું. પ્રસ્તુત આયતમાં આ જ હુકમને સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આ ગઝ્વએ તબૂકમાં જાહેર એ'લાનના કારણે ખાસ હુકમ હતો, સામાન્ય પરિસ્થિતિમાં જિહાદ ફરજે ઐન નથી કે બધા મુસલમાનો ઉપર જિહાદમાં જવું ફરજ હોય, કારણ કે જિહાદની જેમ ઈસ્લામ અને મુસલમાનોની સામૂહિક સમસ્યાઓ અને જરૂરિયાતો પણ હોય છે જે જિહાદની જેમ જ ફરજે કિફાયા છે, તેના માટે પણ મુસલમાનોના વિવિધ સમૂહોને વહેંચણીના સિદ્ધાંત ઉપર કાર્ય કરવાનું છે, એટલા માટે બધા મુસલમાનોને દરેક જિહાદમાં નીકળવું ન જોઈએ, આ જ વિષય દ્વારા ફરજે કિફાયાની વાસ્તવિકતા પણ તમે સમજી શકો છો કે જે કામ વ્યક્તિગત નથી બલકે સામૂહિક છે અને બધા મુસલમાનો ઉપર તેને પૂરું કરવાની જવાબદારી છે તેને શરીઅતમાં ફરજે કિફાયા ઠરાવવામાં આવ્યું છે, જેથી વહેંચણીના સિદ્ધાંતના આધારે બધા કામો પોત-પોતાના સ્થળે યોગ્ય રીતે ચાલતા રહે અને બધી સામૂહિક ફરજો પણ અદા થતી રહે, મુસલમાન પુરુષો ઉપર જનાઝહની નમાઝ અને મય્યતનું કફન-દફન, મસ્જિદોનું બાંધકામ, તેની દેખરેખ, જિહાદ, ઈસ્લામની સરહદોની સુરક્ષા, આ બધું ફરજે કિફાયા છે કે તેની જવાબદારી તો સમગ્ર દુનિયાના મુસલમાનો ઉપર છે

પરંતુ જરૂરત પ્રમાણે અમુક લોકો આ ફરજ પૂરી કરી લે તો અન્ય મુસલમાનો ફરજમુક્ત થઈ જાય છે, તે જ ફરજે કિફાયાના ક્રમમાં એક મહત્ત્વનું કામ દીનનું શિક્ષણ છે, આ આયતમાં ખાસ સ્વરૂપે તે ફરજ હોવાનું એ જ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું કે જિહાદ જેવા મહત્ત્વના ફરજમાં પણ આ ફરજને છોડવાનો નથી, જેમકે તેનું સ્વરૂપ એ છે કે મોટા સમૂહમાંથી એક નાનો સમૂહ જિહાદ માટે નીકળે અને બાકીના લોકો દીનનું ઈલ્મ (જ્ઞાન) પ્રાપ્ત કરવામાં લાગી જાય પછી આ દીનનું ઈલ્મ પ્રાપ્ત કરીને જિહાદમાં જનારા મુસલમાનોને અને અન્ય લોકોને પણ ઈલ્મ શિખવાડે.

દીનનું ઇલ્મ પ્રાપ્ત કરવું ફરજ છે અને તેના અદબો (શિષ્ટાચાર) તથા ફરજો :

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું છે કે આ આયત દીનનું ઈલ્મ પ્રાપ્ત કરવાનો અસલ આધાર છે અને વિચાર કરવામાં આવે તો આ જ આયતમાં દીનના ઈલ્મનો સામૂહિક અભ્યાસક્રમ પણ બતાવી આપ્યો છે અને દીનના ઈલ્મ પછી આલિમની ફરજો પણ બતાવવામાં આવી છે, એટલા માટે આ વિષયને વધારે સ્પષ્ટતાથી અત્રે લખવામાં આવે છે.

દીનના ઇલ્મની ફઝીલત (શ્રેષ્ઠતા) :

દીનના ઈલ્મની શ્રેષ્ઠતા અને તેના મહાન સવાબ વિશે વિદ્વાનોએ આગવા પુસ્તકો પણ લખ્યા છે, આ સ્થળે અમુક ટૂંકી રિવાયતો વર્ણન કરવામાં આવે છે. તિરમિઝીએ હઝરત અબૂ દરદઅ્ (રદિ.)થી રિવાયત કરી છે કે, "મેં રસૂલુલ્લાહ ﷺને ફરમાવતા સાંભળ્યા છે કે, જે વ્યક્તિ કોઈ માર્ગ ઉપર ચાલે જેનો હેતુ જ્ઞાન પ્રાપ્ત કરવાનો હોય અલ્લાહ તઆલા તેના ચાલવાના સવાબમાં તેના માર્ગને જન્નત તરફ કરી આપશે અને એ કે અલ્લાહના ફરિશ્તા "તાલિબે ઈલ્મ" (દીની તા'લીમના વિદ્યાર્થી) માટે પોતાની પાંખો બિછાવે છે અને એ કે આલિમ માટે બધા જ આસમાનોની અને જમીનની મખ્લૂક તથા પાણીની માછલીઓ દુઆ અને ઈસ્તિગફાર (મા'ફીની દુઆ) કરે છે અને એ કે આલિમની ફઝીલત (શ્રેષ્ઠતા) વધુ પ્રમાણમાં નફલ ઈબાદત કરનાર ઉપર એવી છે જેમકે ૧૪મી રાતના ચંદ્રની શ્રેષ્ઠતા બાકીના તારાઓ ઉપર છે અને એ કે ઉલમા અંબિયા (અલૈ.)ના વારિસ

છે અને એ કે અંબિયા (અલૈ.) સોના-ચાંદીનો કોઈ વારસો નથી છોડતા પરંતુ ઈલ્મનો વારસો છોડી જાય છે તો જે વ્યક્તિએ આ ઈલ્મના વારસાને પ્રાપ્ત કરી લીધો તેણે મોટી દોલત પ્રાપ્ત કરી લીધી." *(કુર્તુબીમાંથી)*

દારમીએ પોતાની મુસ્નદમાં આ હદીષ રિવાયત કરી છે કે, "રસૂલુલ્લાહ ﷺને કોઈ વ્યક્તિએ પૂછ્યું કે બની ઈસ્રાઈલમાં બે વ્યક્તિઓ હતા, એક આલિમ હતો જે ફક્ત નમાઝ પઢી લેતો હતો અને પછી લોકોને દીનનું શિક્ષણ આપવામાં પ્રવૃત્ત થઈ જતો હતો અને બીજો વ્યક્તિ આખો દિવસ રોઝા રાખતો હતો અને રાત્રે ઈબાદતમાં ઊભો રહેતો હતો; આ બંનેમાં કોણ શ્રેષ્ઠ છે ? આપ ﷺએ ફરમાવ્યું કે, તે આલિમની શ્રેષ્ઠતા ઈબાદતગુઝાર વ્યક્તિ ઉપર એવી છે જેમકે મારી શ્રેષ્ઠતા તમારામાંથી સામાન્ય વ્યક્તિ ઉપર." (આ રિવાયત ઈમામ અબ્દુલ બર્રએ કિતાબ જામેઅ્ બયાનુલ ઊલૂમમાં સનદ સાથે હઝરત અબૂ સઈદ ખુદરી રદિ.થી નકલ કરી છે). *(કુર્તુબી)*

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "એક ફકીહ શયતાનના મુકાબલામાં એક હજાર ઈબાદત કરનારાઓથી વધારે મજબૂત અને ભારે છે." (તિરમિઝી અન ઈબ્ને અબ્બાસ રદિ. અજ મઝહરી) અને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "જ્યારે વ્યક્તિ મૃત્યુ પામે છે તો તેના અમલનો ક્રમ કપાઈ જાય છે પરંતુ ત્રણ અમલો એવા છે જેનો સવાબ મનુષ્યના મર્યા પછી પણ તેને પહોંચતો રહે છે; એક સદક-એ-જારિયહ જેમકે મસ્જિદ અથવા દીની શિક્ષણની ઈમારતો અથવા તો અન્ય સામાજિક સંસ્થાઓ, બીજું તે ઈલ્મ (જ્ઞાન) છે જેનાથી ત્યાર પછીના લોકો લાભ ઉઠાવતા રહે. (દાખલા તરીકે વિદ્યાર્થી આલિમ બની ગયા તેનાથી પાછળના લોકોને દીનનું જ્ઞાન શિખવાડવાનો ક્રમ ચાલતો રહ્યો અથવા કોઈ પુસ્તક લખ્યું જેનાથી તેના પછીના લોકો પણ ફાયદો ઉઠાવતા રહ્યા.)" *(કુર્તુબી)*

દીનના જ્ઞાનના સંદર્ભમાં ફરજે ઐન અને ફરજે કિફાયાની વિગત :

ઈબ્ને અદી અને બયહકીએ સહીહ સનદથી હઝરત અનસ (રદિ.)ની રિવાયત નકલ કરી છે કે, નબીએ કરીમ ﷺએ ફરમાવ્યું કે, طَلَبُ الْعِلْمِ فَرِيْضَةٌ عَلٰى كُلِّ مُسْلِمٍ (મઝહરીમાંથી) એટલે કે, "દરેક મુસલમાન ઉપર જ્ઞાન પ્રાપ્ત કરવું ફરજ છે." એ દેખીતું છે કે આ હદીષ અને પ્રસ્તુત ઉપરોક્ત વર્ણન કરવામાં

આવેલ હદીષોમાં ઈલ્મનો અર્થ "દીનનું ઈલ્મ" જ છે; દુનિયાના જ્ઞાન, કળા, સામાન્ય દુનિયાના કારોબારની જેમ મનુષ્ય માટે ચોક્કસ આવશ્યક છે પરંતુ તેમની તે ફઝીલતો નથી જે પ્રસ્તુત હદીષોમાં આવી છે, દીનનું ઈલ્મ માત્ર એક પ્રકારનું જ્ઞાન નથી બલકે ઘણા બધા જ્ઞાન ઉપર આધારિત એક મજબૂત વ્યવસ્થા છે અને એ પણ દેખીતું છે કે દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી એવી શક્તિ ધરાવતા નથી કે તે આ બધા જ જ્ઞાનને સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરી શકે, એટલા માટે પ્રસ્તુત હદીષમાં જે દરેક મુસલમાન ઉપર ફરજ હોવાનું ફરમાવવામાં આવ્યું છે તેનો અર્થ દીનના ઈલ્મનો માત્ર તે ભાગ છે જેના વિના મનુષ્ય ન તો પોતાની ફરજો અંજામ આપી શકે છે અને ન જ હરામ બાબતોથી બચી શકે છે અને જે ઈમાન અને ઈસ્લામ માટે જરૂરી છે, બાકી જ્ઞાનની વિગતો કુર્આન અને હદીષના બધા જ બોધપાઠ અને મસ્અલાઓ પછી તેમાંથી નીકળનાર શરીઅતના હુકમોની સંપૂર્ણ વિગત; આ બધું ન તો દરેક મુસલમાનની શક્તિમાં છે અને ન જ દરેક ઉપર ફરજે ઐન છે, અલબત્ત સમગ્ર ઈસ્લામી દુનિયાના માથે ફરજે કિફાયા છે, દરેક શહેરમાં એક આલિમ આ બધા જ જ્ઞાન અને શરઈ મસ્અલાઓનો નિષ્ણાત ઉપસ્થિત હોય તો બાકીના મુસલમાનો આ ફરજથી મુક્ત થઈ જાય છે અને જે શહેર અથવા કસ્બામાં એક પણ આલિમ ન હોય તો શહેરવાળાઓ માટે ફરજ છે કે પોતાનામાંથી કોઈને આલિમ બનાવે અથવા બહારથી કોઈ આલિમને બોલાવીને પોતાના શહેરમાં રાખે જેથી આવશ્યકતા ઊભી થતા દરેક સુક્ષ્મ મસ્અલાઓ વિશે પણ આ આલિમથી ફતાવાઓ લઈ શકાય અને અમલ કરી શકાય, એટલા માટે દીનના ઈલ્મમાં ફરજે ઐન અને ફરજે કિફાયાની વિગત નીચે પ્રમાણે છે.

ફરજે ઐન :

દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી ઉપર ફરજ છે કે, ઈસ્લામના સહીહ અને સાચા અકીદાઓનું જ્ઞાન પ્રાપ્ત કરે તથા પાકી અને નાપાકીના હુકમો શીખે. નમાઝ, રોઝા અને બધી જ ઈબાદતો જે શરીઅતે ફરજ અને વાજિબ ઠરાવી છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરે, જે વસ્તુઓને હરામ અથવા મકરૂહ ઠરાવી છે તેનું જ્ઞાન મેળવે, જે વ્યક્તિની પાસે નિસાબ પ્રમાણે માલ હોય તેના ઉપર ઝકાત ફરજ છે તો તેણે ઝકાતના મસ્અલાઓ અને હુકમો જાણવા જોઈએ, જેની શક્તિ હજ્જ

માટેની છે તેના માટે ફરજે ઐન છે કે તે હજ્જના હુકમો અને મસ્અલાઓ જાણે, જેણે ખરીદ-વેચાણ કરવું પડતું હોય અથવા વેપાર કે ઉદ્યોગ અથવા મજૂરી અથવા મહેનતાણાનું કાર્ય કરવું પડે તેના ઉપર ફરજે ઐન છે કે તે ખરીદ-વેચાણ તથા ઈજારાદારી વગેરેના મસ્અલાઓ અને હુકમો શીખે, જ્યારે નિકાહ કરે તો નિકાહના હુકમો અને મસ્અલાઓ, તલાકના હુકમો અને મસ્અલાઓ જાણે, મતલબ કે જે કામ શરીઅતે દરેક મનુષ્યના માથે ફરજ અને વાજિબ કર્યું છે તેના હુકમો અને મસ્અલાઓનું જ્ઞાન પ્રાપ્ત કરવું પણ દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી ઉપર ફરજ છે.

ઇલ્મે તસવ્વુફ (રૂહાની-આધ્યાત્મિક પવિત્રતા) પણ ફરજે ઐનમાં સામેલ છે :

જાહેર હુકમો નમાઝ, રોઝા તો બધા જ જાણે છે કે ફરજે ઐન છે અને તેનું જ્ઞાન પ્રાપ્ત કરવું પણ ફરજે ઐન છે, હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.)એ તફસીરે મઝહરીમાં આ જ આયત હેઠળ લખ્યું છે કે દિલ સાથે સંબંધ ધરાવનાર અમલો અને તેના હલાલ-હરામનું જ્ઞાન જેને પરિભાષામાં "ઈલ્મે તસવ્વુફ" કહેવામાં આવે છે, કારણ કે એ ગુપ્ત અમલો પણ દરેક વ્યક્તિ માટે ફરજે ઐન છે તો તેનું જ્ઞાન પણ સૌના ઉપર ફરજે ઐન છે.

આજકાલ જેને ઈલ્મે તસવ્વુફ કહેવામાં આવે છે તે પણ ઘણા બધા પ્રકારના જ્ઞાન અને વિષયો તથા જ્ઞાનનો સમૂહ બની ગયો છે, આ સ્થળે ફરજે ઐનનો અર્થ તેનો માત્ર તે ભાગ છે જેમાં બાતિન અમલો ફરજ અથવા વાજિબના અનુસંધાને છે, દાખલા તરીકે સહીહ અકીદાઓ જેનો સંબંધ દિલ સાથે છે અથવા સબ્ર, ધૈર્ય, શુક્ર, અલ્લાહ ઉપર ભરોસો, કરકસર વગેરે એક ખાસ દરજ્જામાં ફરજ છે અથવા તો ઘમંડ, મિથ્યાભિમાન, ઈર્ષ્યા, અદેખાઈ, દિલનો મેલ, બખીલી, કપટ, લાલચ વગેરે જે કુર્આન અને સુન્નતની રૂએ હરામ છે તેની વાસ્તવિકતા, તેને પ્રાપ્ત કરવાની અથવા હરામ વસ્તુઓથી બચવાની પદ્ધતિ જાણવી પણ દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી ઉપર ફરજ છે, ઈલ્મે તસવ્વુફનો વાસ્તવિક આધાર આ જ બાબતો ઉપર છે અને તે ફરજે ઐન છે.

ફરજે કિફાયા :

સમગ્ર કુર્આન શરીફમાં અર્થ અને મસ્અલાઓને સમજવું બધી જ

હદીષોને સમજવી અને તેનામાં ભરોસાપાત્ર અને અવિશ્વસનિયને ઓળખવી, કુર્આન અને સુન્નતથી જે હુકમો અને મસ્અલાઓ નીકળે છે તે બધાનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તેમાં સહાબએ કિરામ (રદિ.), તાબિઈન (રહ.) અને મુજ્તહિદ ઈમામોના નિવેદનો અને કામોથી વાકેફ થવું આ એટલું મોટું કામ છે કે સમગ્ર જિંદગી અને બધો જ વખત તેમાં ખર્ચ કર્યા પછી પણ આ જ્ઞાનમાં પરિપૂર્ણતા મેળવવી સરળ નથી, એટલા માટે શરીઅતે આ જ્ઞાનને ફરજે કિફાયા ઠરાવ્યું છે કે જરૂરત પ્રમાણે લોકો આ બધું જ્ઞાન પ્રાપ્ત કરી લે તો બાકીના મુસલમાનો તેની ફરજથી મુક્ત થઈ જશે.

ઇલ્મે દીનનો અભ્યાસક્રમ (નિસાબ) :

કુર્આને હકીમે આ સ્થળે ઈલ્મે દીનની વાસ્તવિકતા અને તેનો અભ્યાસક્રમ પણ એક જ શબ્દમાં બતાવી આપ્યો છે તે لِيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ છે, આ સ્થળે દેખીતું હતું કે અત્રે يَتَعَلَّمُوْنَ الدِّيْنَ કહેવામાં આવ્યું હોત, એટલે કે દીનનું જ્ઞાન પ્રાપ્ત કરો પરંતુ કુર્આને આ સ્થળે تَعَلُّمٌ (તઅલ્લુમ)નો શબ્દ છોડીને تَفَقُّهٌ (તફક્કુહ)નો શબ્દ અપનાવીને એ તરફ ઈશારો કર્યો કે દીનનું ઈલ્મ ફક્ત પઢી લેવું પૂરતું નથી, તે તો બધા જ કાફિર, યહૂદી, નસારાઓ પણ પઢે છે અને શયતાનને સૌથી વધારે તે જ્ઞાન પ્રાપ્ત છે, બલકે દીનના ઈલ્મનો અર્થ દીનની સમજ પેદા કરવાનો છે, અત્રે શબ્દ تَفَقُّهٌ નો તરજુમો ફિક્હ સાથે સંલગ્ન છે, "ફિક્હ"નો અર્થ સમજદારીનો થાય છે, અત્રે એ વાત પણ ધ્યાન આપવા યોગ્ય છે કે કુર્આને કરીમે આ સ્થળે مُجَرَّدٌ ના સર્વનામથી لِيَفْقَهُوْا الدِّيْنَ એટલે કે, "જેથી તેઓ દીનની સમજ લે" નથી ફરમાવ્યું પરંતુ لِيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ ફરમાવ્યું, જે વિષય تَفَعُّلٌ માંથી છે તેનો અર્થ મહેનત–મુશ્કેલી સાથે હોવાનું થાય છે, મતલબ એ છે કે દીનની સમજબૂઝ પેદા કરવામાં પૂરી મહેનત અને મુસીબત ઉઠાવીને નિષ્ણાત બનવામાં આવે, એ પણ દેખીતું છે કે દીનની સમજબૂઝ ફક્ત એટલી વાતથી પેદા નથી થતી કે પાકી, નાપાકી, નમાઝ, રોઝા અથવા ઝકાત કે હજ્જના મસ્અલાઓ જાણી લેવામાં આવે, આ દુનિયામાં કઈ રીતે રહેવું જોઈએ વાસ્તવમાં તેની ચિંતાનું નામ દીનની સમજબૂઝ છે, એટલા માટે ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.)એ ફિક્હની વ્યાખ્યા એ કરી છે કે મનુષ્ય પોતાના બધા જ કામોને સમજી લે જેને કરવું તેના માટે જરૂરી છે અને તે બધા જ કામોને પણ સમજી લે જેનાથી બચવું તેના માટે

જરૂરી છે, આજકાલ જે ફિક્હનું જ્ઞાન મસ્અલાઓ جُزْئِيَّه નું ઈલ્મ કહેવામાં આવે છે એ પાછળથી આવેલી પરિભાષા છે, કુર્આન અને સુન્નતમાં ફિક્હની પરિભાષા તે જ છે જે ઈમામે આ'ઝમ (રહ.)એ વર્ણન કરી છે કે જે વ્યક્તિએ દીનની બધી કિતાબો પઢી લીધી પરંતુ સમજબૂઝ પેદા ન થઈ તે કુર્આન અને સુન્નતની પરિભાષામાં આલિમ નથી. આ સંશોધનથી જાણ થઈ કે દીનનું ઈલ્મ પ્રાપ્ત કરવાનો અર્થ કુર્આનની પરિભાષામાં દીનની સમજબૂઝ પેદા કરવાનો છે, તે જે માધ્યમોથી પ્રાપ્ત થાય તે માધ્યમો ભલે કિતાબો હોય, ઉસ્તાદો હોય, મિત્રો હોય એ બધા તેના અભ્યાસક્રમના વિભાગો છે.

દીનનું ઇલ્મ પ્રાપ્ત કર્યા પછી આલિમની ફરજો :

આ સ્થળે કુર્આને કરીમે તેને પણ એક જ વાક્યમાં પૂર્ણ કરી દીધું છે તે એ કે, لِيُنذِرُوا قَوْمَهُمْ એટલે કે, "જેથી તેઓ પોતાની કોમને અલ્લાહની નાફરમાનીથી ડરાવે." અત્રે એ વાત પણ વિચાર કરવા યોગ્ય છે કે આ વાક્યમાં આલિમની ફરજ કોમને ડરાવવાની બતાવવામાં આવી છે, اِنْذَار (ઈન્ઝાર)નો શાબ્દિક અનુવાદ આપણે ડરાવવાનો કરીએ છીએ પરંતુ એ તેનો સંપૂર્ણ તરજુમો નથી, ભાષાની મર્યાદાના કારણે કોઈ એક શબ્દથી તેનો તરજુમો કરવો શક્ય નથી, વાસ્તવિકતા એ છે કે ડરાવવું કેટલાય પ્રકારે હોઈ શકે છે બલકે ડરાવવું દુશ્મન, ચોર, ડાકુ અથવા કોઈ હિંસક પ્રાણી, ઝેરીલા જાનવરો વગેરેથી પણ હોય છે અને એક તે ડરાવવું હોય છે જે પોતાના બાપ પોતાની અવલાદની લાગણી ખાતર તકલીફ અને અન્ય વસ્તુઓથી જેમકે આગ, ઝેરીલા પ્રાણી, નુકસાનકર્તા ખોરાક વગેરેથી ડરાવે છે, જેનો હેતુ અવલાદનો પ્રેમ, લાગણી તથા મહોબ્બત હોય છે તેથી તેની ભાષા અને વર્તણૂક પણ કંઈક અલગ પ્રકારે જ હોય છે, એટલા માટે "ઈન્ઝાર" એવા ડરાવવાને જ કહેવામાં આવે છે, પયગમ્બરો અને રસૂલોને "નઝીર"નો લકબ આપવામાં આવ્યો છે અને આલિમની આ ફરજ "ઈન્ઝાર" વાસ્તવમાં નુબુવ્વતના વારસાનો જ એક ભાગ છે જે હદીષની નસ પ્રમાણે આલિમને પ્રાપ્ત થયેલ છે.

પરંતુ અહીંયાં ધ્યાન આપવા પાત્ર વાત એ છે કે, અંબિયા (અલૈ.)ના બે લકબ (ઉપનામ) "બશીર" અને "નઝીર" આપવામાં આવ્યા છે, "નઝીર"નો અર્થ તો આપણે જાણી ચૂક્યા છે, "બશીર"નો અર્થ "ખુશખબરી

સંભળાવનાર–બશારત આપનાર" થાય છે. અંબિયા (અલૈ.)નું એક કામ એ પણ છે કે નેક કામ કરનારને ખુશખબરી સંભળાવે. આ સ્થળે પણ "ઈન્ઝાર"નો જ ખુલાસો કરવામાં આવ્યો છે પરંતુ બીજી નુસૂસથી જાણ થાય છે કે આલિમની ફરજ એ પણ છે કે નેક કામ કરનારાઓને બશારત આપે–ખુશખબરી સંભળાવે પરંતુ આ સ્થળે ફક્ત ઈન્ઝારના ઉલ્લેખને પૂરતું સમજવું એ તરફ ઈશારો આપે છે કે મનુષ્યના માથે બે કામોની જવાબદારી છે, એક એ કે જે જ્ઞાન તેના માટે દુનિયા અને આખિરતમાં લાભદાયક છે તેને અપનાવે અને બીજું એ કે જે અમલ તેના માટે નુકસાનકર્તા છે તેનાથી બચે, ઉલમા અને બુદ્ધિશાળીઓએ સર્વાનુમતે બંને કાર્યોમાંથી બીજા કાર્યને સૌથી અગ્ર સ્થાને રાખી મહત્ત્વ આપ્યું છે, તેને જ ફુક્હાની પરિભાષામાં جَلْبِ مَنْفَعَتْ (જલબે મનફઅત) "ફાયદાનું કાર્ય કરવું" અને دَفْعِ مَضَرَّتْ (દફએ મઝર્રત) "નુકસાનથી બચવું"ના બે શબ્દો દ્વારા ઓળખાવીને دَفْعِ مَضَرَّتْ ને جَلْبِ مَنْفَعَتْ કરતા અગ્ર સ્થાને ઠરાવ્યું છે, તદુપરાંત નુકસાનકારક બાબત એક સ્વરૂપે લાભદાયક વસ્તુ પ્રાપ્ત કરવાનો હેતુ પણ પૂર્ણ કરે છે કારણ કે જે કાર્ય મનુષ્ય માટે ફાયદાકારક અને જરૂરી છે તેને છોડવું સૌથી મોટું નુકસાન છે તો જે વ્યક્તિ નુકસાનકારક પ્રવૃત્તિઓથી બચવાની કાળજી લે અને જરૂરી અમલોને ન છોડે અને તેની કાળજી રાખે તે પણ એક પ્રકારનો લાભ જ છે.

અત્રે એ પણ જાણ થઈ ગઈ કે આજકાલ જે મોટે ભાગે વઅ્ઝ અને તબ્લીગ ઘણી ઓછી અસરકારક હોય છે તેનું મોટું કારણ એ છે કે તેમાં ઈન્ઝારનો સિદ્ધાંત દેખાતો નથી, જેના વક્તવ્ય અને લઢણમાં લાગણી અને દયાભાવ તથા ભલાઈ ન હોય, શ્રોતા (વાત સાંભળનાર)ને વિશ્વાસ હોય કે તેની વાતચીતનો હેતુ ન તો મને અપમાનિત કરવાનો છે અને ન જ બદનામ કરવાનો છે, ન તો પોતાના દિલની ભડાશ કાઢવાનો છે બલકે આ જે વસ્તુને મારા માટે લાભદાયક અને જરૂરી સમજે છે તે મહોબ્બતના કારણે મને બતાવી રહ્યો છે, જો આજે આપણે તબ્લીગ માટે અને શરીઅતના હુકમો વિરુદ્ધ ચાલતા લોકોને સુધારણા માટેની આમંત્રણની આ પદ્ધતિ અપનાવીએ તો તેનું એક પરિણામ ચોક્કસ એ જ આવશે કે જેને સંબોધન કરીએ છીએ તેની સાથે આપણી વાતચીતથી જીભાજોડી પેદા નહીં થાય, તે જવાબદારીની ફિકરમાં પડવાના બદલે પોતાના અમલની

સમીક્ષા માટે અને પરિણામના વિચાર તરફ ધ્યાન કેન્દ્રિત કરશે અને જો આ ક્રમ ચાલુ થઈ જશે તો કોઈ સમયે ચોક્કસ તે આમંત્રણનો સ્વીકાર પણ કરશે અને બીજું પરિણામ એ તો ચોક્કસ આવવાનું જ છે કે ઓછામાં ઓછું તેની સાથે દિલમાં નફરત અથવા લડાઈ–ઝઘડો ઉત્પન્ન નહીં થાય, જેમકે આજકાલ આપણી સમગ્ર કોમ એમાં સપડાયેલી છે.

અંતે لَعَلَّهُمْ يَحْذَرُوْنَ ફરમાવીને એ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો કે આલિમનું કામ એટલું નથી કે અઝાબથી ડરાવે બલકે, તેના ઉપર નજર પણ રાખવાની છે કે તેના પ્રચાર અને આમંત્રણની અસર કેટલી અને કેવી થઈ ? એક વખતે અસરકારક ન નિવડે તો વારંવાર એ પ્રવૃત્તિ કરતો રહે જેથી તેનું પરિણામ يَحْذَرُوْنَ (યહઝરૂન) આવી શકે, એટલે કે કોમ ગુનાહોથી બચે. વલ્લાહુ સુબ્હાનહુ વ તઆલા અઅ્લમુ.

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૨૩ થી ૧૨૭)

يَآاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قَاتِلُوا الَّذِيْنَ يَلُوْنَكُمْ مِّنَ الْكُفَّارِ وَلْيَجِدُوْا فِيْكُمْ غِلْظَةً ؕ
وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ﴿١٢٣﴾ وَاِذَا مَآ اُنْزِلَتْ سُوْرَةٌ فَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ اَيُّكُمْ
زَادَتْهُ هٰذِهٖٓ اِيْمَانًا ۚ فَاَمَّا الَّذِيْنَ اٰمَنُوْا فَزَادَتْهُمْ اِيْمَانًا وَّهُمْ يَسْتَبْشِرُوْنَ ﴿١٢٤﴾
وَاَمَّا الَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ فَزَادَتْهُمْ رِجْسًا اِلٰى رِجْسِهِمْ وَمَاتُوْا وَهُمْ
كٰفِرُوْنَ ﴿١٢٥﴾ اَوَلَا يَرَوْنَ اَنَّهُمْ يُفْتَنُوْنَ فِيْ كُلِّ عَامٍ مَّرَّةً اَوْ مَرَّتَيْنِ ثُمَّ لَا يَتُوْبُوْنَ وَلَا
هُمْ يَذَّكَّرُوْنَ ﴿١٢٦﴾ وَاِذَا مَآ اُنْزِلَتْ سُوْرَةٌ نَّظَرَ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ ؕ هَلْ يَرٰىكُمْ مِّنْ
اَحَدٍ ثُمَّ انْصَرَفُوْا ؕ صَرَفَ اللّٰهُ قُلُوْبَهُمْ بِاَنَّهُمْ قَوْمٌ لَّا يَفْقَهُوْنَ ﴿١٢٧﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! પોતાના નજીકના કાફિરો સાથે લડતા જાઓ અને તમારા અંદરની કઠોરતા તેમના ઉપર જણાવી જોઈએ અને જાણો કે અલ્લાહ

ડરનારાઓની સાથે છે. (૧૨૩) અને જ્યારે કોઈ સૂરત નાઝિલ થાય છે તો તેમનામાં અમુક કહે છે, તમારામાંથી આ સૂરતે કોનું ઈમાન વધારે કરી દીધું? બસ જે લોકો ઈમાન ધરાવે છે તેમનું ઈમાન આ સૂરતે વધારે કરી દીધું અને તેઓ ખુશખુશાલ થાય છે. (૧૨૪) અને જેમના દિલોમાં બીમારી છે બસ તેમના માટે ગંદકી ઉપર ગંદકી વધારી દીધી અને તેઓ મૃત્યુ સુધી કાફિર જ રહ્યા. (૧૨૫) શું નથી જોતા કે તેઓ દરેક વર્ષમાં એક વખતે અથવા બે વખતે અજમાવવામાં આવે છે તો પણ તવબહ નથી કરતા અને ન જ તેઓ નસીહત પકડે છે ? (૧૨૬) અને જ્યારે કોઈ સૂરત નાઝિલ થાય છે તો તેઓ એક-બીજા તરફ જોવા લાગે છે કે શું તમને કોઈ મુસલમાન જુએ છે ? પછી ચાલતી પકડે છે, અલ્લાહે તેમના દિલો ફેરવી દીધા છે એ કારણે કે તે એવા લોકો છે કે સમજ નથી ધરાવતા. (૧૨૭)

તફસીર :

હે ઈમાનવાળાઓ ! તે કાફિરો સામે લડો જેઓ તમારી આસપાસ (રહે) છે અને તેઓ તમારામાં કઠોરતા જોવા જોઈએ (એટલે કે જિહાદના સમયે પણ મજબૂત રહેવું જોઈએ અને સુલેહ ન હોય એવા સમયે તેમની સાથે ઢીલાપણુ વર્તવું ન જોઈએ) અને એ વિશ્વાસ રાખો કે અલ્લાહ તઆલા(ની મદદ) મુત્તકી લોકો સાથે છે (બસ તે કાફિરોથી ન ડરો અને ન જ તેમનાથી દબાઈ જાઓ) અને જ્યારે કોઈ (નવી) સૂરત ઊતરે છે તો અમુક મુનાફિકો (ગરીબ મુસલમાનો સાથે ઠઠ્ઠા-મશ્કરી સ્વરૂપે) કહે છે કે (કહો) આ સૂરતે તમારામાંથી કોના ઈમાનમાં પ્રગતિ આપી ? (આગળ અલ્લાહ તઆલા ઈરશાદ ફરમાવે છે કે તમે જવાબ ઈચ્છો છો ?) બસ, (સાંભળો) જે લોકો ઈમાનદાર છે આ સૂરતે તેમના ઈમાનમાં (તો) પ્રગતિ આપી છે અને તે (આ પ્રગતિ થવાથી) ખુશ થઈ રહ્યા છે (પરંતુ એ પ્રવૃત્તિ દિલ સાથે સંબંધ ધરાવે છે એટલા માટે એ ખુશી તમે અનુભવી શકતા નથી માટે તમે ઠઠ્ઠો કરો છો) અને જે લોકોના દિલોમાં (નિફાકની) બીમારી છે આ સૂરતે તેમનામાં તેમની (પ્રથમથી જ રહેલ) ગંદકીની સાથે (નવી) ગંદકી વધારી દીધી (કારણ કે પ્રથમ કુર્આનના એક ભાગનો ઈન્કાર કરતા હતા, હવે આ એક નવા ભાગનો પણ ઈન્કાર કરે છે) અને તેઓ કુફ્રની હાલતમાં જ મૃત્યુ પામ્યા (એટલે કે જેઓ તેમનામાં મૃત્યુ પામી ચૂક્યા છે તેઓ કાફિર થઈને જ મર્યા અને

જેઓ આ હઠાગ્રહ ઉપર જ રહેશે તેઓ કાફિર થઈને જ મરશે, જવાબનો ખુલાસો એ થયો કે કુર્આનમાં ઈમાનને પ્રગતિ આપવાની ખાસિયત તો અવશ્ય છે પરંતુ જે લોકોમાં એવી ક્ષમતા જ નથી અને જેમનામાં પ્રથમથી જ ગંદકી અને ઠઠ્ઠો-મશ્કરી કરવાની વૃત્તિ છે તો તે આ ખરાબીમાં વધારે પાકા થઈ જશે. (درباغ لالہ رویدودرشورہ بوم خس) અને શું તેમને દેખાતું નથી કે આ લોકો દરેક વર્ષે એક વખતે અથવા બે વખતે કોઈને કોઈ આફતમાં ફસાતા રહે છે (પરંતુ) તો પણ (પોતાની નાપાક પ્રવૃત્તિઓથી) અટકતા નથી અને ન તો કંઈ સમજે છે (જેનાથી હવે પછી અટકવાની તેમને આશા હોય, એટલે કે જે ઘટનાઓથી તેઓએ બોધપાઠ ગ્રહણ કરવો જોઈતો હતો તેના બદલે અને પોતાની સુધારણા કરવાના બદલે તેનો ઠઠ્ઠો-મશ્કરી પોતાની મહેફિલોમાં જઈને વર્ણન કરતા હતા અને આગળ તે નફરતનું વર્ણન છે જે દુષ્કૃત્ય તેઓ નબીએ કરીમ ﷺની મજલિસમાં કરતા હતા, એટલા માટે ઈરશાદ છે) અને જ્યારે કોઈ (નવી) સૂરત નાઝિલ કરવામાં આવે છે તો એકબીજાને જોવા (તાકવા) લાગે છે (અને ઈશારાથી માહોમાહે વાતો કરવા લાગે છે) કે તમને કોઈ (મુસલમાન) જોતો તો નથી ? (કે તેમને ઊઠતા જોઈ લે અને નબીએ કરીમ ﷺને જાણ કરી દે) પછી (ઈશારાને ઈશારામાં જ વાતો કરીને ત્યાંથી ઊઠીને) ચાલવા માંડે છે, (આ લોકો મસ્જિદે નબવી ﷺથી તો શું ફરી ગયા ?) અલ્લાહ તઆલાએ તેમના દિલો (જ ઈમાનથી) ફેરવી દીધા છે એ કારણે કે તેઓ ફક્ત નાસમજ છે (કે પોતાના ફાયદાથી દૂર ભાગે છે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં જિહાદની પ્રેરણા અને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. પ્રસ્તુત આયતોમાં .....يَـٰٓأَيُّهَا الَّذِينَ اٰمَنُوْا قَاتِلُوْا દ્વારા એ વિગત બતાવવામાં આવી છે કે કાફિરો તો સમગ્ર દુનિયામાં વિસ્તરેલા છે તેમની સાથે જિહાદ અને યુદ્ધનું આયોજન કરવું જોઈએ. આ આયતમાં એ ઈરશાદ છે કે કાફિરોમાંથી જે લોકો તમારી આસપાસ હોય પ્રથમ તેમની સાથે જિહાદ કરવામાં આવે, આસપાસ અને નજીક હોવું સ્થળના આધારે પણ હોઈ શકે છે કે તેઓ તમારી આજુબાજુમાં નિવાસ કરતા કાફિરો હોય, તેઓ સાથે જિહાદને અગ્રતા આપવી

જોઈએ અથવા તો સગાં-વહાલાં કે કુટુંબના આધારે પણ આ નજીક હોવું હોઈ શકે છે કે તેઓને અન્યો કરતા અગ્રિમતા આપવી જોઈએ, કારણ કે ઈસ્લામી જિહાદ વાસ્તવમાં તે લોકોની ભલાઈના તકાદા માટે જ હોય છે અને ભલાઈ તથા લાગણીમાં સગાં-વહાલાંઓ અને સંબંધીઓ અગ્ર સ્થાને છે, જેમકે રસૂલે કરીમ ﷺએ હુકમ આપ્યો છે, وَاَنۡذِرۡ عَشِيۡرَتَكَ الۡاَقۡرَبِيۡنَ એટલે કે, "પોતાના નજીકના સગાંઓને અલ્લાહના અઝાબથી ડરાવો." એટલા માટે રસૂલે કરીમ ﷺએ તેનું પાલન કર્યું અને સૌ પ્રથમ પોતાના કુટુંબના લોકોને ભેગા કરીને સત્યનો કલિમો પહોંચાડ્યો, એ જ પ્રમાણે સ્થળના નિકટ અથવા દૂર હોવાના કારણે મદીનાના નજીકના કાફિરો બનૂ કુરયઝા, બનૂ નઝીર અને ખયબરના નિવાસીઓને અન્યો ઉપર અગ્રિમતા આપવામાં આવી, ત્યાર પછી બાકીના અરબો સાથે યુદ્ધો થયા પછી સૌથી અંતે રૉમના કાફિરો સાથે યુદ્ધનો હુકમ થયો જેના કારણે ગઝ્વએ તબૂકની ઘટના બની.

وَلۡيَجِدُوۡا فِيۡكُمۡ غِلۡظَةً તેમાં غِلۡظَتٌ (ગિલ્ઝત)નો અર્થ "શક્તિ" અને "સખ્તાઈ" (કઠોરતા)નો થાય છે, અર્થ એ છે કે કાફિરો સાથે વર્તણૂકમાં એવું સ્વરૂપ અપનાવો કે તે કોઈપણ સ્વરૂપે તમે કમજોર છો એવું સમજે નહીં. فَزَادَتۡهُمۡ اِيۡمَانًا આ આયતથી જાણ થઈ કે કુર્આનની આયતોની તિલાવત તથા તેમાં ચિંતન-મનન અને તેના તકાદા ઉપર અમલ કરવાથી ઈમાનમાં પ્રગતિ અને વધારો પેદા થાય છે, આ વધારો ઈમાનનો પ્રકાશ અને ઈમાનનો રસાસ્વાદ હોય છે જેનો પ્રભાવ એ હોય છે કે મનુષ્યને અલ્લાહ અને રસૂલ ﷺની આજ્ઞાનું પાલન કરવું સરળ લાગવા માંડે છે, ઈબાદતમાં આનંદ પ્રાપ્ત થાય છે, ગુનાહોથી સ્વાભાવિક સૂગ ઉપજે છે અને તેની દિલમાં ખટક અનુભવાય છે.

હઝરત અલી કર્રમલ્લાહુ વજ્હહુએ ફરમાવ્યું કે ઈમાન જ્યારે દિલમાં આવે છે તો એક સફેદ પ્રકાશિત બિંદુ જેવું હોય છે પછી જેમ-જેમ આ ઈમાનમાં પ્રગતિ થતી જાય છે તેમ-તેમ આ સફેદી વધતી જાય છે, એટલે સુધી કે આખું હૃદય પ્રકાશિત (ઝળહળિત) થઈ જાય છે, એ જ પ્રમાણે કુફ્ર અને નિફાક શરૂઆતમાં એક કાળા ડાઘ જેમ દિલ ઉપર લાગે છે પછી જેમ-જેમ ગુનાહો વધતા જાય છે તથા કુફ્રની કઠોરતા વધતી ચાલે છે આ ડાઘ વધતો રહે છે, એટલે સુધી કે આખું દિલ કાળું થઈ જાય છે. *(મઝહરી)*

સહાબએ કિરામ (રદિ.) એ જ કારણે એકબીજાને પરસ્પર કહ્યા કરતા હતા કે અમુક સમય સુધી મળીને બેસો, દીન અને આખિરતની વાતોની ચર્ચા-વિચારણા કરો જેથી આપનું ઈમાન વધે.

يُفْتَنُونَ فِي كُلِّ عَامٍ مَّرَّةً أَوْ مَرَّتَيْنِ આ આયતમાં મુનાફિકોને એ બાબતે ચેતવણી આપવામાં આવી છે કે તેઓ પોતાના નિફાક અને કરારભંગ વગેરે ગુનાહોના કારણે દરેક વર્ષે વિવિધ પ્રકારની મુસીબતોમાં ક્યારેક એક વખતે તો ક્યારેક બે વખતે સપડાઈ જાય છે, ક્યારેક તેમના દોસ્તો મક્કાના કાફિરો પરાજિત થઈ ગયા તો ક્યારેક તેમના નિફાકની વાતો જાહેર થઈ ગઈ જેનાથી તેઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયા, અહીંયાં એક-બેની સંખ્યાને ગણતરીમાં લેવાનો કોઈ અર્થ નથી કે આ ક્રમ સતત ચાલતો રહે છે એમ છતાં પણ શું તેઓ એવી બાબતોને જોઈને બોધપાઠ ગ્રહણ કરતા નથી !?

આયતો : (સૂરએ તવબહ : આયત નં. ૧૨૮-૧૨૯)

لَقَدْ جَآءَكُمْ رَسُولٌ مِّنْ أَنفُسِكُمْ عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيصٌ عَلَيْكُم بِالْمُؤْمِنِينَ
رَءُوفٌ رَّحِيمٌ ﴿١٢٨﴾ فَإِن تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللَّهُ لَا إِلَٰهَ إِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ
الْعَرْشِ الْعَظِيمِ ﴿١٢٩﴾

તરજુમો :

ખરેખર, તમારી પાસે તમારામાંનો રસૂલ આવ્યો છે, તેમના ઉપર ભારે છે જે તમને તકલીફ પહોંચે, તમારી ભલાઈની લાલસા રાખે છે, ઈમાનવાળાઓ ઉપર ખૂબ માયાળુ મહેરબાન છે. (૧૨૮) તો પણ જો મોઢું ફેરવે તો કહી આપો ! મને અલ્લાહ પૂરતો છે અને તેના સિવાય કોઈની બંદગી નથી, તેના જ ઉપર મેં ભરોસો કર્યો અને તે જ અર્શે અઝીમનો માલિક છે. (૧૨૯)

તફસીર :

(હે લોકો !) તમારી પાસે એક એવા પયગમ્બર આવ્યા છે જેઓ તમારામાંથી જ (બશર) છે (કે જેથી તમારા માટે લાભ મેળવવો સરળ થઈ

જાય), તેમને તમારી તકલીફની વાતો અત્યંત ભારે પડે છે (ઇચ્છે છે કે તમને કોઈ પીડા ન પહોંચે), તેઓ તમારા ભલાઈના ખૂબ ઇચ્છુક રહે છે (તેમની આ હાલત તો સૌની સાથે છે પછી વિશેષ સ્વરૂપે) ઈમાન ધરાવનારાઓ સાથે (તો) ઘણા જ માયાળુ (અને) મહેરબાન (દયાળુ) છે, (આવા રસૂલ ﷺથી ફાયદો ન ઉઠાવવો ઘણી જ મોટી વંચિતતા છે) પછી જો (આ બધું હોવા છતાં પણ તમને રસૂલ માનવાથી અને તમારું અનુસરણ કરવાથી) મોઢું ફેરવે તો તમે કહી આપો ! (તેમાં મારું કોઈ નુકસાન નથી) મારા માટે (તો) અલ્લાહ તઆલા (મદદ કરવા અને મારી સુરક્ષા કરવા) પૂરતો છે, તેના સિવાય કોઈ મઅ્બૂદ હોવાના પાત્ર જ નથી (બસ ઈબાદત માટે તે જ એકમાત્ર જાત છે તો તે સ્વાભાવિક રીતે બધી જ વિશિષ્ટતાઓ અને જ્ઞાન-શક્તિમાં અજોડ છે તો પછી મને કોઈના વિરોધનો શું ડર ?) મેં તેના ઉપર જ ભરોસો કર્યો છે અને તે ઘણા જ મોટા ભારે અર્શનો માલિક છે (તો બીજી વસ્તુઓ તો પ્રથમ શ્રેણીમાં તેની ગુલામ છે, બસ તેના ઉપર ભરોસો કર્યા પછી મને કોઈ ડર કે ભય નથી, અલબત્ત તમે પોતાની ફિકર કરો કે સત્યનો ઇન્કાર કરીને તમે ક્યાં જશો ?)

મસ્અલા અને બોધપાઠ :

આ સૂરએ તવબહની અંતિમ આયતો છે જેમાં રસૂલે કરીમ ﷺને અલ્લાહની સંપૂર્ણ મખ્લૂક ઉપર ખાસ કરીને મુસલમાનો ઉપર અનહદ દયાળુ, માયાળુ અને હમદર્દ હોવાનું વર્ણન કરવામાં આવ્યું છે અને અંતિમ આયતમાં રસૂલે કરીમ ﷺને એ માર્ગદર્શન અને સૂચના આપવામાં આવી છે કે તમારી સમગ્ર કોશીશો હોવા છતાં પણ જો અમુક લોકો ઈમાન ન લાવે તો તમે ધીરજ ધરો, સબ્ર કરો અને અલ્લાહ તઆલા ઉપર ભરોસો રાખો.

સૂરએ તવબહની અંતમાં આ વિષય લાવવો એટલા માટે યોગ્ય છે કે આ સૂરતમાં કાફિરો સાથે સંબંધ વિચ્છેદ તથા જિહાદ અને યુદ્ધનું વર્ણન હતું જે અલ્લાહના દીન માટેનું આમંત્રણનું અંતિમ સ્વરૂપ છે જ્યારે કે મૌખિક પ્રચાર અને પ્રસારથી સુધારણાની કોઈ આશા ન રહે, પરંતુ અંબિયા (અલૈ.)નું મૂળ કામ તો દયા તથા લાગણી અને હમદર્દી તથા ભલાઈની ભાવના સાથે અલ્લાહની મખ્લૂકને અલ્લાહ તરફ આવવાનું આમંત્રણ આપવાનું છે અને તેમના તરફથી

વાંધાઓ તથા જો કોઈ તકલીફ કે વિરોધનો સામનો કરવો પડે તો તેને અલ્લાહ તઆલાને સોંપીને તેના ઉપર જ ભરોસો કરો, કારણ કે તે રબ્બુલ અર્શુલ અઝીમ છે, અત્રે "અર્શે અઝીમ"નો રબ્બ (માલિક) કહીને એ બતાવવું મંજૂર છે કે આ સમગ્ર સૃષ્ટિ ઉપર તે જ માત્ર છવાયેલો છે.

અંતિમ બે આયતો હઝરત ઉબય ઈબ્ને કઅ્બ (રદિ.)ના નિવેદન પ્રમાણે કુર્આનની અંતિમ આયતો છે, ત્યારબાદ કોઈ આયત નાઝિલ નથી થઈ અને રસૂલે કરીમ ﷺની વફાત થઈ ગઈ, એવું જ નિવેદન હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નું પણ છે. *(કુર્તુબી)*

આ બે આયતોની હદીષમાં ઘણી ફઝીલતો આવી છે, હઝરત અબૂ દરદઅ્ (રદિ.) ફરમાવે છે કે જે વ્યક્તિ સવાર-સાંજ આ આયતો સાત વખતે પઢી લેતો હોય તો અલ્લાહ તઆલા તેના બધા જ કાર્યો સરળ કરી આપે છે. વલલાહુ અઅ્લમુ. *(કુર્તુબી)*

رَبَّنَا تَقَبَّلْ مِنَّا اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ، اَللّٰهُمَّ وَ فِّقْنِىْ لِتَكْمِيْلِهٖ كَمَا تُحِبُّ
وَتَرْضٰى وَالْطُفْ بِنَافِىْ تَيْسِيْرِ كُلِّ عَسِيْرٍ فَاِنَّ تَيْسِيْرَ كُلِّ عَسِيْرٍ عَلَيْكَ يَسِيْرٌ ط

સૂરએ તબવહ પૂરી થઈ. અલ્હમ્દુલિલ્લાહ !



મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી

તારીખ : ઈ.સ. ૪ ઓગષ્ટ ૨૦૦૯, હિજરી સન ૧૨ શાબાન ૧૪૩૦

પ્રકરણ (૧૦)

સૂરએ યૂનુસ (અલૈ.)

સૂરએ યૂનુસ મક્કામાં નાઝિલ થઈ અને તેમાં ૧૦૯ આયતો છે તથા ૧૧ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૧-૨-૩-૪)

ایاتها ۱۰۹ ۱۰ سُورَةُ يُونُسَ مَكِّيَّةٌ ۵۱ ركوعاتها ۱۱

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

الٓرٰ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ ① اَكَانَ لِلنَّاسِ عَجَبًا اَنْ اَوْحَيْنَآ اِلٰى رَجُلٍ
مِّنْهُمْ اَنْ اَنْذِرِ النَّاسَ وَبَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْٓا اَنَّ لَهُمْ قَدَمَ صِدْقٍ عِنْدَ رَبِّهِمْ ؕ قَالَ
الْكٰفِرُوْنَ اِنَّ هٰذَا لَسٰحِرٌ مُّبِيْنٌ ② اِنَّ رَبَّكُمُ اللّٰهُ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ
فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ يُدَبِّرُ الْاَمْرَ ؕ مَا مِنْ شَفِيْعٍ اِلَّا مِنْ بَعْدِ
اِذْنِهٖ ؕ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ فَاعْبُدُوْهُ ؕ اَفَلَا تَذَكَّرُوْنَ ③ اِلَيْهِ مَرْجِعُكُمْ جَمِيْعًا ؕ وَعْدَ
اللّٰهِ حَقًّا ؕ اِنَّهٗ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ لِيَجْزِيَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
بِالْقِسْطِ ؕ وَالَّذِيْنَ كَفَرُوْا لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيْمٍ وَّعَذَابٌ اَلِيْمٌ بِمَا كَانُوْا يَكْفُرُوْنَ ④

المنزل الثالث (٣) وقف النبي صلى الله عليه وسلم

તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલિફ-લામ-રા; આ આયતો છે પાકી કિતાબની. (૧) શું લોકોને તાજ્જુબ થયો કે અમે તેમનામાંથી એક પુરુષ ઉપર વહી મોકલી ? એ કે લોકોને ડર

સંભળાવે અને ઈમાન લાવનારાઓને ખુશખબરી સંભળાવે કે તેમના માટે પોતાના પરવરદિગારના ત્યાં સાચી બુનિયાદ છે ? ઈન્કારીઓ કહેવા લાગ્યા, બેશક ! આ તો ઉઘાડો જાદૂગર છે. (૨) નિઃશંક ! તમારો પરવરદિગાર અલ્લાહ છે જેણે આસમાન અને જમીન છ દિવસમાં બનાવ્યા, પછી અર્શ ઉપર કાયમ થયો, કામની તદ્બીર (આયોજન) કરે છે, કોઈ સિફારસ નથી કરી શકતું પરંતુ તેની પરવાનગી પછી, તે અલ્લાહ છે તમારો પરવરદિગાર, બસ તેની બંદગી કરો, શું તમે ધ્યાન નથી આપતા ? (૩) તેના જ તરફ તમારે સૌને પાછા વળીને જવાનું છે, અલ્લાહનો વાયદો સાચો છે, તે જ પ્રથમ વખતે પેદા કરે છે ફરી તેને બીજીવાર કરશે જેથી તેમને બદલો આપે જેઓ ઈમાન લાવ્યા હતા અને નેક કામ કર્યા હતા, ન્યાયની સાથે; અને જેઓ કાફિર થયા તેમને છછળતું (ઉકળતું) પાણી પીવાનું છે અને દર્દનાક અઝાબ છે એટલા માટે કે કુફ્ર કરતા હતા. (૪)

તફસીર :

અલિફ-લામ-રા(નો અર્થ તો અલ્લાહને ખબર છે), આ (જે આગળ આવે છે) હિકમતથી ભરપૂર કિતાબ (એટલે કે કુર્આન)ની આયતો છે (જે સાચી હોવાથી જાણવા અને માનવા યોગ્ય છે અને કારણ કે જેના ઉપર તે ઊતરી છે તેમની નુબુવ્વતનો કાફિરો ઈન્કાર કરતા હતા એટલા માટે જવાબમાં ફરમાવ્યું છે કે) શું તે (મક્કાના) લોકોને એ વાતથી આશ્ચર્ય થયું કે અમે તેમનામાંથી એક વ્યક્તિની પાસે (કે જેઓ તેમની જેમ એક બશર-માનવી છે) વહી મોકલી આપી? (જેનો ખુલાસો એ છે) કે (સામાન્ય રીતે) બધા લોકોને (અલ્લાહના હુકમોની નાફરમાની કરવાથી) ડરાવે છે અને જે ઈમાન લાવે તેમને ખુશખબરી સંભળાવે છે કે તેમના પરવરદિગારની પાસે (પહોંચીને) તેમને સંપૂર્ણ બદલો મળશે (એટલે કે જો આવો વિષય કોઈ માનવી ઉપર વહી દ્વારા નાઝિલ થાય તો કોઈ આશ્ચર્યનું કારણ નથી પરંતુ) કાફિરો (એ પ્રમાણે આશ્ચર્ય કરે છે કે રસૂલે કરીમ ﷺ વિશે) કહેવા લાગ્યા કે (નઊઝુબિલ્લાહ) આ વ્યક્તિ તો નિઃશંક ! ખુલ્લો જાદૂગર છે (તેઓ કહે છે કે આ નબી નથી કારણ કે આ વ્યક્તિ તો મનુષ્ય છે અને નુબુવ્વત મનુષ્ય માટે નથી હોઈ શકતી) નિઃશંક ! તમારો (હકીકી) પરવરદિગાર અલ્લાહ જ છે જેણે આસમાનોને અને જમીનને છ દિવસ(ના

સમય)માં પેદા કર્યા, (બસ ઉચ્ચ કક્ષાનો સર્વશક્તિમાન છે) પછી અર્શ ઉપર (જે એક મહાન તખ્ત છે તેના ઉપર એ પ્રમાણે) કાયમ (અને ગાલિબ) થયો (કે જે તેની શાનના લાયક છે જેથી અર્શથી જમીન અને આસમાનોમાં હુકમો લાગુ પાડ્યા, જેમકે આગળ ઈરશાદ છે કે) તે દરેક કાર્યની (યોગ્ય) તદ્બીર (એટલે કે યોજના) કરે છે (બસ તે હકીમ-હિકમતવાળો પણ છે, તેની સામે) કોઈ સિફારસ કરનાર (સિફારસ) નથી (કરી શકતો) તેની પરવાનગી વિના; (બસ તે મહાન પણ છે) અલ્લાહ આવો તમારો (હકીકી અને સાચો) પરવરદિગાર (માલિક) છે, બસ તમે તેની જ ઈબાદત કરો (અને શિર્ક ન કરો), શું તમે (આ દલીલો સાંભળ્યા) પછી પણ નથી સમજતા ? તમારે સૌને અલ્લાહ પાસે જ જવાનું છે, અલ્લાહે (તેનો) સાચો વાયદો કરી રાખ્યો છે, બેશક ! તે પ્રથમવાર પણ પેદા કરે છે ફરી તે જ બીજીવાર પણ (કયામતમાં) પેદા કરશે જેથી એવા લોકોને કે જેઓ ઈમાન લાવ્યા અને તેમણે નેક કામો કર્યા ન્યાય સાથે (પૂરેપૂરો) બદલો આપે (અને તેમાં થોડું પણ ઓછું ન કરે બલકે ઘણું જ વધારે આપી દે) અને જે લોકોએ કુફ્ર કર્યું (આખિરતમાં) ઊકળતું પાણી પીવા મળશે અને તેમના કુફ્રના કારણે દર્દનાક અઝાબ થશે.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ યૂનુસ મક્કી સૂરત છે, અમુક લોકોએ તેની ફક્ત ત્રણ આયતોને મદની કહી છે જે મદીનાની હિજરત પછી નાઝિલ થઈ છે.

આ સૂરતમાં પણ કુર્આન અને ઈસ્લામના પાયાના સિદ્ધાંતો તવહીદ (માત્ર એક અલ્લાહની ઈબાદત), રિસાલત (રસૂલે કરીમ ﷺ અલ્લાહના નબી અને રસૂલ હોવાની માન્યતા), આખિરત (મૃત્યુ પછી કયામતમાં સજીવન કરવામાં આવશે અને સારા-નરસા કૃત્યોનો બદલો આપવામાં આવશેની માન્યતા) વગેરેને વિશ્વની સૃષ્ટિ અને તેમાં થનાર પરિવર્તનોના અવલોકન વડે દલીલ કરીને ચિંતન કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. અમુક બોધપાઠયુક્ત ઐતિહાસિક ઘટનાઓ અને કહાણીઓ દ્વારા તે લોકોને ડરાવવામાં આવ્યા છે જેઓ અલ્લાહ તઆલાની આ ખુલ્લી નિશાનીઓ ઉપર દૃષ્ટિપાત કરતા નથી અને તેના સંદર્ભમાં શિર્કના ખોટા માર્ગે પડ્યા છે. આ સૂરતમાં તેમની અમુક શંકાઓના જવાબો આપવામાં આવ્યા છે તે જ આ સૂરતના વિષયનો

ખુલાસો છે, સૂરતના આ વિષયો ઉપર વિચાર કરવાથી એ બાબત પણ સરળતાથી સમજી શકાય છે કે પાછલી સૂરત એટલે કે સૂરએ તવબહ અને આ સૂરતમાં પરસ્પર શું અનુસંધાન છે ? સૂરએ તવબહમાં તે જ હેતુઓ માટે કાફિરો અને ઈન્કારીઓ સાથે જિહાદ, કુફ્ર અને શિર્કની શક્તિને ભૌતિક શક્તિ દ્વારા તોડવાનું વર્ણન હતું અને આ સૂરત કારણ કે જિહાદનો હુકમ નાઝિલ થતાં પહેલાં મક્કામાં ઊતરી છે એટલા માટે તેમાં પ્રસ્તુત હેતુઓને મક્કી સમયના કાયદા અનુસાર ફક્ત દલીલો અને ઉઘાડી નિશાનીઓ દ્વારા સાબિત કરવામાં આવ્યા છે.

الٓر (અલિફ-લામ-રા) આ શબ્દ "હુરૂફે મુકત્તઅહ" કહેવાય છે જે કુર્આન મજીદની ઘણી બધી સૂરતોની શરૂઆતમાં આવ્યા છે, જેમકે الٓمٓ، حٰمٓ، عٓسٓقٓ (અલિફ-લામ-મીમ, હા-મીમ, ઐન-સીન-કા'ફ) વગેરે. તેના અર્થના સંશોધનમાં વિવરણકારોની ચર્ચાઓ ઘણી લાંબી છે. સહાબા (રદિ.), તાબિઈન (રહ.) તથા જમહૂર પૂરોગામી સંશોધનકારો, સલફોનું સંશોધન આ પ્રકારના બધા જ "હુરૂફે મુકત્તઅહ" વિશે એ છે કે એ ખાસ શબ્દો છે, બની શકે છે કે તેનો અર્થ રસૂલે કરીમ ﷺને બતાવવામાં આવ્યો હોય પરંતુ તેમણે સામાન્ય ઉમ્મતને ફક્ત તે જ જ્ઞાન અને બોધપાઠની જાણકારી આપી જેને તેમની બુદ્ધિ વેઠી શકી અને (માત્ર તે જ બાબતો જણાવી) જેની જાણકારી ન હોવાથી ઉમ્મતના કામોમાં કોઈ ખામી કે ક્ષતિ ઉપસ્થિત થતી હોય, હુરૂફે મુકત્તઅહના શબ્દોનું રહસ્ય એવું નથી કે જેના ઉપર ઉમ્મતનું કોઈ કામ અટકેલું હોય અથવા તેને ન જાણવાથી તેનામાં કોઈ અડચણ ઉત્પન્ન થાય, એટલા માટે રસૂલે કરીમ ﷺએ પણ તેના અર્થને ઉમ્મત માટે અનાવશ્યક સમજીને વર્ણન કર્યા નથી તેથી આપણે પણ તેના સંશોધનમાં ન પડવું જોઈએ, કારણ કે એટલી હકીકત ચોક્કસ છે કે જો તેનો અર્થ જાણવામાં આપણું કોઈ હિત હોત તો રહમતે આલમ ﷺએ તેને વર્ણન કરવામાં કોઈ કચાશ રાખી ન હોત.

تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْحَكِيْمِ માં શબ્દ تِلْكَ (તિલ્ક)થી ઈશારો આ સૂરતની આયતો તરફ છે જેનું વર્ણન આગળ આવે છે, કિતાબનો અર્થ કુર્આન છે તેની સિફત આ સ્થળે حَكِيْم (હકીમ)ના શબ્દ વડે વર્ણન કરી છે જેનો અર્થ આ સ્થળે "હિકમતવાળી કિતાબ"નો થાય છે.

બીજી આયતમાં મુશ્રિકોની એક શંકા અને વાંધાનો જવાબ છે. શંકાનો

ખુલાસો એ હતો કે તે લોકોએ પોતાની અજ્ઞાનતાથી એવું ઠરાવી રાખ્યું હતું કે, અલ્લાહ તઆલા તરફથી જે રસૂલ અથવા પયગમ્બર આવે તે 'બશર' એટલે કે મનુષ્ય ન હોવો જોઈએ બલકે કોઈ ફરિશ્તો હોવો જોઈએ. કુર્આને કરીમે તેમની આ વાહિયાત માન્યતાનો જવાબ ઘણે ઠેકાણે વિવિધ વિષયો હેઠળ આપ્યો છે. એક આયતમાં ઈરશાદ ફરમાવ્યો, قُلْ لَّوْ كَانَ فِى الْاَرْضِ مَلٰٓئِكَةٌ يَّمْشُوْنَ مُطْمَئِنِّيْنَ لَنَزَّلْنَا عَلَيْهِمْ مِّنَ السَّمَآءِ مَلَكًا رَّسُوْلًا એટલે કે, “જો પૃથ્વી ઉપર વસવાટ કરનારા ફરિશ્તા હોત તો અમે તેમના માટે રસૂલ પણ કોઈ ફરિશ્તાને જ બનાવ્યો હોત.” (૧૭ : ૯૫) જેનો ખુલાસો એ છે કે રિસાલતનો હેતુ એ વિના પૂર્ણ નથી થઈ શકતો કે જે લોકો તરફ કોઈ રસૂલ મોકલવામાં આવે તે લોકો અને તે રસૂલમાં પરસ્પર સામ્યતા ન હોય. ફરિશ્તાઓની સામ્યતા ફરિશ્તાઓ સાથે અને મનુષ્યની મનુષ્ય સાથે હોય છે તેથી જ્યારે મનુષ્ય માટે રસૂલ મોકલવાનો હેતુ છે તો કોઈ બશર (મનુષ્ય)ને જ રસૂલ બનાવવો જોઈએ.

આ આયતમાં એક બીજી શૈલીથી આ વિષયને એ રીતે વર્ણન કરવામાં આવ્યો છે કે તે લોકો એ બાબત ઉપર આશ્ચર્ય કરતા હતા કે કોઈ માનવીને કેમ રસૂલ બનાવવામાં આવ્યો અને તે રસૂલને નાફરમાન મનુષ્યોને અલ્લાહના અઝાબથી ડરાવવા અને ફરમાંબરદારોને તેના સવાબની ખુશખબરી સંભળાવવાનું કામ કેમ સોંપવામાં આવ્યું ? આ આશ્ચર્ય કરવું પોતે જ એક આશ્ચર્યકારક બાબત છે, કારણ કે મનુષ્યજાતિ તરફ મનુષ્યને જ રસૂલ બનાવીને મોકલવું તાર્કિક રીતે પણ યોગ્ય છે.

આ આયતમાં ઈમાનવાળાઓને આ શબ્દોમાં ખુશખબરી આપવામાં આવી છે, اَنَّ لَهُمْ قَدَمَ صِدْقٍ عِنْدَ رَبِّهِمْ તેમાં શબ્દ قَدَمْ (કદમ)નો મૂળ અર્થ તો તે જ છે જે ગુજરાતીમાં સમજવામાં આવે છે એટલે કે "પગલું"; કારણ કે મનુષ્યના પ્રયત્નો અને અમલ તેની પ્રગતિનું કારણ قَدَمْ (કદમ) "પગલું" હોય છે તેને રૂપક સ્વરૂપે "કદમ" કહેવામાં આવે છે, આ શબ્દ "કદમ"ના વિશેષણ સ્વરૂપે صِدْقٍ (સિદ્દક) લાવીને બતાવવામાં આવ્યું કે આ ઉચ્ચ કક્ષા જે તેમને મળવાની છે તે સાચું છે અને ચોક્કસ પણ છે તથા આ કક્ષા બાકી રહેનારી છે અને ક્યારેય નષ્ટ થવાની નથી, તે દુનિયાના હોદ્દાઓ જેવી નથી કે કોઈ અમલના પરિણામે પ્રથમ તો તે કક્ષા મળવી જ ચોક્કસ હોતું નથી અને મળી પણ જાય તો તેનું ટકી

રહેવું ચોક્કસ હોતું નથી, બલકે તેનું ફના થવું અને નષ્ટ થવું નિશ્ચિત છે, ક્યારેક તો જિંદગીમાં જ તે નષ્ટ થઈ જાય છે અને મોતના સમયે દુનિયાના દરેક હોદાઓ, પદો, માલ-દોલત, નેઅ્મત વગેરે બધાથી જ મનુષ્ય ખાલી હાથે હોય છે, મતલબ કે શબ્દ "સિદ્ક"નો અર્થ આ સ્થળે વિશ્વાસપૂર્વક હોવું અથવા ચોક્કસ યકીની હોવું અથવા સંપૂર્ણ તથા કદી નષ્ટ ન થનાર હોવું સમજવામાં આવે છે, એટલા માટે આ વાક્યનો અર્થ એ થયો કે "ઈમાનવાળાઓને એ ખુશખબરી સંભળાવી આપો કે તેમના માટે તેમના પરવરદિગાર પાસે જે મોટો દરજ્જો છે તે તેમને ચોક્કસ મળશે અને તે કદી નષ્ટ ન થનાર દોલત હશે."

અમુક વિવરણકાર લોકોએ ફરમાવ્યું કે આ સ્થળે શબ્દ "સિદ્ક" લાવવામાં એ તરફ પણ ઈશારો છે કે જન્નતના આ મહાન દરજ્જાઓ ફક્ત સચ્ચાઈ, સિદ્ક અને ઈખ્લાસ (નિખાલસતા) દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે, ફક્ત મૌખિક ઉદ્‌ગારો અને માત્ર મુખેથી ઈમાનનો કલિમો પઢી લેવો પૂરતું નથી જ્યાં સુધી કે દિલ અને જીભ બંનેથી સચ્ચાઈ સાથે ઈમાન અપનાવી લેવામાં ન આવે જેનું ચોક્કસ પરિણામ નેક અમલોની પાબંદી અને બુરા અમલોથી બચવું છે.

ત્રીજી આયતમાં તવહીદ (માત્ર એક જ અલ્લાહ ઈબાદતપાત્ર હોવાની માન્યતા)ને ઈન્કાર ન કરી શકાય તેવી વાસ્તવિકતા દ્વારા સાબિત કરવામાં આવી છે કે આસમાન અને પૃથ્વીને પેદા કરવામાં અને પછી સમગ્ર વિશ્વના કાર્યોને સંપૂર્ણ તદ્‌બીર સાથે (આયોજનબદ્ધ) વ્યવસ્થિત ચલાવવામાં જ્યારે અલ્લાહ તઆલાનો કોઈ ભાગીદાર કે જોડીદાર નથી તો પછી ઈબાદત અને આજ્ઞાપાલનમાં કોઈ બીજો કેવી રીતે ભાગીદાર થઈ શકે છે ! બલકે કોઈ અન્યને તેમાં ભાગીદાર કરવો ઘણો જ મોટો અન્યાય અને જઘન્ય અત્યાચાર છે.

આ આયતમાં ઈરશાદ ફરમાવ્યો છે કે અલ્લાહ તઆલાએ આસમાનો અને જમીનને છ દિવસમાં પેદા કર્યા છે પરંતુ આપણી વ્યાખ્યા પ્રમાણે દિવસને તે સમયગાળો કહેવામાં આવે છે જે સૂર્ય ઊગવાથી લઈ આથમવા સુધીનો હોય છે અને એ દેખીતું છે કે આસમાન, જમીન અને તારાઓ પેદા થતાં પહેલાં સૂર્યનું તો અસ્તિત્વ જ ન હતું તેથી સૂર્ય ઊગવા અને આથમવાનો હિસાબ કેવી રીતે થઈ શકે છે ? એટલા માટે અત્રે એ પ્રમાણ આજના સમયનું તે પ્રમાણ છે જે સૂર્ય ઊગવાથી લઈ આથમવા સુધી આ દુનિયામાં થવાનું હતું.

છ દિવસના ખૂબ ટૂંકા સમયગાળામાં આટલા મોટા વિશ્વને કે જે આસમાનો, પૃથ્વી તથા ગ્રહો અને સમગ્ર સૃષ્ટિ ઉપર આધારિત છે; બનાવીને તૈયાર કરવું તે જ મહાન જાતે અકદસનું કાર્ય છે જે સર્વશક્તિમાન છે, તેની ઉત્પત્તિ માટે તેને ન તો પ્રથમથી કોઈ ભૌતિક સાધન-સામગ્રીની આવશ્યકતા હોવી જરૂરી છે અને ન જ બનાવવા માટે કોઈ કામદારોની અથવા સેવકોની જરૂરત છે બલકે, તેની સંપૂર્ણ શક્તિની એવી શાન અને ખુમારી છે કે જ્યારે તે કોઈ વસ્તુને પેદા કરવા ઇચ્છે છે તો કોઈ ભૌતિક સામાન કે કોઈની સહાયતા વગર જ તાત્કાલિક પેદા કરી દે છે. આ છ દિવસની મહોલત પણ એક ખાસ હિકમત અને મસ્લિહતની રૂએ અપનાવવામાં આવી છે નહિતર તેની શક્તિમાં એ પણ હતું કે સમગ્ર આસમાન અને જમીનને અથવા તેની સમગ્ર સૃષ્ટિને એક પળમાં પેદા કરી આપે.

ત્યારબાદ ફરમાવ્યું, ثُمَّ اسْتَوٰى عَلَى الْعَرْشِ એટલે "પછી અર્શ ઉપર કાયમ (સ્થાપિત) થયો." એટલી વાત કુર્આન અને હદીષથી સાબિત છે કે "અર્શે રહમાન" કોઈ એવી મખ્લૂક છે જે સમગ્ર આસમાનો અને જમીનો તથા વિશ્વની સઘળી સૃષ્ટિ ઉપર છવાયેલી છે, સમગ્ર વિશ્વ તેનામાં સમાયેલું હોય છે, તેનાથી વધારે તેની હકીકત જાણવી મનુષ્યની શક્તિની વાત નથી, જે વ્યક્તિ પોતાના વિજ્ઞાનની અકલ્પ્ય પ્રગતિના યુગમાં પણ ફક્ત નજીકના ગ્રહો સુધી પહોંચવાની તૈયારીમાં છે અને તે પણ હજુ સુધી શક્ય બન્યું નથી અને તેમનું સ્વીકારવું છે કે દૂરના ગ્રહો આપણાથી એટલા દૂર છે કે સંદેશાવ્યવહારના સાધનો પણ તેની જાણકારીનું અનુમાન કે ફક્ત અંદાજાથી વધારે કોઈ વાસ્તવિકતા જાણી શકતા નથી અને ઘણા બધા તારાઓ એવા પણ છે કે જેના કિરણો હજુ સુધી પૃથ્વી ઉપર પહોંચ્યા નથી, જ્યારે કે પ્રકાશની ગતિ એક સેકંડમાં લાખો માઈલની બતાવવામાં આવે છે, જ્યારે ગ્રહો અને તારાઓ સુધી મનુષ્યની પહોંચની આ પરિસ્થિતિ છે તો આસમાન કે જે આ બધા તારાઓ અને ગ્રહોથી ઉપર છે તેનો હાલ આ ગરીબડો માનવ શું જાણી શકે ! અને પછી જે સાતે આસમાનોથી પણ ઉપર અને બધા ઉપર હાવી અને છવાયેલું "અર્શે રહમાન" છે તેની વાસ્તવિકતા સુધી પહોંચવું મનુષ્યની કલ્પના બહારની વાત છે.

પ્રસ્તુત આયતથી એટલી જાણ થઈ કે અલ્લાહ તઆલાએ છ દિવસમાં

આસમાન, જમીન અને સમગ્ર સૃષ્ટિની રચના કરી અને ત્યારબાદ અર્શ ઉપર બિરાજમાન થયો.

એ ચોક્કસ અને દેખીતી બાબત છે કે અલ્લાહ તઆલાની સમગ્ર ખાસિયતો અને લક્ષણો (સિફતો) શરીર તથા શારીરિક પ્રક્રિયાઓથી ઉપરવટ છે, ન તો તેનું અસ્તિત્વ કોઈ ખાસ દિશાએ ખાસ બંધારણ આધારિત છે અને ન જ તે કોઈ મકાનમાં એ પ્રમાણે સ્થાયી છે કે જે પ્રમાણે દુનિયાની વસ્તુઓ પોત-પોતાના સ્થળે સ્થાયી હોય છે, પછી અર્શ ઉપર બિરાજમાન થવું કયા પ્રકારે અને કયા સ્વરૂપે હશે ? આ બાબત "મુતશાબિહાત"માંથી છે જેનો તાગ મનુષ્યની બુદ્ધિ અને સમજદારી મેળવી શકતી નથી, એટલા માટે કુર્આને હકીમના તે વિશે ફરમાનો છે કે وَمَا يَعْلَمُ تَأْوِيلَهُ إِلَّا اللَّهُ، وَالرَّاسِخُونَ فِي الْعِلْمِ يَقُولُونَ آمَنَّا بِهِ (૩:૭) એટલે કે તેના સિવાય અલ્લાહ તઆલાને કોઈ જાણતું નથી અને મજબૂત તથા સાચું જ્ઞાન રાખનારા તેના ઉપર ઈમાન લાવવાનો સ્વીકાર કરે છે પરંતુ તેની હકીકત જાણવાની ચિંતામાં પડતા નથી, એટલા માટે આ પ્રકારની બધી જ બાબતોમાં કે જેમાં અલ્લાહ તઆલાનો સંબંધ ખાસ સ્થળ અથવા દિશા સાથે કરવામાં આવે છે જેમાં અલ્લાહ તઆલા માટે અવયવો, يَدٌ، وَجْهٌ، سَاقٌ વગેરેના શબ્દો કુર્આનમાં આવ્યા છે (હાથ, ચહેરો વગેરે); તેના વિશે જમહૂર ઉલમાએ ઉમ્મતનો અકીદહ એ છે કે "એ બાબત ઉપર ઈમાન લાવવામાં આવે કે તે પોતાના સ્થળે સત્ય છે અને તેમાં અલ્લાહ તઆલાનો કહેવાનો જે અર્થ અને ભાવાર્થ છે, તે સાચો છે અને તેની વાસ્તવિકતા તથા સ્વરૂપને જાણવાની ચિંતા અને ફિકર તે પોતાની બુદ્ધિથી ઉપરવટ હોવાના કારણે છોડી દેવી જોઈએ."

نہ ہر جائے مرکب تواں تاختن   کہ جاہا سپر باید انداختن

જે પાછળના યુગના ઉલમાઓએ આ વસ્તુઓના કોઈ અર્થ વર્ણન કર્યા છે તેમના સમીપ પણ તે ફક્ત એક સંભાવનાના દરજ્જામાં જ છે કે કદાચ આ અર્થ હોઈ શકે, એ અર્થ કે ભાવાર્થને પણ તેઓ ચોક્કસ નથી જાણતા અને નરી સંભાવના જ ગણે છે અને દેખીતું છે કે એના વિશે કોઈ હકીકતની ખાતરી કરી શકાતી નથી, તેમાં સ્પષ્ટ અને સીધો ખુલ્લો મત સલફે સાલિહીન અને સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)નો જ છે જેમણે આ વસ્તુઓની હકીકતને ઈલ્મે

ઈલાહીને સોંપીને તેના ઉપર કનાઅત કરી (પૂરતું સમજ્યું), ત્યારબાદ ફરમાવ્યું, يُدَبِّرُ الْاَمْرَ એટલે કે, "અર્શ ઉપર સ્થાપિત થઈને તે તમામ દુનિયાઓની વ્યવસ્થા પોતાની શક્તિ અને સામર્થ્ય દ્વારા કરી રહ્યો છે."

مَا مِنْ شَفِيْعٍ اِلَّا مِنْ بَعْدِ اِذْنِهٖ એટલે કે, કોઈ નબી અને રસૂલને પણ તેની બારગાહમાં સિફારસ કરવાની આપમેળે કોઈ મજાલ નથી જ્યાં સુધી કે અલ્લાહ તઆલા જ તેમને સિફારસ કરવાની પરવાનગી ન આપે ત્યાં સુધી તેઓ પણ સિફારસ કરી શકતા નથી.

ચોથી આયતમાં આખિરતના અકીદહનું વર્ણન છે. اِلَيْهِ مَرْجِعُكُمْ جَمِيْعًا એટલે કે, "તમારે સૌને તેના જ તરફ પાછા વળવાનું છે." وَعْدَ اللّٰهِ حَقًّا "આ અલ્લાહનો સત્ય અને હક વાયદો છે." اِنَّهٗ يَبْدَؤُا الْخَلْقَ ثُمَّ يُعِيْدُهٗ "તે બધી જ મખ્લૂકનો પ્રથમ પેદા કરનારો પણ છે અને તે જ તેમને કયામતમાં ફરીવાર સજીવન કરશે." આ વાક્યોમાં બતાવવામાં આવ્યું કે એમાં કોઈ આશ્ચર્ય કરવાની બાબત જ નથી કે આ સમગ્ર કાઈનાત (સૃષ્ટી) નષ્ટ થઈ ગયા પછી તે ફરી કઈ રીતે સજીવન થશે ? કારણ કે તે જે સૌથી મહાન હસ્તીના કબ્જા અને કાબૂમાં છે તેણે પ્રથમ કોઈપણ પ્રકારના ભૌતિક તત્ત્વ વિના જ અને કોઈપણ પ્રકારના ભૌતિક સર-સામાનના અસ્તિત્વ સિવાય બધું જ પેદા કરી દીધું, હવે તેના માટે શું મુશ્કેલ છે કે તે અસ્તિત્વ ધરાવતી મખ્લૂકને ફના થયા પછી પુનઃ જીવીત કરી આપે ?!

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૫-૬)

هُوَ الَّذِيْ جَعَلَ الشَّمْسَ ضِيَآءً وَّالْقَمَرَ نُوْرًا وَّ قَدَّرَهٗ مَنَازِلَ لِتَعْلَمُوْا عَدَدَ السِّنِيْنَ
وَالْحِسَابَ ؕ مَا خَلَقَ اللّٰهُ ذٰلِكَ اِلَّا بِالْحَقِّ ۚ يُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ۝٥ اِنَّ فِيْ
اخْتِلَافِ الَّيْلِ وَالنَّهَارِ وَمَا خَلَقَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَّقُوْنَ ۝٦

તરજુમો :

તે જ છે જેણે સૂરજને ઝળહળતો (ઝિયાઅ્-સ્વયં પ્રકાશિત) અને ચાંદને

ચળકતો (નૂર-પરપ્રકાશિત) બનાવ્યો અને તેના માટે મંઝિલો (કક્ષાઓ) નક્કી કરી જેથી વર્ષોની ગણતરી અને હિસાબ જાણો, અલ્લાહે આ બધું કંઈ અમસ્તુ જ નથી બનાવ્યું પરંતુ (સુવ્યવસ્થિત) તદ્બીરથી (આયોજનબદ્ધ); નિશાનીઓ જાહેર કરે છે તે લોકો માટે જેમને સમજ છે. (૫) અલબત્ત, રાત અને દિવસના (વારાફરતી) પરિવર્તિત થવામાં અને જે કંઈ અલ્લાહે આસમાનો અને જમીનમાં પેદા કર્યું છે નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ડરે છે. (૬)

તફસીર :

તે અલ્લાહ એવો છે જેણે સૂર્યને ઝળહળતો બનાવ્યો અને ચંદ્રને નૂરાની બનાવ્યો અને તેની (ભ્રમણ માટેની) મંઝિલો (કક્ષાઓ) નક્કી કરી (કે દરરોજ એક મંઝિલ કાપે છે) જેથી (આ અવકાશી પદાર્થો દ્વારા) તમે વર્ષોની ગણતરી અને હિસાબ જાણી લો, અલ્લાહ તઆલાએ આ વસ્તુઓને લાભરહિત બનાવી નથી, તે આ દલીલો તે લોકો માટે સાફ-સાફ બતાવી રહ્યો છે જેઓ બુદ્ધિશાળી છે, નિઃશંક! રાત અને દિવસના એક પછી એક આવવામાં અને જે કંઈ અલ્લાહે આસમાનો અને પૃથ્વીમાં પેદા કર્યું છે તે બધામાં તે લોકો માટે (તવહીદની) દલીલો છે જેઓ (અલ્લાહનો) ડર રાખે છે.

મસ્અલા અને બોધપાઠ :

આ ત્રણ આયતોમાં સમગ્ર વિશ્વની સૃષ્ટિની ઘણી બધી નિશાનીઓ પ્રસ્તુત છે જે અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ કુદરત અને તેની ઉચ્ચ કક્ષાની હિકમતની સાક્ષી અને તેની દલીલો છે કે રબ્બુલ ઈજ્જત તેના ઉપર સંપૂર્ણ રીતે કાબૂ ધરાવે છે, તે એવી શક્તિ ધરાવે છે કે આ વિશ્વનો નાશ કરે અને તેને કણ-કણમાં પરિવર્તિત કર્યા પછી તે ફરીવાર આ વિખરાયેલા અણુઓ ભેગા કરી નવેસરથી તે સૌને સજીવન કરી આપે અને હિસાબ-કિતાબ કર્યા પછી સારો બદલો અને સજાનો કાનૂન લાગુ પાડે કે બુદ્ધિ અને હિકમતનો આ જ તકાદો છે, એ જ પ્રમાણે આ ત્રણે આયતોનો તે સમગ્ર વિગત સ્વરૂપે ઉલ્લેખ થયો છે કે જેનું પાછળની ત્રણ આયતોમાં આસમાન અને પૃથ્વીને છ દિવસમાં પેદા કરવાના, પછી અર્શ ઉપર બિરાજમાન થવાના વર્ણન પછી يُدَبِّرُ الْأَمْرَ ના શબ્દોમાં વર્ણન

થયું હતું કે તેણે સમગ્ર વિશ્વને ફક્ત પેદા કરીને જ છોડી નથી દીધું, બલકે દરેક સમયે હરપળે દરેક વસ્તુનું વ્યવસ્થાપન તંત્ર પણ તેના જ હાથમાં છે.

આ જ વ્યવસ્થા અને વ્યવસ્થાપનતંત્રનો એક વિભાગ આ છે, هُوَالَّذِىْ جَعَلَ الشَّمْسَ ضِيَآءً وَّالْقَمَرَنُوْرًا આ આયતમાં ضِيَاءُ (ઝિયાઅ્) અને نُوْرُ (નૂર) બંનેનો અર્થ "ચળકાટ" અને "પ્રકાશ"નો થાય છે, તેમાં ઘણા બધા શબ્દકોષના ઈમામોએ આ બંને શબ્દોને સમાનાર્થી ગણ્યા છે, અલ્લામહ ઝમખશરી અને તયૂબી વગેરેએ ફરમાવ્યું કે જો કે પ્રકાશનો અર્થ આ બંને શબ્દોમાં સામ્યતા ધરાવે છે પરંતુ શબ્દ "નૂર" સામાન્ય છે; દરેક મજબૂત, કમજોર, હલકી કે તેજ રોશનીને "નૂર" કહેવામાં આવે છે તથા ضَــوْءٌ وَضِيَــــاءُ "ઝવ્ઉન" અથવા "ઝિયાઅ્" મજબૂત તથા તેજસ્વી પ્રકાશને કહેવામાં આવે છે. મનુષ્યને બંને પ્રકારના પ્રકાશની આવશ્યકતા હોય છે, સામાન્ય વ્યવહાર માટે દિવસની તેજસ્વી રોશનીની આવશ્યકતા છે અને રાત્રિના મા'મૂલી કાર્યો માટે હલકો મંદ પ્રકાશ પસંદ કરવામાં આવે છે, જો દિવસે પણ ફક્ત ચંદ્ર જેમ હલકો અને હળવો પ્રકાશ રહે તો કારોબારમાં ખલેલ પડે અને રાત્રે પણ જો સૂર્ય ચમકતો રહે તો ઊંઘ અને રાત્રિના કાર્યોમાં ખલેલ પડે, એટલા માટે અલ્લાહે બંને પ્રકારની રોશનીની વ્યવસ્થા એ પ્રમાણે કરી કે સૂર્યના પ્રકાશને "ઝૂઅ્" અથવા "ઝિયાઅ્"નો દરજ્જો આપ્યો અને દૈનિક કાર્યો માટે તેને જાહેર કર્યો તથા ચંદ્રના હલકા અને ફિક્કા પ્રકાશને રાત્રિના સમયે ફેલાવ્યો.

કુર્આને કરીમે સૂર્ય અને ચંદ્રના પ્રકાશમાં તફાવત હોવાનું અનેક સ્થળે વિવિધ વિષયો હેઠળ વર્ણન કર્યું છે, સૂરએ નૂહમાં ફરમાવ્યું, وَجَعَلَ الْقَمَرَ فِيهِنَّ نُوْرًا وَّجَعَلَ الشَّمْسَ سِرَاجًا (૭૧:૧૬) સૂરએ ફુરકાનમાં ઈરશાદ ફરમાવ્યું છે, وَجَعَلَ فِيهَا سِرَاجًا وَّقَمَرًا مُّنِيْرًا (૨૫:૬૧) તેમાં سِرَاجُ (સિરાજ)નો અર્થ "દીવા"નો થાય છે અને "દીવા"નું અજવાળુ સ્વયં પ્રકાશિત હોય છે એટલે કે તેનું ઉદ્દભવ સ્થાન પોતાનું આગવું હોય છે કોઈ અન્ય વસ્તુથી તેણે પ્રાપ્ત કરેલું હોતું નથી, એટલા માટે અમુક લોકોએ એવું કહ્યું છે કે, "ઝિયાઅ્" કોઈ વસ્તુની પોતાની આગવી (સ્વયં પ્રકાશિત) રોશનીને કહેવામાં આવે છે અને نُوْرُ (નૂર) જે અન્યના પ્રકાશમાંથી પ્રકાશ પ્રાપ્ત કરેલ પરપ્રકાશિત હોય છે, પરંતુ દેખીતું છે કે યુનાની (ગ્રીક) ફિલોસોફરોથી પ્રભાવિત થઈને આ બાબત કહેવામાં આવી છે

નહિતર શબ્દકોષમાં આવું જોવા મળતું નથી અને કુર્આને કરીમે પણ તેના વિશે કોઈ કતઈ (અંતિમ) ફેંસલો આપ્યો નથી.

ઝજ્જાજે "ઝિયાઅ્" શબ્દને "ઝૂઅ્" શબ્દનું બહુવચન ઠરાવ્યું છે, એ બીનાએ કદાચ એ તરફ ઈશારો હોય કે પ્રકાશના સાત પ્રખ્યાત રંગો અને પ્રકારો જે દુનિયામાં જોવા મળે છે સૂર્ય એ બધા જ પ્રકારોનું મિશ્રણ છે જે ક્યારેક વરસાદ પછી મેઘધનુષ્યમાં જાહેર થાય છે. *(અલ મનાર)*

સૂર્ય અને ચંદ્રના વ્યવસ્થાતંત્રમાં અલ્લાહની નિશાનીઓનું એક ખુલ્લું અવલોકન છે. وَقَدَّرَهُ مَنَازِلَ لِتَعْلَمُوا عَدَدَ السِّنِينَ وَالْحِسَابَ તેમાં قَدَّرَ (કદ્દર) શબ્દ "તકદીર"થી બન્યો છે, "તકદીર"નો અર્થ થાય છે કે "કોઈ વસ્તુને સમય, સ્થળ અથવા લક્ષણોના આધારે એક ખાસ નક્કી પ્રમાણિત કક્ષામાં રાખવામાં આવે." રાત અને દિવસના સમયોને એક ખાસ પ્રમાણમાં રાખવા માટે કુર્આને કરીમે ફરમાવ્યું, وَاللّٰهُ يُقَدِّرُ الَّيْلَ وَالنَّهَارَ (૭૩:૨૦) સ્થળના અંતર અને માપને એક ખાસ પ્રમાણ ઉપર રાખવા માટે બીજી જગ્યાએ સિરીયા અને સબા વચ્ચે નિવાસ કરતી વસ્તીઓ વિશે ફરમાવ્યું, وَقَدَّرْنَا فِيهَا السَّيْرَ (૩૪:૧૮) અને સામાન્ય માપ માટે ફરમાવ્યું, وَخَلَقَ كُلَّ شَيْءٍ فَقَدَّرَهُ تَقْدِيرًا (૨૫:૨)

શબ્દ مَنَازِل (મનાઝિલ) એ مَنْزِل (મંઝિલ)નું બહુવચન છે જેનો મૂળ અર્થ "ઊતારાનું સ્થળ" થાય છે. અલ્લાહ તઆલાએ સૂર્ય અને ચંદ્ર બંનેની ગતિ માટે ખાસ હદો અને સીમાઓ નક્કી કરી છે જે દરેકને મંઝિલ (ભ્રમણ કક્ષા) કહેવામાં આવે છે, ચંદ્ર કારણ કે પોતાની ગતિ દરેક મહિનામાં પૂર્ણ કરી લે છે એટલા માટે તેની મંઝિલો ૩૦ અથવા ૨૯ હોય છે પરંતુ દરેક મહિનામાં ચંદ્ર ઓછામાં ઓછો એક દિવસ અદશ્ય રહે છે, એટલા માટે ચંદ્રની મંઝિલો ૨૮ કહેવામાં આવે છે અને સૂર્યનું પરિક્રમણ એક વર્ષમાં પૂરું થાય છે, એટલા માટે તેની ૩૬૦ અથવા ૩૬૫ મંઝિલો હોય છે, પ્રાચીન અલ્પજ્ઞાની અરબોમાં પણ અને ખગોળશાસ્ત્રીઓ તથા અવકાશશાસ્ત્રીઓના મતે પણ આ મંઝિલોના ખાસ-ખાસ નામો તે તારાઓના આધારે રાખવામાં આવ્યા છે જે આ મંઝિલોના વર્તુળમાં હોય છે, જો કે કુર્આને કરીમ આ પારિભાષિત નામોથી ઉપરવટ છે, અત્રે આ શબ્દના ઉલ્લેખનો અર્થ માત્ર અંતર બતાવવાનો છે જેને સૂર્ય અને ચંદ્ર ખાસ-ખાસ દિવસોમાં પૂર્ણ કરે છે.

પ્રસ્તુત આયતમાં قَدَّرَهٗ مَنَازِلَ સર્વનામ સાથે એકવચન સ્વરૂપે વર્ણન થયું છે જ્યારે કે સૂર્ય અને ચંદ્ર બંનેની એકથી વધુ મંઝિલો આવેલી છે એટલા માટે અમુક વિવરણકારોએ ફરમાવ્યું છે કે જો કે અત્રે એકવચનનો ઉપયોગ થયો છે, પરંતુ તેનો અર્થ દરેક એકવચનના આધારે બંનેનો છે જેના કુર્આન અને અરબીના રૂઢિપ્રયોગોમાં ઘણા દાખલાઓ જોવા મળે છે.

અમુક લોકોએ ફરમાવ્યું કે જો કે ભ્રમણ કક્ષાઓ (મંઝિલો) અલ્લાહ તઆલાએ સૂર્ય અને ચંદ્ર બંને માટે જ સ્થાપિત કરી દીધી છે પરંતુ આ સ્થળે વર્ણન ફક્ત ચંદ્રની મંઝિલોનો કરવાનો હેતુ છે, એટલા માટે قَدَّرَهٗ (કદ્દરહુ)નું સર્વનામ ચંદ્ર તરફ છે, આ વિશેષતાનું કારણ એ છે કે સૂર્યની કક્ષાઓ તો વેધશાળાના યંત્રો અને હિસાબો વગેરે વિના જાણી શકાતી નથી, તેનું ઊગવું અને આથમવું એક જ સ્વરૂપે વર્ષના બધા જ દિવસોમાં થતું રહે છે, સાબિતી એ છે કે આંખે જોવાથી કોઈને જાણ નથી થઈ શકતી કે સૂર્ય આજે પોતાની કઈ કક્ષામાં છે, એનાથી વિપરીત ચંદ્ર કે તેની પરિસ્થિતિ દરરોજ વિવિધ સ્વરૂપે હોય છે, મહિનાના અંતે તે બિલકુલ દેખાતો નથી, એ જ પ્રમાણે પરિવર્તનની સાબિતીઓ વડે હિસાબથી અજાણ લોકોને પણ તારીખોની જાણ થઈ શકે છે, દાખલા તરીકે આજે માર્ચની ૮ તારીખ છે, કોઈ વ્યક્તિ સૂર્ય જોઈને એ જાણી નથી શકતો કે આજે ૮ મી માર્ચ છે કે ૨૧મી, એનાથી વિપરીત ચંદ્રને જોઈને કોઈને પણ તારીખની જાણ થઈ શકે છે.

પ્રસ્તુત આયતમાં કારણ કે એ બતાવવાનો હેતુ છે કે અલ્લાહ તઆલાએ આ મહાન નિશાનીઓને ઈન્સાનના લાભ માટે નક્કી કરી છે કે તેના દ્વારા તે વર્ષ અને મહિનાઓ તથા તેની તારીખોનો હિસાબ જાણી શકે અને આ હિસાબ પણ જો કે સૂર્ય અને ચંદ્ર બંને દ્વારા જાણી શકાય છે તથા દુનિયામાં બંને પ્રકારના વર્ષ અને મહિનાઓ સૂર્ય આધારિત તથા ચંદ્ર આધારિત પ્રાચીન સમયથી પ્રખ્યાત પણ છે અને કુર્આને કરીમે પણ "સૂરએ ઈસ્રા"ની આયત નંબર ૧૨માં ફરમાવ્યું وَجَعَلْنَا الَّيْلَ وَالنَّهَارَ اٰيَتَيْنِ فَمَحَوْنَآ اٰيَةَ الَّيْلِ وَجَعَلْنَآ اٰيَةَ النَّهَارِ مُبْصِرَةً لِّتَبْتَغُوْا فَضْلًا مِّنْ رَّبِّكُمْ وَلِتَعْلَمُوْا عَدَدَ السِّنِيْنَ وَالْحِسَابَ (૧૭:૨) તેમાં اٰيَةُ الَّيْلِ (આયતુલ્લઈલ)નો ભાવાર્થ "ચંદ્ર" અને اٰيَةُ النَّهَارِ (આયતુન્નહાર)નો ભાવાર્થ "સૂર્ય" છે અને બંનેનું વર્ણન કર્યા પછી ફરમાવ્યું કે તેનાથી તમે વર્ષોની ગણતરી અને મહિનાઓની

તારીખોનો હિસાબ જાણી શકો છો અને સૂરએ રહમાનમાં ફરમાવ્યું اَلشَّمْسُ وَالْقَمَرُ بِحُسْبَانٍ જેમાં એ બતાવવામાં આવ્યું છે કે સૂર્ય અને ચંદ્ર બંને દ્વારા તારીખ, મહિનાઓ અને વર્ષનો હિસાબ જાણી શકાય છે.

પરંતુ ચંદ્ર દ્વારા મહિના અને તારીખનો હિસાબ અવલોકન તથા અનુભવથી જાણી શકાય છે, એથી વિપરીત સૂર્ય કે તેનો હિસાબ અવકાશશાસ્ત્રીઓ કે ખગોળશાસ્ત્રીઓ સિવાય કોઈ બીજો સમજી શકતો નથી, એટલા માટે આ આયતમાં સૂર્ય અને ચંદ્ર બંનેનું વર્ણન કર્યા પછી જ્યારે તેની ભ્રમણ કક્ષાઓ (મંઝિલો) નક્કી કરવાનું વર્ણન કર્યું તો તેને એકવચનના સર્વનામથી قَدَّرَهٗ (કદરહુ) વર્ણન કરીને કક્ષાઓ માત્ર ચંદ્રની વર્ણન કરવામાં આવી.

કારણ કે ઈસ્લામના હુકમોમાં દરેક સ્થળે દરેક મોકા ઉપર એ બાબતની સહૂલત રાખવામાં આવી છે કે શરીઅતના હુકમો પૂર્ણ કરવામાં દરેક વ્યક્તિ માટે સરળતા હોય, ભલે તે કોઈ ભણેલો-ગણેલો વ્યક્તિ હોય અથવા અભણ, શહેરમાં રહેતો હોય કે ગામડિયો, એ જ પ્રમાણે જાહેર ઈસ્લામી હુકમોમાં ચંદ્ર આધારિત કૅલેન્ડર તથા મહિનાઓ અને તારીખો ઉપર આધાર રાખવામાં આવ્યો છે. નમાઝ, રોઝહ, હજ્જ, ઈદ્દત વગેરે ઈસ્લામી ફરજો અને હુકમોમાં ચંદ્રનો હિસાબ ગણતરીમાં લેવામાં આવ્યો છે.

તેનો અર્થ એ નથી કે સૂર્યનો હિસાબ રાખવો અથવા તેનો ઉપયોગ કરવો નાજાઈઝ છે બલકે દરેકને અધિકાર છે કે કોઈ વ્યક્તિ નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, ઈદ્દત વગેરે મા'મલાઓમાં તો ચંદ્ર આધારિત હિસાબો અને કૅલેન્ડરનો શરીઅત પ્રમાણે ઉપયોગ કરે પરંતુ પોતાના વ્યક્તિગત કારોબાર, વેપાર વગેરેમાં સૂર્ય આધારિત કૅલેન્ડરનો ઉપયોગ કરે, શરત એ છે કે સામૂહિક રીતે મુસલમાનોમાં ચંદ્ર આધારિત હિસાબ પ્રચલિત રહે જેથી રમઝાન અને હજ્જ વગેરેના સમયોની જાણકારી રહે, એવું ન થાય કે તેને જાન્યુઆરી, ફેબ્રુઆરી સિવાય કોઈ મહિનાઓની જાણકારી જ ન હોય, ફુકહાએ ચંદ્ર આધારિત હિસાબને બાકી રાખવો મુસલમાનોના માથે ફરજે કિફાયહ ઠરાવ્યું છે.

એમાં પણ કોઈ શંકા નથી કે અંબિયા (અલૈ.)ની સુન્નત તથા રસૂલે કરીમ

ﷺની સુન્નત ઉપરાંત ખુલફાએ રાશિદીન (રદિ.)માં પણ ચંદ્ર આધારિત કૅલેન્ડર અને હિસાબનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમનું અનુસરણ બરકત અને સવાબનું કારણ છે.

મતલબ કે પ્રસ્તુત આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની કુદરત અને સંપૂર્ણ હિકમતનું વર્ણન છે કે, તેણે પ્રકાશના બે મહાન ખજાનાઓ વસ્તુસ્થિતિની યોગ્યતા આધારે પેદા કર્યા અને પછી દરેકની ગતિ માટે એવા પ્રમાણ નક્કી કર્યા કે જેનાથી વર્ષ, મહિનાઓ, તારીખ અને સમયની એક-એક મિનિટનો હિસાબ જાણી શકાય છે અને ક્યારેય તેમની ગતિમાં કોઈ તફાવત કે ફરક પડતો નથી અને ન જ તેઓ ક્યારેય આગળ-પાછળ થાય છે અને ન જ આ અલ્લાહના બનાવેલા મશીનોમાં કોઈ રિપેરીંગ કે છુટ્ટી હોય છે, ન તો તેને ઊંજણની જરૂર પડે છે, ન તો મશીનો ક્યારેય ઘસાય કે તૂટે છે, જે ખુમારીથી અજલ (શરૂઆત)થી ચલાવવામાં આવ્યા છે તે જ ખુમારીથી આજે પણ ચાલી રહ્યા છે.

ત્યારબાદ અંતિમ આયતમાં તેના ઉપર વધારે તાકીદ માટે ફરમાવ્યું, مَا خَلَقَ اللّٰهُ ذٰلِكَ اِلَّا بِالْحَقِّ يُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّعْلَمُوْنَ એટલે કે, “આ બધી વસ્તુઓને અલ્લાહ તઆલાએ લાભરહિત પેદા કરી નથી, બલકે તેમાં મોટી-મોટી હિકમતો અને મનુષ્ય માટે અસંખ્ય લાભો છુપાયેલા છે, તે આ દલીલો (અને નિશાનીઓ)ને તે લોકો માટે ખોલી-ખોલીને વર્ણન કરી રહ્યો છે જેઓ બુદ્ધિ ધરાવે છે.”

એ જ પ્રમાણે બીજી આયતમાં ઇરશાદ ફરમાવ્યો કે, “રાત-દિવસના એક પછી એક (વારાફરતી) આવવામાં અને અલ્લાહે જે કંઈ આસમાનો અને જમીનમાં પેદા કર્યું છે તે બધામાં તે લોકો માટે (તવહીદ અને આખિરતની) દલીલો છે જેઓ અલ્લાહ તઆલાનો ડર રાખે છે.”

તવહીદની દલીલો તો કુદરતના કારખાનાને કોઈપણ પ્રકારની સહાય કે મદદ વિના આગવા સ્વરૂપે ચલાવવામાં પેદા કરી દીધી છે અને તે ખુલ્લી રીતે જોઈ શકાય છે, કારણ કે આ કારખાનું ન તો ક્યારેય તૂટે છે અને ન જ ક્યારેય બદલાય છે.

આ વસ્તુઓ આખિરતની દલીલો એટલા માટે છે કે, જે હકીમ હસ્તીએ

આ બધી વસ્તુઓને મનુષ્યના ફાયદા માટે બનાવી અને વિરાટ વિશ્વ એક સ્થાયી, મજબૂત, સમવાયી વ્યવસ્થાપનતંત્રના આધીન કર્યું તેનાથી એવું શક્ય જ નથી કે આ સૃષ્ટિથી લાભાન્વિત થનાર માનવીને તેણે લાભરહિત અને માત્ર ખાવા-પીવા માટે પેદા કર્યો હોય, તેના માથે અમુક જવાબદારી અને ફરજ ન મૂકવામાં આવી હોય અને જ્યારે એવું આવશ્યક થયું કે આ માનવી ઉપર પણ અમુક જવાબદારીઓ અને મર્યાદાઓ હોવી જરૂરી છે તો એ પણ જરૂરી છે કે આ જવાબદારીઓને પૂરી કરનારાઓ અને ન કરનારાઓનો ક્યારેક અને ક્યાંક તો હિસાબ થાય, કરનારાઓને તેનો સારો બદલો મળે અને જવાબદારી પૂરી ન કરનારને સજા મળે, એ પણ જરૂરી છે કે આ દુનિયામાં સારો બદલો કે સજાની એ પ્રથા નથી, અહીંયાં તો ગુનેહગાર અને અપરાધી પણ અમુક સમયે મુત્તકી અને પરહેઝગાર કરતા પણ વધારે સારી રીતે જીવન વ્યતિત કરે છે, એટલા માટે જરૂરી છે કે આ હિસાબ અને સારા-નરસા બદલાનો કોઈ દિવસ નક્કી હોય અને તેનું જ નામ "કયામત" અને "આખિરત" છે.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૭-૮-૯-૧૦)

إِنَّ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا وَرَضُوا بِالْحَيَاةِ الدُّنْيَا وَاطْمَأَنُّوا بِهَا وَالَّذِينَ
هُمْ عَنْ آيَاتِنَا غَافِلُونَ ۝٧ أُولَٰئِكَ مَأْوَاهُمُ النَّارُ بِمَا كَانُوا يَكْسِبُونَ ۝٨ إِنَّ الَّذِينَ
آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ يَهْدِيهِمْ رَبُّهُمْ بِإِيمَانِهِمْ ۖ تَجْرِي مِنْ تَحْتِهِمُ
الْأَنْهَارُ فِي جَنَّاتِ النَّعِيمِ ۝٩ دَعْوَاهُمْ فِيهَا سُبْحَانَكَ اللَّهُمَّ وَتَحِيَّتُهُمْ فِيهَا
سَلَامٌ ۚ وَآخِرُ دَعْوَاهُمْ أَنِ الْحَمْدُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ۝١٠

તરજુમો :

અલબત્ત, જે લોકો અમને મળવાની આશા નથી રાખતા અને દુનિયાની જિંદગી ઉપર ખુશ થયા અને તેના ઉપર જ સંતોષિત થઈ ગયા અને જે લોકો અમારી નિશાનીઓથી ગાફેલ છે (૭) તેવાઓનું ઠેકાણું આગ છે તેનો બદલો કે જે (તેઓ) કમાતા હતા. (૮) અલબત્ત, જે લોકો ઈમાન લાવ્યા અને નેક

કામો કર્યા, તેમનો પરવરદિગાર તેમના ઈમાનના કારણે તેમને માર્ગ બતાવશે, (જન્નતના એવા) આરામવાળા બગીચાઓમાં જેની નીચે નહેરો વહેતી હશે. (૯) તેમાં તેમની દુઆ એ (હશે) કે યા અલ્લાહ ! તું પવિત્ર છે (સુબ્હાનકલ્લાહુમ્મ) અને તેમની મુલાકાત(ના સમયની દુઆ) "સલામ" છે અને તેમની દુઆની પૂર્ણતા એ (શબ્દો)ના ઉપર છે કે "સઘળા વખાણ અલ્લાહના માટે છે જે સમગ્ર દુનિયાઓનો પરવરદિગાર છે" (અલ્હમ્દુલિલ્લહી રબ્બિલ આલમીન). (૧૦)

તફસીર :

જે લોકોને અમારી પાસે આવવાનો ખટકો નથી અને તેઓ દુનિયાની જિંદગી ઉપર રાજી થઈ ગયા છે (આખિરતની ઈચ્છા મૂળેથી કરતા જ નથી) અને તેમાં મન લગાવી બેઠા છે (ભવિષ્યની કંઈ જ ખબર નથી) અને જે લોકો અમારી આયતોથી (કે જે રસૂલ ﷺના નબી હોવાની દલીલો કરે છે તેનાથી) બિલકુલ ગાફેલ છે એવા લોકોનું ઠેકાણું તેમના (તે) અમલોના કારણે દોઝખ છે (અને) ચોક્કસ જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સદ્કાર્યો કર્યા તેમનો પરવરદિગાર તેમના ઈમાનના કારણે તેમના મકસદ (એટલે કે જન્નત) સુધી પહોંચાડશે, તે (રહેઠાણો) નીચે નહેરો વહેતી હશે આરામના બગીચાઓમાં; (અને જે સમયે તેઓ જન્નતમાં જશે અને આ અજાયબીઓનું અચાનક નિરીક્ષણ કરશે તો તે સમયે) તેમના મોઢામાંથી આ શબ્દો સરી પડશે કે સુબ્હાનલ્લાહ ! અને (પછી જ્યારે તેઓ એકબીજાને જોશે તો) તેમની પરસ્પર સલામ આ હશે 'અસ્સલામુ અલયકુમ' અને (જ્યારે સંતોષથી ત્યાં જઈ બેસશે અને પોતાની પાછલી મુસીબતો અને તકલીફોની અને હાલની કાયમી મનપસંદ જન્નતની નેઅ્મતોની સરખામણી કરશે તો) તેમની (તે સમયની વાતોમાં) અંતિમ વાત આ હશે 'અલ્હમ્દુલિલ્લાહી રબ્બિલ આલમીન' (જેમકે બીજી આયતમાં છે, اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىٓ اَذْهَبَ عَنَّا الْحَزَنَ).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની સંપૂર્ણ કુદરત અને હિકમતના ખાસ-ખાસ દૃષ્યોને નજરે જોયાની સાબિતીઓ આસમાન, પૃથ્વી, સૂર્ય

અને ચંદ્ર વગેરેની ઉત્પત્તિનું વર્ણન દ્વારા તવહીદના અને આખિરતના અકીદહને એક ઉચ્ચ કક્ષાની શૈલીમાં સાબિત કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ ત્રણ આયતોમાં એ બતાવવામાં આવ્યું છે કે, વિશ્વની સૃષ્ટિની આવી ખુલ્લમ-ખુલ્લી નિશાનીઓ અને સાબિતીઓ હોવા છતાં મનુષ્યના બે વિભાગો પડી ગયા, એક તે જેમણે કુદરતની આ નિશાનીઓ તરફ થોડું પણ ધ્યાન ન આપ્યું અને ન તો પોતાના પેદા કરનાર માલિકને ઓળખ્યો અને ન જ એ બાબત ઉપર વિચાર કર્યો કે અમે દુનિયાના સામાન્ય પ્રાણીઓની જેમ એક પ્રાણી નથી. અલ્લાહ રબ્બુલ ઈજ્જતે અમને બુદ્ધિ, વિચારશક્તિ, સભાનાવસ્થા વગેરે બધા જ પ્રાણીઓ કરતા વધારે આપ્યું છે અને સમગ્ર સૃષ્ટિને અમારી સેવક બનાવી દીધી છે તો અમારા માથે પણ કોઈ કાર્ય મૂક્યું હશે અને તેનો અમારે પણ હિસાબ આપવાનો હશે જેના માટે જરૂરી છે કે કોઈ હિસાબનો દિવસ અને બદલાનો દિવસ નક્કી હોય જેને કુર્આનની પરિભાષામાં કયામત અને સારા-નરસાના બદલાના આખિરત (હશ્ર-નશ્ર)ના દિવસ તરીકે ઓળખવામાં આવે છે, બલકે તેમણે પોતાની જિંદગીને સામાન્ય પ્રાણીઓના સ્તર ઉપર રાખી. પ્રથમ બે આયતોમાં એ લોકોની ખાસ નિશાનીઓ બતાવીને તેમની આખિરતની સજાનું વર્ણન કર્યું છે, ફરમાવ્યું કે "જે લોકોને અમારી પાસે આવવાનો ખટકો નથી અને તેમની હાલત એવી છે કે આખિરતની કાયમી જિંદગી અને તેની રાહત અને તકલીફને ભૂલાવીને ફક્ત દુનિયાની જિંદગી ઉપર રાજી થઈ ગયા."

બીજું એ કે આ દુનિયામાં એવા સંતોષિત થઈને બેઠા છે કે જાણે અહીંયાંથી ક્યાંય જવાનું જ નથી, કાયમી ધોરણે અહીંયાં જ રહેવાનું છે, તેમને ક્યારેય એવું ધ્યાન નથી રહેતું કે આ દુનિયામાંથી દરેક વ્યક્તિએ રુખસદ થવાનું છે તો આવી મહત્ત્વની બાબતમાં કોઈપણ પ્રકારની શંકાને સ્થાન જ નથી હોઈ શકતું અને જ્યારે અહીંયાંથી જવાની વાત નિશ્ચિત છે તો જ્યાં જવાનું છે ત્યાંની કંઈ તૈયારી હોવી જ જોઈએ.

ત્રીજું એ કે એ લોકો અમારી આયતો અને નિશાનીઓથી સતત બેદરકારી અને ગફલતમાં જ રહે છે, જો તેઓ આસમાન અને જમીન તથા તેની વચ્ચેની સામાન્ય આમ મખ્લૂકો (સૃષ્ટિ)માં અને પોતે પોતાની જાતમાં થોડો સરખો પણ

વિચાર કરે તો વાસ્તવિકતાને સમજવી કંઈ જ મુશ્કેલ ન હોત અને તેઓ આ મૂર્ખામીભરી બેદરકારીમાંથી બહાર નીકળી શકતા હતા.

આવા લોકો જેમની આ નિશાનીઓ બતાવવામાં આવી છે તેમની સજા આખિરતમાં એ છે કે તેમનું ઠેકાણું જહન્નમની આગ છે અને આ સજા પોતે તેમના કૃત્યોનું પરિણામ છે.

અફસોસ છે કે કુર્આને કરીમે જે નિશાનીઓ કાફિરો અને મુન્કિરોની બતાવી છે આજે આપણી મુસલમાનોની હાલત તેનાથી કોઈ સારી નથી, આપણી જિંદગી અને આપણા દિવસ–રાતની પ્રવૃત્તિઓ અને વ્યવહારોને જોઈને કોઈ સમજી શકતું નથી કે આપણને આ દુનિયા સિવાય અન્ય બીજી કોઈપણ ફિકર–ચિંતા લાગી છે અને તે છતાં આપણે આપણી જાતને પાકા અને સાચા મુસલમાન સમજીએ છીએ, જ્યારે કે વાસ્તવિકતા એવી છે કે સાચા અને પાકા મુસલમાન જેઓ આપણા પુરોગામી બુઝુર્ગો હતા, જેમનો ચહેરો જોઈને અલ્લાહ યાદ આવી જતો હતો અને એવી અનુભૂતિ થતી હતી કે આ વ્યક્તિ કોઈ હસ્તીનો ડર અને કોઈના હિસાબની ચિંતા દિલમાં રાખે છે અને બીજા તો બીજા ! રસૂલે કરીમ ﷺ પણ ગુનાહોથી માસૂમ હોવા છતાં તેમની આવી જ હાલત હતી. શમાઈલે તિરમિઝીમાં છે કે રસૂલે કરીમ ﷺ મોટા ભાગે દિલગીર અને ચિંતામગ્ન નજરે પડતા હતા.

ત્રીજી આયતમાં તે ખુશકિસ્મત લોકોનું વર્ણન છે જેમણે અલ્લાહ જલ્લ શા'નુહૂની કુદરતની નિશાનીઓમાં ચિંતન અને મનન કર્યું અને તેને ઓળખીને તેના ઉપર ઈમાન લાવ્યા અને ઈમાનના તકાદાઓ ઉપર અમલ કરીને નેક અમલોના પાબંદ બની ગયા.

કુર્આને કરીમે તે લોકો માટે દુનિયા અને આખિરતમાં જે સારો બદલો અને વળતર નક્કી કર્યું છે તેનું વર્ણન આ રીતે ફરમાવ્યું કે, أُولَـٰئِكَ يَهْدِيهِمْ رَبُّهُمْ بِإِيمَانِهِمْ એટલે કે, તેમનો પરવરદિગાર તેમના ઈમાનના કારણે તેમને ઈચ્છિત મંઝિલ એટલે કે જન્નત બતાવશે જેમાં રાહત અને આરામના બગીચાઓમાં નહેરો વહેતી હશે.

તેમાં શબ્દ "હિદાયત" આવ્યો છે, જેનો પ્રખ્યાત અર્થ "માર્ગ બતાવવો"

અથવા "દેખાડવો" થાય છે અને ક્યારેક "ઇચ્છિત મંઝિલ સુધી પહોંચાડી દેવા"ના અર્થમાં પણ ઉપયોગ થાય છે, આ સ્થળે આ જ ભાવાર્થ છે અને ઇચ્છિત મંઝિલનો ભાવાર્થ જન્નત છે જેની સ્પષ્ટતા પાછળના શબ્દોમાં થઈ છે, જે રીતે પ્રથમ વર્ગના લોકોની સજા તેમના પોતાના કરતૂતોનું પરિણામ હતું એ જ પ્રમાણે આ બીજા વર્ગના લોકો એટલે કે મો'મિનોના બદલા વિશે ફરમાવ્યું કે આ શ્રેષ્ઠ બદલો તેમને તેમના ઈમાનના કારણે મળ્યો છે અને કારણ કે ઉપર ઈમાનની સાથે અમલે સાલિહ (સદ્‌કૃત્યો)નું વર્ણન પણ આવી ચૂક્યું છે, એટલા માટે આ સ્થળે ઈમાનથી તે જ ઈમાનનો ભાવાર્થ છે જેની સાથે "અમલે સાલિહ" પણ હોય, ઈમાન અને અમલે સાલિહનો બદલો અકલ્પનીય અજોડ રાહતો અને નેઅ્મતોનું સ્થળ જન્નત છે.

ચોથી આયતમાં જન્નતમાં પહોંચ્યા પછી જન્નતના નિવાસીઓની અમુક ખાસ પરિસ્થિતિઓનો ઉલ્લેખ થયો છે, પ્રથમ એ કે دَعْوٰهُمْ فِيْهَا سُبْحٰنَكَ اللّٰهُمَّ તેમાં શબ્દ دَعْوٰى (દઅ્વા) પોતાના પ્રખ્યાત અર્થમાં નથી જેમકે કોઈ દાવે'દાર પોતાના હરીફના મુકાબલામાં દા'વો કર્યા કરે છે, બલકે આ સ્થળે દઅ્વા "દુઆ"ના અર્થમાં છે, અર્થ એ છે કે જન્નતના નિવાસીઓની દુઆ જન્નતમાં પહોંચ્યા પછી એવી હશે કે તેઓ سُبْحَانَكَ اللّٰهُمَّ (સુબ્હાનકલ્લાહુમ્મ) કહેતા રહેશે, એટલે કે અલ્લાહ જલ્લ શા'નુહૂના વખાણ કરતા રહેશે.

અત્રે એવો સવાલ ઉપસ્થિત થાય છે કે, દુઆ તો પ્રચલિત અર્થના આધારે કોઈ વસ્તુની દરખાસ્ત અથવા કોઈ હેતુ પ્રાપ્તિ માટે કરવામાં આવતી હોય છે, سُبْحَانَكَ اللّٰهُمَّ (સુબ્હાનકલ્લાહુમ્મ)માં ન તો કોઈ દરખાસ્ત છે અને ન જ માંગણી, તેને દુઆ કયા સ્વરૂપમાં કહેવામાં આવી છે ?

જવાબ એ છે કે આ વાકયથી એવું બતાવવાનો હેતુ છે કે જન્નતના નિવસીઓને જન્નતમાં દરેક રાહત અને દરેક ઇચ્છિત વસ્તુ પોતાની મનમાની રીતે આપમેળે પ્રાપ્ત થઈ જશે, કોઈ વસ્તુ માંગવાની અથવા દરખાસ્ત કરવાની આવશ્યકતા પણ હશે નહીં, એટલા માટે દરખાસ્ત તથા માંગણીની દુઆની જગ્યાએ તેમના મુખે ફક્ત અલ્લાહના વખાણ (તસ્બીહ) હશે અને તે પણ દુનિયાની જેમ કોઈ ઇબાદતનો ફરજ પૂર્ણ કરવા માટે નહીં હોય બલકે આ વખાણના વાક્યોથી તેઓ આનંદની અનુભૂતિ કરશે અને પોતાની ખુશીથી

"સુબ્હાનકલ્લાહુમ્મ" કહ્યા કરશે, તદુપરાંત એક હદીષે કુદ્સીમાં છે કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, "જે બંદો મારા વખાણમાં હરપળે લાગેલો રહે એટલે સુધી કે તેને પોતાના મતલબની દુઆ માંગવાની પણ ફુરસદ ન રહે તો હું તેને બધા માંગનારાઓ કરતાં શ્રેષ્ઠ વસ્તુ આપીશ, એટલે કે વણમાંગે તેના બધા કાર્યો પૂરા કરી આપીશ." આ સ્વરૂપે પણ શબ્દ "સુબ્હાનકલ્લાહુમ્મ"ને દુઆ કહી શકાય છે.

આ અર્થના આધારે સહીહ બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે રસૂલે કરીમ ﷺને જ્યારે કોઈ તકલીફ અને બેચેની થતી હતી તો આપ ﷺ આ દુઆ પઢ્યા કરતા હતા.

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْعَظِيْمُ الْحَلِيْمُ، لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ رَبُّ الْعَرْشِ الْعَظِيْمُ، لَآ اِلٰـهَ اِلَّا اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ وَرَبُّ الْاَرْضِ وَرَبُّ الْعَرْشِ الْكَرِيْمِ

"અલ્લાહના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, મહાન, ધીરજવાન, અલ્લાહના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, મહાન અર્શનો માલિક, અલ્લાહના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી, આસમાનોનો માલિક અને જમીનનો માલિક અને ઉદાત્ત અર્શનો માલિક !"

ઈમામ તબરી (રહ.)એ ફરમાવ્યું કે, પુરોગામી બુઝૂર્ગો તેને "દુઆએ કર્બ" (તકલીફોમાં માંગવામાં આવતી દુઆ) કહ્યા કરતા હતા તથા મુસીબત અને પરેશાનીના સમયે ઉપરોક્ત શબ્દો પઢીને દુઆ માંગ્યા કરતા હતા. *(તફસીરે કુર્તુબી)*

ઈમામ ઈબ્ને જરીર, ઈમામ ઈબ્ને મુન્ઝિર (રહ.) વગેરેએ એક એવી રિવાયત પણ નકલ કરી છે કે, "જન્નતના નિવસીઓને જ્યારે કોઈ વસ્તુની આવશ્યકતા અને ઈચ્છા હશે તો તેઓ "સુબ્હાનકલ્લાહુમ્મ" કહેશે, એ સાંભળતા જ ફરિશ્તાઓ તેમની ઈચ્છિત વસ્તુ હાજર કરી આપશે, કારણ કે "સુબ્હાનકલ્લાહુમ્મ" જન્નતના નિવાસીઓની એક ખાસ પરિભાષા હશે જેના દ્વારા તેઓ પોતાની ઈચ્છાની જાહેરાત કરશે અને ફરિશ્તાઓ દરેક પ્રકારે તેમની ઈચ્છાપૂર્તિ કરશે. આ આધારે પણ "સુબ્હાનકલ્લાહુમ્મ" વાક્યને દુઆ કહી શકાય છે." *(રૂહુલ મઆની અને કુર્તુબી)*

જન્નતના નિવસીઓની બીજી હાલત એ બતાવી છે કે, تَحِيَّتُهُمْ فِيهَا سَلٰمٌ તેમાં تَحِيَّة (તહિય્યહ) સામાન્ય પ્રચલિત રીતે તે વાક્યને કહેવામાં આવે છે જેના દ્વારા કોઈ આવનાર અથવા મળનાર વ્યક્તિનું સ્વાગત કરવામાં આવે છે, જેમકે "સલામ", "ખુશ આમદીદ" અથવા "અહ્‌લવ્વંસહલવં" વગેરે. આ આયતે બતાવ્યું કે અલ્લાહ જલ્લ શા'નુહૂ તરફથી અથવા ફરિશ્તાઓ તરફથી જન્નતના નિવાસીઓનો "તહિય્યહ"નો શબ્દ سَلَامٌ (સલામ) હશે, એટલે કે એવી ખુશખબરી કે તમે દરેક તકલીફ અને અણગમતી વસ્તુઓથી સુરક્ષિત રહેશો, આ "સલામ" પોતે અલ્લાહ તઆલા તરફથી પણ હોઈ શકે છે, જેમકે સૂરએ યાસીનમાં છે, سَلٰمٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيمٍ (૩૬:૫૮) અને ફરિશ્તાઓ તરફથી પણ હોઈ શકે છે, જેમેક અન્ય સ્થળોએ ઈરશાદ છે, وَالْمَلٰٓئِكَةُ يَدْخُلُوْنَ عَلَيْهِمْ مِّنْ كُلِّ بَابٍ، سَلٰمٌ عَلَيْكُمْ (૧૩:૨૩-૨૪) એટલે કે, ફરિશ્તાઓ જન્નતના નિવાસીઓ પાસે દરેક દરવાજેથી "સલામુન અલયકુમ" કહીને પ્રવેશ કરશે અને આ બંને બાબતોમાં કોઈ વિરોધાભાસ નથી કે કોઈ સમયે સીધે-સીધી અલ્લાહ તઆલાની સલામ પહોંચશે તો કોઈ સમયે ફરિશ્તાઓ તરફથી; "સલામ"નો શબ્દ જો કે દુનિયામાં "દુઆ" છે પરંતુ જન્નતમાં પહોંચીને તો દરેક ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થઈ જશે એટલા માટે આ શબ્દ "દુઆ"ના બદલે "ખુશખબરી" માટેનું વાક્ય હશે.

(રૂહુલ મઆની)

જન્નતના નિવાસીઓની ત્રીજી હાલત એ બતાવી છે કે, اٰخِرُ دَعْوٰهُمْ اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ એટલે કે, જન્નતના નિવાસીઓની છેલ્લી દુઆ 'અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ્આલમીન' હશે.

મતલબ એ છે કે જન્નતના નિવસીઓને જન્નતમાં પહોંચ્યા પછી અલ્લાહ તઆલાની "મઅ્‌રિફત" (પરિચય)માં પ્રગતિ પ્રાપ્ત થશે, જેમકે હઝરત શિહાબુદ્દીન સુહ્‌રવર્દી (રહ.)એ પોતાની એક પુસ્તિકામાં લખ્યું છે કે જન્નતમાં પહોંચીને સામાન્ય જન્નતના નિવાસીઓને જ્ઞાન અને મઅ્‌રિફતનું તે સ્થાન પ્રાપ્ત થઈ જશે જે દુનિયામાં ઉલમાનું છે અને ઉલમાને તે સ્થાન પ્રાપ્ત થશે જે અહીંયાં અંબિયા (અલૈ.)નું છે અને અંબિયા (અલૈ.)ને તે સ્થાન પ્રાપ્ત થઈ જશે જે દુનિયામાં સય્યિદુલ અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺને પ્રાપ્ત છે અને આપ ﷺને ત્યાં અલ્લાહ તઆલાની અત્યંત નિકટતાનું સ્થાન પ્રાપ્ત થશે અને શકય છે કે આ

જ સ્થળનું નામ مَقَامِ مَحْمُوْد (મકામે મહમૂદ) છે જેના માટે અઝાન પછી પઢવામાં આવતી દુઆમાં રસૂલે કરીમ ﷺએ દુઆ કરવાની તાકીદ કરી છે.

ખુલાસો એ છે કે જન્નતના નિવાસીઓની શરૂઆતની દુઆ سُبْحٰنَکَ اللّٰھُمَّ (સુબ્હાનકલ્લાહુમ્મ) અને અંતિમ દુઆ اَلْحَمْدُلِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ હશે, તેમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની સિફતોના બે પ્રકારો તરફ ઈશારો છે, એક "સિફતે જલાલ" જેમાં અલ્લાહ જલ્લ શા'નુહૂ દરેક ખામી અથવા ખરાબીથી પાક અને પવિત્ર હોવાનું વર્ણન છે અને બીજી "સિફતે ઈકરામ" જેમાં તેની શ્રેષ્ઠતા અને બુઝૂર્ગી તથા મોટાઈના ઉચ્ચ દરજ્જાનું વર્ણન છે. કુર્આને કરીમમાં આયત تَبٰرَکَ اسْمُ رَبِّکَ ذِی الْجَلَالِ وَالْاِکْرَامِ (૫૫:૭૮)માં આ બંને પ્રકારો તરફ ઈશારો કરવામાં આવ્યો છે. વિચાર કરવાથી જાણ થશે કે, سُبْحَانِیَّتُ (સુબ્હાનિયત) અલ્લાહ તઆલાની "સિફાતે જલાલ"માંથી છે અને વખાણના હકદાર હોવું "સિફાતે ઈકરામ"માંથી છે તથા સ્વાભાવિક ક્રમ પ્રમાણે "સિફાતે જલાલ" એ "સિફાતે ઈકરામ"થી અગ્ર સ્થાને છે, એટલા માટે જન્નતના નિવાસીઓ શરૂઆતમાં "સિફાતે જલાલ"ને سُبْحَانَکَ اللّٰھُمَّ (સુબ્હાનકલ્લાહુમ્મ)ના શબ્દથી વર્ણન કરશે અને અંતે "સિફતે ઈકરામ"ને اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ (અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન)ના શબ્દથી વર્ણન કરશે, આ જ તેમની રાત-દિવસની પ્રવૃત્તિ હશે.

આ ત્રણે પરિસ્થિતિઓમાં સ્વાભાવિક ક્રમ એવો છે કે, જન્નતના નિવાસીઓ જ્યારે "સુબ્હાનકલ્લાહુમ્મ" કહેશે તો તેમને જવાબમાં તેમના પરવરદિગાર તરફથી "સલામ" પહોંચશે અને તેના પરિણામે તેઓ "અલ્હમ્દુલિલ્લાહી રબ્બિલ આલમીન" કહેશે.

હુકમો અને મસ્અલા :

કુર્તુબીએ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે, ખાવા-પીવાના અને બધા જ કાર્યોમાં જન્નતના નિવાસીઓના એ અમલ પ્રમાણે સુન્નત એવી છે કે "બિસ્મિલ્લાહ"થી શરૂ કરે અને "અલ્હમ્દુલિલ્લાહ" ઉપર પૂર્ણ કરે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાને એ પસંદ છે કે બંદો જ્યારે કોઈ વસ્તુ ખાય -પીએ તો 'બિસ્મિલ્લાહ'થી શરૂ કરે અને ફારેગ થાય તો 'અલ્હમ્દુલિલ્લાહ' કહે.

એ મુસ્તહબ છે કે દુઆ કરનાર અંતે એવું કહ્યા કરે, وَاٰخِرُ دَعْوٰنَا اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ અને કુર્તુબીએ ફરમાવ્યું કે તેની સાથે ઉત્તમ એ છે કે "સૂરએ સાફ્ફાત"ની અંતિમ આયતો પણ પઢે. એટલે કે, (૩૭ : ૧૮૦-૧૮૧-૧૮૨)

سُبْحَانَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ٥ وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ ٥ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ٥

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૧૧ થી ૧૭)

وَلَوْ يُعَجِّلُ اللّٰهُ لِلنَّاسِ الشَّرَّ اسْتِعْجَالَهُمْ بِالْخَيْرِ لَقُضِيَ اِلَيْهِمْ اَجَلُهُمْ ۭ فَنَذَرُ
الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَاۗءَنَا فِيْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ ﴿١١﴾ وَاِذَا مَسَّ الْاِنْسَانَ الضُّرُّ
دَعَانَا لِجَنْۢبِهٖٓ اَوْ قَاعِدًا اَوْ قَاۗىِٕمًا ۚ فَلَمَّا كَشَفْنَا عَنْهُ ضُرَّهٗ مَرَّ كَاَنْ لَّمْ
يَدْعُنَآ اِلٰى ضُرٍّ مَّسَّهٗ ۭ كَذٰلِكَ زُيِّنَ لِلْمُسْرِفِيْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٢﴾ وَلَقَدْ
اَهْلَكْنَا الْقُرُوْنَ مِنْ قَبْلِكُمْ لَمَّا ظَلَمُوْا ۙ وَجَاۗءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنٰتِ
وَمَا كَانُوْا لِيُؤْمِنُوْا ۭ كَذٰلِكَ نَجْزِي الْقَوْمَ الْمُجْرِمِيْنَ ﴿١٣﴾ ثُمَّ جَعَلْنٰكُمْ
خَلٰۗىِٕفَ فِي الْاَرْضِ مِنْۢ بَعْدِهِمْ لِنَنْظُرَ كَيْفَ تَعْمَلُوْنَ ﴿١٤﴾ وَاِذَا تُتْلٰى عَلَيْهِمْ
اٰيَاتُنَا بَيِّنٰتٍ ۙ قَالَ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَاۗءَنَا ائْتِ بِقُرْاٰنٍ غَيْرِ هٰذَآ اَوْ
بَدِّلْهُ ۭ قُلْ مَا يَكُوْنُ لِيْٓ اَنْ اُبَدِّلَهٗ مِنْ تِلْقَاۗئِ نَفْسِيْ ۚ اِنْ اَتَّبِعُ اِلَّا مَا يُوْحٰٓى
اِلَيَّ ۚ اِنِّىْٓ اَخَافُ اِنْ عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٥﴾ قُلْ لَّوْ شَاۗءَ اللّٰهُ
مَا تَلَوْتُهٗ عَلَيْكُمْ وَلَآ اَدْرٰىكُمْ بِهٖ ڮ فَقَدْ لَبِثْتُ فِيْكُمْ عُمُرًا مِّنْ قَبْلِهٖ ۭ اَفَلَا
تَعْقِلُوْنَ ﴿١٦﴾ فَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ۭ اِنَّهٗ لَا يُفْلِحُ
الْمُجْرِمُوْنَ ﴿١٧﴾

તરજુમો :

અને જો અલ્લાહ લોકોને ઉતાવળે બુરાઈ પહોંચાડી દે જેમકે તેઓ ઉતાવળે ભલાઈ માંગે છે તો તેમની ઉંમર સમાપ્ત કરી દેવામાં આવે, બસ અમે તેમને તેમની શરારતમાં બહેકેલા છોડી દઈએ છીએ જેમને અમારી મુલાકાતની ઉમ્મીદ નથી. (૧૧) અને જ્યારે મનુષ્યને તકલીફ પહોંચે (તો) અમને પોકારે પડયો(-પડયો) અથવા બેઠો(-બેઠો) અથવા ઊભો(-ઊભો), પછી જ્યારે અમે તેનાથી તે તકલીફ ખોલી દઈએ (તો) ચાલ્યો જાય જાણે ક્યારેય અમને કોઈ તકલીફ પહોંચવા ઉપર પોકાર્યા જ ન હતા, એ જ રીતે બે'બાક (મર્યાદા ઓળંગવામાં નીડર) લોકોને પસંદ પડયું જે કંઈ (તેઓ) કરી રહ્યા છે. (૧૨) અને અલબત્ત અમે તમારાથી પહેલાં સમૂહોનો નાશ કરી ચૂક્યા છે જ્યારે જાલિમ થઈ ગયા; જ્યારે કે તેમની પાસે તેમના રસૂલો ખુલ્લી નિશાનીઓ લાવ્યા હતા અને (તેઓ) કદાપિ ઈમાન લાવનારા ન હતા, આમ જ અમે ગુનેહગારોની કોમને સજા આપીએ છીએ. (૧૩) ફરી અમે તેમના પછી તમને જમીનમાં નાયબ (ઉત્તરાધિકારી) કર્યા જેથી જોઈ લઈએ તમે શું કરો છો ? (૧૪) અને જ્યારે તેમની સામે અમારી ખુલ્લી આયતો પઢવામાં આવે છે તે લોકો કહે છે જેમને અમારાથી મુલાકાતની ઉમ્મીદ નથી; લઈ આવ આના સિવાયનું કોઈ કુર્આન અથવા એને બદલી નાંખ ! તમે કહી આપો, એ મારું કામ નથી કે તેને મારા તરફથી બદલી નાંખું, હું તેની જ તા'બેદારી કરું છું જે મારા તરફ હુકમ આવ્યો, હું મોટા દિવસના અઝાબથી ડરું છું જો પોતાના પરવરદિગારની નાફરમાની કરું. (૧૫) કહી આપો ! જો અલ્લાહે ઈચ્છયું હોત તો હું તેને તમારી સામે પઢતો ન હોત અને ન તે તમને એની ખબર કરત, કારણ કે હું તમારામાં આનાથી પહેલાં એક ઉંમર રહી ચૂક્યો છું શું પછી તમે વિચારતા નથી ? (૧૬) પછી એનાથી મોટો જાલિમ કોણ જે અલ્લાહ ઉપર બોહતાન બાંધે અથવા તેની આયતોને જૂઠાડે, બેશક ! ગુનેહગારોનું ભલું થતું નથી. (૧૭)

તફસીર :

અને જો અલ્લાહ તઆલા લોકો ઉપર (તેમની ઉતાવળના કારણે) જલદી

જ નુકસાન થોપી દે જે પ્રમાણે તેઓ ફાયદા માટે ઉતાવળ કરે છે (અને તે પ્રમાણે તે ફાયદો જલદી મળી જાય છે, એ જ પ્રમાણે જો નુકસાન પણ ઉતાવળે કરવામાં આવે) તો તેમનો વાયદો (એટલે કે અઝાબ) ક્યારનોય પૂર્ણ થઈ ચૂક્યો હોત (પરંતુ અમારી હિકમત જેનું વર્ણન હવે આવી રહ્યું છે તેનો તકાદો એ પ્રમાણેનો નથી) બસ, (એટલા માટે) અમે તે લોકોને જેમને અમારી પાસે આવવાનો ખટકો નથી તેમને તેમની હાલત ઉપર (અઝાબ વિના અમુક દિવસો) મુક્ત રાખીએ છીએ કે પોતાની બળવાખોરીમાં ભટકતા રહે (અને અઝાબના હકદાર બની જાય અને તે હિકમત એ જ છે) અને જ્યારે માનવીને (એટલે કે તેમનામાંથી અમુકને) કોઈ તકલીફ પહોંચે છે તો અમને યાચના કરવા લાગે છે સૂતા(-સૂતા) પણ, બેઠા(-બેઠા) પણ, ઊભા(-ઊભા) પણ (અને તે સમયે કોઈ મૂર્તિ વગેરે યાદ નથી રહેતી ضَلَّ مَنْ تَدْعُوْنَ اِلَّآ اِيَّاهُ) પછી જ્યારે (તેમની દુઆ અને વિનંતી પછી) અમે તેમની તે તકલીફ હટાવી આપીએ છીએ તો પછી પોતાની મૂળ પરિસ્થિતિ ઉપર આવી જાય છે (અને અમારાથી એવા અજાણ બની જાય છે) કે જાણે જે તકલીફ તેમને પહોંચી હતી તેને હટાવવા માટે ક્યારેય અમને યાચના કરી જ ન હતી (અને પછી તે જ શિર્કની વાતો કરવા લાગે છે نَسِىَ مَا كَانَ يَدْعُوْٓا اِلَيْهِ مِنْ قَبْلُ وَجَعَلَ لِلّٰهِ اَنْدَادًا) તે હદથી નીકળી જનારાઓના (ખરાબ) અમલો તેમને એ જ પ્રમાણે સારા લાગે છે (જે પ્રમાણે અમે હમણા વર્ણન કર્યું) અને અમે તમારાથી અગાઉ ઘણી બધી કોમોનો (અનેક પ્રકારના અઝાબોથી) નાશ કરી ચૂક્યા છે જ્યારે કે તેમણે જુલમ (એટલે કે કુફ્ર અને શિર્ક) કર્યો, જ્યારે કે તેમની પાસે તેમના પયગમ્બરો પણ દલીલો લઈને આવ્યા અને તે (અંતિમ કક્ષાની દુશ્મનાવટ અને ક્રોધના કારણે) એવા ક્યારે હતા કે ઈમાન લઈ આવે ? અમે મુજરીમ લોકોને આવી જ શિક્ષા આપીએ છીએ (જેવી અમે હમણા વર્ણન કરી છે) ત્યારબાદ તેમના પછી અમે દુનિયામાં તેમના બદલે તમને આબાદ કર્યા જેથી (જાહેર સ્વરૂપે પણ) અમે જોઈ લઈએ કે તમે કયા પ્રકારના કાર્યો કરો છો ? (તમે એવું જ શિર્ક અને કુફ્ર કરો છો અથવા ઈમાન લાવો છો ?) અને જ્યારે તેમની સામે અમારી આયતો પઢવામાં આવે છે જે બિલકુલ સાફ-સાફ છે તો આ લોકો જેમને અમારી પાસે આવવાનો ખટકો નથી (તમને) એવું કહે છે કે (યા તો) આના સિવાય કોઈ (સમગ્ર) બીજું કુર્આન (જ) લઈ આવો (જેમાં અમારા ધર્મ

વિરુદ્ધ વિષયો ન હોય) અથવા (ઓછામાં ઓછું) આ (કુર્આન)માં જ અમુક ફેરબદલ કરી આપો (કે અમારા ધર્મ વિરુદ્ધના વિષયો તેમાંથી કાઢી નાંખવામાં આવે અને આ માંગણીથી એ સાબિત થાય છે કે તેઓ કુર્આનને રસૂલે કરીમ ﷺનું કલામ સમજતા હતા, એટલા માટે અલ્લાહ તઆલા તેમની આ માંગણીના જવાબ સ્વરૂપે રસૂલે કરીમ ﷺને તા'લીમ આપે છે કે) તમે એવું કહી આપો કે (તેના વિષયો દૂર કરવાની અથવા બદલી નાંખવાની બાબત એવી છે કે પોતે) મારાથી એ ન થઈ શકે કે હું પોતાના તરફથી તેમાં ફેરબદલ કરું (અને જ્યારે તેમાં થોડું-ઘણું ફેરબદલ કરવું પણ શક્ય નથી તો પછી સમગ્ર કુર્આનને બદલવું તો બિલકુલ જ અશક્ય છે, કારણ કે તે મારું કલામ નથી બલકે અલ્લાહનું કલામ છે જે વહી દ્વારા આવ્યું છે, જ્યારે આવું છે તો) બસ, હું તો તેનું અનુસરણ કરીશ જે મારી પાસે વહી દ્વારા પહોંચ્યું છે (અને ધારી લો કે ખુદા-ના-ખ્વાસ્તા) જો હું (વહીનું અનુસરણ ન કરું બલકે) મારા પરવરદિગારની નાફરમાની કરું તો હું એક મહાન ભારે દિવસના અઝાબનો ભય રાખું છું (જે ગુનેહગારો માટે ખાસ છે અને તમારા ગુનાહોના કારણે તમારા નસીબમાં છે, બસ હું તે અઝાબ અથવા તેના કારણો એટલે કે ગુનાહોની હિંમત ધરાવતો નથી; અને જો તેમને આ કલામ વહીનું કલામ હોવામાં શંકા છે અને તેઓ તેને તમારું જ કલામ સમજી રહ્યા છે) તો તમે એવું કહી આપો કે (એ તો દેખીતું છે કે આ કલામ મોઅ્જિઝહ છે, કોઈ માનવી તેના ઉપર કાબૂ નથી ધરાવી શકતો ભલે હું પોતે હોઉં અથવા તમે કે અન્ય કોઈ, બસ) જો અલ્લાહ તઆલાને મંજૂર હોત (કે હું આ શ્રેષ્ઠ કલામ તમને ન સંભળાવી શકું અને અલ્લાહ તઆલા મારા દ્વારા તમને તેની જાણકારી ન આપે) તો (મારા ઉપર તે નાઝિલ ન કર્યું હોત, બસ) ન તો હું તમને આ (કલામ) પઢીને સંભળાવતો હોત અને ન જ અલ્લાહ તઆલા તમને તેની જાણકારી આપત, (બસ જ્યારે હું તમને સંભળાવી રહ્યો છું અને મારા દ્વારા તમને જાણકારી પ્રાપ્ત થઈ રહી છે એનાથી જાણ થાય છે કે અલ્લાહ તઆલાને આ કલામ સંભળાવવું અને તેની જાણકારી આપવી મંજૂર છે અને સંભળાવવું તથા જાણકારી આપવી વહી વિના શક્ય નથી એનાથી જાણ થઈ કે આ વહી અલ્લાહ તરફથી જ છે અને અલ્લાહનું કલામ છે) કારણ કે (અંતે) આ (કલામ જાહેર કરવા)થી પહેલાં પણ તો એક લાંબી ઉંમર સુધી હું તમારામાં રહી ચૂક્યો છું (પછી જો આ મારું કલામ

છે અથવા તો આટલા સમય સુધી એક વાક્ય પણ આ પ્રકારનું બોલ્યો નથી તો અચાનક આ આટલી મોટી વાત બનાવી લીધી એ તો બિલકુલ બુદ્ધિ કે તર્કના વિરુદ્ધ પણ છે) પછી શું (તે છતાં પણ) આટલી અક્કલ (પણ) નથી ધરાવતા ?! (જ્યારે તે અલ્લાહનું કલામ હોવું તથા તેનું સત્ય હોવું સાબિત થઈ ચૂક્યું અને તે છતાં પણ મને તેમાં ફેરબદલ કરવાની દરખાસ્ત કરો છો અને તેને નથી માનતા તો સમજી લો કે) તે વ્યક્તિથી વધારે કોણ જાલિમ હશે જે અલ્લાહ ઉપર જૂઠો આક્ષેપ કરે (જેમકે તમે મારા માટે ઠરાવી રહ્યા છો) અથવા તેની આયતોને જૂઠી બતાવે (જેમકે તમે પોતાના માટે જૂઠી ઠરાવી રહ્યા છો) તો ચોક્કસ એવા મુજરીમો સફળ થશે નહીં (બલકે હંમેશા સજાપાત્ર રહેશે).

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતનો સંબંધ તે લોકો સાથે છે જેઓ આખિરતના ઈન્કારીઓ છે, એ જ કારણે જ્યારે તેમને આખિરતથી ડરાવવામાં આવે છે તો ઠઠ્ઠો-મશ્કરી કરીને કહેવા માંડે છે, જો તમે સાચા હોય તો આ અઝાબને હમણા જ બોલાવી લો અથવા એ કે આ અઝાબ જલદી કેમ નથી આવી જતો ? જેમકે નજ્ર બિન હારિષે કહ્યું હતું, "યા અલ્લાહ ! જો આ વાત સાચી હોય તો અમારી ઉપર આસમાનથી પથ્થર વરસાવ અથવા અન્ય કોઈ સખત અઝાબ મોકલી આપ."

પ્રથમ આયતમાં એનો જવાબ આપવામાં આવ્યો છે કે, અલ્લાહ તઆલા તો દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે, આ વાયદા મુજબનો અઝાબ તાત્કાલિક તે સમયે પણ નાઝિલ કરી શકે છે પરંતુ પોતાની મહાન હિકમત તથા કૃપા અને દયાના કારણે એવું કરતો નથી. આ નાદાનો જો પોતાના માટે બદ્દુઆ કરે છે અને મુસીબતની માંગણી કરે છે તો જો અલ્લાહ તઆલા તેમની આ બદ્દુઆનો એ જ પ્રમાણે તાત્કાલિક સ્વીકાર કરી લે જેવી રીતે કે તેમની સારી દુઆને ઘણું ખરું કબૂલ કરી લે છે તો તેઓનો નાશ થઈ ગયો હોત.

આ બાબતથી જાણ થાય છે કે, સારી અને ભલાઈની દુઆ બાબતે તો અલ્લાહ તઆલાની ટેવ એવી છે કે મોટે ભાગે જલદી સ્વીકારી લે છે અને ક્યારેક કોઈ હિકમત અથવા મસ્લિહતથી સ્વીકાર ન થાય તો તે આ બાબતથી વિરુદ્ધ

નથી પરંતુ જે મનુષ્ય ક્યારેક પોતાની મૂર્ખામીથી અને ક્યારેક ક્રોધિત અને દિલગીર થઈને પોતાના અથવા પોતાના બાળ-બચ્ચાં માટે બદ્દુઆ કરી બેસે છે અથવા આખિરતના ઈન્કાર કરવાની બીના ઉપર અઝાબને રમત સમજીને પોતાના માટે આમંત્રણ આપે છે ત્યારે તેનો તાત્કાલિક સ્વીકાર કરવામાં નથી આવતો બલકે મહોલત આપવામાં આવે છે, જેથી ઈન્કારીઓને ચિંતન અને મનન કરીને પોતાના ઈન્કારથી અટકવાનો મોકો મળી જાય અને જો કોઈ સમયે દિલગીરી અથવા ક્રોધના કારણે અથવા તો ભગ્ન હૃદયના કારણે બદ્દુઆ કરી બેસે છે તો તેને એની મહોલત મળી જાય છે કે પોતાના સારા-નરસાને જૂએ અને પરિણામ ઉપર નજર કરીને તેનાથી અટકી જાય.

ઈમામ ઈબ્ને જરીર તબરી (રહ.)એ કતાદહ (રદિ.)ની રિવાયતથી તથા બુખારી અને મુસ્લિમે મુજાહિદ (રહ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, આ સ્થળે બદ્દુઆનો ભાવાર્થ એ છે કે અમુક સમયે કોઈ વ્યક્તિ ગુસ્સાની હાલતમાં પોતાની અવલાદ અથવા માલ-દોલતના નાશ થઈ જવાની દુઆ કરી બેસે છે અથવા તે વસ્તુ ઉપર લા'નત અને ફિટકારના શબ્દો કહી નાંખે છે અલ્લાહ તઆલા પોતાની કૃપા અને મહેરબાનીથી આવી દુઆ કબૂલ કરવામાં ઉતાવળ કરતો નથી. ઈમામ કુર્તુબી (રહ.)એ આ સ્થળે એક રિવાયત નકલ કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, “મેં અલ્લાહ જલ્લ શા'નુહૂને દુઆ કરી છે કે તે કોઈ મિત્ર અથવા સંબંધીની બદ્દુઆ તેના કોઈ મિત્ર અથવા સંબંધી વિશે સ્વીકાર ન કરે.” શહ્ર બિન હવશબ (રહ.) ફરમાવે છે કે, “મેં અમુક કિતાબોમાં વાંચ્યું છે કે જે ફરિશ્તાઓ માનવીની આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે નિમવામાં આવ્યા છે અલ્લાહ તઆલાએ પોતાની દયા અને કૃપાથી તેમને એવી સૂચના આપી રાખી છે કે મારો બંદો જો રંજ અને ગુસ્સામાં કોઈ વાત કહે તો તેને ન લખો.” *(કુર્તુબી)*

તે છતાં અમુક સમયે કોઈ કબૂલિયતની ઘડી આવે તો તેમાં મનુષ્યના મુખેથી જે વાત નીકળે છે તે તરત જ કબૂલ થઈ જાય છે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, “પોતાની અવલાદ અને માલ માટે ક્યારેય બદ્દુઆ ન કરો, એવું ન થાય કે તે સમય દુઆની કબૂલિયતનો હોય અને આ દુઆ તરત સ્વીકારી લેવામાં આવે (અને તમારે પાછળથી પસ્તાવું પડે).” સહીહ મુસ્લિમમાં આ

હદીષ હઝરત જાબિર (રદિ.)ની રિવાયતથી ગઝ્વએ બુવાતની ઘટના હેઠળ નકલ કરવામાં આવી છે.

આ સૌ રિવાયતોનો ખુલાસો એ છે કે, પ્રસ્તુત આયતોનું સંબોધન જો કે આખિરતના ઈન્કારીઓ અને તેમની તાત્કાલિક અઝાબની માંગણી વિશે છે પરંતુ તેમાં સામાન્ય ભાવાર્થમાં તે મુસલમાનો પણ સામેલ છે જે કોઈ રંજ અને ક્રોધના કારણે પોતાના માલ અથવા અવલાદ વિશે બદ્દુઆ કરી બેસે છે. અલ્લાહ તઆલાની ટેવ તેની દયા અને કૃપાના કારણે બંનેની સાથે એ જ છે કે આવી બદ્દુઆઓને તરત જ લાગુ પાડવામાં નથી આવતી જેથી મનુષ્યને વિચારવાનો અને ચિંતન કરવાનો મોકો મળે.

બીજી આયતમાં તવહીદના અને આખિરતના ઈન્કારીઓ વિશે એક બીજી ઉચ્ચ કક્ષાની શૈલીથી કહેવામાં આવ્યું છે કે, આ લોકો સામાન્ય પરિસ્થિતિમાં રાહત અને સંતોષમાં અલ્લાહ અને આખિરત વિરુદ્ધ દલીલબાજીઓ કરીને અન્યોને અલ્લાહ તઆલાના ભાગીદાર ઠરાવે છે અને તેમની પાસેથી જરૂરિયાત પૂરી થવાની આશાઓ રાખે છે પરંતુ જ્યારે કોઈ મોટી મુસીબત આવી પડે છે તે સમયે આ લોકો અલ્લાહ તઆલા સિવાય જેમનાથી આશા રાખતા હતા પોતે તેમનાથી નિરાશ અને હતાશ થઈને ફક્ત અલ્લાહ તઆલાને જ પોકારે છે અને સૂતાં-સૂતાં, બેઠાં-બેઠાં, ઊભા-ઊભા મતલબ કે દરેક પરિસ્થિતિમાં તેને જ યાચના કરવા મજબૂર થઈ જાય છે પરંતુ તેની સાથે ઉપકારનો બદલો અપકારથી આપવાની હાલત એવી છે કે જ્યારે અલ્લાહ તઆલા તેમની આ મુસીબત દૂર કરી આપે છે તો અલ્લાહ તઆલાથી એવા સ્વતંત્ર અને નચિંત થઈ જાય છે કે જાણે ક્યારેય તેણે અલ્લાહને પોકાર્યો જ નથી અને તેનાથી કોઈ જરૂરિયાત માંગી જ ન હતી. આથી જાણ થાય છે કે અલ્લાહ તઆલાની સાથે જરૂરિયાત પૂરી કરવામાં કોઈ અન્યને સામેલ કરનારો પોતે પણ આ માન્યતા અને અકીદહ ખોટો હોવાની ગવાહી આપે છે પરંતુ ફરી પોતાની જીદ અને દુશ્મનાવટના કારણે તે જ જૂઠા અકીદહ ઉપર મક્કમ રહે છે.

ત્રીજી આયતમાં આ જ બીજી આયતના એ જ વિષયની વધારે વિગત અને તાકીદ એ પ્રમાણે વર્ણન થઈ છે કે, અલ્લાહ તઆલાની ઢીલ આપવાથી કોઈ એવું ન સમજે કે દુનિયામાં અઝાબ આવી જ નથી શકતો. પાછલી કોમોનો

ઈતિહાસ અને તેમની બગાવત તથા અવજ્ઞાની શિક્ષા સ્વરૂપે વિવિધ પ્રકારના અઝાબો આ જ દુનિયામાં આવી ચૂક્યા છે. આ ઉમ્મતમાં જો કે અલ્લાહ તઆલાએ સય્યિદુલ અંબિયા ﷺની પ્રતિષ્ઠા અને સન્માનના કારણે એવો વાયદો કર્યો છે કે એકસામટો જાહેર અઝાબ નહીં આવે અને અલ્લાહ તઆલાની આ મહેરબાની અને દયાએ તે લોકોને એવા બે'બાક (નીડર) બનાવી દીધા છે કે તેઓ ભારે હિંમત કરીને અલ્લાહના અઝાબને આમંત્રણ આપે છે અને તેની માંગણી કરવા માટે તૈયાર થઈ જાય છે પરંતુ યાદ રાખો કે અલ્લાહ તઆલાના અઝાબથી નચિંત થવું તેમના માટે પણ કોઈ પણ પરિસ્થિતિમાં શોભાસ્પદ નથી, કારણ કે સમગ્ર ઉમ્મત અને સમગ્ર દુનિયા ઉપર જાહેર અઝાબ ન મોકલવાનો વાયદો ચોક્કસ કરવામાં આવ્યો છે પરંતુ ખાસ-ખાસ વ્યક્તિઓ અને કોમો ઉપર અઝાબ આવી જવો આજે પણ શક્ય છે.

ચોથી આયતમાં ફરમાવ્યું, ثُمَّ جَعَلْنٰكُمْ خَلٰٓئِفَ فِي الْاَرْضِ مِنْۢ بَعْدِهِمْ لِنَنْظُرَ كَيْفَ تَعْمَلُوْنَ એટલે કે, ફરી પાછલી કોમોને હલાક કર્યા પછી અમે તેમને તેમના ઉત્તરાધિકારી (નાયબ) બનાવ્યા અને જમીનની ખિલાફત (નાયબગીરી) તમારા હવાલે કરી દીધી પરંતુ એવું ન સમજો કે આ જમીનની ખિલાફત તમારા ઐશ અને આરામ માટે તમને સોંપવામાં આવી છે, બલકે આ સન્માન અને પ્રતિષ્ઠાનો અસલ હેતુ એ છે કે તમારી પરીક્ષા લેવામાં આવે કે તમે કેવા અમલો કરો છો ? અગાઉની કોમોના ઈતિહાસથી પ્રભાવિત થઈને પોતાની હાલતની સુધારણા કરો છો અથવા હુકૂમત અને દોલતના નશામાં ઓત-પ્રોત થઈ જાઓ છો ?

આથી જાણ થઈ કે દુનિયાની હુકૂમત અને સત્તા કોઈ ગર્વ અને અભિમાન કરવાની વસ્તુ નથી બલકે, એક ભારે બોજ છે જેની ઘણી બધી જવાબદારીઓ છે.

પાંચમી, છટ્ઠી, સાતમી અને આઠમી, આ ચાર આયતોમાં આખિરતના ઈન્કારીઓના એક ખોટા વિચાર અને તેમની એક અયોગ્ય માંગણીનો રદિયો છે. એ લોકોને ન તો અલ્લાહ તઆલાનો પરિચય પ્રાપ્ત હતો અને ન જ તેઓ વહી તથા રિસાલતના ક્રમ વિશે વાકેફ હતા, અંબિયા (અલૈ.)ને પણ સામાન્ય મનુષ્યની જેમ ધારતા હતા, કુર્આને કરીમ કે જે રસૂલે કરીમ ﷺ દ્વારા દુનિયાને મળ્યું તેના વિશે પણ તેમની એવી માન્યતા હતી કે આ તેમનું પોતાનું કલામ અને તેમનું પોતાનું લખાણ છે, આ જ માન્યતાની રૂએ રસૂલે કરીમ ﷺ પાસે એવી

માંગણી કરી કે આ કુર્આન તો અમારી માન્યતાઓ અને વિચારસરણીથી વિરુદ્ધ છે, જે મૂર્તિઓનું અમારા બાપ-દાદા હંમેશા સન્માન કરતા રહ્યા અને તેમને જરૂરિયાત પૂરી કરનાર માનતા રહ્યા છે; કુર્આન તે સૌને વ્યર્થ અને જૂઠું ઠરાવે છે, ઘણી બધી વસ્તુઓ અને વ્યવહારો જે અમે પેઢીઓથી કરતા આવ્યા છે કુર્આન તે બધાને હરામ ઠરાવે છે અને પછી કુર્આન એવું બતાવે છે કે મૃત્યુ પામ્યા પછી પુનઃજીવીત થવાનું છે અને હિસાબ-કિતાબ આપવાનો છે. આ બધી વસ્તુઓ અમારી બુદ્ધિમાં સમાઈ શકતી નથી, અમે તેને માનવા તૈયાર નથી, એટલા માટે તમે યા તો એવું કરો કે આ કુર્આનના બદલે કોઈ બીજું કુર્આન બનાવી આપો જેમાં આવી વસ્તુઓ ન હોય અથવા ઓછામાં ઓછું તેમાં સુધારા-વધારા કરીને આ અમારા ધર્મની માન્યતા વિરુદ્ધની વસ્તુઓને કાઢી નાંખો.

કુર્આને કરીમે પ્રથમ તેમની ખોટી માન્યતાઓને રદ કરીને રસૂલે કરીમ ﷺને એવું માર્ગદર્શન આપ્યું કે તમે તેમને કહી આપો કે આ ન તો મારું કલામ છે, ન જ હું પોતાના તરફથી તેને બદલી શકું છું, હું તો અલ્લાહની વહીનો તાબે'દાર છું, જો હું તેમાં થોડું-ઘણું પણ પોતાના તરફથી ફેરબદલ કરું તો હું સખત ગુનેહગાર બની જઈશ અને અવજ્ઞાકારીઓ ઉપર જે અઝાબ નક્કી ઠરાવવામાં આવ્યો છે હું તેનાથી ડરું છું, એટલા માટે હું આવું કદાપિ કરી શકતો નથી.

પછી ફરમાવ્યું, હું જે કંઈ કરું છું અલ્લાહ તઆલાની આજ્ઞાના આધીન કરું છું, જો અલ્લાહ તઆલાની ઈચ્છા એવી હોત કે તમને આ કલામ ન સંભળાવવામાં આવે તો ન તો હું તમને સંભળાવતો હોત અને ન જ અલ્લાહ તઆલા તમને તેની જાણકારી આપતો હોત અને જ્યારે અલ્લાહ તઆલાને એવું જ મંજૂર છે કે તમને આ જ કલામ સંભળાવવામાં આવે તો કોની મજાલ છે કે તેમાં કોઈ વધતું-ઓછું કરી શકે !?

ત્યારબાદ કુર્આન અલ્લાહ તરફથી હોવાનું અને તે ઈલાહી કુર્આન હોવાનું એક સ્પષ્ટ અને ખુલ્લી દલીલથી સંભળાવવામાં આવ્યું فَقَدْ لَبِثْتُ فِيكُمْ عُمُرًا مِّنْ قَبْلِهٖ એટલે કે, તમે થોડીવાર આ પણ વિચારો કે કુર્આન નાઝિલ થવા અગાઉ હું તમારી નજરો સામે ચાલીસ વર્ષની લાંબી જિંદગી પસાર કરી ચૂક્યો છું, એ સમયમાં તમે મને ક્યારેય શે'ર-શાયરી અથવા કોઈ નિબંધ કે લેખ વગેરે લખતો

નથી સાંભળ્યો, જો હું પોતાના તરફથી આવું કલામ કહી શકતો હોત તો મેં કંઈને કંઈ આ ચાલીસ વર્ષોના લાંબા સમયગાળામાં પણ કહ્યું હોત, તદુપરાંત આ ચાલીસ વર્ષોની લાંબી જિંદગીમાં તમે મારી ચાલ-ચલગતમાં સચ્ચાઈ અને પ્રમાણિકતાનો અનુભવ કરી ચૂક્યા છો કે આખી જિંદગીમાં હું ક્યારેય જૂઠું નથી બોલ્યો તો આખરે આજે ચાલીસ વર્ષો પછી જૂઠું બોલવાનું શું કારણ હોઈ શકે છે? તેનાથી દેખીતી રીતે સાબિત થાય છે કે રસૂલે કરીમ ﷺ "સાદિક" (સાચા) અને "અમીન" (પ્રામાણિક) છે, કુર્આનમાં જે કંઈ છે તે અલ્લાહ તઆલાનું જ કલામ છે અને તે તેના તરફથી જ આવેલું છે.

અગત્યનો ખુલાસો :

કુર્આને કરીમની આ દલીલે ફક્ત કુર્આનના સત્ય હોવા ઉપર જ સંપૂર્ણ સાબિતી રજૂ નથી કરી બલકે, સામાન્ય વ્યવહારોમાં પણ ખરા-ખોટા તથા હક અને બાતિલની ઓળખનો એક સિદ્ધાંત નક્કી કરી દીધો છે કે કોઈ વ્યક્તિને કોઈ હોદ્દો અથવા કોઈ પદ સોંપવાનું હોય તો તેની યોગ્યતા અને ક્ષમતાને પારખવાનો શ્રેષ્ઠ સિદ્ધાંત એ છે કે તેની પાછલી જિંદગીની સમીક્ષા કરવામાં આવે, જો તેમાં સચ્ચાઈ અને અમાનતદારી (પ્રામાણિકતા) મોજૂદ છે તો ભવિષ્યમાં પણ તેનાથી એ આશા રાખી શકાય છે કે તે સત્ય ઉપર કાયમ રહેશે અને જો પાછલી જિંદગીમાં તેનામાં નિષ્ઠા, પ્રમાણિકતા અને સચ્ચાઈની ગવાહી મોજૂદ નથી તો ભવિષ્ય માટે પણ માત્ર તેના મૌખિક કહેવાથી અથવા દા'વો કરવાના કારણે તેના ઉપર ભરોસો કરવો કોઈ અકલમંદીની વાત નથી, આજે હોદ્દાઓ અને પદોની વહેંચણી તથા જવાબદારીઓની સોંપણીમાં જે પ્રમાણે ભૂલો અને તેના કારણે મહાન ફિત્ના-ફસાદ પેદા થઈ રહ્યા છે તે બધાનું મૂળ કારણ આ જ સ્વાભાવિક સિદ્ધાંતને છોડીને રિવાજ પડી ગયેલ વસ્તુઓની પાછળ પડી જવું છે.

આઠમી આયતમાં આ જ વિષયની વધારે તાકીદ કરવામાં આવી છે જેમાં કોઈ કલામને ખોટી રીતે અલ્લાહ તઆલા તરફ જોડવામાં સખત અઝાબનું વર્ણન મોજૂદ છે.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૧૮-૧૯-૨૦)

وَ يَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَضُرُّهُمْ وَلَا يَنْفَعُهُمْ وَ يَقُوْلُوْنَ هٰٓؤُلَآءِ شُفَعَآؤُنَا
عِنْدَ اللّٰهِ ؕ قُلْ اَتُنَبِّـُٔوْنَ اللّٰهَ بِمَا لَا يَعْلَمُ فِى السَّمٰوٰتِ وَلَا فِى الْاَرْضِ ؕ سُبْحٰنَهٗ وَ تَعٰلٰى
عَمَّا يُشْرِكُوْنَ ﴿۱۸﴾ وَ مَا كَانَ النَّاسُ اِلَّآ اُمَّةً وَّاحِدَةً فَاخْتَلَفُوْا ؕ وَلَوْلَا كَلِمَةٌ
سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِىَ بَيْنَهُمْ فِيْمَا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿۱۹﴾ وَيَقُوْلُوْنَ لَوْلَآ اُنْزِلَ
عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ۚ فَقُلْ اِنَّمَا الْغَيْبُ لِلّٰهِ فَانْتَظِرُوْا ۚ اِنِّىْ مَعَكُمْ مِّنَ الْمُنْتَظِرِيْنَ ﴿۲۰﴾ ع

તરજુમો :

અને અલ્લાહના સિવાય એ વસ્તુની પૂજા કરે છે જે તેમને ન નુકસાન પહોંચાડી શકે અને ન (જ) નફો અને કહે છે, આ તો અલ્લાહની પાસે અમારા સિફારસી છે, તમે કહી આપો ! શું તમે અલ્લાહને એ બતાવો છો જે તેને ખબર નથી આસમાનોમાં અને ન (જ) જમીનમાં ? તે પવિત્ર છે અને એનાથી ઉપરવટ છે જેને (તમે) શરીક કરો છો. (૧૮) અને લોકો જે છે બસ એક જ ઉમ્મત છે પાછળથી જુદા-જુદા થઈ ગયા અને જો તમારા પરવરદિગારની એક વાત પ્રથમ ન થઈ ચૂકી હોત તો તેમનામાં ફેંસલો થઈ ગયો હોત કે જે વાતમાં વિરોધ (મતભેદ) કરી રહ્યા છે. (૧૯) અને કહે છે, એના ઉપર એના પરવરદિગારની એક નિશાની કેમ ન ઊતરી ? બસ તમે કહી આપો કે ગયૂબની વાત અલ્લાહ જ જાણે ! બસ રાહ જુઓ ! હું પણ તમારી સાથે રાહ જોઉં છું ! (૨૦)

તફસીર :

અને આ લોકો અલ્લાહ(ની તવહીદ)ને છોડીને એવી વસ્તુઓની ઈબાદત કરે છે જે (ઈબાદત ન કરવાના સ્વરૂપમાં) ન તો તેમને નુકસાન પહોંચાડી શકે છે અને ન જ (ઈબાદત કરવાના સ્વરૂપમાં) તેમને લાભ પહોંચાડી શકે છે અને (પોતાના તરફથી વિના દલીલે એક લાભ નક્કી કરી) કહે છે કે, આ (મઅ્બૂદ) અલ્લાહ પાસે અમારા સિફારસી છે (એટલા માટે અમે તેમની ઈબાદત કરીએ

છીએ) તમે કહી આપો કે શું તમે અલ્લાહ તઆલાને એવી વસ્તુઓ બતાવો છો જેની અલ્લાહ તઆલાને જાણ નથી ન તો આસમાનોમાં ન જ જમીનમાં !? (એટલે કે જે વસ્તુ અલ્લાહની જાણમાં ન હોય તેનું અસ્તિત્વ અને તેનું ઉપસ્થિત હોવું અશક્ય છે અને તમે એવી અશક્ય વસ્તુઓની પાછળ લાગી ગયા છો) અલ્લાહ તઆલા પાક (પવિત્ર) અને સૌથી મહાન છે તે લોકોના શિર્કથી; અને (પ્રથમ) બધા જ માનવો એક જ તરીકા ઉપર હતા (એટલે કે બધા એક જ અલ્લાહની ઈબાદત કરનાર હતા, કારણ કે આદમ અલૈ. તવહીદનો અકીદહ લઈને આવ્યા હતા અને તેમના સંતાનો પણ એક મુદ્દત સુધી તેમના જ અકીદહ અને તરીકા ઉપર કાયમ રહ્યા) પછી (પોતાની અડોડાઈના કારણે) તેમણે (એટલે કે અમુકે) મતભેદ ઉપસ્થિત કરી લીધો (એટલે કે તવહીદથી ફરી ગયા અને મુશ્રિક બની ગયા તથા આ મુશ્રિક લોકો એવા અઝાબના હકદાર છે કે) જો એક વાત ન થઈ ચૂકી હોત જે તમારા પરવરદિગાર તરફથી પ્રથમથી નક્કી થઈ ચૂકી છે (કે તેમને હમણા પૂરોપૂરો અઝાબ નહીં થાય બલકે તે આખિરતમાં આપવામાં આવશે) તો જે વસ્તુમાં આ લોકો મતભેદ કરી રહ્યા છે તેનો પૂરેપૂરો ફેંસલો (દુનિયામાં જ) થઈ ચૂક્યો હોત અને આ લોકો (દુશ્મનાવટના કારણે સેંકડો મોઅ્‌જિઝાઓ જાહેર થવા છતાં ખાસ કરીને કુર્આનનો મોઅ્‌જિઝો જોવા છતાં અથવા તેનું ઉદાહરણ લાવવાથી લાચાર હોવા છતાં) એવું કહે છે કે તેના ઉપર (એટલે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર અમારી માંગણી મુજબના મોઅ્‌જિઝાઓમાંથી) કોઈ મોઅ્‌જિઝો કેમ નાઝિલ ન થયો ? તો તમે ફરમાવી આપો કે (મોઅ્‌જિઝાનો મૂળ હેતુ રસૂલની સચ્ચાઈ અને હક્કાનિય્યતને સાબિત કરવાનો હોય છે તે તો ઘણા બધા મોઅ્‌જિઝાઓ દ્વારા થઈ ચૂક્યું છે, હવે માંગણી પ્રમાણેના મોઅ્‌જિઝાઓની કોઈ આવશ્યકતા જ નથી, હા ! શક્યતા છે કે તે જાહેર થાય કે ન પણ થાય ! તેનો સંબંધ ગય્‌બના ઈલ્મ સાથે છે અને) ગય્‌બનું ઈલ્મ ફક્ત અલ્લાહને જ છે (મને નથી) એટલા માટે તમે પણ રાહ જૂઓ હું પણ તમારી સાથે રાહ જોઉં છું (કે તમારી દરેક માંગણી પૂર્ણ થાય છે કે નહીં અને માંગણી મુજબના મોઅ્‌જિઝાઓ જાહેર ન કરવાની હિકમત કુર્આને કરીમમાં ઘણે ઠેકાણે બતાવવામાં આવી છે કે તેની જાહેરાત પછી અલ્લાહની ટેવ એ છે કે જો તે જાહેર થયા છતાં પણ તેઓ ઈમાન નહીં લાવે તો સમગ્ર કોમનો સર્વનાશ કરી

નાંખવામાં આવશે, અલ્લાહ તઆલાને આ ઉમ્મત માટે આવો જાહેર અઝાબ મંજૂર નથી બલકે તેમને કયામત સુધી ટકાવી રાખવાનો ફેંસલો થઈ ચૂક્યો છે).

મસ્અલા અને બોધપાઠ :

કાફિર અને મુસલમાન બે અલગ-અલગ કોમ છે; વંશ કે વતન આધારિત રાષ્ટ્રીયતા બધું વ્યર્થ છે :

كَانَ النَّاسُ اُمَّةً وَّاحِدَةً એટલે કે, બધી જ આદમની અવલાદ શરૂઆતમાં એક જ ઉમ્મત, એક જ કોમ અને એકમાત્ર અલ્લાહમાં ઈમાન ધરાવનારી હતી, શિર્ક અને કુફ્રનું નામો-નિશાન ન હતું, પછી તવહીદમાં મતભેદ પેદા કરીને વિવિધ કોમો તથા વિવિધ જૂથો બની ગયા.

આ એક જ ઉમ્મત અને બધા જ મુસલમાન હોવાની મુદ્દત કેટલી હતી અને ક્યાં સુધી રહી ? હદીષની રિવાયતોથી તથા અમુક ઈસ્લામિક ઐતિહાસિક માધ્યમોથી જાણ થાય છે કે, હઝરત નૂહ (અલૈ.)ના સમયકાળ સુધી એવું જ સ્વરૂપ હતું. નૂહ (અલૈ.)ના સમયકાળમાં કુફ્ર અને શિર્ક જાહેર થયું અને હઝરત નૂહ (અલૈ.)ને તેનો મુકાબલો કરવો પડ્યો. *(તફસીરે મઝહરી)*

એ પણ દેખીતું છે કે, હઝરત આદમ (અલૈ.)થી હઝરત નૂહ (અલૈ.) સુધી એક લાંબો સમયકાળ છે. દુનિયામાં માનવોના વંશો અને વસ્તી મોટી સંખ્યામાં ફેલાઈ ચૂકી હતી, આ બધા મનુષ્યોમાં રંગ, રૂપ તથા સામાજિક જિંદગીમાં વિવિધતા હોવી પણ એક સ્વાભાવિક વસ્તુ હતી અને વિવિધ પ્રદેશોમાં ફેલાઈ ગયા પછી વતનનો વિરોધાભાસ પણ એક ચોક્કસ બાબત છે અને શક્ય છે કે બોલચાલમાં, ભાષાઓમાં પણ અમુક વિવિધતા પેદા થઈ ગઈ હોય, પરંતુ કુર્આને કરીમે આ વંશ, કબીલા તથા જાતિગત અને પ્રાદેશિક વિવિધતાઓને કે જે એક સ્વાભાવિક વિવિધતા છે; ઉમ્મતની એકતામાં દખલગીરી ઊભી કરનાર ઠરાવ્યું નથી અને આ વિવિધતા અને વિરોધાભાસોના કારણે આદમ (અલૈ.)ના સંતાનોને વિવિધ કોમો કે ઉમ્મતોમાં નથી વહેંચી બલકે, એક "ઉમ્મતે વાહિદહ" ઠરાવી દીધી.

હા ! જ્યારે ઈમાન વિરુદ્ધ કુફ્ર અને શિર્ક ફેલાયું તો કાફિર અને મુશ્રિકને અલગ કોમ, અલગ મિલ્લત ઠરાવીને فَاخْتَلَفُوْا (ફખ્તલફૂ) ઈરશાદ ફરમાવ્યો.

કુર્આને કરીમની આયત هُوَ الَّذِىْ خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّمِنْكُمْ مُّؤْمِنٌ (૬૪:૨) એ આ વિષયને વધારે સ્પષ્ટ કરી દીધો કે અલ્લાહની મખ્લૂક આદમના સંતાનોને વિવિધ કોમોમાં વહેંચનારી વસ્તુ ફક્ત ઇસ્લામ અને ઈમાનથી મોઢું ફેરવવું જ છે. વંશ, પ્રદેશ કે સગાઈઓથી અલગ-અલગ કોમો નથી બનતી. ભાષા અને પ્રદેશ અથવા રંગ અને વંશની રૂએ માનવોના વિવિધ સમુદાયો કે વર્ગો ઠરાવી દેવાની અજ્ઞાનતા એ નરી મૂર્ખામી છે જે નવા ઝમાનાની કહેવાતી આધુનિકતાએ પેદા કરેલ છે અને આજે ઘણા ભણેલા-ગણેલા લોકો આ નેશનાલિઝમ (રાષ્ટ્રવાદ)ના ભૂતની પાછળ ધૂણવા લાગ્યા છે જે હજારો ફિત્ના અને ફસાદ પોતાના પાલવમાં છુપાવીને બેઠા છે. اَعَاذَا اللّٰهُ الْمُسْلِمِيْنَ مِنْهُ

આયતો : (સૂરએ યુનૂસ : આયત નં. ૨૧ થી ૨૪)

وَاِذَآ اَذَقْنَا النَّاسَ رَحْمَةً مِّنْۢ بَعْدِ ضَرَّآءَ مَسَّتْهُمْ اِذَا لَهُمْ مَّكْرٌ فِيْۤ اٰيَاتِنَا ؕ قُلِ اللّٰهُ
اَسْرَعُ مَكْرًا ؕ اِنَّ رُسُلَنَا يَكْتُبُوْنَ مَا تَمْكُرُوْنَ ﴿۲۱﴾ هُوَ الَّذِيْ يُسَيِّرُكُمْ فِي الْبَرِّ
وَالْبَحْرِ ؕ حَتّٰۤى اِذَا كُنْتُمْ فِي الْفُلْكِ ۚ وَجَرَيْنَ بِهِمْ بِرِيْحٍ طَيِّبَةٍ وَّفَرِحُوْا بِهَا جَآءَتْهَا
رِيْحٌ عَاصِفٌ وَّجَآءَهُمُ الْمَوْجُ مِنْ كُلِّ مَكَانٍ وَّظَنُّوْۤا اَنَّهُمْ اُحِيْطَ بِهِمْ ۙ دَعَوُا اللّٰهَ
مُخْلِصِيْنَ لَهُ الدِّيْنَ ۚ۬ لَئِنْ اَنْجَيْتَنَا مِنْ هٰذِهٖ لَنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ ﴿۲۲﴾ فَلَمَّاۤ
اَنْجٰىهُمْ اِذَا هُمْ يَبْغُوْنَ فِي الْاَرْضِ بِغَيْرِ الْحَقِّ ؕ يٰۤاَيُّهَا النَّاسُ اِنَّمَا بَغْيُكُمْ عَلٰۤى
اَنْفُسِكُمْ ۙ مَّتَاعَ الْحَيٰوةِ الدُّنْيَا ؗ ثُمَّ اِلَيْنَا مَرْجِعُكُمْ فَنُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۲۳﴾
اِنَّمَا مَثَلُ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ الْاَرْضِ
مِمَّا يَاْكُلُ النَّاسُ وَالْاَنْعَامُ ؕ حَتّٰۤى اِذَاۤ اَخَذَتِ الْاَرْضُ زُخْرُفَهَا وَازَّيَّنَتْ
وَظَنَّ اَهْلُهَاۤ اَنَّهُمْ قٰدِرُوْنَ عَلَيْهَاۤ ۙ اَتٰىهَاۤ اَمْرُنَا لَيْلًا اَوْ نَهَارًا فَجَعَلْنٰهَا حَصِيْدًا
كَاَنْ لَّمْ تَغْنَ بِالْاَمْسِ ؕ كَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿۲۴﴾

તરજુમો :

અને જ્યારે અમે લોકોને પોતાની રહમતનો સ્વાદ ચખાડીએ એક તકલીફ પછી જે તેમને પહોંચી હતી તે જ વખતે અમારી આયતોમાં (શરારતયુક્ત) હીલા કરવા લાગે, કહી આપો કે અલ્લાહ સૌથી જલદી હીલા કરી શકે છે ખરેખર અમારા ફરિશ્તા તમારી (શરારતયુક્ત) હીલાબાજી લખે છે. (૨૧) તે જ તમને જંગલ અને દરિયામાં ફેરવે છે અહીંયાં સુધી કે જ્યારે તમે વહાણોમાં બેઠા અને તે લોકોને લઈને સારી હવાથી ચાલ્યા અને એનાથી ખુશ થયા; (અચાનક) વહાણો ઉપર તેજ હવા આવી અને તેના ઉપર દરેક જગ્યાએથી (ઉછળતા) મોજા આવ્યા અને તેમણે જાણી લીધું કે તેઓ ઘેરાઈ ગયા (ત્યારે) અલ્લાહને પોકારવા લાગ્યા તેની બંદગીમાં નિખાલસ થઈને (કે) જો તેં અમને આનાથી બચાવી લીધા તો બેશક અમે શુક્રગુઝાર રહીશું. (૨૨) પછી જ્યારે અલ્લાહે તેમને બચાવી લીધા તે જ સમયે જમીનમાં નાહકની શરારત કરવા લાગ્યા, હે લોકો સાંભળો ! તમારી શરારત તમારા જ ઉપર છે; દુનિયાની જિંદગીનો લાભ ઉઠાવી લો પછી તમારે અમારી પાસે પાછા વળીને આવવાનું છે, પછી અમે બતાવી આપીશું જે કંઈ કે તમે કરતા હતા. (૨૩) દુનિયાની જિંદગીનું તે જ ઉદાહરણ છે જેમકે અમે આસમાનથી પાણી ઉતાર્યું, પછી તેનાથી જમીનમાં (વિવિધ પ્રકારની) ગીચ હરિયાળી નીકળી કે જે માણસો અને પશુઓ ખાય છે, એટલે સુધી કે જ્યારે જમીને રોનક પકડી અને સુશોભિત થઈ ગઈ અને જમીનવાળાઓએ વિચાર્યું કે આ અમારા હાથ આવશે, આચનક તેના ઉપર અમારો હુકમ પહોંચ્યો રાત્રે અથવા દિવસે પછી તેને કાપીને ઢગલો કરી નાંખ્યો જાણે કાલે (તે) અહીંયાં હતી જ નહીં, આ જ રીતે અમે ખોલી(-ખોલી)ને નિશાનીઓ વર્ણન કરીએ છીએ તે લોકો સામે જેઓ વિચાર (ચિંતન-મનન) કરે છે. (૨૪)

શબ્દાર્થ :

عَاصِفٌ (આસિફ) "સખત તેજ હવા", حَصِيدًا (હસીદન) "કપાયેલી (નાશ પામેલી) ખેતી", كَأَنْ لَّمْ تَغْنَ એ غَنِيَ بِالْمَكَانِ (ગનીય બિલ મકાન)ના ભાવાર્થમાં છે જેનો અર્થ "કોઈ સ્થળે થોભવાનો" છે.

તફસીર :

અને જ્યારે અમે લોકોને તે પછી કે તેમના ઉપર મુસીબત પડી ચૂકી હોય કોઈ નેઅ્મતનો સ્વાદ ચખાડી આપીએ છીએ તો તરત જ અમારી આયતો વિશે શરારત કરવા લાગે છે (એટલે કે તેનો વિરોધ કરવા માંડે છે તથા તેને જૂઠાડીને ઠઠ્ઠો-મશ્કરી કરે છે અને વિરોધ તથા દુશ્મનીના કારણે બીજા મોઅ્જિઝાઓ લાવવાની માંગણીઓ કરતા ફરે છે તથા અગાઉ પડેલી કોઈ મુસીબતથી બોધપાઠ ગ્રહણ કરતા નથી, બસ જાણ થઈ કે તેમના વિરોધનું મૂળ કારણ અલ્લાહની નાઝિલ કરેલી આયતો અને મોઅ્જિઝાઓથી અલગાવ અપનાવવો છે અને આ અલગાવ દુનિયાની નેઅ્મતોમાં મસ્ત થઈ જવાના કારણે પેદા થયો છે, આગળ તેના ઉપર ચેતવણી છે) તમે કહી આપો કે અલ્લાહ તઆલા આ શરારતની શિક્ષા ઘણો જ જલદી આપશે, ખચીત ! અમારા ફરિશ્તા તમારી બધી શરારતોને લખી રહ્યા છે, (બસ અલ્લાહની જાણ ઉપરાંત તે એક વહીખાતામાં પણ સુરક્ષિત કરી લેવામાં આવી છે) તે (અલ્લાહ) એવો છે કે તમને સૂક્કા (પૃથ્વીપટ) ઉપર અને દરિયામાં લઈને ફરે છે (એટલે કે જે સાધનો અને માધ્યમો વડે તમે ચાલો-ફરો છો તે બધું અલ્લાહે જ આપેલું છે) એટલે સુધી કે (અમુક સમયે) જ્યારે તમે વહાણમાં સવાર થાઓ છો અને તે વહાણો લોકોને અનુકૂળ હવા દ્વારા લઈને ચાલે છે અને તેઓ તે(ની ગતિ)થી ખુશ થઈ જાય છે (એવી હાલતમાં અચાનક) તેમના ઉપર એક જોશભેર હવા(નું તાંડવ) આવે છે અને ચારે બાજુથી તે (લોકો) ઉપર મોજાં ઊછળતા ચાલ્યા આવે છે અને તેઓ સમજે છે કે (ખરાબ રીતે) ઘેરાઈ ચૂક્યા છે (એવા સમયે) બધા ખાલિસ ભરોસો કરીને અલ્લાહને જ કરગરવા લાગે છે (કે હે અલ્લાહ !) જો તું અમને આ (મુસીબત)થી બચાવી લે તો અમે અવશ્ય સત્યને ઓળખનાર (એટલે કે તવહીદને માનનારા-શુક્ર ગુઝાર) બની જઈશું (એટલે કે તે સમયે તવહીદનો જે ભરોસો ઘર કરી ગયો છે તેના ઉપર કાયમ રહીશું) પછી જ્યારે અલ્લાહ તઆલા તેમને (આ આફતથી) બચાવી લે છે તો તરત જ તેઓ જમીન(ના વિવિધ પ્રદેશો)માં શરારત કરવા માંડે છે (એટલે કે તે જ શિર્ક અને ગુનાહ); હે લોકો ! (સાંભળી લો) આ તમારી શરારત તમારા માટે (તમારા) જીવનો વબાલ થવાની છે (બસ) દુનિયાની જિંદગીમાં (તેનાથી થોડો) ફાયદો ઉઠાવી રહ્યા છો પછી તમારે અમારી પાસે જ પાછા વળવાનું છે

પછી અમે તમારા કરેલા બધા કૃત્યો તમને બતાવી આપીશું (અને તેની શિક્ષા આપીશું) બસ, દુનિયાની જિંદગીની હાલત તો એવી છે જેમકે અમે આસમાનથી પાણી વરસાવ્યું પછી તે (પાણી)થી જમીનની વનસ્પતિ જેને મનુષ્ય અને પ્રાણીઓ ખાય છે ખૂબ ગીચ કરીને ઉગાડી એટલે સુધી કે જ્યારે તે જમીન પોતાના શણગારનો સંપૂર્ણ હિસ્સો લઈ ચૂકી અને તે ખૂબ સુશોભિત થઈ ગઈ (એટલે કે હરિયાળીથી ચારેબાજુ ખુશનૂમા લાગવા માંડી) અને તે (જમીન)ના માલિકોએ સમજી લીધું કે હવે અમારો તે(ની વનસ્પતિ અને ફળો)ના ઉપર બિલકુલ કબ્જો થઈ ગયો છે તો (એવી પરિસ્થિતિમાં) દિવસે અથવા રાત્રે તેના ઉપર અમારા તરફથી કોઈ દુર્ઘટના આવી ગઈ (જેમકે હિમવર્ષા અથવા દુષ્કાળ કે અન્ય કંઈ) બસ, અમે તેમને એવી સાફ કરી દીધી કે જાણે કાલે (ત્યાં) તે ઉપસ્થિત જ ન હતી (બસ, આ વનસ્પતિની જેમ જ દુનિયાની જિંદગી પણ છે) અમે આ પ્રમાણે આયતોને સાફ-સાફ વર્ણન કરીએ છીએ એવા લોકોને (સમજાવવા) માટે જેઓ ચિંતન-મનન કરે છે.

મસ્અલા અને બોધપાઠ :

قُلِ اللّٰهُ اَسۡرَعُ مَكۡرًا અરબી શબ્દકોષના આધારે શબ્દ مَكۡر (મક્ર) ગુપ્ત યોજનાઓને કહે છે જે સારી પણ હોઈ શકે છે અને ખરાબ પણ હોઈ શકે છે, જે રીતે કે ઉર્દૂ ભાષાના રૂઢિપ્રયોગમાં "ધોકો ન ખાવો"માં શબ્દ مَكۡر (મક્ર) ધોકો કે ફરેબ આપવા માટે ઉપયોગ થાય છે, આ ફરેબ અને ધોકાથી અલ્લાહ તઆલા ઉપરવટ છે.

اِنَّمَا بَغۡيُكُمۡ عَلٰٓى اَنۡفُسِكُمۡ એટલે કે, તમારા અત્યાચારનો વબાલ તમારા ઉપર જ પડી રહ્યો છે, તેનાથી જાણ થઈ કે અત્યાચારનો વબાલ નિશ્ચિત છે અને આખિરત પહેલાં દુનિયામાં પણ ભોગવવો પડે છે.

હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા સીલા-રહમી અને લોકો ઉપર ઉપકાર કરવાનો બદલો પણ ઘણો જલદી આપે છે (કે આખિરત પહેલાં દુનિયામાં જ તેની બરકતો નજરે પડે છે) અને અત્યાચાર તથા સંબંધવિચ્છેદનો બદલો પણ ઘણો જલદી આપે છે (કે દુનિયામાં જ ભોગવવું પડે છે)." *(રવાહુ તિરમિઝી અને ઈબ્ને માજહ બ સનદે હસન)*

એક હદીષમાં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની રિવાયત ઉપસ્થિત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "ત્રણ ગુનાહો એવા છે કે તેનો વબાલ તે કરનારના ઉપર જ પડે છે; એક જુલમ, બીજો કરારભંગ અને ત્રીજો દગો અથવા ફરેબ." (رَوَاهُ اَبُو الشَّيْخِ وَابْنُ مَرْدَوِيَّةَ فِي التَّفْسِيْرِ، اَزْمَظْهَرِی)

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૨૫ થી ૩૨)

وَاللّٰهُ يَدْعُوْٓا اِلٰى دَارِ السَّلٰمِ ؕ وَيَهْدِيْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۲۵﴾ لِلَّذِيْنَ
اَحْسَنُوا الْحُسْنٰى وَزِيَادَةٌ ؕ وَلَا يَرْهَقُ وُجُوْهَهُمْ قَتَرٌ وَّلَا ذِلَّةٌ ؕ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ
فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۶﴾ وَالَّذِيْنَ كَسَبُوا السَّيِّاٰتِ جَزَآءُ سَيِّئَةٍۭ بِمِثْلِهَا ۙ وَتَرْهَقُهُمْ ذِلَّةٌ ؕ
مَا لَهُمْ مِّنَ اللّٰهِ مِنْ عَاصِمٍ ۚ كَاَنَّمَآ اُغْشِيَتْ وُجُوْهُهُمْ قِطَعًا مِّنَ الَّيْلِ مُظْلِمًا ؕ اُولٰٓئِكَ
اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۷﴾ وَيَوْمَ نَحْشُرُهُمْ جَمِيْعًا ثُمَّ نَقُوْلُ لِلَّذِيْنَ اَشْرَكُوْا
مَكَانَكُمْ اَنْتُمْ وَشُرَكَآؤُكُمْ ۚ فَزَيَّلْنَا بَيْنَهُمْ وَقَالَ شُرَكَآؤُهُمْ مَّا كُنْتُمْ اِيَّانَا تَعْبُدُوْنَ ﴿۲۸﴾
فَكَفٰى بِاللّٰهِ شَهِيْدًۢا بَيْنَنَا وَبَيْنَكُمْ اِنْ كُنَّا عَنْ عِبَادَتِكُمْ لَغٰفِلِيْنَ ﴿۲۹﴾ هُنَالِكَ
تَبْلُوْا كُلُّ نَفْسٍ مَّآ اَسْلَفَتْ وَرُدُّوْٓا اِلَى اللّٰهِ مَوْلٰىهُمُ الْحَقِّ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا
يَفْتَرُوْنَ ﴿۳۰﴾ ع قُلْ مَنْ يَّرْزُقُكُمْ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ اَمَّنْ يَّمْلِكُ السَّمْعَ وَالْاَبْصَارَ
وَمَنْ يُّخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ الْمَيِّتَ مِنَ الْحَيِّ وَمَنْ يُّدَبِّرُ الْاَمْرَ ؕ
فَسَيَقُوْلُوْنَ اللّٰهُ ۚ فَقُلْ اَفَلَا تَتَّقُوْنَ ﴿۳۱﴾ فَذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمُ الْحَقُّ ۚ فَمَاذَا
بَعْدَ الْحَقِّ اِلَّا الضَّلٰلُ ۚۖ فَاَنّٰى تُصْرَفُوْنَ ﴿۳۲﴾

તરજુમો :

અને અલ્લાહ સલામતીના ઘર તરફ બોલાવે છે અને જેને ઇચ્છે સીધો માર્ગ બતાવે છે. (૨૫) જેમણે ભલાઈ કરી તેમના માટે ભલાઈ છે અને વધારો;

અને તેમના મોઢાઓ ઉપર કાળાશ ચઢશે નહીં અને ન જ અપમાન, તેઓ જન્નતવાળા છે અને તેમાં જ રહ્યા કરશે. (૨૬) અને જેમણે બુરાઈઓ કમાઈ; બુરાઈનો બદલો તેના બરાબર મળે અને તેમને અપમાન ઢાંકી લેશે, તેમને અલ્લાહથી બચાવનાર કોઈ નથી, જાણે કે તેમના ચહેરા ઢાંકી દેવામાં આવ્યા અંધારી રાતના ટૂકડાઓથી, તેઓ દોઝખવાળા છે તેઓ એમાં જ રહ્યા કરશે. (૨૭) અને જે દિવસે અમે તે સૌને એકઠા કરીશું પછી શિર્ક કરનારાઓને કહીશું, પોત-પોતાની જગ્યાએ તમે અને તમારા શરીક (ભાગીદાર) ઊભા થાઓ, પછી અમે તેમને આપસમાં (સંબંધ) તોડી નંખાવીશું અને તેમના ભાગીદાર કહેશે, તમે અમારી તો બંદગી કરતા ન હતા. (૨૮) બસ અલ્લાહ અમારા અને તમારા વચ્ચે ગવાહ તરીકે પૂરતો છે, અમને તમારી બંદગીની ખબર ન હતી. (૨૯) ત્યાં દરેક કોઈ ચકાસી લેશે જે તેણે પહેલાં કર્યું હતું અને અલ્લાહ તરફ રુજૂઅ્ કરશે (શરણે જશે) જે તેમનો સાચો માલિક છે અને તેમની પાસેથી જતું રહેશે જે જૂઠ બાંધ્યા કરતા હતા. (૩૦) તમે પૂછો, તમને આસમાનથી અને જમીનથી કોણ રોજી આપે છે ? અથવા કાન અને આંખોનો માલિક કોણ છે ? અને કોણ સજીવને મૃતમાંથી કાઢે છે અને મૃતને સજીવમાંથી કાઢે છે ? અને કોણ કામોની તદ્બીર (આયોજન) કરે છે ? બસ, બોલી ઊઠશે કે અલ્લાહ ! તો તમે કહો, પછી ડરતા નથી ? (૩૧) બસ, આ અલ્લાહ છે તમારો સાચો પરવરદિગાર પછી સચ્ચાઈ પછી શું (બાકી) રહી ગયું પરંતુ માત્ર ભટકવું (ગુમરાહી) !? બસ ક્યાંથી પાછા જાઓ છો ? (૩૨)

તફસીર :

અને અલ્લાહ તઆલા હંમેશા બાકી રહેનાર ઘર તરફ તમને બોલાવે છે તથા જેને ઇચ્છે છે સીધા માર્ગ ઉપર ચાલવાની તવફીક આપી દે છે (જેથી હંમેશા બાકી રહેનાર ઘર સુધી તે પહોંચી શકે, આગળ સારા બદલા અને સજાનું વર્ણન છે કે) જે લોકોએ નેકી કરી છે (એટલે કે ઈમાન લાવ્યા છે) તેમના માટે ભલાઈ (એટલે કે જન્નત) છે અને એથી વિશેષ (અલ્લાહનો દીદાર) પણ; અને તેમના ચહેરાઓ ઉપર ન તો (રંજ-ગમની) કાળાશ છવાશે અને ન જ રૂસ્વાઈ, આ લોકો જન્નતમાં રહેનારા છે તેઓ તેમાં હંમેશા રહેશે અને જે લોકોએ ખરાબ કૃત્યો

કર્યા (એટલે કે કુફ્ર અને શિર્ક કર્યું) તેમની બુરાઈની સજા તે (બુરાઈ) પ્રમાણે (જ) મળશે (એટલે કે સજા બુરાઈથી વધારે નહીં હોય) અને તેમને અપમાન ઘેરી લેશે, તેમને અલ્લાહ(ના અઝાબ)થી કોઈ નહીં બચાવી શકે (તેમના ચહેરાની નહૂસતની કાળાશની એવી પરિસ્થિતિ હશે કે) તેમના ચહેરાઓ ઉપર અંધારી રાતના પડ ઉપર પડ (એટલે કે અંધકારના ટૂકડાઓ) લપેટી દેવામાં આવ્યા છે, આ લોકો દોઝખમાં રહેનારા છે અને તેમાં હંમેશા રહેશે અને તે દિવસ પણ વર્ણન કરવાપાત્ર છે જે દિવસે અમે તે સૌ (સર્જન)ને (કયામતના મેદાનમાં) ભેગા કરીશું, પછી (બધી જ મખ્લૂકના) મુશ્રિકોને કહીશું કે તમે અને તમારા (નક્કી કરેલા) ભાગીદારો (જેમને તમે અલ્લાહની ઈબાદતમાં ભાગીદાર ઠરાવતા હતા જરા) પોતાના સ્થળે થોભ્મો (જેથી તમને તમારા અકીદહ-માન્યતાની હકીકત જણાવી દેવામાં આવે) પછી અમે તેઓ (જેની પૂજા કરવામાં આવતી હતી તે જૂઠા મઅ્બૂદો-પૂજ્યો) અને તેમની (પૂજા કરનારાઓ-પૂજકો) વચ્ચે પરસ્પર ફૂટ નાંખી દઈશું અને તેમને તે ભાગીદારો (સંબોધન કરીને) કહેશે કે તમે અમારી ઈબાદત કરતા જ ન હતા (કારણ કે ઈબાદતનો હેતુ હોય છે મઅ્બૂદને રાજી કરવો) બસ, અમારા અને તમારા દરમિયાન અલ્લાહ ગવાહ તરીકે પૂરતો છે કે અમને તમારી ઈબાદતની ખબર પણ ન હતી (અને રાજી થવું તો દૂરની વાત અલબત્ત શયતાનોની તા'લીમ હતી અને તેનાથી તે જ રાજી થતો હતો, આ આધારે તમે તે શયતાનોની જ પૂજા કરતા હતા) એ સ્થળે દરેક વ્યક્તિ પોતાના કરેલાની કસોટી કરી લેશે (કે ખરેખર તે પ્રવૃત્તિઓ લાભદાયક હતી અથવા નુકસાનકારક ! એટલા માટે તે મુશ્રિકોની સામે પણ વાસ્તવિકતા છતી થઈ જશે કે જેમની સિફારીસના ભરોસા ઉપર અમે તેમને પૂજતા હતા તેમણે તો અમારા વિરુદ્ધ ગવાહી આપી, નફાની તો હવે આશા જ શું રાખી શકાય ?) અને આ લોકો અલ્લાહ(ના અઝાબની) તરફ જે તેમનો સાચો માલિક છે લોટાવવામાં આવશે અને જે કંઈ મઅ્બૂદો ઘડી રાખ્યા હતા બધા તેમનાથી અદશ્ય (અને ગુમ) થઈ જશે (કોઈપણ ત્યાં કામ લાગશે નહીં), તમે (આ મુશ્રિકોને) કહી આપો કે (બતાવો !) તે કોણ છે જે તમને આસમાન અને જમીનથી રોજી પહોંચાડે છે (એટલે કે આસમાનથી વરસાદ વરસાવે છે અને જમીનમાંથી વનસ્પતિ પેદા કરે છે જેનાથી તમારી રોજી તૈયાર થાય છે) અથવા (એ બતાવો કે) તે કોણ છે જે

(તમારા) કાનો અને આંખો ઉપર સંપૂર્ણ અધિકાર ધરાવે છે ? (કે પેદા પણ તેણે જ કર્યા, રક્ષણ પણ તે જ કરે છે અને જો તે ઈચ્છે તો તેની શ્રવણશક્તિ અને દૃષ્ટિ પણ ખૂંચવી લે) અને તે કોણ છે જે સજીવ (વસ્તુ)ને મૃત (વસ્તુ)માંથી કાઢે છે અને મૃત (વસ્તુ)ને સજીવ (વસ્તુ)માંથી કાઢે છે (જેમકે નુત્ફો-વીર્ય અને ઈંડું સજીવોમાંથી નીકળે છે અને તેમાંથી સજીવ પેદા થાય છે) અને તે કોણ છે જે બધા જ કાર્યોનું આયોજન કરે છે (તેમને સવાલ કરો) ? બસ, અવશ્ય તેઓ (જવાબમાં) એવું જ કહેશે કે (તે બધી પ્રવૃત્તિઓનો કર્તા) "અલ્લાહ" (જ) છે; તો તેમને કહો કે પછી (શિર્ક કરવાથી) કેમ બચતા નથી ? બસ, (જેની આવી પ્રવૃત્તિઓ અને ખાસિયતો વર્ણન થઈ) એ છે અલ્લાહ જે તમારો હકીકી (વાસ્તવિક) પરવરદિગાર છે ! (અને તેનું સત્ય હોવું સાબિત થઈ ચૂક્યું) પછી સત્ય (બાબત) સાબિત થઈ ગયા પછી ગુમરાહી સિવાય શું બાકી રહી ગયું ? (એટલે કે જે સત્યનું વિરોધી છે તે ગુમરાહી છે અને તવહીદનું સત્ય હોવું સાબિત થઈ ચૂક્યું છે, બસ શિર્ક એ ચોક્કસ ગુમરાહી છે) પછી (સત્યને છોડીને) ક્યાં (જૂઠ તરફ) ભટકી રહ્યા છો !

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં દુનિયવી જિંદગી અને તેનું કાયમી ન હોવાનું ઉદાહરણ તે ખેતી સાથે સરખાવવામાં આવ્યું છે જે વરસાદી પાણીથી સિંચાઈને હરિયાળી થઈ લહેરાવા લાગે છે, પછી દરેક પ્રકારના ફળ-ફૂલ તેમાંથી નીકળી આવે છે અને ખેતીના માલિકો ખુશખુશાલ થઈ જાય છે કે હવે અમારી સઘળી જરૂરિયાતો તેનાથી પૂરી થશે પરંતુ તેમની નાફરમાનીઓના કારણે રાત્રે અથવા દિવસે અમારા અઝાબથી કોઈ દુર્ઘટના આવી પડે કે જેનાથી તેમની આ ખેતી એવી રીતે સાફ થઈ જાય જાણે કે ત્યાં પહેલેથી કોઈ વસ્તુ ઉપસ્થિત જ ન હતી, આ તો દુનિયાની જિંદગીની હાલત છે અને ત્યારબાદ પ્રસ્તુત આયતમાં તેના મુકાબલામાં આખિરતના ઘરની હાલત પણ વર્ણન કરવામાં આવી છે.

ઈરશાદ છે, وَاللّٰهُ يَدْعُوْٓا اِلٰى دَارِ السَّلٰمِ એટલે કે, "અલ્લાહ તઆલા માનવોને "દારુસ્સલામ" (સલામતીના ઘર) તરફ આમંત્રણ આપે છે." એટલે કે એવા ઘર તરફ જેમાં દરેક પ્રકારની સુરક્ષા જ સુરક્ષા છે, ન તો તેમાં કોઈ પ્રકારની

તકલીફ છે અને ન જ રંજ છે, ન તો ગમ છે અને ન જ બીમારીનો ભય છે, ન તો તે નષ્ટ થવાની બીક છે અને ન જ તેની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થવાનો ડર છે.

"દારુસ્સલામ"નો ભાવાર્થ "જન્નત" છે, તેને "દારુસ્સલામ" કહેવાનો અર્થ એ છે કે તેમાં દરેક પ્રકારની સલામતી, શાંતિ અને સંતોષ દરેક વ્યક્તિને પ્રાપ્ત થશે, બીજું કારણ અમુક રિવાયતોમાં એ છે કે જન્નતનું નામ "દારુસ્સલામ" એટલા માટે પણ રાખવામાં આવ્યું છે કે તેમાં વસવાટ કરનારાઓને હંમેશા અલ્લાહ તઆલા તરફથી, વળી ફરિશ્તાઓ તરફથી સલામ પહોંચતા રહેશે બલકે શબ્દ "સલામ" જ જન્નતના નિવાસીઓની વિશિષ્ટ ભાષા હશે જેના દ્વારા તેઓ પોતાની ઈચ્છાઓ જાહેર કરશે અને ફરિશ્તાઓ તેમને તે ઉપલબ્ધ કરાવશે, જેમકે આનાથી આગલી આયતમાં આવી ચૂક્યું છે.

હઝરત યહ્યા બિન મઆઝ (રદિ.)એ આ આયતના વિવરણમાં સામાન્ય લોકોની શિખામણ સ્વરૂપે સંબોધન કરીને ફરમાવ્યું કે, "હે આદમના સંતાન ! તને અલ્લાહ તઆલાએ દારુસ્સલામ તરફ બોલાવ્યો તો તે ઈલાહી આમંત્રણ તરફ ક્યારે અને ક્યાંથી કદમ ઉઠાવીશ ? સારી પેઠે જાણી લે કે આ આમંત્રણનો સ્વીકાર કરવા માટે જો તેં દુનિયામાં જ પ્રયત્નો શરૂ કરી દીધા તો તું સફળ થઈ ગયો અને તું દારુસ્સલામમાં પહોંચી જઈશ અને જો તેં આ દુનિયાની જિંદગીને નકામી વેડફી નાંખ્યા પછી એવું ઈચ્છ્યું કે કબરમાં પહોંચીને આ આમંત્રણ તરફ ચાલીશ તો તારો માર્ગ રોકી લેવામાં આવશે, તું ત્યાં એક કદમ પણ આગળ વધી શકીશ નહીં, કારણ કે તે "દારુલ અમલ" (કર્મભૂમિ) નથી."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "દારુસ્સલામ જન્નતના સાત નામોમાંથી એક છે." *(તફસીરે કુર્તુબી)*

જેનાથી જાણ થઈ કે દુનિયામાં કોઈ ઘરનું નામ "દારુસ્સલામ" રાખવું યોગ્ય નથી, જેમકે "જન્નત" અથવા "ફિરદૌસ" નામ રાખવું પણ દુરુસ્ત નથી.

ત્યાર પછી પ્રસ્તુત આયતમાં ઈરશાદ ફરમાવ્યો, وَيَهْدِىْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ એટલે કે, "અલ્લાહ તઆલા પહોંચાડી દે છે જેને ચાહે સીધા માર્ગ ઉપર."

ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલા તરફથી "દારુસ્સલામ"નું આમંત્રણ

બધી જ માનવજાત માટે સર્વસામાન્ય છે અને આ જ ભાવાર્થના આધારે સૌના માટે હિદાયત પણ સર્વસામાન્ય છે, પરંતુ હિદાયતનો ખાસ પ્રકાર કે સીધા માર્ગ ઉપર ઊભા કરી દેવામાં આવે અને ચાલવાની તવફીક આપવામાં આવે એવું ઈનામ ખાસ–ખાસ લોકોને જ નસીબ થતું હોય છે.

પ્રસ્તુત બે આયતોમાં "દારે દુનિયા" (દુનિયાનું ઘર) અને "દારે આખિરત" (આખિરતનું ઘર)ની સરખામણી તથા દુનિયાના નિવાસીઓ અને આખિરતના નિવાસીઓની પરિસ્થિતિઓનું વર્ણન હતું, આગલી ચાર આયતોમાં બંને પક્ષોના સારા બદલા અને સજાનું વર્ણન છે, પ્રથમ જન્નતના નિવાસીઓનો ઉલ્લેખ આ પ્રમાણે કરવામાં આવ્યો કે જે લોકોએ નેકી અપનાવી એટલે કે સૌથી મોટી નેકી ઈમાન અને પછી નેક કાર્યો (સદ્કૃત્યો) ઉપર કાયમ રહ્યા તેમને તેમના અમલોનો શ્રેષ્ઠ અને ઉચ્ચ બદલો મળશે અને ફક્ત બદલો જ નહીં બલકે બદલાથી પણ વધારે મળશે.

આ આયતની તફસીર જે રસૂલે કરીમ ﷺએ પોતે ફરમાવી છે તે એવી છે કે આ સ્થળે "સારા બદલા"નો ભાવાર્થ "જન્નત" છે અને "વધારે"નો ભાવાર્થ અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાની "ઝિયારત" છે જે જન્નતના નિવાસીઓને પ્રાપ્ત થશે. *(તફસીરે કુર્તુબી બ રિવાયતે અનસ રદિ.)*

જન્નતની એટલી વાસ્તવિકતાથી તો દરેક મુસલમાન વાકેફ છે કે તે એવી રાહતો અને નેઅ્મતોનું કેન્દ્ર છે કે જેની માનવી અત્યારે કલ્પના પણ કરી શકતો નથી અને અલ્લાહ તઆલાની ઝિયારત આ બધી નેઅ્મતો ઉપર શ્રેષ્ઠતા ધરાવે છે.

સહીહ મુસ્લિમમાં હઝરત સુહેબ (રદિ.)ની રિવાયતથી નકલ થયું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "જ્યારે જન્નતના નિવાસીઓ જન્નતમાં પ્રવેશ પામી ચૂકશે તો અલ્લાહ તઆલા તેમને સંબોધન કરશે કે શું તમને કોઈ બીજી વસ્તુની જરૂરિયાત છે ? જો હોય તો બતાવો, અમે તેને પૂર્ણ કરી આપીએ. જન્નતના નિવાસીઓ જવાબ આપશે કે તેં અમારા ચહેરાઓ રોશન કર્યા, અમને જન્નતમાં પ્રવેશ આપ્યો, જહન્નમથી છુટકારો આપ્યો તેનાથી વધારે અમે કઈ વસ્તુની માંગણી કરીએ ? તે સમયે વચ્ચેથી પડદો ઉઠાવી લેવામાં આવશે અને જન્નતના નિવાસીઓ અલ્લાહ તઆલાની ઝિયારત કરશે તો જાણ થશે કે જન્નતની

સમગ્ર નેઅ્મતોથી વધીને આ નેઅ્મત હતી જેના તરફ તેમનું ધ્યાન પણ ગયું ન હતું જે સમગ્ર વિશ્વોના માલિક અલ્લાહ રબ્બુલ આલમીને ફક્ત પોતાની કૃપાથી વણમાંગે અર્પણ કર્યું.'' મવલાના રૂમી ફરમાવે છે,

ما نبودیم وتقاضۂ ما نبود لطف تو نا گفتۂ ما می شنود

અને પછી તે જન્નતના નિવાસીઓની હાલત વર્ણન ફરમાવી કે તેમના ચહેરા ઉપર ક્યારેય અણગમો, તકલીફ કે રંજ-ગમનો પ્રભાવ હશે નહીં અને ન જ તેમના ઉપર ક્યારેય અપમાન છવાશે, જે સંજોગો દુનિયામાં ક્યારેક કોઈને કોઈ પ્રસંગે દરેક મનુષ્ય ઉપર આવી પડે છે આખિરતમાં આવો પ્રભાવ જહન્નમવાળાઓ ઉપર છવાશે.

જન્નતવાળાઓથી વિપરીત જહન્નમવાળાઓની પરિસ્થિતિ એ વર્ણન કરી છે કે, જે લોકોએ દુષ્કૃત્યો આચર્યા તેમના દુષ્કૃત્યોનો બદલો તેમને બિલકુલ યોગ્ય અને સરખા પ્રમાણમાં મળશે, તેમના ઉપર કોઈ અત્યાચાર કે અતિરેક કરવામાં નહીં આવે, તેમના ચહેરાઓ ઉપર અપમાન છવાયેલું હશે, કોઈ વ્યક્તિ તેમને અલ્લાહના અઝાબથી બચાવનાર ન હશે, તેમના ચહેરાઓની નહૂસતની કાળાશની એવી હાલત હશે કે જાણે અંધારી રાતના અનેક પડો તેમના ચહેરાઓ ઉપર લપેટી દેવામાં આવ્યા છે.

ત્યાર પછીની બે આયતોમાં એક સંવાદનું વર્ણન થયું છે, તે સંવાદ જહન્નમના નિવાસીઓ અને તેમને માર્ગ ભટકાવનાર મૂર્તિઓ તથા શયતાનો વચ્ચે મહશરમાં થશે. ઈરશાદ થયો છે, તે દિવસે અમે સૌને ભેગા કરીશું, પછી મુશ્રિકોને કહીશું કે તમે અને તમારા નક્કી કરેલા મઅ્બૂદો દરેક પોત-પોતાના સ્થળે થોભી જાઓ જેથી તમે પોતાના અકીદહની વાસ્તવિકતાને જાણી લો, ત્યારબાદ તે લોકોમાં અને તેમના મઅ્બૂદોમાં જે એકતાનો સંબંધ દુનિયામાં જોવા મળતો હતો તેને કાપી નાંખવામાં આવશે, જેનું પરિણામ એવું આવશે કે તે મૂર્તિઓ પોતે બોલી ઉઠશે કે તમે અમારી ઈબાદત કરતા ન હતા અને અલ્લાહને ગવાહ બનાવીને કહેશે કે અમને તમારી શિર્કયુક્ત ઈબાદતની કંઈ જ ખબર ન હતી, કારણ કે ન તો અમારામાં ગ્રહણ કરવાની કે હલન-ચલન કરવાની શક્તિ હતી અને ન જ અમારામાં સમસ્યાઓ સમજવાપાત્ર બુદ્ધિ અને સભાનતા હતી.

છઠ્ઠી આયતમાં બંને પક્ષો એટલે કે જન્નતના નિવાસીઓ અને જહન્નમવાળાઓની એકસમાન પરિસ્થિતિનું વર્ણન થયું છે કે, આ સ્થળે એટલે કે મહશરમાં દરેક વ્યક્તિ પોત-પોતાની કરેલી પ્રવૃત્તિઓની કસોટી કરી લેશે કે તે લાભદાયક હતું અથવા નુકસાનકારક અને બધા જ પોતાના હકીકી સત્ય મઅ્બૂદ પાસે પહોંચાડી આપવામાં આવશે અને બધા જ આધારો અને સહારાઓ જે દુનિયામાં મનુષ્ય ઢૂંઢે છે સમાપ્ત કરી દેવામાં આવશે અને મુશ્રિકો જે મૂર્તિઓને પોતાના મદદગાર અને ભલામણ કરનાર સમજ્યા કરતા હતા તે સૌ અદશ્ય થઈ જશે.

સાતમી અને આઠમી આયતમાં કુર્આને કરીમે પોતાની હિકમતસભર અને કેળવણીયુક્ત શૈલીમાં મુશ્રિકોની આંખો ખોલવા માટે તેમના માટે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ફરમાવ્યું કે, આસમાનો અને પૃથ્વીમાંથી તમારું રિઝ્ક (રોજી) કોણ આપે છે ? અથવા કોણ તે આંખો અને કાનનો માલિક છે ? તે જ્યારે ઈચ્છે ત્યારે તેની શ્રવણ શક્તિ અને દષ્ટિ પેદા કરે અને જ્યારે ઈચ્છે ત્યારે તેને ખૂંચવી લે અને કોણ છે જે મૃત વસ્તુમાંથી સજીવને પેદા કરે છે ? જેમકે માટીમાંથી ઘાસ અને ઝાડ અથવા તો નુત્ફાથી મનુષ્ય અથવા પ્રાણી અથવા તો ઈંડામાંથી પક્ષી વગેરે અને જીવંતમાંથી મૃતને પેદા કરે છે, જેમકે મનુષ્ય અને પ્રાણીમાંથી નિર્જીવ નુત્ફો અને કોણ છે જે સમગ્ર સૃષ્ટિના કાર્યોનું આયોજન કરે છે ?

પછી ફરમાવ્યું કે જ્યારે તમે તે લોકોને સવાલ કરશો તો તે સૌ એવું જ કહેશે કે, આ બધી વસ્તુઓનો પેદા કરનાર એકમાત્ર અલ્લાહ છે ! તો પછી તેમને કહો કે, તમે અલ્લાહથી કેમ ડરતા નથી ? જ્યારે બધી જ વસ્તુઓનો પેદા કરનારો અને ટકાવી રાખનારો તથા તે બધાને પ્રવૃત્તિમય રાખવાનું આયોજન કરનારો એકમાત્ર તે જ અલ્લાહ છે તો પછી ઈબાદત અને આજ્ઞાપાલનનો હકદાર તેના સિવાય અન્યને કેમ બનાવો છો ?

અંતિમ આયતમાં فَذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمُ الْحَقُّ، فَمَا ذَا بَعْدَ الْحَقِّ اِلَّا الضَّلٰلُ ફરમાવ્યું, એટલે કે એ જ તે જાત છે જેની પરિપૂર્ણ સિફતોનું વર્ણન હમણાં-હમણાં થઈ ચૂક્યું. હવે, સત્ય પછી ગુમરાહી સિવાય શું બાકી રહે છે ? એટલે કે, જ્યારે અલ્લાહ તઆલાનું એકમાત્ર સાચા મઅ્બૂદ હોવું સાબિત થઈ

ચૂક્યું તો પછી તે સત્ય મઅ્બૂદને છોડીને અન્યો તરફ ચહેરો ફેરવવો કેટલી અયોગ્ય વાત છે ?!

આ આયતના મસ્અલાઓ અને ખુલાસાઓમાંથી એ વાત યાદ રાખવાપાત્ર છે કે, આ આયતમાં مَاذَابَعۡدَ الۡحَقِّ اِلَّا الضَّلٰلُ થી એ સાબિત થાય છે કે સત્ય અને ગુમરાહી વચ્ચે કોઈ ત્રીજી બાબત નથી, જે સાચું નથી તે જૂઠું છે અને ગુમરાહીમાં સામેલ છે, એવું કોઈ કાર્ય નથી હોઈ શકતું જે ન તો સત્ય હોય અને ન જ ગુમરાહી હોય અને એવું પણ નથી હોઈ શકતું કે બે વિરોધાભાસી વસ્તુઓ સત્ય હોય, તવહીદના અકીદાના સિદ્ધાંતમાં આ કાયદો જમહૂર ઉમ્મત નજીક સર્વમાન્ય છે. અલબત્ત, ગૌણ મસ્અલાઓ અને વિભાગીય ફિક્હી બાબતમાં ઉલમાના મતભેદો રહ્યા છે, અમુક લોકોના મતે ઈજ્તિહાદિ મસ્અલાઓ (કુર્આન અને હદીષમાં જે બાબતનો ખુલ્લો અને સ્પષ્ટ આદેશ ન હોય તેવા મસ્અલાઓ)માં બંને બાજુએ હક હોવાનું કહેવામાં આવશે અને જમહૂર તેના ઉપર સર્વસહમત છે કે, ઈજ્તિહાદી મસ્અલાઓમાં વિરોધાભાસી બાબતને પણ બાતિલ કે ગુમરાહી કહી શકાતી નથી.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૩૩ થી ૩૬)

كَذٰلِكَ حَقَّتۡ كَلِمَتُ رَبِّكَ عَلَى الَّذِيۡنَ فَسَقُوۡۤا اَنَّهُمۡ لَا يُؤۡمِنُوۡنَ ﴿۳۳﴾
قُلۡ هَلۡ مِنۡ شُرَكَآئِكُمۡ مَّنۡ يَّبۡدَؤُا الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ ؕ قُلِ اللّٰهُ يَبۡدَؤُا
الۡخَلۡقَ ثُمَّ يُعِيۡدُهٗ فَاَنّٰى تُؤۡفَكُوۡنَ ﴿۳۴﴾ قُلۡ هَلۡ مِنۡ شُرَكَآئِكُمۡ مَّنۡ يَّهۡدِىۡۤ اِلَى
الۡحَـقِّ ؕ قُلِ اللّٰهُ يَهۡدِىۡ لِلۡحَـقِّ ؕ اَفَمَنۡ يَّهۡدِىۡۤ اِلَى الۡحَـقِّ اَحَقُّ اَنۡ يُّتَّبَعَ اَمَّنۡ لَّا
يَهِدِّىۡۤ اِلَّاۤ اَنۡ يُّهۡدٰى ۚ فَمَا لَكُمۡ ۚ كَيۡفَ تَحۡكُمُوۡنَ ﴿۳۵﴾ وَمَا يَتَّبِعُ اَكۡثَرُهُمۡ اِلَّا
ظَنًّا ؕ اِنَّ الظَّنَّ لَا يُغۡنِىۡ مِنَ الۡحَـقِّ شَيۡــئًا ؕ اِنَّ اللّٰهَ عَلِيۡمٌۢ بِمَا يَفۡعَلُوۡنَ ﴿۳۶﴾

તરજુમો :

એ જ રીતે તમારા પરવરદિગારની વાત તે નાફરમાનો ઉપર સાચી ઠરી કે

આ ઈમાન લાવશે નહીં. (૩૩) પૂછો, તમારા શરીકોમાં છે કોઈ જે ખલ્ક (સૃષ્ટિ) પેદા કરે ? પછી બીજીવાર જીવંત કરે ? તમે કહો ! અલ્લાહ પ્રથમવાર પેદા કરે છે ફરી તેનું પુનરાવર્તન કરશે, બસ ક્યાંથી અવળા જાઓ છો ? (૩૪) પૂછો, છે કોઈ તમારા શરીકોમાં જે સાચો માર્ગ બતાવે ? તમે કહો ! અલ્લાહ સાચો માર્ગ બતાવે છે; તો હવે જે કોઈ સાચો માર્ગ બતાવે તેની વાત માનવી જોઈએ અથવા તેની જે પોતે માર્ગ ન પામે પરંતુ જ્યારે કોઈ બીજો તેને માર્ગ બતાવે ? બસ, તમને શું થઈ ગયું ? કેવો ન્યાય કરો છો! અને તેઓ મોટે ભાગે માત્ર અટકળ ઉપર ચાલે છે, બસ અટકળ સત્ય વાતમાં કંઈપણ કામ નથી આપતી, અલ્લાહને સારી પેઠે ખબર છે જે કંઈ તેઓ કરે છે. (૩૫)

શબ્દાર્થ :

لَا يَهِدِّيْ (લા યહિદ્દી) આ શબ્દ વાસ્તવમાં لَا يَهْتَدِيْ (લા યહ્તદી) હતો તે ભાષાકીય પરિવર્તન لَا يَهِدِّيْ (લા યહિદ્દી) બની ગયો. لَا يَهْتَدِيْ (લા યહ્તદી)નો અર્થ જાહેર છે, એટલે કે, "તે વ્યક્તિ, જે હિદાયત પામતો નથી."

તફસીર :

(રસૂલે કરીમ ﷺને દિલાસો આપવામાં આવ્યો છે, રસૂલે કરીમ ﷺ લોકોની બાતિલ પૂજાથી ગમગીન અને દિલગીર રહેતા હતા. ઈરશાદ છે કે જે પ્રમાણે આ લોકો ઈમાન નથી લાવતા) એ જ પ્રમાણે તમારા પરવરદિગારની આ (કાયમી) વાત કે તે બધા જ નાફરમાન (માથાભારે) લોકો ઈમાન નહીં લાવે સત્ય સાબિત થઈ ચૂકી છે (પછી તમે શા માટે દિલગીર થાઓ છો ? અને) તમે (તેમને) એવું (પણ) કહો કે શું તમારા (નક્કી કરેલા જૂઠા ઘડી કાઢેલા અલ્લાહના) શરીકોમાં (કે જેઓ બુદ્ધિવાળા પણ છે જેમકે શયતાનો અને જડ મૂર્તિઓ પણ છે) કોઈ એવો છે જે પ્રથમવાર પણ (મખ્લૂકને) પેદા કરે પછી (કયામતમાં) ફરીવાર પણ પેદા કરે ? (જો તેઓ એ કારણથી કે તેમાં ઘડી કાઢેલા જૂઠા મઅ્બૂદોનું અપમાન છે અને એ કારણે જવાબ આપવામાં ખચકાટ અનુભવે તો) તમે કહી આપો કે અલ્લાહ જ પ્રથમવાર પેદા કરે છે પછી તે જ ફરીવાર પેદા કરશે, બસ (આ હકીકત છતી થયા પછી પણ) પછી તમે ક્યાં (સત્યથી) પાછા ફરી જાઓ છો ? (અને) તમે (તેમને એ પણ) કહો કે શું તમારા (નક્કી કરેલા

કહેવાતા બુદ્ધિવાળા અલ્લાહ માટે ઘડી કાઢેલા જૂઠા) શરીકો (જેમકે શયતાનો વગેરે)માં કોઈ એવો છે જે સત્યનો માર્ગ બતાવતો હોય ? તમે કહી આપો કે અલ્લાહ જ સત્યનો માર્ગ (પણ) બતાવે છે (એટલા માટે તેણે બુદ્ધિ આપી, અંબિયા અલૈ.ને મોકલ્યા તેનાથી વિપરીત શયતાનો આ પ્રવૃત્તિઓ ઉપર કાબૂ ધરાવતા નથી અને તેમને જે બુદ્ધિ અર્પણ કરવામાં આવી છે તેને તેઓ અન્યોને સત્ય માર્ગથી ગુમરાહ અને વેગળા કરવામાં ઉપયોગે છે) તો પછી (તેમને કહી આપો કે એ બતાવો કે) જે હસ્તી સત્યનો માર્ગ બતાવતી હોય તે વધારે અનુસરણ પાત્ર છે અથવા તે વ્યક્તિ જેને કોઈના બતાવ્યા વિના માર્ગ જ ન સૂઝે ? (અને તેનાથી વધીને એ કે સમજાવવા છતાં પણ તેઓ તેના ઉપર ન ચાલ્યા જેમકે શયતાનો પછી જ્યારે તેઓ અનુસરણના પાત્ર જ નથી તો ઈબાદતના લાયક ક્યાંથી હોઈ શકે છે ?) તો (હે મુશ્રિકો !) તમને શું થઈ ગયું છે ? તમે કેવો માર્ગ અપનાવ્યો છે ? (કે તવહીદને છોડીને શિર્કને અપનાવો છો ?) અને (તમાશો એ છે કે પોતાના આ ઘડી કાઢેલા જૂઠા અકીદાઓ ઉપર આ લોકો કોઈ દલીલ પણ ધરાવતા નથી, બલકે) તેમનામાંથી મોટા ભાગના લોકો ફક્ત નરી અટકળો ઉપર ચાલી રહ્યા છે (અને) ખરેખર નરી અટકળો સત્ય(પૂરવાર કરવા)માં જરા પણ લાભકારક નથી, (ખૈર) એ જે કંઈ કરી રહ્યા છે બેશક ! અલ્લાહ તઆલાને તે સઘળી ખબર છે (વખત આવ્યે તેની સજા જરૂર મળશે).

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૩૭ થી ૪૦)

وَمَا كَانَ هٰذَا الْقُرْاٰنُ اَنْ يُّفْتَرٰى مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ تَصْدِيْقَ الَّذِيْ
بَيْنَ يَدَيْهِ وَتَفْصِيْلَ الْكِتٰبِ لَا رَيْبَ فِيْهِ مِنْ رَّبِّ الْعٰلَمِيْنَ ﴿٣٧﴾ اَمْ يَقُوْلُوْنَ
افْتَرٰىهُ ۭ قُلْ فَاْتُوْا بِسُوْرَةٍ مِّثْلِهٖ وَادْعُوْا مَنِ اسْتَطَعْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ
كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٣٨﴾ بَلْ كَذَّبُوْا بِمَا لَمْ يُحِيْطُوْا بِعِلْمِهٖ وَلَمَّا يَاْتِهِمْ تَاْوِيْلُهٗ ۭ كَذٰلِكَ
كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الظّٰلِمِيْنَ ﴿٣٩﴾ وَمِنْهُمْ مَّنْ يُّؤْمِنُ
بِهٖ وَمِنْهُمْ مَّنْ لَّا يُؤْمِنُ بِهٖ ۭ وَرَبُّكَ اَعْلَمُ بِالْمُفْسِدِيْنَ ﴿٤٠﴾

તરજુમો :

અને તે નથી આ કુર્આન કે કોઈ બનાવી લે અલ્લાહના સિવાય અને પરંતુ ખરાઈ કરે છે આગલા કલામની અને તે વસ્તુઓને વર્ણન કરે છે જે તમારા ઉપર લખવામાં આવી જેમાં કોઈ શંકા નથી પરવરદિગારે આલમ તરફથી. (૩૭) શું લોકો કહે છે કે આ બનાવી લાવ્યો છે ? તમે કહી આપો ! તમે લઈ આવો એક જ સૂરત આવી અને બોલાવી લો જેને બોલાવી શકો અલ્લાહના સિવાય જો તમે સાચા છો ! (૩૮) વાત એમ છે કે જૂઠાડવા લાગ્યા જેને સમજવા ઉપર તેમણે કાબૂ ન પામ્યો અને હજુ તેની હકીકત આવી નથી, આ જ પ્રમાણે તેમનાથી આગલા જૂઠાડતા રહ્યા, બસ જોઈ લો ગુનેહગારોનો કેવો અંજામ થયો ? (૩૯) અને અમુક તેમનામાં કુર્આનનું યકીન કરશે અને અમુક યકીન કરશે નહીં અને તમારો પરવરદિગાર શરારતવાળાઓ (ફસાદખોરો)ને સારી પેઠે જાણે છે. (૪૦)

તફસીર :

અને આ કુર્આન ઘડી કાઢેલું નથી કે અલ્લાહ સિવાય કોઈ બનાવી શકે, બલકે આ તો તે કિતાબોની ખરાઈ કરનારું છે જે તેનાથી અગાઉ (નાઝિલ) થઈ ચૂકી છે અને (અલ્લાહ તઆલાના) જરૂરી હુકમોની સ્પષ્ટતા વર્ણન કરનારું છે (અને) તેમાં કોઈ સંદેહ (કે શંકા) નથી (અને તે) સમગ્ર વિશ્વોના માલિક તરફથી (નાઝિલ થયું) છે, (તે ઘડી કાઢેલું ન હોવા છતાં) આ લોકો એવું કહે છે કે (નઊઝુબિલ્લાહ !) તમે તેને ઘડી કાઢ્યું છે ? આપ (ﷺ તેમને) કહી આપો કે (વારું) તો પછી તમે (પણ અરબી જાણો છો અને ઉચ્ચ કક્ષાના સાહિત્યકારો પણ છો તો) તેના જેવી એક જ સૂરત (બનાવી) લાવો અને (એકલા નહીં) જેને-જેને અલ્લાહ સિવાય બોલાવી શકો તેમને (મદદ માટે) બોલાવી લો જો તમે સાચા છો (કે નઊઝુબિલ્લાહ ! આ કુર્આન મેં લખ્યું છે તો તમે પણ લખી લાવો પરંતુ મુશ્કેલી તો એ જ છે કે આ પ્રકારની દલીલોથી ફાયદો તેને જ થાય છે જે સમજવા પણ ઈચ્છતો હોય, બસ જ્યારે તેમણે કદી સમજવાની ઈચ્છા જ નથી રાખી) બલકે, એવી વસ્તુઓને જૂઠાડતા રહ્યા જે(ના સાચા-ખોટા હોવા બાબત)ના જ્ઞાન ઉપર તેમને કાબૂ પ્રાપ્ત ન થયો (અને તેમનો પરિસ્થિતિ સમજવાનો ઈરાદો પણ નથી, શું એવા લોકોથી સમજવાની આશા રાખી શકાય છે ?) અને (તેમની આ

બેફિકરાઈ અને બેદરકારીનું કારણ એ છે કે) હજુ તેમને એ (કુર્આન જૂઠાડવા)નો અંતિમ નતીજો નથી મળ્યો (એટલે કે અઝાબ નથી આવ્યો નહિતર બધો જ ખુમાર ઊતરી ગયો હોત અને આંખો ખુલી ગઈ હોત તથા સત્ય અને અસત્ય સમજાઈ ગયું હોત પરંતુ અંતે ક્યારેક તો તેનું પરિણામ સામે આવવાનું જ છે, બસ તે સમયે તેમનું ઈમાન લાભ નહીં આપે, એટલા માટે જે કાફિર) લોકો તેમના પહેલાં થયા છે આ જ પ્રમાણે (જેમકે કોઈ તહકીક વિના આ લોકો જૂઠાડી રહ્યા છે) તેમણે પણ (સત્યને) જૂઠાડ્યું હતું, બસ જોઈ લો તે અત્યાચારીઓનો અંજામ કેવો (ખરાબ) આવ્યો ! (એ જ પ્રમાણે આ લોકોનો પણ અંજામ આવશે) અને (અમે જે તેમનો ખરાબ અંજામ બતાવી રહ્યા છે તેમાં બધા સામેલ નથી, કારણ કે) તેમનામાંથી અમુક એવા છે જેઓ આ (કુર્આન) ઉપર ઈમાન લઈ આવશે અને અમુક એવા છે કે તેના ઉપર ઈમાન લાવશે નહીં અને તમારો પરવરદિગાર (તે) ફસાદખોરોને સારી પેઠે જાણે છે (જેઓ ઈમાન લાવશે નહીં; બસ ખાસ નક્કી સમયે વાયદા પ્રમાણે તેમને તેની સજા મળશે).

મસ્અલા અને બોધપાઠ :

وَلَمَّا يَأْتِهِمْ تَأْوِيلُهُ માં تَأْوِيل (તઅ્વીલ)નો ભાવાર્થ આ સ્થળે مَآل અને પરિણામ છે. ભાવાર્થ એ થશે કે, તે લોકોએ પોતાની ગફલત અને બેદરકારીથી કુર્આનમાં વિચાર અને ચિંતન કર્યું નહીં અને તેને જૂઠાડવાના ખરાબ પરિણામને ઓળખ્યું નથી એટલા માટે તેને જૂઠાડવા લાગ્યા છે, પરંતુ મૃત્યુ પછી તરત જ સૌની સામે વાસ્તવિકતા ખુલી જશે અને પોતાના દુષ્ટ કર્મોના ખરાબ પરિણામ હંમેશા માટે ગળાનો હાર બની જશે.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૪૧-૪૨-૪૩-૪૪)

وَإِنْ كَذَّبُوكَ فَقُلْ لِي عَمَلِي وَلَكُمْ عَمَلُكُمْ ۖ أَنْتُمْ بَرِيئُونَ مِمَّا أَعْمَلُ وَأَنَا بَرِيءٌ
مِمَّا تَعْمَلُونَ ﴿٤١﴾ وَمِنْهُمْ مَنْ يَسْتَمِعُونَ إِلَيْكَ ۚ أَفَأَنْتَ تُسْمِعُ الصُّمَّ وَلَوْ كَانُوا
لَا يَعْقِلُونَ ﴿٤٢﴾ وَمِنْهُمْ مَنْ يَنْظُرُ إِلَيْكَ ۚ أَفَأَنْتَ تَهْدِي الْعُمْيَ وَلَوْ كَانُوا لَا
يُبْصِرُونَ ﴿٤٣﴾ إِنَّ اللَّهَ لَا يَظْلِمُ النَّاسَ شَيْئًا وَلَٰكِنَّ النَّاسَ أَنْفُسَهُمْ يَظْلِمُونَ ﴿٤٤﴾

તરજુમો :

અને જો તમને જૂઠાડે તો કહો, મારા માટે મારું કામ અને તમારા માટે તમારું કામ ! તમારા ઉપર મારા કામની જવાબદારી નથી અને મારા ઉપર જવાબદારી નથી જે તમે કરો છો. (૪૧) અને અમુક તેમનામાં તમારા તરફ કાન રાખે છે, શું તમે બહેરાઓને સંભળાવશો જો કે તેમને સમજ ન હોય ? (૪૨) અને અમુક તેમનામાં તમારા તરફ દષ્ટિ કરે છે, શું તમે આંધળાઓને માર્ગ બતાવશો જો કે તેઓ સૂઝ રાખતા ન હોય ? (૪૩) અલ્લાહ લોકો ઉપર કંઈપણ જુલમ નથી કરતો પરંતુ લોકો પોતાના ઉપર પોતે જુલમ કરે છે. (૪૪)

તફસીર :

અને જો (આ સ્પષ્ટ દલીલો પછી પણ હે નબી ﷺ !) તમને જૂઠાડતા રહે તો (બસ અંતે એક વાત) એ કહી આપો કે (સારું !) મારું કર્યું મને મળશે અને તમારું કર્યું તમને મળશે, તમે મારી પ્રવૃત્તિના જવાબદાર નથી અને હું તમારી પ્રવૃત્તિનો જવાબદાર નથી (જે રીતે ઇચ્છો રહો પરંતુ આપને એક દિવસે ખબર પડી જશે) અને (તમે તેમના ઈમાનની આશા છોડી દો, કારણ કે) તેમનામાં (ભલે) અમુક એવા (પણ) છે જેઓ (જાહેરમાં) તમારા તરફ કાન લગાવી-લગાવીને બેસે છે (પરંતુ દિલમાં ઈમાન અને સત્ય પામવાનો કોઈ ઈરાદો નથી, બસ એ આધારે તેમનું સાંભળવું અને ન સાંભળવું સરખું છે, બસ તેમની હાલત બહેરાઓ જેવી છે તો) પછી શું તમે બહેરાઓને સંભળાવો છો (અને તેમના સ્વીકાર કરવાની રાહ જૂઓ છો) જો કે તેમનામાં સમજદારી પણ ન હોય ? (હા ! જો સમજ હોત તો બહેરાશમાં પણ કંઈ કામ ચાલી શક્યું હોત) અને (એ જ પ્રમાણે) તેમનામાં અમુક એવા છે કે (જાહેરમાં) તમને (પોતાના મોઅ્જિઝાઓ અને વિશેષતાઓ સાથે) જોતા રહે છે (પરંતુ સત્યનો સ્વીકાર કરવાની ઇચ્છા ન હોવાના કારણે તેમની પરિસ્થિતિ તો આંધળાઓ જેવી છે તો) પછી શું તમે આંધળાઓને માર્ગ બતાવવા ઇચ્છો છો જો કે તેમનામાં દષ્ટિ પણ ન હોય ? (હા ! જો વિવેકબુદ્ધિ હોત તો અંધાપો હોવા છતાં કંઈ કામ ચાલી શક્યું હોત પરંતુ તેમની બુદ્ધિ જે રીતે ભ્રષ્ટ થઈ ચૂકી છે તેનાથી તો) એ નક્કી વાત છે કે અલ્લાહ

તઆલા લોકો ઉપર અત્યાચાર કરતો નથી (કે તેમને હિદાયતની યોગ્યતા ન આપે અને પછી પકડ કરે) પરંતુ લોકો પોતે જ પોતાના ઉપર અત્યાચાર કરે છે (કે અલ્લાહે આપેલ યોગ્યતા હોવા છતાં તેને વ્યર્થ વેડફી નાંખે છે અને તેનાથી કામ લેતા નથી).

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૪૫ થી ૫૬)

وَيَوْمَ يَحْشُرُهُمْ كَاَنْ لَّمْ يَلْبَثُوْٓا اِلَّا سَاعَةً مِّنَ النَّهَارِ يَتَعَارَفُوْنَ بَيْنَهُمْ ط
قَدْ خَسِرَ الَّذِيْنَ كَذَّبُوْا بِلِقَآءِ اللّٰهِ وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ﴿٤٥﴾ وَاِمَّا نُرِيَنَّكَ بَعْضَ
الَّذِيْ نَعِدُهُمْ اَوْ نَتَوَفَّيَنَّكَ فَاِلَيْنَا مَرْجِعُهُمْ ثُمَّ اللّٰهُ شَهِيْدٌ عَلٰى مَا يَفْعَلُوْنَ ﴿٤٦﴾ وَلِكُلِّ
اُمَّةٍ رَّسُوْلٌ ج فَاِذَا جَآءَ رَسُوْلُهُمْ قُضِيَ بَيْنَهُمْ بِالْقِسْطِ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٤٧﴾ وَيَقُوْلُوْنَ
مَتٰى هٰذَا الْوَعْدُ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٤٨﴾ قُلْ لَّآ اَمْلِكُ لِنَفْسِيْ ضَرًّا وَّلَا نَفْعًا
اِلَّا مَا شَآءَ اللّٰهُ ط لِكُلِّ اُمَّةٍ اَجَلٌ ط اِذَا جَآءَ اَجَلُهُمْ فَلَا يَسْتَاْخِرُوْنَ سَاعَةً وَّلَا
يَسْتَقْدِمُوْنَ ﴿٤٩﴾ قُلْ اَرَءَيْتُمْ اِنْ اَتٰىكُمْ عَذَابُهٗ بَيَاتًا اَوْ نَهَارًا مَّاذَا يَسْتَعْجِلُ مِنْهُ
الْمُجْرِمُوْنَ ﴿٥٠﴾ اَثُمَّ اِذَا مَا وَقَعَ اٰمَنْتُمْ بِهٖ ط آٰلْئٰنَ وَقَدْ كُنْتُمْ بِهٖ تَسْتَعْجِلُوْنَ ﴿٥١﴾
ثُمَّ قِيْلَ لِلَّذِيْنَ ظَلَمُوْا ذُوْقُوْا عَذَابَ الْخُلْدِ ج هَلْ تُجْزَوْنَ اِلَّا بِمَا كُنْتُمْ
وقف النبي عليه السلام تَكْسِبُوْنَ ﴿٥٢﴾ وَيَسْتَنْۢبِـُٔوْنَكَ اَحَقٌّ هُوَ ط قُلْ اِيْ وَرَبِّيْٓ اِنَّهٗ لَحَقٌّ ؕ وَمَآ اَنْتُمْ
ع بِمُعْجِزِيْنَ ﴿٥٣﴾ وَلَوْ اَنَّ لِكُلِّ نَفْسٍ ظَلَمَتْ مَا فِي الْاَرْضِ لَافْتَدَتْ بِهٖ ط وَاَسَرُّوا
النَّدَامَةَ لَمَّا رَاَوُا الْعَذَابَ ج وَقُضِيَ بَيْنَهُمْ بِالْقِسْطِ وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿٥٤﴾ اَلَآ
اِنَّ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ط اَلَآ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّلٰكِنَّ اَكْثَرَهُمْ
لَا يَعْلَمُوْنَ ﴿٥٥﴾ هُوَ يُحْيٖ وَيُمِيْتُ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٥٦﴾

તરજુમો :

અને જે દિવસે તેમને એકઠા કરશે જાણે તેઓ રહ્યા ન હતા પરંતુ દિવસની એક ઘડી, એકબીજાને ઓળખશે; બેશક ! નુકસાનમાં પડયા જેમણે અલ્લાહથી મળવાને જૂઠાડયું અને તેઓ માર્ગ ઉપર ન આવ્યા. (૪૫) અને જો અમે તમને તે વાયદાઓમાંથી કોઈ વસ્તુ બતાવીએ જે અમે તેમનાથી કર્યા છે અથવા તમને વફાત આપીએ, બસ અમારા જ તરફ તેમને પાછા વળવાનું છે પછી અલ્લાહ ગવાહ છે તે કામો ઉપર જે તેઓ કરે છે. (૪૬) અને દરેક ઉમ્મતનો એક રસૂલ છે, પછી જ્યારે તેમની પાસે તેમના રસૂલ પહોંચ્યા તેમનામાં ન્યાયથી ફૈસલો થયો અને તેમના ઉપર જુલમ થતો નથી. (૪૭) અને કહે છે, ક્યારે છે આ વાયદો જો તમે સાચા છો ? (૪૮) (હે નબી ﷺ!) તમે કહો ! હું માલિક નથી મારા માટે બુરાઈનો ન જ ભલાઈનો પરંતુ જે અલ્લાહ ચાહે, દરેક ઉમ્મતનો એક વાયદો છે જ્યારે તેમનો વાયદો આવી પહોંચશે પછી ન તો એક ઘડી પાછળ સરકી શકશે અને ન જ આગળ સરકી શકશે. (૪૯) તમે કહો, ભલા જુઓ તો ! જો તમારા ઉપર તેનો અઝાબ રાતોરાત આવી પહોંચે અથવા દિવસે તો એનાથી પહેલાં ગુનેહગારો શું કરી લેશે ? (૫૦) શું પછી જ્યારે અઝાબ ઉપસ્થિત થઈ ચૂકશે ત્યારે તેના ઉપર યકીન કરશો ? હવે માન્યું ! અને તમે આનો જ તકાદો કરતા હતા ? (૫૧) પછી ગુનેહગારોને કહેશે, કાયમનો અઝાબ ચાખતા રહો, તે જ બદલો મળે છે જે કંઈ કમાતા હતા. (૫૨) અને તમને ખબર પૂછે છે, શું આ વાત સાચી છે ? તમે કહો, અલબત્ત કસમ મારા પરવરદિગારની ! આ સાચું છે અને તમે થકાવી શકશો નહીં. (૫૩) અને જો દરેક ગુનેહગારની પાસે જેટલું કંઈ જમીનમાં છે અલબત્ત પોતાના (છુટકારાના) બદલામાં આપી દે અને છુપા-છુપા પસ્તાશે જ્યારે અઝાબ જોશે અને તેમનામાં ન્યાયથી ફૈસલો થશે અને તેમના ઉપર જુલમ થશે નહીં. (૫૪) સાંભળી રાખો ! અલ્લાહનું છે જે કંઈ છે આસમાનોમાં અને જમીનમાં; સાંભળી રાખો ! અલ્લાહનો વાયદો સાચો છે પરંતુ ઘણા લોકો જાણતા નથી. (૫૫) તે જ જીવાડે છે અને મારે છે અને તેના જ તરફ પાછા જશો. (૫૬)

તફસીર :

અને તેમને તે દિવસ યાદ અપાવો જેમાં અલ્લાહ તઆલા તેમને એ સ્વરૂપે ભેગા કરશે કે (તેઓ સમજશે કે) જેમકે તેઓ (દુનિયા અથવા બરઝખમાં) આખા દિવસની એક અડધી પળ રહ્યા હશે (કારણ કે તે દિવસ લાંબો પણ હશે અને સખત પણ, એટલા માટે દુનિયા અને બરઝખની મુદત તથા તકલીફ બધું ભૂલીને એવું સમજશે કે તે સમયગાળો ઘણો જ જલદી પસાર થઈ ગયો) અને પરસ્પર એકબીજાને ઓળખશે (પણ ! તે છતાં એકબીજાની મદદ કરી શકશે નહીં તેનાથી વધારે ગમ અને આઘાત લાગશે કારણ કે ઓળખીતા લોકોથી લાભની આશા રહેતી હોય છે) ખરેખર (તે સમયે ઘણા સખત) નુકસાનમાં પડ્યા તે લોકો જેમણે અલ્લાહની પાસે જવાને જૂઠાડ્યું અને તેઓ (દુનિયામાં પણ) હિદાયત પામનારા ન હતા (એટલા માટે આજે નુકસાનમાં પડ્યા બસ તેમના અઝાબનો અસલી દિવસ તો આ દિવસ છે તેમને યાદ અપાવી દો) અને (દુનિયામાં તેમના ઉપર અઝાબ થવો અથવા ન થવો તેનો સંબંધ એ બાબત સાથે છે કે) જે (અઝાબ)નો તેમને અમે વાયદો કરી રહ્યા છે તેમાંથી અમુક થોડો સરખો (અઝાબ) જો અમે તમને બતાવી આપીએ (એટલે કે આપની હયાતીમાં તેમના ઉપર નાઝિલ થઈ જાય) અથવા (તેના નાઝિલ થતા પહેલાં જ) અમે તમને વફાત આપી દઈએ (પછી ભલે તે પાછળથી નાઝિલ થાય અથવા ન પણ થાય) બસ, (બંને સંભાવનાઓ છે કોઈ સંદેહ જરૂરી નથી પરંતુ દરેક હાલત અને દરેક સંભાવનાઓમાં) અમારી પાસે તો તેમને આવવાનું જ છે પછી (સૌને ખબર જ છે કે) અલ્લાહ તઆલા તેમના બધા કૃત્યોની સઘળી જાણકારી ધરાવે છે (બસ, તેના ઉપર સજા આપશે. મતલબ કે આ દુનિયામાં ભલે સજા થાય અથવા ન થાય પરંતુ અસલી મોકા ઉપર અવશ્ય સજા થશે) અને (આ સજા જે એમના માટે નક્કી થઈ છે તે તેમના ઉપર દલીલો પૂર્ણ કર્યા પછી અને ઉઝ્ર–વાંધાઓના સમાધાન કરીને નક્કી થઈ છે અને તેમની શું વિશેષતા છે બલકે, હંમેશાથી અમારી ટેવ એ રહી છે કે જે ઉમ્મતોને અમે જવાબદાર બનાવવા ઈચ્છ્યું તેમનામાંથી) દરેક ઉમ્મત માટે એક હુકમ પહોંચાડનાર (રસૂલ થયા) છે, બસ જ્યારે તેમના તે રસૂલ (તેમની પાસે) આવી ચૂકે છે (અને હુકમો પહોંચાડી આપે છે ત્યારબાદ) તેમનો ફેંસલો ન્યાય સાથે કરવામાં આવે છે (તે ફેંસલો એ જ છે કે

ન માનનારાઓને હંમેશા-હંમેશના અઝાબમાં નાંખવામાં આવે છે) અને તેમના ઉપર (થોડો પણ) અત્યાચાર કરવામાં નથી આવતો (કારણ કે બધી જ દલીલો પૂર્ણ કર્યા પછી સજા આપવું ન્યાયના વિરુદ્ધ નથી) અને આ લોકો (અઝાબની ચેતવણીઓ સાંભળીને જૂઠના ઈરાદાથી એવું) કહે છે કે (હે નબી ! અને હે મુસલમાનો !) આ વાયદો (અઝાબનો) ક્યારે (ઉપસ્થિત) થશે જો તમે સાચા છો? (તો કેમ ઉપસ્થિત કરાવી નથી લેતા ?) તમે (સૌના તરફથી જવાબમાં) ફરમાવી આપો કે હું (પોતે) પોતાની જાત માટે તો કોઈ લાભ (પ્રાપ્ત કરવા)નો અથવા કોઈ નુકસાન(ને દૂર કરવા)નો અધિકાર ધરાવતો જ નથી પરંતુ જેટલો (અધિકાર) અલ્લાહને મંજૂર હોય (એટલો અધિકાર અલબત્ત પ્રાપ્ત છે, બસ જ્યારે હું ખાસ પોતાના નફા અને નુકસાનનો પણ માલિક નથી તો અન્યોના લાભ અને નુકસાનનો તો હું કઈ રીતે માલિક બની શકું ? બસ, અઝાબ આપવો મારા અધિકારમાં નથી, રહી એ વાત કે તે અઝાબ ક્યારે આવશે ? તો બસ વાત એમ છે કે) દરેક ઉમ્મતના (અઝાબના) માટે (અલ્લાહ સમીપ) એક નક્કી સમય છે (ભલે દુનિયામાં અથવા આખિરતમાં; બસ) જ્યારે તે નક્કી સમય આવી પહોંચે છે તો (તે સમયે) એક ઘડી ન પાછળ હટી શકે છે અને ન આગળ સરકી શકે છે (બલકે તાત્કાલિક અઝાબ આવી પડશે, એ જ પ્રમાણે તમારો અઝાબનો સમય પણ નક્કી છે તે સમયે તે ઉપસ્થિત કરી દેવામાં આવશે અને તેઓ જે માંગણી કરી રહ્યા છે કે જે કંઈ થવાનું હોય જલદી થઈ જાય, જેમકે આયત مَتٰى هٰذَا الْوَعْدُ અને رَبَّنَا عَجِّلْ لَّنَا قِطَّنَا માં તેમની આ ઉતાવળનું વર્ણન છે તો) તમે (એના વિશે તેમને) કહી આપો કે એ તો બતાવી આપો કે તમારા ઉપર જો અલ્લાહનો અઝાબ રાત્રે આવી પડે અથવા દિવસે (આવી પડે) તો (એ તો બતાવો કે) અઝાબમાં કઈ વસ્તુ એવી છે કે મુજરીમ લોકો તેને ઉતાવળે માંગી રહ્યા છે ? (એટલે કે અઝાબ તો સખત બાબત છે તેનાથી પનાહ અને શરણ માંગવું જોઈએ, તે ઉતાવળ કરવાની વસ્તુ નથી અને કારણ કે તેમનો આ ઉતાવળ કરવાનો હેતુ જૂઠાડવાનો છે એટલા માટે કહેવામાં આવ્યું કે) શું (હમણા તો જૂઠાડી રહ્યા છો જ્યારે કે સમય સમર્થનના લાભદાયક હોવાનો છે) પછી જ્યારે તે (અસલી વાસ્તવિકતા સામે) આવી જ પડશે (તે સમયે) તેનો સ્વીકાર કરશો ? (જે સમયે સ્વીકાર કરવું કંઈ જ લાભદાયક હશે નહીં અને તે વખતે કહેવામાં આવશે કે) હા ! હવે માનો જ્યારે કે

(પ્રથમથી) તમે (જૂઠાડવાના હેતુથી) તેની ઉતાવળ મચાવી રહ્યા હતા, પછી જાલિમો (એટલે કે મુશ્રિકો)ને કહેવામાં આવશે કે હંમેશાનો અઝાબ ચાખો તમને તમારી જ કરણીનો બદલો મળ્યો છે અને તેઓ (ઉગ્ર આશ્ચર્ય અને ઈન્કારથી) તમને પૂછે છે કે શું અઝાબ સાચી બાબત છે ? તમે ફરમાવી આપો કે હા ! મારા પરવરદિગારની કસમ ! તે સાચી હકીકત છે તમે કોઈપણ પ્રકારે અલ્લાહને થકવી શકવાના નથી (કે તે અઝાબ આપવા ઈચ્છે અને તમે બચી જાઓ) અને (તે અઝાબની એવી કઠોરતા હશે કે) જો દરેક મુશ્રિક વ્યક્તિ પોતાની પાસે (એટલો માલ) હોય કે સમગ્ર પૃથ્વી ભરાઈ જાય તો પણ તેને આપીને પોતાની જાત બચાવવા ઈચ્છશે (જો કે ત્યાં ન તો કોઈ ખજાનો હશે અને ન જ કોઈ વસ્તુ લેવામાં આવશે પરંતુ કઠોરતા એ કક્ષાની હશે કે માલ હોવાનું ધારી પણ લેવામાં આવે તો તે બધો જ બદલામાં આપી દેવા રાજી થઈ જાય) અને જ્યારે અઝાબ જોઈ લેશે તો (વધારે અપમાનિત થવાની બીકે) પસ્તાવાને (પોતાના દિલમાંને દિલમાં જ) ગુપ્ત રાખશે (એટલે કે તેને મૌખિક રીતે ચિહ્નો દ્વારા અથવા તેને પ્રવૃત્તિ દ્વારા જાહેર થવા દેશે નહીં જેથી જોનારાઓ વધારે હસે નહીં પરંતુ અંતે આ સહનશીલતા પણ તે અઝાબની કઠોરતા સામે ચાલશે નહીં) અને તેમનો ફેંસલો ન્યાય સાથે થશે અને તેમના ઉપર (થોડો પણ) જુલમ થશે નહીં, યાદ રાખો જેટલી વસ્તુઓ આસમાનો અને જમીનમાં છે બધી જ અલ્લાહની મિલકત છે (તેમાં જે પ્રમાણે ઈચ્છે ખર્ચ કરે અને તેમાં આ મુજરીમો પણ સામેલ છે, તેમનો ફેંસલો પણ ઉપર પ્રમાણે થઈ શકે છે) યાદ રાખો કે અલ્લાહનો વાયદો સાચો છે (બસ, કયામત અવશ્ય આવશે) પરંતુ ઘણા બધા લોકો વિશ્વાસ જ ધરાવતા નથી; તે જ જિવાડે છે, તે જ મારે છે (બસ, ફરીવાર પેદા કરવું તેના માટે શું અઘરું છે ?) અને તમે સૌ તેની પાસે જ લાવવામાં આવશો (અને હિસાબ-કિતાબ પછી તેના ઉપર સવાબ અથવા અઝાબ થશે).

મસ્અલા અને બોધપાઠ :

يَتَعَارَفُونَ بَيْنَهُمْ એટલે કે, જ્યારે કયામતમાં મુરદાઓને કબરોમાંથી ઉઠાડવામાં આવશે તો એકબીજાને ઓળખશે, જેમકે કોઈ મુલાકાત થયે લાંબો સમય પસાર જ થયો ન હતો.

ઈમામ બગવી (રહ.)એ તેની તફસીરમાં ફરમાવ્યું કે, શરૂઆતમાં એકબીજાને ઓળખી લેશે પરંતુ પાછળથી કયામતના ભયાનક દશ્યો અને ઘટનાઓ સામે આવી જશે તો આ ઓળખ કપાઈ જશે અને અમુક રિવાયતોમાં છે કે તો પણ ઓળખાણ તો રહેશે જ પરંતુ ભયના માર્યા વાત કરી શકશે નહીં.

(મઝહરી)

اَثُمَّ اِذَا مَا وَقَعَ اٰمَنْتُم بِهٖ آلْئٰنَ એટલે કે, "શું તમે ઈમાન તે સમયે લાવશો જ્યારે કે તમારી ઉપર અઝાબ આવી પડશે ?" ભલે મોતના સમયે અથવા તે પહેલાં જ; પરંતુ તે સમયે તમારા ઈમાનના જવાબમાં કહેવામાં આવશે اٰلْـئٰـنَ (આલઆન) શું હવે ઈમાન લાવો છો જ્યારે કે ઈમાનનો સમય પસાર થઈ ચૂક્યો! જેમકે ડૂબતી વખતે ફિરઔને કહ્યું હતું, اٰمَنْتُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا الَّذِیْٓ اٰمَنَتْ بِهٖ بَنُوْٓا اِسْرَآءِیْلَ જવાબમાં કહેવામાં આવ્યું હતું, آلْـئٰنَ (આલઆન) અને તેના ઈમાનનો સ્વીકાર કરવામાં ન આવ્યો, કારણ કે હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું છે કે, "અલ્લાહ તઆલા બંદાઓની તવબહ કબૂલ કરતો જ રહે છે ત્યાં સુધી કે તે મોતના ગળગળામાં ન સપડાય." એટલે કે સકરાંતના સમયે ઈમાન અને તવબહ અલ્લાહ પાસે ભરોસાપાત્ર નથી, એ જ પ્રમાણે દુનિયામાં અઝાબ આવતા પહેલાં–પહેલાં તવબહનો સ્વીકાર થઈ શકે છે, જ્યારે અઝાબ આવી પડે તો પછી તવબહનો સ્વીકાર થતો નથી. સૂરતના અંતે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમની જે ઘટના આવી રહી છે કે તેમની તવબહ સ્વીકાર કરી લેવામાં આવી અને આ એ જ નિયમ હેઠળ હતું કે તેમણે અઝાબને દૂરથી આવતો જોઈને સાચા દિલથી કરગરીને તવબહ કરી લીધી હતી, એટલા માટે અઝાબ હટાવી લેવામાં આવ્યો હતો, જો અઝાબ તેમના ઉપર આવી પડયો હોત તો પછી તવબહનો સ્વીકાર કરવામાં આવ્યો ન હોત.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૫૭ થી ૬૧)

يٰٓاَيُّهَا النَّاسُ قَدْ جَآءَتْكُمْ مَّوْعِظَةٌ مِّنْ رَّبِّكُمْ وَشِفَآءٌ لِّمَا فِى الصُّدُوْرِ ۙ وَهُدًى
وَّرَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ ﴿۵۷﴾ قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا ؕ هُوَ خَيْرٌ مِّمَّا
يَجْمَعُوْنَ ﴿۵۸﴾ قُلْ اَرَءَيْتُمْ مَّآ اَنْزَلَ اللّٰهُ لَكُمْ مِّنْ رِّزْقٍ فَجَعَلْتُمْ مِّنْهُ حَرَامًا

وَّحَلٰلًا ؕ قُلْ آٰللّٰهُ اَذِنَ لَكُمْ اَمْ عَلَى اللّٰهِ تَفْتَرُوْنَ ﴿٥٩﴾ وَمَا ظَنُّ الَّذِيْنَ
يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ يَوْمَ الْقِيٰمَةِ ؕ اِنَّ اللّٰهَ لَذُوْ فَضْلٍ عَلَى النَّاسِ وَلٰكِنَّ
اَكْثَرَهُمْ لَا يَشْكُرُوْنَ ﴿٦٠﴾ وَمَا تَكُوْنُ فِيْ شَاْنٍ وَّمَا تَتْلُوْا مِنْهُ مِنْ قُرْاٰنٍ وَّلَا
تَعْمَلُوْنَ مِنْ عَمَلٍ اِلَّا كُنَّا عَلَيْكُمْ شُهُوْدًا اِذْ تُفِيْضُوْنَ فِيْهِ ؕ وَمَا يَعْزُبُ
عَنْ رَّبِّكَ مِنْ مِّثْقَالِ ذَرَّةٍ فِي الْاَرْضِ وَلَا فِي السَّمَآءِ وَلَآ اَصْغَرَ مِنْ ذٰلِكَ وَلَآ اَكْبَرَ
اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ﴿٦١﴾

તરજુમો :

હે લોકો ! તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી નસીહત આવી છે અને શિફા (ઉપચાર) દિલોના રોગની અને હિદાયત અને રહમત મુસલમાનો માટે. (૫૭) કહો, અલ્લાહની કૃપાથી અને તેની મહેરબાનીથી, બસ એના જ ઉપર તેમણે ખુશ થવું જોઈએ, આ તે વસ્તુઓથી બહેતર છે જે એકઠું કરે છે. (૫૮) કહો, ભલા જુઓ તો અલ્લાહે જે રોજી તમારા માટે ઉતારી પછી તમે તેમાંથી કોઈ હરામ અને કોઈ હલાલ ઠરાવ્યું, કહો ! શું અલ્લાહે તમને હુકમ આપ્યો ? અથવા અલ્લાહ ઉપર આક્ષેપ કરો છો ? (૫૯) અને શું ધારવું છે અલ્લાહ ઉપર જૂઠ ઘડનારાઓનું કયામતના દિવસ વિશે ? અલ્લાહ તો લોકો ઉપર કૃપા કરે છે અને પરંતુ ઘણા લોકો શુક્ર કરતા નથી. (૬૦) અને નથી હોતા તમે કોઈ હાલતમાં અને નથી પઢતા તેમાંથી કંઈ કુર્આન અને નથી કરતા તમે લોકો કંઈ કામ કે અમે તમારી પાસે હાજર નથી હોતા જ્યારે તમે તેમાં પ્રવૃત્ત હોવ છો અને તમારા પરવરદિગારથી અદૃશ્ય નથી રહેતું એક રજકણ બરાબર પણ જમીનમાં અને ન જ આસમાનમાં અને ન તેનાથી નાનું અને ન જ મોટું જે ખુલ્લી કિતાબમાં નથી. (૬૧)

તફસીર :

હે લોકો તમારી પાસે તમારા પરવરદિગાર તરફથી એક એવી વસ્તુ આવી જે (દુષ્કૃત્યોથી રોકવા માટે) શિખામણ છે અને (જો તેના ઉપર અમલ કરીને

દુષ્કૃત્યોથી બચો તો) દિલોમાં જે (ખરાબ કામોથી) રોગ (પેદા થાય) છે તેના માટે ઉપચાર છે અને (નેક કામો કરનારાઓ માટે) માર્ગદર્શન કરનાર છે અને (જો તેના ઉપર અમલ કરીને સદ્‌કાર્યો અપનાવ્યા તો) રહમત (અને સવાબનું માધ્યમ) છે (અને આ બધી બરકતો) ઈમાનવાળાઓ માટે (છે કારણ કે અમલ તેઓ જ કરે છે, બસ કુર્આનની આ બરકત સાંભળીને) તમે (તેમને) કહી આપો કે (જ્યારે કુર્આન આવી વસ્તુ છે તો) લોકોએ અલ્લાહ તઆલાના આ ઈનામ અને રહમત ઉપર ખુશ થવું જોઈએ (અને તેને આ મહાન દોલત સમજીને સ્વીકારી લેવું જોઈએ) તે તેનાથી (એટલે કે દુનિયાથી) ઘણું ઉત્તમ છે જેને ભેગું કરી રહ્યા છો (કારણ કે દુનિયાનો લાભ થોડો અને નષ્ટ થનાર છે અને કુર્આનનો લાભ મોટો અને બાકી રહેનાર છે), તમે તેમને કહો કે એ તો બતાવો કે અલ્લાહે તમારા (ફાયદા) માટે જે કંઈ રોજી મોકલી હતી પછી તમે (પોતાની મનમાની રીતે) તેમાંથી અમુક ભાગ હરામ અને અમુક હલાલ ઠરાવી લીધો (જ્યારે કે તેના હરામ ઠરાવવાની કોઈ દલીલ નથી તો) તમે (તેમને) પૂછો કે શું તમને અલ્લાહે હુકમ આપ્યો છે અથવા (માત્ર) અલ્લાહ ઉપર (પોતાના તરફથી) તોહમત મૂકી રહ્યા છો ? અને જે લોકો અલ્લાહ ઉપર જૂઠા આક્ષેપ કરે છે તેમનું કયામત વિશે શું ધારવું છે ? (જે બિલકુલ ડરતા નથી શું તેઓ સમજે છે કે કયામત નહીં આવે અથવા આવશે પરંતુ અમને કોઈ પૂછતાછ નહીં થાય ?) ખરેખર, લોકો ઉપર અલ્લાહની મહાન કૃપા છે (કે તાત્કાલિક સજા નથી આપતો બલકે તવબહ માટે મહોલત આપી રાખી છે) પરંતુ ઘણા લોકો કદર જાણતા નથી (નહિતર તવબહ કરી લીધી હોત) અને તમે (ભલે) કોઈપણ પરિસ્થિતિમાં હોય અને (એ પરિસ્થિતિમાં) તમે કોઈ સ્થળેથી કુર્આન પઢતા હોવ અને (એ જ પ્રમાણે અન્ય પણ જેટલા લોકો છે) તમે જે પણ કામ કરો છો અમને સૌની સઘળી ખબર રહે છે જ્યારે તમે તે કામ કરવાનું શરૂ કરો છો અને તમારા પરવરદિગાર(ના જ્ઞાન)થી કોઈ વસ્તુ રજકણ બરાબર પણ અદશ્ય નથી ન તો જમીનમાં અને ન જ આસમાનમાં (બલકે, બધું જ તેના જ્ઞાનમાં હાજર છે) અને ન કોઈ વસ્તુ એના (પ્રમાણ)થી નાની અને ન કોઈ વસ્તુ (તેનાથી) મોટી પરંતુ આ સર્વકાંઈ (અલ્લાહના જ્ઞાનના ઘેરામાં હોવાના કારણે છે તથા) 'કિતાબે મુબીન' (એટલે કે લવહે મહફૂઝ)માં (લખાયેલ) છે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં કાફિરો અને મુશ્રિકોની ખરાબ પરિસ્થિતિ તથા આખિરતમાં તેમના ઉપર અનેક પ્રકારના અઝાબોનું વર્ણન હતું.

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ બે આયતોમાં તેમની આ ખરાબ પરિસ્થિતિ તથા ગુમરાહીમાંથી નીકળવાની રીત અને આખિરતના અઝાબથી છુટકારો પામવાનું માધ્યમ બતાવવામાં આવ્યું છે અને તે માધ્યમ અલ્લાહની કિતાબ કુર્આન અને તેના રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ છે અને માનવી તથા માનવજાત માટે આ બંને એવી મહાન નેઅ્મતો છે કે તે આંસમાન અને જમીનની સમગ્ર નેઅ્મતોથી ઉચ્ચ કક્ષાની અને શ્રેષ્ઠ છે. કુર્આનના હુકમો તથા રસૂલે કરીમ ﷺનું અનુસરણ મનુષ્યને સાચા અર્થમાં માનવી બનાવે છે અને જ્યારે માનવ સાચા અર્થમાં પૂર્ણ માનવી બની જાય તો સમગ્ર દુનિયા ઠીકઠાક થઈ જશે અને દુનિયા પણ જન્નત બની જશે.

પ્રથમ આયતમાં કુર્આને કરીમની ચાર વિશેષતાઓનું વર્ણન છે.

એક, مَّوْعِظَةٌ مِّن رَّبِّكُمْ તેમાં مَوْعِظَه (મવઈઝહ) અને وَعْظ (વઅ્ઝ)નો મૂળ અર્થ એવી વસ્તુઓ વર્ણન કરવાનો છે જેને સાંભળીને માનવીનું મન નરમ થાય અને અલ્લાહ તઆલા તરફ ઝૂકે, દુનિયાની નિષ્કાળજીનો પડદો હટી જાય તથા અખિરતની ફિકર-ચિંતા દૃષ્ટિ સમક્ષ રહે. કુર્આને કરીમ પ્રથમથી અંત સુધી આ જ ઉચ્ચ કક્ષાની શિખામણને અત્યંત શ્રેષ્ઠ શૈલીથી વર્ણવે છે અને આમંત્રણ આપે છે, તેમાં દરેક સ્થળે વાયદાઓની સાથે ચેતવણીઓ, સવાબની સાથે અઝાબ, દુનિયા અને આખિરતમાં સફળતા અને કામિયાબીની સાથે નિષ્ફળતા અને ગુમરાહી વગેરેનું એવું સંયુક્ત વર્ણન છે જેને સાંભળીને પથ્થર પણ પાણી થઈ જાય, પછી તેના ઉપર કુર્આને કરીમની પ્રતિષ્ઠા કે જે દિલોની કાયા પલટી નાંખવામાં અજોડ છે.

مَوْعِظَه (મવઈઝહ)ની સાથે مِّن رَّبِّكُمْ (મિર્રબ્બિકુમ)ની શરત કુર્આનની વઅ્ઝના સ્વરૂપને વધારે ઉચ્ચ બનાવે છે કે એનાથી જાણ થઈ કે, આ વઅ્ઝ કોઈ પોતાના જેવા લાચાર મનુષ્ય તરફથી નથી જેના હાથમાં કોઈના લાભ અથવા નુકસાન, અઝાબ અથવા સવાબ કશું જ નથી, બલકે તે રબ્બે કરીમ તરફથી છે

જેના નિવેદનમાં ભૂલની શક્યતા જ નથી અને જેના વાયદા અને ચેતવણીમાં કોઈ કમજોરી, અશક્તિ, ઉણપ કે ત્રુટીનો કોઈ જ ભય નથી.

કુર્આને કરીમનું બીજું લક્ષણ شِفَآءٌ لِّمَافِى الصُّدُوْرِ ઈરશાદ થયેલ છે, તેમાં شِفَاء (શિફાઅ્)નો અર્થ "બીમારી દૂર થવા"નો છે અને صُدُوْر (સુદૂર) એ صَدْر (સદ્ર)નું બહુવચન છે જેનો અર્થ "છાતી" થાય છે, તેનો ભાવાર્થ "હૃદય" અથવા "દિલ" છે.

અર્થ એ છે કે, કુર્આને કરીમ દિલોની બીમારીઓનો સફળ ઈલાજ અને તંદુરસ્તી તથા ઉપચારનો અકસીર નુસ્ખો છે. હઝરત હસન બસરી (રહ.)એ ફરમાવ્યું કે, "કુર્આનના આ લક્ષણથી જાણ થઈ કે તે ખાસ દિલોની બીમારીઓ માટે ઉપચાર છે, શારીરિક બીમારીઓનો ઈલાજ નથી." *(રૂહુલ મઆની)*

પરંતુ બીજા લોકોએ ફરમાવ્યું કે, વાસ્તવમાં કુર્આન દરેક બીમારીનો ઉપચાર છે, ભલે રૂહાની (આધ્યાત્મિક) એટલે કે દિલની બીમારી હોય કે પછી શારીરિક બીમારી, પરંતુ રૂહાની બીમારીઓની તબાહી મનુષ્ય માટે શારીરિક બીમારીઓથી વધારે સખત છે અને તેનો ઈલાજ પણ દરેક વ્યક્તિના કાબૂની વાત નથી, એટલા માટે આ સ્થળે દિલ અને આધ્યાત્મિક બીમારીઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તેનાથી એ જરૂરી નથી બનતું કે તે શારીરિક બીમારીઓ માટે ઉપચાર નથી.

હદીષની રિવાયતો અને ઉમ્મતના ઉલમાના અસંખ્ય અનુભવો એ બાબતે સાક્ષી છે કે, કુર્આને કરીમ જે પ્રમાણે રૂહાની અને દિલની બીમારીઓ માટે ઉચ્ચ કક્ષાનો અકસીર ઈલાજ છે એ જ પ્રમાણે તે શારીરિક બીમારીઓનો પણ શ્રેષ્ઠ ઈલાજ છે.

હઝરત અબૂ સઈદ ખુદરી (રહ.)ની રિવાયત છે કે, "રસૂલે કરીમ ﷺની સેવામાં એક વ્યક્તિ હાજર થયા અને વિનંતી કરી કે, મને છાતીમાં તકલીફ છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, કુર્આન પઢ્યા કરો, કારણ કે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે, شِفَآءٌ لِّمَافِى الصُّدُوْرِ એટલે કે, કુર્આન તે બધી જ બીમારીઓની શિફા છે જે છાતીઓમાં હોય છે." *(રૂહુલ મઆની અઝ ઈબ્ને મરદૂયા)*

એ જ પ્રમાણે હઝરત વાષિલા બિન અસ્કઅ્ (રદિ.)ની રિવાયત છે કે,

"એક માણસ રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને વર્ણન કર્યું કે, મારા ગળામાં તકલીફ છે, રસૂલે કરીમ ﷺએ તેને પણ એ જ ફરમાવ્યું કે, કુર્આન પઢયા કરો."

ઉમ્મતના ઉલમાની અમુક રિવાયતો અને નિશાનીઓથી અને અમુક પોતાના અનુભવોથી કુર્આનની આયતોની ખાસિયતો અને લાભોને આગવી કિતાબોમાં ભેગા કરી દેવામાં આવ્યા છે. ઈમામ ગઝાલીની કિતાબ "ખવાસે કુર્આની" તેના વર્ણનમાં ખૂબ પ્રખ્યાત છે જેનું સંપાદન હઝરત હકીમુલ ઉમ્મત મવલાના થાનવી (રહ.)એ "આ'માલે કુર્આની"ના નામથી કર્યું છે અને આ બાબતે અવલોકનો તથા અનુભવો એટલા બધા છે કે એનો ઈન્કાર કરી શકાતો નથી કે કુર્આને કરીમની વિવિધ આયતો વિવિધ શારીરિક બીમારીઓ માટે પણ સંપૂર્ણ ઉપચાર સાબિત થયેલ છે. હા ! એવું અવશ્ય છે કે કુર્આન નાઝિલ થવાનો મૂળ હેતુ અને મકસદ દિલ તથા રૂહની બીમારીઓને જ દૂર કરવાનો છે અને ગૌણ સ્વરૂપે શારીરિક બીમારીઓનો પણ શ્રેષ્ઠ ઉપચાર છે.

એનાથી તે લોકોની મૂર્ખાઈઓ તથા ખોટી માન્યતાઓ પણ જાહેર થઈ ગઈ જેઓ કુર્આને કરીમને ફક્ત શારીરિક બીમારીઓનો ઈલાજ અથવા દુનિયવી જરૂરિયાતો માટે જ પઢે અથવા પઢાવે છે, ન તો રૂહાની બીમારીઓની સુધારણા તરફ ધ્યાન આપે છે અને ન જ કુર્આનની હિદાયતો અને માર્ગદર્શનો ઉપર અમલ કરવા તરફ કેન્દ્રિત થાય છે, આવા જ લોકો માટે અલ્લામહ ઈકબાલ મર્હૂમે ફરમાવ્યું છે,

ترا حاصل ز یٰسینش جز این نیست   کہ از ہم خواندنش آسان بمیری

એટલે કે, તમે કુર્આનની સૂરએ યાસીનથી ફક્ત એટલો જ ફાયદો પ્રાપ્ત કર્યો કે તેને પઢવાથી મોત આસાન થઈ જાય છે, જ્યારે કે આ સૂરતનો અર્થ અને તેની હક્કાનિયત અને પરિચયને પ્રાપ્ત કર્યો હોત તો તેનાથી વધારે લાભ અને બરકતો પ્રાપ્ત કરી શક્યા હોત.

અમુક સંશોધનકાર વિવરણકારોએ ફરમાવ્યું કે, કુર્આનની પ્રથમ ખાસિયત અને લક્ષણ مَوْعِظَةٌ (મવઈઝહ)નો સંબંધ મનુષ્યની જાહેર પ્રવૃત્તિઓ સાથે છે જેને શરીઅત કહેવામાં આવે છે, કુર્આને કરીમ આ જાહેર અમલોની

સુધારણાનું શ્રેષ્ઠ માધ્યમ છે અને شِفَآءٌ لِّمَا فِی الصُّدُوْرِ નો સંબંધ મનુષ્યના રૂહાની અમલો સાથે છે જેને "તરીકત" અને "તસવ્વુફ"ના નામથી ઓળખવામાં આવે છે.

આ આયતમાં કુર્આને કરીમની ત્રીજી સિફત અને લક્ષણ هُدًی (હુદન) અને ચોથું લક્ષણ رَحْمَةٌ (રહ્‌મહ્‌) બતાવવામાં આવ્યું છે. "હુદન"નો અર્થ "હિદાયત" એટલે કે, માર્ગદર્શન–રાહનુમાઈ થાય છે. કુર્આને કરીમ માનવીને સત્ય અને તેના વિશ્વાસ તરફ આમંત્રણ આપે છે અને માનવીને બતાવે છે કે સમગ્ર સૃષ્ટિમાં અને પોતે તેમના શરીરોમાં જે અલ્લાહ તઆલાએ પોતની મહાન નિશાનીઓ મૂકેલી છે તેમાં ચિંતન અને મનન કરો, જેથી તમે આ બધી વસ્તુઓના સર્જનહાર અને માલિકનો પરિચય મેળવી શકો.

બીજી આયતમાં ફરમાવ્યું, قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِکَ فَلْيَفْرَحُوْا هُوَ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ એટલે કે, લોકોએ ફક્ત અલ્લાહ તઆલાની કૃપા અને દયાને જ વાસ્તવિક ખુશીની વસ્તુ સમજવી જોઈએ અને માત્ર એવી વસ્તુઓ ઉપર જ આનંદિત થાય, દુનિયાની અમુક દિવસની માલ–મતા અને રાહત તથા ઈજ્જત વાસ્તવમાં ખુશ થવાની વસ્તુઓ જ નથી, કારણ કે પ્રથમ તો તે ગમે તેટલા મોટા પ્રમાણમાં કોઈને પ્રાપ્ત થઈ ગઈ હોય અધૂરી જ રહે છે, સંપૂર્ણ હોતી નથી, બીજું કે દરેક સમયે તેના નષ્ટ થવાનો ભય લાગેલો હોય છે એટલા માટે અંતિમ આયતમાં ફરમાવ્યું, هُوَ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ એટલે કે, અલ્લાહ તઆલાનો ફઝ્‌લ તથા રહમત તે બધી જ માલ–દોલત, ઈજ્જત તથા બાદશાહતથી ઉત્તમ છે જેને મનુષ્ય પોતાની જિંદગીભરનો સરમાયો સમજીને ભેગું કરે છે.

આ આયતમાં બે વસ્તુઓને આનંદ અને ખુશીનો સામાન ઠરાવવામાં આવ્યો છે, એક ફઝ્‌લ અને બીજી રહમત. આ બંનેનો અર્થ અત્રે શું છે ? તે વિશે એક હદીષ હઝરત અનસ (રદિ.)ની રિવાયતથી આ પ્રમાણે નકલ થઈ છે કે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહના ફઝ્‌લનો ભાવાર્થ કુર્આન શરીફ છે અને રહમતનો ભાવાર્થ એ છે કે તમને કુર્આન પઢવાની અને તેના ઉપર અમલ કરવાની તવફીક બખ્શવામાં આવી." *(રૂહુલ મઆની અઝ ઈબ્ને મરદૂયા)*

આ જ વિષય હઝરત બરાઅ્ બિન આઝિબ અને હઝરત અબૂ સઈદ

ખુદરી (રદિ.)થી પણ નકલ થયો છે અને ઘણા બધા વિવરણકાર લોકોએ ફરમાવ્યું કે, "ફઝ્લ"નો ભાવાર્થ "કુર્આન" અને "રહમત"નો ભાવાર્થ "ઈસ્લામ" છે અને તેનો અર્થ એ જ છે જે અગાઉની હદીષથી જાણ થઈ કે રહમતનો ભાવાર્થ એ છે કે, અલ્લાહ તઆલાએ આપણને કુર્આન શિખવાડ્યું અને તેના ઉપર અમલ કરવાની તવફીક બખ્શી, કારણ કે ઈસ્લામ એ જ વાસ્તવિકતાનો એક વિષય છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત છે કે, "ફઝ્લનો ભાવાર્થ "કુર્આન" અને રહમતનો ભાવાર્થ નબીએ કરીમ ﷺ છે." કુર્આને કરીમની આયત وَمَآ اَرْسَلْنٰکَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ (૨૧:૧૦૭)થી આ વિષયને સમર્થન મળે છે અને તેનો ખુલાસો પણ પ્રથમ તફસીરથી વિરોધાભાસી નથી, કારણ કે કુર્આન અથવા ઈસ્લામ ઉપર અમલ કરવો રસૂલે કરીમ ﷺના અનુસરણના વિવિધ વિભાગો છે.

આ આયતમાં મશહૂર કિરાઅત પ્રમાણે فَلْيَفْرَحُوْا (ફલ્ યફ્રહૂ) "સેગએ ગાઈબ" (ત્રીજા પુરુષ સર્વનામ)થી આવ્યો છે જ્યારે કે તેનું અસલ સંબોધન તે સમયના ઉપસ્થિત લોકો અને હાજરજનો હતા જેનો તકાદો એ હતો કે આ સ્થળે "સેગએ ખિતાબ" (પહેલા પુરુષના સર્વનામનો) ઉપયોગ કરવામાં આવ્યો હોત, જેમકે અમુક કિરાઅતોમાં આવ્યું પણ છે પરંતુ મશહૂર કિરાઅતમાં "સેગએ ગાઈબ" ઉપયોગ કરવાની હિકમત એ છે કે, રસૂલે કરીમ ﷺ અથવા ઈસ્લામની સર્વસામાન્ય રહમત ફક્ત તે સમયના ઉપસ્થિત હાજરજનો માટે ખાસ વિશેષ સ્વરૂપે ન હતી બલકે, કયામત સુધી જન્મનારી બધી જ નસ્લ (વંશ) પણ તેમાં સામેલ છે. *(રૂહુલ મઆની)*

ખુલાસો :

અત્રે એ વાત વિચારપાત્ર છે કે, કુર્આને કરીમની એક બીજી આયતના જાહેર શબ્દોથી જાણ થાય છે કે ખુશી અને આનંદનું આ દુનિયામાં કોઈ સ્થાન જ નથી. ઈરશાદ છે, لَا تَفْرَحْ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْفَرِحِيْنَ (૨૮:૭૬) એટલે કે, "ખુશીમાં મસ્ત ન થઈ જાઓ અલ્લાહ તઆલા એવા ખુશ થનારાઓને પસંદ નથી કરતો" અને પ્રસ્તુત આયતમાં આજ્ઞાર્થવાચક સર્વનામ વડે ખુશ થવાનો

હુકમ આપવામાં આવ્યો છે. આ જાહેર વિરોધાભાસનો એક જવાબ તો એ છે કે જ્યાં ખુશ થવાની મનાઈ ફરમાવી છે ત્યાં ખુશીનો સંબંધ દુનિયાની માલ-મતા છે અને જ્યાં ખુશ થવાનો હુકમ આપવામાં આવ્યો છે ત્યાં ખુશીનો સંબંધ અલ્લાહ તઆલાના ફઝ્લ અને રહમતથી છે, બીજો તફાવત એ પણ છે કે મનાઈના સ્થળમાં બધા પકારની ખુશી કે આનંદ ભાવાર્થ તરીકે નથી બલકે, ખુશી અને આનંદમાં મદ્દમસ્ત બની જવાનો ભાવાર્થ છે અને પરવાનગીના સ્થળે દરેક પ્રકારની ખુશી ભાવાર્થ તરીકે છે.

ત્રીજી આયતમાં તે લોકોને ચેતવણી આપવામાં આવી છે કે, જે લોકો હલાલ અને હરામના મા'મલામાં પોતાના વ્યક્તિગત અભિપ્રાયથી દખલગીરી કરે છે અને કુર્આન તથા સુન્નતની સનદ વિના જે વસ્તુને ઈચ્છે હલાલ ઠરાવી દે છે અને જેને ચાહે હરામ કહી આપે છે તેના ઉપર કયામતની સખત ધમકીઓનું વર્ણન કરવામાં આવ્યું છે જેનાથી જાણ થઈ કે કોઈ વસ્તુ અથવા કોઈ પ્રવૃત્તિનો હલાલ અથવા હરામ હોવાનો મૂળ આધાર મનુષ્યના અભિપ્રાય ઉપર નથી બલકે, તે માત્ર અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺનો અધિકાર છે, તેમના હુકમો વિના કોઈ વસ્તુને ન તો હલાલ કહેવી જાઈઝ છે અને ન જ હરામ.

ચોથી આયતમાં અલ્લાહ જલ્લ શા'નુહૂનું જ્ઞાન સમગ્ર સૃષ્ટિ ઉપર છવાયેલું હોવાનું અને તેના અજોડ વિસ્તારનું વર્ણન છે, રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને કહેવામાં આવ્યું છે કે તમે જે પણ કાર્ય અને પરિસ્થિતિમાં રહો છો અથવા કુર્આન પઢો છો તેનો કોઈ વિભાગ અમારાથી ગુપ્ત નથી, એ જ પ્રમાણે બધા જ મનુષ્યો જે કંઈ અમલ કરે છે તે અમારી દષ્ટિ સામે છે અને આસમાન તથા જમીનમાં એક રજકણ પણ અમારાથી ગુપ્ત નથી, બલકે દરેક વસ્તુ "કિતાબે મુબીન" (લવહે મહફૂઝ)માં લખવામાં આવી છે.

દેખીતી રીતે આ સ્થળે અલ્લાહ તઆલાના જ્ઞાનની વિશાળતા અને તેના દરેક વસ્તુ ઉપર છવાયેલા હોવાના વર્ણનમાં હિકમત એ છે કે તેના દ્વારા નબીએ કરીમ ﷺને દિલાસો આપવામાં આવ્યો છે કે, જો કે તમારા વિરોધીઓ અને દુશ્મનો મોટા પ્રમાણમાં છે પરંતુ અલ્લાહ તઆલાની હિફાઝત તમારી સાથે છે, તમને કોઈ ઈજા કે નુકસાન પહોંચી શકશે નહીં.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૬૨-૬૩-૬૪)

أَلَآ إِنَّ أَوْلِيَآءَ ٱللَّهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٦٢﴾ ٱلَّذِينَ ءَامَنُوا۟ وَكَانُوا۟ يَتَّقُونَ ﴿٦٣﴾
لَهُمُ ٱلْبُشْرَىٰ فِى ٱلْحَيَوٰةِ ٱلدُّنْيَا وَفِى ٱلْءَاخِرَةِ ۚ لَا تَبْدِيلَ لِكَلِمَٰتِ ٱللَّهِ ۚ ذَٰلِكَ هُوَ
ٱلْفَوْزُ ٱلْعَظِيمُ ﴿٦٤﴾

તરજુમો :

યાદ રાખો ! જે લોકો અલ્લાહના દોસ્ત છે તેમના ઉપર ન તો ડર છે અને ન જ તેઓ ગમગીન થશે. (૬૨) જે લોકો કે ઈમાન લાવ્યા અને ડરતા રહ્યા. (૬૩) તેમના માટે ખુશખબરી છે દુનિયાની જિંદગીમાં અને આખિરતમાં; અલ્લાહની વાતો બદલાતી નથી, આ જ છે મોટી સફળતા. (૬૪)

તફસીર :

(આ તો અલ્લાહ તઆલાના જ્ઞાનનું વર્ણન થયું, આગળ નિખાલસ અને આજ્ઞાપાલક લોકોની સુરક્ષાનું વર્ણન છે કે) યાદ રાખો ! અલ્લાહ તઆલાના મિત્રો ઉપર ન તો કોઈ ભય (આવવાનો) છે અને ન જ તેઓ (કોઈ હેતુ છૂટી જવાના) ગમમાં હોય છે (એટલે કે અલ્લાહ તઆલા તેમને ભયાનક અને દિલગીરીયુક્ત દુર્ઘટનાઓથી બચાવે છે અને) તે (અલ્લાહના દોસ્ત) એવા છે જે ઈમાન લાવ્યા અને (ગુનાહોથી) બચેલા રહે છે (એટલે કે ઈમાન અને તકવાથી અલ્લાહની નિકટતા પ્રાપ્ત થાય છે તથા ખૌફ અને દિલગીરીથી તેમના સુરક્ષિત રહેવાનું કારણ એ જ છે કે) તેમના માટે દુનિયવી જિંદગીમાં પણ અને આખિરતમાં પણ (અલ્લાહ તઆલા તરફથી ભય અને દિલગીરીથી બચવાની) ખુશખબરી છે (અને) અલ્લાહની વાતોમાં (એટલે કે તેના વચનોમાં) કોઈ ફેરફાર થતો નથી (બસ જ્યારે ખુશખબરી આપીને તેમને વચન આપવામાં આવ્યું તો એ વાયદો હંમેશા સાચો હોય છે એટલા માટે ડર અને ભયથી નચિંત થઈ જવું જરૂરી છે અને) આ (ખુશખબરી જે સંભળાવવામાં આવી) ઘણી જ મોટી સફળતા છે.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં અલ્લાહના વલીઓ (મિત્રો)ની ખાસ શ્રેષ્ઠતાઓ અને

તેમના વખાણ અને ઓળખ આપી, પછી દુનિયા અને આખિરતમાં તેમના માટે ખુશખબરીનું વર્ણન થયું છે. ઈરશાદ છે કે, અલ્લાહના વલીઓ તે લોકો છે જેઓ ઈમાન લાવ્યા અને જેમણે તકવા અને પરહેઝગારી અપનાવી તેમના માટે દુનિયામાં પણ ખુશખબરી છે અને આખિરતમાં પણ.

તેમાં અમુક વાતો વિચારપાત્ર છે, પ્રથમ એ કે અલ્લાહના વલીઓ ઉપર ખૌફ અને ગમ ન હોવાનો શું અર્થ છે ?

બીજું એ કે અલ્લાહના વલીઓની ઓળખ શું છે અને તેમની નિશાની શું છે ? ત્રીજું એ કે દુનિયા અને આખિરતમાં તેમના માટે ખુશખબરીનો શું ભાવાર્થ છે ?

પ્રથમ બાબત કે અલ્લાહના વલીઓ ઉપર ભય અને ગમ હોતો નથી, તેનાથી એ પણ ભાવાર્થ હોઈ શકે છે કે આખિરતમાં હિસાબ-કિતાબ પછી જ્યારે તેમને તેમના સ્થળે એટલે કે જન્નતમાં પ્રવેશ આપવામાં આવશે તો ડર અને ભયથી તેઓ કાયમી ધોરણે મુક્ત થઈ જશે, ન તો કોઈ તકલીફ કે પરેશાનીનો ભય રહેશે અને ન જ કોઈ પ્રિય અને ઈચ્છિત વસ્તુ હાથથી જતી રહેવાનો ગમ થશે, બલકે જન્નતની નેઅ્મતો કાયમી અને કદી નષ્ટ થનારી હશે નહીં, આ અર્થ આધારે તો આયતના વિષય ઉપર કોઈ જ શંકા નથી પરંતુ એ સવાલ જરૂર ઉપસ્થિત થાય છે કે તેમાં અલ્લાહના વલીઓની કોઈ ખાસિયત કે વિશિષ્ટતા નથી રહી બલકે, જન્નતના બધા જ નિવાસીઓ જેમને જહન્નમથી મુક્તિ મળી ગઈ તેઓ આવી જ પરિસ્થિતિમાં હશે, હા ! એવું કહી શકાય છે કે જે લોકો અંતે જન્નતમાં પહોંચી ગયા તે બધા જ અલ્લાહના વલીઓ કહેવાશે, દુનિયામાં તેમના અમલો કેટલાય વિવિધ પ્રકારના રહ્યા હોય પરંતુ જન્નતમાં પ્રવેશ્યા પછી બધા જ અલ્લાહના વલીઓની યાદીમાં ગણાશે.

પરંતુ ઘણા બધા વિવરણકારોએ ફરમાવ્યું કે, અલ્લાહના વલીઓ ઉપર ખૌફ અને ગમ ન હોવો દુનિયા અને આખિરત બંને માટે સામાન્ય છે અને અલ્લાહના વલીઓની વિશેષતા એ જ છે કે, દુનિયામાં પણ તેઓ ડર અને ગમથી સુરક્ષિત છે અને આખિરતમાં પણ તેમના ઉપર ભય અને ગમ ન હોવો તો સૌ કોઈ જાણે જ છે અને તેમાં બધા જ જન્નતના નિવાસીઓ સામેલ છે.

પરંતુ આવી પરિસ્થિતિ અને ઘટનાના આધારે એવી શંકા રહે છે કે,

દુનિયામાં તો આ બાબત સાબિતીઓના વિરુદ્ધ છે, કારણ કે અલ્લાહના વલીઓ તો શું અંબિયા (અલૈ.) પણ આ દુનિયામાં ભય અને ગમથી સુરક્ષિત નથી બલકે, તેમના ભય અને ગમ અન્યો કરતાં વધારે હોય છે, જેમકે કુર્આનનો ઈશારો છે, اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا (૩૫:૨૮) એટલે કે, અલ્લાહથી સંપૂર્ણ રીતે ઉલમા જ ડરે છે અને બીજી જગ્યાએ અલ્લાહના વલીઓની આ હાલત વર્ણન કરી છે, وَالَّذِيْنَ هُمْ مِّنْ عَذَابِ رَبِّهِمْ مُّشْفِقُوْنَ اِنَّ عَذَابَ رَبِّهِمْ غَيْرُ مَاْمُوْنٍ "આ લોકો અલ્લાહના અઝાબથી હંમેશા ડરતા રહે છે, કારણ કે તેમના પરવરદિગારનો અઝાબ એવી વસ્તુ નથી જેનાથી કોઈ નચિંત થઈને બેસી શકે."(૭૦:૨૭)

ઘટનાઓથી પણ એવું જ સાબિત થાય છે, જેમકે "શમાઈલે તિરમિઝી"ની હદીષમાં છે કે "રસૂલે કરીમ ﷺ મોટા ભાગે ચિંતિત અને ગંભીર નજરે પડતા હતા અને રસૂલે કરીમ ﷺએ પોતે ફરમાવ્યું કે, હું તમારા સૌથી વધારે અલ્લાહ તઆલાથી ડરું છું."

સહાબએ કિરામ (રદિ.)માં સૌથી શ્રેષ્ઠ હઝરત સિદ્દીક (રદિ.) અને હઝરત ઉમર ફારૂક (રદિ.) તથા તમામ સહાબએ કિરામ (રદિ.) અને તાબિઈન (રહ.) તથા અલ્લાહના વલીઓની અલ્લાહને કરગરવાની તથા આખિરતના ડરની અનેક ઘટનાઓ વર્ણન થઈ છે.

રૂહુલ મઆનીમાં અલ્લામહ આલૂસીએ એ ફરમાવ્યું છે કે, અલ્લાહના વલીઓનું દુનિયામાં ડર અને ભયથી સુરક્ષિત હોવું એ આધારે છે કે, જે વસ્તુઓના ભય અને ડરમાં સામાન્ય રીતે દુનિયાવાળાઓ સપડાયેલા રહે છે કે દુનિયાના હેતુઓ તથા મકસદ અને રાહત, ઈજ્જત, દોલત વગેરેમાં જરા સરખી ઉણપ થઈ જાય તો જાણે મરવા લાગે છે અને નાની-નાની તકલીફ તથા પરેશાનીના ડરથી તેનાથી બચવાની યુક્તિઓમાં રાત અને દિવસ ખોવાયેલા રહે છે, અલ્લાહના વલીઓનું સ્થાન આ સૌથી ઉચ્ચ અને ઉપરવટ હોય છે, તેમની દૃષ્ટિમાં ન તો દુનિયાની નષ્ટ થનાર દોલત, આબરૂ, રાહત અને આરામ કોઈ હેસિયત ધરાવે છે જેને પ્રાપ્ત કરવા માટે તેઓ ઓત-પ્રોત થઈ જાય અને ન જ દુનિયાની મહેનત, સંઘર્ષ, તકલીફ અને રંજ તેમના માટે કોઈ મહત્ત્વ ધરાવે છે કે જેનાથી સુરક્ષિત થવા માટે પરેશાન થઈ જાય, બલકે તેમની હાલત તો આ પ્રમાણે હોય છે.

نہ شادی داد سامانے نہ غم آورد نقصانے   بہ پیش ہمت ما ہر چہ آمد بود مہمانے

અલ્લાહ જલ્લ શા'નુહૂની મોટાઈ તથા મહોબ્બત અને ડર તથા ભય આ લોકો ઉપર એવો છવાયેલો હોય છે કે, તેના મુકાબલામાં દુનિયાના રંજ-રાહત, નફો અને નુકસાન રજકણ જેટલી પણ હેસિયત ધરાવતા નથી હોતા. અમુક લોકોના કહેવા પ્રમાણે તેમની હાલત આવી છે,

یہ ننگِ عاشقی ہیں سُود و حاصل دیکھنے والے   یہاں گمراہ کہلاتے ہیں منزل دیکھنے والے

બીજી બાબત અલ્લાહના વલીઓની ઓળખ અને તેમની નિશાનીઓ વિશે આવી છે. "અવલિયા" એ "વલી"નું બહુવચન છે, "વલી" શબ્દ અરબી ભાષામાં "નિકટ"ના અર્થમાં હોય છે અને "મિત્ર" તથા "પ્રિય"ના અર્થમાં પણ વપરાય છે. અલ્લાહ તઆલાની "નિકટ" તથા તેના "પ્રિય" હોવાનો એક સામાન્ય દરજ્જો તો એવો છે કે તેનાથી દુનિયાનો કોઈ માનવી અથવા પ્રાણી બલકે કોઈ વસ્તુ પણ બાકાત નથી, જો આ નિકટતા ન હોત તો સમગ્ર દુનિયામાં કોઈ વસ્તુનુ અસ્તિત્વ જ ન હોત. સમગ્ર દુનિયાના અસ્તિત્વનું અસલી કારણ તે ખાસ સંપર્ક છે જે તેને હક તઆલા શા'નુહૂ સાથે પ્રાપ્ત થયેલ છે, બસ આ સંપર્કની વાસ્તવિકતાને ન તો કોઈએ સમજી છે અને ન જ કોઈ સમજી શકે છે પરંતુ એક પ્રત્યક્ષ સંપર્ક હોવો યકીની બાબત છે પરંતુ શબ્દ "અવલિયા અલ્લાહ"માં આ પ્રકારની વિલાયતનો દરજ્જો ભાવાર્થ તરીકે નથી બલકે "વિલાયત", "મહોબ્બત" અને "નિકટતા"નો એક બીજો દરજ્જો પણ છે જે અલ્લાહ તઆલાના ખાસ ચુનંદા બંદાઓ સાથે વિશેષ સ્વરૂપે જોડાયેલો હોય છે. આ નિકટતા મહોબ્બત કહેવાય છે, જે લોકોને આવી ખાસ નિકટતા પ્રાપ્ત થાય તેઓ "અવલિયા અલ્લાહ" કહેવાય છે, જેમકે એક હદીષે કુદ્સીમાં છે, અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે "મારો બંદો નફલ ઈબાદતો દ્વારા મારી નિકટતા પ્રાપ્ત કરતો રહે છે, એટલે સુધી કે હું પણ તેની સાથે મહોબ્બત કરવા લાગું છું અને જ્યારે હું તેનાથી મહોબ્બત કરવા લાગું છું તો પછી હું જ તેના કાન બની જાઉં છું, તે જે કંઈ સાંભળે છે તે મારા દ્વારા જ સાંભળે છે, હું જ તેની આંખ બની જાઉં છું, તે જે કંઈ પણ જુએ છે મારાથી જ જુએ છે, હું જ તેના હાથ અને પગ બની જાઉં છું, તે જે કંઈ પણ કરે છે મારા થકી જ કરે છે." તેનો ભાવાર્થ એ છે કે તેની કોઈ

પ્રવૃત્તિ અથવા સુકૂન અને કોઈ કાર્ય મારી મરજી વિરુદ્ધ નથી હોતું.

અને "વિલાયત"ના આ ખાસ દરજ્જાઓ અનેક છે અને અનંત છે, તેનો શ્રેષ્ઠ દરજ્જો અંબિયા (અલૈ.)નો વિભાગ છે, કારણ કે દરેક નબીનું અલ્લાહના વલી હોવું જાહેર છે અને તેમાં સૌથી ઉચ્ચ સ્થાને સય્યિદુલ અંબિયા નબીએ કરીમ ﷺ છે અને છેલ્લું સ્તર આ વિલાયતનું એ છે કે જેને સુફિયાએ કિરામ (રહ.)ની પરિભાષામાં "દરજએ ફના" કહેવામાં આવે છે, જેનો ખુલાસો એ છે કે વ્યક્તિનું હૃદય અલ્લાહ તઆલાની યાદમાં એવું ઓત-પ્રોત થઈ જાય કે દુનિયામાં કોઈની પણ મહોબ્બત તેના ઉપર વર્ચસ્વ ન ધરાવી શકે અને તે જેનાથી મહોબ્બત કરે છે તે માત્ર અલ્લાહના માટે કરે છે અને જેનાથી નફરત કરે છે તે માત્ર અલ્લાહના માટે કરે છે, તેની મહોબ્બત અને અદાવતમાં પોતાની જાતનો કોઈ હિસ્સો નથી હોતો જેનું આવશ્યક પરિણામ એ હોય છે કે તેનું જાહેર અને અંતરમન અલ્લાહ તઆલાની ખુશનૂદી માટે પ્રવૃત્ત રહે છે અને તે દરેક એવી વસ્તુથી બચે છે જે અલ્લાહ તઆલા સમીપ નાપસંદ હોય. એ જ હાલતની નિશાની એ છે કે ઝિક્ર મોટા પ્રમાણમાં અને આજ્ઞાપાલન દરેક વસ્તુમાં એટલે કે અલ્લાહ તઆલાને મોટા પ્રમાણમાં યાદ કરવા અને હંમેશા દરેક પરિસ્થિતિમાં તેના હુકમોનું અનુસરણ કરવું; આ બે ખાસિયતો જે વ્યક્તિમાં ઉપસ્થિત હોય તે અલ્લાહનો વલી કહેવાય છે, જે વ્યક્તિમાં આ બંનેમાંથી એકપણ ન હોય તે આ યાદીમાં સામેલ નથી જેમાં આ બંને ખાસિયતો ઉપસ્થિત હોય તેના નાના-મોટા અનેક દરજ્જાઓ છે જેની કોઈ મર્યાદા નથી, આ જ દરજ્જાઓના આધારે અલ્લાહના વલીઓના દરજ્જાઓ ઉચ્ચ કક્ષાના શ્રેષ્ઠ અથવા વત્તા-ઓછા હોય છે.

એક હદીષમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺને સવાલ કરવામાં આવ્યો કે "આ આયતમાં અલ્લાહના વલીઓથી કયા લોકો ભાવાર્થ તરીકે છે ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, તે લોકો જેઓ માત્ર અલ્લાહ માટે જ પરસ્પર મહોબ્બત કરે છે, કોઈ દુનિયવી સ્વાર્થ વચ્ચે નથી હોતો." (મઝહરી અઝ ઈબ્ને મરદૂયા) અને દેખીતું છે કે આ પરિસ્થિતિ એવા લોકોની જ હોઈ શકે છે જેમનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે.

અત્રે એક સવાલ એ પણ પેદા થાય છે કે વિલાયતનો આ દરજ્જો પ્રાપ્ત કરવાની પદ્ધતિ શું છે ?

હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (રહ.)એ તફસીરે મઝહરીમાં ફરમાવ્યું છે કે, ઉમ્મતના લોકોને વિલાયતનો આ દરજ્જો રસૂલે કરીમ ﷺના સંગાથના ફૈઝ (બરકત)થી જ પ્રાપ્ત થઈ શકે છે, તેનાથી જ અલ્લાહ સાથેના સંબંધનો તે રંગ જે રસૂલે કરીમ ﷺને પ્રાપ્ત હતો; પોતાની લાયકાત અનુસાર તેનો કોઈ ભાગ ઉમ્મતના અવલિયાઓને મળે છે, પછી સંગાથનો આ ફૈઝ સહાબએ કિરામ (રદિ.)ને પ્રત્યક્ષ સ્વરૂપે પ્રાપ્ત થયો હતો, એ જ કારણે તેમનો વિલાયતનો દરજ્જો સમગ્ર ઉમ્મતના બધા જ અવલિયાઓ અને કુતુબોથી ઉચ્ચ કક્ષાનો હતો, પાછળના લોકોને આ જ ફૈઝ એક માધ્યમે અથવા અમુક માધ્યમે પ્રાપ્ત થતો રહે છે, જેટલા માધ્યમો વધતા ચાલે છે તેટલો જ તેમાં ફરક પડતો જાય છે, આ માધ્યમો ફક્ત તે જ લોકો બની શકે છે જેઓ રસૂલે કરીમ ﷺના રંગમાં રંગાઈને આપ ﷺની સુન્નતના અનુસરણ કરનાર હોય છે અને આવા લોકોની મોટા ભાગની મહેફિલો અને સંગાથ જ્યારે આ અનુસરણની સાથે-સાથે તેમના ફરમાનોની અને આજ્ઞાઓના પાલન કરવાની હોય તથા અલ્લાહનો ઝિક્ર પણ મોટા પ્રમાણમાં કરવાની હોય ત્યારે એ જ બાબતો વિલાયતનો દરજ્જો પ્રાપ્ત કરવાના નુસ્ખા છે જે ત્રણ વસ્તુઓ ઉપર આધારિત છે; એક, અલ્લાહના કોઈ વલીનો સાથ-સંગાથ, બીજું તેમનું અનુસરણ અને ત્રીજું અલ્લાહનો મોટા પ્રમાણમાં ઝિક્ર કરવો, શરત એ છે કે આ વધારે પ્રમાણમાં ઝિક્ર કરવો સુન્નત તરીકા ઉપર આધારિત હોય, કારણ કે મોટા પ્રમાણમાં ઝિક્રથી દિલનો અરીસો સ્વચ્છ થઈ જાય છે અને તે વિલાયતના નૂરના કિરણોને સમાવવા પાત્ર બની જાય છે. હદીષ શરીફ છે કે "દરેક વસ્તુ માટે સફાઈ અને સ્વચ્છતાની કોઈ પદ્ધતિ હોય છે, દિલની સ્વચ્છતા અલ્લાહનો ઝિક્ર હોય છે," તેને બયહકીએ હઝરત ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે. *(મઝહરી)*

અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે એક વ્યક્તિએ રસૂલે કરીમ ﷺને સવાલ કર્યો કે, "તમે તે વ્યક્તિ વિશે શું ફરમાવો છો જે કોઈ બુઝુર્ગથી મહોબ્બત કરે છે પરંતુ અમલના આધારે તેના દરજ્જા સુધી નથી પહોંચતો ? આપ ﷺએ ફરમાવ્યું, اَلْمَرْءُ مَعَ مَنْ اَحَبَّ એટલે કે, દરેક વ્યક્તિ તેની સાથે જ હશે જેની સાથે તેને મહોબ્બત હશે." એનાથી જાણ થઈ કે, અલ્લાહના વલીઓની મહોબ્બત તથા તેમનો સાથ-સંગાથ મનુષ્ય માટે વિલાયત

પ્રાપ્ત કરવાનું માધ્યમ છે અને બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત રઝીન (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, રસૂલે કરીમ ﷺએ હઝરત રઝીન (રદિ.)ને ફરમાવ્યું કે, હું તમને દીનનો એવો સિદ્ધાંત બતાવું જેનાથી તમે દુનિયા અને આખિરતની સફળતા અને કામિયાબી પ્રાપ્ત કરી શકો છો તે એ છે કે, ઝિક્ર કરનારાઓની મજલિસ અને સંગાથને અવશ્ય પકડો અને જ્યારે એકાંતમાં જાઓ તો જેટલું વધારે થઈ શકે અલ્લાહના ઝિક્રથી પોતાની જીભને હલાવતા રહો, જેનાથી મહોબ્બત કરો અલ્લાહના માટે કરો, જેનાથી નફરત કરો અલ્લાહ માટે કરો. *(મઝહરી)*

પરંતુ આ સંગાથ અને મજલિસો તે જ લોકોની લાભદાયક છે જેઓ પોતે અલ્લાહના વલી હોય, સુન્નતના તાબે'દાર હોય અને જેઓ રસૂલે કરીમ ﷺની સુન્નતના તાબે'દાર નથી તેઓ પોતે વિલાયતના દરજ્જાથી વંચિત છે, ભલે તેમનાથી કેટલાય કશ્ફ અને કરામતો જાહેર થતી હોય. જે વ્યક્તિ પ્રસ્તુત ખાસિયતોના આધારે વલી હોય ભલે તેનાથી કશ્ફ અથવા કરામત જાહેર ન થઈ હોય તો પણ તે અલ્લાહનો વલી છે. *(મઝહરી)*

અલ્લાહના વલીની નિશાની અને ઓળખ તફસીરે મઝહરીમાં હદીષે કુદ્સીના હવાલાથી નકલ થઈ છે કે, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે મારા વલીઓ મારા બંદાઓમાંથી તે લોકો છે, જેઓ મારી યાદ સાથે યાદ આવે અને જે લોકોની યાદ સાથે હું યાદ આવું અને ઈબ્ને માઝહમાં હઝરત અસ્મા બિન્તે યઝીદ (રહ.)થી રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ અલ્લાહના વલીઓની આ ઓળખ બતાવી છે, اَلَّذِيْنَ اِذَا رُءُوْا ذُكِرَاللّٰهُ એટલે કે, “જેમને જોઈને અલ્લાહ યાદ આવી જાય.”

ખુલાસો એ છે કે, જે લોકોના સાથ-સંગાથમાં બેસીને માણસને અલ્લાહના ઝિક્રની તવફીક અને દુનિયાની ચિંતાઓની ઓછી અનુભૂતિ થાય, તે અલ્લાહના વલી હોવાની નિશાની છે.

તફસીરે મઝહરીમાં છે કે, સામાન્ય લોકોએ અલ્લાહના વલીઓની જે નિશાની કશ્ફ, કરામત અથવા અદૃશ્ય વસ્તુઓની જાણ થવાને સમજી રાખ્યું છે તે ખોટું છે બલકે ધોકો છે, હજારો અલ્લાહના વલીઓ છે જેમનાથી આ પ્રકારની કોઈ વસ્તુ સાબિત નથી થઈ અને તેમનાથી વિપરીત એવા લોકોથી પણ કશ્ફ અને

ગય્બની ખબરો નકલ થઈ છે જેમના ઈમાનના પણ ઠેકાણા નથી.

અંતિમ આયતમાં એવું ફરમાવવામાં આવ્યું છે કે, વલીઓ માટે દુનિયામાં પણ ખુશખબરી છે અને આખિરતમાં પણ; દુનિયાની ખુશખબરી તો એ છે કે, મોતના સમયે જ્યારે તેની રૂહને અલ્લાહ પાસે લઈ જવામાં આવશે તે સમયે તેને જન્નતની ખુશખબરી મળશે, પછી કયામતના દિવસે કબ્રથી ઉઠવાના સમયે જન્નતની ખુશખબરી આપવામાં આવશે, જેમકે તબરાનીએ ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયતથી નકલ કર્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે لَآ اِلٰـهَ اِلَّا اللّٰـهُ (લા ઈલાહ ઈલ્લલ્લાહુ)વાળાઓને ન તો મોતના સમયે કોઈ ભય હશે અને ન જ કબ્રથી ઊઠવાના સમયે, જેમકે મારી આંખો તે સમયની પરિસ્થિતિનું દશ્ય જોઈ રહી છે જ્યારે આ લોકો પોતાની કબરોમાંથી માટી ખંખેરતા(-ખંખેરતા) અને એવું કહેતા(-કહેતા) ઊભા થશે, اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْٓ اَذْهَبَ عَنَّا الْحَزَنَ (૩૫:૩૪) (એટલે કે) શુક્ર છે અલ્લાહનો જેણે અમારો ગમ દૂર કરી દીધો."

દુનિયાની ખુશખબરી વિશે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, તે સાચા સપનાઓ જે તે વ્યક્તિ પોતે જુએ અથવા તેના માટે કોઈ બીજો વ્યક્તિ જુએ જેમાં તેમના માટે ખુશખબરી હોય. *(રવાહુલ બુખારી અન અબી હુરયરહ રદિ.)*

અને દુનિયાની બીજી ખુશખબરી એ છે કે, સામાન્ય મુસલમાન કોઈપણ સ્વાર્થ વિના તેનાથી મહોબ્બત કરે અને તેને સારો સમજે તેના વિશે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, تِلْكَ عَاجِلُ بُشْرَى الْمُؤْمِنِ એટલે કે, "સામાન્ય મુસલમાનોનું સારા સમજવું તથા તેના વખાણ કરવા મો'મિન માટે રોકડી ખુશખબરી છે." *(મુસ્લિમ અને બગવી)*

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૬૫-૬૬)

وَلَا يَحْزُنْكَ قَوْلُهُمْ ۘ اِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا ۭ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ۝ (٦٥) اَلَآ اِنَّ لِلّٰهِ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ ۭ وَمَا يَتَّبِعُ الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ شُرَكَاۗءَ ۭ اِنْ يَّتَّبِعُوْنَ اِلَّا الظَّنَّ وَاِنْ هُمْ اِلَّا يَخْرُصُوْنَ ۝ (٦٦)

તરજુમો :

અને તેમની વાતનો રંજ ન કરો, વાસ્તવમાં તમામ જોર (ઈજ્જત) અલ્લાહના માટે છે, તે જ છે સઘળું સાંભળનારો જાણનારો. (૬૫) સાંભળો છો ? અલ્લાહનું છે જે કોઈ છે આસમાનોમાં અને જે કોઈ છે જમીનમાં અને આ જે અલ્લાહને છોડીને શરીકોને પોકારનારા પાછળ પડયા છે બસ તે કંઈ નથી પરંતુ પોતાની ધારણાઓની પાછળ પડયા છે અને કંઈ નથી પરંતુ અટકળો દોડાવે છે. (૬૬)

તફસીર :

તમને તેમની વાતો ગમમાં ન નાંખે (એટલે કે તેમની કુફ્રની વાતોથી દિલગીર ન થાઓ કારણ કે જ્ઞાન અને પ્રસ્તુત સુરક્ષા ઉપરાંત) સમગ્ર વર્ચસ્વ (અને શક્તિ) અલ્લાહના માટે (સાબિત) છે, (તે પોતાની શક્તિથી વાયદા અનુસાર તમારી સુરક્ષા કરશે) તે (તેમની વાતો) સાંભળે છે (અને તેમની હાલત) જાણે છે (તે તમારો બદલો તેમની પાસેથી પોતે લઈ લેશે), યાદ રાખો કે જેટલા કંઈ આસમાનોમાં છે અને જેટલા જમીનમાં છે (એટલે કે ફરિશ્તા, જિન્નાત અને મનુષ્યો વગેરે) તે બધા અલ્લાહના જ (તા'બે) છે (તેની હિફાઝત અને સુરક્ષાને કોઈ રોકી નથી શકતું, બસ એટલા માટે સંતોષપૂર્વક તસલ્લી રાખવી જોઈએ) અને (જો કોઈ સંદેહ હોય કે કદાચ તેમના ઘડી કાઢેલા અલ્લાહના ભાગીદારો કોઈ બળવો પોકારી શકે છે તો તેની વાસ્તવિકતા સાંભળી લો કે) જે લોકો અલ્લાહને છોડીને અન્ય (ઘડી કાઢેલા) શરીકોની ઈબાદત કરી રહ્યા છે (તેઓ અલ્લાહ જાણે એ) કઈ વસ્તુનું અનુસરણ કરી રહ્યા છે ??! (એટલે કે તેમની માન્યતાની શું દલીલ છે ? હકીકત તો એ છે કે તેનો કોઈ વુજૂદ જ નથી) ફક્ત પ્રમાણ વિનાની ધારણાઓનું અનુસરણ કરી રહ્યા છે અને ફક્ત અટકળો કરી રહ્યા છે (બસ, વાસ્તવમાં તેમનામાં મઅ્બૂદ હોવાની કોઈ શક્તિ કે જ્ઞાન નથી પછી તેમનો વિરોધ કરવાની શું સંભાવના છે ?)

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૬૭ થી ૭૦)

هُوَ الَّذِىْ جَعَلَ لَكُمُ الَّيْلَ لِتَسْكُنُوْا فِيْهِ وَالنَّهَارَ مُبْصِرًا ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ
يَّسْمَعُوْنَ ﴿٦٧﴾ قَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا سُبْحٰنَهٗ ۭ هُوَ الْغَنِيُّ ۭ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَمَا
فِي الْاَرْضِ ۭ اِنْ عِنْدَكُمْ مِّنْ سُلْطٰنٍۢ بِهٰذَا ۭ اَتَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿٦٨﴾
قُلْ اِنَّ الَّذِيْنَ يَفْتَرُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ لَا يُفْلِحُوْنَ ﴿٦٩﴾ۭ مَتَاعٌ فِي الدُّنْيَا ثُمَّ اِلَيْنَا
مَرْجِعُهُمْ ثُمَّ نُذِيْقُهُمُ الْعَذَابَ الشَّدِيْدَ بِمَا كَانُوْا يَكْفُرُوْنَ ﴿٧٠﴾ ع

તરજુમો :

તે જ છે જેણે તમારા માટે રાતને બનાવી કે તેમાં ચેન (સુકુન) પ્રાપ્ત કરો અને દિવસ આપ્યો બતાવનારો (પ્રકાશિત), બેશક ! તેમાં તે લોકો માટે નિશાનીઓ છે જેઓ સાંભળે છે. (૬૭) કહે છે અલ્લાહે બેટો ઠરાવી લીધો; તે પવિત્ર છે, તે બેનિયાઝ (ગની) છે, તેનું જ છે જે કંઈ છે આસમાનોમાં અને જે કંઈ છે જમીનમાં, તમારી પાસે એની કોઈ સનદ (પ્રમાણ) નથી; શા માટે અલ્લાહ ઉપર જૂઠું કહો છો જે વાતની તમને ખબર નથી ? (૬૮) કહો! જે લોકો અલ્લાહ ઉપર જૂઠ બાંધે (તોહમત લગાવે) છે ભલાઈ પામતા નથી. (૬૯) દુનિયામાં થોડો લાભ ઉઠાવી લેવો પછી અમારા તરફ તેમને પાછા વળવાનું છે, પછી અમે તેમને કઠોર અઝાબ ચખાડીશું બદલો તેમના કુફ્રનો ! (૭૦)

તફસીર :

તે (અલ્લાહ તઆલા) એવો છે જેણે તમારા માટે રાત્રિ બનાવી જેથી તમે આરામ કરો અને દિવસ પણ એ જ પ્રમાણે બનાવ્યો કે (પ્રકાશિત હોવાના કારણે દશ્યો) જોવા માટેનું માધ્યમ છે, તે(ને બનાવવા)માં (તવહીદની) દલીલો છે તે લોકો માટે જેઓ (ચિંતન અને મનન સાથે આ વિષયોને) સાંભળે છે (મુશ્રિકો આ દલીલોમાં વિચાર કરતા નથી અને શિર્કની વાતો કરે છે એટલા માટે) તેઓ કહે છે (નઊઝુબિલ્લાહ !) અલ્લાહ તઆલા અવલાદ ધરાવે છે, સુબ્હાનલ્લાહ ! (કેવી

કઠોર વાત કહી રહ્યા છે ?) તે તો કોઈનો મોહતાજ નથી (અને સૌ તેના મોહતાજ છે) તેની જ મિલકત છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે (બસ, સૌનું મિલકત હોવું અને તેનું માલિક હોવું એ બાબતથી સાબિત થયું કે શ્રેષ્ઠતામાં તેનો કોઈ સમકક્ષ અથવા અન્ય કોઈ તેની જાતનો નથી, બસ જો અવલાદને અલ્લાહની જાતિ એટલે કે સમાન જાતિની કહેવામાં આવે તો તેની જાતિ જૂઠી થઈ ચૂકી અને જો તેને જાતિ વિનાનો કહેવામાં આવે તો જાતિ વિનાની અવલાદ હોવું એક ખામી છે અને અલ્લાહ તઆલા બધી જ ખામીઓથી પવિત્ર છે જેમકે, سُبْحَانَهٗ માં તે તરફ ઈશારો પણ છે, બસ અવલાદ હોવું સદંતર બાતિલ થઈ ગયું અમે જે અવલાદના નકારનો દા'વો કર્યો હતો તેના ઉપર તો અમે દલીલ સ્થાપિત કરી દીધી છે હવે, રહ્યો તમારો દા'વો તો બસ) તમારી પાસે (બેહૂદા અને વાહિયાત દા'વાઓ સિવાય) એ (દા'વા) ઉપર કોઈ દલીલ (પણ) નથી (તો) શું અલ્લાહ તઆલાના માથે એવી વાત મૂકો છો જેનું તમે (દલીલ વડે) જ્ઞાન ધરાવતા નથી ? આપ (ﷺ આ તોહમત લગાડનારાઓને તેમની જૂઠી તોહમત લગાડવાના કારણે ચેતવણી સંભળાવવા માટે) કહી આપો કે જે લોકો અલ્લાહ ઉપર જૂઠો આક્ષેપ કરે છે (જેમકે મુશ્રિકો કરી રહ્યા છે) તેઓ (કદાપિ) સફળ થશે નહીં (અને જો કોઈને શંકા હોય કે અમે તો એવા લોકોને દુનિયામાં ખૂબ સફળતા અને આરામ તથા રાહતમાં જોઈ રહ્યા છે તો જવાબ એ છે કે) આ દુનિયામાં (અમુક દિવસ) થોડી અય્યાશી છે (જે ઘણી જ જલદી નષ્ટ થઈ જવાની છે) ત્યારબાદ (મૃત્યુ પામીને) અમારી જ પાસે તેમને આવવાનું છે પછી (આખિરતમાં) અમે તેમને તેમના કુફ્રના બદલામાં સખત સજા(ની મજા) ચખાડીશું.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૭૧-૭૨-૭૩)

وَاتْلُ عَلَيْهِمْ نَبَاَ نُوْحٍ ۘ اِذْ قَالَ لِقَوْمِهٖ يٰقَوْمِ اِنْ كَانَ كَبُرَ عَلَيْكُمْ مَّقَامِيْ
وَتَذْكِيْرِيْ بِاٰيٰتِ اللّٰهِ فَعَلَى اللّٰهِ تَوَكَّلْتُ فَاَجْمِعُوْٓا اَمْرَكُمْ وَشُرَكَآءَكُمْ ثُمَّ لَا
يَكُنْ اَمْرُكُمْ عَلَيْكُمْ غُمَّةً ثُمَّ اقْضُوْٓا اِلَيَّ وَلَا تُنْظِرُوْنِ ﴿٧١﴾ فَاِنْ تَوَلَّيْتُمْ فَمَا

سَاَلْتُكُمْ مِّنْ اَجْرٍ ۖ اِنْ اَجْرِيَ اِلَّا عَلَى اللّٰهِ ۙ وَاُمِرْتُ اَنْ اَكُوْنَ مِنَ الْمُسْلِمِيْنَ ﴿٧٢﴾ فَكَذَّبُوْهُ فَنَجَّيْنٰهُ وَمَنْ مَّعَهٗ فِي الْفُلْكِ وَجَعَلْنٰهُمْ خَلٰٓئِفَ وَاَغْرَقْنَا الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُنْذَرِيْنَ ﴿٧٣﴾

તરજુમો :

અને તેમને નૂહ (અલૈ.)નો હાલ સંભળાવો જ્યારે પોતાની કોમને કહ્યું, હે કોમ ! જો તમારા ઉપર ભારે થયું છે મારું ઊભું થવું અને અલ્લાહની આયતોથી નસીહત કરવું તો મેં અલ્લાહ ઉપર ભરોસો કર્યો હવે તમે બધા મળીને પોતાનું કામ નક્કી કરો અને પોતાના ભાગીદારોને ભેગા કરો, પછી તમને તમારા કામમાં કોઈ શંકા ન રહે, પછી મારી સાથે કરી ચૂકો અને મને મહોલત ન આપો. (૭૧) પછી જો મોઢું ફેરવશો તો મેં કોઈ મજૂરી નથી ઈચ્છી, મારી મજૂરી અલ્લાહ ઉપર છે અને મને હુકમ છે કે આજ્ઞાપાલક (મુસ્લિમ) રહું. (૭૨) પછી તેમને જૂઠાડ્યા, બસ અમે તેમને બચાવી લીધા અને જે તેમની સાથે વહાણમાં હતા અને તેમને સ્થળ (પૃથ્વી) ઉપર આબાદ (સ્થાપિત) કરી દીધા અને જે અમારી વાતોને જૂઠાડતા હતા તેમને ડૂબાડી દીધા, બસ જોઈ લો તેમનો અંજામ કેવો થયો જેમને ડરાવ્યા હતા. (૭૩)

તફસીર :

અને આપ (ﷺ) તેમને નૂહ (અલૈ.)નો કિસ્સો પઢીને સંભળાવો (જે તે સમયે બન્યો હતો) જ્યારે કે તેમણે પોતાની કોમને કહ્યું, હે મારી કોમ ! જો તમને મારું રહેવું (એટલે કે નસીહત કરવાની પરિસ્થિતિમાં રહેવું) અને અલ્લાહના હુકમોથી નસીહત કરવું ભારે (અને નાપસંદ) લાગતું હોય તો (ભલે હું કંઈ પરવા નથી કરતો કારણ કે) મારો તો અલ્લાહ ઉપર જ ભરોસો છે, બસ તમે (મને નુકસાન પહોંચાડવા વિશે) તમારી યુક્તિઓ (જે કંઈ કરી શકો) તમારા (ઘડી કાઢેલા) શરીકો (એટલે કે મૂર્તિઓ) સાથે પાકી કરી લો (એટલે કે તમે અને તમારા મઅ્બૂદો બધા મળીને નુકસાન પહોંચાડવાની તમારી ઈચ્છા પૂરી કરી લો) પછી તમારી તે યુક્તિઓ તમારા ગૂંગળાવવાનું (અને દિલની તંગીનું) કારણ

ન થવા પામે (એટલે કે મોટા ભાગે ગુપ્ત યુક્તિઓથી દિલમાં એક પ્રકારની ગૂંગળામણ અનુભવાતી હોય છે, બસ ગુપ્ત યુક્તિઓ કરવાની આવશ્યકતા નથી જે કંઈ યુક્તિઓ દિલ ખોલીને જાહેરમાં કરી શકતા હોય, કરો ! મારો કોઈ લિહાજ કે શરમ ન રાખો અને ન જ મારા ચાલ્યા જવાનો અથવા નાસી છૂટવાનો ભય રાખો કારણ કે, આટલી વ્યક્તિઓના પહેરામાંથી એક વ્યક્તિનું ભાગી છૂટવું અશક્ય જેવું છે પછી ગુપ્ત યોજનાઓની શું આવશ્યકતાઓ છે) પછી મારી સાથે (જે કંઈ કરવાનું છે) કરી ચૂકો અને મને (થોડી પણ) મોહલત ન આપો (હેતુ એ છે કે હું તમારી તે વાતોથી નથી ડરતો અને હું ન જ પ્રચાર કરવાથી રોકાઈશ; આટલે સુધી તો ડરનો નકાર કર્યો, આગળ લાલચનો નકાર કરવામાં આવે છે. એટલે કે) પછી પણ જો તમને વાંધો જ હોય તો (એ સમજી લો કે) મેં તમારી પાસેથી (આ તબ્લીગ કરવાના બદલામાં) કોઈ વળતર તો નથી માંગ્યું (અને હું તમારી પાસે શા માટે માંગું ? કારણ કે) મારું વળતર તો માત્ર (અલ્લાહની કૃપાના વાયદા પ્રમાણે) અલ્લાહના જ માથે છે (મતલબ કે ન તો હું તમારાથી ડરું છુ અને ન જ કોઈ અપેક્ષા રાખું છું) અને (કારણ કે) મને હુકમ કરવામાં આવ્યો છે કે હું આજ્ઞાપાલન કરનારાઓમાં રહું (એટલા માટે તબ્લીગના હુકમનું અનુસરણ કરું છું, જો તમે માનશો નહીં તો તેમાં મારું શું નુકસાન છે ?) બસ (આ નસીહત અને શ્રેષ્ઠ કક્ષાની વાત હોવા છતાં પણ) તે લોકો તેમને જૂઠાડતા રહ્યા બસ (તેમના ઉપર પ્રલયનો અઝાબ થોપવામાં આવ્યો અને) અમે (આ અઝાબથી) તેમને અને જે તેમની સાથે વહાણમાં હતા તેમને (એટલે કે નૂહ અલૈ. અને તેમના સાથીઓને) છૂટકારો આપ્યો અને તેમને (પૃથ્વી ઉપર) આબાદ કર્યા અને (બાકી જે લોકો રહી ગયા હતા) જેમણે અમારી આયતોને જૂઠાડી હતી તેમને (આ પ્રલયમાં) ડૂબાડી દીધા, બસ જોવું જોઈએ તે લોકોનો કેવો (ખરાબ) અંજામ આવ્યો જેમને (અલ્લાહના અઝાબથી) ડરાવવામાં આવી ચૂક્યા હતા ! (એટલે કે તેઓ બેખબર હોવાની પરિસ્થિતિમાં હલાક કરવામાં નથી આવ્યા, બલકે તેમને પ્રથમથી જ કહી દેવામાં આવ્યું હતું અને સમજાવવામાં આવ્યું હતું પરંતુ તેમણે માન્યું નહીં અને સજા ભોગવી).

આયત : (સૂરએ યૂનુસ : આયત નં. ૭૪)

ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهٖ رُسُلًا اِلٰى قَوْمِهِمْ فَجَآءُوْهُمْ بِالْبَيِّنٰتِ فَمَا كَانُوْا لِيُؤْمِنُوْا

بِمَا كَذَّبُوْا بِهٖ مِنْ قَبْلُ ؕ كَذٰلِكَ نَطْبَعُ عَلٰى قُلُوْبِ الْمُعْتَدِيْنَ ﴿۷۴﴾

તરજુમો :

પછી અમે નૂહ (અલૈ.) પછી તેમની કોમ તરફ કેટલાય પયગમ્બર મોકલ્યા, ફરી તેમની પાસે ખુલ્લી દલીલો લાવ્યા, બસ તેમનાથી એ થયું કે એ વાત ઉપર ઈમાન લઈ આવે જેને પ્રથમથી જૂઠાડી ચૂક્યા હતા, એ જ પ્રમાણે અમે હદથી નીકળી જનારાઓના દિલો ઉપર મહોર લગાવી (સીલ મારી) દઈએ છીએ. (૭૪)

તફસીર :

ત્યારબાદ નૂહ (અલૈ.)ના પછી અમે અન્ય રસૂલોને તેમની કોમો તરફ મોકલ્યા, બસ તેઓ તેમની પાસે મોઅ્જિઝાઓ લઈને આવ્યા (પરંતુ) ત્યારબાદ (પણ તેમની જીદ અને હઠની પરિસ્થિતિ એવી હતી કે) જે વસ્તુને તેમણે પ્રથમ વાર (વિરોધ)માં (એક વખતે) જૂઠું કહી દીધું એ ન થયું કે ફરી તેને માની લીધું (અને જેમકે આ લોકો દિલોના કઠણ હતા) અલ્લાહ તઆલા એ જ પ્રમાણે કાફિરોના દિલો ઉપર મહોર લગાવી દે છે.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૭૫ થી ૮૨)

ثُمَّ بَعَثْنَا مِنْۢ بَعْدِهِمْ مُّوْسٰى وَهٰرُوْنَ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ بِاٰيٰتِنَا فَاسْتَكْبَرُوْا

وَكَانُوْا قَوْمًا مُّجْرِمِيْنَ ﴿۷۵﴾ فَلَمَّا جَآءَهُمُ الْحَقُّ مِنْ عِنْدِنَا قَالُوْۤا اِنَّ هٰذَا لَسِحْرٌ مُّبِيْنٌ ﴿۷۶﴾

قَالَ مُوْسٰۤى اَتَقُوْلُوْنَ لِلْحَقِّ لَمَّا جَآءَكُمْ ؕ اَسِحْرٌ هٰذَا ؕ وَلَا يُفْلِحُ السّٰحِرُوْنَ ﴿۷۷﴾ قَالُوْۤا

اَجِئْتَنَا لِتَلْفِتَنَا عَمَّا وَجَدْنَا عَلَيْهِ اٰبَآءَنَا وَتَكُوْنَ لَكُمَا الْكِبْرِيَآءُ فِى الْاَرْضِ ؕ

وَمَا نَحْنُ لَكُمَا بِمُؤْمِنِيْنَ ﴿٧٨﴾ وَقَالَ فِرْعَوْنُ ائْتُوْنِيْ بِكُلِّ سٰحِرٍ عَلِيْمٍ ﴿٧٩﴾ فَلَمَّا جَآءَ
السَّحَرَةُ قَالَ لَهُمْ مُّوْسٰٓى اَلْقُوْا مَآ اَنْتُمْ مُّلْقُوْنَ ﴿٨٠﴾ فَلَمَّآ اَلْقَوْا قَالَ مُوْسٰى مَا
جِئْتُمْ بِهِ ۙ السِّحْرُ ۭ اِنَّ اللّٰهَ سَيُبْطِلُهٗ ۭ اِنَّ اللّٰهَ لَا يُصْلِحُ عَمَلَ الْمُفْسِدِيْنَ ﴿٨١﴾
وَيُحِقُّ اللّٰهُ الْحَقَّ بِكَلِمٰتِهٖ وَلَوْ كَرِهَ الْمُجْرِمُوْنَ ﴿٨٢﴾ ع

તરજુમો :

પછી અમે તેમની પાછળ ફિરઔન અને તેના સરદારોની પાસે મૂસા (અલૈ.) અને હારૂન (અલૈ.)ને પોતાની નિશાનીઓ આપીને મોકલ્યા, પછી તકબ્બુર (અભિમાન) કરવા લાગ્યા અને તેઓ ગુનેહગાર લોકો હતા. (૭૫) પછી જ્યારે તેમને અમારી પાસેથી સાચી વાત પહોંચી કહેવા લાગ્યા, આ તો ઉઘાડો જાદૂ છે ! (૭૬) મૂસા (અલૈ.)એ કહ્યું, શું તમે સત્ય વાતને આવું કહો છો જ્યારે તે તમારી પાસે પહોંચે ? શું આ જાદૂ છે ? અને જાદૂ કરનારાઓ છુટકારો પામતા નથી. (૭૭) બોલ્યા, શું તમે આવ્યા છો કે અમને તે માર્ગથી ફેરવી આપો જેના ઉપર અમે પોતાના બાપદાદાઓને પામ્યા ? અને તમને બંનેને આ પ્રદેશમાં સરદારી મળી જાય ? અને અમે તમને માનનારા નથી. (૭૮) અને ફિરઔન બોલ્યો, મારી પાસે લાવો જે જાણકાર જાદૂગર હોય. (૭૯) પછી જ્યારે જાદૂગર આવ્યા મૂસા (અલૈ.)એ તેમને કહ્યું, નાંખો જે તમે નાંખો છો ! (૮૦) પછી જ્યારે તેમણે નાંખ્યું મૂસા (અલૈ.) બોલ્યા કે જે તમે લાવ્યા છો બસ જાદૂ છે હવે અલ્લાહ તેને બગાડે છે, નિ:શંક ! અલ્લાહ ફસાદખોરોના કામ શણગારતો નથી. (૮૧) અને અલ્લાહ પોતાના હુકમથી હક વાતને સાચી કરે છે અને ગુનેહગારો ભલે બુરું માને. (૮૨)

તફસીર :

ત્યારબાદ તે (પ્રસ્તુત) પયગમ્બરો પછી અમે મૂસા અને હારૂન (અલૈ.)ને ફિરઔન અને તેના સરદારો પાસે પોતાના મોઅ્જિઝાઓ (અસા એટલે કે લાઠી અને ચમકતો હાથ) આપીને મોકલ્યા, બસ તેમણે (એટલે કે ફિરઔન અને તેના સરદારોએ તેનું સમર્થન કરવાથી) અભિમાન કર્યું (અને સત્યની શોધ માટે

વિચાર પણ ન કર્યો) અને તે લોકો પાપાચારીઓ હતા (એટલા માટે અનુસરણ ન કર્યું) પછી જ્યારે (દા'વા પછી) તેમને અમારી પાસેથી તે (મૂસા અલૈ.ની નુબુવ્વતની) સાચી દલીલ પહોંચી (તેનાથી ભાવાર્થ તે મોઅ્જિઝો છે) તો તે લોકો કહેવા લાગ્યા કે ખરેખર આ તો ઉઘાડો જાદૂ છે; મૂસા (અલૈ.)એ કહ્યું, શું તમે આ સાચી દલીલ વિશે જ્યારે કે તે તમારી પાસે પહોંચી ચૂકી આવી વાત કહો છો (કે આ જાદૂ છે) ! શું આ જાદૂ છે ? જ્યારે કે જાદૂગર (જો નુબુવ્વતનો દા'વો કરે તો તે મોઅ્જિઝો જાહેર કરવામાં) સફળ નથી થતો (અને હું સફળ થાઉં છું કે પ્રથમ દા'વો કર્યો હવે મોઅ્જિઝો જાહેર કરી દીધો) તે લોકો (આ નિવેદનનો કંઈ જવાબ ન આપી શક્યા, એમ જ અજ્ઞાનતાથી) કહેવા લાગ્યા, શું તમે અમારી પાસે એટલા માટે આવ્યા છો કે અમને એ તરીકાથી હટાવી દો જેના ઉપર અમે પોતાના વડીલોને જોયા છે અને (એટલા માટે આવ્યા છો કે) તમને બંનેને દુનિયામાં રિયાસત (બાદશાહત અને સરદારી) મળી જાય ? અને (તમે સારી પેઠે જાણી લો કે) અમે તો તમને બંનેને કદાપિ માનીશું નહીં અને ફિરઔને (પોતાના સરદારોને) કહ્યું કે મારી પાસે બધા જ નિષ્ણાત જાદૂગરોને (જે આપણા પ્રદેશમાં છે) હાજર કરો (એટલા માટે તેમને ભેગા કરવામાં આવ્યા) બસ, જ્યારે તેઓ આવ્યા (અને મૂસા અલૈ. સાથે મુકાબલો થયો તો) મૂસા (અલૈ.)એ તેમને કહ્યું કે, નાંખો જે કંઈ તમારે (મેદાનમાં) નાંખવાનું છે, બસ જ્યારે તેમણે (પોતાના જાદૂનો સામાન) નાંખ્યો તો મૂસા (અલૈ.)એ કહ્યું કે જે કંઈ તમે (બનાવીને) લાવ્યા છો જાદૂ છે (ન કે તે જેને ફિરઔનવાળાઓ જાદૂ કહે છે) યકીની વાત છે કે અલ્લાહ તઆલા એ(જાદૂ)ને હમણા અસ્તવ્યસ્ત કરી નાંખશે (કારણ કે) અલ્લાહ તઆલા એવા ફસાદીઓના કાર્ય પૂર્ણ થવા દેતો નથી (જે મોઅ્જિઝા સામે મુકાબલો કરવા રજુ થયા) અને અલ્લાહ તઆલા (જે પ્રમાણે બાતિલ અને મોઅ્જિઝાના મુકાબલામાં સત્ય અને મોઅ્જિઝાઓને સફળ બનાવે છે અને બાતિલને નિષ્ફળ બનાવે છે એ જ પ્રમાણે) સાચી દલીલ (એટલે કે મોઅ્જિઝા)ને પોતાના વાયદા પ્રમાણે (કે નુબુવ્વતની નિશાની સ્વરૂપે) સાચી સાબિત કરી બતાવે છે ભલે અપરાધી (અને કાફિર) લોકોને કેટલુંય નાપસંદ હોય.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૮૩ થી ૮૬)

فَمَآ اٰمَنَ لِمُوْسٰٓى اِلَّا ذُرِّيَّةٌ مِّنْ قَوْمِهٖ عَلٰى خَوْفٍ مِّنْ فِرْعَوْنَ وَمَلَا۟ئِهِمْ اَنْ يَّفْتِنَهُمْ ۭ وَ
اِنَّ فِرْعَوْنَ لَعَالٍ فِي الْاَرْضِ ۚ وَاِنَّهٗ لَمِنَ الْمُسْرِفِيْنَ ﴿٨٣﴾ وَقَالَ مُوْسٰى يٰقَوْمِ اِنْ
كُنْتُمْ اٰمَنْتُمْ بِاللّٰهِ فَعَلَيْهِ تَوَكَّلُوْٓا اِنْ كُنْتُمْ مُّسْلِمِيْنَ ﴿٨٤﴾ فَقَالُوْا عَلَى اللّٰهِ تَوَكَّلْنَا ۚ رَبَّنَا
لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿٨٥﴾ وَنَجِّنَا بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿٨٦﴾

તરજુમો :

પછી કોઈ મૂસા (અલૈ.) ઉપર ઈમાન ન લાવ્યું પરંતુ તેમની કોમના અમુક છોકરાઓ ફિરઔનથી અને તેમના સરદારોથી ડરતાં-ડરતાં કે ક્યાંક તેમને આફતમાં ન નાંખે અને ફિરઔન પ્રદેશમાં ચઢી રહ્યો છે (પ્રબળ છે) અને તેણે હાથ (પણ) છોડી રાખ્યો છે. (૮૩) અને મૂસા (અલૈ.)એ કહ્યું, હે મારી કોમ ! જો તમે અલ્લાહ ઉપર ઈમાન લાવ્યા છો તો એના જ ઉપર ભરોસો કરો જો તમે ફરમાંબરદાર છો. (૮૪) ત્યારે તેઓ બોલ્યા, અમે અલ્લાહ ઉપર ભરોસો કર્યો, હે અમારા પરવરદિગાર ! અમારા ઉપર આ જાલિમ કોમનું જોર ન અજમાવ. (૮૫) અને અમને મહેરબાની કરીને આ કાફિર લોકોથી છુટકારો અપાવી દે. (૮૬)

તફસીર :

બસ (જ્યારે લાઠીનો મોઅ્જિઝો જાહેર થયો તો) મૂસા (અલૈ.) ઉપર (શરૂ-શરૂમાં) તેમની કોમમાંથી ફક્ત અમુક થોડા વ્યક્તિઓ ઈમાન લાવ્યા તે પણ ફિરઔનથી અને તેના અધિકારીઓથી ડરતાં-ડરતાં કે ક્યાંક (જાહેર થવાથી) તેમને તકલીફ (ન) પહોંચાડી દે અને વાસ્તવમાં (તેમનું ડરવું પણ અસ્થાને ન હતું, કારણ કે) ફિરઔન આ પ્રદેશમાં જોર (બાદશાહત) ધરાવતો હતો અને એ વાત પણ હતી કે તે હદ (ન્યાય)થી બહાર નીકળી જતો હતો (અત્યાચાર કરવા લાગતો હતો, પછી જે વ્યક્તિ સત્તાની સાથે સાથે અત્યાચાર કરતો હોય તેનો તો ડર લાગતો જ હોય છે) અને મૂસા (અલૈ.)એ (જ્યારે તેમના ડરને જોયો તો તેમને) કહ્યું કે હે મારી કોમ ! જો તમે (સાચા દિલથી) અલ્લાહ

ઉપર ઈમાન ધરાવતા હોય તો (વિચાર્યા ન કરો, બલકે) તેના ઉપર જ વિશ્વાસ રાખો અને તમે (તેની) આજ્ઞાનું પાલન કરનારા બનો, તેમણે (જવાબમાં) વિનંતી કરી કે અમે અલ્લાહ ઉપર જ વિશ્વાસ કર્યો, (ત્યારબાદ અલ્લાહ તઆલા પાસે દુઆ કરી કે) હે અમારા પરવરદિગાર ! અમને જાલિમ લોકોના જોર–આજમાઈશનો "તખ્તએ મશ્ક" (અખાડો) ન બનાવ અને અમને પોતાની રહમતથી આ કાફિરોથી છુટકારો અપાવ.

આયતો : (સૂરએ યુનૂસ : આયત નં. ૮૭ થી ૯૧)

وَ اَوْحَيْنَآ اِلٰى مُوْسٰى وَ اَخِيْهِ اَنْ تَبَوَّاٰ لِقَوْمِكُمَا بِمِصْرَ بُيُوْتًا وَّ اجْعَلُوْا
بُيُوْتَكُمْ قِبْلَةً وَّ اَقِيْمُوا الصَّلٰوةَ ؕ وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ﴿۸۷﴾ وَقَالَ مُوْسٰى رَبَّنَآ اِنَّكَ
اٰتَيْتَ فِرْعَوْنَ وَمَلَاَهٗ زِيْنَةً وَّ اَمْوَالًا فِى الْحَيٰوةِ الدُّنْيَا ۙ رَبَّنَا لِيُضِلُّوْا عَنْ
سَبِيْلِكَ ۚ رَبَّنَا اطْمِسْ عَلٰٓى اَمْوَالِهِمْ وَاشْدُدْ عَلٰى قُلُوْبِهِمْ فَلَا يُؤْمِنُوْا حَتّٰى يَرَوُا
الْعَذَابَ الْاَلِيْمَ ﴿۸۸﴾ قَالَ قَدْ اُجِيْبَتْ دَّعْوَتُكُمَا فَاسْتَقِيْمَا وَلَا تَتَّبِعٰٓنِّ
سَبِيْلَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ﴿۸۹﴾ وَجٰوَزْنَا بِبَنِيْٓ اِسْرَآءِيْلَ الْبَحْرَ فَاَتْبَعَهُمْ فِرْعَوْنُ
وَجُنُوْدُهٗ بَغْيًا وَّعَدْوًا ؕ حَتّٰٓى اِذَآ اَدْرَكَهُ الْغَرَقُ ۙ قَالَ اٰمَنْتُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا الَّذِيْٓ
اٰمَنَتْ بِهٖ بَنُوْٓا اِسْرَآءِيْلَ وَاَنَا مِنَ الْمُسْلِمِيْنَ ﴿۹۰﴾ آٰلْئٰنَ وَقَدْ عَصَيْتَ قَبْلُ
وَكُنْتَ مِنَ الْمُفْسِدِيْنَ ﴿۹۱﴾

તરજુમો :

અને અમે મૂસા (અલૈ.)ને અને તેમના ભાઈને હુકમ મોકલ્યો કે પોતાની કોમના માટે મિસ્રમાં ઘરો બનાવો અને પોતાના ઘરો કિબ્લારૂખ બનાવો અને નમાઝ કાયમ કરો અને ઈમાનવાળાઓને ખુશખબરી આપો. (૮૭) અને મૂસા (અલૈ.)એ કહ્યું, હે અમારા પરવરદિગાર ! તેં ફિરઔનને અને

તેના સરદારોને દુનિયાની જિંદગીમાં રોનક અને માલ આપ્યો છે, હે અમારા પરવરદિગાર ! એ માટે કે તારા માર્ગથી ભટકાવે, હે અમારા પરવરદિગાર ! તેમનો માલ મિટાવી દે અને તેમના દિલો કઠોર કરી દે કે જ્યાં સુધી દર્દનાક અઝાબ જોઈ લે ઈમાન ન લાવે. (૮૮) કહ્યું, તમારી દુઆ કબૂલ થઈ ચૂકી, બસ તમે બંને અડગ રહો અને જે નાવાકેફ છે તેમના માર્ગે ન ચાલો. (૮૯) અને અમે બની ઈસ્રાઈલને દરિયાથી પાર કરી દીધા, પછી ફિરઔને તેમનો પીછો કર્યો અને તેના લશ્કરે શરારતથી અને અદાવતથી, એટલે સુધી કે જ્યારે ડૂબવા લાગ્યો બોલ્યો, મેં યકીન કરી લીધું કે કોઈ મઅ્બૂદ નથી પરંતુ જેના ઉપર બની ઈસ્રાઈલ ઈમાન લાવ્યા અને હું ફરમાંબરદારોમાં છું. (૯૦) હવે આવું કહે છે !? અને તું આનાથી પહેલાં (તો) નાફરમાની કરતો રહ્યો અને ગુમરાહોમાં રહ્યો ! (૯૧)

તફસીર :

અને અમે (તેની દુઆ કબૂલ કરવાનો સામાન ઉપસ્થિત કર્યો કે) મૂસા (અલૈ.) અને તેમના ભાઈ હારૂન (અલૈ.) પાસે વહી મોકલી કે તમે બંને પોતાના લોકો માટે (કાયદેસર) મિસ્રમાં ઘર બનાવી રાખો (એટલે કે તેઓ ડરીને ઘર ન છોડે અમે તેમની સુરક્ષા કરીશું) અને (નમાઝના સમયે) તમે સૌ પોતાના આ જ ઘરોમાં નમાઝ પઢવાની જગ્યા કાયમ કરી દો (તો મસ્જિદોમાં હાજરી આપવી ડરના કારણે મા'ફ છે) અને (એ જરૂરી છે કે) નમાઝના પાબંદ રહો (જેથી નમાઝની બરકતથી અલ્લાહ તઆલા આ મુસીબતથી જલદી છુટકારો અપાવી દે) અને (હે મૂસા અલૈ. !) તમે મુસલમાનોને ખુશખબરી આપી દો (કે હવે નિકટમાં જ આ મુસીબત દૂર થઈ જશે) અને મૂસા (અલૈ.)એ (દુઆમાં) વિનંતી કરી કે હે અમારા પરવરદિગાર ! (અમને એ વાત જાણ થઈ ગઈ કે) તેં ફિરઔનને અને તેના સરદારોને શણગારનો સામાન અને જાત-જાતનો માલ દુનિયવી જિંદગીમાં હે અમારા પરવરદિગાર એ જ કારણે આપ્યો છે કે તે તારા માર્ગથી (લોકોને) ગુમરાહ કરે, (બસ જ્યારે હિદાયત તેમના મુકદ્દરમાં છે જ નથી અને જે હિકમત હતી તે પ્રાપ્ત થઈ ચૂકી તો હવે તેમના માલ અને તેમની હસ્તીને શા માટે બાકી રાખવામાં આવે ? બસ) હે અમારા પરવરદિગાર તેમના

માલને નેસ્ત-નાબૂદ કરી નાંખ અને (તેમની જાત માટે હલાકતનો સામાન બનાવી દે એ પ્રમાણે કે) તેમના દિલોને (વધારે) કઠણ બનાવી દે (જેનાથી તેઓ નાશ થવાના હકદાર બની જાય) બસ તેઓ ઈમાન ન લાવવા પામે (બલકે દરરોજ તેમનું કુફ્ર વધતું જ રહે) એટલે સુધી કે મહાન અઝાબ(ના હકદાર થઈને તેને) જોઈ લે, (બસ તે સમયે ઈમાનનો લાભ નથી થતો, મૂસા અલૈ. આ દુઆ કરતા રહ્યા અને હારૂન અલૈ. "આમીન" કહેતા રહ્યા. -કઝા ફિલ દૂર્રિ મન્સૂર) અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે તમારા બંનેની દુઆ કબૂલ કરી લેવામાં આવી (કારણ કે આમીન કહેવું પણ દુઆમાં સામેલ થવું જ છે; અમે તેમના માલ અને જાતને હવે નષ્ટ કરનારા છે) બસ તમે (પોતાના હોદ્દાનું કાર્ય એટલે કે તબ્લીગ અને પ્રચાર ઉપર) દૃઢ રહો (એટલે કે ભલે હિદાયત તેમની તકદીરમાં ન હોય પરંતુ તબ્લીગમાં તમારો જ ફાયદો છે) અને તે લોકોના માર્ગે ન ચાલો જેઓ (અમારો વાયદો સાચો હોવામાં કે સજાની મોકૂફીમાં હિકમત હોવાનું જ્ઞાન જ ધરાવતા નથી અથવા તો તબ્લીગ આવશ્યક હોવાનું) જાણતા નથી (એટલે કે અમારા વાયદાને સાચો સમજો અને જો તેમનો નાશ થવામાં મોડું થઈ જાય તો તેમાં હિકમત સમજો અને પોતાના પયગમ્બરીના હોદ્દામાં મંડ્યા રહો) અને (જ્યારે અમે ફિરઔનનો નાશ કરવા ઈચ્છ્યું તો મૂસા અલૈ.ને હુકમ આપ્યો કે બની ઈસ્રાઈલને મિસ્રથી બહાર કાઢીને લઈ જાઓ, એટલા માટે તેઓ સૌને લઈને નીકળી ગયા અને રસ્તામાં ખારો સમુદ્ર આડે આવ્યો અને મૂસા અલૈ.ની દુઆથી તેમાં માર્ગ થઈ ગયો અને) અમે બની ઈસ્રાઈલને (તે) દરિયાથી પાર કરી દીધા પછી તેમની પાછળ-પાછળ ફિરઔન પોતાના લશ્કરની સાથે અત્યાચાર અને અતિરેકના ઈરાદાથી (દરિયામાં) ચાલ્યો (કે દરિયાથી નીકળીને તેમને હણી નાંખે પરંતુ તે દરિયો પાર ન કરી શક્યો) એટલે સુધી કે તે ડૂબવા લાગ્યો (અને અઝાબના ફરિશ્તાઓ નજરે પડવા લાગ્યા) તો (બેબાકળો થઈને) કહેવા લાગ્યો, હું ઈમાન લાવું છું કે જેના ઉપર બની ઈસ્રાઈલ ઈમાન લાવ્યા છે તેના સિવાય કોઈ મઅ્બૂદ નથી અને હું મુસલમાનોમાં સામેલ થાઉં છું (બસ મને આ ડૂબવાથી અને આખિરતના અઝાબથી છુટકારો આપવામાં આવે) અને એ (આખિરતને જોતા) પહેલાં શરારત કરતો રહ્યો અને ફસાદખોરોમાં રહ્યો, હવે છુટકારો ઈચ્છે છે !?

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં હઝરત મૂસા અને હઝરત હારૂન (અલૈ.) તથા બની ઈસ્રાઈલ અને ફિરઔનની કોમની અમુક ઘટનાઓ અને તેનાથી સંબંધિત હુકમો પ્રસ્તુત છે. પ્રથમ આયતમાં એક ખાસ ઘટના વિશે હુકમ છે અને તે એ કે, બની ઈસ્રાઈલ જેઓ દીને મુસ્વી (અલૈ.) ઉપર અમલ કરતા હતા તેઓ બધા સામાન્ય ટેવ પ્રમાણે નમાઝો ફક્ત પોતાની ઈબાદતગાહો (સીનાગોગ)માં અદા કરતા હતા. આ વિશિષ્ટ સહૂલત ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને અર્પણ થઈ કે દરેક સ્થળે જ્યાં ઈચ્છે નમાઝ અદા કરી લે. સહીહ મુસ્લિમની એક હદીષમાં રસૂલે કરીમ ﷺએ પોતાની છ વિશેષતાઓમાંથી એક એ પણ વર્ણન કરી છે કે, મારા માટે સમગ્ર પૃથ્વીને મસ્જિદ બનાવી દેવામાં આવી છે કે દરેક સ્થળે નમાઝ અદા થઈ જાય છે અને એ બીજી વાત છે કે ફરજ નમાઝોને મસ્જિદમાં જ અદા કરવી જમાઅતની સાથે સુન્નતે મુઅક્કિદહ ઠરાવવામાં આવ્યું છે અને નફલ નમાઝોને ઘરોમાં અદા કરવી ઉત્તમ છે. રસૂલે કરીમ ﷺનો અમલ એ જ હતો કે, મસ્જિદમાં ફક્ત ફરજ નમાઝો પઢતા હતા અને સુન્નતો તથા નફલો ઘરમાં જઈને અદા કરતા હતા. બની ઈસ્રાઈલ પોતાના ધર્મ પ્રમાણે એ બાબતના પાબંદ હતા કે, નમાઝ ફક્ત પોતાના ઈબાદતખાનાઓમાં અદા કરતા હતા અને ફિરઔન જે તેમને જાત-જાતની અને ભાત-ભાતની પીડાઓ અને ત્રાસ આપી અત્યાચાર કરતો હતો તેણે આ જોઈને તેમના બધા જ ઈબાદતખાનાઓને જમીનદોસ્ત કરાવી નાંખ્યા કે આ લોકો પોતાના ધર્મ પ્રમાણે નમાઝ જ ન પઢી શકે, તેના ઉપર અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલના બંને પયગમ્બરો હઝરત મૂસા અને હઝરત હારૂન (અલૈ.)ને જે હુકમ આપ્યો તે આ આયતમાં પ્રસ્તુત છે કે, બની ઈસ્રાઈલ માટે મિસ્રમાં નવા મકાનો બનાવવામાં આવે અને તે મકાનોનું રૂખ કિબ્લા તરફ હોય જેથી તેઓ તેમના મકાનમાં આરામથી નમાઝ અદા કરી શકે.

તેનાથી જાણ થઈ કે અગાઉ થઈ ચૂકેલી ઉમ્મતોમાં જો કે સામાન્ય હુકમ એ જ હતો કે, નમાઝો ફક્ત ઈબાદતખાનાઓમાં પઢવામાં આવે પરંતુ એક ખાસ ઘટનાના કારણે બની ઈસ્રાઈલ માટે એ બાબતની કામચલાઉ પરવાનગી આપવામાં આવી કે ઘરોમાં જ નમાઝ અદા કરવામાં આવે અને પોતાના ઘરોનું રૂખ કિબ્લા તરફ સીધું રાખે અને એ પણ કહી શકાય છે કે, આ જરૂરતના સમયે

પણ તેમના વિશિષ્ટ ઘરોમાં નમાઝ પઢવાની પરવાનગી આપવામાં આવી હતી જેનું રૂખ કિબ્લા તરફ કરવામાં આવ્યું હતું, સામાન્ય ઘરોમાં અને જાહેર સ્થળો ઉપર નમાઝની પરવાનગી તે સમયે પણ ન હતી કે જે પ્રમાણે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને શહેર અને જંગલ દરેક સ્થળોએ નમાઝ અદા કરવાની સહૂલત પ્રાપ્ત થઈ છે. *(રૂહ)*

અત્રે આ સવાલ પણ વિચારપાત્ર છે કે, આ આયતમાં બની ઈસ્રાઈલને જે કિબ્લા તરફ ચહેરો કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તેનો ભાવાર્થ કયો કિબ્લો છે ? કા'બા અથવા બયતુલ મુકદ્દસ ? હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, તેનો ભાવાર્થ કા'બા છે અને કા'બા જ હઝરત મૂસા (અલૈ.) અને તેમના સાથીઓનો કિબ્લો હતો. *(કુર્તુબી અને રૂહ)*

બલકે અમુક ઉલમાએ ફરમાવ્યું કે, બધા જ અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.)નો કિબ્લો વાસ્તવમાં કા'બા જ હતો.

જે હદીષમાં એવો ઈરશાદ છે કે, યહૂદીઓ પોતાની નમાઝોમાં "સખ્રએ બયતુલ મુકદ્દસ" તરફ ચહેરો કરે છે તેને તે સમયકાળના સંદર્ભમાં લેવામાં આવશે જ્યારે કે હઝરત મૂસા (અલૈ.) મિસ્ર છોડીને બયતુલ મુકદ્દસ તરફ રવાના થયા અને આ તે બાબતની વિરુદ્ધ નથી કે મિસ્રમાં સ્થાયી થવાના સમયકાળમાં તેમનો કિબ્લો બયતુલ્લાહ જ હોય.

આ આયતથી એ પણ સાબિત થયું કે, નમાઝ માટે કિબ્લા તરફ ચહેરો હોવાની શરત પાછલા અંબિયા (અલૈ.)ના યુગમાં પણ હતી, એ જ પ્રમાણે પાકી (સ્વચ્છતા) અને "સત્રે ઓરત" (વિશિષ્ટ અંગોને ઢાંકવા) વિશે બધા જ પાછલા અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં નમાઝની શરત હોવું વિશ્વાસપાત્ર રિવાયતોથી સાબિત થયેલ છે.

ઘરોને કિબ્લારૂખ બનાવવાનો હેતુ જ એ હતો કે તેમાં નમાઝ અદા કરવામાં આવે, એટલા માટે ત્યારબાદ اَقِيْمُوا الصَّلٰوةَ નો હુકમ આપીને એવું માર્ગદર્શન આપવામાં આવ્યું કે, જો ફિરઔન ઈબાદતગાહોમાં નમાઝ અદા કરવાથી અટકાવે છે તો તેનાથી નમાઝનો હુકમ રદ નથી થતો, બલકે તેને પોતાના ઘરોમાં અદા કરો.

અંતિમ આયતમાં હઝરત મૂસા (અલૈ.)ને સંબોધન કરીને હુકમ આપવામાં આવ્યો કે, મો'મિનોને તમે ખુશખબરી સંભળાવી આપો કે તેમનો હેતુ પૂર્ણ થશે, દુશ્મન ઉપર તેમને વિજય પ્રાપ્ત થશે અને આખિરતમાં જન્નત મળશે.

(રૂહ)

આયતની શરૂઆતમાં હઝરત મૂસા અને હારૂન (અલૈ.)ને અરબીના બે વચન (તસ્નિય્યહ) દ્વારા સંબોધન કરવામાં આવ્યું, કારણ કે મકાનો કિબ્લા તરફ રૂખ કરીને તેમાં નમાઝો પઢવાની પરવાનગી તેમનું જ કામ હતું, ત્યારબાદ બહુવચન (જમઅ્)ના ક્રિયાપદ દ્વારા બધા જ બની ઈસ્રાઈલને સામેલ કરીને નમાઝ કાયમ કરવાનો હુકમ આપવામાં આવ્યો, કારણ કે આ હુકમમાં પયગમ્બર અને ઉમ્મત બધા જ સામેલ છે, અંતે ખુશખબરી આપવાનો હુકમ ખાસ હઝરત મૂસા (અલૈ.)ને આપવામાં આવ્યો, કારણ કે અસલ શરીઅત લાવનાર નબી તેઓ જ હતા, જન્નતની ખુશખબરી આપવાનો અધિકાર માત્ર તેમને જ હતો.

બીજી આયતમાં ફિરઔનની કોમની સુધારણાથી નિરાશ થઈને હઝરત મૂસા (અલૈ.)ની બદ્દુઆનું વર્ણન છે જેની શરૂઆતમાં તેમણે અલ્લાહ તઆલાની બારગાહમાં એ વિનંતી કરી કે, યા અલ્લાહ ! તેં ફિરઔનની કોમને દુનિયાના શણગારનો સર-સામાન અને માલ-દોલત મોટા પ્રમાણમાં અર્પણ કરી છે, મિસ્રથી લઈને હબસા (ઈથોપિયા) સુધીની જમીનમાં સોના-ચાંદી અને હીરા-મોતી (યાકૂત) વગેરે રત્નોની ખાણો અર્પણ કરી રાખી છે. (કુર્તુબી) જેનો પ્રભાવ એ છે કે તેઓ લોકોને તારા માર્ગથી ગુમરાહ કરે છે, કારણ કે સામાન્ય લોકો તેમના જાહેર સર-સામાન અને અય્યાશીઓ તથા રાહતને જોઈને એવી શંકામાં પડી જાય છે કે, જો તેઓ ગુમરાહી ઉપર હોત તો તેમને અલ્લાહ તઆલાની આ નેઅ્મતો કઈ રીતે મળે ? કારણ કે, સામાન્ય લોકોની દૃષ્ટિ એ વાસ્તવિકતા સુધી નથી પહોંચતી કે દુનિયાની પ્રગતિ અને વિકાસ નેક અમલ વિના કોઈ માનવીના સત્ય ઉપર હોવાની નિશાની નથી હોઈ શકતી, હઝરત મૂસા (અલૈ.)એ ફિરઔનની કોમની સુધારણાથી નિરાશ થઈ ગયા પછી તેમના માલ-દોલતથી અન્યોની ગુમરાહીના ભયની અનુભૂતિ કરીને બદ્દુઆ કરી, رَبَّنَا اطْمِسْ عَلَىٰٓ اَمْوَالِهِمْ એટલે કે, "હે મારા પરવરદિગાર ! તેમના માલનું

સ્વરૂપ બદલીને નષ્ટ અને નિરર્થક બનાવી દે.''

હઝરત કતાદહ (રદિ.)નું વર્ણન છે કે, આ દુઆનો પ્રભાવ એ જાહેર થયો કે, ફિરઔનની કોમના બધા જ ઝર-ઝવેરાત અને રોકડ સિક્કા, બાગ-બગીચા, ખેતીઓનું બધું ઉત્પાદન પથ્થરોના સ્વરૂપમાં પરિવર્તિત થઈ ગયું, હઝરત ઉમર ઈબ્ને અઝીઝ (રહ.)ના સમયકાળમાં એક થેલો મળ્યો હતો જેમાં ફિરઔનના સમયની વસ્તુઓ હતી, તેમાં ઈંડા અને બદામો પણ જોવા મળી હતી જે બિલકુલ પથ્થર હતી.

તફસીરના ઈમામોએ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ તેમના ફળો લીલોતરી અને અનાજને પથ્થર બનાવી દીધું હતું અને આ અલ્લાહની તે નવ નિશાનીઓ (મોઅ્જિઝાઓ)માંથી છે જેનું વર્ણન કુર્આન ૧૭:૧૦૧માં આવ્યું છે,

وَلَقَدْ اٰتَيْنَا مُوْسٰى تِسْعَ اٰيٰتٍۭ بَيِّنٰتٍ (અમે મૂસાને ખુલ્લી નવ નિશાનીઓ આપી.)

બીજી બદ્દુઆ હઝરત મૂસા (અલૈ.)એ આ કરી, وَاشْدُدْ عَلٰى قُلُوْبِهِمْ فَلَا يُؤْمِنُوْا حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ એટલે કે, ''હે મારા પરવરદિગાર ! તેમના દિલોને એવા કઠણ બનાવી દે કે તેમનામાં ઈમાન અને ભલાઈની કોઈ ક્ષમતા જ ન રહે, જેથી તેઓ ભયાનક અઝાબ આવતા પહેલાં ઈમાન ન લાવી શકે.''

આ બદ્દુઆ જાહેર રીતે એક રસૂલ અને પયગમ્બરની જીભ વડે જાહેર થવી ખૂબ અશક્ય જેવી વાત ગણાય છે, કારણ કે પયગમ્બરોની જિંદગીનો હેતુ જ એ હોય છે કે લોકોને ઈમાન અને નેક સદ્કાર્યો તરફ આમંત્રણ આપે અને તેના માટે યોજનાઓ બનાવે.

પરંતુ અત્રે ઘટના એમ છે કે, હઝરત મૂસા (અલૈ.) સમગ્ર યુક્તિઓ કર્યા પછી તેમની સુધારણાથી નિરાશ થઈ ચૂક્યા હતા અને હવે ઈચ્છતા હતા કે, તેઓ પોતાના કૃત્યોની સજા ભોગવે, તેમાં એ સંભાવના પણ હતી કે કદાચ આ લોકો અઝાબને આવતો જોઈને ઈમાનનો સ્વીકાર ન કરી લે અને એ રીતે અઝાબ ટળી જાય, એટલા માટે કુફ્રથી નફરત અને જુગુપ્સા આ દુઆનું કારણ બન્યું, જેમકે ફિરઔન ડૂબવાના સમયે ઈમાનનો સ્વીકાર કરવા લાગ્યો તો જિબ્રઈલ અમીન (અલૈ.)એ તેનું મોઢું બંધ કરી દીધું કે ક્યાંક અલ્લાહની રહમત કેન્દ્રિત થઈને તે અઝાબથી બચી ન જાય.

અને એમ પણ હોઈ શકે છે કે આ બદ્દુઆ વાસ્તવમાં બદ્દુઆ ન હોય બલકે એવું હોય જેમકે શયતાન ઉપર લા'નત કરવામાં આવે છે, તે કુર્આનની નસ પ્રમાણે પોતે જ ફિટકારપાત્ર છે, પછી તેના ઉપર ફિટકાર કરવાનો મતલબ એનાથી વિશેષ કંઈ નથી કે જેના ઉપર અલ્લાહે લા'નત થોપી દીધી અમે પણ તેના ઉપર લા'નત કરીએ છીએ, આવી પરિસ્થિતિમાં આ બદ્દુઆનો ભાવાર્થ એ થયો કે તેમના દિલોનું કઠણ થવું અને ઈમાન તથા સુધારણાપાત્ર ન થવું અલ્લાહ તઆલા તરફથી નક્કી થઈ ચૂક્યું હતું, હઝરત મૂસા (અલૈ.)એ બદ્દુઆ સ્વરૂપે માત્ર તેની જાહેરાત કરી હોય.

ત્રીજી આયતમાં હઝરત મૂસા (અલૈ.)ની દુઆની સ્વીકૃતિનું વર્ણન થયું છે પરંતુ વિષયમાં હઝરત હારૂન (અલૈ.)ને પણ દુઆમાં સામેલ ઠરાવીને આ સંબોધન કરવામાં આવ્યું, قَدْ اُجِيْبَتْ دَّعْوَتُكُمَا એટલે કે, "તમારા બંનેની દુઆનો સ્વીકાર કરી લેવામાં આવ્યો." કારણ એ હતું કે જ્યારે હઝરત મૂસા (અલૈ.) આ દુઆ કરી રહ્યા હતા ત્યારે હઝરત હારૂન (અલૈ.) "આમીન" કહી રહ્યા હતા. એનાથી જાણ થઈ કે કોઈ દુઆ ઉપર "આમીન" કહેવું પણ દુઆમાં જ સામેલ છે અને કારણ કે દુઆનો સુન્નત તરીકો કુર્આને કરીમમાં ધીમા અવાજથી કરવાનો બતાવવામાં આવ્યો છે તેથી "આમીન" પણ ધીમા અવાજે કહેવું વધારે યોગ્ય જણાય છે.

આ આયતમાં દુઆની સ્વીકૃતિની જાણ તે બંને પયગમ્બરોને આપવામાં આવી પરંતુ તેમની થોડી કસોટી પણ કરવામાં આવી કે, દુઆની સ્વીકૃતિની અસર બગવી (રહ.)ના નિવેદન પ્રમાણે ચાલીસ વર્ષો પછી જાહેર થઈ, એટલા માટે આ આયતમાં દુઆની સ્વીકૃતિના વર્ણનની સાથે તે બંને બુઝૂર્ગોને આ પણ સૂચના આપવામાં આવી હતી, فَاسْتَقِيْمَا وَلَا تَتَّبِعٰٓنِّ سَبِيْلَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ એટલે કે, પોતાના હોદ્દાના કાર્ય દા'વત અને તબ્લીગમાં મક્કમ રહો, દુઆની સ્વીકૃતિની અસર મોડેથી જાહેર થાય તો અજ્ઞાનીઓની જેમ ઉતાવળ ન કરો.

ચોથી આયતમાં હઝરત મૂસા (અલૈ.)ના મશહૂર મોઅ્જિઝા દરિયો પાર કરવાની અને ફિરઔનના ડૂબવાની ઘટનાનું વર્ણન કર્યા પછી ફરમાવ્યું,

حَتّٰٓى اِذَآ اَدْرَكَهُ الْغَرَقُ قَالَ اٰمَنْتُ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا الَّذِىْٓ اٰمَنَتْ بِهٖ بَنُوْٓا اِسْرَآئِيْلَ وَاَنَا مِنَ الْمُسْلِمِيْنَ

એટલે કે, "જ્યારે તે ડૂબવા લાગ્યો તો બોલી ઉઠયો કે હું ઈમાન લાવું છું અલ્લાહ ઉપર કે જેના ઉપર બની ઈસ્રાઈલ ઈમાન લાવ્યા છે, તેના સિવાય કોઈ ઈબાદતપાત્ર નથી અને હું આજ્ઞાપાલન કરનારાઓમાંથી છું."

પાંચમી આયતમાં પોતે અલ્લાહ તઆલા શા'નુહૂ તરફથી તેનો જવાબ આવ્યો છે, آلْـٰٔنَ وَقَدْ عَصَيْتَ قَبْلُ وَكُنتَ مِنَ الْمُفْسِدِيْنَ એટલે કે, "શું હવે તમે મુસલમાન થાઓ છો જ્યારે કે ઈમાન અને ઈસ્લામનો સમય પસાર થઈ ચૂક્યો?"

એનાથી સાબિત થયું કે, મોતના સમયનું ઈમાન લાવવું શરઈ રીતે વિશ્વાસપાત્ર નથી, તેની વધારે સ્પષ્ટતા તે હદીષથી થાય છે જેમાં રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા બંદાની તવબહનો સ્વીકાર કરતો રહે છે જ્યાં સુધી કે મોતના ડૂસ્કાનો સમય ન આવી જાય." *(તિરમિઝી)*

મોતના ડૂસ્કાના સમયનો ભાવાર્થ તે સમય છે જ્યારે રૂહની સકળાંતના સમયે ફરિશ્તાઓ સામે આવી જાય છે, તે સમયે અમલ કરવાના ઘર દુનિયાની જિંદગી પૂર્ણ થઈને આખિરતના હુકમો શરૂ થઈ જાય છે, એટલા માટે તે સમયનો કોઈ અમલ સ્વીકૃતિપ્રાપ્ત નથી, ન તો ઈમાન અને ન જ કુફ્ર; એવા સમયે જે ઈમાન લાવે છે તેને પણ મો'મિન કહેવામાં નહીં આવે અને તેની સાથે કફન-દફનમાં મુસલમાનો જેવો વ્યવહાર કરવામાં નહીં આવે, જેમકે ફિરઔનની આ ઘટનાથી સાબિત છે કે ઈજ્માઅ્ (સર્વસહમતી)થી ફિરઔનનું મોત કુફ્ર ઉપર જ ઠરાવવામાં આવ્યું છે અને કુર્આનની નુસૂસથી પણ એ જ સ્પષ્ટ અને ખુલ્લું સાબિત થયેલ છે અને જે કોઈએ ફિરઔનના આ ઈમાનને ભરોસાપાત્ર કહ્યું છે તો યા તો તેની કોઈ તા'વીલ કરવામાં આવે નહિતર તે ખોટું કહેવામાં આવશે. *(રૂહ)*

એ જ પ્રમાણે અલ્લાહ ન ચાહે જો આવી જ રૂહની સકળાંતની હાલતમાં કોઈ વ્યક્તિની જીભ ઉપર કુફ્રનો કલિમો નીકળી જાય તો તેને પણ કાફિર કહેવામાં નહીં આવે, બલકે તેની જનાઝહની નમાઝ પઢીને મુસલમાનોની જેમ જ દફન કરવામાં આવશે અને તેના કુફ્રના કલિમાની તા'વીલ કરવામાં આવશે, જેમકે અમુક અવલિયા અલ્લાહની પરિસ્થિતિઓથી આ વાતનું સમર્થન થાય છે કે જે વાક્યો તેમના મુખેથી નીકળી રહ્યા હતા કુફ્રના વાક્યો સમજીને લોકો

પરેશાન હતા, પાછળથી કંઈ હોશ આવ્યો અને પોતાનો અર્થ બતાવ્યો તો બધાને સંતોષ થઈ ગયો કે બિલકુલ તે ઈમાન મુજબના જ વાક્યો હતા.

ખુલાસો એ છે કે જે વખતે રૂહ નીકળી રહી હોય અને સકળાંતનો સમય હોય તો તે સમય દુનિયાની જિંદગીમાં સામેલ નથી, તે સમયનો કોઈ પણ અમલ શરઈ રૂએ વિશ્વાસપાત્ર નથી, તેનાથી પહેલાં-પહેલાંનો દરેક અમલ ગણ્ય-માન્ય છે પરંતુ જોનારાઓએ તેમાં ઘણી કાળજી રાખવી જરૂરી છે, કારણ કે તે બાબતનો સાચો અંદાઝો લગાવવામાં ભૂલ થઈ શકે છે કે આ વખત રૂહની સકળાંતનો અને મોતના ડૂસ્કાનો છે અથવા તો તે પહેલાંનો.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૯૨ થી ૯૮)

فَالْيَوْمَ نُنَجِّيْكَ بِبَدَنِكَ لِتَكُوْنَ لِمَنْ خَلْفَكَ اٰيَةً ۭ وَاِنَّ كَثِيْرًا مِّنَ النَّاسِ عَنْ اٰيٰتِنَا
ع ٩ ١٠ ١٣ لَغٰفِلُوْنَ ﴿٩٢﴾ وَلَقَدْ بَوَّاْنَا بَنِيْٓ اِسْرَاۗءِيْلَ مُبَوَّاَ صِدْقٍ وَّرَزَقْنٰھُمْ مِّنَ الطَّيِّبٰتِ ۚ
فَمَا اخْتَلَفُوْا حَتّٰى جَاۗءَھُمُ الْعِلْمُ ۭ اِنَّ رَبَّكَ يَقْضِيْ بَيْنَھُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ
يَخْتَلِفُوْنَ ﴿٩٣﴾ فَاِنْ كُنْتَ فِيْ شَكٍّ مِّمَّآ اَنْزَلْنَآ اِلَيْكَ فَسْــَٔـلِ الَّذِيْنَ يَقْرَءُوْنَ
الْكِتٰبَ مِنْ قَبْلِكَ ۚ لَقَدْ جَاۗءَكَ الْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ﴿٩٤﴾ وَلَا
تَكُوْنَنَّ مِنَ الَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِ اللّٰهِ فَتَكُوْنَ مِنَ الْخٰسِرِيْنَ ﴿٩٥﴾ اِنَّ الَّذِيْنَ
حَقَّتْ عَلَيْهِمْ كَلِمَتُ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ ﴿٩٦﴾ وَلَوْ جَاۗءَتْھُمْ كُلُّ اٰيَةٍ حَتّٰى يَرَوُا الْعَذَابَ
الْاَلِيْمَ ﴿٩٧﴾ فَلَوْلَا كَانَتْ قَرْيَةٌ اٰمَنَتْ فَنَفَعَهَآ اِيْمَانُهَآ اِلَّا قَوْمَ يُوْنُسَ ۭ لَمَّآ اٰمَنُوْا كَشَفْنَا
عَنْھُمْ عَذَابَ الْخِزْيِ فِي الْحَيٰوةِ الدُّنْيَا وَمَتَّعْنٰھُمْ اِلٰى حِيْنٍ ﴿٩٨﴾

તરજુમો :

બસ આજે અમે તારા શરીરને બચાવીએ છીએ જેથી તું પોતાના પાછલાઓ માટે નિશાની બને અને બેશક ! ઘણા લોકો અમારી કુદરતો ઉપર ધ્યાન નથી

આપતા. (૯૨) અને અમે બની ઈસ્રાઈલને ઠેકાણું આપ્યું, સારું ઠેકાણું; અને ખાવા માટે તય્યિબ (સ્વચ્છ) વસ્તુઓ આપી, બસ તેમનામાં મતભેદ ન થયો એટલે સુધી કે તેમને ખબર પહોંચી, બેશક ! તમારો પરવરદિગાર તેમનામાં કયામતના દિવસે ફેંસલો કરશે જે વાતમાં કે તેઓએ મતભેદ કર્યો. (૯૩) બસ, જો તમે શંકામાં છો એ વસ્તુથી કે (જે) અમે તમારા તરફ ઉતારી તો તેમને પૂછો જે તમારાથી પહેલાં કિતાબ પઢે છે, બેશક ! તમારી પાસે તમારા પરવરદિગાર પાસેથી હક વાત આવી છે, બસ તમે કદાપિ શંકા કરનારા ન થાઓ. (૯૪) અને તેમનામાંથી ન થાઓ જેમણે અલ્લાહની વાતોને જૂઠાડી, પછી તમે પણ નુકસાનમાં પડનારા થઈ જશો. (૯૫) જેના ઉપર તમારા પરવરદિગારની વાત સાબિત થઈ ચૂકી તેઓ ઈમાન લાવશે નહીં. (૯૬) ભલે તેમને સઘળી નિશાનીઓ પહોંચે જ્યાં સુધી (કે) દર્દનાક અઝાબ ન જોઈ લે. (૯૭) બસ, કેમ ન થઈ કોઈ વસ્તી કે ઈમાન લાવી હોત પછી તેમનું ઈમાન લાવવું કામ લાગ્યું હોત પરંતુ યૂનુસ (અલૈ.)ની કોમ; જ્યારે તેઓ ઈમાન લાવ્યા અમે તેમના ઉપરથી દુનિયાની જિંદગીમાં ઝિલ્લતનો અઝાબ ઉઠાવી લીધો અને અમે તેમને એક મુદ્દત સુધી લાભ પહોંચાડયો. (૯૮)

તફસીર :

(ઈચ્છિત છુટકારા વિના) આજે અમે તારી (એટલે કે ફિરઔનની) લાશને (પાણીમાં તળિયે બેસવાથી) બચાવી લઈશું જેથી તું તેમના માટે બોધપાઠ બને જે તારા પછી (મોજૂદ) છે કે તારી ભયાનક તબાહી જોઈને અલ્લાહના હુકમોના વિરોધ કરવાથી બચે અને વાસ્તવિકતા એ છે કે (તે પછી પણ) ઘણા લોકો અમારી (આવી-આવી) ઈબ્રતોથી ગાફેલ છે (અને હુકમોનો વિરોધ કરવાથી નથી ડરતા) અને અમે (ફિરઔનના ડૂબી ગયા પછી) બની ઈસ્રાઈલને રહેવાનું ઘણું સારું ઠેકાણું આપ્યું (કે તે સમયે તો તે મિસ્રના માલિક બની ગયા અને તેમની પ્રથમ પેઢીને જ બયતુલ મુકદ્દસ અને સિરીયામાં અમાલિકા ઉપર વિજય અપાવીને તે પ્રદેશ તેમને અર્પણ કર્યો) અને અમે તેમને પવિત્ર વસ્તુઓ ખાવા માટે આપી (મિસ્રમાં પણ جَنّٰتٍ وَّعُيُوْنٍ બગીચાઓ અને ઝરણાઓ હતા અને સિરીયાની સરખામણીમાં بٰرَكْنَا فِيْهَا આવ્યું છે) બસ (થવું તો એવું જોઈતું

હતું કે તેઓ અમારી આજ્ઞાપાલનમાં વધારે પ્રવૃત્ત રહેવા જોઈએ પરંતુ તેમણે ઊલટું દીનમાં મતભેદ કરવાનું શરૂ કર્યું અને એવી ગુસ્તાખી કરી કે) તેમણે (અજ્ઞાનતાના કારણે) વિરોધ નથી કર્યો અહીંયાં સુધી કે તેમની પાસે (હુકમોનું) જ્ઞાન પહોંચી ગયું (હતું અને પછી વિરોધ કર્યો, આગળ આ મતભેદ ઉપર ચેતવણી છે કે) નિશ્ચિત વાત છે કે તમારો પરવરદિગાર તે (મતભેદ કરનારા)ઓ દરમિયાન કયામતના દિવસે તે બાબતોમાં (અમલી) ફેંસલો કરશે જેમાં તેઓ મતભેદ કર્યા કરતા હતા, પછી (દીને મુહમ્મદી ﷺની વાસ્તવિકતાની સાબિતી સ્વરૂપે અમે એક એવો પૂરતો તરીકો બતાવીએ છીએ કે જેની પાસે વહી નથી આવતી તો તેના માટે પણ તે પૂરતો છે, પછી એવું છે કે આપ ﷺ તો સાહિબે વહી છો પરંતુ આપ ﷺથી પણ જો આ સંબોધન વિવાદની શરત લગાવીને ફેંસલાની શરત સ્વરૂપે કરવામાં આવે તો એ રીતે શક્ય છે કે) જો (ધારી લો કે) તમે આ (કિતાબ)ની તરફ શંકા (અને સંદેહ)માં હોવ જેને અમે તમારી પાસે મોકલી છે તો (આ શંકાને દૂર કરવાનો એક સરળ તરીકો એ પણ છે કે) તમે તે લોકોને પૂછી જૂઓ જેઓ તમારાથી પહેલાં કિતાબોને પઢે છે (તવરાત અને ઇન્જીલ છે તે مِنْ حَيْثُ الْقِرَاءَةِ ફક્ત પઢવાથી તેમની ખુશખબરીઓની બીના પર આ કુર્આનને સત્ય બતાવશે) બેશક ! તમારી પાસે આપના પરવરદિગાર તરફથી સાચી કિતાબ આવી છે, તમે કદાપિ શંકા કરનારાઓમાંથી ન થાઓ અને ન (સંદેહ કરવાવાળાઓથી વધીને) તે લોકોમાંથી થાઓ જેમણે અલ્લાહની આયતોને જૂઠાડી, ક્યાંક તમે (નઊઝુબિલ્લાહ !) તબાહ ન થઈ જાઓ, ખરેખર જે લોકોના વિશે તમારા પરવરદિગારની (આ કાયમી પહેલેથી નક્કી થયેલ) વાત (કે આ લોકો ઈમાન નહીં લાવે) સાબિત થઈ ચૂકી છે તેઓ (ક્યારેય) ઈમાન નહીં લાવે ભલે તેમની પાસે બધી જ દલીલો (સત્યની સાબિતીની) પહોંચી જાય જ્યાં સુધી કે દર્દનાક અઝાબ ન જોઈ લે (પરંતુ તે વખતે ઈમાન લાભદાયક નથી હોતું) એટલા માટે (જે અગાઉની અનેક વસ્તીઓ ઉપર અઝાબ આવી ચૂક્યો છે તેમાંથી) કોઈ વસ્તી ઈમાન ન લાવી કે ઈમાન લાવવું તેમના માટે લાભાન્વિત હોત (કારણ કે તેમના ઈમાન સાથે અલ્લાહની ઇચ્છા જોડાયેલ ન હતી) હા ! પરંતુ યુનૂસ (અલૈ.)ની કોમ (કે તેમના ઈમાન સાથે અલ્લાહની ઇચ્છા જોડાયેલ હતી એટલા માટે તેઓ અઝાબની શરૂઆતની નિશાનીઓ જોઈને ઈમાન લઈ

આવ્યા અને) જ્યારે તેઓ ઈમાન લઈ આવ્યા તો અમે અપમાનિત કરનારો અઝાબ દુનિયાની જિંદગીમાં તેમના ઉપરથી ટાળી દીધો અને એક ખાસ સમય (એટલે કે મૃત્યુના સમય) સુધી (ખૂબ ભલાઈ સાથે) રાહત આપી (બસ બીજી વસ્તીઓનું ઈમાન ન લાવવું અને યૂનુસ અલૈ.નું ઈમાન લાવવું બંને અલ્લાહની ઈચ્છાથી થયું).

મસ્અલા અને બોધપાઠ :

પ્રથમ આયતમાં ફિરઔનને સંબોધન કરીને ઈરશાદ ફરમાવ્યો કે, "ડૂબ્યા પછી તારા બદનને પાણીમાંથી કાઢી લઈશું જેથી તારું શરીર પાછળથી આવનાર લોકો માટે અલ્લાહની કુદરતની નિશાની અને બોધપાઠ બની જાય."

તેની ઘટના એમ છે કે દરિયો પાર કર્યા પછી જ્યારે હઝરત મૂસા (અલૈ.)એ બની ઈસ્રાઈલને ફિરઔનના નાશ થવાની ખબર સંભળાવી તો તે લોકો ફિરઔનથી કંઈ એ પ્રકારે પ્રભાવિત અને પરાજિત હતા કે તેનો ઈન્કાર કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ફિરઔનનો નાશ થયો નથી, અલ્લાહ તઆલાએ તેમના માર્ગદર્શન અને અન્યોના બોધપાઠ માટે દરિયાના એક મોજા દ્વારા ફિરઔનની મૃત લાશને કિનારા ઉપર લાવી દીધી જેને બધાએ જોઈ અને તેમને તેના નાશ થવાનો વિશ્વાસ થઈ ગયો અને તેની આ લાશ સૌના માટે બોધપાઠનો નમૂનો બની થઈ, પછી ખબર નથી કે આ લાશનું શું થયું ? જે સ્થળે ફિરઔનની લાશ મળી હતી આજદિન સુધી તે સ્થળ "જબલે ફિરઔન"ના નામથી પ્રખ્યાત છે.

અમુક સમય પહેલાં સમાચારપત્રોમાં એ ખબર છપાઈ હતી કે, ફિરઔનની લાશ સહી–સલામત મળી આવી છે અને સામાન્ય લોકોએ તેના પ્રત્યક્ષ દર્શન પણ કર્યા છે અને તે આજ સુધી "કાહિરહ" (કૅરો)ના અજાયબ ઘર (મ્યુઝિયમ)માં સુરક્ષિત છે પરંતુ એ વિશ્વાસપૂર્વક કહી શકાય નહીં કે આ તે જ ફિરઔન છે જેનો મુકાબલો હઝરત મૂસા (અલૈ.) સાથે થયો હતો અથવા કોઈ બીજો ફિરઔન છે, કારણ કે ફિરઔન શબ્દ કોઈ એક ખાસ વ્યક્તિનું નામ નથી બલકે તે સમયમાં મિસ્રના દરેક રાજાને ફિરઔનનું ઉપનામ આપવામાં આવતું હતું.

પરંતુ કોઈ આશ્ચર્યની વાત નથી કે કુદરતે જે રીતે ડૂબેલી લાશને બોધપાઠ માટે કિનારા ઉપર નાંખી દીધી હતી એ જ પ્રમાણે આવનારી પેઢીઓના બોધપાઠ માટે તેને સડી જવાથી પણ સુરક્ષિત રાખી હોય અને અત્યાર સુધી તે મોજૂદ હોય.

અંતિમ આયતમાં ઈરશાદ છે કે, ઘણા લોકો અમારી આયતો અને નિશાનીઓથી ગાફેલ છે, તેમાં ચિંતન-મનન નથી કરતા અને બોધપાઠ ગ્રહણ નથી કરતા, નહિતર દુનિયાના અણુએ અણુમાં એવી નિશાનીઓ ઉપસ્થિત છે જેને જોઈને અલ્લાહ તઆલાનો અને તેની સંપૂર્ણ કુદરતનો પરિચય મેળવી શકાય છે.

બીજી આયતમાં ફિરઔનના ખરાબ પરિણામથી વિરુદ્ધ તે કોમનું ભવિષ્ય બતાવવામાં આવ્યું છે જેને ફિરઔને અપમાનિત અને ઝલીલ બનાવી રાખી હતી. ફરમાવ્યું કે, મેં બની ઈસ્રાઈલને સારું ઠેકાણું અર્પણ કર્યું, એક આખો પ્રદેશ મિસ્ર પણ તેમને મળી ગયો અને જોર્ડન તથા ફલસ્તીનની પવિત્ર ભૂમિ પણ મળી ગઈ જેને અલ્લાહ તઆલાએ પોતાના ખલીલ વહાલા હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને તેમના વંશજો માટે વારસો બનાવ્યો હતો, સારું ઠેકાણું આપવાને કુર્આનમાં مُبَوَّاَصِدْقٍ શબ્દથી ઓળખાવવામાં આવ્યું છે. صِدْقٍ (સિદ્દક)નો અર્થ આ સ્થળે "ભલું" અને "યોગ્ય" થાય છે. ભાવાર્થ એ છે કે, એવું ઠેકાણું તેમને આપવામાં આવ્યું જે તેમના માટે દરેક પ્રકારે યોગ્ય અને મુનાસિબ હતું, ત્યારબાદ ફરમાવ્યું કે અમે તેમને હલાલ અને પવિત્ર વસ્તુઓથી રોજી અર્પણ કરી કે દુનિયાની બધી જ લિજ્જતો અને રાહતો તેમને અર્પણ કરી દીધી.

અંતિમ આયત પછી તેમના અનાચાર અને દુષ્ટ કર્મોનું વર્ણન છે કે, તેમનામાંથી ઘણા લોકોએ સત્તા પ્રાપ્ત કર્યા પછી અલ્લાહ તઆલાની નેઅમતોની કદર ન કરી અને તેનું આજ્ઞાપાલન કરવાથી ફરી ગયા. શરૂઆતમાં જે નિશાનીઓ રસૂલે કરીમ ﷺ માટે પઢતા હતા તેનો તકાદો એ હતો કે, આપ ﷺના તશરીફ લાવ્યા પછી સૌ પ્રથમ આ જ લોકો ઈમાન લાવવા જોઈતા હતા પરંતુ એ આશ્ચર્યજનક સંજોગ થયો કે રસૂલે કરીમ ﷺના આવતા પહેલાં તો આ લોકો અંતિમ યુગના નબી ઉપર ભરોસો રાખતા હતા અને તેમની નિશાનીઓ તથા તેમના જાહેર થવાનો સમય નજીક હોવાની ખબરો લોકોને બતાવ્યા કરતા હતા અને પોતાની દુઆઓમાં અંતિમ યુગના નબીનો વસીલો આપીને દુઆઓ

કર્યા કરતા હતા, પરંતુ જ્યારે અંતિમ નબી પોતાની સંપૂર્ણ સાબિતીઓ અને ગવાહી સાથે તથા તવરાતની બતાવેલી નિશાનીઓ સાથે પધાર્યા તો આ લોકો પરસ્પર મતભેદ કરવા લાગ્યા, અમુક લોકો ઈમાન લાવ્યા અને બાકીનાઓએ ઈન્કાર કર્યો. આ આયતમાં રસૂલે કરીમ ﷺના તશરીફ લાવવાનો શબ્દ جَآءَهُمُ الْعِلْمُ તરીકે ઓળખાવવામાં આવ્યો છે. અત્રે عِلْم (ઇલ્મ)નો ભાવાર્થ "વિશ્વાસ" પણ હોઈ શકે છે તો અર્થ એ થશે કે, જ્યારે સાબિતી સાથે વિશ્વાસ કરવા પાત્ર માધ્યમો પણ ભેગા થઈ ગયા તો આ લોકો વિરોધ કરવા લાગ્યા.

અને અમુક મુફસ્સિરોએ ફરમાવ્યું કે, આ સ્થળે عِلْم (ઇલ્મ)નો ભાવાર્થ مَعْلُوْم (મા'લૂમ) છે. એટલે કે, જ્યારે તે હસ્તી સામે આવી ચૂકી કે જેના વિશે તવરાતની ખુશખબરીઓ અને આગાહીઓ દ્વારા પ્રથમથી જ ખબર હતી તો હવે વિરોધ કરવા લાગ્યા.

આયતના અંતે ફરમાવ્યું કે, અલ્લાહ તઅલાા કયામતના દિવસે તેમના મતભેદનો ફેસલો કરી આપશે, સત્ય અને જૂઠ સ્પષ્ટ થઈ જશે, સત્યના સમર્થકોને જન્નતમાં અને જૂઠના સમર્થકોને દોઝખમાં મોકલી દેવામાં આવશે.

ત્રીજી આયતમાં જાહેર સંબોધન નબીએ કરીમ ﷺને છે પરંતુ એ દેખીતું છે કે, રસૂલે કરીમ ﷺને વહીમાં શંકા કે સંદેહ હોવાની કોઈ સંભાવના કે શક્યતા જ નથી, એટલા માટે આ સંબોધનનો મૂળ હેતુ તે વાત ઉમ્મતને સંભળાવવાનો છે, પોતે રસૂલે કરીમ ﷺની જાત મુબારકને સંભળાવવાનો હેતુ નથી અને એવું પણ હોઈ શકે છે કે આ સંબોધન સામાન્ય માનવીને પણ થયું હોય કે, "હે માનવી ! જો તને તે અલ્લાહની વહી હોવામાં કોઈ શંકા છે કે જે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના માધ્યમ થકી તારા તરફ મોકલવામાં આવી તો તું તે લોકોને પૂછી લે જેઓ તારાથી પહેલાં અલ્લાહની કિતાબ તવરાત અને ઈન્જીલ પઢતા હતા, તેઓ તને બતાવશે કે અગાઉ થઈ ચૂકેલા બધા જ અંબિયા (અલૈ.) અને તેમની કિતાબો હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની ખુશખબરી સંભળાવતી આવી છે જેનાથી તારો સંદેહ દૂર થઈ જશે."

તફસીરે મઝહરીમાં છે કે, આ આયતથી જાણ થઈ કે જે વ્યક્તિને દીનના કોઈ વિષયમાં શક કે શંકા થઈ જાય તો તેના માટે જરૂરી છે કે, ઉલમાએ હકને

પ્રશ્ન કરીને પોતાની શંકા દૂર કરે તે શંકાને પોષતો ન રહે.

ચોથી, પાંચમી અને છટ્ઠી આયતોમાં આ જ વિષયનું સમર્થન અને તાકીદ તથા બેદરકારી વર્તનારાઓને ચેતવણી આપવામાં આવી છે.

સાતમી આયતમાં બેદરકાર, નિષ્કાળજી દાખવનારા ઈન્કારીઓને એવી ચેતવણી આપવામાં આવી છે કે જિંદગીની ફુરસદને ગનીમત સમજો, ઈન્કાર અને બળવાખોરીથી હજુ પણ અટકી જાઓ, નહિતર એક એવો સમય આવવાનો છે જ્યારે તવબહ કરશો તો તે સ્વીકાર્ય થશે નહીં, ઈમાન લાવશો તો તે પણ સ્વીકાર્ય ન હશે અને તે સમય તે હશે જ્યારે કે મૃત્યુના સમયે આખિરતનો અઝાબ દૃષ્ટિ સમક્ષ ઉપસ્થિત થઈ જશે, આ જ સિલસિલામાં હઝરત યૂનુસ (અલૈ.) અને તેમની કોમના એક કિસ્સાનું વર્ણન કરવામાં આવ્યું જેમાં મોટી નસીહતો અને બોધપાઠ છે.

આ આયતમાં ઈરશાદ છે કે, એવું કેમ ન થયું કે ઈન્કાર કરનારી કોમો એવા સમયે ઈમાન લઈ આવે કે તેમનું ઈમાન તેમને લાભ આપે, એટલે કે મોતના સમયે અથવા અઝાબમાં સપડાઈ ચૂક્યા પછી અથવા કયામત શરૂ થઈ જવાના સમયે જ્યારે કે તવબહના દરવાજા બંધ થઈ જશે અને કોઈની તવબહ અને ઈમાન સ્વીકારવામાં નહીં આવે તેનાથી પહેલાં-પહેલાં પોતાની બળવાખોરીથી અને વિરોધથી અટકી ગયા હોત તથા ઈમાન લઈ આવ્યા હોત; તે હઝરત યુનૂસ (અલૈ.)ની કોમ સિવાય કે તેમણે એવો સમય આવતા પહેલાં જ જ્યારે કે અલ્લાહ તઆલાનો અઝાબ આવવાની નિશાનીઓ જોઈ તો તરત જ તવબહ કરી લીધી અને ઈમાન લઈ આવ્યા જેના કારણે અમે તેમના ઉપરથી અપમાનિત કરનાર અઝાબ હટાવી લીધો.

આ તફસીરનો ખુલાસો એ છે કે દુનિયાનો અઝાબ સામે આવી જવાથી પણ તવબહના દરવાજા બંધ થતા નથી, બલકે તવબહનો સ્વીકાર થઈ શકે છે અલબત્ત, આખિરતનો અઝાબ સામે આવી જવાના સમયે તવબહ સ્વીકાર્ય નથી હોતી અને આખિરતનો અઝાબ સામે આવવો યા તો કયામતના દિવસે હશે અથવા મોતના સમયે, ભલે તે સ્વાભાવિક મોત હોય અથવા કોઈ દુનિયવી અઝાબમાં સપડાઈને હોય જેમકે ફિરઔન સાથે બન્યું હતું.

એટલા માટે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમની તવબહ કબૂલ થઈ જવી સામાન્ય ઈલાહી કાનૂનના (નિયમ) વિરુદ્ધ નથી બલકે તેના આધીન જ છે, કારણ કે તેમણે જો કે અઝાબ આવતો જોયો અને તવબહ કરી પરંતુ અઝાબમાં સપડાતા પહેલાં અને મોત આવતા પહેલાં આ તવબહ કરી લીધી, જ્યારે કે તેનાથી વિપરીત ફિરઔન અને અન્ય લોકો કે જેઓ અઝાબમાં સપડાયા પછી અને મોતના ડુસ્કાના સમયે તવબહ કરવા લાગ્યા અને ઈમાનનો એકરાર કર્યો, એટલા માટે તેમનું ઈમાન વિશ્વાસપાત્ર (ગણ્ય-માન્ય) ન થયું અને તવબહનો સ્વીકાર ન થયો.

હઝરત યૂનુસ (અલૈ.)ની કોમની ઘટનાનું એક ઉદાહરણ પોતે કુર્આને કરીમમાં બની ઈસ્રાઈલની તે ઘટના છે કે, જેમાં તૂર પર્વતને તેમના માથાઓ ઉપર અધ્ધર કરીને તેમને ડરાવવામાં આવ્યા અને તવબહ કરવાનો હુકમ આપવામાં આવ્યો તેમણે તવબહ કરી લીધી તો તે જ તવબહનો સ્વીકાર થયો જેનું વર્ણન સૂરએ બકરહમાં આવ્યું છે.

رَفَعْنَا فَوْقَكُمُ الطُّوْرَ خُذُوْا مَاۤاٰتَيْنٰكُمْ بِقُوَّةٍ

"અમે તેમના માથાઓ ઉપર તૂર પર્વતને અધ્ધર લટકાવીને હુકમ આપ્યો કે જે હુકમો તમને આપવામાં આવ્યા છે તેને દૃઢતાથી પકડો." (૨ : ૬૩)

કારણ એ હતું કે તેમણે અઝાબ શરૂ થવાથી અને મોતમાં સપડાવવાથી પહેલાં ફક્ત અઝાબનો ભય જોઈને તવબહ કરી લીધી હતી, એ જ પ્રમાણે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમે પણ અઝાબને આવતો જોઈને નિખાલસતાપૂર્વક તથા કરગરીને તવબહ કરી લીધી જેની વિગત આગળ આવી રહી છે તો તેમની તવબહનો સ્વીકાર થવો પ્રસ્તુત નિયમના વિરુદ્ધ નથી. (કુર્તુબી)

આ સ્થળે અમુક મુઆસિરીન (સમકાલીન લોકો)થી એક ભયંકર ભૂલ થઈ છે કે, હઝરત યુનૂસ (અલૈ.) તરફ રિસાલતના ફરજો અદા કરવામાં ઉણપો રહી ગયાનો સંબંધ જોડી દીધો અને કોમ ઉપરથી અઝાબ હટાવી દેવાનું કારણ પયગમ્બરની ઉણપ-આળસને ઠરાવી દીધું અને એ જ ઉણપ-આળસને (અલ્લાહના) ક્રોધનું કારણ બતાવ્યું જેનું વર્ણન "સૂરએ અંબિયા" અને "સૂરએ સાફ્ફાત"માં આવ્યું છે. તે સમકાલીન લોકોના ભૂલ ભરેલા વાક્યો નીચે મુજબ છે

''قرآن کے اشارات اور صحیفۂ یونسؑ کی تفصیلات پر غور کرنے سے اتنی بات صاف معلوم ہو جاتی ہے کہ حضرت یونس علیہ السلام سے فریضۂ رسالت ادا کرنے میں کچھ کوتاہیاں ہوگئی تھیں اور غالبًا انہوں نے بے صبر ہو کر قبل از وقت اپنا مستقر چھوڑ دیا تھا اس لئے جب آثار عذاب دیکھ کر آشوریوں نے توبہ واستغفار کی تو اللہ تعالیٰ نے انہیں معاف کر دیا، قرآن میں خدائی دستور کے جو اصول وکلیات بیان کئے گئے ہیں ان میں ایک مستقل دفعہ یہ بھی ہے کہ اللہ تعالیٰ کسی قوم کو اس وقت تک عذاب نہیں دیتا جب تک اس پر اپنی حجت پوری نہیں کر دیتا پس جب نبی ادائے رسالت میں کوتاہی کر گیا اور اللہ کے مقرر کردہ وقت سے پہلے خود ہی اپنی جگہ سے ہٹ گیا تو اللہ تعالیٰ کے انصاف نے اس قوم کو عذاب دینا گوارا نہ کیا۔'' اھ (تفہیم القرآن مولانا مودودی، ص ۳۱۲، ج ۲)

"કુર્આનના ઈશારાઓ અને સહીફએ યુનૂસ (અલૈ.)ની વિગતો ઉપર વિચાર કરવાથી એટલી બાબતની સ્પષ્ટ જાણ થઈ જાય છે કે, હઝરત યૂનુસ (અલૈ.)થી રિસાલતની ફરજ અદા કરવામાં અમુક કોતાહીઓ થઈ ગઈ હતી અને લગભગ તેમણે અધીરા થઈને સમય પહેલાં જ પોતાનું સ્થાન છોડી દીધું હતું, એટલા માટે જ્યારે અઝાબની નિશાનીઓ જોઈને આશૂરીઓએ તવબહ અને ઈસ્તિગફાર કર્યો તો અલ્લાહ તઆલાએ તેમને મા'ફ કરી દીધા, કુર્આનમાં અલ્લાહના નિયમના જે સિદ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાં એક આગવી કલમ એ પણ છે કે અલ્લાહ તઆલા કોઈ કોમને તે સમય સુધી અઝાબ નથી આપતો જ્યાં સુધી તેના ઉપર પોતાની દલીલો પૂર્ણ ન કરી આપે, બસ જ્યારે નબી રિસાલત અદા કરવામાં કોતાહી કરી ગયા અને અલ્લાહના નક્કી કરેલ સમય પહેલાં પોતે જ પોતાના સ્થળેથી હટી ગયા તો અલ્લાહ તઆલાના ન્યાયે તે કોમને અઝાબ આપવું પસંદ ન કર્યું."

(તફહીમુલ કુર્આન, મવલાના મવદૂદી, જિલ્દ : ૨, પેજ : ૩૧૬)

અત્રે સૌ પહેલાં જોવાની વાત એ છે કે, અંબિયા (અલૈ.)નું ગુનાહોથી માસૂમ હોવું એક સ્થાપિત અને સર્વગ્રાહી અકીદહ છે જેના ઉપર સમગ્ર ઉમ્મતનો ઈજ્માઅ્ છે, તેની વિગતોમાં અમુક ગૌણ મતભેદ પણ હોઈ શકે છે કે આ પવિત્રતા દરેક પ્રકારના નાના-મોટા ગુનાહોથી (અલ્લાહની હિફાઝત) છે

અથવા ફક્ત મોટા ગુનાહોથી (કબીરહ) ? અને એ કે આ પવિત્રતામાં નુબુવ્વત પહેલાંનો સમય સામેલ છે અથવા નહીં ? પરંતુ તેમાં કોઈ ફિરકો અથવા કોઈ વ્યક્તિનો વિરોધ નથી કે બધા જ અંબિયા (અલૈ.) સમગ્ર રિસાલતની ફરજ અદા કરવામાં ક્યારેય કોતાહી કે ઉણપ કરી શકતા નથી, કારણ કે અંબિયા (અલૈ.) માટે એનાથી મોટો કોઈ ગુનોહ હોઈ જ નથી શકતો કે જે હોદા માટે અલ્લાહ તઆલાએ તેમની નિમણૂક કરી છે તેઓ પોતે જ તેમાં કોતાહી કરી બેસે, આ તો પોતાના હોદ્દાની ફરજમાં ઉઘાડી ખયાનત (અપ્રામાણિકતા) છે જેની સામાન્ય ડાહ્યા માનવોથી પણ આશા રાખી શકાતી નથી. આ ઉણપથી જો પયગમ્બરો પણ માસૂમ (નિર્દોષ) ન હોય તો પછી બીજા ગુનાહોથી પવિત્રતા (હિફાઝાત) લાભરહિત છે.

કુર્આન અને સુન્નતના મજબૂત સિદ્ધાંત અને અકીદહ એટલે કે અંબિયા (અલૈ.)ની પવિત્રતા વિરુદ્ધ દેખીતી રીતે કોઈ સ્થળે કુર્આન અથવા હદીષમાં પણ કોઈ બાબત નજરે પડતી તો ઠોસ સર્વમાન્ય સિદ્ધાંતની રૂએ જરૂરી હતું કે તેની તફસીર અને વિવરણના અર્થ માટે એવો ખુલાસો શોધવો જોઈએ કે જે કુર્આન અને હદીષના કતઈ (અચળ) સિદ્ધાંતોની સાબિતીઓથી વિપરીત અને વિરોધાભાસી ન રહે.

પરંતુ અત્રે તો આશ્ચર્યજનક વાત એ છે કે, પ્રસ્તુત લેખકે જે વાતને કુર્આનના ઈશારાઓ અને સહીફએ યૂનુસ (અલૈ.)ની વિગતોથી રજુ કર્યા છે તે સહીફએ યૂનુસ (અલૈ.)માં હોય તો હોય ! જેનો ઈસ્લામના અનુયાયીઓમાં કોઈ આધાર નથી, એના વિશે કુર્આનનો ઈશારો તો એક પણ નથી બલકે થયું એમ છે કે કેટલાય મુકદમાઓ જોડીને આ પરિણામ જબરદસ્તીથી કાઢવામાં આવ્યું છે, પ્રથમ તો એવું ધારી લેવામાં આવ્યું કે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમથી અઝાબનું ટળી જવું અલ્લાહના નિયમની વિરુદ્ધ બન્યું, જે પોતે આ જ આયતની વર્ણનશૈલીથી પણ બિલકુલ વિરુદ્ધ છે અને સંશોધનકાર તફસીરના ઈમામોના ખુલાસાઓથી પણ વિરુદ્ધ છે, તેની સાથે એવું પણ ધારી લેવામાં આવ્યું કે અલ્લાહના કાયદાને આ સ્થળે એટલા માટે તોડવામાં આવ્યો હતો કે પોતે પયગમ્બરથી રિસાલતના ફરજને અદા કરવામાં કોતાહીઓ થઈ ગઈ હતી, તેની સાથે એવું પણ ધારી લેવામાં આવ્યું કે પયગમ્બર માટે અલ્લાહ તઆલા તરફથી

કોઈ ખાસ સમય નીકળવા માટેનો નક્કી કરવામાં આવ્યો હતો તે નક્કી સમય પહેલાં જ દા'વતની ફરજને છોડીને હઝરત યૂનુસ (અલૈ.) ભાગી છૂટયા.

જો જરા પણ વિચાર અને ન્યાયથી કામ લેવામાં આવે તો સાબિત થઈ જશે કે કુર્આન અને હદીષનો કોઈપણ ઈશારો આ સ્વકલ્પિત મુકદમાઓ તરફ જોવા મળતો નથી.

પોતે કુર્આનની આ આયત પહેલાં વર્ણવેલી બાબત ઉપર વિચાર કરો તો એ આયતના શબ્દો આ પ્રમાણે છે.

فَلَوْلَا كَانَتْ قَرْيَةٌ اٰمَنَتْ فَنَفَعَهَآ اِيْمَانُهَآ اِلَّا قَوْمَ يُوْنُسَ

જેનો ભાવાર્થ સ્પષ્ટ છે કે દુનિયાની સામાન્ય વસ્તીવાળાઓ વિશે અફસોસ જાહેર કરવાના સ્વરૂપે એ ઈશારો છે કે, તેઓ કેમ એવા ન થઈ ગયા કે એવા સમયે ઈમાન લઈ આવ્યા હોત જે સમય સુધી ઈમાન સ્વીકાર્ય અને લાભદાયક હોય છે. એટલે કે અઝાબમાં અથવા તો મોતમાં સપડાવાથી પહેલાં–પહેલાં ઈમાન લઈ આવ્યા હોત તો તેમનું ઈમાન સ્વીકાર્ય થઈ ગયું હોત, પરંતુ હઝરત યૂનુસ (અલૈ.)ની કોમ તેનાથી બાકાત છે કે તેઓ અઝાબની નિશાનીઓ જોઈને અઝાબમાં સપડાવાથી પહેલાં જ ઈમાન લઈ આવી તો તેમનું ઈમાન અને તવબહ સ્વીકૃત થઈ ગઈ.

આયતનો આ સ્પષ્ટ ભાવાર્થ તો પોતે બતાવી રહ્યો છે કે અત્રે કોઈ અલ્લાહનો કાનૂન તોડવામાં નથી આવ્યો, બલકે બિલકુલ અલ્લાહના કાનૂન પ્રમાણે જ તેમનું ઈમાન અને તવબહ સ્વીકારી લેવામાં આવી છે.

મોટા ભાગના વિરણકારો બહરે મુહીત, કુર્તુબી, ઝમખશરી, મઝહરી, રૂહુલ મઆની વગેરેએ આયતનો આ જ ભાવાર્થ લખ્યો છે જેમાં હઝરત યૂનુસ (અલૈ.)ની કોમની તવબહનું સ્વીકાર્ય થવું સામાન્ય અલ્લાહના કાનૂન હેઠળ જ થયું છે. કુર્તુબીના શબ્દો આ પ્રમાણે છે.

وَقَالَ ابْنُ جُبَيْرٍ غَشِيَهُمُ الْعَذَابُ كَمَا يَغْشَى الثَّوْبُ الْقَبْرَ فَلَمَّا صَحَّتْ تَوْبَتُهُمْ رَفَعَ اللّٰهُ عَنْهُمُ الْعَذَابَ وَقَالَ الطَّبَرِىُّ خُصَّ قَوْمُ يُوْنُسَ مِنْ بَيْنِ سَائِرِ الْاُمَمِ بِاَنْ تِيْبَ

عَلَيْهِمْ بَعْدَ مُعَايَنَةِ الْعَذَابِ وَذُكِرَ ذٰلِكَ عَنْ جَمَاعَةٍ مِّنَ الْمُفَسِّرِيْنَ وَقَالَ الزُّجَاجُ اِنَّهُمْ لَمْ يَقَعْ بِهِمُ الْعَذَابُ وَاِنَّمَا رَأَوُا الْعَلَامَةَ الَّتِىْ تَدُلُّ عَلَى الْعَذَابِ وَلَوْ رَأَوْا عَيْنَ الْعَذَابِ لَمَا نَفَعَهُمْ اِيْمَانُهُمْ. قُلْتُ. قَوْلُ الزُّجَاجِ حَسَنٌ فَاِنَّ الْمُعَايَنَةَ الَّتِى لَا تَنْفَعُ التَّوْبَةُ مَعَهَا هِىَ التَّلَبُّسُ بِالْعَذَابِ كَقِصَّةِ فِرْعَوْنَ وَلِهٰذَا جَاءَ بِقِصَّةِ قَوْمِ يُوْنُسَؑ عَلٰى اَثَرِ قِصَّةِ فِرْعَوْنَ وَيَعْضُدُ هٰذَا قَوْلُهٗ عَلَيْهِ السَّلَامُ اِنَّ اللّٰهَ يَقْبَلُ تَوْبَةَ الْعَبْدِ مَالَمْ يُغَرْغِرْ وَالْغَرْغَرَةُ الْحَشْرَجَةُ وَذٰلِكَ هُوَ حَالُ التَّلَبُّسِ بِالْمَوْتِ وَقَدْ رُوِىَ مَعْنٰى مَاقُلْنَاهُ عَنِ ابْنِ مَسْعُوْدٍؓ (اِلٰى) وَهٰذَا يَدُلُّ عَلٰى اَنَّ تَوْبَتَهُمْ قَبْلَ رُؤْيَةِ الْعَذَابِ (اِلٰى) وَعَلٰى هٰذَا فَلَا اِشْكَالَ وَلَا تَعَارُضَ وَلَا خُصُوْصَ.

તરજુમો :

"ઈબ્ને ઝુબૈર (રદિ.) કહે છે કે અઝાબે તેમને (હઝરત યૂનુસ અલૈ.ની કોમને) એવી રીતે ઢાંકી લીધા હતા જેમકે કબર ઉપર ચાદર; ત્યારબાદ એટલા માટે કે તેમની તવબહ દુરુસ્ત થઈ ગઈ (કે તે અઝાબ આવતા પહેલાં હતી) તો તેમનાથી અઝાબ ઉઠાવી લેવામાં આવ્યો. તબરી ફરમાવે છે કે હઝરત યૂનુસ (અલૈ.)ની કોમને દુનિયાની બધી જ કોમોમાં એ વિશિષ્ટતા આપવામાં આવી છે કે, અઝાબ નજરે જોયા પછી તેમની તવબહ સ્વીકારી લેવામાં આવી. ઝજ્જાઝે ફરમાવ્યું કે, તે લોકો ઉપર હજુ અઝાબ આવ્યો ન હતો બલકે અઝાબની નિશાનીઓ જોઈ હતી અને જો અઝાબ આવી ગયો હોત તો તેમની તવબહ સ્વીકારમાં આવી ન હોત. કુર્તુબી ફરમાવે છે કે, ઝજ્જાઝનું નિવેદન સારું અને ઉત્તમ છે, કારણ કે જે અઝાબને જોયા પછી તવબહ સ્વીકાર્ય નથી હોતી તે એવી છે કે અઝાબમાં સપડાઈ જાય, જેમકે ફિરઓનની ઘટનામાં બન્યું હતું અને એટલા માટે આ સ્વરૂપે (હઝરત) યૂનુસ (અલૈ.)ની કોમની ઘટના ફિરઓનની ઘટના પછીના ક્રમમાં વર્ણન કરવામાં આવી છે જેથી ફરક સ્પષ્ટ થઈ જાય કે ફિરઓનનું ઈમાન અઝાબમાં સપડાઈ ગયા પછી હતું, તેનાથી વિપરીત હઝરત યૂનુસ (અલૈ.)ની કોમ કે તેઓ અઝાબમાં સપડાતા પહેલાં જ ઈમાન લઈ આવ્યા. આ વાતનું સમર્થન રસૂલે કરીમ ﷺના એ ઈરશાદથી

પણ થાય છે કે, અલ્લાહ તઆલા બંદાઓની તવબહ એ સમય સુધી કબૂલ કરે છે જ્યાં સુધી કે મોતના ડુસ્કાની હાલતમાં પહોંચી ન જાય અને મોતના ડુસ્કાની હાલત ચાલુ ન થઈ જાય જેને સકરાત કહેવામાં આવે છે અને આ જ વાત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની રિવાયતથી જાણ થાય છે જેમાં બતાવવામાં આવ્યું છે કે, હઝરત યૂનુસ (અલૈ.)ની કોમે તેમના ઉપર અઝાબ શરૂ થતા પહેલાં જ તવબહ કરી લીધી હતી. કુર્તુબી કહે છે કે, આ નિવેદનના વિવરણ ઉપર ન તો કોઈ સંદેહ છે, ન જ કોઈ વિરોધ કે વાંધો અને ન જ યુનૂસ (અલૈ.)ની કોમની કોઈ વિશિષ્ટતા."

તબરી વગેરે વિવરણકારો જેઓ આ ઘટનાને હઝરત યૂનુસ (અલૈ.)ની વિશેષતા બતાવે છે તેમનામાંથી પણ કોઈએ એવું કહ્યું નથી કે, આ વિશેષતાનું કારણ હઝરત યૂનુસ (અલૈ.)ની ભૂલો હતી, બલકે તેમની કોમનું સાચા દિલથી તવબહ કરવું અને અલ્લાહના જ્ઞાનમાં તે કોમનું નિખાલસ હોવું વગેરે કારણો લખ્યા છે.

જ્યારે એ જાણ થઈ ગઈ કે હઝરત યુનૂસ (અલૈ.)ની કોમ ઉપરથી અઝાબ ટળી જવો સામાન્ય કુદરતના કાનૂન વિરુદ્ધ હતું જ નહીં બલકે બિલકુલ તેના પ્રમાણે જ હતું તો એ વાતનો પાયો જ સમાપ્ત થઈ ગયો.

એ જ પ્રમાણે કોઈ પણ કુર્આની ઈશારાથી એ વાત સાબિત નથી થઈ કે, અઝાબની ચેતવણી સંભળાવ્યા પછી હઝરત યૂનુસ (અલૈ.) અલ્લાહની મરજી વિરુદ્ધ પોતાની કોમથી અલગ થઈ ગયા, બલકે સાફ આયતો અને તફસીરની રિવાયતોથી એ જ જાણ થાય છે કે, જેમકે પાછલી ઉમ્મતોની સાથે બનતું હતું કે જ્યારે તેમની ઉમ્મત ઉપર અઝાબ આવવાનો ફેંસલો કરી લેવામાં આવતો હતો તો અલ્લાહ તઆલા પોતાના રસૂલ અને તેમના સાથીઓને ત્યાંથી નીકળી જવાનો હુકમ આપી દેતા હતા, જેમકે હઝરત લૂત (અલૈ.)ની ઘટનાના કુર્આનના વર્ણનમાં પ્રસ્તુત છે કે ત્રણ દિવસ પછી અઝાબ આવશે તો હઝરત યૂનુસ (અલૈ.)નું આ સ્થળેથી નીકળી જવું દેખીતું છે કે તે અલ્લાહના હુકમથી જ થયું છે.

અલબત્ત, હઝરત યૂનુસ (અલૈ.)થી કે જેઓ પયગમ્બરના હોદ્દાની શાનના આધારે એક લગઝિશ થઈ અને તેમાં પણ સૂરએ અંબિયા અને સૂરએ સાફ્ફાતની આયતોમાં "ઈતાબ"ના શબ્દો આવ્યા અને તેના પરિણામે માછલીના

પેટમાં રહેવાની ઘટના બની; તે એવું નથી કે તેમણે રિસાલતના ફરજમાં કોતાહી કરી હતી, બલકે ઘટના એમ છે કે જે ઉપર પ્રમાણિત તફસીરોના હવાલાથી લખવામાં આવી છે કે, જયારે હઝરત યૂનુસ (અલૈ.)એ પોતાની કોમને અલ્લાહના હુકમ પ્રમાણે ત્રણ દિવસ પછી અઝાબ આવવાની ચેતવણી સંભળાવી અને પછી અલ્લાહની મરજીથી પોતાનું સ્થળ છોડીને બહાર ચાલ્યા ગયા અને પાછળથી એવું સાબિત થયું કે અઝાબ ન આવ્યો તો હવે હઝરત યૂનુસ (અલૈ.)ને એવી ચિંતા થવા લાગી કે હું પોતાની કોમમાં પાછો જઈશ તો મને જૂઠો ઠરાવવામાં આવશે અને તે કોમનો એવો રિવાજ હતો કે જે જૂઠો સાબિત થઈ જાય તેને કતલ કરી નાંખવામાં આવે; તો હવે પોતાની કોમ તરફ પાછા વળીને જવામાં જીવનો પણ ડર થયો, એવા સમયે એના સિવાય અન્ય કોઈ માર્ગ ન હતો કે હવે તે વતનથી હિજરત કરવામાં આવે પરંતુ અંબિયા (અલૈ.)ની સુન્નત એ છે કે, જ્યાં સુધી અલ્લાહ તઆલા તરફથી હિજરતની પરવાનગી ન આવી જાય માત્ર પોતાના અભિપ્રાયથી અંબિયા (અલૈ.) હિજરત નથી કરતા; તો હઝરત યૂનુસ (અલૈ.)ની લગઝિશ એ હતી કે અલ્લાહની પરવાનગી આવતા પહેલાં હિજરતનો ઈરાદો કરીને વહાણ ઉપર સવાર થઈ ગયા જે જો કે પોતાની જાતમાં કોઈ ગુનોહ ન હતો પરંતુ અંબિયા (અલૈ.)ની સુન્નતથી વિરોધાભાસી હતું, જો કુર્આનની આયતોના શબ્દોમાં ચિંતન કરીએ તો હઝરત યૂનુસ (અલૈ.)ની લગઝિશ રિસાલતની અદાયગીમાં કોઈ કોતાહી નથી બલકે, કોમના જુલમ અને અત્યાચારથી બચવા માટે હિજરત "કબ્લલ્ ઈઝ્નલ" સિવાય અન્ય કંઈ સાબિત નહિ થાય. સૂરએ સાફ્ફાતની આયત આ જ વિષય માટે લગભગ સ્પષ્ટ છે જેમાં ફરમાવ્યું છે, اِذْ اَبَقَ اِلَى الْفُلْكِ الْمَشْحُوْنِ (૩૭ : ૧૪૦) તેમાં હિજરતના ઈરાદે વહાણ ઉપર સવાર થવાને اَبَقَ (અબક)ના શબ્દથી ઈતાબના સ્વરૂપે પરિભાષિત કરવામાં આવ્યું છે, જેનો અર્થ "કોઈ ગુલામનું પોતાના માલિકની પરવાનગી વિના ભાગી જવું" છે, સૂરએ અંબિયાની આયતમાં છે, وَذَاالنُّوْنِ اِذْذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنْ لَّنْ نَّقْدِرَ عَلَيْهِ (૮૧ : ૮૭) જેમાં સ્વાભાવિક ડરની બીનાએ કોમથી જીવ બચાવીને હિજરત કરવાને ઈતાબ સ્વરૂપે આ સખત વિષય દ્વારા વર્ણન ફરમાવ્યું છે અને આ બધી રિસાલતની ફરજોની સંપૂર્ણ અદાયગી પછી તે સમયે બન્યું હતું જ્યારે કે પોતાની કોમમાં પરત જવાથી જીવનો ભય ઉપસ્થિત થઈ ગયો, તફસીરે

રૂહુલ મઆનીમાં આ જ વિષય નીચેના શબ્દોમાં લખ્યો છે.

اَیْ غَضْبَانَ عَلٰی قَوْمِهٖ لِشِدَّةِ شَكِيْمَتِهِمْ وَتَمَادِیْ اِصْرَارِهِمْ مَعَ طُوْلِ دَعْوَتِهٖ اِيَّاهُمْ وَكَانَ ذَهَابُهٗ هٰذَا سَهْمَ هِجْرَةٍ عَنْهُمْ لٰكِنَّهٗ لَمْ يُؤْمَرْبِهٖ

"હઝરત યૂનુસ (અલૈ.) પોતાની કોમથી નારાજ થઈને એટલા માટે ચાલવા માંડ્યા કે કોમના સખત વિરોધ અને તેના કુફ્ર ઉપર અડીખમ હોવા છતાં લાંબા સમય સુધી રિસાલતનું આમંત્રણ પહોંચાડતા રહેવાનો જાત અનુભવ કરી ચૂક્યા હતા અને તેમની આ મુસાફરી હિજરત સ્વરૂપે હતી પરંતુ હજુ સુધી તેમને હિજરતની પરવાનગી મળી ન હતી."

તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે રિસાલતની દા'વતમાં કોઈ કોતાહીના કારણે ઈતાબ ન હતો બલકે, ઈજાઝત પહેલાં હિજરત કરવાના કારણે ઈતાબ થયો છે જે પોતાની રીતે કોઈ ગુનોહ ન હતો પરંતુ અંબિયા (અલૈ.)ની સુન્નતના વિરુદ્ધ હોવાના કારણે તેના ઉપર ઈતાબ આવ્યો છે. પ્રસ્તુત લેખક (મુઆસિરે મવસૂફ)ને અમુક ઉલમાએ આ ભૂલથી આગાહ કર્યા તો સૂરએ સાફ્ફાતની તફસીરમાં તેમણે પોતાના અભિપ્રાયનું સમર્થન અને હિમાયતમાં ઘણા બધા મુફસ્સિરોના નિવેદનો પણ નકલ કર્યા છે જેમાં વહબ બિન મુનબ્બિહ વગેરેની અમુક ઈસ્રાઈલી રિવાયતો સિવાય કોઈનાથી તેમનો આ અભિપ્રાય સાચો સાબિત થતો નથી કે હઝરત યૂનુસ (અલૈ.)થી નઊઝુબિલ્લાહ ! રિસાલતનો ફરજ અદા કરવામાં કોતાહીઓ થઈ ગઈ હતી અને એ વાત જ્ઞાન ધરાવનાર લોકોથી છૂપી નથી કે, સામાન્ય રીતે મુફસ્સિરો પોતાની તફસીરોમાં ઈસ્રાઈલી રિવાયતો પણ નકલ કરી આપે છે જેના વિશે તેમના સૌનો એ અભિપ્રાય છે કે આ રિવાયતો આધારભૂત કે વિશ્વાસપાત્ર નથી, શરીઅતના કોઈ હુકમનો તેના ઉપર આધાર રાખી શકાય નહીં, ઈસ્રાઈલી રિવાયતો ભલે ઈસ્લામના મુફસ્સિરોની કિતાબોમાંથી હોય અથવા સહીફએ યૂનુસ (અલૈ.)માં, ફક્ત તે રિવાયતોના સહારે જ હઝરત યૂનુસ (અલૈ.) ઉપર આ મોટું બોહતાન (મોટો આક્ષેપ) લગાવવામાં આવી રહ્યું છે કે તેમનાથી રિસાલતના ફરજો અદા કરવામાં કોતાહીઓ થઈ ગઈ હતી અને તેને કોઈપણ ઈસ્લામના મુફસ્સિરોએ સ્વીકાર્યું નથી.

وَاللّٰهُ سُبْحَانَهٗ وَتَعَالٰى اَعْلَمُ وَبِهٖ اَسْتَغِيْثُ اَنْ يَّعْصِمَنَا مِنَ الْخَطَايَا وَالزَّلَّاتِ

હઝરત યૂનુસ (અલૈ.)ની વિગતવાર ઘટના :

હઝરત યૂનુસ (અલૈ.)ની ઘટના જેનો અમુક ભાગ તો પોતે કુર્આનમાં પ્રસ્તુત છે અને અમુક હદીષો તથા ઈતિહાસની રિવાયતોથી સાબિત છે તે એમ છે કે, હઝરત યૂનુસ (અલૈ.)ની કોમ ઈરાકમાં મૌસૂલના પ્રખ્યાત સ્થળ "નૈનવા"માં નિવાસ કરતી હતી, તેમની સંખ્યા કુર્આને કરીમમાં એક લાખથી વધારે બતાવવામાં આવી છે, તેમની હિદાયત માટે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત યૂનુસ (અલૈ.)ને મોકલ્યા તો તેમણે ઈમાન લાવવાથી ઈન્કાર કર્યો, હઝરત યૂનુસ (અલૈ.)ને અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે તે લોકોને ચેતવણી આપી દો કે ત્રણ દિવસની અંદર-અંદર અઝાબ આવવાનો છે, હઝરત યૂનુસ (અલૈ.)એ કોમમાં તેની જાહેરાત કરી દીધી, હઝરત યૂનુસ (અલૈ.)ની કોમે પરસ્પર મશ્વરો કર્યો તો એ બાબત ઉપર બધા સહમત થયા કે આપણે ક્યારેય યૂનુસ (અલૈ.)ને જૂઠું બોલતા જોયા નથી એટલા માટે તેમની વાત નજરઅંદાજ કરવાપાત્ર નથી, સલાહ-મશ્વરામાં એ નક્કી થયું કે એવું જોવામાં આવે કે હઝરત યૂનુસ (અલૈ.) રાત્રે આપણી અંદર પોતાના સ્થળે સ્થાયી રહે છે તો સમજી લો કે કંઈ થશે નહીં અને જો તેઓ અહીંયાંથી ક્યાંક ચાલ્યા જાય તો વિશ્વાસ કરી લો કે સવારમાં આપણા ઉપર અઝાબ આવી જશે, હઝરત યૂનુસ (અલૈ.) અલ્લાહના ઈરશાદ પ્રમાણે રાત્રે તે વસ્તીમાંથી નીકળી ગયા, સવાર થઈ તો અલ્લાહના અઝાબનો એક કાળો ધૂમાડો વાદળના સ્વરૂપમાં તેમના માથાઓ ઉપર મંડરાવા લાગ્યો અને આસમાનની ઊંચાઈએથી નીચેની તરફ આવવા લાગ્યો તો તેમને વિશ્વાસ થઈ ગયો કે હવે આપણે બધા હલાક થઈ જવાના છે, એ જોઈને તેમણે હઝરત યૂનુસ (અલૈ.)ની શોધખોળ કરી કે તેમના હાથ ઉપર ઈમાન લઈ આવીએ અને અગાઉ જે ઈન્કાર કરતા હતા તેનાથી તવબહ કરી લઈએ, પરંતુ હઝરત યૂનુસ (અલૈ.) તેમને ન મળ્યા તો પોતે જ ખાલિસ નિય્યતથી તવબહ અને ઈસ્તિગફારમાં લાગી ગયા, વસ્તીના એક મેદાનમાં નીકળી આવ્યા; સ્ત્રીઓ, બાળકો અને જાનવરોને તે મેદાનમાં એકઠા કરી દેવામાં આવ્યા, કંતાનના કપડાં પહેરીને કાકલૂદીની સાથે આ મેદાનમાં તવબહ કરીને અઝાબથી પનાહ

માંગવામાં એવા મશ્ગૂલ થઈ ગયા કે સંપૂર્ણ મેદાન આહ અને રડવાની સિસકારીઓથી ગૂંજવા લાગ્યું, અલ્લાહ તઆલાએ તેમની તવબહ સ્વીકારી લીધી અને અઝાબ તેમના ઉપરથી હટાવી દેવામાં આવ્યો જેમકે આ આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે, રિવાયતોમાં છે કે આ દિવસ આશૂરાનો એટલે કે દશમી મુહર્રમનો હતો.

આ બાજુ હઝરત યૂનુસ (અલૈ.) વસ્તીની બહાર એ ઈન્તેઝારમાં હતા કે, હવે બસ આ કોમ ઉપર અઝાબ નાઝિલ થશે, તેમને તવબહ અને ઈસ્તિગફારની જાણ ન હતી, જ્યારે અઝાબ ટળી ગયો તો તેમને ચિંતા થઈ કે મને જૂઠો ઠરાવવામાં આવશે, કારણ કે મેં એ'લાન કર્યું હતું કે ત્રણ દિવસની અંદર અઝાબ આવી જશે, આ કોમનો કાનૂન એ હતો કે જે વ્યક્તિ જૂઠો જણાય અને તે પોતાના નિવેદનના સમર્થનમાં કોઈ ગવાહી રજૂ ન કરે તો તેને કતલ કરી દેવામાં આવતો હતો તેથી હઝરત યૂનુસ (અલૈ.)ને ચિંતા થઈ કે મને જૂઠો ઠરાવી કતલ કરી નાંખવામાં આવશે.

અંબિયા (અલૈ.) દરેક ગુનાહોથી અને દરેક પ્રકારના પાપોથી માસૂમ હોય છે પરંતુ મનુષ્યના સ્વભાવ અને પ્રકૃતિથી તેઓ પણ ભિન્ન નથી, તે સમયે હઝરત યૂનુસ (અલૈ.)ને સ્વાભાવિક રીતે એ દુઃખ થયું કે, મેં અલ્લાહના હુકમથી એ'લાન કર્યું હતું અને હવે હું તે જાહેરાતના કારણે જૂઠો ઠરાવવામાં આવીશ, હવે પોતાના સ્થળે પાછો જાઉં તો કયા મોઢે જાઉં ? અને કોમના નિયમ પ્રમાણે હત્યાનો ભોગ બનું ! આ રંજ–ગમ અને પરેશાનીની હાલતમાં તે શહેરથી નીકળી જવાનો ઈરાદો કરીને ચાલી નીકળ્યા, એટલે સુધી કે ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપર પહોંચી ગયા, ત્યાં એક વહાણ જોયું જેમાં લોકો સવાર થઈ રહ્યા હતા, હઝરત યૂનુસ (અલૈ.)ને તે લોકોએ ઓળખી લીધા અને ભાડા વિના જ તેમને સવાર કરી લીધા, વહાણ રવાના થઈને જ્યારે દરિયાની વચ્ચે પહોંચ્યું તો તે અચાનક રોકાઈ ગયું, ન તો આગળ વધે છે અને ન જ પાછળ જાય છે, વહાણવાળાઓએ પોકાર કર્યો કે અમારા આ વહાણની અલ્લાહ તરફથી એ જ શાન છે કે જ્યારે તેમાં કોઈ જાલિમ ગુનેહગાર અથવા ભાગેડુ ગુલામ સવાર થઈ જાય છે તો આ વહાણ આપમેળે રોકાઈ જાય છે, તે વ્યક્તિને જાહેર કરી દેવો જોઈએ જેથી એક વ્યક્તિના કારણે બધા ઉપર મુસીબત ન આવે.

હઝરત યૂનુસ (અલૈ.) બોલી ઉઠયા કે તે ભાગેડુ ગુલામ અને ગુનેહગાર હું છું, કારણ કે પોતાના શહેરથી ગાયબ થઈને વહાણમાં સવાર થવું એક સ્વાભાવિક ડરના કારણે હતું, અલ્લાહની મરજીથી ન હતું, તેની મરજી વિના આ રીતે આવવું હઝરત યૂનુસ (અલૈ.)ની પયગમ્બર તરીકેની શાન મુજબ તેમણે એક ગુનોહ ઠરાવી દીધો કે પયગમ્બરનું કોઈપણ હલન-ચલન અલ્લાહની મરજી વિરુદ્ધ ન હોવું જોઈતું હતું, એટલા માટે ફરમાવ્યું કે મને દરિયામાં નાંખી દો તો તમે બધા આ અઝાબથી બચી જશો, વહાણવાળા તેના ઉપર તૈયાર ન થયા બલકે તેમણે ચિઠ્ઠીઓ નાંખી જેથી ચિઠ્ઠીમાં જે વ્યક્તિનું નામ આવે તેને દરિયામાં નાંખી દેવામાં આવે, અચાનક ચિઠ્ઠીમાં હઝરત યૂનુસ (અલૈ.)નું જ નામ નીકળી આવ્યું તો તે લોકોને તેના ઉપર ઘણું આશ્ચર્ય થયું તેથી ઘણીવાર ચિઠ્ઠીઓ નાંખી અને તેમાં હઝરત યૂનુસ (અલૈ.)નું જ નામ નીકળવાનું વર્ણન ઉપસ્થિત છે. فَسَاهَمَ فَكَانَ مِنَ الْمُدْحَضِينَ (૩૭ : ૧૪૧)

હઝરત યૂનુસ (અલૈ.)ની સાથે અલ્લાહ તઆલાનો આ વ્યવહાર તેમના ખાસ પયગમ્બર તરીકેની શાનના કારણે જ હતો કે, જો કે તેમણે અલ્લાહના કોઈ હુકમનો વિરોધ કર્યો ન હતો જેને ગુનાહ અથવા "મઅ્સિયત" કહેવામાં આવે છે અને કોઈ પયગમ્બરથી એવું થવાની શક્યતા પણ નથી, કારણ કે તેઓ માસૂમ (ગુનાહોથી પવિત્ર) હોય છે પરંતુ પયગમ્બર તરીકેના ઉચ્ચ સ્થાન પ્રમાણે એ યોગ્ય ન હતું. અહીંયાં માત્ર સ્વાભાવિક ડરના કારણે કોઈ સ્થળેથી અલ્લાહના ઈશારા વિના નીકળી જવાની ઘટના બની હતી અને એ બાબત પયગમ્બર તરીકેની શા'નના વિરુદ્ધ હોવાના કારણે તેમની સાથે ઈતાબનો વ્યવહાર થયો.

આ બાજુ ચિઠ્ઠીમાં નામ નીકળવાથી દરિયામાં નાંખવાનો સામાન તૈયાર થઈ રહ્યો હતો અને બીજી બાજુ ઘણી જ મોટી માછલી અલ્લાહના હુકમથી મોઢું ફેલાવવા લાગી હતી કે, તેઓ દરિયામાં આવે તો તેના પેટમાં જગ્યા આપે જેને અલ્લાહ તઆલાએ પ્રથમથી હુકમ આપી રાખ્યો કે, હઝરત યૂનુસ (અલૈ.)નું શરીર જે તારા પેટની અંદર મૂકવામાં આવશે તે તારો ખોરાક નથી બલકે અમે તારા પેટને તેમના થોભવાનું સ્થળ બનાવ્યું છે, હઝરત યૂનુસ (અલૈ.) દરિયામાં ગયા તો તરત જ તે માછલીએ તેમને મોઢામાં લઈ લીધા, તે તેમને દરિયાના તળિયા સુધી લઈ જતી અને દૂર-દૂર ફેરવતી રહી, અમુક લોકોએ સાત દિવસ,

અમુક લોકોએ પાંચ દિવસ તો અમુકે એક દિવસના અમુક કલાકો માછલીના પેટમાં રહેવાનો સમય લખ્યો છે. (મઝહરી) ઘટનાની વાસ્તવિકતા અલ્લાહ તઆલાને ખબર છે, આ હાલતમાં હઝરત યૂનુસ અલયહિસ્સલામે આ દુઆ કરી. لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ (૨૧ : ૮૭) અલ્લાહ તઆલાએ એ દુઆને કબૂલ કરી લીધી અને બિલકુલ સહી-સલામત હઝરત યૂનુસ (અલૈ.)ને દરિયાના કિનારા ઉપર નાંખી દીધા, માછલીના પેટની ગરમીથી તેમના શરીર ઉપર કોઈ બાલ રહ્યો ન હતો, અલ્લાહ તઆલાએ તેમની પાસે દૂધીનો એક વેલો લગાવી દીધો જેના પાંદડાઓનો છાંયડો પણ હઝરત યૂનુસ (અલૈ.) માટે એક રાહત બની ગયો અને એક જંગલી બકરીને અલ્લાહ તઆલાએ ઈશારો કર્યો કે, તે સવારે અને સાંજે તેમની પાસે આવીને ઊભી થઈ જતી હતી અને તેઓ તેનું દૂધ પી લેતા હતા.

આ પ્રમાણે હઝરત યૂનુસ (અલૈ.)ની એક લગઝિશ ઉપર તમ્બીહ (તાકીદ) પણ થઈ ગઈ અને પાછળથી તેમની કોમની સંપૂર્ણ હાલત પણ તેમને જાણ થઈ ગઈ.

આ ઘટનાના જેટલા વિભાગો કુર્આનમાં ઉપસ્થિત છે અથવા પ્રમાણભૂત હદીષની રિવાયતોથી સાબિત છે તે તો ચોક્કસ વિશ્વાસપાત્ર છે જ, બાકીના વિભાગો ઐતિહાસિક રિવાયતો છે જેના ઉપર શરીઅતના કોઈ મસ્અલાનો કોઈ આધાર મૂકી શકાય નહીં.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૯૯-૧૦૦)

وَلَوْ شَآءَ رَبُّكَ لَاٰمَنَ مَنْ فِی الْاَرْضِ كُلُّهُمْ جَمِیْعًا ؕ اَفَاَنْتَ تُكْرِهُ النَّاسَ حَتّٰی یَكُوْنُوْا
مُؤْمِنِیْنَ ﴿۹۹﴾ وَمَا كَانَ لِنَفْسٍ اَنْ تُؤْمِنَ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَ یَجْعَلُ الرِّجْسَ عَلَی
الَّذِیْنَ لَا یَعْقِلُوْنَ ﴿۱۰۰﴾

તરજુમો :

અને જો તમારા પરવરદિગારે ઈચ્છયું હોત બેશક જેટલા લોકો જમીનમાં છે

બધા જ ઈમાન લઈ આવ્યા હોત, હવે શું તમે લોકો ઉપર બળજબરી કરશો કે ઈમાનવાળા થઈ જાય ? (૯૯) અને કોઈનાથી નથી થઈ શકતું કે ઈમાન લાવે પરંતુ અલ્લાહના હુકમથી અને તે તેમના ઉપર (કુફ્રની) ગંદકી નાંખે છે જેઓ વિચારતા નથી. (૧૦૦)

તફસીર :

અને (તે કોમ અને સમયકાળની શું વિશેષતા છે ?) જો તમારા પરવરદિગારે ઈચ્છયું હોત તો પૃથ્વીપટ ઉપરના તમામ લોકો ઈમાન લઈ આવ્યા હોત (પરંતુ અમુક હિકમતોના કારણે એવું ઈચ્છયું નથી એટલા માટે બધા ઈમાન ન લાવ્યા) બસ (જ્યારે આ વાત છે તો) શું તમે લોકો ઉપર બળજબરી કરી શકો છો જેથી તેઓ ઈમાન લઈ આવે જ્યારે કે કોઈ વ્યક્તિનું ઈમાન લાવવું અલ્લાહના હુકમ (એટલે કે મરજી) વિના શક્ય નથી અને અલ્લાહ તઆલા સમજવા ન માંગતા લોકો ઉપર (કુફ્રની) ગંદકી નાંખે છે.

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૧૦૧-૧૦૨-૧૦૩)

قُلِ انْظُرُوْا مَاذَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ۭ وَمَا تُغْنِي الْاٰيٰتُ وَالنُّذُرُ عَنْ قَوْمٍ لَّا يُؤْمِنُوْنَ ۝١٠١

فَهَلْ يَنْتَظِرُوْنَ اِلَّا مِثْلَ اَيَّامِ الَّذِيْنَ خَلَوْا مِنْ قَبْلِهِمْ ۭ قُلْ فَانْتَظِرُوْٓا اِنِّىْ مَعَكُمْ

مِّنَ الْمُنْتَظِرِيْنَ ۝١٠٢ ثُمَّ نُنَجِّيْ رُسُلَنَا وَالَّذِيْنَ اٰمَنُوْا كَذٰلِكَ ۚ حَقًّا عَلَيْنَا نُنْجِ

ع ١٥ الْمُؤْمِنِيْنَ ۝١٠٣

તરજુમો :

તમે કહો ! જુઓ તો જે કંઈ છે આસમાનોમાં અને જમીનમાં અને કંઈ કામ નથી આવતી નિશાનીઓ અને ડરાવનારા તે લોકોને જેઓ માનતા નથી. (૧૦૧) બસ હવે કંઈ નથી જેની રાહ જુએ પરંતુ એવા જ દિવસોની જે તેમનાથી પહેલાં પસાર થઈ ચૂક્યા છે, તમે કહો ! હવે રાહ જુઓ હું પણ તમારી સાથે રાહ જોઉં છું. (૧૦૨) પછી અમે પોતાના રસૂલોને બચાવી લઈએ છીએ અને તેમને જેઓ ઈમાન લાવ્યા એ જ પ્રમાણે; અમારી જવાબદારી છે ઈમાનવાળાઓને બચાવી લઈશું. (૧૦૩)

તફસીર :

(હે નબી ﷺ !) તમે કહી આપો કે તમે વિચાર કરો (અને જૂઓ કે) શું શું છે આસમાનોમાં અને જમીનમાં (આસમાનોમાં તારા વગેરે અને જમીનમાં અસંખ્ય સજીવ અને અન્ય મખ્લૂક નજરે પડે છે, એટલે કે તેમાં ચિંતન કરીને તવફીકની તાર્કિક અને બૌદ્ધિક દલીલ પણ પ્રાપ્ત થશે, આ તેમના જવાબદાર હોવાનું વર્ણન છે) અને જે લોકો (દુશ્મનાવટના કારણે) ઈમાન નથી લાવતા તેમને દલીલો અને ધમકીઓ કંઈ લાભ પહોંચાડશે નહીં, (આ તેમની દુશ્મનીનું વર્ણન છે) બસ (તેમની આ દુશ્મનાવટની પરિસ્થિતિથી તો એવી જાણ થાય છે કે) તે લોકો (પોતાની હાલતથી તો જાણે) માત્ર તે લોકોની ઘટનાઓની રાહ જોઈ રહ્યા છે જે તેમનાથી અગાઉ પસાર થઈ ચૂક્યા છે, (એટલે કે દલીલો હોવા છતાં અને ધમકીઓ હોવા છતાં; તેમની હાલત તે વ્યક્તિ સમાન છે જેઓ આવા અઝાબની રાહ જોઈ રહ્યા હોય જે પ્રમાણેનો અઝાબ અગાઉની કોમો ઉપર આવ્યો હતો) બસ તમે કહી આપો કે વારું, જો તમે (તેની) રાહ જુઓ હું પણ તમારી સાથે (તેની) રાહ જોનારાઓમાંથી છું, (જે અગાઉની કોમોનું વર્ણન હમણા પસાર થઈ ચૂક્યું હતું અમે તેમના ઉપર અઝાબ મુસલ્લત કરતા હતા) પછી અમે (તે અઝાબથી) પોતાના પયગમ્બરોને અને ઈમાનવાળાઓને બચાવી લેતા હતા (જે પ્રમાણે તે મો'મિનોને અમે છુટકારો આપ્યો હતો) અમે એ જ પ્રમાણે સૌ ઈમાનવાળાઓને છુટકારો આપતા રહીએ છીએ, આ (વાયદા પ્રમાણે) અમારી જવાબદારી છે (બસ, એ જ પ્રમાણે જો તે કાફિરો ઉપર કોઈ મુસીબત આવી પડે તો મુસલમાનો તેનાથી સુરક્ષિત રહેશે ભલે તે છુટકારો દુનિયામાં હોય અથવા આખિરતમાં).

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૧૦૪ થી ૧૦૭)

قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنْ كُنْتُمْ فِيْ شَكٍّ مِّنْ دِيْنِيْ فَلَآ اَعْبُدُ الَّذِيْنَ تَعْبُدُوْنَ

مِنْ دُوْنِ اللّٰهِ وَلٰكِنْ اَعْبُدُ اللّٰهَ الَّذِيْ يَتَوَفّٰىكُمْ ۚ وَاُمِرْتُ اَنْ اَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿١٠٤﴾

وَاَنْ اَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا ۚ وَلَا تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٠٥﴾ وَلَا تَدْعُ مِنْ دُوْنِ اللّٰهِ

مَا لَا يَنْفَعُكَ وَلَا يَضُرُّكَ ۚ فَإِنْ فَعَلْتَ فَإِنَّكَ إِذًا مِّنَ الظَّٰلِمِينَ ۝١٠٦ وَإِن يَمْسَسْكَ اللَّهُ

بِضُرٍّ فَلَا كَاشِفَ لَهُۥٓ إِلَّا هُوَ ۖ وَإِن يُرِدْكَ بِخَيْرٍ فَلَا رَآدَّ لِفَضْلِهِۦ ۚ يُصِيبُ بِهِۦ مَن يَشَآءُ

مِنْ عِبَادِهِۦ ۚ وَهُوَ الْغَفُورُ الرَّحِيمُ ۝١٠٧

તરજુમો :

કહી આપો ! હે લોકો જો તમે મારા દીનથી શંકામાં છો તો હું ઈબાદત નથી કરતો જેની તમે અલ્લાહના સિવાય ઈબાદત કરો છો અને પરંતુ હું અલ્લાહની ઈબાદત કરું છું જે તમને ખેંચી લે (વફાત આપે) છે અને મને હુકમ છે કે ઈમાનવાળાઓમાં રહો. (૧૦૪) અને એ કે પોતાનું મોઢું સીધું કરો દીન ઉપર હનીફ થઈને (અડગ રહીને) અને શિર્ક કરનારાઓમાંના ન થાઓ. (૧૦૫) અને અલ્લાહ સિવાય એવાઓને ન પોકારો કે ન તમારું ભલું કરે અને ન બુરું, પછી જો તમે એવું કરો તો તમે પણ તે વખતે જાલિમોમાંથી થાઓ. (૧૦૬) અને જો તમને અલ્લાહ કંઈ તકલીફ પહોંચાડી દે તો તેને તેના સિવાય હટાવનાર કોઈ નથી અને જો તમને કોઈ ભલાઈ પહોંચાડવા ઈચ્છે તો તેની કૃપાને કોઈ ફેરવનાર નથી, પોતાની કૃપા પહોંચાડે પોતાના બંદાઓમાંથી જેના ઉપર ઈચ્છે અને તે જ છે મહાન બખ્શનારો મહેરબાન. (૧૦૭)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (તેમને) કહી આપો કે હે લોકો ! જો તમે મારા દીન વિશે શંકા (અને સંદેહ)માં હોવ તો (હું તમને તેની વાસ્તવિકતા બતાવું છું તે એ છે કે) હું તે મઅ્બૂદોની ઈબાદત નથી કરતો જેની તમે અલાહને છોડીને ઈબાદત કરો છો પરંતુ હા ! તે મઅ્બૂદની ઈબાદત કરું છું જે તમારા પ્રાણ કબજે કરે છે અને મને (અલ્લાહ તરફથી) એ હુકમ થયો છે કે પોતે પોતાના આ (પ્રસ્તુત માત્ર તવહીદ આધારિત) દીન તરફ એ રીતે કેન્દ્રિત રહેજે કે તે બધા તરીકાઓથી અલગ થઈ જાય અને કદાપિ મુશ્રિક બનીશ નહીં અને (એ હુકમ થયો છે કે) અલ્લાહ(ની તવહીદ)ને છોડીને એવી વસ્તુની ઈબાદત કરીશ નહીં જે તને ન (તો ઈબાદત કરવાની પરિસ્થિતિમાં) કોઈ લાભ પહોંચાડી શકે અને ન (જ ઈબાદત

છોડી દેવાની પરિસ્થિતિમાં) કોઈ નુકસાન પહોંચાડી શકે, પછી જો (ધારી લો કે) એવું કર્યું (એટલે કે અલ્લાહને છોડીને અન્યની ઈબાદત કરી) તો એવી હાલતમાં (અલ્લાહનો) હક બરબાદ કરનારાઓમાંથી થઈ જઈશ અને (મને એવું કહેવામાં આવ્યું છે કે) જો તમને અલ્લાહ તઆલા કોઈ તકલીફ પહોંચાડે તો માત્ર તેના સિવાય બીજું કોઈ તેને દૂર કરનાર નથી અને જો તે તમને કોઈ રાહત પહોંચાડવા ઈચ્છે તો તેની કૃપાને કોઈ હટાવનાર નથી (બલકે) તે પોતાની કૃપા પોતાના બંદાઓમાંથી જેના ઉપર ઈચ્છે નાઝિલ કરે છે અને તે મહાન મા'ફ કરનાર મોટો કૃપાળુ છે (અને તેમાં કૃપાના બધા જ વિભાગો બખ્શીશ, દયા વગેરે સામેલ છે અને આ બખ્શીશ મહાન રહમતની સાથે હોય છે બેશક ! તે ફઝલવાળો પણ છે).

આયતો : (સૂરએ યૂનુસ : આયત નં. ૧૦૮-૧૦૯)

قُلْ يَآاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الْحَقُّ مِنْ رَّبِّكُمْ ۚ فَمَنِ اهْتَدٰى فَاِنَّمَا يَهْتَدِىْ لِنَفْسِهٖ ۚ
وَمَنْ ضَلَّ فَاِنَّمَا يَضِلُّ عَلَيْهَا ۚ وَمَآ اَنَا عَلَيْكُمْ بِوَكِيْلٍ ﴿١٠٨﴾ وَاتَّبِعْ مَا يُوْحٰٓى اِلَيْكَ
وَاصْبِرْ حَتّٰى يَحْكُمَ اللّٰهُ ۚ وَهُوَ خَيْرُ الْحٰكِمِيْنَ ﴿١٠٩﴾ ع

તરજુમો :

કહી આપો, હે લોકો ! તમને તમારા પરવરદિગાર તરફથી સત્ય પહોંચી ચૂક્યું, હવે જે કોઈ માર્ગ ઉપર આવે બસ તે માર્ગ પામે છે પોતાની ભલાઈ માટે અને જે કોઈ ભટકતો ફરે બસ ભટકતો ફરશે પોતાના બુરા માટે અને હું તમારા ઉપર મુખ્તિયાર નથી. (૧૦૮) અને તમે એના જ ઉપર ચાલો જે તમારા તરફ હુકમ પહોંચ્યો અને સબ્ર કરો જ્યાં સુધી અલ્લાહ ફેંસલો કરે અને તે સૌથી બહેતર ફેંસલો કરનારો છે. (૧૦૯)

તફસીર :

(હે નબી ﷺ !) તમે (એ પણ) કહી આપો કે હે લોકો ! તમારી પાસે પરવરદિગાર તરફથી સત્ય પહોંચી ચૂક્યું છે (એટલે કે દીન સમગ્ર દલીલો સાથે પહોંચી ચૂક્યો છે) બસ, (તેના પહોંચી ગયા પછી) જે વ્યક્તિ સીધા માર્ગ ઉપર

આવી જશે બસ તે પોતાના (લાભના) કારણે સીધા માર્ગ ઉપર આવશે અને જે વ્યક્તિ (હજુ પણ) માર્ગ ઉપર નહીં આવે તો તેનું ગુમરાહ હોવું (એટલે કે તેનો વબાલ પણ) તેના ઉપર જ પડશે અને હું તમારા ઉપર (જવાબદાર સ્વરૂપે) થોપવામાં નથી આવ્યો (કે તમારી ગુમરાહીની મને પૂછતાછ થવા માંડે તો જાણી લો કે મારું શું નુકસાન છે ?) અને તમે તેનું અનુસરણ કરતા રહો જે કંઈ તમારી પાસે વહી મોકલવામાં આવે છે (તેમાં બધી પ્રવૃત્તિઓની સાથે તબ્લીગ પણ સામેલ છે) અને (તેમના કુફ્ર અને ત્રાસ ઉપર) ધૈર્ય ધરો એટલે સુધી કે અલ્લાહ તઆલા (તેમનો) ફેંસલો કરી આપે (ભલે દુનિયામાં નાશ થાય અથવા આખિરતમાં અઝાબનો ફેંસલો થાય, મતલબ એ કે આપ ﷺ પોતાના વ્યક્તિગત અને હોદ્દાના કાર્યમાં મંડ્યા રહો અને તેમની ચિંતા ન કરો) અને તે (અલ્લાહ તઆલા) બધા ફેંસલા કરનારાઓમાં ઉત્તમ (ફેંસલો કરનાર) છે.

સૂરએ યૂનુસ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !



મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી


તારીખ : ૧૮ ઓગષ્ટ ૨૦૦૯ મુતાબિક ૨૬ શા'બાન હિ.સ. ૧૪૩૦

પ્રકરણ (૧૧)

સૂરએ હૂદ (અલૈ.)

સૂરએ હૂદ મક્કામાં નાઝિલ થઈ, તેની ૧૨૩ આયતો અને ૧૦ રુકૂઅ્ છે.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૧ થી ૫)



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું જે ઘણો દયાળુ અને કૃપાળુ છે.

અલિફ-લામ-રા; આ કિતાબ છે કે તેની વાતોને ચકાસી લીધી છે પછી એક હિકમતવાળા ખબર રાખનારની પાસેથી ખોલવામાં આવી છે. (૧) કે ઈબાદત ન કરો પરંતુ અલ્લાહની, હું તમને તેના જ તરફથી ડર અને ખુશખબરી સંભળાવું છું. (૨) અને એ કે પોતાના પરવરદિગારથી ગુનાહ મા'ફ કરાવું, પછી તેના તરફ રુજૂઅ્ કરો (શરણે જાઓ) કે તમને લાભ

પહોંચાડે, સારો લાભ; એક નિશ્ચિત સમય સુધી અને દરેક વધારાવાળાને પોતાનો વધારો આપે અને જો તમે ફરી જશો તો હું તમારા ઉપર એક મોટા દિવસના અઝાબથી ડરું છું. (૩) અલ્લાહના તરફ તમારે પાછા વળીને જવાનું છે અને તે દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે. (૪) સાંભળો છો ! તેઓ પોતાની છાતીઓ બમણી કરે છે જેથી તેમાં છુપાવે, સાંભળો છો ! જે વખતે પોતાના કપડાં ઓઢે (પહેરે) છે; (અલ્લાહ સઘળું) જાણે છે જે કંઈ (તેઓ) છુપાવે અને જે જાહેર કરે છે, તે તો દિલોની વાત જાણનારો છે. (૫)

તફસીર :

અલિફ-લામ-રા; (આ હુરૂફે મુકત્તઅહનો અર્થ અલ્લાહને ખબર છે) આ (કુર્આન) એક એવી કિતાબ છે કે જેની આયતો (દલીલોથી) મજબૂત કરવામાં આવી છે પછી (તેની સાથે-સાથે) સાફ-સાફ (પણ) વર્ણન કરવામાં આવી છે (અને આ કિતાબ એવી છે કે) એક હકીમ સર્વજ્ઞ (એટલે કે અલ્લાહ તઆલા) તરફથી (આવી છે જેનો મહાન હેતુ) એ (છે) કે અલ્લાહ તઆલા સિવાય કોઈની ઈબાદત ન કરો, હું તમને અલ્લાહ તરફથી (ઈમાન ન લાવવા ઉપર અઝાબથી) ડરાવનારો અને (ઈમાન લાવવા ઉપર સવાબની) ખુશખબરી આપનારો છું અને (આ કિતાબના હેતુઓમાંથી) એ (પણ છે) કે તમે લોકો પોતાના ગુનાહ (શિર્ક અને કુફ્ર વગેરે) પોતાના પરવરદિગાર પાસે મા'ફ કરાવો (એટલે કે ઈમાન લાવો અને) પછી (ઈમાન લાવીને) તેના તરફ (ઈબાદત માટે) ધ્યાનમગ્ન રહો (એટલે કે નેક કર્મો કરો, બસ ઈમાન અને નેક કર્મોની મદદથી) તે તમને નિશ્ચિત સમય સુધી (એટલે કે મોત સુધી દુનિયામાં) રાહત આપશે અને (આખિરતમાં) દરેક વધારે અમલ કરનારને વધારે સવાબ આપશે (આવું કહેવું પણ એક ખુશખબરી સંભળાવવા સમાન છે) અને જો (ઈમાન લાવવામાં) તમે લોકો વિરોધ (જ) કરતા રહ્યા તો મને (એવી સ્થિતિમાં) તમારા માટે એક મોટા દિવસના અઝાબનો ભય છે (આવું કહેવું ડરાવવા સમાન છે અને અઝાબને બહુ દૂર ન સમજો કારણ કે) તમારે (સૌએ) અલ્લાહની જ પાસે જવાનું છે અને તે દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે (પછી શંકાનું કોઈ કારણ નથી અલબત્ત, જો ત્યાં તમારી હાજરી ન હોય અથવા નઊઝુબિલ્લાહ તમે તેમના કાબૂમાં ન હોય તો અઝાબ ન આવે પરંતુ એવું શક્ય નથી, એટલા માટે એવી પરિસ્થિતિમાં

તવહીદ અને ઈમાનનો વિરોધ કરવો ન જોઈએ. આગળ અલ્લાહના જ્ઞાનની સાબિતી છે અને તેના સર્વજ્ઞ હોવાની અને સંપૂર્ણ કાબૂ ધરાવનાર હોવાની દલીલ છે) યાદ રાખો ! તે લોકો પોતાની છાતીઓને બેવડી કરે છે (અને ઉપરથી કપડાં લપેટી લે છે) જેથી પોતાની વાતો અલ્લાહથી છુપાવી શકે (એટલે કે ઈસ્લામ અને મુસલમાનોના વિરુદ્ધ જે વાતો કરે છે તે એ પ્રમાણે કરે છે કે જેની કોઈને ખબર ન થઈ જાય અને જેને વિશ્વાસ હશે કે અલ્લાહને જરૂર ખબર થાય છે અને આપ ﷺનું સાહિબે વહી હોવું દલીલોથી સાબિત થઈ ચૂક્યું છે, બસ તેઓ છુપાવવાની એવી યોજનાઓ કે યુક્તિઓ કરશે નહીં કારણ કે આવી યુક્તિઓ કરવી તેમની હાસ્યાસ્પદ પ્રવૃત્તિ છે કે જાણે તેઓ અલ્લાહથી છુપાવવાની કોશીશ કરી રહ્યા છે બસ,) યાદ રાખો કે તે લોકો જે સમયે (બેવડા કરીને) પોતાના કપડાં (પોતાના ઉપર) લપેટે છે તે સમયે પણ તે બધું જ જાણે છે જે કંઈ છાના-છાના વાતો કરે છે અને જે કંઈ તેઓ જાહેર વાતો કરે છે, (કારણ કે) ખરેખર તે (અલ્લાહ તો) દિલોની અંદરની વાતો (પણ) જાણે છે (તો પછી મૌખિક કહેલી વાતોને કેમ નહીં જાણે ?)

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ હૂદ તે સૂરતોમાંથી છે જેમાં અગાઉ થઈ ચૂકેલી કોમો ઉપર ઊતરનાર અલ્લાહનો ક્રોધ અને વિવિધ પ્રકારના અઝાબો અને પછી કયામતની ભયંકર ઘટનાઓ તથા સવાબ અને સજાનું વર્ણન એક ખાસ શૈલીમાં આવ્યું છે.

એ જ કારણ છે કે જ્યારે રસૂલે કરીમ ﷺની દાઢી મુબારકના અમુક બાલ સફેદ થઈ ગયા તો હઝરત સિદ્દીક (રદિ.)એ દિલગીરી વ્યક્ત કરતાં અરજ કરી કે, "યા રસૂલુલ્લાહ ﷺ ! તમે વૃદ્ધ થઈ ગયા" તો આપ ﷺએ ફરમાવ્યું, "હા ! મને સૂરએ હૂદે વૃદ્ધ કરી દીધો." અને અમુક રિવાયતોમાં "સૂરએ હૂદ"ની સાથે "સૂરએ વાકિઅહ" અને સૂરએ મુરસિલાત" તથા "અમ્મ યતસાઅલૂન" અને "સૂરએ તકવીર"નું પણ વર્ણન છે. *(રવાહુલ હાકિમ વત્તિરમિઝી)*

હેતુ એ હતો કે આ ઘટનાઓના ડર અને દહેશતના કારણે ઘડપણના ચિહ્નો જાહેર થઈ ગયા. તેની પ્રથમ આયત "અલિફ-લામ-રા"થી શરૂ કરવામાં આવી છે, આ તે શબ્દોમાંથી છે જેનો ભાવાર્થ અલ્લાહ તઆલા અને તેના રસૂલે

કરીમ ﷺ દરમિયાન રહસ્ય છે, બીજાઓને તેની જાણકારી આપવામાં આવી નથી એટલા માટે તેની ફિકર ચિંતામાં પડવાથી અટકાવવામાં આવ્યા છે.

ત્યારબાદ કુર્આન મજીદ વિશે ફરમાવ્યું કે, આ એક એવી કિતાબ છે જેની આયતોને مُحْكَمٌ (મુહકમ) "મજબૂત" બનાવવામાં આવી છે. مُحْكَمٌ (મુહકમ) શબ્દ اِحْكَامٌ (ઈહકામ)થી બન્યો છે જેનો અર્થ એ છે કે કોઈ વાતને એવી વ્યવસ્થિત કરી દેવામાં આવે જેમાં કોઈ શાબ્દિક અથવા ભાવાર્થની દષ્ટિએ ભૂલ કે ફસાદની સંભાવના ન રહે, આ આધારે આયતોને "મુહકમ" બનાવવાનો અર્થ એ થશે કે અલ્લાહ તઆલાએ તેની આયતોને એવી બનાવી છે કે, તેમાં કોઈ શાબ્દિક ભૂલ અથવા અર્થની દષ્ટિએ ફસાદ કે ત્રુટી અથવા બાતિલની કોઈ શકયતા કે સંભાવના જ નથી. *(કુર્તુબી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, "મુહકમ" આ સ્થળે "મન્સૂખ"ના મુકાબલામાં છે અને તેનો ભાવાર્થ એ છે કે આ કિતાબ એટલે કે કુર્આનની આયતોને અલ્લાહ તઆલાએ ઠોસ સ્વરૂપે "મુહકમ" અને "રદ ન થઈ શકે એવી" બનાવી છે, એટલે કે જે પ્રમાણે અગાઉની કિતાબો તવરાત અને ઈન્જીલ વગેરે કુર્આનના નાઝિલ થયા પછી "મન્સૂખ" થઈ ગઈ, આ કિતાબ નાઝિલ થયા પછી નુબુવ્વત અને વહીનો સિલસિલો પૂરો થઈ જવાના કારણે આ કિતાબ એટલે કે, કુર્આન કયામત સુધી મન્સૂખ (રદ) થશે નહીં. (કુર્તુબી) અને કુર્આનની અમુક આયતોનું પોતે જ કુર્આન દ્વારા "મન્સૂખ" થઈ જવું એ આ બાબતનો નકાર નથી.

આ જ આયતમાં કુર્આનની બીજી શાન એ બતાવવામાં આવી, ثُمَّ فُصِّلَتْ એટલે કે પછી આ આયતોને વિગતવાર ખોલી-ખોલીને સ્પષ્ટ કરવામાં આવી. અત્રે تَفْصِيْل (તફસીલ)નો અર્થ એ છે કે, બે વસ્તુઓ દરમિયાન વિભાગો (ફસૂલ) પાડવામાં આવે, એ જ રીતે સામાન્ય પુસ્તકોમાં વિવિધ વિષયોને પ્રકરણોમાં વર્ણન કરવામાં આવે છે. આ સ્થળે આયતોની "તફસીલ"નો ભાવાર્થ એ પણ હોઈ શકે છે કે અકીદહ, ઈબાદતો, વ્યવહાર, સમાજ, નૈતિકતા વગેરે વિષયોની આયતોને અલગ-અલગ કરીને સ્પષ્ટ અને સાફ-સાફ વર્ણન કરવામાં આવી છે.

એ અર્થ પણ હોઈ શકે છે કે, કુર્આને કરીમ અલ્લાહ તઆલા તરફથી તો એકી સાથે સમગ્રતઃ લવહે મહફૂઝમાં સુરક્ષિત કરી દેવામાં આવ્યું હતું પરંતુ પછી વિવિધ કોમો અને પ્રદેશોની પરિસ્થિતિઓ અને જરૂરિયાતો હેઠળ ઘણા બધા હપ્તાઓમાં થોડું-થોડું નાઝિલ કરવામાં આવ્યું જેથી તેને યાદ કરવું પણ સરળ હોય અને તેના ઉપર ક્રમે-ક્રમે અમલ કરવો પણ સહેલો થઈ જાય.

ત્યારબાદ ફરમાવ્યું, مِنْ لَّدُنْ حَكِيْمٍ خَبِيْرٍ એટલે કે, આ બધી આયતો એક એવી હસ્તી તરફથી આવી છે જે હિકમતવાળી પણ છે અને સર્વજ્ઞ પણ છે, એટલે કે જેની દરેક પ્રવૃત્તિમાં એટલી હિકમતો રહેલી હોય છે કે માનવી તેનો તાગ મેળવી શકતો નથી અને તે સૃષ્ટિના અણુએ અણુમાં ઉપસ્થિત વસ્તુઓથી અને ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પ્રત્યેક અણુથી સંપૂર્ણ રીતે બાખબર છે. એ બધા ઉપર દષ્ટિપાત કરીને તેના માટેના યોગ્ય હુકમો નાઝિલ કરે છે. મનુષ્યોની જેમ નહીં કે તેઓ ગમે તેટલા બુદ્ધિશાળી, હોશિયાર અને અનુભવી હોય પરંતુ તેમની બુદ્ધિ અને સમજદારી એક મર્યાદિત વર્તુળમાં ઘેરાયેલી હોય છે અને તેમનો અનુભવ ફક્ત પોતાની આજુબાજુ ઉત્પન્ન થનારી વસ્તુઓ પૂરતો હોય છે જે ઘણા સમયે ભવિષ્યમાં આવનારી પરિસ્થિતિઓ અને ઉપસ્થિત થનારી ઘટનાઓમાં નિષ્ફળ અને ખોટી પણ સાબિત થઈ શકે છે.

બીજી આયતમાં પ્રસ્તુત આયતોનું વર્ણન એક ખૂબ જ અગત્યની મજબૂત વસ્તુથી શરૂ થાય છે, એટલે કે અલ્લાહ તઆલાની "તવહીદ"; ઈરશાદ થયો છે, اَلَّا تَعْبُدُوْٓا اِلَّا اللّٰهَ એટલે કે, આ આયતોમાં જે વિષયો વર્ણન કરવામાં આવે છે તેમાં સૌથી મહત્ત્વની અને અગ્ર સ્થાને એ બાબત છે કે એક અલ્લાહ સિવાય અન્ય કોઈની ઈબાદત કે પૂજા કરવામાં ન આવે.

ત્યારબાદ ઈરશાદ થયો, اِنَّنِيْ لَكُمْ مِّنْهُ نَذِيْرٌ وَّبَشِيْرٌ એટલે કે, આ આયતોમાં રસૂલે કરીમ ﷺને હુકમ આપવામાં આવ્યો કે, તેઓ સમગ્ર દુનિયાના લોકોને કહી આપે કે, હું અલ્લાહ તઆલા તરફથી તમને ડરાવનાર અને ખુશખબરી આપનારો છું. ભાવાર્થ એ છે કે નાફરમાની કરનારને અને પોતાની નાજાઈઝ ઈચ્છાઓનું અનુસરણ કરનારને અલ્લાહ તઆલાના અઝાબથી ડરાવું છું અને આજ્ઞાપાલક નેક લોકોને આખિરતની નેઅ્મતો અને બંને દુનિયાઓની રાહતોની ખુશખબરી સંભળાવું છું.

نَذِيۡرٌ (નઝીર)નો તરજુમો "ડરાવનાર" કરવામાં આવે છે પરંતુ આ શબ્દ ડરાવનારા દુશ્મન કે જંગલી પ્રાણી કે અન્ય નુકસાન પહોંચાડનારા લોકો માટે બોલવામાં નથી આવતો, બલકે نَذِيۡر (નઝીર) એવા વ્યક્તિ માટે કહેવામાં આવે છે જે કોઈ પોતાના પ્રિય વ્યક્તિને લાગણી અને મહોબ્બતની ભાવનાના કારણે એવી વસ્તુથી ડરાવે અને બચાવે જે તેના માટે દુનિયા અને આખિરત અથવા તો બંને દુનિયાઓમાં નુકસાન પહોંચાડનારી હોય છે.

ત્રીજી આયતમાં કુર્આનની આયતોના માર્ગદર્શનમાંથી એક જરૂરી માર્ગદર્શનનું વર્ણન આ રીતે ફરમાવ્યું છે, وَاَنِ اسۡتَغۡفِرُوۡا رَبَّكُمۡ ثُمَّ تُوۡبُوۡۤا اِلَيۡهِ એટલે કે, આ "મુહક્કમાત" આયતો (મજબૂત આયતો)માં અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓને એ પણ સૂચના આપી છે કે, તે પોતાના પરવરદિગાર પાસે મા'ફી અને ક્ષમા માંગ્યા કરે અને તવબહ કર્યા કરે. મા'ફીનો સંબંધ પાછલા કરેલા ગુનાહોથી છે અને તવબહનો સંબંધ હવે પછી આવા ગુનાહોની નજીક પણ ન ફરકવાના પાકા વાયદા સાથે છે અને વાસ્તવમાં સાચી તવબહ એ જ છે કે, પાછલા ગુનાહો ઉપર પસ્તાવો કરીને અલ્લાહ તઆલા પાસે તેની મા'ફી માંગે અને ભવિષ્યમાં તેને ન કરવાનો પાકો નિર્ધાર અને ઈરાદો કરે, એટલા માટે અમુક બુઝુર્ગોએ ફરમાવ્યું છે કે ભવિષ્યમાં ગુનાહોથી બચવાનો પાકો નિર્ધાર અને કાળજી લીધા વિના માત્ર મૌખિક રીતે ઈસ્તિગફાર કરવો كَذَّابِيۡنَ (કઝ્ઝાબીન) એટલે કે જૂઠા લોકોની તવબહ છે. *(કુર્તુબી)*

અને આવા જ ઈસ્તિગફાર વિશે અમુક લોકોએ ફરમાવ્યું,

معصیت را خندہ می آید ز استغفارِ ما

અથવા એવું કહો કે આવી તવબહ પોતે જ તવબહ કરવાપાત્ર છે.

ત્યારબાદ સાચી પદ્ધતિથી તવબહ કરનારા અને મા'ફી માંગનારાઓને દુનિયા અને આખિરતની સફળતા તથા રાહત અને સહૂલતની ખુશખબરી આ શબ્દોમાં આપવામાં આવી, يُمَتِّعۡكُمۡ مَّتَاعًا حَسَنًا اِلٰۤى اَجَلٍ مُّسَمًّى એટલે કે, જે લોકોએ સાચી પદ્ધતિથી પોતાના પાછલા ગુનાહોથી ઈસ્તિગફાર કર્યો અને હવે પછી તેનાથી બચવાનો પાકો નિર્ધાર કર્યો અને સંપૂર્ણ કાળજી રાખી તો ફક્ત એટલું જ નહીં કે તેમની ભૂલોને મા'ફ કરવામાં આવશે બલકે તેમને સારું જીવન

અર્પણ કરવામાં આવશે અને એ દેખીતું છે કે આ જાહેર જિંદગી છે દુનિયા અને આખિરતનું કાયમી જીવન બંને જિંદગીઓ સામેલ છે. સૂરએ નૂહમાં તેની સ્પષ્ટતા આ રીતે આવી છે; ઈસ્તિગફાર કરનારાઓ વિશે ફરમાન છે, يُرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا وَّيُمْدِدْكُمْ بِاَمْوَالٍ وَّبَنِيْنَ وَيَجْعَلْ لَّكُمْ جَنّٰتٍ وَّيَجْعَلْ لَّكُمْ اَنْهٰرًا એટલે કે, "જો તમે સાચી પદ્ધતિથી અલ્લાહની મગફિરત માંગી તો અલ્લાહ તઆલા તમારા ઉપર રહમતનો વરસાદ કરશે અને તમને માલ અને અવલાદથી માલા-માલ કરશે અને તમને બગીચાઓ અને નહેરો અર્પણ કરશે." (૭૧ : ૧૧) દેખીતું છે કે રહમતનો વરસાદ અને માલ તથા અવલાદનો સંબંધ આ જ દુનિયાની જિંદગી સાથે છે.

એટલા માટે પ્રસ્તુત આયતમાં مَتَاعٍ حَسَنٍ (મતાએ હસન) "ભલાઈના સર-સામાન"ની તફસીર પણ મોટા ભાગના તફસીરકારોએ એ કરી છે કે, ઈસ્તિગફાર અને તવબહના પરિણામે અલ્લાહ તઆલા તમને રોજીની વિશાળતા અને રાહતની સહૂલતો અર્પણ કરશે અને આફતો તથા અઝાબોથી તમારી સુરક્ષા કરશે, દુનિયાની જિંદગી એક દિવસે પૂર્ણ થઈ જવી આવશ્યક છે અને તેની રાહત તથા સહૂલત કુદરતના કાયદા હેઠળ કાયમી નથી હોઈ શકતી, એટલા માટે اِلٰٓى اَجَلٍ مُّسَمًّى ફરમાવીને માર્ગદર્શન આપવામાં આવ્યું કે, દુનિયામાં પવિત્ર જિંદગી અને રાહતની સહૂલતો એક ખાસ સમય મર્યાદા એટલે કે મોત સુધી પ્રાપ્ત રહેશે, અંતે મોત ઉપર આ બધી વસ્તુઓ સમાપ્ત થઈ જશે.

પરંતુ આ મોત પછી તરત જ બીજી દુનિયાનું જીવન શરૂ થઈ જાય છે અને તેમાં પણ તવબહ અને ઈસ્તિગફાર કરનારાઓને કાયમી રાહતો પ્રાપ્ત થશે.

હઝરત સહલ ઈબ્ને અબ્દુલ્લાહે ફરમાવ્યું કે, مَتَاعٍ حَسَنٍ (મતાએ હસન)નો ભાવાર્થ એ છે કે, મનુષ્યનું ધ્યાન સર્જન ઉપરથી હટીને સર્જક પ્રત્યે કેન્દ્રિત થાય અને અમુક બુઝુર્ગોએ ફરમાવ્યું છે કે, "મતાએ હસન" એ છે કે માનવી ઉપસ્થિત વસ્તુઓને પૂરતી સમજે, વંચિતતાના ગમમાં ન પડે એટલે કે દુનિયા જેટલા પ્રમાણમાં પ્રાપ્ત થાય તેનાથી સંતોષ માને અને જે પ્રાપ્ત નથી થયું તેના ગમમાં ન પડે.

બીજી ખુશખબરી તવબહ અને ઈસ્તિગફાર કરનારાઓને એ આપવામાં આવી કે, وَيُؤْتِ كُلَّ ذِىْ فَضْلٍ فَضْلَهٗ તેમાં પ્રથમ فَضْل (ફઝ્લ)નો ભાવાર્થ

માનવીના નેક કૃત્યો અને બીજા فَضْل (ફઝ્લ)નો ભાવાર્થ અલ્લાહ તઆલાનો ફઝ્લ એટલે કે "જન્નત" છે, અર્થ એ છે કે દરેક નેક અમલ કરનારાઓને અલ્લાહ તઆલા પોતાનો ફઝ્લ એટલે કે "જન્નત" અર્પણ કરશે.

પ્રથમ વાક્યમાં દુનિયા અને આખિરત બંનેમાં "મતાએ હસન" એટલે કે, "સારું જીવન" આપવાનો વાયદો કરવામાં આવ્યો છે અને બીજા વાક્યમાં જન્નતની કદી ન પૂર્ણ થનાર નેઅ્મતોનું વચન અપાયું છે. આયતના અંતે ઈરશાદ થયો, فَاِنْ تَوَلَّوْا فَاِنِّىْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ كَبِيْرٍ એટલે કે, "જો આ શિખામણ અને ભલાઈથી મોઢું ફેરવ્યું તથા પાછલા ગુનાહોથી ઈસ્તિગફાર (મા'ફી) ન કર્યો અને હવે પછી તેનાથી બચવાની કાળજી ન લીધી તો એ મજબૂત સંદેહ છે કે, તમે એક મોટા દિવસના અઝાબમાં સપડાઈ જશો." "મોટા દિવસ"નો ભાવાર્થ "કયામતનો દિવસ" છે, કારણ કે તે પોતાની લંબાઈના આધારે પણ એક હજાર વર્ષનો દિવસ હશે અને તેમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિઓ અને ઘટનાઓના આધારે પણ તે સૌથી મોટો દિવસ હશે.

પાંચમી આયતમાં આ જ વિષયની વધારે તાકીદ કરવામાં આવી છે કે, દુનિયામાં તમે જે કંઈ પણ કરો અને ગમે તે રીતે જીવન વ્યતિત કરો પરંતુ અંતે મૃત્યુ પછી તમારે અલ્લાહ તબારક વ તઆલા તરફ પાછા વળવાનું છે અને તે દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે, એટલા માટે કોઈ મુશ્કેલ નથી કે મૃત્યુ પછી માટી થઈ ગયા પછી પણ તમારા સૌના અવશેષો એકઠા કરીને તમને નવેસરથી માનવી બનાવીને ઊભા કરી આપે.

છઠ્ઠી આયતમાં મુનાફિકોની એક ખરાબ ધારણાનો અને ખોટી વિચારસરણીનો રદિયો આપવામાં આવ્યો છે. આ લોકો પોતાની દુશ્મની અને રસૂલે કરીમ ﷺના વિરોધને પોતાની રીતે ખૂબ ગુપ્ત રાખવાનો પ્રયત્ન કરતા હતા. તેમના હૃદયમાં જે ઈર્ષ્યા અને કપટની જ્વાળાઓ સળગી રહી હોય છે તેના ઉપર દરેક રીતે પડદો નાંખવાની કોશીશ કરે છે અને એવું સમજે છે કે, આ રીતે અમારી અસલિયતની કોઈને જાણ થશે નહીં પરંતુ વાસ્તવિકતા એમ છે કે તેઓ કપડાંના પડદાઓ લપેટ્યા પછી પણ જે કંઈ કરે છે અલ્લાહ તઆલા માટે સઘળું ખુલ્લું અને જાહેર જ છે. اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ કારણ કે, તે તો દિલોની ગુપ્ત ઈચ્છાઓ સુદ્ધાં સારી પેઠે જાણે છે.

પારહ (૧૨)

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૬-૭-૮)

١٢ وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا وَيَعْلَمُ مُسْتَقَرَّهَا وَمُسْتَوْدَعَهَا ؕ
كُلٌّ فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ۞ ٦ وَهُوَ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ فِيْ سِتَّةِ اَيَّامٍ وَّكَانَ
عَرْشُهٗ عَلَى الْمَآءِ لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا ؕ وَلَئِنْ قُلْتَ اِنَّكُمْ مَّبْعُوْثُوْنَ مِنْ
بَعْدِ الْمَوْتِ لَيَقُوْلَنَّ الَّذِيْنَ كَفَرُوْٓا اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ۞ ٧ وَلَئِنْ اَخَّرْنَا عَنْهُمُ
الْعَذَابَ اِلٰٓى اُمَّةٍ مَّعْدُوْدَةٍ لَّيَقُوْلُنَّ مَا يَحْبِسُهٗ ؕ اَلَا يَوْمَ يَأْتِيْهِمْ لَيْسَ مَصْرُوْفًا
ع ٨/١ عَنْهُمْ وَحَاقَ بِهِمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۞ ٨ ع

તરજુમો :

અને કોઈ નથી જમીન ઉપર ચાલનારું પરંતુ તેની રોજી અલ્લાહ ઉપર છે અને જાણે છે જ્યાં તે થોભે છે અને જ્યાં સોંપવામાં આવે છે સઘળું કંઈ ખુલ્લી કિતાબમાં ઉપસ્થિત છે. (૬) અને તે જ છે જેણે આસમાન અને જમીન છ દિવસમાં બનાવ્યા અને તેનો તખ્ત (અર્શ) પાણી ઉપર હતો જેથી તમને અજમાવે કે કોણ તમારામાં સારું કામ કરે છે ? અને જો તમે કહો કે તમે મૃત્યુ પછી ઊઠશો તો અલબત્ત કાફિરો કહેવા લાગે, આ કંઈ નથી પરંતુ ઉઘાડો જાદૂ છે. (૭) અને જો અમે તેમનાથી અઝાબને એક નિશ્ચિત સમય સુધી રોકી રાખીએ તો કહેવા લાગશે, કઈ વસ્તુએ અઝાબને રોકી દીધો ? સાંભળો છો ! જે દિવસે તેમના ઉપર આવશે તેમનાથી ફેરવવામાં આવશે નહીં અને તેમને તે વસ્તુ ઘેરી લેશે જેના ઉપર ઠઠ્ઠો (મશ્કરી) કર્યા કરતા હતા. (૮)

તફસીર :

અને કોઈ (રોજી પ્રાપ્ત કરનાર) સજીવ પૃથ્વીપટ ઉપર ચાલનાર એવું નથી કે તેની રોજી અલ્લાહના જિમ્મે ન હોય (અને રોજી પહોંચાડવા માટે જ્ઞાનની આવશ્યકતા હોય છે બસ,) તે દરેકના રહેઠાણના સ્થળને અને તેને

સોંપવાના ઠેકાણાને સારી પેઠે જાણે છે (અને દરેકને તેના સ્થળે રોજી પહોંચાડે છે અને જો કે દરેક વસ્તુ અલ્લાહના જ્ઞાનમાં તો છે જ પરંતુ તેની સાથે જ) બધી વસ્તુઓ કિતાબે મુબીન (એટલે કે લવહે મહફૂઝ)માં (પણ લખી લેવામાં આવેલ) છે (મતલબ કે દરેક પરિસ્થિતિઓની સૂચના દરેક રીતે સુરક્ષિત છે, આગળ તેના સર્જનની અમુક હિકમતો વર્ણન કરી છે જેથી કયામતમાં બીજા વખતે સજીવન થવાની વાતનું સમર્થન થાય કારણ કે શરૂઆતનું સર્જન એ બાબતની દલીલ છે કે તે બીજી વખતે પણ પેદા કરી શકે છે) અને તે (અલ્લાહ) એવો છે કે બધા આસમાન અને જમીનને છ દિવસ(ની સમય મર્યાદા)માં પેદા કર્યા તે વખતે તેનો અર્શ પાણી ઉપર હતો (કે આ બંને વસ્તુઓ પહેલાંથી જ પેદા થઈ ચૂકી હતી અને આ એટલા માટે પેદા કરવામાં આવ્યું છે કે) જેથી તમને અજમાવે (જોઈ લે) કે તમારામાં સદ્‌કર્મો કરનારા કોણ છે ? (મતલબ એ છે કે જમીન અને આસમાનને તમારા લાભ અને વપરાશ માટે પેદા કર્યા જેથી તમે તેને જોઈને તવહીદ માટેની દલીલ મેળવો અને તેનાથી લાભ ઉઠાવીને તે ઈનામનો પાડ માનો તથા સેવા સ્વરૂપે નેક કર્મો કરો જો કે, અમુકે એવું કર્યું અને અમુકે એવું ન કર્યું) અને જો તમે (લોકોને) કહો છો કે ચોક્કસ તમે લોકો મર્યા પછી (કયામતના દિવસે ફરીવાર) જીવીત કરવામાં આવશો તો (તેમનામાં) જે લોકો કાફિર છે તેઓ (કુર્આન વિશે) કહે છે કે આ તો નર્યું ખુલ્લું જાદૂ છે (જાદૂ એટલા માટે કહે છે કે તે બાતિલ હોય છે પરંતુ અસર ધરાવે છે, એ જ રીતે કુર્આનને નઊઝુબિલ્લાહ બાતિલ સમજતા હતા પરંતુ તેના વિષયો પ્રભાવશાળી હોવાનો પણ જાત અનુભવ કરતા હતા, આવું કરવાનો તેમનો હેતુ આખિરતનો ઈન્કાર કરવાનો હતો. આગળ તેમના આ ઈન્કાર કરવાના હેતુના જવાબમાં ઈરશાદ છે) અને જો થોડા દિવસો સુધી (એટલે કે જો આ થોડા દિવસોનો ભાવાર્થ દુનિયાની જિંદગી છે) અમે તેમનાથી (અદૃશ્ય) અઝાબને મુલતવી રાખીએ છીએ (કે તેમાં ઘણી હિકમતો છે) તો (તેઓ ઈન્કાર અને ઠઠ્ઠા-મશ્કરી સ્વરૂપે) કહેવા લાગે છે કે (જ્યારે અમે તમારા મતે અઝાબના હકદાર છે તો) આ અઝાબને કઈ વસ્તુ રોકી રહી છે ? (એટલે કે જો અઝાબ કોઈ વસ્તુ હોત તો અત્યાર સુધીમાં થઈ ચૂકી હોત, જ્યારે નથી થઈ તો જાણ થાય છે કે એવું કંઈપણ નથી, અલ્લાહ તઆલા તેના જવાબમાં કહે છે કે) યાદ રાખો ! જે દિવસે (નક્કી સમય ઉપર) તે (અઝાબ) તેમના ઉપર આવી પડશે તો પછી

કોઈનો ટાળ્યો ટળશે નહીં અને જે (અઝાબ)ની સાથે તેઓ ઠઠ્ઠો-મશ્કરી કરી રહ્યા હતા તે તેમને ઘેરી લેશે. (મતલબ એ છે કે અઝાબના હકદાર હોવા છતાં મોડું એટલા માટે થાય છે કે અમુક હિકમતોના કારણે તેનો એક નિશ્ચિત સમય છે, પછી તે નિશ્ચિત સમય આવ્યે બધી કસર પૂરી થઈ જશે).

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં અલ્લાહ તઆલાના સર્વત્ર છવાયેલ જ્ઞાનનું વર્ણન હતું જેનાથી સૃષ્ટિનો કોઈ અણુ અને દિલોના ગુપ્ત રહસ્યો પણ છુપા નથી. પ્રસ્તુત આયતોમાં તેના સંદર્ભમાં માનવી ઉપર એક મહાન ઉપકારનું વર્ણન કરવામાં આવ્યું, તે એ કે તેની રોજીની જવાબદારી અલ્લાહ તઆલાએ પોતે પોતાના જિમ્મે લઈ લીધી છે અને ન જ ફક્ત મનુષ્યની રોજી બલકે પૃથ્વી ઉપર ચાલનારા-ફરનારા દરેક સજીવની; તે જ્યાં કંઈ પણ રહે છે અથવા ચાલ્યો જાય છે તેની રોજી તેની પાસે પહોંચી જાય છે, એટલા માટે જો કાફિરો આ ઈરાદે પોતાના કોઈ કાર્યને અલ્લાહથી છુપાવવા ઈચ્છે તો તે તેમની અજ્ઞાનતા અને મૂર્ખાઈ સિવાય કંઈપણ નથી, પછી તેના ઠોસ વર્ણનમાં પૃથ્વીપટ ઉપરના બધા જ પ્રાણીઓ, પક્ષીઓ તથા પૃથ્વીના પેટાળમાં રહેતા સજીવો, પાણી અને સૂક્કા પ્રદેશોમાં વસવાટ કરતા બધા જ પ્રાણીઓ તેમાં સામેલ છે અને આ ઠોસપણાની તાકીદ માટે શબ્દ مِنْ (મિન)નો વધારો કરીને وَمَا مِنْ دَآبَّةٍ ફરમાવ્યું છે. دَآبَّةٌ (દાબ્બહ) દરેક તે પ્રાણીને કહેવામાં આવે છે જે જમીન ઉપર ચાલે છે, પક્ષીઓ અને પ્રાણીઓ પણ તેમાં સામેલ છે, કારણ કે તેમનો માળો પણ જમીન ઉપર જ કોઈ સ્થળે હોય છે, દરિયાના પ્રાણીઓ પણ જમીન સાથે જ સંબંધ ધરાવે છે, આ બધા પ્રાણીઓની રોજીની જવાબદારી અલ્લાહ તઆલાએ પોતાના જિમ્મે લઈને એવા શબ્દોથી તેનું વર્ણન કર્યું છે, જેમકે કોઈ ફરજ કોઈના માથે હોય. ઈરશાદ ફરમાવ્યો, عَلَى اللّٰهِ رِزْقُهَا એટલે કે, "અલ્લાહના જિમ્મે છે તેમની રોજી." એ દેખીતું છે કે, આ જવાબદારી અલ્લાહ તઆલા ઉપર નાંખનારી કોઈ અન્ય તાકાત કે શક્તિ નથી, માત્ર એ સિવાય કે તેણે પોતાની કૃપાથી આ વાયદો કરી લીધો, પરંતુ વાયદો એક સાદિક (સત્ય) અને મહાદયાળુનો વાયદો છે જેના વાયદાનો ભંગ થવાની કોઈ શક્યતા જ નથી, આ જ વિશ્વાસને જાહેર કરવા માટે આ સ્થળે શબ્દ عَلٰى (અલા) લાવવામાં આવ્યો છે જે ફરજોના વર્ણન માટે ઉપયોગ થાય છે,

જ્યારે કે અલ્લાહ તઆલા ન તો કોઈના હુકમનો પાબંદ છે અને ન જ તેના માટે કોઈ વસ્તુ ફરજ અથવા વાજિબ છે.

رِزْقٌ (રિઝ્ક) શબ્દકોષમાં તે વસ્તુને કહેવામાં આવે છે જેનાથી સજીવ પોતાનો ખોરાક પ્રાપ્ત કરે અને જેના દ્વારા તેનું જીવન ટકી રહે તથા શરીરમાં વિકાસ અને વૃદ્ધિ થાય છે.

رِزْقٌ (રિઝ્ક) માટે એ જરૂરી નથી હોતું કે, જેની રોજી છે તે તેનો માલિક પણ હોય, કારણ કે બધા જ પ્રાણીઓને "રિઝ્ક" (રોઝી) આપવામાં આવે છે પરંતુ તે તેના માલિક નથી હોતા, તેમનામાં માલિકીપણાની ક્ષમતા જ નથી. એટલા માટે નાનું બાળક પોતાના રિઝ્કનું માલિક નથી હોતું પરંતુ તે છતાં તેને રોજી મળે છે.

"રોજી"ના આ સ્પષ્ટ અર્થના આધારે વિદ્વાનોએ ફરમાવ્યું કે રોજી હલાલ પણ હોઈ શકે છે અને હરામ પણ, કારણ કે જે વ્યક્તિ કોઈ અન્યનો માલ નાજાઇઝ પદ્ધતિથી ખાઈ જાય તો આ માલ એટલે કે ખોરાક તો તે વ્યક્તિનો બની ગયો પરંતુ તે હરામ પદ્ધતિથી તેનો બન્યો, જો તેણે પોતાની લાલચમાં આંધળો થઈને નાજાઇઝ પદ્ધતિનો ઉપયોગ ન કર્યો હોત તો જે રોજી તેના નસીબમાં નક્કી હતી તે રોજી જાઇઝ પદ્ધતિથી પણ તેને મળી હોત.

રોજી અલ્લાહ તઆલાની જવાબદારી હોવા ઉપર સવાલ-જવાબ :

અત્રે એક સવાલ એ ઉપસ્થિત થાય છે કે, જ્યારે દરેક સજીવની રોજીની જવાબદારી અલ્લાહે પોતાના માથે લઈ લીધી છે તો પછી એવી ઘટનાઓ શા માટે બને છે કે ઘણા બધા પ્રાણીઓ અને મનુષ્યો ખોરાક ન મળવાના કારણે ભૂખ-તરસથી મૃત્યુ પામે છે. તેના જવાબમાં વિદ્વાનોએ વિવિધ નિવેદનો કર્યા છે.

એક જવાબ એ પણ હોઈ શકે છે કે, રોજીની જવાબદારી તે સમય સુધી છે જ્યાં સુધી કે તેની નિશ્ચિત વય મર્યાદા પૂર્ણ નથી થઈ જતી, જ્યારે તેનું જીવન પૂર્ણ થઈ ગયું તો તેને અલબત્ત મરવાનું જ છે અને તેને આ જગતમાંથી સિધાવી જવાનું છે, જેના સામાન્ય કારણોમાંથી ક્યારેક બીમારી હોય છે, ક્યારેક સળગી જવું, ડૂબી જવું, ઘા વાગવો, ઈજા થવી વગેરે હોય છે. એ જ પ્રમાણે એક કારણ આ પણ હોઈ છે કે તેની રોજી બંધ કરી દેવામાં આવે અને તેનું મૃત્યુ નિપજે.

ઈમામ કુર્તુબી (રહ.)એ આ આયતના સંદર્ભમાં હઝરત અબૂ મૂસા અશઅરી અને હઝરત અબૂ માલિક (રદિ.) વગેરે કબીલએ અશઅરિય્યિનની એક ઘટનાનું વર્ણન કર્યું છે કે, આ લોકો હિજરત કરીને મદીના તય્યિબહ પહોંચ્યા તો જે કંઈ ભાથું અને ખાવા-પીવાનો સામાન તેમની પાસે હતો તે ખતમ થઈ ગયો, તેમણે પોતાના એક વ્યક્તિને રસૂલે કરીમ ﷺની સેવામાં એવી વિનંતી સાથે મોકલ્યો કે તેમના ખાવા-પીવાની કોઈ વ્યવસ્થા કરી આપે, આ વ્યક્તિ જયારે રસૂલે કરીમ ﷺના દરવાજા ઉપર પહોંચ્યો તો અંદરથી અવાજ સાંભળ્યો, રસૂલે કરીમ ﷺ આ આયત પઢી રહ્યા હતા, وَمَا مِنْ دَآبَّةٍ فِى الْاَرْضِ اِلَّا عَلَى اللّٰهِ رِزْقُهَا તે વ્યક્તિને આ આયત સાંભળીને વિચાર આવ્યો કે જ્યારે અલ્લાહ તઆલાએ બધા જ સજીવોની રોજી પોતાના જિમ્મે લઈ લીધી છે તો પછી અમે અશઅરી પણ અલ્લાહ તઆલા નિકટ બીજા જાનવરોથી ગયા-ગુજરેલા તો નથી, તે ચોક્કસ અમને પણ રોજી પહોંચાડશે, આવો વિચાર કરીને તેઓ ત્યાંથી પાછા ફર્યા. રસૂલે કરીમ ﷺને પોતાની કંઈપણ હાલત બતાવી નહીં, પાછા જઈને પોતાના સાથીદારોને કહ્યું કે ખુશ થઈ જાઓ ! તમારા માટે અલ્લાહ તઆલાની સહાય આવી રહી છે, એનાથી અશઅરી સાથીઓ તેનો એવો અર્થ સમજ્યા કે તેમના સંદેશાવાહકે વચન મુજબ રસૂલે કરીમ ﷺને પોતાની જરૂરિયાતનું વર્ણન કર્યું છે અને આપ ﷺએ તેની વ્યવસ્થા કરવાનો વાયદો કરી લીધો છે, તેઓ એવું સમજીને સંતોષ પામી બેસી ગયા. તેઓ હજુ બેઠા જ હતા કે જોયું કે બે વ્યક્તિઓ એક "કસ્અહ" ગોસ્ત અને રોટલીઓથી ભરેલો ઉઠાવીને લાવી રહ્યા છે. "કસ્અહ" એક મોટું વાસણ હોય છે, તે ઉઠાવી લાવનારાઓએ આ દેગ જેવું વાસણ તે અશઅરી લોકોને આપી દીધું, તેમણે ખૂબ પેટ ભરીને ખાધું, ત્યારપછી પણ બચી રહ્યું તો તે લોકોએ એવું યોગ્ય સમજ્યું કે, બાકી ભોજન રસૂલે કરીમ ﷺને પાછું મોકલી આપવામાં આવે જેથી આપ ﷺ તેને પોતાની જરૂરિયાતમાં ખર્ચ કરે, પોતાના બે માણસોને આ ખાવાનું આપીને રસૂલે કરીમ ﷺ પાસે મોકલવામાં આવ્યા.

ત્યારબાદ આ બધા લોકો રસૂલે કરીમ ﷺની સેવામાં ઉપસ્થિત થયા અને વિનંતી કરી, "યા રસૂલુલ્લાહ ﷺ આપનું મોકલેલું ભોજન ઘણું જ વધારે અને ખૂબ સ્વાદિષ્ટ હતું." રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "મેં તો કોઈ ભોજન મોકલ્યું જ નથી!"

ત્યારે તેમણે સંપૂર્ણ ઘટના કહી સંભળાવી કે, અમે ફલાણા વ્યક્તિને આપની પાસે મોકલ્યા હતા, તેણે એવો જવાબ આપ્યો કે જેનાથી અમે એવું સમજ્યા કે તમે જ આ જમવાનું મોકલ્યું છે, આવું સાંભળીને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "આ મેં નહીં પરંતુ તે જાતે કુદુસે મોકલ્યું છે જેણે દરેક સજીવને રોજી આપવાની જવાબદારી લીધી છે."

અમુક રિવાયતોમાં છે કે, જે સમયે હઝરત મૂસા (અલૈ.) આગની શોધખોળમાં કોહે તૂર ઉપર પહોંચ્યા અને ત્યાં આગના બદલે "તજલ્લિયાતે ઈલાહી" સામે આવી તો તેમને નુબુવ્વત અને રિસાલત અર્પણ કરીને ફિરઔન અને તેમની કોમની હિદાયત માટે મિસ્‌ર જવાનો હુકમ મળ્યો ત્યારે તેમને વિચાર આવ્યો કે હું પોતાની પત્નીને જંગલમાં એકલો છોડી આવ્યો છું, તેની કોણ સાર-સંભાળ લેશે ? આ વિચારની સુધારણા માટે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મૂસા (અલૈ.)ને હુકમ આપ્યો કે, સામે પડેલી પથ્થરની શીલા ઉપર લાકડી મારો ! તેમણે હુકમ ઉપર અમલ કર્યો તો તે શીલા ફાટી ગઈ અને તેમાંથી એક બીજો પથ્થર નીકળ્યો, હુકમ થયો કે તેના ઉપર પણ લાઠી મારો, એવું કર્યું તો તે પથ્થર ફાટીને તેમાંથી પણ ત્રીજો પથ્થર નીકળ્યો, તેના ઉપર પણ લાઠી મારવાનો હુકમ થયો તો તે ફાટી ગયો અને તેમાંથી એક સજીવ નીકળ્યું જેના મોંમાં લીલું પાદડું હતું.

અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતનો વિશ્વાસ તો હઝરત મૂસા (અલૈ.)ને પહેલેથી જ હતો પરંતુ પ્રત્યક્ષ નજરે નિહાળવાનો અનુભવ કંઈ અનેરો આહ્‌લાદક હતો, આ જોઈને હઝરત મૂસા (અલૈ.) ત્યાંથી સીધા મિસ્‌ર રવાના થઈ ગયા, પોતાની પત્નીને તે જાણ કરવા પણ ન ગયા કે મને મિસ્‌ર જવાનો હુકમ થયો છે અને હું ત્યાં જઈ રહ્યો છું.

સમગ્ર મખ્લૂકને રોજી પહોંચાડવાની આશ્ચર્યજનક કુદરતી વ્યવસ્થા :

આ આયતમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફક્ત એ બાબત ઉપર બસ નથી કર્યું કે દરેક સજીવની રોજી પોતાને માથે લઈ લીધી છે, બલકે માનવીને વધારે સંતોષ આપવા માટે ફરમાવ્યું, وَيَعْلَمُ مُسْتَقَرَّهَا وَمُسْتَوْدَعَهَا આ આયતમાં مُسْتَقَرّ (મુસ્તકર) અને مُسْتَوْدَعْ (મુસ્તવ્‌દઅ્‌)નો ભાવાર્થ વિવિધ વિવરણકારોએ

અનેક પ્રકારના નોંધ્યા છે પરંતુ શાબ્દિક અર્થના આધારે તે ભાવાર્થ વધારે નિકટ છે જેને કશ્શાફે અપનાવ્યો કે "મુસ્તકર્ર" તે સ્થળને કહેવામાં આવે છે જ્યાં કોઈ વ્યક્તિ કાયદેસર રીતે પોતાના થોભવાનું સ્થળ અથવા વતન બનાવી લે અને "મુસ્તવ્દઅ્" તે સ્થળને કહેવામાં આવે છે જયાં કામચલાઉ ધોરણે કોઈ આવશ્યકતા માટે થોભવામાં આવે.

ભાવાર્થ એ થયો કે અલ્લાહ તઆલાની જવાબદારીને દુનિયાના લોકો અને સરકારોની જવાબદારી સાથે સરખામણી કરી કલ્પના ન કરો. દુનિયામાં જો કોઈ વ્યક્તિ અથવા જો કોઈ ખાસ સંસ્થા તમારી રોજીની જવાબદારી લઈ લે તો અલબત્ત એટલું કામ તો તમારે પોતે કરવું પડશે કે જો પોતાનું સ્થળ છોડીને કોઈ અન્ય સ્થળે જવાનું હોય તો તે વ્યક્તિ અથવા સંસ્થાને જાણ કરવી પડશે કે હું ફલાણી તારીખથી ફલાણી તારીખ સુધી, ફલાણા શહેર અથવા ફલાણા ગામમાં રહીશ, મારી રોજી ત્યાં પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે પરંતુ અલ્લાહ તબારક વ તઆલાની જવાબદારીમાં તમારા ઉપર કોઈ એવો ભાર નથી, કારણ કે તે તમારા દરેક હલન-ચલનથી સારી પેઠે વાકેફ છે, તમારા કાયમી રહેઠાણને પણ જાણે છે અને કામચલાઉ થોભવાના સ્થળથી પણ વાકેફ છે, કોઈ દરખાસ્ત કર્યા વિના જ અથવા જાણકારી આપ્યા વિના તે તમારું રાશન-પાણી ત્યાં પહોંચાડી આપે છે.

અલ્લાહ તઆલાના સર્વત્ર છવાયેલા જ્ઞાન અને મજબૂત શક્તિ આગળ ફક્ત તેનો ઈરાદો કરી લેવો સઘળા કાર્યોને પૂર્ણ થવા માટે પૂરતા હતા. કોઈ પુસ્તક કે રજીસ્ટરમાં લખવા-લખાવવાની આવશ્યકતા ન હતી પરંતુ બીચારો માનવી જે પણ વ્યવસ્થાને આધીન હોય છે તે અલ્લાહની રોજીની આ વ્યવસ્થાને પોતાની માનવસર્જિત વ્યવસ્થા ઉપર અનુમાનિત કરે તો ભૂલચૂક થવાનો ખટકો રહી શકતો હતો, એટલા માટે વધારે સંતોષ અને સ્પષ્ટતા માટે ફરમાવ્યું, كُلٌّ فِىْ كِتٰبٍ مُّبِيْنٍ એટલે કે, આ બધું જ એક રોશન કિતાબ (લવહે મહફૂઝ)માં લખવામાં આવ્યું છે જેમાં સમગ્ર સૃષ્ટિની રોજી, ઉંમર, કર્મો વગેરેની સંપૂર્ણ વિગતો લખવામાં આવી છે, જે વખતો-વખત જરૂરિયાત અનુસાર સંબંધિત ફરિશ્તાઓને સોંપવામાં આવે છે.

સહીહ મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયતથી

નકલ થયું છે કે, નબીએ કરીમ ﷺએ એક લાંબી હદીષમાં ફરમાવ્યું જેનો ખુલાસો એ છે કે, માનવી પોતાના જન્મ પહેલાં વિવિધ તબક્કાઓમાંથી પસાર થાય છે, જ્યારે તેના અવયવો સંપૂર્ણ વિકસી જાય છે તો અલ્લાહ તઆલા એક ફરિશ્તાને હુકમ આપે છે જે તેના વિશે ચાર વસ્તુઓ લખી લે છે, પ્રથમ તેના કર્મો કે જે કંઈ તે કરશે, બીજું તેની જિંદગીના વર્ષો, મહિના, દિવસ, મિનિટ અને શ્વાસ સુદ્ધાં લખી લેવામાં આવે છે, ત્રીજું તેને ક્યાં મરવાનું અને ક્યાં દફન થવાનું છે તે, ચોથું તેની રોજી કેટલી છે ? અને કઈ-કઈ રીતે તેને પહોંચશે ? (અને લવહે મહફૂઝમાં આસમાન અને જમીનની પેદાઇશ પહેલાં લખી લીધું હોવાની વાત આ બાબતનો ઈન્કાર કરતી નથી).

બીજી આયતમાં અલ્લાહ તબારક વ તઆલાનું જ્ઞાન સર્વત્ર છવાયેલ હોવાનું અને તેની સર્જન શક્તિની એક ઝલકનું વર્ણન કરવામાં આવ્યું છે, તેમાં સમગ્ર આસમાનો અને પૃથ્વીને છ દિવસમાં પેદા કરવાની અને તે વસ્તુઓનું સર્જન કરવાથી પહેલાં "અર્શે રહમાન" પાણી ઉપર હતો તેનું વર્ણન છે.

એ બાબતથી જાણ થાય છે કે, આસમાન અને પૃથ્વીના સર્જન પહેલાં પાણી પેદા કરવામાં આવ્યું અને આસમાન અને જમીનને છ દિવસમાં પેદા કરવાની વિગત "સૂરએ હા-મીમ સજદહ"ની આયત નં. ૧૦ અને ૧૧માં આ પ્રમાણે આવી છે કે, બે દિવસમાં પૃથ્વી બનાવવામાં આવી, બે દિવસમાં જમીનના પહાડ, દરિયા, વૃક્ષો અને સજીવોનો ખોરાક તથા તેમના જીવનને ટકાવી રાખવાનો સામાન બનાવવામાં આવ્યો અને બે દિવસમાં સાત આસમાન બનાવવામાં આવ્યા.

તફસીરે મઝહરીમાં છે કે, આસમાનનો ભાવાર્થ તે બધા જ અવકાશી પદાર્થો છે જે પૃથ્વીથી ઊંચે અવકાશમાં છે અને પૃથ્વીનો ભાવાર્થ આખી પૃથ્વી અને પૃથ્વીપટ ઉપરની બધી જ તે વસ્તુઓ છે જે નીચે તરફ છે અને દિવસનો ભાવાર્થ તે નિશ્ચિત સમય છે જે આસમાન અને જમીનની ઉત્પત્તિ પછી સૂર્યના ઊગવાથી લઈ આથમવા સુધી હોય છે, જો કે આસમાન અને પૃથ્વીની ઉત્પત્તિના સમયે ન તો સૂર્ય હતો અને ન જ ઊગવા-આથમવાનું ચક્ર હતું.

અલ્લાહ તબારક વ તઆલાની સંપૂર્ણ શક્તિમાં એ પણ હતું કે તે બધી જ

વસ્તુઓને એક ક્ષણમાં તાત્કાલિક પેદા કરી આપે, પરંતુ તેણે પોતાની હિકમતથી આ વિશ્વની વ્યવસ્થા ક્રમાનુસાર બનાવી છે જે મનુષ્યના સ્વભાવ સાથે મેળ ખાય છે.

આયતના અંતમાં આસમાન અને પૃથ્વીને પેદા કરવાનો મકસદ આ બતાવ્યો છે, لِيَبْلُوَكُمْ اَيُّكُمْ اَحْسَنُ عَمَلًا એટલે કે, આ બધી વસ્તુઓ એટલા માટે પેદા કરવામાં આવી છે કે અમે તમારી પરીક્ષા લઈએ કે કોણ તમારામાંથી સારા કર્મો કરનારા છે ? એનાથી જાણ થઈ કે આસમાન અને પૃથ્વીને પેદા કરવાનો પોતે કોઈ હેતુ ન હતો, બલકે તેમાં કર્મો કરનાર મનુષ્ય માટે બનાવવામાં આવ્યું છે જેથી તે આ પદાર્થોથી પોતાનો લાભ અને રોજી પ્રાપ્ત કરે તથા તેમાં ચિંતન અને મનન કરીને પોતાના માલિક અને પરવરદિગારને પણ ઓળખે.

ખુલાસો એવો થયો કે આસમાન અને જમીનની ઉત્પત્તિનો મૂળ હેતુ માનવી છે, બલકે માનવોમાં પણ ઈમાનવાળાઓ છે અને તેમનામાંથી પણ તે માનવો જે સૌથી સારા કર્મો કરનારા છે અને એ દેખીતું છે કે, સઘળી માનવજાતમાં સૌથી શ્રેષ્ઠ અમલ કરનાર આપણા પ્યારા રસૂલે કરીમ ﷺ છે, એટલા માટે એવું કહેવું યોગ્ય છે કે સમગ્ર સૃષ્ટિને પેદા કરવાનો મૂળ હેતુ રસૂલે કરીમ ﷺનું પવિત્ર અસ્તિત્વ છે. *(મઝહરી)*

અત્રે એ વાત પણ ધ્યાન આપવાપાત્ર છે કે, અલ્લાહ તબારક વ તઆલાએ આ સ્થળે اَحْسَنُ عَمَلًا (અહ્‌સનુ અમલન) ફરમાવ્યું છે, એટલે કે "કોણ સારા અમલ કરનારો છે ?" એવું નથી કહ્યું કે, કોણ વધારે અમલ કરનારો છે ? એનાથી જાણ થઈ કે અલ્લાહ તઆલાની દૃષ્ટિ નેક કર્મો નમાઝ, રોઝા, તિલાવત અને ઝિક્ર વગેરેના ખૂબ મોટા જથ્થા કરતા વધારે حُسْنِ عَمَلُ (હુસ્ને અમલ) "સારા કર્મો" ઉપર છે, એટલે કે આ જ "હુસ્ને અમલ"ને એક હદીષમાં اِحْسَانُ (ઇહ્‌સાન)થી ઓળખાવવામાં આવ્યું છે જેનો ખુલાસો એ છે કે કોઈપણ કૃત્ય માત્ર અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવા માટે હોય અને કોઈ દુનિયવી સ્વાર્થ તેમાં ન હોય અને તે કાર્યનું સ્વરૂપ પણ એવું અપનાવવામાં આવે કે, જે અલ્લાહ તઆલા નિકટ પસંદ કરવામાં આવ્યું હોય જેને રસૂલે કરીમ ﷺએ પોતાના અમલ દ્વારા બતાવ્યું હોય અને ઉમ્મત માટે તેનું અનુસરણ કરવું જરૂરી ઠરાવ્યું હોય, ખુલાસો એ છે કે નાનો અમલ જે સંપૂર્ણ નિખાલસતા સાથે સુન્નત

પ્રમાણે હોય છે તે નાનું કર્મ તે વધારે જથ્થામાં કરેલા અમલ કરતાં ઉત્તમ છે જેમાં આવી શરતો પૂરી થતી ન હોય અથવા તેમાં ઉણપ હોય.

સાતમી આયતમાં કયામત અને આખિરતના ઇન્કારીઓની પરિસ્થિતિ વર્ણન થઈ છે કે, આ લોકો જે વાત તેમની સમજમાં નથી આવતી તેને જાદૂ કહીને ટાળવા ઇચ્છે છે.

આઠમી આયતમાં તે લોકોની એ શંકાનો જવાબ આપવામાં આવ્યો કે, જેઓ અઝાબની ચેતવણીઓ બાબતે અંબિયા (અલૈ.)નો વિશ્વાસ ન કરીને કહ્યા કરતા હતા કે, જો તમે સાચા છો તો જે અઝાબની ધમકી આપતા હતા તે કેમ નથી આવી જતો ?

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૯ થી ૧૪)

وَلَئِنْ أَذَقْنَا الْإِنْسَانَ مِنَّا رَحْمَةً ثُمَّ نَزَعْنَاهَا مِنْهُ ۚ إِنَّهُ لَيَئُوسٌ كَفُورٌ ﴿٩﴾ وَلَئِنْ
أَذَقْنَاهُ نَعْمَاءَ بَعْدَ ضَرَّاءَ مَسَّتْهُ لَيَقُولَنَّ ذَهَبَ السَّيِّئَاتُ عَنِّي ۚ إِنَّهُ لَفَرِحٌ فَخُورٌ ﴿١٠﴾
إِلَّا الَّذِينَ صَبَرُوا وَعَمِلُوا الصَّالِحَاتِ أُولَٰئِكَ لَهُمْ مَغْفِرَةٌ وَأَجْرٌ كَبِيرٌ ﴿١١﴾ فَلَعَلَّكَ
تَارِكٌ بَعْضَ مَا يُوحَىٰ إِلَيْكَ وَضَائِقٌ بِهِ صَدْرُكَ أَنْ يَقُولُوا لَوْلَا أُنْزِلَ عَلَيْهِ كَنْزٌ
أَوْ جَاءَ مَعَهُ مَلَكٌ ۚ إِنَّمَا أَنْتَ نَذِيرٌ ۚ وَاللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ وَكِيلٌ ﴿١٢﴾ أَمْ يَقُولُونَ
افْتَرَاهُ ۖ قُلْ فَأْتُوا بِعَشْرِ سُوَرٍ مِثْلِهِ مُفْتَرَيَاتٍ وَادْعُوا مَنِ اسْتَطَعْتُمْ مِنْ
دُونِ اللَّهِ إِنْ كُنْتُمْ صَادِقِينَ ﴿١٣﴾ فَإِلَّمْ يَسْتَجِيبُوا لَكُمْ فَاعْلَمُوا أَنَّمَا أُنْزِلَ بِعِلْمِ
اللَّهِ وَأَنْ لَا إِلَٰهَ إِلَّا هُوَ ۖ فَهَلْ أَنْتُمْ مُسْلِمُونَ ﴿١٤﴾

તરજુમો :

અને જો અમે માનવીને પોતાના તરફથી રહમત ચખાડીએ પછી તે તેનાથી છીનવી લઈએ તો તે નાઉમ્મીદ નાશુક્રો થાય છે. (૯) અને જો અમે તેને આરામ ચખાડીએ તકલીફ પછી જે તેને પહોંચી હતી તો બોલી ઉઠે મારાથી

બુરાઈઓ દૂર થઈ, તે તો ઈતરાનારો શેખીખોર (મિથ્યાભિમાની બડાઈ હાંકનારો) છે. (૧૦) પરંતુ જે લોકો ધીરજવાન છે અને નેકીઓ કરે છે તેમના માટે બખ્શીશ (મા'ફી) છે અને મોટો સવાબ. (૧૧) બસ ક્યાંક તમે છોડી બેસશો તેમાંથી કોઈ વસ્તુ જે તમારા તરફ વહી આવી અને તેનાથી તમારો જીવ તંગ થશે એ વાત ઉપર કે તેઓ કહે છે કેમ તેના ઉપર ખજાનો ન ઊતર્યો અથવા તેની સાથે ફરિશ્તો કેમ ન આવ્યો ? તમે તો (માત્ર) ડરાવનારા છો અને અલ્લાહ દરેક વસ્તુનો જિમ્મેદાર છે. (૧૨) શું કહે છે કે તમે કુર્આનને બનાવી લાવ્યા છો ? કહી આપો ! તમે પણ લઈ આવો એક દશ સૂરત આવી બનાવીને અને બોલાવી લો જેને બોલાવી શકો અલ્લાહના સિવાય જો તમે સાચા હોવ. (૧૩) પછી જો તમારું કહ્યું પુરું ન કરે તો જાણી લો કે કુર્આન તો અલ્લાહની વહીથી ઊતર્યું છે અને એ કે તેના સિવાય કોઈ હાકિમ નથી પછી હવે તમે હુકમ માનો છો ? (૧૪)

તફસીર :

અને જો અમે મનુષ્યને પોતાની મહેરબાનીનો સ્વાદ ચખાડીને તેનાથી છીનવી લઈએ છીએ તો તે નિરાશ અને નાશુક્રો (અધીરો) બની જાય છે અને જો તેને કોઈ તકલીફ પછી કે જે તેને પડી હોય કોઈ નેઅ્મતનો સ્વાદ ચખાડીએ તો (એવો ઈતરાય છે કે) કહેવા લાગે છે કે મારા બધા દુ:ખ-દર્દ રુખસદ થઈ ગયા (હવે દુ:ખ ક્યારેય નહિ આવે) તે ઈતરાવા લાગે છે, શેખી (ડંફાસો) હાંકવા લાગે છે પરંતુ જે લોકો નેક સ્વભાવના છે અને નેક કર્મો કરે છે (તેનાથી ભાવાર્થ મો'મિનો છે કે તેમનામાં થોડે ઘણે અંશે આવી નેક સિફતો હોય છે બસ,) એવા નથી હોતા (બલકે નેઅ્મતના છીનવાય જવાના સમયે સબ્રથી કામ લે છે અને નેઅ્મત મળવાના સમયે શુક્ર અને આજ્ઞાપાલન કરે છે બસ,) એવા લોકો માટે મહાન બખ્શીશ અને મોટો સવાબ છે (ખુલાસો એ છે કે મો'મિનો સિવાયના મોટા ભાગના લોકો એવા જ છે કે થોડીવારમાં નીડર થઈ જાય છે અને થોડીવારમાં હતાશ થઈ જાય છે, એટલા માટે આ લોકો અઝાબમાં મોડું થવાથી નચિંત અને ઈન્કારી થઈ ગયા, આ લોકો જેઓ ઈન્કાર અને ઠઠ્ઠો-મશ્કરી કરી રહ્યા છે તેનાથી) બસ, કદાચ તમે (તંગ થઈને) તે હુકમોમાંથી જે તમારા તરફ વહી દ્વારા મોકલવામાં આવે છે અમુકને (એટલે કે તબ્લગીને) છોડી દેવા ઈચ્છો છો ?

(એટલે કે શું એવું શક્ય છે કે તમે તબ્લીગ–દા'વત છોડી દો ? બસ દેખીતું છે કે તમે એવો વિચાર સુદ્ધાં નથી કરી શકતા તો પછી તંગ થવાથી શું ફાયદો ?) અને તમારું દિલ એ વાતથી તંગ થાય છે કે તેઓ કહે છે કે (જો આ નબી છે તો) તેના ઉપર કોઈ ખઝાનો કેમ નાઝિલ ન થયો ? તેમની સાથે કોઈ ફરિશ્તો (કે જે અમારી સાથે પણ વાતચીત કરતો હોત) કેમ ન આવ્યો ? (એટલે કે આવા મોઅ્જિઝાઓ કેમ ન આપવામાં આવ્યા ? બસ, આવી વાતોથી તમે તંગ ન થાઓ, કારણ કે) તમે તો (આ કાફિરોને) માત્ર ડરાવનારા છો (એટલે કે પયગમ્બર છો જેના માટે કોઈપણ મોઅ્જિઝાની આવશ્યકતા નથી) અને દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ અધિકાર ધરાવનાર (તો) માત્ર અલ્લાહ જ છે (આપ ﷺ નથી, જ્યારે વાત એમ જ છે તો આ મોઅ્જિઝાઓને જાહેર કરવા એ તમારા અધિકારક્ષેત્રની બહાર છે પછી તેની ફિકર–ચિંતામાં તંગ શા માટે થાઓ છો ? અને કારણ કે પયગમ્બર માટે જો ખરેખર મોઅ્જિઝાની આવશ્યકતા જ હોય તો તમારો સૌથી મોટો મોઅ્જિઝો તો કુર્આન છે, તો તેને ન માનવાનું શું કારણ છે ?) શું (તેના વિશે) એવું કહે છે કે (નઊઝુબિલ્લાહ !) તમે તે (કુર્આન)ને (પોતાના તરફથી) પોતે બનાવી લીધું છે; તમે જવાબમાં કહી આપો કે (જો આ મારું બનાવેલું હોય) તો (વારું) તમે પણ તેના જેવી દશ સૂરતો (જે તમારી) બનાવેલી હોય લઈ આવો અને (પોતાની મદદ માટે) જેને–જેને અલ્લાહ સિવાય બોલાવી શકતા હોય તો બોલાવી લો જો તમે સાચા છો, પછી જો (તે કાફિરો) તમારા લોકોનું (કુર્આનના ઉદાહરણ બનાવી લાવવાના પડકાર પ્રમાણે) કહેવું ન કરી શક્યા તો તમે (તેમને કહી આપો કે, હવે તો) વિશ્વાસ કરી લો કે આ કુર્આન અલ્લાહના જ જ્ઞાન (અને કુદરત)થી ઊતર્યું છે (તેમાં અન્ય કોઈની કંઈ જ દખલગીરી નથી) અને એ (પણ વિશ્વાસ કરી લો) કે અલ્લાહના સિવાય કોઈ મઅ્બૂદ નથી (કારણ કે, મઅ્બૂદ તો ખુદાઈ સિફતોમાં સર્વાંગ–સંપૂર્ણ હોય છે પછી જો અન્ય કોઈ હોત તો તેને શક્તિ પણ સંપૂર્ણ હોત અને તેણે તેની શક્તિ વડે તમારી મદદ કરી હોત કે જેથી તમે તેનું ઉદાહરણ લઈ આવ્યા હોત, કારણ કે પ્રસંગ દીનની તહકીકનો હતો અને તેનો તકાદો હતો જ્યારે તેનું ઉદાહરણ લાવવાથી તે લોકો લાચાર થઈ ગયા તો હવે રિસાલત અને તવહીદ બંને સાબિત થઈ ગયા, જ્યારે હવે આ બંને સાબિત થઈ ચૂક્યું) તો હવે તો મુસલમાન થાઓ (છો કે કેમ)?

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં રસૂલે કરીમ ﷺની રિસાલતની સચ્ચાઈ અને તેમાં શંકા કરનારાઓનો જવાબ ઉપસ્થિત છે અને શરૂઆતની ત્રણ આયતોમાં મનુષ્યની એક પ્રાકૃતિક બુરી ટેવનું વર્ણન કરીને મુસલમાનોને તેનાથી બચવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

પ્રથમ બે આયતોમાં સ્વાભાવિક રીતે મનુષ્યના ઉતાવળિયા સ્વભાવનું અને વર્તમાન પરિસ્થિતિમાં રાચી પડી ભૂતકાળ અને ભવિષ્યને ભૂલી જવાની વૃત્તિનું વર્ણન થયું છે, ઈરશાદ છે કે જો અમે માનવીને કોઈ નેઅ્મત ચખાડીએ છીએ અને પછી તેની પાસેથી તે પરત લઈ લઈએ છીએ તો તે ઘણો હિંમત હારી જનાર નિરાશ અને નાશુક્રો બની જાય છે, એ જ રીતે જો તેને કોઈ તકલીફ પછી કે જે તેને પડી હતી કોઈ નેઅ્મતનો સ્વાદ ચખાડીએ છીએ તો કહેવા લાગે છે કે મારું બધું દુઃખ-દર્દ દૂર થઈ ગયું અને તે ઈતરાવા લાગે છે અને ડંફાસો હાંકવા લાગે છે.

ભાવાર્થ એ છે કે, મનુષ્ય પોતાની પ્રકૃતિની દૃષ્ટિએ ખૂબ ઉતાવળિયો છે અને વર્તમાન પરિસ્થિતિને જ સઘળુ કાંઈ સમજી લેવાની ટેવ ધરાવનાર હોય છે, આગળ-પાછળની પરિસ્થિતિ અને ઘટનાઓમાં ચિંતન કે મનન કરવાની અથવા તેને યાદ રાખવાની વૃત્તિ ઘણી ઓછી હોય છે, એટલા માટે નેઅ્મત મળ્યા પછી તકલીફ આવી જવાથી તે રહમતથી નાઉમ્મીદ થઈને નાશુક્રી કરવા લાગે છે, એવો વિચાર કરતો નથી કે જે હક તઆલા શા'નુહૂએ પ્રથમવાર નેઅ્મત આપી હતી તે ફરીવાર પણ આપી શકે છે, એ જ પ્રમાણે જો તેને તકલીફ અને મુસીબત પછી કોઈ રાહત અને નેઅ્મત મળી જાય તો પોતાની પાછલી હાલત ઉપર વિચાર કરીને અલ્લાહ તઆલા તરફ શરણે થવાને અને તેના શુક્ર કરવાને બદલે તે વધારે ઈતરાવા અને ગર્વ કરવા લાગે છે તથા પાછલી હાલતને ભૂલીને એવું સમજવા લાગે છે કે, આ નેઅ્મત તો મારો હક છે, મને મળવી જ જોઈએ અને હું હંમેશા આ જ રીતે રહીશ. ગાફેલ માનવી એવો વિચાર કરતો નથી કે જે પ્રમાણે પહેલી પરિસ્થિતિ હતી તે પરિસ્થિતિ બાકી નથી રહી તો એવું પણ થઈ શકે છે કે આ નેઅ્મત અને રાહતની હાલત પણ કાયમ ટકી ન રહે.

چناں نماند چنیں نیز ہم نخواھد ماند

જેવી રીતે તે ન રહી એવી જ રીતે શક્ય છે કે આ પણ ન રહે.

માનવીની વર્તમાનને પૂજવાની અને ભૂતકાળ કે ભવિષ્યકાળને ભૂલી જવાની એવી હાલત છે કે, એક શાસકના લોહી અને લાશ ઉપર બીજો શાસક પોતાની સત્તાની ઈમારત ચણે છે અને ક્યારેય નીચે નજર કરીને જોતો નથી કે, તેનાથી અગાઉનો શાસક પણ મારી જેમ જ રહ્યા કરતો હતો, તેના અંજામથી બેખબર થઈને સત્તાના નશામાં મદ્હોશ થઈ તેનો સ્વાદ માણે છે.

આ જ વર્તમાન પરસ્તી અને વર્તમાનની મસ્તીની સુધારણા માટે અલ્લાહ તઆલાની કિતાબો અને રસૂલો આવ્યા છે જે માનવીને ભૂતકાળની બોધપાઠયુક્ત ઘટનાઓ યાદ અપાવીને ભવિષ્યની ચિંતા અને ફિકર અપાવે છે અને એ શિખામણ આપે છે કે વિશ્વના પરિવર્તનશીલ સ્વભાવ અને બદલાતી પરિસ્થિતિઓ તથા હાલતોમાં વિચાર કરો કે કઈ શક્તિ તેના પડદામાં કાર્યરત છે. હઝરત શયખુલ હિન્દ (રહ.)ના કહેવા પ્રમાણે,

انقلاباتِ جہاں واعظ رب ہیں دیکھو ہر تغیر سے صدا آتی ہے فافہم، فافہم

મો'મિને કામિલ બલકે સંપૂર્ણ માનવી તે જ છે જે દરેક બદલાતી પરિસ્થિતિઓ અને પરિવર્તન પામતી હાલતો તથા દરેક રંજ-રાહતમાં અલ્લાહ તઆલાની કુદરત અને તેની અપાર શક્તિનું અવલોકન કરે, નષ્ટ થનાર રાહત તથા રંજ અને માત્ર ભૌતિક સર-સામાન ઉપર મોહી ન પડે.

બુદ્ધિશાળી વ્યક્તિનું કામ એ છે કે કાર્ય અને કારણથી વધારે કાર્ય-કારણના માલિક તરફ દૃષ્ટિપાત કરે, તેનાથી જ પોતાનો નાતો (સંબંધ) મજબૂત બાંધે, ત્રીજી આયતમાં આવા જ સંપૂર્ણ મનુષ્યને સામાન્ય માનવ સ્વભાવથી અપવાદ બતાવીને વિશિષ્ટરૂપે તેના માટે ફરમાવ્યું, اِلَّا الَّذِيْنَ صَبَرُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ એટલે કે, માનવીના સ્વભાવની આ સામાન્ય ઉણપથી તે લોકો અપવાદ સ્વરૂપ છે જેમાં બે પ્રકારની સિફતો જોવા મળે છે, એક સબ્ર અને બીજી અમલે સાલિહ (સદ્કર્મો).

શબ્દ "સબ્ર" અરબી ભાષામાં ઉર્દૂ રૂઢિપ્રયોગ પ્રમાણે ઘણા જાહેર અર્થમાં

ઉપયોગ થાય છે અને વાસ્તવિક "સબ્ર" શબ્દનો અર્થ "બાંધવું" અથવા "રોકવું" થાય છે. કુર્આન અને સુન્નતની પરિભાષામાં મહેચ્છાઓને તેની અવૈધ ઈચ્છાઓથી રોકવાનું નામ સબ્ર છે, એટલા માટે સબ્રની વ્યાખ્યામાં બધા જ પ્રકારના ગુનાહો અને શરીઅત વિરુદ્ધના કાર્યોથી બચવું સામેલ છે તથા અમલે સાલિહમાં સમગ્ર ફરજો, વાજિબ, સુન્નતો, મુસ્તહબ વગેરે સામેલ છે, ભાવાર્થ એ થયો કે માનવ સ્વભાવની આ સામાન્ય ઉણપથી તે લોકો બચેલા રહેશે જેઓ અલ્લાહ તઆલા ઉપર ઈમાન અને કયામતના ડરના કારણે દરેક એવી વસ્તુથી બચે છે કે જે અલ્લાહ તઆલા અને રસૂલે કરીમ ﷺને નાપસંદ છે અને દરેક એવા અમલ તરફ દોડે છે જેનાથી અલ્લાહ અને તેના રસૂલ ﷺ ખુશ થાય છે.

આ જ આયતના અંતે તે સંપૂર્ણ માનવોના બદલા અને સારા વળતરને પણ બતાવવામાં આવ્યું, أُولَٰئِكَ لَهُم مَّغْفِرَةٌ وَأَجْرٌ كَبِيرٌ એટલે કે, એવા લોકો માટે અલ્લાહ તઆલાનો વાયદો છે કે તેમની ભૂલો મા'ફ કરવામાં આવશે અને તેમના નેક અમલોનો ઘણો મોટો બદલો તેમને મળશે.

આ સ્થળે એ વાત પણ ધ્યાન આપવા પાત્ર છે કે, દુનિયાની નેઅ્મતો અને તકલીફો બંને વિશે કુર્આને કરીમે أَذَقْنَا (અઝક્ના) એટલે કે "ચખાડવું" શબ્દ વાપર્યો છે, તેનાથી એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે અસલ નેઅ્મત અને તકલીફ આખિરતની છે, દુનિયામાં ન તો સંપૂર્ણ રાહત છે અને ન જ સંપૂર્ણ તકલીફ; બલકે આ રાહત અને તકલીફ અહીંયાં ચખાડવાના અને નમૂનાના સ્વરૂપમાં છે જેથી મનુષ્યને આખિરતની તકલીફોનો અને નેઅ્મતોનો કંઈક અંશે અંદાજો આવી શકે, એટલા માટે દુનિયાની રાહત ન તો વધારે ખુશ થવાની બાબત છે અને ન જ મુસીબત વધારે દિલગીર થવાની, જો વિચાર કરો તો આજકાલ આ જ પરિભાષામાં સમગ્ર દુનિયા આખિરતનો એક શો-રૂમ છે, જેમાં રાહત અને તકલીફ માત્ર નમૂના પૂરતી રાખવામાં આવી છે.

ચોથી આયત એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થઈ છે, ઘટના એમ હતી કે મક્કાના મુશ્રિકોએ રસૂલે કરીમ ﷺ સામે વિવિધ પ્રકારની ફરમાઈશો રજુ કરી, તેમાંથી એક એ કે આ કુર્આનમાં અમારી મૂર્તિઓને ખરાબ કહેવામાં આવ્યું છે એટલા માટે અમે તેના ઉપર ઈમાન નથી લાવી શકતા તેથી યા તો તમે

કોઈ બીજું કુર્આન લઈ આવો અથવા તો તેમાં સુધારો-વધારો કરી તેને બદલી નાંખો. ائْتِ بِقُرْاٰنٍ غَيْرِ هٰذَآ اَوْ بَدِّلْهُ (૧૦:૧૫) *(બગવી, મઝહરી)*

બીજું એ કે અમે તમારા રસૂલ હોવા ઉપર ત્યારે જ વિશ્વાસ કરીએ કે યા તો દુનિયાના રાજાઓ જેટલો તમારા ઉપર કોઈ ખઝાનો નાઝિલ થઈ જાય જે તમે સૌને બખ્શીશ આપો અથવા તો પછી કોઈ ફરિશ્તો આસમાનથી આવી જાય તે તમારી સાથે રહી તમારું સમર્થન કરતો રહે અને ખરાઈ કરતો રહે કે બેશક ! આ અલ્લાહના રસૂલ છે.

રસૂલે કરીમ ﷺ તેમની આ વાહિયાત અને બેહૂદા વાતોથી દુ:ખી થયા, કારણ કે રહમતુલ્લિલ્ આલમીન ﷺ માટે એ પણ શક્ય ન હતું કે તેમને તેમની હાલત ઉપર છોડી દે, તેમના ઈમાન લાવવાની ચિંતાને દિલમાંથી કાઢી નાંખે અને ન જ એ શક્ય હતું કે તેમની વાહિયાત શરતોને પૂરી કરે, કારણ કે પ્રથમ તો આ ફરમાઈશો નરી મૂર્ખામી ઉપર આધારિત હતી, મૂર્તિપૂજા તથા અન્ય ખરાબ વસ્તુઓને જો ખરાબ કહેવામાં ન આવે તો હિદાયત કઈ રીતે પ્રાપ્ત થાય ? તથા ખઝાનાને નુબુવ્વત સાથે જોડીને તે લોકોએ નુબુવ્વતને બાદશાહત ઉપર અનુમાનિત કરી લીધી અને એ જ પ્રમાણે અલ્લાહ તબારક વ તઆલાનો એવો કાનૂન નથી કે એવી પરિસ્થિતિઓ ઉપસ્થિત કરે કે લોકો ઈમાન લાવવા ઉપર ભૌતિક સ્વરૂપે મજબૂર થઈ જાય, નહિતર સમગ્ર દુનિયા તેના કાબૂ હેઠળ અને કબ્જામાં છે, કોઈની શું મજાલ હતી કે અલ્લાહ તબારક વ તઆલાની મરજી વિરુદ્ધ કોઈ અકીદહ અથવા કાર્ય કરી શકે ? પરંતુ તેણે પોતાની મહાન હિકમત વડે આ દુનિયાને કસોટીનું ઘર બનાવ્યું છે, અત્રે કોઈ નેકી અથવા અમલ વડે અથવા બુરાઈથી બચવા માટે ભૌતિક કારણો દ્વારા કોઈને મજબૂર કરવામાં આવતા નથી, અલબત્ત આસમાની કિતાબો અને રસૂલો દ્વારા સારા અને નરસા, નેક અને બદનો તફાવત તથા તેનના પરિણામો બતાવીને નેકી ઉપર અમલ અને બદીથી પરહેઝ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે, જો રસૂલની સાથે ચમત્કારિક સ્વરૂપે કોઈ ફરિશ્તો તેમના નિવેદનોની ખરાઈ કરવા માટે નિમવામાં આવ્યો હોત અને જ્યારે કોઈ ન માને તો તે વખતે તેને તાત્કાલિક રોકડ અઝાબનો સામનો કરવો પડતો હોત તો આ ઈમાન લાવવા ઉપર મજબૂર કરવાનું એક સ્વરૂપ ગણાયું હોત અને ન જ તેમાં "ઈમાન બિલ ગયૂબ"નું સ્વરૂપ બાકી રહ્યું

હોત કે જે ઈમાનનો આત્મા છે અને ન તો મનુષ્યનો પોતાનો કોઈ અધિકાર રહ્યો હોત જે તેના કર્મોનો આત્મા છે અને તે ઉપરાંત તેમની ફરમાઈશો વાહિયાત અને બેહૂદા હતી, રસૂલે કરીમ ﷺ પાસે એવી રીતે ફરમાઈશો અને માંગણીઓ કરવી પોતે એ બાબતની દલીલ હતી કે આ લોકો રસૂલ અને નબીની હકીકતને જ જાણતા કે ઓળખતા ન હતા, રસૂલ અને અલ્લાહમાં કોઈ તફાવત કરતા ન હતા, રસૂલને અલ્લાહ તઆલાની જેમ સર્વશક્તિમાન સમજી લીધા હતા, એટલા માટે તેમની પાસે એવા કાર્યોની ફરમાઈશો અને માંગણી કરતા હતા કે જે અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્ય કરી શકતું ન હતું.

મતલબ કે રસૂલે કરીમ ﷺ તેમની આવી ફરમાઈશોથી સખત દિલગીર અને દુઃખી થઈ ગયા તો આપ ﷺની તસલ્લી અને તેમને દિલાસો આપવા માટે આ આયત નાઝિલ થઈ, જેમાં પ્રથમ રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ફરમાવવામાં આવ્યું કે, શું તમે તેમના કહેવાથી મજબૂર થઈને અલ્લાહના મોકલેલ કુર્આનનો કોઈ ભાગ છોડી આપશો કે જેનાથી આ લોકો નાખુશ થાય છે, દાખલા તરીકે તેમાં મૂર્તિઓની મજબૂરી અને તેમની લાચારી તથા તેમના કોઈ વસ્તુ ઉપર શક્તિ ન ધરાવતા હોવાનું વર્ણન છે, અને શું તમે તેમની આ ફરમાઈશોથી દુઃખી થઈ જશો ? અહીંયાં શબ્દ لَعَلَّكَ (લઅલ્લક)થી આ વિષયને ઓળખાવવાનો અર્થ એ નથી કે, વાસ્તવમાં રસૂલે કરીમ ﷺ વિશે આવું અનુમાન કે કલ્પના કરી શકાય છે, બલકે તેનો હેતુ આપ ﷺ આ વસ્તુઓથી બિલકુલ પવિત્ર અને બાકાત હોવાનું વર્ણન કરવાનો છે કે "હે રસૂલ (ﷺ) ! તમે ન તો કુર્આનનો કોઈ ભાગ તેમના સન્માન માટે છોડી શકો છો અને ન જ તમારે તેમની માંગણીઓથી દિલગીર થઈને દુઃખી થવું જોઈએ, કારણ કે તમે તો અલ્લાહ તરફથી નઝીર એટલે કે ડરાવનારા બનાવીને મોકલવામાં આવ્યા છો અને બધા કાર્યો અંજામ આપવા તો માત્ર અલ્લાહની શક્તિમાં છે." ડરાવનારની ખાસિયતનું તેની વિશિષ્ટતાના કારણે વર્ણન કરવામાં આવ્યું છે, કારણ કે કાફિરો તો ડરાવવાના જ હકદાર છે, નહિતર રસૂલે કરીમ ﷺ જેવા નઝીર એટલે કે ડરાવનારા છે એવા જ બશીર એટલે કે ખુશખબરી સંભળાવનારા પણ છે, તદુપરાંત નઝીર વાસ્તવમાં તે ડરાવનારને કહે છે જેમાં લાગણી અને મહોબ્બતની ભાવના રહેલી હોય છે જેના કારણે ખરાબ અને નુકસાન કરતી વસ્તુઓથી તે

ડરાવે છે, એટલા માટે "નઝીર"નો ભાવાર્થ પણ "બશીર"ના ભાવાર્થમાં એક રીતે સામેલ છે.

પ્રસ્તુત આયતોમાં મુશ્રિકો તરફથી ખાસ પ્રકારના મોઅ્જિઝાઓની માંગણી કરવામાં આવતી હતી તેનું વર્ણન છે, આગળની આયતોમાં તે બધી વાતોથી ખબરદાર કરવામાં આવ્યા છે, રસૂલે કરીમ ﷺનો કુર્આનનો મોઅ્જિઝો એક સ્પષ્ટ ખુલ્લો મોઅ્જિઝો તમારી સામે આવી ચૂક્યો છે જે મોઅ્જિઝો હોવાનો તમે પણ ઈન્કાર કરી શકતા નથી તો જો આ મોઅ્જિઝાઓની માંગણી સારી નિય્યતે રસૂલે કરીમ ﷺની સચ્ચાઈ જાણવા માટે છે તો તે તો પૂર્ણ થઈ ચૂકી અને જો માત્ર દુશ્મનાવટના કારણે છે તો જો તમારા માંગણી મુજબના મોઅ્જિઝાઓ બતાવી દેવામાં આવે તો પણ દુશ્મનાવટનો ભાવ રાખનાર લોકો પાસેથી શું આશા રાખી શકાય કે તેઓ તેને જોઈને પણ ઈસ્લામ કબૂલ કરી લે ? મતલબ કે, કુર્આને કરીમ સ્પષ્ટ અને ખુલ્લો મોઅ્જિઝો હોવો ઈન્કાર ન કરી શકાય એવી બાબત છે.

આ મોઅ્જિઝા ઉપર મુશ્રિકો અને કાફિરો તરફથી જે શંકા–કુશંકાઓ અને ખોટી વાતો ઘડવામાં આવી તેનો રદિયો આગલી બે આયતોમાં આ પ્રમાણે આપવામાં આવ્યો છે કે આ લોકો એવું કહે છે કે, કુર્આન તો પોતે રસૂલે કરીમ ﷺ બનાવી લાવ્યા છે તે અલ્લાહનું કલામ નથી.

તેના જવાબમાં ફરમાવ્યું કે, જો તમારી એવી જ માન્યતા છે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ આવું કુર્આન પોતે બનાવી શકે છે તો તમે પણ તેના જેવી દશ સૂરતો બનાવીને બતાવી આપો અને એ પણ જરૂરી નથી કે દશ સૂરતો કોઈ એક જ વ્યક્તિ બનાવી લાવે, બલકે સમગ્ર વિશ્વના લોકો બધા મળીને પણ બનાવી લાવે અને જ્યારે તેઓ દશ સૂરતો બનાવવાથી પણ લાચાર થઈ જાય તો તમે ફરમાવી આપો કે હવે તો વાસ્તવિકતા સ્પષ્ટ થઈ ગઈ, કારણ કે જો આ કુર્આન કોઈ મનુષ્યનું કલામ હોત તો કોઈ અન્ય માનવી પણ તેના જેવું કલામ બનાવી શક્યો હોત અને સૌનું લાચાર થઈ જવું એ બાબતની મજબૂત દલીલ છે કે આ કુર્આન અલ્લાહ તઆલાના જ્ઞાનથી જ નાઝિલ થયું છે જેમાં કોઈ નાના સરખા વધારા–ઘટાડાની પણ શક્યતા નથી અને એવું કરવું મનુષ્યની શક્તિથી ઉપરવટ છે.

કુર્આને કરીમે આ સ્થળે દશ સૂરતો મુકાબલામાં બનાવી લાવવાનો ઈરશાદ ફરમાવ્યો છે અને બીજી એક આયતમાં એવું પણ વર્ણન કર્યું છે કે, એક જ સૂરત તેના જેવી બનાવી લાવો.

કારણ એ છે કે, પ્રથમ દશ સૂરતો બનાવવાનો હુકમ આપવામાં આવ્યો, જ્યારે તેઓ તેનાથી લાચાર થઈ ગયા તો ફરી તેમની લાચારીને વધારે સ્પષ્ટ અને જાહેર કરવા માટે સૂરએ બકરહની આયતમાં ફરમાવવામાં આવ્યું કે, જો તમે કુર્આનને કોઈ ઈન્સાનનું કલામ સમજતા હોય તો તમે વધારે નહિ પણ ફક્ત એક જ સૂરત તેના જેવી બનાવી લાવો, પરંતુ તે કુર્આને કરીમના આ પડકારને તેમના માટે ખૂબ સરળ કરી આપવા છતાં કંઈ ન કરી શક્યા તો હવે કુર્આને કરીમ એક મોઅ્જિઝો હોવું અને નિઃશંક અલ્લાહ તઆલાનું જ કલામ હોવું સાબિત થઈ ચૂક્યું, એટલા માટે અંતમાં ફરમાવ્યું, فَهَلْ اَنْتُمْ مُّسْلِمُوْنَ એટલે કે, શું તમે હવે પણ મુસલમાન અને આજ્ઞાપાલક બનશો અથવા આ જ ગફલતની નિંદ્રામાં પોઢેલા રહેશો ?

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૧૫-૧૬-૧૭)

مَنْ كَانَ يُرِيْدُ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا نُوَفِّ اِلَيْهِمْ اَعْمَالَهُمْ فِيْهَا وَهُمْ فِيْهَا لَا
يُبْخَسُوْنَ ﴿١٥﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ لَيْسَ لَهُمْ فِى الْاٰخِرَةِ اِلَّا النَّارُ ۖ وَحَبِطَ مَا صَنَعُوْا
فِيْهَا وَبٰطِلٌ مَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿١٦﴾ اَفَمَنْ كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ وَيَتْلُوْهُ
شَاهِدٌ مِّنْهُ وَمِنْ قَبْلِهٖ كِتٰبُ مُوْسٰٓى اِمَامًا وَّرَحْمَةً ۭ اُولٰٓئِكَ يُؤْمِنُوْنَ بِهٖ ۭ وَمَنْ يَّكْفُرْ
بِهٖ مِنَ الْاَحْزَابِ فَالنَّارُ مَوْعِدُهٗ ۚ فَلَا تَكُ فِيْ مِرْيَةٍ مِّنْهُ ۤ اِنَّهُ الْحَقُّ مِنْ رَّبِّكَ
وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يُؤْمِنُوْنَ ﴿١٧﴾

તરજુમો :

જે કોઈ દુનિયાની જિંદગી ઈચ્છે અને તેનો શણગાર અમે તેમને તેમના અમલ દુનિયામાં ભોગવાવી દઈશું અને તેમને તેમાં કંઈ નુકસાન નથી.

(૧૫) આ જ છે જેમના માટે આખિરતમાં આગ સિવાય કંઈ નથી અને બરબાદ થયું જે કંઈ અહીંયાં કર્યું હતું અને વ્યર્થ ગયું જે કમાયું હતું. (૧૬) ભલા એક માણસ જે પોતાના પરવરદિગારના સ્પષ્ટ રસ્તા ઉપર છે અને તેની સાથે-સાથે એક ગવાહ છે અલ્લાહ તરફથી અને તેના પહેલાં મૂસા (અલૈ.)ની કિતાબ ગવાહ હતી માર્ગ બતાવતી અને બખ્શાવતી (શું બીજાઓ સમાન છે ?) આ જ લોકો કુર્આનને માને છે અને જે કોઈ તેનાથી ઈન્કારી થયો બધા ફિરકાઓમાંથી બસ તેનું ઠેકાણું દોઝખ છે, બસ તમે એનાથી શંકામાં ન રહો બેશક તે તમારા પરવરદિગાર તરફથી સત્ય છે અને પરંતુ ઘણા લોકો યકીન (વિશ્વાસ) કરતા નથી. (૧૭)

તફસીર :

જે વ્યક્તિ (પોતાના ભલાઈના અમલોથી) માત્ર દુનિયાની જિંદગી(નો લાભ) અને તેની રોનક (પ્રાપ્ત કરવા) ઈચ્છે છે (જેમકે નામના, પ્રતિષ્ઠા, હોદ્દો; અને આખિરતનો સવાબ પ્રાપ્ત કરવાની તેનાથી નિય્યત ન હોય) તો અમે એવા લોકોના (તે) અમલો(નો બદલો) તેમને દુનિયામાં જ સંપૂર્ણ રીતે ભોગાવી આપીએ છીએ અને તેમના માટે દુનિયામાં કંઈ કમી નથી હોતી (એટલે કે દુનિયામાં જ તેમના અમલોનું વળતર તેમને નામના, તંદુરસ્તી, માલની આર્થિક છૂટછાટ, અવલાદ અને અન્ય ઈનામો સ્વરૂપે આપી દેવામાં આવે છે, જ્યારે કે તેમની પ્રવૃત્તિઓનો પ્રભાવ વિરોધી પ્રવૃત્તિઓ ઉપર છવાયેલ હોય છે અને જો વિરોધ છવાયેલ હશે તો પછી આ પ્રભાવ અસ્તિત્વમાં આવશે નહીં. આ દુનિયાનું વળતર છે, આખિરતમાં) આ લોકો એવા છે કે તેમના માટે આખિરતમાં દોઝખ સિવાય અન્ય કંઈ (સવાબ વગેરે) નથી અને તેમણે જે કંઈ કર્યું હતું તે આખિરતમાં બધું નકામું (સાબિત) થશે (અને વાસ્તવમાં તો તે) જે કંઈ કરી રહ્યા છે તે (હજુ પણ) બિનઅસરકારક છે (તેમની નિય્યતમાં ખોટ હોવાના કારણે; પરંતુ જાહેર સ્વરૂપના આધારે આ બાબત સાબિત થયેલ સમજવામાં આવે છે પરંતુ આખિરતમાં આ સાબિતીઓ વ્યર્થ થઈ જશે) શું કુર્આનના ઈન્કારીઓ એવા વ્યક્તિની બરાબરી કરી શકે છે જેઓ કુર્આને કરીમ ઉપર કાયમ છે કે જે તમારા પરવરદિગાર તરફથી આવ્યું છે ? અને એ (કુર્આન)ની સાથે એક ગવાહ તો તેમાં જ મોજૂદ છે (એટલે કે તેનું પોતાનું મોઅ્જિઝો હોવું બૌદ્ધિક દલીલથી પણ

સાબિત થઈ ચૂક્યું છે) અને (એક) એનાથી પહેલાં (એટલે કે) મૂસા (અલૈ.)ની કિતાબ (એટલે કે તવરાત તેની સાથે ગવાહી માટે ઉપસ્થિત) છે કે જે (કિતાબ હુકમો બતાવવાના આધારે) ઈમામ છે અને (હુકમો ઉપર જે સવાબ અને બદલો મળશે તેના આધારે તે કિતાબ) રહમત(નું કારણ પણ) છે, (અને આ વર્ણન કરવામાં આવેલ દલીલ છે, મતલબ કે કુર્આનની સાબિતી અને સચ્ચાઈ માટે બૌદ્ધિક અને વર્ણન કરેલ–અકલી અને નકલી બંને પ્રકારની દલીલો ઉપસ્થિત છે બસ, આ દલીલોના કારણે) આવા લોકો (જેમનું વર્ણન થયું કે તેઓ દિર્ઘદષ્ટા છે) આ કુર્આન ઉપર ઈમાન ધરાવે છે અને જે વ્યક્તિ અન્ય ફિરકાઓમાંથી આ કુર્આનનો ઈન્કાર કરશે તો દોઝખ તેના વાયદાનું સ્થળ છે (પછી કુર્આનના ઈન્કારીઓ કુર્આનનું સમર્થન કરનાર વ્યક્તિ સમાન કઈ રીતે હોઈ શકે છે ?) બસ, (હે શ્રોતા!) તમે કુર્આન તરફ શંકામાં ન પડો નિ:શંક ! (નિ:સંદેહ) તે સાચી કિતાબ છે તમારા પરવરદિગારની પાસેથી (આવી છે) પરંતુ (સમગ્ર દલીલો હોવા છતાં આશ્ચર્યની વાત તો એ છે કે) ઘણા બધા લોકો ઈમાન લાવતા નથી.

મસ્અલા અને બોધપાઠ :

ઈસ્લામના વિરોધીઓને જ્યારે અઝાબની ધમકીઓ સંભળાવવામાં આવતી હતી ત્યારે પોતાની ખયરાત, સદકહ, સમાજ–સેવા અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓના કાર્યોને પોતાના પ્રમાણપત્ર તરીકે રજૂ કરતા હતા કે અમે આવા નેક કાર્યો કરીએ છીએ પછી અમારા ઉપર અઝાબ કેવો ? અને આજે તો ઘણા બધા અજ્ઞાન મુસલમાનો પણ એવી શંકામાં પડેલા નજરે પડે છે કે, જો કાફિર જાહેર કૃત્યો અને વ્યવહારો બરાબર રાખે છે, અલ્લાહની મખ્લૂકની સેવા તથા ખયરાત અને સદકહ (દાન) કરે છે, સડકો, પૂલો, દવાખાનાઓ, પાણીની પરબો બનાવે અને ચલાવે છે તો તેમને મુસલમાનો કરતા સારા સમજવા જોઈએ, પ્રસ્તુત આયતોની પ્રથમ આયતમાં તેનો જવાબ આપવામાં આવ્યો છે.

જવાબનો ખુલાસો એ છે કે, દરેક પ્રવૃત્તિની સ્વીકૃતિ અને આખિરતના છુટકારાનું કારણ હોવાની પ્રથમ શરત એ છે કે, તે પ્રવૃત્તિ માત્ર અલ્લાહ માટે કરવામાં આવી હોય અને અલ્લાહ માટે કરવું એ જ માત્ર વિશ્વસનીય છે જે તેના રસૂલે કરીમ ﷺએ બતાવેલી પદ્ધતિ પ્રમાણે કરવામાં આવ્યું હોય, જે વ્યક્તિ અલ્લાહ અને રસૂલ ﷺ ઉપર ઈમાન જ નથી ધરાવતો તેની બધી જ પ્રવૃત્તિઓ

અને નૈતિકતા વગેરે એક આત્મા વિનાનો ઢાંચો છે જેનું સ્વરૂપ ઉપરછલ્લી નજરે તો સારું દેખાય છે પરંતુ આત્મા ન હોવાને કારણે આખિરતમાં તેનું કોઈ વજન કે અસરકારકતા નથી, અલબત્ત દુનિયામાં (કારણ કે તેનાથી લોકોને લાભ પહોંચ્યો છે અને બાહ્ય સ્વરૂપના આધારે) તે સારી પ્રવૃત્તિ પણ છે, એટલા માટે અલ્લાહ જલ્લ શા'નુહૂએ પોતાના ન્યાય અને ઈન્સાફના આધારે આ અમલને પણ બિલકુલ વ્યર્થ ઠરાવ્યો નથી, બલકે તેને કરનાર વ્યક્તિની દષ્ટિ સમક્ષ જે હેતુ અને મકસદ હતો કે દુનિયામાં તેની નામના થાય, લોકો તેને ઉદાર, દાનવીર, દયાળુ અને મોટો વ્યક્તિ સમજે, દુનિયાની દોલત, તંદુરસ્તી અને રાહત પ્રાપ્ત થાય તો અલ્લાહ તઆલા તેને આ બધું દુનિયામાં જ આપી દે છે, આખિરતની કલ્પના અને તેનો છુટકારો તેની દષ્ટિ સમક્ષ જ ન હતો અને ન જ તેની આત્માવિહોણી પ્રવૃત્તિથી તે નેઅ્મતોની કિંમત બની શકતી હતી, એટલા માટે આ અમલોનું ત્યાં કંઈપણ વળતર મળશે નહીં અને કુફ્ર તથા ગુનાહોના કારણે તે જહન્નમમાં જ રહેશે, આ પ્રથમ આયતના વિષયનો ખુલાસો છે, હવે તેના શબ્દો ઉપર વિચાર કરો.

ઈરશાદ છે કે, જે વ્યક્તિ ફક્ત દુનિયાની જિંદગી અને તેની જાહોજલાલીનો જ ઈરાદો કરતો રહે તો અમે તેમના અમલોનો બદલો દુનિયામાં જ સંપૂર્ણ આપી દઈએ છીએ તેના માટે દુનિયામાં કોઈ કમી નથી હોતી, આ એવા લોકો છે કે તેમના માટે આખિરતમાં દોઝખ સિવાય અન્ય કંઈ નથી.

અત્રે એ બાબત પણ વિચાર કરવા પાત્ર છે કે કુર્આનમાં આ સ્થળે مَنْ اَرَادَ (મન અરા-દ) "તેઓ કે જેમણે ઈચ્છ્યું"નો ટૂંકા શબ્દો છોડીને مَنْ كَانَ يُرِيْدُ (મન કા-ન યુરીદુ) "તે કે જે ઈચ્છા કરી રહ્યો છે" શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે સાતત્ય અને સતત સંઘર્ષ તરફ દલીલ કરે છે, જેનો તરજુમો "ઈરાદો કરતો રહ્યો" થાય છે, એનાથી જાણ થઈ કે આ પરિસ્થિતિ ફક્ત એવા લોકોની છે કે જેઓ પોતાના નેક અમલો અને પ્રવૃત્તિઓથી ફક્ત દુનિયાનો જ લાભ ઉઠાવવા માંગે અને ક્યારેય આખિરતની ફિકર-ચિંતા કરે નહીં અને જે વ્યક્તિ આખિરતની ફિકર-ચિંતા અને ત્યાંના છુટકારા માટે સારા કૃત્યો કરે છે પછી તેની સાથે દુનિયાનો પણ અમુક ઈરાદો કરી લે તો તેઓ એમાં સામેલ નથી.

તફસીરના ઈમામોનો એ બાબતમાં મતભેદ છે કે, આ આયત કાફિરો

માટે આવી છે અથવા મુસલમાનો માટે અથવા મુસલમાનો અને કાફિરો બંનેના માટે.

આયતના અંતિમ વાક્યમાં જે શબ્દો આવ્યા છે કે આખિરતમાં તેમના માટે દોઝખ સિવાય કંઈ નથી, એનાથી દેખીતી રીતે જાણ થાય છે કે કાફિરો વિશે જ આ આયત આવી છે, કારણ કે મુસલમાનો ગમે એટલા ગુનેહગાર હોય ગુનાહોની સજા ભોગવ્યા પછી અંતે જન્નતમાં જશે, આથી "જહ્હાક" વગેરે વિવરણકારોએ આ આયત કાફિરો વિશે ઊતરી હોવાનું ઠરાવ્યું છે.

અમુક લોકોએ કહ્યું છે કે, તેનો ભાવાર્થ તે મુસલમાનો છે જે પોતાના નેક કર્મોથી દુનિયાની ભલાઈ, રાહત, દોલત, ઈજ્જત કે નામનાની મહેચ્છા ધરાવતા હોય છે અને નેક અમલો એવી નિય્યતે જ કરે છે કે દુનિયામાં નામના અને રાહત મળે, પ્રસ્તુત વાક્યનો અર્થ એ છે કે જ્યાં સુધી પોતાના દુષ્કૃત્યોની સજા ન ભોગવી લે તે સમય સુધી તેમને દોઝખ સિવાય કંઈ મળશે નહીં.

વધારે સ્પષ્ટ અને ખુલ્લી પ્રચલિત વાત એ જ છે કે આ આયત તે લોકોના સંદર્ભમાં છે જેઓ પોતાના સદ્કાર્યોથી ફક્ત દુનિયાના લાભ, દોલત, નામના, તંદુરસ્તી વગેરેની નિય્યત રાખે છે, ભલે આવું કરનારા કાફિર હોય જેઓ આખિરતને મૂળેથી માનતા જ નથી અથવા મુસલમાન હોય કે જેઓ મૌખિક રીતે આખિરતની માન્યતા ધરાવે છે પરંતુ અમલમાં તેની ફિકર-ચિંતા રાખતા નથી, બલકે તેમની સમગ્ર ફિકર-ચિંતા દુનિયાના લાભ સાથે સંલગ્ન હોય છે. વિવરણકારોમાંથી મુજાહિદ મયમૂન બિન મહરાન અને મુઆવિયા (રદિ.)એ આ જ ભાવાર્થ અપનાવ્યો છે.

રસૂલે કરીમ ﷺની પ્રખ્યાત હદીષ إِنَّمَا الْأَعْمَالُ بِالنِّيَّاتِ થી પણ આ જ અર્થનું સમર્થન થાય છે કે, જે વ્યક્તિ પોતાના કર્મોમાં જે વસ્તુની નિય્યત કરે છે તેને તે જ મળે છે, જે દુનિયાની નિય્યત કરે છે તેને દુનિયા મળે છે, જે આખિરતની નિય્યત કરે છે તેને આખિરત મળે છે, જે બંનેની નિય્યત કરે છે તેને બંને મળે છે. બધા જ અમલોનો આધાર નિય્યત ઉપર હોવું એક એવો સિદ્ધાંત છે જે દરેક કોમ અને ધર્મમાં સ્વીકારવામાં આવ્યો છે. *(કુર્તુબી)*

એટલા માટે એક હદીષમાં છે કે, "કયામતના દિવસે તે લોકોને લાવવામાં

આવશે જેઓ દુનિયામાં એટલા માટે ઈબાદત કરતા હતા કે લોકોની દૃષ્ટિમાં તેમની ઈજ્જત થાય, તેમને કહેવામાં આવશે કે તમે નમાઝ પઢી, સદકહ-ખયરાત કર્યો, જિહાદ કર્યો, કુર્આનની તિલાવત કરી પરંતુ આ બધું એ નિય્યતે કર્યું કે તમે નમાઝી, સખી તથા ગાઝી અને કારી કહેવાઓ તો જે તમે ઈચ્છયું હતું તે તમને મળી ગયું, દુનિયામાં એ તમારા ખિતાબો મળી ચૂક્યા, હવે અહીંયાં તમારા તે અમલોનો કોઈ બદલો નથી અને સૌથી પહેલા જહન્નમમાં તે લોકોને નાંખવામાં આવશે.''

હઝરત અબૂ હુરયરહ (રદિ.) આ હદીષ નકલ કરીને રડી પડ્યા અને ફરમાવ્યું કે, કુર્આને કરીમની આયત مَنْ كَانَ يُرِيْدُ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا થી આ હદીષનું સમર્થન થાય છે.

સહીહ મુસ્લિમમાં હઝરત અનસ (રદિ.)થી નકલ થયું છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ''અલ્લાહ તઆલા કોઈના ઉપર અત્યાચાર નથી કરતો, મો'મિન જે નેક કામ કરે છે તેને દુનિયામાં પણ કંઈક બદલો મળે છે અને આખિરતમાં સવાબ મળે છે અને કાફિર કારણ કે આખિરતની ફિકર જ નથી રાખતો, એટલા માટે તેનો હિસાબ દુનિયામાં જ ચૂકવી આપવામાં આવે છે તેથી નેક અમલોના બદલામાં દુનિયાની દોલત, ઈજ્જત, તંદુરસ્તી, રાહત તેને આપી દેવામાં આવે છે, એટલે સુધી કે જ્યારે તે આખિરતમાં પહોંચે છે તો તેની પાસે કંઈ નથી હોતું કે જેનું તે વળતર મેળવે.''

તફસીરે મઝહરીમાં છે કે, મો'મિન જો કે દુનિયાની સફળતાની પણ મહેચ્છા ધરાવતા હોય છે પરંતુ આખિરતનો ઈરાદો હંમેશા પ્રભાવી રહે છે, એટલા માટે દુનિયામાં તેને આવશ્યકતા અનુસાર જ મળે છે અને મોટું વળતર આખિરતમાં મેળવે છે.

હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.) એક વખતે રસૂલે કરીમ ﷺના મકાનમાં હાજર હતા તો આખા ઘરમાં અમુક ગણી-ગાંઠી વસ્તુઓ સિવાય કંઈ જોયું નહિ તેથી આપ ﷺને વિનંતી કરી કે, ''દુઆ કરો કે અલ્લાહ તઆલા તમારી ઉમ્મતને પણ દુનિયાની વિશાળતા અર્પણ કરે, કારણ કે અમે ઈરાન અને રૉમને જોઈએ છીએ કે તેઓ દુનિયામાં ઘણી છૂટછાટ અને ખુશહાલીમાં છે, જ્યારે કે

તેઓ અલ્લાહ તઆલાની ઈબાદત પણ નથી કરતા.'' રસૂલે કરીમ ﷺ તકિયાને કમર ટેકવીને બેઠા હતા, હઝરત ઉમર (રદિ.)ના આ શબ્દો સાંભળીને સીધા બેસી ગયા અને ફરમાવ્યું, ''હે ઉમર (રદિ.) ! તમે હજુ સુધી આ જ વિચારમાં પડ્યા છો ? આ તો તે લોકો છે જેમની નેકીનો બદલો તેમને દુનિયામાં જ આપી દેવામાં આવ્યો છે.'' *(મઝહરી)*

જામેઅ્ તિરમિઝી અને મુસ્નદે અહમદમાં હઝરત અનસ (રદિ.)થી રિવાયત થઈ છે કે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ''જે વ્યક્તિની નિય્યત પોતાના અમલોમાં આખિરતની ઈચ્છા વિશે હોય છે અલ્લાહ તઆલા દુનિયામાં તેના દિલને "ગની" (સંતોષિત) કરી આપે છે અને તેની આવશ્યકતાને પૂર્ણ કરે છે અને દુનિયા તેની પાસે અપમાનિત થઈને આવે છે અને જે વ્યક્તિની નિય્યત દુનિયાની તલબ હોય છે તો અલ્લાહ તઆલા મોહતાજી તેની સામે કરી આપે છે કે તેની જરૂરિયાત ક્યારેય પૂરી થતી જ નથી, કારણ કે દુનિયાની લાલસા તેને ચેનથી બેસવા જ નથી દેતી, એક જરૂરત પૂરી થાય તે પહેલાં બીજી જરૂરત સામે આવી જાય છે અને તે ખૂબ ચિંતામાં પડી જાય છે અને મળે તે જ છે જે અલ્લાહ તઆલાએ તેના માટે લખી દીધું છે !''

પ્રસ્તુત આયતમાં જે એ ઈરશાદ થયો કે, દુનિયાનો ઈરાદો કરનારને તેના અમલનો બદલો દુનિયામાં જ પૂરો કરી આપવામાં આવે છે તેના ઉપર એવી શંકા થઈ શકે છે કે ઘણા બધા લોકો એવા પણ છે કે તેમણે દુનિયાનો ઈરાદો કરવા અને કોશીશ કરવા છતાં દુનિયામાં તેમનો હેતુ પૂરો થતો નથી અને અમુક સમયે કંઈ પણ મળતું નથી, તેનો જવાબ એ છે કે કુર્આને કરીમની આયતમાં આ સ્થળે એક અછડતો ઉલ્લેખ છે, તેની સંપૂર્ણ વિગત "સૂરએ ઈસ્રાઅ્"ની આ આયતમાં છે, જેમાં ફરમાવવામાં આવ્યું, مَنْ كَانَ يُرِيْدُ الْعَاجِلَةَ عَجَّلْنَا لَهُ فِيْهَا مَا نَشَآءُ لِمَنْ نُّرِيْدُ જેનો ભાવાર્થ છે કે, ''જે વ્યક્તિ દુનિયાનો જ ઈરાદો કરતો રહે છે તેને અમે દુનિયામાં જ રોકડ આપી દઈએ છીએ પરંતુ આ દુનિયા બે શરતો ઉપર અવલંબિત છે, પ્રથમ એ કે જેટલા પ્રમાણમાં દુનિયા ઇચ્છીએ એટલા જ પ્રમાણમાં આપીએ છીએ, તેમની માંગણી અને તલબ જેટલું આપવું જરૂરી નથી, બીજું એ કે ફક્ત તે જ વ્યક્તિને આપીએ છીએ જેને આપવું હિકમતના તકાદા હેઠળ યોગ્ય સમજીએ છીએ, દરેકનું આપવું જરૂરી નથી.''

બીજી આયતમાં નબીએ કરીમ ﷺ અને નિખાલસ મો'મિનોની હાલતને તે લોકોના મુકાબલામાં રજુ કરવામાં આવી કે જેમના જ્ઞાનની પ્રાપ્તિ અને જીવનનો ધ્યેય માત્ર દુનિયા છે જેથી દુનિયા જોઈ લે કે આ બે વર્ગો એકસમાન હોઈ શકતા નથી, ત્યારબાદ તેમની આ હાલત વર્ણન કરીને રસૂલે કરીમ ﷺની નુબુવ્વત અને રિસાલતને સમગ્ર વિશ્વના માનવો માટે કયામત સુધી સર્વસામાન્ય હોવાનું અને જે વ્યક્તિ રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાન ન લાવે ભલે કંઈપણ કરતો રહે, તેના ગુમરાહ અને જહન્નમી હોવાનું વર્ણન થયું છે.

પ્રથમ વાક્યમાં ફરમાવ્યું કે, શું કુર્આનના ઈન્કારીઓ એવા વ્યક્તિની બરાબરી કરી શકે છે કે જે કુર્આન ઉપર કાયમ છે જે કુર્આન તેના પરવરદિગાર તરફથી આવ્યું છે; અને તેની સાથે એક ગવાહ તો તેમાં જ મોજૂદ છે અને તેનાથી પહેલાં હઝરત મૂસા (અલૈ.)ની કિતાબ ગવાહ છે, જે આજ્ઞાનું પાલન કરવા લાયક અને લોકો માટે રહમત બનાવીને મોકલવામાં આવી હતી.

આ આયતમાં بَيِّنَةٌ (બય્યિનહ)નો ભાવાર્થ કુર્આન છે અને شَاهِدٌ (શાહિદ)ના ભાવાર્થ વિશે તફસીરના ઈમામોના વિવિધ નિવેદનો નોંધાયા છે. બયાનુલ કુર્આનમાં હઝરત થાનવી કુદ્દિસ્સિર્રુહુએ એ બાબત અપનાવી છે કે, "શાહિદ"નો ભાવાર્થ કુર્આનની તે પ્રતિષ્ઠા છે જે પોતે કુર્આનમાં ઉપસ્થિત છે, માટે અર્થ એ થશે કે તે લોકો કે જેઓ કુર્આન ઉપર કાયમ છે અને તેમની પાસે કુર્આનની સચ્ચાઈનો એક ગવાહ તો પોતે જ કુર્આનમાં મોજૂદ છે, એટલે કે તેની પ્રતિષ્ઠા; અને બીજો ગવાહ તેના અગાઉ તવરાત સ્વરૂપે આવી ચૂક્યો છે જે હઝરત મૂસા (અલૈ.) લોકો માટે અનુસરણ કરવા લાયક અને અલ્લાહની રહમતના સ્વરૂપે લાવ્યા હતા, કારણ કે તવરાતમાં કુર્આને કરીમનું સત્ય હોવું સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવ્યું છે.

બીજા વાક્યમાં રસૂલે કરીમ ﷺ ઉપર ઈમાનને કયામત સુધી છુટકારાનો આધાર ઠરાવી દેવાનું વર્ણન આ પ્રમાણે થયું છે કે, દુનિયાના બધા જ ધર્મો અને ઈજમ્સ (વિચારસરણીઓ)માંથી જે વ્યક્તિ પણ રસૂલે કરીમ ﷺનો ઈન્કાર કરશે તેનું ઠેકાણું જહન્નમ છે.

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)ની રિવાયત છે કે રસૂલે

કરીમ ﷺએ ફરમાવ્યું કે, "કસમ છે તે જાતની જેના કબ્જામાં મારા પ્રાણ છે કે જે યહૂદી અથવા નસરાની મારી દા'વત સાંભળે અને તે છતાં મારી લાવેલી તા'લીમ ઉપર ઈમાન ન લાવે તો તે જહન્નમવાળાઓમાંથી થશે."

એનાથી તે લોકોની ગેરસમજ દૂર થઈ જવી જોઈએ જેઓ ઘણા બધા યહૂદીઓ અને નસારા તથા અન્ય ધર્મના અનુયાયીઓને અમુક જાહેર કૃત્યોના આધારે તેઓ સત્ય ઉપર હોવાનું કહે છે અને રસૂલે કરીમ ﷺ તથા કુર્આન ઉપર ઈમાન વિના ફક્ત જાહેર અમલોને છુટકારા માટે પૂરતા સમજે છે. આવું સમજવું કુર્આન મજીદની પ્રસ્તુત આયત તથા હદીષની તેના વિશેની સહીહ રિવાયતોથી ખુલ્લી બગાવત છે. وَالعِيَاذُ بِاللهِ

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૧૮ થી ૨૪)

وَمَنْ أَظْلَمُ مِمَّنِ افْتَرَىٰ عَلَى اللَّهِ كَذِبًا ۚ أُولَٰئِكَ يُعْرَضُونَ عَلَىٰ رَبِّهِمْ وَيَقُولُ
الْأَشْهَادُ هَٰؤُلَاءِ الَّذِينَ كَذَبُوا عَلَىٰ رَبِّهِمْ ۚ أَلَا لَعْنَةُ اللَّهِ عَلَى الظَّالِمِينَ ﴿١٨﴾ الَّذِينَ
يَصُدُّونَ عَنْ سَبِيلِ اللَّهِ وَيَبْغُونَهَا عِوَجًا ۚ وَهُمْ بِالْآخِرَةِ هُمْ كَافِرُونَ ﴿١٩﴾
أُولَٰئِكَ لَمْ يَكُونُوا مُعْجِزِينَ فِي الْأَرْضِ وَمَا كَانَ لَهُمْ مِنْ دُونِ اللَّهِ مِنْ أَوْلِيَاءَ ۘ
يُضَاعَفُ لَهُمُ الْعَذَابُ ۚ مَا كَانُوا يَسْتَطِيعُونَ السَّمْعَ وَمَا كَانُوا يُبْصِرُونَ ﴿٢٠﴾ أُولَٰئِكَ الَّذِينَ
خَسِرُوا أَنْفُسَهُمْ وَضَلَّ عَنْهُمْ مَا كَانُوا يَفْتَرُونَ ﴿٢١﴾ لَا جَرَمَ أَنَّهُمْ فِي الْآخِرَةِ هُمُ الْأَخْسَرُونَ ﴿٢٢﴾
إِنَّ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ وَأَخْبَتُوا إِلَىٰ رَبِّهِمْ أُولَٰئِكَ أَصْحَابُ الْجَنَّةِ ۖ هُمْ فِيهَا
خَالِدُونَ ﴿٢٣﴾ مَثَلُ الْفَرِيقَيْنِ كَالْأَعْمَىٰ وَالْأَصَمِّ وَالْبَصِيرِ وَالسَّمِيعِ ۚ هَلْ يَسْتَوِيَانِ مَثَلًا ۚ
أَفَلَا تَذَكَّرُونَ ﴿٢٤﴾

તરજુમો :

અને એનાથી વધીને જાલિમ કોણ જે અલ્લાહ ઉપર જૂઠ બાંધે (તોહમત

લગાવે), તે લોકો પોતાના પરવરદિગારની રૂબરૂ આવશે અને ગવાહી દેનારા કહેશે, આ જ છે જેમણે પોતાના પરવરદિગાર ઉપર જૂઠું કહ્યું હતું, સાંભળી લો ! અલ્લાહની ફિટકાર (લા'નત) છે અન્યાયી લોકો ઉપર. (૧૮) કે જેઓ અલ્લાહના માર્ગથી રોકે છે અને તેમાં વાંક શોધે છે અને તેઓ જ આખિરતના ઈન્કારી છે. (૧૯) તે લોકો જમીનમાં નાસીને થકવનાર નથી અને તેમના માટે અલ્લાહના સિવાય કોઈ હિમાયતી નથી, તેમના માટે બમણો અઝાબ છે, ન (તો) સાંભળવાની તાકાત રાખતા હતા અને ન (જ) જોતા હતા. (૨૦) તે જ છે જેઓ પોતાની જાતને નુકસાન કરી બેઠા અને તેમનાથી ગુમ થઈ ગયું જે જૂઠ (આક્ષેપ) બાંધતા હતા. (૨૧) એમાં શંકા નથી કે આ તે જ લોકો છે આખિરતમાં સૌથી વધારે નુકસાનમાં. (૨૨) અલબત્ત જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા અને પોતાના પરવરદિગારની સામે કરગર્યા તેઓ જન્નતના રહેનારા છે, તેઓ તેમાં જ રહ્યા કરશે. (૨૩) તે બંને ફિરકાઓનું ઉદાહરણ એવું છે જેમકે એક તો આંધળો અને બહેરો અને બીજો જોતો અને સાંભળતો; શું બંનેની હાલત સમાન છે ? પછી શું તમે વિચાર નથી કરતા ? (૨૪)

તફસીર :

અને એવા વ્યક્તિઓથી વધારે કોણ જાલિમ હશે જે અલ્લાહ ઉપર જૂઠું બોલે ? (કે તેની તવહીદનો તેના રસૂલની રિસાલતનો અને તેના કલામનો ઈન્કાર કરે) આવા લોકો (કયામતના દિવસે) પોતાના પરવરદિગારની સામે (જૂઠો આક્ષેપ કરનાર સ્વરૂપે) રજુ કરવામાં આવશે અને (અમલોના) ગવાહ ફરિશ્તા (ખુલ્લમ-ખુલ્લા) એવું કહેશે કે આ તે લોકો છે જેમણે પોતાના પરવરદિગારનો જૂઠી વાતો સાથે સંબંધ બાંધ્યો હતો, બધા સાંભળી લો કે આવા જાલિમો ઉપર અલ્લાહની (ખૂબ) લા'નત છે જેઓ (પોતાના કુફ્ર અને અત્યાચાર કરવા સાથે-સાથે) બીજાઓને પણ અલ્લાહના માર્ગ (એટલે કે દીન)થી રોકતા હતા અને તે (દીનના માર્ગ)માં ખોટ (અને શંકાઓ) કાઢવાની શોધખોળ (અને ચિંતા)માં રહ્યા કરતા હતા (જેથી બીજાઓને પણ ગુમરાહ કરે) અને આખિરતના પણ ઈન્કારી હતા, (આ ફરિશ્તાઓના એ'લાનનો વિષય હતો.... આગળ

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે) આ લોકો (સમગ્ર) પૃથ્વી (પટ) ઉપર (પણ) અલ્લાહ તઆલાને લાચાર કરી શકતા ન હતા (કે ક્યાંક જઈને સંતાઈ જાય અને અલ્લાહના હાથમાં ન આવે, નઊઝુબિલ્લાહ !) અને ન જ તેમનો અલ્લાહના સિવાય કોઈ મદદગાર થયો (કે તેમને પકડયા પછી છોડાવીને લઈ જાય) તેવાઓને (બીજાઓ કરતા) બમણી સજા થશે (એક કાફિર હોવાની અને બીજી બીજાઓને કાફિર બનાવવાનો પ્રયત્ન કરવાની), આ લોકો (નફરતના કારણે અલ્લાહના હુકમોને) સાંભળી શકતા ન હતા અને (દુશ્મનાવટ તથા સત્ય માર્ગથી વેરભાવના કારણે) ન જ (સત્ય માર્ગને) જોતા હતા, આ તે લોકો છે જેઓ પોતાની જાતને બરબાદ કરી બેઠા અને જે મઅ્બૂદ તેમણે ઘડી રાખ્યા હતા (આજે) બધા તેમનાથી ગાયબ (અને ગુમ) થઈ ગયા (કોઈપણ કામ ન આવ્યું બસ) આવશ્યક બાબત છે કે આખિરતમાં સૌથી વધારે નુકસાનમાં આ જ લોકો હશે (આ તો કાફિરોનો અંજામ થશે.... આગળ મુસલમાનોનો અંજામ વર્ણન થયો છે કે) બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સારા-સારા કર્મો કર્યા અને (દિલથી) પોતાના પરવરદિગાર તરફ ઝૂક્યા (એટલે કે દિલમાં નમ્રતા અને એકાગ્રતા પેદા કરી) આવા લોકો જન્નતવાળા છે (અને) તેઓ તેમાં હંમેશા રહેશે (આ બંનેના પરિણામનો તફાવત અત્રે વર્ણન કરવામાં આવ્યો.... આગળ વર્તમાન પરિસ્થિતિનો તફાવત એક ઉદાહરણ દ્વારા વર્ણન થયો છે જેના ઉપર તેમના અંજામનો તફાવત નક્કી થાય છે, ઈરશાદ છે કે) બંને પક્ષો (પ્રસ્તુત બંને એટલે કે મો'મિનો અને કાફિરો)ની હાલત એવી છે જેમકે એક વ્યક્તિ હોય જે આંધળો પણ હોય અને બહેરો પણ (જે ન તો વાતને સાંભળે અને ન જ ઈશારાને જોઈ શકે તો તેને સમજવા-સમજાવવાની કોઈ રીત નથી) અને એક વ્યક્તિ છે જે જૂએ પણ છે અને સાંભળે પણ છે (તેના માટે કોઈ બાબતનું સમજવું ઘણું સરળ છે) શું આ બંને વ્યક્તિઓ પરિસ્થિતિમાં સમાન છે ? (કદાપિ નહીં ! આ જ હાલત કાફિરો અને મુસલમાનોની છે કે કાફિરો હિદાયતથી ઘણા દૂર છે અને મુસલમાનો હિદાયત પામી ચૂક્યા છે) શું તમે (આ ફરકને) સમજતા નથી ? (આ બંનેમાં ફરક ઉઘાડો છે અને તેમાં શંકાની કોઈ સંભાવના નથી).

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૨૫ થી ૩૫)

وَلَقَدْ اَرْسَلْنَا نُوْحًا اِلٰى قَوْمِهٖۤ اِنِّيْ لَكُمْ نَذِيْرٌ مُّبِيْنٌ ﴿٢٥﴾ اَنْ لَّا تَعْبُدُوْۤا اِلَّا اللّٰهَ ؕ اِنِّيْۤ
اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ اَلِيْمٍ ﴿٢٦﴾ فَقَالَ الْمَلَاُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ قَوْمِهٖ مَا
نَرٰىكَ اِلَّا بَشَرًا مِّثْلَنَا وَمَا نَرٰىكَ اتَّبَعَكَ اِلَّا الَّذِيْنَ هُمْ اَرَاذِلُنَا بَادِيَ الرَّاْيِ ۚ وَمَا
نَرٰى لَكُمْ عَلَيْنَا مِنْ فَضْلٍۭ بَلْ نَظُنُّكُمْ كٰذِبِيْنَ ﴿٢٧﴾ قَالَ يٰقَوْمِ اَرَءَيْتُمْ اِنْ
كُنْتُ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ وَاٰتٰىنِيْ رَحْمَةً مِّنْ عِنْدِهٖ فَعُمِّيَتْ عَلَيْكُمْ ؕ
اَنُلْزِمُكُمُوْهَا وَاَنْتُمْ لَهَا كٰرِهُوْنَ ﴿٢٨﴾ وَيٰقَوْمِ لَاۤ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مَالًا ؕ اِنْ اَجْرِيَ اِلَّا عَلَى
اللّٰهِ وَمَاۤ اَنَا بِطَارِدِ الَّذِيْنَ اٰمَنُوْا ؕ اِنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ وَلٰكِنِّيْۤ اَرٰىكُمْ قَوْمًا
تَجْهَلُوْنَ ﴿٢٩﴾ وَيٰقَوْمِ مَنْ يَّنْصُرُنِيْ مِنَ اللّٰهِ اِنْ طَرَدْتُّهُمْ ؕ اَفَلَا تَذَكَّرُوْنَ ﴿٣٠﴾ وَلَاۤ
اَقُوْلُ لَكُمْ عِنْدِيْ خَزَآئِنُ اللّٰهِ وَلَاۤ اَعْلَمُ الْغَيْبَ وَلَاۤ اَقُوْلُ اِنِّيْ مَلَكٌ وَّلَاۤ اَقُوْلُ
لِلَّذِيْنَ تَزْدَرِيْۤ اَعْيُنُكُمْ لَنْ يُّؤْتِيَهُمُ اللّٰهُ خَيْرًا ؕ اَللّٰهُ اَعْلَمُ بِمَا فِيْۤ اَنْفُسِهِمْ ۚۖ اِنِّيْۤ اِذًا
لَّمِنَ الظّٰلِمِيْنَ ﴿٣١﴾ قَالُوْا يٰنُوْحُ قَدْ جٰدَلْتَنَا فَاَكْثَرْتَ جِدَالَنَا فَاْتِنَا بِمَا تَعِدُنَاۤ اِنْ كُنْتَ
مِنَ الصّٰدِقِيْنَ ﴿٣٢﴾ قَالَ اِنَّمَا يَاْتِيْكُمْ بِهِ اللّٰهُ اِنْ شَآءَ وَمَاۤ اَنْتُمْ بِمُعْجِزِيْنَ ﴿٣٣﴾ وَلَا
يَنْفَعُكُمْ نُصْحِيْۤ اِنْ اَرَدْتُّ اَنْ اَنْصَحَ لَكُمْ اِنْ كَانَ اللّٰهُ يُرِيْدُ اَنْ يُّغْوِيَكُمْ ؕ هُوَ
رَبُّكُمْ ۫ وَاِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٣٤﴾ اَمْ يَقُوْلُوْنَ افْتَرٰىهُ ؕ قُلْ اِنِ افْتَرَيْتُهٗ فَعَلَيَّ اِجْرَامِيْ
وَاَنَا بَرِيْٓءٌ مِّمَّا تُجْرِمُوْنَ ﴿٣٥﴾ ع

તરજુમો :

અને અમે નૂહ (અલૈ.)ને તેમની કોમ તરફ મોકલ્યા કે હું તમને ડરની વાત સ્પષ્ટ કરી (ખોલી)ને સંભળાવું છું (૨૫) કે અલ્લાહના સિવાય કોઈની પૂજા

ન કરો, હું તમારા ઉપર દર્દનાક દિવસના અઝાબથી ડરું છું. (૨૬) પછી તેમની કોમના સરદારો બોલ્યા જેઓ કાફિર હતા, અમને તો તું દેખાતો નથી પરંતુ અમારા જેવો એક માણસ અને જોતા નથી કે કોઈ તારા તા'બે થયું હોય પરંતુ જે અમારામાં નીચ કોમ છે વગર વિચાર્યે; અને અમે તમને જોતા નથી (કે) અમારા ઉપર (તમારી) કોઈ શ્રેષ્ઠતા (હોય) બલકે અમને તો ધારણા છે કે તમે બધા જૂઠા છો. (૨૭) બોલ્યા, હે કોમ જુઓ તો ! જો હું પોતાના પરવરદિગારના સાફ રસ્તા ઉપર હોઊં અને તેણે મારા ઉપર પોતાની પાસેથી રહમત મોકલી પછી તેને તમારી આંખથી છુપું રાખ્યું તો શું અમે તમને એના ઉપર મજબૂર કરી શકીએ છીએ ? અને તમે તેનાથી બેઝાર છો (તેનો તિરસ્કાર કરો છો). (૨૮) અને હે મારી કોમ ! હું તમારી પાસે તેના ઉપર કંઈ માલ નથી માંગતો, મારી મજૂરી નથી પરંતુ અલ્લાહ ઉપર અને હું ઈમાનવાળાઓને હાંકી કાઢવાનો નથી, તેમને પોતાના પરવરદિગારને મળવાનું છે પરંતુ હું જોઊં છું તમે લોકો જાહિલ છો. (૨૯) અને હે કોમ ! મને અલ્લાહથી કોણ છોડાવે જો તેમને હાંકી કાઢું, શું તમે ધ્યાન કરતા નથી ? અને હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે અને ન (જ) હું ગયૂબની ખબર રાખું અને ન (જ) કહું કે હું ફરિશ્તો છું અને કહીશ નહીં કે જે લોકો તમારી નજરમાં નીચ છે તેમને અલ્લાહ ભલાઈ આપશે નહીં, અલ્લાહ સારી પેઠે જાણે છે જે કંઈ તેમના મનમાં છે, આવું કહું તો હું બેઈન્સાફ હોઊં. (૩૧) બોલ્યા, હે નૂહ (અલૈ.) ! તેં અમારી સાથે ઝઘડો કર્યો અને ખૂબ ઝઘડી ચૂક્યો, હવે લઈ આવ જે તું અમને વાયદો કરે છે જો તું સાચો છે ! (૩૨) કહ્યું કે તેને લાવશે તો અલ્લાહ જ જો ચાહશે અને તમે નાસીને થકાવી શકશો નહીં. (૩૩) અને તમને મારી નસીહત કામ લાગશે નહીં જો ઈચ્છું કે તમને નસીહત કરું જો અલ્લાહ ઈચ્છતો હશે કે તમને ગુમરાહ કરે, તે જ છે તમારો પરવરદિગાર અને તેના જ તરફ પાછા વળી જશો. (૩૪) શું કહે છે કે કુર્આન બનાવી લાવ્યો ? કહી આપો ! જો હું બનાવી લાવ્યો છું તો મારા ઉપર ગુનોહ છે અને મારી જવાબદારી નથી જે તમે ગુનાહ કરો છો. (૩૫)

તફસીર :

અને અમે નૂહ (અલૈ.)ને તેમની કોમ પાસે રસૂલ બનાવીને (એવો સંદેશ આપીને) મોકલ્યા કે તમે અલ્લાહના સિવાય કોઈ અન્યની ઈબાદત ન કરો (અને જે મૂર્તિઓ તમે ઠરાવી રાખી છે "વદ્દ", "સુવા", "યગૂશ", "યઊક" અને "નસર" તેને છોડી દો, એટલા માટે હઝરત નૂહ અલૈ.એ જઈને તેમને ફરમાવ્યું કે) હું તમને (ગયરૂલ્લાહની ઈબાદત કરવાથી) સ્પષ્ટ ખુલ્લી રીતે ડરાવું છું (અને તે ડરાવવાની વિગત એ છે કે) હું તમારા માટે એક મોટા દુઃખદાયક દિવસના અઝાબનો ભય સેવું છું, બસ તેમની કોમના જે કાફિર સરદારો હતા તેઓ (જવાબમાં) કહેવા લાગ્યા કે (તમે જે નુબુવ્વતનો દા'વો કરો છો જેમકે "નઝીરુમ્મુબીન"થી જાણ થાય છે તો અમારા મનમાં તો આ વાત નથી બેસતી, કારણ કે) અમે તો તમને પોતાના જ જેવો માનવી જોઈ રહ્યા છે (અને માનવીનું નબી હોવું અસંભવ છે) અને જે (અમુક લોકો આપનું અનુસરણ કરે છે તેને દલીલ બનાવવામાં આવે તો તે પણ દલીલપાત્ર નથી, કારણ કે) અમે જોઈ રહ્યા છે કે તમારું અનુસરણ તે જ લોકોએ કર્યું છે જેઓ અમારામાં બિલકુલ નીચ કક્ષાના છે (જેમની બુદ્ધિ મોટે ભાગે મંદ હોય છે પછી) તે (અનુસરણ) પણ ફક્ત ઉપરછલ્લી રીતે (થયું છે, એટલે કે પ્રથમ તો તેમનામાં બુદ્ધિ કે સમજદારી જ નથી અને વિચાર કર્યા પછી પણ ભૂલ કરી બેસે છે અને અહીંયાં તો તેમણે વિચાર પણ કર્યો નથી, એટલા માટે એવા લોકોનું તમારું નબી હોવું માની લેવું કોઈ દલીલ નથી બલકે, તેનાથી વિપરીત અમારા માટે અનુસરણ કરવાના અવરોધ સ્વરૂપ છે, કારણ કે સવર્ણો નીચ લોકો સમકક્ષ થવામાં અપમાન અનુભવે છે વળી, મોટા ભાગે આવા નિરુત્સાહી લોકોનો સ્વાર્થ પણ કોઈ માલ પ્રાપ્ત કરવો અથવા કોઈ લાભ ઉઠાવવાનો રહેતો હોય છે બસ, અમારું તો કહેવું છે કે આ લોકો પણ દિલથી ઈમાન નથી લાવ્યા) અને (જો એવું કહેવામાં આવે કે તેઓ નીચ હોવા છતાં તે લોકોને કોઈ ખાસ કાર્યના લીધે અમારા ઉપર શ્રેષ્ઠતા છે જેના આધારે તેમની સલાહ આ વિષયમાં માન્ય છે તો બસ) અમે તમારા લોકોમાં (એટલે કે તમારામાં અને મુસલમાનોમાં) કોઈ વાત પોતાનાથી વધારે નથી જોતા (એટલા માટે તમો મુસલમાનોના અભિપ્રાયને સાચો નથી સમજતા) બલકે અમે તમને (બિલકુલ) જૂઠા સમજીએ છીએ, નૂહ (અલૈ.)એ કહ્યું કે હે મારી કોમ ! (તમે જે

કહો છો કે તમારી નુબુવ્વત વિશે મન માનતું નથી તો) ભલા ! એ તો બતાવો કે જો હું પોતાના પરવરદિગાર તરફથી દલીલ ઉપર (કાયમ) છું (જેનાથી મારી નુબુવ્વત સાબિત થાય છે) અને તેણે મને પોતાની પાસેથી રહમત (એટલે કે નુબુવ્વત) અર્પણ કરી હોય પછી તમને (નુબુવ્વત અથવા તેની સત્યતા) ન સૂઝતી હોય તો (હું શું કરું ? મજબૂર છું) શું અમે એ (દા'વા અથવા દલીલ)ને તમારા માથે મારીએ ? અને તમે તેની નફરત કરતા ચાલ્યા જાઓ ? (મતલબ એ છે કે તમારું એવું કહેવું કે મન માનતું નથી તે એ કારણે છે કે તમે એવું સમજો છો કે માનવી રસૂલ નથી હોઈ શકતો જેની તમારી પાસે કોઈ દલીલ નથી અને મારી પાસે તેના સાચા હોવાની અને સત્ય હોવાની દલીલ છે, એટલે કે મોઅ્જિઝા વગેરે ન કે કોઈનું અનુસરણ, તેનાથી તેનો જવાબ પણ થઈ ગયો કે તેમનું અનુસરણ હુજ્જત નથી પરંતુ કોઈ દલીલનો ફાયદો ચિંતન અને મનન ઉપર અવલંબિત હોય છે તે તો તમે કરતા નથી ! અને આ મારા કાબૂની બહાર વાત છે) અને (આટલી વાત હજુ વધારે કહી કે) હે મારી કોમ ! (એ તો વિચારો કે જો હું નુબુવ્વતનો ખોટો દા'વો કરતો હોત તો અંતે તેમાં મારો શું મતલબ છે ? દાખલા તરીકે એવું જ હોત ને કે હું તેના દ્વારા ખૂબ માલ કમાઉં ! તો તમને જાણ છે કે) હું તમારી પાસેથી તેના (પ્રચાર) ઉપર કંઈ માલ નથી માંગતો, મારું વળતર તો ફક્ત અલ્લાહની જવાબદારી છે (તેનાથી આખિરતમાં તેનો ઇચ્છુક છું, એ જ પ્રમાણે અન્ય હેતુ પણ જો વિચાર કરો તો તમને સંતોષ આપશે પછી કોઈ સ્વાર્થ જ નથી તો પછી મારે જૂઠું બોલવાનો શું ફાયદો હતો ? ખુલાસો એ છે કે જૂઠા દા'વાની કોઈ પ્રવૃત્તિનો અવકાશ જ નથી અને સાચા દા'વા ઉપર દલીલ કાયમ થઈ ચૂકી છે તો પછી શું શંકા હોઈ શકે છે ?) અને (તમે જે નીચ કોમના અનુસરણને તમારા અનુસરણ કરવાનો વિરોધ સમજો છો તો સ્પષ્ટ દલીલ અથવા પરોક્ષ રીતે જો એવું કહેવા માંગતા હોય કે હું તેમને કાઢી મૂકું તો સાંભળી લો !) હું તો તે ઈમાનવાળાઓને કાઢી મૂકવાનો નથી (કારણ કે) આ લોકો પોતાના પરવરદિગારની પાસે (ઇજ્જત અને સ્વીકૃતિની સાથે) જનારા છે (અને ભલા કોઈ વ્યક્તિ ઉચ્ચ સન્માનવાળો મરતબો ધરાવનારને કઈ રીતે કાઢી મૂકી શકે છે?... તો આનાથી એ બાબતનો પણ જવાબ થઈ ગયો કે "આ લોકો દિલથી ઈમાન નથી લાવ્યા") પરંતુ વાસ્તવમાં તમે લોકો હું જોઉં છું કે (ઠાલી અમથી)

જહાલત કરી રહ્યા છો (અને વાહિયાત વાતો કરી રહ્યા છો) અને (ધારી લો કે કદાચ) જો હું તેમને કાઢી પણ મૂકું તો (એ બતાવો કે) મને અલ્લાહની પકડથી કોણ બચાવશે ? (શું તમારામાં એટલી હિંમત છે કે જેથી આવો બેહૂદો સલાહ-મશવરો આપી રહ્યા છો ?) શું તમે આટલી વાત પણ નથી સમજતા ? અને (આ નિવેદનમાં તેમની બધી જ શંકાઓનો જવાબ થઈ ગયો પરંતુ આગળ તે બધા જવાબોની પૂર્ણતા એ રીતે થઈ છે કે જે રીતે મારી નુબુવ્વત દલીલથી સાબિત થઈ ચૂકી છે તો પહેલું તો દલીલની સામે નરી કલ્પના કોઈ વસ્તુ નથી પછી એ કે તે પણ કોઈ હકીકત નથી ધરાવતી અલબત્ત, જો કોઈ આશ્ચર્યજનક ઘટનાનો દા'વો કર્યો હોત તો ઈન્કાર અને વિરોધ કરવો અશક્ય ન હતું પરંતુ દલીલ પછી હવે તેની કોઈ યોગ્યતા પૂરવાર થતી નથી, અલબત્ત જો દલીલ પણ તમારા અવરોધનો તકાદો હોય તો પછી સાંભળવું જરૂરી છે પરંતુ હું તો કોઈ એવા આશ્ચર્યજનક દા'વાઓ કરતો નથી કારણ કે) હું તમને એ નથી કહેતો કે મારી પાસે અલ્લાહ તઆલાના ખઝાના છે અને ન જ (હું એવું કહું છું કે હું) બધી જ ગય્‌બની વાતો જાણું છું અને ન જ એવું કહું છું કે હું ફરિશ્તો છું અને (આ તો પોતાની નુબુવ્વત વિશે ફરમાવ્યું આગળ પોતાના અનુયાયીઓ વિશે ઈરશાદ છે એટલે કે) જે લોકો તમારી દૃષ્ટિમાં તુચ્છ છે હું તેમના વિશે (તમારી જેમ) એવું નથી કહી શકતો કે (આ લોકો દિલથી ઈમાન નથી લાવ્યા એટલા માટે) અલ્લાહ તઆલા કદાપિ તેમને સવાબ નહીં આપે તેમના દિલમાં જે કંઈ પણ હોય તેને અલ્લાહ જ સારી પેઠે જાણે છે (તો શક્ય છે કે તેમના દિલોમાં ઈખ્લાસ હોય તો પછી હું આવી વાત કઈ રીતે કહી આપું ?) હું તો (જો એવી વાત કહી આપું તો) એવા સ્વરૂપમાં અત્યાચારીઓમાંથી થઈ જઈશ (કારણ કે વિના દલીલે દા'વો કરવો ગુનોહ છે, જ્યારે નૂહ અલૈ.એ બધી વાતોનો પૂરોપૂરો જવાબ આપી દીધો પછી તેમનાથી તેનો કોઈ જવાબ ન બની શક્યો તો લાચાર થઈને) તે લોકો કહેવા લાગ્યા કે હે નૂહ (અલૈ.) ! તમે અમારાથી વાદ-વિવાદ કરી ચૂક્યા પછી આ વાદ-વિવાદને વધારી પણ ચૂક્યા, બસ (હવે આ બહસને છોડી દો અને) જે વસ્તુથી તમે અમને ધમકાવ્યા કરો છો (કે અઝાબ આવી જશે) તે અમારી સામે લઈ આવો, તેમણે કહ્યું (તેને લાવનારો હું કોણ છું ? મને પહોંચાડી આપવાનો તેમજ સંભળાવી દેવાનો હુકમ હતો જેને હું પુરું કરી ચૂક્યો) તેને તો અલ્લાહ

તઆલા જો તેને મંજૂર હશે તો તમારી સામે લાવશે અને (ત્યાર પછી) તમે તેને થકવી શકશો નહીં (કે તે અઝાબ આપવા ઈચ્છે અને તમે તેને ન થવા દો) અને (જે મારું કામ હતું પહોંચાડી દેવું અને સંભળાવી દેવું તેમાં મેં તમારી સંપૂર્ણ ભલાઈ અને હમદર્દી રાખી પરંતુ) મારી ભલાઈ તમારા કામ નથી આવી શકતી ભલે હું તમારી ગમે એટલી ભલાઈ કરવા ઈચ્છું જ્યારે કે અલ્લાહને જ તમને ગુમરાહ કરવું મંજૂર હોય (તેનું કારણ તમારી દુશ્મની અને મિથ્યાભિમાન છે ભાવાર્થ એ છે કે જ્યારે તમે જ પોતાની બદ્કિસ્મતીથી પોતાના માટે લાભ પ્રાપ્ત કરવા અને નુકસાનથી બચવા ન ઈચ્છો તો મારા ઈચ્છવા ન ઈચ્છવાથી શું થવાનું છે ?) તે જ તમારો માલિક છે (અને તમે તેમના ગુલામ છો તો તમારા ઉપર તેના બધા હકો વાજિબ છે અને તમે તેને દુશ્મનાવટના કારણે બરબાદ કરીને અપરાધી થઈ રહ્યા છો) અને તેની જ પાસે તમારે જવાનું છે, (તે તમારી આ બધી દુશ્મનાવટ અને કુફ્રની કસર કાઢી નાંખશે) શું આ લોકો કહે છે કે મુહમ્મદે આ કુર્આન પોતે ઘડી લીધું છે ? તમે (જવાબમાં) કહી આપો કે જો (ધારી લો કે) મેં ઘડી લીધું હોય તો મારો આ ગુનોહ મારા ઉપર (લાગુ) થશે (અને તમે મારા ગુનાહના જવાબદાર નથી, તેનાથી મુક્ત છો) અને (જો તમે આ દા'વો ઘડી લીધો હશે તો એટલે કે મારા ઉપર આક્ષેપ લગાવ્યો હશે તો તમારો આ ગુનોહ તમારા ઉપર લાગુ પડશે અને) હું તમારા આ ગુનાહથી મુક્ત છું.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત નૂહ (અલૈ.)એ જ્યારે પોતાની કોમને ઈમાનનું આમંત્રણ આપ્યું તો તેમની કોમે તેમની નુબુવ્વત અને રિસાલત ઉપર અમુક શંકાઓ અને વાંધાઓ રજુ કર્યા, હઝરત નૂહ (અલૈ.)એ અલ્લાહના હુકમથી તેના જવાબો આપ્યા જેના સંદર્ભમાં ઘણા સૈદ્ધાંતિક અને ગૌણ મસ્અલાઓ વ્યવહાર અને સામાજિકતાના સંદર્ભમાં પણ નીકળે છે, પ્રસ્તુત આયતોમાં આ જ સંવાદ વર્ણન કરવામાં આવ્યો છે.

ત્રીજી આયતમાં મુશ્રિકોની વાતચીત છે, જેમાં અમુક શંકાઓ અને વાંધાઓ ઊભા કરવામાં આવ્યા છે તે આયતોનો યોગ્ય શબ્દોમાં ખુલાસો આ પ્રમાણે છે.

શબ્દ مَلَأ (મલઉ) સામાન્ય રીતે સમૂહ (ચોક્કસ વર્ગ) માટે બોલવામાં

આવે છે, શબ્દકોષના અમુક નિષ્ણાતોએ કહ્યું છે કે કોમના સરદારો અને જવાબદાર વર્ગને "મલઉ" કહેવામાં આવે છે, بَشَر (બશર)નો તરજુમો "માનવી" અથવા "માનવજાત" થાય છે, اَرَاذِل (અરાઝિલ) એ اَرْذَل (અરઝલ)નું બહુવચન છે જે નિમ્ન કક્ષાના અથવા તુચ્છ વ્યક્તિને કહેવામાં આવે છે કે જેમની કોમમાં કોઈ હેસિયત અથવા ઈજ્જત ન હોય, بَادِیَ الرَّاْیِ (બાદિયર્રઅ્યિ)નો અર્થ "શરૂઆતની અથવા ઉપરછલ્લી સલાહ" થાય છે.

તે લોકોનો પ્રથમ વાંધો હઝરત નૂહ (અલૈ.)ની નુબુવ્વત અને રિસાલત ઉપર હતો, مَا نَرٰىكَ اِلَّا بَشَرًا مِّثْلَنَا એટલે કે, તમે તો અમારા જેવા જ માનવી છો, અમારી જેમ જ ખાઓ-પીઓ, હરો-ફરો છો અને સૂવો-જાગો છો પછી અમે તમારી આ પ્રકૃતિથી વિરુદ્ધ વિશેષતાનો કઈ રીતે સ્વીકાર કરી લઈએ કે તમે અલ્લાહના રસૂલ અને પયગમ્બર છો ?

તે લોકોનું ધારવું એવું હતું કે, મનુષ્યો તરફ જે વ્યક્તિ અલ્લાહ તઆલા તરફથી રસૂલ બનાવીને મોકલવામાં આવે તે માનવજાતિમાંથી ન હોવો જોઈએ, બલકે કોઈ ફરિશ્તો હોવો જોઈએ જેની વિશિષ્ટતા સમગ્ર માનવજાતિએ મને-ક-મને સ્વીકારવી જ પડે.

તેના જવાબમાં ચોથી આયતમાં વર્ણન થયું, یٰقَوْمِ اَرَءَیْتُمْ اِنْ كُنْتُ عَلٰى بَیِّنَةٍ مِّنْ رَّبِّیْ وَاٰتٰىنِیْ رَحْمَةً مِّنْ عِنْدِهٖ فَعُمِّیَتْ عَلَیْكُمْ اَنُلْزِمُكُمُوْهَا وَاَنْتُمْ لَهَا كٰرِهُوْنَ તેમાં બતાવવામાં આવ્યું કે, રસૂલનું માનવજાતિમાંથી હોવાના કારણે નુબુવ્વત અને રિસાલનો નકાર થતો નથી, બલકે વિચાર કરવામાં આવે તો એ જ જરૂરી છે કે મનુષ્યજાતિનો રસૂલ મનુષ્યજાતિમાંથી જ હોવો જોઈએ જેથી મનુષ્યોને તેનાથી દીન શીખવો સરળ થઈ જાય, માનવ અને ફરિશ્તાના સ્વભાવમાં જમીન-આસમાનનો તફાવત છે, જો ફરિશ્તાને રસૂલ બનાવીને મોકલવામાં આવે તો મનુષ્યને તેનાથી પોતાનો દીન શીખવો મુશ્કેલ થઈ જાય, કારણ કે ફરિશ્તાને ન તો ભૂખ લાગે છે અને ન જ તરસ, ન તો ઊંઘ આવે છે અને ન જ થાક લાગે છે, ન જ તેને માનવ આવશ્યકતાઓ અને અન્ય કુદરતી હાજતો ઉપસ્થિત થાય છે, તેને મનુષ્યની આ કમજોરીઓની અનુભૂતિ કઈ રીતે થઈ શકે !? અને આ અનુભૂતિ વિના મનુષ્યો કર્મોમાં તેનું અનુસરણ કઈ રીતે કરી શકે ? આ વિષય કુર્આનની અન્ય આયતોમાં વિગતપૂર્વક ખુલ્લમ-ખુલ્લા અને ઈશારાથી પણ અનેક ઠેકાણે

આવી ચૂક્યો છે, અત્રે તે વર્ણન કરવાના બદલે એવું બતાવ્યું કે જો બુદ્ધિથી કામ લો તો રસૂલ અને પયગમ્બર માટે એ જરૂરી જ નથી કે તે માણસ સિવાય અન્ય મખ્લૂક હોય, હા ! એ જરૂરી છે કે અલ્લાહ તઆલા તરફથી કોઈ ખુલ્લી નિશાની અને દલીલ તેની સાથે હોય જેને જોઈને લોકો માટે એ સ્વીકારવું સરળ થઈ જાય કે આ અલ્લાહ તઆલા તરફથી જ મોકલેલા રસૂલ છે, આ નિશાની અને દલીલ સામાન્ય લોકો માટે અંબિયા (અલૈ.)ના મોઅ્જિઝાઓ હોય છે, એટલા માટે નૂહ (અલૈ.)એ ફરમાવ્યું કે હું મારી સાથે અલ્લાહ તરફથી "બય્યિનહ" (નિશાની) અને "હુજ્જત" (દલીલ) તથા "રહમત" લઈને આવ્યો છું, જો તમે તેને જોયું હોત અને વિચાર કર્યો હોત તો તમે તેનો ઈન્કાર ન કર્યો હોત પરંતુ તમારા ઈન્કાર અને દુશ્મનાવટે તમારી આંખોને તેનાથી આંધળી કરી દીધી અને તમે ઈન્કાર કરી બેઠા અને પોતાની જીદ ઉપર અક્કડ થઈ ગયા.

પરંતુ અલ્લાહ તઆલાની આ રહમત (કૃપા) જે પયગમ્બરો દ્વારા આવે છે એવી વસ્તુ નથી કે બળજબરીથી લોકોના માથે મારવામાં આવે જ્યાં સુધી કે તેઓ પોતે તેના તરફ લગાવ પેદા ન કરે. એમાં ઈશારો જોવા મળ્યો કે ઈમાનની દોલત જે હું લઈને આવ્યો છું જો મારો કાબૂ ચાલ્યો હોત તો તમારા ઈન્કાર અને જીદ છતાં તમારા ઉપર મેં તે થોપી જ દીધું હોત પરંતુ એ કુદરતના કાનૂનની વિરોધી બાબત છે, આ નેઅ્મત જબરદસ્તી કોઈના માથે નાંખી નથી શકાતી, એનાથી એ પણ સાબિત થઈ ગયું કે જબરદસ્તી કોઈને મુસલમાન અથવા મો'મિન બનાવવું કોઈપણ નુબુવ્વતના યુગમાં જાઈઝ રાખવામાં નથી આવ્યું, તલવારના જોરે ઈસ્લામ ફેલાવવાનું સફેદ જૂઠ ઘડનારા પોતે પણ એ વાસ્તવિકતાથી અજાણ નથી પરંતુ આ એક વાત છે કે જે અજ્ઞાનીઓના દિલોમાં શંકા-કુશંકા ઉત્પન્ન કરવા માટે ઉડાવવામાં આવી રહી છે.

એના સંદર્ભમાં એનું એક કારણ પણ સમજાઈ ગયું કે, ફરિશ્તાને રસૂલ કેમ બનાવવામાં ન આવ્યા ? કારણ એ છે કે ફરિશ્તાઓ કે જે અલૌકિક શક્તિઓ ધરાવે છે અને પોતાના અસ્તિત્વના દરેક સ્વરૂપમાં મનુષ્યથી ભિન્ન છે તેમને જોઈને ઈમાન લાવવું તો એક બળજબરીપૂર્વકની પ્રવૃત્તિ થઈ ગઈ હોત, કોઈની શું મજાલ હતી કે તે ફરિશ્તાની સામે હઠધર્મી કરે કે જેવી હઠધર્મી અંબિયા (અલૈ.)ની સામે કરવામાં આવે છે ? શરીઅતમાં તે ઈમાન સ્વીકાર્ય નથી જે કોઈ

અલૌકિક શક્તિ દ્વારા મજબૂર થઈને અપનાવવામાં આવે, બલકે ઈમાનનો હેતુ "ઈમાન બિલ ગય્બ" છે કે અલ્લાહ તઆલાની અદશ્ય શક્તિઓના પ્રત્યક્ષ દર્શન કર્યા વિના ઈમાન અપનાવવામાં આવે.

તેઓનો બીજો વાંધો આ હતો, وَمَا نَرٰكَ اتَّبَعَكَ اِلَّا الَّذِيْنَ هُمْ اَرَاذِلُنَا بَادِىَ الرَّاْىِ એટલે કે, અમે નિહાળી રહ્યા છે કે તમારા ઉપર ઈમાન લાવનારા બધા ઉપરછલ્લી નજરે તુચ્છ, અપમાનિત અને કમીના લોકો છે; કોઈ શરીફ, પ્રતિષ્ઠિત કે મોટો વ્યક્તિ નથી. આ વાંધાના બે પાસાઓ છે, એક એ કે જો તમારી વાત સાચી હોત તો કોમના મોટા ગણાતા લોકોએ તેનો સ્વીકાર કર્યો હોત તે જૂઠાઓ અને નીચ લોકોનું આપની વાત કબૂલ કરવું એ વાતની નિશાની છે કે આપની દા'વત (આમંત્રણ) સ્વીકાર કરવાપાત્ર જ નથી, બીજું પાસું એ છે કે અમારા માટે આપની ઈમાનની દા'વત સ્વીકાર કરવાથી રૂકાવટ એ છે કે અમે ઈમાન લઈ આવીએ તો મુસલમાન હોવાની હેસિયતથી અમે પણ તે નીચ લોકો સમકક્ષ સમજવામાં આવીશું, નમાઝોની સફોમાં અને અન્ય સભાઓમાં અમારે તેમની સાથે તેમના ખભે-ખભા મિલાવી બેસવું પડશે અને અમે એવું કરી શકતા નથી.

વાસ્તવિકતાથી દૂર આ અજ્ઞાનીઓએ ગરીબો, ફકીરોને કે જેમની પાસે માલ અને આર્થિક છૂટછાટ નથી તથા દુનિયવી જાહોજલાલી કે હોદ્દો નથી તેમને اَرَاذِل (અરાઝિલ) એટલે કે "નીચ" ઠરાવી રાખ્યા હતા, જ્યારે કે એ પોતે જ એક અજ્ઞાનતાપૂર્ણ વિચારસરણી છે. સન્માન અને અપમાન, બુદ્ધિ તથા સમજદારી માલ અને દોલત ઉપર આધારિત નથી, બલકે અનુભવ સાક્ષી છે કે હોદ્દો અથવા માલ એક નશો હોય છે જે મનુષ્યને ઘણી બધી યોગ્ય અને સાચી વાતો સમજવા અને સ્વીકાર કરવાથી અટકાવી દે છે, અશક્ત ગરીબ વ્યક્તિ સામે આ અવરોધો હોતા નથી તેથી તે સાચી વાતનો સ્વીકાર કરવામાં અગ્ર સ્થાને રહે છે, એ જ કારણ છે કે પ્રાચીનકાળથી અલ્લાહ તઆલાની પવિત્ર ટેવ (સુન્નતુલ્લાહ) એ જ રહી છે કે પયગમ્બરો ઉપર પ્રથમ ઈમાન લાવનારા ગરીબો અને ફકીરો જ હોય છે, અગાઉ નાઝિલ થઈ ચૂકેલી આસમાની કિતાબોમાં તેના ખુલાસાઓ પણ ઉપસ્થિત છે, એટલા માટે જ જ્યારે રૉમન સમ્રાટ હિરકલ (હરક્યુલસ) પાસે રસૂલે કરીમ ﷺના ઈમાનના આમંત્રણનો મુબારક પત્ર

પહોંચ્યો અને તેને એવી ચિંતા થઈ કે ઘટનાની તહકીક કરવી જોઈએ, કારણ કે તેણે તવરાત અને ઈન્જીલમાં અંબિયા (અલૈ.)ની નિશાનીઓ વાંચેલી હતી, તેણે તે સમયે અરબના જે લોકો સિરીયા આવ્યા હતા તેમને ભેગા કરીને આ નિશાનીઓ વિશે અમુક પ્રશ્નો કર્યા.

તે પ્રશ્નોમાંથી એક પ્રશ્ન એ પણ હતો કે, રસૂલે કરીમ ﷺનું અનુસરણ કરનારાઓમાં કોમના કમજોર અને ગરીબ લોકો છે અથવા તેઓ કે જેઓ કોમના મોટાઓ કહેવાય છે ? તે લોકોએ બતાવ્યું કે, કમજોર અને ગરીબ લોકો છે ! આ સાંભળી હિરકલે એકરાર કર્યો કે આ નિશાની તો સાચા નબી હોવાની છે, કારણ કે અંબિયા (અલૈ.)નું શરૂઆતમાં અનુસરણ કરનારા આ જ કમજોર અને ગરીબ લોકો હોય છે.

ખુલાસો એ છે કે ગરીબો અને ફકીરોને નીચ સમજવું અજ્ઞાનતા હતી, વાસ્તવમાં رَذِيـــــل (રઝીલ) "નીચ" તો તે છે જેઓ પોતાના પેદા કરનાર અને પોષનાર માલિકનો પરિચય ન મેળવે, તેના હુકમો અને આજ્ઞાઓથી મોઢું ફેરવે, તેથી સુફિયાન થૌરી (રહ.)ને કોઈએ પૂછ્યું કે, "કમીના" અને "રઝીલ" (દુષ્ટ અને નીચ) લોકો કોણ છે ? તો ફરમાવ્યું, "તે લોકો જેઓ બાદશાહો અને અધિકારીઓની ખુશામતમાં પ્રવૃત્ત રહે." ઈબ્નુલ અઅ્રાબીએ ફરમાવ્યું કે, "કમીનો તે વ્યક્તિ છે જે પોતાનો દીન વેચીને દુનિયા કમાય." કોઈએ પૂછ્યું કે, સૌથી વધારે કમીનો કોણ છે તો ફરમાવ્યું કે, "તે વ્યક્તિ જે પોતાનો દીન બરબાદ કરીને અન્યની દુનિયા શણગારે." ઈમામ માલિક (રહ.)એ ફરમાવ્યું કે, "કમીનો તે વ્યક્તિ છે જે સહાબએ કિરામ (રદિ.)ને બુરું કહે, કારણ કે તેઓ સમગ્ર ઉમ્મતના સૌથી વધારે ઉપકારક છે જેમના દ્વારા ઈમાનની દોલત અને શરીઅત સર્વત્ર પહોંચી છે."

અલબત્ત, તેમની આ અજ્ઞાનતાપૂર્ણ ધારણાઓનો રદિયો ત્રીજી આયતમાં પ્રથમ તો એ રીતે આપવામાં આવ્યો છે કે પયગમ્બરની નજર કોઈના માલ ઉપર નથી હોતી, તે કોઈની પાસેથી પોતાની સેવા અને હમદર્દીનું વળતર નથી લેતા, તેમનું વળતર તો માત્ર અલ્લાહ તઆલાના જિમ્મે હોય છે એટલા માટે તેમની દષ્ટિમાં માલદાર અને ગરીબ સમાન હોય છે, તમે એ બાબતથી ન ડરો કે અમે

માલદાર છે, જો મુસલમાન થઈ જઈશું તો અમારી પાસે માલની માંગણી કરવામાં આવશે.

બીજું એ બતાવવામાં આવ્યું કે જો ઈમાન સ્વીકાર કરવા માટે એ જ શરત રજુ કરો છો કે, હું ગરીબ લોકોને પોતાની પાસેથી કાઢી મૂકું તો સમજી લો કે હું એવું કદાપી કરી શકતો નથી, કારણ કે આ લોકો જો કે ગરીબ છે પરંતુ અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બારગાહમાં તેમની પહોંચ અને પ્રતિષ્ઠા છે, એવા લોકોને કાઢી મૂકવા કોઈ બુદ્ધિનું કાર્ય નથી.

અને مُّلٰقُوْا رَبِّهِمْ (મુલાકૂ રબ્બિહિમ્)નો એ અર્થ પણ હોઈ શકે છે કે જો ધારી લો કે હું તેમને કાઢી મૂકું તો કયામતના દિવસે જયારે આ લોકો પરવરદિગારની સામે જશે અને ફરિયાદ કરશે તો મારી પાસે શું જવાબ હશે ? ચોથી આયતમાં આ જ વિષય છે કે જો હું તેમને કાઢી મૂકું તો મને અલ્લાહના અઝાબથી કોણ બચાવશે ? અંતે ફરમાવ્યું છે કે, આ બધી તમારી અજ્ઞાનતા છે કે તમે માનવજાતને નુબુવ્વતના પાત્ર સમજતા નથી અથવા ગરીબ લોકોને કાઢી મૂકવાની આ માંગણી કરો છો.

પાંચમી આયતમાં હઝરત નૂહ (અલૈ.)નું તે નિવેદન નકલ કરવામાં આવ્યું છે જે તેમણે પોતાની કોમના બધા વાંધાઓ સાંભળ્યા પછી તેમને અમુક સૈદ્ધાંતિક માર્ગદર્શન આપવા માટે આપ્યું હતું, જેમાં બતાવવામાં આવ્યું છે કે નુબુવ્વત અને રિસાલત માટે તે વસ્તુઓ જરૂરી નથી જે તમે સમજી રાખી છે, દાખલા તરીકે પ્રથમ ફરમાવ્યું, وَلَآ اَقُوْلُ لَكُمْ عِنْدِىْ خَزَآئِنُ اللّٰهِ એટલે કે, "હું તમને એવું નથી કહેતો કે અલ્લાહના ખઝાનાઓ મારા હાથમાં છે." તેમાં તે લોકોની એ વિચારસરણીનો રદિયો છે કે જયારે અલ્લાહ તઆલા તરફથી તે રસૂલ બનીને આવ્યા છે તો તેમના હાથમાં ખજાના હોવા જોઈએ જેમાંથી તે લોકોને દાન કરતા રહે, હઝરત નૂહ (અલૈ.)એ બતાવી આપ્યું કે અંબિયા (અલૈ.)ની નિમણૂકનો એ હેતુ નથી હોતો કે તેઓ લોકોને દુનિયાની દોલતમાં ગૂંચવી નાંખે એટલા માટે ખજાનાઓની તેમને શું આવશ્યકતા ?

અને એવું પણ હોઈ શકે છે કે તેમાં એ લોકોના તે વિચારનો રદિયો હોય જે અમુક લોકો સમજતા હોય છે કે અલ્લાહે અંબિયા (અલૈ.)ને બલકે

અવલિયાઓને પણ સંપૂર્ણ અધિકારો આપી દીધા છે, અલ્લાહ તઆલાની કુદરતના ખજાનાઓ તેમના હાથમાં હોય છે જેને ચાહે આપે, જેને ચાહે ન આપે; પરંતુ નૂહ (અલૈ.)ના આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું કે અલ્લાહ તઆલાએ પોતાની કુદરતના ખજાનાઓનો સંપૂર્ણ અધિકાર કોઈ નબીને પણ સુપ્રત કર્યો નથી તો અવલિયાનું તો વર્ણન જ શું કરવું ?! અલબત્ત, અલ્લાહ તઆલા તેમની દુઆઓ અને ઈચ્છાઓ પોતાની કુદરતથી પૂરી કરી શકે છે.

બીજું આ ફરમાવ્યું, وَلَآ اَعۡلَمُ الۡغَيۡبَ (વલા અઅ્લમુલ ગયૂબ) એ જાહિલોની એવી પણ માન્યતા હતી કે જે વ્યક્તિ અલ્લાહ તઆલાનો રસૂલ હોય તે "આલિમુલ ગયૂબ" (અદષ્ય બાબતોનો જાણકાર) હોવો જોઈએ, આ વાક્યએ સ્પષ્ટ કરી દીધું કે નુબુવ્વત અને રિસાલત ઈલ્મે ગયૂબનો તકાદો ધરાવતી નથી અને એવું કઈ રીતે થાય જ્યારે કે ઈલ્મે ગયૂબ માત્ર અલ્લાહ તઆલાની વિશિષ્ટ ખાસિયત છે જેમાં કોઈ નબી અથવા ફરિશ્તો પણ ભાગીદાર નથી હોઈ શકતો ! હા ! અલ્લાહ તઆલા પોતાના પયગમ્બરોમાંથી જેને ઈચ્છે છે, જેટલું ઈચ્છે છે ગયૂબની બાબતોની જાણકારી આપી દે છે પરંતુ તે કારણે તેમને "આલિમુલ ગયૂબ" કહેવું યોગ્ય નથી, કારણ કે તે તેમના અધિકારમાં નથી હોતું કે જે પણ ગયૂબને ઈચ્છે; જાણી લે.

ત્રીજી વાત આ કહી, وَلَآ اَقُوۡلُ لَكُمۡ اِنِّىۡ مَلَكٌ એટલે કે, "હું તમને એવું પણ નથી કહેતો કે હું ફરિશ્તો છું." તેમાં તેમની એ માન્યતાનો રદિયો થઈ ગયો કે રસૂલ કોઈ ફરિશ્તો હોવો જોઈએ.

ચોથી વાત આ ઈરશાદ ફરમાવી કે તમારી દષ્ટિમાં જે ગરીબો અને વંચિત લોકો તુચ્છ અને ઝલીલ છે હું તમારી જેમ એવું ક્યારેય નથી કહી શકતો કે, અલ્લાહ તઆલા તેમને કોઈ સન્માન કે ભલાઈ આપશે નહીં, કારણ કે ભલાઈ અને પ્રતિષ્ઠાનો સંબંધ માલ-દોલત સાથે નથી બલકે મનુષ્યના હૃદય સાથે છે અને દિલોની હાલત અલ્લાહ તઆલા જ જાણે છે કે કોનું દિલ ભલાઈ અને સુધારણાના પાત્ર છે અને કોનું નથી.

ત્યારબાદ ફરમાવ્યું કે, જો હું પણ તમારી જેમ તેમને તુચ્છ અને અપમાનિત કહેવા લાગું તો હું પણ અત્યાચારીઓમાંથી થઈ જઈશ.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૩૬ થી ૪૦)

وَاُوْحِيَ اِلٰى نُوْحٍ اَنَّهٗ لَنْ يُّؤْمِنَ مِنْ قَوْمِكَ اِلَّا مَنْ قَدْ اٰمَنَ فَلَا تَبْتَئِسْ بِمَا كَانُوْا
يَفْعَلُوْنَ ﴿٣٦﴾ وَاصْنَعِ الْفُلْكَ بِاَعْيُنِنَا وَوَحْيِنَا وَلَا تُخَاطِبْنِيْ فِي الَّذِيْنَ ظَلَمُوْا
اِنَّهُمْ مُّغْرَقُوْنَ ﴿٣٧﴾ وَيَصْنَعُ الْفُلْكَ وَكُلَّمَا مَرَّ عَلَيْهِ مَلَاٌ مِّنْ قَوْمِهٖ سَخِرُوْا مِنْهُ قَالَ اِنْ
تَسْخَرُوْا مِنَّا فَاِنَّا نَسْخَرُ مِنْكُمْ كَمَا تَسْخَرُوْنَ ﴿٣٨﴾ فَسَوْفَ تَعْلَمُوْنَ مَنْ يَّاْتِيْهِ عَذَابٌ
يُّخْزِيْهِ وَيَحِلُّ عَلَيْهِ عَذَابٌ مُّقِيْمٌ ﴿٣٩﴾ حَتّٰى اِذَا جَاءَ اَمْرُنَا وَفَارَ التَّنُّوْرُ قُلْنَا
احْمِلْ فِيْهَا مِنْ كُلٍّ زَوْجَيْنِ اثْنَيْنِ وَاَهْلَكَ اِلَّا مَنْ سَبَقَ عَلَيْهِ الْقَوْلُ وَمَنْ اٰمَنَ وَمَا
اٰمَنَ مَعَهٗ اِلَّا قَلِيْلٌ ﴿٤٠﴾

તરજુમો :

અને નૂહ (અલૈ.) તરફ હુકમ થયો કે હવે તમારી કોમમાં (કોઈ) ઈમાન લાવશે નહીં પરંતુ જે ઈમાન લાવી ચૂક્યો, બસ દિલગીર ન રહો તે કામો ઉપર જે (તેઓ) કરી રહ્યા છે. (૩૬) અને અમારી રૂબરૂ અમારા હુકમથી વહાણ બનાવો અને જાલિમોના હકમાં મારાથી વાત ન કરો એ નિઃશંક ડૂબી જશે. (૩૭) અને તેઓ વહાણ બનાવતા હતા અને જ્યારે (ત્યાંથી) તેમની કોમના સરદાર તેમના ઉપર પસાર થતા હતા તેની હસી (મજાક) કરતા; બોલ્યા, જો તમે અમારાથી હસો છો તો અમે તમારાથી હસીએ છીએ જેવા તમે હસો છો. (૩૮) હવે જલદી જાણી લેશો કે કોના ઉપર અઝાબ આવે છે કે તેને અપમાનિત કરે અને તેના ઉપર કાયમી અઝાબ ઊતરે છે. (૩૯) અહીંયાં સુધી કે જ્યારે અમારો હુકમ પહોંચ્યો અને તન્નુરે જોશ માર્યો; અમે કહ્યું, વહાણમાં દરેક પ્રકારના બે જોડાં ચઢાવી લો અને પોતાના ઘરના લોકો પરંતુ જેના ઉપર પ્રથમ હુકમ થઈ ચૂક્યો છે અને બધા ઈમાનવાળાઓને અને તેની સાથે ઈમાન ન લાવ્યા હતા પરંતુ થોડા. (૪૦)

તફસીર :

અને (જ્યારે નસીહત કરતાં-કરતાં એક લાંબો સમય પસાર થઈ ચૂક્યો અને કંઈ અસર ન થઈ તો) નૂહ (અલૈ.)ની પાસે વહી મોકલવામાં આવી કે તેઓ સિવાય કે જેઓ (તે સમય સુધી) ઈમાન લાવી ચૂક્યા છે અને કોઈ (નવો) વ્યક્તિ તમારી કોમમાંથી ઈમાન લાવશે નહીં, બસ જે કંઈ આ લોકો (કુફ્ર કરી રહ્યા છે અને ત્રાસ આપી રહ્યા છે તથા ઠઠ્ઠો-મશ્કરી) કરી રહ્યા છે તેમના ઉપર કંઈ જ દિલગીર ન થાઓ (કારણ કે દિલગીરી તો જે અપેક્ષા બહારનું હોય છે તેના ઉપર થાય છે, જ્યારે કે તેમનાથી વિરોધ-વંટોળ સિવાય કોઈ અન્ય અપેક્ષા જ નથી પછી શા માટે દિલગીર થવું જોઈએ ?) અને (કારણ કે અમારો ઈરાદો હવે તેમને ડૂબાડવાનો છે અને એના માટે તોફાન આવવાનું છે બસ,) તમે (આ પૂરના તોફાનથી બચવા માટે) અમારી દેખરેખમાં અને અમારા હુકમથી વહાણ તૈયાર કરી લો (કે તેના દ્વારા તમે અને અમે મો'મિનો એ તોફાનથી સુરક્ષિત રહેશો) અને (એ સાંભળી લો કે) મારાથી કાફિરો(ના છુટકારા) વિશે કોઈ વાતચીત ન કરજો (કારણ કે) તે બધા ડૂબાડવામાં આવશે (તેમના માટે એ નક્કી જ થઈ ચૂક્યું છે માટે તમારી સિફારસ બેકાર જશે, મતલબ કે નૂહ અલૈ.એ વહાણનો સર-સામાન ભેગો કર્યો) અને તે વહાણ તૈયાર કરવા માંડ્યા (ભલે પોતે અથવા અન્ય કારીગરો દ્વારા) અને (તૈયારીના સમય દરમિયાન) જ્યારે તેમની કોમમાંથી કોઈ માલદાર વર્ગનો તેની પાસેથી પસાર થતો હતો તો (આ વહાણ બનતું જોઈને અને એવું સાંભળીને કે તોફાન આવવાનું છે) તેમનો ઠઠ્ઠો-મશ્કરી કરતો (કે જૂઓ પાણીનું તો ક્યાંય નામો-નિશાન નથી મફતમાં મુસીબત ઉઠાવી રહ્યા છે), તેઓ ફરમાવે છે કે જો તમે અમારા ઉપર હસો છો તો અમે તમારા ઉપર હસીએ છીએ જેમકે તમે અમારા ઉપર હસો છો (કે અઝાબ એવો નિકટ આવી પહોંચ્યો છે અને તમને હસવાની સમજ પડી રહી છે અમે એટલા માટે તમારા ઉપર હસીએ છીએ) બસ, હમણા તમને જાણ થઈ જશે કે તે કોણ વ્યક્તિ છે જેના ઉપર (દુનિયામાં) એવો અઝાબ આવી જાય છે જે તેમને અપમાનિત કરી દેશે અને (મૃત્યુ પછી) તેના ઉપર કાયમી અઝાબ નાઝિલ થાય છે (મતલબ કે આ જ પ્રકારના સંવાદો અને ઘટનાઓ બન્યા કરી) એટલે સુધી કે જ્યારે અમારો (અઝાબનો) હુકમ (નિકટ) આવી પહોંચ્યો અને જમીનમાંથી પાણી ઊભરાવાની

શરૂઆત થઈ (અને આ તે તોફાનની શરૂઆત થઈ જવાની નિશાની હતી અને ઉપરથી પાણી વરસવાનું શરૂ થયું તે સમયે) અમે (નૂહ અલૈ.ને) ફરમાવ્યું કે દરેક પ્રકાર(ના પ્રાણીઓ)માંથી (જે મનુષ્ય માટે લાભદાયક છે અને પાણીમાં જીવંત નથી રહી શકતા) એક-એક નર અને એક-એક માદા એટલે કે બે સંખ્યામાં આ (વહાણ)માં ચઢાવી લો અને પોતાના ઘરવાળાઓને પણ (ચઢાવી લો) તેના સિવાય કે જેના ઉપર (ડૂબવાનો) હુકમ લાગુ પડી ચૂક્યો છે (એટલે કે તેમનામાં જે કાફિર હોય જેના સંદર્ભમાં اِنَّهُمْ مُّغْرَقُوْنَ કહેવામાં આવ્યું છે તેમને સવાર ન કરજો અને ઘરવાળાઓ સિવાય) અન્ય ઈમાનવાળાઓને પણ (સવાર કરી લો) અને ઘણા થોડા વ્યક્તિઓ સિવાય તેમની સાથે કોઈ ઈમાન લાવ્યું ન હતું (બસ ઈમાનવાળાઓને જ સવાર કરવાનો હુકમ થયો).

મસ્અલા અને બોધપાઠ :

હઝરત નૂહ (અલૈ.)ને અલ્લાહ તઆલાએ લગભગ એક હઝાર વર્ષની લાંબી ઉંમર અર્પણ કરી હતી, એની સાથે અલ્લાહ તઆલા તરફથી દા'વત આપવા અને કોમની સુધારણા કરવાની ચિંતા તથા પયગમ્બર તરીકેનો સંઘર્ષ પણ એ દરજ્જાનો અર્પણ કર્યો હતો કે તેઓ આ લાંબી ઉંમરમાં પણ હંમેશા પોતાની કોમને સત્ય દીન અને કલિમએ તવહીદની દા'વત આપતા રહ્યા, કોમ તરફથી કઠોર અને સખત ત્રાસનો સામનો કરવો પડ્યો, તેમની કોમ તેમના ઉપર પથ્થરબાજી કરતી હતી, એટલે સુધી કે તેઓ બેહોશ થઈ જતા, પછી જ્યારે હોશ આવતો તો દુઆ કરતા હતા કે યા અલ્લાહ ! મારી કોમને મા'ફ કરી આપ, આ મૂર્ખ અને અજ્ઞાન લોકો છે, કશું જાણતા નથી. કોમની એક પેઢી પછી બીજી પેઢીને અને બીજી પછી ત્રીજી પેઢીને આ જ આશાએ આમંત્રણ આપતા રહ્યા કે કદાચ ! તેઓ સત્યનો સ્વીકાર કરી લે.

જ્યારે આવી પ્રવૃત્તિમાં જ સદીઓ પસાર થઈ ચૂકી તો અલ્લાહ રબ્બુલ ઈજ્જતની સામે પોતાની હૃદયદ્રાવક પરિસ્થિતિની ફરિયાદ કરી જે સૂરએ નૂહમાં ઉપસ્થિત છે, رَبِّ اِنِّىْ دَعَوْتُ قَوْمِىْ لَيْلًا وَّنَهَارًا، فَلَمْ يَزِدْهُمْ دُعَآئِىْٓ اِلَّا فِرَارًا (૭૧:૫-૬) અને આટલી લાંબી તકલીફો પછી તે અલ્લાહના બંદાની જીભ ઉપર આ દુઆ આવી, رَبِّ انْصُرْنِىْ بِمَا كَذَّبُوْنِ "હે મારા પરવરદિગાર ! તેમના

જૂઠાણાના મુકાબલામાં મારી મદદ કર.'' (૨૩:૨૬ અને ૩૯) નૂહની કોમનો અત્યાચાર અને બળજબરી મર્યાદા વટાવી ગયા પછી અલ્લાહે હઝરત નૂહ (અલૈ.)ને એ આયતોમાં સંબોધન કર્યું જે ઉપર પ્રસ્તુત છે. *(બગવી, મઝહરી)*

એમાં પ્રથમ તો હઝરત નૂહ (અલૈ.)ને એ બતાવવામાં આવ્યું કે તમારી કોમમાં જેમને ઈમાન લાવવાનું હતું તેઓ ઈમાન લઈ આવ્યા, હવે કોઈ નવો વ્યક્તિ ઈમાન કબૂલ કરશે નહીં, તેમના દિલો ઉપર તેમની હઠધર્મી અને શરારતના કારણે સીલ વાગી ચૂક્યું છે અને એટલા માટે હવે તમે આ કોમનો ગમ ન કરો, તેઓના ઈમાન સ્વીકાર ન કરવાના કારણે દિલગીર અને પરેશાન ન થાઓ.

બીજી વાત એ બતાવવામાં આવી કે, હવે અમે આ કોમ ઉપર પાણીના તોફાન (જળપ્રલય)નો અઝાબ મોકલવાના છે, એટલા માટે તમે એક વહાણ તૈયાર કરો જેમાં તમારા બાળ-બચ્ચાં અને જેટલા પણ મુસલમાનો છે પોતાની જરૂરિયાતની વસ્તુઓ સાથે સમાવી શકાય, જેથી તોફાનના સમયે આ સૌ તેમાં સવાર થઈને છુટકારો પામી શકે. હઝરત નૂહ (અલૈ.)એ હુકમ પ્રમાણે વહાણ બનાવ્યું, પછી જ્યારે તોફાનની શરૂઆતની નિશાનીઓ ઉપસ્થિત થઈ ગઈ કે જમીનમાંથી પાણી ઊભરાવા લાગ્યું તો હઝરત નૂહ (અલૈ.)ને હુકમ આપવામાં આવ્યો કે પોતે પોતાના બાળ-બચ્ચાં અને તે લોકો કે જેઓ તમારા ઉપર ઈમાન લાવ્યા છે આ વહાણમાં સવાર થઈ જાઓ અને માનવ તરીકેની જરૂરિયાતો જે પ્રાણીઓ સાથે સંલગ્ન છે જેમકે ગાય, બળદ, બકરી, ઘોડા, ગધેડા વગેરે તેમનું પણ એક-એક જોડું વહાણમાં સવાર કરી લો, હઝરત નૂહ (અલૈ.)એ હુકમ પ્રમાણે બધાને વહાણમાં સવાર કરાવી લીધા.

અંતે ફરમાવ્યું કે હઝરત નૂહ (અલૈ.) ઉપર ઈમાન લાવનાર અને વહાણ ઉપર સવાર થનાર મુસલમાનોની સંખ્યા ઘણી ઓછી હતી.

વિષયનો ખુલાસો પ્રસ્તુત આયતના સંદર્ભમાં આ પ્રમાણે છે, હવે એક આયતના ભાવાર્થની સ્પષ્ટતા અને તેનાથી સંબંધિત વિષયો તથા મસ્અલાઓ જોઈ લઈએ.

પ્રથમ આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, હઝરત નૂહ (અલૈ.) ઉપર એવી

વહી મોકલવામાં આવી કે તેમની કોમમાંથી જેઓ ઈમાન લાવવાના હતા લાવી ચૂક્યા છે, હવે પછી અન્ય કોઈ ઈમાન લાવશે નહીં તેથી આ લોકો જે કંઈ વ્યવહાર તમારી સાથે કરે છે તેનાથી તમે દિલગીર અને પરેશાન ન થાઓ, કારણ કે ગમ અને પરેશાની મોટે ભાગે ત્યારે જ થતી હોય છે જ્યારે કે કોઈનાથી સુધારણા અથવા સફળતાની આશા જોડાયેલી હોય, નિરાશા પણ એક પ્રકારની રાહત હોય છે હવે, તમે તેમનાથી નિરાશ થઈ જાઓ અને જે તકલીફ અને આઘાત હઝરત નૂહ (અલૈ.)ને તેમના ત્રાસથી પહોંચી રહ્યો હતો તેની વ્યવસ્થા તરફ બીજી આયતમા ઈશારો કરવામાં આવ્યો કે તેમને પાણીના તોફાનમાં ડૂબાડી દેવામાં આવશે, એવી જ પરિસ્થિતિમાં હઝરત નૂહ (અલૈ.)ના મુખે પોતાની કોમ માટે આ બદ્દુઆ આવી હતી જેનું વર્ણન સૂરએ નૂહમાં કરવામાં આવ્યું છે.

رَبِّ لَا تَذَرْ عَلَى الْاَرْضِ مِنَ الْكٰفِرِيْنَ دَيَّارًا ، اِنَّكَ اِنْ تَذَرْهُمْ يُضِلُّوْا عِبَادَكَ
وَلَا يَلِدُوْٓا اِلَّا فَاجِرًا كَفَّارًا

"હે મારા પરવરદિગાર ! હવે આ કાફિરોમાંથી કોઈ પૃથ્વી ઉપર વસવાટ કરનારને છોડીશ નહીં, કારણ કે જો એ (બાકી) રહ્યા તો તેમની હવે પછીની પેઢીઓ પણ આવી જ બળવાખોર અને દુષ્ટ તથા કાફિર હશે." (૭૧:૨૬-૨૭)

આ જ દુઆ કબૂલ થઈ અને નૂહ (અલૈ.)ની સમગ્ર કોમ પાણીના તોફાનમાં નાશ પામી.

નૂહ (અલૈ.)ને વહાણ બનાવવાની તા'લીમ :

હઝરત નૂહ (અલૈ.)ને જ્યારે વહાણ બનાવવાનો હુકમ થયો તે સમયે તેઓ ન તો વહાણને જાણતા હતા અને ન જ તેને બનાવવાની રીત, એટલા માટે બીજી આયતમાં તેમની વહાણ બનાવવાની હકીકત જાહેર કરવા માટે ફરમાવ્યું, وَاصْنَعِ الْفُلْكَ بِاَعْيُنِنَا وَوَحْيِنَا એટલે કે, "તમે વહાણ બનાવો અમારી દેખરેખમાં અને અમારી વહી પ્રમાણે."

હદીષની રિવાયતોમાં છે કે, હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)એ અલ્લાહની વહી દ્વારા હઝરત નૂહ (અલૈ.)ને વહાણ બનાવવાની બધી જ આવશ્યકતાઓ અને તેની પદ્ધતિ બતાવી, તેમણે સાલના લાકડામાંથી વહાણ તૈયાર કર્યું.

અમુક ઐતિહાસિક કિતાબોમાં એનો ઘટનાક્રમ એ બતાવવામાં આવે છે કે, આ વહાણ ૩૦૦ ગજ લાબું, ૫૦ ગજ પહોળું, ૩૩ ગજ ઊંચું અને ત્રણ માળનું હતું અને પ્રકાશ માટેના બારી-બારણા પ્રચલિત પદ્ધતિ પ્રમાણે ડાબે-જમણે ખુલતા હતા અને આ પ્રમાણે આ વહાણ બનાવવાની કળા અલ્લાહ તઆલાની વહી દ્વારા સૌ પ્રથમ હઝરત નૂહ (અલૈ.)ના હાથોથી શરૂ થઈ પછી તેમાં પ્રગતિ અને વિકાસ થતો રહ્યો.

બધી જ જરૂરી કળા-કારીગીરીની શરૂઆત વહી દ્વારા થઈ છે :

હાફિઝ શમશુદ્દીન ઝહબીની "તિબ્બે નબવી"માં અમુક પુરોગામી બુઝુર્ગોથી રિવાયતો નકલ કરવામાં આવી છે કે જેટલી પણ કળા-કારીગીરીઓ અને ઉદ્યોગોની આવશ્યકતા છે તે બધાની શરૂઆત અલ્લાહની વહી દ્વારા કોઈ પયગમ્બર દ્વારા અસ્તિત્વમાં આવી છે, પછી આવશ્યકતા અનુસાર તેમાં સુધારા-વધારા અને વિવિધ સમયકાળ અનુસાર ફેરફારો થતા રહ્યા છે. સૌ પ્રથમ હઝરત આદમ (અલૈ.) તરફ જે વહી આવી છે તેનો મોટો ભાગ જમીનના વસવાટ અને વિવિધ કળા-કારીગીરી વિશે છે, ભાર ઉઠાવવા માટે પૈડાં દ્વારા ચાલતી ગાડીનું સંશોધન આ જ ક્રમના સંશોધનોમાંથી છે.

હઝરત સય્યિદ સાહબ અલીગઢના સ્થાપકે કહ્યું છે કે, આ યુગમાં પ્રકાર-પ્રકારની ગાડીઓ બનાવી લીધી પરંતુ દરેક પ્રકારની ગાડીઓનો આધાર તેની ધરી અને પૈડાંઓ ઉપર જ રહ્યો, ચાહે તે બળદગાડું હોય, ગધેડાગાડી હોય કે પછી રેલગાડી હોય, બલકે ઉચ્ચ કક્ષાની મોટરકારો સુધી આ સિદ્ધાંત એક સમાન છે, એટલા માટે સૌથી મોટો ગાડીઓનો સંશોધનકાર તે વ્યક્તિ છે જેણે પૈડું શોધ્યું કે સમગ્ર દુનિયાની મશીનરીની આત્મા પૈડું જ છે અને જાણ થઈ ચૂકી કે આ સંશોધન પ્રથમ પયગમ્બર હઝરત આદમ (અલૈ.)ના હાથે અલ્લાહની વહી દ્વારા અસ્તિત્વમાં આવ્યું છે.

એટલા માટે એ પણ જાણ થઈ ગઈ કે, વસ્તુઓની જરૂરિયાતની ઉદ્યોગ કે કળા-કારીગીરી એટલું મહત્ત્વ ધરાવે છે કે, તેને વહી દ્વારા અંબિયા (અલૈ.)ને શિખવાડવામાં આવ્યું છે.

હઝરત નૂહ (અલૈ.)ને વહાણ બનાવવાનું માર્ગદર્શન આપવાની

સાથે-સાથે એ પણ ફરમાવવામાં આવ્યું કે, તેમની કોમ ઉપર જળપ્રલય આવશે અને તેઓ ડૂબી જશે તે સમયે તમે તમારી કૃપાદષ્ટિની રૂએ તેમના વિશે કોઈ ભલામણ ન કરજો.

ત્રીજી આયતમાં વહાણ બનાવવાના સમયગાળામાં હઝરત નૂહ (અલૈ.)ની કોમની બેદરકારી અને ખરાબ પરિણામથી નચિંત રહેવાની હાલત વર્ણન કરવામાં આવી છે કે, હઝરત નૂહ (અલૈ.) અલ્લાહના હુકમથી વહાણ બનાવવામાં પ્રવૃત્ત હતા, તેમની કોમના સરદાર જ્યારે તેમને જોતા અને પૂછતા કે આ શું કરી રહ્યા છો ? તો હઝરત નૂહ (અલૈ.) જવાબ આપતા હતા કે જળપ્રલય આવવાનો છે એટલા માટે વહાણ તૈયાર કરી રહ્યો છું, તેમની કોમ તેમનો ઠઠ્ઠો-મશ્કરી કરતી અને તેમની મઝાક ઉડાવતી કે અહીંયાં પીવાના માટે તો પાણીનો દુષ્કાળ છે અને આ બુઝુર્ગ સૂકાભઠ્ઠ પટમાં વહાણ ચલાવવાની ચિંતામાં છે, હઝરત નૂહ (અલૈ.)એ તેમને જવાબમાં કહ્યું કે જે રીતે આજે તમે મારી ઠઠ્ઠો-મશ્કરી કરો છો તો યાદ રાખો કે એક દિવસ એવો પણ આવવાનો છે જેમાં અમે તમારી ઠેકડી ઉડાવીશું, કારણ કે વાસ્તવમાં ઠઠ્ઠો-મશ્કરી અને ઠેકડી ઉડાવવી અંબિયા (અલૈ.)ની શાનના વિરુદ્ધ છે, તે કોઈપણ રીતે જાઇઝ નથી બલકે હરામ છે. કુર્આને કરીમમાં છે કે, لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰٓى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ "કોઈ કોઈની સાથે ઠઠ્ઠો-મશ્કરી ન કરે, બની શકે છે કે આ તે ઠઠ્ઠો કરનારાઓથી ઉત્તમ હોય." (૪૯:૧૧) માટે અહીંયાં ઠઠ્ઠો-મશ્કરી કરવાનો ભાવાર્થ તેમની ઠેકડી ઉડાવવાનો જવાબ છે કે, જ્યારે તમે અઝાબમાં સપડાયેલા હશો તો અમે તમને બતાવીશું કે આ છે તમારા ઠઠ્ઠા અને મશ્કરીનો અંજામ ! જેમકે ત્યારબાદ ચોથી આયતમાં આવ્યું છે કે, "ઘણી જ જલદી તમને જાણ થઈ જશે કે કોના ઉપર આ અઝાબ આવવાનો છે જે તેને અપમાનિત કરી દેશે અને કોણ કાયમી અઝાબમાં રહે છે." પ્રથમ અઝાબથી દુનિયાનો અઝાબ અને કાયમી સ્થાયી અઝાબથી આખિરતનો હંમેશા-હંમેશનો અઝાબ ભાવાર્થ તરીકે છે.

પાંચમી આયતમાં તોફાનની શરૂઆત અને તેના સંદર્ભમાં સૂચનાઓ તથા ઘટનાઓનો ક્રમ શરૂ થયો છે, તેમાં ઈરશાદ છે, حَتّٰٓى اِذَا جَآءَ اَمْرُنَا وَفَارَ التَّنُّوْرُ એટલે કે, જ્યારે અમારો હુકમ આવી પહોંચ્યો અને "તન્નૂર"થી પાણી ઊભરાવાની શરૂઆત થઈ ગઈ.

تَنُّوْر (તન્નૂર) વિવિધ અર્થોમાં ઉપયોગ થાય છે, પૃથ્વી પટને પણ "તન્નૂર" કહેવામાં આવે છે. રોટી પકાવવાની ભઠ્ઠીને પણ "તન્નૂર" કહેવામાં આવે છે, એટલા માટે વિવરણકાર ઈમામોમાંથી અમુકે નોંધ્યું છે કે આ સ્થળે તન્નૂરનો ભાવાર્થ પૃથ્વીનો પટ છે કે તેમાં પાણી ઉભરાવા લાગ્યું.... અમુકે નોંધ્યું છે કે હઝરત આદમ (અલૈ.)નો "તન્નૂર" عَيْنُ الْوَرْدَه (અયનુલ્ વરદહ)ના સ્થળે સિરીયામાં હતો, અત્રે એ ભાવાર્થ છે કે, "તેમાંથી પાણી નીકળવા લાગ્યું." અમુકનું નિવેદન છે કે હઝરત નૂહ (અલૈ.)નું પોતાનું "તન્નૂર" કુફામાં હતું એ ભાવાર્થ તરીકે છે, મોટા ભાગના વિવરણકારો હઝરત હસન, મુજાહિદ, શુઅ્બી (રહ.) તથા હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) વગેરેએ આ જ ભાવાર્થને અપનાવ્યો છે.

શુઅ્બી (રહ.) તો કસમ ખાઈને કહ્યા કરતા હતા કે, આ તન્નૂર કુફા શહેરના એક ખૂણામાં હતું અને હઝરત નૂહ (અલૈ.)એ પોતાનું વહાણ કુફાની મસ્જિદની અંદર બનાવ્યું હતું, એ જ મસ્જિદના દરવાજા ઉપર આ તન્નૂર હતું. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે અલ્લાહ તઆલાએ હઝરત નૂહ (અલૈ.)ને ફરમાવ્યું હતું કે, "તમે જ્યારે એ જૂઓ કે તમારા ઘરના તન્નૂરમાંથી પાણી ઊભરવા લાગ્યું છે તો સમજી લો કે જળપ્રલય આવી ગયો."

(કુર્તુબી અને મઝહરી)

વિવરણકાર કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું છે કે, જો કે તન્નૂરના અર્થ સંદર્ભે મુફસ્સિરોના નિવેદનો વિવિધ પ્રકારના નજરે પડે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે તેમાં કોઈ વિરોધાભાસ નથી કે જ્યારે પ્રલયનું પાણી ઊભરાવાની શરૂઆત થઈ તો રોટી પકાવવાના તન્નૂરમાંથી પણ પાણી નીકળ્યું, પૃથ્વી પટ ઉપરથી પણ પાણી નીકળ્યું, સિરીયાના "અઈનુલ વરદહ"ના તન્નૂરમાંથી પણ પાણી ઊભરાયું, જેમકે કુર્આને કરીમે પોતે સ્પષ્ટતા કરી છે, فَفَتَحْنَآ اَبْوَابَ السَّمَآءِ بِمَآءٍ مُّنْهَمِرٍ وَّفَجَّرْنَا الْاَرْضَ عُيُوْنًا એટલે કે, "અમે આસમાનના દરવાજાઓ મૂશળધાર વરસાદ માટે ખોલી નાંખ્યા અને જમીનમાંથી ઝરણાઓ જ ઝરણાઓ ફૂટી નીકળ્યા." (૫૪ : ૧૧)

હઝરત શુઅ્બી (રહ.)એ પોતાના વર્ણનમાં એ પણ ફરમાવ્યું છે કે,

કુફાની જામેઅ્ મસ્જિદ એ મસ્જિદે હરામ, મસ્જિદે નબવી તથા મસ્જિદે અક્સા પછી ચોથા નંબરની મસ્જિદ છે જે એક વિશિષ્ટ દરજ્જો ધરાવે છે.

આયતમાં આગળ એવો ઉલ્લેખ થયો છે કે જ્યારે તોફાન શરૂ થઈ ગયું તો હઝરત નૂહ (અલૈ.)ને હુકમ આપવામાં આવ્યો, اِحۡمِلۡ فِيۡهَا مِنۡ كُلٍّ زَوۡجَيۡنِ اثۡنَيۡنِ એટલે કે, "આ વહાણમાં દરેક જોડાવાળા પ્રાણીઓમાંથી એક-એક જોડું સવાર કરી લો."

એનાથી જાણ થાય છે કે હઝરત નૂહ (અલૈ.)ના વહાણમાં સમગ્ર દુનિયાના પ્રાણીઓ ભેગા કરવામાં આવ્યા ન હતા, બલકે માત્ર તે જ પ્રાણીઓ કે જે નર અને માદાના જોડામાં પેદા થાય છે અને પાણીમાં જીવીત નથી રહી શકતા, એટલા માટે દરિયાઈ પ્રાણીઓ તેમાંથી બાકાત થઈ ગયા અને પૃથ્વી પટ ઉપરના પ્રાણીઓમાંથી પણ નર-માદાની જાતિ વિહોણા કીટકો, ફુદાં બધું બાકાત છે, ફક્ત પાલતું પ્રાણીઓ ગાય, બળદ, ભેંસ, બકરી વગેરે તેમાં સામેલ છે.

અત્રે એ શંકા દૂર થઈ ગઈ કે જે શંકા ઉપરછલ્લી નજરે થઈ શકે છે કે, વહાણમાં આટલી બધી વિશાળતા કેવી રીતે આવી ગઈ કે સમગ્ર દુનિયાના પ્રાણીઓ તેમાં સમાઈ ગયા ?

અને પછી નૂહ (અલૈ.)ને ઈરશાદ ફરમાવ્યો કે, તમે પોતાના ઘરવાળાઓને તેઓ સિવાય કે જેઓ કુફ્ર ઉપર છે વહાણમાં સવાર કરી લો અને તે સૌ લોકોને પણ કે જેઓ તમારા ઉપર ઈમાન લાવ્યા છે પરંતુ ઈમાન લાવનારાઓની સંખ્યા ખૂબ થોડી છે.

વહાણવાળાઓની સાચી સંખ્યા કુર્આન અને હદીષમાં નક્કી કરવામાં આવી નથી. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થયું છે કે કુલ સંખ્યા ૮૦ વ્યક્તિઓની હતી જેમાં હઝરત નૂહ (અલૈ.)ના ત્રણ પુત્રો સામ, હામ અને યાફસ હતા અને તે ત્રણેની પત્નીઓ હતી, ચોથો પુત્ર કાફિરો સાથે રહીને જળપ્રલયમાં ડૂબી ગયો.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૪૧ થી ૪૪)

وَقَالَ ارْكَبُوْا فِيْهَا بِسْمِ اللّٰهِ مَجْرٖىهَا وَمُرْسٰىهَا ۭ اِنَّ رَبِّيْ لَغَفُوْرٌ رَّحِيْمٌ (٤١) وَهِيَ
تَجْرِيْ بِهِمْ فِيْ مَوْجٍ كَالْجِبَالِ ۣ وَنَادٰي نُوْحُۨ ابْنَهٗ وَكَانَ فِيْ مَعْزِلٍ يّٰبُنَيَّ ارْكَبْ مَّعَنَا
وَلَا تَكُنْ مَّعَ الْكٰفِرِيْنَ (٤٢) قَالَ سَاٰوِيْٓ اِلٰى جَبَلٍ يَّعْصِمُنِيْ مِنَ الْمَاۗءِ ۭ قَالَ لَا
عَاصِمَ الْيَوْمَ مِنْ اَمْرِ اللّٰهِ اِلَّا مَنْ رَّحِمَ ۚ وَحَالَ بَيْنَهُمَا الْمَوْجُ فَكَانَ مِنَ الْمُغْرَقِيْنَ (٤٣)
وَقِيْلَ يٰٓاَرْضُ ابْلَعِيْ مَاۗءَكِ وَيٰسَمَاۗءُ اَقْلِعِيْ وَغِيْضَ الْمَاۗءُ وَقُضِيَ الْاَمْرُ وَاسْتَوَتْ
عَلَى الْجُوْدِيِّ وَقِيْلَ بُعْدًا لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ (٤٤)

તરજુમો :

અને બોલ્યા, એમાં સવાર થઈ જાઓ, અલ્લાહના નામથી છે તેનું ચાલવું અને થોભવું, બેશક ! મારો પરવરદિગાર મહાન બખ્શનારો મહેરબાન છે. (૪૧) અને તે તેમને લહેરોમાં લઈ જઈ રહ્યું હતું જેમકે પહાડ અને નૂહ (અલૈ.)એ પોતાના બેટાને પોકાર્યો અને તે કિનારે થઈ રહ્યો હતો, હે દિકરા ! અમારી સાથે સવાર થઈ જા અને કાફિરો સાથે ન રહે. (૪૨) બોલ્યો, કોઈ પહાડ ઉપર ચઢી જઈશ જે મને પાણીથી બચાવી લેશે; કહ્યું, આજે અલ્લાહના હુકમથી કોઈ બચાવનાર નથી પરંતુ જેના ઉપર તે જ રહમ કરે અને બંને વચ્ચે મોજું આવી ગયું પછી ડૂબનારાઓમાં થઈ ગયો. (૪૩) અને હુકમ આવ્યો, હે પૃથ્વી પોતાનું પાણી ગળી જા ! અને હે આસમાન રોકાઈ જા! અને પાણી સૂકવી દેવામાં આવ્યું અને કામ થઈ ચૂક્યું અને વહાણ જૂદી પહાડ ઉપર થોભ્યું અને હુકમ થયો કે જાલિમ કોમ (રહમતથી) દૂર થાય. (૪૪)

તફસીર :

અને નૂહ (અલૈ.)એ (બધા પ્રાણીઓને સવાર કરીને પોતાના અનુયાયીઓને) કહ્યું કે (આવો !) આ વહાણમાં સવાર થઈ જાઓ (અને ડૂબવાનો ભય ન સેવો કારણ કે) તેનું ચાલવું અને થોભવું (બધું) અલ્લાહના જ નામથી છે

(અને તે જ તેનો રક્ષક છે પછી સંદેહ કેમ થાય ! અને જો કે બંદાઓના ગુનાહોનો તકાદો એ જ છે કે તેઓ ડૂબી જાય પરંતુ) બેશક ! મારો પરવરદિગાર મહાન બખ્શનાર મોટો દયાળુ છે (તે પોતાની દયાથી ગુનાહ બખ્શી આપે છે અને રક્ષણ પણ કરે છે, મતલબ કે બધા વહાણ ઉપર સવાર થઈ ગયા અને તે જ સમયે પાણી વધી ગયું) અને તે વહાણ તેમને લઈને પહાડ જેવા મોજાઓમાં ચાલવા લાગ્યું અને નૂહ (અલૈ.)એ પોતાના (એક સગા અથવા સાવકા) પુત્રને (જેનું નામ કન્આન હતું અને તે વિનંતી છતાં ઈમાન લાવ્યો ન હતો અને ઈમાન ન લાવવાના કારણે વહાણમાં સવાર કરવામાં ન આવ્યો હતો અને તે સમયે વહાણના કિનારાની નજીક જ ઊભો હતો અને તે કિનારા ઉપર ઉપસ્થિત હતો ત્યારે અંતિમ દા'વત સ્વરૂપે હઝરત નૂહ અલૈ.એ તેને) પોકાર્યો અને તે (વહાણથી) અલગ સ્થળ ઉપર હતો કે "હે મારા વહાલા પુત્ર ! (વહાણમાં સવાર થઈ જવાની શરત ઈમાન છે સ્વીકારી લે અને જલદીથી) અમારી સાથે સવાર થઈ જા અને (અકીદહમાં) કાફિરોની સાથે ન થઈશ" (એટલે કે કુફ્રને છોડી દે કે ડૂબવાથી બચી જઈશ), તે કહેવા લાગ્યો કે હું હમણા કોઈ પહાડનો આશરો લઈ લઉં છું જે મને પાણી(માં ડૂબવા)થી બચાવી લેશે (કારણ કે તે સમયે હજુ તોફાનની શરૂઆત હતી, પહાડો ઉપર પાણી પહોંચ્યું ન હતું. હઝરત) નૂહ (અલૈ.)એ કહ્યું કે આજે અલ્લાહના ક્રોધથી કોઈ બચાવનાર નથી (ન તો પહાડ અને ન જ કોઈ અન્ય વસ્તુ) પરંતુ જેના ઉપર તે રહમ કરે (તો તે પોતે જ બચાવે. મતલબ કે કન્આન તે સમયે પણ ઈમાન ન લાવ્યો અને પાણી ખૂબ જોરશોરથી વધવા લાગ્યું હતું) અને બંને (બાપ-બેટા)ની વચ્ચે એક મોજું આવી ગયું બસ, તે (પણ કાફિરોની સાથે) ડૂબી ગયો અને (જ્યારે બધા કાફિરો ડૂબી ચૂક્યા તો) હુકમ થયો કે હે જમીન ! પોતાનું પાણી (જે તારી સપાટી ઉપર ઉપસ્થિત છે) શોષી લે અને હે આસમાન ! (વરસવાથી) થંભી જા; (એટલા માટે બંને હુકમો ઉપર અમલ થયો) અને પાણી ઓસરી ગયું અને કિસ્સો ખતમ થયો અને વહાણ જૂદી (પહાડ) ઉપર આવીને થોભ્યું અને કહેવામાં આવ્યું કે કાફિર લોકો રહમતથી દૂર !

મસ્અલા અને બોધપાઠ :

વહાણો અને અન્ય સવારીઓ ઉપર સવાર થવાના અદબો (શિષ્ટાચાર)

પ્રસ્તુત આયતોમાંથી પ્રથમ આયતમાં વહાણ અને સવારી ઉપર સવાર

થવાના અદબોનું શિક્ષણ આપવામાં આવ્યું, بِسْمِ اللّٰهِ مَجْرٖهَا وَمُرْسٰهَا કહીને સવાર થાઓ. مَجْرٖے (મજરે)નો અર્થ "ચાલુ રહેવું" અથવા "ચાલવું" થાય છે અને مُرْسٰی (મુરસા)નો અર્થ "રોકાવું" અથવા "થોભી જવું" થાય છે, અર્થ એ છે કે આ વહાણ અને સવારીનું ચાલવું પણ અલ્લાહ તઆલાની જ કુદરત અને તેના નામથી છે અને તેનું રોકાવું અને તેનું થોભવું પણ તેની જ કુદરતના તા'બા હેઠળ છે.

દરેક સવારીનું ચાલવું અને થોભવું માત્ર અલ્લાહ તઆલાની કુદરતથી જ છે :

માનવી જો થોડા ચિંતનથી કામ લે તો તેને જાણ થશે કે, વહાણ હોય અથવા જમીન ઉપર કોઈ ચાલનાર સવારી; ન તો તેનું ઉત્પન્ન કરવું તેની કુદરતમાં છે અને ન જ ચલાવવું કે થોભાવવું તેના સામર્થ્યમાં છે. માનવી પોતાની ઉપરછલ્લી નજરના કારણે એવું સમજી બેસે છે કે હું જ તેને બનાવું છું અને ચલાવું છું, જ્યારે કે વાસ્તવિકતા એ છે કે ન તો તેણે તે લોખંડ, લાકડું, પિત્તળ, ઍલ્યુમિનિયમ વગેરે પેદા કર્યું છે જે આ બધી સવારીઓનું મૂળ ભૌતિક તત્ત્વ છે અને ન જ એ તેના કાબૂમાં છે કે એક ગ્રામ લોખંડ અથવા એક ફૂટ લાકડું પેદા કરી શકે, પછી આ ભૌતિક તત્ત્વોથી જાત-જાતના યંત્રો બનાવવાની બુદ્ધિ અને સમજ માનવીએ પોતે પેદા કરી લીધી છે ? જો પોતે પેદા કરી લેવું માનવીના કાબૂમાં હોત તો દુનિયામાં કોઈ વ્યક્તિ મૂર્ખ કે મંદ બુદ્ધિનો ન હોત, દરેક વ્યક્તિ અફલાતુન અને અરસ્તુ બનવાનો પ્રયત્ન કરત ! ક્યાંનું લાકડું, ક્યાંનું લોઢું, ક્યાંના યંત્રો અને ઓજારોનો ઉપયોગ કરીને સવારીનો ઢાંચો પણ બની ગયો. હવે, આ મણબંધીને તણબંધી ભારે વજનને લઈને જમીન ઉપર દોડવું અથવા હવામાં ઉડવા માટે જે શક્તિ (પાવર)ની આવશ્યકતા છે તે ભલે પેટ્રોલથી પ્રાપ્ત થતી હોય અથવા હવા કે પાણીના ટકરાવથી વીજળી સ્વરૂપે પ્રાપ્ત થતી હોય, દરેક પરિસ્થિતિમાં વિચારવાની વાત એ છે કે તેમાં માનવીએ કઈ વસ્તુને પેદા કરી છે ? પેટ્રોલ તેણે પેદા કર્યું અથવા હવા ? પાણી તેણે બનાવ્યું ? તેમાં ઑક્સિજન- હાઈડ્રોજનની શક્તિ તેણે ઉત્પન્ન કરી ?

જો માનવી થોડી બુદ્ધિથી કામ લે તો તેને વિજ્ઞાનના આશ્ચર્યજનક અને તેની પ્રગતિના શિખર ઉપર બિરાજતા આ યુગમાં પણ પોતાની પરવશતા અને

લાચારીની અનુભૂતિ થશે અને એનો સ્વીકાર કર્યા વિના નહીં રહી શકે કે દરેક સવારીનું ચાલવું અને થોભવું બધું સૃષ્ટિના સર્જનહાર હક તઆલાના જ કબજામાં છે.

ગાફેલ મનુષ્ય પોતાની બાહ્ય જોડ-તોડની કળાને કે જેનું નામ વૈજ્ઞાનિક સંશોધનો છે તેના ઉપર ગર્વ અને મિથ્યાભિમાનના નશામાં એવો મસ્ત થઈ જાય છે કે વાસ્તવિક હકીકત દષ્ટિથી અદષ્ય થઈ જાય છે, અલ્લાહ તઆલા પોતાના પયગમ્બરો દ્વારા આ ગફલતના પડદાને દૂર કરે છે અને بِسۡمِ اللّٰهِ مَجۡرٖهَا وَمُرۡسٰهَا ની મૂળ હકીકત સામે લાવી દે છે, જોવામાં તો આ એક-બે વાક્યનો ટૂંકો ફકરો છે પરંતુ વિચાર કરવામાં આવે તો આ એક દરવાજાની કૂંચી અને કળ છે કે જે મનુષ્યને ભૌતિક દુનિયામાં રહેવા છતાં આધ્યાત્મિક દુનિયાનો નિવાસી બનાવે છે અને તેને સૃષ્ટિના અણુએ અણુમાં અલ્લાહની આશ્ચર્યજનક કળા-કારીગીરીના અસ્તિત્વનો જાત અનુભવ થવા લાગે છે.

અહીંયાંથી જ મો'મિનની દુનિયા અને કાફિરની દુનિયામાં તફાવત પડી જાય છે, સવારી ઉપર બંને સવાર થાય છે પરંતુ મો'મિનના કદમ જે સવારી ઉપર પડે છે તે તેનાથી ફક્ત જમીનની મુસાફરી પૂર્ણ નથી કરતો બલકે તેનો ઉપરની દુનિયા સાથે પણ સંબંધ જોડી આપે છે.

બીજી અને ત્રીજી આયતમાં બતાવવામાં આવ્યું કે, જ્યારે હઝરત નૂહ (અલૈ.)ના બધા બાળ-બચ્ચાં વહાણમાં સવાર થઈ ગયા પરંતુ એક પુત્ર જેનું નામ કનઆન કહેવામાં આવે છે સવાર થવાથી રહી ગયો ત્યારે બાપની લાગણીયુક્ત ભાવનાથી હઝરત નૂહ (અલૈ.)એ તેને પોકાર્યો કે, "હે મારા બેટા ! મારી સાથે વહાણમાં આવી જા, કાફિરોની સાથે રહીશ નહીં નહિતર ડૂબી જઈશ." આ પુત્ર કાફિરો અને દુશ્મનો સાથે સાંઠ-ગાંઠ ધરાવતો હતો અને વાસ્તવમાં કાફિર હતો પરંતુ લગભગ હઝરત નૂહ (અલૈ.)ને તેના કાફિર હોવાનું વિશ્વાસપૂર્વક જ્ઞાન ન હતું અને જો જ્ઞાન હતું તો કુફ્રથી તવબહ કરીને ઈમાન લાવવાની દા'વત સ્વરૂપે તેને વહાણમાં સવાર થવાનું અને કાફિરોનો સાથ છોડવાની શિખામણ આપવા માટે આવું કહ્યું, પરંતુ આ કમનસીબે તે સમયે પણ જળપ્રલયને હળવાશથી લીધો અને કહેવા લાગ્યો કે તમે ચિંતા ન કરો, હું પહાડ ઉપર ચઢીને જળપ્રલયથી બચી જઈશ. હઝરત નૂહ (અલૈ.)એ ફરી ચેતવણી

આપી કે જાલિમ ! કયા વિચારમાં રાચે છે ? આજે કોઈ ઊંચી ઈમારત અથવા પહાડ કોઈને પણ અલ્લાહના અઝાબથી બચાવનારું કોઈ નથી અને બચવાનું સ્વરૂપ એના સિવાય કંઈ નથી કે અલ્લાહ તઆલા જ તેના ઉપર રહમ ફરમાવે. બાપ-બેટાની આ વાતચીત ચાલી જ રહી હતી કે એક તોફાની મોજું આવ્યું અને બેટાને વહાવીને લઈ ગયું. ઐતિહાસિક રિવાયતોમાં છે કે હઝરત નૂહ (અલૈ.)ના તોફાનનું પાણી મોટા-મોટા પહાડોના શિખરોથી પંદર ગજ અને અમુક રિવાયતોના આધારે ચાલીસ ગજ ઊંચાઈ ઉપર હતું.

ચોથી આયતમાં જળપ્રલય પૂર્ણ થવાનો અને પરિસ્થિતિ સામાન્ય થવાનો ઉલ્લેખ આ પ્રમાણે કરવામાં આવ્યો છે કે, હક તઆલાએ પૃથ્વીને સંબોધન કરીને હુકમ આપ્યો, يٰٓـاَرْضُ ابْلَعِىْ مَآئَكِ "હે પૃથ્વી ! તું પોતાનું પાણી શોષી લે." ભાવાર્થ એ હતો કે જે પ્રમાણે પાણી ઊભર્યું હતું એટલા માટે તેને હુકમ આપવામાં આવ્યો કે પૃથ્વી તેને ફરીવાર પોતાની અંદર ઊતારી લે, આસમાનને હુકમ આપવામાં આવ્યો કે હવે પાણી વરસાવવાનું બંધ કરી આપે, તે જ પ્રમાણે જમીનમાંથી નીકળેલ પાણી ફરી જમીનમાં સમાઈ ગયું અને આસમાનથી પાણી વરસવાનું બંધ થઈ ગયું, આસમાનનું વરસેલું જેટલું પાણી જમીન ઉપર હતું તેને કુદરતે દરિયાઓ અને નહેરોનું સ્વરૂપ આપી દીધું જેથી માનવી લાભ ઉઠાવે.

(તફસીરે કુર્તુબી અને મઝહરી)

આ આયતમાં અલ્લાહ તઆલાએ આસમાન અને જમીનને સંબોધન કરીને હુકમો આપ્યા છે, જ્યારે કે જાહેર દૃષ્ટિમાં તે કોઈ સજીવ કે બુદ્ધિ ધરાવનાર પદાર્થો નથી, એટલા માટે અમુક લોકોએ તેને અલંકારિક સ્વરૂપે વર્ણન થયાનું બતાવ્યું છે પરંતુ ઘટના એમ છે કે આપણી દૃષ્ટિ અને આપણા ઈન્દ્રિય જ્ઞાનના આધારે દુનિયાના જેટલા પદાર્થો મૃત, નિર્જીવ અને બુદ્ધિહીન છે વાસ્તવમાં તે સૌ પોત-પોતાની રીતે સજીવ અને સમજ ધરાવતા પદાર્થો છે, અલબત્ત તેમની સમજ એ કક્ષામાં નથી કે જે કક્ષામાં મનુષ્ય વગેરે સજીવોને પ્રાપ્ત છે, એટલા માટે તેમને સમજ વિનાના ઠરાવીને શરીઅતના હુકમોના જવાબદાર બનાવવામાં આવ્યા નથી. કુર્આન મજીદની ઘણી બધી આયતો એ બાબતે સાક્ષી છે, જેમકે وَاِنْ مِّنْ شَىْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ એટલે કે, "કોઈ વસ્તુ એવી નથી કે જે અલ્લાહ તઆલાના વખાણ અને તસ્બીહ પઢતી ન હોય" (૧૭:૪૪) અને એ દેખીતું છે કે

અલ્લાહ તઆલાની તા'રીફ અને વખાણ તેના પરિચય ઉપર અવલંબિત છે અને પરિચય સમજદારી અને બુદ્ધિ ઉપર, આથી જાણ થઈ કે દરેક વસ્તુ ઉપર સમજ કે બુદ્ધિ પોત-પોતાના અસ્તિત્વ અનુસાર ઉપસ્થિત છે. (સજીવ-નિર્જીવ વ્યાખ્યાઓ અને સિદ્ધાંતો માનવસર્જિત છે.) તે પોતાની આ જ બુદ્ધિ અને સમજદારીથી પોતાના સર્જનહારને ઓળખે છે અને જે કામ માટે તેના પેદા કરનારાએ તેને લગાવી છે તેનું કામ તે ખૂબ સારી રીતે સમજે છે અને તેની પૂર્ણતામાં અચૂક રીતે મજબૂતીથી લાગેલ છે. કુર્આનની આયત اَعْطٰی کُلَّ شَیْءٍ خَلْقَهٗ ثُمَّ هَدٰی (૨૦:૫૦)નો આ જ અર્થ છે, એટલા માટે આ આયતમાં જો આસમાન અને જમીનના સંબોધનને વાસ્તવિક અર્થમાં સંબોધન ઠરાવવામાં આવે તો કોઈ વાંધો નથી, કારણ કે અલ્લામહ રૂમી (રહ.) ફરમાવે છે,

خاک وباد وآب وآتش زنده اند   با من وتو مرده باحق زنده اند

ચોથી આયતના અંતે ફરમાવ્યું કે, પૃથ્વી અને આસમાને અલ્લાહના હુકમનું પાલન કર્યું અને જળપ્રલયનો કિસ્સો સમાપ્ત થયો તથા હઝરત નૂહ (અલૈ.)નું વહાણ "જૂદી" પહાડ ઉપર થોભી ગયું અને અત્યાચારીઓને હંમેશા માટે "રહમતથી દૂર" કહેવામાં આવ્યા.

"જૂદી" પહાડ આજે પણ આ જ નામથી કાયમ છે, તેનું સ્થિતિ સ્થાન હઝરત નૂહ (અલૈ.)ના મૂળ વતન ઈરાક મૌસૂલના ઉત્તરે ઈબ્ને ઉમર ટાપુ નજીક આર્મેનિયાની સરહદ નજીક છે, આ એક પર્વતમાળા છે જેના એક ભાગનું નામ જૂદી છે, તેના જ એક ભાગને "અરારાત" કહેવામાં આવે છે. હાલની તવરાતમાં વહાણ થોભવાના સ્થળને "અરારાત" બતાવવામાં આવ્યું છે તે બંને રિવાયતોમાં કોઈ એવો મોટો ફરક નથી પરંતુ પ્રખ્યાત પ્રાચીન ઈતિહાસમાં પણ છે કે હઝરત નૂહ (અલૈ.)નું વહાણ "જૂદી" પહાડ ઉપર આવીને થોભ્યું હતું.

પ્રાચીન ઈતિહાસમાં એ પણ ઉપસ્થિત છે કે, ઈરાકના ઘણા બધા સ્થળોએ આ વહાણના ટૂકડાઓ આજે પણ મોજૂદ છે જેને બરકત સ્વરૂપે રાખવા અને ઉપયોગ કરવામાં આવે છે.

તફસીરે તબરી અને બગવીમાં છે કે, હઝરત નૂહ (અલૈ.) દશમી રજ્જબે વહાણ ઉપર સવાર થયા હતા, છ મહિના સુધી આ વહાણ જળપ્રલયમાં ચાલતું

રહ્યું, જ્યારે બયતુલ્લાહ શરીફના સ્થળે પહોંચ્યું તો સાત વખતે તવાફ કર્યો, અલ્લાહ તઆલાએ પોતાના ઘરને ઊંચું કરીને ડૂબવાથી બચાવી લીધું હતું, પછી દશ મુહર્રમ આશુરામાં તોફાન સમાપ્ત થઈને વહાણ જૂદી પર્વત ઉપર થોભ્યું. હઝરત નૂહ (અલૈ.)એ તે દિવસે શુક્રિયહનો રોઝો રાખ્યો અને વહાણમાં જેટલા વ્યક્તિઓ સાથે હતા બધાને રોઝો રાખવાનો હુકમ આપ્યો, અમુક રિવાયતોમાં છે કે વહાણના સવાર બધા પ્રાણીઓએ પણ તે દિવસે રોઝો રાખ્યો.

(મઝહરી અને કુર્તુબી)

આશુરાના દિવસનું એટલે કે દશમી મુહર્રમની તારીખનું મહત્ત્વ બધા જ અંબિયા (અલૈ.)ની શરીઅતમાં પ્રાચીન સમયથી ચાલ્યું આવે છે, શરૂઆતમાં ઈસ્લામમાં રમઝાનના રોઝા ફરજ થવાથી પહેલાં આશુરાનો રોઝો ફરજ હતો, રમઝાન માસના રોઝા ફરજ થવાનો હુકમ નાઝિલ થયા પછી તે ફરજ નથી પરંતુ સુન્નત અને મહાન સવાબ હંમેશા માટે છે.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૪૫ થી ૪૯)

وَنَادٰى نُوْحٌ رَّبَّهٗ فَقَالَ رَبِّ اِنَّ ابْنِیْ مِنْ اَهْلِیْ وَاِنَّ وَعْدَكَ الْحَقُّ وَاَنْتَ اَحْكَمُ
الْحٰكِمِیْنَ ﴿۴۵﴾ قَالَ یٰنُوْحُ اِنَّهٗ لَیْسَ مِنْ اَهْلِكَ ۚ اِنَّهٗ عَمَلٌ غَیْرُ صَالِحٍ ۖ فَلَا تَسْـَٔلْنِ
مَا لَیْسَ لَكَ بِهٖ عِلْمٌ ؕ اِنِّیْۤ اَعِظُكَ اَنْ تَكُوْنَ مِنَ الْجٰهِلِیْنَ ﴿۴۶﴾ قَالَ رَبِّ اِنِّیْۤ
اَعُوْذُ بِكَ اَنْ اَسْـَٔلَكَ مَا لَیْسَ لِیْ بِهٖ عِلْمٌ ؕ وَاِلَّا تَغْفِرْ لِیْ وَتَرْحَمْنِیْۤ
اَكُنْ مِّنَ الْخٰسِرِیْنَ ﴿۴۷﴾ قِیْلَ یٰنُوْحُ اهْبِطْ بِسَلٰمٍ مِّنَّا وَبَرَكٰتٍ عَلَیْكَ وَعَلٰۤی اُمَمٍ
مِّمَّنْ مَّعَكَ ؕ وَاُمَمٌ سَنُمَتِّعُهُمْ ثُمَّ یَمَسُّهُمْ مِّنَّا عَذَابٌ اَلِیْمٌ ﴿۴۸﴾ تِلْكَ مِنْ اَنْۢبَآءِ الْغَیْبِ
نُوْحِیْهَاۤ اِلَیْكَ ۚ مَا كُنْتَ تَعْلَمُهَاۤ اَنْتَ وَلَا قَوْمُكَ مِنْ قَبْلِ هٰذَا ۛؕ فَاصْبِرْ ۛؕ اِنَّ الْعَاقِبَةَ

لِلْمُتَّقِیْنَ ﴿۴۹﴾ ع

તરજુમો :

અને નૂહ (અલૈ.)એ પોતાના પરવરદિગારને પોકાર્યો, કહ્યું, હે પરવરદિગાર! મારો દિકરો મારા ઘરવાળાઓમાં છે અને નિઃશંક તારો વાયદો સાચો છે અને તું સૌથી મોટો હાકિમ છે. (૪૫) કહ્યું, હે નૂહ (અલૈ.)! તે તારા ઘરવાળાઓમાં નથી, તેના અમલ ખરાબ છે; બસ, મને એ ન પૂછો જે તમને ખબર નથી, હું તમને નસીહત કરું છું કે (રખેને) તમે જાહિલોમાંથી ન થઈ જાઓ. (૪૬) બોલ્યા, હે પરવરદિગાર ! હું તારું શરણ લઉં છું એનાથી કે તને પૂછું જે મને ખબર ન હોય અને જો તું મને મા'ફ નહીં કરે અને રહમ નહીં કરે તો હું નુકસાનવાળાઓમાં થાઊં. (૪૭) હુકમ થયો, હે નૂહ (અલૈ.)! સલામતીની સાથે ઊતરો અમારા તરફથી અને બરકતોની સાથે તમારા ઉપર અને તે સમુદાયો ઉપર જે તમારી સાથે છે અને બીજા સમુદાયો છે કે અમે તેમને લાભ આપીશું પછી તેમને અમારા તરફથી દર્દનાક અઝાબ પહોંચશે. (૪૮) આ બધી વાતો ગયૂબની ખબરોની છે કે અમે તમારા તરફ મોકલીએ છીએ, ન તો તમને તેની ખબર હતી અને ન જ આનાથી પહેલાં તમારી કોમને, બસ તમે સબ્ર કરો અલબત્ત ડરનારાઓ માટે પરિણામ ભલું છે. (૪૯)

તફસીર :

અને (જ્યારે) નૂહ (અલૈ.)એ (કન્આનને ઈમાન લાવવા માટે કહ્યું અને તેણે ન માન્યું તો તેના ડૂબતાં પહેલાં એ આશાએ કે કદાચ અલ્લાહ તઆલા પોતાની કુદરતથી તેના દિલમાં ઈમાન સ્થાપિત કરે અને તે ઈમાન લઈ આવે એટલા માટે) પોતાના પરવરદિગારને વિનંતી કરીને કહ્યું, હે મારા પરવરદિગાર ! તે મારા ઘરવાળાઓ માંહેનો છે અને તારો (આ) વાયદો બિલકુલ સાચો છે (કે ઘરવાળાઓ જે ઈમાનવાળા છે તેમને તું બચાવી લઈશ) અને (ભલે તે ઈમાનવાળો નથી અને છુટકારાનો હકદાર નથી પરંતુ) તું અહકમુલ હાકિમીન (અને મહાન કુદરતવાળો) છે (જો તું ઈચ્છે તો તેને મો'મિન બનાવી આપે જેથી તે પણ તે સત્ય વાયદાનો હકદાર થઈ જાય. ખુલાસો એ છે કે હઝરત નૂહ અલૈ.એ તેના મો'મિન થઈ જવા માટે દુઆ કરી હતી) અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો કે હે નૂહ (અલૈ.) ! આ વ્યક્તિ (અમારા જ્ઞાનમાં) તમારા (તે)

ઘરવાળાઓ માંહેનો નથી (જેઓ ઈમાન લાવીને છુટકારો પામશે, એટલે કે તેની કિસ્મતમાં ઈમાન જ નથી બલકે) તે (તેના અંત સુધી) નાશવંત (એટલે કે કાફિર રહેનારો) છે, બસ મારાથી એવી વસ્તુની દરખાસ્ત ન કરો જેની તમને ખબર નથી (એટલે કે એ બાબતની દુઆ ન કરો) હું તમને નસીહત કરું છું કે તમે નાદાનોમાંથી ન થઈ જાઓ, નૂહ (અલૈ.)એ વિનંતી કરી કે હું તારી પનાહ માંગું છું (હવે પછી) તેનાથી કે હું આવા કૃત્યની દરખાસ્ત કરું જેની મને ખબર ન હોય અને (અગાઉ કરેલી દરખાસ્ત મા'ફ કરી આપો, કારણ કે) જો તું મને મા'ફ નહીં કરે અને મારા ઉપર રહમ નહીં કરે તો હું બિલકુલ નુકસાન ઉઠાવનારા માંહેનો થઈ જઈશ (જ્યારે જૂદી પર્વત ઉપર વહાણ થોભ્યા પછી અમુક દિવસે પાણી બિલકુલ ઊતરી ગયું તે સમયે હઝરત નૂહ અલૈ.ને) કહેવામાં આવ્યું, (એટલે કે અલ્લાહ તઆલાએ પોતે કોઈ ફરિશ્તા દ્વારા ઈરશાદ ફરમાવ્યો) કે હે નૂહ ! (અલૈ. હવે જૂદી ઉપરથી જમીન ઉપર) ઊતરો અમારા તરફથી સલામ અને બરકત લઈને જે તમારા ઉપર નાઝિલ થશે અને તે સમૂહો ઉપર જે તમારી સાથે છે (કારણ કે સાથેવાળા બધા મુસલમાન હતા અને આ બાંહેધરીમાં કયામત સુધીના મુસલમાનો સામેલ છે તેમના ઉપર પણ સલામતી અને બરકતો થવાની જાણ થઈ ગઈ) અને (કારણ કે તે સમયના મુસલમાનો પછી આવનાર મુસલમાનો ઉપર પણ બરકતો નાઝિલ થવાની આ દલીલ છે અને અમુક પાછળથી આવનારા લોકોમાં કાફિરોના સમૂહો પણ હશે તેમના માટે તેમનો હાલ પણ વર્ણન કરું છું કે) ઘણા એવા સમૂહો પણ હશે કે અમે તેમને (દુનિયામાં) અમુક દિવસ રાહતો આપીશું પછી (આખિરતમાં) તેમના ઉપર અમારા તરફથી સખત સજા થશે; આ કિસ્સો (તમારા આધારે) ગયૂબની ખબરોમાંથી છે જેને અમે વહી દ્વારા આપ (ﷺ)ને પહોંચાડીએ છીએ, આ (ઘટના)ને તે (અમારા બતાવવા)થી પહેલા ન તો તમે જાણતા હતા અને ન જ તમારી કોમ (જાણતી હતી એટલા માટે કે તે ગયૂબ હતું અને વહી સિવાય જાણકારીનો અન્ય સ્ત્રોત બેશક અધૂરા હોવાનું સાબિત થઈ ગયું કે તમને આ વહી દ્વારા જાણકારી આપવામાં આવી છે અને આ જ નુબુવ્વત છે પરંતુ આ લોકો નુબુવ્વતની સાબિતી પછી પણ તમારો વિરોધ કરે છે) બસ, સબ્ર કરો (જેમકે આ ઘટનામાં હઝરત નૂહ અલૈ.એ સબ્ર કર્યાની આપને જાણકારી આપવામાં આવી છે) બેશક ! અલ્લાહથી ડરનાર

લોકોનો અંજામ સારો જ હોય છે (જેમકે હઝરત નૂહ અલૈ.ના કિસ્સામાં જાણકારી પ્રાપ્ત થઈ કે કાફિરોનો અંજામ બુરો આવ્યો અને મુસલમાનોનું પરિણામ સારું આવ્યું, એ જ પ્રમાણે આ કાફિરોનો અમુક દિવસોનો શોર-બકોર છે પછી અંતે વિજય સત્યનો જ થશે).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ હૂદ (અલૈ.)ની પ્રસ્તુત પાંચ આયતોમાં હઝરત નૂહ (અલૈ.)ના જળપ્રલયની બાકીની ઘટના અને તેના સંદર્ભમાં અમુક સૂચનાઓ ઉપસ્થિત

હઝરત નૂહ (અલૈ.)નો દિકરો કનઆન જયારે પોતાના પિતાની શિખામણ અને આમંત્રણ છતાં વહાણમાં સવાર ન થયો ત્યારે તેને ઉછળતા મોજામાં ડૂબતો જોઈને પિતા તરીકેની લાગણીએ એક બીજો માર્ગ અપનાવ્યો કે, તેમણે અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બારગાહમાં વિનંતી કરી કે તેં મને વાયદો કર્યો છે કે, મારા ઘરવાળાઓને તોફાનથી બચાવીશ અને નિઃશંક ! તારો વાયદો સાચો અને ખરો છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે મારો દિકરો જે મારા ઘરવાળાઓમાં સામેલ છે તે તોફાનમાં ડૂબી રહ્યો છે અને તું હાકિમોનો હાકિમ છે, દરેક વસ્તુ તારા કાબૂમાં છે, હજુપણ તું તેને આ જળપ્રલયથી બચાવી શકે છે.

બીજી આયતમાં અલ્લાહ તઆલા તરફથી તેના જવાબમાં હઝરત નૂહ (અલૈ.)ને ચેતવણી આપવામાં આવી કે, આ દિકરો તમારા ઘરવાળાઓમાં સામેલ નથી રહ્યો, કારણ કે તેણે સારા કૃત્યો કર્યા નથી બલકે તે નાશ પામવા લાયક છે, એટલા માટે તમારે એ હકીકતથી અજ્ઞાન રહીને મને કોઈ સવાલ કરવો ન જોઈએ, અમે તમને શિખામણ આપીએ છીએ કે નાદાનોમાં સામેલ ન થઈ જાઓ. અલ્લાહ તઆલાના આ ફરમાનથી બે બાબતોની જાણ થાય છે, પ્રથમ એ કે હઝરત નૂહ (અલૈ.)ને તેમના દિકરાના કુફ્રની સંપૂર્ણ પરિસ્થિતિની જાણ ન હતી, તેના નિફાકનાં કારણે તેઓ તેને મુસલમાન જ સમજતા હતા એટલા માટે તેને પોતાના કુટુંબનો એક વ્યક્તિ ઠરાવીને પ્રલયથી બચાવવાની દુઆ કરી બેઠા, નહિતર જો તેમને વાસ્તવિકતાની ખબર હોત તો તેઓએ એવી દુઆ ન કરી હોત, કારણ કે તેમને સ્પષ્ટ રીતે પ્રથમથી જ એ સૂચના આપવામાં આવી હતી કે જયારે તોફાન આવી જાય તો પછી તમે આ બળવાખોરોમાંથી કોઈના વિશે કોઈ

ભલામણની વાતચીત ન કરશો, જેમકે પાછળની આયતોમાં આવી ચૂક્યું છે. فَلَاتُخَاطِبْنِيْ فِي الَّذِيْنَ ظَلَمُوْا، اِنَّهُمْ مُّغْرَقُوْنَ આ સ્પષ્ટ અને ખુલ્લા હુકમ પછી એ અશક્ય હતું કે અલ્લાહના પયગમ્બર તેના વિરુદ્ધ કરવાથી હિંમત કરે, ફક્ત એ સંભાવના બાકી રહે છે જેનો ખુલાસો ઉપર તફસીરમાં લેવામાં આવ્યો છે કે, આ દુઆનો હેતુ તે દિકરાના મો'મિન થઈ જવાની દુઆ છે, એવું નથી કે તેને હાલની પરિસ્થિતિમાં માત્ર તોફાનથી બચાવવામાં આવે પરંતુ હઝરત નૂહ (અલૈ.)ને તેના કુફ્રની અજ્ઞાનતા અને તે આધારે તેના છુટકારાની દુઆને પણ અલ્લાહ તઆલાએ યોગ્ય કારણ ઠરાવ્યું નહીં અને એટલા માટે ચેતવણી આપવામાં આવી કે, જાણ્યા વિના આવી દુઆ કેમ કરી ? અને આ પયગમ્બરની શાનમાં એક એવી લગઝિશ છે જેને હઝરત નૂહ (અલૈ.) તે સમયે પણ પોતાની ત્રુટી તરીકે રજૂ કરશે જ્યારે કે મહશરમાં અલ્લાહની સમગ્ર મખ્લૂક તેમની પાસે સિફારસ કરાવવાની દરખાસ્ત કરશે ત્યારે તેઓ ફરમાવશે કે મારાથી એક એવી લગઝિશ થઈ ચૂકી છે જેથી હું સિફારસની હિંમત કરી શકતો નથી.

કાફિરો અને જાલિમો માટે દુઆ જાઇઝ નથી :

એટલા માટે એક મસ્અલા વિશે એ પણ જાણ થઈ કે, દુઆ કરવા માટે એ જરૂરી છે કે દુઆ કરનાર પ્રથમ એવું જાણી લે કે તે જે કામની દુઆ કરી રહ્યો છે તે જાઇઝ અને હલાલ છે કે નહીં ? શંકાસ્પદ પરિસ્થિતિ (કોઈ વસ્તુ હલાલ છે કે હરામ જ્યારે એ બાબતે શંકા હોય ત્યારે તેના) વિશે દુઆ કરવાની મનાઈ કરવામાં આવી છે. તફસીરે રૂહુલ મઆનીમાં કાઝી બયઝાવી (રહ.)ના હવાલાથી વર્ણન કરવામાં આવ્યું કે, જ્યારે આ આયતથી શંકાસ્પદ પરિસ્થિતિ વિશે દુઆ કરવાની મનાઈ હોવાની જાણ થઈ ગઈ તો જે બાબત નાજાઇઝ અને હરામ હોવાની જાણ હોય તેના માટે દુઆ કરવી તો નાજાઇઝ હોવું સ્પષ્ટ રીતે સાબિત થઈ ગયું.

આથી જાણ થઈ કે આજકાલના મશાઇખમાં જે આ સામાન્ય રિવાજ થઈ ગયો છે કે જે કોઈ વ્યક્તિ દુઆ માટે આવ્યો તો તેના માટે હાથ ઉઠાવી લીધા અને દુઆ કરી આપી, જ્યારે કે મોટા ભાગે તેમને એવી ખબર પણ હોય છે કે તેઓ જે મુકદમા માટે દુઆ કરાવી રહ્યા છે તેમાં તે પોતે સત્ય ઉપર નથી અથવા જાલિમ છે અથવા કોઈ એવા હેતુ માટે દુઆ કરાવી રહ્યો છે જે તેના માટે હલાલ નથી,

કોઈ એવી નોકરી અથવા હોદ્દો છે જેમાં આ વ્યક્તિ હરામમાં સપડાશે અથવા કોઈનો હક દબાવીને પોતાના હેતુમાં સફળ થઈ શકશે.

એવી દુઆઓ પરિસ્થિતિની જાણ હોવાના સ્વરૂપમાં તો હરામ અને નાજાઈઝ તો છે જ; જો પરિસ્થિતિ શંકાસ્પદ હોય તો વાસ્તવિકતા જાણ્યા સિવાય અથવા સમગ્ર ઘટનાના જાઈઝ હોવાની જાણકારી મેળવ્યા સિવાય દુઆ કરવી યોગ્ય નથી.

મો'મિન અને કાફિરમાં ભાઈ-ભાઈનો સંબંધ સ્થાપિત નથી થઈ શકતો, વતન અથવા જ્ઞાતિના આધારે કવમિય્યતનો પાયો મૂળેથી ઇસ્લામ વિરુદ્ધ બળવો છે :

આ ઘટનાથી બીજા મસ્અલાની જાણ થઈ કે, મો'મિન અને કાફિર વચ્ચે ભલે રિશ્તો લોહીનો હોય પરંતુ દીની ને સામૂહિક બાબતોમાં આ સગપણનો કોઈ પ્રભાવ નહીં પડે, કોઈ વ્યક્તિ કેટલોય ઉચ્ચ જ્ઞાતિનો હોય, કેટલાય મોટા બુઝુર્ગનું સંતાન હોય, એટલે સુધી કે સય્યિદુલ અંબિયા ﷺની અવલાદમાં સામેલ હોવાની પ્રતિષ્ઠા ધરાવતો હોય પરંતુ જો તે મો'મિન નથી તો દીની બાબતોમાં તેના ઉચ્ચ જ્ઞાતિના હોવાને અને નબી ﷺના સગપણને કોઈ ગણતરીમાં લેવામાં આવશે નહીં, બધી જ દીની બાબતોનો આધાર ઈમાન અને નેક કાર્યો તથા તકવા ઉપર છે, જે નેક અને મુત્તકી છે તે પોતાનો છે, જે એવો નથી તે પારકો છે.

ہزار خویش کہ بیگانہ از خدا باشد فدائے یک تن بیگانہ کاشنا باشد

જો દીની બાબતોમાં આ સગપણને ગણતરીમાં લેવામાં આવી હોત તો બદ્ર અને ઉહદના મેદાનોમાં ભાઈની તલવાર ભાઈ ઉપર ન ચાલી હોત. બદ્ર, ઉહદ અને અહઝાબના યુદ્ધોમાં તો સઘળા એક જ કુટુંબના વ્યક્તિઓ સામ-સામે હતા, આથી સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે ઈસ્લામી કવમિય્યત અને બિરાદરી લોહીના સંબંધ અથવા પ્રદેશ કે ભાષાની એકતાઓ ઉપર આધારિત નથી, બલકે ઈમાન અને અમલ ઉપર આધારિત છે. ઈમાનવાળો ભલે કોઈપણ પ્રદેશનો વતની હોય અને કોઈપણ કુટુંબનો વ્યક્તિ હોય અથવા ગમે તે ભાષા બોલતો હોય, સૌ એક જ કોમ એક જ બિરાદરી છે. اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ (૪૦:૧૦)નો આ જ અર્થ છે

અને જે ઈમાન અને નેક કાર્યોથી વંચિત છે તે ઈસ્લામી બિરાદરીનો સભ્ય નથી, કુર્આને કરીમે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.)ના મુખે આ વાસ્તવિકતાને ખૂબ સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરાવી છે. اِنَّا بُرَآؤُا مِنْكُمْ وَمِمَّا تَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ "અમે તમારાથી પણ અળગા છે અને તમારા મઅ્બૂદોથી પણ." (૬૦:૪)

આ મસ્અલામાં મુજ નાચીઝે દીની બાબતોની શરત એટલા માટે લગાવી છે કે દુનિયવી બાબતોમાં સારો વ્યવહાર, સારો વર્તાવ તથા ઉપકાર અને દયાની વર્તણૂક કરવી એક અલગ બાબત છે, તે કોઈ નેક વ્યક્તિ ન હોય તેની સાથે પણ જાઈઝ બલકે શ્રેષ્ઠ અને સવાબનું કાર્ય છે. રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ના ગેરમુસ્લિમો સાથેના અહેસાન અને સારી વર્તણૂકના અસંખ્ય કિસ્સાઓ આ બાબતે ગવાહ છે.

આજકાલ વતન, ભાષા અથવા તો વંશના આધારો ઉપર કવમિય્યતની જે ઈમારત ચણવામાં આવે છે, જેમકે અરબ બિરાદરી એક કોમ, હિંદી, સિંધી બીજી કોમ ઠરાવવામાં આવે છે તે સુન્નતના વિરુદ્ધ અને રસૂલે કરીમ ﷺના રાજકીય સિદ્ધાંતોથી બળવો પોકારવા સમાન છે.

ત્રીજી આયતમાં હઝરત નૂહ (અલૈ.) તરફથી જે કારણ રજુ કરવામાં આવ્યું છે તેનું વર્ણન છે જેનો ખુલાસો અલ્લાહ રબ્બુલ ઈજ્જત તરફ રુજૂઅ્ થવું તથા આજિઝી અને કાકલૂદી કરવી તથા ખોટા કાર્યોથી બચવા માટે અલ્લાહ તઆલાનું જ શરણ લેવાની દુઆ અને પછી પાછલી ભૂલોની મા'ફી માંગવી તથા મગફિરત અને રહમતની દરખાસ્ત છે.

એનાથી જાણ થઈ કે માનવીથી જો કોઈ ભૂલ થઈ જાય તો હવે પછી આવનારા સમયમાં તેનાથી બચવા માટે માત્ર પોતાના ઈરાદા અને નિર્ધાર ઉપર ભરોસો ન કરે બલકે, અલ્લાહ તઆલાના શરણે જાય અને એવી દુઆ માંગે કે યા અલ્લાહ ! તું જ મને ભૂલો અને ગુનાહોથી બચાવી શકે છે.

ચોથી આયતમાં જળપ્રલયના કિસ્સાનો અંત એ રીતે વર્ણન કર્યો છે કે જ્યારે તોફાન સમાપ્ત થઈ ચૂક્યું અને હઝરત નૂહ (અલૈ.)નું વહાણ "જૂદી પહાડ" ઉપર થોભી ગયું તથા પૃથ્વી ઉપરનું પાણી પૃથ્વીએ શોષી લીધું તથા આસમાનનું બાકી બચેલું પાણી નહેરો અને દરિયાઓ સ્વરૂપે સુરક્ષિત થઈ ગયું

જેના પરિણામે પૃથ્વી માનવ વસવાટ માટે યોગ્ય બની ગઈ ત્યારે હઝરત નૂહ (અલૈ.)ને કહેવામાં આવ્યું કે હવે તમે પહાડ ઉપરથી જમીન ઉપર ઊતરો અને કોઈ ફિકર–ચિંતા ન કરો, કારણ કે તમારા ઉપર અમારા તરફથી સલામતી અને બરકતો થશે, એટલે કે આફતો અને મુસીબતોથી સલામતી થશે અને માલ તથા અવલાદમાં વધારો અને બરકત થશે.

આ ઈરશાદ પ્રમાણે તોફાન પછી દુનિયામાં સમગ્ર માનવ વસવાટ હઝરત નૂહ (અલૈ.)ની અવલાદ છે. કુર્આને બીજી જગ્યાએ ઈરશાદ ફરમાવ્યું છે, وَجَعَلْنَا ذُرِّيَّتَهُ هُمُ الْبٰقِيْنَ (૩૭:૭૭) એટલે કે, આ ઘટના પછી દુનિયામાં બાકી રહેનાર બધી કોમો માત્ર હઝરત નૂહ (અલૈ.)નો જ વંશ અને અવલાદ હશે, આથી હઝરત નૂહ (અલૈ.)ને ઈતિહાસકારોએ "આદમે ષાની" (બીજા આદમ) કહ્યા છે.

પછી આ સલામતી અને બરકતનો વાયદો જે હઝરત નૂહ (અલૈ.)ને કરવામાં આવ્યો છે તે માત્ર તેમની જાત સુધી મર્યાદિત નથી બલકે કહેવામાં આવ્યું છે, وَعَلٰۤى اُمَمٍ مِّمَّنْ مَّعَكَ એટલે કે, જે ઉમ્મતો અને જમાઅતો તમારી સાથે વહાણમાં સવાર છે તેમના ઉપર પણ અલ્લાહ તઆલા તરફથી સલામતી અને બરકત ઊતરશે. હઝરત નૂહ (અલૈ.) સાથે વહાણમાં સવાર થનારાઓને આયતમાં اُمَم (ઉમમ્)ના શબ્દથી ઓળખાવવામાં આવ્યા છે જે اُمَّة (ઉમ્મહ)નું બહુવચન છે, જેનો ભાવાર્થ એ છે કે આ વહાણમાં સવાર થનારા વિવિધ કોમો અને ઉમ્મતો ઉપર આધારિત છે જ્યારે કે અગાઉ જાણ થઈ ચૂકી છે કે વહાણમાં સવાર થનાર મોટા ભાગના લોકો હઝરત નૂહ (અલૈ.)ના કુટુંબના લોકો હતા અને ગણતરીના થોડા બીજા મો'મિનો પણ હતા તો આ લોકોને વિવિધ ઉમ્મતો અને કોમો એ આધારે કહેવામાં આવ્યા છે કે તેમની આવનારી પેઢીઓમાં વિવિધ ઉમ્મતો અને કોમો થશે. એનાથી જાણ થઈ કે اُمَمٍ مِّمَّنْ مَّعَكَ ના શબ્દોમાં તે બધા જ માનવવંશો સામેલ છે જે કયામત સુધી પેદા થશે.

એટલા માટે એ બાબતની આવશ્યકતા ઊભી થઈ કે, સલામતી અને બરકતના વિષયમાં સ્પષ્ટતા કરવામાં આવે, કારણ કે કયામત સુધી આવનારી માનવજાતિની પેઢીઓમાં મો'મિન પણ હશે તો મો'મિન માટે તો સલામતી અને બરકત પોતાના સામાન્ય ભાવાર્થના આધારે તો બરાબર છે કે, દુનિયામાં પણ

તેમને સલામતી અને બરકત પ્રાપ્ત થશે અને આખિરતમાં પણ પરંતુ આ જ પેઢીના જે કાફિરો હશે તેઓ તો જહન્નમના કાયમી અઝાબમાં સપડાશે, તેમને સલામતી અને બરકતના હકદાર ઠરાવવા કઈ રીતે યોગ્ય હોઈ શકે ? એટલા માટે આયતના અંતે ફરમાવ્યું, وَاُمَمٌ سَنُمَتِّعُهُمْ ثُمَّ يَمَسُّهُمْ مِّنَّا عَذَابٌ اَلِيْمٌ એટલે કે, દુનિયાની સલામતી અને બરકત તો અલ્લાહ તઆલાનું જાહેર દસ્તરખ્વાન છે જેમાં દોસ્ત અને દુશ્મન બધા જ ખાય-પીએ છે, તેમાં તે લોકો પણ સામેલ હશે જેઓ હઝરત નૂહ (અલૈ.)ની અવલાદમાં કુફ્ર અપનાવશે પરંતુ આખિરતનો છુટકારો અને સફળતા ફક્ત મો'મિનો માટે ખાસ છે, કાફિરોને તેમના સારા કૃત્યોનો બદલો દુનિયામાં જ આપી-અપાવીને ફારેગ કરવામાં આવશે અને આખિરતમાં તેમના માટે અઝાબ સિવાય કંઈ હશે નહીં.

હઝરત નૂહ (અલૈ.)ના પ્રલયની આ વિગત રસૂલે કરીમ ﷺને વહી દ્વારા જાણ કરાવીને તેમની કોમને સંભળાવી તો આ ઘટના પોતે રસૂલે કરીમ ﷺના સત્ય નબી હોવાની એક સાક્ષી બની ગઈ, તેના ઉપર ધ્યાન દોરવા માટે પાંચમી આયતમાં ઈરશાદ થયો કે હઝરત નૂહ (અલૈ.) અને તેમના તોફાનની ઘટના આ ગયૂબની ખબરો છે જેને ન તો તમે પ્રથમથી જાણતા હતા અને ન જ તમારી અરબ કોમ તેનાથી વાકેફ હતી, આપ ﷺએ તેમને બતાવ્યું તો તેનો સ્ત્રોત એના સિવાય શું હોઈ શકે છે કે તે માત્ર અલ્લાહની વહી દ્વારા તમને બતાવવામાં આવ્યું છે, કારણ કે જો તમારી કોમના લોકો ભણેલા-ગણેલા અને વિશ્વના ઈતિહાસની જાણકારી રાખનારા હોત તો એ કલ્પના પણ કરી શકાતી હતી કે, તમે તે લોકો પાસેથી સાંભળીને આ ઘટનાઓ વર્ણન કરી આપી છે પરંતુ જ્યારે કે સમગ્ર કોમ પણ આ ઘટનાઓથી અજાણ હતી અને તમે શિક્ષણ પ્રાપ્ત કરવા માટે ક્યારેય કોઈ બીજા દેશનો પ્રવાસ કર્યો નથી તો આ ખબરનો એક માત્ર માર્ગ અને સ્ત્રોત વહી હોવાનું સાબિત થઈ ગયું જે નબી અને પયગમ્બરે બરહક હોવાની સ્પષ્ટ દલીલ છે.

અંતિમ આયતમાં રસૂલે કરીમ ﷺને તસલ્લી આપવા માટે ફરમાવવામાં આવ્યું કે, તમારી નુબુવ્વત અને રિસાલત ઉપર સૂર્યથી વધારે પ્રકાશિત દલીલો સાબિત થઈ ચૂકી હોવા છતાં પણ જો અમુક કમનસીબ બદ્‌બખ્ત લોકો ન માને અને તમારી સાથે વાદ-વિવાદ કરતા રહે તો તમારે તમારાથી અગાઉ થઈ ચૂકેલા

પયગમ્બર હઝરત નૂહ (અલૈ.)ના જીવનચરિત્રને જોવું જોઈએ કે, તેમણે સમગ્ર એક હજાર વર્ષોની લાંબી ઉંમર તેમના ત્રાસ અને પીડાઓ વેઠવામાં પસાર કરી દીધી અને છતાં જે પ્રમાણે તેમણે ધૈર્ય દાખવ્યું તમે પણ એવા જ ધૈર્યથી કામ લો, કારણ કે એ બાબત નક્કી છે કે અંતે સફળતા મુત્તકી (અલ્લાહથી ડરનાર) લોકોને જ મળે છે.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૫૦ થી ૬૮)

وَاِلٰى عَادٍ اَخَاهُمْ هُوْدًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ اِنْ اَنْتُمْ اِلَّا
مُفْتَرُوْنَ ﴿۵۰﴾ يٰقَوْمِ لَاۤ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا ؕ اِنْ اَجْرِىَ اِلَّا عَلَى الَّذِىْ فَطَرَنِىْ ؕ اَفَلَا
تَعْقِلُوْنَ ﴿۵۱﴾ وَيٰقَوْمِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْۤا اِلَيْهِ يُرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا
وَّيَزِدْكُمْ قُوَّةً اِلٰى قُوَّتِكُمْ وَلَا تَتَوَلَّوْا مُجْرِمِيْنَ ﴿۵۲﴾ قَالُوْا يٰهُوْدُ مَا جِئْتَنَا بِبَيِّنَةٍ وَّمَا نَحْنُ
بِتَارِكِىْۤ اٰلِهَتِنَا عَنْ قَوْلِكَ وَمَا نَحْنُ لَكَ بِمُؤْمِنِيْنَ ﴿۵۳﴾ اِنْ نَّقُوْلُ اِلَّا اعْتَرٰىكَ بَعْضُ اٰلِهَتِنَا
بِسُوْٓءٍ ؕ قَالَ اِنِّىْۤ اُشْهِدُ اللّٰهَ وَاشْهَدُوْۤا اَنِّىْ بَرِىْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿۵۴﴾ مِنْ دُوْنِهٖ فَكِيْدُوْنِىْ
جَمِيْعًا ثُمَّ لَا تُنْظِرُوْنِ ﴿۵۵﴾ اِنِّىْ تَوَكَّلْتُ عَلَى اللّٰهِ رَبِّىْ وَرَبِّكُمْ ؕ مَا مِنْ دَآبَّةٍ اِلَّا هُوَ اٰخِذٌۢ بِنَا
صِيَتِهَا ؕ اِنَّ رَبِّىْ عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿۵۶﴾ فَاِنْ تَوَلَّوْا فَقَدْ اَبْلَغْتُكُمْ مَّاۤ اُرْسِلْتُ بِهٖۤ اِلَيْكُمْ ؕ
وَيَسْتَخْلِفُ رَبِّىْ قَوْمًا غَيْرَكُمْ ۚ وَلَا تَضُرُّوْنَهٗ شَيْـًٔا ؕ اِنَّ رَبِّىْ عَلٰى كُلِّ شَىْءٍ حَفِيْظٌ ﴿۵۷﴾ وَلَمَّا
جَآءَ اَمْرُنَا نَجَّيْنَا هُوْدًا وَّالَّذِيْنَ اٰمَنُوْا مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا ۚ وَنَجَّيْنٰهُمْ مِّنْ عَذَابٍ غَلِيْظٍ ﴿۵۸﴾
وَتِلْكَ عَادٌ ۛ جَحَدُوْا بِاٰيٰتِ رَبِّهِمْ وَعَصَوْا رُسُلَهٗ وَاتَّبَعُوْۤا اَمْرَ كُلِّ جَبَّارٍ
عَنِيْدٍ ﴿۵۹﴾ وَاُتْبِعُوْا فِىْ هٰذِهِ الدُّنْيَا لَعْنَةً وَّيَوْمَ الْقِيٰمَةِ ؕ اَلَاۤ اِنَّ عَادًا كَفَرُوْا رَبَّهُمْ ؕ
اَلَا بُعْدًا لِّعَادٍ قَوْمِ هُوْدٍ ﴿۶۰﴾ وَاِلٰى ثَمُوْدَ اَخَاهُمْ صٰلِحًا ۘ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ

مِّنْ إِلٰهٍ غَيْرُهُ ۖ هُوَ أَنشَأَكُم مِّنَ الْأَرْضِ وَاسْتَعْمَرَكُمْ فِيهَا فَاسْتَغْفِرُوهُ ثُمَّ تُوبُوا

إِلَيْهِ ۚ إِنَّ رَبِّي قَرِيبٌ مُّجِيبٌ ﴿٦١﴾ قَالُوا يَا صَالِحُ قَدْ كُنتَ فِينَا مَرْجُوًّا قَبْلَ هٰذَا

أَتَنْهَانَا أَن نَّعْبُدَ مَا يَعْبُدُ آبَاؤُنَا وَإِنَّنَا لَفِي شَكٍّ مِّمَّا تَدْعُونَا إِلَيْهِ مُرِيبٍ ﴿٦٢﴾ قَالَ

يَا قَوْمِ أَرَأَيْتُمْ إِن كُنتُ عَلَىٰ بَيِّنَةٍ مِّن رَّبِّي وَآتَانِي مِنْهُ رَحْمَةً فَمَن يَنصُرُنِي مِنَ اللَّهِ

إِنْ عَصَيْتُهُ ۖ فَمَا تَزِيدُونَنِي غَيْرَ تَخْسِيرٍ ﴿٦٣﴾ وَيَا قَوْمِ هٰذِهِ نَاقَةُ اللَّهِ لَكُمْ

آيَةً فَذَرُوهَا تَأْكُلْ فِي أَرْضِ اللَّهِ وَلَا تَمَسُّوهَا بِسُوءٍ فَيَأْخُذَكُمْ عَذَابٌ قَرِيبٌ ﴿٦٤﴾

فَعَقَرُوهَا فَقَالَ تَمَتَّعُوا فِي دَارِكُمْ ثَلَاثَةَ أَيَّامٍ ۖ ذٰلِكَ وَعْدٌ غَيْرُ مَكْذُوبٍ ﴿٦٥﴾ فَلَمَّا

جَاءَ أَمْرُنَا نَجَّيْنَا صَالِحًا وَالَّذِينَ آمَنُوا مَعَهُ بِرَحْمَةٍ مِّنَّا وَمِنْ خِزْيِ يَوْمِئِذٍ ۗ إِنَّ

رَبَّكَ هُوَ الْقَوِيُّ الْعَزِيزُ ﴿٦٦﴾ وَأَخَذَ الَّذِينَ ظَلَمُوا الصَّيْحَةُ فَأَصْبَحُوا فِي دِيَارِهِمْ

جَاثِمِينَ ﴿٦٧﴾ كَأَن لَّمْ يَغْنَوْا فِيهَا ۗ أَلَا إِنَّ ثَمُودَ كَفَرُوا رَبَّهُمْ ۗ أَلَا بُعْدًا لِّثَمُودَ ﴿٦٨﴾ ع ٦ ٨

તરજુમો :

અને આદ તરફ અમે તેમના ભાઈ હૂદ (અલૈ.)ને મોકલ્યા; બોલ્યા, હે કોમ ! અલ્લાહની બંદગી કરો તેના સિવાય કોઈ તમારો હાકિમ નથી, તમે બધા જૂઠું કહો છો. (૫૦) હે કોમ ! હું તમારાથી એના ઉપર મજૂરી (વળતર) નથી માંગતો, મારી મજૂરી એના જ ઉપર છે જેણે મને પેદા કર્યો પછી તમે શું સમજતા નથી ? (૫૧) અને હે કોમ ! પોતાના પરવરદિગારથી ગુનાહ મા'ફ કરાવો પછી તેના જ તરફ રુજૂઅ્ કરો (તેના શરણમાં જાઓ), તમારા ઉપર આસમાનથી ધારાઓ છોડી દેશે અને તમને વધારે આપશે બળ ઉપર બળ અને ગુનેહગાર થઈને મોઢું ન ફેરવો. (૫૨) બોલ્યા, હે હૂદ (અલૈ.) ! તું અમારી પાસે કોઈ સનદ (પ્રમાણ) લઈને નથી આવ્યો અને અમે તારા કહેવાથી પોતાના મઅ્બૂદોને છોડનારા નથી અને અમે તને માનનારા નથી. (૫૩) અમે તો એવું જ કહીએ છીએ કે તને અમારા કોઈ મઅ્બૂદોએ ખરાબ

રીતે વળગાડ પહોંચાડયું છે; બોલ્યા, હું અલ્લાહને ગવાહ કરું છું અને તમે ગવાહ રહો કે હું તેમનાથી અળગો છું જેને તમે ભાગીદાર કરો છો (૫૪) તેના સિવાય; બસ મારા હકમાં તમે બધા મળીને બુરાઈ કરો પછી મને મહોલત ન આપો. (૫૫) મેં અલ્લાહ ઉપર જ ભરોસો કર્યો જે મારો અને તમારો પરવરદિગાર છે, કોઈ નથી જમીન ઉપર પગ મૂકનાર પરંતુ અલ્લાહના હાથમાં તેની ચોટલી છે, નિઃશંક ! મારો પરવરદિગાર સીધા માર્ગ ઉપર છે. (૫૬) પછી જો તમે મોઢું ફેરવશો તો હું તમને પહોંચાડી ચૂક્યો જે મારા હાથે તમારા તરફ મોકલ્યું હતું અને મારો પરવરદિગાર કોઈ બીજા લોકો તમારા સ્થાને કરશે અને અલ્લાહનું કંઈ બગાડી શકશો નહીં, બેશક ! મારો પરવરદિગાર દરેક વસ્તુ ઉપર નિગેહબાન છે. (૫૭) અને જ્યારે અમારો હુકમ પહોંચ્યો અમે હૂદ (અલૈ.)ને અને જે લોકો તેમની સાથે ઈમાન લાવ્યા હતા પોતાની રહમત વડે બચાવી લીધા અને તેમને એક ભારે અઝાબથી બચાવી લીધા. (૫૮) અને આ હતા આદ કે પોતાના પરવરદિગારની વાતોથી ઈન્કારી થયા અને તેના રસૂલોને ન માન્યા અને તેઓના હુકમને માન્યો જેઓ બળજબરી કરનારા વિરોધીઓ હતા. (૫૯) અને પાછળથી તેમને આ દુનિયામાં લા'નત આવી અને કયામતના દિવસે પણ; સાંભળી લો ! આદ પોતાના પરવરદિગારથી ઈન્કારી થયા, સાંભળી લો ! આદ ઉપર ફિટકાર છે જે હૂદ (અલૈ.)ની કોમ હતી. (૬૦) અને ષમૂદ તરફ તેમના ભાઈ સાલિહ (અલૈ.)ને મોકલ્યા; બોલ્યા, હે કોમ ! અલ્લાહની બંદગી કરો તેના સિવાય કોઈ તમારો હાકિમ નથી, તેણે જ તમને જમીનથી બનાવ્યા અને તમને એમાં વસાવ્યા, બસ તેની પાસે ગુનાહ મા'ફ કરાવો અને તેના તરફ રુજૂઅ્ કરો (તેના શરણમાં જાઓ), નિઃશંક મારો પરવરદિગાર નિકટ છે કબૂલ કરનારો. (૬૧) બોલ્યા, હે સાલિહ (અલૈ.) ! તમારાથી તો અમને આનાથી પહેલાં આશા હતી, શું તું અમને તેમની પૂજાથી મનાઈ કરે છે જેમની પૂજા અમારા બાપદાદા કરતા રહ્યા ? અને અમને તો એમાં શંકા છે જેના તરફ તું બોલાવે છે એવી કે દિલ નથી માનતું. (૬૨) બોલ્યા, હે કોમ જુઓ તો ! જો મને પોતાના પરવરદિગાર તરફથી સમજ મળી ગઈ અને તેણે પોતાના તરફથી મને રહમત આપી પછી મને તેનાથી કોણ બચાવે જો તેની

નાફરમાની કરું !? બસ, તમે મારું કંઈ જ વધારતા નથી નુકસાનના સિવાય. (૬૩) અને હે કોમ ! આ અલ્લાહની ઊંટણી તમારા માટે નિશાની છે, બસ તેને છોડી દો અલ્લાહની જમીનમાં ખાતી ફરે અને બુરી રીતે હાથ ન લગાવો પછી તમને અઝાબ ઘણો જલદી આવી પકડી લેશે. (૬૪) પછી તેના પગ કાપ્યા ત્યારે કહ્યું, લાભ ઉઠાવી લો પોતાના ઘરોમાં ત્રણ દિવસ, આ વાયદો છે જે જૂઠો થશે નહીં. (૬૫) પછી જ્યારે અમારો હુકમ પહોંચ્યો અમે પોતાની રહમત વડે સાલિહ (અલૈ.)ને અને જે તેમની સાથે ઈમાન લાવ્યા બચાવી લીધા અને તે દિવસના અપમાનથી, નિઃશંક ! તમારો પરવરદિગાર તે જ છે મહાબળવાન જબરદસ્ત ! (૬૬) અને તે જાલિમોને ભયાનક અવાજે પકડી લીધા પછી સવારમાં પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા. (૬૭) જેમકે ક્યારેય ત્યાં રહ્યા જ ન હતા, સાંભળી લો ! ષમૂદ પોતાના પરવરદિગારથી ઈન્કારી થયા, સાંભળી લો ! ફિટકાર છે ષમૂદને. (૬૮)

તફસીર :

અને અમે આદ (કોમ) તરફ તેમના (બિરાદરીના અથવા વતનના) ભાઈ (હઝરત) હૂદ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા, તેમણે (પોતાની કોમને) કહ્યું, હે મારી કોમ ! તમે (માત્ર) અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ (હોવા પાત્ર જ) નથી, તમે (આ મૂર્તિપૂજાની માન્યતા વડે) માત્ર જૂઠ ઘડો છો (કારણ કે તેનું બાતિલ હોવું દલીલથી સાબિત થઈ ચૂક્યું છે), હે મારી કોમ ! (મારી નુબુવ્વત જે દલીલોથી સાબિત થઈ ચૂકી છે તેનું વધારે સમર્થન એનાથી પણ થાય છે કે) હું તમારી પાસેથી (તબ્લીગ કરવા ઉપર) કંઈ વળતર નથી માંગતો, મારું વળતર તો માત્ર તે (અલ્લાહ)ના જિમ્મે છે જેણે મને (કંઈ ન હોવામાંથી) પેદા કર્યો, પછી શું તમે (આટલું) નથી સમજતા ? (કે નુબુવ્વતની દલીલ મોજૂદ છે અને તેના વિરુદ્ધ કોઈ શંકાનું કારણ પણ નથી પછી નુબુવ્વત ઉપર શંકા કરવાનું શું કારણ ?) અને હે મારી કોમ ! તમે પોતાના ગુનાહ (કુફ્ર અને શિર્ક વગેરે)થી પોતાના પરવરદિગારની મા'ફી માંગો (એટલે કે ઈમાન લાવો અને) પછી (ઈમાન લાવીને) તેના તરફ (ઈબાદતથી) કેન્દ્રિત થાઓ (એટલે કે નેક અમલો કરો પછી ઈમાન અને નેક કર્મોની બરકતથી) તે તમારા ઉપર ખૂબ વરસાદ વરસાવશે (દૂર્રે મન્સૂરમાં છે કે કોમે આદ ઉપર ત્રણ વર્ષ સુધી

સતત દુકાળ પડ્યો હતો અને તેના કારણે તેઓને વરસાદની ખૂબ જરૂરત હતી) અને (ઈમાન અને અમલની બરકતથી) તમને શક્તિ આપીને તમારી (અત્યારની ઉપસ્થિત) તાકાતમાં વધારો કરી આપશે (બસ ઈમાન લઈ આવો) અને અપરાધી રહીને (ઈમાનનો) વિરોધ ન કરો, તે લોકોએ જવાબ આપ્યો કે હે હૂદ (અલૈ.) ! તમે અમારી સામે (પોતાના અલ્લાહ તરફથી રસૂલ હોવાની) કોઈ દલીલ રજુ નથી કરી (આવું નિવેદન તેમની દુશ્મનાવટ હતી) અને અમે (માત્ર) તમારા કહેવાથી પોતાના મઅ્બૂદો(ની ઈબાદત)ને છોડનારા નથી અને અમે કોઈ રીતે તમારો વિશ્વાસ કરવાના નથી (અને) અમારું કહેવું તો એ છે કે અમારા મઅ્બૂદોમાંથી કોઈએ આપને કોઈ ખરાબીમાં (દાખલા તરીકે ગાંડપણ વગેરેમાં) સપડાવી રાખ્યા છે (કારણ કે તમે તેમની શાનમાં ગુસ્તાખી કરો છો એટલે તેમણે તમને ગાંડા બનાવી દીધા છે, માટે જ આવી બહેકેલી વાતો કર્યા કરો છો કે અલ્લાહ એક જ છે, હું નબી છું વગેરે...) હૂદ (અલૈ.)એ કહ્યું કે (તમે જ્યારે એવું કહો છો કે મને મૂર્તિઓએ ગાંડો બનાવી દીધો છે તો) હું (ખુલ્લમ-ખુલ્લા) અલ્લાહને ગવાહ બનાવું છું અને તમને પણ (સાંભળી લો અને) ગવાહ રહો કે હું તે વસ્તુઓથી (બિલકુલ) અળગો છું જેને તમે અલ્લાહ સિવાય (ઈબાદતમાં) ભાગીદાર ઠરાવો છો, અલબત્ત (મારી દુશ્મનાવટ પ્રથમથી જ જાહેર છે અને હવે આ તેમનાથી બેઝારીનું એ'લાન કરવાથી તે વધારે સ્પષ્ટ થઈ ગયું તો જો આ મૂર્તિઓમાં તાકાત છે તો) તમે (અને તે) બધા મળીને એકસાથે (દરેક પ્રકારના) દાવપેચ (ષડયંત્રો) રચી લો (અને) પછી મને જરા પણ મહોલત ન આપો, (અને કોઈ કસર બાકી ન રાખો, જુઓ તો ખરા ! મારું શું કરી લેશે અને જ્યારે તેઓ તમારી સાથે મળીને મારું કંઈ જ નુકસાન નથી કરી શકતા તો તમે એકલા મારું શું બગાડી શકવાના છો ? અને આ દા'વો તો એટલા માટે દિલ ખોલીને કરી રહ્યો છું કે મૂર્તિઓ તો માત્ર લાચાર જ છે તેમનાથી તો એટલા માટે જ નથી ડરતો અને રહી વાત તમારી તો જો કે તમારી પાસે થોડી શક્તિ છે પરંતુ મારે તમારાથી ડરવાનું કોઈ કારણ નથી, કારણ કે) મેં અલ્લાહ ઉપર સંપૂર્ણ ભરોસો કરી લીધો છે જે મારો પણ માલિક છે અને તમારો પણ માલિક છે, જેટલા પણ પૃથ્વી ઉપર ચાલનારા છે તે સૌની ચોટી તેણે પકડી રાખી છે (એટલે કે બધા તેના કબજા અને કાબૂમાં છે, તેના હુકમ વિના કોઈ કાન પણ હલાવી શકતું નથી એટલા માટે હું

તમારાથી પણ ડરતો નથી અને આ નિવેદનથી એક નવો મોઅ્જિઝો પણ જાહેર થઈ ગયો કે એક વ્યક્તિ એકલો અટૂલો આવા મોટા-મોટા જોરાવર લોકો સામે આવી વિરોધ-વંટોળની વાતો કરે અને તેઓ તેમનું કંઈ જ ન કરી શકે, બસ જેઓ કહેતા હતા مَا جِئْتَنَا بِبَيِّنَةٍ તેમના માટે આ પણ એક જવાબ થઈ ગયો કે જો પાછળના મોઅ્જિઝાઓ ઉપર એક દષ્ટિપાત કરવામાં આવે તો લો ! આ બીજો મોઅ્જિઝો છે. બસ, નુબુવ્વત ઉપર દલીલ કાયમ થઈ ગઈ અને તેમાં જે શંકા હતી اِعْتَرٰكَ بَعْضُ اٰلِهَتِنَا بِسُوْٓءٍ તેનો જવાબ પણ થઈ ગયો બસ, નુબુવ્વત સાબિત થઈ ગઈ એટલા માટે તવહીદનું અસ્તિત્વ પણ સાબિત થઈ ગયું જેનો હું દા'વો કરું છું અને તમારું કહેવું .... مَا نَحْنُ بِتَارِكِيْٓ اٰلِهَتِنَا ખોટું ઠર્યું અને સીધો સત્ય માર્ગ આ જ છે તથા) ચોક્કસ મારો પરવરદિગાર સીધા માર્ગ ઉપર (ચાલવાથી જ મળે) છે, (બસ તમે પણ આ સીરાતે મુસ્તકીમને અપનાવો જેથી સ્વીકૃત અને તેના વહાલા બની જાઓ) ત્યારબાદ જો (આ સ્પષ્ટ નિવેદન પછી પણ) તમે (સત્ય માર્ગથી) હટેલા રહ્યા તો મને તો (મા'ઝૂર સમજવામાં આવશે કારણ કે) જે સંદેશ આપીને મને મોકલવામાં આવ્યો હતો તે તમને પહોંચાડી ચૂક્યો છું (પરંતુ તમારી આવી બનશે કે અલ્લાહ તઆલા તમારો સર્વનાશ કરી નાંખશે) અને તમારી જગ્યાએ મારો પરવરદિગાર બીજા લોકોને આ પૃથ્વીમાં આબાદ કરશે (બસ તમે આ વિરોધ અને કુફ્રમાં પોતાનું જ નુકસાન કરી રહ્યા છો) અને તેનું કંઈ જ નુકસાન નથી કરી રહ્યા (અને જો આ સર્વનાશ થવામાં પણ કોઈ શંકા હોય અને તમે એવું કહેતા હોય કે અલ્લાહ તઆલાને શું ખબર કે કોણ શું કરી રહ્યું છે ? તો સારી પેઠે સમજી લો કે) ખચીત ! મારો પરવરદિગાર દરેક વસ્તુની દેખરેખ રાખે છે (તેને બધાની જ ખબર રહે છે, મતલબ કે તે તમામ દલીલો છતાં તે લોકોએ ન માન્યું) અને (અઝાબનો સામાન શરૂ થઈ ગયો બસ) જ્યારે અમારો હુકમ (અઝાબ માટે) પહોંચ્યો (અને હવાના તોફાનનો અઝાબ નાઝિલ થયો તો) અમે હૂદ (અલૈ.)ને અને જે તેમની સાથે ઈમાનવાળા હતા તેમને પોતાની કૃપાથી (આ અઝાબથી બચાવી લીધા) અને તેમને અમે એક ઘણા જ કઠોર અઝાબથી બચાવી લીધા (આગળ અન્યોને બોધપાઠ માટે ફરમાવે છે) અને આ (જેનું વર્ણન થયું) કોમે આદ હતી જેમણે પોતાના પરવરદિગારની આયતો (એટલે કે દલીલો અને હુકમો)નો ઈન્કાર કર્યો અને તેમના રસૂલોનું કહ્યું

ન માન્યું અને બધા જ એવા લોકોના કહેવા ઉપર ચાલતા રહ્યા જેઓ અત્યાચારી (અને) જિદ્દી હતા અને (તેમના કર્મોનું એ પરિણામ આવ્યું કે) આ દુનિયામાં પણ લા'નત (ફિટકાર) તેમની સાથે જ રહી અને કયામતના દિવસે પણ (તેમની સાથે જ રહેશે એટલા માટે દુનિયામાં તેનો પ્રભાવ તોફાનથી આવ્યો અને તેમના સર્વનાશ થયો હતો અને આખિરતમાં કાયમી અઝાબ થશે), સારી પેઠે સાંભળી લો ! કોમે આદે પોતાના પરવરદિગાર સાથે કુફ્ર કર્યું, સારી પેઠે સાંભળી લો ! (આ કુફ્રનું એ પરિણામ આવ્યું કે) રહમતથી દૂરી થઈ (બંને દુનિયામાં) આદની કે જેઓ હૂદ (અલૈ.)ની કોમ હતી અને અમે (કોમે) ષમૂદની પાસે તેમના ભાઈ સાલિહ (અલૈ.)ને પયગમ્બર બનાવીને મોકલ્યા તેમણે (પોતાની કોમને) કહ્યું, હે મારી કોમ ! (માત્ર) અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ (હોવાના પાત્ર) નથી, (તેનું તમારા ઉપર એ ઈનામ છે કે) તેણે તમને જમીન(ના તત્ત્વમાં)થી પેદા કર્યા અને તમને એ (જમીન)માં વસાવ્યા (એટલે કે તમારી ઉત્પત્તિ અને તમારા અસ્તિત્વને ટકાવી રાખવાની બંને નેઅ્મતોને અર્પણ કરી અને આમાં બધી જ નેઅ્મતો સામેલ છે, જ્યારે તે આવો ઉપકારક છે) તો તમે પોતાના ગુનાહ (શિર્ક અને કુફ્ર વગેરે)ને તેનાથી મા'ફ કરાવો (એટલે કે ઈમાન લાવો અને) પછી (ઈમાન લાવીને) તેના તરફ (ઈબાદતથી) કેન્દ્રિત રહો, (એટલે કે નેક અમલો કરો) બેશક ! મારો પરવરદિગાર (તે વ્યક્તિની) નજીક છે (જે તેના તરફ ધ્યાનમગ્ન થયો અને તે વ્યક્તિની અરજ) સ્વીકાર કરનારો છે (જે તેના ગુનાહો મા'ફ કરાવે છે), તે લોકો કહેવા લાગ્યા, હે સાલિહ (અલૈ.) ! તમે તો આ અગાઉ અમારામાં તેજસ્વી (લાગતા) હતા, (એટલે કે અમને તમારાથી ઘણી આશાઓ હતી કે તમે પોતાની બુદ્ધિ અને હોશિયારીથી કોમનું ગર્વ અને અમારા માટે પ્રતિષ્ઠા હતા અને અમારા સરપરસ્ત બનવાપાત્ર હતા, અફસોસ ! અત્યારે આવી વાતો કરી રહ્યા છો તેનાથી તો બધી આશાઓ ઉપર પાણી ફરતું હોય એવું લાગે છે) શું તમે અમને એવી વસ્તુની ઈબાદતની મનાઈ કરો છો જેની ઈબાદત અમારા વડવાઓ કરતા આવ્યા છે ? (એટલે કે તમે તેનાથી રોકો નહીં) અને જે દીન તરફ તમે અમને બોલાવી રહ્યા છો (એટલે કે તવહીદ) વાસ્તવમાં અમે તો તેના તરફથી ઘણા (ભારે) શંકામાં છે જેણે અમને મૂંઝવણમાં નાંખી રાખ્યા છે (કે તવહીદનો મસ્અલો અમારા માન્યામાં જ નથી આવતો), તેમણે (જવાબમાં) કહ્યું,

હે મારી કોમ ! (તમે જે કહો છો કે હું તમને તવહીદની દા'વત ન આપું અને મૂર્તિપૂજાથી ન રોકું તો) ભલા એ તો બતાવો કે જો હું મારા પરવરદિગાર તરફથી દલીલ ઉપર (કાયમ) છું (જેનાથી તવહીદ સાબિત છે) અને તેણે મને પોતાના તરફથી કૃપા (એટલે કે નુબુવ્વત) અર્પણ કરી છે (તેનાથી તે તવહીદની દા'વત આપવાની જવાબદારી ઉપર નિયુક્ત કરવામાં આવ્યો છું) બસ, (આ હાલતમાં) જો હું અલ્લાહનું કહેવું ન માનું (અને તવહીદની દા'વત આપવાનું છોડી આપું, જેમકે તમે કહો છો) તો (એ બતાવો કે) પછી મને અલ્લાહ(ના અઝાબ)થી કોણ બચાવી લેશે ? તો તમે તો (આવી ખરાબ સલાહ-સૂચનો કરીને) મારું નર્યું નુકસાન જ કરી રહ્યા છો, (એટલે કે જો અલ્લાહ ન ચાહે જો તમારી વાતનો સ્વીકાર કરી લઉં તો મારા હાથમાં નુકસાન સિવાય કંઈ જ આવશે નહીં અને તેમણે કારણ કે, મોઅ્જિઝાની પણ રિસાલતની દલીલ સ્વરૂપે દરખાસ્ત કરી હતી એટલા માટે તમે કહી આપો) હે મારી કોમ ! (તમે જે મોઅ્જિઝાની માંગણી કરો છો) આ અલ્લાહની ઊંટણી છે જે તમારા માટે દલીલ (બનાવીને જાહેર કરવામાં આવી) છે (અને એટલા માટે અલ્લાહની ઊંટણી કહેવાય છે, તે અલ્લાહની દલીલ છે) બસ, (તે મોઅ્જિઝો હોવા ઉપરાંત મારા રસૂલ હોવાની પણ દલીલ છે અને તેના પણ પોતાના અમુક હકો છે અને તે એ છે કે) તેને છોડી દો કે અલ્લાહની જમીનમાં (ઘાસ-ચારો) ખાતી ફર્યા કરે (એ જ પ્રમાણે પોતાના વારાના દિવસે પાણી પીતી રહે જેમકે બીજી આયતમાં આવ્યું છે) અને તેને બુરાઈ (અને તકલીફ આપવા)ની સાથે હાથ પણ ન લગાડશો, ક્યાંક તમને તાત્કાલિક અઝાબ પકડી લેશે (એટલે કે મોડું થશે નહીં) બસ, તેમણે (આ બધી દલીલો અને નિશાનીઓ છતાં) તે (ઊંટણી)ને મારી નાંખી તો સાલિહ (અલૈ.)એ ફરમાવ્યું, (ભલે) તમે પોતાના ઘરોમાં ત્રણ દિવસ હજુ પસાર કરી લો (ત્રણ દિવસ પછી અઝાબ આવી રહ્યો છે અને) આ એવો વાયદો છે જેમાં લેશમાત્ર જૂઠું નથી (કારણ કે તે અલ્લાહ તઆલા તરફથી છે) બસ, (ત્રણ દિવસ પસાર થઈ ગયા પછી) જ્યારે અમારો હુકમ (અઝાબના માટે) આવી પહોંચ્યો અમે સાલિહ (અલૈ.)ને અને જે તેમની સાથે ઈમાનવાળા હતા તેમને પોતાની કૃપાથી (આ અઝાબથી) બચાવી લીધા (તેમને કેવી વસ્તુથી બચાવી લીધા ?) તે દિવસના મોટા અપમાનથી બચાવી લીધા (કારણ કે અલ્લાહના ક્રોધમાં સપડાવાથી વધીને અન્ય

કયું મોટું અપમાન હોઈ શકે છે ?) બેશક ! તમારો પરવરદિગાર જ મહાશક્તિશાળી કાબૂ ધરાવનાર છે (જેને ઈચ્છે સજા આપે, જેને ઈચ્છે બચાવી લે) અને તે જાલિમોને એક ભયંકર ઘરેરાટીએ પકડી લીધા (કે તે જિબ્રઈલ અલૈ.નો ભયાનક અવાજ હતો) જેનાથી તે પોતાના ઘરોમાં ઊંધા પડીને રહી ગયા (અને તેમની એ હાલત થઈ ગઈ) જેમકે તેમના ઘરોમાં ક્યારેય વસ્યા જ ન હતા, સારી પેઠે સાંભળી લો ! (કોમે) ષમૂદે પોતાના પરવરદિગારની સાથે કુફ્ર કર્યું, સારી પેઠે સાંભળી લો ! (તેમના કુફ્રનો અંજામ એ ભોગવવો પડયો કે અલ્લાહની) રહમતથી કોમે ષમૂદને દૂર કરવામાં આવી.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ હૂદની પ્રસ્તુત પ્રથમ અગિયાર આયતોમાં અલ્લાહ તઆલાના મહાન પયગમ્બર હઝરત હૂદ (અલૈ.)નો ઉલ્લેખ છે જેમના નામથી આ સૂરતનું નામ રાખવામાં આવ્યું છે. આ સૂરતમાં હઝરત નૂહ (અલૈ.)થી લઈને હઝરત મૂસા (અલૈ.) સુધી કુર્આને કરીમની ખાસ શૈલીમાં સાત અંબિયા (અલૈ.) અને તેમની ઉમ્મતોની ઘટનાઓનું વર્ણન છે, જેમાં બોધપાઠ અને શિખામણના એવા દૃષ્યો ઉપસ્થિત છે કે જેનાથી જેના દિલમાં જરાપણ સમજદારી અને જિંદગી બાકી હોય તો તે તેનાથી પ્રભાવિત થયા વિના રહી શકતો નથી, એમાં બોધપાઠ ઉપરાંત ઈમાન અને સદ્‌કાર્યોના ઘણા બધા મુખ્ય અને ગૌણ વિષયો તથા મનુષ્યજાતિ માટે ઉત્તમ માર્ગદર્શન તથા સૂચનો ઉપસ્થિત છે.

કિસ્સાઓ અને ઘટનાઓ તો તેમાં સાત પયગમ્બરોની વર્ણન થઈ છે પરંતુ સૂરતનું નામ હઝરત હૂદ (અલૈ.)ના નામથી રાખવામાં આવ્યું છે, તેનાથી જાણ થાય છે કે તેમાં હઝરત હૂદ (અલૈ.)ના કિસ્સાને ખાસ અગત્યતા પ્રાપ્ત થઈ છે.

હઝરત હૂદ (અલૈ.)ને અલ્લાહ તઆલાએ કોમે આદમાં મોકલ્યા હતા, આ કોમ શરીર સૌષ્ઠવમાં, શક્તિમાં તથા બહાદૂરીના આધારે સમગ્ર દુનિયામાં વિશિષ્ટ કોમ સમજવામાં આવતી હતી, હઝરત હૂદ (અલૈ.) પણ આ જ કોમના સભ્ય હતા. શબ્દ اَخَاهُمْ هُوْدًا (અખાહુમ હુદન)માં એ જ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે પરંતુ આટલી મજબૂત અને બહાદૂર કોમ અફસોસ કે બુદ્ધિ અને સમજદારી ખોઈ બેઠી હતી અને તેમણે પોતાના હાથોથી કોતરેલી પથ્થરોની મૂર્તિઓને પોતાના રબ્બ અને મઅ્બૂદ બનાવી રાખ્યા હતા.

હઝરત હૂદ (અલૈ.)એ જે દીનની દા'વત પોતાની કોમ સામે રજૂ કરી તેની ત્રણ સૈદ્ધાંતિક બાબતોનો શરૂઆતની ત્રણ આયતોમાં ઉલ્લેખ થયો છે. એક, તવહીદની દા'વત અને આ દા'વત એટલે કે અલ્લાહ તઆલા સિવાય કોઈને ઈબાદતપાત્ર સમજવું જૂઠું અને માત્ર કપોળકલ્પિત આક્ષેપબાજી છે, બીજું એ કે હું જે આ તવહીદની દા'વત લઈને આવ્યો છું અને એટલા માટે પોતાની જિંદગીને મેં આ કાર્યમાં વક્ફ કરી રાખી છે તમે એ તો વિચારો અને સમજો કે શા માટે મેં આ મહેનત અને સંઘર્ષનું કાર્ય અપનાવ્યું છે ? ન તો હું તમારી પાસેથી આ સેવાનું કોઈ વળતર માંગું છું અને ન જ મને તમારા તરફથી કોઈ ભૌતિક લાભ પહોંચ્યો છે, જો હું તેને અલ્લાહ તઆલાનું ફરમાન અને સત્ય ન સમજતો હોત તો અંતે તમને આ દા'વત આપવાની આવશ્યકતા જ શું છે ? અને શા માટે હું તમારી સુધારણા કરવામાં આટલી તકલીફ અને મહેનત બરદાસ્ત કરું !?

વઅ્ઝ અને શિખામણ તથા દીનની દા'વતનું વળતર :

કુર્આને કરીમે આ વાત લગભગ બધા જ અંબિયા (અલૈ.)ના મુખેથી નકલ કરી છે કે અમે તમારી પાસેથી પોતાની દા'વત અને મહેનતનું કોઈ વળતર માંગતા નથી, તેનાથી જાણ થાય છે કે જો દા'વત અને તબ્લીગનું કોઈ વળતર લેવામાં આવે તો એ દા'વત પ્રભાવશાળી અને અસરકારક રહેતી નથી, જેના ઉપર અનુભવ સાક્ષી છે કે વઅ્ઝ અને બોધપાઠનું વળતર લેનારાઓની વાત શ્રોતાઓ ઉપર અસર કરતી નથી.

ત્રીજી વાત એ ફરમાવી કે પોતાની પાછલી જિંદગીમાં જે કુફ્ર અને ગુનાહ તમે કરી ચૂક્યા છો અલ્લાહ તઆલા પાસે તેને મા'ફ કરાવો અને હવે પછીની જિંદગીમાં આ બધા ગુનાહોથી તવબહ કરો, એટલે કે આ દુષ્કૃત્યો ન આચરવાનો પાકો નિર્ધાર અને કરાર કરો કે હવે પછી અમે તેમની નિકટ પણ જઈશું નહીં, જો તમે આ મા'ફી અને તવબહનું કાર્ય કરી લીધું તો તેના પરિણામે આખિરતની કાયમી સફળતા તો મળશે જ મળશે; દુનિયામાં પણ તેના ઘણા ફાયદાઓના પ્રત્યક્ષ અનુભવ કરશો. એક એ કે તવબહ અને બખ્શીશ કરાવવાથી તમારા ઉપરથી દુષ્કાળ દૂર થઈ જશે અને સમય અનુકૂળ ભારે વરસાદ થશે જેનાથી તમારી રોજીમાં વિશાળતા પેદા થશે અને બીજું એ કે તમારી શક્તિ અને તાકાત ખૂબ વધી જશે.

અહીંયાં "શક્તિ" અને "તાકાત"નો શબ્દ જાહેર શબ્દ છે જેમાં શારીરિક શક્તિ અને તાકાત પણ સામેલ છે તથા જે તાકાત માલ અથવા અવલાદ વધારે પ્રમાણમાં હોવાના કારણે મનુષ્યને પ્રાપ્ત થાય છે તે પણ સામેલ છે.

આથી જાણ થઈ કે ગુનાહોથી તવબહ અને ઈસ્તિગફારની ખાસિયત એ છે કે, દુનિયામાં પણ રોજીમાં છૂટછાટ પ્રાપ્ત થાય છે અને માલ તથા અવલાદમાં પણ બરકત થાય છે.

હઝરત હૂદ (અલૈ.)ની કોમે તેમની દા'વત (આમંત્રણ)નો જવાબ પોતાનું તે જ અજ્ઞાનતાપૂર્ણ વલણ દાખવીને આપ્યો કે તમે અમને કોઈ મોઅ્જિઝો (ચમત્કાર) તો બતાવ્યો નહીં ! ફક્ત મૌખિક વાતો કરો છો, એટલા માટે અમે તમારા કહેવાથી પોતાના મઅ્બૂદોને છોડીશું નહીં, અમે તમારા ઉપર ઈમાન નહીં લાવીએ બલકે, અમારું માનવું તો એવું છે કે અમારા મઅ્બૂદ મૂર્તિઓને બુરું-ભલું કહેવાના કારણે તમે કોઈ માનસિક અસ્થિરતામાં સપડાઈ ગયા છો એટલા માટે આવી વાતો કરો છો.

તેના જવાબમાં હઝરત હૂદ (અલૈ.)એ પોતાની પયગમ્બર તરીકેની હિંમત સાથે ફરમાવ્યું કે, જો તમે મારી વાત નથી માનતા તો સાંભળી લો કે હું અલ્લાહને ગવાહ બનાવું છું અને તમે પણ ગવાહ રહો કે હું અલ્લાહના સિવાય તમારા બધા મઅ્બૂદોથી બેઝાર છું (મારે આ મૂર્તિઓથી કંઈ લેવા-દેવા નથી). હવે, તમે અને તમારી મૂર્તિઓ બધા ભેગા મળીને મારા વિરુદ્ધ જે કંઈ દાવ-પેચ, ષડયંત્રો કરી શકતા હોય તે કરી લો અને જે કંઈ મારું બગાડી શકતા હોય તે બગાડી લો અને મને જરા પણ મહોલત ન આપો.

અને કહ્યું કે હું આટલી મોટી વાત એટલા માટે કહી રહ્યો છું કે મેં અલ્લાહ તઆલા ઉપર સંપૂર્ણ ભરોસો કરી લીધો છે જે મારો પણ માલિક છે અને તમારો પણ, જેટલા પૃથ્વી ઉપર ચાલનારા છે તે સૌની ચોટલી તેણે પકડી રાખી છે, કોઈની મજાલ નથી કે તેના હુકમ અને ઇચ્છા વિના કોઈને રજકણ બરાબર પણ નુકસાન કે તકલીફ પહોંચાડી શકે, બેશક ! મારો પરવરદિગાર સીધા માર્ગ ઉપર છે, એટલે કે જે વ્યક્તિ સીધા માર્ગ ઉપર ચાલે છે પરવરદિગાર તેને જ મળે છે અને તેની જ મદદ કરે છે.

સમગ્ર કોમના મુકાબલામાં આવી જાહેરાત અને દા'વો કરીને તેમના સ્વમાનને જગાડવું અને પછી સમગ્ર બહાદૂર કોમમાંથી કોઈની મજાલ ન થવી કે તેમના મુકાબલામાં કોઈ હરકત કરે, આ બધું હઝરત હૂદ (અલૈ.)નો એક આગવો મોઅ્જિઝો હતો જેનાથી તેમની તે વાતનો પણ જવાબ થઈ ગયો કે તમે અમને કોઈ મોઅ્જિઝો તો બતાવ્યો નથી અને એ વાતનો પણ જવાબ થઈ ગયો કે અમારી મૂર્તિઓએ આપને માનસિક બીમારીમાં સપડાવી દીધા છે, કારણ કે જો મૂર્તિઓમાં એવી તાકાત હોત તો તે સમયે તેમને જીવતા છોડયા ન હોત.

ત્યારબાદ ફરમાવ્યું કે જો તમે આ જ પ્રમાણે સત્યથી દૂર રહેશો તો સમજી લો કે જે સંદેશ આપીને મને મોકલવામાં આવ્યો છે તેને હું તમારા સમક્ષ સંપૂર્ણ પહોંચાડી ચૂક્યો છું તો હવે એનું પરિણામ તે સિવાય શું હોઈ શકે છે કે, તમારા ઉપર અલ્લાહ તઆલાનો ક્રોધ અને ગુસ્સો આવી જાય અને તમારા સૌનો સર્વનાશ થઈ જાય અને મારો પરવરદિગાર તમારી જગ્યાએ કોઈ બીજી કોમને આ જમીન ઉપર આબાદ કરી દે અને આ બાબતે તમે જે કંઈ કરી રહ્યા છો તે પોતાનું જ નુકસાન કરી રહ્યા છો, અલ્લાહ તઆલાનું કંઈ પણ નુકસાન નથી કરી રહ્યા. બેશક ! મારો પરવરદિગાર દરેક વસ્તુની દેખરેખ રાખે છે, તે તમારા પ્રત્યેક કામ અને વિચારનો પણ જાણકાર છે.

તે લોકોએ આ વાતોમાંથી કોઈ વાત ઉપર ધ્યાન ન આપ્યું અને પોતાની શરારત અને બળવાખોરી ઉપર કાયમ રહ્યા ત્યાર પછી અલ્લાહ તઆલાનો અઝાબ હવાના તોફાન સ્વરૂપે તેમના ઉપર નાઝિલ થયો, જેણે વૃક્ષોને જડમૂળથી ઉખેડી નાખ્યા, મનુષ્યો અને પ્રાણીઓ હવામાં ઊડીને આકાશની ક્ષિતિજો સુધી જતા અને ત્યાંથી ઊંધા મોઢે નીચે પડતા હતા, આસમાન તરફથી મનુષ્યોને ભયાનક ઘરેરાટી અને અવાજો સંભળાતા હતા, એટલે સુધી કે આ મહાન શરીર સૌષ્ઠવ અને શારીરિક શક્તિ ધરાવનારી કોમ પૂરે-પૂરી હલાક થઈને નાશ પામી.

જ્યારે આ કોમ ઉપર અલ્લાહના અઝાબનો હુકમ લાગુ પડયો તો અલ્લાહ તઆલાએ પોતાની સુન્નત પ્રમાણે પોતાના પયગમ્બર (અલૈ.) અને તેમના સાથીઓને આ સખત અઝાબથી બચાવી લીધા કે અઝાબ આવતા પહેલાં તેમને પોતાના સ્થળોએથી નીકળી જવાનો હુકમ આપવામાં આવ્યો.

કોમે આદની ઘટના અને અઝાબનું વર્ણન કર્યા પછી અન્યો માટે બોધદાયક વાતો બોધપાઠ પ્રાપ્ત કરવાની પ્રેરણા સ્વરૂપે વર્ણન થઈ છે, જેમાં કોમે આદ જેમણે પોતાના પરવરદિગારની નિશાનીઓને જૂઠાડી અને પોતાના રસૂલોની નાફરમાની કરી તથા એવા લોકોના કહેવા ઉપર ચાલતા રહ્યા જેઓ જાલિમ અને જિદ્દી હતા, તેનું પરિણામ એ આવ્યું કે દુનિયામાં પણ તેમના ઉપર લા'નત થઈ, ફિટકાર વરસ્યો એટલે કે કૃપાથી દૂરી તેમની સાથે હંમેશા લાગેલી રહી અને કયામતમાં પણ એ જ પ્રમાણે આ દૂરી લાગેલી રહેશે.

આ ઘટનાથી જાણ થાય છે કે કોમે આદ ઉપર હવાનું તોફાન આવ્યું હતું પરંતુ સૂરએ મો'મિનૂનમાં એવું આવ્યું છે કે તેમને એક ભયાનક અવાજ દ્વારા હલાક કરવામાં આવ્યા, બની શકે છે કે કોમે હૂદ (અલૈ.) ઉપર બંને પ્રકારના અઝાબો એકસાથે નાઝિલ થયા હોય.

કોમે આદ અને હૂદ (અલૈ.)નો કિસ્સો પૂર્ણ થયો.

ત્યારબાદ આઠ આયતોમાં હઝરત સાલિહ (અલૈ.)નો કિસ્સો ઉલ્લેખાયો છે જે કોમે આદની બીજી શાખા એટલે કે કોમે ષમૂદ તરફ મોકલવામાં આવ્યા હતા, તેમણે પણ પોતાની કોમને સૌ પ્રથમ તવહીદનું આમંત્રણ આપ્યું. તેમની કોમે આદત મુજબ તેમને જૂઠાડ્યા અને એ જીદ કરી કે, તમે સાચા નબી છો એવું અમે ત્યારે જ સ્વીકારીશું જ્યારે કે અમારી સામે આ પહાડની શીલામાંથી એક ઊંટણી આવા–આવા પ્રકારની નીકળી આવે.

હઝરત સાલિહ (અલૈ.)એ તેમને ડરાવ્યા કે જો તમારો મોં માંગ્યો મોઅ્જિઝો અલ્લાહ તઆલાએ જાહેર કરી દીધો અને તે છતાં પણ જો તમે ઈમાન લાવવામાં કોઈ ચૂક કરી તો અલ્લાહની ટેવ પ્રમાણે તમારા ઉપર અઝાબ આવી જશે અને સૌનો નાશ થઈ જશે, પરંતુ તેઓ પોતાની જીદથી પાછા ન ફર્યા અને અલ્લાહ તઆલાએ તેમની માંગણી મુજબનો મોઅ્જિઝો પોતાની સંપૂર્ણ કુદરત વડે જાહેર કરી દીધો. પહાડની શીલા ફાટી અને તેમના બતાવ્યા પ્રમાણે લક્ષણ અને ખાસિયત ધરાવતી ઊંટણી નીકળી આવી. અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો કે આ ઊંટણીને કોઈ તકલીફ ન પહોંચાડે નહિતર તમારા ઉપર અઝાબ આવી જશે પરંતુ તેઓ તેના ઉપર પણ કાયમ ન રહ્યા અને ઊંટણીને મારી નાંખી, અંતે

અલ્લાહ તઆલાએ તેમને પકડી લીધા. હઝરત સાલિહ (અલૈ.) અને તેમના મો'મિન સાથીદારોને અઝાબથી બચાવી લેવામાં આવ્યા, બાકી સમગ્ર કોમ એક સખત ભયાનક અવાજ દ્વારા હલાક કરી નાંખવામાં આવી.

આ ઘટનામાં હઝરત સાલિહ (અલૈ.)ની કોમે તેમને કહ્યું, قَدْ كُنْتَ فِيْنَا مَرْجُوًّا قَبْلَ هٰذَا એટલે કે, તમારા નુબુવ્વતના દા'વા તથા બુતપરસ્તીની મનાઈ કરવાથી અગાઉ અમે તમારા વિશે મોટી આશાઓ રાખતા હતા કે, તમે અમારી કોમ માટે કોઈ મોટા સુધારક અને માર્ગદર્શક સાબિત થશો, તેનું કારણ એ છે કે અલ્લાહ તઆલા પોતાના અંબિયા (અલૈ.)ની કેળવણી બાળપણથી જ અત્યંત પવિત્ર, ચારિત્ર્યવાન ટેવો વગેરે દ્વારા કરે છે જેને જોઈને બધા જ તેમને મહોબ્બત કરે છે અને તેમની સાથે સન્માનપૂર્વક વર્તે છે, જેમકે હઝરત ખાતિમુલ અંબિયા ﷺ સાથે પણ નુબુવ્વતના એ'લાન પહેલાં સમગ્ર અરબ કોમ "અમીન"નો લકબ આપતી હતી અને તેમના સાચા હોવાનો તથા નેક સાલિહ હોવાનો વિશ્વાસ ધરાવતી હતી, નુબુવ્વતનો દા'વો અને મૂર્તિપૂજાની મનાઈ કરવાથી તેઓ બધા વિરોધી બની ગયા.

تَمَتَّعُوْا فِىْ دَارِكُمْ ثَلٰثَةَ اَيَّامٍ એટલે કે, જ્યારે તે લોકોએ અલ્લાહના હુકમનો વિરોધ કરીને આ મોઅ્જિઝાવાળી ઊંટણીને મારી નાંખી તો જે પ્રમાણે તેમને પ્રથમથી ચેતવણી આપવામાં આવી હતી કે જો એવું કરશો તો અલ્લાહનો અઝાબ તમારા ઉપર આવી જશે, હવે તે અઝાબ એ પ્રમાણે આવ્યો કે તેમને ત્રણ દિવસની મહોલત આપવામાં આવી અને બતાવવામાં આવ્યું કે ચોથા દિવસે તમારા સૌનો નાશ થઈ જશે.

તફસીરે કુર્તુબીમાં છે કે આ ત્રણ દિવસ જુમેરાત, જુમ્આ અને શનિવારના હતા, રવિવારના દિવસે તેમના ઉપર અઝાબ નાઝિલ થયો. وَاَخَذَ الَّذِيْنَ ظَلَمُوا الصَّيْحَةُ એટલે કે, તે જાલિમોને એક ભયાનક અવાજે પકડી લીધા, આ ભયાનક અવાજ અથવા ઘરેરાટી હઝરત જિબ્રઈલ (અલૈ.)ની હતી જેમાં સમગ્ર દુનિયાની વીજળીઓના કડાકાઓથી વધારે ભયાનકતા સામેલ હતી જેને મનુષ્યનું દિલ અને દિમાગ વેઠી ન શક્યું, જેની ભયાનકતાથી સૌના દિલો ફાટી ગયા અને બધા જ નાશ પામ્યા.

આ આયતથી જાણ થાય છે કે, કોમે સાલિહ (અલૈ.) સખત અવાજ દ્વારા હલાક કરવામાં આવી છે પરંતુ સૂરએ અઅ્રાફમાં તેમના વિશે આ પણ આવ્યું છે, فَاَخَذَتْهُمُ الرَّجْفَةُ (૭:૭૮ અને ૯૧) એટલે કે, તેમને ધરતીકંપે પકડી લીધા, તેનાથી જાણ થાય છે કે તેમના ઉપર ધરતીકંપનો અઝાબ પણ આવ્યો હતો. કુર્તુબીએ નોંધ્યું છે કે આ બંને બાબતોમાં કોઈ વિરોધાભાસ નથી, કારણ કે એવું પણ બની શકે છે કે પ્રથમ ધરતીકંપ આવ્યો હોય પછી ભયાનક અવાજ અને ઘરેરાટીથી સૌનો નાશ કરવામાં આવ્યો હોય. વલ્લાહુ અઅ્લમુ...

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૬૯ થી ૭૩)

وَلَقَدْ جَآءَتْ رُسُلُنَآ اِبْرٰهِيْمَ بِالْبُشْرٰى قَالُوْا سَلٰمًا ؕ قَالَ سَلٰمٌ فَمَا لَبِثَ اَنْ جَآءَ
بِعِجْلٍ حَنِيْذٍ ﴿٦٩﴾ فَلَمَّا رَاٰۤ اَيْدِيَهُمْ لَا تَصِلُ اِلَيْهِ نَكِرَهُمْ وَاَوْجَسَ مِنْهُمْ خِيْفَةً ؕ
قَالُوْا لَا تَخَفْ اِنَّاۤ اُرْسِلْنَاۤ اِلٰى قَوْمِ لُوْطٍ ﴿٧٠﴾ وَامْرَاَتُهٗ قَآئِمَةٌ فَضَحِكَتْ فَبَشَّرْنٰهَا بِاِسْحٰقَ ۙ
وَمِنْ وَّرَآءِ اِسْحٰقَ يَعْقُوْبَ ﴿٧١﴾ قَالَتْ يٰوَيْلَتٰۤى ءَاَلِدُ وَاَنَا عَجُوْزٌ وَّهٰذَا بَعْلِىْ شَيْخًا ؕ اِنَّ هٰذَا
لَشَىْءٌ عَجِيْبٌ ﴿٧٢﴾ قَالُوْۤا اَتَعْجَبِيْنَ مِنْ اَمْرِ اللّٰهِ رَحْمَتُ اللّٰهِ وَبَرَكٰتُهٗ عَلَيْكُمْ اَهْلَ الْبَيْتِ ؕ
اِنَّهٗ حَمِيْدٌ مَّجِيْدٌ ﴿٧٣﴾

તરજુમો :

અને અલબત્ત ઇબ્રાહીમ (અલૈ.)ની પાસે અમારા મોકલેલા ખુશખબરી લઈને આવી ચૂક્યા છે સલામ બોલ્યા, તેઓ બોલ્યા સલામ છે પછી મોડું ન કર્યું કે એક તળેલું વાછરડું લઈ આવ્યા. (૬૯) પછી જ્યારે જોયું તેમના હાથ ખાવા ઉપર નથી આવતા તો ખટક્યું અને દિલમાં તેમનાથી ડર્યા, તેઓ બોલ્યા, ડરો નહીં અમે લૂત (અલૈ.)ની કોમ તરફ મોકલેલા આવ્યા છે. (૭૦) અને તેમની ઓરત ઊભી હતી ત્યારે તે હસી પડી પછી અમે ઈસ્હાક (અલૈ.)ના પેદા થવાની ખુશખબરી આપી અને ઈસ્હાક પછી યાકૂબ (અલૈ.)ની. (૭૧) બોલી, હાય ! શું હું બાળક જણીશ ? અને હું ઘરડી છું

અને આ મારો ધણી ઘરડો છે, આ તો એક અજબ વાત છે. (૭૨) તેઓ બોલ્યા, શું તમે અલ્લાહના હુકમથી તાજ્જુબ કરો છો ? હે ઘરવાળાઓ અલ્લાહની રહમત અને બરકતો તમારા ઉપર છે ! નિઃશંક અલ્લાહ વખાણ કરવામાં આવેલ મોટાઈવાળો છે. (૭૩)

તફસીર :

અને અમારા મોકલેલા ફરિશ્તાઓ (માણસના સ્વરૂપમાં હઝરત) ઈબ્રાહીમ (અલૈ.)ની પાસે (તેમના પુત્ર ઈસ્હાક અલૈ.ની) ખુશખબરી લઈને આવ્યા, (જો કે તેમનો આવવાનો મહાન હેતુ કોમે લૂત ઉપર અઝાબ નાઝિલ કરવાનો હતો, અલ્લાહ તઆલાના ઈરશાદ પ્રમાણે ....فَمَا خَطْبُكُمْ) અને (આવવાના સમયે) તેમણે સલામ કરી, ઈબ્રાહીમ (અલૈ.)એ પણ સલામ કરી, (અને તેમને ઓળખ્યા નહીં કે આ ફરિશ્તા છે બલકે સામાન્ય મહેમાન સમજ્યા) પછી મોડું કર્યું નહીં અને એક તળેલું (અલ્લાહ તઆલાના કહેવા પ્રમાણે سَمِينٍ) વાછરડું લાવ્યા અને તેમની સામે મૂકી દીધું (એ તો ફરિશ્તા હતા, તેઓ કઈ રીતે ખાઈ શકતા હતા ?) બસ, જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ જોયું કે તેમના હાથ આ ખાવા તરફ લાંબા થતા નથી તો તેમને ડર લાગવા માંડ્યો અને તેમના દિલમાં ભય ઉપસ્થિત થયો (કે આ તો કોઈ મહેમાન નથી કદાચ કોઈ વિરોધી ન હોય કે તેઓ ફસાદ કરવાના ઈરાદે આવ્યા હોય અને હું ઘરમાં છું, મારા નજીકના સંબંધીઓ–સાથીઓ પણ પાસે નથી એટલે સુધી કે બેતકલ્લુફીથી તેમણે આ બાબતને જાહેર પણ કરી દીધી, قَالَ إِنَّا مِنكُمْ وَجِلُونَ) તે ફરિશ્તા એવું કહેવા લાગ્યા, ડરો નહીં ! (અમે મનુષ્ય નથી ફરિશ્તા છે અને તમારી પાસે ખુશખબરી લઈને આવ્યા છે કે આપને એક બાળક પેદા થશે ઈસ્હાક અને તેના પછી ઈસ્હાકનો એક પુત્ર થશે યાકૂબ અને ખુશખબરી એટલા માટે કહીએ છીએ કે પ્રથમ તો અવલાદ ખુશીની બાબત છે અને ઉપરથી હઝરત ઈબ્રાહીમ અલૈ. ઘરડા થઈ ગયા હતા, પત્ની પણ ઘણા ઘરડા હતા અને અવલાદની કોઈ આશા ન હતી તેમણે નુબુવ્વતના પ્રકાશથી ધ્યાન કેન્દ્રિત કરી ઓળખી લીધા કે ખરેખર આ ફરિશ્તા છે અને એ પણ જાણી લીધું કે તેઓ આ ખુશખબરી ઉપરાંત કોઈ બીજા મોટા કામ માટે આવ્યા છે, એટલા માટે તે જાણવા માટે પ્રશ્ન કર્યો કે فَمَا خَطْبُكُمْ શું કામ માટે આવ્યા છો ? તે સમયે ફરિશ્તાએ કહ્યું કે) અમે કોમ લૂત તરફ

મોકલવામાં આવ્યા છે (કે તેમનો કુફ્રની સજામાં નાશ કરીએ, તેમની વચ્ચે આ વાતચીત થઈ રહી હતી) અને ઈબ્રાહીમ (અલૈ.)ની પત્ની (હઝરત સારાહ ત્યાં) ઊભા(–ઊભા સાંભળી રહ્યા) હતા, બસ (અવલાદની ખબર સાંભળીને જેમની ત્યાર પછી હઝરત ઈસ્માઈલ અલૈ. હાજરાના પેટથી પેદા થવાની ઈચ્છા પણ હતી, ખુશીથી) હસી પડયા (અને બોલતાં–બોલતાં આવ્યા, આશ્ચર્યથી હાથ માથા ઉપર માર્યો, અલ્લાહ તઆલા ફરમાવે છે فَاَقْبَلَتِ امْرَاَتُهٗ فِىْ صَرَّةٍ فَصَكَّتْ وَجْهَهَا) બસ, અમે (એટલે કે અમારા ફરિશ્તાઓએ) તેમને (ફરીવાર) ખુશખબરી આપી ઈસ્હાક (અલૈ.ના પેદા થવા)ની અને ઈસ્હાક (અલૈ.) પછી યાકૂબ (અલૈ.)ની, (જેઓ ઈસ્હાક અલૈ.ના પુત્ર થયા, તેનાથી જાણ થઈ કે તમારા ત્યાં બાળક થશે અને જીવંત પણ રહેશે એટલે સુધી કે તે પણ સંતાનનો પિતા થશે, તે સમયે) કહેવા લાગી કે ઓ–હો ! હવે ઘરડી થઈ ત્યારે બાળક જણીશ ? અને આ મારા પતિ (બેઠા) છે બિલકુલ ઘરડા ! ખરેખર આ તો આશ્ચર્યજનક વાત છે ! ફરિશ્તાઓએ કહ્યું કે શું (નબીના કુટુંબમાં રહીને હંમેશા મોઅ્જિઝાઓ અને આશ્ચર્યજનક ઘટનાઓ જોઈને પણ) તમે અલ્લાહના કામોમાં તાજ્જુબ કરો છો ! (અને વિશેષ કરીને) આ ખાનદાનના લોકો ઉપર તો અલ્લાહ તઆલાની (ખાસ) રહમત અને તેની (પ્રકાર–પ્રકારની) બરકતો (નાઝિલ થતી રહી) છે, બેશક ! તે (અલ્લાહ તઆલા) વખાણના પાત્ર (અને) મોટી શાનવાળો છે (તે ગમે એવું મોટું કામ કરી શકે છે બસ, આશ્ચર્ય કરવાને બદલે તેના વખાણ અને આભાર માનવામાં પ્રવૃત્ત થાઓ).

મસ્અલા અને બોધપાઠ :

આ પાંચ આયતોમાં હઝરત ખલીલુલ્લાહ ઈબ્રાહીમ (અલૈ.)નો એક કિસ્સો પ્રસ્તુત છે કે, અલ્લાહ તઆલાએ અમુક ફરિશ્તાઓને તેમની પાસે સંતાનની ખુશખબરી આપવા માટે મોકલ્યા, કારણ કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની પત્ની હઝરત સારહથી કોઈ સંતાન ન હતું અને તેમને અવલાદની તમન્ના પણ હતી પરંતુ બંને ઉપર ઘડપણ છવાઈ ગયું હતું, દેખીતી રીતે સંતાનપ્રાપ્તિની કોઈ આશા ન હતી. અલ્લાહ તબારક વ તઆલાએ ફરિશ્તાઓ દ્વારા ખુશખબરી મોકલી અને તે પણ એવી શાનથી કે સંતાન પુત્ર હશે અને તેનું નામ પણ ઈસ્હાક નક્કી કરવામાં આવ્યું અને પછી એ પણ બતાવ્યું કે તે જીવંત

રહેશે અને તે પણ અવલાદવાળા થશે અને તેમના પુત્રનું નામ યાકૂબ હશે અને બંને અલ્લાહ તઆલાના પયગમ્બર અને રસૂલ હશે. આ ફરિશ્તાઓ મનુષ્યની વેશ-ભૂષામાં આવ્યા હતા, એટલા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમને સામાન્ય મહેમાન સમજીને મહેમાન નવાઝી શરૂ કરી, તળેલું માંસ સામે લાવીને મૂક્યું પરંતુ તે તો વાસ્તવમાં ફરિશ્તાઓ હતા, તેઓ ખાવા-પીવાની આવશ્યકતાથી ઉપરવટ હતા, એટલા માટે જમવાનું સામે હોવા છતાં તેના તરફ હાથ પણ લંબાવ્યો નહીં. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એ જોઈને શંકામાં પડ્યા કે આ લોકો મહેમાનો નથી લાગતા, શક્ય છે કે કોઈ ફસાદની નિય્યતે આવ્યા હોય, ફરિશ્તાઓએ તેમનો આ સંદેહ અને ભય જાણીને વાતને સ્પષ્ટ કરી આપી અને બતાવ્યું કે અમે અલ્લાહ તઆલાના ફરિશ્તા છે અને તમારે ગભરાવાની જરૂર નથી, અમે આપને સંતાનપ્રાપ્તિની ખુશખબરી આપવા ઉપરાંત એક મહત્ત્વના કામ માટે મોકલવામાં આવ્યા છે કે કોમે લૂત (અલૈ.) ઉપર અઝાબ નાઝિલ કરીએ, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની પત્ની હઝરત સારહ (અલૈ.) પડદા પાછળ ઊભા-ઊભા આ વાતચીત સાંભળી રહ્યા હતા, જ્યારે તેમને જાણ થઈ કે આ માનવો નથી, ફરિશ્તાઓ છે તો પડદાની આવશ્યકતા ન રહી, ઘડપણમાં સંતાનપ્રાપ્તિની ખુશખબરી સાંભળીને હસી પડ્યા અને કહેવા લાગ્યા કે શું હું ઘડપણમાં અવલાદ જણીશ ? અને આ મારા પતિ પણ ઘરડા છે. ફરિશ્તાઓએ જવાબ આપ્યો કે તમે અલ્લાહ તઆલાના હુકમ ઉપર આશ્ચર્ય કરો છો જેની કુદરતમાં સર્વ કંઈ છે !? ખાસ કરીને તમે નુબુવ્વતના ખાનદાનમાં રહીને તેની કુદરતના અનેકવાર પ્રત્યક્ષ દર્શન કરતા રહો છો અને આ ખાનદાન ઉપર અલ્લાહ તઆલાની અસામાન્ય રહમતો અને બરકતો નાઝિલ થતી રહે છે, જે મોટા ભાગે જાહેર કાર્યકારણના ક્રમથી ઉપરવટ હોય છે તો પછી ઘડપણમાં સંતાનપ્રાપ્તિ થવામાં આશ્ચર્યની શું વાત છે ? આ તે ઘટનાનો ખુલાસો છે, આગળ પ્રસ્તુત આયતોની સંપૂર્ણ વિગત જોઈ લઈએ.

પ્રથમ આયતમાં બતાવવામાં આવ્યું કે આ ફરિશ્તાઓ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પાસે કોઈ ખુશખબરી લઈને આવ્યા હતા, તે ખુશખબરીનું વર્ણન આગળ ત્રીજી આયતમાં આવે છે. فَبَشَّرْنٰهَا بِاِسْحٰقَ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, આ ત્રણ

ફરિશ્તાઓ હઝરત જિબ્રઈલ, હઝરત મિકાઈલ અને હઝરત ઈસ્રાફીલ (અલૈ.) હતા. (કુર્તુબી) તેમણે માણસના વેશમાં આવીને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને સલામ કરી, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ સલામનો જવાબ આપ્યો અને તેમણે માણસ સમજીને મહેમાન નવાઝી શરૂ કરી.

હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પ્રથમ તે માનવી છે જેમણે દુનિયામાં મહેમાન નવાઝીનો રિવાજ શરૂ કર્યો. (કુર્તુબી) તેમનો એ નિત્યક્રમ હતો કે ક્યારેય એકલા ભોજન કરતા ન હતા, બલકે દરેક ભોજનના સમયે શોધખોળ કરતા હતા કે કોઈ મહેમાન આવી જાય તો તેમની સાથે ભોજન કરે.

કુર્તુબીએ અમુક ઈસ્રાઈલી રિવાયતોથી નકલ કર્યું છે કે, એક દિવસે ભોજનના સમયે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ મહેમાનની શોધખોળ આરંભી તો એક અજાણ્યો વ્યક્તિ મળ્યો, જ્યારે તેઓ ખાવા બેઠા તો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ ફરમાવ્યું કે, "બિસ્મિલ્લાહ" કહો. તેણે કહ્યું કે "હું જાણતો નથી કે અલ્લાહ કોણ છે અને શું છે ?" હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેને દસ્તરખ્વાન ઉપરથી ઉઠાડી મૂક્યો, જ્યારે તે બહાર ચાલ્યો ગયો તો હઝરત જિબ્રઈલ (અલૈ.) આવ્યા અને કહ્યું, "અલ્લાહ તઆલા ફરમાવે છે કે અમે તો તેને તેના કુફ્ર છતાં આખી જિંદગી રોજી આપી અને તમે એક કોળિયો આપવામાં પણ બખીલાઈ કરી!" આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તેની પાછળ દોડ્યા અને તે વ્યક્તિને પાછો બોલાવ્યો. તેણે કહ્યું કે જ્યાં સુધી તમે એનું કારણ નહીં બતાવો કે મને પ્રથમ કેમ કાઢી મૂક્યો હતો અને હવે પાછા કેમ બોલાવી રહ્યા છો ? હું ત્યાં સુધી તમારી સાથે આવીશ નહીં.

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ ઘટના કહી બતાવી તો આ જ ઘટના તેના મુસલમાન બનવાનું કારણ બની ગઈ, તેણે કહ્યું કે તે પરવરદિગાર કે જેણે આવો હુકમ મોકલ્યો છે તે ઘણો જ દયાળુ છે, હું તેના ઉપર ઈમાન લાવું છું. ત્યારબાદ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની સાથે ગયો અને મો'મિન થઈને કાયદેસર "બિસ્મિલ્લાહ" પઢીને ભોજન કર્યું.

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાની મહેમાનનવાઝીની ટેવ પ્રમાણે મનુષ્યના વેશમાં આવનારા ફરિશ્તાઓને માનવ અને મહેમાન સમજીને

પરોણાગતી શરૂ કરી અને તરત જ એક તળેલા વાછરડાનો માંસ સામે લાવીને મૂકી દીધો.

બીજી આયતમાં બતાવવામાં આવ્યું છે કે, આવનાર ફરિશ્તાઓ જો કે મનુષ્યની વેશભૂષામાં આવ્યાં હતા અને એ પણ શક્ય હતું કે તે સમયે કદાચ તેમને મનુષ્યની લાક્ષણિકતાઓ જેમકે ખાવું-પીવું વગેરે પણ આપી દેવામાં આવ્યું હોય પરંતુ હિકમત એમાં જ હતી કે આ ભોજન તેઓ ન ખાય, જેથી તેમના ફરિશ્તા હોવાનું રહસ્ય જાહેર થાય, એટલા માટે મનુષ્યના વેશમાં પણ તેમની ફરિશ્તા તરીકેની ખાસિયતો બાકી રાખવામાં આવી જેના કારણે તેમણે ભોજનને હાથ પણ લગાવ્યો નહીં.

અમુક રિવાયતોમાં છે કે તેમના હાથમાં અમુક તીર હતા, તે તીરોની અણીઓ આ તળેલા માંસમાં લગાવવા માંડ્યા, તેમના આ કૃત્યથી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને તે સમયના રિવાજ પ્રમાણે સ્વાભાવગત ભય લાગ્યો કે કદાચ આ કોઈ દુશ્મન હોય ! કારણ કે તે સમયનો રિવાજ એ હતો કે જ્યારે કોઈ મહેમાન ખાવાનો ઈન્કાર કરે તો તેને ફસાદ અને દુશ્મનાવટની નિશાની સમજવામાં આવતી હતી. (કુર્તુબી) ફરિશ્તાઓએ ભેદ જાહેર કરી દીધો કે અમે ફરિશ્તાઓ છે એટલા માટે નથી ખાતા, તમે કોઈ ભય અનુભવશો નહીં.

હુકમો અને મસ્અલાઓ :

પ્રસ્તુત આયતોમાં સામાજિક નીતિ-નિયમોના ઘણા બધા હુકમો અને અગત્યના માર્ગદર્શક સૂચનો પ્રસ્તુત છે જેને ઈમામ કુર્તુબી (રહ.)એ પોતાની તફસીરમાં વિગતપૂર્વક વર્ણન કર્યા છે.

સલામની સુન્નત :

قَالُوْا سَلٰمًا قَالَ سَلٰمٌ એનાથી જાણ થઈ કે મુસલમાનો માટે સુન્નત છે કે જ્યારે પરસ્પર મળે તો એકબીજાને સલામ કરે અને આવનાર મહેમાને તેની શરૂઆત કરવી જોઈએ અને બીજાઓએ તેનો જવાબ આપવો જોઈએ.

એ રિવાજ તો દરેક કોમ અને સમાજોમાં જોવા મળે છે કે મુલાકાત ટાણે એકબીજાને ખુશ કરવા માટે અમુક શબ્દો કહે છે પરંતુ ઈસ્લામની તા'લીમ આ બાબતમાં પણ અજોડ અને ઉત્તમ છે, કારણ કે સલામના સુન્નત તરીકા પ્રમાણેના

શબ્દો "અસ્સલામુ અલયકુમ" છે જે અલ્લાહના નામ ઉપર આધારિત હોવાના કારણે અલ્લાહનો ઝિક્ર પણ છે અને જેને એ કહેવામાં આવી રહ્યું છે તેના માટે સલામતીની દુઆ પણ છે અને પોતાના તરફથી તેના પ્રાણ-માલ અને ઈજ્જત-આબરૂની સલામતીની જામિનગીરી પણ છે.

કુર્આને કરીમમાં આ સ્થળે ફરિશ્તાઓ તરફથી ફક્ત سَلَامًا (સલામન) અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તરફથી તેના જવાબમાં سَلَامٌ (સલામુન)નો ઉલ્લેખ થયો છે, દેખીતા સ્વરૂપમાં અત્રે સલામના સંપૂર્ણ શબ્દોનું વર્ણન કરવાની આવશ્યકતા સમજવામાં નથી આવી, જેમકે સામાન્ય બોલચાલ અને રિવાજમાં કહેવામાં આવે છે કે, ફલાણાએ ફલાણાને સલામ કરી. ભાવાર્થ એ હોય છે કે સંપૂર્ણ વાક્ય "અસ્સલામુ અલયકુમ" કહ્યું, એ જ પ્રમાણે અહીંયાં શબ્દ "સલામ"થી સંપૂર્ણ સુન્નત તરીકા પ્રમાણેનું વાક્ય સલામના ભાવાર્થમાં છે જે રસૂલે કરીમ ﷺએ પોતાના નિવેદનો અને અમલ દ્વારા લોકોને બતાવ્યું છે, એટલે કે સલામની શરૂઆત કરનારનું "અસ્સલામુ અલયકુમ" કહેવું અને તે સલામના જવાબમાં સાંભળનારનું "વ અલયકુમુસ્સલામ વરહમતુલ્લાહ" કહેવું.

મહેમાન અને મહેમાન નવાઝી (પરોણાગત)ના અમુક સિદ્ધાંતો અને શિષ્ટાચાર :

فَمَا لَبِثَ اَنْ جَآءَ بِعِجْلٍ حَنِيْذٍ એટલે કે, "નથી થોભ્યા ઈબ્રાહીમ (અલૈ.) પરંતુ માત્ર એ પ્રમાણે કે લઈ આવ્યા તળેલું વાછરડું."

તેનાથી અમુક બાબતો જાણ થઈ, પ્રથમ એ કે મહેમાનનવાઝીના શિષ્ટાચારમાંથી એ છે કે મહેમાન આવતાં જ જે કંઈ ખાવા-પીવાની ચીજ-વસ્તુ હાજર હોય તે જલદીથી લાવીને તેમની સામે મૂકવામાં આવે, પછી જો આર્થિક છૂટછાટવાળો વ્યક્તિ હોય તો વધારે મહેમાનનવાઝીની વ્યવસ્થા પાછળથી કરે.

બીજી વાત એ જાણ થઈ કે મહેમાન માટે વધારે દોડાદોડી ન કરે બલકે જે કંઈ સરળતાથી સારી વસ્તુ પ્રાપ્ત થઈ જાય તે મહેમાનની સેવામાં રજૂ કરે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના ત્યાં ગાય-બળદ રહેતા હતા, એટલા માટે વાછરડું ઝબહ કરીને તાત્કાલિક તેનું માંસ તળીને સામે લાવી મૂકી દીધું. *(કુર્તુબી)*

ત્રીજું એ કે આવનાર મહેમાનોની મહેમાન નવાઝી કરવી ઈસ્લામના

શિષ્ટાચાર અને મનુષ્યની નૈતિક ફરજ છે, અંબિયા (અલૈ.) અને નેક લોકોની હંમેશા એવી જ ટેવ રહી છે, જો કે એમાં વિદ્વાનોનો મતભેદ છે કે મહેમાન નવાઝી કરવી વાજિબ છે કે નહીં ? જમહૂર ઉલમા એવો મત ધરાવે છે કે મહેમાન નવાઝી વાજિબ નથી સુન્નત અને સદ્કર્મ છે, અમુકે ફરમાવ્યું કે ગામવાળાઓ ઉપર વાજિબ છે કે જે વ્યક્તિ તેમના ગામમાં થોભે તેની મહેમાની કરે, કારણ કે ત્યાં ખાવા–પીવાની બીજી વ્યવસ્થા હોતી નથી અને જો શહેરમાં હોય તો હૉટલ વગેરેથી તેની વ્યવસ્થા થઈ શકે છે, એટલા માટે શહેરવાળાઓ ઉપર વાજિબ નથી. કુર્તુબીએ પોતાની તફસીરમાં આ પ્રમાણેના વિવિધ નિવેદનો નકલ કર્યા છે.

فَلَمَّا رَآى اَيْدِيَهُمْ لَا تَصِلُ اِلَيْهِ نَكِرَهُمْ એટલે કે, "જ્યારે જોયું ઈબ્રાહીમ (અલૈ.)એ કે તેમના હાથ ભોજન સુધી નથી પહોંચતા તો ભય પામ્યા."

આથી જાણ થઈ કે મહેમાન માટે અદબનો નિયમ એ પણ છે કે મહેમાનની સામે જે વસ્તુ મૂકવામાં આવે તેણે તે સ્વીકારવું જોઈએ, ખાવાનું દિલ ન ઈચ્છે અથવા નુકસાનકારક સમજે તો મા'મૂલી મન રાખવા માટે પણ તેને આરોગે.

આ વાક્યથી બીજી બાબત એ જાણ થઈ કે મેજબાને ફક્ત ખાવું સામે મૂકીને પરવારી ન જવું જોઈએ, બલકે એ બાબતનું ધ્યાન રાખે કે મહેમાન ખાઈ રહ્યો છે કે નહીં ? જેમકે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ ફરિશ્તાઓ ભોજન આરોગી નથી રહ્યા તેનું ધ્યાન રાખ્યું.

પરંતુ આ ધ્યાન રાખવું એ પ્રમાણે હોય કે મહેમાનને ખાવામાં શરમ ન આવે, ઉપરછલ્લી નજરથી જોઈ લે કારણ કે મહેમાનના કોળિયાઓ ગણવા પરોણાગતના શિષ્ટાચારની વિરુદ્ધ છે અને મહેમાન માટે શરમિંદા થવાનું કારણ બને છે, જેમકે હિશામ બિન અબ્દુલ મલિકના દરસ્તરખ્વાન ઉપર એક દિવસે એક ગામડિયાની એ ઘટના બની કે ગામડિયાના કોળિયામાં વાળ હતો, અમીરુલ મુઅ્મિનીન હિશામે જોયું તો બતાવ્યો, ગામડિયો તરત જ ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો કે અમે એવા વ્યક્તિની પાસે ખાવાનું ખાતા નથી જે અમારા કોળિયાઓને જોતો હોય.

ઈમામ તબરીએ આ સ્થળે વર્ણન કર્યું છે કે, પ્રથમ જ્યારે ફરિશ્તાઓએ

ભોજનનો ઇન્કાર કર્યો તો એવું કહ્યું હતું કે અમે મફતનું ખાતા નથી, જો તમે કિંમત લઈ લો તો ખાઈશું. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ જવાબમાં ફરમાવ્યું કે, હા ! આ ખાવાની એક કિંમત છે તે અદા કરી આપો, તે કિંમત એ છે કે શરૂઆતમાં અલ્લાહનું નામ લો અને અંતે તેના વખાણ કરો. હઝરત જિબ્રઈલ (અલૈ.)એ આ સાંભળીને પોતાન સાથીઓને બતાવ્યું કે અલ્લાહ તઆલાએ તેમને જે ખલીલ બનાવ્યા છે આ તેના જ હકદાર છે.

આ ઘટનાથી જાણ થઈ કે ખાવાની શરૂઆતમાં "બિસ્મિલ્લાહ" અને અંતે "અલહમ્દુલિલ્લાહ" કહેવું સુન્નત છે.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૭૪ થી ૮૩)

فَلَمَّا ذَهَبَ عَنْ إِبْرٰهِيمَ الرَّوْعُ وَجَآءَتْهُ الْبُشْرٰى يُجَادِلُنَا فِي قَوْمِ لُوطٍ ﴿٧٤﴾ إِنَّ إِبْرٰهِيمَ
لَحَلِيمٌ أَوَّاهٌ مُّنِيبٌ ﴿٧٥﴾ يٰٓإِبْرٰهِيمُ أَعْرِضْ عَنْ هٰذَا إِنَّهُ قَدْ جَآءَ أَمْرُ رَبِّكَ وَإِنَّهُمْ
اٰتِيهِمْ عَذَابٌ غَيْرُ مَرْدُودٍ ﴿٧٦﴾ وَلَمَّا جَآءَتْ رُسُلُنَا لُوطًا سِيٓءَ بِهِمْ وَضَاقَ بِهِمْ
ذَرْعًا وَّقَالَ هٰذَا يَوْمٌ عَصِيبٌ ﴿٧٧﴾ وَجَآءَهُ قَوْمُهُ يُهْرَعُونَ إِلَيْهِ وَمِنْ قَبْلُ كَانُوا
يَعْمَلُونَ السَّيِّاٰتِ قَالَ يٰقَوْمِ هٰٓؤُلَآءِ بَنَاتِي هُنَّ أَطْهَرُ لَكُمْ فَاتَّقُوا اللّٰهَ وَلَا تُخْزُونِ فِي
ضَيْفِي أَلَيْسَ مِنْكُمْ رَجُلٌ رَّشِيدٌ ﴿٧٨﴾ قَالُوا لَقَدْ عَلِمْتَ مَا لَنَا فِي بَنٰتِكَ مِنْ حَقٍّ
وَإِنَّكَ لَتَعْلَمُ مَا نُرِيدُ ﴿٧٩﴾ قَالَ لَوْ أَنَّ لِي بِكُمْ قُوَّةً أَوْ اٰوِيٓ إِلٰى رُكْنٍ شَدِيدٍ ﴿٨٠﴾ قَالُوا
يٰلُوطُ إِنَّا رُسُلُ رَبِّكَ لَنْ يَّصِلُوٓا إِلَيْكَ فَأَسْرِ بِأَهْلِكَ بِقِطْعٍ مِّنَ الَّيْلِ وَلَا يَلْتَفِتْ
مِنْكُمْ أَحَدٌ إِلَّا امْرَأَتَكَ إِنَّهُ مُصِيبُهَا مَآ أَصَابَهُمْ إِنَّ مَوْعِدَهُمُ الصُّبْحُ أَلَيْسَ
الصُّبْحُ بِقَرِيبٍ ﴿٨١﴾ فَلَمَّا جَآءَ أَمْرُنَا جَعَلْنَا عَالِيَهَا سَافِلَهَا وَأَمْطَرْنَا عَلَيْهَا حِجَارَةً
مِّنْ سِجِّيلٍ مَّنْضُودٍ ﴿٨٢﴾ مُّسَوَّمَةً عِنْدَ رَبِّكَ وَمَا هِيَ مِنَ الظّٰلِمِينَ بِبَعِيدٍ ﴿٨٣﴾ ع

તરજુમો :

પછી જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)નો ડર જતો રહ્યો અને તેમને ખુશખબરી આવી, અમારી સાથે કોમે લૂતના હકમાં વાદે ચઢયા. (૭૪) અલબત્ત ઈબ્રાહીમ (અલૈ.) સહનશીલ નરમદિલ છે રુજૂઅ્ (શરણે) રહેનારા. (૭૫) હે ઈબ્રાહીમ (અલૈ.) ! એ ખયાલ છોડો તે તો આવી ચૂક્યો તમારા પરવરદિગારનો હુકમ અને તેમના ઉપર અઝાબ આવે છે જે પાછો વાળવામાં નથી આવતો. (૭૬) અને જ્યારે અમારા મોકલેલા લૂત (અલૈ.)ની પાસે પહોંચ્યા તેમના આવવાથી દિલગીર થયા અને દિલમાં તંગ થયા અને બોલ્યા, આજે દિવસ ઘણો કઠોર છે. (૭૭) અને તેમની પાસે તેમની કોમ બેધડક દોડી આવી અને પ્રથમથી (જ) દુષ્કૃત્યો કરી રહ્યા હતા, બોલ્યા, હે કોમ ! આ મારી (કોમની) દિકરીઓ હાજર છે તે તમારા માટે પવિત્ર છે, બસ અલ્લાહથી ડરો અને મને મારા મહેમાનોમાં અપમાનિત ન કરો, શું તમારામાં એક પુરુષ પણ સદાચારી (ભલો) નથી ? (૭૮) બોલ્યા, તું તો અમને જાણે છે તારી (કોમની) દિકરીઓથી કંઈ ગરજ નથી અને તને ખબર છે જે અમે ઈચ્છીએ છીએ. (૭૯) કહેવા લાગ્યા, કાશ તમારા મુકાબલામાં મારી પાસે બળ હોત ! અથવા કોઈ મજબૂત શરણમાં જઈ બેઠો હોત. (૮૦) મહેમાન બોલ્યા, હે લૂત (અલૈ.) ! અમે તારા પરવરદિગારના મોકલેલા છે કદાપિ તમારા સુધી પહોંચી શકશે નહીં, બસ પોતાના લોકોને લઈને નીકળો રાત્રિના અમુક પહોરે અને તમારામાંથી કોઈ પાછું વળીને ન જુએ પરંતુ તમારી ઓરત કે તેને પહોંચીને રહેશે જે તેમને પહોંચશે, તેમના વાયદાનો વખત સવારનો છે શું સવાર નજીક નથી ? (૮૧) પછી જ્યારે અમારો હુકમ પહોંચ્યો અમે તે વસ્તી તળે-ઉપર કરી નાંખી અને અમે તેના ઉપર ખેંગારના પથ્થર લગાતાર વરસાવ્યા (૮૨) તમારા પરવરદિગારની પાસે નિશાન કરેલા અને તે વસ્તી આ જાલિમોથી કંઈ દૂર નથી. (૮૩)

તફસીર :

પછી જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)નો તે ડર દૂર થઈ ગયો (જ્યારે ફરિશ્તાઓએ لَا تَخَفْ કહ્યું અને તેમના ફરિશ્તા હોવાની જાણ થઈ ગઈ) અને

તેમને ખુશીના સમાચાર મળ્યા (કે તેમને સંતાન થશે) તો (એ તરફ નચિંત થઈને બીજી બાજુ કેન્દ્રિત થયા અને કોમે લૂત અલૈ.નો નાશ કરવાની બાબતે અને) અમારાથી લૂત (અલૈ.)ની કોમ વિશે (સિફારસ ખૂબ જ) આગ્રહ (પૂર્વક) કરવાનું શરૂ કર્યું (જેની વિગત બીજી આયતમાં છે કે ત્યાં તો હઝરત લૂત અલૈ. પણ મોજૂદ છે એટલા માટે ત્યાં અઝાબ મોકલવામાં ન આવે કે તેમને નુકસાન પહોંચશે, હેતુ એ હશે કે આ બહાનાથી તેમની કોમ બચી જાય જેમકે فِي قَوْمِ لُوطٍ થી દેખીતી રીતે જાણ થાય છે અને કદાચ હઝરત ઈબ્રાહીમ અલૈ.ને તેમના ઈમાન લાવવાની આશા હોય) ખરેખર, ઈબ્રાહીમ (અલૈ.) ખૂબ સહનશીલ, દયાળુ સ્વભાવના અને માયાળુ હતા (તેમણે ભલામણમાં ખૂબ આગ્રહ કર્યો તો ઈરશાદ થયો કે) હે ઈબ્રાહીમ ! (અલૈ. ભલે બહાનું હઝરત લૂત અલૈ.નું છે પરંતુ તમારો મૂળ હેતુ અમે જાણીએ છીએ કે તમે આ કોમની ભલામણ કરી રહ્યા છો બસ,) એ વાતને જવા દો, (તેઓ ઈમાન લાવવાના નથી એટલા માટે) તમારા પરવરદિગારનો હુકમ (તેમના વિશે) આવી ચૂક્યો છે અને (તે કારણે) તેમના ઉપર અવશ્ય એવો અઝાબ આવવાનો છે જે કોઈપણ રીતે ટળવાનો નથી, (એટલા માટે એના વિશે મને કંઈ કહેવું-સાંભળવું બેકાર છે, રહી વાત હઝરત લૂત અલૈ.ના ત્યાં ઉપસ્થિત હોવાની તો અલબત્ત તેમને અને બધા ઈમાનવાળાઓને ત્યાંથી અલગ કરી દેવામાં આવશે ત્યારબાદ અઝાબ આવશે જેથી તેમને કોઈ નુકસાન પહોંચશે નહીં, એટલા માટે તમારી આ વાત પણ સમાપ્ત થઈ ગઈ) અને (હઝરત ઈબ્રાહીમ અલૈ.થી પરવારીને) જ્યારે અમારા તે ફરિશ્તાઓ લૂત (અલૈ.) પાસે આવ્યા તો લૂત (અલૈ.) તેમના આવવાના કારણે (એટલા માટે) દિલગીર થયા (કે તેઓ ખૂબ રૂપાળા નવયુવાનોના સ્વરૂપે આવ્યા હતા અને લૂત અલૈ. તેમને મનુષ્ય સમજતા હતા અને પોતાની કોમના દુષ્ટ સજાતીય દુરાચારનો વિચાર આવ્યો) અને (તેથી) તેમના (આવવાના) કારણે ખૂબ તંગદિલ થયા (અને તંગદિલ થઈને) કહેવા લાગ્યા કે આજનો દિવસ ઘણો ભારે છે (કે તેમના મહેમાનો આટલા ખૂબસૂરત છે અને તેમની કોમની આવી સજાતીય હરકતો છે અને તેઓ પોતે એકલા છે, જૂઓ શું થાય છે ?) અને તેમની કોમ(ને જ્યારે એ ખબર થઈ તો) તેમની (એટલે કે હઝરત લૂત અલૈ.ની) પાસે દોડતી-દોડતી આવી અને પ્રથમથી જ તેઓ બદ્ફેલી કર્યા કરતા હતા (એ જ

કારણે તેઓ અહીંયાં આવ્યા હતા) લૂત (અલૈ.) ઘણા ગભરાયા અને (તેમના સ્વમાનને ઢંઢોળવા) કહેવા લાગ્યા કે હે મારી કોમ ! આ મારી (કોમની વહુઓ) દિકરીઓ (જે તમારા ઘરોમાં) મોજૂદ છે, તે તમારા (જાતીય ઈચ્છાઓ પૂરી કરવા) માટે (સારી અને) ઘણી બધી છે, બસ (આ નવયુવાનો ઉપર અને પુરુષો ઉપર બદ્‌નજર કરવાથી) અલ્લાહથી ડરો અને મારા મહેમાનોમાં મને અપમાનિત ન કરો (એટલે કે આ મહેમાનોને કંઈ કહીને મને લજ્જિત અને અપમાનિત ન કરશો ભલે, તમે તેમનું સન્માન નથી કરતા કે તે મુસાફર છે પણ મારો તો વિચાર કરો ! કે હું તમારામાં રહું છું, અફસોસ ! મને આશ્ચર્ય છે કે) શું તમારામાં કોઈપણ (સારો અને) ભલો માણસ નથી (કે તે તમને સમજાવે અને તમે સમજી જાઓ) ! તે લોકો કહેવા લાગ્યા કે તમને ખબર છે કે અમને તમારી આ (વહુ) દિકરીઓની કોઈ જરૂરત નથી (કારણ કે અમને સ્ત્રીઓમાં રસ જ નથી) અને તમને તો જાણ છે (અહીંયાં આવવામાં) જે અમારો હેતુ છે, લૂત (અલૈ. ખૂબ કરગરીને અને અફસોસથી) કહેવા લાગ્યા, કેટલું સારું થાત જો મારું તમારા ઉપર કોઈ જોર ચાલતું હોત ! (કે હું પોતે તમારા આ દુરાચારને સમાપ્ત કરી આપત) અથવા કોઈ મજબૂત શરણ મેળવી લીધું હોત (ભાવાર્થ એ છે કે મારો કોઈ કુટુંબ–કબીલો હોત કે જેમણે મારી મદદ કરી હોત, જ્યારે હઝરત લૂત અલૈ.ને આટલા બધા દુઃખી જોયા) તો ફરિશ્તાઓ કહેવા લાગ્યા કે હે લૂત ! (અલૈ. અમે માનવી નથી, શા માટે આટલા બધા ગભરાઓ છો ?) અમે તો તમારા પરવરદિગારના મોકલેલા (ફરિશ્તા) છીએ, (તેઓ અમારું શું બગાડી શકવાના છે બલકે તમે પણ કોઈ ભય ન સેવો, કારણ કે) તેઓ તમારા સુધી કદાપિ પહોંચી શકશે નહીં (કે તમને તકલીફ પહોંચાડી શકશે નહીં અને અમે તેમના ઉપર અઝાબ નાઝિલ કરવા માટે આવ્યા છે) બસ, તમે રાત્રિના કોઈ ભાગમાં પોતાના ઘરવાળાઓને લઈને (અહીંયાંથી બહાર) ચાલ્યા જાઓ અને તમારામાંથી કોઈ પાછું વળીને પણ ન જોશો (એટલે કે બધા જલદી–જલદી ચાલ્યા જાઓ) હા ! પરંતુ તમારી પત્ની (મુસલમાન ન થવાના કારણે તમારી સાથે આવશે નહીં) તેના ઉપર પણ તે જ આફત આવવાની છે જે આ લોકો ઉપર આવશે (અને અમે રાત્રિનો સમય પસાર થવાનું એટલા માટે કહીએ છીએ કે) તેમનો (અઝાબનો) વાયદો સવારના સમયનો છે (લૂત અલૈ. ખૂબ ત્રાસી ચૂક્યા

હતા એટલે ફરમાવવા લાગ્યા, જે કંઈ થવાનું હોય તે થઈ જાય. —કઝા ફિલ દૂરે મન્ષૂર —ફરિશ્તાઓએ કહ્યું,) શું સવારનો સમય નજીક નથી ? (મતલબ કે લૂત અલૈ. રાતો-રાત દૂર નીકળી ગયા અને સવાર થઈ તથા અઝાબનો સામાન શરૂ થઈ ચૂક્યો) બસ, જ્યારે અમારો હુકમ (અઝાબ માટે) આવી પહોંચ્યો તો અમે એ જમીન(ને ઊલટીને તે)ની ઉપરની સપાટીને નીચે કરી દીધી (અને નીચેનું તળિયું ઉપર કરી દીધું) અને તે જમીન ઉપર ખેંગારના પથ્થરો (તેનો ભાવાર્થ એવા ખેંગાર હોય છે જે પથ્થર જેવા હોય છે) વરસાવવાની શરૂઆત કરી જે લગાતાર વરસી રહ્યા હતા જેના ઉપર તમારા પરવરદિગાર પાસે (એટલે કે આલમે ગય્બમાં) ખાસ નિશાનીઓ પણ હતી (અન્ય પથ્થરો કરતા આ પથ્થરો વિશિષ્ટ પ્રકારના હતા) અને (મક્કાના નિવાસીઓએ આ ઘટનાથી બોધપાઠ ગ્રહણ કરવો જોઈએ કારણ કે) આ વસ્તીઓ (કોમે લૂતની) આ જાલિમોથી બહુ દૂર નથી (હંમેશા સિરીયા આવતા-જતા રહે છે અને તેમની બરબાદીના ચિહ્નો જોતા રહે છે, બસ તેમણે અલ્લાહ તઆલા અને રસૂલ ﷺનો વિરોધ કરવાથી ડરવું જોઈએ).

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ હૂદમાં મોટા ભાગે અગાઉના અંબિયા (અલૈ.) તથા તેમની કોમની પરિસ્થિતિ તથા અંબિયા (અલૈ.)નો વિરોધ કરવાના કારણે તેમના ઉપર વિવિધ પ્રકારના આસમાની અઝાબોનું વર્ણન આવ્યું છે, પ્રસ્તુત આયતોમાં હઝરત લૂત (અલૈ.) અને તેમની કોમની પરિસ્થિત તથા કોમે લૂત ઉપર સખત અઝાબનું વર્ણન છે.

હઝરત લૂત (અલૈ.)ની કોમ કાફિર હોવા ઉપરાંત એક એવી નિર્લજ્જ બદકારી અને દુરાચારમાં સપડાયેલ હતી જે દુનિયામાં ક્યારેય જોવા મળી ન હતી, જેનાથી જંગલના જાનવરો પણ સુગ અનુભવે છે કે પુરુષ-પુરુષ સાથે મોઢું કાળું કરે છે જેનો વબાલ અને અઝાબ સામાન્ય વ્યભિચાર કરતા પણ વધારે છે, એટલા માટે આ કોમ ઉપર એવો કઠોર અઝાબ આવ્યો કે જે સામાન્ય બેહયાઈ અને વ્યભિચાર કરનારાઓ ઉપર ક્યારેય નથી આવ્યો.

હઝરત લૂત (અલૈ.)ની ઘટના જે આ આયતમાં પ્રસ્તુત છે આ પ્રમાણે છે

કે અલ્લાહ તઆલાએ પોતાના અમુક ફરિશ્તા જેમાં હઝરત જિબ્રઈલ (અલૈ.) પણ આ કોમ ઉપર અઝાબ નાઝિલ કરવા માટે મોકલ્યા, જે પ્રથમ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના ત્યાં ફલસ્તીન (પેલેસ્ટાઈન) પહોંચ્યા જેની ઘટના પાછલી આયતોમાં વર્ણન થઈ ચૂકી છે, ત્યારબાદ હઝરત લૂત (અલૈ.)ની પાસે આવ્યા જેમનું સ્થળ ત્યાંથી દશ-બાર માઈલના અંતરે હતું.

અલ્લાહ તઆલા શા'નુહૂ જે કોમને અઝાબમાં પકડે છે તેના ઉપર તેના કૃત્યોના પ્રમાણમાં જ અને યોગ્ય અઝાબ મોકલે છે, આ તકે પણ અલ્લાહ તઆલાએ આ ફરિશ્તાઓને ખૂબસૂરત-સ્વરૂપવાન યુવાનોના વેશમાં મોકલ્યા હતા, જ્યારે તેઓ હઝરત લૂત (અલૈ.)ના ઘરે પહોંચ્યા તો તેમનો ચહેરો અને વેશ મનુષ્યનો ભાળીને તેઓ તેમને મહેમાન સમજ્યા અને તે જ ક્ષણે તેમને સખત ચિંતા અને રંજ થવા લાગ્યો કે, મહેમાનોની મહેમાની નહિ કરવામાં આવે તો તે પયગમ્બરની શાનથી વિરુદ્ધ લેખાશે અને જો હું તેમને મહેમાન તરીકે અહીંયાં થોભાવીશ તો મારી કોમની દુષ્ટતા તો ખબર જ છે અને તેમનાથી ભય છે કે તેઓ મકાન ઉપર ચઢી આવશે અને આ મહેમાનોને તકલીફ પહોંચાડશે અને હું તેમનું રક્ષણ કરી શકીશ નહીં તથા દિલમાં કહેવા લાગ્યા કે આજે ઘણો કઠોર અને મુસીબતનો દિવસ છે.

અલ્લાહ જલ્લ શા'નુહૂએ આ દુનિયાને આશ્ચર્યજનક બોધપાઠનું સ્થળ બનાવ્યું છે, તેની સંપૂર્ણ શક્તિ અને તેની ઉચ્ચ કક્ષાની હિકમતના અસંખ્ય નજારાઓ થતા રહે છે, આઝર મૂર્તિપૂજકના ઘરે પોતાના વહાલા ખલીલ હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પેદા કરી દીધા, હઝરત લૂત (અલૈ.) જેવા સ્વીકૃત અને નેક પારસા પયગમ્બરની પત્ની કાફિરોથી મળતી હતી અને હઝરત લૂત (અલૈ.)નો વિરોધ કરતી હતી, જ્યારે આ સન્માનનીય મહેમાન સ્વરૂપવાન યુવાનોના વેશમાં હઝરત લૂત (અલૈ.)ના ઘરમાં થોભ્યા તો તેમની પત્નીએ તેમની કોમના શરારતખોર અને દુષ્ટ લોકોને તેની ખબર આપી દીધી કે આજે અમારા ઘરમાં આ પ્રમાણેના મહેમાનો આવ્યા છે. *(કુર્તુબી અને મઝહરી)*

હઝરત લૂત (અલૈ.)નો સેવેલો સંદેહ નજર સમક્ષ આવી ગયો જેનું વર્ણન બીજી આયતમાં છે, وَجَآئَهُ قَوْمُهُ يُهْرَعُوْنَ اِلَيْهِ એટલે કે, તેમની પાસે તેમની કોમ

દોડતી-દોડતી આવી ગઈ અને તેઓ પ્રથમથી જ દુષ્ટ હરકતો કર્યા જ કરતા હતા.

તેમાં આ ઈશારો એ વાત તરફ પણ છે કે તેઓ પોતાના દુષ્ટ અને અયોગ્ય કૃત્યોની નહૂસતથી એટલા બધા બેહયા અને બેશરમ બની ચૂક્યા હતા કે જાહેરમાં હઝરત લૂત (અલૈ.)ના મકાન ઉપર દોડતા દોડતા ચઢી આવ્યા.

હઝરત લૂત (અલૈ.)એ જ્યારે જોયું કે, તેમનો મુકાબલો કરવો મુશ્કેલ છે તો તેમને તેમની દુષ્ટતા આચરવાથી રોકવા માટે કહ્યું કે, જો તમે આ દુષ્ટ કર્મોથી અટકી જાઓ તો હું પોતાની દિકરીઓ તમારા સરદારોના નિકાહમાં આપી દઈશ, તે યુગમાં મુસલમાન દિકરીઓના નિકાહ કાફિરો સાથે જાઈઝ હતા અને રસૂલે કરીમ ﷺના શરૂઆતના સમયકાળ સુધી આ જ હુકમ ચાલુ હતો, એટલા માટે રસૂલે કરીમ ﷺ પોતાની બે દિકરીઓના નિકાહ ઉત્બા બિન અબી લહબ અને અબૂલ આસ બિન રબીઅ્ સાથે કર્યા હતા, જ્યારે કે આ બંને વ્યક્તિઓ કાફિર હતા, પાછળથી તે આયતો નાઝિલ થઈ જેમાં મુસલમાન ઓરતોના નિકાહ કાફિર પુરુષો સાથે હરામ ઠરાવવામાં આવ્યા. *(કુર્તુબી)*

અમુક વિવરણકારોએ નોંધ્યું છે કે આ સ્થળે પોતાની પુત્રીઓનો ભાવાર્થ પોતાની સમગ્ર કોમની દિકરીઓ છે, કારણ કે દરેક પયગમ્બર પોતાની કોમ માટે બાપ સમાન હોય છે અને સમગ્ર ઉમ્મત તેમની આધ્યાત્મિક અવલાદ હોય છે, જેમકે આયતે કરીમા اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ وَاَزْوَاجُهٗٓ اُمَّهٰتُهُمْ (૩૩:૬) સાથે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ની કિરાઅતમાં وَهُوَ اَبٌ لَّهُمْ ના શબ્દો પણ આવ્યા છે, જેમાં રસૂલે કરીમ ﷺને પોતાની સમગ્ર ઉમ્મતના પિતા ઠરાવવામાં આવ્યા છે. આ તફસીર પ્રમાણે હઝરત લૂત (અલૈ.)ના આ નિવેદનનો અર્થ એ થશે કે તમે પોતાની નાપાક અને દુષ્ટ ટેવોથી અટકી જાઓ, શરાફત સાથે કોમની દિકરીઓ સાથે નિકાહ કરો અને તેમને પત્નીઓ બનાવો.

ત્યારબાદ હઝરત લૂત (અલૈ.)એ તેમને અલ્લાહ તબારક વ તઆલાના અઝાબથી ડરાવવા માટે ફરમાવ્યું, فَاتَّقُوا اللّٰهَ (ફત્તકુલ્લાહ) અને પછી ખૂબ કાકલૂદીપૂર્વક દરખાસ્ત કરી, وَلَا تُخْزُوْنِ فِيْ ضَيْفِيْ એટલે કે, "મને મારા મહેમાનો બાબતે અપમાનિત ન કરો" અને ફરમાવ્યું, اَلَيْسَ مِنْكُمْ رَجُلٌ رَّشِيْدٌ

એટલે કે, "શું તમારામાં કોઈ એવો ભલો માણસ અને શરીફ વ્યક્તિ નથી જે મારી ફરિયાદ સાંભળે ?"

પરંતુ ત્યાં શરાફત અને માનવતાનો કોઈ પ્રભાવ કે અસર કોઈના ઉપર બાકી રહ્યો ન હતો, સૌએ જવાબમાં કહ્યું, لَقَدْ عَلِمْتَ مَا لَنَا فِيْ بَنَاتِكَ مِنْ حَقٍّ وَّاِنَّكَ لَتَعْلَمُ مَانُرِيْدُ એટલે કે, "તમે જાણો છો કે અમને તમારી દિકરીઓની કોઈ આવશ્યકતા નથી, અમે જે કંઈ ઇચ્છીએ છીએ તે તમને ખબર છે."

તે સમયે દરેક રીતે આજિઝ અને લાચાર થઈને હઝરત લૂત (અલૈ.)ના મુખ મુબારક ઉપર આ શબ્દો આવ્યા. لَوْاَنَّ لِيْ بِكُمْ قُوَّةً اَوْاٰوِيْ اِلٰى رُكْنٍ شَدِيْدٍ એટલે કે, "કાશ ! (અફસોસ !) મારામાં એટલી શક્તિ હોત કે હું આ સમગ્ર કોમનો પોતે મુકાબલો કરી શકતો હોત અથવા પછી કોઈ જૂથ અથવા સમૂહ હોત જે મને આ જાલિમોના હાથોથી છુટકારો અપાવત."

ફરિશ્તાઓએ હઝરત લૂત (અલૈ.)ની આ દુ:ખી પરિસ્થિતિ અને હૈયાવરાળ જોઈને રહસ્ય ખોલી નાંખ્યું અને કહ્યું કે, ગભરાઓ નહીં ! તમારી જમાઅત ઘણી મજબૂત અને શક્તિશાળી છે, અમે અલ્લાહના ફરિશ્તાઓ છીએ, તેમના કાબૂમાં આવવાના નથી અને અમે તેમના ઉપર અઝાબ નાંખવા માટે મોકલવામાં આવ્યા છે.

સહીહ બુખારીની એક હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ તેના વિશે ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા લૂત (અલૈ.) ઉપર રહમ ફરમાવે કે તેઓ કોઈ મજબૂત સંગઠનનું શરણ લેવા મજબૂર થઈ ગયા" અને તિરમિઝીમાં તેની સાથે આ વાક્ય પણ છે કે, "હઝરત લૂત (અલૈ.) પછી અલ્લાહ તઆલાએ કોઈ નબી એવા નથી મોકલ્યા જેમનો કુટુંબ-કબીલો તેમનો હિમાયતી ન હોય." *(કુર્તુબી)*

પોતે રસૂલે કરીમ ﷺ વિશે કુરૈશના કાફિરોએ હજારો પ્રકારની યુક્તિઓ અને ષડયંત્રો રચ્યા પરંતુ આપ ﷺનું સમગ્ર કુટુંબ આપ ﷺના સમર્થનમાં તેમનું હિમાયતી રહ્યું, જો કે ધર્મમાં તે બધા રસૂલે કરીમ ﷺના અનુયાયી ન હતા, એ કારણે સમગ્ર બની હાશિમ તે અસહકાર (મુકાતિઆહ)માં રસૂલે કરીમ ﷺની સાથે સામેલ રહ્યા જેમાં કુરૈશના કાફિરોએ તેમના ઉપર અનાજ-પાણી બંધ કરી દીધું હતું.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ થયું છે કે, આ ઘટનામાં જ્યારે કોમે લૂત તેમના ઘર ઉપર ચઢી આવી ત્યારે હઝરત લૂત (અલૈ.)એ પોતાના ઘરના દરવાજા બંધ કરી દીધા હતા અને આ વાતચીત તે નાલાયક કોમ સાથે પડદા પાછળ થઈ રહી હતી, ફરિશ્તાઓ મકાનની અંદર હતા, આ લોકોએ દિવાલ કૂદીને અંદર ઘૂસી દરવાજો તોડવાનો ઈરાદો કર્યો ત્યારે હઝરત લૂત (અલૈ.)ના મુખ મુબારકેથી આ શબ્દો સરી પડયા, જ્યારે ફરિશ્તાઓએ હઝરત લૂત (અલૈ.)ની આ અસહનીય પીડા જોઈ તો વાસ્તવિકતા ખોલી નાંખી અને કહ્યું કે તમે દરવાજો ખોલી નાંખો હવે અમે તેમને અઝાબનો સ્વાદ ચખાડીએ છીએ, દરવાજો ખોલ્યો તો હઝરત જિબ્રઈલ અમીન (અલૈ.)એ પોતાની પાંખનો ઈશારો તેમની આંખ તરફ કર્યો જેનાથી બધા આંધળા થઈ ગયા અને નાસવા લાગ્યા.

તે સમયે ફરિશ્તાઓએ અલ્લાહનો હુકમ હઝરત લૂત (અલૈ.)ને જણાવ્યો, فَاَسْرِ بِاَهْلِكَ بِقِطْعٍ مِّنَ الَّيْلِ એટલે કે, "તમે રાતના અંતિમ હિસ્સામાં પોતાના ઘરવાળાઓને લઈને અહીંયાંથી નીકળી જાઓ" અને એ સૂચના આપી કે તેમાંથી કોઈ પાછું વળીને જોશો નહીં આપની પત્ની સિવાય કારણ કે તેના ઉપર પણ તે જ અઝાબ આવવાનો છે જે કોમને થવાનો છે.

તેનો એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે આ પત્નીને સાથે ન લેવામાં આવે અને એ પણ હોઈ શકે છે કે, પત્ની હોવાની હેસિયતથી તેણી પોતાના ઘરવાળાઓમાં સામેલ થઈને સાથે આવે પરંતુ તે આ હુકમ ઉપર અમલ કરશે નહીં જે તમે પોતાના ઘરવાળાઓને આપશો કે પાછું વળીને જોશો નહીં. અમુક રિવાયતોમાં છે કે એવું જ થયું, આ પત્ની પણ સાથે ચાલી પરંતુ જ્યારે કોમ ઉપર અઝાબ આવવાનો ધડાકો સાંભળ્યો તો પાછું વળીને જોયું અને કોમની તબાહી ઉપર અફસોસની જાહેરાત કરવા લાગી તે જ સમયે એક પથ્થર આવ્યો, જેણે તેનું કામ તમામ કરી નાંખ્યું. *(કુર્તુબી અને મઝહરી)*

ફરિશ્તાઓએ આ પણ બતાવ્યું હતું કે, اِنَّ مَوْعِدَهُمُ الصُّبْحُ એટલે કે, તેમના ઉપર સવાર થતાં જ અઝાબ આવી જશે. હઝરત લૂત (અલૈ.)એ ફરમાવ્યું કે, હું ઈચ્છું છું કે હજુ પણ વધારે અઝાબ આવી જાય, તેના ઉપર ફરિશ્તાઓએ કહ્યું, اَلَيْسَ الصُّبْحُ بِقَرِيْبٍ એટલે કે, સવાર તો કંઈ દૂર થતી નથી લાગતી ?

ત્યારબાદ આ અઝાબની ઘટના કુર્આને આ પ્રમાણે વર્ણન કરી કે, જ્યારે અમારો અઝાબ આવી ગયો તો અમે આ વસ્તીઓનો ઉપરનો ભાગ નીચે કરી દીધો અને તેમના ઉપર એવા પથ્થર વરસાવ્યા જેના ઉપર દરેકના નામની નિશાની લાગેલી હતી.

રિવાયતોમાં છે કે, એ ચાર મોટા-મોટા શહેરો હતા જેમાં આ લોકો વસતા હતા, તે જ વસ્તીઓને કુર્આને કરીમે અન્ય સ્થળે مُؤْتَفِكَات (મુઅ્તફિકાત)ના નામથી ઓળખાવ્યા છે, જ્યારે અલ્લાહ તઆલાનો હુકમ થયો તો હઝરત જિબ્રઈલ (અલૈ.)એ પોતાની પાંખો આ બધા શહેરોની નીચે પહોંચાડી બધાને એ પ્રકારે ઉઠાવી લીધા કે દરેક વસ્તુ પોતાની જગ્યાએ જેમની તેમ રહી, પાણી ભરેલા વાસણનું પાણી પણ ઢોળાયું નહીં, આસમાન તરફથી કૂતરા અને પ્રાણીઓ અને મનુષ્યોનો અવાજ આવી રહ્યો હતો. આ બધી વસ્તીઓને આસમાન તરફ સીધી ઉઠાવ્યા પછી ઊંધી કરીને પટકી દેવામાં આવી જે તેમની દુષ્ટ સજાતીય પ્રવૃત્તિના યોગ્ય જ સજા હતી.

અંતિમ આયતમાં કોમે લૂત (અલૈ.)ના અઝાબનું વર્ણન કર્યા પછી પ્રસ્તુત કોમોથી દુનિયાને બોધપાઠ ગ્રહણ કરવા માટે ફરમાવ્યું, وَمَا هِيَ مِنَ الظّٰلِمِيْنَ بِبَعِيْدٍ એટલે કે, પથ્થરોનો અઝાબ આજે પણ આ જાલિમોથી કંઈ દૂર નથી, જે લોકો આ કોમની જેમ અત્યાચાર અને નિર્લજ્જતા ઉપર મક્કમ રહે તેઓ પોતાની જાતને આવા અઝાબથી દૂર ન સમજે. આજે પણ એવો અઝાબ આવી શકે છે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે મારી ઉમ્મતમાં પણ અમુક લોકો એવો અમલ કરશે જે કોમે લૂત કરતી હતી, જ્યારે એવું થવા લાગે તો રાહ જૂઓ તેમના ઉપર પણ તે જ અઝાબ આવશે જે કોમે લૂત ઉપર આવ્યો છે.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૮૪ થી ૯૫)

وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا ؕ قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ وَلَا تَنْقُصُوا
الْمِكْيَالَ وَالْمِيْزَانَ اِنِّيْۤ اَرٰىكُمْ بِخَيْرٍ وَّاِنِّيْۤ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ مُّحِيْطٍ ﴿۸۴﴾ وَيٰقَوْمِ
اَوْفُوا الْمِكْيَالَ وَالْمِيْزَانَ بِالْقِسْطِ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ
مُفْسِدِيْنَ ﴿۸۵﴾ بَقِيَّتُ اللّٰهِ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۚ وَمَاۤ اَنَا عَلَيْكُمْ بِحَفِيْظٍ ﴿۸۶﴾

قَالُوْا يٰشُعَيْبُ اَصَلٰوتُكَ تَاْمُرُكَ اَنْ نَّتْرُكَ مَا يَعْبُدُ اٰبَآؤُنَآ اَوْ اَنْ نَّفْعَلَ فِيْٓ اَمْوَالِنَا مَا نَشٰٓؤُا ؕ
اِنَّكَ لَاَنْتَ الْحَلِيْمُ الرَّشِيْدُ ﴿۸۷﴾ قَالَ يٰقَوْمِ اَرَءَيْتُمْ اِنْ كُنْتُ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّيْ
وَرَزَقَنِيْ مِنْهُ رِزْقًا حَسَنًا ؕ وَمَآ اُرِيْدُ اَنْ اُخَالِفَكُمْ اِلٰى مَآ اَنْهٰىكُمْ عَنْهُ ؕ اِنْ اُرِيْدُ
اِلَّا الْاِصْلَاحَ مَا اسْتَطَعْتُ ؕ وَمَا تَوْفِيْقِيْٓ اِلَّا بِاللّٰهِ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ اُنِيْبُ ﴿۸۸﴾
وَيٰقَوْمِ لَا يَجْرِمَنَّكُمْ شِقَاقِيْٓ اَنْ يُّصِيْبَكُمْ مِّثْلُ مَآ اَصَابَ قَوْمَ نُوْحٍ اَوْ قَوْمَ هُوْدٍ اَوْ قَوْمَ
صٰلِحٍ ؕ وَمَا قَوْمُ لُوْطٍ مِّنْكُمْ بِبَعِيْدٍ ﴿۸۹﴾ وَاسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ ؕ اِنَّ رَبِّيْ
رَحِيْمٌ وَّدُوْدٌ ﴿۹۰﴾ قَالُوْا يٰشُعَيْبُ مَا نَفْقَهُ كَثِيْرًا مِّمَّا تَقُوْلُ وَاِنَّا لَنَرٰىكَ فِيْنَا ضَعِيْفًا ۚ
وَلَوْلَا رَهْطُكَ لَرَجَمْنٰكَ ؗ وَمَآ اَنْتَ عَلَيْنَا بِعَزِيْزٍ ﴿۹۱﴾ قَالَ يٰقَوْمِ اَرَهْطِيْٓ اَعَزُّ
عَلَيْكُمْ مِّنَ اللّٰهِ ؕ وَاتَّخَذْتُمُوْهُ وَرَآءَكُمْ ظِهْرِيًّا ؕ اِنَّ رَبِّيْ بِمَا تَعْمَلُوْنَ مُحِيْطٌ ﴿۹۲﴾
وَيٰقَوْمِ اعْمَلُوْا عَلٰى مَكَانَتِكُمْ اِنِّيْ عَامِلٌ ؕ سَوْفَ تَعْلَمُوْنَ ۙ مَنْ يَّاْتِيْهِ عَذَابٌ يُّخْزِيْهِ
وَمَنْ هُوَ كَاذِبٌ ؕ وَارْتَقِبُوْٓا اِنِّيْ مَعَكُمْ رَقِيْبٌ ﴿۹۳﴾ وَلَمَّا جَآءَ اَمْرُنَا نَجَّيْنَا شُعَيْبًا وَّالَّذِيْنَ
اٰمَنُوْا مَعَهٗ بِرَحْمَةٍ مِّنَّا وَاَخَذَتِ الَّذِيْنَ ظَلَمُوا الصَّيْحَةُ فَاَصْبَحُوْا فِيْ دِيَارِهِمْ جٰثِمِيْنَ ﴿۹۴﴾ ۙ
ع ۱۲ ۸ كَاَنْ لَّمْ يَغْنَوْا فِيْهَا ؕ اَلَا بُعْدًا لِّمَدْيَنَ كَمَا بَعِدَتْ ثَمُوْدُ ﴿۹۵﴾ ع

તરજુમો :

અને મદયન તરફ તેમના ભાઈ શુઅયૂબ (અલૈ.)ને મોકલ્યા; બોલ્યા, હે મારી કોમ અલ્લાહની બંદગી કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્બૂદ નથી અને માપ અને તોલને ન ઘટાડો, હું તમને સારી હાલતમાં જોઉં છું અને તમારા ઉપર એક ઘેરી લેનારા અઝાબના દિવસથી ડરું છું. (૮૪) અને હે કોમ ! માપ અને તોલને ન્યાયથી પુરું કરો અને લોકોને તેમની વસ્તુઓ ન ઘટાડો અને જમીનમાં ફસાદ ન મચાવો. (૮૫) જે અલ્લાહનું દીધેલું બચી રહે તે તમારા માટે ઉત્તમ છે જો તમે ઈમાનવાળા છો અને હું તમારા ઉપર

રખેવાળ નથી. (૮૬) બોલ્યા, હે શુઅયૂબ (અલૈ.) તારી નમાઝ પઢવાએ તને આ શિખવાડ્યું કે અમે છોડી દઈએ જેને અમારા બાપદાદા પૂજતા રહ્યા? અથવા જે કંઈ કે પોતાના માલોમાં કરીએ છીએ છોડી દઈએ ? તું જ (મોટો) ડહાપણવાળો સદાચારી છે !? (૮૭) બોલ્યા, હે કોમ જુઓ તો ! જો મને પોતાના પરવરદિગાર તરફથી સમજ આવી ગઈ અને તેણે રોજી આપી મને નેક રોજી અને હું એવું નથી ઈચ્છતો કે પાછળથી તે કામ કરું જે તમને છોડાવું, હું તો સુધારવા ઈચ્છું છું જ્યાં સુધી બની શકે અને અલ્લાહની મદદથી જ તેની તવફીક થવાની છે, મેં ભરોસો કર્યો છે અને તેના જ તરફ મારું શરણ છે. (૮૮) અને હે મારી કોમ ! મારી સાથે જીદ કરીને કમાશો નહીં એ કે તમારા ઉપર પડે જેવું કંઈ કે પડી ચૂક્યું નૂહ (અલૈ.)ની કોમ ઉપર અથવા હૂદ (અલૈ.)ની કોમ ઉપર અથવા સાલિહ (અલૈ.)ની કોમ ઉપર અને લૂત (અલૈ.)ની કોમ ઉપર; તમારાથી કંઈ જ દૂર નથી. (૮૯) અને પોતાના પરવરદિગારથી ગુનાહ મા'ફ કરાવો અને તેના તરફ રુજૂઅ્ કરો, અલબત્ત મારો પરવરદિગાર મહેરબાન મહોબ્બતવાળો છે. (૯૦) બોલ્યા, હે શુઅયૂબ (અલૈ.) ! અમે ઘણી વાતો સમજતા નથી જે તું કહે છે અને અમે તો જોઈ રહ્યા છીએ કે તું અમારામાં કમજોર છે અને જો તારા ભાઈબંધુ ન હોત તો અમે તને સંગસાર કરી નાંખત અને અમારી દષ્ટિમાં તારી કોઈ ઈજ્જત નથી. (૯૧) બોલ્યા, હે કોમ ! શું મારા ભાઈબંધુનું દબાણ તમારા ઉપર અલ્લાહથી વધારે છે અને તમે એને ભૂલાવીને પીઠ પાછળ રાખી દીધો ? નિઃશંક મારા પરવરદિગારના કાબૂમાં છે જે કંઈ તમે કરો છો. (૯૨) અને હે મારી કોમ ! પોતાની જગ્યાએ અમલ કર્યે જાઓ હું પણ અમલ કરું છું, આગળ જાણી લેશો કોના ઉપર અપમાનિત કરનાર અઝાબ આવે છે અને કોણ જૂઠો છે અને તાકતા (રાહ જોતા) રહો હું પણ તમારી સાથે તાકી (રાહ જોઈ) રહ્યો છું. (૯૩) અને જ્યારે અમારો હુકમ પહોંચ્યો, અમે પોતાની મહેરબાનીથી બચાવી લીધા શુઅયૂબ (અલૈ.)ને અને જેઓ તેમની સાથે ઈમાન લાવ્યા હતા અને તે જાલિમોને ગર્જનાએ આવી પકડ્યા પછી સવારે પોતાના ઘરોમાં ઊંધા પડેલા રહી ગયા. (૯૪) જાણે ત્યાં ક્યારેય વસ્યા જ ન હતા, સાંભળી લો ! ફિટકાર છે મદયનને જેમકે ફિટકાર થઈ ષમૂદને. (૯૫)

તફસીર :

અને અમે મદ્‌યન(વાળાઓ) તરફ તેમના ભાઈ શુઅયૂબ (અલૈ.)ને (પયગમ્બર બનાવીને) મોકલ્યા, તેમણે (મદ્‌યનવાળાઓને) કહ્યું કે હે મારી કોમ! તમે (માત્ર) અલ્લાહ તઆલાની ઈબાદત કરો, તેના સિવાય કોઈ તમારો મઅ્‌બૂદ (બનવાપાત્ર) નથી (આ દીન અને માન્યતાઓ વિશેનો હુકમ આપવો યોગ્ય પરિસ્થિતિ મુજબનો હતો) અને (બીજો હુકમ વ્યવહાર સંબંધિત તેના યોગ્ય એ આપ્યો કે) તમે માપ-તોલમાં કમી ન કરો (કારણ કે) હું તમને સારી સ્થિતિમાં જોઉં છું (પછી માપ-તોલમાં કમી કરવાની શું જરૂર પડી છે ? અને વાસ્તવમાં તો તેની કોઈ આવશ્યકતા જ નથી હોતી) અને (ઉપરાંત માપ-તોલમાં કમી ન કરવી અલ્લાહ તઆલાની નેઅ્‌મતોનો તકાદો પણ છે, તેનાથી નુકસાનનો ભય પણ છે અને તકાદો પણ છે કારણ કે તેમાં) મને તમારા ઉપર સંદેહ છે એવા દિવસના અઝાબનો જે અઝાબ ભયંકર હશે અને (દરેક રીતે કમી કરવી અત્યાચાર છે, માપ-તોલ પૂરે-પૂરું કરવાની તાકીદ સાથે કમી ન કરવાની મનાઈ પછી તે હુકમની સ્પષ્ટતા કરી કે) હે મારી કોમ ! તમે માપ-તોલ પૂરે-પૂરી રીતે કર્યા કરો અને લોકોને તેમની વસ્તુઓમાં નુકસાન ન કર્યા કરો (જેમકે તમારી ટેવ છે) અને (શિર્ક તથા લોકોના હકોમાં કમી કરીને) જમીનમાં ફસાદ કરીને (તવહીદ અને ન્યાયની) હદથી બહાર ન નીકળો (લોકોના હકો અદા કર્યા પછી) અલ્લાહનું દીધેલું જે કંઈ (હલાલ માલ) બચી જાય તે તમારા માટે (આ હરામ કમાણીથી) ઘણું જ ઉત્તમ છે (કારણ કે હરામમાં ભલે તે વધારે હોય બરકત નથી હોતી અને તેનો અંજામ જહન્નમ છે અને હલાલમાં ભલે તે ઓછું હોય બરકત હોય છે અને તેનું પરિણામ અલ્લાહનો રાજીપો હોય છે) જો તમને વિશ્વાસ હોય (તો માની લો) અને (જો વિશ્વાસ ન કરતા હોય તો તમે જાણી લો કે) હું તમારો પહેરેદાર નથી (કે તમને જબરદસ્તી આ પ્રવૃત્તિઓ છોડાવી આપું, કારણ કે તમે જેવું કરશો તેવું ભોગવશો), તે લોકો (આ બધી શિખામણ અને નસીહત સાંભળીને) કહેવા લાગ્યા, હે શુઅયૂબ (અલૈ.) ! શું તમારો (જાતે ઘડી કાઢેલ ધર્મ અને ભ્રમ) તકદુસ (નમાઝ પઢવી) તમને (આવી-આવી વાતો) શિખવાડે છે કે (તમે અમને કહો છો કે) અમે તે વસ્તુઓ(ની પૂજા)ને છોડી દઈએ જેની પૂજા અમારા વડીલો કરતા આવ્યા છે ? અને તે વાતને છોડી દઈએ કે અમે પોતાના માલમાં જેવો ઇચ્છીએ

ખર્ચ કરીએ ? ખરેખર, માત્ર તમે જ બુદ્ધિશાળી અને દીન ઉપર ચાલનારા છો ?! (એટલે કે જે વાતોની અમને મનાઈ કરો છો બંનેમાં કોઈ ખરાબી નથી, કારણ કે એક દલીલ અમારી પાસે એ છે કે અમારા વડીલો પણ મૂર્તિપૂજા કરતા ચાલ્યા આવ્યા છે, બીજી બૌદ્ધિક દલીલ એ પણ છે કે આ અમારો માલ છે તેના ઉપર અમારો અધિકાર છે, બસ અમને એ બાબતે કોઈ મનાઈ કરવી ન જોઈએ તથા તેમણે હઝરત શુઅયૂબ અલૈ.ને કટાક્ષમાં સમજદાર અને બુદ્ધિશાળી કહ્યા જે રીતે કે હંમેશા બેદીન લોકોની ટેવ હોય છે કે તેઓ દીનદારોની મજાક અને ઠેકડી ઉડાવે છે, આમ તેમની બંને દલીલો ફસાદ હોવું દેખીતું છે.) શુઅયૂબ (અલૈ.)એ કહ્યું, હે મારી કોમ ! (તમે જો એવું ઈચ્છો છો કે હું તમને તવહીદ અને ન્યાયનો બોધપાઠ ન આપું તો) ભલા એ તો બતાવો કે જો હું પોતાના પરવરદિગાર તરફથી દલીલ ઉપર (કાયમ) છું (જેનાથી તવહીદ અને ન્યાય સાબિત થાય છે) અને તેણે મને પોતાના તરફથી એક ઉત્તમ દોલત (નુબુવ્વત) આપી હોય (જેનો મારા ઉપર પ્રચાર કરવો અને તેના હુકમો ઉપર અમલ કરવો વાજિબ હોય એટલે કે તવહીદ અને ન્યાયનું સત્ય હોવું પણ સાબિત છે અને તેનો પ્રચાર અને તબ્લીગ કરવી પણ વાજિબ છે) તો પછી કઈ રીતે તબ્લીગ ન કરું ? અને હું (જે પ્રમાણે આ વાતોની તમને તા'લીમ આપું છું તેના ઉપર હું પોતે પણ અમલ કરું છું) એવું નથી ઈચ્છતો કે તમારાથી વિરુદ્ધ તે કામોને કરું જેનાથી હું તમને મનાઈ કરું છું (તેનાથી એ પણ ભાવાર્થ છે કે હું તમને પોતે તો માર્ગદર્શન આપું અને પોતે બીજા માર્ગે ચાલું ! મતલબ કે મારી નસીહત માત્ર ભલાઈ અને સાચા હૃદયથી છે જેની નિશાની એ છે કે હું તમને જે વાતો બતાવું છું તેના ઉપર અમલ પણ કરું છું અને તેને પસંદ પણ કરું છું, મતલબ કે) હું તો સુધારણા ઈચ્છું છું જ્યાં સુધી મારી શક્તિમાં છે અને મને જે કંઈ (અમલ અને સુધારણાની) તવફીક થઈ જાય છે માત્ર અલ્લાહ તઆલાની મદદથી જ છે (નહિતર હું કોણ ? અને મારો ઈરાદો શું ?) તેના ઉપર જ ભરોસો કરું છું અને તેના જ તરફ (બધા કાર્યોમાં) રુજૂઅ્ કરું છું (ખુલાસો એ કે તવહીદ અને ન્યાય વાજિબ હોવાની દલીલો પણ સ્થાપિત થઈ ચૂકી છે અને અલ્લાહ તઆલાના હુકમથી તેની તબ્લીગ અને નસીહત આવી લાગણીસભર રીતે સુધારણા કરવાના હેતુથી કરું છું છતાં પણ તમે નથી માનતા બલકે, ઉલટાનું મારાથી એવી આશા રાખો છો કે હું આવી શિખામણ આપવાનું પણ છોડી આપું?

કારણ કે તેમણે આ નિવેદનમાં લાગણી અને સુધારણાની પોતાના તરફ પણ નિસ્બત કરી છે, એટલા માટે مَـاتَـوْفِيـقِـى ફરમાવ્યું. અહીંયાં સુધી તો તેમના નિવેદનનો જવાબ થયો આગળ ચેતવણી અને પ્રોત્સાન માટે ફરમાવે છે) અને હે મારી કોમ ! મારી જીદ (અને દુશ્મનાવટ) તમારા માટે એનું કારણ ન બની જાય કે તમારા ઉપર પણ એ જ પ્રકારની મુસીબતો આવી પડે જેમકે કોમે નૂહ અથવા કોમે હૂદ અથવા કોમે સાલિહ (અલૈ.) ઉપર પડી હતી અને (જો આ કોમોના કિસ્સા પ્રાચીન થઈ ચૂક્યા છે અને એટલા માટે તેની કોઈ અસર નથી થતી તો) કોમે લૂત (અલૈ.) તો (હજુ પણ) તમારાથી (ઘણા) દૂર(ના યુગની વાત) નથી થઈ (એટલે કે તે કોમો કરતા કોમે લૂતનો સમય નજીક છે, હવે આ તો ચેતવણીનો વિષય થયો આગળ પ્રોત્સાહન આપવામાં આવે છે) અને તમે પોતાના પરવરદિગાર તરફથી પોતાના ગુનાહ (એટલે કે શિર્ક અને અત્યાચાર) મા'ફ કરાવો (એટલે કે ઈમાન લાવો કારણ કે ઈમાનથી બધા ગુનાહો મા'ફ થઈ જાય છે ભલે, હકો અદા કરવા પડે) પછી (આજ્ઞાપાલન અને ઈબાદતની સાથે) તેના તરફ કેન્દ્રિત થઈ જાઓ બેશક ! મારો પરવરદિગાર ખૂબ દયાળુ (અને) મોટી મહોબ્બતવાળો છે (તે ગુનાહોને મા'ફ કરી આપે છે અને આજ્ઞાપાલનને સ્વીકારે છે) તે લોકો (આ અજોડ અને દિલ ઉપર અસર કરનારી તકરીર સાંભળીને લાચાર થઈને સભ્યતાપૂર્વકનો જવાબ સમજીને જો કે અજ્ઞાનતાપૂર્વક) કહેવા લાગ્યા કે શુઅયૂબ ! ઘણી વાતો તમારી કહેલી અમારી સમજમાં નથી આવતી (આ વાત એ કારણે કહી હતી કે તેમણે ખૂબ ધ્યાનપૂર્વક તેમની વાતો ન સાંભળી હોય અથવા ઠઠ્ઠો-મશ્કરી કરવા માટે કહી હોય કે નઊઝુબિલ્લાહ ! આ બકવાસ સાંભળવાપાત્ર નથી એટલા માટે કે બેદીનોથી આવી બધી પ્રવૃત્તિઓ જાહેર થતી જ હોય છે) અને અમે તમને પોતાના (સમૂહ)માં અશક્ત જોઈ રહ્યા છે અને જો તમારા કુટુંબ (કે તેઓ અમારા સહધર્મી છે)નો ખ્યાલ ન હોત તો અમે તમને (ક્યારનાય) સંગસાર કરી ચૂક્યા હોત અને અમારી દષ્ટિમાં તમારી કોઈ કિંમત છે જ નહીં (પરંતુ જેનું માન રાખીએ છીએ તેના કારણે અને તેમની સગાઈના કારણે તમને જવા દઈએ છીએ, મતલબ કે ઈન્કાર એ હતો કે તમે અમને આવા બોધપાઠ ન સંભળાવો નહિતર તમારા જીવનો ભય છે, પ્રથમ ઠઠ્ઠા-મશ્કરી સ્વરૂપે તબ્લીગથી રોકી રહ્યા હતા અને હવે ધમકી આપીને રોકી

રહ્યા છે) શુઅયૂબ (અલૈ.)એ (જવાબમાં) ફરમાવ્યું, હે મારી કોમ ! (અફસોસ અને તાજ્જુબ છે કે એ બાબત કે મારો જે સંબંધ અલ્લાહ તબારક વ તઆલા સાથે છે કે હું તેનો નબી છું તે તો મને હલાક કરવાથી નથી રોકતી અને જે મારો સંબંધ કુટુંબવાળાઓ સાથે છે કે હું તેમનો સગો છું કે તે તમને રોકી રહી છે, તેનાથી તો એ સમજવું જરૂરી છે કે તમે કુટુંબનું સન્માન અલ્લાહથી પણ વધારે કરો છો તો) શું મારું કુટુંબ તમારા નજીક અલ્લાહથી વધારે (નઊઝુબિલ્લાહ !) સન્માનનીય છે? (કે કુટુંબનો તો ખ્યાલ રાખો) અને તેને (એટલે કે અલ્લાહ તઆલાને) તમે પીઠ પાછળ નાંખી દો ! (એટલે કે તેનું સન્માન ન કરો ! બસ તેનું પરિણામ તમે નિકટમાં જ ભોગવશો કારણ કે) ખરેખર મારા પરવરદિગારે તમારા બધા અમલોને (પોતાના જ્ઞાનમાં) ઘેરી રાખેલ છે અને હે મારી કોમ (જો તમને અઝાબનો પણ વિશ્વાસ નથી તો અંતિમ વાત એ છે કે તમારા માટે જાણવું ઉત્તમ છે) તમે પોતાની હાલત ઉપર અમલ કરતા રહો, હું પણ (મારી રીતે) અમલ કરતો રહું છું (બસ) હવે જલદી જ તમને જાણ થઈ જશે કે તે કોણ વ્યક્તિ છે જેના ઉપર એવો અઝાબ આવવાનો છે જે તેને અપમાનિત કરી દેશે અને તે કોણ વ્યક્તિ છે જે જૂઠો હતો (એટલે કે તમે મને નુબુવ્વતના દા'વમાં જૂઠો કહો છો અને મને નીચ સમજો છો તો હવે જાણ થઈ જશે કે જૂઠો કોણ હતો અને અપમાનિત કરનાર અઝાબ કોના ઉપર આવવાનો છે) અને તમે પણ રાહ જુઓ, હું પણ તમારી સાથે રાહ જોઉં છું (કે જોઈ લઈએ કે અઝાબ આવવાનો છે, જેમકે હું કહું છું અથવા તો નથી આવવાનો જેમકે તમે ધારો છો. મતલબ કે, એક સમયગાળા પછી અઝાબનો સામાન શરૂ થઈ ગયો) અને જ્યારે અમારો હુકમ (અઝાબના માટે) આવી પહોંચ્યો (તો) અમે (આ અઝાબથી) શુઅયૂબ (અલૈ.)ને અને જે તેમના સાથીદારોમાં ઈમાનવાળા હતા તેમને પોતાની (ખાસ) કૃપાથી બચાવી લીધા અને તે જાલિમોને એક ભયંકર અવાજે (કે જે જિબ્રઈલ અલૈ.નો અવાજ હતો) આવી પકડી લીધા, બસ પોતાના ઘરોની અંદર ઊંધા પડીને રહી ગયા (અને મૃત્યુ પામ્યા) જેમકે ક્યારેય તેમના ઘરોમાં વસ્યા જ ન હતા, સારી પેઠે સાંભળી લો (અને બોધપાઠ ગ્રહણ કરો) ! મદ્યનને રહમતથી દૂરી થઈ જેમકે ષમૂદ રહમતથી દૂર થયા હતા.

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતોમાં હઝરત શુઅયૂબ (અલૈ.) અને તેમની કોમની ઘટના વર્ણન થઈ છે, તેમની કોમ કુફ્ર અને શિર્ક ઉપરાંત માપ-તોલમાં કમી કર્યા કરતી હતી. હઝરત શુઅયૂબ (અલૈ.)એ તેમને ઈમાનનું આમંત્રણ આપ્યું અને માપ-તોલમાં કમી કરવાથી મનાઈ કરી અને તેનો વિરોધ કરનારને અલ્લાહના અઝાબથી ડરાવ્યા પરંતુ તેઓ પોતાના ઈન્કાર અને શરારત ઉપર કાયમ રહ્યા, તેથી સમગ્ર કોમ એક આખા અઝાબમાં સપડાઈ અને તેના દ્વારા તેમનો નાશ કરવામાં આવ્યો જેની વિગત આ પ્રમાણે છે, وَاِلٰى مَدْيَنَ اَخَاهُمْ شُعَيْبًا એટલે કે, "અમે મદ્યન તરફ તેમના ભાઈ શુઅયૂબને મોકલ્યા." "મદ્યન" વાસ્તવમાં એક શહેરનું નામ હતું જેને મદ્યન બિન ઈબ્રાહીમે વસાવ્યું હતું, તે સિરીયામાં મઆન નામના સ્થળે હોવાનું બતાવવામાં આવે છે, આ શહેરના નિવાસીઓને મદ્યનવાસીઓ કહેવાના બદલે ફક્ત મદ્યન કહેવામાં આવે છે, હઝરત શુઅયૂબ (અલૈ.) અલ્લાહ તઆલાના મહાન પયગમ્બરોમાંથી છે જેઓ આ જ કોમે મદ્યનમાંથી છે એટલા માટે તેમને મદ્યનના ભાઈ કહીને તે નેઅ્મત તરફ ઈશારો કરવામાં આવ્યો કે આ કોમના રસૂલ અલ્લાહ તઆલાએ તેમની કોમમાંથી જ બનાવ્યા કે જેથી તેઓ આકર્ષાઈને તેમની હિદાયતનો સરળતાથી સ્વીકાર કરે.

قَالَ يٰقَوْمِ اعْبُدُوا اللّٰهَ مَا لَكُمْ مِّنْ اِلٰهٍ غَيْرُهٗ ؕ وَلَا تَنْقُصُوا الْمِكْيَالَ وَالْمِيْزَانَ،

એમાં હઝરત શુઅયૂબ (અલૈ.)એ પ્રથમ તો તવહીદનું આમંત્રણ આપ્યું કારણ કે આ લોકો મુશ્રિક હતા, વૃક્ષોનો પૂજાપાઠ કર્યા કરતા હતા જેને કુર્આને શબ્દ اَيْكَة (અયૂકહ)થી ઓળખાવ્યું છે અને તેનો સંબંધ પણ મદ્યનવાળાઓ તરફ જોડીને તેમને اَصْحٰبُ الْاَيْكَة (અસ્હાબુલ અયૂકહ)નો લકબ પણ આપવામાં આવ્યો છે અને લેવડ-દેવડના સમયે માપ-તોલમાં કમી કરીને તેઓ લોકોનો હક માર્યા કરતા હતા, હઝરત શુઅયૂબ (અલૈ.)એ તેમને એવું કરવાની મનાઈ કરી હતી.

ફાયદો :

અત્રે એ વાત ખાસ ધ્યાન આપવાપાત્ર છે કે કુફ્ર અને શિર્ક બધા

ગુનાહોની જડ છે, જે કોમ તેમાં સપડાય છે તેમને પ્રથમ ઈમાનનું આમંત્રણ આપવામાં આવે છે, ઈમાન પહેલાં બીજા વ્યવહારો અને નૈતિક આચરણો ઉપર ધ્યાન આપવામાં આવતું નથી. દુનિયામાં તેમનો છુટકારો અથવા અઝાબ પણ આ જ ઈમાન અને કુફ્રના આધાર ઉપર થાય છે, બધા જ અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) અને તેમની કોમોની ઘટનાઓ જે કુર્આને કરીમમાં વર્ણન થઈ છે આ જ પદ્ધતિની ગવાહી આપે છે, ફક્ત બે કોમો એવી છે જેમના ઉપર અઝાબ નાઝિલ થવામાં કુફ્રની સાથે-સાથે તેમના દુષ્ટ આચરણોની પણ દખલગીરી રહી છે, એક કોમે લૂત (અલૈ.) જેનું વર્ણન હમણા થઈ ચૂક્યું કે તેમના ઉપર જે અઝાબ સમગ્ર વસ્તીને ઊલટાવી દેવાનો આવ્યો હતો તેનું કારણ તેમના દુષ્ટ સજાતીય સંબંધો બતાવવામાં આવ્યું છે, બીજી કોમ હઝરત શુઅયૂબ (અલૈ.)ની કોમ છે જેમના અઝાબનું કારણ કુફ્ર અને શિર્ક ઉપરાંત માપ-તોલમાં કમી કરવાને પણ ઠરાવવામાં આવ્યું છે.

આથી જાણ થઈ કે આ બંને કામ અલ્લાહ તઆલા નિકટ ખૂબ જ જઘન્ય અપરાધો છે, દેખીતી રીતે તેનું કારણ એ છે કે આ બંને કામો એવા છે કે સમગ્ર માનવજાતિને તેનાથી પારાવાર નુકસાન થાય છે અને સમગ્ર દુનિયામાં તેનાથી મોટી અરાજકતા ફેલાઈ જાય છે.

હઝરત શુઅયૂબ (અલૈ.)એ પોતાની કોમને માપ-તોલમાં કમી કરવાના દુષ્ટ કર્મથી રોકવા માટે પયગમ્બર તરીકેની લાગણી અને મહોબ્બતથી પ્રથમ તો આ ફરમાવ્યું, اِنِّیْٓ اَرٰىكُمْ بِخَيْرٍ وَّاِنِّیْٓ اَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ مُّحِيْطٍ એટલે કે, હું તમને અત્યારે ખૂબ ખુશહાલી અને આર્થિક છૂટછાટમાં જોઈ રહ્યો છું, કોઈ તંગી કે ભૂખમરો નથી જેના કારણે તમે આ દુષ્ટ કર્મ અપનાવી રહ્યા છો, તદુપરાંત અલ્લાહ તઆલાની નેઅ્મતના શુક્રનો તકાદો એ છે કે તમે તેની મખ્લૂક ઉપર અત્યાચાર ન કરો, પછી એ પણ બતાવ્યું કે જો તમે મારી વાત ન સાંભળી અને આ દુષ્ટ કર્મથી ન અટક્યા તો મને ભય છે કે અલ્લાહ તઆલાનો અઝાબ તમને ઘેરી લેશે, આ અઝાબથી આખિરતનો અઝાબ પણ ભાવાર્થ તરીકે હોઈ શકે છે અને દુનિયાનો પણ; પછી દુનિયાનો અઝાબ પણ વિવિધ પ્રકારે આવી શકે છે, ઓછામાં ઓછો અઝાબ એ છે કે તમારી આ ખુશહાલી અને છૂટછાટ સમાપ્ત થઈ જાય અને તમે દુકાળ તથા ચીજવસ્તુઓની અછતમાં સપડાઈ જાઓ, જેમકે

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે,

"જ્યારે કોઈ કોમ માપ-તોલમાં કમી કરવા લાગે છે તો અલ્લાહ તઆલા તેને દુકાળ અને ચીજવસ્તુઓની અછતમાં સપડાવી દે છે."

જો કે માપ-તોલમાં કમીની મનાઈ કરવાથી સંપૂર્ણ માપ-તોલ પોતે જ જરૂરી થઈ જાય છે પરંતુ વધારે તાકીદ કરવા માટે હઝરત શુઅયૂબ (અલૈ.)એ ફરમાવ્યું, وَيٰقَوْمِ اَوْفُوا الْمِكْيَالَ وَالْمِيْزَانَ بِالْقِسْطِ وَلَاتَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ وَلَاتَعْثَوْا فِى الْاَرْضِ مُفْسِدِيْنَ એટલે કે, "હે મારી કોમ ! તમે માપ અને તોલને ન્યાય સાથે પૂર્ણ કર્યા કરો અને લોકોની વસ્તુઓને ઓછી ન કરો અને જમીનમાં ફસાદ ન ફેલાવતા ફરો" પછી તેમને લાગણીપૂર્વક વાત સમજાવી.

بَقِيَّتُ اللّٰهِ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ، وَمَآاَنَا عَلَيْكُمْ بِحَفِيْظٍ એટલે કે, લોકોના હકો માપ-તોલ પૂરેપૂરું અદા કર્યા પછી જે કંઈ બચી રહે તે જ તમારા માટે ઉત્તમ છે જો તમે મારી વાત માનો અને જો મારી વાત નહીં માનો તો યાદ રાખો કે હું એ બાબતનો જવાબદાર નથી કે તમારા ઉપર કોઈ અઝાબ આવી જાય.

હઝરત શુઅયૂબ (અલૈ.) વિશે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે તેઓ "ખતીબુલ અંબિયા (અલૈ.)" છે, તેમણે પોતાની કોમને ખૂબ સારી ભાષામાં સમજાવીને હિદાયત ઉપર લાવવાની ભરપૂર કોશીશ કરી પરંતુ આ બધું સાંભળ્યા પછી પણ કોમે તે જ જવાબ આપ્યો જે જાહિલ કોમ પોતાના સુધારકોને આપ્યા કરતી હોય છે, તેમને મહેણા-ટોણા માર્યા, તેમની ઠેકડી ઉડાવી અને કહેવા લાગ્યા,

اَصَلٰوتُكَ تَاْمُرُكَ اَنْ نَّتْرُكَ مَايَعْبُدُ اٰبَآؤُنَآ اَوْاَنْ نَّفْعَلَ فِىْٓ اَمْوَالِنَا مَانَشٰٓؤُا، اِنَّكَ لَاَنْتَ الْحَلِيْمُ الرَّشِيْدُ

એટલે કે શું તમારી નમાઝ તમને એવું બતાવે છે કે અમે તે મઅ્બૂદોને છોડી દઈએ જેની પૂજા અમારા વડવાઓ કરતા ચાલ્યા આવ્યા છે ? અને એ કે અમે પોતાની માલ-મિલકતમાં ખુદ મુખ્તિયાર ન રહીએ કે જે પ્રમાણે અમારો જીવ ચાહે અમે વ્યવહાર ન કરીએ ? બલકે અમારો વ્યવહાર પણ તમને પૂછી-પૂછી કરીએ કે શું હલાલ છે અને શું હરામ ?

હઝરત શુઅયૂબ (અલૈ.)ની નમાઝ સમગ્ર કોમમાં ખૂબ પ્રખ્યાત હતી, તેઓ ખૂબ મોટા પ્રમાણમાં નફલોની ઈબાદતમાં પ્રવૃત્ત રહેતા હતા, એટલા માટે તેમની શિખામણોને ઠેકડી ઉડાવવા માટે નમાઝ સાથે જોડી દીધી કે શું તમારી આ નમાઝ જ તમને (નઊઝુબિલ્લાહ) આવી ખોટી વાતો શિખવાડે છે ? તેમના નિવેદનોથી એ જાણ થાય છે કે તે લોકો એવું સમજતા હતા કે દીન અને શરીઅતનું કાર્ય માત્ર ઈબાદતો સુધી જ મર્યાદિત છે, વ્યવહારમાં અને સામાજિકતામાં તેની કોઈ દખલગીરી નથી, દરેક વ્યક્તિ પોતાના માલમાં જે પ્રમાણે ચાહે ખર્ચ કરે, તેના ઉપર મર્યાદાઓ લગાવવી દીનનું કામ નથી, જેમકે આજના સમયમાં પણ ઘણા બધા નાસમજ લોકો આવી વિચારસરણી ધરાવે છે.

કોમના નિખાલસ હમદર્દ તથા લાગણી રાખનાર વ્યક્તિની નસીહતનો જવાબ આવી કડવી ભાષામાં આપવામાં આવ્યો પરંતુ પોતે શુઅયૂબ (અલૈ.) પયગમ્બરીનો રુત્બો ધરાવતા હતા, આ બધું કંઈ સાંભળ્યા પછી પણ લાગણીપૂર્વક સંબોધન કરી વધારે ધ્યાન અપાવવા માટે ફરીવાર કહ્યું,

يٰقَوْمِ اَرَاَيْتُمْ اِنْ كُنْتُ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّىْ وَرَزَقَنِىْ مِنْهُ رِزْقًا حَسَنًا

હે મારી કોમ ! મને બતાવો કે જો હું પોતાના પરવરદિગાર તરફથી સત્ય હોવાની દલીલ અને સંપૂર્ણ સાબિતી ધરાવું છું અને અલ્લાહ તઆલાએ ઉત્તમ રોજી પણ અર્પણ કરી છે કે જાહેર રોજી જેના ઉપર રોજી-રોજગારનો આધાર છે તે પણ અર્પણ કર્યું અને બુદ્ધિ તથા સમજદારી પણ અર્પણ કરી, તદુપરાંત વહી અને નુબુવ્વતનું મહામૂલુ ઇનામ પણ અર્પણ કર્યું તો પછી શું તમારી સલાહ એ છે કે હું આ બધી વસ્તુઓના હોવા છતાં તમારી જેમ ગુમરાહ અને જુલમ અપનાવી લઉં અને સત્ય વાત તમને ન પહોંચાડું ? ત્યારબાદ ફરમાવ્યું,

وَمَآ اُرِيْدُ اَنْ اُخَالِفَكُمْ اِلٰى مَآ اَنْهٰكُمْ عَنْهُ એટલે કે, એ પણ સમજી લો કે હું જે વસ્તુથી તમન રોકું છું હું પોતે પણ તેની પાસે નથી જતો, જો હું તમને મનાઈ કરું અને પોતે તેને કરતો રહું તો તમારા માટે કંઈક કહેવાની સંભાવના હતી.

એનાથી જાણ થાય છે કે પ્રચારક અને વાઇઝ તથા મુબલ્લિગના અમલને તેની વઅ્ઝ અને નસીહતમાં ઘણી મોટી દખલગીરી હોય છે, જે વસ્તુ ઉપર

વાઈઝ (વક્તા) પોતે અમલ ન કરતો હોય તેની વાતનો અન્યો ઉપર કોઈ પ્રભાવ પડતો નથી, પછી ફરમાવ્યું, اِنْ اُرِيْدُ اِلَّا الْاِصْلَاحَ مَا اسْتَطَعْتُ એટલે કે, મારો મકસદ આ સમગ્ર સંઘર્ષ અને મહેનતનો તથા તમને વારંવાર વિનંતી કરી સમજાવવાનો એ સિવાય કંઈ નથી કે હું તમને મારી શક્તિ અને ક્ષમતાની મર્યાદા સુધી સુધારવાનો પ્રયત્ન કરું અને પછી ફરમાવ્યું કે, આ પ્રયત્ન પણ વાસ્તવમાં મારા અધિકારથી નથી, બલકે وَمَا تَوْفِيْقِىْٓ اِلَّا بِاللّٰهِ، عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ اُنِيْبُ એટલે કે, હું જે કંઈ કરું છું તે બધું અલ્લાહ તઆલાની આપેલી તવફીકથી કરું છું નહિતર એ મારા કાબૂમાં જ ન હતું, મને તેના જ ઉપર ભરોસો છે અને હું દરેક કાર્યમાં તેના જ શરણે જાઉં છું.

આ શિખામણ અને નસીહત પછી તેમણે તેમને અલ્લાહ તઆલાના અઝાબથી ડરાવ્યા, وَيٰقَوْمِ لَا يَجْرِمَنَّكُمْ شِقَاقِىْٓ اَنْ يُّصِيْبَكُمْ مِّثْلُ مَآ اَصَابَ قَوْمَ نُوْحٍ اَوْ قَوْمَ هُوْدٍ اَوْ قَوْمَ صٰلِحٍ، وَمَا قَوْمُ لُوْطٍ مِّنْكُمْ بِبَعِيْدٍ એટલે કે, તમે વિચારો, સમજો; એવું ન થાય કે મારો વિરોધ અને દુશ્મનાવટ તમારા ઉપર કોઈ એવો અઝાબ લાવી દે, જેમકે તમારાથી અગાઉની કોમે નૂહ (અલૈ.) અથવા કોમે હૂદ (અલૈ.) અથવા કોમે સાલિહ (અલૈ.) ઉપર આવી ચૂક્યો છે અને લૂત (અલૈ.)ની કોમ અને તેમના ઈબ્રતનાક બોધદાયક અઝાબ તો તમારાથી કંઈ દૂર પણ નથી. એટલે કે, અંતરના આધારે કોમે લૂતની ઊલટાવી દેવામાં આવેલ વસ્તીઓ મદ્‌યનની નજીક જ છે અને સમયકાળના આધારે પણ તમારાથી ઘણા નજીકના સમય પહેલાં તેમના ઉપર અઝાબ આવ્યો છે, તેનાથી બોધપાઠ ગ્રહણ કરો અને પોતાની હઠધર્મી અને જીદથી પાછા વળો.

તેમની કોમ આ સાંભળીને વધારે ઉશ્કેરાઈ ગઈ અને કહેવા લાગી કે, જો તમારા કુટુંબનું સમર્થન તમને પ્રાપ્ત ન હોત તો અમે તમને "સંગસાર" કરી નાંખ્યા હોત. હઝરત શુઅયૂબ (અલૈ.)એ આ વાત ઉપર પણ તેમને શિખામણ આપી કે તમને મારા કુટુંબનો તો ડર લાગ્યો પરંતુ અલ્લાહ તઆલાનો કંઈ જ ડર નથી જેના કબજામાં સઘળું કાંઈ છે !

અંતે જ્યારે કોમે કોઈ વાત ન માની ત્યારે હઝરત શુઅયૂબ (અલૈ.)એ ફરમાવ્યું, સારું ! હવે તમે અઝાબની રાહ જુઓ, ત્યારબાદ અલ્લાહ તઆલાએ

હઝરત શુઅયૂબ (અલૈ.) અને તેમના ઉપર ઈમાન લાવનારાઓને કાયદેસર વસ્તીઓમાંથી બહાર કાઢી લીધા અને બાકી બધા હઝરત જિબ્રઈલ (અલૈ.)ના એક ભયંકર અવાજના કારણે એકીસાથે સામૂહિક નાશ પામ્યા.

હુકમો અને મસ્અલાઓ :

માપ-તોલમાં કમી કરવાનો મસ્અલો :

પ્રસ્તુત આયતમાં કોમે શુઅયૂબ (અલૈ.) ઉપર અઝાબ આવવાનું કારણ તેમનું માપ-તોલમાં કમી કરવાનું બતાવવામાં આવ્યું છે, જેને تَطْفِيْف (તત્ફીફ) કહેવામાં આવે છે અને કુર્આને કરીમે وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ (૮૩:૧)માં એ વિશે કઠોર અઝાબનું વર્ણન કર્યું અને સમગ્ર ઉમ્મતના ઈજ્માઅ્થી આવું કરવું સખત હરામ છે, હઝરત ઉમર ફારૂક (રદિ.)ના એક ફરમાન હેઠળ હઝરત ઈમામ માલિક (રહ.)એ મુઅત્તામાં ફરમાવ્યું છે કે, માપ-તોલમાં કમી કરવાનો મૂળ ભાવાર્થ એ છે કે કોઈનો જે હક કોઈના જિમ્મે છે તેને પૂરેપૂરો અદા ન કરે બલકે તેમાં કમી કરે, ભલે તે માપવા-તોલવાની વસ્તુ હોય અથવા બીજા પ્રકારની; જો કોઈ નોકર પોતાના હોદ્દાની ફરજની અદાયગીમાં ઉણપ રાખે, કોઈ ઑફિસનો કર્મચારી અથવા કોઈ મજૂર પોતાના નિશ્ચિત સમયમાં કમી કરે અથવા નક્કી કરેલ બાબતમાં ત્રુટી કે ઉણપ રાખે તો તે પણ આ જ યાદીમાં સામેલ છે, કોઈ વ્યક્તિ નમાઝના અદબો, સુન્નતો સંપૂર્ણ રીતે અદા નથી કરતો તે પણ આ જ "તત્ફીફ"નો ગુનેહગાર છે. નઊઝુબિલ્લાહ !

તફસીરે કુર્તુબીમાં છે કે, કોમે શુઅયૂબ (અલૈ.)ની એક ટેવ એ હતી કે પ્રદેશમાં જે સિક્કા અને દિરહમ કે દિનારનું ચલણ હતું તેના કિનારેથી કાપીને સોનું-ચાંદી બચાવી લેતા અને કપાયેલા સિક્કા સંપૂર્ણ કિંમત સાથે ચલાવ્યા કરતા હતા, હઝરત શુઅયૂબ (અલૈ.)એ તેમને એવું કરવાથી રોક્યા હતા.

હદીષમાં રસૂલે કરીમ ﷺએ પણ ઈસ્લામી સલતનતના સિક્કાઓને તોડવાનું હરામ ઠરાવ્યું છે અને આયત تِسْعَةُ رَهْطٍ يُّفْسِدُوْنَ فِى الْاَرْضِ وَلَا يُصْلِحُوْنَ ની તફસીરમાં ઈમામ હઝરત ઝૈદ બિન અસ્લમે એ જ ફરમાવ્યું છે કે આ લોકો દિરહમ અને દિનારને તોડીને પોતાનો ફાયદો પ્રાપ્ત કર્યા કરતા હતા જેને કુર્આને મહાન ફસાદ ઠરાવી દીધું છે.

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ (રહ.)ની ખિલાફતના સમયકાળમાં એક વ્યક્તિને આ પ્રકારના ગુનાહમાં પકડવામાં આવ્યો કે તે દિરહમને કાપતો હતો, હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે તેને કોરડાઓની સજા ફટકારી અને માથું મૂડાવીને શહેરમાં ઘુમાવ્યો. (કુર્તુબી)

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૯૬ થી ૧૦૧)

وَلَقَدْ اَرْسَلْنَا مُوْسٰى بِاٰيٰتِنَا وَسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٩٦﴾ اِلٰى فِرْعَوْنَ وَمَلَا۟ئِهٖ فَاتَّبَعُوْٓا اَمْرَ فِرْعَوْنَ
وَمَآ اَمْرُ فِرْعَوْنَ بِرَشِيْدٍ ﴿٩٧﴾ يَقْدُمُ قَوْمَهٗ يَوْمَ الْقِيٰمَةِ فَاَوْرَدَهُمُ النَّارَ ۭ وَبِئْسَ الْوِرْدُ
الْمَوْرُوْدُ ﴿٩٨﴾ وَاُتْبِعُوْا فِيْ هٰذِهٖ لَعْنَةً وَّيَوْمَ الْقِيٰمَةِ ۭ بِئْسَ الرِّفْدُ الْمَرْفُوْدُ ﴿٩٩﴾ ذٰلِكَ مِنْ
اَنْۢبَاۗءِ الْقُرٰى نَقُصُّهٗ عَلَيْكَ مِنْهَا قَاۗىِٕمٌ وَّحَصِيْدٌ ﴿١٠٠﴾ وَمَا ظَلَمْنٰهُمْ وَلٰكِنْ ظَلَمُوْٓا
اَنْفُسَهُمْ فَمَآ اَغْنَتْ عَنْهُمْ اٰلِهَتُهُمُ الَّتِيْ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مِنْ شَيْءٍ لَّمَّا جَاۗءَ اَمْرُ رَبِّكَ ۭ
وَمَا زَادُوْهُمْ غَيْرَ تَتْبِيْبٍ ﴿١٠١﴾

તરજુમો :

અને અલબત્ત અમે મૂસા (અલૈ.)ને પોતાની નિશાનીઓ અને સ્પષ્ટ સનદ (પ્રમાણ) આપીને મોકલી ચૂક્યા છે (૯૬) ફિરઔન અને તેના સરદારોની પાસે પછી તેઓ ફિરઔનના હુકમો ઉપર ચાલ્યા અને ફિરઔનની વાત કંઈ કામની નથી. (૯૭) કયામતના દિવસે પોતાની કોમની આગળ હશે, પછી તેમને આગ ઉપર પહોંચાડશે અને બુરો ઘાટ છે જેના ઉપર પહોંચ્યા. (૯૮) અને પાછળથી આ દુનિયામાં લા'નત મળતી રહી અને કયામતના દિવસે પણ, બુરું ઈનામ છે જે તેમને મળ્યું. (૯૯) આ વસ્તીઓની થોડી હાલતો છે અમે તમને સંભળાવીએ છીએ અમુક તેમનામાંથી હજુ સુધી કાયમ છે અને અમુકના મૂળ કપાઈ ગયા. (૧૦૦) અને અમે તેમના ઉપર જુલમ નથી કર્યો પરંતુ તેઓ જ પોતાની જાત ઉપર જુલમ કરી ગયા પછી તેમના (જૂઠા) મઅ્બૂદો કંઈ કામ ન આવ્યા જેમને અલ્લાહના સિવાય કોઈ વસ્તુમાં

પોકારતા હતા જે સમયે તમારા પરવરદિગારનો હુકમ પહોંચ્યો અને તેમના હકમાં (તે જૂઠા મઅ્બૂદોએ) સર્વનાશ સિવાય કંઈ વધાર્યું નહીં. (૧૦૧)

તફસીર :

અને અમે મૂસા (અલૈ.)ને (પણ) પોતાના મોઅ્જિઝાઓ અને સ્પષ્ટ દલીલો આપીને ફિરઔન અને તેના સરદારો પાસે મોકલ્યા, બસ (ન તો ફિરઔને માન્યું અને ન જ તેના સરદારોએ માન્યું, બલકે ફિરઔન પણ પોતાના કુફ્ર ઉપર રહ્યો અને) તે લોકો (પણ) ફિરઔનની (જ) સલાહ ઉપર ચાલતા રહ્યા અને ફિરઔનની સલાહ કંઈ સાચી ન હતી, તે (ફિરઔન) કયામતના દિવસે પોતાની કોમની આગળ–આગળ હશે, પછી તેમને (સૌને) દોઝખમાં ઊતારી દેશે અને તે (દોઝખ) ઊતરવાની ઘણી જ ખરાબ જગ્યા છે જેમાં આ લોકો ઉતારવામાં આવશે અને આ દુનિયામાં પણ લા'નત તેમની સાથે–સાથે રહી અને કયામતના દિવસે પણ (તેમની સાથે રહેશે, એટલા માટે અહીંયાં ક્રોધથી ડૂબાડવામાં આવ્યા અને ત્યાં તેમને દોઝખ મળશે) ઘણું જ ખરાબ ઈનામ છે જે તેમને આપવામાં આવ્યું, આ (જે કંઈ તેમના કિસ્સાઓનો ઉલ્લેખ થયો) તે (નેસ્ત–નાબૂદ થયેલ) વસ્તીઓની અમુક હાલતો હતી જેને અમે તમને વર્ણન કરીએ છીએ (બસ), અમુક વસ્તીઓ તો તેમાં (હજુ પણ) કાયમ છે (દાખલા તરીકે મિસ્રની ફિરઔનની અવલાદ નાશ થયા પછી પણ આબાદ રહી) અને અમુકનો બિલકુલ સર્વનાશ થઈ ગયો અને (અમે જે આ પ્રસ્તુત વસ્તીવાળાઓને સજાઓ આપી, અલબત્ત) અમે તેમના ઉપર જુલમ નથી કર્યો (કે વિના વાંકે તેમને શિક્ષા આપી હોય, જે કંઈ થયું છે તે) પરંતુ તેમણે પોતે જ પોતાના ઉપર જુલમ કર્યો (કે એવી હરકતો કરી જેના ઉપર સજા વાજિબ થઈ ગઈ) બસ, તેમના તે મઅ્બૂદો જેમને તેઓ અલ્લાહને છોડીને પૂજે છે તેમને કંઈ ફાયદો ન પહોંચાડી શક્યા જ્યારે આપના પરવરદિગારનો હુકમ (અઝાબના માટે) આવી પહોંચ્યો (કે તેમને અઝાબથી બચાવી લે) અને (ફાયદો તો શું પહોંચાડી શકવાના હતા, બલકે) તેમણે તેમને નુકસાન જ પહોંચાડ્યું (એટલે કે તેઓ નુકસાનનું કારણ બન્યા કે તેમની પૂજા કરવાના કારણે સજાપાત્ર બન્યા).

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૧૦૨ થી ૧૧૧)

وَكَذٰلِكَ اَخْذُ رَبِّكَ اِذَآ اَخَذَ الْقُرٰى وَهِىَ ظَالِمَةٌ ۭ اِنَّ اَخْذَهٗٓ اَلِيْمٌ شَدِيْدٌ ﴿١٠٢﴾ اِنَّ فِىْ
ذٰلِكَ لَاٰيَةً لِّمَنْ خَافَ عَذَابَ الْاٰخِرَةِ ۭ ذٰلِكَ يَوْمٌ مَّجْمُوْعٌ ۙ لَّهُ النَّاسُ وَذٰلِكَ يَوْمٌ مَّشْهُوْدٌ ﴿١٠٣﴾
وَمَا نُؤَخِّرُهٗٓ اِلَّا لِاَجَلٍ مَّعْدُوْدٍ ﴿١٠٤﴾ يَوْمَ يَاْتِ لَا تَكَلَّمُ نَفْسٌ اِلَّا بِاِذْنِهٖ ۚ فَمِنْهُمْ شَقِىٌّ
وَّسَعِيْدٌ ﴿١٠٥﴾ فَاَمَّا الَّذِيْنَ شَقُوْا فَفِى النَّارِ لَهُمْ فِيْهَا زَفِيْرٌ وَّشَهِيْقٌ ﴿١٠٦﴾ ۙ خٰلِدِيْنَ فِيْهَا
مَا دَامَتِ السَّمٰوٰتُ وَالْاَرْضُ اِلَّا مَا شَاۗءَ رَبُّكَ ۭ اِنَّ رَبَّكَ فَعَّالٌ لِّمَا يُرِيْدُ ﴿١٠٧﴾ وَاَمَّا
الَّذِيْنَ سُعِدُوْا فَفِى الْجَنَّةِ خٰلِدِيْنَ فِيْهَا مَا دَامَتِ السَّمٰوٰتُ وَالْاَرْضُ اِلَّا مَا شَاۗءَ رَبُّكَ ۭ
عَطَاۗءً غَيْرَ مَجْذُوْذٍ ﴿١٠٨﴾ فَلَا تَكُ فِىْ مِرْيَةٍ مِّمَّا يَعْبُدُ هٰٓؤُلَاۗءِ ۭ مَا يَعْبُدُوْنَ اِلَّا كَمَا يَعْبُدُ
اٰبَاۗؤُهُمْ مِّنْ قَبْلُ ۭ وَاِنَّا لَمُوَفُّوْهُمْ نَصِيْبَهُمْ غَيْرَ مَنْقُوْصٍ ﴿١٠٩﴾ ع وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى
الْكِتٰبَ فَاخْتُلِفَ فِيْهِ ۭ وَلَوْلَا كَلِمَةٌ سَبَقَتْ مِنْ رَّبِّكَ لَقُضِىَ بَيْنَهُمْ ۭ وَاِنَّهُمْ لَفِىْ شَكٍّ
مِّنْهُ مُرِيْبٍ ﴿١١٠﴾ وَاِنَّ كُلًّا لَّمَّا لَيُوَفِّيَنَّهُمْ رَبُّكَ اَعْمَالَهُمْ ۭ اِنَّهٗ بِمَا يَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿١١١﴾

તરજુમો :

અને એવી જ છે તમારા પરવરદિગારની પકડ જ્યારે વસ્તીઓને પકડે છે અને તેઓ જુલમ કરતા હોય છે નિ:શંક તેની પકડ દર્દનાક છે (અતિશય) કઠોર. (૧૦૨) આ વાતમાં તેના માટે નિશાની છે જે આખિરતના અઝાબથી ડરે છે, તે એક દિવસ છે જેમાં બધા લોકો એકઠા થશે અને તે દિવસ સૌના રજુ થવાનો છે. (૧૦૩) અને અમે તેને વાર લગાડીએ છીએ બસ એક વાયદા માટે જે નિશ્ચિત છે. (૧૦૪) જે દિવસે તે આવશે કોઈ સજીવ વાત કરી શકશે નહીં પરંતુ તેના હુકમથી, બસ તેમનામાં અમુક બદબખ્ત (દુષ્ટ) છે અને અમુક નેકબખ્ત (ભલા). (૧૦૫) બસ જે લોકો બદબખ્ત છે તેઓ તો આગમાં છે, તેમને ત્યાં ચીસો પાડવાની છે અને બૂમ-બરાડા. (૧૦૬) હંમેશા તેમાં રહેશે જ્યાં સુધી આસમાન અને જમીન રહે પરંતુ જે તમારો

પરવરદિગાર ઈચ્છે, નિઃશંક તમારો પરવરદિગાર જે ઈચ્છે કરી નાંખે છે. (૧૦૭) અને જે લોકો નેકબખ્ત (ભલા) છે બસ જન્નતમાં છે તેમાં હંમેશા રહેશે જ્યાં સુધી આસમાન અને જમીન રહે પરંતુ જે તમારો રબ્બ ઈચ્છે, અમર્યાદ બખ્શીશ છે. (૧૦૮) બસ તમે ધોકામાં ન રહો એ વસ્તુઓથી જેને આ લોકો પૂજે છે, કંઈ નથી પૂજતા પરંતુ એવું જ જેમકે આનાથી પહેલાં તેમના બાપદાદા પૂજતા હતા અને અમે તેમને તેમનો હિસ્સો આપવાના છે એટલે કે અઝાબથી; ઘટાડયા વિના. (૧૦૯) અને અલબત્ત અમે મૂસા (અલૈ.)ને કિતાબ આપી હતી પછી તેમાં ફૂટ પડી ગઈ અને જો એક શબ્દ તમારો પરવરદિગાર પ્રથમ ન ફરમાવી ચૂક્યો હોત તો તેમનામાં ફૈસલો થઈ જાત અને તેમને એમાં શંકા છે કે ચૈન પડવા નથી દેતો. (૧૧૦) અને જેટલા લોકો છે જ્યારે સમય આવ્યો તેમને તેમના અમલો તમારો પરવરદિગાર પૂરેપૂરા આપશે, તેને બધી ખબર છે જે કંઈ તેઓ કરી રહ્યા છે. (૧૧૧)

તફસીર :

અને તમારા પરવરદિગારની પકડ એવી જ (કઠોર) છે જ્યારે તે કોઈ વસ્તીવાળાઓ ઉપર (પકડ) કરે છે જ્યારે કે તેઓ જુલમ (અને કુફ્ર) કર્યા કરતા હોય, બેશક ! તેની પકડ દર્દનાક (અને) કઠોર છે (કે તેનાથી સખત તકલીફ પહોંચે છે અને તેનાથી કોઈ બચી નથી શકતું), આ ઘટનાઓમાં તે વ્યક્તિ માટે મોટો બોધપાઠ છે જે આખિરતના અઝાબથી ડરતો હોય (બોધપાઠનું કારણ દેખીતું છે કે જ્યારે દુનિયાનો અઝાબ આવો કઠોર છે અને દુનિયા તો બદલાનું સ્થળ પણ નથી તો આખિરત કે જે બદલાનું સ્થળ પણ છે ત્યાં કેવો સખત અઝાબ થશે ?!) તે (એટલે કે આખિરતનો દિવસ) એવો દિવસ હશે કે તેમાં બધા જ મનુષ્ય એકઠા કરવામાં આવશે અને તે દરેકની હાજરીનો દિવસ છે (અને તે દિવસ જો કે હજુ સુધી નથી આવ્યો પરંતુ તેના આવવામાં કોઈ શંકા નથી તે અવશ્ય આવશે જ) અને તેને ફક્ત થોડી મુદત માટે (અમુક મસ્લિહતોના કારણે) મુલતવી કરી રાખ્યો છે, (પછી) જે સમયે તે દિવસ આવશે (ભયના માર્યા લોકોની એવી હાલત હશે કે) કોઈ વ્યક્તિ અલ્લાહની પરવાનગી વિના વાત સુદ્ધાં (પણ) કરી શકશે નહીં (હા ! જ્યારે હિસાબ-કિતાબ માટે નાઝિલ થશે અને

તેમના અમલોનો જવાબ માંગવામાં આવશે તે સમયે અલબત્ત મોઢાથી વાત નીકળશે ભલે તે વાત સ્વીકાર્ય હોય અથવા અસ્વીકાર્ય. બસ, તેની આ હાલતમાં તો બધા જ લોકો સામેલ હશે) પછી (આગળ) તેમનામાં (એ ફરક હશે કે) અમુક તો બદ્દબખ્ત (એટલે કે કાફિર) હશે અને અમુક નેકબખ્ત (એટલે કે મો'મિન) હશે, બસ જે લોકો બદ્દબખ્ત છે તે તો દોઝખમાં એવી હાલતમાં હશે કે તેમાં તેમના બૂમ-બરાડા પડતા રહેશે (અને) હંમેશા-હંમેશા માટે તેમાં રહેશે જ્યાં સુધી આસમાન અને ધરતી કાયમ છે (આ રૂઢિપ્રયોગ કાયમીપણુ બતાવવા માટે છે) અને કોઈ નીકળવાનો માર્ગ હશે નહીં, હા ! જો અલ્લાહને જ (કાઢવાનું) મંજૂર હોય તો બીજી વાત છે (કારણ કે) આપનો પરવરદિગાર જે કંઈ ઇચ્છે તેને સંપૂર્ણ રીતે કરી શકે છે (પરંતુ શક્તિ હોવા છતાં આ વાત ચોક્કસ નક્કી છે કે અલ્લાહ એ વાત ઈચ્છશે નહીં એટલા માટે તેમને તેમાંથી નીકળવું નસીબ નહીં થાય) અને રહી ગયા તે લોકો જેઓ નેકબખ્ત છે બસ તેઓ જન્નતમાં હશે (અને) તેઓ તેમાં (દાખલ થયા પછી) હંમેશા-હંમેશા માટે રહેશે જ્યાં સુધી આસમાન અને ધરતી કાયમ છે (બસ, જો કે જતાં પહેલા અમુક સજા ભોગવી હોય) તે રહમતથી દૂર ન થશે (અને જ્યારે કાફિરોની વબાલ ઉપરની આયતોથી જાણ થઈ ચૂકી) બસ, (હે શ્રોતા !) જે વસ્તુની આ (લોકો) પૂજા કરે છે તેના વિશે જરા પણ શંકા ન કરજો (બલકે, વિશ્વાસ રાખો કે તેમનો આ અમલ સજાનું કારણ છે તેના બાતિલ હોવાના કારણે અને બાતિલ હોવાની દલીલ એ છે કે) આ લોકો પણ એ જ પ્રમાણે (વિના દલીલે બલકે દલીલ વિરુદ્ધ ગયરૂલ્લાહની) ઈબાદત કરી રહ્યા છે જે પ્રમાણે તેમના અગાઉ તેમના બાપ-દાદા ઈબાદત કરતા હતા (અને દલીલ વિરુદ્ધ અમલ કરવો બાતિલ તથા સજાપાત્ર હોય છે) અને અમે ચોક્કસ (કયામતમાં) તેમનો (અઝાબનો) હિસ્સો તેમને પૂરેપૂરો થોડું પણ ઓછું કર્યા વિના પહોંચાડી આપીશું અને અમે મૂસા (અલૈ.)ને કિતાબ (એટલે કે તવરાત) આપી હતી, બસ તેમાં (પણ કુર્આનની જેમ) વિરોધ કરવામાં આવ્યો (કે કોઈએ માન્યું અને કોઈએ ન માન્યું. આ કોઈ આપના માટે નવી વાત નથી બસ તમે ગમ ન કરો) અને (આ ઇન્કારીઓ એવા અઝાબના હકદાર છે કે) જો એક વાત ન હોત જે આપના પરવરદિગાર તરફથી પ્રથમ ઠરાવવામાં આવી ચૂકી છે (કે સંપૂર્ણ અઝાબ તેમને આખિરતમાં આપવામાં આવશે) તો (જે વસ્તુમાં તેઓ વિરોધ કરી

રહ્યા છે) તેમનો (આખરી) ફૈસલો (દુનિયામાં જ) થઈ ચૂક્યો હોત (એટલે કે તે અદષ્ય અઝાબ ઉપસ્થિત થઈ ચૂક્યો હોત) અને આ લોકો (નિશાનીઓ હોવા છતાં હજુ પણ) એ (ફૈસલા એટલે કે અદષ્ય અઝાબ)ના તરફથી એવી શંકામાં (પડયા) છે જેણે તેમને મૂંઝવણમાં નાંખી રાખ્યા છે (કે તેમને અઝાબનો વિશ્વાસ જ નથી આવતો, શંકાનો મતલબ આ જ છે) અને (કોઈના શક અને ઈન્કારના કારણે આ અઝાબ ટળશે નહીં, બલકે) અવશ્ય સૌ એવા જ છે કે તમારો પરવરદિગાર તેમને તેમના અમલો(ના બદલા)નો પૂરો-પૂરો હિસ્સો આપશે, ખરેખર તેમના બધા અમલોની તે સંપૂર્ણ ખબર રાખે છે (જ્યારે તેમના સજાના મા'મલાથી તમારે કોઈ લેવા-દેવા નથી તો તમે અને મુસલમાનો પોતાના કાર્યોમાં લાગેલા રહો તે કામ એ છે જે આગળની આયતોમાં પ્રસ્તુત છે).

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૧૧૨-૧૧૩)

فَاسْتَقِمْ كَمَآ أُمِرْتَ وَمَنْ تَابَ مَعَكَ وَلَا تَطْغَوْا ۚ إِنَّهُ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿١١٢﴾ وَلَا
تَرْكَنُوٓا إِلَى الَّذِينَ ظَلَمُوا فَتَمَسَّكُمُ النَّارُ ۙ وَمَا لَكُم مِّن دُونِ اللَّهِ مِنْ أَوْلِيَآءَ ثُمَّ لَا تُنصَرُونَ ﴿١١٣﴾

તરજુમો :

બસ તમે સીધા ચાલ્યા જાઓ જેવો તમને હુકમ થયો અને જેણે તમારી સાથે તવબહ કરી અને હદથી ન વધો બેશક ! તે જુએ છે જે કંઈ તમે કરો છો. (૧૧૨) અને તેમના તરફ ન ઢળો જેઓ જાલિમ છે પછી તમને આગ લાગશે અને અલ્લાહના સિવાય તમારો કોઈ મદદગાર નથી, પછી ક્યાંય મદદ પામશો નહીં. (૧૧૩)

તફસીર :

(હે નબી ﷺ !) જે પ્રમાણે તમને હુકમ થયો છે (દીનના માર્ગ ઉપર) કાયમ રહો અને તે લોકો પણ (કાયમ રહે) જેઓ કુફ્રથી તવબહ કરીને તમારી સાથે છે અને (દીનના) વર્તુળથી જરાપણ બહાર ન નીકળો, ખરેખર તે (અલ્લાહ) તમારા બધા અમલોને સારી પેઠે જોઈ રહ્યો છે અને (હે મુસલમાનો ! તે) જાલિમોના તરફ (અથવા જેઓ તેમના જેવા હોય તેમના તરફ ગાઢ મિત્રતાથી

અથવા તેમના જેવા અમલો અને અહેવાલોમાં તેમની સમાનતા અને ભાગીદારીથી) ન ઝૂકો (કે) ક્યાંક તમને દોઝખની આગ લાગી જાય અને (તે સમયે) અલ્લાહના સિવાય કોઈ સહાય કરનાર ન હોય પછી તમારી સહાયતા કોઈ તરફથી પણ ન થાય (કારણ કે સહાયતા અને હિમાયત કરવી તો સહેલી છે જ્યારે કોઈ સહાયક કે હિમાયતી જ નથી તો સહાય કરનાર કોણ હશે ?)

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ હૂદ (અલૈ.)માં અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) અને તેમની કોમોની ઘટનાઓ હઝરત નૂહ (અલૈ.)થી શરૂ કરીને હઝરત મૂસા (અલૈ.) સુધી ક્રમબદ્ધ અને વિગતપૂર્વક વર્ણન કરવામાં આવી છે, જેમાં સેંકડો બોધપાઠ, હુકમો, સૂચનાઓ તથા નિયમો બતાવવામાં આવ્યા છે. આ ઘટનાઓની સમાપ્તિ ઉપર રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને તેનાથી બોધપાઠ અને શિખામણ પ્રાપ્ત કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. ફરમાવ્યું, ذٰلِكَ مِنْ اَنْۢبَآءِ الْقُرٰى نَقُصُّهٗ عَلَيْكَ مِنْهَا قَآئِمٌ وَّحَصِيْدٌ એટલે કે, આ છે અગાઉના શહેરો અને વસ્તીઓના કિસ્સાઓ જે અમે આપને સંભળાવ્યા છે ! આ વસ્તીઓ જેના ઉપર અલ્લાહનો અઝાબ આવ્યો તેમનામાંથી અમુકની તો હજુ સુધી કંઈક ઈમારતો અથવા ખંડેર મોજૂદ છે અને અમુક વસ્તીઓ એવી કરી નાંખવામાં આવી છે જેવી રીતે કે ખેતી લણી લીધા પછી જમીન સમથળ કરી દેવામાં આવે છે અને પાછલા પાકનું નિશાન સુદ્ધાં બાકી રહેતું નથી.

ત્યારબાદ ફરમાવ્યું, અમે તેમના ઉપર કોઈ જુલમ કર્યો નથી બલકે તેમણે પોતે પોતાની જાત ઉપર જુલમ કર્યો કે પોતાના પેદા કરનાર અને પોષણ આપનારને છોડીને મૂર્તિઓ અને અન્ય વસ્તુઓને પોતાનો ખુદા બનાવી બેઠા, જેનો અંજામ એ થયો કે જ્યારે અલ્લાહ તઆલાનો અઝાબ આવ્યો તો તેમના ઘડી કાઢેલા જૂઠા મઅ્બૂદોએ તેમની કોઈ મદદ ન કરી અને અલ્લાહ તઆલા જ્યારે વસ્તીઓને અઝાબમાં પકડે છે તો તેની પકડ એવી જ સખત અને દર્દનાક હોય છે.

ત્યારબાદ તેમને આખિરતની ચિંતામાં પ્રવૃત્ત કરવા માટે ફરમાવ્યું કે, આ ઘટનાઓમાં તે લોકો માટે મોટો બોધપાઠ અને નિશાનીઓ છે જેઓ આખિરતના

અઝાબથી ડરે છે, જે દિવસે બધી જ આદમ (અલૈ.)ની અવલાદ એક સ્થળે એકઠી અને હાજર હશે તે દિવસની હાલત એવી હશે કે કોઈ વ્યક્તિની મજાલ થશે નહીં કે અલ્લાહની પરવાનગી વિના એક શબ્દ પણ જીભથી બોલી શકે, ત્યારબાદ રસૂલે કરીમ ﷺને પુનરાવર્તિત સ્વરૂપે સંબોધન કરીને ફરમાવ્યું, فَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ وَمَنْ تَابَ مَعَكَ وَلَا تَطْغَوْا اِنَّهٗ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ એટલે કે, તમે દીનના માર્ગ ઉપર એ જ પ્રમાણે કાયમ રહો જે પ્રમાણે તમને હુકમ આપવામાં આવ્યો છે અને તે લોકો પણ કાયમ રહે જેઓ કુફ્રથી તવબહ કરીને તમારી સાથે થઈ ગયા છે અને અલ્લાહ તઆલાની નક્કી કરેલ મર્યાદાઓથી ન નીકળો, કારણ કે તે તમારી બધી પ્રવૃત્તિઓને સારી પેઠે જોઈ રહ્યો છે.

اِسْتِقَامَتْ (ઇસ્તિકામત)નો ભાવાર્થ તથા અગત્યના ખુલાસાઓ અને મસ્અલાઓ :

اِسْتِقَامَتْ (ઈસ્તિકામત)નો અર્થ "સીધું ઊભું રહેવું (સ્થિર)" થાય છે, જેમાં કોઈપણ બાજુ થોડો પણ ઝુકાવ કે નમેલું ન હોય. દેખીતું છે કે આ કાર્ય સરળ નથી, કોઈ લોઢા, પથ્થર વગેરેને નિષ્ણાત એન્જિનિયર એ રીતે ઊભું કરી શકે છે કે તેમાં દરેક બાજુ સરખી રીતે સીધું ઊભું રહે, કોઈ તરફ થોડો પણ ઝુકાવ ન હોય પરંતુ કોઈ હલન-ચલન કરનાર વસ્તુને દરેક સમયે દરેક પરિસ્થિતિમાં એક જ હાલત ઉપર કાયમ રાખવું અત્યંત મુશ્કેલ છે આ બાબત જાણકારોથી ગુપ્ત નથી.

રસૂલે કરીમ ﷺ અને બધા જ મુસલમાનોને આ આયતમાં પોતાના પ્રત્યેક કામમાં દરેક પરિસ્થિતિમાં "ઈસ્તિકામત" ઉપર રહેવાનો હુકમ ફરમાવવામાં આવ્યો છે, "ઈસ્તિકામત" શબ્દ તો નાનો છે પરંતુ તેનો ભાવાર્થ ખૂબ મહાનતા અને વિશાળતા ધરાવે છે, કારણ કે તેનો અર્થ એ છે કે મનુષ્ય પોતાની માન્યતાઓ, ઈબાદતો, વ્યવહારો, અખ્લાક, સામાજિકતા, આર્થિક વ્યવહારો અને તેની આવક અને જાવક બધા જ વિષયોમાં અલ્લાહ જલ્લ શા'નુહૂની કાયમ કરેલ મર્યાદાઓ અને હદોની અંદર અને તેના બતાવેલા માર્ગ ઉપર સીધો ચાલતો રહે, તેમાંથી કોઈપણ બાબતમાં કોઈપણ પ્રવૃત્તિ અને ગમે તેવી પરિસ્થિતિમાં કોઈ એક તરફે નમી જાય અથવા તો ઓછું-વધારે થઈ જશે તો "ઈસ્તિકામત" બાકી રહેતી નથી.

દુનિયામાં જેટલી પણ ગુમરાહીઓ અને ખરાબીઓ અસ્તિત્વમાં આવે છે તે બધી આ જ "ઈસ્તિકામત"થી હટી જવાના પરિણામે હોય છે. માન્યતાઓમાં "ઈસ્તિકામત" (સ્થિરતા) ન રહે તો બિદ્અતોની શરૂઆત થઈને કુફ્ર-શિર્ક સુધી નોબત પહોંચી જાય છે. અલ્લાહ તઆલાએ તવહીદ અને તેની જાત તથા સિફતો વિશે જે મોઅ્તદિલ અને સાચા સિદ્ધાંતો રસૂલે કરીમ ﷺને વર્ણન કર્યા છે તેમાં વધારો-ઘટાડો કરનારા ભલે પોતાની સારી નિય્યતથી એવું કરતા હોય તેઓ ગુમરાહ જ કહેવાશે. અંબિયા (અલૈ.)ના સન્માન અને મહોબ્બતની જે હદો નક્કી કરવામાં આવી છે તેમાં ઉણપ રાખનારાનું ગુમરાહ તથા ગુસ્તાખ હોવું તો બધા જ જાણે છે પરંતુ તેમાં વધારો અને અતિશયોક્તિ કરીને રસૂલને ખુદાની સિફતો તથા તેના અધિકારોના માલિક બનાવી દેવું પણ એ જ પ્રમાણે ગુમરાહી છે, યહૂદીઓ અને નસારા આ જ ગુમરાહીમાં ખોવાઈ ગયા. ઈબાદતો અને અલ્લાહની નજદીકી માટે જે તરીકાઓ કુર્આને કરીમ અને રસૂલે કરીમ ﷺએ નક્કી કર્યા છે તેમાં થોડી ઘણી પણ કમી કે ઉણપ જે પ્રમાણે માનવીને સ્થિરતાથી હટાવી દે છે એ જ પ્રમાણે તેમાં પોતાના તરફથી કોઈ વધારો પણ "ઈસ્તિકામત" (સ્થિરતા)ને બરબાદ કરીને માનવીને બિદ્અતોમાં સપડાવી દે છે, ભલે તે ખૂબ જ નેક અને ભલી નિય્યત સાથે એવું સમજતો રહે કે હું મારા પરવરદિગારને રાજી કરી રહ્યો છું પરંતુ તે તેની નારાજગીનું કારણ હોય છે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ ઉમ્મતને બિદ્અતો અને ઉપજાવી કાઢેલી બાબતો વિશે ખૂબ વધારે તાકીદની સાથે મનાઈ કરી છે અને તેને સતત ગુમરાહી ઠરાવી દીધી છે તેથી માણસ માટે જરૂરી છે કે જ્યારે તે કોઈ કામ ઈબાદત અને અલ્લાહ અને રસૂલ ﷺની ખુશી ખાતર કરે તો તે કાર્ય કરતા પહેલાં એ બાબતની સંપૂર્ણ તહકીક કરી લે કે આ કામ રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)થી આ જ પરિસ્થિતિ અને સ્વરૂપમાં સાબિત થયેલ છે કે નહિ ? અને જો સાબિત ન થયું હોય તો તેમાં પોતાની શક્તિ અને સામર્થ્યને વ્યર્થ વેડફે નહિ.

એ જ પ્રમાણે વ્યવહાર અને અખ્લાક તથા સામાજિકતાની બધી બાબતોમાં કુર્આને કરીમના બતાવેલા સિદ્ધાંતો ઉપર રસૂલે કરીમ ﷺએ પોતાની અમલી અને પ્રેક્ટિકલ તા'લીમ વડે એક મધ્યમ અને સાચો માર્ગ સ્થાપિત કરી દીધો છે જેમાં દોસ્તી, દુશ્મની, નરમી, ગરમી, ગુસ્સો અને સહનશીલતા, કંજૂસી

અને સખાવત, આર્થિક લેવડ-દેવડ તથા દુનિયા છોડવી, અલ્લાહ ઉપર ભરોસો કરવો તથા સંભવિત યુક્તિઓ દ્વારા જીવન-જરૂરી ચીજ-વસ્તુઓ ઉત્પન્ન કરવી-કરાવવી અને 'મુસબ્બિબુલ અસ્બાબ' પરવરદિગારે આલમ ઉપર નજર; આ બધી વસ્તુઓમાં એક એવો મધ્યમ અને સીધો માર્ગ મુસલમાનો માટે આપ્યો છે કે તેનું દષ્ટાંત વિશ્વમાં ક્યાંય મળી શકતું નથી, તેને અપનાવવાથી જ માનવ સંપૂર્ણ માનવી બની શકે છે, તે ઈસ્તિકામતથી એટલે કે સ્થિરતાથી થોડું પણ આમ-તેમ નમી જવાના પરિણામે સમાજમાં દરેક પ્રકારની ખરાબીઓ પેદા થાય છે.

ખુલાસો એ છે કે ઈસ્તિકામત એક ઠોસ શબ્દ છે કે દીનના બધા જ વિભાગો અને ફરજો તથા તેના ઉપર સાચો અમલ તેનું વિવરણ છે.

સુફિયાન બિન અબ્દુલ્લાહ ષકફી (રદિ.)એ રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે, મને ઈસ્લામ વિશે કોઈ એવી ઠોસ વાત બતાવી આપો કે તમારા પછી મને કોઈનાથી કંઈ પૂછવાની આવશ્યકતા જ ન રહે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, قُلْ اٰمَنْتُ بِاللّٰهِ ثُمَّ اسْتَقِمْ એટલે કે, "અલ્લાહ ઉપર ઈમાન લાવો અને પછી તેના ઉપર કાયમ રહો." *(રવાહુ મુસ્લિમ અજ કુર્તુબી)*

ઉસ્માન બિન હાજિર અઝ્દી (રહ.) ફરમાવે છે કે, "હું એક વખતે કુર્આનના વિવરણકાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)ની સેવામાં હાજર થયો અને વિનંતી કરી કે મને કોઈ વસિય્યત કરો, તેમણે ફરમાવ્યું عَلَيْكَ بِتَقْوَى اللّٰهِ وَالْاِسْتِقَامَةِ اِتَّبِعْ وَلَا تَبْتَدِعْ (રવાહુદારમી ફી મસ્નદિહી અજ કુર્તુબી) તમે તકવો અને અલ્લાહના ડરને મજબૂતીથી પકડો અને ઈસ્તિકામત (સ્થિરતા)ને પણ; જેની રીત એ છે કે દુનિયાના વ્યવહારોમાં શરીઅતનું અનુસરણ કરો અને પોતાના તરફથી કોઈ બિદ્અત ઉત્પન્ન ન કરો."

આ દુનિયામાં સૌથી વધારે મુશ્કેલ કામ ઈસ્તિકામત જ છે, એટલા માટે સંશોધનકાર સુફીઓએ ફરમાવ્યું કે ઈસ્તિકામતનું સ્થાન કરામત કરતાં પણ ઉચ્ચ કક્ષાનું છે, એટલે કે જે વ્યક્તિ દીનના કાર્યોમાં કાયમીપણુ અપનાવે છે ભલે સમગ્ર જીવન તેનાથી કોઈ કરામત જાહેર ન થાય તો પણ તે ઉચ્ચ કક્ષાનો વલી છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે, સમગ્ર

કુર્આનમાં રસૂલે કરીમ ﷺ ઉપર આ આયતથી વધારે સખત અને કઠોર કોઈ આયત નાઝિલ નથી થઈ અને ફરમાવ્યું કે, જ્યારે સહાબએ કિરામ (રદિ.)એ એક વખતે નબીએ કરીમ ﷺની દાઢી મુબારકમાં અમુક સફેદ બાલ જોયા તો અફસોસ અને હસરતથી વિનંતી કરી કે હવે ઝડપથી ઘડપણ તમારા તરફ આવી રહ્યું છે તો ફરમાવ્યું, 'મને સૂરએ હૂદ (અલૈ.)એ ઘરડો કરી દીધો.' સૂરએ હૂદ (અલૈ.)માં જે અગાઉની કોમો ઉપર સખત અને ભયંકર અઝાબની ઘટનાઓ પ્રસ્તુત છે તે પણ તેનું કારણ હોઈ શકે છે પરંતુ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે આ આયત જ તેનું કારણ છે.

તફસીરે કુર્તુબીમાં અબૂ અલી સરીથી નકલ થયું છે કે તેમણે સ્વપ્નમાં રસૂલે કરીમ ﷺને જોયા તો વિનંતી કરી કે આપે એવું ફરમાવ્યું છે કે મને સૂરએ હૂદ (અલૈ.)એ ઘરડો કરી દીધો ? રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, હા ! તેમણે ફરી પૂછ્યું કે, આ સૂરતમાં જે અંબિયા (અલૈ.)ની ઘટનાઓ અને તેમની કોમોના અઝાબનું વર્ણન છે તેણે આપને ઘરડા કરી દીધા ? તો ફરમાવ્યું, નહીં ! બલકે અલ્લાહ તઆલાના આ ઈરશાદે, فَاسْتَقِمْ كَمَآ أُمِرْتَ

એ દેખીતું છે કે રસૂલે કરીમ ﷺ તો સંપૂર્ણ માનવીનો એક તાદશ્ય નમૂનો બનીને દુનિયામાં જન્મ્યા હતા અને સ્વાભાવિક રીતે પણ ઈસ્તિકામત આપની ટેવ હતી પરંતુ તો પણ આટલો બધો ભાર તેમણે એટલા માટે અનુભવ્યો કે આયતમાં મુતલક ઈસ્તિકામતનો હુકમ નથી બલકે હુકમ એ છે કે અલ્લાહના હુકમ પ્રમાણે ઈસ્તિકામત હોવી જોઈએ, અંબિયા (અલૈ.) ઉપર જે પ્રમાણે અલ્લાહનો ડર છવાયેલો હોય છે તે સૌને ખબર છે, આ ભય અને ડરનો જ એ પ્રભાવ હતો કે રસૂલે કરીમ ﷺ સંપૂર્ણ ઈસ્તિકામત ઉપર હોવા છતાં તેમને આવી ચિંતા થઈ.

એવું પણ બની શકે છે કે રસૂલે કરીમ ﷺને પોતાની ઈસ્તિકામતની વધારે ફિકર ન હતી, કારણ કે તેઓને અલ્હમ્દુલિલ્લાહ તે સંપૂર્ણપણે પ્રાપ્ત થઈ હતી પરંતુ આ આયતમાં સમગ્ર ઉમ્મતને પણ એ જ હુકમ આપવામાં આવ્યો છે અને ઉમ્મતનું ઈસ્તિકામત ઉપર કાયમ રહેવું મુશ્કેલ જોઈને શક્ય છે કે તેમને આ ફિકર અને ચિંતા થઈ હોય.

ઈસ્તિકામતના હુકમ પછી ફરમાવ્યું, وَلَا تَطْغَوْا (વલા તત્ગવ) આ શબ્દ

طُغْيَانْ (તુગ્યાન)થી બન્યો છે, તેનો અર્થ "સીમામાંથી નીકળી જવું" થાય છે જે ઈસ્તિકામતનો વિરુદ્ધાર્થી શબ્દ છે, આયતમાં ઈસ્તિકામતનો હુકમ હકારાત્મક શૈલીમાં આપવાને પૂરતું ગણ્યું નથી બલકે તેના નકારાત્મક પાસાઓની મનાઈ પણ ખૂબ સ્પષ્ટતાપૂર્વક ખુલાસાવાર કરવામાં આવી કે અકીદાઓ, ઈબાદતો, વ્યવહાર, નૈતિકતા, અખ્લાક વગેરેમાં અલ્લાહ તઆલા અને તેના રસૂલે કરીમ ﷺની નક્કી કરેલ સીમાઓથી બહાર ન નીકળો કે એ દરેક પ્રકારની ફસાદ અને દીની તથા દુનિયવી ખરાબી ઉત્પન્ન થવાનો માર્ગ છે.

બીજી આયતમાં માનવીને ખરાબી તથા બરબાદીથી બચાવવા માટે બીજું એક અગત્યનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. وَلَاتَرْكَنُوْٓا اِلَى الَّذِيْنَ ظَلَمُوْا فَتَمَسَّكُمُ النَّارُ એટલે કે, "જાલિમો તરફ સામાન્ય ઝુકાવ પણ ન રાખો, ક્યાંક એવું ન થાય કે તેમની સાથે તમને પણ જહન્નમની આગ લાગી જાય." لَا تَرْكَنُوْٓا (લા તર્કનૂ) શબ્દ એ رُكُوْن (રુકૂન)થી બન્યો છે જેનો અર્થ છે કે "કોઈના તરફ નાનું સરખું વલણ કે ઝુકાવ કે તેના ઉપર ભરોસો અથવા ખુશી હોય." એટલા માટે આયતનો ભાવાર્થ એ થાય છે કે અત્યાચાર અને જોર-જુલમમાં પોતે ભાગ લેવો તો દીન અને દુનિયાની તબાહી હોવું બધા જ જાણે છે પરંતુ જાલિમો તરફ થોડો પણ ઝુકાવ અને તેમના તરફ ઢળેલું વલણ અથવા તેનાથી રાજી થવું તથા તેમના ઉપર ભરોસો કરવો પણ માનવીને બરબાદીના કિનારા ઉપર લાવી ઊભા કરી દે છે.

આ ઝુકાવ અને વલણનો શું ભાવાર્થ છે ? તેના વિશે સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના અમુક નિવેદનો નકલ થયા છે જેમાં કોઈ વિરોધાભાસ કે મતભેદ નથી, દરેક પોત-પોતાના સ્થળે યોગ્ય અને સાચા છે.

હઝરત કતાદહ (રદિ.) ફરમાવે છે કે, ભાવાર્થ એ છે કે જાલિમો સાથે મિત્રતા ન કરો અને તેમનં કહ્યું ન માનો. ઈબ્ને જુરૈજ (રહ.)એ ફરમાવ્યું કે, જાલિમો તરફ કોઈપણ પ્રકારનું વલણ ન રાખો. અબૂલ આલિયહ (રહ.)એ ફરમાવ્યું કે, તેમના અમલો અને પ્રવૃત્તિઓને પસંદ ન કરો. (કુર્તુબી) સુદ્દી (રહ.)એ ફરમાવ્યું કે, જાલિમો સાથે مُدَاهَنَتْ (મુદાહનત) ન કરો, એટલે કે તેમના ખરાબ અમલો ઉપર મૌન ન રહો અથવા ખુશી જાહેર ન કરો. ઈકરીમા (રહ.)એ ફરમાવ્યું કે, જાલિમોના સોબતમાં ન બેસો. કાઝી બયઝાવી (રહ.)એ

ફરમાવ્યું કે, ચહેરો-મહોરો અને ફેશન તથા રહેવા-સહેવાની પદ્ધતિઓમાં તેમનું અનુસરણ કરવું આ બધું તે જ મનાઈમાં સામેલ છે.

કાઝી બયઝાવી (રહ.)એ ફરમાવ્યું કે, જુલમ અને બળજબરીની મનાઈ તથા હરામ હોવા માટે આ આયતમાં તે અતિશય કઠોરતા છે જે સૌથી વધારે હોવાની કલ્પના કરી શકાય છે, કારણ કે જાલિમોની સાથે મિત્રતા અને ગાઢ સંબંધ જ નહિ બલકે તેમના તરફ ઢળેલું સામાન્ય કક્ષાનું વલણ અને ઝુકાવ તથા તેમની પાસે બેસવાની પણ મનાઈ કરવામાં આવી છે.

ઈમામ અવઝાઈ (રહ.)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા નજીક કોઈ વ્યક્તિ તે આલિમથી વધારે સુગપાત્ર નથી જે પોતાના દુનિયાના લાભો ખાતર કોઈ જાલિમને મળવા જાય. *(મઝહરી)*

તફસીરે કુર્તુબીમાં છે કે, આ આયતથી જાણ થાય છે કે કાફિરો અને ગુનેહગારો તથા બિદ્અતીઓની સોબતથી બચવું વાજિબ છે એ સિવાય કે કોઈ મજબૂરીથી તેમને મળવું પડે અને વાસ્તવિકતા એ જ છે કે માનવીની સુધારણા અને ફસાદમાં સૌથી મોટી દખલગીરી સોબત અને માહોલની હોય છે, એટલા માટે હઝરત હસન બસરી (રહ.)એ આ બંને આયતોના બે શબ્દો વિશે ફરમાવ્યું કે, અલ્લાહ તઆલાએ સમગ્ર દીનને બે શબ્દો "લા"માં લાવીને ભેગો કરી દીધો છે, એક પ્રથમ આયતમાં لَاتَطْغَوْا (લા તત્ગવ) અને બીજું બીજી આયતમાં لَاتَرْكَنُوْا (લા તર્કનૂ). પ્રથમ શબ્દમાં શરીઅતની હદોથી બહાર નીકળી જવાની અને બીજા શબ્દમાં ખરાબ લોકોની સોબતની મનાઈ છે અને આ જ બંને બાબતો સમગ્ર દીનનો ખુલાસો છે.

આયતો : (સૂરએ હૂદ : આયત નં. ૧૧૪ થી ૧૨૩)

وَاَقِمِ الصَّلٰوةَ طَرَفَيِ النَّهَارِ وَزُلَفًا مِّنَ الَّيْلِ ؕ اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ ؕ ذٰلِكَ
ذِكْرٰى لِلذّٰكِرِيْنَ ﴿١١٤﴾ وَاصْبِرْ فَاِنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُحْسِنِيْنَ ﴿١١٥﴾ فَلَوْلَا كَانَ
مِنَ الْقُرُوْنِ مِنْ قَبْلِكُمْ اُولُوْا بَقِيَّةٍ يَّنْهَوْنَ عَنِ الْفَسَادِ فِي الْاَرْضِ اِلَّا قَلِيْلًا مِّمَّنْ

أَنْجَيْنَا مِنْهُمْ ۚ وَاتَّبَعَ الَّذِينَ ظَلَمُوا مَا أُتْرِفُوا فِيهِ وَكَانُوا مُجْرِمِينَ ﴿١١٦﴾ وَمَا كَانَ
رَبُّكَ لِيُهْلِكَ الْقُرَىٰ بِظُلْمٍ وَأَهْلُهَا مُصْلِحُونَ ﴿١١٧﴾ وَلَوْ شَاءَ رَبُّكَ لَجَعَلَ النَّاسَ
أُمَّةً وَاحِدَةً ۖ وَلَا يَزَالُونَ مُخْتَلِفِينَ ﴿١١٨﴾ إِلَّا مَنْ رَحِمَ رَبُّكَ ۚ وَلِذَٰلِكَ خَلَقَهُمْ ۗ
وَتَمَّتْ كَلِمَةُ رَبِّكَ لَأَمْلَأَنَّ جَهَنَّمَ مِنَ الْجِنَّةِ وَالنَّاسِ أَجْمَعِينَ ﴿١١٩﴾ وَكُلًّا نَقُصُّ
عَلَيْكَ مِنْ أَنْبَاءِ الرُّسُلِ مَا نُثَبِّتُ بِهِ فُؤَادَكَ ۚ وَجَاءَكَ فِي هَٰذِهِ الْحَقُّ وَمَوْعِظَةٌ
وَذِكْرَىٰ لِلْمُؤْمِنِينَ ﴿١٢٠﴾ وَقُلْ لِلَّذِينَ لَا يُؤْمِنُونَ اعْمَلُوا عَلَىٰ مَكَانَتِكُمْ ۖ إِنَّا
عَامِلُونَ ﴿١٢١﴾ وَانْتَظِرُوا إِنَّا مُنْتَظِرُونَ ﴿١٢٢﴾ وَلِلَّهِ غَيْبُ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَإِلَيْهِ
يُرْجَعُ الْأَمْرُ كُلُّهُ فَاعْبُدْهُ وَتَوَكَّلْ عَلَيْهِ ۚ وَمَا رَبُّكَ بِغَافِلٍ عَمَّا تَعْمَلُونَ ﴿١٢٣﴾

તરજુમો :

અને નમાઝને કાયમ કરો દિવસના બંને તરફ(ના છેડે) અને રાતના અમુક ટૂકડાઓમાં, અલબત્ત નેકીઓ બુરાઈઓને દૂર કરે છે; આ યાદગીરી છે યાદ રાખનારાઓ માટે. (૧૧૪) અને સબ્ર કરો અલબત્ત અલ્લાહ નેકી કરનારાઓનો સવાબ વ્યર્થ નથી કરતો. (૧૧૫) બસ તમારાથી પહેલાં જે કોમો થઈ તેમનામાં ભલાઈની અસર રહી હોય એવા લોકો કેમ ન થયા કે પ્રદેશમાં ફસાદથી રોકતા રહ્યા હોત ? પરંતુ ઘણા જ થોડા જેમને અમે તેમનામાંથી બચાવી લીધા અને જે જાલિમો હતા (તે જ લિજ્જતોની) પાછળ પડ્યા રહ્યા જે તેમને આપવામાં આવી હતી અને તેઓ પાપીઓ હતા. (૧૧૬) અને તમારો પરવરદિગાર કદાપિ એવો નથી કે વસ્તીઓનો બળજબરીથી નાશ કરે અને (જ્યારે કે) ત્યાંના લોકો નેક હોય. (૧૧૭) અને જો તમારો પરવરદિગાર ચાહત તો લોકોને એક માર્ગ ઉપર કરી નાંખત અને હંમેશા મતભેદમાં રહે છે. (૧૧૮) પરંતુ જેના ઉપર તમારા પરવરદિગારે રહમ કરી અને એ જ કારણે તેમને પેદા કર્યા છે અને તમારા પરવરદિગારની વાત પૂરી થઈ કે અલબત્ત દોઝખને ભરી દઈશ ભેગા

જિન્નાતોથી અને માનવીઓથી. (૧૧૯) અને બધી વસ્તુઓ અમે તમારી પાસે રસૂલોના અહેવાલથી વર્ણન કરીએ છીએ જેનાથી તમારા દિલને તસલ્લી (દિલાસો) આપે અને તમારી પાસે આ સ્વરૂપમાં સત્ય વાત આવી અને નસીહત અને ઈમાનવાળાઓ માટે યાદગીરી. (૧૨૦) અને તેમને કહી આપો જેઓ ઈમાન નથી લાવતા, પોતાની જગ્યાએ અમલ કર્યે જાઓ અમે પણ અમલ કરીએ છીએ. (૧૨૧) અને રાહ જુઓ અમે પણ રાહ જોઈ રહ્યા છીએ. (૧૨૨) અને અલ્લાહની પાસે છે આસમાનોની અને જમીનની છુપી વાત અને તેના જ તરફ સૌ કામોનું રુજૂઅ્ છે, બસ તેની જ બંદગી કરો અને તેના જ ઉપર ભરોસો રાખો અને તમારો પરવરદિગાર (એનાથી) બેખબર નથી જે કામ તમે કરો છો. (૧૨૩)

તફસીર :

અને (હે મુહમ્મદ ﷺ !) તમે નમાઝની પાબંદી રાખો દિવસના બંને છેડાઓ ઉપર (એટલે કે દિવસના શરૂઆતમાં અને અંતમાં) અને રાતના અમુક ભાગમાં, બેશક ! નેક કાર્યો (નામ-એ-આ'માલમાંથી) બુરા કામોને મિટાવી દે છે, આ વાત (કે નેકીઓથી ગુનાહો મા'ફ થઈ જાય છે) એક (ઠોસ) બોધપાઠ છે બોધપાઠ માનનારાઓ માટે (કારણ કે દરેક ભલાઈ આ જ સર્વસામાન્ય નિયમમાં સામેલ છે પછી દરેક ભલાઈના કામ તરફ આકર્ષણ થવું જોઈએ) અને (આ ઈન્કારીઓ તરફથી જે દુર્વ્યવહાર થતા રહે છે તેના ઉપર) સબ્ર કર્યા કરો કે અલ્લાહ તઆલા ભલાઈ કરનારાઓ માટે સવાબ બેકાર જવા દેતો નથી (સબ્ર પણ ઉચ્ચ કક્ષાની ભલાઈ છે અને તેનો સંપૂર્ણ બદલો મળશે અને જે અગાઉની કોમોની સર્વનાશની ઘટનાઓ પ્રસ્તુત છે) તો (તેનું કારણ એ થયું કે) જે ઉમ્મતો તમારાથી પહેલાં ગુજરી છે તેમનામાં એવા સમજદાર લોકો ન થયા કે જે (અન્યોને) પ્રદેશમાં ફસાદ (એટલે કે કુફ્ર અને શિર્ક) ફેલાવવાથી મનાઈ કરતા હોય અમુક થોડા વ્યક્તિઓ સિવાય કે જેમને તેમનામાં અમે (અઝાબથી) બચાવી લીધા હતા (કે તેઓ તો અલબત્ત જેમકે પોતે જ કુફ્રથી તવબહ કરતા હતા અને બીજાઓને પણ કુફ્ર કરવાથી રોકતા હતા અને તેમના આ જ બંને કાર્યોની બરકતથી તેઓ અઝાબથી બચી ગયા હતા, બાકી બીજા લોકો કારણ કે પોતે પણ કુફ્રમાં સપડાયેલા હતા તેમણે બીજાઓને પણ ન રોક્યા) અને જે લોકો નાફરમાન

હતા તેઓ જે ઐશ-અય્યાશીઓમાં હતા તેની પાછળ જ પડયા રહ્યા અને મહા અપરાધીઓ બની ગયા (કે તેનાથી અટક્યા જ નહીં. ખુલાસો એ છે કે નાફરમાની તો તેમનામાં સામાન્ય રીતે હતી જ અને તેને રોકનારો પણ તેમનામાં ન હતો, એટલા માટે બધા એક જ પ્રકારના અઝાબમાં સપડાઈ ગયા નહિતર કુફ્રનો અઝાબ સામાન્ય હોત અને ફસાદનો ખાસ સ્વરૂપે, હવે જ્યારે કોઈ અટકાવનાર જ નથી તો ફસાદ ન કરનાર પણ ફસાદમાં ભાગીદાર ઠરાવવામાં આવ્યા એટલા માટે જે અઝાબ સામૂહિક રીતે કુફ્ર અને ફસાદ ઉપર ઊતર્યો તે પણ સર્વસામાન્ય રહ્યો) અને (તેનાથી સાબિત થઈ ગયું કે) અમારો પરવરદિગાર એવો નથી કે વસ્તીઓને કુફ્રના કારણે હલાક કરી નાંખે અને (જ્યારે કે) તેના રહેનારાઓ (પોતાની અને બીજાની) સુધારણામાં લાગેલા હોય (બલકે જ્યારે સુધારણાના બદલે ફસાદ કરે અને ફસાદ કરનારાઓને એવું કરવાથી ન અટકાવે એવા સમયે તેઓ અઝાબના ખાસ હકદાર બની જાય છે) અને જો અલ્લાહને મંજૂર હોત તો બધા માનવીઓને એક જ તરીકા ઉપર બનાવી દીધા હોત (એટલે કે સૌને મો'મિન બનાવી દીધા હોત પરંતુ અમુક હિકમતોના કારણે એવું મંજૂર ન થયું, એટલા માટે તેઓ દીનના વિરોધી તરીકાઓ ઉપર થઈ ગયા) અને (હવે પછી પણ) હંમેશા મતભેદ (જ) કરતા રહેશે પરંતુ જેના ઉપર તમારા પરવરદિગારની રહમત હોય (તે દીનના વિરુદ્ધ તરીકો નહીં અપનાવે) અને (આ વિરોધ ઉપર ગમ ન કરો અથવા દિલગીર ન થાઓ કે આશ્ચર્ય ન પામો, કારણ કે) અલ્લાહ તઆલાએ તે લોકોને એ જ કારણે પેદા કર્યા છે (કે તેમનામાં મતભેદ રહે) અને (મતભેદ માટે પેદા કરવાનું કારણ એ છે કે) તમારા પરવરદિગારની એ વાત પૂર્ણ થઈ ગઈ કે હું જહન્નમને જિન્નાતોથી અને મનુષ્યો બંનેથી ભરી દઈશ (અને પોતે તેની હિકમત માત્ર અલ્લાહને જ ખબર છે, મતલબ કે તેમનું જહન્નમમાં જવાનું કારણ તેમનું કુફ્ર છે અને તેમનું કુફ્ર ઉપર રહેવાનું કારણ માત્ર અલ્લાહને જ ખબર છે, કારણ કે આ કુફ્રના કારણે જ તેમનું જહન્નમમાં જવું જરૂરી છે અને કાયમી ધોરણે જહન્નમમાં જવા માટે કુફ્ર જરૂરી છે) અને પયગમ્બરોના કિસ્સાઓમાંથી અમે બધા (પ્રસ્તુત) કિસ્સાઓ તમને વર્ણન કરીએ છીએ જેના દ્વારા અમે તમારા દિલને મજબૂતી પ્રદાન કરીએ છીએ (એક ફાયદો આ કિસ્સાઓનો તો એ થયો કે આપ ﷺને તેનાથી તસલ્લી આપવામાં આવી)

અને તે કિસ્સાઓમાં તમારી પાસે એવા અહેવાલ પહોંચાડ્યા છે જે પોતે પણ સાચા (અને બિલકુલ સત્ય) છે અને મુસલમાનો માટે (ખરાબ કામોથી રોકવા માટે) બોધપાઠ છે અને (સારા કામ કરવા માટે) યાદગીરી છે (આ કિસ્સાઓનો આ બીજો ફાયદો વર્ણન થયો, એક ફાયદો નબી માટે અને બીજો ફાયદો ઉમ્મત માટે) અને જે લોકો (આ સત્ય દલીલો અને ઘટનાઓ વર્ણન કર્યા છતાં) ઈમાન નથી લાવતા તેમને કહી આપો કે (હું તમારી સાથે વાદ–વિવાદ કરતો નથી) તમે પોતાની હાલત ઉપર કર્મ કરતા રહો અમે પણ (પોતાની રીતે) કર્મ કરતા રહીએ છીએ અને (તે કર્મોના પરિણામ માટે) તમે (પણ) રાહ જુઓ અમે પણ રાહ જોઈએ છીએ (બસ, ઘણું જ જલદી સત્ય જાહેર થઈ જશે) અને આસમાનો તથા જમીનમાં જેટલી ગુપ્ત વાતો છે તેનું જ્ઞાન માત્ર અલ્લાહને જ છે (તો બંદાના કર્મો તો કોઈ ગયૂબ પણ નથી એટલા માટે તેનું જ્ઞાન તો અવશ્ય હોય જ છે) અને બધા કર્મો તેના તરફ જ રુજૂઅ્ થવાના છે (એટલે કે જ્ઞાન અને અધિકાર બંને અલ્લાહનો જ છે પછી તેને શું મુશ્કેલી છે ? જો કર્મોનો બદલો અથવા શિક્ષા આપે અને જ્યારે તે આવું જ્ઞાન અને અધિકાર ધરાવે છે) તો (હે મુહમ્મદ ﷺ !) તમે તેની જ ઈબાદત કરો (જેમાં તબ્લીગ પણ સામેલ છે) અને તેના જ ઉપર ભરોસો કરો (જો તબ્લીગમાં કોઈ પીડા કે દુઃખની શક્યતા હોય, આ વચ્ચેનું વાક્ય આપ ﷺને સાંત્વના માટે સંબોધન કરવામાં આવ્યું, પછી આગળ ફરી તે જ વિષય છે એટલે કે) તમારો પરવરદિગાર તે વાતોથી બેખબર નથી જે કંઈ તે લોકો કરી રહ્યા છે (જેમકે તેમના કર્મોનું જ્ઞાન અલ્લાહ તઆલાને હોવાનું સાબિત થઈ ચૂક્યું છે).

મસ્અલા અને બોધપાઠ :

કુર્આનની વર્ણનશૈલીમાં રસૂલે કરીમ ﷺની મહાનતમ્ શા'ન તરફ એક ઇશારો :

સૂરએ હૂદમાં અગાઉ થઈ ચૂકેલા અંબિયા (અલૈ.) અને તેમની કોમોના બોધપાઠયુક્ત વર્ણનો કર્યા પછી નબીએ કરીમ ﷺ અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને અમુક સૂચનાઓ આપવામાં આવી છે, જેનો ક્રમ પાછલી આયત فَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ થી શરૂ થયો છે. આ વર્ણનોમાં કુર્આને કરીમની એ રસપ્રદ વર્ણનશૈલી એટલી આકર્ષિત કરનારી અને ભાષાકીય દષ્ટિએ ઉચ્ચ કક્ષાની છે કે જે કાર્યનો

હુકમ યોગ્ય શૈલીમાં આપવામાં આવ્યો તેમાં તો રસૂલે કરીમ ﷺને સંબોધન કરવામાં આવ્યું છે અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને સ્વાભાવિક રીતે તેમાં સામેલ કરવામાં આવ્યા છે, જેમકે فَاسْتَقِمْ كَمَآ اُمِرْتَ وَمَنْ تَابَ مَعَكَ અને પ્રસ્તુત આયતોમાં اَقِمِ الصَّلٰوةَ (અકિમિસ્સલાહ) અને ત્યાર પછી وَاصْبِرْ (વસ્બિર) અને જે કાર્યથી રોકવામાં આવ્યા છે તેનાથી બચવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું તો તેમાં સીધે-સીધું ઉમ્મતને સંબોધન કરવામાં આવ્યું છે, જેમકે પાછલી આયતોમાં છે, لَاتَطْغَوْا અને لَاتَرْكَنُوْٓا اِلَى الَّذِيْنَ ظَلَمُوْا

વિચાર કરવામાં આવે તો સંપૂર્ણ કુર્આનમાં આ જ શૈલીનો ઉપયોગ થયો છે કે આજ્ઞાર્થ અને હકારાત્મક હુકમનું સંબોધન રસૂલે કરીમ ﷺને કરવામાં આવ્યું છે તથા નકાર અને મનાઈનું સંબોધન ઉમ્મતને થયું છે જેમાં રસૂલે કરીમ ﷺની શ્રેષ્ઠ શાનની જાહેરાત થાય છે કે જે કામ છોડવાપાત્ર છે તેનાથી રસૂલે કરીમ ﷺ પોતે જ પરહેઝ કરતા હતા, આપની ઉચ્ચ કક્ષાની નૈતિકતા અને સ્વભાવ જ અલ્લાહ તઆલાએ એવો બનાવ્યો હતો કે કોઈપણ બુરી ઈચ્છા અને ખરાબ વસ્તુ તરફ તેમને આકર્ષણ જ જન્મતું ન હતું, એટલે સુધી કે એવી વસ્તુઓ કે જે ઈસ્લામમાં પ્રથમ જાઈઝ અને હલાલ હતી પરંતુ પરિણામે તેનું હલાલ હોવું અલ્લાહ તઆલાના જ્ઞાનમાં નક્કી હતું રસૂલે કરીમ ﷺ તેના હલાલ હોવાના સમયમાં પણ ક્યારેય તેની પાસે ફરક્યા નથી, જેમકે દારૂ અથવા વ્યાજ અથવા જુગાર વગેરે...

આ આયતમાં રસૂલે કરીમ ﷺને સંબોધન કરીને આપ ﷺને અને આપની સમગ્ર ઉમ્મતને નમાઝ કાયમ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. વિવરણકાર ઉલમા, સહાબા, તાબિઈન વગેરેની એ બાબત ઉપર સહમતી છે કે, صَلٰوةَ (સલાહ)નો અર્થ આ સ્થળે ફરજ નમાઝો છે. (બહરે મુહીત, કુર્તુબી) અને "ઈકામતે સલાહ"નો ભાવાર્થ તેની સંપૂર્ણ પાબંદી અને કાળજી છે, અમુક લોકોએ ફરમાવ્યું કે એનો ભાવાર્થ નમાઝને તેના બધા જ અદબો સાથે અદા કરવાનો છે, અમુકે ફરમાવ્યું કે નમાઝને તેના શ્રેષ્ઠ સમયમાં અદા કરવાનો ભાવાર્થ છે; આ જ ત્રણ અભિપ્રાયો આયત اَقِمِ الصَّلٰوةَ (અકિમિસ્સલાહ)ની તફસીરમાં વર્ણન થયા છે અને વાસ્તવમાં તેમાં કોઈ વિરોધાભાસ નથી, આ બધી વસ્તુઓ "ઈકામતે સલાહ"ના ભાવાર્થમાં સામેલ છે.

ઈકામતે સલાહનો હુકમ આપ્યા પછી નમાઝના સમયનું સામૂહિક વર્ણન એ પ્રમાણે છે કે દિવસના બંને છેડાઓ ઉપર શરૂ અને અંત ભાગમાં અને રાતના અમુક ભાગોમાં નમાઝ કાયમ કરો, કારણ કે زُلَفًا (જુલફન) એ زُلْفَةً (જુલ્ફતન)નું બહુવચન છે જેનો અર્થ એક ભાગ અથવા એક હિસ્સો છે, દિવસના બંને છેડાઓ ઉપર નમાઝના સમય વિશે તો બધા જ સહમત છે કે પ્રથમ છેડાથી નમાઝે ફજ્ર અને આખરી છેડાથી અમુક લોકોએ મગરિબની નમાઝ ઠરાવી છે જે દિવસ સંપૂર્ણ પૂર્ણ થવાના સમયે હોય છે અને અમુક લોકોએ નમાઝે અસ્રને દિવસના અંતિમ છેડાની નમાઝ ઠરાવી છે, કારણ કે દિવસની અંતિમ નમાઝ તે જ છે, મગરિબ દિવસનો ભાગ નથી બલકે દિવસ પસાર થયા પછી આવે છે અને زُلَفًا مِّنَ الَّيْلِ એટલે કે, રાતના અમુક ભાગની નમાઝનો ભાવાર્થ જમહૂર મુફસ્સિરો હસન બસરી (રહ.), મુજાહિદ (રહ.), મુહમ્મદ બિન કઅ્બ (રહ.), કતાદહ (રહ.), ઝહ્હાક (રહ.) વગેરેએ મગરિબ અને ઈશાની નમાઝ ઠરાવી છે, એક હદીષથી તેનું સમર્થન પણ થાય છે જેમાં ઈરશાદ છે કે, زُلَفًا مِّنَ الَّيْلِ તે મગરિબ અને ઈશા છે. *(તફસીરે ઈબ્ને કષીર)*

જ્યારે طَرَفَيِ النَّهَارِ નો ભાવાર્થ સવાર અને અસરની નમાઝો થઈ અને زُلَفًا مِّنَ الَّيْلِનો મગરિબ અને ઈશા; માટે આ આયતમાં ચાર નમાઝોના સમયનું વર્ણન કરવામાં આવ્યું છે, ફક્ત ઝુહ્રની નમાઝ બાકી રહી ગઈ જે બીજી આયત اَقِمِ الصَّلٰوةَ لِدُلُوْكِ الشَّمْسِ માં આવ્યું છે.

આ આયત اِقَامَتِ صَلٰوةً માં ઈકામતે સલાતના હુકમ પછી એક મહાન લાભ આ પણ બતાવવામાં આવ્યો છે કે, اِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ એટલે કે, "નેક કાર્યો ખરાબ કાર્યોને મિટાવી દે છે." વિવરણકાર વિદ્વાનોએ નોંધ્યું છે કે નેક કાર્યથી બધા જ ભલાઈના કામો ભાવાર્થ તરીકે છે જેમાં નમાઝ, રોઝા, ઝકાત, સદકાત, સારી વર્તણૂક, ચોખ્ખો અને સ્વચ્છ વ્યવહાર વગેરે બધું જ સામેલ છે પરંતુ નમાઝને તે બધામાં અગ્રિમતા પ્રાપ્ત છે, એ જ પ્રમાણે سَيِّئَات (સય્યિઆત)નો શબ્દ બધા જ બુરા કાર્યો ઉપર છવાયેલો છે અને બધા જ બુરા કાર્યો તેમાં સામેલ છે, ભલે તે ગુનાહે કબીરહ હોય એટલે કે મોટા ગુનાહ અથવા ગુનાહે સગીરહ એટલે કે નાના ગુનાહ, પરંતુ કુર્આન મજીદની એક બીજી આયત અને વળી રસૂલે કરીમ ﷺના અનેક ફરમાનોથી તેને સગીરહ ગુનાહોની સાથે

ખાસ રીતે હોવાનું ઠરાવવામાં આવ્યું છે. ભાવાર્થ એ છે કે તે નેક કાર્યો કે જેમાં નમાઝ સૌથી શ્રેષ્ઠ છે સગીરહ ગુનાહોનો કફ્ફારો (બદલો) કરી દે છે અને તે વ્યક્તિના ગુનાહો મિટાવી દે છે જે તેની પાબંદી કરે છે. કુર્આને કરીમમાં છે, إِنْ تَجْتَنِبُوا كَبَائِرَ مَا تُنْهَوْنَ عَنْهُ نُكَفِّرْ عَنْكُمْ سَيِّئَاتِكُمْ એટલે કે, "જો તમે મોટા ગુનાહોથી બચેલા રહો તો અમે તમારા નાના ગુનાહોનો પોતે કફ્ફારો કરી આપીશું." (૪ : ૩૧)

સહીહ મુસ્લિમની હદીષમાં છે કે, "રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે પાંચ નમાઝો અને એક જુમ્અહ બીજી જુમ્અહ સુધી અને એક રમઝાન બીજી રમઝાન સુધી તે બધા જ ગુનાહોનો કફ્ફારો થઈ જાય છે જે તેના દરમિયાન થયા હોય, જ્યારે કે એ વ્યક્તિ મોટા ગુનાહો (એટલે કે કબીરહ ગુનાહો)થી બચેલો રહ્યો." મતલબ એ છે કે મોટા ગુનાહો તો તવબહ વિના મા'ફ નથી થતા પરંતુ નાના ગુનાહો અન્ય નેક કામો નમાઝ, રોઝા, સદકહ વગેરે કરવાથી આપમેળે મા'ફ થઈ જાય છે પરંતુ તફસીરે બહરે મુહીતમાં સંશોધનકાર 'ઉલમાએ ઊસૂલ'નું આ નિવેદન નોંધવામાં આવ્યું છે કે, સગીરહ ગુનાહ પણ નેક કામો કરવાથી ત્યારે જ મા'ફ થાય છે જ્યારે કે વ્યક્તિ તે કરવાથી પસ્તાવો કરે અને હવે પછી ન કરવાનો પાકો નિર્ધાર કરે તેને પુનરાવર્તિત સ્વરૂપે કરતો ન રહે. હદીષની રિવાયતોમાં જેટલા પ્રસંગો કફ્ફારો થઈ જવાના નકલ થયા છે તે સૌનો ખુલાસો પણ એ જ છે કે તેને કરનાર જ્યારે પોતાની ગુનાહિત પ્રવૃત્તિ ઉપર અફસોસ કરે અને હવે પછી આવનારા સમય માટે તવબહ કરે તો તેના ઉપર આપ ﷺએ તે વ્યક્તિના ગુનાહ મા'ફ થઈ જવાની ખુશખબરી સંભળાવી છે.

પ્રખ્યાત હદીષની રિવાયતોમાં કબીરહ ગુનાહો એટલે કે, જઘન્ય અપરાધો આ વસ્તુઓને બતાવી છે; એક, અલ્લાહ તઆલાની જાત અથવા સિફાતમાં કોઈને ભાગીદાર અથવા સમકક્ષ ઠરાવવો. બીજું, જાણીબૂઝીને ફરજ નમાઝ છોડવી. ત્રીજું, કોઈની નાહક હત્યા કરવી. ચોથું, વ્યભિચાર આચરવો. પાંચમું, ચોરી કરવી. છઠ્ઠું, દારૂ પીવું. સાતમું, માં-બાપની નાફરમાની કરવી. આઠમું, જુઠી કસમ ખાવી. નવમું, જૂઠી ગવાહી આપવી અને દશમું, જાદૂ કરવું. અગિયારમું, વ્યાજ ખાવું અને બારમું, યતીમનો માલ નાજાઇઝ પદ્ધતિથી લઈ લેવો. તેરમું, જિહાદમાં મેદાનમાંથી ભાગી છૂટવું. ચૌદમું, પાકદામન સ્ત્રી ઉપર

તોહમત લગાવવી. પંદરમું, કોઈનો માલ નાજાઇઝ રીતે હડપ કરી લેવો. સોળમું, વાયદાનો ભંગ કરવો. સત્તરમું, અમાનતમાં ખયાનત કરવી. અઢારમું, કોઈને ગાળો આપવી. ઓગળીસમું, કોઈ વ્યક્તિને નાહક અપરાધી ઠરાવી દેવો વગેરે. કબીરહ અને સગીરહ એટલે કે મોટા અને નાના ગુનાહોની વિગત વિસ્તારપૂર્વક કિતાબોમાં ઉલમાએ લખેલી છે, મારી કિતાબ "ગુનાહે બેલજ્જત"માં પણ એ ઉપસ્થિત છે ત્યાં જોઈ શકાય છે.

અલબત્ત, ઉપરોક્ત આયતમાં એ વાત સાબિત થઈ કે નેક કાર્યો કરવાથી પણ ગુનાહો મા'ફ થઈ જાય છે, એટલા માટે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે બુરું કામ કર્યા પછી નેક કામ કરી લો તો તે તેની બુરાઈને મિટાવી દેશે અને ફરમાવ્યું કે લોકો સાથે સારી પદ્ધતિથી વ્યવહાર કરો. *(ઇબ્ને કષીર, બ હવાલએ મુસ્નદે અહમદ)*

હઝરત અબૂઝર ગિફારી (રદિ.)એ ફરમાવ્યું કે, "મેં રસૂલે કરીમ ﷺને વિનંતી કરી કે મને કોઈ વસિય્યત કરો, આપ ﷺએ ફરમાવ્યું કે જો તમારાથી કોઈ ગુનોહ થઈ જાય તો ત્યારબાદ નેકીનું કામ કરો જેથી તે તેને મિટાવી દે."

વાસ્તવમાં આ હદીષોમાં ગુનાહથી તવબહ કરવાનો સુન્નત તરીકો શ્રેષ્ઠ અંદાજથી બતાવવામાં આવ્યો છે, જેમકે મુસ્નદે અહમદમાં રિવાયત થઈ છે કે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)થી નકલ થયું છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે જો કોઈ મુસલમાનથી કોઈ ગુનોહ થઈ જાય તો તેણે વુઝૂ કરીને બે રાકાત નફલ નમાઝ અદા કરી લેવી જોઈએ તો તેના ગુનાહની મા'ફી થઈ જશે. (અર્રિવાયાતિ કુલ્લિહા મિન ઇબ્ને કષીર) આ નમાઝને નમાઝે તવબહ પણ કહેવામાં આવે છે.

ذٰلِكَ ذِكْرٰى لِلذّٰكِرِيْنَ એટલે કે, "આ એક નસીહત છે નસીહત માનનારાઓ માટે." આ આયતમાં ذٰلِكَ (ઝાલિક)નો ઈશારો કુર્આને કરીમ તરફ પણ હોઈ શકે છે તથા ભલાઈ કરવાના અને બુરાઈથી રોકાઈ જવાના હુકમો તરફ પણ હોઈ શકે છે જેનું વર્ણન તેના પહેલાં આવ્યું છે, ભાવાર્થ એ છે કે આ કુર્આને કરીમ અથવા તેમાં પ્રસ્તુત હુકમો તે લોકો માટે હિદાયત અને બોધપાઠ છે જેઓ બોધપાઠ સાંભળવા અને માનવાની ટેવ ધરાવે છે, તેમાં ઈશારો એ છે કે હઠધર્મ અને જિદ્દી વ્યક્તિ જેઓ કોઈ વસ્તુ ઉપર વિચાર જ ન કરે તે દરેક પ્રકારની હિદાયતથી વંચિત રહે છે.

وَاصۡبِرۡ فَاِنَّ اللّٰهَ لَا يُضِيۡعُ اَجۡرَ الۡمُحۡسِنِيۡنَ એટલે કે, "તમે સબ્ર કરો અને મક્કમ રહો, (કારણ કે) અલ્લાહ તઆલા નેક અમલ કરનારાઓનો સારો બદલો વ્યર્થ જવા દેતો નથી."

صَبۡر —————— (સબ્ર)નો શાબ્દિક અર્થ "બાંધવું" થાય છે તેથી પોતાની મનેચ્છાઓને કાબૂમાં રાખવા માટે પણ "સબ્ર" બોલવામાં આવે છે જેના ભાવાર્થમાં એ પણ સામેલ છે કે નેક કામો કરવા ઉપર પોતાના નફ્સને મક્કમ રાખો અને એ પણ કે બુરા કામોમાં પ્રવૃત્ત થવાથી પોતાને રોકી રાખો. આ સ્થળે રસૂલે કરીમ ﷺને સબ્રનો હુકમ આપવાથી એ ભાવાર્થ પણ હોઈ શકે છે કે જે હુકમો પ્રસ્તુત આયતમાં રસૂલે કરીમ ﷺને આપવામાં આવ્યા છે, દાખલા તરીકે ઈસ્તિકામત (હુકમો અદા કરવામાં કાયમીપણુ અને સ્થિરતા), ઈકામતે સલાહ (નમાઝ કાયમ કરવી) વગેરે તેના ઉપર મજબૂતીથી કાયમ રહો અને એ પણ બની શકે છે કે વિરોધીઓના વિરોધ તથા તેમના ત્રાસ ઉપર સબ્ર કરવાનું પ્રોત્સાહન આપવાનો હેતુ હોય અને ત્યારબાદ જે એવો ઈરશાદ થયો છે કે, અલ્લાહ તઆલા મોહસિનીન એટલે કે નેક કાર્યો કરનારનો સારો બદલો વ્યર્થ જવા દેતો નથી, તેમાં દેખીતી રીતે مُحۡسِنِيۡن (મુહસિનીન)નો ભાવાર્થ તે લોકો છે જે પ્રસ્તુત આયત પ્રમાણે ભલાઈના કામો કરવા અને બુરાઈથી રોકાવાના હુકમોની પાબંદી કરે છે, એટલે કે દીનમાં ઈસ્તિકામતનું સ્થાન તેમને પ્રાપ્ત થયું છે, શરીઅતની હદોની સંપૂર્ણ કાળજી રાખે છે, જાલિમોની સાથે મિત્રતા અથવા આવશ્યકતા વિના સંબંધ નથી રાખતા, નમાઝને તેના અદબોની સાથે શ્રેષ્ઠ સમયમાં અદા કરવાના પાબંદ છે અને બધા જ દીનના હુકમો ઉપર મક્કમ અને મજબૂત છે.

આ બધાનો ખુલાસો એ જ છે કે જે اِحۡسَان (ઇહસાન)ની વ્યાખ્યામાં પોતે રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, ઈતાઅત અને ઈબાદત એ પ્રમાણે કરો કે જાણે તમે અલ્લાહ તઆલાને જોઈ રહ્યા છો અથવા ઓછામાં ઓછું એ કે અલ્લાહ તઆલા તમને જોઈ રહ્યો છે, જ્યારે મનુષ્યને અલ્લાહ તઆલાની જાત અને સિફાતના યકીનનો આ દરજ્જો પ્રાપ્ત થઈ જાય તો તેની પ્રવૃત્તિઓ અને કાર્યો બધું જ આપમેળે દુરુસ્ત થઈ જાય છે. ઉલમાએ સલફમાં ત્રણ વાક્યો એવા પ્રખ્યાત હતા જે તેઓ પરસ્પર એકબીજાને લખ્યા કરતા હતા, તે યાદ રાખવા પાત્ર છે.

પ્રથમ એ કે જે વ્યક્તિ આખિરત માટે કાર્યમાં મશ્ગૂલ થઈ જાય છે અલ્લાહ તઆલા તેના દુનિયાના કામો આપમેળે દુરુસ્ત કરી આપે છે અને તેમની જવાબદારી પોતે લઈ લે છે. બીજું એ કે જે વ્યક્તિ પોતાની રૂહાની, આંતરિક હાલતને દુરુસ્ત કરી લે છે અને હૃદયનું વલણ બધી વસ્તુઓથી હટાવીને અલ્લાહ તઆલા તરફ ફેરવી દે છે તો અલ્લાહ તઆલા તેની જાહેર પરિસ્થિતિને આપમેળે દુરુસ્ત કરી આપે છે. ત્રીજું એ કે જે વ્યક્તિ અલ્લાહ તઆલાની સાથે પોતાનો વ્યવહાર સહીહ અને દુરુસ્ત કરી લે છે તો અલ્લાહ તઆલા તેના અને તમામ લોકો વચ્ચેના વ્યવહારો પોતે દુરુસ્ત કરી આપે છે. આ ત્રણ વાક્યોનું મૂળ લખાણ આ પ્રમાણે છે.

وَكَانَ اَهْلُ الْخَيْرِ يَكْتُبُ بَعْضُهُمْ اِلٰى بَعْضٍ بِثَلَاثِ كَلِمٰتٍ، (١) مَنْ عَمِلَ لِاٰخِرَتِهٖ كَفَاهُ اللّٰهُ اَمْرَ دُنْيَاهُ، (٢) وَمَنْ اَصْلَحَ سَرِيْرَتَهٗ، اَصْلَحَ اللّٰهُ عَلَانِيَتَهٗ (٣) وَمَنْ اَصْلَحَ فِيْمَا بَيْنَهٗ وَبَيْنَ اللّٰهِ اَصْلَحَ اللّٰهُ مَابَيْنَهٗ وَبَيْنَ النَّاسِ

(તફસીરે રૂહુલ બયાન, જિલ્દ : ૨, પેજ : ૧૩૧)

ત્રીજી અને ચોથી આયતોમાં અગાઉ થઈ ચૂકેલી કોમો ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ અને તેનાથી બચવાનું માર્ગદર્શન આ પ્રમાણે આપવામાં આવ્યું છે. ફરમાવ્યું,

"આ અગાઉ થઈ ચૂકેલી કોમોમાં અફસોસ છે કે એવું ન થયું કે તેમનામાં કોઈપણ સમજદાર નેક લોકો થયા હોત જે પોતાની કોમને ફસાદ કરવાથી અટકાવી રાખત પરંતુ ઘણા થોડા લોકો સિવાય કે જેમણે અંબિયા (અલૈ.)નું અનુસરણ કર્યું અને તેઓ જ અઝાબથી સુરક્ષિત રહ્યા અને બાકીની સમગ્ર કોમ દુનિયાની લિજ્જતોમાં ફસાઈને અપરાધી બની ગઈ."

આ આયતમાં બુદ્ધિશાળી અને સમજદાર લોકોને શબ્દ اُولُوْا بَقِيَّةٍ (ઊલૂ બકિય્યહ)થી ઓળખાવવામાં આવ્યા છે. "બકિય્યહ"નો શબ્દ "બાકી રહેનારી વસ્તુ" માટે બોલવામાં આવે છે અને મનુષ્યની ટેવ એ છે કે જે વસ્તુ સૌથી વધારે પ્રિય અને વહાલી હોય છે, તેને દરેક પરિસ્થિતિમાં પોતાના માટે સુરક્ષિત અને બાકી રાખવાની કાળજી લે છે, આવશ્યકતા પડે તો અન્ય ચીજવસ્તુઓ કુર્બાન કરે છે પરંતુ તે વસ્તુને નથી આપતો, એટલા માટે અક્કલ અને સમજદારી તથા

વિવેકબુદ્ધિને بَقِيَّةٍ (બકિય્યહ) કહેવામાં આવે છે કારણ કે તે સૌથી વધારે પ્રિય છે.

ચોથી આયતમાં ફરમાવ્યું કે, તમારો પરવરદિગાર શહેરો અને વસ્તીઓને જુલમ કરી નાશ નથી કરતો જ્યારે કે ત્યાંના વસનારાઓ નેકી કરનારા અને મુસલમાન હોય. મતલબ એ છે કે અલ્લાહ તઆલાના ત્યાં જુલમ અને જબરદસ્તીની કોઈ સંભાવના નથી, જેને હલાક કરવામાં આવે છે તે તેનો જ હકદાર હોય છે અને અમુક લોકોએ ફરમાવ્યું છે કે આ આયતમાં "જુલ્મ"નો ભાવાર્થ "શિર્ક" છે અને "મુસ્લિહૂન"નો ભાવાર્થ તે લોકો છે જેઓ કાફિર હોવા છતાં નેક અખ્લાક અને સારું ચારિત્ર્ય ધરાવે છે, કોઈને નુકસાન અને ત્રાસ નથી આપતા, જૂઠું નથી બોલતા, દગો નથી આપતા. આ આયતનો ભાવાર્થ એ છે કે દુનિયાનો અઝાબ કોઈ કોમ ઉપર ફક્ત તેના મુશ્રિક અને કાફિર હોવાના કારણે નથી આવતો જ્યાં સુધી કે અમલો અને અખ્લાકમાં પણ એવા કાર્યો ન કરવા લાગે જેનાથી જમીનમાં ફસાદ ફેલાય છે, અગાઉની જેટલી કોમો ઉપર અઝાબ આવ્યો તેમના ખાસ-ખાસ દુષ્ટ કર્મો તેનું કારણ બન્યા, હઝરત નૂહ (અલૈ.)ની કોમે હઝરત નૂહ (અલૈ.)ને જાત-જાતની તકલીફો આપી, હઝરત શુઅયૂબ (અલૈ.)ની કોમે માપ-તોલમાં કમી કરીને અરાજકતા ફેલાવી, હઝરત લૂત (અલૈ.)ની કોમે અત્યંત દુષ્ટ અને નીચ પ્રકારના સજાતીય વ્યભિચારને અપનાવ્યો, હઝરત મૂસા અને હઝરત ઈસા (અલૈ.)ની કોમે પોતાની કોમ ઉપર જુલમ કર્યો. કુર્આને કરીમે દુનિયામાં તેમના ઉપર અઝાબ આવવાનું કારણ આ જ પ્રવૃત્તિઓ અને કૃત્યોને બતાવ્યા છે. એકલા કુફ્ર અને શિર્કના કારણે દુનિયામાં અઝાબ નથી આવતો, તેની સજા તો જહન્નમની કાયમી આગ છે, એટલા માટે અમુક વિદ્વાનોએ ફરમાવ્યું છે કે રાજ્ય અને રાજસત્તા કુફ્ર અને શિર્કની સાથે તો ચાલી શકે છે પરંતુ જુલ્મ અને જબરદસ્તીની સાથે નથી ચાલી શકતી.

સારા અને નરસા અખ્લાક (ચરિત્ર) :

પાંચમી આયતમાં ઈરશાદ ફરમાવ્યો કે, જો અલ્લાહ તઆલાએ ઈચ્છ્યું હોત તો બધા મનુષ્યોને એક જ ઉમ્મત અને મિલ્લત બનાવી દીધી હોત. ભાવાર્થ એ છે કે અલ્લાહ તઆલાએ ઈચ્છ્યું હોત તો બધી જ મનુષ્યજાતિને જબરદસ્તી ઈસ્લામ કબૂલ કરવા મજબૂર કરી હોત અને બધા જ મુસલમાન થઈ ગયા હોત,

તેમના વચ્ચે કોઈ વિરોધ કે મતભેદ ન રહ્યો હોત પરંતુ હિકમતના તકાદાના કારણે આ દુનિયામાં અલ્લાહ તઆલા કોઈને પણ કોઈ અમલ કરવા માટે મજબૂર નથી કરતો, બલકે તેણે મનુષ્યને એક પ્રકારે અધિકાર સોંપી દીધો છે, તેના હેઠળ તે પોતાનો સારો અથવા નરસો જે ઇચ્છે અમલ (કર્મ) કરી શકે છે અને મનુષ્યની વિવિધ પ્રકારની પ્રકૃતિમાં એટલા માટે જ વિવિધ પ્રકારના માર્ગો હોય છે અને પ્રવૃત્તિઓ પણ અનેક પ્રકારની હોય છે, તેનું પરિણામ એ છે કે અમુક લોકો કાયમી ધોરણે સત્ય ધર્મનો વિરોધ કરતા જ રહેશે તેમનામાંના અમુક લોકો સિવાય કે જેમના ઉપર અલ્લાહ તઆલાએ કૃપા કરી, એટલે કે અંબિયા (અલૈ.)નું અનુસરણ કરનારા લોકો.

એનાથી જાણ થઈ કે ઈખ્તેલાફનો ભાવાર્થ આ સ્થળે દીને હક્ક અને અંબિયા (અલૈ.)ની તા'લીમનો વિરોધ કરવાનો છે, ઈજ્તેહાદી મતભેદ જે અઈમ્મએ દીન (દીનના ઈમામો) અને ફુકહાએ ઈસ્લામમાં થવો આવશ્યક છે તે સહાબા (રદિ.)ના સમયથી લઈને આજ સુધી ચાલ્યો આવે છે તે આ વિરોધમાં સામેલ નથી અને ન જ તે અલ્લાહની રહમતના વિરુદ્ધ છે, બલકે હિકમતનો તકાદો અને અલ્લાહની કૃપા છે. જે લોકોએ મુજતહિદ ઈમામોના પરસ્પરના ઈજ્તેહાદી વિરોધને આ આયતની રૂએ ખોટા અને અલ્લાહની કૃપાથી વંચિત હોવાનું ઠરાવ્યું છે તે પોતે આ આયતની રૂએ ખોટું છે તથા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના અમલોથી પણ વિરોધી બાબત છે.

وَاللّٰهُ سُبْحَانَهٗ وَتَعَالٰى اَعْلَمُ (વલ્લાહુ સુબ્હાનહુ વ તઆલા અઅ્લમુ).

સૂરએ હૂદ પૂર્ણ થઈ, અલ્હમ્દુલિલ્લાહ !

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

અનુવાદક : ઈલ્યાસ પટેલ ખાનપુરી

તારીખ : ૦૧ સપ્ટેમ્બર ૨૦૦૯ મુતાબિક ૧૦ રમઝાન ૧૪૩૦ હિજરી

❑❑❑❑❑❑❑❑❑

અલ્હમ્દુલિલ્લાહ !

પાંચમી જિલ્દ (ભાગ-૫)

સમાપ્ત

મઆરિફુલ કુર્આન - ભાગ - 5

: Scanned & PDF : November - 10 - 2013 :

: 5 - Muharram - 1435 :

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

● અનુક્રમણિકા ●

કિતાબનું નામ : મઆરિફુલ કુર્આન (ગુજરાતી)

ભાગ : ૫ (પાંચ)

મૂળ લેખક : હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)
૪૬, રહમત નગર સોસાયટી,
આબાદ નગરની મસ્જિદ સામે,
બાયપાસ રોડ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ –૩૯૨૧૫૦
ફોન નં. (૦૨૬૪૪) ૨૨૧૪૮૬, મો. ૯૮૯૮૭૯૭૩૯૪

પ્રત સંખ્યા : ૧૧૦૦ (અગિયારસો)

પ્રકાશક : હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહબ (દા.બ.)
સ્થાપક તથા મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ,
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ,
(ગુજરાત–ઈન્ડિયા)
ફોન નં.: (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨
પ્રેસિડેંટ : મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલ: લંડન–યુ.કે.
પ્રેસિડેંટ : મજલિસે તહફ્ફુઝે અહલે સુન્નત વલ જમાઅત (લંડન–યુ.કે.)

પ્રકાશન વર્ષ : જૂન ૨૦૧૨, શાબાન ૧૪૩૩ હિજરી

હદિયો :

ટાઇપ સેટિંગ : સફવાન ઈલ્યાસ પટેલ (ખાનપુરી)
સાલેહ પ્રિન્ટર્સ, મો. ૭૫૬૭૯૩૪૪૩૬

Printed By : Rabbani Offset Printers, Motia Park, Bhopal.
Mo. 09303137321, (O) (0755) 3064655

મેળવવાનું સ્થળ

:: ઇન્ડિયામાં ::

જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ
ફોન નંબર :
(૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨

:: ઇંગ્લેન્ડમાં ::

Maulana Ismail Bhuta
101, Windsor Road,
London E7 ORA (U.K.)
Ph. (Fax) 020 8471 7866



કુર્આનની સર્વગ્રાહી તફસીર (વિવરણ)

મઆરિફુલ કુર્આન

ગુજરાતી


મૂળ લેખક

હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

અનુવાદક

ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)





પ્રકાશક

હઝરત મવલાના ઈસ્માઈલ વલી ભૂતા સા. (દા.બ.)

સ્થાપક તથા મોહતમિમ

જામિઅતુલ બનાત ટંકારીઆ

મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ, ગુજરાત (ઇન્ડિયા)